श्रीहरिकृष्णनारायणचरित्रामृत

एवं

स्वरूपभक्तिनिर्णय



સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી

: પ્રકાશક :

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
કારેલીબાગ-વડોદરા

INDEX



सद्.श्रीप्रेमानंदस्वामी विरचित

श्रीहरिकृष्णनारायणचरित्रामृत

एवं

स्वरूपभक्तिनिर्णय

सद्.श्रीप्रेमानंदस्वामी विरचित

श्रीहरिकृष्णनारायणचरित्रामृत

एवं

स्वरूपभक्तिनिर्णय

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી-વેદાંતાચાર્ય(ગાંધીનગર)

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સંવત ૨૦૬૮, બેસતુંવર્ષ; ઓક્ટોબર-૨૦૧૧

આવૃત્તિ : પહેલી

પ્રત : ૩૦૦૦

પડતર કિંમત : ૧૨૫/-

ISBN : 978-93-83456-50-5



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી..

ગામ : .... તા. : .... જિ. : ....

પ્રેમમૂર્તિ શ્રીપ્રેમાનંદસ્વામી રચિત 'શ્રીહરિકૃષ્ણનારાયણ ચરિત્રામૃત' તથા અત્રે સમાવેશિત 'સ્વરૂપભક્તિનિર્ણય' આ બંને ગ્રંથ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો અમિત પ્રતાપ, દિવ્ય લીલા અને ભવતારણી ભક્તિથી ભરપૂર ખજાના છે. આ ગ્રંથનું વાંચન-શ્રવણ કરવાથી આપ તથા આપના સ્નેહીજનોમાં સુખ, શાંતિ અને આનંદમાં અવશ્ય ઉમેરો થશે. આનો વધુ ને વધુ લાભ લઈ આપ સહુ ખૂબ જ પ્રભુના કૃપાપાત્ર બની સર્વે દુઃખો તથા વિઘ્નોને તરો અને અખંડ સુખિયા રહો, એવી શુભકામના સાથે આપશ્રીને સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

....

તારીખ : ....

આર્થિક સહયોગ

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનના સર્વોત્તમ મહિમાથી સભર પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત **શ્રીહરિકૃષ્ણનારાયણ ચરિત્રામૃત** તથા **સ્વરૂપભક્તિ નિર્ણય** ગ્રંથ તૈયાર થયો. આ વાતની જાણ થતાં જેમને સંપ્રદાયના વિકાસમાં અને સાહિત્ય પ્રકાશનમાં ખૂબ જ રુચિ છે એવા **ન્યુજર્સી**(USA) **નિવાસી શ્રદ્ધાવાન, સત્સંગપ્રેમી ભાવિક ભક્તજનોએ મળી સર્વાવતારી શ્રીહરિજી તથા સંતો-ભક્તોને રાજી કરવા આ ગ્રંથમાં આર્થિક સહયોગ આપ્યો છે.**

આ સેવાથી સર્વાવતારી શ્રીહરિ, પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી, સર્વે મુક્તો તથા સર્વ સંતો-ભક્તો તેમના ઉપર ખૂબ જ રાજી થાય અને તેમને શ્રીહરિનું યથાર્થ જ્ઞાન અને પરાભક્તિ આપે; એવી અમે અતિ રાજી થઈને શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ
કુંડળધામ

સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમ



સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન


શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃતના રચયિતા



પ. પૂ. સદ્. શ્રીપ્રેમાનંદસ્વામી

શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃત આદિ ગ્રંથોના અનુવાદ કર્તા

પ.પૂ.સદ્.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી-ગઢપુર



श्रीस्वामिनारायणसंप्रदाय समाश्रितानां चरणानुरागी ।
शिष्योगुरुत्रिक्रमपादपद्मयोर्ज्ञानप्रकाशो विदुषां वशं वदः ॥

भाषान्तरं योऽरचयत् प्रशस्तं हरेश्चरित्रामृतसागरस्य ।
हरेश्चरित्रस्य च दिव्यमूर्तेः पात्रं कृपायाः सततं स भूयात् ॥

નંદસંતોના હસ્તલિખિત પુરાતન ગ્રંથોના પ્રસાર-પ્રચારમાં ઉત્સાહી

પ.પૂ. સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી-કુંડળધામ



धर्माद्यङ्गविभूषितेषु नवसु प्रार्थ्येषु शश्वत् सुरैः,
भक्त्यङ्गेषु परेषु नित्यमनघेष्वेतेषु पारं गतः ।
साधुत्वस्य सुसीम्नि लब्धपदकः सद्भक्तवृन्दैर्वृतः,
ज्ञानस्वामिसुनामधन्यमहिमा वर्वर्ति सर्वोत्तमः ॥

પ્રસ્તાવના

દોહા : પ્રેમ આનંદમાં રત રહે, સ્વામી પ્રેમાનંદ;
આનંદ કંદને આશરે, હવે પામ્યા દિવ્યાનંદ.
પ્રેમ મગન રહે પ્રેમસખી, વિયોગે વ્યાકુળ થાય;
પ્રાણપ્યારા પ્રભુ નીરખી, હરખી હરખી ગુણ ગાય.

જેમ મેઘને જોઈને મોરલિયો નાચી ઊઠે, ચંદને જોઈને ચકોર દર્શનમાં નિમગ્ન બને; તેમ સર્વાવતારી શ્રીહરિનાં દર્શન થતા જેમનો મન મોરલિયો નાચી ઊઠતો, જેમનું ચિત્ત શ્રીહરિની મૂર્તિમાં સ્થિર થઈ જતું, જેમનો આત્મા પ્રેમસમાધિમાં ડૂબી જતો અને દેહનું ભાન ભૂલી જતા એવા પરાભક્તિની ચરમ સીમાએ પહોંચેલા પ્રભુપ્રેમી સંત એટલે પ્રેમસખી **"પ્રેમાનંદસ્વામી."**

પ્રેમભીનાં હૃદયે ગવાતાં જેમના કીર્તનો સાંભળવા સર્વોપરી શ્રીહરિ પણ ક્યારેક આખી રાત જાગતા એવા નિર્મળ અને નિર્દોષ સંત એટલે "પ્રેમાનંદસ્વામી." જેમના અંતરમાંથી હંમેશાં પ્રગટ પ્રભુની પ્રેમભક્તિની બાંસુરી વાગતી હતી અને આ બાંસુરીના નાદે સાંભળનારા તમામ શ્રોતાજનો પણ શ્રીહરિની મૂર્તિમાં તરબતર થઈ જતા. આવા નિષ્કામ અને દિવ્યપ્રેમના મૂર્તિમંત સ્વરૂપ એટલે "પ્રેમાનંદસ્વામી."

જેમ શાકમાં વઘાર ભળે, દૂધમાં સાકર ગળે; તેમ પોતાના અસ્તિત્વને સર્વાવતારી શ્રીહરિમાં ઓગાળી નાખેલ અને મૂર્તિ સાથે અખંડ એકતા અનુભવતા આ સંતને બિરદાવતા ભાવ વિભોર બની શ્રીસ્વામિનારાયણ ભગવાન વચનામૃત ગ.મ.૪૮માં બોલી ઊઠ્યા કે, **"જેને આવી રીતે ભગવાનના સ્વરૂપનું ચિંતવન થાય છે તેને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત કરીએ !!"** શ્રીહરિ પાસે હજારોની સંખ્યામાં પરમહંસો હતા, પરંતુ જેના હરિચિંતવનથી ફીદા ફીદા થઈ સહજ સ્વભાવે સર્વોપરી શ્રીહરિને પણ

દંડવત કરવાનું મન થયું હોય એવા ગરીબ, કોમળ અને મૃદુ હૃદયના સંત પ્રેમાનંદસ્વામી હતા. પૂ.સ્વામીએ જીવન પર્યંત શ્રીહરિની આજ્ઞાથી સમય સમયનાં અનેક કીર્તનો લખ્યાં છે. અને તે કીર્તનો સાંભળીને અનેકવાર શ્રીહરિએ સ્વામીને મોજ આપી છે. શ્રીહરિની આજ્ઞાથી સ્વામીએ શિક્ષાપત્રીનો હિંદીમાં અનુવાદ કર્યો. પછી સ્વામીને સાથે લઈ શ્રીહરિ સત્સંગ વિચરણ કરતા શિયાણી પધાર્યા.

चोपाई : याँ बहु लिला किन महाराजा, गाये संत बजाय के बाजा ॥
शिक्षापत्री सबही याँ गाई, प्रेमानंद क्रत दोहा चोपाई ॥२४॥

ત્યાં શ્રીહરિએ અનેક પ્રકારની લીલા કરી અને પ્રેમાનંદસ્વામીએ શિક્ષાપત્રીને દોહા-ચોપાઈમાં કરેલી તેને આખી ગવૈયા સંતો પાસે ગવરાવી. આમ જેના કરેલા આખા ગ્રંથો હરિવર ગવરાવે અને પ્રેમથી સાંભળે એવી પાત્રતા પ્રેમાનંદસ્વામીમાં હતી.

શ્રીહરિના સ્વધામગમન બાદ વિરહ-વ્યાકુળ બનેલા આ સંત આખી આખી રાત નીતરતાં નેત્રે કીર્તન-ભક્તિમાં મશગૂલ બની રહેતા. ઘણીક વાર તો ખાવા-પીવાનું કે દેહનું ભાન ભૂલી જતા. એવા આ સંતના વિરહનો તાપ બુઝાવવા શ્રીહરિએ તેમને પ્રત્યક્ષ દર્શન આપી કહ્યું, "સ્વામી ! હવે તમો બહુ વિરહમાં વ્યાકુળ ન થતા, દુ:ખી ન થતા. અમારી મૂર્તિનું ચિંતવન, અમારી ચેષ્ટાનું ચિંતવન તથા અમારાં ચરિત્રનું ચિંતવન થાય એવો ગ્રંથ બનાવો." ત્યાર પછી નાનાં નાનાં કીર્તન બનાવનારા આ સંતે શ્રીહરિની આજ્ઞા મુજબ પ્રથમ ૯૨૭ દોહા- સોરઠા વગેરેથી સભર **"ધ્યાનમંજરી"** ગ્રંથ બનાવ્યો. તે સંવત્ ૧૯૧૦, ચૈત્ર વદિ અમાસ ને ગુરુવારે ગઢપુરમાં પૂર્ણ થયો.

ત્યાર બાદ સ્વામીએ પોતાની અંતિમ ઉંમરમાં આ **"શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃત"** નામે અદ્ભૂત ગ્રંથ રચ્યો. સ્વામીને **"હરિકૃષ્ણ"** નામ બહુ પ્રિય હતું. તેમનાં કાવ્યોમાં પણ હરિકૃષ્ણ નામનો વિશેષત: ઉલ્લેખ સહજ થયો છે. તેથી "શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃત" આવું નામ રાખ્યું

હશે. આ ગ્રંથમાં કુલ ૬૮ અધ્યાય છે; ૩૯૭૨ દોહા, છંદ, ચોપાઈ વગેરે છે. આ ગ્રંથનાં પદે પદે સ્વામીની અંતરની ભાવુકતા જણાય છે; તેમના અંતરમાં રહેલો મહારાજનો મહિમા અને નિષ્ઠા છલકાતા દેખાય છે. તેથી જ શ્રીહરિના અનેક પ્રકારના ઉપમા રૂપે વિશેષણો આપી સ્વામીએ પોતાના અંતરની પ્રેમઊર્મિઓ તથા મહિમારૂપી મોઝાઓ રેલાવ્યા છે. એ સ્વાદ મહિમાત્મક દૃષ્ટિએ વાંચીએ ત્યારે જ અનુભવાય ! અને વાંચનારનું અંતર સહેજે મૂર્તિનાં અંગોઅંગમાં, મહિમામાં તથા દિવ્યચરિત્રોમાં તદાકાર થઈ જાય છે. આ ગ્રંથ સંપ્રદાયના અર્થગંભીર સાહિત્યના પુરાવારૂપ છે.

આ ગ્રંથની હસ્તપ્રત વડતાલ સાધુસમાજની લાઈબ્રેરીમાંથી જે તે વખતના વહિવટકર્તા પ.પૂ.શાસ્ત્રી શ્રીનૌત્તમપ્રકાશદાસજીસ્વામી તથા અ.નિ.પ.પૂ.શાસ્ત્રી ગોપાળચરણદાસજીસ્વામી દ્વારા અમને સ્કેન કરવા માટે મળી હતી તથા એક પ્રત પ.પૂ.શાસ્ત્રી હરિપ્રકાશદાસજીસ્વામી(ધોલેરા)ની પ્રેરણાથી પૂ.હરિચરણદાસજીસ્વામી(હાલ : ચિતલ)એ અમને સ્કેન કરવા આપી હતી. આ બંને પ્રતોને આધારે અમોએ આ ગ્રંથનો અનુવાદ કરાવી પ્રકાશન કરેલ છે.

આ ગ્રંથ સત્સંગસમાજ માટે અમૃત તુલ્ય સુખરૂપ છે. હિંદીભાષી આ ગ્રંથ ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત થાય એવી મારા દિલની ભાવના હતી. મેં સંપ્રદાયના સાધુતા, સરળતા અને વિદ્વત્તાની મૂર્તિ સમા પ.પૂ.સદ્.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામીને આ ગ્રંથનો અનુવાદ કરી આપવાની વિનંતી કરી. સ્વામીએ મારી આ માંગને સહર્ષ સ્વીકારી અને તેમણે અહીં કુંડળધામમાં રહીને આ ગ્રંથનો સંપૂર્ણ ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો. આ અનુવાદ પણ સહુ સુજ્ઞ સંતો-ભક્તોના અંતરને સ્પર્શે એવો અનુપમ છે. વળી, એક આશ્ચર્યકારી વાત જણાવતા મને આનંદ થાય છે કે, જે દિવસે પ્રેમાનંદસ્વામી ધામમાં ગયા છે તે જ દિવસે સવારે આ ગ્રંથ સ્વામીએ સંપૂર્ણ કર્યો છે.

પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી સંવત્ ૧૯૧૧, કારતક વદ અમાસ ને સોમવારે આ ગ્રંથને પૂર્ણ કરી તે જ દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યે સદા શ્રીહરિની સેવામાં અક્ષરધામમાં પહોંચી ગયા. ત્યાર બાદ આશરે ૧૭૫ વર્ષનો સમય ચાલ્યો ગયો. આ ગ્રંથ એમ ને એમ લાઈબ્રેરીમાં જળવાઈ રહ્યો તે આપણા સદ્ભાગ્યની વાત છે. આ ગ્રંથ પ્રાપ્ત થયો ત્યારથી મારા અંતરમાં ઈચ્છા હતી કે આવું સાહિત્ય સત્સંગસમાજ સુધી પહોંચે તો સારું. પ.પૂ.શાસ્ત્રી સ્વામીએ તેનો અનુવાદ કરી આપ્યો. અમો તેઓશ્રીના ઋણી રહેશું.

વળી, સુરેન્દ્રનગર શ્રીસ્વામિનારાયણ વિદ્યાર્થિભુવન(ગુરુકુલ) ના સંસ્થાપક સાહિત્યપ્રેમી પ.પૂ.શાસ્ત્રી નારાયણસેવાદાસજી સ્વામીને ધોલેરાથી વયોવૃદ્ધ માહાત્મ્યમૂર્તિ એવા પ.પૂ.શ્રીધર્મસ્વરૂપદાસજીસ્વામીએ જૂના ઘણા બધા પુસ્તકો આપ્યા હતા. તેથી તેમના શિષ્ય પૂજારી પ.પૂ. પુરુષોત્તમચરણદાસજીસ્વામીની પ્રેરણાથી પૂ.માહાત્મ્યસ્વામીએ અમોને સ્કેન કરવા આપેલ. તેમાંથી સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી કૃત આ નાનકડો **‘શ્રીસ્વરૂપભક્તિનિર્ણય’** ગ્રંથ પ્રાપ્ત થયો. એટલે જ આ નૂતન પ્રાપ્ત થયેલ ગ્રંથનું પણ અનુવાદ સહ પ્રકાશન કરી શક્યા છીએ. આ નાનકડા ગ્રંથનો અનુવાદ અમારા શિષ્ય સાધુ ઈશ્વરચરણદાસજીએ કરેલ છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા દ્વારા સૌ પ્રથમવાર આ **“શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃત”** તથા **“સ્વરૂપભક્તિનિર્ણય’** ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યા છે. આ ગ્રંથોનો લાભ લઈ અનેક ભક્તો પ્રભુ ભક્તિની પુષ્ટિ કરી શકશે અને શ્રીહરિની સર્વોપરિતા, સંતો-ભક્તોની દિવ્યતા તથા મહિમાની દૃઢતા કરી શકશે. આ પ્રકાશનકાર્યથી સર્વોપરી શ્રીહરિજી, પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી તથા અન્ય સર્વે સુજ્ઞ સંતો-ભક્તો અમારા સહુ ઉપર પ્રસન્ન થાઓ. એ જ આશા સહ...

લિ.સ્વામી જ્ઞાનજીવનદાસના
ભાવથી જયસ્વામિનારાયણ

प्रासंगिकम्

नारायणस्य हरिकृष्णसुपूर्वकस्य, पीयूषसंभृतमिदं चरितं सुकाव्यम् ।
प्रेमाभिधेन मुनिना रचितं तु हिन्द्याम्, भाषान्तरं भवतु तस्य हरेः प्रसत्त्यै ।।१।।

संवत् सप्ताङ्गशून्याम्बकपरिगणिते शुक्रमासेऽवलक्षे,
पक्षे षष्ठयां च भौमे ह्यमृतसमचरित्रस्य नारायणस्य ।
श्रीज्ञानस्वामिसाक्ष्ये सततनिवसता कुण्डले धाम्नि शुद्धे,
गुर्जर्यां वाचि भाषान्तरमनुभणितं शास्त्रिणा ज्ञाननाम्ना ।।२।।

આપણા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાને વેદાન્ત શાસ્ત્રના મત પ્રમાણે શિક્ષાપત્રી શ્લોક '૧૦૫' માં જીવને અણુ સરખો સૂક્ષ્મ, ચૈતન્યરૂપ, જ્ઞાતા, જ્ઞાનશક્તિથી નખથી શિખાપર્યંત વ્યાપીને રહેલો, અછેદ્ય, અભેદ્ય આદિ લક્ષણવાળો અને નિત્ય કહ્યો છે. તે અનાદિ જીવ પૂર્વકર્મોથી અને તેનાથી જીવમાં જડાયેલી વાસનાને લીધે લખચોરાશીમાં જન્મમરણ આદિ અનેક પ્રકારનાં દુઃખોને વિવશ થઈને ભોગવતો રહે છે. છેવટે અનંત નરકયાતનાને પણ ભોગવે છે. આ સંસૃતિની ઘટમાળમાંથી જે જીવોનો કોઈ રીતે છૂટકો આજ સુધી થયો નથી. અને તેથી સંસૃતિમાં ફસાયેલા તે જીવોને બદ્ધ કહેવાય છે.

આવા અસંખ્ય બદ્ધ જીવોનો ઉદ્ધાર કરવા માટે આત્યંતિક પ્રલયના પછી ઘણા લાંબા સમયે ભગવાન પુરુષોત્તમનારાયણ ફરીને આવા અસંખ્ય બ્રહ્માંડોની સૃષ્ટિ કરે છે. અને પછી તે બ્રહ્માંડોમાં જ્યાં જેવી જરૂર હોય ત્યાં તેવા રૂપમાં પોતે તે જીવોનો ઉદ્ધાર કરવા માટે અવતારોને ધારણ કરે

છે. અને તે વખતે જે જીવ બદ્ધ હોય તે જો ભગવાન પુરુષોત્તમને શરણે જાય છે તો તે આ સંસારથી છૂટે છે. અને બીજા અનેક અધમનો ઉદ્ધાર કરવા માટે ભગવાન પોતે આ ભૂમિ ઉપર એકાંતિક સદ્ધર્મનું સ્થાપન કરે છે. તે એકાંતિક ધર્મ પ્રમાણે જે જિંદગીભર રહે છે તેનો જ ઉદ્ધાર થાય છે, બીજાનો નહિ. તે એકાંતિક ધર્મમાં પણ ભક્તિની સર્વાધિક પ્રધાનતા છે. અને તે ભક્તિ પણ માહાત્મ્યજ્ઞાને સહિત, સર્વાધિક ભગવાનના સ્વરૂપમાં સ્નેહ હોય તેને જ કહેવાય છે.

આ કહ્યા પ્રમાણે તો પ્રેમમયી ભક્તિથી ભગવાનના કૃપાપાત્ર થયેલા જીવનો મોક્ષ થાય છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાનાં વચનામૃતોમાં અને ચરિત્ર-ગ્રંથોમાં પ્રસંગે પ્રસંગે ભક્તજનોને આવો જ ઉપદેશ આપ્યો છે. શ્રીહરિના સમયમાં તેવા પ્રેમમયી ભક્તિ કરનારા ભક્ત ત્યાગી-ગૃહી બાઈ ભાઈઓમાં અસંખ્ય હતા. તેમાં વિવેકભરી દૃષ્ટિથી જોઈએ તો શ્રીહરિના સર્વોત્તમ પ્રેમીભક્ત પ્રેમમૂર્તિ શ્રીપ્રેમાનંદસ્વામી દેખાશે. શ્રીહરિની મૂર્તિને ધારીને પ્રેમભાવની વિવિધ દશાઓનો અનુભવ કરતા પ્રેમાનંદસ્વામી પરોક્ષ બધા જ પ્રેમીભક્તો કરતાં અનેક ગણી પ્રેમની ઉચ્ચતર ભૂમિકાએ પહોંચ્યા હતા.

તેમને માટે સ્વયં શ્રીહરિએ ગ.મ.વ.૪૮માં ભાવ વિભોર બનીને તેમની નિષ્ઠાની પ્રશંસા કરતા કહ્યું હતું કે, **'આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને ઊઠીને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરીએ.'** શ્રીહરિ અંતર્ધાન થયા પછી પણ પ્રેમાનંદસ્વામીનો પ્રેમ શ્રીહરિના સ્વરૂપમાં અનન્ય નિષ્ઠાવાળો અને અવિચળ દેખાય છે. મૂર્તિને હૃદયમાં ધારીને તેમણે કરેલાં કીર્તન ઘણાં અદ્‌ભુત છે. **'ક્યારે હવે દેખું રે હરિ હસતા...'** તેમજ **'સજની શ્રીજી મુજને સાંભર્યા રે...'** એ ચાર પદ, **'નવલ સ્નેહી નાથજી...'** વગેરે પણ ચાર પદ પ્રેમાનંદસ્વામીનો પ્રેમ અને વિરહની અવસ્થાનું અદ્‌ભુત સ્વરૂપ વ્યક્ત કરે છે. વિરહની પરાકાષ્ઠાએ પહોંચેલા પ્રેમાનંદસ્વામીને

શ્રીહરિએ દર્શન આપીને કહ્યું હતું કે 'તમે છૂટક કીર્તન બનાવો છો તેવી જ ભાવનાથી અમારું ચરિત્ર-કાવ્ય રચો.' પછી સ્વામીએ ગઢપુરમાં રહીને 'ધ્યાનમંજરી' નામના ગ્રંથની રચના કરી. તે વિ.સં. ૧૯૧૦ના ચૈત્ર વદિ અમાસે પૂર્ણ કર્યો અને તેના પછી તેમણે **'શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃત'** નામનો શ્રીહરિની લીલા ચરિત્રનો ગ્રંથ કર્યો હતો.

આ ગ્રંથ તત્કાલીન ભક્તિમાર્ગમાં પ્રચલિત વ્રજભાષા હિંદીમાં લખ્યો છે. તેના **૬૮** અધ્યાય છે. દોહા, સોરઠા, ચોપાઈ અને હરિગીત આદિક કેટલાક છંદોમાં લખાયો છે. ભાષા ઘણી પ્રાંજલ છે કહેતા સરળ અને પ્રામાણિક છે. શૈલી ઓજ, પ્રસાદ અને માધુર્ય ગુણથી ભરી છે. તેમનો શબ્દોનો ભંડાર ઘણો સમૃદ્ધ છે. પોતાનો હાર્દિકભાવ સમજાવવા માટે કેટલાક ઉપમા અને ઉત્પ્રેક્ષા જેવા અલંકારોનો પ્રયોગ કર્યો છે. શબ્દોની છટા સ્વાભાવિક છે. તેમનાં કાવ્યમાં ક્યાંય કૃત્રિમતા જણાતી નથી. પોતાના આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહકૃિષ્ણનારાયણનાં ચરિત્રોનું વર્ણન કર્યું છે. તેથી તેમાં સર્વત્ર ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણમહારાજના વિશેષણોની પ્રચુરતા પ્રત્યેક વાક્યમાં દેખાય છે. વિશેષણોની અધિકતા તો કોઈ કોઈ સ્થળે વિશેષ્યને પણ ઢાંકી દે છે. આ સિવાય કાવ્યમાં ક્યાંય બિનજરૂરી શબ્દ દેખાતા નથી.

શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃત કાવ્યનો વર્ણ્ય વિષય તો ઈષ્ટદેવના આવિર્ભાવની પૂર્વ કથાથી લઈને અંતર્ધાન થયાની પૂર્વ પ્રસ્તાવના સુધીનો છે. વિષયનું પ્રસ્થાપન ભાવાવેશથી કરવામાં આવે છે. હિમાલય, બદરિકાશ્રમ અને દુર્વાસાના શાપથી થયેલી કથા ધર્મ, મૂર્તિ, ઉદ્ધવજી અને મરીચ્યાદિના ભારત વર્ષમાં જન્મનું વર્ણન કરતા આગળ વધે છે. ધર્મદેવ અને રામાનંદસ્વામીનો પ્રયાગમાં મેળાપ થયા પછી અસુરોના ઉત્પીડનથી વ્યથિત થયેલા તે સહુએ વૃંદાવનમાં જપાત્મક વિષ્ણુયાગ કર્યો. ભગવાનની પ્રસન્નતા અને વરપ્રાપ્તિને અશ્વત્થામાએ નિષ્ફળ કરવા કોશિશ કરી. પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણનારાયણનો પ્રાદુર્ભાવ અને શૈશવલીલાને

સંક્ષેપમાં કહી છે. માતા-પિતાને શાપથી મુક્ત કરીને શ્રીનીલકંઠ હરિએ ઘર છોડ્યું છે. શ્રીહરિના બંને ભાઈઓ અને સુવાસિનીબાઈનો વિલાપ ઘણો જ હૃદયદ્રાવક જણાય છે. તેથી આગળની કથામાં હિમાલય દર્શન, પુલહાશ્રમમાં તીવ્ર તપશ્ચર્યા, ગોપાલયોગીના યોગમાં રહી યૌગિક પ્રક્રિયા સાધીને તે યોગીનો પણ ઉદ્ધાર કર્યો છે. ત્યાંથી આગળ સિદ્ધવલ્લભ રાજાને ત્યાં ચાતુર્માસ રહીને તેનું બધી રીતે કલ્યાણ કર્યું. તે પછી કામાક્ષીમાં પિબૈકનો ગર્વ ઉતારી તેને શુદ્ધ કર્યો. તેથી આગળ કપિલાશ્રમ થઈને નવલખા પર્વતમાં રહેલા તપસ્વી યોગીઓનો ઉદ્ધાર કર્યો છે.

શ્રીહરિએ જગન્નાથપુરીમાં આંતર કલહ દ્વારાએ અનેક અસુરોનો સંહાર કર્યો અને કેટલાક અસુરોનો સંહાર સત્રધર્મા રાજા દ્વારાએ પણ કર્યો. દક્ષિણ ભારતમાં તિરુપતિ બાલાજી, ભૂતપુરી અને કન્યાકુમારી સુધીનાં બધાં તીર્થોમાં શ્રીહરિ વિચર્યા, બધાં તીર્થોને પાવન કર્યાં, મુમુક્ષુઓનો ઉદ્ધાર કર્યો, તપસ્વીઓને તપસ્યાનું ફળ આપ્યું. વન વિચરણમાં ટાઢ-તડકો, ભૂખ-તરશ, માન-અપમાન વગેરે અનેક દ્વંદ્વોને સહન કરતા શ્રીહરિ મહારાષ્ટ્રમાં પંઢરપુર તથા દંડકારણ્યમાં નાસિક ત્ર્યંબકેશ્વર થઈને ગુજરાત તરફ આવ્યા. તાપી, નર્મદા, મહી અને સાબરમતી જેવી કેટલીએ નદીઓ અને પ્રદેશોને પાર કરીને શ્રીહરિ ભાલમાં ભીમનાથ આવ્યા.

ત્યાંથી આગળ ગોપનાથ, પ્રાચી, પાટણ, સોમનાથ થઈને માંગરોળથી લોજ આવીને શ્રીમુક્તાનંદસ્વામી આદિ સંતોની સાથે રહ્યા. ઘણો સમય શ્રીરામાનંદસ્વામીની પ્રતિક્ષા કરી. પૂજ્ય સ્વામી દસ મહિને આવ્યા. તેમની સાથે રહ્યા પછી દીક્ષા લીધી અને બે વરસે ધર્મધુરા સ્વીકારી. પછી ઉદ્ધવાવતાર શ્રીરામાનંદસ્વામીના અંતર્ધાનની કથા કહી છે. ધર્મધુરંધર ધર્માત્મજ શ્રીહરિએ પોતાનો દિવ્ય પ્રતાપ જણાવ્યો. અનેક મતપંથીઓને પણ પાછા પાડ્યા. તે પછી સોરઠ પ્રદેશમાં શ્રીહરિનું દિવ્ય વિચરણ કહ્યું છે. મહાપ્રભુ શ્રીહરિકૃષ્ણ મહારાજ ગઢપુર પધાર્યા. તે પછી તો કાઠિયાવાડ,

કચ્છ, હાલાર, ઝાલાવાડ, ભાલ, ચરોતર, વડતાલ, ડભાણ, જેતલપુર તથા અમદાવાદ શહેર આદિમાં શ્રીહરિ પધાર્યા અને ત્યાં જે દિવ્ય લીલાઓ કરી છે, તેનું વર્ણન સ્વામીએ કર્યું છે.

શ્રીહરિના સત્સંગ વિચરણમાં જ્યાં જ્યાં પધારે ત્યાં શ્રીહરિનું સામૈયું થાતું. વાજતે ગાજતે તે તે હરિભક્તોના ગામમાં ઘેર પધારતા. શ્રીહરિની સાથે વર્ણી, સંતો, પાર્ષદો અને ઘોડેસવાર સખાઓ કાયમ રહેતા. તે સહુને પ્રથમ ઉતારો કરાવતા. પછી થાળ રસોઈ કરાવીને શ્રીહરિ થાળ જમવા પધારતા. પ્રથમ સ્નાન કરતા. પછી પીતાંબર પહેરીને થાળ જમતા. થાળની વિવિધ વાનગીઓનાં નામ ગણાવાયાં હોય છે. સંતો વગેરેને જમવાનું થાય ત્યારે સ્વયં શ્રીહરિ પીરસવા પધારતા. પછી હરિભક્તો વિવિધ વિશુદ્ધ પૂજાપો લઈને પૂજા કરીને આરતી કરતા. અનેક પ્રકારનાં વસ્ત્રો તથા અલંકાર ધરાવીને ભેટ મૂકતા અને સંતો વગેરેની પણ પૂજા કરતા હતા.

અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડામાં શિખરબદ્ધ મંદિરો કરાવીને તેમાં મૂર્તિ પ્રતિષ્ઠા કર્યા પછી આચાર્ય સ્થાપનની કથા સંક્ષેપમાં કહી છે. શ્રીહરિનાં અદ્ભુત વિશાળ ચરિત્રોને ટૂંકમાં કહીને ગ્રંથની સમાપ્તિ કરી છે. આ ગંથને સમાપ્ત કરતા પોતે પોતાના જીવનનો અંત આવી રહ્યો હોય તેવી સૂચનાની સાથે આ ગ્રંથને સમાપ્ત કરે છે. વિ.સં.૧૯૧૧ ના કાર્તિક વદિ અમાસે આ ગ્રંથ સમાપ્ત કર્યો છે અને પછી તુરત તે જ દિવસે શ્રીપ્રેમાનંદસ્વામી આ ભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરવાસી થયા છે.

સત્સંગ સાહિત્યના સમર્થ વિદ્વાન સન્નિષ્ઠ પૂજ્યપાદ સદ્ગુરુ સ્વામી શ્રીજ્ઞાનજીવનદાસજી (કુંડળધામ, કારેલીબાગ-વડોદરા)એ આપણા સત્સંગના અપ્રકાશિત પ્રાચીન સાહિત્યનું ઘણું પ્રકાશન કર્યું છે. અને હજી પણ ઘણું પ્રકાશન કરી રહ્યા છે. પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનું પ્રકાશન કરવામાં તેમને ઘણી પ્રબળ શ્રદ્ધા છે. તે શ્રદ્ધા અને પોતાના પ્રિયતમ

ઈષ્ટદેવના સ્વરૂપ તથા નિષ્ઠાના એક અંશરૂપમાં આ મહાન ઉચ્ચકોટીનો ગ્રંથ **"શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃત"**ને તેઓ પ્રકાશિત કરી રહ્યા છે. મેં તો તેમના કહેવાથી ગુજરાતી અનુવાદ કર્યો છે.

તેમના મંડળના ઘણા સંતો સારા વિદ્વાન છે અને સાહિત્ય પ્રકાશનના ક્ષેત્રમાં ઘણા પરિશ્રમી તથા મેધાવી છે એટલે સંપ્રદાયમાં શ્રીહરિના સમયના વિદ્વાન સંતોએ શ્રીહરિનાં ચરિત્ર વગેરે અંગે જે સાહિત્ય લખી રાખ્યું હતું તેમને યથાસમય તેઓ પ્રકાશિત કરી રહ્યા છે. તે શ્રીહરિના આશ્રિત આપણા સહુના માટે ઘણું ઉપયોગી છે અને સર્વે સત્સંગીઓના જીવનમાં ઘણું ઉપકારક છે. આવા અણમૂલા સાહિત્યનું પ્રકાશન કરનારા પૂજ્યપાદ સ્વામીજીનો સત્સંગપ્રેમી સમસ્ત સંત હરિભક્તોના ઉપર અકલ્પ્ય અને અથાગ ઉપકાર છે. એટલે તેમને તથા તેમના બધા શિષ્યોને કરોડો કરોડ ધન્યવાદ છે.

વિનીત
સત્સંગ સેવક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ

સપ્રેમ સમર્પણ

હે વ્હાલા પ્રેમાનંદસ્વામી !

આપની આ બંને કૃતિઓ

આપના કરકમળમાં

અર્પણ કરી

કૃત્ય કૃત્યતા

અનુભવું

છું.

– સ્વામી જ્ઞાનજીવનદાસ

(કુંડળધામ)

સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીનો ટૂંકમાં પરિચય

❊ પ્રેમાનંદસ્વામીના જીવન વિશેની સ્પષ્ટતા...

દોહા : **પ્રભુપ્રેમી પ્રેમાનંદનું, પ્રણમી કહું આખ્યાન;**
પ્રગટ પ્રભુને પામીને, એના ગાયા ગુણગાન.

સ્નેહે શ્રોતાજન સાંભળો, પ્રેમસખીનું વૃતાન્ત;
જેથી થાય આપણને પણ, પ્રભુમાં પ્રેમ નિતાન્ત.

ચોપાઈ : **પ્રેમાનંદ ગવૈયા કવિ ભારી, ગાઈ રાજી કર્યા સુખકારી;**
રાગ-રાગનાં કીર્તન કીધાં, જેને હરિએ ચરણ ઉર દીધાં.

(સદ્.મંજુકેશાનંદસ્વામી - નંદમાળા)

પ્રેમાનંદસ્વામી શરીરે દેખાવડા, સ્વરૂપવાન અને નીચી દડીના હતા. વળી અતિ નિર્માની, સરલ સ્વભાવના અને શ્રીહરિને વિષે અતિ હેતવાળા હતા. સ્વામી નિત્ય પ્રભુ પ્રેમમાં તરબોળ રહેતા. આમ,સ્વામીના જેવા ગુણ હતા તેવું જ તેમનું અન્વર્થ નામ હતું.

શાર્દુલ : **જેણે પ્રીત સહિત પદ્ય રચીને, રાજી કર્યા શ્રીહરિ,**
વાલે શ્રીવચનામૃતે સ્વમુખથી, જેની પ્રશંસા કરી;
ગાતાં સંગીત રીત નૃત્ય કરીને, મોજું લીધી ભાવથી,
એવા પ્રેમસખી તણાં પદ વિષે, સ્તુતિ કરું ભાવથી.

મૃદુતા, દાસત્વ, ગરીબપણું અને પ્રેમનું મૂર્તિમાન સ્વરૂપ એટલે પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી. સ્વામિનારાયણ સંપ્રદાયના **"સત્યકામ જાબાલી"** એટલે પ્રેમાનંદ સ્વામી. આ સંત ભગવાન માટે જ જનમ્યા હતા. આવા પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીને યોગીરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ

"ॐ श्रीप्रेमानंदमुनये नमः, तं आह्वयामि स्थाप्यामि पूजयामि ।" આ મંત્ર દ્વારા મહાપૂજામાં સ્થાન આપ્યું છે. એમના જીવનચરિત્ર વિષે સંપ્રદાયમાં જેને જે પ્રમાણે વાત જાણવામાં આવી તેણે તે પ્રમાણે લખી છે.

વચ.ગ.મ.૪૮માં ભાવવિભોર બની શ્રીજીમહારાજે વખાણ કર્યા છે, એવા આ સંપ્રદાયમાં ચંદ્રની જેમ શોભતાં પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામીના પૂર્વ જન્મનું વૃત્તાંત **ઉન્મત્તગંગા માહાત્મ્ય અ.૧૧૨**ના આધારે કહીએ તો સ્વામી પૂર્વ જન્મમાં પવિત્ર બ્રાહ્મણ હતા. સંગીતકળામાં તૂંબરું જેવા નિષ્ણાંત હતા. તેઓ જ્યારે પ્રેમભીનાં હૃદયે સંગીત સાથે કીર્તનભક્તિ કરતા ત્યારે પોતે અને શ્રોતાજનો સર્વે ભગવાનમાં તલ્લીન થઈ જતા.

એવા આ પવિત્ર બ્રાહ્મણે રાજાના ત્રાસથી ઘર છોડી વનમાં વાસ કર્યો. ત્યાં ખૂબ તપશ્ચર્યા કરી ત્યારે અક્ષરાધિપતિ સર્વાવતારી શ્રીહરિએ તેમને દર્શન દીધાં. વર માગવાનું કહ્યું ત્યારે તે કહે, **"હે નાથ ! હું ભવિષ્યમાં પણ અખંડ આપનાં સ્વરૂપમાં પ્રેમમગ્ન બની સંગીત સાથે આપની ભક્તિ-ઉપાસના કરી શકું એવી કૃપા કરો."** શ્રીહરિ તથાસ્તુ કહી અદૃશ્ય થયા. પછી આનંદમગ્ન બની ભક્તિરસમાં તરબોળ રહેનારા આ વિપ્રે ટૂંક સમયમાં તે દેહનો ત્યાગ કર્યો. અને એ જ વિપ્ર બીજા દેહે પ્રભુપ્રેમી સંત પ્રેમાનંદસ્વામી થયા.

❊ સ્વામીનો જન્મ તથા પરિચય...

વિરમગામ તાલુકાના **ઓગાન** ગામમાં **મોતીરામ** નામના પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેમને **આનંદરામ** અને **સુરજરામ** ઉર્ફે **સેવકરામ** નામે બે પુત્રો હતા. મોતીરામ અક્ષરવાસી થયા પછી બન્ને ભાઈઓ જુદા રહેતા હતા. મોટા આનંદરામભાઈ ભિક્ષાવૃત્તિ કરતા એકવાર અમરેલીમાં સંત મૂળદાસની જગ્યામાં આવ્યા. સંત મૂળદાસના કહેવાથી તેની જગ્યામાં રહેતી **રાધા** નામની દીકરી સાથે તેમના લગ્ન કર્યા. પછી તેઓ ત્યાં જ રહ્યાં. સુરજરામ ભિક્ષાવૃત્તિ તથા કથાવાર્તા કરતા, ગામડાઓમાં ટેલ નાંખીને

પોતાનો નિર્વાહ કરતા. તેમના લગ્ન **વિરમગામ**માં થયા. તેમની પત્નીનું નામ **સુનંદા** હતું. લગ્ન બાદ થોડા સમયે તેઓ **અમદાવાદમાં** સ્થાયી થયા.

આશરે સં.૧૮૩૬માં અમદાવાદમાં સુરજરામને ત્યાં સુનંદાદેવી થકી એક પુત્રનો જન્મ થયો; એ જ આપણા "પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી." પણ ભોળા હૃદયના વહેમી સુરજરામને કોઈએ મશ્કરીમાં કહ્યું કે, "આ તમારો બાળક નથી." સુરજરામનું મગજ તમોગુણી અને અર્ધ પાગલ જેવું હતું. તેથી તેણે તે મશ્કરીને સત્ય માની પોતાની પત્ની ઉપર ગુસ્સે થયા. અને પુત્ર સહિત તેને મારી નાંખવા તૈયાર થયા. પતિના સ્વભાવને જાણનાર સુજ્ઞ સુનંદાદેવીએ તેમને સમજાવતા કહ્યું, "તમને શંકા હોય તો હું આ પુત્રનો ત્યાગ કરી દઉં, પરંતુ તમે સ્ત્રીહત્યા તથા બાળહત્યા ન કરતા." સુરજરામ સહમત થયા. પછી સુનંદાદેવીએ રાતના ચાર વાગ્યે માત્ર ત્રણ દિવસના તે બાળકને લૂગડામાં વીંટાળીને દરિયાખાનના ઘુંમટ પાસે મૂકી દીધો. ત્યારબાદ પુત્ર વિયોગે ઝુરી ઝુરી તે મૃત્યુ પામ્યા.

આ બાજુ ઘુંમટમાં ડોસા તાઈ નામના એક મુસ્લિમને પુત્ર ન હતો તેથી ખુદાની પાસે દરરોજ પુત્રની યાચના કરતા. આજે વહેલી સવારે ડોસા તાઈ ખુદાની પ્રાર્થના કરીને બહાર આવ્યા તેવામાં ત્યાં બાળકને રડતું જોયું. આ જોઈ તેમને મનમાં દૃઢ નિશ્ચય થયો કે, "આ પુત્ર મને ખુદાએ જ આપ્યો છે." તે પુત્રને પોતાને ઘેર લાવ્યા. તે બાળકમાં તેમને અનોખું નુર(તેજ) દેખાયું તેથી તેનું નામ **'નુર તાઈ'** રાખ્યું. તેને પોતાનો જ પુત્ર માની તેનું પાલન પોષણ કરવા લાગ્યા.

આ રીતે ધીરે ધીરે પુત્ર મોટો થવા લાગ્યો. ગીત સંગીતમાં રૂચીવાળા આ બાળકને તેના પિતાએ વડોદરા સંગીત ભણવા મોકલ્યા. વડોદરામાં નુર તાઈએ ગાન વાદનની કઠોર સાધના કરી ઘણું સંગીતજ્ઞાન પ્રાપ્ત કર્યું. પાછા અમદાવાદ આવ્યા. ડોસા તાઈ પ્રસન્ન થયા. **નુર તાઈ** બાળપણથી જ સંગીતમાં ભારે કુશળ હતા.

ડોસા તાઈ આર્થિક રીતે ખૂબ ગરીબ હતા. કોઈ જગ્યાએ ઉત્સવ સમૈયા હોય કે મેળા હોય ત્યાં ગોળ ધાણીના લાડુ બનાવી વેપાર કરવા ત્યાં જતા. એક સમયે પાલક પિતા ડોસા તાઈ પુત્ર નુર તાઈને સાથે લઈને વેપાર માટે ઉજ્જૈનમાં રહેવા ગયા. ડોસા તાઈ દરરોજ ક્ષિપ્રા નદીમાં સ્નાન કરવા જતા ત્યારે નુર તાઈ સાથે જતા. નુર તાઈને એક દિવસ ત્યાંના સંગીત વિદ્યાલયના યુવાન વિદ્યાર્થીઓ સાથે પરિચય થયો. તેમની સાથે મિત્રાચારી થતાં તેમની સાથે રહી સંગીત વિદ્યાલયમાં વિશેષ સંગીત શીખવા લાગ્યા અને સંગીતકળામાં નિષ્ણાત થયા. વળી, આ સમયે તેમને ત્યાં રહેતા અનેક વૈરાગી સંતોનો પણ સહવાસ થયેલો. એક બે વર્ષ બાદ તેઓ તેમના પિતા સાથે અમદાવાદ પાછા આવ્યા.

નુર તાઈનો મન મોરલિયો પ્રગટ ભગવાનને મેળવવા તલસી રહ્યો હતો. તેણે દૃઢ નિશ્ચય કર્યો કે, **"આ વિદ્યાથી મારે શેઠ, શાહુકાર કે રાજાઓને રીઝવવા નથી, પરંતુ અલ્લાહ કે અલ્લાહના ઓલિયાને રીઝવી મારું જીવન અને કળા સાર્થક કરવી છે."** તેમનું અંતર પ્રગટ પ્રભુને ઝંખતું હતું તેથી તેઓ ઘણીવાર આવું આર્તનાદ ભર્યું કીર્તન ગાતા હતા.

कब मिलोगे दिलदार, जीया मेरा कब मिलोगे दिलदार;
तेरे बिना में हु निराधार, जीया मेरा...कब०...टेक.

થોડા સમય પછી **જેતપુરમાં** મોટો સમૈયો થવાના સમાચાર સાંભળી ડોસા તાઈ પોતાના પુત્ર નુર તાઈને સાથે લઈને વેપાર માટે જેતપુર આવ્યા. ત્યાં પોતાના સંબંધીને ઘેર ઉતારો કર્યો. તે વખતે સદ્.શ્રીરામાનંદસ્વામી શ્રીજીમહારાજનો ગાદી પટ્ટાભિષેક કરતા હતા તેથી શ્રીજીમહારાજનું ફૂલેકું આખા ગામમાં ફર્યું હતું.

તે વખતે ડોસા તાઈ તથા તેમના પુત્ર નુર તાઈને શ્રીહરિનાં દર્શન થયાં. **પ્રથમ દર્શને જ પુત્રનું ચિત્ત શ્રીહરિની મૂર્તિમાં ચોંટી ગયું. તેથી સહજાનંદસ્વામીના મુખ સામે જ દૃષ્ટિ રાખીને તે આખી રાત**

ફૂલેકામાં સાથે જ ફર્યા. પિતાએ તેને ઘેર લઈ જવાનો ખૂબ આગ્રહ કર્યો પણ તે ગયો નહીં.

બીજે દિવસે શ્રીરામાનંદસ્વામીએ મહારાજને પોતાની ગાદીએ બેસાર્યા. તેનાં દર્શન પણ આ છોકરાએ એકાગ્ર દષ્ટિથી કર્યાં. તે દિવસે બધાયે માણસોને સ્વામીએ મિષ્ટાન્ન-ભોજન જમાડી તૃપ્ત કર્યા હતા. તેમાં આ છોકરાને ભૂખ્યો અને તરસ્યો ત્યાં જ બેઠેલો જોયો તેથી સ્વામીએ પોતે જ દયા લાવી અતિ પ્રેમથી નુર તાઈને જમવાનું આપ્યું. તે જમી રહ્યો તેવામાં ડોસા તાઈ ત્યાં આવ્યા અને સ્વામીને કહ્યું કે, "**मेरे बच्चे को यहां क्युं रखा है ?**" ત્યારે સ્વામીએ કહ્યું કે, "અમે રાખ્યો નથી, તાઈને રાખીને અમે શું કરીએ ? તેને તમે લઈ જાઓ." પછી ડોસા તાઈએ તેને ખૂબ સમજાવ્યો, પણ નુર તાઈ ગયો નહિ. ત્યારે તેણે પુત્રને લાત મારી એટલે તે રડવા લાગ્યો પણ સાથે ન ગયો. પછી સ્વામીએ બહુ સમજાવીને તેને ડોસા તાઈની સાથે ઘેર મોકલ્યો, પણ તેની વૃત્તિ શ્રીહરિમાં લાગી ગયેલી...

लागी लागी सब कहे, लागी होय सो रोय ।
हम को तो ऐसी लगी, घनश्याम बताओ कोई ॥

सारी रात निखंड में, सो गये सब कोय ।
जीनको चिंता यार की, वो कहासें सोय ॥

❊ નુર તાઈ થયા નિજબોધાનંદ...

રામાનંદસ્વામી અંતર્ધાન થયા બાદ ત્રણ વર્ષે પાલક પિતા ડોસા તાઈ નુર તાઈને સાથે લઈને શ્રીહરિજી પાસે ગઢડા આવ્યા. ત્યારે નુર તાઈ શ્રીહરિનાં દર્શન કરી આનંદ પામીને બોલ્યો કે, **"મારે તો હવે સાધુ થઈને મહારાજની સેવામાં રહેવું છે."** ત્યારે ડોસા તાઈએ ના પાડી. એટલે મહારાજે કહ્યું, "ખરેખર આ પુત્ર તમારો છે..?" અંતર્યામીથી શું અજાણ્યું..? આમ વિચારી ડોસા તાઈએ પુત્ર પ્રાપ્તિની હકીકત કહી. તેમની નિખાલસતાથી મહારાજે રાજી થઈ અમીદષ્ટિ કરી એટલે તેને સમાધિ

થઈ. સમાધિમાં બધા ઓલિયાઓ મહારાજનાં સ્વરૂપનાં દર્શન કરતા હોય એવો અનુભવ થયો.

એકલાખ ને એંસી હજાર, ઓલિયા કરે અરજ ઉચ્ચાર;
દીઠા ત્યાં ઘણા પીરાન પીર, કરે સ્તુતિ નમાવીને શિર.

પછી જાગ્રત થયા. મહારાજનાં ચરણમાં પડી માફી માંગી ને કહ્યું કે, **"તમે તો અનંત બ્રહ્માંડના માલિક ખુદા છો. તમે જ મને આ પુત્ર આપ્યો છે માટે આ પુત્રને આજથી જ તમને સોંપું છું. તેને તમારી સેવામાં રાખજો અને મને અનંત જન્મના પાપથી છોડાવી તમારી મૂર્તિના દિવ્ય સુખે સુખી કરજો."** એ જ સમયે શ્રીહરિએ ડોસા તાઈ સામે કરુણાદૃષ્ટિ કરીને જોયું કે તરત તેમને હૃદયમાં અખંડ મહારાજની મૂર્તિ દેખાવા લાગી. પછી ડોસા તાઈ શ્રીહરિને પગે લાગી પોતાને ઘરે ગયા.

સમય જતા મહારાજે નુર તાઈને દિક્ષા આપવાનું નક્કી કર્યું, પરંતુ સંતોએ તેની ના પાડી. ત્યારે મહારાજે કહ્યું કે, **"તમારે ને એને ભાણે વ્યવહાર નહી રાખીએ, તેમને જમવાની તથા રહેવાની વ્યવસ્થા જુદી કરી આપીશું."** એ પ્રમાણે નાત જાતની પરવા કર્યા વિના મહારાજે નુર તાઈને દિક્ષા આપી સાધુ કર્યા.

દોહા : **સાધુ કર્યા નુર તાઈને, પ્રગટ સહજાનંદ;**
નામ પાડ્યું હરખાઈને, વા'લે નિજબોધાનંદ.

સ્વામીના જીવનમાં મીંરાબાઈ કે નરસિંહ મહેતાની જેમ વ્યાવહારિક ઘર્ષણ ઘણું જોવા મળે છે. સ્વામીએ તે બધું ગરીબડા થઈને સદાય સહન કર્યું છે. તેમના અનેક પદોમાં પોતે પોતાને દાસત્વની સીમા સદૃશ્ય અધમ અને પતિત ગણાવે છે. આવા હૃદયના ઉદ્‌ગારો પોતે નિમ્ન જ્ઞાતિમાં મોટા થયા તેના સૂચક હોઈ શકે. બ્રાહ્મણને ત્યાં જન્મ્યા, મુસ્લિમને ત્યાં મોટા થયા, વડોદરા તથા ઉજ્જૈન જેવા સ્થળોમાં અનેક મતપંથીઓનો મેળાપ થયો, સદ્.શ્રીરામાનંદસ્વામી જેવા સંતની કૃપા થઈ વગેરે નિજજીવનની

ગાથાઓ નિજકૃતિમાં કંડારતા સ્વામી કહે છે,

અવિચળ આશરો અબ પાયો...ટેક.

ભટકત બહુ ફર્યો ભવસાગર, સ્થિર હોઈ કોઉં ન સ્થિરાયો;
હરિપદવિમુખતપતત્રિવિધમેં,તીહુંફીરીફીરીપસ્તાયો...અવિચળ૦ ૧

ભઈ કૃપા સંતનકી પૂરણ, હરિ ચરણે ચિત્ત લાયો;
પ્રેમાનંદ ભયો કૃતારથ, ગોવિંદ ગોવિંદ ગાયો...અવિચળ૦ ૨

❊ કસોટી અને કિંમત...

દોહા : **પરીક્ષા કરવાની પ્રભુને, જૂની પડી છે ટેવ;**
કસોટી કરી નિજદાસને, મહાન કરે તતખેવ.

સાધુ થયા બાદ પહેલે જ દિવસથી મહારાજે સ્વામીને કહ્યું, "સ્વામી ! તમારી સારંગી અને કલમ મારી પાસે મૂકીને જજો. આજથી તમારે કીર્તન ન ગાવા, કાવ્યો ન રચવા અને સંગીત પણ ન વગાડવું." જગતના કોઈ પ્રખર વક્તાને મૂંગા રહેવું, પ્રવાસીને જેલમાં જાવું; તેના જેવી આ સજા હતી. પરંતુ **નિજબોધાનંદસ્વામી**એ કોઈપણ દલીલ કર્યા વિના તે વાત પ્રેમથી સ્વીકારી.

છેલ્લે મહારાજે પોતાના હાથમાં સ્વામીનો હાથ લઈ માળા આપી શીખ આપતાં કહ્યું, "લ્યો આ માળા ફેરવજો. સંતને કળા કે કૃતિઓનો પણ મોહ ન રાખવો. એ કોને કાજે છે ? તેનો વિચાર તથા ખપ વિશેષ રાખવો. વળી, અભ્યાસ છૂટી જશે એવી શંકા પણ ન કરશો. હમણા એ દિશા જ બંધ કરો. પહેલા દર્શન, શ્રવણ ને સ્મરણની દૃઢતા લાવી અમારી મૂર્તિમાં ચિત્ત જોડી દો. થશેને આવું...?!" સ્વામીએ હા કહી.

નિજબોધાનંદસ્વામીનું મન કળાભક્તિમાંથી ઉતરી પ્રભુભક્તિમાં ચોંટે એ માટે શ્રીહરિએ તેને સંગીત અને કાવ્ય રચનાથી અળગા કર્યા. આમ કરવાથી કળા, કાવ્ય વગેરે સાધન અને શ્રીહરિ સાધ્ય બને; એમના મન ઉપર સંગીતનો કાબુ ન રહે, પરંતુ સંગીતકળા એમને વશ થાય. આવું

કરવા પાછળ વ્યસનમુક્તિની જેમ જ સાજ અને અવાજથી પણ મુક્તિની જરૂર શ્રીહરિને લાગી હશે. **વ્યક્તિનું મન કોરા કાગળ જેવું બને પછી જ પ્રગટ હરિમાં ખરી પ્રેમલક્ષણા ભક્તિ પાંગરે છે.**

દોહા : **મારું હિત જ કરતા હશે, મારો પ્યારો મહારાજ;**
એમ મનમાં નક્કી કર્યું, સ્વામીએ મનમાં આજ.

આ એક જ વિચારે **નિજબોધાનંદસ્વામી** કાવ્ય અને સારંગી છોડી ઘેલા નદીને કાંઠે માળાના માધ્યમે સ્મરણ અને હરિસ્મૃતિમાં તન્મય બન્યા. **નિષ્કુળાનંદસ્વામી** ઘણીવાર ત્યાં આવે તો જ્ઞાનગોષ્ઠી કરતા. વળી, દરબારમાં આવે ત્યારે મહારાજની મૂર્તિનાં દર્શન કરી અંતરમાં અખંડ એ સ્વરૂપને ચિંતવ્યા કરે. આમ ને આમ આઠ મહિના ગયા.

દોહા : **કસોટીમાંથી પાર ઉતર્યા, કસાયા સ્વામી અપાર;**
મુંઝાયા નહિ નિજ મનમાં, વધ્યો પ્રગટમાં પ્યાર.

એક દિવસ દાદાના દરબારમાં વિશાળ સભા ભરાણી. મોટા સદ્‌ગુરુઓની સાથે શ્રીહરિ બેઠા હતા. ત્યાં સ્વામી આવ્યા. શ્રીહરિએ તેમને હેતથી બોલાવ્યા અને કહ્યું, **"તમે અમારી આજ્ઞાનું યથાર્થ પાલન કર્યું તેથી અમે તમારા ઉપર બહુ રાજી થયા છીએ. આજે તમારી સારંગી તમને પાછી આપવી છે. હવે તમે મન મૂકીને ગાવ."** એમ કહી મહારાજે એક ભક્તને સ્વામીની સારંગી લેવા મોકલ્યા.

આ દરમ્યાન સભામાં વાત કરતા મહારાજ કહે, "**મુક્તાનંદસ્વામી** વયે મોટા તથા જ્ઞાનમાં ગંભીર છે. માટે સાધુતા તેમની પાસેથી શીખવી. **ગોપાળાનંદસ્વામી યોગમૂર્તિ** છે. અમારા સર્વોપરી સિદ્ધાંતને સારી રીતે સમજે છે. માટે તેમની પાસેથી સર્વોપરિ સિદ્ધાંત શીખવો. ટાંકણું અને કલમ **નિષ્કુળાનંદસ્વામીને** વરેલા છે. વળી વૈરાગ્ય તેમનો અજોડ છે. માટે તેમની પાસેથી વૈરાગ્ય શીખવો. **બ્રહ્માનંદસ્વામી** કાવ્ય લેખન દ્વારા સત્સંગની મોટી સેવા કરે છે. આમ આપણી સભામાં અનેક રત્નો છે. તેમાં આજે અમે

એક નવું ઉમેરીએ છીએ. તે આ **'નિજબોધાનંદ'** છે. તે અમારી પ્રત્યક્ષ મૂર્તિના ગુણગાન કરી, પ્રેમલક્ષણા ભક્તિનો મર્મ સમજાવશે." એમ કહી સ્વામીને મોટેરા સંતોની સાથે બેસાર્યા.

દોહા : **ત્યાં સારંગી લઈ આવિયો, હરિભગત દોડાદોડ;**
આપી નિજબોધાનંદને, રાજી કરવા શિરમોડ.

મહારાજે તેમને ગાવાનું કહ્યું. ઘણા સમયે પ્રગટ પ્રભુ પાસે બેસી, પ્રગટ હરિને રીઝાવવાનું સદ્ભાગ્ય જાણી સ્વામીએ દર્દીલી રચનામાં દર્દીલા સુર રેલાવ્યા...

દરદ લગાડી રહ્યા દૂર છો, રસિયા વાલમ...ટેક.
નિજબોધાનંદના રે પ્યારા, વદન દેખાડો વહાલા;
રસિયાજી રાખોને હજૂર રે, હો રસિયા વાલમ...દરદ૦

સ્વામીના અંતરની આ દર્દીલી આરઝુથી શ્રીહરિ પ્રસન્ન થયા. પોતાની પાસે બોલાવ્યા. પોતે પહેરેલી પુષ્પમાળા તેમને પહેરાવી. અને કહ્યું, **"આજથી તમે સદાય અમારી હજૂરમાં રહેજો."** તે સાંભળતાં જ સ્વામીએ કહ્યું, **"અમે સુખેથી રહીશું હજૂર..ઓ રસિયા વાલમજી..!!"** સાંભળતા જ સભામાં જય ઘોષ થયો. સ્વામીએ મહારાજને દંડવત કર્યા. મહારાજ સ્વામીને ભેટી પડ્યા. ત્યારબાદ મહારાજની આજ્ઞાથી સ્વામીએ સંસ્કૃત ભણવાનો આરંભ કર્યો. હવે સ્વામી શ્રીહરિની સાથે રહેતા અને સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ પણ કરતા.

❊ મહારાજે નામ બદલ્યું...

એક વખતે ગઢપુરમાં શ્રીહરિ અક્ષર ઓરડીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા અને મહારાજ પાસે ચાર સંતો બેઠા હતા. ત્યારે નિજબોધાનંદસ્વામી ત્યાં આવ્યા. મહારાજને પગે લાગીને પાસે બેઠા. તે સમયે તેમની સામે જોઈને શ્રીહરિએ પૂછ્યું કે, "તમે સંસ્કૃત ભણો છો ?" ત્યારે કહ્યું કે, "હા."

પછી શ્રીહરિ કહે, **"સારસ્વત તો તમે ભણ્યા છો માટે હવે ભણવું રહેવા દો, હવેથી અમારાં કીર્તન કરો. તાલ અને સ્વરનું તો તમને સંપૂર્ણ જ્ઞાન છે."** ત્યારે સ્વામી કહે, "હે મહારાજ ! હું પિંગળ ભણ્યો નથી માટે કીર્તન કરતાં ન આવડે. ને એ તો મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીનું કામ, તેમની આગળ હું શું ગણતરીમાં ? એ તો લોકાલોક અને મેરુ જેવા કહેવાય. તેમની આગળ હું કાંકરા જેવો છું, તે હું શું કીર્તન કરી શકું ?! "

ત્યારે શ્રીહરિ કહે, "પિંગળનું શું કામ છે ? અમે કહીએ તેમ કરો. ને એમના કર્યા એ ગાય ને આપણા કર્યા આપણે ગાઈએ, તેમાં તમે બીઓ છો શું કામ ? અમે તમને બતાવીએ તેમ અમારી લીલા ચિંતવવી. તે અમે જમતાં હોઈએ, બેઠા હોઈએ, સભા કરી હોય, હાર પહેર્યો હોય, વસ્ત્ર ઘરેણાં આદિક પહેર્યા હોય ને જે ઠેકાણે જેવી લીલા કરી હોય તે ચિંતવીને કીર્તન કરવાં." ત્યારે સ્વામીએ કહ્યું, "બહુ સારું, મહારાજ."

પછી સ્વામી **"ફૂલન હીંડોરે ઝૂલત લાલ..."** એ કીર્તન સૌ પ્રથમ કરીને લાવ્યા. શ્રીહરિ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં થાંભલીને ઓઠીંગણે મશરૂના ચાકળે બિરાજ્યા હતા. સ્વામીએ ત્યાં આવી પગે લાગીને મહારાજના હાથમાં કીર્તનનો ખરડો દીધો. વાંચીને શ્રીહરિ કહે, "બહુ સરસ કીર્તન છે માટે ગાઓ.." તેથી સ્વામીએ ગાયું.

એમની પ્રેમભીની રચનાથી મહારાજ ખૂબ પ્રસન્ન થયા. સ્વામીને પોતાની સમીપ બોલાવ્યી પોતે પહેરેલી પુષ્પમાળા કાઢી તેમને પહેરાવી. વળી કહ્યું, "નિજબોધાનંદ નામ અટપટું છે અને કાવ્યપ્રાસમાં બરાબર બંધ બેસતું આવતું નથી, માટે તે ફેરવવું પડશે." એમ કહીને હાથમાં માળા હતી તેનો એક મણકો મૂક્યો ને 'મુક્તા' 'બ્રહ્મા' 'નિત્યા' 'પરમા' અને 'પ્રેમા' કહીને તે નામ ફેરવીને **"પ્રેમાનંદ"** રાખ્યું ને કહ્યું કે, "હવે એ નામથી કીર્તન કરવા." સ્વામીને પૂર્વજન્મમાં શ્રીહરિએ વરદાન આપેલું તે આજે પ્રભુએ સફળ કર્યું.

❊ પ્રભુજીએ નામ પાડ્યું પ્રેમસખી :

વળી, એક સમયે સ્વામી મહારાજ પાસે કીર્તન ગાતા હતા તેમાં રચયિતા તરીકે 'ચંદ્રસખી' એવું નામ આવ્યું. ત્યારે મહારાજે પૂછ્યું કે, "આ ચંદ્રસખી કોણ થઈ ગયા ?" ત્યારે સ્વામી કહે, "તે રાજસ્થાનના શ્રીકૃષ્ણભક્ત અને કવિ હતા. તેમણે કીર્તનોના અંતિમ પદમાં 'ચંદ્રસખી ભજ બાળકૃષ્ણ છબી' એવા ભાવવાળાં પદો કર્યાં છે." ત્યારે શ્રીજી કહે, "એ અવતારમાં ચંદ્રસખી તો આ અવતારમાં આ મારા 'પ્રેમસખી'. આજથી તમારા બે નામ - 'પ્રેમાનંદ' અને 'પ્રેમસખી'. એ બેય નામથી અમારાં કીર્તનો કરવાં." તે આજ્ઞા પ્રમાણે સ્વામીએ તે બેય નામથી કીર્તનો રચ્યાં છે.

ચોપાઈ : નૂર તાઈ નિજબોધાનંદ રે, પ્રેમસખી ને પ્રેમાનંદ રે;
ચાર નામમાં આ ત્રણ નામ રે, પાડનાર પોતે ઘનશ્યામ રે.

ભાગ્યશાળી હતા પ્રેમાનંદ રે, જેનાં નામ પાડે સહજાનંદ રે;
રે'શે પૃથવી જ્યાં સુધી સ્થિર રે, સર્વ સ્થળે ગાશે જન ધીર રે.

શ્રીહરિની કૃપાથી પ્રેમાનંદસ્વામી શીઘ્ર કવિ થયા. જે પ્રસંગે જેવાં કીર્તનો કરવાની આજ્ઞા કરે તે પ્રમાણે તેવાં કીર્તનો બનાવી મહારાજ પાસે ગાતા. શ્રીજી તેમને પ્રસન્ન થઈને પ્રસાદીનો થાળ, કોઈ સમયે પ્રસાદીનાં વસ્ત્રો તથા પુષ્પનો હાર વગેરે આપતા.

સં.૧૮૬૨ જેઠ વદ અમાસને દિવસે ગઢડામાં શ્રીજીમહારાજે એક સમ્રાટ રાજાનું દૃષ્ટાંત દઈ વાત કરી કે, "હું મારું દિવ્ય ઐશ્વર્ય છુપાવીને અક્ષરધામમાંથી અનેક જીવોનું કલ્યાણ કરવાં આહીં આવ્યો છું, પણ સંસારી જીવો મને તથા મારા સંતોને નહીં ઓળખીને અપમાન કરે છે. તે જીવોના કરેલા ગુન્હા સામે અમે જોતા નથી. જો તેના ગુન્હા સામે જોઈએ તો તેનો ઉદ્ધાર થાય જ નહીં. વળી, કેટલાક શુષ્કવેદાંતી છે તે અભિમાનમાં અંધ બની પ્રભુને ગણતા નથી અને મન ફાવે તેમ વર્તે છે. નિયમ-ધર્મનો ત્યાગ કરી પાપને માર્ગે જાય છે. માટે,

ચોપાઈ : મારા આશ્રિત છો જન જેહ, તેવા કોઈ થશો નહિ તેહ;
સુણી બોલ્યા સહુ શિર નામી, એવા નહીં થૈયે અહો સ્વામી.
પગલે પગલે ગુનેગાર, અમે છૈયે હે જગદાધાર;
રચ્યું પદ પ્રેમાનંદે તે વેરા, પ્રભુ મેં તો ગુનેગાર તેરા.
(હ.લી.૬/૧૦)

આ ભાવના સ્વામીએ ચાર પદો બનાવ્યા. અને શ્રીજીમહારાજ પાસે ‘મેં તો ગુનેગાર તેરા રે...’ એ ચાર પદ સંગીત સાથે આર્તભાવે ગાયાં. તેને સાંભળીને શ્રીહરિ બહુ જ પ્રસન્ન થયા.

શ્રીહરિએ સ્વામીને વિશેષ સંગીતવિદ્યા શીખવા બુરહાનપુર મોકલ્યા હતા. ત્યાં તાપીદાસ બાવાજીના અખાડામાં રહીને સ્વામી શાસ્ત્રીય સંગીત શીખીને ગઢપુરમાં શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિએ દયા લાવીને તેમને પોતાની સમીપે રાખ્યા. પછી પ્રેમાનંદમુનિનો ભાવ જોઈ સવાર-સાંજ ગાન કરવા શ્રીહરિ બોલાવતા, જે રાગ શીખી આવેલા તે રાગ ગાઈને શ્રીહરિને રીઝવતા. *(હ.ચ.સા.૧૫/૩૭/૨૧-૨૪)*

❊ પ્રસન્ન કર્યા શ્રીહરિને...

चोपाई : श्रीहरि रीझावनने हिता, गान शीखे ते करीके प्रीता ।
हरिकुं रीझायेऊ बहु वेरी, कहत बात मुखसे न बनेरी ॥
बहुवेर हरि रिझी के ताही, जेंवकर थाल दियेउ वाही ।
रिझीके वसन श्रीहरि केरा, विविध देत भये वेरवेरा ॥
ओर प्रसादी विविध भाँति, देवत भये कहे न जाति ।
श्रीहरि की अति प्रसन्नता जानी, कीर्तन करत भये मुद आनी ॥
जीतने कीर्तन करेऊ ताई, हरि आगे तब गाये आई ।
एक एक कीर्तन प्रति तेहु, तीतनी वेर रीझेऊ हरि जेहु ॥

શ્રીહરિ દરેક કીર્તનથી તેમના પર રીઝતા. સ્વામીની દીનતા અને વિશ્વાસપૂર્ણ ભાવનાથી મહારાજ ઘણીવાર અતિ પ્રસન્ન થયા હતા. એક સમયે સ્વામીએ પાંચ ભાષાનું ‘મોહન બેન બજાઈ’ એ પદ શ્રીજીમહારાજ

પાસે સિતાર વગાડી ગાયું. તે સુણી મહારાજ બહુ રાજી થયા તેથી શ્રીહરિએ બુરાનપુરી સેલું આપ્યું. ત્યારે ભક્તોએ કહ્યું કે, "તે સાધુએ ન રખાય." પછી મહારાજે સુરતની જરિયાની ટોપી આપી. તેની પણ ના પાડી. પછી કચ્છી ટોપી આપી. તે લીધી ને બહુ સંતોષ પામ્યા.

ગઢપુરમાં લક્ષ્મીબાગમાં એક બોરસલીનું વૃક્ષ હતું. આ વૃક્ષનો છોડ પ્રેમાનંદસ્વામી વડતાલથી પોતાને માથે ઉપાડી અહીં લાવ્યા. ને તેમણે પોતાને હાથે જ ત્યાં રોપ્યો હતો. આ વૃક્ષ નીચે શ્રીહરિજી અનેકવાર બિરાજ્યા હતા. પ્રેમાનંદસ્વામી પાસે ઘણીવાર ત્યાં કીર્તન-ભક્તિ કરાવતા ને હિંડોળો બાંધી ઝૂલતા. આમ, શ્રીહરિએ ત્યાં અનેક લીલા કરી હતી.

(શ્રીહરિચરિત્ર ચિંતામણિ વા.૧૬૩) : વળી, એક સમે મહારાજ અક્ષરઓરડીમાં પોઢ્યા હતા. તે સમે પૂનમિયા કૂવા પાસે આથમણાબારની ઓરડીઓ હતી. તેમાં સંતો રહેતા, ત્યાં પ્રેમાનંદસ્વામી સિતાર અને સર્વજ્ઞાનંદસ્વામી દુકડ વગાડીને કીર્તન ગાતા હતા. તે સાંભળી મહારાજે વીરાભક્તને કહ્યું કે, "આ કોણ ગાય છે ?" ત્યારે તે કહે, "સાધુની જગ્યામાં કોઈક ગાય છે." ત્યારે મહારાજ કહે, "જોઈને આવો કોણ ગાય છે ?"

ત્યારે તે ભક્તે જોઈ આવીને કહ્યું, "પ્રેમાનંદસ્વામી અને સર્વજ્ઞાનંદસ્વામી ગાય છે." ત્યારે મહારાજ અક્ષરઓરડીમાંથી ઉઠીને પૂનમિયા કૂવાના કાંઠા ઉપર આવીને ઉભા રહ્યા. ત્યાં સંતોને કીર્તન ગાતા સાંભળીને **મહારાજ બહુ રાજી થયા. ને પોતા પાસે ખેસ હતો તે પ્રેમાનંદસ્વામીને ઓઢાડ્યો ને કહ્યું, "હવે રાખો. રાત્રી બહુ ઝાઝી ગઈ માટે સુઈ જાઓ."** આમ પ્રભુએ જાગીને જેને સુવાડવા પડે એ સંતને શ્રીહરિમાં કેવો પ્રેમ હશે..? કેવી અડગ શ્રદ્ધા હશે..? કેવું હરિવરને રીઝવવાનું તાન હશે..? તે આપણે શીખવા જેવું છે.

દોહા : **રાજીપો રળવો રાજનો, એ જ સંતનું કામ;**
સાધુ થયા તે શું કામનું ? જો રીઝે નહિ ઘનશ્યામ.

**ધન્ય ધન્ય પ્રેમાનંદને, જેણે રીઝવ્યા વાંરવાર;
ઉપદેશ એમાંથી લીજિએ, કરીએ એવું અપાર.**

વળી, જૂનાગઢના નવાબે પોતાના રાજમહેલમાં શ્રીજીમહારાજની પધરામણી કરાવેલી ત્યારે શ્રીહરિની આજ્ઞાથી સ્વામીએ **'દિખલા દીદાર પ્યારા મહેબુબ હમારા'** એ બે પદો સંભળાવ્યાં. તેને સાંભળીને નવાબ આશ્ચર્ય પામ્યા ને કહ્યું કે, "આવું સંગીત મેં ક્યારેય સુણ્યું નહોતું." પછી કોઈ સમયે નવાબ પાસે ગ્વાલિયરના ગવૈયાઓ ગાવા આવ્યા ત્યારે નવાબે તેમને કહ્યું કે, "સ્વામિનારાયણ ભગવાનના સંત પ્રેમાનંદસ્વામીનું સંગીત સાંભળ્યા પછી મને બીજાનું સંગીત સાવ રસ વિનાનું લૂખ્ખું લાગે છે. તેથી હવે બીજાનું સંગીત સાંભળવાની રુચિ જ થાતી નથી." આ સાંભળી ગવૈયાઓ ગઢપુરમાં આવ્યા અને પ્રેમાનંદસ્વામીનું સંગીત સંભળાવવા મહારાજને વિનંતિ કરી. એટલે શ્રીહરિએ સ્વામીને ભૈરવી રાગ ગાવાની આજ્ઞા કરી.

બપોરનો સમય હતો. ગવૈયાઓ વિચાર કરવા લાગ્યા કે, 'ભૈરવી તો સવારમાં ગવાય, પણ આમને રાગની ખબર નહી હોય ?' વગેરે મનમાં તર્ક કરવા લાગ્યા. પરંતુ સ્વામી તો શ્રીહરિની આજ્ઞા મુજબ સારંગીના સૂરનો સાથ મીલાવીને ગાવા લાગ્યા. **'દરશ બિના મોરે તરસત નૈન...'** એ ગીત જેમ જામતું ગયું તેમ બપોર સમયે પણ સૌને પ્રભાત લાગવા માંડ્યું અને બપોરની ભૂખ સૌની ભાંગી ગઈ, મંગળા આરતીનો મંગલ સમય દેખાવા લાગ્યો, મંદ શીતળ પવન વહેવા લાગ્યો. આ પ્રમાણે પ્રેમાનંદસ્વામીનું આશ્ચર્યકારી સંગીત સાંભળી ગવૈયાઓ મહા વિસ્મય પામ્યા. પછી શ્રીહરિ તથા પ્રેમાનંદસ્વામીની બહુ પ્રશંસા કરીને કહ્યું કે, **"નવાબે જે વાત કરી હતી તે સાચી છે."** એમ કબુલ કરી પોતાને ઘેર ગયા.

એક સમયે સ્વામીના પૂર્વાશ્રમના પિતા સુરજરામ ઉર્ફે સેવકરામ વિપ્ર ટેલ નાંખતાં ગઢપુર આવી ચડ્યા. ગામમાં બે-ત્રણ દિવસ ટેલ નાંખી

ત્યારે તેમને કોઈએ કહ્યું કે, "ભૂદેવ ! આમ નકામા આંટા માર્યે તમારું કાંઈ નહી વળે. આ ગામમાં દાદા ખાચરના દરબારમાં પ્રગટ ભગવાન સ્વામિનારાયણ બિરાજે છે. ત્યાં જાઓ તો તમારો આંટો સફળ થઈ જશે."

પછી તે વિપ્ર દાદા ખાચરના દરબારમાં આવ્યા. ત્યારે વિ.સં. ૧૮૮૦ના મહાવદ ૧૪નો દિવસ હતો. તે વખતે શ્રીહરિ ઉગમણાબારના ઓરડાની ઓસરીએ બિરાજ્યા હતા. શ્વેત વસ્ત્રો ધાર્યા હતા. કંઠમાં તુલસીની નવી કંઠીઓ ને પુષ્પના હાર ધાર્યા હતા. પાઘમાં પીળા પુષ્પનો તોરો શોભતો હતો. સંત તથા દેશદેશના સત્સંગીની મોટી સભા ભરાઈને બેઠી હતી. તે સભામાં વિપ્ર સુરજરામ આવ્યા. શ્રીહરિજીને પગે લાગ્યા. શ્રીહરિએ પ્રેમથી પૂછ્યું કે, "બ્રહ્મદેવ, ક્યાં રહો છો ?" તો કહે, "પ્રથમ તો હું ઓગાન ગામમાં રહેતો. હમણાં ઘણા વખતથી અમદાવાદમાં રહું છું." શ્રીહરિ કહે, "શું કરો છો ? ને કેટલું ભણ્યા છો ?" ત્યારે તેમણે કહ્યું કે, "ટેલ નાખીને ગુજરાન કરું છું. બહુ ભણ્યો નથી, પણ દેવીના ગરબા બહુ સારા આવડે છે. તે ગાઈને લોકોને રાજી કરું છું." ત્યારે શ્રીજીમહારાજ કહે, "તે ગરબો અમને સંભળાવો." ત્યારે તે કહે, "મહારાજ ! તે તમારે સાંભળવા જેવો નથી. તેમાં તો દેવીનું સર્વોપરીપણું આવે." શ્રીજીમહારાજ કહે, "ભલે આવે, પણ અમારે સાંભળવો છે." પછી તેઓ ગરબો બોલ્યા કે,

માજી તારું મુખડું જોઈને આજ, મરોડ મટ્યો ચંદનો રે લોલ;
માજી તારું મુખડું જોવાને કાજ, આવે છે કુંવર નંદનો રે લોલ.
માજી તારા ગુણસાગરનો પાર, પામે નહીં શેષજી રે લોલ;

આ આખો ગરબો સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, "બ્રહ્મદેવ ! તમે તો ગરબો બહુ સારો ગાયો." એ પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, **"આમાં દેવીનો સર્વોપરી મહિમા કહ્યો છે."** ત્યારે પ્રેમાનંદસ્વામી કહે, "મહારાજ ! આજ્ઞા આપો તો આપના મહિમાના પદો હું ગાઉં." ત્યારે મહારાજ કહે, "ગાઓ."

પછી સ્વામી ગાવા લાગ્યા,

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ.
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.

એ આઠ પદ ગાયાં. તેને સાંભળીને શ્રીહરિજી બોલ્યા જે, "બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તન સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે. માટે એ સાધુને ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. અને જેને ઘેર આવા પુરુષે જન્મ ધર્યો તેનાં માતા પિતા પણ કૃતાર્થ થયાં જાણવાં."

પછી શ્રીહરિએ સુરજરામને પૂછ્યું, "આ પ્રેમાનંદસ્વામીને તમે ઓળખો છો ? " ત્યારે તેણે કહ્યું કે, "હું ઓળખતો નથી." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમારે કોઈ સંતાન છે કે નહીં ?" ત્યારે સુરજરામનું મુખ પડી ગયું ને દુઃખી સ્વરે કહ્યું કે, "હે નાથ ! ભગવાને એક બાળક આપેલો, પણ ખોટી શંકા થવાથી એને મેં તજી દીધો. પરમેશ્વરનું એક દાન શંકાને કારણે પાછું ઠેલ્યું પછી બીજું પુત્રદાન કેમ મળે ? માટે હું નિઃસંતાન છું." એમ કહેતાં જ સુરજરામની આંખો આંસુથી ભરાઈ ગઈ.

શ્રીહરિએ કહ્યું, "તજી દીધેલા એ બાળકને તમે ઓળખો ખરા ?" સુરજરામે કહ્યું, "ચહેરો તો કેમ કરી ઓળખું ? પરંતુ ત્રણ દિવસના એ નાના બાળને તજતા પહેલા મેં કુતૂહલથી તેના હાથ-પગની રેખાઓ જોઈ હતી. તેના હાથમાં ધ્વજ અને ચંદ્ર તથા ચરણમાં ઉર્ધ્વરેખા હતી એટલું યાદ છે." શ્રીહરિએ કહ્યું, "આ પ્રેમાનંદસ્વામીના હાથ-પગની રેખા તમે જુઓ તો !"

સુરજરામે સ્વામીના હાથ-પગની રેખા જોઈ. હાથમાં ધ્વજ અને ચંદ્ર તથા ચરણમાં ઉર્ધ્વરેખા અને ભાલમાં ઉન્નત ભાગ્યરેખા જોઈ સુરજરામની મતિ મુંજાઈ ગઈ, 'શું આ મારો જ બાળક હશે..?!' કોઈ નિર્ણય ન કરી શક્યા તેથી ધીરે રહી કહ્યું, "હે મહારાજ ! કાંઈ સમજ્યામાં આવતું નથી.

કેમ જે, તજી દીધેલો નાનો બાળ જીવતો ક્યાંથી હોય..?! પરંતુ રેખાઓ જોતા તો એ જ લાગે છે. માટે આપ જ કૃપા કરી સત્ય વાત કહો."

પછી શ્રીજીમહારાજે પ્રેમાનંદસ્વામીના જન્મની પૂરેપુરી વિગત તેને ઓળખાણ સાથે કરાવી કે, "આ પ્રેમાનંદસ્વામી તમારા પુત્ર છે અને આ મુક્તાનંદસ્વામી એ તમારા મોટાભાઈ આણંદરામભાઈના પુત્ર છે." તે સાંભળીને સુરજરામની આંખો ભીંજાઈ ગઈ ને શ્રીહરિનાં ચરણમાં પડીને પોતાની થયેલ ભૂલની કબૂલાત કરી. પોતાનો પુત્ર જીવતો છે અને પ્રગટ શ્રીહરિનો સંત બનેલો છે તેવું જાણી મનમાં ખૂબ આનંદ પામી બોલ્યા, **"હે મહારાજ ! તમે મારી પ્રથમની બધી જ વાત કહી બતાવી, માટે તમે તો સાક્ષાત્ અંતર્યામી પરમેશ્વર છો. મને પૂર્વનાં પાપથી મુક્ત કરજો અને અંત વખતે મારી સંભાળ લેજો."** પછી શ્રીહરિજીએ તેમને પોતાના આશ્રિત બનાવ્યા ને આજ્ઞા કરી કે, "આજથી **'સ્વામિનારાયણ'** એ નામનો જપ કરજો. અંત સમયે હું તમારી સંભાળ લઈશ."

ત્યારબાદ શ્રીહરિએ તેમને મિષ્ટાન્ન જમાડીને ઘણું દ્રવ્ય આપી પ્રસન્ન કર્યા. પછી વિપ્ર સુરજરામ શ્રીજીમહારાજને તથા પ્રેમાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી વિગેરે સંતોને પગે લાગીને પોતાને ઘેર ગયા. થોડા દિવસો પછી મહારાજ તેને દર્શન આપી પોતાના ધામમાં તેડી ગયા. આવા શ્રીહરિ મહા દયાળુ છે.

પ્રેમાનંદસ્વામીનો પ્રેમ અને કવિત્વશક્તિ અદ્‌ભુત હતી. જ્યારે શ્રીહરિ દાદા ખાચરને પરણાવવા ભટવદર જતા હતા. ત્યારે સ્વામીને સાથે લીધા હતા. તે સમયે સ્વામીએ,

સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું; સોનેરી મોળિયું, ધર્મકુંવરનું.

જેવા ઘણાક પદો બનાવી રાજાધિરાજને રીઝવ્યા હતા. વળી, એકવાર શ્રીહરિ ગઢપુરમાં અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. પ્રેમાનંદસ્વામી પાસે બેઠા હતા. તે સમયે જીવુબા, લાડુબા, રાજબા વગેરે બહેનો મહારાજ પાસે

આવ્યા અને પ્રશ્ન કર્યો જે, "હે નાથ ! તમે ધામમાંથી શા માટે અહીં પધાર્યા છો ? તે અમને કહો." મહારાજે તેનો જવાબ આપ્યો. પ્રેમાનંદસ્વામીએ મહારાજની મૂર્તિ તથા તે વાતને કાળજામાં કોરી લીધી.

આ વાત કાવ્યમાં લખવાનું સ્વામી વિચારતા હતા. પરંતુ કેવી રીતે લખવું ? તે પ્રશ્ન હતો. સ્વામીના અંતરની જાણી અંતર્યામી શ્રીહરિ એકવાર સામે ચાલી તેમની ઓરડીએ પધાર્યા. તરત જ હલકતા હૈયાના શબ્દો મુખમાંથી સરી પડ્યા.

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ.

આ રીતે પોતાની ઓરડીએ પધારેલા પ્રિયતમ શ્રીહરિનાં સ્વરૂપનું વર્ણન બે પદમાં લખ્યું. ત્યાં મોટીબા આગળ મહારાજે નિજસ્વરૂપની વાત કરેલી તે યાદ આવી. તે કેમ લખવું..? એ વિચારમાં હતા ત્યાં પંક્તિનો સમય થયો. સ્વામી ઠાકોરજીનો પ્રસાદ લેવા પધાર્યા. ત્યાં પ્રેમીના કોડને પૂરનારા લાડકવાયા શ્રીહરિએ આવી બે પદ એ જ ઢાળમાં લખી નાખ્યા.

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન.

આ પ્રેમાનંદસ્વામીની જીવનમૂડી જેવી સ્મૃતિ હતી. એકવાર તેમણે અહો ભાવ સાથે આ વાત નિષ્કુળાનંદસ્વામીને કરેલી. જેથી પ્રેમાનંદ સ્વામીની પ્રેમભક્તિના દર્શન કરાવતા આ પદો સત્સંગમાં અમર બન્યા.

શ્રીહરિ સ્વધામ જવા તૈયાર થયા ત્યારે દિલગીર હૃદયે જીવુબાએ મહારાજને પ્રાર્થના કરતા કહ્યું, "હે નાથ ! આપના અંતર્ધાન થયા પછી મારે ભોજનનો થાળ કોને જમાડવો ?" ત્યારે કરુણાભીના હૃદયે શ્રીહરિએ કહ્યું, "હે મોટીબા ! આપ દિલગીર ન થાઓ. અત્યારની જેમ જ નિત્ય ઠાકોરજી માટે થાળ તૈયાર કરજો. અને પ્રથમ ગોપીનાથજી મહારાજને જમાડીને તે પ્રસાદી આ પ્રેમાનંદસ્વામીને જમાડજો, પછી તમે જમજો." આ આજ્ઞા મુજબ શ્રીજીમહારાજ સ્વધામ ગયા બાદ મોટીબા કાયમ દેવોને થાળ ધરાવી પ્રથમ પ્રેમાનંદસ્વામીને પ્રસાદીનો થાળ જમાડ્યા પછી જ જમતા.

શ્રીજીમહારાજ સ્વધામ ગયા પછી પ્રેમાનંદસ્વામી ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજ પાસે વિરહના પદો ગાતા. શ્રીહરિ પાસે સ્વામી જ્યારે પ્રેમથી સંગીત સાથે કીર્તન ગાતા ત્યારે મહારાજ ખસતાં ખસતાં સ્વામી પાસે પહોંચી જતા ને સ્વામી સાથે તાલ લેતા.

ક્યારે હવે દેખું રે હરિ હસતા;
પ્રેમાનંદ આગે ગાયે જ્યારે આવે ઓરા ઓરા ખસતા.

આ પદ પૂરું થતાં સ્વામીની આંખમાં અશ્રુની ધારા વહેતી. તે સમે મૂર્તિમાંથી શ્રીજીમહારાજ પ્રગટ થઈ પ્રેમાનંદસ્વામીને પ્રેમથી હાર પહેરાવતા અને ભાવથી ભેટતા ને કહેતા કે, **"હું ગયો નથી, આ મૂર્તિમાં અખંડ રહ્યો છું."**

શ્રીજી સ્વધામ ગયા પછી એક પ્રસંગે સ્વામી વડતાલ કાર્તિકી સમૈયામાં આવ્યા હતા. તે પ્રસંગે એક સત્સંગી ત્યાં હાજર હતા. તેમણે વાત કરેલી કે, તે સમૈયામાં વીસ હજાર સત્સંગીઓ આવ્યા હતા. મંદિરની પાછળના ચોકમાં મંડપ બાંધ્યો હતો. તેમાં મંચ ઉપર બેસીને સ્વામીએ પોતાના સિતાર અને સારંગી સાથે **'સજની શ્રીજી મુજને સાંભર્યા રે...'** એ પદો ગાયા હતા. જેમ જેમ સ્વામીના સૂરની ગતિ વધતી ગઈ તેમ તેમ ત્યાં બેઠેલા-ઊભેલા શ્રોતાઓનાં હૃદય ચિરાવા લાગ્યાં અને સૌના નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા હતા. ચારેય પદ પૂર્ણ થયા ત્યાં તો સ્વામી પણ નિશ્ચેષ્ટ થઈને પૃથ્વી ઉપર ઢળી પડ્યા હતા. તે સભામાં એક પણ વ્યક્તિ એવો ન હતો કે જેની આંખોમાં આંસુ ન હોય. આમ, પ્રેમાનંદસ્વામીએ પોતાના હૈયામાં ઉભરાતા પ્રેમરૂપી પ્રવાહમાં સહુને સ્નાન કરાવી પરાભક્તિથી તરબોળ કર્યા હતા.

શ્રીહરિના ધામગમન બાદ ઘણા સમય સુધી ગઢપુરમાં કોઠારીપદે પરમાનંદસ્વામી રહ્યા હતા. મંદિરનો આર્થિક વ્યવહાર ચલાવવો મુશ્કેલ હતો તેથી તેમણે રઘુવીરજી મહારાજને આ વાત જણાવી. તેથી રઘુવીરજી

મહારાજે ભાલ પ્રાંતના અણિયાળા ગામના મોઢ વણિક પુંજા શેઠને કહ્યું, “તમો ગઢપુર મંદિરનો વહીવટ કરવા જાવ.” મોટા સંતો તથા આચાર્યશ્રીની ઈચ્છા જાણી પુંજા શેઠ પોતાની પાસે રહેલ તમામ મૂડી લઈ ગઢપુર આવ્યા. તન, મન, ધન સર્વસ્વ શ્રીહરિને સમર્પણ કરી ત્યાં જ રહ્યા. મંદિરની સેવામાં લાગી ગયા. હૃદયની શુદ્ધ ભાવના અને મોટા સંતોની કૃપાથી વહીવટીય ક્ષેત્રે ઘણો સુધારો થયો.

અમુક સમય બાદ સંતસમાજમાં પરસ્પરની એકબીજાની મોટાઈ સહન ન કરી શકનાર, ઈર્ષાદિક દોષથી ઘેરાયેલ અમુક સંતોએ કોઠારી પુંજા શેઠને ચડાવ્યા કે, “અમો સહુ પંક્તિમાં સાથે જમીએ છીએ અને પ્રેમાનંદસ્વામી પોતાનાં આસને નિત્ય એકલા જમે છે. ગોપીનાથજી મહારાજનો થાળ પ્રથમ તેમને આસને પહોંચાડવામાં આવે છે. એકલા જમવું તે સાધુ માટે સ્વાદ કહેવાય અને સત્સંગની પ્રથાથી વિરુદ્ધ કહેવાય, માટે તે બંધ કરાવો તો સારુ.”

થોડા દિવસો બાદ પુંજા શેઠ પ્રેમાનંદસ્વામીને એકાંતમાં મળ્યા અને તેમને પૂછ્યું કે, “તમો નિત્ય આસને એકલા જમો છો ?” સ્વામીએ સહજ સ્વભાવે કહ્યું, “હા, મોટીબા દયા કરીને થાળ મોકલાવે છે ને હું જમું છું.” એટલે કોઠારી શેઠ કહે, “સ્વામી, તમારી વાત સાચી પણ સાધુ માટે એકલા જમવું તે બરાબર ન કહેવાય. માટે હવેથી તમારે પંક્તિમાં આવી જમી લેવું. કાલથી તમારે આસને થાળ નહીં આવે.” સ્વામી કાંઈ બોલ્યા નહીં. શેઠ આટલું કહી ચાલ્યા ગયા.

બીજે દિવસે નિત્યના ક્રમ મુજબ મોટીબાએ થાળ મોકલ્યો, પરંતુ પ્રેમાનંદસ્વામીએ જમવાની ના કહી એટલે થાળ પાછો ગયો. સેવકોએ મોટીબાને કહ્યું, “આજે સ્વામી ન જમ્યા.” મોટીબાએ તેનું કારણ તપાસ્યું તો સમાચાર મળ્યા કે કોઠારીશ્રીએ સ્વામીને આસને જમવાની ના કહી છે તેથી જ જમ્યા નથી. એટલે મોટીબા નારાજ થયા અને સહજ બોલ્યા,

"પુંજો એટલે કચરો... તેને આ બાબતમાં શું ખબર પડે ? એ તો હમણે આવ્યા છે અને મને તો મહારાજ ધામમાં ગયા ત્યારે આજ્ઞા કરતા ગયા છે કે, પ્રેમાનંદસ્વામીને જમાડીને જમજો."

આટલું બોલી મોટીબા મૌન રહ્યા. તે દિવસે સ્વામી અને મોટીબા બન્નેને ઉપવાસ થયા. રાત્રે ખબર મળતા પુંજા શેઠ બન્ને પાસે ગયા, માફી માગી, સમાધાન કર્યું. પરંતુ નિત્ય વહાલાના વિરહે ઝૂરતા પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામીને હવે જગત ઝેર બની ગયું, દેહ અને દુનિયા વેરાન વન જેવી લાગવા મંડી.

એકવાર શ્રીહરિએ સ્વામીશ્રીને છેલ્લી ઉંમરમાં દર્શન આપી ગ્રંથ રચવાની આજ્ઞા કરી. પછી સ્વામીએ ગઢપુરમાં રહી કુલ ૯૨૭ દોહા, સોરઠા, છંદ-છપઈ છે એવો ધ્યાનમંજરી ગ્રંથ રચ્યો. તે સં.૧૯૧૦, ચૈત્ર વદ અમાસ, ગુરુવારે પૂર્ણ થયો. ત્યાર બાદ સ્વામીએ સર્વાવતારી શ્રીહરિના લીલાચરિત્રો અને મહિમાથી ભરપૂર એવો **'શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્ર'** નામે ગ્રંથ રચ્યો. આ ગ્રંથમાં **૬૮** અધ્યાય છે. જેમાં **૨,૪૫૦** ચોપાઈ, **૬૭૫** દોહા, **૬૩૦** સોરઠા અને **૨૨૧** છંદ છે. કુલ મળીને **૩૯૭૬**ને આશરે છંદ દોહાથી સભર આ ગ્રંથ સ્વામીએ રચ્યો છે. તે ખરેખર જીવનમાં એકવાર વાંચવા જેવો અને જાણવા માણવા જેવો અદ્ભુત ગ્રંથ છે.

વળી, (૧) ધ્યાનમંજરી (૨) વિવેકસાર (૩) શિક્ષાપત્રી (દોહાવલી) (૪) સર્ગનિસરણી (૫) ચોવીસ એકાદશી માહાત્મ્ય (૬) ઉન્મત્તગંગા માહાત્મ્ય (૭) શ્રીમદ્ભાગવત માહાત્મ્ય (૮) સત્યભામાનું રુષણું (૯) ગોપીનાથજીનો ગરબો (૧૦) શિવજીનો ગરબો (૧૧) શ્રીહરિસ્વરૂપધ્યાનસિદ્ધિ(૫૬-૩૦). આટલા સ્વામીના અપ્રસિદ્ધ ગ્રંથોનો સંગ્રહ કરી સ્વામિનારાયણ મંદિર કુંડળધામ દ્વારા **'સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો'** આ નામે એક પુસ્તક સં.૨૦૬૭ના બેસતા વર્ષના દિવસે શિબિરમાં પ્રકાશન કર્યું હતું. શ્રીસ્વામિનારાયણ મંદિર ભૂજ દ્વારા પ્રકાશિત થયેલ

પ્રેમાનંદકાવ્ય ભાગ-૧ અને ૨માં તુલસી વિવાહનાં પદો તેમજ અન્ય ચાર હજારને આશરે પદો પ્રસિદ્ધ થયાં છે. હજુ સ્વામીનાં ઘણાંક અપ્રકાશિત પદો પણ છે.

સં.૧૯૧૧ના કારતક વદ-૩૦, સોમવારે સવારે સ્વામીએ **'શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્ર'** ગ્રંથ પૂરો કર્યો. અને તે જ દિવસે સવારે ૧૦.૦૦ વાગે સ્વામી બોલ્યા : **"આ મહારાજ અનંત મુક્તો સાથે મને તેડવા આવ્યા છે. હું હવે સદા શ્રીહરિની સેવામાં જાઉં છું."** એમ કહી આંખો મીંચી ગયા. આશરે ૭૫ વર્ષની ઉંમરે ભૌતિક દેહનો ત્યાગ કરી, દિવ્ય દેહ ધરી અખંડ મહારાજની સેવામાં પહોંચી ગયા. હાજર રહેલા ઘણા સંતો-ભક્તોને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થયાં. આમ સ્વામીશ્રી ગઢપુરમાં જ અક્ષરવાસી થયા હતા. આવા વિપુલ સાહિત્યનું સર્જન કરનાર પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામીનાં શ્રીચરણોમાં કોટી કોટી વંદના...

– સ્વામી જ્ઞાનજીવનદાસના
અતિ ભાવથી જયસ્વામિનારાયણ

અનુક્રમણિકા





श्रीस्वामिनारायणो विजयतेतराम्

॥ मम इष्टदेवाय सहजानंदस्वामिने नमो नमः ॥

प्रेममूर्ति सद्.श्रीप्रेमानंदस्वामिविरचित

श्रीहरिकृष्णनारायणचरित्रामृत

હિંદી તથા તેનું ગુજરાતીમાં ભાષાંતર

अध्याय - १

दोहा : वंदु धर्मसुत चरण जुग, लसत विशद नखश्रेनी ॥
करउ स्मरण मम मानसी, मंगलमय दिन रेनी ॥०१॥

करउ अमंगल दूर सब, पूरउ वर आनंद ॥
विघ्न निकंदन करउ सब, जुगल चरण नखचंद ॥०२॥

અધ્યાય - ૧

મંગલાચરણ, અક્ષરધામ અને ગોલોકનું વર્ણન કર્યું

ધર્મપુત્ર ભગવાન શ્રીસહજાનંદ સ્વામીનાં બંને ચરણકમળને હું (પ્રેમાનંદ સ્વામી) વંદન કરું છું. જે ચરણારવિંદના અંગૂઠા તથા આંગળીઓના ઉજ્જ્વળ નખની પંક્તિ અતિશય શોભી રહી છે. અને જે અહોનિશ મંગળમય છે. તે ચરણારવિંદ મારા હૃદયકમળમાં સદાય નિવાસ કરીને રહો. ૧. તે ચરણકમળ બધી જાતનાં વિઘ્નોને નાશ કરનારા છે. તે બંને ચરણકમળના નખચંદ્ર બધી જાતના અમંગળને દૂર કરો અને સર્વોત્તમ આનંદથી સહુને પરિપૂર્ણ કરો. ૨.

असित प्रष्टवर अरूण तल, खट दश लक्ष्म सहित ॥
राजउ मनसि राजहंस, करउ सद्म मम चित्त ॥०३॥
उदय होउ ऊर भास्कर, करउ निविड तम दुर ॥
प्रेरउ भारती रस भरी, बरनुं विशद गुनपुर ॥०४॥
श्रीनारायण कृष्ण हरि, हरिकृष्ण घनश्याम ॥
नीलकंठ वर्णीन्द्र गुरु, रहो रसना षड नाम ॥०५॥
संत चरण वंदन करी, हरिजनकु शिर नाय ॥
मागुं बानी सुमति बल, सज्जन होउ सहाय ॥०६॥
धर्मकुंवर हरिकृष्णके, जन्म कर्म अभिराम ॥
यथामति वर्णन करूं, सब विधि पुरण काम ॥०७॥
नाहीं बुद्धि बल चातुरी, ग्रंथ करन हुल्लास ॥

જે ચરણનો પીઠ ભાગ અર્થાત્ પહોંચાઓ શ્યામ છે અને તળિયાં સુંદર લાલ છે. અને જે સોળચિહ્નોએ સહિત છે, જે રાજહંસ જેવા શોભે છે, તે મારાં મનને ઘર માનીને તેમાં સદા નિવાસ કરો. ૩. એવાં શ્રીહરિનાં ચરણ મારાં હૃદયમાં સૂર્યનાં રૂપમાં પ્રગટ થાઓ. અને તેમાં રહેલ ઘાટા અંધકારને દૂર કરો. શ્રીહરિનાં ચરણકમળ મને અત્યંત રસભરી વાણી પ્રેરો; કે જેનાથી હું શ્રીહરિના ઉજ્જવળ શુભ ગુણોને વર્ણવીને પ્રવાહિત કરું. ૪.

જેમને હું ગુરુ માનું છું એવા શ્રીહરિના શ્રીનારાયણ, શ્રીકૃષ્ણ, શ્રીહરિ, શ્રીહરિકૃષ્ણ, શ્રીઘનશ્યામ અને શ્રીનીલકંઠ વર્ણીન્દ્ર; આ છ નામ નિરંતર મારી જીભ ઉપર રહો. ૫. સંતોનાં ચરણમાં વંદન કરીને અને હરિભક્તોને મસ્તક નમાવીને હું શુદ્ધ બુદ્ધિ, શુભ વાણી અને સારા આરોગ્ય તથા બળને માગું છું; તો આપ સહુ સજ્જનો મને સહાયરૂપ થાઓ. ૬. ભક્તજનોના બધા જ મનોરથોને પૂર્ણ કરે એવા ધર્મકુમાર શ્રીહરિકૃષ્ણ મહારાજના ઘણા સુંદર આવિર્ભાવ તથા ચરિત્રોને મારી બુદ્ધિ પ્રમાણે વર્ણવું છું. ૭.

तव प्रताप बल आनी उर, करुं प्रयत्न अविनाश ॥०८॥

ज्युं क्रुरिकर श्रम लिखी, भये सहाय उर्गारी ॥
त्युं मोहे निर्बल विलोकीके, कुरुं करुणा भयहारी ॥०९॥

जे ही कारण अक्षरपति, लीन आप अवतार ॥
प्रेमानंद सोई सूचवुं, मोर मति अनुसार ॥१०॥

सोरठा : आदि पुरुष अवतारी, प्रगटेउ उर्वी भवहरण ॥
द्विजकुल वर तनु धारी, धर्मभक्ति सुत भये सुखद ॥११॥

ताकर जन्म रु कर्म, लीला ललितसु कींन हरि ॥
तेही लिखुं लखी मर्म, प्रसन्न होउ हरिजन सकल ॥१२॥

बरनुं कछुं लव लेश, यथा बुद्धि वर विशद गुन ॥
पार न पावत शेष, शारद नारद सकल मीली ॥१३॥

હે અવિનાશી પ્રભુ ! મારામાં કોઈ એવું બુદ્ધિનું બળ નથી, કોઈ વિચક્ષણતા નથી; તેમ છતાં ગ્રંથ કરવા માટેનો અતિ વધારે ઉત્સાહ છે. માટે હું મારાં દિલમાં આપના પ્રતાપના બળને ધારીને આપનાં ચરિત્રોને લખવા પ્રયત્ન કરું છું. ૮. ભક્તજનના ભયને ટાળનારા હે પ્રભુ ! જેમ ટીટોડીના પરિશ્રમને જોઈને ગરુડજીએ તેને મદદ કરી હતી; તે રીતે મારા જેવા નિર્બળ ભક્તને દેખીને આપ મારા ઉપર કરુણા કરો. ૯. અક્ષરાધિપતિ આપ પુરુષોત્તમે જે હેતુ માટે અવતાર લીધો હતો તેને હું આપનો શિષ્ય પ્રેમાનંદ મુનિ મારી બુદ્ધિ પ્રમાણે કાંઈક લખું છું. ૧૦.

આપ આદિ પુરુષ અને સુખદાયક અવતારી છો. આ પૃથ્વી ઉપર મુમુક્ષુના સંસારભયને હરવા માટે આપે શ્રેષ્ઠ વિપ્રના કુળમાં ધર્મ ભક્તિના પુત્રરૂપે અવતાર ધારણ કર્યો હતો. ૧૧. આપે પ્રગટ થઈને ઘણી સુંદર લીલાઓ કરી હતી; તેથી આપના પ્રાગટ્યનો હેતુ અને લીલાચરિત્રના મર્મને મેં જેવા જોયા છે તેવા લખું છું. તેનાથી ભગવાનના સર્વ ભક્ત મારા ઉપર પ્રસન્ન થાઓ. ૧૨. આપના જે જન્મ અને લીલાચરિત્ર છે, એને હું મારી બુદ્ધિ પ્રમાણે લેશમાત્ર જ

कलि मध्य करुणा कींन, क्रिपासिंधु भये रूप नर ॥
अति सुंदर तनु लीन, आये अखिल ऐश्वर्य जुत ॥१४॥

छंद मंगलाचरण छपय :

जे जे नारायण स्वामीकी, जे जे हरि बहुनामीकी ॥
जे जे श्रीसत् चित् आनंदकी, जे जे पूरण परमानंदकी ॥१५॥
जे जे हरिकृष्ण प्यारेकी, जे जे कृष्ण दृग तारेकी ॥
जे जे श्रीनीलकंठनाथाकी, जे जे प्राण सुखपाथाकी ॥१६॥
जे जे श्रीनीलकलेवरकी, जे जे तरुन तन सुंदरकी ॥
जे जे श्रीधर्मकुमाराकी, जे जे भक्तिसुत प्याराकी ॥१७॥
जे जे श्वेतपटधारीकी, जे जे भक्तभयहारी की ॥

કાંઈક વર્ણન કરી શકીશ. આપના ગુણો તો ઘણા ઉજ્જ્વળ અને શ્રેષ્ઠ છે. તે ગુણોનું વર્ણન કરવા શેષ, શારદા અને નારદજી વગેરે બધા ભેળા મળીને પ્રયત્ન કરે તોપણ તેના પારને પામી શકતા નથી. ૧૩. હે કૃપાસિંધુ ! આપ આ કળિયુગને મધ્યે ઘણી કરુણા કરીને મનુષ્યરૂપે થયા છો; અતિ સુંદર સ્વરૂપ ધારણ કરી આપનાં સંપૂર્ણ ઐશ્વર્યથી યુક્ત થઈને આ ભૂમિ ઉપર પધાર્યા છો. ૧૪.

❁ ગ્રંથકારે કરેલું શ્રીહરિની મૂર્તિનું પ્રાર્થનાત્મક વર્ણન :

બહુનામી, સચ્ચિદાનંદ સ્વરૂપ અને પરિપૂર્ણ પરમ આનંદમય એવા આપ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિનો 'જય થાઓ... જય થાઓ...' ૧૫. મારા પ્યારા હરિકૃષ્ણ મહારાજ, મારી આંખોના તારા એવા કૃષ્ણ સ્વરૂપ, મારા નાથ અને મારા પ્રાણોને માટે સુખસાગર; એવા આપ શ્રીનીલકંઠનો 'જય થાઓ... જય થાઓ...' ૧૬. જેમનું સ્વરૂપ રમણીય ઘનશ્યામ છે અને સુંદર તરુણ અવસ્થામાં છે; એવા ધર્મકુમાર, ભક્તિના પ્યારા પુત્ર આપનો 'જય થાઓ... જય થાઓ...' ૧૭. જેઓ સદા શ્વેત વસ્ત્ર પહેરતા તથા ભક્તજનોના સંસારના ભયને ટાળતા હતા, જેમની

जे जे हंसगतिगमनाकी, जे जे मुनिसंगरमनाकी ॥१८॥
जे जे मुनिमनरंजनकी, जे जे कामकुलगंजनकी ॥
जे जे कमलदललोचनकी, जे जे भक्तभयमोचनकी ॥१९॥
जे जे चंदनतनचरचितकी, जे जे हार उर अर्पितकी ॥
जे जे ज्ञानघनसिंधुकी, जे जे शीतलशामइन्दुकी ॥२०॥
जे जे धर्मकुलभूषनकी, जे जे हरनजनदुःखनकी ॥
जे जे स्वजनसुखदाताकी, जे जे जगति विक्षाताकी ॥२१॥
जे जे ईश्वर अवतारीकी, जे जे बाल ब्रह्मचारीकी ॥
जे जे मानरीपुमर्दनकी, जे जे धर्मकुलवर्धनकी ॥२२॥
दोहा : शोभासागर सुखसदन, अक्षरपति अविनाश ॥

હંસના જેવી રમણીય ચાલ હતી અને જે મુનિવરોની સાથે રાસ આદિક ક્રીડાઓને કરતા હતા. ૧૮. જેઓ સંતોના મનને પ્રસન્ન રાખનારા છે તથા કામના કુળનો પણ જેણે પરાજય કર્યો છે, જેમના નેત્ર કમળની પાંખડીના સમાન છે તથા ભક્તજનોના કાળ માયા ઈત્યાદિકના ભયને નાશ કરનારા છે; તેવા આપ શ્રીહરિનો 'જય થાઓ... જય થાઓ...' ૧૯.

જેમનાં શરીર ઉપર ભક્તજનોએ ચંદનની અર્ચા કરીને છાતી ઉપર ફૂલના હાર પહેરાવ્યા છે, જેમનું સ્વરૂપ જ્ઞાનઘન અને સાગર જેવું છે. વળી તે અતિશય શીતળ અને શ્યામ હોવા છતાં પણ તેજને લીધે ચંદ્રના જેવું ઉજ્જ્વળ દેખાય છે. જે ધર્મના કુળમાં અલંકારરૂપ રહ્યા છે, ભક્તજનોનાં બધાં દુઃખને હરનારા છે અને આત્મીય ભક્તજનોને સુખ આપનારાનાં રૂપમાં સર્વ જગતમાં પ્રસિદ્ધ થયા છે; તેવા આપ શ્રીહરિનો 'જય થાઓ... જય થાઓ...' ૨૦-૨૧. જે પરમેશ્વર સર્વ અવતારોને ધારણ કરનારા છે. અને જેમણે બાલ્યવયથી જ બ્રહ્મચર્ય પાળ્યું છે. તેમજ માનરૂપી શત્રુને ટાળી દીધો છે; એવા ધર્મકુળની વૃદ્ધિ કરનારા આપ શ્રીહરિનો 'જય થાઓ... જય થાઓ...' ૨૨. આપ શોભાના સાગર

राजत अमृतधाम मही, अखिल ऐश्वर्य निवास ॥२३॥
अमित कोटी ब्रह्मांडपति, श्रीपुरुषोत्तम राय ॥
अभितोवेष्टित मुक्त मीली, ब्रह्मभुवनके मांय ॥२४॥
सोरठा : नाथ सदा साकार, नरवर वपु कमनीय अति ॥
लाजत लखी छबी मार, शोभासागर सुखसदन ॥२५॥
वरनुं कछुं करी प्यार, महिमा अक्षरधामकर ॥
राजत धर्म कुमार, सदा स्वतंत्र बास निज ॥२६॥

चोपाई :
श्रीगोलोक मध्य अविनाशी, अति अवितर्क्य तेजकर राशी ॥
अधो ऊर्ध्व मध्य दस दिशमांई, व्याप्त हे परम शांत सुखदाई ॥२७॥
कोटी रवि शशि अनल प्रकाशा, होत सकल द्युति लखी बिनासा ॥

છો, સર્વે સુખનો આશ્રય છો, અવિનાશી તથા અક્ષરપતિ છો. આપ પોતાનાં અમૃતમય અક્ષરધામમાં વિરાજી રહ્યા છો અને સર્વ ઐશ્વર્યો આપમાં નિવાસ કરીને રહ્યા છે. ૨૩. **આપ અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી છો, તથા શ્રીપુરુષોત્તમ રાજાધિરાજ કહેવાઓ છો; આપની ચારે બાજુ અક્ષરધામના મુક્તોનું મંડળ વીંટળાઈને રહ્યું છે.** ૨૪. **આપ મારા નાથ, સર્વ નિયંતા અને સદા સાકાર મૂર્તિ છો; નટવર સમાન અતિશય રમણીય મૂર્તિ છો; આપની શોભાને દેખીને કામદેવ પણ લજ્જિત થાય છો. આપ સૌંદર્યના સાગર અને સુખનાં ઘર સમાન છો.** ૨૫.

હવે હું અક્ષરધામના કાંઈક મહિમાને પ્રેમથી વર્ણવું છું કે જે અક્ષરધામમાં સદાયને માટે સ્વતંત્ર એવા ધર્મકુમાર શ્રીહરિ નિવાસ કરીને વિરાજી રહ્યા છો. ૨૬. શ્રીગોલોકને મધ્યે અવિનાશી, કલ્પનામાં ન આવે તેવો એક તેજનો મોટો સમુદાય છે. તે ઉપર, નીચે, મધ્યે અને દશેય દિશાઓમાં વ્યાપીને રહ્યો છે. જે પરમ શાંત અને સુખદાયક છે. ૨૭. **જે તેજને જોઈને કરોડો સૂર્ય, ચંદ્ર અને અગ્નિના પ્રકાશની બધી જ આભા લુપ્ત થઈ જાય છે; જે સુંદર, સત્, ચિદ્ અને આનંદરૂપ છે.**

सुंदर सत् चिद् आनंद रूपा, दिव्य श्वेत छबी अतहिं अनूपा ॥२८॥
अक्षरब्रह्म कहत श्रुति ताई, अखिललोक आधार सदाई ॥
सत्य रू ज्ञान अनंत अपारा, ब्रह्मभुवन निगमहिं निरधारा ॥२९॥
अमृतधाम परमपद नामा, चिद् आकाश कहे ब्रह्मधामा ॥
सो अक्षर महि रमणीय छाजे, रत्न सिंहासन पर हरि राजे ॥३०॥
सो अक्षर परितो अभिरामा, वृंदावन छबी जन विश्रामा ॥
ताकर शोभा कही न जाई, बरनत शेष शारदा सकुचाई ॥३१॥
सो वृंदावन अतहि अनुपा, अति रमणीय रसिक रसरूपा ॥
अमित सुखद वर सबहि प्रकारा, श्रीराधा हित रच्यो करी प्यारा ॥३२॥
तहां राजत गिरिवर सतशृंगा, लाजत छबी लिखि कोटी अनंगा ॥
तापर अखंड रास अविकारी, करत विहार गोपी गीरिधारी ॥३३॥

અને તે તેજ દિવ્ય તથા શ્વેત છે; તેની અતિશય અનુપમ શોભા છાઈ રહી છે. ૨૮. તેને શ્રુતિઓ અક્ષરબ્રહ્મ કહે છે. જે સમગ્ર લોકોનો સદાય આધાર છે અને જેને સત્ય, જ્ઞાન, અનંત તથા અપાર કહે છે. અને જેને વેદો બ્રહ્મભુવનરૂપે નિર્ધારિતપણે કહે છે. ૨૯. જેને અમૃતધામ તથા પરમપદ કહે છે, ચિદાકાશ અને બ્રહ્મધામ કહે છે.

તે અક્ષરધામમાં અતિશય રમણીય રત્નજડિત સિંહાસન ઉપર સર્વાધિપતિ શ્રીહરિ વિરાજી રહ્યા છે. ૩૦. તે અક્ષરની ચારે બાજુ સુશોભિત તથા ભક્તજનોને શાંતિ આપે એવી વૃંદાવનની શોભા રહી છે. તેના કરતા કોઈની અધિક શોભા કહી શકાતી નથી. અને તેનું વર્ણન કરતા શેષ તથા શારદા પણ સંકોચ પામે છે. ૩૧. તે વૃંદાવન અત્યંત અનુપમ, અતિશય રમણીય અને રસિક ભક્તજનોને માટે રસરૂપ છે. અને બધી જ રીતે શ્રેષ્ઠ અપાર સુખ આપનારું છે. અને તેની રચના ઘણા પ્રેમથી શ્રીરાધિકાજીને માટે કરી છે. ૩૨.

ત્યાં એક શતશૃંગ નામે શ્રેષ્ઠ પર્વત વિરાજી રહ્યો છે. જેની શોભા જોઈને કરોડો કામદેવ પણ લજ્જિત થઈ જાય છે. તે પર્વતના ઉપર

तहां सरिता एक विरजा नामा, वेष्टित गोलोक अभिरामा ॥
गोपी गोप करत जल पाना, मज्जहि तन जन रूप निधाना ॥३४॥
सुरभी वृंद तहां बहु भाती, विरजा तीर बसत करि खांती ॥
भांति भांति मनि रत्न अनूपा, विरजा तीर रच्यो सुखरूपा ॥३५॥
रुक्म रजत कर पंक बनाई, रत्नपाति बीच रची सुखदायी ॥
मनिमय बने सरस सोपाना, तहां नरनारी करत स्नाना ॥३६॥
दोहा : सोहत सुरभी वृंद जुत, गोलोक सुखधाम ॥
करत बडाई निगमागम, नेति नेति सब जाम ॥३७॥
शोभा सब सि मिटायके, अनंत भुवनकी आय ॥
उदय भई अति हर्ष जुत, गोलोकके मांय ॥३८॥

નિર્વિકારી ગિરિધારી પ્રભુ ગોપીઓની સાથે અખંડ રાસ કરતા કરતા વિહાર કરી રહ્યા છે. ૩૩. ત્યાં એક વિરજા નામે નદી છે કે જે સુંદર ગોલોકને ચારે બાજુ વીંટાઈને ચાલે છે. અતિશય રૂપવાન એવી ગોપીઓ અને ગોવાળો તેનું જળપાન કરે છે અને તેમાં સ્નાન કરે છે. ૩૪. તે વિરજા નદીને કિનારે ઘણી જાતની ગાયોનાં ટોળાંઓ ખંતથી નિવાસ કરી રહ્યા છે અને જાતજાતના અનુપમ મણિ તથા રત્નો જડીને તે વિરજા નદીના કિનારાને સુખરૂપ બનાવ્યો છે. ૩૫. તે કિનારે સોના ચાંદીના રસને બનાવીને તેમાં સુખદાયક રત્નની પંક્તિઓ બરાબર ગોઠવી છે. તે નદીનાં બધાં જ પગથિયાં મણિમય કર્યાં છે અને તે નદીમાં નર નારીઓ સ્નાન કરે છે. ૩૬.

આ વિરજા નદીનો કિનારો ગાયોનાં ટોળાંઓ વડે કરીને ખૂબ જ સોહામણો લાગે છે. આવા સુખધામ ગોલોકની મહત્તા બધા વેદ અને આગમ-શાસ્ત્રો 'નેતિ નેતિ' શબ્દથી નિરંતર કહે છે. ૩૭. અનંત ભુવનોની તમામ શોભા ભેગી થઈને ઘણા હરખથી ગોલોક ધામને મધ્યે આવીને ઉદય પામી છે. ૩૮. ગોલોક ધામમાં દિવ્ય ભવનોની છબી તો અતિશય અધિક છે. તેની કાંતિને જોઈને કરોડો સૂર્ય પણ

चोपाई :

दिव्य भुवन छबी अति अधिकाई, लिखि कांति रवि कोटि लजाई ॥
दिव्य रत्नमनी रचित आगारा, दिव्य छबी करवार न पारा ॥३९॥
खानपान वैभोग अत्यंता, बरनी ताहे कविको लहे अंता ॥
ऐसो धाम और नही कोई, राधारमण कहावत सोई ॥४०॥
राधा आदि गोपी गन साथा, रमत हे रास अखिल जगनाथा ॥
राधारमण रास रसपाना, सदा करावत रूपनिधाना ॥४१॥
समरथ श्रीब्रजचंद बिहारी, बरसत बचन सुधा अघहारी ॥
दर्स पर्स दे क्रीपानिकेता, अभिनव आनंद हरि हसी देता ॥४२॥
यह निज धाममें नाथ बिराजे, निरखी कोटी मनमथ लाजे ॥

લજાઈ જાય છે. ત્યાં બધા ભવન દિવ્ય રત્નથી જડિત છે અને તેની શોભા ખૂબ જ અપાર છે. ૩૯. તે ભવનોમાં ખાન, પાન અને વૈભવ અત્યંત અપાર છે. તેનું વર્ણન કરીને કોણ કવિ તેના પારને પામે ? ગોલોકના જેવું બીજું કોઈ ધામ નથી. તે ધામ રાધિકાજીના રમણ માટેનું કહેવાય છે. ૪૦.

સર્વ જગતના નાથ પ્રભુ રાધિકા આદિ ગોપીઓના સમૂહની સાથે ત્યાં રાસ રમે છે. સમગ્ર રૂપના નિધિ એવા ભગવાન રાધારમણ કહેવાય છે અને સહુને સદાય રાસ રસનું પાન કરાવે છે. ૪૧. વ્રજચંદ્ર, વ્રજવિહારી પ્રભુ મહાન સમર્થ છે. સર્વ પાપને હરનારા તે પ્રભુ વચનરૂપી અમૃતનો વરસાદ કરી રહ્યા છે.

તે કૃપાનિધાન પ્રભુ સહુને દર્શન તથા પોતાના હાથનો સ્પર્શ આપીને હસતાં હસતાં સતત નવો નવો આનંદ આપતા રહે છે. ૪૨. આ પોતાના ગોલોક ધામમાં મારા સ્વામી પ્રભુ વિરાજી રહ્યા છે. જેમને જોઈને કરોડો કામ શરમાઈ જાય છે. જે પ્રભુ અતિશય રમણીય, સુંદરવર અને સહુના નિયંતા છે. તેઓ સમગ્ર શક્તિને ધારણ કરી રહ્યા છે અને અંતર્યામી છે. ૪૩.

अतिरमनीय सुंदरवर स्वामी, अखिलशक्तिधर अंतरजामी ॥४३॥
बरनु कछुं महिमा अधिकाई, शोभानाम हर्ष जुत गाई ॥
बिन अवधि शोभा हरि केरी, बरनु कछुंक पोंच मति मेरी ॥४४॥
सो कैसे श्रीकृष्ण बिहारी, श्रीपुरुषोत्तम कहे श्रुति च्यारी ॥
वासुदेव नारायण कहिये, परमात्मा परब्रह्म सो लहिये ॥४५॥
परब्रह्मके हे ईश्वर ताई, परमेश्वर विष्णु सुखदाई ॥
क्षर अक्षरसु पर अविनाशी, सब करता हरता सुखराशी ॥४६॥
सर्व नियंता अंतरजामी, कारणकर कारण बहुनामी ॥
निर्गुण स्वप्रकाश स्वतंत्रा, अखिलशक्तिधर अखिलनियंत्रा ॥४७॥
ब्रह्मरूप एकांतिक संता, चरन उपासक कोटी अनंता ॥
अनंतकोटी ब्रह्मांड अरूपा, तिनकर भव स्थिति लय रूपा ॥४८॥

તે પ્રભુનો કાંઈક મહિમા હું અધિકપણે વર્ણવું છું. એ પરમાત્માની શોભા તથા નામને હરખથી ગાઉં છું. તે શ્રીહરિની શોભા તો અપાર છે. જેવી મારી બુદ્ધિ પહોંચે છે તેવું હું કાંઈક વર્ણન કરું છું. ૪૪.

તે ગોલોકવિહારી જે શ્રીકૃષ્ણ છે તેને ચારેય વેદ પુરુષોત્તમ કહે છે. વળી તેમને વાસુદેવ તથા નારાયણ કહે છે. અને તે જ પરમાત્મા તથા પરબ્રહ્મ એવા અર્થમાં લઈ શકાય છે. ૪૫. તે પરબ્રહ્મને ઈશ્વર, પરમેશ્વર અને સુખદાયક વિષ્ણુ કહેવાય છે. તે જ પ્રભુ ક્ષર તથા અક્ષરથી પર અવિનાશી છે, સુખરાશિ છે અને સહુના કર્તાહર્તા છે. ૪૬. તેમને સર્વના નિયંતા, અંતર્યામી, કારણનું પણ કારણ અને બહુનામી કહેવાય છે. તે માયિક ગુણોથી પરે, સ્વપ્રકાશ, સ્વતંત્ર, સર્વ શક્તિને ધારણ કરનારા અને સર્વ જગતના કર્મફળપ્રદાતાના રૂપમાં નિયંતા કહેવાય છે. ૪૭.

જેમનાં ચરણની ઉપાસના અનંત કોટિ બ્રહ્મરૂપ એકાંતિક સંતો કરી રહ્યા છે, તે પરમાત્માથી જ અનુપમ એવા અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. ૪૮. તેમની આવી લીલા ત્યાં નિત્ય

ऐसी लीला हे नित जाकी, का कहीये उपमा नहि ताकी ॥
प्रकृत्ति पुरुष काल प्रधाना, महत्तत्त्वादिक शक्ति वखाना ॥४९॥
तीनकर प्रेरक परम विग्यानी, सो हरिकृष्ण भक्तसुखदानी ॥
अनंतकोटी ब्रह्मांडके राजा, राजत रमनीय सहित समाजा ॥५०॥

दोहा : सदा कीशोर अति सुंदर, कोटीक लावन्य धाम ॥
रूप बिलोकी शामको, मूर्छित कोटीक काम ॥५१॥
सजल जलद सम शाम हे, रत्नमुकट नटवेश ॥
प्रेमानंद कहे मुरलीधर, रमनीयरूप सुरेश ॥५२॥

इति श्रीसहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि विरचिते अक्षरधाम तथा गोलोक वरनन नामा प्रथमोऽध्यायः ॥१॥



થતી રહે છે. તેને કેમ કરીને વર્ણવું ? કેમજે, તેની કોઈ ઉપમા જ નથી. **પ્રકૃતિ, પુરુષ, કાળ, પ્રધાન અને મહત્તત્ત્વ ઈત્યાદિક એની જ પ્રશંસનીય શક્તિ છે. તેના પણ સર્વોત્તમ પ્રેરક, જ્ઞાતા અને ભક્તજનોને સુખદાયક એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ છે. તે અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે અને પોતાના રમણીય ભક્તસમાજની સાથે શોભી રહ્યા છે.** ૪૯-૫૦. તેમની મૂર્તિ અતિશય સુંદર, કરોડો સૌંદર્યનાં ધામ જેવી સદા કિશોર છે. તે શ્યામસુંદર પ્રભુનાં રૂપને દેખીને તો કરોડો કામ પણ મૂર્છિત થઈ જાય છે. ૫૧. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે રમણીય સ્વરૂપવાળા દેવાધિદેવ, મુરલીધર પરમાત્મા વરસવા તૈયાર થયેલા મેઘ સમાન શ્યામ છે. તેમણે મસ્તક ઉપર રત્નજડિત મુકુટ ધારણ કરેલો છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'મંગલાચરણ, અક્ષરધામ તથા ગોલોકનું વર્ણન કર્યું' એ નામે પહેલો અધ્યાય સમાપ્ત-૧



अध्याय - २

सोरठा : दिव्य अमूलीक सार, बसन भूषन मनी कनक सम ॥
धरे अंगे विविध प्रकार, लाजत छबी लिखि कुसुम सर ॥०१॥
केसर तिलक सुभाल, मक्राक्रति करण विलसत ॥
राजत राज मराल, मुनि मनसि कर सदन शुभ ॥०२॥

चोपाई :

शर्दकमल सम लोचन च्यारुं, चरचित चंदन अंग उदारु ॥
अधरबिंब पर धरी रसाला, मधुरी बजावत बेन दयाला ॥०३॥
पूजित रमा राधिका रानी, सोहत सुंदर सारंगपानी ॥
मूर्तिमान आयुध अभिरामा, सुर्दशन आदिक छबी धामा ॥०४॥

અધ્યાય - ૨

બદરિકાશ્રમ તથા ઋષિઓનાં નામ કહ્યાં

તે પરમેશ્વરે દિવ્ય, અમૂલ્ય, સર્વોત્તમ અને વિવિધ પ્રકારનાં વસ્ત્ર તથા રત્નજડિત સોનેરી આભૂષણો અંગ ઉપર ધારણ કર્યાં છે. જે શોભાને દેખીને કામદેવ પણ લજ્જિત થઈ જાય છે. ૧. જેમના લલાટમાં કેસરયુક્ત ચંદનનું તિલક છે, કાનમાં મકરાકૃતિ કુંડળ વિરાજે છે અને મુનિઓનાં શુભ માનસમાં પોતાનું નિવાસસ્થાન કરીને રાજહંસની જેમ જે વિરાજી રહ્યા છે. ૨. જે દયાળુ પરમેશ્વરનાં નેત્ર શરદઋતુના કમળના સમાન ઘણા સુંદર છે અને ઉદાર અંગ ઉપર ચંદન ચરચ્યું છે. રસભર્યા અધરોષ્ઠ ઉપર વાંસળીને ધારણ કરીને જે ખૂબ જ મધુર રીતે બજાવી રહ્યા છે. ૩. લક્ષ્મી અને રાધિકાજી જેવી પત્નીઓ તેમની પૂજા કરે છે અને તેમના હાથમાં સુંદર શાર્ઙ્ગ નામનું ધનુષ્ય સોહામણું લાગે છે. અને સુદર્શન ચક્ર આદિક શોભાનાં ધામ જેવાં બધાં મૂર્તિમાન આયુધ પણ રમણીય લાગે છે. ૪.

नंद सुनंदन श्रीदामादी, अनंतकोटि पार्षद ईन आदि ॥
सेवत चरन सदा करी प्रीति, रहत हजूर राज कर रीती ॥०५॥

कोटि कोटि रवि चंद्र प्रकाशा, तेही करी जुक्त मूर्ति अविनाशा ॥
अनंतकोटी गुण मंगलकारी, तेही करी जुक्त भक्तभयहारी ॥०६॥

धर्म ज्ञान वैराग्य ईन आदि, ये ऐश्वर्य सिद्धि अनिमादि ॥
सेवित चरन कमल जुग जोरी, तेही पद रहो अचल मति मोरी ॥०७॥

मूर्तिमान चहु वेद वखाने, स्तवन करी सदा उर आने ॥
वासुदेवादिक चहुं व्यूहा, केशवादि चोविश समूहा ॥०८॥

तथा वाराहादिक अवतारा, जे करे ये सब रूप तुम्हारा ॥
एसे श्रीहरिकृष्ण सुजाना, पूरण पुरुषोत्तम भगवाना ॥०९॥

નંદ, સુનંદન અને શ્રીદામા આદિક અનંત કોટિ પાર્ષદો હંમેશાં ઘણા પ્રેમથી જેમનાં ચરણને સેવી રહ્યા છે. અને જેમ કોઈ રાજાની આગળ રાજસેવક રહે તેમ તે બધા પાર્ષદો શ્રીહરિની હજૂરમાં રહ્યા છે. ૫. તે મહાપ્રભુની મૂર્તિ કરોડો કરોડ સૂર્ય અને ચંદ્રના પ્રકાશથી પણ અધિક તેજસ્વી છે, અવિનાશી છે અને તે મંગળકારી અનંત કલ્યાણકારી ગુણોથી યુક્ત રહ્યા છે. અને તેને લીધે જ તે ભગવાન ભક્તજનોનાં ભયને હરનારા છે. ૬.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને અણિમાદિક સિદ્ધિઓ જેમનાં બંને ચરણકમળને સતત સેવી રહી છે, તે ચરણારવિંદમાં મારી બુદ્ધિ અવિચળ રહો. ૭. **મૂર્તિમાન ચારે વેદ તેમનાં વખાણ કરીને સ્તુતિ કરે છે અને હંમેશાં પોતાનાં હૃદયમાં ધારે છે. વાસુદેવ આદિક ચતુર્વ્યૂહ, કેશવાદિક ચોવીશ સ્વરૂપોનો સમૂહ અને વરાહાદિક અવતારો વગેરે બધાં મનોહર સ્વરૂપને જેણે ધારણ કર્યાં છે, એવા સહુના કારણ પરમ સુજાણ, પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ** ભગવાન છે. ૮-૯.

ए सब निज ऐश्वर्य सहीता, आये अवनि पर परम पुनीता ॥
निज एकांतिक धर्मसु धरनी, ताहे प्रवर्तावन हित वर्णि ॥१०॥
धर्मभक्ति नीज भक्तन काजा, मरच्यादी सब ऋषी समाजा ॥
तीनकर रक्षा करन मुरारी, देन काज सुख अति अवतारी ॥११॥
अनेक जीवकर करन उधारा, उछेदन अधर्म परिवारा ॥
कोशल देश विषे बहुनामी, प्रगट भये पुरुषोत्तम स्वामी ॥१२॥

छंद-मोतीदाम :

अक्षरधाम निवासी श्रीपति, सौम्य रूपसु उर धरी ॥
पुरुषोत्तम परब्रह्म सुंदर, नौमि धर्मसुत हरि ॥१३॥
सर्व साक्षी शुद्ध निर्गुण, गावत श्रुति स्तवन करी ॥
सर्व जनकर कर्मफलप्रद, नौमि धर्मसुत हरि ॥१४॥

ઉપર કહેલ બધાં ઐશ્વર્ય અને પાર્ષદોએ સહિત પ્રભુ આ ભૂમિ ઉપર પોતાના પરમ પવિત્ર એકાંતિક ધર્મને પ્રવર્તાવવાને માટે વર્ણિવેષે પૃથ્વી ઉપર પ્રગટ્યા હતા. ૧૦. ધર્મ, ભક્તિ અને મરીચિ આદિક બધા ઋષિઓના સમાજનું રક્ષણ કરવા અને તે ભક્તજનોને અતિશય સુખ આપવાને માટે અવતારી એવા મુરારિ પ્રભુ પ્રગટ થયા. સાથે સાથે અનેક જીવોનો ઉદ્ધાર કરવા અને અધર્મ પરિવારનો ઉચ્છેદ કરવા તે બહુનામી તથા સર્વના સ્વામી એવા ભગવાન પુરુષોત્તમ ઉત્તર કૌશળ દેશમાં પ્રગટ થયા હતા. ૧૧-૧૨.

❁ ગ્રંથકારે કરેલી શ્રીહરિની મહિમાત્મક વંદના :

જે લક્ષ્મીપતિ પરમાત્મા અક્ષરધામમાં વસે છે. જે સુંદર સોહામણા પુરુષોત્તમ પરબ્રહ્મ છે, તે ધર્મપુત્ર શ્રીહરિના સૌમ્ય રૂપને મનમાં ધારીને હું પ્રણામ કરું છું. ૧૩. જે સર્વના સાક્ષી, શુદ્ધ અને માયિક ગુણથી રહિત છે, જેને વેદો સ્તુતિ કરીને ગાય છે અને જે સર્વે કર્મનાં ફળને આપનારા છે; એવા ધર્મપુત્ર શ્રીહરિને હું પ્રણામ કરું છું. ૧૪.

दिव्य विग्रह दिव्य लीला, दिव्य बोलनी रस भरी ॥
दिव्य चलनी दिव्य चितवनी, नौमि धर्मसुत हरि ॥१५॥
दिव्य दर्श रू पर्स देके, तारत जन भूवी विचरी ॥
दिव्य छबी मम उर बसो नित, नौमि धर्मसुत हरि ॥१६॥
दिव्य निज जन दिव्य मुनीगन, नमत नित चरनन परी ॥
पूजत चंदन पुष्प लैके, नौमि धर्मसुत हरि ॥१७॥
सुंदर छबी अभिराम उर बीच, नाही बिसरत एक घरी ॥
दिनबंधु आनंदसिंधु, नौमि धर्मसुत हरि ॥१८॥
कंजकर पदकंज दृग मुख, नीरखुं वर छबी फरी फरी ॥
धर्मकुलदिनेश कृष्ण, नौमि धर्मसुत हरि ॥१९॥
धर्मगुप्ता धर्मथापन, किर्ति सब जग बिस्तरी ॥

જેમનું સ્વરૂપ, લીલા, રસભરી વાણી, સુંદર ચાલ અને કટાક્ષથી જોવું, તે બધું દિવ્ય છે; તે ધર્મપુત્ર શ્રીહરિને હું વંદન કરું છું. ૧૫. જે પોતાનાં સ્વરૂપનાં દિવ્ય દર્શન અને સ્પર્શ દ્વારા અનેક લોકોનો ઉદ્ધાર કરવા ભૂમિ ઉપર વિચરણ કર્યા કરતા હતા, તે પ્રભુની દિવ્ય છબી મારા ઉરમાં નિત્ય નિવાસ કરીને રહો; એટલા માટે ધર્મપુત્ર શ્રીહરિને હું પ્રણામ કરું છું. ૧૬.

દિવ્યભાવવાળા પોતાના ભક્તજનો અને દિવ્ય સંતમંડળો, જેમનાં ચરણકમળમાં પડીને નિત્ય નમસ્કાર કરે છે; વળી ચંદન તથા પુષ્પ લઈને જેની પૂજા કરે છે, તે ધર્મપુત્ર શ્રીહરિને હું પ્રણામ કરું છું. ૧૭. જેમની મનોહર સુંદર છબી મારાં હૃદયમાં અખંડ રહી છે, એક ઘડી પણ ભુલાતી નથી; એવા દીનબંધુ અને સુખસાગર ધર્મપુત્ર શ્રીહરિને હું વંદન કરું છું. ૧૮. જેમના કમળના સમાન હસ્ત, ચરણ, દૃષ્ટિ અને મુખારવિંદની ઉત્તમ શોભાને હું વારંવાર દેખતો રહું, એવા ધર્મકુળમાં સૂર્ય સમાન ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ પ્રભુને હું પ્રણામ કરું છું. ૧૯. ધર્મનું

धर्मवर्म धोरंधर हरि, नौमि धर्मसुत हरि ॥२०॥

दोहा : सो श्रीकृष्ण क्रिपानिधि, कलीकृत अघ अविलोकी ॥
असुर अंश गुरु कलि मध्य, करी कुकरम कुल पोखी ॥२१॥

अति अधर्मी देशीक मीली, कियो अधर्म बिस्तार ॥
ताहे निकंदन करनकुं, किन ईच्छा किरतार ॥२२॥

सोरठा : बंस सहित दृढ धर्म, अवनि थापन करन हित ॥
नर त्रिय अति नैष्कर्म, करन काज करुना भुवन ॥२३॥

धर्मभक्ति बिसे आय, प्रगट भये हरिकृष्ण हरि ॥
कोशलदेशके मांय, लीन जन्म जगदीश प्रभु ॥२४॥

चोपाई :

धर्मभक्ति श्रीकृष्णके भाखुं, जन्म कर्म शुभ बरनी दाखुं ॥

રક્ષણ અને ધર્મનાં સ્થાપનને માટે જેની શુભકીર્તિ સર્વ જગતમાં પ્રસરી છે એવા ધર્મના કવચરૂપ, ધર્મધુરંધર, ધર્મપુત્ર શ્રીહરિને હું પ્રણામ કરું છું. ૨૦.

તે કૃપાનિધિ શ્રીકૃષ્ણ ભગવાને કળિયુગમાં કરાયેલાં પાપકર્મો જોયા અને કળિયુગને મધ્યે અસુરાંશ ગુરુઓ પાપકર્મ કરીને પોતાના કુળનું પોષણ કરી રહ્યા હતા તેને પણ જોયા. ૨૧. અતિશય અધર્મી એવા ગુરુઓએ મળીને ખૂબ જ અધર્મ ફેલાવ્યો હતો, ત્યારે તેને દેખીને જગત્કર્તા શ્રીહરિએ તે અધર્મીઓનું નિકંદન કરવાની મનમાં ઈચ્છા કરી. ૨૨. વંશે સહિત સુદૃઢ સદ્ધર્મનું સ્થાપન કરવા માટે તેમજ સ્ત્રી તથા પુરુષોમાં નિષ્કામ ધર્મનું સ્થાપન કરવા માટે કરુણાના આશ્રયરૂપ શ્રીહરિકૃષ્ણ શ્રીહરિ ધર્મ તથા ભક્તિ દ્વારા પ્રગટ થયા. આમ, જગદીશ્વર પ્રભુએ ઉત્તર કૌશળ દેશમાં જન્મ ધારણ કર્યો. ૨૩-૨૪. તે ધર્મ, ભક્તિ અને શ્રીકૃષ્ણ પ્રભુના શુભ જન્મ તથા ચરિત્રને હું વર્ણવી બતાવું છું. તેને કાંઈક સંક્ષેપમાં એ રીતે ગાઈને કહું કે તેને સાંભળનારાનાં પાપના સમુદાયનો નાશ થાય. ૨૫. ધર્મવંશને આશરેલા બધા જ સ્ત્રી પુરુષોને

कहुं कछुं संक्षेपे गाई, सुनतें अघकर ओघ नसाई ॥२५॥
धर्मवंश आश्रित नरनारी, तीनकुं उपजत आनंद भारी ॥
तिनहि काज करुं ग्रंथ प्रकाशा, सुनि लेऊ सज्जन सब दासा ॥२६॥
भर्तखंड मध्य अति बिख्याता, नरनारायन मुनि साक्षाता ॥
तिनकर आश्रम अति अभिरामा, बद्रिकाश्रम हे शुभनामा ॥२७॥
बद्रि आश्रम अचल निवासा, तहां मुनि चिरंजीवी अविनाशा ॥
तहां हिमगिरि आश्रम चहुं पासा, रजत दुर्ग सम लगत प्रकाशा ॥२८॥
हिमगिरि झरना झरत अपारा, आश्रम चहु पासा जलधारा ॥
आश्रम पास सदा सुरगंगा, बहत पावनी परम उत्तंगा ॥२९॥
आश्रम पास अमित चहुं कोरे, नवदल बनराजी चितचोरे ॥
तरु तमाल वर अंब कदंबा, नालीकेरी खरजुरी रंभा ॥३०॥

અતિશય આનંદ થાય તેટલા માટે જ હું આ શ્રીહરિકૃષ્ણનારાયણ ચરિત્રામૃત ગ્રંથને પ્રગટ કરી રહ્યો છું. તો ભગવાન શ્રીહરિને દાસભાવે ભજનારા બધા સજ્જનો તે સાંભળો. ૨૬.

❁ હિમાલય તથા બદરિકાશ્રમનું વર્ણન :

આ ભરતખંડને મધ્યે ઘણો પ્રસિદ્ધ, સાક્ષાત્ શ્રીનરનારાયણદેવનો આશ્રમ અતિશય મનોહર રહ્યો છે. તેનું શુભ નામ બદરિકાશ્રમ છે. ૨૭. તે બદરિકાશ્રમમાં નિરંતર નિવાસ કરીને રહેનારા મુનિજનો ચિરંજીવી અને અવિનાશી છે. ત્યાં આશ્રમની ચારે બાજુ ચાંદીના કિલ્લા જેવો હિમાલય ચમકતો જણાય છે. ૨૮. હિમાલયમાંથી અનંત ઝરણાંઓ ઝરતાં રહે છે અને તે આશ્રમની ચારે બાજુ ઝરણાંઓની જળધારા વહેતી રહે છે. તે આશ્રમની પાસે થઈને જ હંમેશા અત્યંત શ્રેષ્ઠ અને પાવની એવી દેવનદી ગંગા વહેતી રહે છે. ૨૯. આશ્રમની પાસે ચોતરફ અપાર નવપલ્લવિત વનરાજિ ચિત્તને ચોરે છે. તે વનમાં શ્રેષ્ઠ તમાલ, આંબા, કદમ્બ, નાળિયેરી, ખજૂરી, કેળ, બોરડી, ફણસ,

बद्रि फनसी दाडम द्राक्षा, बहुं प्रकार वट वृक्ष रू प्लक्षा ॥
कुसुम बेली तहां विविध प्रकारा, मालती मल्लिका आदि अपारा ॥३१॥
चंपा बकुल रु हारसिंगारा, सुरतरू पर करे भमर गुंजारा ॥
नव पल्लव फळ फूल प्रकाशी, ऐसे तरु रहे बारह मासी ॥३२॥
जाई जूई थल कमल रु कंदा, केतकी करनीकार पुनी बृंदा ॥
बेली चमेली दावदी नामा, इनही आदी अनंत अभिरामा ॥३३॥
उठत परिमल अति अघहारी, बिपिन बासमय भयो अति भारी ॥
बद्रि बनमें खग मृग बृंदा, तजी परस्पर वेर स्वछंदा ॥३४॥
दोहा : सो आश्रम महि कलिकर, कबहु न होत प्रवेश ॥
सावर्नि मनु आदि मुनि, हरिगुण गात हंमेश ॥३५॥
आश्रम मही उन्नत अति, बद्रि विशाला नाम ॥

દાડમ, દ્રાક્ષ, અનેક પ્રકારના વટવૃક્ષ અને પીપળો આદિક વૃક્ષો રહ્યા છે. ત્યાં માલતી અને મલ્લિકા આદિક વિવિધ પ્રકારની ફૂલવેલો પણ છે. ૩૦-૩૧. ત્યાં રાજચંપો, બોરસલી, પારિજાતક અને કલ્પવૃક્ષ જેવા વૃક્ષો ઉપર ભમરાઓ ગુંજારવ કરતા રહે છે. ત્યાં દરેક વૃક્ષ ફળ, ફૂલ અને નવ પલ્લવોથી બારેમાસ ચમકતા રહે છે. ૩૨. જાઈ, જૂઈ, ગુલાબ, મોગરો, કેતકી, કરેણનો સમૂહ, ચમેલી અને ગુલદાવદી ઈત્યાદિક અનંત પ્રકારની વેલીઓ સુંદર શોભી રહી છે. ૩૩. પાપને હરનારો તેનો સુગંધ અતિશય ફેલાતો રહે છે અને તે બધું વન ઘણું જ સુગંધમય રહેતું હોય છે.

વળી તે બદરીવનમાં પક્ષીઓ અને પશુઓના ઝૂંડ પણ પરસ્પર વૈરભાવને છોડીને સ્વતંત્ર રીતે ફરતા હોય છે. ૩૪. તે બદરિકાશ્રમમાં કળિયુગનો પ્રવેશ ક્યારેય થતો નથી. ત્યાં તો સાવર્ણી મનુ ઈત્યાદિક મુનિઓ હંમેશાં ભગવાનનું ગુણગાન કરતા હોય છે. ૩૫. તે બદરિકાશ્રમમાં ઘણી ઊંચી એક બોરડી વિશાળા નામે કહેવાય છે.

हरि सेवा हीत तरु भई, हे वर अक्षरधाम ॥३६॥

सोरठा : दर्श पर्श ते नाश, होत भस्म दुष्क्रित सकल ॥
एसो बद्री निवास, प्रबल प्रताप को सके बरनी ॥३७॥

आश्रम अति सुखकारी, नरनारायन देवकर ॥
नैष्ठिकव्रत ब्रह्मचारी, अगनित महामुनि रहत तहां ॥३८॥

चोपाई :

करत निगम ध्वनी मुनि मुद आनी, गरज रहि ए द्विजकर बानी ॥
ये आश्रम मही सुरपति आई, वृत्रासुर वध हत्या मीटाई ॥३९॥

हरि आग्या उद्धव बड ग्यानी, रहत आश्रम मही अति मुद आनी ॥
आश्रम वासी जे मुनि कहावे, जिती कामादि हरिगुण गावे ॥४०॥

सो आश्रम महीं मुनी एक बारा, प्रभु दर्श हित आये अपारा ॥

ભગવાનની સેવા માટે સર્વોત્તમ અક્ષરધામ બોરડીરૂપે થયું છે. ૩૬. તેનાં દર્શન અને સ્પર્શ કરવાથી સમગ્ર પાપ ભસ્મ થઈ જાય છે. તે બદરિકાશ્રમનો આવો પ્રબળ પ્રતાપ છે, તેનું વર્ણન કોણ કરી શકે ? ૩૭. ભગવાન નરનારાયણદેવનો તે બદરિકાશ્રમ અતિશય આનંદકારી છે. તેમાં નૈષ્ઠિકવ્રતને ધારણ કરનારા બ્રહ્મચારીઓ અને અગણિત મહામુનિઓ રહે છે. ૩૮. આ આશ્રમમાં મુનિજનો ઘણા હરખથી વેદમંત્રોનો ધ્વનિ કરતા હોય છે. અને તે મુનિઓની વાણીની ગર્જના સંભળાતી હોય છે. આ આશ્રમમાં પૂર્વે દેવરાજ ઇન્દ્રે આવીને વૃત્રાસુરની હત્યાનું પાપ ટાળ્યું હતું. ૩૯. તેમજ શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞાથી અતિશય જ્ઞાની એવા ઉદ્ધવજી પણ ઘણા હરખથી તે આશ્રમમાં રહે છે. તે આશ્રમમાં રહેનારા જેટલા મુનિઓ કહેવાય છે તે બધા કામ આદિક અંતઃશત્રુઓને જીતીને ભગવાનના ગુણોનું ગાન કરે છે. ૪૦.

એકવાર અનેક મુનિઓ ભગવાન શ્રીનરનારાયણનાં દર્શન કરવાને માટે તે બદરિકાશ્રમમાં આવ્યા. આ બધા ઘણા ભાગ્યશાળી મુનિઓ

प्रेम पुलकी सब मुनी बडभागी, मरीचि अत्रि प्रभुपद अनुरागी ॥४१॥

भरद्वाज कश्यप मुनि धीरा, वसिष्ठ उदालक भृगु अंगीरा ॥
गौतम शृंगी विश्वामित्रा, परासर वाल्मीक पवित्रा, ॥४२॥

एकत कर्दम मांडव्य आदि, पाणिनि अष्टावक्र अनादि ॥
याज्ञवल्क्य श्वेतकेतु सुजाना, वामदेव गर्ग गुनवाना ॥४३॥

शक्री देवगुरु शंख लिखीता, नारद शुकमुनि अकल अजीता ॥
पर्वत कुशिक आदि अगनीता, आये निज निज शिष्य सहिता ॥४४॥

नरनारायण दर्शन काजा, प्रेम पुलकि आये मुनिराजा ॥
मुनिवर अये आश्रम पासा, दुरसुं देखे नाथ अविनाशा ॥४५॥

बद्रितरु तर वर दोउ भैया, करत कठीन तप जन सुख दैया ॥

પ્રેમથી રોમાંચિત થયેલા હતા. પ્રભુનાં ચરણમાં પ્રેમ રાખનારા મુનિઓમાં મરીચિ, અત્રિ, ૪૧. ભરદ્વાજ, કશ્યપ, ધીર સ્વભાવના વસિષ્ઠ, ઉદ્દાલક, ભૃગુ, અંગિરા, ગૌતમ, શૃંગી, વિશ્વામિત્ર, પરાશર, પવિત્ર વાલ્મીકિ, ૪૨. એકત, કર્દમ, માંડવ્ય, પાણિનિ, અનાદિ એવા અષ્ટાવક્ર, યાજ્ઞવલ્ક્ય, સારા જ્ઞાની શ્વેતકેતુ, વામદેવ, ગુણવાન એવા ગર્ગ, ૪૩. શક્રી, દેવગુરુ બૃહસ્પતિ, શંખ, લિખિત, નારદ, અકળ અને અજિત શુકમુનિ, પર્વત અને કુશિક આદિ બીજા અગણિત મુનિઓ પોતપોતાના શિષ્યોની સાથે શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરવા માટે આવ્યા. તે બધા મુનિવર્ય પ્રેમથી રોમાંચ થયેલા હતા.

જ્યારે આશ્રમની પાસે આવ્યા ત્યારે અવિનાશી એવા બદરીપતિને દૂરથી દેખ્યા. ૪૪-૪૫. સર્વોત્તમ એવા બોરડીનાં વૃક્ષ નીચે નર અને નારાયણ, બંને ભાઈ ભક્તજનોનાં સુખને માટે કઠોર તપશ્ચર્યા કરતા હતા. નર અને નારાયણે શ્રેષ્ઠ નૈષ્ઠિકવ્રતને ધારણ કર્યું હતું અને અનુપમ વર્ણી તથા ઋષિનાં રૂપમાં રહ્યા હતા. ૪૬. શુકદેવજી તથા નારદજી

नरनारायन ऋषि वररूपा, नैष्ठिक व्रत धर बरनी अनुपा ॥४६॥
शुक नारद मुनिकर गुरुदेवा, करत और मुनिगन पद सेवा ॥
दिनदयाल परम हितकारी, नरनारायण दृढ व्रतधारी ॥४७॥
करउ यह मम दर्शन ताई, अस ईछत ऋषिवर मन मांई ॥
सोंउ निरखे बद्रितरु नाथा, नरनारायन मुनि सुखपाथा ॥४८॥
अतहि निवर्ति धर्म सुधीरा, धरी रहे मुनिवर दोउ वीरा ॥
प्रेमानंद सुर वृंद सदाई, जानत ऋषि कर अति प्रभुताई ॥४९॥

इति श्रीसहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायण-चरित्रामृते बदरिकाश्रम तथा ऋषि नामवरनन नामा द्वितीयोऽध्यायः ॥२॥



જેવા મુનિવરોએ જેમને પોતાના ગુરુદેવ કર્યા હતા. અને બીજા પણ અનેક મુનિઓ તેમના ચરણની સેવા કરતા હતા. તે પ્રભુ દીનદયાળુ, જીવોનું પરમ હિત કરનારા, દૃઢ વ્રતને પાળનારા નરનારાયણ સ્વરૂપે વિરાજતા હતા. ૪૭.

સહુ મારાં દર્શન કરે, આવી મનમાં ઈચ્છા કરીને ઋષિવર્ય સુખસાગર નરનારાયણ ભગવાન બોરડી નીચે હતા ત્યારે મરીચ્યાદિક ઋષિઓએ તેમનાં દર્શન કર્યાં. ૪૮. અત્યંત ધીર ગંભીર, મુનિશ્રેષ્ઠ એવા નર અને નારાયણ, બંને ભાઈ અત્યંત નિવૃત્તિ ધર્મને આશર્યા હતા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે હંમેશાં દેવતાઓનો સમુદાય પણ તેમના અતિશય સામર્થ્યને મનમાં સમજતા હતા. ૪૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'બદરિકાશ્રમ તથા ઋષિઓનાં નામ કહ્યાં' એ નામે બીજો અધ્યાય સમાપ્ત-૨



अध्याय - ३

दोहा : भर्तखंडकर मनुष्यकुं, सदा सुखद मुनि भूप ॥
करत कठिन तप देत फल, जगतपति सुखरूप ॥०१॥
नव निरद सम शाम हे, नर विग्रह दोउ भ्रात ॥
अति सद्गुण मंडित सुखद, उभय बंधु साक्षात ॥०२॥
सोरठा : करीकर सम वर पानी, भुज आजानु पर्यंत शुभ ॥
बदन चंद्र सुखदानी, लाजत लखी छबी कुसुम शर ॥०३॥
शर्द नलीन सम नेन, शोभा कही न जात कछु ॥
अतहि परम सुखदेन, निरखी मुदित मुनिवर नीकर ॥०४॥
चोपाई :
जटा जुट द्युती कनक समाना, सुमन शेखर लटकत बीच नाना ॥

અધ્યાય - ૩

નારાયણ દેવ તથા ઋષિઓના સંવાદમાં ભરતખંડની પ્રજાનું વૃતાંત કહ્યું

સર્વ જગતના સ્વામી અને સુખરૂપ એવા મુનિરાજ શ્રીનરનારાયણ દેવ પોતે કઠિન તપશ્ચર્યા કરીને તેના ફળરૂપે ભરતખંડના મનુષ્યને હંમેશાં સુખ આપે છે. ૧. નવીન મેઘના સમાન બંને ભાઈ પુરુષરૂપમાં છે. તેઓ અત્યંત સદ્‌ગુણથી સુશોભિત અને સાક્ષાત્ સુખ આપનારા છે. ૨. બંનેના શુભ હાથ હાથીની સૂંઢના જેવા ઉત્તમ છે અને આજાનબાહુ (ઘુંટણ સુધી લાંબા) છે. ચંદ્રના જેવું તેમનું મુખ સુખદાયક છે, જેની શોભા જોઈને કામદેવ પણ લજ્જિત થાય છે. ૩. તેમના નેત્રની શોભા શરદ ઋતુનાં કમળ સમાન છે, જે કાંઈ કહી શકાતી નથી. માટે જ તે સર્વોત્તમ સુખદાયક છે. આવા પ્રભુનાં દર્શન કરીને મરીચ્યાદિક મુનિમંડળ ઘણું પ્રસન્ન થયું. ૪. તે સમયે નરનારાયણ દેવની જટાની કાંતિ સુવર્ણ જેવી હતી અને તેમાં ઘણા ફૂલના તોરા લટકતા હતા. ઉદ્ધવ આદિક ભક્તોએ મનગમતાં ઘણાં ફૂલનાં આભૂષણ લાવીને ધરાવ્યાં હતાં. ૫.

उद्धव आदिक आनि धराये, भुसन सुमनसुं अति मनभाये ॥०५॥

पारवन शशि सम हास्य बिशेखा, दंत पंक्ति दाडम कली देखा ॥
नासाकीर छबी कही न जाई, निरखी मोह छबी मदन लजाई ॥०६॥

वक्षस्थल श्रीसदन अनुपा, कमलमाल उर मंगलरूपा ॥
परत उदर महि त्रिवली नीकी, नाभि गोल गंभीर हरि की ॥०७॥

ब्रह्मसूत्र सोहत उरमांही, कर जप माला दंड सोहाई ॥
मुनि सम सोहत वर दोउ भाई, तन शोभा कछुं वरनी न जाई ॥०८॥

सुंदर श्वेत बसन अभिरामा, धारी रहे दोउ पुरन कामा ॥
ऐसे नरनारायन देवा, निरखी मुनि नमे ततखेवा ॥०९॥

प्रनत पानी नम्रानन कंदा, परे चरन मरीच्यादिक वृंदा ॥
मुनि निरखी ऋषिवर छबी च्यारुं, नरनारायन अभय उदारुं ॥१०॥

ભગવાનનું સુંદર હાસ્ય પૂનમના ચંદ્ર કરતા પણ વિશેષ ઉજ્જ્વળ હતું. દાતની પંક્તિ દાડમની કળીઓ જેવી દેખાતી હતી. પોપટની ચાંચના જેવી નાસિકાની શોભા કહી શકાતી નથી અને ભૃકુટીની છબી જોઈને તો કામદેવ પણ લજ્જિત થતો હતો. ૬. તેમનું અનુપમ વક્ષઃસ્થળ લક્ષ્મીના નિવાસરૂપ હતું. તે મંગળમય વક્ષઃસ્થળ ઉપર કમળની માળા પહેરી હતી. ઉદર ઉપર સુંદર ત્રિવળી પડતી હતી. તેમની નાભિ ગોળ અને ગંભીર હતી. ૭. ખભા ઉપરથી છાતી તરફ આવેલ જનોઈ સોહામણી લાગતી હતી. હાથમાં જપમાળા અને દંડ શોભતો હતો. નર અને નારાયણ, આ બંને ભાઈ મુનિઓના જેવા સુંદર લાગતા હતા. તેમનાં શરીરની શોભાનું કાંઈ વર્ણન કરી શકાતું નથી. ૮. પૂર્ણકામ એવા બંનેએ મનોહર સુંદર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. આવા શ્રીનરનારાયણ દેવનાં સહુ મુનિઓએ દર્શન કરીને તત્કાળ વંદન કર્યાં. ૯.

મરીચ્યાદિક મુનિમંડળોએ બે હાથ જોડી, મસ્તક અને ખભાને નમાવી, ચરણમાં પડી પ્રણામ કર્યા; અભય અને ઉદાર એવા ઋષિવર નરનારાયણ ભગવાનની સુંદર શોભાદાર છબીનાં દર્શન કર્યાં. ૧૦.

चंदन पुष्प विविध उपचारा, पुजा किन करी बउ प्यारा ॥
पत्र पुष्प फल दल धरी आगे, कीन आरति अति अनुरागे ॥११॥
करी स्तवन मुनि विविध प्रकारा, ग्रहे चरन बहे दृगे जलधारा ॥
बोले नारायण आशिष बानी, बैठउ सब मुनिवर विग्यानी ॥१२॥
बैठे प्रणति करी मुनिकर वृंदा, तीन प्रति बोले नाथ सुखकंदा ॥
ऋषि मंडल मिलि सब महाराजु, आये यहां भले तुम आजु ॥१३॥
हम मनमाँहि अतहि हरखाये, तुम सबकर हम दर्श पाये ॥
बिचरत महि तुम मुनिवर प्यारा, करत अनेक जीव उद्धारा ॥१४॥
दोहा : तेही कारण हम पुछत, प्रेम पूलकी सब गाथ ॥
कौन देश ते आज तुम, आय मुनि सब साथ ॥१५॥

તે સહુએ ચંદન, પુષ્પ આદિ વિવિધ પ્રકારના ઉપચારોથી ઘણા પ્રેમપૂર્વક પૂજા કરી. પત્ર, પુષ્પ, ફળ અને પાંખડીઓ આદિ આગળ મૂકીને અતિશય સ્નેહભાવે આરતી ઉતારી. ૧૧. ઋષિઓએ અનેક રીતે સ્તુતિ કરી. સ્તુતિ કરીને ચરણ પકડ્યાં અને સહુની આંખોમાંથી પ્રેમના આંસુઓ વહેવા લાગ્યા. ત્યારે ભગવાન નારાયણે આશીર્વાદનાં વચન કહ્યાં અને કહ્યું કે “પરમ જ્ઞાની એવા સહુ મુનિઓ બેસો.” ૧૨.

❁ નારાયણપ્રભુએ કહેલ સંત મહિમા :

જ્યારે બધા મુનિઓના મંડળે પ્રણામ કર્યા અને સહુ ત્યાં બેઠા ત્યારે સુખનાં મૂળભૂત એવા ભગવાન ઋષિઓના પ્રત્યે બોલ્યા, **“આજે સહુ મહર્ષિઓ મળીને અહીં પધાર્યા છો, તો આપનું સ્વાગત છે.** ૧૩. **આપ સહુનાં દર્શન કરીને મારાં મનમાં ઘણો હર્ષ થયો છે. કારણ કે આપ મુનિવરો અનેક જીવોનો ઉદ્ધાર કરવા, તેમના ઉપર પ્રેમ રાખીને આ ભૂમિ ઉપર વિચરણ કરી રહ્યા છો.** ૧૪. અને તેને લીધે જ આ મારું શરીર પણ પ્રેમથી રોમાંચિત થઈ ગયું છે; એટલે હું પૂછું છું કે

स्वर्ग मृत्यु पाताल ते, कौन लोक ते धीर ॥
कहो सबही समुजाय के, मुनिवर ज्ञान गंभीर ॥१६॥

सोरठा : तब ऋषिवरकर जोरी, बोले नाथ प्रति मित बचन ॥
बोले सुधा रस बोरी, बिमल बानी मुनिवरनीकर ॥१७॥

तिर्थ यात्रा हम नाथ, करत करत आये सकल ॥
मनवृत्ति सुख पाथ, खेंची तुम ततकाल प्रभु ॥१८॥

चोपाई :

तव दर्शनहित परम क्रिपाला, भरतखंडसु आये दयाला ॥
मुनि बोले नारायन नाथा, रिझि ऋषि प्रति जनसुख पाथा ॥१९॥

कमल नयन करुना उर आनी, पुछत भये प्रभु सारंगपानि ॥
भरतखंडकी प्रजा मुनेशा, कवन भांती बर्त्तत सकलेशा ॥२०॥

આપ સહુ મુનિઓ સાથે મળીને આજ કયા દેશમાંથી અહીં આવ્યા છો ? ૧૫. આપ બધા ઋષિઓ જ્ઞાનથી ગંભીર છો. માટે હું પૂછું છું કે અત્યારે તમે બધા સ્વર્ગલોક, મર્ત્યલોક, પાતાળ લોકમાંથી કે ક્યાંથી આવો છો ? સહુ મને સમજાવીને કહો.” ૧૬.

ત્યારે બધા ઋષિઓએ હાથ જોડીને પોતાના સ્વામી નરનારાયણ દેવની આગળ અમૃતરસથી નીતરતા નિર્મળ વચન સંક્ષેપમાં કહ્યા. ૧૭. “હે નાથ ! અમે સહુ ઋષિઓ તીર્થયાત્રા કરતા કરતા આ બાજુ આવ્યા, ત્યારે સુખસાગર આપ પ્રભુએ અમારી મનોવૃત્તિને ખેંચી છે, તેથી તત્કાળ આવ્યા છીએ. ૧૮. પરમ કૃપાળુ અને દયાનિધિ એવા આપનાં દર્શન કરવા માટે અમે ભરતખંડથી આવ્યા છીએ.”

ત્યારે ભક્તપતિ અને ભક્તજનોનાં સુખસાગર એવા નારાયણ ઋષિ રાજી થઈને ઋષિઓના પ્રત્યે બોલ્યા. ૧૯. સારંગપાણિ પ્રભુનાં કમળ સમાન નેત્રમાં એકદમ કરુણા વ્યાપી ગઈ અને પછી સર્વેશ્વરે પૂછ્યું કે “મુનિવરો ! ભરતખંડની બધી પ્રજા કઈ રીતે જીવન જીવી

मैं बांधी दृढ धर्म मरजादा, उतरत जन भव अबधि अगाधा ॥
धर्म सेतु मैं बांधी तांही, प्रजा पालत हे के नांही ॥२१॥
मैं निशदिन यह प्रजा काजा, करहुं तीव्र तप सहित समाजा ॥
सो मम तप फल जन अघहारी, होत सबहीकुं अति सुखकारी ॥२२॥
तब ऋषी बोले नाई पद माथा, सुनउ शाम प्रजाकर नाथा ॥
अबही यह अवनि पर स्वामी, पावत प्रजा कष्ट बहुनामी ॥२३॥
भयो सहाय कलि बलवाना, जामां मुल अचल विधिनाना ॥
निज परिवार सहित दुःखकारी, पायो अधर्म वृद्धि बडभारी ॥२४॥
धर्म रक्षक राजा गुरु दोय, अतहि अधर्मि भये प्रभु सोय ॥
तुम बांधी हे धर्मकर पाजा, तोरत ताहे तजी कुल लाजा ॥२५॥

રહી છે ? ૨૦. મનુષ્યોને સંસાર સાગર તરવા માટે મેં ધર્મની મર્યાદાને દૃઢપણે બાંધી છે. તો તે મારી બાંધેલી ધર્મમર્યાદાને બધી પ્રજા પાળે છે કે નહિ ? ૨૧. હું મારી તે બધી પ્રજાને સુખી કરવા માટે રાત દિવસ બધા તપસ્વીઓના સમાજની સાથે તીવ્ર તપ કરી રહ્યો છું. આવા મારા તપનું ફળ ભરતખંડના મનુષ્યોના પાપને નાશ કરનારું છે.” ૨૨.

❋ ઋષિઓએ કહેલ ભારતની પ્રજાનું વૃતાંત :

ત્યારે બધા ઋષિઓએ ભગવાન નરનારાયણનાં ચરણમાં મસ્તક નમાવીને કહ્યું, “સમસ્ત ભારતવાસીના નાથ અને બહુનામી એવા આપ શ્યામસુંદર, અમારી વાતને સાંભળો. અત્યારે આ ભારતભૂમિ ઉપર પ્રજા ઘણું કષ્ટ પામી રહી છે. ૨૩. બળવાન કળિયુગનાં મૂળ અનેક રીતે અવિચળ થઈને જામી ગયા છે. તેમાં પોતાના પરિવારની સાથે આવેલો, પ્રજાને પીડનારો અને ઘણી પાપમય બુદ્ધિવાળો અધર્મ કળિયુગની મદદ પામી રહ્યો છે. ૨૪. હે પ્રભુ ! ધર્મના રક્ષક તો રાજા અને ગુરુ, બે હોય છે. તે બંને અત્યારે અતિશય અધર્મી થઈ ગયા છે. અને આપે બાંધેલી ધર્મની બધી મર્યાદાને નિર્લજ્જ થઈને તેમણે તોડી નાખી છે. ૨૫.

पंच महा पातक नरनारी, करत हे निशदिन शंका टारी ॥
सदाचार सब लोपी स्वामी, नर त्रीया गुरु नृप भये खलकामी ॥२६॥
निगम शास्त्र निंदिते जो कलंका, करत हे जीमी पशु तजी शंका ॥
अधर्म बढ्यो अवनि पर भारी, जात नर्क पंथ सब नरनारी ॥२७॥
जात नर्क पापी मिली सोई, ईनकर रक्षक अवनि न कोई ॥
भूतल भरत खंडकर नाथा, तुम हो एक श्याम सुखपाथा ॥२८॥
दोहा : तेहीं कारण करुणा निधि, तुम हो प्रजा प्रतिपाल ॥
दया दीन पर आनि उर, करउ रक्षा तत्काल ॥२९॥
ऐसे आरत बचन सुनी, प्रसन्न भये भगवान ॥
अमित दया उपजी उर, सुनी ऋषी बचन प्रमान ॥३०॥

હે સ્વામી ! આજે નરનારી બધા જ મનની બધી શંકાઓને ટાળી નાખીને રાત દિવસ પાંચ મહા પાપોને કરવા લાગ્યા છે. સહુ નરનારીઓ, ગુરુ તથા રાજાઓ સદાચારને લોપીને ઘણા ખળ અને કામી થઈ ગયા છે. ૨૬. વેદ અને શાસ્ત્રોમાં નિંદિત ગણાવેલા બધા જ કલંકોને મનુષ્યો નિઃશંકપણે પશુની જેમ કરવા લાગ્યા છે. અત્યારે ભૂમિ ઉપર અધર્મ ઘણો વધ્યો છે અને બધા જ નરનારીઓ નરકને માર્ગે જઈ રહ્યા છે. ૨૭.

તે બધા પાપી લોકો મળીને નરકમાં જાય છે, તેથી આ પૃથ્વીનું રક્ષણ કરનાર કોઈ નથી. શ્યામસુંદર અને સુખસાગર એવા આપ એક જ આ ભૂમિ ઉપર ભરતખંડના સ્વામી છો. ૨૮. આપ કરુણાનિધિ અને પ્રજાનું પ્રતિપાલન કરનારા છો. તેથી દીનજનોના ઉપર દિલમાં દયા લાવીને તત્કાળ ભારતવાસીઓની રક્ષા કરો." ૨૯.

ઋષિમુનિઓના ઉપર કહ્યા પ્રમાણેનાં આર્ત વચન સાંભળીને ભગવાન મનમાં રાજી થયા અને તે ઋષિઓના પ્રમાણભૂત વચન સાંભળીને તેમનાં દિલમાં અતિશય દયા ઊપજી. ૩૦.

सोरठा : बोले करुणा कंद, धरु अवनि अवतार अब ॥
करु रक्षा स्वछंद, इच्छा कीनी नाथ अस ॥३१॥
किनी करुणा निकेत, भारती प्रजा अवनाय हीत ॥
मूर्ति नारी समेत, आये धर्म तेही समय मही ॥३२॥

चोपाई :
नारायण दर्शनकर प्यासा, आये धर्म करी परम हुलासा ॥
ऋषि गन गये सुनी अस कांनी, आये धर्म पर्म विग्यानी ॥३३॥
नारायनको दर्श करी देवा, पुलकीत भये धर्म ततखेवा ॥
नारायन निज तात बिलोकी, भरी आये नेने राखे जल रोकी ॥३४॥
उठे आतुर हरि मीले भरी बाथा, परे चरनमही सुरमुनी नाथा ॥

પછી ભક્તપતિ ભગવાને ભારતવાસીઓની રક્ષા કરવા માટે મનમાં ઈચ્છા કરી અને તે કરુણાનિધિ એવું બોલ્યા, 'હવે હું પૃથ્વી ઉપર અવતાર ધારણ કરું.' ૩૧. ભારતીય પ્રજાની રક્ષા માટે કરુણાનિધિ ભગવાને જ્યારે મનમાં આવી દયા કરી તે જ વખતે પોતાની મૂર્તિ નામે પત્નીની સાથે ધર્મદેવ ત્યાં આવ્યા. ૩૨. ધર્મદેવ નારાયણનાં દર્શન કરવાના પ્યાસા હતા. તેવામાં બધા ઋષિઓ ગયા છે, આવી વાત સાંભળી ત્યારે પરમ વિજ્ઞાની ધર્મદેવ ઘણા ઉત્સાહથી ત્યાં આવ્યા. ૩૩. ધર્મદેવે ભગવાન નારાયણનાં દર્શન કર્યાં ત્યારે તત્કાળ રોમાંચિત થઈ ગયા.

જ્યારે નારાયણ ભગવાને પોતાના પિતાજીને જોયા ત્યારે તેમની આંખોમાં ઊભરાઈ આવેલા સ્નેહના આંસુઓને તેમણે થોડીવાર રોકી રાખ્યા. ૩૪. દેવ અને મુનિઓના નાથ આવા ભગવાન નારાયણ એકદમ આતુર ભાવથી ઊઠ્યા અને બાથ ભરીને ધર્મદેવને ભેટ્યા. પછી તેમના ચરણમાં નમી પડ્યા. પછી મધુર વાણી બોલીને તેમનો અતિશય આદર કર્યો. તે રીતે જ પરમ પ્રવીણ નર ઋષિ પણ ધર્મદેવને મળ્યા અને પગે લાગ્યા. ૩૫.

बोली मधुर अति आदर दीना, येही बिधी मिले नर परम प्रबीना ॥३५॥

धर्म देवकर बुद्धि अगाधा, दीन धर्म अति आशीरवादा ॥
ता पीछें मूर्ति नीज माता, परे चरनमें मीली दोउ भ्राता ॥३६॥

माता दीन अतही आशिषा, चरनजिवि रहो सदा जगदीशा ॥
बेठे समीप तात अरू माता, नारायण पुछत कुशलाता ॥३७॥

सजल नयन पुलकित सब अंगा, धर्मभक्ति भर प्रेम उमंगा ॥
निरखत मुख जीमी चंद चकोरा, टारी पलक पल द्वंद सजोरा ॥३८॥

बेठी स्वस्त सभा सुखदायी, निरखत बदन चंद पुलकाई ॥
प्रथम सुना मुनि मुखसुं वृतंता, अधर्म बल बढ्यो अवनि अत्यंता ॥३९॥

અગાધ બુદ્ધિના ધર્મદેવે નર અને નારાયણ બંને પુત્રને અતિશય આશીર્વાદ આપ્યા. પછી બંને ભાઈઓએ મળીને પોતાની માતા મૂર્તિદેવીનાં ચરણમાં પડીને નમસ્કાર કર્યા. ૩૬. તે સમયે માતા મૂર્તિદેવીએ બંને જગદીશ્વર પુત્રોને દીર્ઘજીવી થવાના આશીર્વાદ આપ્યા. પછી માતા પિતા બંને જ્યારે પાસે બેઠા ત્યારે ભગવાન નારાયણે તેમને કુશળ સમાચાર પૂછ્યા. ૩૭. તે સમયે નરનારાયણને દેખીને ઘણા પ્રેમ અને ઉમંગને કારણે ધર્મ અને ભક્તિની આંખોમાં હેતનાં આંસુ આવી ગયા; શરીર રોમાંચિત થઈ ગયું; ચંદ્ર જેમ ચકોરને નીરખે તેમ તેમનાં મુખને મટકું માર્યા સિવાય બે પળ સુધી જોઈ રહ્યા. ૩૮.

બધી સભા સુખપૂર્વક સ્વસ્થતાથી બેઠી હતી અને પુલકિત થઈને ભગવાનનાં મુખચંદ્રને જોઈ રહી હતી ત્યારે 'આ ભૂમિ ઉપર અધર્મ અત્યંત વધ્યો છે.' એવી મુનિઓનાં મુખથી જે વાત સાંભળી હતી, તેને બહુનામી, જગત્પતિ નારાયણ ભગવાને યથાયોગ્ય રૂપમાં વિચારીને કહી. તે વખતે પરમ નિપુણ બધા ઋષિઓએ ઘણા પ્રેમથી તે વાત સાંભળી. અને ભગવાન જે કહેતા હતા તેમાં સહુની ચિત્તવૃત્તિ લીન થઈ ગઈ. ૩૯-૪૦.

यथा योग्य कही हरि बहुनामी, करत बात नारायण स्वामी ॥
सुने ऋषि करी प्रीत प्रबिना, भइ चित्तवृति बात महि लीना ॥४०॥

होत समाधि मही मन थीरा, त्युं एकाग्रह सुने प्रबीरा ॥
नारायन मुख मधुरी बानी, सुनी चित्रवत भये मूनि ग्यानी ॥४१॥

बात सुनी पाये मन मोदा, भये धर्मादिक चित निरोधा ॥
प्रेमानंद कहे बात आसक्ता, भये एकाग्र चित बिरक्ता ॥४२॥

इति श्रीसहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि विरचित श्रीहरिकृष्णनारायणचरित्रामृते नारायन ऋषि संवादे भरतखंडनी प्रजा वृत्तांत कथननामा तृतीयोऽध्याय: ।।३।।



સમાધિમાં ગયા હોય તેમ સહુનું મન સ્થિર થઈ ગયું અને તે બધા ધીર ઋષિઓએ એકાગ્રપણે નારાયણનાં મુખની મધુર વાણી સાંભળી. આથી તે જ્ઞાની ગણાતા મુનિઓ પણ ચિત્રમાં આલેખેલા હોય તેવા નિશ્ચેષ્ટ થઈ ગયા. ૪૧.

પ્રેમાનંદ સ્વામી કહે છે કે ભગવાનની વાત સાંભળી તેથી તે ધર્મદેવ ઇત્યાદિક મનમાં ખુશી થયા, સહુનાં ચિત્ત તે વાતમાં રોકાઈ ગયાં અને તેમાં આસક્ત થઈ ગયાં. સહુનાં મન બીજી બાબતોમાંથી પાછાં વળીને એકાગ્ર થયાં હતાં.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'નારાયણ દેવ તથા ઋષિઓના સંવાદમાં ભરતખંડની પ્રજાનું વૃત્તાંત કહ્યું' એ નામે ત્રીજો અધ્યાય સમાપ્ત-૩



अध्याय - ४

दोहा : आये मुनि कैलासते, हरि इच्छा दुरवास ॥
रहे ठाडे घटी एक ऋषि, क्रोधायुध अविनाश ॥०१॥
देखे नरनारायन, मूर्ति धर्म ऋषि वृंद ॥
उद्धवादि बेठे सभा, ऋषि परम निरद्वंद ॥०२॥
सोरठा : भये सबही तदरूप, नारायन कर बात मही ॥
ऋषि दुरवास अनुप, काहुं ना देखे आये मुनि ॥०३॥
ठाडे करत बिच्यार, मुनि आत्रेये धीर धरी ॥
न कीन काहु सत्कार, रहे ठाडे सनमान बीन ॥०४॥

चोपाई :
देखे सभासद् परम विज्ञानी, किन मोर अपमान सो जानी ॥

અધ્યાય - ૪

ધર્માદિકને થયેલા દુર્વાસા ઋષિના શાપનું વર્ણન

તે સમયે ભગવાનની ઈચ્છાથી જેની પાસે અખંડ ક્રોધનું આયુધ રહ્યું હોય છે, એવા દુર્વાસા ઋષિ કૈલાસ પર્વત ઉપરથી ત્યાં બદરિકાશ્રમમાં આવ્યા અને નારાયણ તથા ઋષિઓની સભા પાસે એક ઘડી સુધી ઊભા રહ્યા. ૧. તેમણે ભગવાન નર નારાયણ, મૂર્તિ, ધર્મ, ઉદ્ધવજી ઈત્યાદિક તથા બધા ઋષિઓના સમુદાયને અતિશય નિર્દ્વંદ્વભાવે સભામાં બેઠેલા જોયા. ૨. તે સમયે સહુ ભગવાન નારાયણની વાતમાં તન્મય થઈ ગયા હતા. દુર્વાસા નામે અનુપમ ઋષિ ત્યાં આવ્યા હતા. તેને કોઈ મુનિએ દેખ્યા નહિ. ૩. અત્રિ પુત્ર દુર્વાસા મુનિ મનમાં ધીરજ રાખી ઊભા ઊભા વિચાર કરતા રહ્યા. કોઈએ તેમનો સત્કાર કર્યો નહિ ત્યારે માન પામ્યા સિવાય જ તેઓ ત્યાં ઊભા રહ્યા. ૪.

તેમણે ઘણા સમજણા આવા ઋષિઓ વગેરેની સભા જોઈ અને ‘આ સહુએ જાણી જોઈને જ મારું અપમાન કર્યું છે’ આવું મનમાં વિચાર્યું.

तेही बीन कारन और न जाना, निश्चे किन जानी अपमाना ॥०५॥
तब उपना दारुन अहंकारा, क्रोधातुर भये अत्रि कुमारा ॥
अरुण नयन तन कंपन लागा, कर उठाय बोले बडभागा ॥०६॥
अहो अचर्य कछु कहा न जाई, ईच्छा दैवकर अस बनी आई ॥
सदाचार प्रव्रतावन हारे, भये कुमति तन बुद्धि भारे ॥०७॥
सतपुरुषनकर मारग त्यागा, विद्या गर्व परम अनुरागा ॥
तबही मोर कीना अपमाना, भये पाप मति सब में जाना ॥०८॥
अब में सब कर दर्प उतारुं, पुनी अस कोउ न करे बिच्यारुं ॥
अहो सभासद सब सुनी लेवुं, शिक्षा करन श्राप में देवुं ॥०९॥
मम अपमान किन सो सबही, धरो मनुष्य तन अवनी अबही ॥

તે સિવાય બીજી કોઈ બાબત તે સમજી શક્યા નહિ. તેને લીધે જ તેમણે મનમાં નિશ્ચય કર્યો કે આ સહુએ મારું જાણીને અપમાન કર્યું છે. ૫.

તે સમયે અત્રિ કુમાર દુર્વાસાનાં દિલમાં ભયંકર અહંકાર ઉત્પન્ન થયો અને ક્રોધાતુર થઈ ગયા. આંખો લાલ થઈ ગઈ. શરીર ધ્રૂજવા લાગ્યું. પછી એ મોટા ભાગ્યશાળી ગણાતા દુર્વાસાએ એક હાથ ઉઠાવીને બધી સભાને કહ્યું, ૬. "અહોહો... કેવું આશ્ચર્ય છે ! કાંઈ કહી શકાતું નથી. કોઈ દુર્ભાગ્યથી જ આવું બનતું હોય છે. જે તમે સહુ સદાચારને પ્રવર્તાવનારા છો, છતાં પણ તમને દેહાત્મબુદ્ધિ થઈ છે અને તેથી અતિશય કુબુદ્ધિ સૂઝી છે. ૭. સત્પુરુષનો માર્ગ છોડવો જોઈએ નહિ. પરંતુ તમને સહુને વિદ્યાના ગર્વમાં અતિશય આસક્તિ થઈ છે. અને તેથી જ તમે મારું અપમાન કર્યું છે. હું જાણું છું કે તમારા સહુમાં પાપ બુદ્ધિ થઈ છે. ૮.

હવે હું તમારો સહુનો ગર્વ ઉતારું છું. જેથી કોઈ ફરીવાર કોઈનું અપમાન કરવાનો વિચાર જ કરે નહિ. અરે ! બધા સભામાં બેઠેલા સાંભળી લો. સહુને શિક્ષા કરવા માટે હું શાપ આપું છું. ૯.

धर्मादिक धरो धरनी देहा, यामे नही कछु संदेहा ॥१०॥

असुर कली अधर्मकर पूता, सो दुःख देउ तुम्ही अद्भूता ॥
पावो असुरसुं अति अपमाना, मोर अवज्ञा किन सुजाना ॥११॥

शाप देई सबकुं दुरवासा, भये मौन मुनि मन्यु निवासा ॥
दीर्घ शब्द अति क्रुर कठोरा, बोले घोर प्रबल करी जोरा ॥१२॥

नारायन मुनि ऋषि मरच्यिादी, सबही सुना उद्धव धर्मादि ॥
उठे तुरत दुरवासा देखी, परे चरन सब परम विवेकी ॥१३॥

जोरी पानी प्रार्थना कीनी, बोली बानी विनय रसभीनी ॥
तोउ शांत नही होत कठोरा, दुरवासाकर क्रोध हे घोरा ॥१४॥

જે તમે સહુએ મારું અપમાન કર્યું છે, તે બધા આ ભૂમિ ઉપર મનુષ્ય દેહને ધારણ કરો. હવે ધર્મ ઇત્યાદિક બધા ભૂમિ ઉપર મનુષ્ય દેહ ધારણ કરો. આ મારાં વચનમાં કાંઈ જ સંદેહ નથી. ૧૦. તમે સમજણા હોવા છતાં સહુએ મારું અપમાન કર્યું છે, તેથી તે જન્મમાં અસુરો, કળિયુગ તથા અધર્મથી સહુને અતિ ભયંકર દુઃખ પ્રાપ્ત થશે અને અસુરોથી તમારું અત્યંત અપમાન થશે.” ૧૧.

જેમાં ક્રોધનો નિવાસ છે એવા દુર્વાસાએ અતિશય ક્રૂર, કઠોર અને ઊંચા શબ્દોથી સહુને આગળ કહ્યા પ્રમાણેનો શાપ દીધો અને થોડીવાર મૌન થયા પછી ઘણું જોર કરીને જે ભયંકર શબ્દથી બોલ્યા. ૧૨. ત્યારે તે શબ્દને સાંભળીને નારાયણ મુનિ, મરીચ્યાદિક બધા ઋષિઓ, ઉદ્ધવજી તથા ધર્માદિક આ સહુએ દુર્વાસાને જોયા. પછી તરત જ ઊઠ્યા અને પરમ વિવેકી એવા સર્વે ઋષિઓ તેમનાં ચરણમાં પડ્યા. ૧૩. સહુએ બે હાથ જોડી પ્રાર્થના કરી અને વિનયરસથી ભીંજાયેલી નમ્ર વાણી બોલ્યા, તોપણ અતિશય કઠોર અને ઘોર ક્રોધ કરનારા દુર્વાસા શાંત ન થયા. ૧૪.

बोले धर्म दीनता बानी, सुनो मुनिवर महा विग्यानी ॥
बिन अपराध शाप तुम दिना, अस ना घटे मुनि परम प्रविना ॥१५॥

हम जानी ना करी कुटीलाई, किना नही अपराध गोसाई ॥
हमार चित हरि बातमें लीना, नाही खबर तनशुद्ध तजी दीना ॥१६॥

दोहा : तुम आये सो महामुनि, हमकु नाहिन ज्ञान ॥
कहत धर्म कर जोरी के, सुनो मुनि परम सुजान ॥१७॥

तुम कारन में मुनिवर, करुं प्राण कुरबान ॥
त्यागुं सरवस वारिकें, क्युं न करुं सन्मान ॥१८॥

सोरठा : परवश भयो अपराध, क्षमा करउ मुनि तत्ववीत ॥
नाहीन तनकी साध्य, तुमकुं न देखे आये तब ॥१९॥

करी सहन अपमान, श्राप निवारउ सकल मम ॥
मुनि नवनित समान, सदय हृदय तव सरल शुभ ॥२०॥

ત્યારે ધર્મદેવ દીનતા ભરી વાણીથી બોલ્યા કે "હે મુનિવર ! આપ મારી વાત સાંભળો. આપ તો મહાજ્ઞાની છો. આપે અમને વગર અપરાધે શાપ દીધો છે. આપ પરમ નિપુણ છો. આપને આવું ઘટે નહિ. અમે જાણી જોઈને આવી કુટીલતા કરી નથી. મહારાજ, અમે કાંઈ અપરાધ કર્યો નથી. અમારું ચિત્ત ભગવાનની વાત સાંભળવામાં લીન હતું. તેથી અમને કાંઈ ખબર ન હતી. અરે ! અમારાં શરીરની પણ સૂધ રહી ન હતી. ૧૫-૧૬. આપ મહામુનિ પધાર્યા, તેની અમને ખબર ન હતી." આ રીતે ધર્મદેવે બંને હાથ જોડીને કહ્યું કે "અતિશય સુજ્ઞ એવા આપ મુનિ મારી વાત સાંભળો તો ખરા ! ૧૭.

હે મુનિવર ! હું આપને માટે થઈને મારા પ્રાણોને પણ કુરબાન કરી શકું છું. અને મારું સર્વસ્વ આપના ઉપર વારી જાઉં છું, તો હું આપનું સન્માન શા માટે ન કરું ? ૧૮. મુનિરાજ ! આપ તત્ત્વજ્ઞ છો. મારાથી પરવશતાને લીધે આપનો અપરાધ થયો છે તો ક્ષમા કરો. મને મારા શરીરનું પણ ભાન ન હતું. તેથી મેં આપ આવ્યા તે જોયું નહિ. ૧૯.

चोपाई :

धर्म बचन सुनी कपट रहिता, हित मित प्रियतम परम पुनिता ॥
क्रोधानलमें जरे मुनि भूपा, कछुंक शांत भये परम अनूपा ॥२१॥
बोले धर्म प्रति मुनि दुरवासा, नहि मम क्रोध लघु अविनासा ॥
में कांहुकर मेंटु न श्रापा, वृष तव बचन सुना निष्पापा ॥२२॥
धर्म मूर्ति तुमकुं अविलोकी, दारुन क्रोध राखा मैं रोकी ॥
तव दर्शनकर अमित प्रभाउ, भया शांत एक लव उर दाउ ॥२३॥
यह भगवानकी ईछा जानो, कहु सौं खाय सत्य करी मानो ॥
भयो तुमकुं मम श्राप सुजाना, व्यर्थ न होई जस रामके बाना ॥२४॥
तदपि अनुग्रह करुं में येता, धरो नर देह तुम मूर्ति समेता ॥
तहां मूर्ति पत्नि तुमारी, होईहे निश्चे परम सुखकारी ॥२५॥
यह नारायन ऋषि तुमारे, होई हे अवश्य पुत्र दृग तारे ॥

આપ અપમાનને સહન કરી, અમને આપેલા બધા શાપનું નિવારણ કરો. આપ સમાન મુનિઓનું મન તો દયાળુ, માખણના સમાન કોમળ, શુભ અને સરળ હોય છે." ૨૦. નિષ્કપટ સ્વભાવના ધર્મદેવે હિતકારી, થોડાં, પ્રિય અને પરમ પવિત્ર જે વચન કહ્યાં તેનાથી ક્રોધાનળમાં સળગતા મુનિરાજ દુર્વાસા અનુપમ રીતે કાંઈક શાંત થયા. ૨૧.

પછી તે મુનિ ધર્મના પ્રત્યે બોલ્યા, "મારો અખંડ રહેનારો ક્રોધ ઓછો નથી હોતો. હું કોઈને આપેલો શાપ ટાળું નહિ. છતાં હે ધર્મ ! મેં તમારાં નિષ્પાપ વચન સાંભળ્યા. ૨૨. તમને તથા મૂર્તિને જોઈને મારા ભયંકર ક્રોધને પણ રોકી રાખ્યો. તમારાં અપાર પ્રભાવશાળી દર્શન કરીને મારાં હૃદયમાં રહેલો ક્રોધાગ્નિ એક ક્ષણવાર શાંત રહ્યો હતો. ૨૩. હું સમ ખાઈને કહું છું કે તે પણ એક ભગવાનની ઈચ્છા છે. મારી વાતને તમે સાચી માનો. હે સુજ્ઞ ! તમને મારો શાપ થયો છે તે રામનાં બાણ જેવો છે, તેથી વ્યર્થ નહિ થાય. ૨૪. છતાં પણ હું તે શાપમાં તમારા ઉપર કાંઈક અનુગ્રહ કરું છું કે "તમે મૂર્તિની સાથે

तुमकुं पुनि ऋषिगनकुं आई, असुर कष्टसुं लइहे बचाई ॥२६॥
भरन रु पोषन धर्म तुम्हारा, करी हे नारायन बार ही बारा ॥
पुत्र रूपी भगवानमें जेहा, तुमकुं होई हे अचल सनेहा ॥२७॥
प्रितसुं होई हे चित निरोधा, पै हो भक्ति धर्म अति मोदा ॥
तब मम श्रापसुं मुक्त होई, दिव्य गति पै हो तुम दोई ॥२८॥
हे उद्धव मुनिवर तुम जाई, धरीहो देह द्विजाती मांई ॥
होई सखा भगवान तुमारा, सब बिधी कष्ट निवारन हारा ॥२९॥
करी हे श्राप निवारण मेरा, अति सुख देहे सुत वृष केरा ॥
पै हो दिव्य गति सब प्यारा, मानो मुनि सत्य बचन हमारा ॥३०॥
दोहा : अस कही मुनि कैलास प्रति, गये तजी मन रोष ॥
धर्मादिक मुनि सबनकुं, भयो श्राप निर्दोष ॥३१॥

મનુષ્ય દેહને ધારણ કરો ત્યારે ત્યાં પણ પરમ સુખકારી એવા આ મૂર્તિ તમારા પત્ની થઈને નિશ્ચિત રહેશે. ૨૫. આ નારાયણ ઋષિ છે તે તમારી આંખોના તારા જેવા પુત્ર અવશ્ય થાશે અને પુત્રરૂપે આવીને તમારી તથા બધા ઋષિઓની અસુરોએ દીધેલાં કષ્ટથી રક્ષા કરશે. ૨૬. હે ધર્મ ! આ ભગવાન નારાયણ વારંવાર તમારું ભરણ પોષણ કરશે. તેથી આ પુત્રરૂપી ભગવાનમાં તમને અવિચળ સ્નેહ રહેશે. ૨૭. પ્રેમને લીધે પુત્રરૂપ હરિમાં તમારા ચિત્તનો નિરોધ થાશે અને તેથી તમને ભક્તિ ધર્મને અતિશય આનંદ થાશે. તે પછી તમે બંને મારા શાપથી છૂટીને દિવ્ય ગતિને પામશો. ૨૮.

હે ઉદ્ધવ ! બધા મુનિઓ ! તમે બધા જઈને આ ભૂમિ ઉપર દ્વિજ જાતિમાં દેહને ધારણ કરજો. ભગવાન તમારા મિત્ર થશે અને તમારા બધી જાતના કષ્ટોનું નિવારણ કરશે. ૨૯. અને પછી આ ધર્મપુત્ર મેં આપેલા શાપનું નિવારણ કરશે અને તમને અતિશય સુખ આપશે. અને છેવટે સહુ પ્રેમથી દિવ્યગતિ પામશો. હે મુનિજનો ! મારા આ વચનને

कोउ न बोले बदनते, दुरवासा प्रति बेन ॥
समर्थ धर्म मुनिगन सबे, रहे सकल करी सेन ॥३२॥

सोरठा : समुझी रहे मनमांई, ईछा प्रभुकर प्रबल अशा ॥
परे नारायन पांई, चले बिकल होई अवनी बस ॥३३॥

कहे धर्मकर जोरी, नारायन पद नाय सीर ॥
कीजे रक्षा मोरी, अधर्म सर्ग ते सुख सदन ॥३४॥

चोपाई :

बोले श्रीनारायन बानी, सुनो धर्म समर्थ सुखदानी ॥
मम ईछा ते भयो हे श्रापा, बहुत बढ्यो अवनि पर पापा ॥३५॥

दुःख पावत साधु द्विज राया, पीडत असुर रची अति माया ॥
मै होई हुं तव सुत हरि नामा, मेटी हुं अवनी भार दुःखधामा ॥३६॥

તમે સત્ય માનો.” ૩૦. આમ કહીને દુર્વાસા મુનિ મનનો રોષ છોડી દઈને કૈલાસ પર્વતમાં ચાલ્યા ગયા.

આ રીતે ધર્મ ઈત્યાદિક અને બધા મુનિઓ નિર્દોષ હોવા છતાં તેમને દુર્વાસાનો શાપ થયો. ૩૧. ધર્મ અને મુનિ વગેરેમાંથી કોઈ પોતાનાં મુખથી દુર્વાસાના પ્રત્યે એક પણ વચન બોલ્યા નહિ. **ધર્મદેવ અને બધા મુનિઓ સમર્થ હોવા છતાં પણ આ બધું સહન કરી લીધું.** ૩૨. આવી પ્રભુની પ્રબળ ઈચ્છા હશે તેમ મનમાં સમજી રહ્યા. તે પછી નારાયણના ચરણમાં પડીને વિવશ તથા વિહ્વળ થયેલા સહુ ભારત ભૂમિ ઉપર ચાલ્યા ગયા. ૩૩. ચાલતી વખતે ધર્મદેવે બંને હાથ જોડી નારાયણના ચરણમાં મસ્તક નમાવીને કહ્યું, “પ્રભુ ! આપ સર્વ સુખનો આશ્રય છો એટલે અધર્મસર્ગથી મારી રક્ષા કરજો.” ૩૪. પછી ભગવાન નારાયણ બોલ્યા, “હે ધર્મ ! આપ સમર્થ છો અને સુખદાયક છો. તમે સાંભળો, આ શાપ મારી ઈચ્છાથી થયો છે. પૃથ્વી ઉપર પાપ ઘણું વધ્યું છે. ૩૫. સાધુ અને બ્રાહ્મણો દુઃખ પામે છે. અસુરો વિવિધ પ્રકારનાં

साधु जनकी रक्षा करी हुं, भूमिभार सकल बिधि हरि हुं ॥
धर्म ज्ञान वैराग्य सहीति, बिस्तारी हुं भक्ति करी प्रीति ॥३७॥
मैं फीरी हुं तुम संग साक्षाता, चिंता न करु धर्म मम ताता ॥
ज्यहा इछा तहां धरउ देहा, कुलिन बिप्र घर करी स्नेहा ॥३८॥
धर्मादिक हरिपद शिरनाई, गये सब निज निज आश्रम मांई ॥
धर्मादिक धरे नर देहा, ऋषि श्राप कारण नही तेहां ॥३९॥
भइ ईश्वर ईछा बलवाना, करीहे लीला हरि बिधि नाना ॥
धर्म भक्ति ऋषि वृंद अपारा, श्री उद्धव हरिकुं अति प्यारा ॥४०॥
देश देश प्रति मानुष्य देहा, ईछा किन कुलीन द्विज गेहा ॥
धर्मादिक भये परम निराशा, देह धरन कीनी मन आशा ॥४१॥

કપટ રચીને સહુને પીડે છે. હું 'હરિ' એવે નામે તમારો પુત્ર થઈશ. પછી જેમાં ઘણું દુઃખ રહ્યું છે એવો ભૂમિનો ભાર હું ઉતારીશ. ૩૬. **હું સાધુ પુરુષોની રક્ષા કરીશ અને ભૂમિનો બધી રીતનો ભાર હરીશ. વળી, ધર્મ જ્ઞાન વૈરાગ્યે સહિત ભક્તિનો વિસ્તાર પ્રેમથી કરીશ.** ૩૭. હું સાક્ષાત્ આપની સાથે ફરીશ. ધર્મદેવ ! આપ મારા પિતા છો. ચિંતા ન કરો. જ્યાં આપની ઈચ્છા થાય ત્યાં કુળવાન વિપ્રનાં ઘરમાં સ્નેહથી મનુષ્ય દેહ ધારણ કરો." ૩૮.

તે સમયે ધર્મ આદિક સહુ ભગવાન નારાયણના ચરણમાં મસ્તક નમાવીને પોતપોતાના આશ્રમમાં ગયા. પછી ધર્મ ઈત્યાદિકે જે મનુષ્ય દેહ ધારણ કર્યો, તે કેવળ દુર્વાસા ઋષિના શાપથી જ નહિ, ૩૯. પરમેશ્વરની ઈચ્છા ઘણી બળવાન થઈ અને તે ભગવાનને અનેક પ્રકારની લીલા કરવાની હતી. ધર્મદેવ, ભક્તિદેવી, અપાર ઋષિઓ અને ઉદ્ધવજી ભગવાન નારાયણને અતિ પ્યારા હતા. ૪૦. એટલે તેઓ અલગ અલગ દેશમાં કુળવાન દ્વિજાતિમાં મનુષ્ય દેહ ધારણ કરવાની ઈચ્છાથી ગયા.

तेहि अवसर असुरन उरमांई, सहसा त्रास भयो उर आंई ॥
असुर रु राक्षस दैत्य समुहा, हने प्रथम हरि करी बल उहा ॥४२॥

सोउ बेर लेननके काजा, भये ततपर सब असुर समाजा ॥
धर्म भक्ति पुनि ऋषि भगवाना, दिन श्राप दुरवास सो जाना ॥४३॥

जानी असुर अवनी अगनीता, प्रगटे पापमय करत अनिता ॥
कोउ भये गुरुरूप अज्ञानी, कोउ भये राजा अभिमानी ॥४४॥

दोहा : धर्म भक्ति साधु द्विज, एही विष्नुकर मूल ॥
इन्ही छेदउ सकल बीधी, मिटे सकल बिधी सूल ॥४५॥

गो वृष यज्ञ वेद सब, एही हरिकर मीत ॥
जहां देखउ तहा जायके, हनउ सकल करी प्रीत ॥४६॥

ધર્મ ઈત્યાદિક પ્રથમ તો ઘણા નિરાશ થઈ ગયા. મનમાં તેમને મનુષ્ય દેહ ધારવાની ઈચ્છા હતી. ૪૧.

❁ અસુરોને શાપની જાણ થવાથી કરેલી પૂર્વતૈયારી :

બરાબર તે સમયે અસુરોનાં મનમાં ઘણો ત્રાસ થયો. કારણ કે પૂર્વે ભગવાને પોતે ઘણું બળ કરીને અસુરો, રાક્ષસો અને દૈત્યોના સમૂહોને માર્યા હતા. ૪૨. તે બધા અસુરોએ ધર્મ, મૂર્તિ, ઋષિઓ અને ભગવાનને દુર્વાસા મુનિનો શાપ થયો તેમ જાણ્યું. તેથી સર્વ અસુર સમાજ વૈર લેવાને માટે તત્પર બન્યા. ૪૩.

આ બધી ખબર પડ્યા પછી અગણિત અસુરો આ ભૂમિ ઉપર જન્મ્યા. તે બધા જન્મીને અનીતિ અને પાપમય કર્મ કરવા લાગ્યા. તેમાં કેટલાક તો ગુરુરૂપ અજ્ઞાની થયા, કેટલાક અતિશય અભિમાની રાજા થયા. ૪૪. ધર્મ, ભક્તિ, સાધુઓ અને વિપ્રો, એ બધા વિષ્ણુનું મૂળ છે. એ બધાનો વિનાશ બધી રીતે કરવામાં આવે તો અસુરોનાં બધાં જ દુઃખનું શૂળ મટી જાય. ૪૫.

सोरठा : भये दानव गुरु रुप, भये शीव शक्ति भक्ति रत ॥
लिनी दिक्षा अनुप, वैष्णव राज बने कुमति अति ॥४७॥
देत असत् उपदेश, प्रेमानंद कही असत्य गुरु ॥
नही त्रास उर लेश, धर्म भ्रष्ट कीये नारी नर ॥४८॥

इति श्रीसहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायण-चरित्रामृते धर्मादिकने ऋषि श्राप वर्णन नामा चतुर्थोऽध्यायः ।।४।।



અસુરોએ વિચાર્યું કે ગાયો, ધર્મ, યજ્ઞ અને વેદ; એ બધા ભગવાન નારાયણના પ્રીતિપાત્ર મિત્ર છે, એટલે તે જ્યાં દેખાય ત્યાં જઈને ઉત્સાહથી તે બધાને મારી નાખીએ. ૪૬. તેમાં તે બધા દાનવો જે ગુરુરૂપે થયા તે શિવની અને શક્તિની ઉપાસના કરવામાં તત્પર થયા. અને તેની અનુપમ દીક્ષા લીધી. કેટલાક કુબુદ્ધિવાળા તો વૈષ્ણવ રાજા થયા. ૪૭.

પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે બધા ગુરુઓ ખોટી વાતો કહીને ખોટો જ ઉપદેશ આપતા હતા. તે બધાનાં દિલમાં લેશમાત્ર પણ ત્રાસ હતો નહિ. અને તેમણે બધા નરનારીઓને ધર્મભ્રષ્ટ કર્યા. ૪૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં "ધર્માદિકને થયેલા ઋષિના શાપનું વર્ણન કર્યું" એ નામે ચોથો અધ્યાય સમાપ્ત-૪



अध्याय - ५

दोहा : श्रीहरिकृष्णकी भक्तिसुं, बिमुख करे खल एह ॥
करी पाखंड अति पापमती, पोषत हें नीज देह ॥०१॥
जज्ञ करावत हिंसिक, हनतहे जीव अपार ॥
जंत्र मंत्र कृत्या स्रजी, करतहे बश संसार ॥०२॥

सोरठा : करत असन मद्य मांसु, परत्रीया संग परधन हरत ॥
प्रगटे असुर कुल पांसु, करत उछेदन नीगम मत ॥०३॥
असुर गुरु कर शिष्य, भये भुप सब पापमती ॥
कामी मनहुं किष्य, करत हे निंदित कर्म सब ॥०४॥

चोपाई :
गुरु शिष्य दानव अहंकारी, निशंक होई करे अधर्म भारी ॥
अति निंदित करे कर्म गमारा, सह्यो न जात भूमिसुं भारा ॥०५॥

અધ્યાય - ૫

ધર્મ તથા ભક્તિનો જન્મ

તે પાપ બુદ્ધિના ખળ ગુરુઓએ પાખંડ કરીને મનુષ્યોને ભગવાન શ્રીહરિકૃષ્ણની ભક્તિથી વિમુખ કર્યા અને પોતાના દેહનું જ પોષણ કરવા લાગ્યા. ૧. તે પાપી લોકો હિંસામય યજ્ઞ કરાવતા અને તેમાં અપાર જીવોની હત્યા કરતા હતા. જંત્ર મંત્રથી અને કૃત્યાઓ પેદા કરીને સંસારને વશ કરતા હતા. ૨. દારૂ તથા માંસને ખાતા હતા. પરસ્ત્રીનો સંગ કરતા. તથા પરધનનું હરણ કરતા હતા. કુળના કલંકભૂત તે અસુરો વૈદિક ધર્મનો નાશ કરવા માટે ભૂમિ ઉપર બધે પ્રગટ્યા. ૩. તે અસુરરૂપી ગુરુઓના શિષ્ય રાજાઓ થયા તે બધા પણ પાપબુદ્ધિવાળા હતા. કામી સ્વભાવના અને હીન મનોવૃત્તિવાળા તે બધા નિંદિત કર્મ કરવા લાગ્યા. ૪. ગુરુ શિષ્યના રૂપમાં પેદા થયેલા તે બધા અહંકારી દાનવો નિઃશંકપણે ઘણો અધર્મ કરવા લાગ્યા. તે ગમાર લોકો અતિશય નિંદિત કર્મ કરતા હતા. તેથી તેનો વધેલો ઘણો ભાર ભૂમિથી સહન થઈ શકતો ન હતો. ૫.

कंपे अवनी बार ही बारा, करत कृष्ण हे नाथ पुकारा ॥
अल्प वृष्टि करे मघवा जानी, परत दुकाल मरत बहु प्रानी ॥०६॥
करत पराभव असुर अत्यंता, पावत पीडा गो द्विज संता ॥
अब बरनु प्रसंग उर लाई, प्रगटे धर्म देश पुरब मांई ॥०७॥
रैकहटपुर मैं यां विख्याता, रहत सरवरिया द्वीज साक्षाता ॥
बालकराम नाम अघहारी, अजकर अंसहे गुनवंत भारी ॥०८॥
गोत्र सावरनी सामक वेदा, प्रवर तिन करे अघ सब छेदा ॥
भार्गव वैतहव्य सावेतस तिनो, कुल सिंगार शकल यही चिनो ॥०९॥
कौथमी शाखा अति अघहारी, अटक पांडे कुलवंत भारी ॥
ऐसे द्विजवर शुभ व्रतधारी, स्वधर्म निष्ठ सदा सुबिचारी ॥१०॥

વારંવાર ભૂકંપ થવા લાગ્યો. ભૂમિ હે કૃષ્ણ ! હે નાથ ! એમ પોકાર કરવા લાગી. ઈન્દ્ર પણ જાણી જોઈને અલ્પવૃષ્ટિ કરવા લાગ્યો. તેનાથી દુનિયામાં દુષ્કાળ પડવા લાગ્યા અને ઘણા પ્રાણીઓ મરવા લાગ્યા. ૬. અસુરો સજ્જનોનો અત્યંત પરાભવ કરતા. તેથી સંતો, વિપ્રો અને ગાયો બહુ પીડા પામતી હતી.

❁ ઇટાર ગામે ધર્મદેવનો જન્મોત્સવ :

હવે ધર્મદેવ જે પૂર્વ ઉત્તર પ્રદેશમાં પ્રગટ થયા તેના પ્રસંગને લાવીને હું વર્ણવું છું. ૭. રૈકહટપુર(ઇટાર) નામે ગામમાં એક પ્રસિદ્ધ સરવરિયા બ્રાહ્મણ બાલકરામ નામે હતા. તે સાક્ષાત્ પાપને હરનારા હતા. અને તે બ્રહ્માનો અંશ હોવાથી ભારે ગુણવાન હતા. ૮. તેનું સાવર્ણી ગોત્ર હતું. વેદ સામ હતો. અને બધા જ પાપને નાશ કરે એવા ભાગર્વ, વૈતહવ્ય અને સાવેતસ, એવે નામે ત્રણ પ્રવર હતા. આ બધું કુળ વિપ્ર સમાજમાં શણગાર જેવું સમજવું. ૯. અને નિષ્પાપ કરનારી તેની કૌથમી શાખા હતી અને પાંડે અટક હતી. ભારે કુળવાન હતા. આવા તે વિપ્રવર્ય શુભ વ્રતોને કરનારા હતા. સ્વધર્મનિષ્ઠ તથા હંમેશાં

पांडे बालकराम सुबिप्रा, हरि सेवारत परम पवित्रा ॥
काम क्रोध मद लोभ अशेषा, अंतरमांई नहीं लव लेशा ॥११॥

शुद्धभाव सबकर हीतकारी, सत्य उपदेश देत भयहारी ॥
श्रीव्रजचंदकी लीला ललीता, करत गान द्विज प्रेम सहीता ॥१२॥

पांडे बालकराम प्रवीना, रहत सदा हरि मंहि लेलीना ॥
धर्मदेव ज्यांकर सुत होई, यह द्विजसम बडभागी न कोई ॥१३॥

जीतेन्द्रिय द्विजवर यह होई, वेद पुरान शास्त्रवीत सोई ॥
ताकर भार्या भाग्यवती नामा, साध्वी सती अति शुभ गुनधामा ॥१४॥

दोहा : भाग्यवती सुत भयेउ वृष, मध्यान उत्तर अविनाश ॥
विश्वाधार प्रगटे भूवि, हरन स्वजन भवत्रास ॥१५॥

સુવિચારશીલ હતા. ૧૦. તે બાલકરામ પાંડે નામે વિપ્ર પરમ પવિત્ર અને શ્રીહરિની સેવામાં પરાયણ રહેનારા હતા. તેમનાં અંતરમાં કામ, ક્રોધ, મદ અને લોભ, તે બધામાંથી કોઈ એક પણ દોષ લવલેશ ન હતો. ૧૧. તેમનાં દિલનો ભાવ શુદ્ધ હતો. સહુનું હિત કરનારા, સત્યનો ઉપદેશ દેનારા અને બીજાના ભયને હરનારા હતા. તે દ્વિજ ઘણા પ્રેમથી વ્રજચંદ્ર શ્રીકૃષ્ણ ભગવાનની રમણીય લીલાઓનું ગાન કરતા હતા. ૧૨. પરમ નિપુણ બાલકરામ પાંડે હંમેશાં શ્રીહરિનાં સ્વરૂપમાં લેલીન રહેતા હતા.

જ્યાં ધર્મદેવ જેવા પુત્ર થવા વિચાર કરતા હોય એ બ્રાહ્મણના જેવો બીજો કોઈ ભાગ્યશાળી કહેવાય નહિ. ૧૩. તે વિપ્રશ્રેષ્ઠ બાલકરામ જિતેન્દ્રિય હતા. વેદ, પુરાણ તથા શાસ્ત્રોને ભણેલા હતા. ભાગ્યવતી નામે તેની પત્ની હતી. તે સતી, પતિવ્રતા અને અતિશય શુભ ગુણથી ભરપૂર હતી. ૧૪. **તે ભાગ્યવતીને ખોળે અવિનાશી ધર્મદેવ મધ્યાહ્ન પછી પુત્રનાં રૂપમાં જન્મ્યા. વિશ્વના આધારરૂપ ધર્મ આત્મીયજનોના સંસારના ત્રાસને હરવા માટે ભૂમિ ઉપર પ્રગટ થયા હતા. ૧૫. વિ.સં.૧૭૯૬ પ્રમોદ નામે સંવત્સરમાં શરદ ઋતુ હતી,**

संवत सत्तर छनुं में, संवत्सर सुप्रमोद ॥
शरदऋतु दछन रवि, कार्तिक मास विशुद्ध ॥१६॥
शुक्लपक्ष एकादशी, कुंभ लग्न बुधवार ॥
हे उतरा नक्षत्र शुभ, प्रगटेउ धर्म उदार ॥१७॥
निरजर हनतहे दुंदुभी, नभ नाचे त्रियवृंद ॥
करतहे गांधर्व गान शुभ, भये अमर आनंद ॥१८॥

छंद हरिगीत :

करे कुसुमवृष्टि वृंदारका, करे भूसुर वेद उच्चार ज्युं ॥
प्रगटे श्री द्वीजकुल धर्मदेव, आनंदकर भंडार ज्युं ॥१९॥
त्रिभुवनमही आनंद उमंग्यो, भयो जय जयकार ज्युं ॥
पुर गाम मंगलमयभये, रहे छाय मंगलाचार ज्युं ॥२०॥
नीज कुलमही द्वीजनारी उर, आनंद बढ्यो भरपूर ज्युं ॥

સૂર્ય દક્ષિણાયનમાં હતા અને વિશુદ્ધ કાર્તિક માસ હતો. ૧૬. શુક્લ પક્ષની એકાદશીએ બુધવાર હતો અને કુંભ રાશિ હતી. શુભ ઉત્તરા નક્ષત્ર હતું ત્યારે ઉદાર સ્વભાવના ધર્મદેવ પ્રગટ થયા. ૧૭. તે સમયે દેવતાઓ દુંદુભિ વગાડવા લાગ્યા. આકાશમાં દેવાંગનાઓ નાચવા લાગી, ગંધર્વો શુભ ગાન કરવા લાગ્યા અને બધા જ દેવતાઓને ખૂબ જ આનંદ થયો. ૧૮.

તે સમયે દેવતાઓએ પુષ્પની વૃષ્ટિ કરી અને બ્રાહ્મણોએ વેદના મંત્રો ઉચ્ચાર્યા. કારણ કે ઉચ્ચ દ્વિજકુળમાં આનંદના ભંડાર જેવા ધર્મદેવ પ્રગટ્યા હતા. ૧૯. અને તેથી ત્રિલોકીમાં અતિશય આનંદ ઉમંગ વધ્યા અને સર્વત્ર જય જયકાર થયો. ગામ અને નગરોમાં સર્વત્ર મંગળમય વાતાવરણ થયું અને બધે મંગળમય આચાર થવા લાગ્યા. ૨૦. ધર્મનો જન્મ થવાથી તેના કુળની વિપ્ર સ્ત્રીઓનાં દિલમાં ભરપૂર આનંદ વૃદ્ધિ પામ્યો. અને ઘેર ઘેર ધર્મનો પ્રતાપ ઉદય પામ્યો. તેમજ બધી જાતના

उदयो धर्म प्रताप घरघर, भयो अमंगल दूर ज्युं ॥२१॥
याज्ञिक द्विज कर अनल भये, प्रदिप्त धूम रहीत ज्युं ॥
शांत भये सत्पुरुषकर चित, उपजी पुरन प्रीत ज्युं ॥२२॥
भये अमल वारी सर सरीकर, सुखद भये समीर ज्युं ॥
शीतल मंद सुंगध चारु, हरत जन तन पीर ज्युं ॥२३॥
भई अमल अवनी आकाश दश दिशी, नक्षत्रगन निर्मल भये ॥
वदे ऋषि आशीरवाद वर, द्विजउर ते कल्मष गये ॥२४॥
गाय मंगल द्विजत्रीया बाजींत्र बहुविधी बाजही ॥
अमीत छबी भई उदय द्विजगृह, नीरखी रतिपति लाजही ॥२५॥
स्नानादिक विधी आचरी, सुतकर जातक कर्म ज्युं ॥
महाविप्र पास कराय विधीवत, जानी सब विधी मर्म ज्यु ॥२६॥

અમંગળ દૂર થઈ ગયા. ૨૧. યાજ્ઞિક વિપ્રોના યજ્ઞ કુંડમાં અગ્નિ પણ ધુમાડા રહિત થઈને આપોઆપ પ્રદીપ્ત થયો. અને સજ્જનોનાં ચિત્ત એકદમ શાંત થઈ ગયા અને તેમનાં દિલમાં ભરપૂર પ્રસન્નતા ઉત્પન્ન થઈ. ૨૨. સરોવર અને નદીઓના જળ નિર્મળ થયા. શાંત, સુખદ, સરસ, શીતળ, મંદ અને સુગંધી પવન વા વા લાગ્યો. તેનાથી મનુષ્યોના શરીરની પીડા શાંત થઈ ગઈ. ૨૩. સંપૂર્ણ ભૂમિ નિર્મળ થઈ ગઈ, આકાશ, દશેય દિશાઓ અને નક્ષત્રગણ નિર્મળ થઈ ગયા. ઋષિઓ ઉત્તમ આશીર્વાદ કહેવા લાગ્યા અને વિપ્રોનાં દિલમાંથી બધી જાતના મેલ જતા રહ્યા. ૨૪. વિપ્ર સ્ત્રીઓ મંગળમય ગીતો ગાવા લાગી અને અનેક પ્રકારનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. વિપ્રનાં ઘરમાં અપાર શોભા ઉત્પન્ન થઈ. તેને દેખીને કામદેવ પણ લજ્જિત થઈ ગયો. ૨૫.

તે સમયે પિતા બાલકરામે સ્નાનાદિક વિધિ કરી અને નવજાત બાળકના જાત કર્માદિક સંસ્કાર બધા વિધિના મર્મને સમજીને સારા

दोहा : प्रेम पुलकी द्विजवृंदको, किन अतही सनमान ॥
बालकराम उदार मती, दिन बहुत विधी दान ॥२७॥
निल जलद सम विग्रह, भुज प्रलंब अभिराम ॥
सबगुन पुरन बिलोकीके, देवशर्मा धर्यो नाम ॥२८॥

सोरठा : निरखी रूप अनूप, मात तात मन मुदित अति ॥
बढ्यो नेह सुखरूप, करत भरन पोषन सरस ॥२९॥
बढतहे दिन प्रतिदिन, बालचंद्र सम धर्मवर ॥
बालकराम प्रबिन, दिन सुत ही उपवीत शुभ ॥३०॥

चोपाई :
पाई धर्म उपवीत अनूपा, पढे वेद विद्या सुखरूपा ॥
द्वादश बर्ष प्रर्यंत प्रबीना, ब्रह्मचर्य राखी श्रम कीना ॥३१॥

વિદ્વાન બ્રાહ્મણ પાસે વિધિવત્ કરાવ્યા. ૨૬. પ્રેમથી રોમાંચ થયેલા ઉદાર ભાવનાવાળા બાલકરામે વિપ્રોના સમુદાયનું ઘણું સન્માન કર્યું અને ઘણી જાતનાં દાન આપ્યાં. ૨૭. નવીન મેઘના સમાન સુંદરશ્યામ સ્વરૂપ અને ઘુંટણ સુધી મનોહર લાંબી ભુજાઓને દેખી, તેમજ તેમના બધા જ ગુણોને પૂર્ણ રૂપમાં જોઈને પિતાએ તે બાળકનું 'દેવશર્મા' એવું નામ રાખ્યું. ૨૮. બાળક દેવશર્માનું અનુપમ રૂપ જોઈને માતા પિતા મનમાં અતિશય પ્રસન્ન રહેતા હતા. સરસ રીતે તેનું ભરણ પોષણ કરતા, માતા પિતાનાં દિલમાં સુખરૂપ સ્નેહ વધવા લાગ્યો. ૨૯. બાળક દેવશર્મા દિનપ્રતિદિન બાળચંદ્રની જેમ વધવા લાગ્યા.

પછી નિપુણ બાલકરામે તે પોતાના પુત્રને (આઠમે વરસ) શુભ યજ્ઞોપવીત આપ્યું. ૩૦. પ્રવીણ દેવશર્મા અનુપમ યજ્ઞોપવીત પામ્યા પછી વેદ અને સુખરૂપ બધી વિદ્યાઓને ભણ્યા. બુદ્ધિમાન દેવશર્માએ બાર વરસ પર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને ભણવામાં પરિશ્રમ ઘણો કર્યો.

अल्प कालमही सब बुद्धिवाना, पढे इतिहास रु बेद पुराना ॥
तेही करी अधिक प्रतापी जाना, सब गुन श्रेष्ठ तेहि सुत प्रमाना ॥३२॥
इछा कीन धर्म द्विजराई, पीछे लग्न करन मनमांई ॥
बरनुं कछुं संक्षेप सुनाई, अब यह कथा सुनो चित लाई ॥३३॥
कोशल देश विशे अभिरामा, सरीता एक मनोरमा नामा ॥
तहा मखोडा तिरथ भारी, आवत जात्रा अमित नरनारी ॥३४॥
करी स्नान जन होत पुनिता, सब नरनारी निर्मल चिता ॥
अवधपुरी ते उत्तरमांई, ताकर महिमा कहा न जाई ॥३५॥
तासुं उत्तर हे एक गामा, नाम छपैया छबिकर धामा ॥
तहां बसे एक विप्र सुजाना, कालु तीवारी नाम गुणवाना ॥३६॥
तेही कर नारी भवानी नामा, दंपती शुद्ध भजे घनश्याम ॥

૩૧.બુદ્ધિમાન દેવશર્મા થોડા સમયમાં ઇતિહાસ, વેદ અને બધા પુરાણોને ભણી ગયા. તેને લીધે તેમનો સહુથી અધિક પ્રતાપ દેખાયો અને પિતાએ પોતાના પુત્રને સર્વ ગુણોથી શ્રેષ્ઠ બન્યા છે તેમ માન્યું. ૩૨. જાતે સમયે દ્વિજરાજ બાલકરામે દેવશર્માના લગ્ન કરવાની મનમાં ઇચ્છા કરી. આ કથાને હવે હું કાંઈક સંક્ષેપમાં કહું છું, તો સહુ એકાગ્ર થઈને સાંભળો. ૩૩.

❀ છપૈયામાં ભક્તિદેવીનું પ્રાગટ્ય :

કૌશલ દેશમાં મનોરમા નામે એક સુંદર નદી છે. તે નદી ઉપર મખોડા નામનું મોટું તીર્થ છે. ત્યાં અપાર નરનારીઓ યાત્રા કરવા આવે છે. ૩૪. ત્યાં સ્નાન કરીને લોકો પવિત્ર થાય છે, તેમજ નરનારી બધાનાં ચિત્ત નિર્મળ થાય છે. આ તીર્થ અયોધ્યાથી ઉત્તર દિશામાં છે. તેને લીધે તેનો મહિમા કહી શકાતો નથી. ૩૫. તે મખોડાથી ઉત્તર દિશામાં ઘણું રળિયામણું એક છપૈયા નામે ગામ છે. તે ગામમાં ઘણા સુજ્ઞ અને

तेही द्विज कर सुता सुखकारी, मूर्ति नाम सकल अघहारी ॥३७॥
संवत सत्तर अठ्ठानुं(१७९८)भारी, कार्तिकी १५ पुनो अति उजीयारी ॥
वार बुध तिथि मंगलकारी, नक्षत्र कृतिका शुभ अघहारी ॥३८॥
प्रगटी सायंकाल सुजाना, कुंवरी मूर्ति रूपनिधाना ॥
देव दुंदुभि देव बजावे, सुमन वृष्टि सुर करे उछावे ॥३९॥
हो रह्यो चउ दिशी जय जयकारा, द्विज उर आनंद बढ्यो अपारा ॥
भुमी प्रगट भयी भक्ति माता, त्रिभुवन जन आनंद सुख दाता ॥४०॥
दोहा : मुनि श्राप मनुष्य भई, भक्ति परम उदारु ॥
भये सकल नरनारीके, भक्ति रत चित चारु ॥४१॥

ગુણવાન કાળુ તિવારી(કૃષ્ણશર્મા) નામે એક વિપ્ર રહેતા હતા. ૩૬. તેની ભવાની નામે પત્ની હતા. પત્નીએ સહિત કાળુ તિવારી શુદ્ધ ભાવથી શ્યામસુંદર શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરતા હતા. તેમને સર્વ ગુણથી સંપન્ન, સુખકારી અને નિષ્પાપ ‘બાલા’(મૂર્તિ) નામે પુત્રી થયા. ૩૭.

વિ.સં.૧૭૯૮, કારતક સુદિ પૂનમની મંગળકારી તિથિએ બુધવાર હતો. અને શુભ નિર્દોષ કૃતિકા નક્ષક હતું. ૩૮. ત્યારે સાયંકાળને સમયે રૂપના નિધાન જેવી ઘણી ડાહી પુત્રીનો જન્મ થયો. ત્યારે દેવતાઓના દુંદુભિઓ વાગવા લાગ્યા અને દેવતાઓએ ઉત્સાહથી ફૂલની વૃષ્ટિ કરી. ૩૯. ચારે દિશાઓમાં જય જયકાર થઈ રહ્યો. વિપ્ર કાળુ તિવારીનાં દિલમાં અપાર આનંદ વધ્યો. કારણ કે આ ભૂમિ ઉપર જે ભક્તિમાતાનાં રૂપમાં પ્રસિદ્ધ થશે એવી પુત્રી થઈ હતી. જે ત્રિલોકીમાં સમસ્ત લોકોને આનંદ સુખ આપનારી થશે. ૪૦.

દુર્વાસાના શાપથી પરમ ઉદાર સ્વભાવના મૂર્તિરૂપ ભક્તિ મનુષ્ય સ્વરૂપે થયા ત્યારે સમગ્ર નરનારીઓનાં ચિત્ત સુંદર ભક્તિપરાયણ થયા.

श्रवाणादिक नवधा विषे, नरनारी करी प्रीत ॥
श्री हरिकृष्ण सेवा मही, भई प्रीत नित नित ॥४२॥

सोरठा : जहां हरि मंदिर तांह, होत उच्छव किर्तन भजन ॥
पर्यो भक्ति परछांह, त्रिभोवन भयो भक्तिरत ॥४३॥

गांधर्व करत हे गान, प्रेमानंद स्तवन करत ॥
छाये अमर बेमान, नभ नाचत सुरनारी गन ॥४४॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते धर्मभक्ति जन्मकथन नामा पंचमोऽध्याय: ॥ ५ ॥



---

૪૧. તેના પ્રભાવથી બધા જ નરનારીઓ ભગવાનની શ્રવણ આદિક નવ પ્રકારની ભક્તિમાં પ્રેમ કરવા લાગ્યા. અને દિવસે દિવસે સહુને શ્રીહરિકૃષ્ણની સેવામાં પ્રેમ વધવા લાગ્યો. ૪૨.

જગતમાં ભક્તિનો પડછાયો પડ્યો, તેનાથી જ્યાં જ્યાં મંદિરો હતા, ત્યાં બધે ઉત્સવ અને કીર્તન ભજન થવા લાગ્યા. અને ત્રિલોકીમાં પણ લોકો ભક્તિપરાયણ થયા. ૪૩. પ્રેમાનંદ સ્વામી કહે છે કે ગંધર્વો ગાન કરી સ્તુતિ કરવા લાગ્યા અને આકાશમાં દેવતાઓના વિમાન છવાઈ ગયા. તેમજ બધી દેવાગંનાઓનો સમુદાય નાચવા લાગ્યો. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ધર્મ તથા ભક્તિનો જન્મ કહ્યો' એ નામે પાંચમો અધ્યાય સમાપ્ત-૫



अध्याय - ६

दोहा : विप्र नारी कर वृंद मीली, गावत मंगल गीत ॥
देत आशिष रहो अचल भूवी, भक्ति परम पुनीत ॥०१॥
बाजत बधाई द्विज पुर, बाजा विविध प्रकार ॥
नाचत नृतकी मुदित मन, विप्र सजत शिंगार ॥०२॥
सोरठा : सहज ही जन उरमांई, उपजी भक्ति भवहरनी ॥
प्रबल प्रताप देखाई, लिन मनुष्य तन विप्र ग्रहे ॥०३॥
मंत्र रहित संस्कार, तात करायेउ प्रीत करी ॥
दीन दान करी प्यार, विप्रनकुं करी शास्त्र विधि ॥०४॥
चोपाई :
विप्रवृंद कर करी सन्माना, वस्त्र भुषन दीनेउ दाना ॥
दान पाई रीजे द्विज राया, प्रमुदित भये द्विज मन वच काया ॥०५॥

અધ્યાય - ૬

ધર્મ ભક્તિનો વિવાહ તથા એક પુત્રનો જન્મ

વિપ્ર જ્ઞાતિની સ્ત્રીઓ ટોળે મળીને મંગળમય ગીત ગાવા લાગી. અને આ ભૂમિ ઉપર પરમ પવિત્ર બાલિકા(ભક્તિ)ને સહુ અવિચળ આશીર્વાદ આપવા લાગી. ૧. વિપ્રના તે છપૈયા ગામમાં વધામણાના વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યા. પ્રસન્ન મનથી નર્તકીઓ નાચવા લાગી અને વિપ્રે બધી જાતનાં શણગાર સજ્યા. ૨. લોકોના દિલમાં સહજ સ્વભાવે સંસારની પીડા હરનારી ભક્તિ ઉત્પન્ન થઈ. મૂર્તિએ વિપ્રનાં ઘરમાં મનુષ્ય જન્મ લીધો અને પોતાનો પ્રબળ પ્રતાપ સહુને જણાવી દીધો. ૩. પિતા કાળુ તિવારીએ નવજાત બાલિકાના સંસ્કાર મંત્રોચ્ચાર વિના પ્રેમથી કરાવ્યા. શાસ્ત્રના વિધિ પ્રમાણે બ્રાહ્મણોને પ્રેમથી દાન આપ્યા. ૪. કાળુ તિવારીએ વિપ્રના સમુદાયનું ઘણું સન્માન કરીને વસ્ત્ર તથા ઘરેણાંનું તેમને દાન આપ્યું. દાન પામેલા વિપ્રો અતિશય પ્રસન્ન થયા અને દાન આપનારા કાળુ તિવારી પણ મન, કર્મ, વચનથી ઘણા ખુશી થયા. ૫.

गनिक प्रविण विप्र बिच्यारी, जन्म अक्षर बहु विध निरधारी ॥
धर्यो विप्रवर बाला नामा, तब ते द्विज भये पुरणकामा ॥०६॥
शिशु चरित्र करी भक्तिबाला, देत आनंद सबकुं ततकाला ॥
मात तात मन मोद न मावे, बाल विनोद लीखी सुख पावे ॥०७॥
करी चरित्र निज ज्ञान छुपाया, बालचंद्र सम बढत हे काया ॥
बालापन सुँ भजे भगवाना, रूप शील गुण चतुर सुजाना ॥०८॥
कपीलदेव कर देवहुती माता, अस जस छायो भुवी विख्याता ॥
बालापन सुदृढ अनुरागा, कृष्ण भक्तिरत भई बडभागा ॥०९॥
कृष्णाचरनमें प्रेम अपारा, करत भक्ति सेवा करी प्यारा ॥
देखी ताहे सब नर त्रिया वृंदा, भक्ति नाम धर्यो सुखकंदा ॥१०॥
भक्ति नाम कही सबही बोलावे, सुनी श्रवन अति आनंद पावे ॥

જ્યોતિષમાં નિપુણ વિપ્રને બોલાવ્યા. ત્યારે તેમણે વિચાર કરીને ઘણી રીતે જન્માક્ષરનો નિર્ધાર કર્યો. પછી વિપ્રવરે તે બાલિકાનું નામ ‘બાલા’ એવું રાખ્યું અને તેનાથી કાળુ તિવારી પૂર્ણકામ થયા. ૬. બાલા(ભક્તિ) તે સમયમાં બાલચરિત્રોથી સહુને આનંદ આપતા હતા. માતા પિતા બાલાના વિનોદને જોઈને સુખી થતા હતા અને તેમનાં મનમાં આનંદ સમાતો નહિ. ૭. બાળ ચરિત્રથી પોતાનું જે દિવ્ય જ્ઞાન હતું તેને તે બાલા ઢાંકી રાખતા હતા. બાલા ચંદ્રની કળાની જેમ વધવા લાગ્યા. રૂપ, શીલ, ગુણ, ચાતુર્ય અને સમજણથી સંપન્ન બાલા બચપણમાં જ ભગવાનનું ભજન કરવા લાગ્યા. ૮. કપિલદેવજીના મા દેવહૂતિની જેમ આ બાલાનો પવિત્ર યશ ભૂમિ ઉપર પ્રસિદ્ધ થઈ ગયો.

બચપણથી જ બાલાને ભગવાનમાં સુદૃઢ પ્રેમ હતો અને તે ભાગ્યશાળી બાલા શ્રીકૃષ્ણની ભક્તિમાં તત્પર થઈ ગયા. ૯. બાલાને શ્રીકૃષ્ણના ચરણમાં અપાર પ્રેમ હતો અને ઘણા પ્યારથી સેવા ભક્તિ કરતા હતા. તે બધા તેના સ્વભાવોને દેખી અને બધા પુરુષો તથા સ્ત્રીઓએ તે બાલાનું સુખકારી નામ ‘ભક્તિ’ એવું રાખ્યું. ૧૦.

निज गुण करी भई नाम विख्याता, प्रभुपद प्रीत करन कुशलाता ॥११॥
मात तात बोलत वर बानी, भई कन्या वर जोग्य सयानी ॥
देखउ वर कन्या सम काउ, धर्मशील शुभ गुन वरनाउ ॥१२॥
सुने धर्म दुलह गुनधामा, बोलाये निज घर अभिरामा ॥
धर्मदेव कर तात बोलाये, पांडे बालकराम सो आये ॥१३॥
लीन लग्न तब करी बिच्यारा, शुभ मुहूर्त शोधी शुभ वारा ॥
मुहूर्त शोधी कीन निरधारा, सजी बारात द्विज आऊ उदारा ॥१४॥
दोहा : पांडे बालकराम गये, निज घर करी निरधार ॥
आये जान सजी शुभग द्विज, विद्या गुन भंडार ॥१५॥
भक्ति नाम निज कुंवरीकुं, वेद वचन प्रमान ॥

હવે સહુ લોકો બાલાને 'ભક્તિ' એવા નામથી બોલાવવા લાગ્યા. ત્યારે તે ભક્તિ નામને સાંભળીને બાલાને અતિશય આનંદ થતો. ભક્તિ પોતાના ગુણોથી પ્રસિદ્ધ થયા. અને તેને ભગવાનના ચરણમાં ઘણી કુશળતાથી પ્રેમ થયો હતો. ૧૧.

માતા પિતા સરસ વાતો કહેવા લાગ્યા અને કન્યા બાલા વરાવવાને યોગ્ય(સયાની) ઉંમરલાયક થયા. ત્યારે માતા પિતાએ વિચાર કર્યો કે આ આપણી કન્યાને યોગ્ય ધર્મશીલ તથા શુભ ગુણથી યુક્ત કોઈ વર ખોળવો જોઈએ. ૧૨. પછી કાળુ તિવારીએ સદ્‌ગુણનાં ધામ જેવા યોગ્ય વર દેવશર્મા (ધર્મ) છે, તેમ સાંભળ્યું. ત્યારે તેને પોતાને ઘેર બોલાવવાનું ધારીને તેમના પિતા બાલકરામને પોતાને ઘેર બોલાવ્યા. ત્યારે તે છપૈયા આવ્યા. ૧૩. પછી કન્યા અને વરના પિતાએ પરસ્પર વિચાર કરીને શુભ મુર્હૂત અને શુભ વાર જોઈને લગ્ન લીધા. સારા મુર્હૂતમાં લગ્નનો નિરધાર કર્યો.

પછી ઉદાર વિપ્ર બાલકરામે પુત્ર દેવશર્માને પરણાવવા માટે પોતાને ઘેર આવીને જાન તૈયાર કરી. અને વિદ્યા તથા ગુણના ભંડાર

पद प्रक्षाली श्रीधर्मके, दिन तिलक शुभ जान ॥१६॥

सोरठा : करी वंदन द्विजराज, दीनी सुता श्रीधर्म कर ॥
बढी निज कुल महीं लाज, भये जामातुं धर्म शुभ ॥१७॥
धर्मदेव पुलकाय, किन कन्या पानी ग्रहन ॥
दुंदुभि देव बजाय, किन वृष्टि वर सुमन कर ॥१८॥

चोपाई :
कालु तिवारी भये गुलताना, दुलहा निरखी रूप निधाना ॥
व्याह करी सब कर सन्माना, किन तिवारी दीन बडदाना ॥१९॥
गुनसागर वर शोभा धामा, देव शर्मा जामातुं नामा ॥
बालकराम कर परसी पाई, विनय कीन बहु विधि द्विजराई ॥२०॥

જેવા પુત્ર દેવશર્માને લઈને જાન સાથે છપૈયા આવ્યા. ૧૪-૧૫. કાળુ તિવારીએ વૈદિક વચન પ્રમાણે બાલા (ભક્તિ) નામની પોતાની કુંવરીને શ્રીદેવશર્માના ચરણ ધોઈ તેમને શુભ તિલક કરી કન્યાદાનનાં રૂપમાં આપ્યા. ૧૬. દ્વિજરાજ તિવારીએ વંદન કરીને પોતાની પુત્રી દેવશર્માને હાથ અર્પણ કર્યા અને તેનાથી પોતાના કુળમાં તેની આબરૂ વધી. અને શુભ ગુણ સંપન્ન દેવશર્મા કાળુ તિવારીના જમાઈ બન્યા. ૧૭. દેવશર્મા(ધર્મદેવે)એ હર્ષથી રોમાંચિત થઈને કન્યાનું પાણિ ગ્રહણ કર્યું. તે સમયે દેવતાઓએ દુંદુભિ વગાડ્યા અને દંપતીના ઉપર પુષ્પવૃષ્ટિ કરી. ૧૮. રૂપના નિધિ જેવા દુલહા(વર)ને દેખીને કાળુ તિવારી આનંદથી હર્ષ ઘેલા થઈ ગયા. પછી વિવાહ પ્રસંગે તેણે સહુનું સન્માન કર્યું અને સહુને ઘણાં દાન આપ્યાં. ૧૯. કાળુ તિવારીના જમાઈ દેવશર્મા ગુણના સાગર જેવા અને શ્રેષ્ઠ શોભાનાં ધામ જેવા હતા.

તે તિવારીએ વેવાઈ બાલકરામનો ચરણ સ્પર્શ કરીને તેમની આગળ અનેક પ્રકારે વિનય વિવેક પ્રગટ કર્યા. ૨૦. **પછી કાળુ તિવારીએ નવી વરવધૂની જોડીને પોતાને ઘેર રાખવા માટે બાલકરામ**

निज घर राखन आग्या लीनी, दुल्हा दुल्हनी जोरी नवीनी ॥
प्रसन्न होई पांडे रस रीति, आज्ञा दिन सुत ही करी प्रीति ॥२१॥
रहो ससुरारी पुत्र गुणवाना, शुभ गुन सिंधु रूप निधाना ॥
दीनी शिख सुत ही बहु भांती, धर्म ज्ञान नेति कही खांती ॥२२॥
निज पितु आग्या मानी द्वीजेशा, रहे मगन उर त्यागी कलेशा ॥
ससुर सदन रहे परम सुजाना, देवशर्मा पांडे गुणवाना ॥२३॥
बालशर्मा वर विप्र अनूपा, सदग्रंथ मर्म लीखी सुखरूपा ॥
भेद सहित बहु विधि लिखि मर्मा, कहे भक्तिकुं पतिव्रत धर्मा ॥२४॥
पतिव्रताके धर्म विशेषा, देखे दृढ बालामें अशेषा ॥
प्रेमवती निज पति महिं जेसी, आन त्रिया देखी नहिं एसी ॥२५॥

પાંડેની આજ્ઞા લીધી. ત્યારે પાંડેએ રાજી થઈ ઘણા પ્રેમથી પોતાના પુત્રને પ્રેમપૂર્વક ત્યાં રહેવા માટે આજ્ઞા આપી. ૨૧.

❁ બાલશર્માએ આપેલ ધર્મ ભક્તિને શીખામણ :

બાલકરામે રૂપના નિધિ જેવા તથા શુભ ગુણના સાગર ગુણવાન પોતાના પુત્રને સસરાને ઘેર રહેવા માટે આજ્ઞા આપી. અને તે સમયે પોતાના પુત્રને અનેક રીતે ધર્મ, જ્ઞાન અને નીતિ ભરેલી શીખામણ ઘણા હેતથી કહી. ૨૨. દ્વિજવર દેવશર્માએ પોતાના પિતાની આજ્ઞા સ્વીકારી. બધી જાતના ક્લેશો તજી દઈને દિલમાં પ્રસન્ન થયા. ઘણા સુજ્ઞ, ગુણવાન દેવશર્મા પાંડે સસરાને ઘેર ઘરજમાઈનાં રૂપમાં રહ્યા. ૨૩.

પાંડે બાલકરામે સુખરૂપ, અનુપમ, ઘણા સદ્ગ્રંથોનો મર્મ વિચાર્યો. અને તેની અંદરના પણ અનેક જાતના પ્રકારો વિચારીને પછી તેણે પુત્રવધૂ બાલા(ભક્તિ)ને પતિવ્રતાના ધર્મ કહ્યા. ૨૪. પતિવ્રતાના જેટલા વિશિષ્ટ ધર્મ કહેવાય છે તે બધા પુત્રવધૂ બાલાદેવીમાં દઢપણે દેખ્યા. અને તે બાલાદેવીને પોતાના પતિમાં જેટલો પ્રેમ હતો તેટલો અન્ય કોઈ સ્ત્રીને પોતાના પતિમાં પ્રેમ હોય તેવું દેખાયું નહિ. ૨૫.

प्रेमवती व्रत धर्ममें भारी, पांडे बालकराम बिच्यारी ॥
गुन अनुसार भक्ति कर नामा, नाम प्रेमवती धर्यो अभिरामा ॥२६॥
प्रेमवती कर रीत निहारी, अन्य त्रिया ते करे अनुसारी ॥
भयो पतिव्रत धर्म में प्यारा, आन नारीकुं बहुत प्रकारा ॥२७॥
गृहस्थाश्रम कर धर्म सुनावा, निज सुतकुं सब कही समुजावा ॥
युंही हरिभक्ति करनकी रीति, कही प्रभु संग बढे ज्युं प्रीति ॥२८॥
दोहा : बढे प्रेम प्रभुपद विशे, दीन शिक्षा श्रुति सार ॥
त्युं एकादशी व्रत सब, कहे करन करी प्यार ॥२९॥
श्रीरघुवर कर भक्त में, मुख्य मारुति जेह ॥
ए अपने कुलदेव हे, पूजउ सो करी नेह ॥३०॥

તેથી પાંડે બાલકરામે મનમાં વિચાર કર્યો કે પુત્રવધૂ બાલા તેના પતિ દેવશર્મામાં અતિશય પ્રેમયુક્ત છે અને ધર્મ પાળવામાં ભારે વ્રતવાળા છે. તે પછી તેનું ગુણને અનુસારે તેમણે પણ ભક્તિ એવું નામ કર્યું અને બીજું એક મનોહર 'પ્રેમવતી' એવું નામ ધારણ કરાવ્યું. ૨૬. પ્રેમવતી(બાલા)ની રીતિને દેખીને બધી જ સ્ત્રીઓ તેને અનુસરવા લાગી. અને તે બધી સ્ત્રીઓને અનેક રીતે પતિવ્રતાના ધર્મમાં પ્રેમ થયો. ૨૭.

બાલકરામે પોતાના પુત્ર દેવશર્માને ગૃહસ્થાશ્રમના બધા ધર્મ કહીને સમજાવ્યા. વળી પરમાત્માનાં સ્વરૂપમાં પ્રેમ વધે તેવી પરમાત્માની ભક્તિ કરવાની બધી રીત પણ કહી. ૨૮. વળી, ભગવાનનાં ચરણમાં જે રીતે પ્રેમ વધે એવી વેદના સારભૂત શિક્ષા કહી અને પ્રેમથી બધી એકાદશીનું વ્રત કરવાનું પણ કહ્યું. ૨૯. શ્રીરામચંદ્રજીના ભક્તોમાં મુખ્ય ગણાતા મરુત્પુત્ર હનુમાનજી આપણા કુળદેવ છે એટલે તમારે તેમની પ્રેમથી પૂજા કરવી, એમ કહ્યું. ૩૦. આપણા કુળદેવીના રૂપમાં લક્ષ્મીજી તથા પાર્વતીજી છે. માટે તેની આગળ ઉત્સવના દિવસે પવિત્ર

सोरठा : निज कुल कमला भवानी, दिप दानकर दीन शुभग ॥
पूजीयें प्रेम उर आनी, करी शास्त्र विधि अति सरस ॥३१॥
बालशर्मा करी प्यार, पुत्र ही शिक्षा दिन शुभ ॥
गमन करन भये त्यार, कृष्णशर्मा कर आग्या ग्रही ॥३२॥

चोपाई :
चली बरात ले आग्या मागी, बालकराम पांडे बडभागी ॥
धर्म तात पोंचे निजधामा, भजे यहाँ धर्मभक्ति घनश्यामा ॥३३॥
धर्मदेव निज पत्नी सहिता, गृहस्थ धर्म पालत एक चिता ॥
कबहुं कष्टमां चुक न पारे, राखत सदा शास्त्र अनुसारे ॥३४॥
धर्मज्ञ मानुष्य कर संगे, बैठत उठत धर्म उमंगे ॥
कहत न मुखते पर कर दोषा, व्यर्थ न बोलत परम संतोषा ॥३५॥

ઘીનો દીવો કરવો અને શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે હૃદયના પ્રેમથી પૂજા કરવી. ૩૧. આ રીતે બાલકરામે ઘણા પ્રેમથી પોતાના પુત્ર દેવશર્માને ઘણા શુભ શિક્ષાનાં વચન કહ્યા. તે પછી કાળુ તિવારીની પાસેથી રજા લઈ અને પોતાને ઘેર જવા માટે તૈયાર થયા. ૩૨. ભાગ્યશાળી પાંડે બાલકરામ વેવાઈની રજા લઈને જાન સાથે ચાલ્યા ગયા. અને તે પોતાને ઘેર પહોંચ્યા. ત્યાં રહીને તેમણે જીવનમાં ધર્મે સહિત ભક્તિ દ્વારાએ ઘનશ્યામનું ભજન કર્યું. અથાત્ સદાચારમય ધર્મે સહિત ભગવાનનાં સ્વરૂપમાં ભક્તિ કરી. ૩૩. અહીંયા છપૈયામાં ધર્મદેવ પોતાની પત્ની ભક્તિદેવીએ સહિત એકાગ્ર મન રાખીને ગૃહસ્થના ધર્મને પાળતા હતા. ક્યારેક કોઈ કષ્ટ આવી પડે તોપણ ધર્મમાં ભૂલ પડવા દેતા નહિ અને શાસ્ત્રને અનુસારે હંમેશાં પોતાનું વર્તન રાખતા હતા. ૩૪. ધર્મદેવ કોઈ ધાર્મિક મનુષ્ય હોય તો તેમનો જ સહવાસ રાખતા અને ઉમંગથી ધર્મવાળાની સાથે જ બેઠતા ઊઠતા. તેઓ પોતાના મુખથી પારકા દોષ કહેતા નહિ. પરમ સંતોષ રાખીને નિષ્પ્રયોજન વાત બોલતા નહિ. ૩૫.

धर्मनिष्ठ सब यहि विधि जानी, धर्म नाम धर्यो अति अघहानी ॥
धर्म धर्म कही सबही बोलावे, धर्म रूप जानी मुद पावे ॥३६॥
स्वधर्मनिष्ठ कृष्ण कर भक्ति, धर्मभक्ति दोउ विषय बिरक्ति ॥
श्रुति स्मृति कहा आचारा, दृढ पालत सब परम उदारा ॥३७॥
आदर करी जथाविधि तेहा, जन्माष्टमी आदिक जेहा ॥
करत हे व्रत अति अनुरागा, धर्म ज्ञान जुत दोउ बडभागा ॥३८॥
कृष्ण भक्ति करे अखंड प्रबीना, धर्म रु भक्ति प्रेम भर भीना ॥
मुनि श्राप करी अवनि मांई, उत्पन्न भये ऋषि गन आंई ॥३९॥
धर्म ज्ञान वैराग्य सहिता, पायेउ भक्ति परम पुनिता ॥
पीछे भक्ति धर्म के एका, भयो पुत्र अति परम विवेका ॥४०॥

તેમને બધી રીતે ધર્મનિષ્ઠ જાણીને લોકો પાપનાશક 'ધર્મ' એવા નામથી બોલાવતા હતા. જ્યારે બધા લોકો ધર્મ એવા નામથી બોલાવતા ત્યારે પોતે પણ પોતાને ધર્મરૂપ સમજીને હર્ષ પામતા હતા. ૩૬. દેવશર્મા અને બાલાદેવી અર્થાત્ ધર્મ અને ભક્તિ બંને સ્વધર્મમાં તત્પર રહીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરતા હતા. તેમજ તે બંનેને વિષયમાં વૈરાગ્ય ભાવના હતી. તેમજ શ્રુતિ અને સ્મૃતિએ કહેલા બધા સદાચારોનું તેઓ દઢતાથી પાલન કરતા હતા અને અતિશય ઉદાર વિશાળ ભાવનાવાળા હતા. ૩૭. તેઓ ઘણા આદરભાવથી જન્માષ્ટમી આદિના વ્રતોને વિધિપુરઃસર કરતા હતા તથા અતિ પ્રેમથી તે દિવસે ઉપવાસ કરતા હતા. મહાભાગ્યશાળી તે બંને ધર્મ તથા જ્ઞાનથી યુક્ત રહેતા હતા. ૩૮. પરસ્પર સ્નેહભાવનાથી ભીંજાયેલા ધર્મ અને ભક્તિ ઘણા કુશળ હતા અને અખંડ શ્રીકૃષ્ણની ભક્તિ કરતા હતા. ધર્મ અને ભક્તિ સિવાયના બીજા પણ અનેક ઋષિઓ દુર્વાસાના શાપથી આ ભૂમિ ઉપર મનુષ્ય જન્મને પામ્યા હતા. ૩૯. ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્યે સહિત ભક્તિને પામેલા તે બધા ઋષિઓ પરમ પવિત્ર હતા.

रामप्रताप वर नाम उदारा, श्रीहरिकृष्ण संग दृढ प्यारा ॥
सुत सहित रहे छपिया मांई, धर्मभक्ति भजे हरि मुद पाई ॥४१॥

भयो असुर कर अति उतपाता, कही न बने मुखते कछु बाता ॥
प्रथम भूमि पर धर्म कुठारा, उत्पन्न भये असुर भुभारा ॥४२॥

दोहा : धर्मवान हरिभक्तकुं, असुर अति मतिमंद ॥
बहु विधि पीडत पापमति, निर्भय फिरत स्वछंद ॥४३॥

देत कष्ट द्विज संतकुं, एसे असुर मति क्रूर ॥
ज्युं दुःख पावे संत जन, त्युंही करत असुर ॥४४॥

सोरठा : निज शत्रु सम जानि, ऋषि मात्रकुं अवनी पर ॥
असुर अति अभिमानि, पीडत शांति न लहत संत ॥४५॥

તે અરસામાં ધર્મ તથા ભક્તિને અતિશય પરમ વિવેકી એક પુત્રનો જન્મ થયો. ૪૦. **તેનું સર્વોત્તમ રામપ્રતાપ આવું નામ રાખ્યું હતું.** તેને શ્રીહરિકૃષ્ણનાં સ્વરૂપમાં દૃઢ પ્રેમ હતો. ધર્મ અને ભક્તિ બંને પોતાના એક પુત્રની સાથે છપૈયામાં રહ્યા હતા અને પ્રેમથી ભગવાનનું ભજન કરતા હતા. ૪૧. આ દિવસોમાં અસુરો તરફથી અતિશય ઉત્પાત થયો. જેનું મુખથી કાંઈ વર્ણન કરી શકાતું નથી. પહેલા તો ધર્મને માટે કુહાડા જેવા પૃથ્વીના ભારભૂત અસુરો ઉત્પન્ન થયા. ૪૨. તે અતિશય બુદ્ધિહીન અસુરો ધર્મવાળા ભગવાનના ભક્તને ઘણી રીતે પીડતા હતા અને તે પાપબુદ્ધિના લોકો નિર્ભયપણે સ્વતંત્ર રીતે ઘૂમતા રહેતા હતા. ૪૩. બ્રાહ્મણો તથા સંતોને કષ્ટ દેનારા અસુરોની બુદ્ધિ અતિશય ક્રૂર હતી. જે રીતે સંતજનો દુઃખ પામે તે રીતે અસુરો કાર્ય કરતા હતા. ૪૪. અતિશય અભિમાની અસુરો આ ભૂમિ ઉપર રહેલા ઋષિમાત્રને પોતાના શત્રુ સમાન દેખતા હતા અને તેમને પીડતા હતા. તેથી કોઈ સંતને શાંતિ રહેતી નહિ. ૪૫.

धर्म भक्ति कुं देत, कष्ट असुर निज शत्रु लिखी ॥
प्रेमानंद कहे प्रेत, पीडत पुनी पुनी दुष्ट मति ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते धर्मभक्ति विवाह पुत्रजन्म नामा षष्ठोऽध्यायः ॥६॥



अध्याय - ७

दोहा : तेही कारन निज भुवन तजी, पत्नी सहित वृषराय ॥
जानी उपद्रव असुर को, बसे अवध महिं आय ॥०१॥
देत दैत्य दुःख अवध मांहीं, शांति लहत न लेश ॥
तजी अवध तब तीर्थ मीष, निकसे देश विदेश ॥०२॥

પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે અસુરો ધર્મ તથા ભક્તિને પોતાના શત્રુનાં રૂપમાં દેખીને ઘણું કષ્ટ આપતા હતા. અને દુષ્ટ બુદ્ધિવાળા તે પ્રેતની જેમ વારંવાર પીડતા હતા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ધર્મ ભક્તિનો વિવાહ તથા એક પુત્રનો જન્મ થયો' એ નામે છઠ્ઠો અધ્યાય સમાપ્ત-૬



અધ્યાય - ૭

ધર્મદેવનું તીર્થાટન તથા રામાનંદ સ્વામીનો મેળાપ વગેરે

અસુરોનો ઉપદ્રવ થતો હતો તેટલા માટે જ ધર્મદેવ પોતાની પત્નીએ સહિત છપૈયાનું ઘર છોડીને અયોધ્યામાં આવીને રહ્યા. ૧. અયોધ્યામાં પણ દૈત્યો ઘણું દુઃખ આપવા લાગ્યા. ત્યાં લેશ પણ શાંતિ ન રહી. પછી તો અયોધ્યાનો પણ ત્યાગ કરી તીર્થયાત્રાને નિમિત્તે દેશ વિદેશમાં ફરવા નીકળી ગયા. ૨. કાશીથી લઈને પ્રયાગ સુધીના બધા

सोरठा : काशी प्राग पर्यन्त, फिरे धर्म सब तीर्थ महिं ॥
तहाँ तहाँ दीन अत्यंत, कष्ट असुर अधर्म मिली ॥०३॥
रहे प्राग महीं धर्म, करी स्नान त्रिबेनी शुभ ॥
संध्या वंदन कर्म, किन धर्म होई मुदित मन ॥०४॥

चोपाई :
तीर्थ यात्रा करत दयाला, आये प्राग श्रीधर्म कृपाला ॥
तहाँ मिली गये रामानंदस्वामी, एही उद्धव अवतार बहुनामी ॥०५॥
शिष्य सहित निरखे भरी नेना, हरखे धर्म परम सुखदेना ॥
मूर्ति सहित करी प्रनति उदारा, कीन वंदन पुनी बार ही बारा ॥०६॥
अब उद्धव धरी द्विजकुल देहा, बरनूँ कछु करी परम सनेहा ॥
अवध महिं द्विज महिं शुभ गुणधामा, सरवरिया शुभ अजय हे नामा ॥०७॥

તીર્થોમાં ધર્મદેવ ફર્યા. જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં અસુરો તથા અધર્મે મળીને ધર્મને અત્યંત કષ્ટ આપ્યું. ૩. ધર્મદેવ પ્રયાગમાં આવીને રહ્યા. ત્યાં તેમણે શુભ ત્રિવેણી તીર્થમાં સ્નાન કર્યું. અને પ્રસન્ન મનથી સંધ્યા આદિ કર્મ પણ કર્યું. ૪.

દયાળુ શ્રીધર્મદેવ તીર્થયાત્રા કરતા કરતા જ્યારે પ્રયાગ આવ્યા, ત્યારે ત્યાં ઉદ્ધવના અવતારરૂપ બહુનામી શ્રીરામાનંદ સ્વામી તેમને મળી ગયા. ૫. ધર્મદેવે શિષ્યે સહિત બેઠેલા રામાનંદ સ્વામીને પોતાની આંખોથી સંતોષ પૂર્વક જોયા. અને પરમ સુખદાયક સ્વામીનાં દર્શન કરીને ધર્મદેવને ઘણો હર્ષ થયો. મૂર્તિએ સહિત ધર્મદેવે રામાનંદ સ્વામીને વિશાળ ભાવનાથી પ્રણામ કર્યા અને વારંવાર વંદન કર્યા. ૬.

❁ રામાનંદ સ્વામીનો જન્મ તથા ગૃહત્યાગ :

હવે હું ઉદ્ધવજીએ દ્વિજકુળમાં જે દેહ ધારણ કર્યો હતો તેનું ઘણા સ્નેહથી વર્ણન કરું છું. અયોધ્યાપુરીમાં બધા જ શુભ ગુણોનાં ધામ જેવા અજય નામે એક સારા પવિત્ર સરવરિયા બ્રાહ્મણ હતા. ૭. તેમનું પરમ

काश्यप गोत्र हे परम उदारु, अश्वलायनि शाखा च्यारु ॥
ऋग्वेदी द्विज स्वधर्मवाना, कृष्ण उपासक परम सुजाना ॥०८॥
कमल नयन श्रीकृष्णकुं जाने, दृढ निज इष्ट भाग्य बड माने ॥
पुनित मति सद् सरल स्वभाउ, विद्या विनय जुक्त द्विज राउ ॥०९॥
जितेन्द्रिय सत्यवादी सदाई, धर्म शील यह सम कोउ नाई ॥
सो द्विजवरकी सुमति नारी, परम सति रु पतिवृता भारी ॥१०॥
दुरवासा कर श्राप सुँ लीना, अवनी जन्म उद्धव प्रवीना ॥
संवत सत्तर पंचानवा मांई, वर्षा ऋतु परम सुखदाई ॥११॥
असीत पक्ष सावन हे मासा, तिथि अष्टमी पुन्य निवासा ॥
प्रातःकाल भये प्रादुर आई, श्रीउद्धव हे बिदित जग मांई ॥१२॥
द्विजवर कीन निगम अनुसारा, जातकर्मादि सकल संस्कारा ॥

ઉદાર ગોત્ર કશ્યપ હતું અને આશ્વલાયન નામે ઉત્તમ શાખા હતી. તે સ્વધર્મનિષ્ઠ વિપ્ર ઋગ્વેદી હતા અને શ્રીકૃષ્ણની ઉપાસના કરનારા પરમ જ્ઞાની હતા. ૮. કમળ સમાન નેત્રવાળા એવા શ્રીકૃષ્ણ ભગવાનને તેણે પોતાના ઈષ્ટદેવનાં રૂપમાં દઢપણે સ્વીકારીને મોટું ભાગ્ય માન્યું હતું. તેમની બુદ્ધિ ઘણી પવિત્ર હતી. અને તે સારા, સરળ સ્વભાવ તથા વિદ્યા અને વિનય આદિ ગુણોથી યુક્ત હતા. ૯. તેઓ જીવનમાં જિતેન્દ્રિય, સત્યવાદી અને હંમેશાં ધર્મશીલ હતા. તેમના સમાન બીજા કોઈ ન હતા. તે વિપ્રવર્યની સુમતિ નામે પત્ની હતી. તે શ્રેષ્ઠ સતી અને ભારે પતિવ્રતા હતી. ૧૦. દુર્વાસાના શાપથી વિચક્ષણ ભક્ત ઉદ્ધવજીએ ભૂમિ ઉપર જન્મ ધારણ કર્યો.

ત્યારે વિ.સં.૧૭૯૫ના વર્ષમાં પરમ સુખદાયી વર્ષાઋતુ હતી. શ્રાવણ માસના કૃષ્ણપક્ષની અષ્ટમીની તિથિ હતી. ત્યારે જે ઉદ્ધવ નામે સર્વ જગતમાં પ્રસિદ્ધ છે તે ભક્ત પ્રાતઃકાળના સમયમાં અજય વિપ્રથી તેની પત્ની સુમતિને ખોળે પ્રગટ થયા. ૧૧-૧૨.

एही विधि द्विजकुल प्रगटे धीरा, श्रीउद्धव वरज्ञान गंभीरा ॥१३॥
समय पाय उपवीत सुदीना, भये उद्धव अति परम प्रवीना ॥
हे उद्धव पुरव अभ्यासी, बालपनासु प्रिय अविनाशी ॥१४॥

दोहा : धर्म ज्ञान वैराग्य जुत, भक्ति अति अविकारी ॥
उद्धव उर में चढी गई, पूरन प्रेम खुमारी ॥१५॥
वैराग्य तिव्र कर वेगसुँ, निज घर कीना त्याग ॥
रही बरनी व्रत नेममें, जीत्यो मन बडभाग ॥१६॥

सोरठा : श्रीरामानुज स्वामी, मिले परम बिग्यानघन ॥
पाये दिक्षा बहुनामी, भये शिष्य रामानुज कर ॥१७॥
नीरखे कृष्ण क्रिपाल, प्रगट रूप उर महीं सुखद ॥

દ્વિજવર અજય વિપ્રે વેદ પ્રમાણે પુત્રના જાત કર્માદિ બધા સંસ્કાર કર્યા. આ પ્રમાણે શ્રેષ્ઠ જ્ઞાન ગંભીર અને ધીર સ્વભાવના ઉદ્ધવજી તે ઉપર કહેલા વિપ્રનાં કુળમાં પ્રગટ થયા. ૧૩. જ્યારે યોગ્ય સમય થયો ત્યારે તેમનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો. તે ઉદ્ધવજી ઘણા જ વિચક્ષણ થયા. ઉદ્ધવજી પૂર્વના શુભ સંસ્કારવાળા હતા. તેમને બચપણથી જ અવિનાશી પરમાત્મા પ્રિય લાગતા હતા. ૧૪. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત અતિશય નિર્દોષ એવી ભક્તિ ઉદ્ધવજીનાં હૃદયમાં આવી વસી હતી અને તેમને ભગવત્પ્રેમની અતિશય પૂરી ખુમારી હતી. ૧૫.

મહાભાગ્યશાળી ઉદ્ધવજીએ તીવ્ર વૈરાગ્યના વેગથી પોતાના ઘરનો ત્યાગ કર્યો. વળી તેમણે બ્રહ્મચર્ય વ્રતનાં નિયમમાં રહીને પોતાનાં મનને પણ જીતી લીધું હતું. ૧૬. જેનામાં વિશિષ્ટ પ્રકારનું સુદૃઢ અને ઘનિષ્ઠ જ્ઞાન હતું, આવા ઉદ્ધવજીને ફરતા ફરતા શ્રીરંગ ક્ષેત્રમાં શ્રીરામાનુજાચાર્યનો મેળાપ થયો ત્યારે તેમની પાસેથી બહુનામી ઉદ્ધવજી દીક્ષા પામ્યા અને તે રામાનુજાચાર્યના શિષ્ય બન્યા. ૧૭. ઉદ્ધવજીને હૃદયમાં પરમ સુખકારી અને કૃપાળુ એવા શ્રીકૃષ્ણ ભગવાનનાં (વૃંદાવનમાં) પ્રગટ

मिट्यो उर शंसे साल, करत मुदित तीर्थ सकल ॥१८॥

चोपाई :

तीरथ सकल विचरी बहुनामी, किन सकल जनमन निष्कामी ॥
सब जग महीं परम विख्याता, रामानंद स्वामी सुखदाता ॥१९॥
धर्म सहित महा मंगलरूपा, कृष्ण भक्ति करे परम अनूपा ॥
देत सबहीकुं सत्य उपदेशा, निज स्वारथ नाहीं लवलेशा ॥२०॥
एसे स्वामी परम उपगारु, करत भक्ति उपदेश उदारु ॥
भक्तिमग भये परम विख्याता, जानत जगती अखिल सुखदाता ॥२१॥
श्रीउद्धव अवनी अविकारी, विचरत मुक्त महा व्रतधारी ॥
फीरत फीरत आये अविनाशी, तीर्थ प्राग जिहाँ सुखराशी ॥२२॥

રૂપમાં દર્શન થયા. પછી તેનાં દિલમાંથી સંશયનો કાંટો નીકળી ગયો અને પ્રસન્ન મનથી સમગ્ર તીર્થમાં ફરતા રહ્યા. ૧૮. બહુનામી રામાનંદ સ્વામીએ સમગ્ર તીર્થોમાં વિચરણ કર્યું. અને જે જે મળ્યા તે સહુના મનને નિષ્કામી કર્યા. સુખદાતા રામાનંદ સ્વામી સમગ્ર જગતમાં પરમ પ્રસિદ્ધિ પામ્યા. ૧૯. તેઓ ધર્મે સહિત મંગળરૂપ, અતિશય અનુપમ શ્રીકૃષ્ણની ભક્તિને કરતા હતા. સહુ લોકોને સત્યનો ઉપદેશ કરતા હતા. જેમાં તેમને લવલેશ પણ સ્વાર્થ રહેતો નહિ. ૨૦. આવા રામાનંદ સ્વામી અતિશય ઉપકારક હતા અને ઉદાર સ્વભાવથી ભક્તિનો ઉપદેશ કરતા હતા. તેઓ ભક્તિમાર્ગમાં અત્યંત પ્રસિદ્ધ થયા અને દુનિયામાં લોકો તેમને સહુને સુખ આપનારા તરીકે જાણતા થયા. ૨૧. તે નિર્વિકારી સ્વભાવના મહાન વ્રતધારી મુક્ત જેવા ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી ભૂમિ ઉપર વિચરણ કરતા હતા.

સુખરાશિ અને અવિનાશી તે સ્વામી ફરતા ફરતા પ્રયાગ તીર્થમાં આવ્યા. ૨૨. ત્યાં તે સ્વામીનો અને ધર્મદેવનો પરમ પાવન તથા નિષ્પાપ મેળાપ થયો. રામાનંદ સ્વામીએ ધર્મદેવની આગળ સુંદર ભગવાનની

तहाँ उद्धव पुनी धर्म मिलापा, भयो परम पावन निष्पापा ॥
कही हरि कथा धर्मकुं नीकी, मिटे पीर सुनते भवहीकी ॥२३॥
स्वामी वचन सुनते बलवाना, धर्म भक्ति भये शांत सुजाना ॥
जहाँ असुर कोउ आवे नाई, रहे दंपति तहाँ अति मुदपाई ॥२४॥
तेही निसि स्वामीके संगा, धर्म भक्ति रहे परम उमंगा ॥
स्वामी चरन सेवा सुखदाई, कीनी धर्म परम हरखाई ॥२५॥
चरन सेव करते निशी मांई, भयो स्वप्न सुंदर सुखदाई ॥
देखा स्वप्न में तेज विसाला, निरखे तेज महिं कृष्ण क्रीपाला ॥२६॥
सो श्रीकृष्ण हे प्रगट स्वरूपा, नखशिख निरखे अखील जगभूपा ॥
तब उद्धव स्वामीकुं जाना, अति प्रतापी लखी भये गुलताना ॥२७॥

કથા કહી. તે સાંભળવાથી તેમની બધી સંસારની પીડા ટળી ગઈ. ૨૩. રામાનંદ સ્વામીનાં ભગવાનનાં આશ્રયનાં બળવાળાં વચન સાંભળીને સુજ્ઞ ધર્મદેવ તથા ભક્તિદેવીને શાંતિ થઈ. જ્યાં કોઈ અસુર આવી ન શકે તેવા સ્થાનમાં ધર્મ તથા ભક્તિ બંને અતિશય પ્રસન્નતાથી રહેતા હતા. ૨૪.

❁ ધર્મદેવને ગુરુકૃપાથી સ્વપ્નમાં પ્રભુનાં દિવ્યદર્શન :

એક રાત્રિએ ધર્મ તથા ભક્તિ ઘણા ઉમંગથી રામાનંદ સ્વામીની સાથે રહ્યા. ધર્મદેવે ઘણા હરખથી સુખરૂપ સ્વામીનાં ચરણોની સેવા કરી. ૨૫. તેઓ જ્યારે રાતે રામાનંદ સ્વામીનાં ચરણની સેવા કરતા હતા ત્યારે તેમને સુખદાયક સુંદર સ્વપ્નનો અનુભવ થયો. અને તે સ્વપ્નમાં વિશાળ તેજ દેખ્યું. અને તે તેજમાં કૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થયા. ૨૬. તે સર્વ જગતના માલિક એવા શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રગટ સ્વરૂપનાં નખશિખ સુધી દર્શન કર્યાં. ત્યારે ધર્મદેવે ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીને અતિશય પ્રતાપી જોયા. પછી તો તે અતિશય આનંદમાં ગુલતાન થઈ ગયા. ૨૭.

उद्धवकुं जानी अघहारी, सद्‌गुरु समर्थ हे अति भारी ॥
धर्म भक्ति करी प्रीत नवीनी, शिष्य होनकी ईछा कीनी ॥२८॥

दोहा : उद्धव स्वामी सुँ ग्रही, वैष्णवी दीक्षा च्यारु ॥
धर्म भक्ति पाये दोउ, प्रमुदीत होय उदारु ॥२९॥

पुनी अष्टा अक्षर मंत्र को, कींन स्वामी उपदेश ॥
कहा रहस्य सो मंत्र कर, सबही प्रकार अशेष ॥३०॥

सोरठा : उद्धव संप्रदाय, ताकी सब विधि रीत कही ॥
कहे सबही समुजाय, अहिंसादिक नियम यम ॥३१॥

स्वधर्म ज्ञान वैराग्य, तेही जुक्त श्रीकृष्ण कर ॥
भक्ति भक्त सोहाग, करी उद्धव करी नेह नव ॥३२॥

સર્વ પાપને ટાળનારા જે ઉદ્ધવ છે તે જ અતિશય સમર્થ સદ્‌ગુરુ છે; એમ મનમાં સમજીને ધર્મ અને ભક્તિ, એ બંનેને એકદમ નવો પ્રેમ થયો અને રામાનંદ સ્વામીના શિષ્ય થવાની ઈચ્છા કરી. ૨૮. પછી તે બંનેએ ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી પાસેથી સુંદર વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરી. ઉદાર સ્વભાવના ધર્મ ભક્તિ, બંનેએ પ્રસન્ન મનથી તે દીક્ષા પ્રાપ્ત કરી. ૨૯.

પછી રામાનંદ સ્વામીએ ધર્મ અને ભક્તિને અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. અને તે મંત્રનું બધી જ પ્રકારનું જે રહસ્ય હતું તે પણ સંપૂર્ણપણે કહ્યું. ૩૦. તે સિવાય ઉદ્ધવ સંપ્રદાયના જે બીજા બધા વિધિ વિધાન અને રીત હતી તે બધી કહી.

અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ જેવા યમ તથા શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને પરમાત્માનું ધ્યાન તે નિયમ; તે બધા જ સમજાવીને કહ્યા. ૩૧. ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીએ અતિશય પ્રેમથી સ્વધર્મ, જ્ઞાન તથા વૈરાગ્યે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની પતિવ્રતાના જેવી ભક્તિ કહી. ૩૨.

चोपाई :

अनन्य भक्ति हरिकी अवशेषा, धर्मभक्तिकुं कही सकलेशा ॥
उद्धव स्वामी परम प्रवीना, धर्मभक्तिकुं शुभमति चींना ॥३३॥

तुम हो दोउ शुभ गुनवाना, धर्मभक्ति तुम परम सुजाना ॥
ताते हमरे शिष्यनमाई, मुख्य आज ते सुनो वृषराई ॥३४॥

अब जाओ दंपति घर दोउ, भजो श्रीकृष्ण मनसी मुद होउ ॥
करना जाय श्रीकृष्ण गुणगाना, निर्भै होइ तुम परम सुजाना ॥३५॥

निज आश्रित जनकुं उपदेशा, कृष्णमंत्र कर करउ द्विजेशा ॥
हमरी आग्या बल उर लाई, देउ उपदेश परम मुद पाई ॥३६॥

પરમ પ્રવીણ રામાનંદ સ્વામીએ ધર્મ તથા ભક્તિને સાંગોપાંગ એવી ભગવાનની સંપૂર્ણ અનન્ય ભક્તિ કહી. અને તે બંનેની શુદ્ધ બુદ્ધિને ઓળખી લીધી. ૩૩. ધર્મ અને ભક્તિ, તમે બંને શુભગુણવાળા છો અને ઘણા સમજણા છો. માટે ધર્મદેવ, તમે સાંભળો આજથી મારા જેટલા શિષ્યો છે; તે બધામાં તમે મુખ્ય છો. ૩૪.

હવે તમે પતિ પત્ની બંને તમારે ઘેર જાઓ અને મનમાં પ્રસન્ન રહીને શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરો. તમારે ઘેર જઈને ઉત્તમ સમજણપૂર્વક, નિર્ભય થઈને શ્રીકૃષ્ણ ભગવાનનાં ગુણોનું કીર્તન કરવું. ૩૫. તમે જે તમારા આશ્રિત થાય તે બધા મનુષ્યોને વ્રજરાજ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરજો. મારી આજ્ઞાનું હૃદયમાં બળ રાખીને મુમુક્ષુઓને કલ્યાણકારી ઉપદેશ હર્ષપૂર્વક કરજો. ૩૬.

ગુરુ રામાનંદ સ્વામીનાં વચનને ધર્મ ભક્તિ, બંનેએ માથે ચઢાવ્યા. પછી તેઓ તરત ઘેર આવ્યા અને તેમને પ્રેમમય ભક્તિની ખુમારી ચઢી. પછીના દિવસોમાં વિપ્ર ઇત્યાદિક વર્ણો પરિવારે સહિત ધર્મદેવના અસંખ્ય શિષ્યો થયા. ૩૭.

गुरुवचन दोउ शिर पर धारी, आये घर वृष प्रेम खुमारी ॥
भये धर्म कर शिष्य अपारा, विप्रादिक सहित परिवारा ॥३७॥
लावत हे शिष्य धन धान्यादि, वाहन बसन रु भूषन आदि ॥
तेही करी होत धर्म निर्वाहा, आवत हे जो हरी इछाहा ॥३८॥
करी उपदेश आस नहीं राखे, याचक शब्द बदनते न भाखे ॥
अस विधि कीन धर्म सनमाना, सबही शिष्य मिली परम सुजाना ॥३९॥
तेही करी भये धर्म श्रीवंता, जानत जगति सकल जग जनता ॥
धर्म धर्म कर आश्रित दासा, करत असुर तीन कर उपहासा ॥४०॥
करत असुर पीरा बड भारी, पावत कष्ट अमित नरनारी ॥

તે પછી જે ધર્મદેવના શિષ્યો થયા હતા તે બધા પોતાના ગુરુ ધર્મદેવને માટે ધન, ધાન્યાદિક, વાહન, વસ્ત્ર અને ઘરેણાં વગેરે પદાર્થોને ચરણભેટના રૂપમાં લાવતા હતા. ભગવાનની ઈચ્છાથી જે કાંઈ આવતું હતું તેનાથી ધર્મદેવનો જીવનનિર્વાહ થતો હતો. ૩૮.

ધર્મદેવ લોકોને કલ્યાણકારી ઉપદેશ આપતા હતા, છતાં શિષ્યો આગળ કોઈ જાતની આશા રાખતા નહિ. અને માગણીનો કોઈ શબ્દ તો ક્યારેય મુખથી બોલતા નહિ. આવા ટેકવાળા અને સદ્ધર્મમાં નિષ્ઠા જોઈને તેમના બધા શ્રેષ્ઠ સુજ્ઞ શિષ્યો મળીને ધર્મદેવનું સન્માન કરતા હતા. ૩૯.

❁ અસુરોએ આપેલું ધર્મ ભક્તિને દુઃખ :

શિષ્યોએ કરેલી સેવાને લીધે ધર્મદેવ શ્રીમંત થયા. અને જગતમાં બધા જ લોકો તે રીતે ધર્મદેવને જાણતા થયા. તેમના આશ્રિત ભક્તો 'ધર્મ.. ધર્મ..' આવું બોલતા હતા. ત્યારે અસુર લોકો ધર્મદેવની મશ્કરી કરતા હતા. ૪૦. પછી તો અસુર લોકો ઘણી ભારે પીડા કરવા લાગ્યા. અને તેને લીધે તેમને વિષે હેતવાળા અનેક નરનારીઓ દુઃખી થઈ

धर्म जीविका जेजे होई, पशु तुरंग धन भूषन सोई ॥४१॥
सो सब तुरत दुष्ट हरि लिना, असुर दैत्य मिलि दुख बहु दिना ॥
एही विधि कीन परम अपमाना, कलिमल रूप असुर बलवाना ॥४२॥
दोहा : भये अकिंचन धर्म तब, नहिं ग्लानि मन रंच ॥
भजे मगन श्रीकृष्ण पद, तजी सकल परपंच ॥४३॥
धीरज दिनी भक्तिकुं, धर्मदेव महा धीर ॥
विनय सहित कही बचन वर, हरन सकल मनपीर ॥४४॥
सोरठा : देखी सति महा दुख, रुदन न कीजे सुभगमति ॥
करीहे सकल विधि सुख, कृष्ण कमलदृग सुखसदन ॥४५॥

ગયા. અસુરોએ ધર્મદેવની આજીવિકાની જે કોઈ વસ્તુ હતી તે તથા અશ્વ ઈત્યાદિક પશુ, ધન, ઘરેણાં, જે કાંઈ હતું તે બધુ તરત જ લૂંટી લીધું. આમ તે અસુરો અને દૈત્યોએ મળીને ધર્મદેવને અપાર દુઃખ દીધું. કળિયુગના મળરૂપ તે બળવાન અસુરોએ આ રીતે ધર્મદેવનું અતિશય અપમાન કર્યું. ૪૧-૪૨.

અસુરોના ઉપદ્રવથી ધર્મદેવ એકદમ ગરીબ થઈ ગયા. પણ તેમના મનમાં તે બાબતનું રંચમાત્ર પણ દુઃખ ન હતું. બધા જ પ્રપંચોને છોડી દઈ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણમાં જ મગ્ન રહીને ભજન કરતા હતા. ૪૩. અતિશય ધૈર્ય રાખનારા ધર્મદેવે મનની બધી પીડાને હરનારા, વિનયભર્યાં વચનો કહીને ભક્તિદેવીને પણ ધીરજ આપી. ૪૪.

ધર્મદેવે ભક્તિને કહ્યું કે 'હે સતિ ! તમે તો ઘણી ઊંચી બુદ્ધિવાળા છો. એટલે આવા મહાન દુઃખને દેખીને તમારે રડવું ન જોઈએ. કમળનયન અને સુખના આશ્રયભૂત ભગવાન શ્રીકૃષ્ણ આપણે માટે બધી રીતે સુખ કરશે.' ૪૫.

सुर मुनि नृप मां जेह, प्रेमानंद कहे सकल विधि ॥
कीन सहन सब तेह, निज निज नारी सहित दुःख ॥४६॥

इति श्रीसहजानंदस्वामी शिष्य प्रेमानंदमुनि विरचित्ते श्रीहरिकृष्णनारायणचरित्रामृते धर्मदेव तीर्थाटन, श्रीउद्धव मिलाप स्वप्ने श्रीकृष्णदर्शन, श्रीउद्धवी दीक्षाग्रहन, ग्रहागमन नामा सप्तमोऽध्यायः ।।७।।



अध्याय - ८

दोहा : सुरपति पांडव द्रुपति, मुनि वसिष्ठ भगवान ॥
हरिचंद नृप आदि महा, सामृथ परम सुजान ॥०१॥

પ્રેમાનંદ સ્વામી કહે છે કે દેવતા, ઋષિ મુનિઓ અને રાજાઓને પણ જ્યારે બધી રીતે દુઃખ આવી પડ્યું હોય છે ત્યારે તે સહુએ પોતપોતાની પત્નીઓએ સહિત બધુ સહન કર્યું જ હોય છે. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ધર્મદેવનું તીર્થાટન, ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીનો મેળાપ, શ્રીકૃષ્ણ ભગવાનના સ્વપ્નમાં દર્શન, ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષાનું ગ્રહણ અને ધર્મદેવનું પાછું ઘેર આવવું' એ નામે સાતમો અધ્યાય સમાપ્ત-૭



અધ્યાય - ૮

સ્વપ્નમાં હનુમાનજીનાં દર્શન, વૃંદાવનમાં વિષ્ણુયાગ તથા શ્રીકૃષ્ણનાં દર્શન

દેવરાજ ઈન્દ્ર, પાંડવો, દ્રૌપદી, ઐશ્વર્યવાન વસિષ્ઠમુનિ અને રાજા હરિશ્ચંદ્ર વગેરે ઘણા જ્ઞાની અને મહાન સમર્થ હતા. ૧. તે બધાએ

सो सबही निज शत्रु सुँ, पाये कष्ट अपार ॥
कीन सहन सब अचलमति, धर्म धीर भंडार ॥०२॥

सोरठा : युँ बिच्यारी मन नारी, डरिये न रहिये धीर धरी ॥
निज उर शोक निवारी, भजउ चरन श्रीकृष्ण कर ॥०३॥

यह विधि शुभ उपदेश, दीन पत्नीकुं धर्म वर ॥
शोक न करउ लेश, त्यजउ खेद उर परम सती ॥०४॥

चोपाई :

कहत पुनि भक्ति कर नाथा, रिपु कर दुःख कही बने न गाथा ॥
सो दुःख नाश होय तत्काला, ऐसा साधन करूँ मैं बाला ॥०५॥

साधन महा दुःख नाशनकारी, तोर काज मैं करूँ सो नारी ॥
चिंता न करुं लेश मन मांई, भजो श्रीकृष्ण सकल सुखदाई ॥०६॥

પોતાના શત્રુ તરફથી આવેલું અપાર કષ્ટ સહન કર્યું હતું. અને તે સહુ ધર્મ તથા ધીરજના ભંડારરૂપ અને અડગ સમજણવાળા હતા. ૨. માટે સ્ત્રીઓએ પણ મનમાં આ રીતે વિચાર કરીને ડરવું જોઈએ નહિ, ખૂબ ધીરજ રાખવી અને પોતાનાં હૃદયના શોકને ટાળીને શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણોનું ભજન કરવું. ૩. આ રીતે ધર્મદેવે પોતાની પત્ની ભક્તિદેવીને શ્રેષ્ઠ અને શુભ ઉપદેશનાં વચન કહ્યાં. અને કહ્યું કે 'તમારે જરાય શોક કરવો નહિ. તમે તો પરમ સતી છો એટલે દિલમાંથી ખેદને છોડી દો.' ૪. વળી, ધર્મદેવે ભક્તિદેવીને કહ્યું કે 'શત્રુસંબંધી જે દુઃખ આવ્યું છે, તેની વાત કહી શકાતી નથી. માટે હે દેવિ ! હવે તે દુઃખનો જે રીતે તત્કાળ નાશ થાય તે રીતે હું કોઈક ચોક્કસ સાધન કરું છું. ૫. નારી જાતિમાં જન્મેલા હે સતી ! તે દુઃખને નાશ કરનારું કોઈ મહાન, ઉત્તમ સાધન હોય તે હું તમારે માટે થઈને કરું છું. હવે મનમાં લેશ પણ ચિંતા ન કરશો અને સર્વ સુખ આપનારા શ્રીકૃષ્ણનું ભજન કરો.' ૬.

આ રીતે પરમ ઉદાર મનના ધર્મદેવે ભક્તિને માટે અતિશય

यह प्रकार कही परम उदारु, धर्म भक्ति कर अति हितकारु ॥
करत धर्म अब मनसी बिच्यारा, एसा कवन परम उपगारा ॥०७॥

शत्रु कर भय होय बिनासा, सोई जत्न करूँ एक खासा ॥
तब यह निश्चे मनमई कीना, महादुःख भंजन परम प्रवीना ॥०८॥

महावीर अपने कुलदेवा, महादुःख नाश करे ततखेवा ॥
कष्ट सहित शत्रु कर वृंदा, करत नास अंजनी आनंदा ॥०९॥

अचल निश्चे करीके मन मांई, पुनी वृषदेव अवधपुर आई ॥
मारुति कर जप आदर ठाना, परत नाहिं सो रिपु कर जाना ॥१०॥

नित्यप्रति पूजन करत उदारा, कालनैमी रिपु कर करी प्यारा ॥
तजी परमाद होई एक चित्ता, जप एक तारपे परम पुनीता ॥११॥

હિતકારી શબ્દ કહ્યાં. પછી પોતે એકલા જ પોતાનાં મનમાં વિચાર કરવા લાગ્યા કે 'પરમ ઉપકારક સફળ એવો ઉપાય કયો છે ? ૭. જેનાથી શત્રુસંબંધી ભયનો નાશ થાય. એવો કોઈ ખાસ ઉપાય કરવા હું પ્રયત્ન કરું.' પછી તેમણે મનમાં નિશ્ચય કર્યો કે 'ગમે તેવા મોટા કષ્ટ હોય તોપણ તેનો નાશ કરવામાં પરમ પ્રવીણ એવા આપણા કુળદેવ મહાવીર હનુમાનજી છે. તે તત્કાળ જ આ મહાન અપાર દુઃખનો નાશ કરશે. અંજનીને આનંદ આપનારા તે હનુમાનજી મારાં દુઃખોએ સહિત શત્રુ સમૂહનો વિનાશ કરશે.' ૮-૯.

❋ ધર્મદેવે અયોધ્યામાં કરેલી હનુમાનજીની આરાધના :

આમ મનમાં દૃઢ નિશ્ચય કરીને ધર્મદેવ ફરીવાર અયોધ્યા આવ્યા. હનુમાનજી મહારાજના મંત્રનો શ્રદ્ધાથી જપ કરવાનો નિશ્ચય કર્યો કે જે જપનો ખ્યાલ શત્રુઓને આવવો જોઈએ નહિ. ૧૦. ધર્મદેવ કાલનેમિના શત્રુ એવા હનુમાનજી મહારાજનું ઘણા પ્રેમ અને આદરભાવથી નિત્ય પૂજન કરતા હતા. પ્રમાદ છોડી દઈ એકાગ્ર ચિત્ત થઈ અને પરમ પવિત્ર

जप अंते उभय कर जोरी, एक पग ठाडे रहत निहोरी ॥
अमरही स्तवन करत उदारु, फलदलकंद कर लेत अहारु ॥१२॥
फलदल असन करत सुबिच्यारी, कबहुक शाक खात नरनारी ॥
कबहुक जल मात्र करी पाना, बिकल न होत हें शांत सुजाना ॥१३॥
युं नित जप तप करत प्रवीना, भक्तिधर्म होय अति दीना ॥
जपे प्रेम पुलकीत हनुमाना, निज रक्षक जानी गुनवाना ॥१४॥
दोहा : भये प्रसन्न तब धर्म पर, प्रमुदित पवनकुमार ॥
प्रसन्न जानी प्रणतार्तिहर, असुर निकंदन हार ॥१५॥
उभय मास अंते भयो, स्वप्न मांई दर्शन ॥
गदापानी महा सुभटतर, कठीन वज्र सम तन ॥१६॥

મંત્રનો જપ એકતાર કરતા હતા. ૧૧. જપને અંતે તેઓ બંને હાથ જોડી અને એક પગે ઊભા રહી, હનુમાનજીની સામે દૃષ્ટિ રાખીને ઉદારભાવે દિવ્ય સ્તોત્રનો પાઠ કરતા હતા. અને દિવસે ફલ, પત્ર કે જે કાંઈ કંદમૂળ મળે તે આહારમાં લેતા હતા. ૧૨. તેઓ સમજણપૂર્વક ફળ, પત્રાદિકને જમતા. ક્યારેક પતિ પત્ની બંને એકલું શાક ખાતા હતા. અને કોઈ દિવસ માત્ર પાણી પીને અકળાયા સિવાય શાંત અને સમજણપૂર્વક આ આરાધના કરતા હતા. ૧૩.

આ રીતે પરમનિપુણ ભક્તિ અને ધર્મ, હનુમાનજી આગળ અતિશય દીનભાવે જપ તપાદિક કરતા હતા. અને પ્રેમથી રોમાંચિત ગાત્ર થઈ હનુમાનજીને ઘણા ગુણવાન અને પોતાના રક્ષક જાણીને તેમનો જપ કરતા હતા. ૧૪. ભક્તની રક્ષા કરીને પ્રસન્ન રહેનારા પવનપુત્ર હનુમાનજી જે શરણાગતની પીડાને હરનારા છે, અસુરોનો નાશ કરનારા છે તથા ભક્તજનની પ્રસન્નતાને જાણનારા છે; તેઓ ધર્મદેવના ઉપર પ્રસન્ન થયા. ૧૫. આ રીતે બે મહિના સુધી આરાધના કરી ત્યારે છેવટે ધર્મદેવને સ્વપ્નમાં હનુમાનજીનાં દર્શન થયા. જેના હાથમાં મોટી ગદા

सोरठा : अविलोकी हनुमान, नेननी आगे पवनसुत ॥
वंदन कीन सुजान, धर्म हरखी पद नाय शीर ॥१७॥
होई प्रसन्न कपीराजुं, बोलेउ बानी दुःखहरनी ॥
रिझ्या मैं तुम पर आजुं, मांगो सोई अब देउ वर ॥१८॥

चोपाई :
अब तुमार सब दुःख कर जानो, आया अंत सो निश्चे मानो ॥
मम एक वचन मानी ऋषिराउ, दंपति श्रीवृंदावन जाउ ॥१९॥
तुमका दुःख ना रही हे लेशा, मानो सत्य मोर उपदेशा ॥
केशरीनंदन कर ग्रही पाउ, जपत धर्म मारुति कर नाउ ॥२०॥
जाओ वृंदावन महामति धीरा, तहाँ मरिच्यादिक मुनि प्रवीरा ॥

હતી અને એક દૃઢ યોદ્ધા જેવા દેખાતા હતા. જેનું શરીર વજ્રના જેવું કઠોર હતું. ૧૬. આવા પવનપુત્ર હનુમાનજીનાં સ્વરૂપને પોતાની દૃષ્ટિ આગળ દેખીને સુજ્ઞ ધર્મદેવ એકદમ ખુશ થઈ ગયા. અને તેમનાં ચરણમાં પોતાનું મસ્તક નમાવીને વંદન કર્યાં. ૧૭.

❁ હનુમાનજીનાં દર્શન તથા વૃંદાવનગમન :

પછી વાનરરાજ હનુમાનજી પ્રસન્ન થઈને દુઃખ ટાળનારી વાણી બોલ્યા, “હે ધર્મ ! હું આજ તમારા ઉપર ખુશ થયો છું. તમે જે માગો તે વર હું આપીશ. ૧૮. હવે તમારાં બધાં દુઃખનો અંત આવી ગયો છે; એમ ચોક્કસ જાણો. મારા આ એક વચનને માનીને ઋષિ જીવન જીવનારા તમે દંપતિ વૃંદાવન જાઓ. ૧૯. હવે તમારે લેશમાત્ર પણ દુઃખ રહેશે નહિ. આ મારા ઉપદેશને તમે સત્ય માનો.”

એ વખતે ધર્મદેવ કેસરીનંદન હનુમાનજીનાં ચરણ પકડીને તેમના નામનો જપ કરતા હતા. ૨૦. ‘મહાન બુદ્ધિશાળી અને ધીર સ્વભાવવાળા આવા તમે હવે વૃંદાવન જાઓ. ત્યાં દયાળુ મુનિવર્ય મરીચ્યાદિક ઋષિઓ, જે તમારા મિત્ર છે તેઓ તમને તત્કાળ મળશે.

सो मिली हे तुमका तत्काला, पूरव मित्र तुमार दयाला ॥२१॥
तुमका उनका उनकां तुमारा, पैहे दर्श करी हरख अपारा ॥
करी हो समागम महामुनि केरा, तरी हो दुःख वारिधि गहेरा ॥२२॥
अस कही वचन धर्मका धीरा, अंतरध्यान भये महावीरा ॥
धर्मदेव तब सोवत जागे, शुभ निज स्वप्न लखी अनुरागे ॥२३॥
स्वप्न वृतांत सकलविधि जाना, जानी परम सत्य करी माना ॥
भये मनसी गुलतान गंभीरा, धर्म परम भये शांत सुधीरा ॥२४॥
वृत्त समाप्ति तब वृष कीना, ब्रह्मभोज भल कीन प्रवीना ॥
पुनि निज पुत्र पठवा ससुरारी, धर्मभक्ति सद्य किंन तियारी ॥२५॥
पहुंचे धर्म वृंदावन महियां, दोल उछव पर अति हरखैया ॥
दर्श करी जन आनंद पाये, व्रजवासी कर मन अति भाये ॥२६॥

---

૨૧. તમારાં દર્શન કરવાથી તેમને અપાર આનંદ થશે અને તેમનાં દર્શન કરીને તમને ઘણો આનંદ થશે. ત્યાં મરીચ્યાદિક મોટા ઋષિઓનો સમાગમ કરશો ત્યારે તેનાથી તમે ઊંડા દુઃખસાગરને તરી જાશો.' ૨૨.

મહાવીર હનુમાનજીએ ઉપર કહ્યા પ્રમાણેનું વચન ધીરજવાળા ધર્મદેવને કહ્યું અને પોતે અંતર્ધાન થઈ ગયા. ત્યારે સૂતેલા ધર્મદેવ જાગી ગયા અને પોતાના શુભ સ્વપ્નને જોઈને ખુશી થયા. ૨૩. સ્વપ્નના વૃત્તાંતનો બધો વિધિ મનમાં સમજી લીધો અને તે સ્વપ્નને પરમ સત્ય માન્યું. પછી તેઓ મનમાં ગંભીર અને ગુલતાન થઈ ગયા. ધીરજવાળા ધર્મદેવ અતિશય શાંત થઈ ગયા. ૨૪. વિચક્ષણ ધર્મદેવે પોતાના વ્રતની સમાપ્તિ કરી. તે વખતે સારી રીતે બ્રહ્મભોજન કરાવ્યું. પછી પોતાના પુત્રને તેના મોસાળમાં મૂકીને ધર્મ તથા ભક્તિ તત્કાળ જ તૈયાર થઈ ગયા. ૨૫. વૃંદાવનમાં હિંડોળાનો ઉત્સવ ચાલતો હતો ત્યારે ધર્મદેવ ઘણા હરખથી ત્યાં પહોંચ્યા. ત્યાં ભગવાનનાં દર્શન કરીને સહુ આનંદિત થતા હતા અને બધા વ્રજવાસીઓનાં મનમાં પણ તે અતિશય ગમી ગયા. ૨૬.

अब आत्रेय श्राप कर लीना, भूमि विषे अवतार प्रवीना ॥
ऐसे ऋषि कर वृंद अपारा, मिले धर्मकुं करी बहु प्यारा ॥२७॥

दोहा : प्रेम पुलकी सब धर्मकुं, भेटे परम सुजान ॥
लखी लछन मिले परस्पर, परी सब कर ओलखान ॥२८॥

ईश्वर इच्छा सुँ भई, पूरव जन्म पैचान ॥
एही कारण सुख दुःख बीषे, भये सब एक समान ॥२९॥

सोरठा : अप अपना सब दुःख, अति दारुन दीना असुर ॥
सोउ निज निज मुख, कहत परस्पर सबही मिली ॥३०॥

मिली मुनी भक्तिधर्म, कष्ट निवारन करन हित ॥
लखी मुनि मनमहिं मर्म, विष्णुजाग आदरेउ वर ॥३१॥

चोपाई :
श्रीहरिकृष्ण की सेवा काजा, कीन आरंभ मिलि सकल समाजा ॥

તે સમયે દુર્વાસા મુનિના શાપથી ભૂમિ ઉપર અવતરેલા નિપુણ ઋષિ મુનિઓનો અપાર સમુદાય ધર્મદેવને ઘણા પ્રેમથી મળ્યો. ૨૭. ઘણા સમજુ તે ઋષિ મુનિઓ રોમાંચિત ગાત્ર થઈને ધર્મદેવને ભેટ્યા. પછી તે સહુને લક્ષણ ઉપરથી પરસ્પર ઓળખાણ થઈ. ૨૮. પરમેશ્વરની ઈચ્છાથી સહુને પૂર્વજન્મનું જ્ઞાન થયું. અને તે જ્ઞાનને લીધે જ બધા સુખ દુઃખ બાબતમાં એકસમાન જણાયા. ૨૯. તે સહુએ અનુભવેલા પોતપોતાનાં દુઃખ, જે અસુરોએ આપેલા હતા; તે ઘણા ભયંકર હતા. જ્યારે સહુ પરસ્પર મળ્યા ત્યારે સહુએ પોતપોતાને મુખે તે દુઃખની વાત કહી. ૩૦. ધર્મ, ભક્તિ અને મુનિઓ પરસ્પર મળ્યા તે પછી સહુના દુઃખનાં નિવારણ માટે મુનિઓનાં મનમાં રહેલા મર્મને ધર્મદેવે જોયો. અને પછી એક ઉત્તમ વિષ્ણુયાગ શરૂ કર્યો. ૩૧.

શ્રીહરિકૃષ્ણની સેવા ભક્તિને માટે સમગ્ર સમાજે મળીને વિષ્ણુયાગ આરંભ્યો હતો. પુરુષોત્તમ શ્રીકૃષ્ણના ઉપાસક તે સહુ દર્શનના પ્યાસા

पुरुषोत्तम श्रीकृष्ण उपासी, करत जज्ञ दर्शन के प्यासी ॥३२॥
करते प्रेम करी मनमहिं जापा, तेहि करी मीटे सकल संतापा ॥
धर्मभक्ति ऋषिगन अघहारी, करत उपासन अति दृढ भारी ॥३३॥
मनसा जाप जपत एक तारा, रिझे झटिति हरि करी प्यारा ॥
तेही मध्य धर्म कृष्ण कर जाना, मंत्र अष्टाक्षर महा बलवाना ॥३४॥
पुरश्चर्न तेही कर अति प्रीते, कीन आरंभन मुनि एक चित्ते ॥
रसीक रास पंचा आध्याई, पाठ करत भक्ति मुद पाई ॥३५॥
श्री व्रजचंद चरन मन दीना, बैठी वांचत परम प्रवीना ॥
श्रीमद्भागवत भगवद्गीता, श्रीहरिरूप ए शास्त्र पुनीता ॥३६॥
ईन आदिक श्रीकृष्ण कर महिमा, सूचक ग्रंथ ए सब सुख सीमा ॥
पुरश्चर्न सद्ग्रंथ कर ठाना, कीन आरंभन मुदीत सुजाना ॥३७॥

હતા અને તેથી જ તેમણે યજ્ઞ કર્યો હતો. ૩૨. તે જપાત્મક વિષ્ણુયાગમાં સહુ ઘણા પ્રેમપૂર્વક મનમાં જ જપ કરતા હતા અને તેનાથી બધાના સમગ્ર સંતાપો ટળી ગયા. ધર્મદેવ, ભક્તિદેવી અને બધા ઋષિઓ અતિશય ભારે દૃઢતાથી પાપનાશક ભગવાનની ઉપાસના કરવા લાગ્યા. ૩૩. તે જપાત્મક યજ્ઞમાં ધર્મદેવે શ્રીકૃષ્ણ ભગવાનના અષ્ટાક્ષર મંત્રને મહાન બળવાન છે, એમ જાણ્યો. કેમ જે, **જ્યારે એકતાર થઈને મનથી જાપ કરીએ ત્યારે પ્યારા ભગવાન શ્રીહરિ આપણા ઉપર તરત પ્રસન્ન થાય છે.** ૩૪. તે પછી સહુ મુનિઓએ તે મંત્રજાપનું ઘણા પ્રેમથી અને એકચિત્તથી પુરશ્ચરણ શરૂ કર્યું. તેમાં રસભર્યા રાસપંચાધ્યાયનો પાઠ ભક્તિદેવી હરખથી કરતા હતા. ૩૫. શ્રીવ્રજચંદ્ર શ્રીકૃષ્ણનાં ચરણમાં મન રાખીને નિપુણતાપૂર્વક બેઠા બેઠા સહુ શ્રીમદ્‌ભાગવત અને ભગવદ્‌ગીતા, જેને ભગવાનનાં સ્વરૂપ જેવા પવિત્ર શાસ્ત્ર કહ્યા છે. અને તે બધા ગ્રંથો શ્રીકૃષ્ણ પરમાત્માના મહિમાને સૂચવે છે તથા બધા જ સુખની સીમારૂપ છે. તે બધા સદ્‌ગ્રંથોનું પુરશ્ચરણ કરવાનું નિર્ધારીને પ્રસન્નમનથી તે બધા સુજ્ઞ મહાપુરુષોએ તેનો આરંભ કર્યો. ૩૬-૩૭.

करते हे सोउ मुनि मुद आनी, ज्युं रिझे हरि सारंगपानी ॥
युँ आराधन करते भारी, धर्मादिक मुनि उर सुखकारी ॥३८॥
बिन अवधि बढ्यो प्रेम प्रवाहा, स्नेहसिंधु कर को लहे थाहा ॥
पुलकित तन नेना झर लागे, स्नेह नीर वहे अति अनुरागे ॥३९॥
इन पर रिझे श्री भगवाना, भक्त कल्पतरु तेज निधाना ॥
धर्म भक्ति ऋषीकुं बहुनामी, दर्शन दीन रिझिके स्वामी ॥४०॥
शोभा सुंदर कही न जाई, रतिपति निरखी कोटि लजाई ॥
अंग अंग प्रति तेज समुहा, छुटत कापत कल्मष कुहा ॥४१॥
दोहा : प्रफुल्लित भये करी दर्श सब, मरीच्यादि मुनि वृंद ॥
भये मनोरथ सुफल सब, उमंग्यो सिंधु आनंद ॥४२॥
वैशाख सुदी एकादशी, मोहनी जे कर नाम ॥

શાર્ઙ્ગપાણિ ભગવાન શ્રીહરિ જે રીતે રાજી થાય એ રીતે મનના હરખથી બધા મુનિઓ પુરશ્ચરણ કરવા લાગ્યા. આ રીતે દિલમાં સુખ આપે એવું જે પુરશ્ચરણનું ભારે આરાધન તેને ધર્મ વગેરે મુનિઓ કરવા લાગ્યા. ૩૮. તે સમયે સહુનાં દિલમાં પ્રેમનો પ્રવાહ અપાર વધ્યો. તે સ્નેહસાગરના પારને કોણ પામી શકે ? શરીર રોમાંચિત થઈ ગયા, આંખો ઝરવા લાગી અને અતિશય ભાવાવેશથી સ્નેહના નીર વહેલા લાગ્યા. ૩૯.

તે સમયે ભક્તજનોને માટે કલ્પવૃક્ષના સમાન તેજોનિધિ ભગવાન તે સહુના ઉપર પ્રસન્ન થયા. અને પ્રસન્ન થયેલા તે બહુનામી ભક્તપતિએ ધર્મ, ભક્તિ તથા ઋષિઓને પોતાનાં દર્શન દીધાં. ૪૦. **ભગવાનનાં સ્વરૂપની શોભા એટલી સુંદર હતી કે જે, કહી શકાતી નથી. તે શોભાને જોઈને કરોડો કામદેવ શરમાઈ જતા હતા. એક એક અંગમાંથી તેજનો સમૂહ એટલો બધો નીકળતો હતો કે જે પાપના વાદળને કાપી નાખતો હતો.** ૪૧. બધા મરીચ્યાદિક ઋષિ મુનિઓ ભગવાનનાં દર્શન કરીને

तेहि दिन दर्शन प्रगट दिये, करुणानिधि घनश्याम ॥४३॥

सोरठा : प्रथम ही सब ऋषिवृंद, ब्राह्म मुहूर्ते स्नान करी ॥
करत ध्यान स्वच्छंद, मानसी पूजा सकल विधि ॥४४॥
तेहि अवसर उर मांई, कोटिक भानु कान्ति सम ॥
प्रेमानंद के अंजाई, गये तेज अवितर्क्य लखि ॥४५॥

इति श्रीसहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायण-चरित्रामृते स्वप्नमे मारुतिदर्शन, वृंदावने ऋषिमिलाप, विष्णुयाग आरंभ, श्रीकृष्णदर्शन नामाष्टमोऽध्यायः ॥८॥



ખૂબ જ પ્રફુલ્લિત થઈ ગયા. તેમના બધા મનોરથ સફળ થયા. અને તેમનાં દિલમાં આનંદનો સાગર ઉભરાયો. ૪૨. **વૈશાખ સુદિ એકાદશીને મોહિની એકાદશી કહેવાય છે. તે દિવસે કરુણાનિધિ ઘનશ્યામ પ્રભુએ સહુને પોતાના સાક્ષાત્ દર્શન દીધાં હતાં.** ૪૩.

બધું ઋષિ મંડળ પહેલા તો બ્રાહ્મ મુહૂર્તમાં સ્નાન કરતું. તે પછી પોતપોતાની રીતે ધ્યાન કરતા અને સર્વ પ્રકારે માનસી પૂજા કરતા હતા. ૪૪. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે સમયે કોઈ દિવસ કલ્પના ન કરી હોય તેવું કરોડો સૂર્યના સમાન તેજ દેખીને બધાની આંખો અંજાઈ ગઈ. ૪૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'સ્વપ્નમાં હનુમાનજીનાં દર્શન, વૃંદાવનમાં ઋષિઓનો મેળાપ, વિષ્ણુયાગનો આરંભ તથા શ્રીકૃષ્ણનાં દર્શન થયા' એ નામે આઠમો અધ્યાય સમાપ્ત-૮



अध्याय - ९

दोहा : तेजपुंज मध्य सुंदर, श्रीकृष्ण छबीधाम ॥
राजत रमनीय रूपनिधि, अक्षरपति घनश्याम ॥०१॥
दीन दर्श सब वृंदकुं, प्रफुल्लित भये छबी देखी ॥
भये निमग्न सुखसिंधु में, धर्मादिक बिशेखी ॥०२॥
सोरठा : धर्मादिक मुनि राय, निरखी मूर्ति श्रीकृष्ण कर ॥
तेहि संक्षेप सुनाय, बरनुँ रूप रमनीय वर ॥०३॥
नव नीरद तन शाम, तरुण अरुण वारिज नयन ॥
लाजत कोटिक काम, लखि सुंदरता सुखसदन ॥०४॥
चोपाई :
मोर मुगट शिर सुंदर राजे, अरुण अधर पर बंशी बाजे ॥
केसर तिलक भाल बिच कीना, निरखत मुनिकर मन हर लीना ॥०५॥

અધ્યાય - ૯

શ્રીકૃષ્ણથી વર પ્રાપ્તિ, વિષ્ણુયાગની સમાપ્તિ અને ધર્મનું ઘેર આવવું

શોભાનાં ધામ, રૂપના નિધિ, અક્ષરધામના અધિપતિ, ઘનશ્યામ શ્રીકૃષ્ણ પ્રભુએ તેજઃપુંજને મધ્યે વિરાજમાન એવા રમણીય સુંદર દર્શન ધર્મદેવ તથા ઋષિમંડળને દીધાં. તે ભગવાનની છબીને જોઈને સહુનાં મન પ્રફુલ્લિત થયા. ખાસ કરીને ધર્મ ઇત્યાદિક સુખના સાગરમાં નિમગ્ન થઈ ગયા. ૧-૨.ધર્મ તથા મુનિઓને શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનાં દર્શન થયા, તે મેં સંક્ષેપમાં સંભળાવ્યું. હવે તે રમણીય શ્રેષ્ઠ રૂપનું વર્ણન કરું છું. ૩. શ્રીકૃષ્ણ ભગવાનનું તે સ્વરૂપ નવીન મેઘના સમાન શ્યામ હતું. જુવાન અવસ્થા હતી. કમળના સમાન લાલ નેત્ર હતા. સુખનાં ધામ જેવા તે ભગવાનની સુંદરતાને દેખીને કરોડો કામ પણ લજ્જિત થતા હતા. ૪. તેમનાં મસ્તક ઉપર સુંદર મોરમુકુટ વિરાજમાન હતો. લાલ અધરોષ્ઠ ઉપર રાખીને વાંસળી વગાડતા હતા. લલાટની વચ્ચે કેસરી તિલક હતું. તેનાથી દર્શન કરનારા મુનિઓનાં મન ખેંચી લીધા હતા. ૫.

मक्राकृति कुंडल छबी छाई, परत कपोलन पर वर झाई ॥
वय किशोर नित कृष्णकृपाला, भुज आजानु जुग हृदय विशाला ॥०६॥
उर कौस्तुभ वैजन्ती माला, अंग अंग छबी अधिक रसाला ॥
दिव्याभरण धरे अभिरामा, विविध प्रकार धरे छबीधामा ॥०७॥
कटि पट पीत तडिद सम सोहे, चरन पादुका मुनि मन मोहे ॥
सुमनहार छबी सब तन मांई, निरखी छबी रह्यो मदन लजाई ॥०८॥
बदन चंद्र रद कुंद समाना, चिबुक च्यारु दर कंठ वखाना ॥
उन्नत उर बिच श्रीवछ चिह्ना, निरखत एक टक भक्त प्रवीना ॥०९॥
त्रिवली उदर महिं नाभि गंभीरा, कटिलंक छीन हरत मनपीरा ॥
पिन उरु जानु जुग पानी, निरखी मगन होत मुनि ध्यानी ॥१०॥

કાનમાં મકરાકૃતિ કુંડળની શોભા છવાઈ ગઈ હતી. તે કુંડળની શ્રેષ્ઠ છાયા ગાલ ઉપર પડતી હતી. કૃપાળુ શ્રીકૃષ્ણ યુવાન હોવા છતાં હંમેશાં કિશોર જણાતા હતા. તેમની બંને ભુજાઓ ઘુટણ સુધી લાંબી હતી. છાતી વિશાળ હતી. ૬. છાતી ઉપર કૌસ્તુભ મણિ અને વૈજયંતી માળા પહેરી હતી. અંગેઅંગની શોભા અધિક રસભરી હતી. મનોહર દિવ્ય આભૂષણ ધાર્યાં હતાં અને વિવિધ પ્રકારની શોભાનાં ધામ જણાતા હતા. ૭. કમર ઉપર પહેરલું પીતાંબર ચમકતી વીજળી સમાન શોભતું હતું. ચરણમાં પહેરેલી પાદુકાથી મુનિઓનાં મન મુગ્ધ થતા હતા. સંપૂર્ણ મૂર્તિ ઉપર ફૂલના હારની શોભા હતી. તે શોભાને નીરખીને કામ પણ શરમાઈ જતો હતો. ૮.

મુખ ચંદ્રના સમાન હતું અને દાંત મોગરાની કળી જેવા હતા. સુંદર ચિબુક તથા શંખના સમાન પ્રશંસનીય કંઠ હતો. ઊપડતી છાતીની વચ્ચે શ્રીવત્સનું ચિહ્ન હતું. જેને નિપુણ ભક્તજનો એકીટશે નીરખતા હતા. ૯. ઉદરમાં ત્રિવળી હતી અને ગંભીર નાભિ હતી. પાતળો કમરનો ભાગ મનની પીડાને હરતો હતો. પુષ્ટ સાથળ, બંને ઘુંટણ અને પાનીને

जंघा जुग गुल्फे सुखखानी, असित पृष्ठ पद छबी सुखदानी ॥
मनिगन नखछबि कहि न जाई, चरण अरुण तल में सुखदाई ॥११॥

खट्दश चिह्न ललित उर्ध्वरेखा, जुग तल मांई सरस हम देखा ॥
सामुद्रिक शास्त्र प्रमाने, श्री कृष्ण कर अंग बखाने ॥१२॥

राधादिक गोपी गन मांई, सोहत कृष्न चंद्र सुखदाई ॥
अखंड रास मध्य रमत सुजाना, श्रीघनश्याम रसिक रसखाना ॥१३॥

शोभाधाम श्रीकृष्ण बिलोकी, धर्मादिक भये अविशोकी ॥
मुनिवर निकर भये गुलताना, निरखी नाथ अति रूपनिधाना ॥१४॥

दोहा : करि प्रणाम अंग अष्ट सुँ, परे दंडवत पाय ॥
जोरी पानि पद नाय शिर, मन रु बचन करी काय ॥१५॥

દેખીને ધ્યાન કરનારા મુનિઓ પ્રસન્ન થતા હતા. ૧૦. બંને પીંડીઓ અને ઘૂંટીઓ સુખની ખાણ જેવી હતી. પગના શ્યામ પહોંચાની શોભા સુખદાયક હતી. ચરણના નખની છબી તો મણિ ગણના જેવી હતી, તે કહી શકાતી નથી. તેમજ ચરણના લાલ તળિયા સુખદાયક હતા. તેમાં સુંદર સોળ ચિહ્ન હતા અને બંને ચરણ તળમાં સરસ ઊર્ધ્વરેખા દેખાતી હતી. સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનનાં બધાં અંગ અતિશય પ્રશંસનીય હતાં. ૧૧-૧૨.

સુખદાયક ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજી રાધિકાજી આદિક ગોપીઓના સમૂહમાં સોહામણા લાગતા હતા. રસના નિધિ જેવા રસિક શ્રીઘનશ્યામ રાસને મધ્યે અખંડ રમતા હોય એવા સુજાણ દેખાતા હતા. ૧૩. શોભાનાં ધામ અને રૂપના નિધિ એવા શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થવાથી ધર્મ વગેરે શોક રહિત થઈ ગયા. ભક્તપતિ ભગવાનનાં દર્શન કરીને મુનિઓનો સમુદાય પણ તલ્લીન થઈ ગયો. ૧૪. સહુએ ભગવાનને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. બંને હાથ જોડી મન, વાણી અને શરીરથી તેમના ચરણોમાં મસ્તક નમાવ્યા. ૧૫.

वेद मंत्र धुनी उचरी, स्तवन कीन प्रवीन ॥
कृपादृष्टि हरि हेरीके, अति नौत्तम सुख दीन ॥१६॥

सोरठा : बोलेउ करुणा निकेत, धर्मादिक प्रति मुदित मन ॥
निजजन पर करी हेत, अमृत सम बोलेउ वचन ॥१७॥

सुनोउ धर्म मम बात, अब मैं रिझा तुमहि पर ॥
मागोउ वर बिख्यात, मनबांछित मागोउ हरखी ॥१८॥

चोपाई :

जो तुम मांगो करी बिच्यारा, तुर्त देउ तुमरे मन धारा ॥
जो तुम मांगो बिन संदेहा, सोई देउ मैं करी सनेहा ॥१९॥

ऐसे बोले परम उदारु, सदय हृदय कोमल चित च्यारु ॥
तब श्रीधर्म प्रेम उर आनी, बोले नाथ प्रति रस भरी बानी ॥२०॥

તે વિદ્વાન મુનિઓએ વેદ મંત્રનો ધ્વનિ કરીને ભગવાનની સ્તુતિ કરી. તે સમયે ભગવાને કૃપાદૃષ્ટિથી સહુને દેખ્યા અને તેનાથી સહુને એકદમ નવીન સુખ આપ્યું. ૧૬. પછી કરુણાનિધિ ભગવાન પ્રસન્ન થઈને ધર્માદિકના પ્રત્યે બોલ્યા. પોતાના ભક્તજનોને હેતથી કહેલા તે વચન અમૃતના સમાન હતા. ૧૭.

❁ પ્રભુએ ઋષિઓ તથા ધર્મદેવને વરદાન આપ્યું :

ભગવાને કહ્યું કે “હે ધર્મ ! મારી વાત સાંભળો. હું તમારા સહુના ઉપર પ્રસન્ન છું. તમે હરખથી મનોવાંછિત કોઈ પ્રસિદ્ધ વર માગો. જે તમે મનોવાંછિત માગશો તેમાં સંદેહ કર્યા વગર તરત જ તે વરદાન હું હેતથી આપીશ.” ૧૮-૧૯.

જ્યારે અતિશય ઉદાર, દયાથી ભરેલા અને સુંદર કોમળ ચિત્તથી ભગવાન બોલ્યા, ત્યારે ધર્મદેવનાં હૃદયમાં ઘણો પ્રેમ થયો અને ભક્તપતિ ભગવાનની પાસે તે રસભરી વાણી બોલ્યા, ૨૦. “સમગ્ર ભયને નાશ કરનારા હે શ્રીકૃષ્ણ ! આપ અસુરોથી અમારી રક્ષા કરો. હે કૃપાનિધાન !

हे श्रीकृष्ण अखिल भयहारी, करउ असुर ते रक्षा हमारी ॥
देत असुर दारुन दुःख नाना, कहि न जात कछु कृपानिधाना ॥२१॥
कहि ना सकत रसना का कहिये, असुर कष्ट जेता हम सहिये ॥
अब हम शरन तुम्हारे नाथा, निजजन जानी ग्रहो प्रभु हाथा ॥२२॥
असुर कष्ट सुँ नाथ बचावो, यह बिनती हमरी उर लावो ॥
दीन होई दुःख त्रास समेता, बोलेउ धर्मवर विश्व निकेता ॥२३॥
धर्म वचन सुनी दीनदयाला, तेहि प्रति बोलेउ कृष्णक्रिपाला ॥
अब तुम डर जी न मानो धर्म, यह मैं जाना जथार्थ मर्म ॥२४॥
करी हुं मैं रक्षा धर्म तुम्हारी, बिन संदेह जानो अघहारी ॥
सब असुरनकुं हम पर भारी, बढा क्रोध पूर्व बैर संभारी ॥२५॥
हमरा पराभव करन उपाई, अति इछत खल मन बच काई ॥

અસુરો અનેક પ્રકારનાં ભયંકર દુઃખ દે છે. તે કાંઈ કહી શકાતા નથી. ૨૧. અસુરે જે કષ્ટ આપ્યું છે તેને અમે સહન કર્યું છે. અમે કહેવા ધારીએ છીએ છતાં અમારી જીભ કહી શકતી નથી. એટલે શું કહીએ ? હે નાથ ! હવે તો અમે આપને શરણે છીએ. એટલે હે પ્રભુ ! અમને પોતાના જાણીને અમારો હાથ પકડો. ૨૨. હે નાથ ! આપ અમારી વિનંતિને દિલમાં ધારો. અમને અસુરોએ આપેલાં કષ્ટથી બચાવો.”

ધર્મદેવ દુઃખથી ડરતા ડરતા દીન થઈને ઉપર કહ્યા પ્રમાણે વિશ્વંભર ભગવાનની આગળ બોલ્યા, ૨૩. દીનદયાળુ શ્રીકૃષ્ણ ભગવાને ધર્મદેવની વાત સાંભળી. પછી કહ્યું કે “હવે તમે તમારાં દિલમાં ડર ન રાખો. હે ધર્મ ! મેં તમારાં દુઃખનો મર્મ યથાર્થ રૂપમાં જાણી લીધો છે. ૨૪. હે નિષ્પાપ ધર્મ ! હવે હું તમારી સહુની રક્ષા કરીશ. તેમાં કોઈ સંદેહ નથી. અસુરોને પૂર્વનું વૈર સાંભરતું હોવાથી મારા ઉપર ઘણો ક્રોધ ચઢ્યો છે. ૨૫. તે ખળ અસુરો મારો પરાભવ કરવા માટે મન, કર્મ, વચનથી કોઈપણ ઉપાય કરવા ચાહે છે. એક એક જણ હજાર યોદ્ધાના

मम द्रोह करन महा बलवाना, महा पुलकित भ्ट्ट सहस्र समाना ॥२६॥

हिरण्यकशिपु हिन्र्याख्य ए आदी, लिन जन्म पुनि बहु तप साधी ॥
रावण कुंभकरण मम बेरी, बैर लेन जन्मे हे फेरी ॥२७॥

कंस रु दंतवक्र शिशुपाला, दुर्योधन आदिक चंडाला ॥
ए सब असुर पूर्वे हम मारा, सो शत्रु धरे जन्म अपारा ॥२८॥

यह कारन तुम सबकुं मेरा, जानी देत है कष्ट घनेरा ॥
अब इनकर अंत आवा जानो, करीहुं नाश सत्य करी मानो ॥२९॥

दोहा : धर्मादिक ऋषि वृंदकुं, शांत किये हरि राय ॥
कीन प्रतिज्ञा हननकी, असुरन दोष देखाय ॥३०॥

कहत हरि सुनो धर्म मम, बानी परम अनूप ॥
कुंभ भराना पाप कर, असुर कृत्य दुखरूप ॥३१॥

સમાન બળવાળા છે. તે મહાન અસુરો મારો દ્રોહ કરવા માટે તૈયાર થયા છે. ૨૬. ઘણી તપશ્ચર્યા કર્યા પછી હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ આદિકે ફરી જન્મ લીધો છે. રાવણ અને કુંભકર્ણ મારા વૈરી છે. તે પણ વૈર વાળવા માટે ફરી જન્મ્યા છે. ૨૭. કંસ, દંતવક્ર, શિશુપાળ અને દુર્યોધન આદિક બધા ચંડાળ અસુરોને મેં પૂર્વે માર્યા હતા. તે મારા અપાર શત્રુઓએ જન્મ ધર્યો છે. ૨૮. અને તેટલા માટે તે બધા અસુરો તમને મારા જાણીને ઘણું કષ્ટ દઈ રહ્યા છે. હવે તે બધાનો અંત આવ્યો છે એમ સમજો. તમે આ વાત સત્ય માનો કે હું તેનો નાશ કરીશ." ૨૯.

આ રીતે ધર્મ વગેરેને અને ઋષિઓના સમુદાયને ભગવાને શાંત કર્યા અને અસુરોના દોષ દેખાડીને તેમને મારવા માટે પ્રતિજ્ઞા કરી. ૩૦. ભગવાને કહ્યું કે **"હે ધર્મ ! મારી પરમ અનુપમ વાણીને તમે સાંભળો. હવે અસુરોનાં પાપનો ઘડો ભરાઈ ગયો છે. તેમનું બધું જ કૃત્ય દુઃખરૂપ છે.** ૩૧. **તેથી જ તત્કાળ એ પાપબુદ્ધિવાળા બધા અસુરોનો નાશ થશે.**

सोरठा : एहि कारन तत्काल, होइ हे पापमति नाश सब ॥
लीन भेख चंडाल, बने सिद्ध गुरु दंभ करी ॥३२॥
कोउ धरे बग ध्यान, बैठे पनघट मौन ग्रही ॥
और देते है ग्यान, बडे सिद्ध हे आबु कर ॥३३॥

चोपाई :
जहाँ नरत्रिय कर बहुत प्रसंगा, तहाँ बैठी करे ज्ञान उतंगा ॥
एक बने सिद्ध और बने शिष्या, कहुँ दस पांच कहुँ पांच पचिष्या ॥३४॥
शिश्नोदर पोषन के काजा, ठगत नारी नर करी समाजा ॥
असुरन कर यह कपट मैं जाना, हरिहुं पापीन कर अभिमाना ॥३५॥
अघमय असुर हनन प्रबीना, मम बिनु सामृथ और कोई ना ॥
अवश करनका कारज्य आवा, यह बिच्चार मोरे मन भावा ॥३६॥

એ બધા ચંડાળોએ ભેખ લીધો છે અને દંભી ગુરુનાં રૂપમાં સિદ્ધ બની બેઠા છે. ૩૨. કેટલાક તો બગલાની જેમ ધ્યાનમાં બેસી ગયા છે. અને કેટલાક અસુરો પાણી ભરવા જતી સ્ત્રીઓના માર્ગમાં મૌન ધારીને બેસી ગયા છે. અને આબુથી આવેલા મોટા સિદ્ધનાં રૂપમાં જ્ઞાનની વાતો કરે છે. ૩૩. જ્યાં ઝાઝા પુરુષો અને સ્ત્રીઓ પોતાના પ્રસંગમાં આવે તેવા સ્થળમાં બેસીને ઊંચા જ્ઞાનની વાતો કરે છે.

તે અસુરોમાં કોઈ એક સિદ્ધ બન્યો હોય છે અને બીજા બધા તેના શિષ્ય બન્યા હોય છે. કોઈ જગ્યાએ પાંચ દસ અસુર હોય છે તો ક્યાંક પાંચ પચીશ અસુર હોય છે. ૩૪. પોતાના શિશ્ન તથા ઉદરનું પોષણ કરવા માટે નરનારીના સમાજને ઠગે છે. અસુરોનું આ બધું કપટ હું સમજી ગયો છું. હવે તે પાપીઓના અભિમાનને હું ઉતારીશ. ૩૫. પાપી અસુરોનો નાશ કરવામાં વિચક્ષણ મારા જેવો બીજો કોઈ સમર્થ પુરુષ અત્યારે છે નહિ. આ કામ અવશ્ય કરવું છે અને આ વિચાર

प्रथमहि बद्रि आश्रम मांई, भयो श्राप तुमका दुःखदाई ॥
ऋषि दुर्वासा शाप सो दीना, अंगीकार सोउ मैं कीना ॥३७॥
तुमरे संग मैं शाप में आवा, अस तुम जानो सब मुनिरावा ॥
यह कारने मैं धर्म तुमारा, होय पुत्र हरुँ दुःख सारा ॥३८॥
असुर बंश कर करिहुं बिनाशा, परत नाहिं मोहे लेश प्रयासा ॥
मोह पमाय दैत्य सब मारूँ, शाप तुमारा सद्य निवारूँ ॥३९॥
धर्म एकान्तिक भयो सब क्षीणा, अवनि थापी करूँ पुष्ट नवीना ॥
एहि बिधि बचनसुधा हरि बरखी, शीतल छाती कीन ऋषिवर की ॥४०॥
निजजन रंजन श्री भगवाना, भये प्रानपति अंतरध्याना ॥
भयो धर्म उर हरख बिशाला, व्रत समाप्ति कीन तत्काला ॥४१॥

મારા મનમાં ભાવી ગયો છે. ૩૬. પહેલા તો તમારે માટે દુઃખરૂપ એવો શાપ બદરિકાશ્રમમાં જ થયો હતો. દુર્વાસા ઋષિએ જે શાપ આપ્યો તેને મેં અંગીકાર કરી લીધો હતો. ૩૭. વળી, દુર્વાસાના શાપમાં હું પણ તમારી ભેળો આવી ગયો છું, એમ તમે બધા મુનિઓ જાણો. હે ધર્મ ! આ કારણથી જ હું તમારો પુત્ર બનીશ અને તમારા સમગ્ર દુઃખને હરીશ. ૩૮. **બધા જ અસુરોના વંશનો હું વિનાશ કરીશ. અને તેમાં મને લેશમાત્ર પણ પ્રયાસ પડશે નહિ. દૈત્યોને પરસ્પર મોહ પમાડીને હું તેનો નાશ કરીશ. અને તમને થયેલા શાપને હું તત્કાળ જ ટાળી નાખીશ.** ૩૯. આ ભૂમિ ઉપર બધો એકાંતિક ધર્મ ક્ષીણ થઈ ગયો છે તો હું તેને સ્થાપન કરી નવીન રીતે પુષ્ટ કરીશ.”

ઉપર કહ્યા પ્રમાણે ભગવાને વચનરૂપી અમૃતનો વરસાદ કરીને બધા ઋષિઓની છાતીને શીતળ કરી. ૪૦. ભક્તજનોનાં મનને રંજન કરનારા પ્રાણનાથ આવા ભગવાન આટલું કહીને અંતરધાન થઈ ગયા. ધર્મદેવના દિલમાં તે વખતે ઘણો જ હર્ષ થયો અને તેમણે તત્કાળ જ

ब्रह्मभोज कीना बड भारी, जेंये बिप्र साधु नरनारी ॥
तदनंतर दंपति मुद पाई, कीन पारना अति हरखाई ॥४२॥

पुनि सब ऋषिकुं धर्म उदारु, मिले परस्पर हरख अपारु ॥
प्रेम प्रीत की कही न जाई, गदगद कंठ नेना भरी आई ॥४३॥

दोहा : मिली ऋषि सब धर्मकुं, निज निज आसन जाय ॥
करत ध्यान कीर्तन कथा, आनंद उर न समाय ॥४४॥

भयो मनोरथ सिद्ध सब, धर्मभक्ति लखी मर्म ॥
गमन कियो निज भुवन प्रति, दंपति पावन पर्म ॥४५॥

सोरठा : चले धर्म तत्काल, वृंदावन तजी मगन मन ॥
संग न कोउ वृद्ध बाल, संग उरसि हरिकृष्ण कर ॥४६॥

પોતાના વ્રતની સમાપ્તિ કરી. ૪૧. ઘણું મોટું બ્રહ્મભોજન કરાવ્યું. તેમાં બ્રાહ્મણ અને સાધુ વગેરે નરનારી જમ્યા. તે પછી ધર્મ ભક્તિએ મનમાં ખુશી થઈને પારણા કર્યા. ૪૨. પછી ઉદાર સ્વભાવના ધર્મદેવ તથા બધા ઋષિઓ અતિ હર્ષથી પરસ્પર ભેટ્યા. તેમના પ્રેમની વાત કહી શકાતી નથી. તે વખતે સહુના કંઠ ગદ્ગદ થઈ ગયા અને આંખમાં પ્રેમના આંસુ ભરાઈ આવ્યા. ૪૩. બધા ઋષિઓ ધર્મને ભેટ્યા પછી પોતપોતાને આસને ગયા અને ત્યાં ધ્યાન, કીર્તન તથા કથા કરવા લાગ્યા. તેમનાં અંતરમાં આનંદ સમાતો ન હતો. ૪૪. પોતાના બધા મનોરથ પૂર્ણ થયા તેનો મર્મ ધર્મ ભક્તિએ મનમાં વિચાર્યો.

તે પછી અતિશય પવિત્ર જીવનના તે બંને પોતાને ઘેર જવા માટે ચાલી નીકળ્યા. ૪૫. ધર્મદેવ મનમાં પ્રસન્ન હતા. તેથી વૃંદાવનને છોડીને તત્કાળ જ ચાલતા થયા. પોતાની સાથે કોઈ વૃદ્ધ કે બાળક હતા નહિ. પોતાનાં દિલમાં એક હરિકૃષ્ણને જ રાખ્યા હતા. ૪૬. રસ્તે ચાલતા ચાલતા ભયંકર નૈમિષારણ્યનું એક જંગલ આવ્યું.

चलते डग महीं घोर, नैमिषारण्य बिपिन एक ॥
प्रेमानंद के कठोर, व्याघ्र असुर से बित सकल ॥४७॥

इति श्रीसहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायण–चरित्रामृते श्रीकृष्णात् वर प्राप्ति, विष्णुयाग वृत्त समाप्ति, श्रीकृष्णआज्ञया गृहागमन नामा नवमोऽध्यायः ॥९॥



अध्याय - १०

दोहा : चलत चलत सन्मुख मिले, असुर महा विकराल ॥
तिनके डर करी पंथ को, किन त्याग तत्काल ॥०१॥
राजपंथ कुं परहरी, चले कुपंथ बन मांई ॥
भक्ति धर्म बन बिचरे, मारग पावत नाई ॥०२॥

પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે કઠોર વનમાં બધા જ લોકો વાઘ તથા અસુરોથી ડરતા હોય છે. ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં ‘શ્રીકૃષ્ણથી વર પ્રાપ્તિ, વિષ્ણુયાગ તથા વ્રતની સમાપ્તિ, શ્રીકૃષ્ણની આજ્ઞાથી ઘેર આવવું’ એ નામે નવમો અધ્યાય સમાપ્ત-૯



અધ્યાય - ૧૦

ધર્મ ભક્તિને અરણ્યમાં દુઃખ તથા અશ્વત્થામાનો શાપ

ધર્મ અને ભક્તિ નૈમિષારણ્યમાં ચાલ્યા જતા હતા ત્યારે તેમની સન્મુખ મહાભયંકર અસુરોને આવતા દેખ્યા. તેથી તેમણે તેના ભયથી તરત જ તે માર્ગને છોડી દીધો. ૧. તે વનમાં મુખ્ય રાજમાર્ગને છોડી દઈને કોઈ નાની કેડીએ ચાલ્યા. ધર્મ અને ભક્તિ વનમાં ચાલતા રહ્યા,

सोरठा : मिलत नाहिं कबहु पंथ, बिकट बिपिनमहिं भ्रमत जुग ॥
भक्ति धर्म अत्यन्त, भये बिकल बन महिं फिरत ॥०३॥
आवा नहिं कोउ गाम, भये अस्त भानु भगवन ॥
परि रयनी दुःख धाम, भूख प्यास करी बिकल तन ॥०४॥

चोपाई :
अति अंधियार भया बन मांई, कंकर कंटक सुझत नाई ॥
तब बैठे दोउ करी बिच्यारा, याँ प्रभु बिन कोउ नाहिं आधारा ॥०५॥
तेहि अवसर तपस्वी एक देखा, अतहि शाम दृग अनल बिसेखा ॥
पंच केश जूत बरनी बेशा, शिर खल्वाट लगत लघु केशा ॥०६॥
धर्मदेव तब देखी ताई, परम सिद्ध रहत है बनमांई ॥
जोरी पानि चरनन शिर नांई, बंदन कीन प्रेम पुलकाई ॥०७॥
धर्मदेव प्रत्ये तत्काला, बोला तपस्वी अति बिकराला ॥

પણ કોઈ મુખ્ય માર્ગ આવ્યો નહિ. ૨. જ્યારે ક્યાંય મુખ્ય માર્ગ ન મળ્યો ત્યારે તે ભયંકર વનમાં ઘૂમતા ધર્મ તથા ભક્તિ, બંને અતિશય વિહ્વળ થઈ ગયા. ૩. આગળ ચાલતા કોઈ ગામ આવ્યું નહિ. ભગવાન સૂર્ય અસ્ત થઈ ગયા. દુઃખથી ભરી રાત પડી. અને ભૂખ તથા તરસથી શરીર એકદમ અચેતન જેવું થઈ ગયું. ૪. વનમાં ઘણું અંધારું થયું. કાંટા કે કાંકરા સૂઝતા નહિ. પછી બંને વિચાર કરીને ત્યાં બેઠા. ત્યાં તેમને પરમાત્મા સિવાય બીજો કોઈ આધાર હતો નહિ. ૫.

તે અવસરે તે બંનેએ એક તપસ્વીને જોયો. તે ઘણો કાળો અને તેની આંખો આગ ઝરતી હતી. શરીર ઉપર પંચકેશ રાખેલા હતા. બ્રહ્મચારીના જેવો વેશ હતો. માથા ઉપર ટાલ હતી, પણ પડખે નાના નાના વાળ હતા. ૬.

ધર્મદેવે તેને દેખ્યા. ત્યારે વનમાં કોઈ સારા સિદ્ધ રહેતા હશે, એમ માનીને બંને હાથ જોડ્યા. ચરણમાં મસ્તક નમાવી અને પ્રેમથી

त्रिया सहित तुं कोन हे भाई, बैठा थिर होई निशि बनमांई ॥०८॥
कवन काज बिचरत बनमहीयाँ, गृहस्थ रीत तजीके निरदईया ॥
तब तेहि प्रत्ये बोलेउ धर्मा, हे मुनिराय सुनो कहुँ मर्मा ॥०९॥
हम सरवरिया ब्राह्मन जाति, कोशल देश रहे दिनराती ॥
धर्म नाम हे मोर मुनेशा, हम पर असुर करत अति द्वेषा ॥१०॥
बहुत कष्ट घर महियाँ स्वामी, अतही अकिंचन हुँ बहुनामी ॥
एही कष्ट मिटावन काजा, किन त्याग निज गृह महाराजा ॥११॥
घर तजी गया वृंदाबन मांई, जमुना तट तर बर की छांई ॥
विष्णु कर जप आत्मक जागा, कीन प्रमुदित अति अनुरागा ॥१२॥
कीन आराधन श्रीहरि केरा, दीनबंधु रीझे तेहि बेरा ॥

રોમાંચિત થઈ પ્રણામ કર્યા. ૭. તે વખતે ધર્મદેવને જોઈને અતિશય ભયંકર દેખાતો તે તપસ્વી બોલ્યો, “અરે ભાઈ, આ વનમાં રાતે સ્ત્રીની સાથે આવેલો અને સ્થિર થઈને બેઠેલો, તું કોણ છો ? ૮. ગૃહસ્થની રીતને નિર્દયતાથી છોડી દઈને તું આ વનમાં શા કામ માટે ફરી રહ્યો છો ?”

તે વખતે તે તપસ્વીના પ્રત્યે ધર્મદેવે કહ્યું કે “મુનિરાજ ! અહીં વનમાં આવવાનો મારો મતલબ સાંભળો. ૯. હું જાતે સરવરિયા બ્રાહ્મણ છું અને કાયમ કૌશળ દેશમાં રહું છું. મુનિવર, મારું નામ ધર્મ છે. અસુરો અમારા ઉપર બહુ દ્વેષ રાખે છે. ૧૦. હે સ્વામી ! અમને ઘરમાં બહુ દુઃખ છે અને અમે એકદમ ગરીબ છીએ. તો હે બહુનામી મહારાજ ! એ કષ્ટ ટાળવા માટે અમે અમારું ઘર છોડી દીધું હતું. ૧૧. ઘર છોડીને અમે વૃંદાવનમાં ગયા. ત્યાં યમુનાજીને કિનારે વૃક્ષોની છાયામાં બેસીને અમે અતિશય પ્રેમભાવથી પ્રસન્નપણે જપાત્મક વિષ્ણુયાગ કર્યો. ૧૨. અમે ભગવાનની આરાધના કરી ત્યારે દીનબંધુ

मनवांछित वर श्रीहरि दीना, तब मैं हरखी शीश धरी लीना ॥१३॥
श्रीकृष्ण सुँ मैं वर पावा, मोर मनोरथ सब बनी आवा ॥
अति पुलकित घर जात दयाला, भूला पंथ भया बेहाला ॥१४॥

दोहा : बिपत परी महाबन बिशे, रजनी महिं मुनिराज ॥
तुमकुं देखत मगन भया, अब सुधरहि सब काज ॥१५॥
करो रक्षा मम दीन की, जानि कृष्ण कर दास ॥
मोरे मन श्रीकृष्ण बिन, नांहिं आन कर आस ॥१६॥

सोरठा : सुनते कृष्ण कर नाम, भयो क्रोधातुर कपट मुनि ॥
बर्नी रुद्र दुःख धामा, डसत अधर कंपत हे तन ॥१७॥
होयके अति आतूर, धर्म प्रति बोला बटुक ॥
तुम वर पावा जरूर, सोउ कहो मोय तुरत सब ॥१८॥

ભગવાન પ્રસન્ન થયા અને તેમણે અમને મનોવાંછિત વર આપ્યો. પછી મેં હરખથી તે વર માથે ચઢાવ્યો. ૧૩. શ્રીકૃષ્ણ પાસેથી મને જે વર મળ્યો તેનાથી મારા બધા મનોરથ પૂરા થયા. હર્ષથી અતિશય વિહ્વળ થઈને હું ઘેર જાતો હતો. તેમાં હે દયાળુ ! હું રસ્તો ભૂલી ગયો અને બેહાલ થઈ ગયો છું. ૧૪. હે મુનિરાજ ! આ ઘોર વનમાં રાતે મારા ઉપર વિપત્તિ આવી પડી છે. આપનાં દર્શન થયા એટલે હું રાજી થયો છું. હવે મારું બધું કામ સુધરી જાશે. ૧૫. હું ગરીબ છું. મને શ્રીકૃષ્ણનો દાસ જાણીને આપ મારી રક્ષા કરો. મારા મનમાં એક શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈની આશા નથી.” ૧૬.

તે કપટી મુનિએ શ્રીકૃષ્ણનું જેવું નામ સાંભળ્યું કે તરત ક્રોધાતુર થઈ ગયો. અત્યંત દુઃખ થાય એવો રૌદ્ર બની ગયો. પોતાના હોઠને દાંતથી દબાવ્યા, શરીરથી ધ્રૂજવા લાગ્યો. ૧૭. અને અતિશય વિહ્વળ થયેલો તે બ્રહ્મચારી ધર્મના પ્રત્યે બોલ્યો કે “તું કોઈ ચોક્કસ વર પામ્યો હોઈશ, તો તે વર અને બધી વાત મને તરત જ કહે.” ૧૮.

चोपाई :

तब तेहि प्रति धर्म हसी बोले, सुनउ बनी हे बात अमोले ॥
मिले हमकुं हरि राजी होई, कमल नयन श्रीकृष्ण सोई ॥१९॥
पीछे मैं प्रभु आगे भाखा, मोर कष्ट सबही कही दाखा ॥
मोसुँ बोले जन प्रतिपाला, करी करुणा श्रीकृष्णक्रिपाला ॥२०॥
सुनो धर्म मैं कहुँ सत्य बानी, अवनि पर जे असुर अभिमानी ॥
तुमकुं महादुःख देने वारे, होई हे नाश दुष्ट मति सारे ॥२१॥
कलि कर रूप प्रगट अवतारा, नृपति सुयोधन भूमि भारा ॥
पूर्वे असुर जुद्ध महीं आये, मैं दुष्टन कर नाश कराये ॥२२॥
जे नृप कौरव कर पक्ष धारी, भारत जुद्ध भवा अति भारी ॥
भीम अर्जुन कर पास मरावा, बहुत पापी कर नाश करावा ॥२३॥

ત્યારે ધર્મદેવ હસતા હસતા તે બ્રહ્મચારીની આગળ બોલ્યા, “મહારાજ ! સાંભળો. વાત તો ઘણી અમૂલ્ય બની છે. કમળનયન શ્રીકૃષ્ણ પ્રભુ અમને પ્રસન્ન થઈને મળ્યા છે. ૧૯. પછી મેં તે પ્રભુની આગળ મારાં દુઃખની બધી વાત કહી દીધી. પછી ભક્તજનોનું રક્ષણ કરનાર દયાળુ શ્રીકૃષ્ણ ભગવાન કરુણા કરીને મારી આગળ બોલ્યા કે ‘હે ધર્મ ! તમે મારી સાચી વાણી સાંભળો.આ ભૂમિ ઉપર તમને અપાર દુઃખ દેનારા જે છે તે બધા અભિમાની અસુરો છે, તે દુષ્ટ બુદ્ધિવાળા અસુરોનો હવે નાશ થશે. ૨૦-૨૧. કળિયુગના સાક્ષાત્ અવતાર જેવો રાજા દુર્યોધન આ ભૂમિના ભારરૂપ હતો. પૂર્વે જ્યારે તે યુદ્ધમાં આવ્યો ત્યારે મેં તે દુષ્ટનો નાશ કરાવ્યો હતો. ૨૨. મહાભારતનું ઘણું મોટું યુદ્ધ થયું, તેમાં કૌરવોનો પક્ષ લઈને જે ઘણા મોટા પાપી રાજાઓ આવ્યા હતા, તે બધાનો મેં ભીમ તથા અર્જુનની પાસે નાશ કરાવ્યો હતો. ૨૩. કેટલાકને તો સાક્ષાત્ મેં અને બળદેવજીએ મારીને તેને સરસ મુક્તિ આપી હતી. તેમાં પણ જે અસુરો મારા ભયંકર વૈરી હતા અને વૈરને

कितनेक में बलिराम संघारे, मारिके मुक्ति दिन में च्यारे ॥
तिन महिं असुर मोर अति बेरी, बैरभाव करी कुमति घनेरी ॥२४॥
मोर प्रगट संबंध ते पावा, दर्श पर्श प्रताप जनावा ॥
पाये सुगति गये सुरपुर मांई, जन्ममृत्यु कर कष्ट नसांई ॥२५॥
कितने बिषे भोग ललचाये, भये भूत अपवर्ग न पाये ॥
सोउ जन्म अवनि अब लीना, मम संग बैर बहुत बिधि कीना ॥२६॥
तुमकुं धर्म अब मूर्तिमाना, सोउ मर्म असुरन समुजाना ॥
तुमकुं जानी मोर स्वरूपा, देत हे दुःख कुटिल खलभूपा ॥२७॥
ऐसे असुर भूमि कर भारा, देत संतकुं कष्ट अपारा ॥
बैर लेन मोसुँ मतिमंदा, इछत असुर अभागी अंधा ॥२८॥
दोहा : परने इछत अनल में, चाहत कुशल पतंग ॥

લીધે જેમાં ઘણી કુબુદ્ધિ હતી છતાં પણ જે મારા પ્રત્યક્ષ સંબંધને પામ્યા, જેને મેં મારા દર્શન, સ્પર્શ તથા પ્રતાપ જણાવ્યો; તેવા બધા અસુરો તો સદ્‌ગતિ પામ્યા અને કેટલાક દેવલોકમાં ગયા અને તે બધાના જન્મ મરણનાં દુઃખને મેં ટાળ્યા હતા. ૨૪-૨૫.

તે અસુરોમાં કેટલાક તો વિષય ભોગની લાલસાવાળા હતા. તે મોક્ષને પામ્યા નહિ પણ ભૂતપ્રેત થયા. તે બધા અત્યારે આ ભૂમિ ઉપર જન્મ્યા છે અને તેમણે મારી સાથે અનેક પ્રકારનું વૈર રાખ્યું છે. ૨૬. હવે તે કુટિલ અસુરોએ તમને મૂર્તિમાન ધર્મ તરીકે ઓળખ્યા છે. અને તમને મારું સ્વરૂપ જાણીને તે ખળના બાદશાહો દુઃખ દઈ રહ્યા છે. ૨૭. એવા અસુરો ભૂમિના ભારરૂપ છે અને તે સંતોને અપાર કષ્ટ આપે છે. તે અભાગિયા અંધ મંદબુદ્ધિના અસુરો મારી સાથે વૈર વાળવા માગે છે. ૨૮. પતંગિયું અગ્નિમાં પડીને પણ કુશળ રહેવા માગે તેમ તે શઠ અસુરો મારી સાથે વૈર બાંધીને આ જગતમાં કઈ રીતે યુદ્ધ જીતશે ? ૨૯.

त्युं मम संग शठ बैर करी, जीति हे जगति जंग ॥२९॥
प्रगट होई मैं तुमहिसुँ, करिहुँ सद्य संहार ॥
अस वर देके श्रीहरि, भये अदृश तेहि बार ॥३०॥

सोरठा : एहि बिधी प्रबल प्रताप, बरन्यो धर्म श्रीकृष्ण कर ॥
कीनो अधिक उथाप, निज पक्षी सब असुर कर ॥३१॥
अति प्रदिप्त उर मांई, क्रोध ज्वाल भइ प्रगट तब ॥
शांति पावत नांई, क्रोध विवश भयो असुर मुनि ॥३२॥

चोपाई :
क्रोधानल प्रगटा तन मांई, कुपित भ्रकुटी अधरनि फरकांई ॥
अरुन नयन तन अनल अनूपा, डसत अधर मानुं मन्यु विरूपा ॥३३॥
क्रूर दृष्टि करी रहा निहारी, मानहुं धर्म हि दैहे जारी ॥
भुज पटकी बोला खर बानी, कुल अंगार द्रौनी दुःखदानी ॥३४॥

માટે હે **ધર્મ ! હું તમારાથી પુત્રના રૂપમાં પ્રગટ થઈને તત્કાળ જ તે અસુરોનો સંહાર કરીશ."** તે ભગવાન આ રીતનો મને વર દઈને તત્કાળ જ ત્યાં અદૃશ્ય થઈ ગયા હતા. ૩૦. આ રીતે ધર્મદેવે શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રબળ પ્રતાપ કહ્યો. પોતાના પક્ષના બધા અસુરોનો ઘણો વિનાશ કરેલો સમજીને જેનાં મનમાં અપાર ક્રોધની જ્વાળાઓ અત્યંત પ્રજ્વળી રહી છે, એવો તે અસુર મુનિ અશ્વત્થામા કોઈ રીતે શાંતિ પામ્યો નહિ અને ક્રોધને આધીન થઈ ગયો. ૩૧-૩૨. તેના શરીરમાં ક્રોધનો અગ્નિ પ્રગટ થયો. તેની ભૂકુટિ એકદમ કુપિત થઈ ગઈ, હોઠ ફરકવા લાગ્યા, આંખો લાલ થઈ ગઈ, તેનું શરીર અનુપમ ક્રોધાગ્નિથી બળવા લાગ્યું, દાંત નીચે હોઠને દબાવતો માનો એ ભયંકર ક્રોધ હોય એવો દેખાવા લાગ્યો. ૩૩.

પછી તો તે ક્રૂર દૃષ્ટિએ કરીને ધર્મને તે રીતે જોવા લાગ્યો કે માનો તે હમણાં જ ધર્મને બાળી દેશે. અત્યંત દુઃખ આપનારો, કુળના અંગારા જેવો દ્રોણપુત્ર અશ્વત્થામા પોતાના હાથને પછાડીને અતિશય

अरे बिप्र अब कृष्ण तेरा, सुत होई हनि हे असुर घनेरा ॥
गुन अरु दोष कृष्ण कर जेता, जानत हुँ मैं जथार्थ तेता ॥३५॥
मो बिनु अवर न जानत भाई, कपटी कृष्ण कर खल कुटिलाई ॥
हमरे प्रान सम प्रिय भूपाला, दुर्योधन गुनवंत बिशाला ॥३६॥
जरासंध कंसादि भूपा, महासुभटतर सुघर स्वरूपा ॥
दंतवक्र शीशुपाल समेता, करन दुःशासन आदिक जेता ॥३७॥
ए सब नृप मम प्रान प्रबीना, सो सब कृष्ण निकंदन कीना ॥
एहि दुःख जरत रहत मम छाती, निंद नांहिं सोवत दिन राती ॥३८॥
कीन बुरा तिनकर बड भारी, कृष्ण कुटिल नखाये मारी ॥
पारथ कर सारथी होइ प्यारा, कौरव कुल संहारन हारा ॥३९॥
ऐसा कृष्ण कुबुद्धि भारी, सब कर बैरी खल व्यभिचारी ॥
मोहिकुं दारुन दुःख दीना, पांडु सुत करी सहाय प्रबीना ॥४०॥

કઠોર વાણી બોલ્યો, ૩૪. 'એ બ્રાહ્મણ..! તે કૃષ્ણ તારો પુત્ર થઈને એ ઘણા અસુરોનો નાશ કરશે ? તારા કૃષ્ણના જેટલા ગુણ અને દોષ છે તે બધાને હું યથાર્થરૂપમાં જાણું છું. ૩૫.

અરે ભાઈ..! તે કપટી કૃષ્ણની ખળતાઈ અને કુટિલતાને મારા સિવાય બીજો કોઈ જાણતો નથી. મારા પ્રાણ જેવો પ્રિય અને વિશાળ ગુણવાળો રાજા દુર્યોધન, જરાસંધ અને ઘણા પ્રશિક્ષણને પામેલા યુદ્ધ નિપુણ કંસાદિક રાજાઓ, દંતવક્ર, શિશુપાળે સહિત કર્ણ અને દુઃશાસન આદિક જે બધા નિપુણ રાજાઓ હતા તે બધા મારા પ્રાણ સમાન હતા. તે બધાનું શ્રીકૃષ્ણે નિકંદન કાઢ્યું છે. અને તે દુઃખથી મારી છાતી સતત બળતી રહે છે; તેનાથી રાત દિવસ હું ઊંઘી શકતો નથી. ૩૬-૩૮. તે કુટિલ શ્રીકૃષ્ણે તે બધાને મારી નખાવ્યા અને તેણે મારું ઘણું ભૂંડું કર્યું છે. તે તેના પ્રિય ભક્ત અર્જુનના સારથી થઈને કૌરવના કુળનો નાશ કરનાર છે. ૩૯. આવો કૃષ્ણ સૌથી મોટો કુબુદ્ધિ છે, ખળ તથા વ્યભિચારી છે અને મારો સૌથી મોટો શત્રુ છે. તેણે નિપુણતાથી પાંડવોને

मैं हुँ सखा सुयोधन केरा, राजगुरु बुद्धिवंत घनेरा ॥
कीन मोर अतहि अपमाना, कुलपांसु कृष्ण मैं जाना ॥४१॥

बोला पुनि तपस्वी जानी, सुन ब्राह्मन सत्य कहुँ ले मानी ॥
द्रोणाचार्य कर सुत मैं एका, प्रगट कृष्ण कर रिपु बिशेखा ॥४२॥

अश्वस्थामा नाम हमारा, सब असुरनकुं प्राण ते प्यारा ॥
तेहि कारण मम मित्र असुरा, तिन कर होवे क्षेम जरूरा ॥४३॥

करत हुँ सब बिधि पर उपगारा, कुशल रहे ज्युं असुर परिवारा ॥
पूर्व जन्म कर कृष्ण संगे, बैर लेनकुं अतहि उमंगे ॥४४॥

दोहा : श्राप देत हें बिप्र अब, कहुँ सत्य करी तोय ॥
ब्राह्मन तेरे पुत्र सो, शस्त्र न धारे कोय ॥४५॥

बिन आयुध नर शत्रुकुं, हनते पडत प्रियास ॥
केवल बुद्धिबल करी, होत न शत्रु बिनाश ॥४६॥

મદદ કરીને મને ભયંકર દુઃખ દીધું છે. ૪૦. હું દુર્યોધનનો બુદ્ધિમાન મિત્ર અને રાજગુરુ છું. તેણે મારું ઘણું અપમાન કર્યું છે; તેથી હું તે કૃષ્ણને કુળકલંક માનું છું.' ૪૧. વળી, ફરીને તે તપસ્વી બોલ્યો કે 'હે બ્રાહ્મણ ! સાંભળ, હું જે કહું છું તેને તું સાચું માન. હું દ્રોણાચાર્યનો એકમાત્ર પુત્ર છું. હું પ્રગટ શ્રીકૃષ્ણનો અતિ શત્રુ છું. મારું નામ અશ્વત્થામા છે. બધા જ અસુરોનો હું પ્રાણપ્યારો છું અને તેને લીધે જ બધા અસુરો મારા મિત્ર છે. તે અસુરો દ્વારાએ જ મારું ક્ષેમકુશળ જરૂર થશે. ૪૨-૪૩. હું બધી રીતે તેમના ઉપર એવો ઉપકાર કરું કે જેનાથી બધા અસુરોનો પરિવાર કુશળ રહે. મારે પૂર્વજન્મથી જ શ્રીકૃષ્ણની સાથે વૈર છે; એટલે અતિશય ઉમંગથી તે વૈર લેવા માટે, હે વિપ્ર ! હવે હું શાપ દઉં છું.હું સત્યની સાક્ષીએ કહું છું. **હે બ્રાહ્મણ ! તારે ત્યાં પુત્રનાં રૂપમાં જન્મ લેનાર શ્રીકૃષ્ણ કોઈ પણ શસ્ત્ર ધારશે નહિ.** ૪૪-૪૫. વગર આયુધે શત્રુને મારવામાં મનુષ્યને ઘણો પ્રયાસ પડે છે. એકલા બુદ્ધિના બળથી ક્યારેય શત્રુનો નાશ થતો નથી.' ૪૬.

सोरठा : यह प्रकार दे श्राप, अश्वत्थामा दुष्ट मति ॥
भयो अदृश्य मति पाप, द्रौनी भूत सम परम खल ॥४७॥
धर्म भक्ति उर मांई, बाढी चिंता श्राप कर ॥
पाये खेद मन मांही, प्रेमानंद कहे सरल मति ॥४८॥

इति श्रीसहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायण- चरित्रामृते धर्मभक्ति आरण्य दुःख, द्रौणिशाप नामा दशमोऽध्यायः ।।१०।।



अध्याय - ११

दोहा : कहे परस्पर दंपती, भया सुफल सब काम ॥
कीन दैव बिच बिघ्न जुत, रहा न उर आराम ॥०१॥

આ રીતે દુષ્ટ તથા પાપરૂપ બુદ્ધિવાળો, અતિશય ખળ અને ભૂત જેવો દ્રોણ પુત્ર અશ્વત્થામા શાપ દઈને અદશ્ય થઈ ગયો. ૪૭. પ્રેમાનંદ સ્વામી કહે છે કે સરલ બુદ્ધિના ભક્તિ અને ધર્મનાં હૃદયમાં અશ્વત્થામાના શાપથી અતિશય ચિંતા વધી અને ઘણો ખેદ થયો. ૪૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ધર્મ ભક્તિને અરણ્યમાં દુઃખ તથા અશ્વત્થામાનો શાપ' એ નામે દસમો અધ્યાય સમાપ્ત-૧૦



અધ્યાય - ૧૧

ધર્મભક્તિનું છપૈયાગમન અને શ્રીહરિનો પાદુર્ભાવ

ધર્મ અને ભક્તિ પરસ્પર વાતો કરવા લાગ્યા કે આપણું બધું કામ સુફળ થયું. છતાં વચ્ચે દુર્ભાગ્યે તેમાં વિઘ્ન કર્યું અને હૃદયમાં શાંતિ રહી

तेही कारन अब सुमरिये, विघ्नराज करि प्रीत ॥
तेहि बिन नाश न होई दुःख, बनी वात बिपरीत ॥०२॥

सोरठा : यह बिभूति अवतार, श्रीहरि कर गजवदन विभू ॥
गननायक करि प्यार, करिहें विघ्न विनाश सब ॥०३॥

येहि कारन करि नेह, करु व्रत गजवदन कर ॥
करीहे बिन संदेह, विघ्न निकंदन गौरी सुत ॥०४॥

चोपाई :

पीछे धर्म भक्ति उर जाना, भया शापकर शोक निदाना ॥
भक्ति शोक मिटावन काजा, प्राचीन कथा कही द्विज राजा ॥०५॥

नृप दशरथ सुत लक्ष्मण रामा, जनक सुता संग सब गुण धामा ॥
राज्य त्याग करी गये सब बन मांई, फिरत बिपिन पद पनहि नांई ॥०६॥

નહિ. ૧. તો તે નિવારણ માટે હવે પ્રેમથી વિઘ્નરાજ ગણપતિને આપણે યાદ કરીએ. વાત ઘણી વિપરીત થઈ ગઈ છે, તે દુઃખનો નાશ ગણપતિ સિવાય થશે નહિ. ૨. ગજવદન અને સર્વ સમર્થ એવા ગણપતિજી ભગવાનની વિભૂતિરૂપ અવતાર છે. તો પ્રેમથી એ ગણનાયક આપણા બધા વિઘ્નોનો નાશ કરશે. ૩. તેટલા માટે ઘણા સ્નેહભાવથી આપણે ગણપતિ ચોથનું વ્રત કરશું. તેથી ગૌરીપુત્ર ગણેશજી નિઃસંદેહ આપણાં વિઘ્નોનો નાશ કરશે. ૪. પછી ધર્મદેવે જાણ્યું કે ભક્તિ દેવીનાં હૃદયમાં શાપને લીધે ઘણું દુઃખ થયું છે, ત્યારે તે ભક્તિના શોકને ટાળવા માટે દ્વિજરાજ ધર્મદેવે પ્રાચીન કથા કહી. ૫.

મહારાજ દશરથના પુત્ર અને સર્વ ગુણોના નિધિ જેવા શ્રીરામચંદ્રજી લક્ષ્મણ તથા જનકપુત્રી સીતાની સાથે રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયા. તે વનમાં જ્યારે ફરતા ત્યારે તેમના પગમાં પગરખા પણ હતા નહિ. ૬. તેમને રાક્ષસો ભેળા થયા, ભયંકર દુઃખ દીધું અને જનક કુમારી સીતાનું પણ હરણ કરી ગયા. તેને લીધે તેમને ઘણું દુઃખ પડ્યું. પણ

मिले राक्षस दारुण दुःख दीना, जनक कुंवरी कर हरणसो कीना ॥
भया कष्ट तिनही अति भारी, किंन सहन सब मनसि बिच्यारी ॥०७॥
पुनी पांडव द्रुपदी दुःख पावा, बार वरिस सबन हरि गुन गावा ॥
एहि बडेनकी रित सदाई, सहत विपत करि मन बच काई ॥०८॥
त्युं अपने दुःख परा सयानी, करीये सहन उर धीरज आनी ॥
रामकथा कहते बिस्तारी, हनुमंत महिमा आवा भारी ॥०९॥
कहा धर्म सो करि बिख्याता, प्रेमवती उर शांति दाता ॥
पीछे भक्तिकुं उर मांई, सब प्रकार करि स्मृति आंई ॥१०॥
अपनाये कुलदेव सदाई, रामदूत हनुमान कहांई ॥
करउ नाश कष्ट तत खेवा, मारुतसुत हमरे कुल देवा ॥११॥
अंजनि नंदन रिपु मदहारी, हे हनुमंत हरो पीर हमारी ॥

તેમણે મનમાં વિચારીને તે બધું દુઃખ સહન કર્યું હતું. ૭. વળી, પાંડવો તથા દ્રોપદીને પણ દુઃખ આવ્યું હતું. તેઓ પણ બાર વરસ સુધી વનમાં ભગવાનનું ગુણગાન કરતા રહ્યા હતા. **મોટા પુરુષોની એવી કાયમની રીત હોય છે કે કોઈ દુઃખ આવી પડે તો તેને મન, વચન તથા શરીરથી સહન કરે છે.** ૮. હે દેવી ! તમે તો સમજુ છો. આપણને પણ આગળ વાત કહી તે પ્રમાણે દુઃખ આવ્યું છે, તો દિલમાં ધીરજ રાખીને આપણે તે સહન કરીએ. આમ વાત કરતા ધર્મદેવે ભક્તિદેવીને વિસ્તારીને રામ કથા કહી. તેમાં હનુમાનજીનો ઘણો મહિમા કહેવામાં આવ્યો. ૯.

❁ ભક્તિદેવીને કથાથી થયેલી શાંતિ તથા હનુમંતદર્શન :

જ્યારે ધર્મદેવે વિસ્તારીને આ બધી વાત કરી ત્યારે તે વાતથી ભક્તિદેવીનાં દિલમાં ઘણી શાંતિ થઈ. અને તે પછી ભક્તિદેવીનાં દિલમાં બધી રીતની વાત યાદ આવી. ૧૦. “મરુત્સુત હનુમાનજી આપણા હંમેશના કુળદેવ છે અને તે રામદૂત કહેવાય છે. તેઓ આપણા કષ્ટનો તત્કાળ નાશ કરશે જ.” ૧૧. આમ કહીને ભક્તિદેવી બોલ્યા

रक्षा करउ वीर व्रत धारी, अस कही भक्ति मात पुकारी ॥१२॥
तेहि अवसर विप्र बपु कीना, आयके मारुति दर्शन दीना ॥
करि करुना बोले हनुमांना, भक्ति धर्म सुनो एक ध्याना ॥१३॥
तजो संताप दंपती दोउ, मै कुलदेव तुमारा होउ ॥
मोहिकां पहुंचे सब विधि लाजा, करीहुं रक्षण सुधरे काजा ॥१४॥
दोहा : द्रौनी शाप करी तव सुत, शस्त्र न धरिहें कोई ॥
तदपि अधिक प्रताप जुत, होई हे सांमृथ सोई ॥१५॥
निज बुद्धि बल चातुरी, तेहि करिके तत्काल ॥
त्रिलोकी जितन बिखे, होईहे निपुंन तव बाल ॥१६॥
सोरठा : में रक्षा करनार, धर्म तुमारे कुलकी नीत ॥
रहिहु पास तैयार, जहां जब संकट परही तब ॥१७॥

કે **"હે અજંની નંદન ! શત્રુઓના મદને હરનારા હે હનુમંત ! અમારી પીડાનો નાશ કરો. આપ વીરોના વ્રતને ધારણ કરનારા છો. એટલે અમારી રક્ષા કરો."** આમ બોલીને ભક્તિમાતાએ હનુમાનજીને પોકાર્યા. ૧૨.

બરાબર તે અવસરે વિપ્રનું રૂપ લઈને હનુમાનજી આવ્યા અને દર્શન દીધાં. પછી હનુમાનજી મહારાજ દયા કરીને બોલ્યા કે "હે ભક્તિ ! હે ધર્મ ! ધ્યાન દઈને મારી એક વાત સાંભળો. ૧૩. તમે બંને બધી જાતના સંતાપને છોડી દો. હું તમારો કુળદેવ છું. તમારું દુઃખ જોઈને તો આજે મને બધી રીતે ઘણી લાજ શરમ આવે છે. હું તમારી રક્ષા કરીશ તેથી તમારું બધું કામ સુધરી જશે. ૧૪. અશ્વત્થામાના શાપને લીધે તમારા પુત્ર કોઈ શસ્ત્ર ધારણ કરશે નહિ, છતાં પણ તે ઘણા પ્રતાપી થશે અને મહાન સમર્થ થશે. ૧૫. તે પોતાની બુદ્ધિનાં બળ અને ચાતુર્યથી તત્કાળ જ આ ત્રિલોકીને વિષે પ્રસિદ્ધ થશે અને તમારો બાળક નિપુણ થશે. ૧૬. હે ધર્મ ! હું હંમેશાં તમારા કુળની રક્ષા કરનારો છું. જે વખતે ને જ્યાં તમને સંકટ આવશે ત્યારે હું ત્યાં તમારી પાસે રક્ષા કરવા તૈયાર જ રહીશ." ૧૭.

अस बोली हनुमान, भये अंतरध्यान कपि ॥
धर्म भक्ति गुलतान, भये प्रथम ज्युं सुभग मति ॥१८॥

चोपाई :

धर्म भक्ति उर हरख अपारा, कीन गमन मन करि बिच्यारा ॥
घोरारण्य उलंघन कीना, पावा पंथ सुभग सु नवीना ॥१९॥
भई विनायक व्रत महि प्रीति, आई अधिक अचल प्रतीति ॥
वक्रतुंड हे अधिक प्रतापी, सुमरन करत डारा दुःख कापी ॥२०॥
जेहि कर व्रत करन का कीना, एक वेरी संकल्प नवीना ॥
तेहि छिन विघ्न कीन सब दूरी, लंबोदर हाजरा हजूरी ॥२१॥
अस कहि चले दंपति जेही, उर धरी श्री घनश्याम सनेही ॥
डेढ मास चलते निज गामा, धर्म भक्ति आये सुख धामा ॥२२॥

❁ ગણપતિની પ્રાર્થના તથા છપૈયા આગમન :

આટલું કહીને કપીશ્વર હનુમાનજી અંતરધાન થઈ ગયા. પછી સદ્‌બુદ્ધિવાળા ધર્મ તથા ભક્તિ પહેલાની જેમ જ ખુશી થઈ ગયા. ૧૮. પછી ધર્મ અને ભક્તિનાં દિલમાં ઘણો આનંદ થયો અને આગળને માર્ગે વિચારપૂર્વક ચાલવા લાગ્યા. તે ઘોર અરણ્ય પાર કર્યું અને સારો નવો સુંદર માર્ગ મળી ગયો. ૧૯. તેમને ગણપતિજીનાં વ્રતમાં ઘણો પ્રેમ થયો અને સહુ કરતા વધારે દૃઢ વિશ્વાસ આવ્યો. “વક્રતુંડ ગણપતિજી સહુથી અધિક પ્રતાપી છે અને સંભારતાની સાથે જ તેમણે બધાં દુઃખો કાપી નાખ્યા છે. ૨૦. જે હેતુ માટે વ્રત કરવાનું નક્કી કરી એકવાર મનમાં નવો સંકલ્પ કરે છે તે જ વખતે ગણપતિજી તેના બધા વિઘ્નોને દૂર કરી દે છે. માટે લંબોદર ગણપતિજી તો હાજરાહજૂર છે.” ૨૧. ઉપર કહ્યા પ્રમાણે બોલીને પોતાના ઉપર સ્નેહ રાખનારા ઘનશ્યામ શ્રીકૃષ્ણને ઉરમાં ધારી રહેલા ધર્મ તથા ભક્તિ ચાલતા થયા. તે દોઢ મહિને પોતાને ગામ આવ્યા. ૨૨.

ज्ञाति कुटुंब सकल परिवारा, मिले परस्पर करी बहु प्यारा ॥
दरस परस करि आनंद पाये, पुलकित हृदय नेना जल छाये ॥२३॥
प्रभु प्रताप करि भया सुख चेना, करत भजन सुखमे दिन रेना ॥
तदनंतर जे धर्म के वैरी, भये मित्र कर प्रीत घनेरी ॥२४॥
देखि धर्मकुं शत्रु जेही, गर्व रहित पाये भय तेही ॥
ता पीछे श्रीकृष्ण सुजाना, करन जीव कर परम कल्याना ॥२५॥
अनंत जीव ओधारन देवा, धरिहे जन्म कृष्ण ततखेवा ॥
तदनंतर श्रीहरि सुखदाई, कीन आवेश धर्म उर मांई ॥२६॥
तेहि करी भयो धर्म छबि धामा, छायो प्रताप अधिक अभिरामा ॥
निज कान्ति करी सब जग ढांका, परे असुर सब अति मन झांका ॥२७॥

તે સમયે પોતાની જ્ઞાતિ, કુટુંબ તથા પરિવારના બધા લોકો ઘણા પ્રેમથી પરસ્પર મળ્યા. પરસ્પર દેખીને, સ્પર્શ કરીને સહુ ખુશી થયા અને બધાના હૃદય આનંદથી ખીલી ગયા. આંખોમાં સ્નેહનાં આંસુ ભરાઈ ગયા. ૨૩. પરમાત્માના પ્રતાપથી સુખ શાંતિ થઈ ગઈ. સહુ રાત દિવસ સુખથી પ્રભુ ભજન કરવા લાગ્યા. તે પછી તો ધર્મદેવના જેટલા વૈરીઓ હતા, તે બધા પણ મિત્ર થઈ ગયા અને ઘણો પ્રેમ રાખવા લાગ્યા. ૨૪. ધર્મદેવને દેખીને જે તેના શત્રુઓ હતા, તે બધાનો ગર્વ ઊતરી ગયો અને ડરી ગયા.

તે પછીના દિવસોમાં સર્વજ્ઞ આવા શ્રીકૃષ્ણ ભગવાન જીવોનું પરમ કલ્યાણ કરવાને માટે તેમજ અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે તત્કાળ જ જન્મ ધારણ કરવા વિચારવા લાગ્યા. તે પછી સુખદાયક તે પરમેશ્વરે ધર્મદેવનાં હૃદયમાં પ્રવેશ કર્યો. ૨૫-૨૬. અને તેનાથી ધર્મદેવનાં શરીરની શોભા એકદમ વધી ગઈ અને તેમનો રમણીય પ્રતાપ અધિક છવાઈ ગયો. પોતાના શરીરની કાંતિથી તેમણે સર્વ જગતને ઢાંકી દીધું.

धन अरु धान्य वाहन पशु नाना, बढि स्मृधि का करे वखाना ॥
प्रथम सुधर्मदेव गृह मांई, रिद्धि सिद्धि अणिमादिक छांई ॥२८॥

दोहा : यह प्रकार द्विज धर्मकुं, हरिप्रसाद भयो भारी ॥
हरिप्रसाद कहि धर्मकुं, बोलावत नरनारी ॥२९॥

हरिप्रसाद नामे करि, भये जगती बिख्यात ॥
हरिप्रसाद निज नाम की, बढी कीर्ति साक्षात ॥३०॥

सोरठा : देवतुल्य तन कान्ति, सोहत वपु छबि कर भुवन ॥
भये परम उर शान्ति, बढि स्मृधि तत्काल गृहे ॥३१॥

देखी धर्म विशेष, करे बिच्यार अति मुदित मन ॥
हरि कर भयो आवेश, यु जानां द्विज धर्म उर ॥३२॥

પછી તો બધા અસુરો ધર્મદેવને જોઈને મનમાં ઘણા ઝાંખા પડી ગયા. ૨૭. પછી ધર્મદેવનાં ઘરમાં ધન, ધાન્ય, વાહન અને પશુ વગેરેની અનેક પ્રકારની સમૃદ્ધિ વધી ગઈ અને સહુ તેમના વખાણ કરવા લાગ્યા. પહેલા તો તે ધર્મદેવનાં ઘરમાં બધી રિદ્ધિ અને અણિમાદિક સિદ્ધિઓ છવાઈ ગઈ. ૨૮.

આ રીતે વિપ્ર શ્રેષ્ઠ ધર્મદેવના ઉપર ભગવાન હરિનો પ્રસાદ (રાજીપો) થયો. તેથી બધા નરનારીઓ ધર્મદેવને **"હરિપ્રસાદ"** એવે નામે બોલાવવા લાગ્યા. ૨૯. પછી તો જગતમાં તે હરિપ્રસાદ એવે નામે વિખ્યાત થયા અને હરિપ્રસાદ એવા નામની કીર્તિ પણ સાક્ષાત્ વધી ગઈ. ૩૦. તેમનાં શરીરની કાંતિ દેવના જેવી હતી. તેમનાં શરીરની કાંતિથી ઘર પણ સોહામણું લાગતું હતું. તેનાં દિલમાં અતિશય શાંતિ થઈ અને તેમના ઘરમાં તત્કાળ જ બધી સમૃદ્ધિ વૃદ્ધિ પામી. ૩૧. આવી બધી વિશિષ્ટતાઓને દેખીને પ્રસન્ન મનથી વિચારતા ધર્મદેવને 'ભગવાનનો મારામાં પ્રવેશ થયો છે.' એવી દિલમાં ખબર પડી ગઈ. ૩૨.

चोपाई :

आप मही श्रीहरि कर आई, भयो आवेश परम सुखदाई ॥
पीछे धर्मदेव मुद आंनी, धर्यो भक्ति विषे गर्भ बिग्यानी ॥३३॥

तेहि करि भक्ति भइ छबि धामा, तेजवत तन अति अभिरामा ॥
कपिल मात देवहुति समाना, कीर्ति कान्ति करी रूप निधाना ॥३४॥

अनंत कोटि ब्रह्मांड आधारा, ऐसे श्रीहरिकृष्ण उदारा ॥
सो हरि धारे गर्भ में माता, अद्‌भुत बात बनी साक्षाता ॥३५॥

पूरन शशि सम निज तन मांई, छाई कान्ति सो कही न जाई ॥
प्रेमवती श्रीहरि उरधारी, भई ततकाल परम अघहारी ॥३६॥

देव मातुवर अदिति समाना, नमते देव पुनि करत बखानां ॥
प्रेमवती कर पुन्य बडभारी, भये बिख्यात जगत सुखकारी ॥३७॥

જ્યારે પોતામાં પરમ સુખદાયક ભગવાનનો પ્રવેશ થયો તે પછી વિશેષ જ્ઞાન ધરાવતા ધર્મદેવે ઘણી પ્રસન્નતાથી ભક્તિદેવીને વિષે ગર્ભ સ્થાપન કર્યો. ૩૩. તેણે કરીને ભક્તિદેવી ઘણી શોભાને પામ્યા. તેમનું શરીર અતિશય રમણીય અને તેજસ્વી બન્યું. ભક્તિદેવી કીર્તિ, રૂપ તથા કાંતિની દૃષ્ટિએ કપિલદેવની માતા દેવહૂતિના સમાન થયા. ૩૪. અનંતકોટિ બ્રહ્માંડના આધાર એવા ઉદાર ગુણ સંપન્ન શ્રીહરિકૃષ્ણ પ્રભુને ગર્ભમાં ધારણ કરનાર માતા ભક્તિદેવી પોતે સાક્ષાત્ અદ્‌ભુત વાતનો આશ્રય બન્યા હતા. ૩૫. પૂર્ણ ચંદ્રમાના સમાન શરીરની જે કાંતિ હતી, તે કહી શકાતી નથી. પ્રેમવતી ભક્તિદેવી શ્રીહરિને હૃદયમાં ધારવાથી તત્કાળ જ અતિશય પાપને હરનારા થયા હતા. ૩૬.

ભક્તિદેવીને દેવમાતા અદીતિને તુલ્ય પ્રણામ કરનારા દેવતાઓ તેની પ્રશંસા કરતા હતા. પ્રેમવતી ભક્તિદેવીનું તો અપાર પુણ્ય હતું તેથી તે જગતમાં પ્રસિદ્ધ અને સુખકારી થયા. ૩૭. ભક્તિદેવીને દેખીને બીજી બધી સ્ત્રીઓ પરસ્પર પ્રેમથી એવી વાણી બોલતી હતી કે ‘આ

देखी भक्तिकुं अन्य सब नारी, बोले परस्पर बांनी प्यारी ॥
भुपर गर्भवती बहु देखी, एसी तेजस्वी कोउ न देखी ॥३८॥
ना देखी ना सुनी न कांनी, ए सम नांही संची भवानी ॥
एक देवहूति सुनी पुराने, तासुं अधिक प्रेमवती जांने ॥३९॥
बोले परस्पर यह बिधी अबला, सोहत मानुं प्रेमवती चपला ॥
प्रेमवती कर उदरमें कोई, कारन रूप आये हें सोई ॥४०॥
प्रेमवती कर महिमा गावे, नगर नारी मन मोद बढावे ॥
भक्ति चरन रज शीरपर धारी, वंदित देव रु अज त्रिपुरारी ॥४१॥
सब प्रकार जुत भक्तिमाता, दशवां मास बीषे साक्षाता ॥
जन्मा सूत शशी पुर्न समाना, करुणा सागर श्रीभगवाना ॥४२॥
दोहा : करुणा सागर श्रीहरि, प्रगट भये सुख देन ॥

જગતમાં સગર્ભા ઘણી સ્ત્રીઓને દેખી છે, છતાં આ ભક્તિદેવીના જેવી તો આપણે સગર્ભા સ્ત્રી કોઈ દેખી નથી. ૩૮. ક્યારેય ન દેખી હોય અને કાનથી ન સાંભળી હોય એવી આ ભક્તિદેવીને સમાન કોઈ ઈન્દ્રાણી કે ભવાની પણ નથી હોતી.' પુરાણમાં એક તેજસ્વી દેવહૂતિને સાંભળ્યા હતા, પણ આ પ્રેમવતી ભક્તિ તો તેના કરતા ઘણા અધિક જણાય છે. ૩૯. બધી સ્ત્રીઓ આ રીતે પરસ્પર બોલતી હતી ત્યારે પ્રેમવતી ભક્તિ માનો, ચમકતી વીજળી હોય તેવા સોહામણા લાગતા હતા. આ પ્રેમવતીના ઉદરમાં કોઈ જગતનું કારણ તત્ત્વ આવ્યું હોય તેમ જણાય છે. ૪૦. આ રીતે પ્રેમવતી દેવીનો મહિમા ગાતી નગરની સ્ત્રીઓનાં મનમાં આનંદ વધતો હતો. ભક્તિદેવીના ચરણની રજને માથે ચડાવીને દેવતાઓ, બ્રહ્મા અને શિવજી પણ વંદન કરતા હતા. ૪૧.

❁ શ્રીઘનશ્યામ પ્રાગટ્યોત્સવ :

સર્વ સદ્ગુણથી સંપન્ન માતા ભક્તિદેવીને જ્યારે સાક્ષાત્ દસમો માસ ચાલતો હતો ત્યારે પૂર્ણ ચંદ્રના સમાન કરુણાના સાગર સુખરૂપ

साधु जन कर उर विषे, आनंद सुख दिन रेन ॥४३॥
अखिल भुवन कर कारण, प्रगट भये अविनाश ॥
धर्म देव कर सदनमहीं, भयो अतहिं प्रकाश ॥४४॥

सोरठा : पीछे भक्ति मात, नीज सज्या महीं सुख सदन ॥
लखा चिह्न ग्रहि गात, भया पूत्र आनंद करन ॥४५॥
लीन जन्म हरिराय, अति आनंद भयो भक्ति उर ॥
प्रेमानंद करन सहाय, पुरुषोत्तम भये प्रगट हरि ॥४६॥

इति श्री सहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते धर्म भक्तिका छपैयागमन, हरि प्रादुर्भाव नामा एकादशोऽध्याय ॥११॥



શ્રીભગવાન રૂપ પુત્રનો જન્મ થયો. ૪૨. **કરુણાના સાગર અને ભક્તજનોને સુખ આપનારા એવા ભગવાન શ્રીહરિ જ્યારે પ્રગટ થયા ત્યારે સત્પુરુષોનાં હૃદયને વિષે રાત દિવસ આનંદપૂર્ણ સુખ રહેવા લાગ્યું.** ૪૩. સર્વ જગતના પરમ કારણરૂપ એવા અવિનાશી પ્રભુ જ્યારે પ્રગટ થયા ત્યારે ધર્મદેવનાં ઘરમાં અત્યંત પ્રકાશ થયો. ૪૪.

પછી ભક્તિમાતાએ પોતાની શય્યામાં સુખના આધાર જેવા પુત્રનાં સ્વરૂપના બધા જ શુભ ચિહ્નો જોયા. આ પુત્ર અતિશય આનંદ કરાવનારા થયા. ૪૫. જ્યારે પ્રભુ શ્રીહરિનો જન્મ થયો ત્યારે ભક્તિદેવીના હૃદયમાં અતિશય આનંદ થયો. પ્રેમાનંદ સ્વામી કહે છે કે 'આ પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ દુઃખમાં સહાય કરવા માટે પ્રગટ થયા છે.' ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ધર્મ ભક્તિનું છપૈયાગમન અને શ્રીહરિનો પ્રાદુર્ભાવ કહ્યો' એ નામે અગિયારમો અધ્યાય સમાપ્ત-૧૧



अध्याय - १२

दोहा : यह प्रकार नीज सदन मध्य, प्रगटे पुरन काम ॥
तेजो निधी अक्षरपति, रूप राशी घनश्याम ॥०१॥
जेही अवसर प्रभु प्रगट भये, आनंद कारी अनुप ॥
सो अवसर संक्षेपसुं, बरनुं बीमल सुखरूप ॥०२॥
संवत अढार सेतीस में, प्रगट प्रभु ततखेव ॥
संवत्सर सुविरोधकृत, उत्तरायन रवि देव ॥०३॥
सोरठा : बसंत रितु मधु मास, शुक्ल पक्ष तिथी नवमी शुभ ॥
प्रगटे हरन रीपु त्रास, पुष्यनक्षत्र चंद्र दिन ॥०४॥
वृश्चिक लग्न सार, कौलव करन हरन दुःख ॥
योग सुकर्मा उदार, दस घडी रात्री बीतीत तब ॥०५॥

અધ્યાય - ૧૨

વેદોક્ત જન્મ શુદ્ધિ કરી

આગળ કહ્યું તે રીતે પોતાને ઘેર પૂર્ણકામ, તેજોનિધિ, રૂપરાશિ એવા અક્ષરધામના અધિપતિ શ્રીઘનશ્યામ પ્રગટ થયા. ૧. જે અવસરે અતિશય આનંદકારી પ્રભુ પ્રગટ થયા તે વિશુદ્ધ અને સુખરૂપ અવસરનું સંક્ષેપથી વર્ણન કરું છું. ૨. **સં.૧૮૩૭માં જ્યારે પ્રભુ પ્રગટ થયા ત્યારે વિરોધકૃત સંવત્સર હતું. સૂર્ય ઉત્તરાયણના હતા. વસંતુ ઋતુ, ચૈત્ર માસ, શુક્લ પક્ષ અને શુભ નવમીની તિથિ હતી. શત્રુઓના ત્રાસનો નાશ કરવા જ્યારે પ્રભુ પ્રગટ થયા ત્યારે પુષ્ય નક્ષત્ર અને સોમવાર હતો.** ૩-૪. સારું વૃશ્ચિક લગ્ન હતું અને દુઃખ હરનાર કૌલવ કરણ હતું. સુકર્મા નામે ઉદાર યોગ હતો. ત્યારે રાત્રિ દસ ઘડી વીતી હતી. ૫.

તેજોનિધાન, મનુષ્યાકૃતિ ધરી રહેલા, પરાત્પર પૂર્ણ બ્રહ્મનો જય થાઓ. અક્ષરાધિપતિ, સદાય અવિનાશી અને ભક્તજનની બધી વિપત્તિઓનો નાશ કરનારા એવા આપનો જય થાઓ. ૬.

चोपाई :

जय तेज निधान नराक्रतिनं, जय पूरनब्रह्म परात्परं ॥
जय अक्षरपति अविनाश सदा, जय मेटन भक्त अखिल विपदा ॥०६॥

जय दिव्य स्वरूप सदा सुखदं, शमन रिपुत्रास रु मोहमदं ॥
जय राजीब लोचन रुपवरं, जय नीजजन दुःख संताप हर ॥०७॥

जय पुरन काम रमा रमनं, जय त्रिबिधी ताप सदा समनं ॥
जय नाथ नमामी मुदा चरनं, जय कृष्ण हरि अशरन शरनं ॥०८॥

जय रमनीय रूप निधान हरि, जय असुर निकंदन देह धरी ॥
जय आदि नारायण इश पति, जय जय अवतारी अगम गति ॥०९॥

दोहा : भयो जन्मभूमि बिशे, पुरुषोत्तम अवतार ॥
अखिल शक्तिधर आये प्रभु, करन पतित भव पार ॥१०॥

જેનું સ્વરૂપ દિવ્ય છે, સદા સુખકારી છે, તેમજ શત્રુઓના ત્રાસનો તથા મોહ અને મદનો નાશ કરનાર છે. કમળના સમાન નેત્ર યુક્ત જેનું શ્રેષ્ઠ રૂપ છે અને પોતાના ભક્તજનોનાં દુઃખરૂપ સંતાપને જે હરે છે, તે આપનો જય થાઓ. ૭. જે પૂર્ણકામ તથા રમા રમણ છે અને હંમેશા ત્રણ પ્રકારના તાપને શમાવી દેનારા છે એવા હે નાથ ! આપના ચરણને હું ઘણા પ્રેમથી નમું છું. અશરણના શરણ એવા હે હરિકૃષ્ણ ! આપનો જય થાઓ. ૮. **જે રમણીય રૂપના નિધાન છે અને અસુરનો નાશ કરવા જેણે મનુષ્ય દેહ ધર્યો છે, એવા આપ શ્રીહરિનો જય થાઓ. જે આદિનારાયણ છે, સર્વેશ્વર છે, સર્વના સ્વામી છે, જેની ગતિ અગમ્ય છે, એવા આપ સર્વાવતારીનો જય થાઓ... જય થાઓ.** ૯.

આ ભૂમિ ઉપર પુરુષોત્તમનારાયણનો અવતાર થયો. તે સર્વ શક્તિને ધારણ કરનારા સર્વ નિયંતા શ્રીહરિએ પતિત જનોનો ઉદ્ધાર કરવા માટે અવનિ ઉપર જન્મ ધર્યો હતો. ૧૦. આ પૃથ્વી ઉપર બધા જ નરનારીઓનાં દિલમાં અપાર આનંદ ઊભરાતો હતો. ત્રિલોકીમાં

अवनी बिषे नरनारी उर, आनंद छल्यो अपार ॥
त्रिभुवन मे घर बिषे, हो रह्यो जय जय कार ॥११॥

सोरठा : करत महोछव देव, प्रेम पुलकी उर हरख अती ॥
अवनी मही ततखेव, बढ्यो प्रेम नरनारी उर ॥१२॥

गगन सघन सुर जान, सुमन वृष्टि करे अमरमीली ॥
गांधर्व करत हे गान, हनत दुंदभी विबुध वर ॥१३॥

छंद हरिगीत :

करत स्तवन बिबुद्ध संकुल, नम्र शीर प्रनती करी ॥
जय परम पुरुष प्रताप पुरन, नमामी धर्मात्मज हरि ॥१४॥

हरन भूमि भार द्विजकुल, प्रगटे नरवर तनु धरी ॥
देत अभीनव आनंद जनकुं, नमामी धर्मात्मज हरि ॥१५॥

ઘેર ઘેર જય જયકાર થઈ રહ્યો હતો. ૧૧. દેવતાઓ પ્રેમથી પુલકિત થઈ ગયા. તેમનાં દિલમાં અતિશય આનંદ હતો અને તે મહોત્સવ કરવા લાગ્યા. આ ભૂમિ ઉપર તત્કાળ બધા જ નરનારીઓનાં દિલમાં પ્રેમ વધ્યો. ૧૨. દેવતાઓના વિમાનોથી આકાશ ઘાટું થઈ ગયું. ત્યારે બધા દેવતાઓ મળી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, ગાંધર્વો ગાવા લાગ્યા અને શ્રેષ્ઠ દેવતાઓ દુંદુભિઓને વગાડવા લાગ્યા. ૧૩.

❀ દેવોએ કરેલી સર્વાવતારી શ્રીહરિની સ્તુતિ :

બધા દેવતાઓ ભેળા મળીને મસ્તક નમાવી પ્રણામ કરવા લાગ્યા અને સ્તુતિ બોલવા લાગ્યા કે 'પ્રતાપથી પરિપૂર્ણ, પરમ પુરુષ, ધર્માત્મજ આપ શ્રીહરિનો જય થાઓ. અમે આપને પ્રણામ કરીએ છીએ. ૧૪. ભૂમિ ઉપર રહેલા અસુરોના ભારનો નાશ કરવા માટે દ્વિજકુળમાં શ્રેષ્ઠ મનુષ્ય દેહ ધારીને આપ પ્રગટ થયા છો. ભક્તજનોને અત્યંત આનંદ આપી રહેલા એવા ધર્માત્મજ શ્રીહરિ આપને અમે પ્રણામ કરીએ છીએ. ૧૫. આજના નવમીના શુભ દિવસને ધન્ય છે અને તેની આજની

धन्य धन्य सुदिवस रजनी, धन्य मंगलमय धरी ॥
सुखकंद पुरनचंद प्रगटे, नमामी धर्मात्मज हरि ॥१६॥

करत बीनय वृंदारका, पुलकित पुनी पायन परी ॥
प्रगटे सुर द्विज आनंदकारी, नमामी धर्मात्मज हरि ॥१७॥

कलमषमय मतवादीमततम, हरन तिव्रसु तेजरी ॥
जय कल्पतरू चिंतामणी, नमामी धर्मात्मज हरि ॥१८॥

बांधी सेतु भवाब्धि पर, रची दृढ तर बचन तरी ॥
तारे जन पंच पापमय, नमामी धर्मात्मज हरि ॥१९॥

जय भक्तिनंदन धर्मसुत, आत्रिय शाप विनाशरी ॥
संत द्विज प्रति पालनकारी, नमामी धर्मात्मज हरि ॥२०॥

पूजत पुलकी पदाब्ज सुंदर, मुक्त मंत्र सु उचरी ॥
धर्मपर्म धुरंधर श्री, नमामी धर्मात्मज हरि ॥२१॥

મંગળમય રાત્રિને પણ આપે ધન્ય કરી છે. સર્વ સુખનાં મૂળરૂપ, પૂર્ણ ચંદ્ર જેવા પ્રગટ થયેલા આપ ધર્માત્મજ શ્રીહરિને અમે પ્રણામ કરીએ છીએ.' ૧૬. બધા દેવતાઓ પ્રાર્થના કરતા હતા અને રોમાંચ થઈને ચરણોમાં પડતા હતા ને કહેતા હતા કે 'દેવતાઓ તથા વિપ્રોને આનંદ આપવા માટે પ્રગટ થયેલા આપ ધર્માત્મજ શ્રીહરિને અમે પ્રણામ કરીએ છીએ. ૧૭. પાપમય મતવાદીઓના મતરૂપી અંધકારને હરવા માટે જેમણે તીવ્ર તેજ ધારણ કર્યું છે, એવા આપનો જય થાઓ. કલ્પતરુ અને ચિંતામણિને સમાન આપ ધર્માત્મજ શ્રીહરિને અમે પ્રણામ કરીએ છીએ. ૧૮.

જેણે સંસારરૂપી સાગરને તરવા માટે ધર્મની મર્યાદાનાં વચનરૂપી દૃઢ વહાણ બનાવીને કેટલાય લોકોનો પાંચ મહાપાપોથી ઉદ્ધાર કર્યો છે, એવા ધર્માત્મજ આપ શ્રીહરિને અમે પ્રણામ કરીએ છીએ. ૧૯. દુર્વાસાના શાપનો નાશ કરનાર, સંતો તથા વિપ્રોનું પાલન કરનાર, એવા ભક્તિ તથા ધર્મના પુત્ર ધર્માત્મજ શ્રીહરિ આપને અમે પ્રણામ

दोहा : द्विजकुल प्रगटे श्रीहरि, पुरुषोत्तम घनश्याम ॥
आनंदभये बिलोकीके, बाल शीशु सुखधाम ॥२२॥
राजत ग्रहमही प्रगट प्रभु, तेजोनिधि करतार ॥
मंगल छायो दश दीशी, भयो क्षिन भुभार ॥२३॥

सोरठा : बहतहें त्रिबिधि समीर, शीतल मंद सुगंधमय ॥
गई सकल मन पीर, पुलकित भये द्विजकुल सकल ॥२४॥
अमल भयो आकाश, बिमल भये उडगन गगन ॥
प्रगटे पुरुष अविनास, छायो प्रगट प्रताप भुवि ॥२५॥

चोपाई :
अग्निहोत्र के अनल सुजानां, धूम रहीत भये जाज्वलमांनां ॥
शुद्ध भये मन संतन केरा, भया ज्ञान प्रदिप्त घनेरा ॥२६॥
असुर परे अवनि मुर्छाई, सहसा त्रास भयो उरमांई ॥

કરીએ છીએ. ૨૦. મુક્તો રોમાંચિત થઈને મંત્રો ઉચ્ચારે છે અને આપના સુંદર ચરણ કમળને પૂજે છે. એવો આપ પરમ ધર્મ ધુરંધર ધર્માત્મજ શ્રીહરિ છો, તે આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૨૧. સુખધામ શ્રીહરિ પુરુષોત્તમ ઘનશ્યામ દ્વિજકુળમાં નાના બાળકનાં રૂપમાં પ્રગટ થયા, તેનાં દર્શન કરીને સર્વત્ર આનંદ થયો. ૨૨.

સર્વ કર્તા અને તેજોનિધિ પ્રભુ ઘરમાં પ્રગટ થયા ત્યારે ઘણા શોભતા હતા. દશેય દિશામાં મંગળમય વાતાવરણ છવાઈ ગયું અને પૃથ્વીનો ભાર ક્ષીણ થઈ ગયો. ૨૩. તે સમયે મંદ, શીતળ અને સુગંધી એવો ત્રણ પ્રકારનો પવન ચાલવા લાગ્યો. સહુનાં મનની પીડા મટી ગઈ. તેમજ સમગ્ર વિપ્ર કુળ પુલકિત થઈ ગયું. ૨૪. જ્યારે અવિનાશી પુરુષોત્તમ પ્રગટ્યા ત્યારે આકાશ નિર્મળ થઈ ગયું અને આકાશમાં બધાં નક્ષત્રો શુદ્ધ દેખાવાં લાગ્યાં. ભૂમિ ઉપર પણ પ્રગટ પ્રતાપ વ્યાપી ગયો. ૨૫. અગ્નિહોત્રના અગ્નિ ધુમાડા રહિત અને સ્પષ્ટ જવાળાથી ઓળખાતા હતા. સંતોનાં મન એકદમ પવિત્ર થઈ ગયાં અને તેમાં અત્યંત જ્ઞાન પ્રગટ

होत अशुभ उर असुरन केरे, होत दुःस्वप्न रयनि बहु तेरे ॥२७॥
फरकत बाम नयन भूजदाई, आवा मोत मनहुं लगी चाई ॥
देव बजावत दुंदभी नादा, भये पुलकीत लखी हरिप्रसादा ॥२८॥
द्विज घर छाये मंगलच्यारी, जयजय शब्द करत नरनारी ॥
कलस्वर गावत नारी समाजा, बाजत द्विजघर बहु बिधी बाजा ॥२९॥
ज्यु नारीनर भईहे भीरा, बसन रु भुषन सजे शरीरा ॥
निर्खी मुख उर बढ्यो सनेहा, देत आशिष नारीनर तेहा ॥३०॥
कोटिक बरिस जियो जगमांई, धर्मकुंवर सुंदर सुखदाई ॥
दधि हरदि कुंमकुंम ले प्यारी, कुच आनन लेपत द्विज नारी ॥३१॥

થયું. ૨૬. ભૂમિ ઉપર જે અસુરો હતા તે મૂર્છિત થઈ ગયા અને તેનાં દિલમાં એકદમ ભય પેદા થયો. તે અસુરોનાં દિલમાં કેટલાય અમંગળ થવાં લાગ્યાં અને રાતે તેને ઘણાં ખરાબ સ્વપ્ન આવવા લાગ્યાં. ૨૭. તેની ડાબી આંખ અને ડાબી ભુજાઓ ફરકવા લાગી. માનો, તેને મરણ નજીક આવ્યું હોય તેમ જણાવા લાગ્યું. જ્યારે દેવતાઓ દુંદુભિ વગાડવા લાગ્યા ત્યારે તેને દેખીને હરિપ્રસાદ ધર્મ રોમાંચિત થઈ ગયા. ૨૮.

❁ છપૈયાવાસીઓ શ્રીહરિનાં જન્મથી ધન્ય થયા :

દ્વિજ ધર્મદેવના ઘરમાં મંગળમય વાતાવરણ વ્યાપી ગયું. બધાં જ નરનારીઓ જય જય શબ્દ બોલતા હતા. સ્ત્રીઓનો સમાજ મધુર સ્વરે ગીત ગાવા લાગ્યો. અને તે વિપ્રને ઘેર ઘણી જાતનાં વાજિંત્ર વાગવા લાગ્યા. ૨૯. તે વખતે શરીર ઉપર સારાં વસ્ત્ર તથા ઘરેણાં પહેરીને આવેલાં નરનારીઓની ઘણી ભીડ થઈ.

બાલ સ્વરૂપ શ્રીહરિનાં મુખને દેખીને સહુનાં દિલમાં હેત વધ્યું અને સહુ નરનારીઓ શુભ આશિષ દેવા લાગ્યાં. ૩૦. 'સુખદાયક અને અતિ સુંદર એવા ધર્મકુમાર આ જગતમાં કરોડો વરસ જીવો.' આવું બોલીને વિપ્ર સ્ત્રીઓ પ્યારથી દહીં, હળદર અને કુંકુમ લઈને પરસ્પર

छिरके परस्पर अति हरखाई, नारी पुरुष छबि कही न जाई ॥
करत कतोहल घोष अपारा, त्रिभुवन छायो शब्द उदारा ॥३२॥
द्विज पुर हो रहा जय जय कारा, भया मुदित वृष कुल परिवारा ॥
धर्म आनंदे सुत मुख निरखी, बढ्यो नेह रहे शुभ अंग फरकी ॥३३॥
भये पुत्र महि चित्त आसक्ता, भये जक्त सुपरम बिरक्ता ॥
यह प्रकार भयो उछव भारी, प्रगट भये प्रभु जन सुखकारी ॥३४॥
बने श्रीकृष्ण मनोहर बाला, भयो दंपती उर हरख बिशाला ॥
भये प्रगट अक्षरपति राजा, धर्म भुवन मही गरीब निवाजा ॥३५॥
दोहा : आये इन्द्रादिक अमर गन, करत सुमन बरसात ॥

છાતી અને મોઢા ઉપર લીંપતી હતી. ૩૧. સ્ત્રીઓ તથા પુરુષો જ્યારે હરખથી એકબીજાના ઉપર હળદર તથા કુંકુમ છાંટતા હતા ત્યારની તેમની શોભા કહી શકાતી નથી. તે બધા કુતૂહલ ભર્યો અપાર ધ્વનિ કરતાં હતાં, ત્યારે તે આશ્ચર્યમય ઉદાર શબ્દ ત્રિલોકીમાં વ્યાપી ગયો. ૩૨. તે વિપ્રના ગામમાં જય જયકાર થઈ ગયો અને ધર્મકુળનો બધો જ પરિવાર પ્રસન્ન થયો.

ધર્મદેવે પુત્રનું મુખ આનંદથી પૂર્ણ જોયું ત્યારે તેમનાં દિલમાં અતિશય સ્નેહ વધ્યો અને તેમનાં શુભ અંગ ફરકવાં લાગ્યાં. ૩૩. **તેમનું ચિત્ત પુત્રરૂપ શ્રીહરિમાં આસક્ત થઈ ગયું અને જગતથી અત્યંત વિરક્ત થઈ ગયું. જ્યારે ભક્તજનને સુખ આપનારા પ્રભુ શ્રીહરિ પ્રગટ થયા ત્યારે આ રીતે ઘણો મહાન ઉત્સવ થયો.** ૩૪.

જ્યારે શ્રીકૃષ્ણ પ્રભુ મનોહર બાળકનાં રૂપમાં થયા ત્યારે ધર્મ તથા ભક્તિ, બંનેનાં દિલમાં અપાર આનંદ થયો. અક્ષરાધિપતિ મહારાજાધિરાજ અને ગરીબનિવાજ પ્રભુ શ્રીહરિ ધર્મને ઘેર પ્રગટ થયા. ૩૫. તે વખતે ઈન્દ્ર આદિક બધા દેવતાઓનો સમુદાય આવ્યો અને તેમણે ફૂલની વૃષ્ટિ કરી. પછી તેઓ વિવિધ પ્રકારનાં વાજિંત્ર

बाजत बाजा विविधि बिधि, सुर त्रिया कलस्वर गात ॥३६॥

नरनारी मन हरख अति, बोलत जय जय बानी ॥
निरखी शशि मुख श्यामको, भये परम गुलतांनी ॥३७॥

सोरठा : करत मधुर स्वर गान, गुनि गांधर्व अति हरख जुत ॥
छाये गगन विमान, नृत्य करत सुरनारी नभ ॥३८॥

रीझे धर्म उदार, पुत्र जन्म सुनि प्रेमबस ॥
रही न तन संभार, बहे नयन बर हरख जल ॥३९॥

चोपाई :

धर्मदेव पुलकित मन होई, जातक कर्म करावा सोई ॥
गनिक प्रवीन धरामर आये, करि सन्मान भुवन बुलाये ॥४०॥

पुत्र जन्म शुद्धि तब किनां, बेद बिधिवत परम प्रबीनां ॥
मगन भये निरखि नरनारी, उछव भयो परम अघहारी ॥४१॥

વગાડવા લાગ્યા. દેવાંગનાઓ મધુર સ્વરથી ગાવા લાગી. ૩૬. બધા જ નરનારીઓનાં મનમાં અતિશય હરખ હતો અને સહુ 'જય.. જય..' એવા શબ્દ બોલતા હતા. ઘનશ્યામનાં મુખચંદ્રને દેખીને સહુ અતિશય ગુલતાન થઈ ગયા હતા. ૩૭. ગાયક ગંધર્વો અતિશય હરખથી મધુર સ્વરે ગાન કરવા લાગ્યા. તે વખતે આકાશમાં વિમાનો છવાઈ ગયા અને આકાશમાં દેવાગંનાઓ નૃત્ય કરવા લાગી. ૩૮

પોતાને ઘેર પુત્રનો જન્મ થયો છે એમ સાંભળીને પ્રેમવશ થયેલા ઉદાર મનનાં ધર્મદેવ અત્યંત રાજી થયા. તેમને પોતાના શરીરની કાંઈ સંભાળ રહી નહિ અને આંખોમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યા. ૩૯. પછી ધર્મદેવે રોમાંચિત મન થઈને બધું જાત કર્મ કરાવ્યું. નિપુણ જ્યોતિષી બ્રાહ્મણોને સન્માન કરીને પોતાને ઘેર બોલાવ્યા. ૪૦. તે સમયે નિપુણ વિપ્રોએ વૈદિક વિધિ પ્રમાણે પુત્ર જન્મની શુદ્ધિ કરી. તેને જોઈને બધા નરનારીઓ ખુશી થયા. આ રીતે અતિશય પાપ હરનારો ઉત્સવ થયો. ૪૧.

उच्छव बिशे बेदोक्त रीते, कीन अधिक सन्मानां प्रीते ॥
दीन धर्म द्विजकु बहु दाना, भुषन वसन धान्य धन नाना ॥४२॥
किनर गंधर्व सिद्ध रु चारन, आये मंगन मांगन कारन ॥
भाट चाट पुनि भांड रु ढारी, द्वारे बोलत कुक न पारी ॥४३॥
जाचक वृंद आये हरखाई, बोलत कीर्ति गाल बजाई ॥
कीन धर्म सबकर सन्माना, दीन यथाविधि सबकु दाना ॥४४॥
जो जेहि मांगा सो तेहि दीना, धर्म उदारु परम जशु लीना ॥
निज सुतरूप प्रगट भगवाना, निरखी निरखी होवत गुलताना ॥४५॥
माता पिताकुं सुतकर संगा, उपजी प्रीतवर अतही उत्तंगा ॥
चैत्र सुदी ११ एकादशी राती, आये बाल ग्रहगन बहु भांती ॥४६॥
बाल मुकुन्दकु मारन काजा, आये मलिन ग्रह करी समाजा ॥

વેદોક્ત વિધિથી કરેલા પુત્ર જન્મોત્સવમાં ધર્મદેવે પ્રેમથી સહુનું ઘણું સન્માન કર્યું. બ્રાહ્મણોને દાનમાં ઘણી જાતનાં ઘરેણાં, વસ્ત્ર, ધન અને અનેક પ્રકારનાં ધાન્ય આપ્યાં. ૪૨. કિન્નર, ગંધર્વ, સિદ્ધ, ચારણ આવા બધા માંગણ જાતિના લોકો કાંઈક માગવાની ઈચ્છાથી ધર્મદેવને આંગણે આવ્યા. ભાટ, ચારણ, ભાંડ તથા ઢાઢી જેવા માંગણ લોકો પણ દરવાજે આવીને માંગતા હતા. જેનો કોઈ પાર ન હતો. ૪૩. આ રીતે માંગણના ટોળાઓ હરખભેર આવ્યા. ગાલ વગાડીને કીર્તિના શબ્દ બોલતા હતા. પણ ધર્મદેવે તો સહુનું સન્માન કર્યું અને યથાવિધિ સહુને દાન આપ્યાં. ૪૪. ઉદાર મનનાં ધર્મદેવે જેણે જે માગ્યું તેને તે આપ્યું અને યશ પ્રાપ્ત કર્યો. તેઓ પોતાના પુત્રરૂપ પ્રગટ ભગવાનને નીરખી નીરખીને ગુલતાન થઈ જતા હતા. ૪૫. પુત્રરૂપ શ્રીહરિના ઉપર માતા પિતાને ઘણી ઊંચી પ્રીત ઊપજી.

ચૈત્ર સુદિ એકાદશીની રાતે ઘણી જાતના બાલગ્રહો(નાના બાળકની હત્યા કરનારી રાક્ષસીઓ) આવ્યા. ૪૬. બાલમુકુંદ શ્રીહરિને મારવાને

बैतरी कोटरा आदिक नामा, बालग्रह ए परम दुःख धामा ॥४७॥
निज दृष्टि हरि जारी भगावा, निज जनकु आनंद उपजावा ॥
धर्मकुंवर कृष्ण ब्रज चंदा, बालचंद्र सम बढत स्वछंदा ॥४८॥
माततात निज जनकुं भारी, देत महासुख हरि अघहारी ॥
एक समय मार्कन्ड ऋषि नामा, बर्नी वेश परम सुख धामा ॥४९॥
दोहा : लीखि प्रबीन द्विज गनीक मध्य, कीन धर्म सन्मान ॥
पूजन वंदन बहुत विधि, कीना धर्म सुजान ॥५०॥
लिखि त्रिकाल दर्शी द्विज, ज्योतिर्विन्दा वरिष्ठ ॥
धर्म जियाये प्रीत करी, भोजन सरस सुमिष्ठ ॥५१॥
सोरठा : होय धर्म अति दीन, कीन प्रार्थना प्रेम जुत ॥
सुनिये ऋषि प्रबीन, नाम करन मम पुत्रकर ॥५२॥

માટે તે મલિન ગ્રહો ભેળા મળીને આવ્યા. વૈતાળી અને કોટરા આદિક નામે કહેવાતો બાળગ્રહ ઘણો દુઃખપૂર્ણ હતો. ૪૭. તેને શ્રીહરિએ પોતાની દૃષ્ટિથી તગડી મૂક્યો અને પોતાના ભક્તજનોને આનંદ આપ્યો. ધર્મકુંવર વ્રજચંદ્ર શ્રીકૃષ્ણ પ્રભુ સ્વતંત્ર રીતે બાલચંદ્રની જેમ વધવા લાગ્યા. ૪૮. પાપને હરનારા મહાન સુખકારી શ્રીહરિ પોતાના માતા, પિતા અને આત્મીયજનોને ભારે સુખ આપતા હતા.

એક સમયે પરમ સુખધામ માર્કંડેય નામના ઋષિ તપસ્વિના વેશમાં ત્યાં આવ્યા. ૪૯. સારા વિદ્વાન જ્યોતિષીઓને મધ્યે તેમને નિપુણ દેખીને સુજ્ઞ ધર્મદેવે સન્માન કર્યું. ઘણી રીતે તેમનું પૂજન અને વંદન પણ કર્યું. ૫૦. ઉત્તમ જ્યોતિષને જાણનારા એવા તેમને ત્રિકાળદર્શી દેખીને ધર્મદેવે ઘણા પ્રેમથી સરસ મિષ્ટ ભોજન જમાડ્યાં. ૫૧. પ્રેમયુક્ત ધર્મદેવે અતિશય દીન થઈને તેમને પ્રાર્થના કરી કે “આપ જ્યોતિષશાસ્ત્રમાં નિપુણ ઋષિ છો, તો સાંભળો, આ મારા પુત્રનાં નામકરણ સંસ્કાર કરો. ૫૨. આપ જ નામકરણ સંસ્કાર કરવાને યોગ્ય છો.”

तुमही करने जोग, प्रेमानंद कहे सकल बिधि ॥
सुनिये बीर्य अमोध, तुम बिन और न सुभग द्विज ॥५३॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंद मुनि विरचिते श्रीहरिकृष्णनारायण-चरित्रामृते वेदोक्त जन्मशुद्धि कृत नामा द्वादशोऽध्यायः ।।१२।।



अध्याय - १३

दोहा : तब मुनिवर शुभ मुहूर्त लखि, नाम धरन के काज ॥
बिधि सहित आरंभ रच्यो, ले होमादिक साज ॥०१॥
कर्म सकल विधिवत किये, सर्वज्ञ मुनि धीर ॥
धर्मदेव प्रति बोलेउ, बानी परम रुचिर ॥०२॥

પ્રેમાનંદ સ્વામી કહે છે કે ધર્મદેવે કહ્યું, "આપ મારી વાતને બધી રીતે સાંભળો. આપ સફળ પરાક્રમી છો. તમારા જેવા કોઈ સારા જ્યોતિષી વિપ્ર મેં જોયા નથી." ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃતમાં 'વેદોક્ત જન્મ શુદ્ધિ કરી' એ નામે બારમો અધ્યાય સમાપ્ત-૧૨



અધ્યાય - ૧૩

શ્રીહરિનું નામકરણ અને અયોધ્યા નિવાસ

જ્યારે ધર્મદેવે બાલસ્વરૂપ શ્રીહરિના નામકરણ સંસ્કાર કરવાનું કહ્યું ત્યારે મુનિવર માર્કંડેયે શુભ મુર્હૂત જોઈને હોમ વગેરેનાં સાધન ભેળા કરાવીને નામ કરણ સંસ્કાર કરવા માટેનો વિધિએ સહિત આરંભ કર્યો. ૧. સર્વ કર્મ વિધિને જાણનારા ધીર સ્વભાવના તે મુનિએ બધી

सोरठा : वृष यह पुत्र तुमार, तुम दोउकी सकल विधि ॥
रक्षा सबही प्रकार, करिहे कछु संदेह नहिं ॥०३॥

आश्रित नर त्रियवृंद, तिनकर बिपदा सकल विधि ॥
हरि हे हरि सुखकंद, यह कारन हरिनाम शुभ ॥०४॥

चोपाई :

अर्थ जुक्त हे नाम अनूपा, हरन बिपत्त अघमय दुःखकूपा ॥
पुनि तव सुत कर कृष्ण हे बरना, जेहि जन लीन मुदित निज सरना ॥०५॥

तिनकर मन निज मूर्ति माई, करिहे आकर्षण जन सुखदाई ॥
चैत्र मास मे जन्म सुजानां, लीन हरिवर परम विज्ञाना ॥०६॥

येहि कारन कृष्ण अस नामा, जग विख्यात होई सुखधामा ॥
हरिकृष्ण जुग नाम हे नोखा, जानि लेउ धर्म अविशोका ॥०७॥

ક્રિયાઓ વિધિવત્ કરાવી. પછી ઘણી મીઠી વાણી ધર્મદેવના પ્રત્યે કહી, ૨. “હે ધર્મ ! આ તમારા પુત્ર ધર્મ ભક્તિ તમારા બંનેની બધી રીતે રક્ષા કરશે. તેમાં કોઈ સંદેહ નથી. ૩. આમના જ આશ્રિત જે કોઈપણ નરનારીનો સમુદાય હશે તેની બધી જ વિપત્તિને આ સુખકારી તમારા પુત્ર હરશે, એટલા માટે તેમનું શુભ નામ ‘હરિ’ એવું થશે. ૪. **પાપમય અને દુઃખની ખાણ જેવી વિપત્તિઓને હરનાર હોવાથી આ તમારા પુત્રનું હરિ એવું અનુપમ નામ સાર્થક ગણાશે.**

વળી, આ તમારા પુત્રનાં શરીરનો વર્ણ શ્યામ છે અને જે કોઈપણ મનુષ્યોને તે પ્રસન્નતાથી પોતાને શરણે લેશે તેથી તે બધાનાં મનને પોતાની જનસુખદાયક મૂર્તિમાં આકર્ષી લેશે, ઘણા જ્ઞાન સંપન્ન સુજ્ઞ આ હરિનો ચૈત્ર માસમાં જન્મ થયો છે; આ બધા કારણોથી આ સુખધામ હરિ જગતમાં **‘કૃષ્ણ’** એવે નામે પ્રસિદ્ધ થશે. હે ધર્મ ! તમે પ્રસન્નતાથી એ જાણી લો કે મારા કહેલા હરિ અને કૃષ્ણ, બંને નામ જુદા જુદા છે. ૫-૭. પવિત્ર ચિત્તવાળા ધર્મ ! તમે મારી વાત સમજી લો કે તે બંને

हरिकृष्ण एक नाम पुनीता, लेउ जानि धर्म शुद्ध चित्ता ॥
सुनउ धर्म पुनि सुखधामा, तव तनय कर सुंदर नामा ॥०८॥
पुनि सुनि लेउ आनी प्रतीति, कहुं नाम सुतकर करी प्रीति ॥
सब गुन पूरन धर्मकुमारा, होईहे परम बिदित जग प्यारा ॥०९॥
पंच गुन प्रवीन सुजाना, होईहे तव सुत शंभु समाना ॥
त्याग मूर्ति नैष्ठिकव्रत धारी, ज्ञान दिवाकर जन सुखकारी ॥१०॥
सत्य वाक तप मूर्ति सुजाना, धर्म धुरंधर जोग निधाना ॥
यह कारन सुनि लेउ धर्मा, सूचवुं तुमहि परम लिखि मर्मा ॥११॥
नीलकंठ अस नाम अनूपा, होई हे परम सत्य द्विज भूपा ॥
श्रीनारायण अंतर्जामी, पुनि जानउ सहजानंद स्वामी ॥१२॥
षड नामावलि अति अघहारी, कहे नाम अति मंगलकारी ॥

નામ ભેળા કરવાથી એક **‘હરિકૃષ્ણ’** એવું પણ પવિત્ર નામ કહેવાશે. વળી, સુખધામ એવા ધર્મ તમે સાંભળો, આ તમારા પુત્રનાં સુંદર નામ વિશ્વાસ લાવીને ફરીવાર સાંભળો. હું તેમનાં નામ પ્રેમથી કહું છું. હે ધર્મ ! આ તમારા પુત્ર સર્વ ગુણથી પરિપૂર્ણ થશે અને સર્વ જગતનાં પ્યારા થશે અને અતિશય પ્રસિદ્ધ થશે. ૮-૯. નિપુણ અને સુજ્ઞ એવા તમારા પુત્ર પાંચેય ગુણમાં શંકરના સમાન થશે. **તે મૂર્તિમાન ત્યાગ[1] હશે, બ્રહ્મચર્ય[2] વ્રતને ધારણ કરશે, જ્ઞાનમાં[3] તો સૂર્યના સમાન અને લોક સુખકારી હશે, સત્યવક્તા[4], સુજ્ઞ તપની[5] મૂર્તિ, ધર્મ ધુરંધર અને યોગના નિધિ થશે.** ધર્મદેવ તમે સાંભળો, આ કારણથી જ હું તમને આનું ખરું રહસ્ય છે તે લખીને સૂચવું છું. ૧૦-૧૧.

વળી, હે દ્વિજરાજ ! આમનું **‘નીલકંઠ’** એવું અનુપમ નામ પણ પરમ સત્ય થશે. અંતર્યામી એવા આમનું **‘શ્રીનારાયણ’** એવું નામ અને **‘શ્રીસહજાનંદ સ્વામી’** એવું નામ પણ થશે. ૧૨. આ છ એ નામ અતિશય પાપનો નાશ કરનારા અને અતિશય મંગલકારી કહ્યા છે.

गुन अरु कर्मनके अनुसारा, परि हे पुत्र के नाम अपारा ॥१३॥
यहि प्रकार कहि नाम मुनेशा, टारे मनकर सकल अंदेशा ॥
और ही सुतकर नाम विचारी, कहत भये मुनिबर अघहारी ॥१४॥

दोहा : होई हे पुत्र तुमार वृष, विष्णु तुल्य स्वच्छंद ॥
धर्म भक्ति तुम दोउकुं, दैहे अति आनंद ॥१५॥
नाम धरी मार्कन्ड मुनि, मौन भये तत्काल ॥
धर्म भक्ति सुनि पुत्र गुन, आनंद बढ्यो बिशाल ॥१६॥

सोरठा : दिन मुनिनकु दान, धर्मदेव करी प्रीत अति ॥
भूषन बसन सुजान, मनवांछित संपत्ति सरस ॥१७॥
ऐसे धर्म उदार, अवढर ढरे द्विज दीन पर ॥
किन न मनसि बिचार, जो मागा सोउ दीन वृष ॥१८॥

આ તમારા પુત્રના ગુણ અને કર્મને અનુસારે તો અપાર નામ પડશે.” ૧૩. આ રીતે તે મુનિવરે બાલસ્વરૂપ શ્રીહરિનાં નામ કહીને ધર્મનાં મનના બધા જ સંદેહો ટાળી નાંખ્યા. પાપને નાશ કરનારા તે મુનિવરે ધર્મપુત્રના વિચારપૂર્વક બીજા નામ પણ કહ્યા. ૧૪.

હે ધર્મ ! આ તમારા પુત્ર વિષ્ણુને સમાન સ્વતંત્ર થાશે. અને ધર્મ ભક્તિ તમને બંનેને અતિશય આનંદ આપશે. ૧૫. ઉપર કહ્યા પ્રમાણે માર્કંડેય મુનિએ બાલપ્રભુનાં નામ કહ્યા પછી તરત જ મૌન થયા. પોતાના પુત્રના ગુણોને સાંભળીને ધર્મ તથા ભક્તિનાં હૃદયમાં અપાર આનંદ વધ્યો. ૧૬.

પછી સુજ્ઞ ધર્મદેવે અતિશય પ્રેમથી માર્કંડેય મુનિને સારાં વસ્ત્ર, ઘરેણાં અને સરસ મનોવાંછિત સંપત્તિનું દાન કર્યું. ૧૭. ધર્મદેવ એટલા બધા ઉદાર હતા કે તે કોઈ ગરીબ બ્રાહ્મણના ઉપર અઢળક ઢળી જતા હતા. દાન આપતી વખતે મનમાં બહુ વિચાર કરતા નહિ. જે માગે તે તરત આપી દેતા હતા. ૧૮. ધર્મ અને ભક્તિને માર્કંડેય મુનિનાં

चोपाई :

मुनि वचनमें आनि प्रतीति, गुनवंत सुत जानी करी प्रीति ॥
धर्म भक्ति मुनिवर पे आई, जोरि पानी निज शीश नमाई ॥१९॥
बोले मुदित सुधा सम बानी, हे महामुनिवर परम विज्ञानी ॥
क्रिपानिधि हम दास तुमारे, बडे भाग्य प्रभु भये हमारे ॥२०॥
ईन नेननी तव दर्शन पावा, भये कृतार्थ नाम सुनावा ॥
पुनि तव दर्शन होय दयाला, कीजे ऐसी क्रिपा क्रिपाला ॥२१॥
गये मुनि मार्कंड दयाला, तदनंतर बीता कछु काला ॥
भया तीसरा वरस यु जानी, तब निज सुतकुं धर्म विज्ञानी ॥२२॥
चौलकर्म महा मंगलकारी, धर्म करावा श्रुति अनुसारी ॥
तेहि दिन भया महोत्सव भारी, पाये परम मुदित नरनारी ॥२३॥

વચનમાં ઘણો વિશ્વાસ આવ્યો અને પોતાના પુત્રને ગુણવાન સમજીને ઘણું હેત કર્યું.

પછી તે બંનેએ મુનિવરની પાસે આવી હાથ જોડી અને તેમના ચરણમાં મસ્તક નમાવ્યું. ૧૯. અને અમૃત સમાન વચન બોલ્યા કે "હે મહામુનિવર ! આપ તો પરમ વિજ્ઞાની છો અને કૃપાનિધિ છો. અમે તો આપના દાસ છીએ. હે પ્રભુ ! અમારા મહાન ભાગ્ય એ છે કે આ આંખોથી અમને આપનાં દર્શન થયા. આપે અમને પુત્રનાં નામ સંભળાવ્યા તેથી કૃતાર્થ થયા છીએ. હે દયાળુ ! ફરીવાર પણ અમને આપનાં દર્શન થાય એવી અમારા ઉપર કૃપા કરજો." ૨૦-૨૧.

દયાળુ માર્કંડેય મુનિ નામકરણ સંસ્કાર કરી ચાલ્યા ગયા. તે પછી કેટલોક સમય વીત્યો ત્યારે **બાલપ્રભુને ત્રીજું વર્ષ છે એમ જાણીને ઘણા સમજુ ધર્મદેવે પોતાના પુત્રનો મહાન મંગળકારી ચૌલકર્મ સંસ્કાર વૈદિક વિધિ પ્રમાણે કરાવ્યો.** તે દિવસે ઘણો મહોત્સવ થયો અને તેમાં આવેલા બધા નરનારીઓ ખૂબ જ આનંદ પામ્યા. ૨૨-૨૩.

धर्मदेव अति परम प्रबीना, बह्मभोज तेहि अवसर कीना ॥
दे आयुष निज भुवन बोलाई, साधु ब्राह्मणकु हरखाई ॥२४॥
जेंवाये मोदक करी प्रीति, घृत प्रचुर डारि रसरीती ॥
भांति भांतिके बिंजन नाना, पूरी कचोरी बरा बखाना ॥२५॥
पैहिती भात दुध अरु खौवा, उपर मीसरी बुंरा धोवा ॥
जेये साधु बिप्र अघाई, धर्मभक्ति उर हरख न मांई ॥२६॥
तेहि दिन प्रभुकु मारन काजा, आवा घोर असुरकर राजा ॥
कृत्यानलकर स्रजन हारा, कालीदत्त पापीन शीरदारा ॥२७॥
तीव्र दृष्टि करी हरि लघुबाला, किन पराभब रिपु ततकाला ॥
मोह पमाय दैत्य दुःखरुपा, भयो नाश असुरनकर भूपा ॥२८॥

ઘણા પરમ નિપુણ ધર્મદેવે તે અવસરે બ્રહ્મ ભોજન કરાવ્યું. સાધુ તથા બ્રાહ્મણોને પોતાને ઘેર હરખથી બોલાવ્યા કે જે પોતાના પુત્રને આશીર્વાદ આપીને દીર્ઘજીવી કરે. ૨૪. જેમાં પુષ્કળ ઘી નાંખ્યું હોય એવા લાડુ કરીને પ્રેમથી સાધુ બ્રાહ્મણને જમાડ્યા. તેની સાથે સાથે જાત જાતનાં શાકભાજી, પૂરી, કચોરી અને વખાણ્યા જેવા વડાં, મસાલાદાર દાળ, ભાત, દૂધ, માવો અને તેના ઉપર ધોયેલી સાકરનું બુરું વગેરે આપીને સાધુ તથા વિપ્રોને સંતોષપૂર્વક જમાડ્યા. ત્યારે ધર્મ તથા ભક્તિનાં હૃદયમાં હરખ સમાતો ન હતો. ૨૫-૨૬.

❇ બાલપ્રભુએ કરેલો કાલીદત્તનો નાશ :

તે દિવસે પ્રભુને મારવા માટે એક ભયંકર અસુરોનો રાજા આવ્યો. તે કૃત્યાનળને પેદા કરનારો, પાપીઓનો સરદાર કાળીદત્ત નામે હતો. ૨૭. બાળસ્વરૂપ શ્રીહરિએ શત્રુરૂપ કાલીદત્તના તરફ તીવ્ર દૃષ્ટિ કરી, તેનાથી તત્કાળ જ તેનો પરાભવ થયો. પોતાની દૃષ્ટિથી તેને મોહ પમાડ્યો તેથી અતિશય દુઃખરૂપ તે અસુરોના રાજાનો નાશ થયો. ૨૮.

दोहा : विविधि वृक्ष संग मंदमति, अत हि असुर पिटाय ॥
भयो नाश निज पाप करी, हरिजन रहे हरखाय ॥२९॥

येहि बिधि असुर अपार मीली, करत उपद्रव आय ॥
तब निज मनसी बिचारी वृष, लागे करन उपाय ॥३०॥

सोरठा : नाहि उर सुख चैन, देत असुर दुःख नित ही प्रति ॥
दुःख पावत दिन रेन, अब या रहना ठीक नहि ॥३१॥

अस बिचारी निज गाम, त्याग किन रीपु त्रास करी ॥
आये अवधपुर धाम, कुटुंब सहित वृष बुद्धिवर ॥३२॥

चोपाई :
अवध्य मध्य अति श्रेष्ठ निवासा, राजत रामघाटके पासा ॥
बरहटा शाखानग्र हे नामा, रहे धर्म तहां करी बिरामा ॥३३॥

તે મંદબુદ્ધિનો કાળીદત્ત અનેક વૃક્ષોની સાથે ખૂબ જ અથડાયો અને તે પોતાના પાપે કરીને નાશ પામ્યો અને તેનાથી ભગવાનના ભક્તોને હર્ષ થયો. ૨૯.

ઉપર કહ્યું તે રીતે અપાર અસુરો ભેળા મળીને આવતા અને ઉપદ્રવ કરતા હતા. ત્યારે ધર્મદેવે પોતાનાં મનમાં વિચાર કરીને કાંઈક ઉપાય કરવા લાગ્યા. ૩૦. આ છપૈયામાં તો મનમાં કાંઈ સુખ શાંતિ રહેતી નથી અને રોજ આવીને અસુરો દુઃખ દે છે. રાત ને દિવસ દુઃખ આવ્યા જ કરે છે, હવે અહીંયા રહેવું તે ઠીક નથી. ૩૧.

બુદ્ધિમાન ધર્મદેવે મનમાં આવો વિચાર કરીને શત્રુઓના ત્રાસથી પોતાના છપૈયા ગામનો ત્યાગ કર્યો અને કુટુંબને સાથે લઈને અયોધ્યાપુરી ધામમાં આવ્યા. ૩૨. અયોધ્યાપુરી ધામમાં રામઘાટની પાસે પોતાનું સુશોભિત અને અતિશય શ્રેષ્ઠ નિવાસ સ્થાન હતું. જેને બરહટા નામે અયોધ્યાનું એક પરું કહેવાતું હતું ત્યાં ધર્મદેવ આવીને રહ્યા. ૩૩.

अवध्य मध्य सुत नारी सहिता, बसे आये वृष परम पुनिता ॥
करत त्रिकाल सरजु स्नाना, विधि सहित शुभ धर्म सुजाना ॥३४॥
नित्य कर्म संध्यादिक जेहा, कृष्ण भक्ति जुत करत हे तेहां ॥
सबते अधिक भक्तिकुं जानी, भक्ति न त्यागत धर्म विज्ञानी ॥३५॥
यह बिधि धर्म श्रीकृष्णकी च्यारु, करत भक्ति एकतार उदारु ॥
देखी भक्ति धर्मकी लोका, प्रभु संग प्रेम बढ्यो अविशोका ॥३६॥
निज पितु भक्ति करे एकताना, ताहे बिलोकी बाल भगवाना ॥
ले शिशु खेल बिविधि उपचारा, पूजत कृष्ण श्रीधर्मकुमारा ॥३७॥
पूजे नित श्रीकृष्णकु प्रीते, धरत भोग मिसरी नवनीते ॥
बैठत ध्यान धरी पुनि आगे, जपत मालिका कर अनुरागे ॥३८॥

અયોધ્યા નગરીમાં પોતાના પુત્રો અને પત્ની ભક્તિદેવીએ સહિત પરમ પવિત્ર, સદ્ધર્મ પાળનારા અને સુજ્ઞ એવા ધર્મદેવ આવીને રહ્યા ત્યારે ત્રણ વખત સરજૂમાં વિધિ સહિત સ્નાન કરતા હતા. ૩૪. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિએ સહિત સંધ્યા આદિક નિત્ય કર્મ કરતા હતા. શુભ જ્ઞાન સંપન્ન ધર્મદેવ સહુથી અધિક સાધન ભક્તિ છે, એમ જાણતા હતા. તેથી ક્યારેય ભક્તિનો ત્યાગ કરતા નહિ. ૩૫. આ રીતે ઉદાર સ્વભાવના **ધર્મદેવ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ એકતાર અને સારી રીતે કરતા હતા.** ધર્મદેવની આવી નિષ્કામ ભક્તિને દેખીને બીજા લોકોને પણ કોઈપણ જાતના શોક વિના ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ વધ્યો. ૩૬.

❁ બાલ ઘનશ્યામના સદ્‌ગુણોનું વર્ણન :

બાલસ્વરૂપ ભગવાન શ્રીધર્મકુમાર પોતાના પિતાની એક તાન ભક્તિને જોઈને પોતે પણ બાળક્રીડાનાં રૂપમાં વિવિધ પ્રકારનાં ઉપચારો લઈને શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવા લાગ્યા. ૩૭. રોજ જ્યારે પ્રેમથી શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતા હતા ત્યારે થાળમાં માખણ અને સાકર ધરાવતા હતા. વળી, ભગવાનની મૂર્તિની આગળ ધ્યાન ધરીને બેસતા

बालक तदपि साधुता भारी, बरतत संत समान मुरारि ॥
त्यागा सबहि गाम्य बिहारा, बढ्यो बिलोकी जनकु प्यारा ॥३९॥
तातसंग सब तिरथ माई, करत स्नान हरि मुदपाई ॥
प्रात समे सरजु स्नाना, करत नियम राखी भगवाना ॥४०॥
पुरी मध्य सब देवमंदिरा, करत जाय नित दर्शन धीरा ॥
तदनंतर सब तातके पासा, बर्नाश्रमके धर्म अविनाशा ॥४१॥
सुना तात सुश्रद्धा आनी, लिना मर्म जानी सुखदानी ॥
त्युं निज मात पास अघहारी, बिनता धर्म सुना सुखकारी ॥४२॥
दोहा : बालापन सु धर्म सुत, भये दृढ पंडित शाम ॥
जाना मर्म सब ग्रंथ कर, शुभ गुन पूरणकाम ॥४३॥

અને ઘણા પ્રેમથી જપ માળા ફેરવતા હતા. ૩૮. શ્રીહરિ પોતે બાળક હતા છતાંપણ તેમનામાં સાધુતા ઘણી ઉત્તમ હતી. મુરારિ પ્રભુ કોઈ મોટા સંતની જેમ વર્તતા હતા. તેમણે ગામમાં ક્યાંય હરવા ફરવાનું છોડી દીધું હતું. તે જોઈને બીજા લોકોને તેમના ઉપર ઘણો પ્રેમ વધ્યો હતો. ૩૯.

બાળસ્વરૂપ શ્રીહરિ પિતાની સાથે બધા તીર્થોમાં જતા અને ત્યાં હરખથી સ્નાન કરતા હતા. ભગવાન શ્રીહરિ નિયમ રાખીને પ્રાતઃકાળમાં સરજૂ નદીમાં સ્નાન કરતા હતા. ૪૦. અયોધ્યાપુરીમાં બધા જ દેવ મંદિરોમાં જઈ અને રોજ ધીરતાથી દર્શન કરતા. તે પછીના દિવસોમાં અવિનાશી પ્રભુએ પોતાના પિતા ધર્મદેવની પાસે વર્ણાશ્રમના ધર્મ સાંભળ્યા. અને ઘણી શ્રદ્ધાથી પિતા પાસેથી સુખદાયક તે ધર્મનો મર્મ જાણી લીધો. તે રીતે જ પોતાની માતા પાસેથી સુખ આપનારા અને પાપનો નાશ કરનારા એવા સ્ત્રીઓના ધર્મ સાંભળ્યા હતા. ૪૧-૪૨.
ધર્મપુત્ર બાલપ્રભુ બચપણથી જ એક પીઢ પંડિત થઈ ગયા હતા. શુભ ગુણ સંપન્ન અને પૂર્ણકામ આવા ઘનશ્યામ શ્રીહરિએ બધા જ ગ્રંથોનો મર્મ પણ સમજી લીધો. ૪૩.

बालक तदपि धर्मसुत, बुद्धि अतहि अपार ॥
शुभ गुन सागर देखीके, भये बिस्मित नरनार ॥४४॥

सोरठा : यह प्रकार अविनाश, शुभगुन सिंधु तदपी प्रभु ॥
पढत आनके पास, बुद्धि करन बिशाल हरि ॥४५॥

अखिल भूवन आधार, भये बरस प्रभु पांच कर ॥
प्रेमानंद के' पुत्र उदार, जन्मा धर्मसुं भक्ति विषे ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंद मुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते श्रीहरि नामकरण अयोध्या निवास नामा त्रयोदशाऽध्यायः ॥१३॥



ધર્મપુત્ર બાળક હતા તોપણ તેમની બુદ્ધિ અતિશય અને અપાર હતી. તેમને શુભ ગુણોના સાગર જેવા દેખીને બધા અન્ય નરનારીઓ પણ વિસ્મિત થઈ ગયા હતા. ૪૪. આ રીતે અવિનાશી પ્રભુ શુભ ગુણના સાગર હોવા છતાં પણ પોતાની બુદ્ધિને વિશાળ કરવા માટે અન્ય પંડિતો પાસે પણ ભણતા હતા. ૪૫.

અખિલ ભુવનના આધાર આવા પ્રભુ જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે પ્રેમાનંદ સ્વામી કહે છે કે ધર્મદેવથી ભક્તિમાતાને વિષે એક શ્રેષ્ઠ ત્રીજા પુત્રનો જન્મ થયો. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિનું નામકરણ અને અયોધ્યા નિવાસ કર્યો' એ નામે તેરમો અધ્યાય સમાપ્ત-૧૩



अध्याय - १४

दोहा : अत ही शांत स्वभाव जुत, धर्मपुत्र छबिधाम ॥
अनुज बंधु श्री कृष्णकर, नाम हे ईच्छाराम ॥०१॥
तेहि बर्षमे धर्मने, श्रीहरिकुं करी प्यार ॥
दीन पढाय सद्ग्रंथ शुभ, पढि गये धर्मकुमार ॥०२॥

सोरठा : अल्प काल महि ग्रंथ, बांचि गये हरि सुभग सब ॥
बुद्धि विशाल अत्यंत, होत आश्चर्य नरनारी उर ॥०३॥
अवध्य पुरीमहि नाथ, बालरूप भगवान प्रभु ॥
पुर बालक ले साथ, शीखवत भक्ति कृष्णकर ॥०४॥

चोपाई :
पुरबालक सबकुं हरिराई, कृष्ण भक्ति प्रह्लादकि नांई ॥
शीखवत हें प्रभु दीनदयाला, अक्षरपति भक्त प्रतिपाला ॥०५॥

અધ્યાય - ૧૪

ધર્મદેવે પુત્રરૂપ શ્રીહરિનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો

ધર્મપુત્ર શ્રીહરિના નાના ભાઈ અત્યંત શાંત સ્વભાવવાળા અને શોભાનાં ધામ હતા અને તેમનું **ઈચ્છારામ** નામ રાખ્યું હતું. ૧. ધર્મદેવે તે જ વરસમાં શ્રીહરિને ઘણા પ્યારથી બધા જ શ્રેષ્ઠ સદ્ગ્રંથ ભણાવી દીધા અને ધર્મકુમાર પ્રભુએ પણ તે બધા ગ્રંથને ભણી લીધા. ૨. શ્રીહરિ થોડા જ સમયમાં તે બધા સદ્ગ્રંથોને ભણી ગયા. તેમની બુદ્ધિ અત્યંત વિશાળ હતી. તે દેખીને અન્ય નરનારીઓનાં દિલમાં આશ્ચર્ય થાતું હતું. ૩.

અયોધ્યાપુરીમાં રહેલા બાલસ્વરૂપ ભગવાન શ્રીહરિ શહેરના બીજા બાળકોને સાથે રાખીને સહુને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ શીખવતા હતા. ૪. દીનદયાળુ, અક્ષરધામના અધિપતિ અને ભક્તપ્રતિપાલક આવા પ્રભુ શ્રીહરિ પ્રહ્લાદજીની જેમ શહેરના સૌ બાળકોને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ શીખવતા હતા. ૫. અને બધા જ બાળકો મોટા

सब बालक महामुनि सम होई, प्रेममगन गुन गावत सोई ॥
शिशुरूप श्रीधर्मकुमारा, करत भक्ति उर हरख अपारा ॥०६॥
हरिकुं देखी सकल नरनारी, बोलत बानी आश्चर्यकारी ॥
यह बालक प्रह्लाद समाना, होई हे जग बिख्यात सुजाना ॥०७॥
ऐसे भक्ति अवध्य पुरमांई, करत नारी नर मन बच कांई ॥
तरुन बाल वृद्ध मैया ब्यापि, इनकर अशुभ बासना कापी ॥०८॥
रहे अवधमहि करी निवासा, धर्म पर्म श्रीहरिकर दासा ॥
पुर जन जाना हरिजन भारी, धर्मशरन भये बहुत संसारी ॥०९॥
तिनकर टारा संशेय शोका, भये भक्त श्रीहरि कर लोका ॥
अष्टाक्षर हरि मंत्रको दीना, सबजनकुं उपदेश प्रबिना ॥१०॥

કોઈ મુનિ હોય તેની જેમ બેસીને પ્રેમમગ્ન સ્થિતિમાં ભગવાનના ગુણ ગાતા હતા. શ્રીધર્મકુમાર બાલસ્વરૂપ પ્રભુ જ્યારે ભક્તિ કરતા હતા ત્યારે તેમનાં દિલમાં અપાર હર્ષ રહેતો હતો. ૬. જ્યારે આ રીતે ભક્તિ કરતા શ્રીહરિને સહુ નરનારી દેખતા ત્યારે તેઓ આશ્ચર્યકારી વાણી બોલતા કે **"આ બાળક પ્રહ્લાદના જેવો છે તે ઘણો સમજણો થઈને જગતમાં પ્રસિદ્ધ થશે."** ૭.

આ રીતે અયોધ્યાપુરીમાં બધા નરનારીઓ મન, કર્મ, વચનથી ભક્તિ કરતા હતા. કોઈ યુવાન, બાળક, વૃદ્ધ હોય તો તેમાં પ્રવેશ કરીને ઘનશ્યામ શ્રીહરિએ અશુભ વાસનાઓનો નાશ કર્યો હતો. ૮. આ રીતે જ્યારે ધર્મદેવ ભગવાનના ઉત્તમ ભક્ત થઈને અયોધ્યામાં રહેતા હતા તે વખતે પુરવાસીઓએ તેમને એક મોટા ભગવાનના ભક્ત તરીકે જાણ્યા અને પછી તે ઘણા સંસારી લોકો ધર્મદેવને શરણે આવ્યા. ૯. અને તેથી તે બધા લોકોના સંશય અને શોક ટળી ગયા. અને તે લોકો શ્રીહરિના ભક્ત બન્યા. અને પરમ નિપુણ ધર્મદેવ તે સહુને ભગવાનના અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કરતા હતા. ૧૦.

धर्म अहिंसादिक हे जेही, निज गुरुपास सुना वृष तेही ॥
तिन कर दीन शुभ उपदेशा, कापे भव रिपु त्रास अशेषा ॥११॥
शिष्य धर्मके सब नरनारी, धर्म वचन पालत अविकारी ॥
तीनकर मन श्रीब्रजचंद संगा, लागी रहा भर प्रेम उमंगा ॥१२॥
धर्म ज्ञान वैराग्य सहिती, श्रीहरिकृष्ण भक्ति नव रीती ॥
धर्मदेव कर शिष्य अपारा, करत निरंतर भक्ति उदारा ॥१३॥
यह प्रकार हरि भक्ति अनूपा, राधाकृष्णकी अति सुखरूपा ॥
धर्म करावत सबकुं सोई, अस समर्थ गुरु और न कोई ॥१४॥
दोहा : अपना आश्रय करनकुं, इछे प्रानी ताय ॥
संग कुसंग बिक्ति करी, समजावत वृष राय ॥१५॥

અને ધર્મદેવે પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસે જે અહિંસા આદિ ધર્મ સાંભળ્યો હતો તેનો શુભ ઉપદેશ આપતા હતા. અને તેઓ લોકોના સંસારરૂપી શત્રુના સંપૂર્ણ ભયને કાપતા હતા. ૧૧. ધર્મદેવના શિષ્ય બધા નરનારીઓ નિર્વિકારભાવે ધર્મદેવનાં વચનને પાળતા હતા. અને તે ધર્મવચન પાળવાને લીધે સહુ તેમના આશ્રિતોનાં મન શ્રીવ્રજચંદ્ર ભગવાન શ્રીકૃષ્ણનાં સ્વરૂપમાં ઉમંગ અને પ્રેમથી લાગી રહેતા હતા. ૧૨. ધર્મદેવના અપાર શિષ્યો ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્યે સહિત શ્રીહરિકૃષ્ણ ભગવાનની નવ પ્રકારની ભક્તિને નિરંતર ઉદાર ભાવે કરતા હતા. ૧૩.

આ ઉપર કહ્યું તે રીતે અતિશય સુખરૂપ એવી શ્રીરાધાકૃષ્ણ ભગવાનની અનુપમ ભક્તિને ધર્મદેવ સહુ કોઈ લોકો પાસે કરાવતા હતા. તે સમયમાં આ ધર્મદેવના જેવા અન્ય કોઈ સમર્થ ગુરુ હતા નહિ. ૧૪. **જે કોઈ પણ મનુષ્ય ધર્મદેવની પાસે આવી અને ભગવાનનો આશ્રય કરવા ચાહતા હોય તેને તે ધર્મદેવ સત્સંગ તથા કુસંગની વાતની વિગત કરીને સમજાવતા હતા. ૧૫. ભક્તિમાતા પોતાના પતિની આજ્ઞાથી સ્ત્રીઓને શિષ્યા કરતા હતા અને સ્ત્રીમાત્રને શુભ ઉપદેશ આપતા**

भक्तिमात त्रिया मात्रकुं, करत हे शुभ उपदेश ॥
शिष्य करत पति आज्ञया, संशे नहि न लेश ॥१६॥

सोरठा : भक्ति पास सुखरूप, नारी मात्रके धर्म शुभ ॥
पावन परम अनुप, केवाये बिस्तार करी ॥१७॥

सुनी निज धर्म उदार, नारी मात्र भई हरख जुत ॥
पातीवृत्य करी प्यार, पालत नारी धर्म शुभ ॥१८॥

चोपाई :

गर्भसुं अष्टमे वृर्ष पुनिता, दीना वृष हरिकुं उपवीता ॥
माघ सुदी दसमी करी प्यारा, लीखी वार शुभ मुहूर्त सारा ॥१९॥

बिप्र बोलाये गनीक प्रबीना, शोधी लग्नग्रह आरंभ कीना ॥
होमादिक बहु बिधि उपचारा, धर्म मगाये सब करी प्यारा ॥२०॥

હતા. ભક્તિદેવી જે શિષ્યોને ઉપદેશ આપતા તેમને લેશમાત્ર પણ કોઈ સંશય રહેતો નહિ. ૧૬. ધર્મદેવે પણ ભક્તિદેવીની પાસે અનુપમ અને પરમ પવિત્ર એવા સ્ત્રીમાત્રના શુભ ધર્મ વિસ્તારથી કહેવડાવ્યા. ૧૭. ભક્તિદેવીની પાસે આવા ઉદાર ધર્મને સાંભળીને બધી જ સ્ત્રીઓ ઘણી ખુશ થતી હતી અને સ્ત્રીઓના પતિવ્રતાપણાના બધા શુભ ધર્મને પ્રેમથી પાળતી હતી. ૧૮.

❁ શ્રીહરિના યજ્ઞોપવીત સંસ્કારનું સુંદર વર્ણન :

તે પછી ધર્મદેવે પોતાના પુત્રરૂપ શ્રીહરિને ગર્ભથી આઠમે વર્ષ મહા સુદિ દશમના દિવસે સારો વાર અને શુભ મુહૂર્ત દેખીને પ્રેમથી પવિત્ર યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યા. ૧૯. સારા નિપુણ જ્યોતિષી વિપ્રને બોલાવ્યા. રાશિ અને ગ્રહને શુદ્ધ કરીને યજ્ઞોપવીત સંસ્કારનો આરંભ કર્યો. તેમાં ધર્મદેવે ઘણા પ્રેમથી હોમ આદિકમાં ઉપયોગી અનેક પ્રકારના બધા ઉપચારો મંગાવ્યા. ૨૦. તે સમયે ધર્મદેવના ઘરને દરવાજે અનેક પ્રકારનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં અને સ્ત્રીઓનો સમુદાય મંગળ ગીતો ગાવા લાગી. અને આ સંસ્કારમાં ઉપયોગી નવસોની આસપાસના

बाजत द्वारे बहु बिधी बाजा, गावत मंगल नारी समाजा ॥
नव सत साज सजे द्विज नारी, गावती कलस्वर मंगल च्यारी ॥२१॥
भूसुर आये संवारी अंगा, मनी भूषन पट कनक उतंगा ॥
बांधे तोरन मनीमय द्वारा, छिरके मृग मद झारी बजारा ॥२२॥
छाया मंडप सुरतरु छांई, सोहत रंभा तरु अधिकाई ॥
अष्टसिद्धि नवनिधि अनूपा, किन बास वृषघर धरी रूपा ॥२३॥
कामधेनुं चिंतामनि आई, जोरी पानी रई हाजर तांई ॥
जो वृष मागो सो सब त्यारी, करो हमार गुन अंगीकारी ॥२४॥
कहत चिंतामनी सुरभी दोउ, अष्ट सिद्धि नवनिधि सोउ ॥
आज महोछव हे बडभारी, हमरे नाथ कर अति अघहारी ॥२५॥
सुरभि सिद्धि मिलि तत्काला, मनिमय रचेउ आगार बिसाला ॥

બધા સામાનને તૈયાર કરાવ્યા. અને બ્રાહ્મણ સ્ત્રીઓ મધુર સ્વરે મંગલાચારના ગીતો ગાવા લાગી. ૨૧. તે વખતે બ્રાહ્મણોએ પોતાના શરીરને રત્નજડિત સોનાનાં ઘરેણાં અને સારાં વસ્ત્રોથી શણગાર્યા. અને દરવાજે રત્નજડિત તોરણો બાંધ્યા. બજારોને સ્વચ્છ કરીને કસ્તૂરીનું પાણી છંટાવ્યું. ૨૨. છાયાના મંડપના રૂપમાં કલ્પવૃક્ષ છવાઈ ગયા અને વિશેષપણે કરીને ત્યાં સુશોભિત કેળના સ્તંભ રોપી દેવામાં આવ્યા હતા.

તે વખતે ધર્મદેવને ઘેર મૂર્તિમાન અનુપમ નવનિધિ અને અષ્ટસિદ્ધિ આવીને વસી ગઈ હતી. ૨૩. વળી કામધેનુ અને ચિંતામણિ આવીને હાથ જોડીને ત્યાં નિરંતર હાજર રહેતા હતા અને ધર્મદેવને કહેતા કે "આપ જે માંગો તે બધી વસ્તુ તૈયાર જ છે. અમારા ગુણને આપ સેવાના રૂપમાં અંગીકાર કરો." ૨૪. ચિંતામણિ અને કામધેનુ, તે બંને તથા અષ્ટસિદ્ધિ અને નવનિધિ કહેતા હતા કે "આજે અતિશય પાપને નાશ કરનારા એવા અમારા સ્વામીનો ઘણો ભારે મહોત્સવ છે." ૨૫. કામધેનુ અને બધી સિદ્ધિઓએ ભેળા મળીને ત્યાં વિશાળ મણિમય ભવનોની રચના કરી. તે સમયે ત્યાં સુંદર મંડપ અને મણિમય બેઠકો બનાવી હતી

मंडप बैठक मनिमय सोहे, अविलोकी सचिपति मन मोहे ॥२६॥

होम कुंड रच्या कंचन केरा, रचे सरस फूलबाग घनेरा ॥
रची बेदीका मनिमय भारी, मनिमय बेठक न्यारी न्यारी ॥२७॥

रुक्म रजतकर पंक बनाई, दिना चौका घरघर माई ॥
लीखी कंकोतरी देश विदेशा, आये भूसुर रंजीत वेशा ॥२८॥

दोहा : अगनित आये धरामरा, भै सुरमुनि की भीर ॥
कीन रसोई धर्म तब, भोजन बिविध रुचीर ॥२९॥

करत बेद धुनी वाडवा, कीन होम हरखाया ॥
लाये तहां हरिकृष्णकुं, अनंत भुवनपति राया ॥३०॥

गोत्री गनपति थापी के, दिन गाय तब तीन ॥
सामवेदी द्वीज कुंडमही, अग्नि स्थापन कीन ॥३१॥

તેને જોઈને શચિપતિ ઈન્દ્રનું મન પણ મોહ પામતું હતું. ૨૬. હોમ માટેના યજ્ઞકુંડ પણ સોનાના બનાવ્યા અને ઘણા સુંદર ફૂલના બાગ કર્યા. મણિજડિત ઘણી સુંદર વેદિકાઓ રચી અને સહુને બેસવા માટે અલગ અલગ પ્રકારની બેઠકો કરી. ૨૭. સોનું અને ચાંદીનો પ્રવાહી રસ કરીને ઘેર ઘેર ચોક લીપી દીધા. દેશ વિદેશમાં બધે કંકોતરીઓ લખી, તેથી સુંદર રંગબેરંગી વેષ બનાવીને બધા વિપ્રો આ પ્રસંગે અયોધ્યાપુરી આવ્યા. ૨૮. આ ઉત્સવમાં અગણિત બ્રાહ્મણો આવ્યા તેમજ દેવતાઓ તથા મુનિઓની ઘણી જ ભીડ થઈ. તે વખતે ધર્મદેવે સહુને જમાડવા માટે ઘણી સરસ વિવિધ પ્રકારની રસોઈ કરાવી. ૨૯. તે સમયે બ્રાહ્મણોએ વેદમંત્રોનો ધ્વનિ કર્યો અને હરખથી હોમ કર્યો.

તે સમયે અનંત ભુવનોના અધિપતિ આવા બાલસ્વરૂપ શ્રીહરિકૃષ્ણને ત્યાં લાવ્યા. ૩૦. પોતાના ગોત્રના દેવ તથા ગણપતિનું સ્થાપન કરીને ત્રણ ગાયોનું દાન આપ્યું. તેમજ સામવેદી દ્વિજની રીત પ્રમાણે અગ્નિનું સ્થાપન કર્યું. ૩૧. અનેક પ્રકારના યજ્ઞમાં ઉપયોગી

समीध आनी बहु भांतिके, यव तिल घृत भरी भांड ॥
दीन आहुति प्रचुर द्विज, दूध दहीं घृत खांड ॥३२॥
मूंड मूंडाय नवाय हरि, वृष कराय संस्कार ॥
सामवेदी द्विज पे सरस, विधिवत सबही प्रकार ॥३३॥
कौपीन मुंजी दंड कर, वाम बाहु उपवीत ॥
मृगाजीन जलपात्र शुभ, बने हरि बरनी पुनित ॥३४॥
कीन अज्ञा निज गुरु सुखद, बिचरो अवनि ब्रह्मच्यार ॥
बचन सुनी चले तीव्र गति, मामा लाये करी प्यार ॥३५॥
सोरठा : हो रहा जय जयकार, निरखत सुर बरखत सुमन ॥
करत है बिप्र उचार, प्लुत स्वरसुं निगम धुनी ॥३६॥
आये ऋषि अपार, मरीच्यादि सुनी हरख जुत ॥
कीना बहुत प्रकार, सबकर वृष सन्मान शुभ ॥३७॥

પવિત્ર કાષ્ઠ લાવ્યા. તેમજ મોટાં પાત્રમાં જવ, તલ તથા ઘી ભરીને લાવ્યા અને વિપ્રોએ પુષ્કળ પ્રમાણમાં આહુતિઓ આપી. દૂધ, દહીં, ઘી તથા સાકર પણ ખૂબ લાવ્યા હતા. ૩૨. બાળસ્વરૂપ શ્રીહરિને મુંડન કરાવી નવરાવ્યા અને સામવેદી સારા વિદ્વાન વિપ્રની પાસે વિધિએ સહિત શુભ સંસ્કાર કરાવ્યા. ૩૩. તે સમયે શ્રીહરિને કૌપિન પહેરાવી, મૂંજની કટીમેખળા બાંધી, હાથમાં પલાશનો દંડ આપ્યો, ડાબા ખભા ઉપર યજ્ઞોપવીત ધરાવ્યું, એક મૃગચર્મ આપ્યું અને બીજા હાથમાં એક પાણીનું પાત્ર આપ્યું. આ રીતે શ્રીહરિ પરમ પવિત્ર વર્ણી બની ગયા. ૩૪. તે વખતે પોતાના કુળગુરુએ સુખરૂપ આજ્ઞા કરી કે “બ્રહ્મચારી, હવે તમે આ ભૂમિ ઉપર વિચરણ કરો.” ત્યારે શ્રીહરિ તે ગુરુવચનને સાંભળી એકદમ તીવ્ર ગતિથી ચાલતા થયા ત્યારે તેમના મામા ઘણા પ્યારથી પાછા તેડી લાવ્યા. ૩૫. તે સમયે ત્યાં જયજયકાર થઈ રહ્યો હતો. દર્શન કરનારા દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરતા હતા અને વિપ્રો ઘણા ઊંચા સ્વરથી વેદમંત્રનો ધ્વનિ કરતા હતા. ૩૬. તે વખતે આ શ્રીહરિના

चोपाई :

जेंवत सुर ऋषि बिप्रन वृंदा, जेंवत साधु अति आनंदा ॥
आये धर्मकर कुटुंब रु ज्ञाति, लाये भेट हरखी बहु भांती ॥३८॥
रिद्धि सिद्धि चिंतामनि च्यारु, मिली सबही भरा कोस भंडारु ॥
सुरभि कीन तनीक संकल्पा, भाजन भरे महत अरु अल्पा ॥३९॥
दूध दहीं नवनीत प्रचुरा, भरे आज्य कर भांड भरपूरा ॥
किना विविधि भांती पकवाना, शाकत्रकारी बीजन नाना ॥४०॥
जेंवत साधु बिप्र अघाई, बोलत जय जय जय वृषराई ॥
दूध दहीं कर रेलमछेला, पीवत बिप्र भरी भरी बेला ॥४१॥
जेंये अवधकर द्विज नरनारी, वृषकर कुटुंब ज्ञाती तनुधारी ॥
बाल वृद्ध तरु रहा न कोई, जेये अन्नार्थी और जे होई ॥४२॥

યજ્ઞોપવીતના સમાચાર સાંભળીને મરીચિ આદિક અપાર ઋષિઓ ઘણા હરખથી આવ્યા. ત્યારે ધર્મદેવે આવેલા તે ઋષિઓનું ઘણી રીતે શુભ સન્માન કર્યું. ૩૭.આ મહોત્સવમાં આવેલા દેવતાઓ, ઋષિઓ અને વિપ્રોના સમૂહો તથા સાધુપુરુષો પણ અતિશય આનંદથી સુંદર ભોજન જમતા હતા. અને ધર્મદેવના કુટુંબી તથા જ્ઞાતિજનો પણ હરખથી ઘણા પ્રકારની ભેટ સામગ્રી લાવ્યા હતા. ૩૮. રિદ્ધિ, સિદ્ધિ અને ઉત્તમ ચિંતામણિ વગેરે સહુએ મળીને ધર્મદેવના ઘરના ખજાના તથા ભંડાર ભરી દીધા હતા. અને કામધેનુની આગળ એક થોડો એવો સંકલ્પ કરવાથી અપાર સંપત્તિનાં નાનાં મોટાં પાત્રો ભરાઈ ગયાં હતાં. ૩૯. ધર્મદેવનાં ઘરમાં પુષ્કળ પ્રમાણમાં દૂધ, દહીં, માખણ તથા ઘીનાં ભરપૂર પાત્રો ભર્યાં હતાં. આ પ્રસંગે વિવિધ પ્રકારનાં પકવાનો કર્યાં હતાં, શાકભાજી તથા અનેક પ્રકારનાં ફરસાણ વગેરે ભોજન બનાવ્યાં હતાં. ૪૦. સાધુ અને વિપ્રો ભરપેટ ભોજન જમતા હતા અને ધર્મદેવનો જયજયકાર બોલતા હતા. તે સમયે વિપ્રો કટોરા ભરી ભરીને દૂધ, દહીંને પીતા હતા અને તેની રેલમછેલ કરતા હતા. ૪૧.

धर्मदेव महामति उदारा, खोली रत्नमनि भंडारा ॥
दिना द्विजकु बहुबिधि दाना, कनक बसन मनि भूषन नाना ॥४३॥
हेमहार कर कंकन च्यारु, नंग जटित भुजबंध सुढारु ॥
बेढ बीटी पोंची जटी नंगा, दिनी वृष उर करी उमंगा ॥४४॥
जामा पाग दुपट्टा भारी, रुक्म रजतपट बिविधि प्रकारी ॥
भये सकल पुलकित द्विज वृंदा, दे आशिष चले स्वछंदा ॥४५॥
जे जे द्विज रहे गनीक प्रबीना, तिनकुं धर्म बहुत धन दिना ॥
भूषन बसन दिन बहु तेरा, करत है लेई बखान घनेरा ॥४६॥
चारन भाट रु गांधर्व गनीका, दिना दान वृष कनक मनिका ॥
आये ढारी भांड सब धाई, बोलत द्वारे गाल बजाई ॥४७॥
दोहा : निज ज्ञाति द्विज नारीनर, विप्र अवध के सोई ॥

અયોધ્યાના નરનારી બધા વિપ્રો તેમજ ધર્મદેવના જ્ઞાતિજનો, કુટુંબીઓ, બધા જ દેહધારીઓ, બાળક, યુવાન, વૃદ્ધ આ પ્રસંગે જમ્યા અને બીજા પણ જે કોઈ અન્નાર્થીઓ હતા તે જમ્યા. કોઈ પણ જમ્યા વગર બાકી રહ્યા નહિ. ૪૨. ધર્મદેવ ઘણા ઉદાર સ્વભાવના હતા. તેમણે પોતાના રત્નો તથા મણિઓના ભંડાર ખુલ્લા મૂકી દીધા. અને બ્રાહ્મણોને સોનું, વસ્ત્ર, રત્ન અને અનેક પ્રકારનાં આભૂષણો વગેરે બહુ જાતનાં દાન આપ્યાં. ૪૩. સોનાના હાર, સુંદર કંકણ તથા નંગજડિત સારા ઘાટના સોનાના બાજુબંધ, વેઢ, વીંટી તથા નંગજડિત પહોંચી આવાં બધાં આભૂષણો ધર્મદેવે ઘણા ઉમંગથી બ્રાહ્મણોને આપ્યા. ૪૪. વિપ્રોને જામો, પાઘ, ભારેમાંયલો દુપટ્ટો વગેરે સોનેરી અને રૂપેરી વિવિધ પ્રકારનાં પહેરવાં માટેનાં વસ્ત્રો આપ્યાં. તે લઈને બધા જ વિપ્રોના વૃંદો હર્ષથી પુલકિત થઈ ગયા અને વિપ્ર બટુને આશીર્વાદ દઈને સ્વતંત્ર રીતે ચાલતા થયા. ૪૫. બીજા જે કોઈ પણ જ્યોતિષી વિદ્વાન વિપ્રો હતા તે બધાને ધર્મદેવે ઘણું જ ધન આપ્યું. તેની સાથે સાથે ઘરેણાં તથા વસ્ત્ર પણ ઘણાં આપ્યાં. તે દાન લેનારા વિપ્રો ધર્મદેવના ખૂબ વખાણ કરતા

तिनहि बिविधि भूखन वसन, दिन धर्म मुद होई ॥४८॥
मुक्तामाल मनि हीर शुभ, शाल दुशाल पुनित ॥
दिन धर्म लिखि बिप्र शुभ, होय धर्म प्रफुल्लित ॥४९॥
सोरठा : नारीनकुं शुभ सारी, पाट पितांबर बिविधि बिधि ॥
करी करी अति मनवारी, दिन मात्र भक्ति मुदित ॥५०॥
कंचुकी नंग जडाव, कंचन भूखन बहुत बिधि ॥
प्रेमानंद आनि उछाव, दीन भक्ति होई प्रसन्न तब ॥५१॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते धर्मो हरिं पुत्रं यज्ञोपवीतं दापयतिस्म तन्नामा चतुर्दशोऽध्याय: ।।१४।।



હતા. ૪૬. આ અવસરે ધર્મદેવે ચારણ, ભાટ, ગાંધર્વ અને ગણિકાઓને સોનું તથા રત્નનાં દાન આપ્યાં. તે સમયે ધર્મદેવને આંગણે બધા ભાંડ તથા ઢાઢી આવી ગાલ વગાડીને બોલતા હતા. ૪૭. અયોધ્યામાં રહેનારા પોતાની સરવરિયા જ્ઞાતિના જે કોઈ પણ વિપ્ર નરનારીઓ હતા તે બધાને ધર્મદેવે ખૂબ જ ખુશ થઈને વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને ઘરેણાંઓ આપ્યાં હતાં. ૪૮. ધર્મદેવે તે સમયે કોઈ સારો પવિત્ર વિપ્ર દેખાય તો તેને મોતીના હાર અથવા તો મણિ તથા હીરાજડિત સારાં અલંકાર તેમજ પવિત્ર શાલદુશાલા પ્રસન્ન મનથી આપ્યા. ૪૯. અને પ્રસન્ન થયેલા ભક્તિદેવીએ સ્ત્રીઓને સારી સાડી, કોઈ રેશમી વસ્ત્ર કે કોઈ વિવિધ પ્રકારનાં પીતાંબરો ઘણું સમજાવી સમજાવી આગ્રહ કરીને આપ્યાં. ૫૦. તે અવસરે ભક્તિદેવીએ ખૂબ પ્રસન્ન મનથી કાંચળી, નંગજડિત સોનાનાં અનેક જાતનાં ઘરેણાં ઘણા ઉત્સાહથી સ્ત્રીઓને આપ્યાં. ૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ધર્મદેવે પુત્રરૂપ શ્રીહરિનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો' એ નામે ચૌદમો અધ્યાય સમાપ્ત-૧૪



अध्याय - १५

दोहा : तदनन्तर श्रीकृष्ण प्रभु, रही नैष्ठिक ब्रह्मचारी ॥
पालेउ नैष्ठिक धर्म दृढ, बर्निराज सुखकारी ॥०१॥

सामवेद आदिककर, अंग सहित अभ्यास ॥
महाबुद्धि सब अर्थ जुत, पढि गये निज पितु पास ॥०२॥

सोरठा : सुनते एक हि बार, निज पितु मुखते रहस्य शुभ ॥
निज बुद्धि अनुसार, जानी लिन तातपर्य सब ॥०३॥

निज मत की सब रीत, तात पास शीखे सकल ॥
जानी करीके प्रीत, संप्रदाय कर रहस्य शुद्ध ॥०४॥

चोपाई :
कृष्णकी दीक्षा पायके प्यारे, तात पास करी प्रेम अपारे ॥
अष्टाक्षर शुभ मंत्रसो पावा, करी दया निज पितु सुनावा ॥०५॥

અધ્યાય - ૧૫

ભક્તિધર્મનો દેહત્યાગ તથા શ્રીહરિનું ઘેરથી નીકળવું

તે પછીના સમયમાં મહાપ્રભુ શ્રીહરિ નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા અને સુખકારી વર્ણિરાજના રૂપમાં રહીને નૈષ્ઠિક બ્રહ્મચારીના સુદૃઢ ધર્મને પાળવા લાગ્યા. ૧. મહા બુદ્ધિમાન પ્રભુએ પોતાના પિતાની પાસે સામ આદિક વેદોનો અંગોએ સહિત અભ્યાસ કર્યો અને અર્થોએ સહિત બધા વૈદિક સાહિત્યને ભણ્યા. ૨. બાળસ્વરૂપ શ્રીહરિ પોતાના પિતાના મુખથી શુભ રહસ્યને એક જ વાર સાંભળીને તે બધાના તાત્પર્યને પોતાની બુદ્ધિને અનુસારે સમજી લેતા હતા. ૩. શ્રીહરિએ પોતાના પિતાની પાસે પોતાના મતની સંપૂર્ણ રીત તથા સંપ્રદાયનું બધું શુદ્ધ રહસ્ય પ્રેમથી સમજી લીધું. ૪. પ્યારા શ્રીહરિએ અપાર પ્રેમવાળા પોતાના પિતા પાસેથી શ્રીકૃષ્ણની દીક્ષા પ્રાપ્ત કરી. પોતાના પિતા ધર્મદેવે દયા કરીને જે શુભ અષ્ટાક્ષર મંત્ર સંભળાવ્યો તે પ્રાપ્ત કર્યો. ૫.

जपी जाय भव तरत हे प्रानी, होत हे सद्य असद्‌गति हानी ॥
उद्धव संप्रदाय सुखरूपा, ताकर रहस्य सो परम अनुपा ॥०६॥
सो सबहि निज तात के पासा, जानी लीन सद्य हरि अविनाशा ॥
पीछे तात आग्या अनुसारी, तेहि प्रकार श्रीहरि अघहारी ॥०७॥
करत हे श्रीहरिकृष्ण की सेवा, सेवक होई देव कर देवा ॥
सेवा साज लेई सुखकंदा, सेवत कृष्ण स्वरूप स्वछंदा ॥०८॥
यह प्रकार वर्तत हरिराई, बिते बरस एकादस जाई ॥
निज जननीकुं कृष्ण दीनेशा, किना अचल भक्ति उपदेशा ॥०९॥
धर्म ज्ञान वैराग्य सहीति, भक्ति कही हरि करी प्रीति ॥
निज स्वरूपकर ज्ञान एकांती, दिना सोउ हरि करी खांती ॥१०॥

તે અષ્ટાક્ષર મંત્રનો જપ કરવાથી જીવાત્મા સંસાર તરી જાય છે અને તત્કાળ જ તેની અસદ્‌ગતિનો નાશ થાય છે. આ ઉદ્ધવ સંપ્રદાય સુખરૂપ છે અને તેનું રહસ્ય પણ પરમ અનુપમ છે. ૬. તે બધુ અવિનાશી શ્રીહરિએ પોતાના પિતાની પાસે તત્કાળ જ જાણી લીધું અને પછી સર્વ પાપને નાશ કરનારા એવા શ્રીહરિ દેવના દેવ હોવા છતાં પોતાના પિતાની જેવી આજ્ઞા હોય તે રીતે શ્રીકૃષ્ણના સેવક બનીને તેમની સેવા કરતા હતા. સર્વ સુખના મૂળરૂપ, સ્વતંત્ર એવા બાલસ્વરૂપ શ્રીહરિ સેવા માટેના પત્ર, પુષ્પ ઈત્યાદિક બધો સામાન લઈને ભગવાનનાં સ્વરૂપની સેવા કરતા હતા. ૭-૮.

❁ ભક્તિમાતાને ઉપદેશ તથા દિવ્યગતિ :

આ રીતે માતા પિતાની સાથે રહેતા શ્રીહરિને અગિયાર વર્ષ વ્યતીત થયા. ત્યારે ગરીબનિવાજ એવા પ્રભુ શ્રીહરિએ પોતાની માતાને અવિચળ એકાંતિક ભક્તિનો ઉપદેશ આપ્યો. ૯. ભક્તિમાતાને ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્યે સહિત ભગવાનની ભક્તિ પ્રેમથી કહી અને ખંતથી પોતાનાં સ્વરૂપનું એકાંતિક જ્ઞાન પણ આપ્યું. ૧૦.

पीछे तिरोभाव कुं पाई, भक्तिमात हरिपद चित लाई ॥
आत्रेय शाप सुं एहि प्रकारा, मुक्त किनी माता करी प्यारा ॥११॥
राखी निज पद पंकज पासा, दिना सुख अविचल अविनाशा ॥
ऐसे श्रीहरिकृष्ण क्रिपाला, किनी दुःख रहित ततकाला ॥१२॥
उर्ध्वदेहीकी क्रिया कराई, जेष्ठ सुत पास सुखदायी ॥
शास्त्रविधि करिके करी प्रीते, धर्म कराई सकल शुभ रीते ॥१३॥
तदनन्तर वृष कतियेक मासे, किना नरतन त्याग हुलासे ॥
मोचन भये मुनि शाप सुं दोउ, धर्मभक्ति भये दिव्य तन सोउ ॥१४॥
दोहा : उर्ध्वदेहिक धर्म की, क्रिया शास्त्र प्रमान ॥
किनी रामप्रताप ज्युं, जेष्ठ पुत्र गुनवान ॥१५॥

પછી ભક્તિમાતા શ્રીહરિનાં ચરણમાં ચિત્ત જોડીને દિવ્યગતિને પામ્યાં. આ રીતે શ્રીહરિએ દુર્વાસાના શાપથી માતાની પ્રેમથી મુક્તિ કરી. ૧૧. પછી માતાજીને પોતાનાં ચરણકમળની પાસે રાખી અવિચળ અને અવિનાશી સ્વસ્વરૂપનું સુખ આપ્યું.

આવા કૃપાળુ શ્રીહરિકૃષ્ણ પ્રભુએ માતાને તત્કાળ જ દુઃખથી રહિત કર્યાં. ૧૨. પછી ધર્મદેવે પોતાના મોટા પુત્ર રામપ્રતાપજીની પાસે શાસ્ત્રોક્ત બધા જ શુભ વિધિ પ્રમાણે સુખદાયક એવી ભક્તિદેવીની ઉત્તરક્રિયા પ્રેમથી કરાવી. ૧૩.

તે પછી કેટલાક મહિનાનો સમય વીત્યો ત્યારે ધર્મદેવે પણ ઉત્સાહથી આ મનુષ્યદેહનો ત્યાગ કર્યો અને દુર્વાસામુનિના શાપથી મુક્ત થયા. આ રીતે ધર્મદેવ તથા ભક્તિદેવી, બંને દિવ્ય દેહને પામ્યા. ૧૪. પછી ધર્મદેવના મોટા પુત્ર ગુણવાન એવા રામપ્રતાપજીએ શાસ્ત્ર પ્રમાણે પિતાની બધી ઉત્તરક્રિયા કરી. ૧૫. રામપ્રતાપજીએ પિતાજીના બધાં શ્રાદ્ધ કર્યાં અને તેરમે દિવસે વિપ્રોને અનેક રીતે જમાડ્યા અને

किन श्राद्ध दिन तेरलुं, जेये बिप्र बहु भांती ॥
दिन दछिना बहु बिधि, रामप्रताप करी खांती ॥१६॥

सोरठा : लाये भेट करी प्रीत, किन पेरामनी प्रेम जुत ॥
बर्नाश्रम कर रीत, वृष कुटुंबी श्रवनी दिन ॥१७॥

भूषन बसन रु धन, लाये कुटुंबी नेह करी ॥
मिलि के सबही स्वजन, दिना रामप्रताप कर ॥१८॥

रामप्रताप गुन धाम, इच्छाराम जपे मंत्र शुभ ॥
ज्यामहि कृष्ण हे नाम, उभय बंधु हरिकृष्ण कर ॥१९॥

चोपाई :
मध्यस्थ श्रीकृष्ण माई, ईश्वर भाव रखत दोउ भाई ॥
श्रीहरि आप अतहि निस्प्रेहा, जीन कु नाई कोउ संग नेहा ॥२०॥

ઘણા ખંતથી અનેક પ્રકારની દક્ષિણાઓ આપી. ૧૬. પછી તેમના બધા કુટુંબીઓ વર્ણાશ્રમની રીતે ધર્મદેવની શ્રવણીને દિવસ આવ્યા અને પ્રેમથી ઘણી ભેટ લાવ્યા, તેમજ હેતથી બધી પહેરામણી કરી. ૧૭. કુટુંબીઓએ તથા બધા સ્વજનોએ મળીને ઘણા હેતથી ઘરેણાં, વસ્ત્ર અને ધન વગેરે જે લાવ્યા હતા તે રામપ્રતાપજીને આપ્યું. ૧૮.

પ્રભુ શ્રીહરિકૃષ્ણના બંને ભાઈઓમાં રામપ્રતાપજી તથા ઈચ્છારામજી, બંને સદ્‌ગુણનાં ધામ જેવા હતા. અને જેમાં 'શ્રીકૃષ્ણ' એવું નામ હોય તેવા શુભ મંત્રનો જપ કરતા હતા. ૧૯. મોટા તથા નાના, બંને ભાઈઓ વચેટ એવા શ્રીહરિમાં પરમેશ્વરની ભાવના રાખતા હતા. અને પોતે શ્રીહરિ તો અત્યંત નિઃસ્પૃહ હતા. જેને કોઈની સાથે હેતનું બંધન ન હતું. ૨૦.

જેટલા માટે શ્રીહરિ ઘરમાં રહ્યા હતા તે સમય વીતી ગયો અને પિતાએ શરીર તજી દીધું. પછી તો શ્રીહરિ પોતાનાં મનમાં અનંત જીવોનો ઉદ્ધાર કરવાનું વિચારવા લાગ્યા. ૨૧.

जेही कारन घर रहे हरिराया, अवधि बिति तजी पितु काया ॥
किन हरि निज मनसी बिच्यारा, करने जीव अनंत ओधारा ॥२१॥
जेष्ठ बंधु आदिक कुलवृंदा, बिन पूछे श्रीहरि स्वछंदा ॥
प्रात स्नान मिषे सुखदाई, किन गमन उत्तर दिशमाई ॥२२॥
संवत अढार ओगन पचासे, ग्रीष्म ऋतु पुनि अषाढ मासे ॥
शुक्रवार दसमी उजियारी, किन त्याग गृह हरि ब्रह्मचारी ॥२३॥
एक कौपिन आछादन सहिता, चले नाथ आन वस्त्र रहिता ॥
मृगछाला तुलसी जपमाला, ऊर्ध्वपुंड्र चिह्न छबी बिशाला ॥२४॥
जटामुकुट मंडित निज माथा, लीना दंड पलासकर हाथा ॥
चतुर्शास्त्र कर सार नीकारी, ताकर पुस्तक लीनो धारी ॥२५॥
मुंजिमेखला कमंडलुं च्यारु, पास हे भिक्षापात्र उदारु ॥

❈ વાલમજીએ વર્ણીવેષે વનગમન કર્યું :

તે પછી સ્વતંત્ર સ્વભાવના અને સુખદાયક એવા શ્રીહરિએ એક દિવસ મોટા ભાઈ આદિક કુળકુટુંબીઓને વગર પૂછે જ પ્રાતઃસ્નાન નિમિત્તે ઉત્તર દિશા તરફ ગમન કર્યું. ૨૨. **સં.૧૮૪૯, ગ્રીષ્મ ઋતુના અષાઢ માસની સુદિ દશમની તિથિ અને શુક્રવાર હતો ત્યારે બ્રહ્મચારીના રૂપમાં રહેલા શ્રીહરિએ ઘરનો ત્યાગ કર્યો.** ૨૩. ઉપરના આચ્છાદન વસ્ત્રે સહિત એક કૌપિનભર શ્રીહરિ ચાલ્યા. બીજું કોઈ પહેરવાનું વસ્ત્ર રાખ્યું નહિ. એક મૃગચર્મ, તુલસીની જપમાળા અને અપાર શોભા સંપન્ન શ્રીહરિને લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલકનું ચિહ્ન હતું. ૨૪. પોતાનું મસ્તક જટામુકુટથી શોભતું હતું. હાથમાં ખાખરાનો દંડ લીધો હતો. ચાર શાસ્ત્રના કાઢેલા સારભૂત પુસ્તક સાથે લીધું હતું. ૨૫. મુંજની કટીમેખળા, સારું કમંડળું અને પવિત્ર ભિક્ષાપાત્ર, આટલી વસ્તુ પાસે રાખી હતી. વળી બાળમુકુંદ અને શાલગ્રામનો બટવો કંઠે બાંધ્યો હતો. ૨૬.

बालमुकुंद पुनी शालिग्रामा, बांधा कंठ बटुवा अभिरामा ॥२६॥
ऐसे बर्नि सरजु तीरा, आये उतरन नदी गंभीरा ॥
हेरत इत उत्ते नौका नांई, तुरत नदी उतरी हम जांई ॥२७॥
डरत मनुष्य कोई आवत डगरे, रखे ले जाई पीछा पकरे ॥
सरजू बहत अगाध अथाहा, परि मध्य को करे अवगाहा ॥२८॥
जोई परे सो रहे न जीता, होय तुरत तन प्रान रहिता ॥
उछलत लहरी घूमरी भयकारी, जलमां घोर जंतु बडभारी ॥२९॥
दोहा : तेही अवसर एक राक्षस, आवा बर्नि पास ॥
जानी रिपु हमार यह, पावा अति हुलास ॥३०॥
आवा असुर हरि हननकुं, पावा आपही नास ॥

આવા વર્ણિવર શ્રીહરિ સરજૂ નદીને કિનારે આવ્યા. ગંભીર નદીને ઊતરવાની હતી. ચારે બાજુ દેખતાં ક્યાંય નૌકા ન હતી. ‘મારે આ નદી તરત જ કેમ પાર કરવી ?’ એમ વિચાર કરતા હતા. ૨૭. વળી રસ્તામાં કોઈ માણસ આવે તો તેનાથી ડરતા હતા. મનમાં હતું કે ‘રખે મને કોઈ પાછો પકડીને લઈ જાય.’ સરજૂ નદીનું ઊંડું પાણી ઘણું અગાધ વહેતું હતું. તેમાં પડીને સ્નાન કોણ કરે ? ૨૮. જો કોઈ તે નદીના પૂરમાં પડે તો જીવતો રહે નહિ, તેનું શરીર તરત જ નિષ્પ્રાણ થઈ જાય. પાણીના પૂરમાં લહેરો ઊછળતી હતી અને ભયંકર ભમરીઓ પડતી હતી. વળી તે પાણીમાં ખતરનાક મોટા મોટા જળચરો હતા. ૨૯.

તે સમયે વર્ણીની પાસે કોઈ એક રાક્ષસ આવ્યો. તેણે વર્ણીને પોતાના શત્રુ માન્યા અને મનમાં ઘણો ખુશી થયો. ૩૦. તે અસુર શ્રીહરિને મારવા માટે આવ્યો, પરંતુ તેનો પોતાનો જ નાશ થયો. અવિનાશી શ્રીહરિ સરજૂ નદીના પાણીને ઊતર્યા અને પછી આગળ ચાલતા થયા. ૩૧.

ऊतरी सरजू सलिल हरि, चले आप अविनाश ॥३१॥

सोरठा : अब पीछेकी बात, सुनो श्रवनदे सुमति नर ॥
उदयो रवि साक्षात, प्रसरी अवनी किरनी भर ॥३२॥
निज समान सब बाल, हरिवर हेरन आये अब ॥
ना देखे वृषलाल, घर अविलोकी गयेउ तब ॥३३॥

चोपाई :
परम चिंतातुर बालक जेही, हरिकर परम सनेही तेही ॥
हेरत नग्र मध्य सब ठामा, अति उदास बालक गुनधामा ॥३४॥
हरिकी जहां जहां बैठक ताई, हेरत बालक अति अकुलाई ॥
अवध मध्य स्थानक जेते, हेरि आये अर्भक सब तेते ॥३५॥

❋ અયોધ્યામાં મિત્રોની વિરહવેદના :

શ્રીહરિએ ઘર છોડ્યું તે પછીની વાત સુમતિવાળા બધા મનુષ્યો કાન દઈને સાંભળો. જ્યારે સાક્ષાત્ સૂર્યોદય થયો ત્યારે તેનાં કિરણ પૃથ્વીભરમાં ફેલાઈ ગયા. ૩૨. આ વખતે શ્રીહરિની સમાનવયના બાળકો તેમને મળવા માટે ઘેર આવ્યા. જ્યારે ધર્મપુત્ર શ્રીહરિ ઘરમાં દેખાયા નહિ એટલે બધા જ ત્યાંથી ચાલ્યા ગયા. ૩૩.

તે બધા બાળકો ઘણા ગુણવાન હતા અને શ્રીહરિના ખૂબ જ સ્નેહી હતા. જ્યારે ઘરમાં શ્રીહરિને ન દેખ્યા ત્યારે તે બધા ચિંતાતુર બાળકો ઉદાસ થઈ ગયા. તેણે શહેરમાં બધી જ જગ્યાએ શ્રીહરિને ખોળ્યા. ૩૪. જ્યાં જ્યાં શ્રીહરિની બેઠક હતી ત્યાં ત્યાં અતિશય અકળાયેલા તે બાળકોએ તપાસ કરી. તે બધા બાળકો અયોધ્યામાં જે જે સ્થાનક હતા તે બધા જોઈ આવ્યા. ૩૫.

જે જગ્યાએ શ્રીહરિ સ્નાન કરતા હતા તે સરયૂને કિનારે બધા બાળકો ગયા. નદીના ઘાટ અને બધી વાટ દેખી. અનેક નરનારીઓને

गये पुनि सरजुकर तीरा, करत जहां स्नान सुधीरा ॥
सकल घाट पुनि वाट निहारी, पुछि हारे अनंत नरनारी ॥३६॥
तदपि खबर न दिनी कोई, अति सनेह बस रोवत सोई ॥
लगी प्रीत हरि संग अति भारी, बालापनकी टरे न टारी ॥३७॥
लरिका सब विधि हेरीके हारे, कहु ना मिले प्रान ते प्यारे ॥
आये घर हरि हेरि कुमारा, रुदन करत दृग बहे जलधारा ॥३८॥
आये वृष द्वारे ततकाला, शोकातुर भये बेहाला ॥
अग्रज बंधु श्रीरामप्रतापा, ता समीप आये निष्पापा ॥३९॥
बोले बालक तजी उर धीरा, कहां गये पांडे तव वीरा ॥
हम तो भोरके हेरि हारे, कहुं न मिले श्री धर्मदुलारे ॥४०॥
रामप्रताप तब अति अकुलाई, मनहुं प्रान नाहि तनमांई ॥

પૂછીને થાક્યા. ૩૬. છતાં પણ કોઈએ બાળસ્વરૂપ શ્રીહરિના સમાચાર આપ્યા નહિ. ત્યારે બધા અત્યંત સ્નેહને વશ થઈને રડવા લાગ્યા. શ્રીહરિની સાથે બચપણની જે ઘણી પ્રીતિ હતી તે ટાળી ટળી શકે તેમ ન હતી. ૩૭. બધા જ બાળકો બધી જગ્યાઓને દેખીને હારી ગયા, પણ પ્રાણપ્યારા ક્યાંય મળ્યા નહિ. પછી શ્રીહરિને ખોળનારા તે બધા બાળકો રડતાં રડતાં ઘેર આવ્યા. દરેકની આંખોમાંથી આંસુની ધારોઓ વહેતી હતી. તે બધા શોકાતુર અને બેહાલ થયેલા બાળકો ધર્મદેવના આંગણામાં આવ્યા. ત્યાં નિષ્પાપ સ્વભાવના શ્રીહરિના મોટા ભાઈ શ્રીરામપ્રતાપજી હતા તેની પાસે આવ્યા. ૩૮-૩૯.

બધા બાળકોએ ધીરજ છોડી દીધી અને મોટા ભાઈને કહ્યું કે “પાંડે, તમારા ભાઈ ક્યાં ગયા ? અમે તો વહેલી સવારથી તેમને ખોળી ખોળીને થાકી ગયા છીએ, છતાં તે શ્રીધર્મના પ્યારા અમને ક્યાંય મળ્યા નથી.” ૪૦. તે સમયે રામપ્રતાપજી અત્યંત વ્યાકુળ થઈ ગયા. માનો, તેનાં શરીરમાં પ્રાણ જ રહ્યા ન હોય ! તે દ્વિજરાજ અતિશય ચિંતાતુર થઈ

चिंतातुर आये द्विजराजु, कहां गये मम भैया आजु ॥४१॥

अस घर आयके पूछा जबही, सुनिके विकल भये जन तबही ॥
हमकुं खबर नाहि भैयाकी, भौजि विकल बहुत हैयाकी ॥४२॥

रुदन करत बोली ततकाला, आज न आये घर दीनदयाला ॥
तब घरके मनई अकुलाई, इच्छाराम राम दोउ भाई ॥४३॥

दोहा : बूडे शोक समुद्र मही, बहत नेन जलधार ॥
बंधु विरह वियोगमें, नाहिन तन संभार ॥४४॥

भये बिथातुर बंधु दोउ, जैसे जल बिन मीन ॥
गये प्रान जिमी देह ते, परि देह होई क्षीन ॥४५॥

सोरठा : गये निश्चे मम भ्रात, यामें कछुं संदेह नहीं ॥
काउ सुन पूछी बात, बैराग्य बंत कियो गमन बन ॥४६॥

ગયા અને બોલ્યા કે "આજ મારા ભાઈ ક્યાં ગયા ?" ૪૧. જ્યારે ઘેર આવીને લોકોએ પૂછ્યું ત્યારે તે સાંભળીને વિહ્વળ થઈ ગયા અને કહ્યું કે "મને ભાઈની ખબર નથી." બીજી બાજુ શ્રીહરિના ભાભી સુવાસિની બાઈ પણ હૃદયમાં એકદમ વ્યાકુળ થઈ ગયા. તે પણ તે સમયે તત્કાળ રડતાં રડતાં બોલ્યા કે "દીનદયાળ ઘનશ્યામ આજ ઘેર આવ્યા નથી." તે સાંભળીને ઈચ્છારામજી તથા રામપ્રતાપજી, બંને ભાઈ અને ઘરના બધા જ મનુષ્યો અકળાઈ ગયા. ૪૩.

સહુ શોકના સમુદ્રમાં ડૂબી ગયા. સહુની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. બંધુના ચાલ્યા જવાથી થયેલા વિયોગમાં કોઈને શરીરની સંભાળ પણ રહી નહિ. ૪૪. બંને ભાઈ પાણી વગરનાં માછલાંની જેમ વ્યથાતુર થઈ ગયા. શરીરમાંથી જેમ પ્રાણ નીકળી ગયા હોય તેમ એકદમ ક્ષીણ થવાથી તેમનાં શરીર જમીન ઉપર પડી ગયા. ૪૫. અમારા ભાઈ ચોક્કસ ચાલ્યા ગયા છે, તેમાં કોઈ સંદેહ નથી. તે વૈરાગ્યવાન શ્રીહરિજી ચાલ્યા ગયા તે વાત હું પૂછું તોપણ કોણ સાંભળે ? ૪૬.

प्रेमानंद चिंतातुर, हेरत नगर उद्यान मही ॥
निश्चे नाई ही न उर, निरखी हुं बंधु नयनभरी ॥४७॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते भक्ति-धर्म देहत्याग श्रीहरि गृहात् निर्गमन नामा पंचदशोऽध्यायः ॥१५॥



अध्याय - १६

छंद मंगल :

बरनुं वियोग की बात, के श्री घनश्याम की ॥
सुनी उपजत बैराग्य, के पूरनकाम की ॥०१॥
भौजी अरु दोउ भ्रात, बहुत रुदन करे ॥
सुमरि सुमरि गुन शील, धीर नाहीं धरे ॥०२॥

પ્રેમાનંદસ્વામી કહે છે કે "ચિંતાતુર ભાઈઓ શહેર અને બગીચાઓમાં ખોળતા રહ્યા. તેનાં દિલમાં કોઈ એવો નિશ્ચય ન રહ્યો કે અમે હવે આંખોને તૃપ્તિ થાય તે રીતે પોતાના બંધુને નીરખશું." ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ભક્તિધર્મનો દેહત્યાગ તથા શ્રીહરિનું ઘેરથી નીકળવું' એ નામે પંદરમો અધ્યાય સમાપ્ત-૧૫



અધ્યાય - ૧૬
શ્રીહરિનું વનગમન અને બંધુઓના વિલાપનું વર્ણન

હવે પૂર્ણકામ શ્રીઘનશ્યામ પ્રભુના વિયોગની વાતનું હું વર્ણન કરું છું કે જે સાંભળવાથી વૈરાગ્ય ઊપજે છે. ૧. શ્રીહરિના ભાભી અને બંને ભાઈઓ ખૂબ જ રડતા હતા. તેમના સદ્‌ગુણ અને સ્વભાવને સંભારીને

सुनी खबर सब धाये, कुटंबी आये उ ॥
आये नहि हरिकृष्ण, कहां बिलमाये उ ॥०३॥

चले कुटुंबी भ्रात, हेरन कुं श्री हरि ॥
हेरत नगर बजार, के बिकल फरी फरी ॥०४॥

हेरत परी गई रेन, के दिवस अस्त भयो ॥
आये सबही भुवनके, दुःख जात न कयो ॥०५॥

तजीके भोजन पान, चिंता ज्युं चिता जरे ॥
निंद न आई रेन, नेन झरना झरे ॥०६॥

भौजी परि परवशके, शुद्ध ना शरीरकी ॥
पलक सो कलप समान, पीर उर बिरकी ॥०७॥

पीछे उठी बोलती, बानी सनेहकी ॥
परे होई हे काहुं विर, शुद्धि नाहीं देहकी ॥०८॥

તેઓ ધીરજ રાખી શકતા ન હતા. ૨. ઘનશ્યામ શ્રીહરિ ઘેર આવ્યા નથી, એવા સમાચાર જ્યારે સાંભળ્યા ત્યારે બધા કુટુંબીઓ દોડી આવ્યા. શું હરિકૃષ્ણ નથી આવ્યા ? ક્યાં રોકાઈ ગયા ? ૩. બધા કુટુંબીઓ અને ભાઈ પ્રભુ શ્રીહરિને ખોળવા માટે શહેર અને બજારમાં દેખવા લાગ્યા. ફરી ફરીને સહુ વિહ્વળ થઈ ગયા. ૪. ખોળતા ખોળતા દિવસ આથમી ગયો અને રાત પડી ગઈ. સહુ ઘેર આવ્યા, પણ તેમનું દુઃખ કહી શકાતું નથી. ૫. સહુએ ખાવા પીવાનું છોડી દીધું અને ચિતાની જેમ સહુ ચિંતારૂપી અગ્નિથી બળવા લાગ્યા. કોઈને રાતે ઊંઘ આવી નહિ. દરેકની આંખોમાંથી આંસુનાં ઝરણા ચાલતા હતા. ૬.

❀ સુવાસિની દેવી તથા ઇચ્છારામભાઈની વિરહવ્યથા :

ભાભી પરવશ થઈને પડી ગયા. શરીરની સૂધ રહી નહિ. એક પળ જેટલો સમય પણ કલ્પ સમાન થયો. તેમનાં દિલમાં પોતાના દિયર શ્રીહરિના વિરહની પીડા હતી. ૭. જ્યારે સુવાસિની બાઈ ઊઠ્યા ત્યારે સ્નેહભરી વાણી બોલવા લાગ્યા કે “મને તો શરીરની સૂધ રહી નથી. હું

शोधिये बाग बगीचा, के सरजु तीर ज्युं ॥
लाईए शोधी भुवन, के शाम शरीर ज्युं ॥०९॥
भौजी बोली हे बेन, के ससुर हमार ज्युं ॥
बहुत दिनिती शीखके, करी करी प्यार ज्युं ॥१०॥
रखियो इसकी सुरत, के भोजन पानकी ॥
नहि मागे कोउ पास, आश नहि आनकी ॥११॥
जरि जाओ मति मोर, सुरत कल ना रई ॥
भूखे गये कहां वीर, भौजी व्याकुल भई ॥१२॥
अनुज श्रीइच्छाराम, रुदन करे घरमां ॥
बूडी गये दोउ भ्रात, के शोक सागरमां ॥१३॥
हमरे भाग्यकी बात, के कहिये कोनसें ॥
मनकी मनमें विच्यारी, के रहिये मौनसे ॥१४॥
बालपनमें मात, के छोडए कलेवर ॥

પડી રહી છું. મારા વીર ઘનશ્યામ ક્યાં હશે ? ૮. કોઈ બાગ, બગીચા કે સરજૂને કિનારે તેમની શોધ કરો. તે ઘનશ્યામ પ્રભુને શોધીને ઘેર લાવો.” ૯. તે ભાભી એવાં વચન બોલે છે કે “મારા સસરાએ ખૂબ પ્યારથી ઘણી નીતિની શિખામણ આપી હતી. ૧૦. તેમણે કહ્યું હતું કે આ ઘનશ્યામની ખાવા પીવામાં સંભાળ રાખજો. તે કોઈની પાસે માંગશે નહિ. તેમને બીજા કોઈની આશા નથી. ૧૧. મારી બુદ્ધિ જ બળે કે તેની હું કાલે સંભાળ રાખી શકી નહિ. મારા વીર ભૂખ્યા ક્યાં ગયા હશે ?” આવું બોલતા ભાભી વ્યાકુળ થઈ ગયા. ૧૨. તે સમયે નાના ભાઈ ઈચ્છારામ ઘરમાં રહ્યા રહ્યા રડતા હતા. બંને ભાઈ શોકના સાગરમાં તે સમયે ડૂબી ગયા. ૧૩. અમારા આ દુર્ભાગ્યની વાત છે તે કોની આગળ જઈને કહીએ ? આ મનની બાબત તો મનમાં જ વિચારીને અમે મૌન રહ્યા છીએ. ૧૪.

बालक बंधु हमरा, त्याग कीना घर ॥१५॥
हम जाना नीलकंठ, के लाड लरावेंगे ॥
सोउ गये तजी गेह, के अब कब आवेंगे ॥१६॥
पीछे हेरन काज, पुनि सब निसरे ॥
नेना बरसे नीर, के बंधुना बिसरे ॥१७॥
हेरा सब ही शेर, बजार गली गली ॥
घर घर मंदिर महेल, के हर्म्य भली भली ॥१८॥
हेरि सबही बजार, अनोखे चोकमां ॥
हेरि अटारि अवास, अगाशी गोखमां ॥१९॥
हेरे वन उपवन, बाग बहु भांतीके ॥
हेरा सरजु तीर, घाट एकांतके ॥२०॥
हेरे सर सरी कूप, वापि बितानमें ॥
बहुत पुकारे ले नाम, अंगुरि दे कानमें ॥२१॥

ઈચ્છારામ બોલે છે કે "મારા બાળપણમાં જ માતાએ દેહ છોડી દીધો અને અત્યારે મારા ભાઈ ઘનશ્યામે પણ ઘરનો ત્યાગ કરી દીધો છે. ૧૫. મેં મારાં મનમાં માન્યું હતું કે ભાઈ નીલકંઠ મને લાડ લડાવશે. તે અત્યારે ઘર છોડીને ચાલ્યા ગયા છે, તે હવે ફરીવાર ક્યારે આવશે ?" ૧૬. તે પછીથી ઘનશ્યામ શ્રીહરિને ખોળવા માટે બધા ફરીથી નીકળ્યા. સહુની આંખોમાંથી આંસુ વરસતા હતા. કોઈને બંધુ વીસરતા ન હતા. ૧૭. સહુએ આખું શહેર, બજારો અને ગલી ગલીમાં જોયું. ઘેર ઘેર, મંદિરોમાં, મહેલોમાં અને સારી સારી હવેલીઓમાં પણ જોયું. ૧૮. બધી વ્યાપારી બજારો, અદ્ભુત ચોક, અટારીઓ, રહેવાનાં ઘર, અગાસી અને ગોખમાં બધે તપાસ કરી. ૧૯. વન, ઉપવન, ઘણી જાતના બગીચાઓ, સરજૂનો કિનારો, બધા ઘાટ અને એકાંત સ્થળોમાં પણ તપાસ કરી. ૨૦. સરોવર, નદી, કૂવાઓ, વાવો અને ઘણી જાતનાં મંડપોમાં તપાસ

हेरत वीती रात, नाथ पाये नई ॥
ले गये हमरे प्रान, के अजहुं आये नई ॥२२॥
वाम भया वीधी क्रूर, लेख उलटा लिखा ॥
बालापनमें बियोग, भया मोरे प्रानका ॥२३॥
दे गये दुःख दयाल, काहे नो आये हो ॥
मिला कोई कपटी कुर, तिनही भरमाय हो ॥२४॥
चलनी चितवनी वीर, खटकत उरमां ॥
बोलत मधुरी बानी, के आय हजूरमां ॥२५॥
दादा भैया कही, बोलावत मोहीका ॥
छेदी गहो करेज, कहे कां तोहीका ॥२६॥
दशरत नृपकुं दुःख, दिन रघुनाथ ज्युं ॥
अस कीनी तुम आ ज्युं, छोडी बंधु साथ ज्युं ॥२७॥

કરી. કાનમાં આંગળી રાખી હે ઘનશ્યામ ! હે નીલકંઠ ! એમ નામ લઈને ઘણા પોકાર કર્યા. તપાસ કરતા કરતા આખી રાત વીતી ગઈ, છતાં પણ નાથ શ્રીહરિ ક્યાંય મળ્યા નહિ.

સહુ એવું બોલતા કે "અમારા પ્રાણને કોઈ લઈ ગયું છે. આજ પણ તે આવ્યા નહિ. ૨૧-૨૨. ક્રૂર વિધાતા પણ અમારાથી ઊલટા થયા છે. તેણે અમારા લલાટના લેખ વિપરીત લખ્યા છે. બાળપણમાં જ પ્રાણરૂપ શ્રીહરિનો વિયોગ થયો છે. ૨૩. દયાળુ અમને દુઃખ આપી ગયા છે, નહિ તો તે કેમ ન આવે ? કાં તો કોઈ ખોટો કપટી મળ્યો હશે. અને તેણે તેમને ભરમાવી દીધા હશે. ૨૪.

તેમની ચાલ અને દૃષ્ટિ આજે મારાં દિલમાં ખટકે છે. મારી પાસે આવી અને મધૂર વાણી બોલતા હતા. ૨૫. મને 'દાદા' અને 'ભૈયા' આમ કહીને બોલાવતા હતા. મારા કાળજાને કાપીને લઈ લીધું છે. હવે તમને અમે શું કહીએ ? ૨૬. મહારાજા દશરથને જે રીતે રઘુનાથ

नीलकंठ नीर्देई, दया आई नई ॥
बालपनाकी प्रीत, तूरत तोरी दई ॥२८॥
जैसे कंचुकी ब्याल, करत हे त्याग ज्युं ॥
जैसे दग्ध वन मृग, तजत वीराग ज्युं ॥२९॥
जैहे हमरे प्रान, पीछे तुम आवोगे ॥
निंदा करि हे लोक, निर्देइया कहाओगे ॥३०॥
दुःख दरियामें डारी, गये घनश्यामजी ॥
परत नहि कहुं चेन, विकल सब जामजी ॥३१॥
फूटे हमरे भाग्य, कहे का आनकुं ॥
जन्म धरीके सुख, न पावा प्रानकुं ॥३२॥
बालापन सुं मात, तात रहे बन महिं ॥
हमही रहे न निवर, चिंतातुर मन महि ॥३३॥

રામચંદ્રજીએ વિયોગનું દુઃખ દીધું હતું તે રીતે આજ તમે કર્યું છે અને બંધુઓના સાથને છોડી દીધો છે. ૨૭. હે નીલકંઠ ! તમે નિર્દય થયા છો. તમને દયા ન આવી. બાળપણની પ્રીત તરત જ તમે છોડી દીધી છે. ૨૮. જેમ સાપ પોતાની કાંચળીનો ત્યાગ કરી દે છે અને હરણિયાઓ જેમ બળી ગયેલા વનનો ત્યાગ કરી દે છે અને વૈરાગ્યવાળો મનુષ્ય જેમ બધાનો ત્યાગ કરી દે છે. હવે અમે શું કરીએ ? ૨૯. અમારા પ્રાણ ગયા પછી જો તમે આવશો તો લોકો તમારી નિંદા કરીને તમને નિર્દય કહેશે. ૩૦. હે ઘનશ્યામ ! તમે અમને દુઃખના દરિયામાં નાંખી દીધા છે. અમને કાંઈ ચેન પડતું નથી. આઠે પહોર અમે વિહ્વળ છીએ. ૩૧. અમારા ભાગ્ય જ ફૂટી ગયા છે. અમે હવે કોને કહીએ ? જન્મ ધર્યા પછી અમારા પ્રાણને ક્યારેય સુખ મળ્યું જ નથી. ૩૨. અમે નાના હતા ત્યારે માતા પિતા ક્યાંય વન જેવા ભાગમાં ફરતા હતા. અમે તેમની સાથે ઘેર રહી શક્યા નથી અને હંમેશાં મનમાં ચિંતાતુર જ રહેતા હતા.

मात तात सुं सुख, न पावा अब लुं ॥
अब तुम खटकोगे वीर, जीयेंगे तब लुं ॥३४॥

ऐसे बंधु विकळ, श्रीरामप्रताप ज्युं ॥
विसरत नाई अनुज, तपत विरह ताप ज्युं ॥३५॥

बालक अति सुकुमार, कोमल तन सुंदर ॥
नै भैया तप जोग, किशोर मनोहर ॥३६॥

कोमल चरन सुकंज, मनोहर गात हे ॥
बदन चंद्र छबी निरखी, मदन लजात हे ॥३७॥

सहा न तरनी ताप, विदेश ना नीसरे ॥
जेंवत खेलत बाल, अवध मही बिचरे ॥३८॥

सुंदर शरद सरोज, विलोल सुलोचन ॥
मानु शरद शशी बाल, भाल दुःख मोचन ॥३९॥

---

૩૩. અમને અત્યાર સુધી માતા પિતાથી કોઈ સુખ મળી શક્યું ન હતું. અને હવે તો જ્યાં સુધી જીવશું ત્યાં સુધી હે વીર ! તમારો વિયોગ જ ખટક્યા કરશે.” ૩૪.

❁ રામપ્રતાપભાઈની વિરહવેદના :

આ રીતે વિહ્વળ થયેલા મોટા ભાઈ રામપ્રતાપજી બોલતા રહ્યા અને કહેતા કે “નાના ભાઈ ઘનશ્યામ મને ભુલાતા નથી અને હું વિરહના તાપમાં તપી રહ્યો છું. ૩૫. બાલસ્વરૂપ ઘનશ્યામ અતિશય સુકુમાર છે. તેમનું કોમળ શરીર સુંદર છે. કિશોર અને મનોહર મૂર્તિ છે. ભાઈ, તમે તપને યોગ્ય નથી. ૩૬. તમારાં ચરણ કમળના જેવા કોમળ છે, શરીર મનોહર છે. મુખ ચંદ્રના જેવું શોભતું છે. તમને જોઈને કામદેવ પણ શરમાઈ જાય છે. ૩૭. તમે ક્યારેય સૂર્યનો તાપ સહન કર્યો નથી, કોઈ પરદેશ ગયા નથી, બાળકોની સાથે જમતા, ખેલતા જ રહ્યા છો અને અયોધ્યામાં જ ફર્યા છો. ૩૮. તમારી ચંચળ આંખો સુંદર શરદઋતુના કમળ જેવી છે. માનો, શરદઋતુનો બાળચંદ્રમા હોય તેવું તમારું લલાટ

सुंदर लोल कपोल, कमल हुं ते कोमल ॥
नासा कीर सु च्यारु, अधर बींब फल ॥४०॥

दसन दारिमकर बीज, रेखा मुख रसभरी ॥
शरद पून्यो शशी हास, ना विसरत एकघरी ॥४१॥

नूत बीज सम चिबुक, कंठ कंबु वर ॥
वरसत वदन सु चंद, वचन अमृत झर ॥४२॥

उन्नत हृदय विशाल, के श्रीवछ चिह्न हे ॥
मान हुं बाल मराल, परम प्रवीन हे ॥४३॥

भुज आजानु अविलोकी, करी कर लाज ही ॥
पीपल परन समान, उदर छबी भ्राज ही ॥४४॥

त्रीवळि उदर मही च्यारु, के नाभी गंभीर हे ॥
कटि केशरी सम छीन, के चलनी रुचिर हे ॥४५॥

બધાં દુઃખને ટાળનારું છે. ૩૯. તમારા સુંદર થડકતા ગાલ કમળ જેવા કોમળ છે. નાસિકા પોપટના જેવી સુંદર છે. અને હોઠ પાકેલાં ઘીલોડાં જેવાં છે. ૪૦. દાંત દાડમના બીજ જેવા છે અને મુખ ઉપરની રેખા રસ ભરેલી છે. તમારું હસવું શરદપૂનમના ચંદ્ર જેવું છે તે એક ઘડી પણ ભૂલાતું નથી. ૪૧. બીજના ચંદ્રમા જેવી તમારી ચિબુક છે અને શંખના જેવો શ્રેષ્ઠ કંઠ છે.

મુખચંદ્રમાંથી અમૃત વરસાવતાં તમારાં વચન નીકળે છે. ૪૨. ઊપડતી વિશાળ છાતી ઉપર શ્રીવત્સનું ચિહ્ન છે. માનો, પરમ નિપુણ કોઈ બાળહંસ ન હોય ! એવા તમે છો. ૪૩. તમારી ઘૂંટણ સુધી લાંબી ભુજાઓને જોઈને હાથીને પણ લાજ આવે છે. તમારા પીપળાનાં પાનના જેવી ઉદરની છબી શોભી રહી છે. ૪૪. ઉદર ઉપર સુંદર ત્રિવળી છે અને તેમાં ગંભીર નાભિ છે. કેસરી સિંહના જેવી તમારી કમર પાતળી છે અને ચાલ તો બહુ સુંદર છે. ૪૫. કેળના સ્તંભના જેવા તમારા સુંદર

रंभा तरुवर उरु, जानु छबी धाम हे ॥
जंघा गुल्फे सु चारु, चरन अभिराम हे ॥४६॥

असित पृष्ठ पद ललित, अंगुरी नखमनि गन ॥
तिछन वर तेजवंत, तरनी किरनी कन ॥४७॥

ललित अरुन तल बीच, के षोडष चिह्न हे ॥
जुग तल बीच ऊर्ध्वरेख, के अरुन नवीन हे ॥४८॥

एसे शोभा सुर, बीर मम बाल ज्युं ॥
खटकत मोर करेज, बिखम शर भाल ज्युं ॥४९॥

शरद कमल सम चरन, कठिन अवनी तल ॥
कैसे करी हे गवन, नलिन दृग चंचल ॥५०॥

अनुज बंधु इच्छाराम, धरत नई धीर ज्युं ॥
में बालक हुं अनाथ, न जानी पीर ज्युं ॥५१॥

સાથળ છે અને ઘૂંટણ તો શોભાનાં ધામ છે. પીંડીઓ અને ઘૂંટીઓથી સુંદર જણાતાં ચરણ તો ઘણા રમણીય છે. ૪૬. શ્યામ પીઠવાળા મનોહર ચરણ છે અને આંગળીઓના છેડે રહેલા નખમણિ તીખાં અને તેજસ્વી છે. માનો કે તે સૂર્યની કિરણોના ટૂકડા હોય ! ૪૭. બંને ચરણના લાલ તળિયામાં સોળ ચિહ્ન છે અને બંને ચરણતળની વચ્ચે સ્પષ્ટ અને લાલ ઊર્ધ્વરેખાઓ છે. ૪૮. આવા શોભાસંપન્ન અને શૂરવીર, મારા ભાઈ ઘનશ્યામ શ્રીહરિનો વિયોગ કોઈએ લલાટમાં ઝેરી બાણ માર્યું હોય અને તે ખટકે તે રીતે મારા કાળજામાં ખટકે છે. ૪૯.

તમારા ચરણ શરદઋતુના કમળના જેવા કોમળ છે અને ભૂતળ ઘણું કઠણ હોય છે. તે ભૂમિ ઉપર તમે કઈ રીતે ચાલશો ? કમળ જેવી તમારી દૃષ્ટિ ચંચળ છે. ૫૦. શ્રીહરિના નાનાભાઈ ઇચ્છારામજીથી ધીરજ ધારી શકાતી નથી. તે બોલે છે કે ‘હું બાળક છું. અનાથ છું. તમે મારી પીડા જાણી નહિ. ૫૧.

बालपने सुं मात, तात गये त्यागीके ॥
तुमहुं सीधारे वीर, भटी उर दागीके ॥५२॥

एसे मै कछु पाप, के दारुन कीन ज्युं ॥
तिकरे फल मोहे दैव, के अब सब दीन ज्युं ॥५३॥

छोडीके छोटा बाल, के दीन अनाथ ज्युं ॥
भये दूर मध्ये पुर, झटकीके हाथ ज्युं ॥५४॥

दुःखमें जात दिन रेन, सुख नई स्वपने ॥
केहिका दीजे दोष, भाग्य एसे अपने ॥५५॥

ऐसी में ना जानी, बिछुरी वीर जाओगे ॥
करसुं अमृत छीन, गरल घोरी पाओगे ॥५६॥

करुना सुनी दयाल, के मोरी दीनकी ॥
आय देखावो नाथ, छबी चरन चिह्नकी ॥५७॥

બાળપણમાં જ મારો ત્યાગ કરીને માતા પિતા દિવ્ય ગતિ પામ્યા. હે વીર ! મારાં હૃદયમાં દુઃખની ભઠ્ઠી સળગાવીને તમે પણ ચાલ્યા ગયા. ૫૨. મેં કોઈ એવું દારુણ પાપ શું કર્યું હશે ? કે મારાં ભાગ્યે અત્યારે એક સામટું મને તેનું ફળ આપ્યું છે. ૫૩. હું દીન અને અનાથ છું. નાનો બાળક છું. મને છોડીને પાણીના પ્રવાહ મધ્યે એક ઝટકાથી હાથ છોડાવીને આપ દૂર થયા છો. ૫૪. મારા રાત અને દિવસ દુઃખમાં વીતે છે. સ્વપ્નમાં પણ સુખ નથી. હું કોનો દોષ આપું ? મારા પોતાનાં ભાગ્ય જ એવા હશે. ૫૫. હે વીર ! મેં એવું જાણ્યું નહોતું કે મને આપ છોડીને જતા રહેશો. તેમજ મારા હાથનું અમૃત આંચકી લઈને ઘોળેલું ઝેર પાશો. ૫૬. હે દયાળુ ! મારી દીન જનની આ કરુણાભરી વાત સાંભળીને આપનાં દર્શન આપો અને ચરણ ચિહ્નની શોભા બતાવો. ૫૭. હે નાથ ! આપની ભાભી સુવાસિની નામે છે. તે ટીંટોડીની જેમ વિલાપ કરે છે. ઘનશ્યામ ! તેને આપ સાંભળો. ૫૮. એ વિનયપૂર્વક બોલે છે કે મારા દિયર ! મને દુઃખ દઈને ચાલ્યા ગયા. વગર મોતે

भौजी तुमारी नाथ, सुवासिनी नाम ज्यूं ॥
क्रूरी ज्युं करत बिलाप, सुनो घनश्याम ज्युं ॥५८॥

बोली विनय करी बेंन, देउरा दुःख दे गये ॥
मारी गये वीन मोत, प्रान हुं न ले गये ॥५९॥

मोर पापिनी कर भाग्य, कठिन तर का कहुं ॥
लिखा सो विधिना वैरी, रुदन करिके सहु ॥६०॥

नैहरवा नई सुख, ससुर घर दुःखीनी ॥
मै जानी मोरी सास, के करी हे सुखीनी ॥६१॥

सास ससुर गये डारी, के महादुःख सिंधुमें ॥
अमृत माहुर रूप, भया अब इन्दुमें ॥६२॥

पुनि तुम एसी कीनी, तेसी कोउ ना करे ॥
मारा ब्याध ज्युं बान, प्रान मृगीके हरे ॥६३॥

जन्म धरीके मे दुःख, के पावा अपार ज्यूं ॥

મને મારી છે. પણ મારા પ્રાણ લઈ ગયા નથી. ૫૯. હું પાપિણી છું. મારાં ભાગ્ય જ એટલા બધા કઠણ છે. મારા વૈરી વિધાતાએ એવા લેખ લખ્યા છે કે તેને હું રડીને સહન કરું છું. ૬૦. મને પિયરમાં સુખ ન હતું અને સસરાને ઘેર પણ દુઃખી છું. મેં માન્યું હતું કે મારી સાસુ મને સુખી કરશે. ૬૧. પરંતુ તે મારી સાસુ અને સસરા તો મને દુઃખના મહાન સાગરમાં ફેંકી દઈને દિવ્ય ગતિ પામ્યા છે. મારે માટે હવે તો ચંદ્રમાં રહેલું અમૃત પણ ઝેર થઈ ગયું છે. ૬૨.

વળી આપે એવું કર્યું છે કે જે બીજો કોઈ તેવું ન કરે. જેમ કોઈ શિકારી બાણ મારે અને હરણીના પ્રાણ હરે તેવું કર્યું છે. ૬૩. હું તો જન્મ પામ્યા પછી અપાર દુઃખ પામી છું. અત્યારે તો સાગરને મધ્યે મારું નાવ ભાંગ્યું છે. ૬૪. મેં કેવાં હીન કર્મ કર્યાં હશે કે આટલા બધા સંતાપને હું પામી છું. મેં ચોક્કસ કોઈ સંતોને કે નિષ્પાપ વિપ્રોને

अब तो तुटा नाव, के सिंधु मोजार ज्युं ॥६४॥
कैसे मे किने कर्म, के पाई संतापकुं ॥
निश्चे संतापे संत, के द्विज निष्पापकुं ॥६५॥
कै तो कोउ कर धन, के चोरी लीन ज्युं ॥
हरिजन सुं किन वैर, दुःख बहु दिन ज्युं ॥६६॥
के तो दिना गुप्त, काहुंकुं वीख ज्युं ॥
के कीनी विश्वास घात, प्रान मोरे धीख ज्युं ॥६७॥
पाई सोउ मे फल, के तरत तियार ज्युं ॥
ऐसे सुवासनी बाई, के करत पुकार ज्युं ॥६८॥
एसे करत विलाप, भौजि धरनी परी ॥
जैसे तुटा नाल सुं, नलीन नवीनरी ॥६९॥
कैसे धरुं अब धीर, के मोरे चित्तमां ॥
तपत तैसे मम तन, लगी प्रीत मीतमां ॥७०॥

પીડ્યા હશે. ૬૫. અથવા તો મેં કોઈનું ધન ચોરીને લઈ લીધું હશે. કાં તો મેં કોઈ ભગવાનના ભક્તની સાથે વૈર કરીને તેમને ઘણું દુઃખ આપ્યું હશે અથવા તો મેં કોઈને છાની રીતે ઝેર આપ્યું હશે, કાં તો મેં કોઈની સાથે વિશ્વાસઘાત કર્યો હશે કે તેનાથી મારા પ્રાણ અત્યારે સળગી રહ્યા છે. ૬૬-૬૭. અને તેનું જ આ મને તરત તૈયાર થયેલું ફળ આજે પ્રાપ્ત થયું છે.' ઉપર કહ્યા પ્રમાણે સુવાસિનીબાઈ બાળસ્વરૂપ ઘનશ્યામને પોકાર કરી રહ્યા હતા. ૬૮.

આ રીતે વિલાપ કરતા ભાભી સુવાસિનીબાઈ નવી કમલિની નાળ તુટી જવાથી જેમ ઢળી પડે તેમ ધરણી ઉપર ઢળી પડ્યા છે. ૬૯. હવે હું મારા ચિત્તમાં ધીરજ કઈ રીતે ધારણ કરું ? મારું શરીર અત્યારે એકદમ બળી રહ્યું છે અને મારા આત્માના સાચા સુહૃદમાં મને ખરેખર પ્રીતિ થઈ છે. ૭૦.

रोई रोई हेरी पंथ, के आंखी झांखी भई ॥
शोके सुखाई देह, पिंजरा हो गई ॥७१॥

सुनीए सनेही नाथ, के ऐसी हम पर ॥
करनी नाहिन जोग्य, श्याम सुंदर वर ॥७२॥

कैसे उर धरु धीर, पीर तन चोगनी ॥
विसरे नाहिन वीर, सुंदर रूपकी मनी ॥७३॥

ललित चरन बीच रेख, के चिह्न जुत लंकसो ॥
चलते भोमी नाथ, उठत होई अंकसो ॥७४॥

भैया निलकंठ करके, ऐसा आकार हे ॥
ब्रह्म सृष्टि मही कोउ ना, इन अनुसार हे ॥७५॥

भाई भौजी सब मिली, वनमें हेरत फीरे ॥
न पाये निलकंठ, मुरत ना विसरे ॥७६॥

રડી રડીને આવવાના માર્ગ સામે દેખતી આંખો પણ ઝાંખી થઈ ગઈ છે. શોકને લીધે શરીર સુકાઈ જવાથી હાડપીંજર જેવું થઈ ગયું છું. ૭૧. હે મારા સ્નેહી નાથ ! હે શ્યામસુંદરવર ! તમે સાંભળો, આવી અમારા ઉપર નિર્દયતા કરવી તે આપને માટે યોગ્ય નથી. ૭૨. હું મારાં દિલમાં કઈ રીતે ધીરજ ધારું ? દિલ કરતા પણ શરીરમાં ચારગણી પીડા છે. રૂપના મણિ જેવા સુંદર મારા વીરને હું ભૂલી શકતો નથી. ૭૩. આપના સુંદર ચરણની વચ્ચે રેખા છે અને તે ચરણ ચિહ્ન અને લાંકથી યુક્ત છે. તે આપ જ્યારે ભૂમિ ઉપર ચાલો છો ત્યારે તે તે નિશાનો ઊઠી આવે છે. ૭૪. મારા ભાઈ નીલકંઠનો એટલો સુંદર આકાર છે કે બ્રહ્માની સૃષ્ટિમાં કોઈનો તેવો સુંદર આકાર નથી. ૭૫. ઉપર કહ્યા પ્રમાણે ભાઈ રામપ્રતાપજી તથા ભાભી સુવાસિનીબાઈ, સહુ મળીને વર્ણીરૂપ શ્રીહરિને વનમાં ખોળતા રહ્યા. પરંતુ નીલકંઠ પ્રભુ ક્યાંય મળ્યા નહિ અને તેમને તે પ્રભુની મૂર્તિ ક્ષણવાર પણ ભુલાતી નથી. ૭૬.

सुंदर रूप कीशोर, के मनोहर जोहनी ।।
लिखि लाजे लख काम, के मूरति मोहनी ।।७७।।

वाम श्रवन मही तिल, के तिल एक गालमें ।।
उन्नत रेखा पंच, के सुंदर भालमें ।।७८।।

सुंदर शितला दाग, के सोहे नाकमां ।।
छीपायेंगे नाहीं छीपाये, के कोटी लाखमां ।।७९।।

रूप मनोहर बाल, जानी ना छीपाइयो ।।
मिले काउकुं खबर तो, हमकु बताइयो ।।८०।।

बीन पूछे परत पीछान, के चौदे भुवनमें ।।
ऐसे श्रीनिलकंठ, छीपे नाही जनमें ।।८१।।

कोटीक हेरे पंथ, कोटि पीछे फीरे ।।
श्रीघनश्यामके नाम, के जलमें पथर तीरे ।।८२।।

પ્રભુનું સુંદર કિશોર રૂપ છે અને દૃષ્ટિ તો મનોહર છે. તે મોહિની મૂર્તિ દેખીને તો લાખો કામદેવ પણ શરમાઈ જાય છે. ૭૭. તેમના ડાબા કાનમાં એક તિલ છે અને તે જ રીતે જમણા ગાલ ઉપર પણ તિલ છે. સુંદર વિશાળ ભાલમાં પાંચ રેખાઓ પડે છે. ૭૮. નાસિકાના ઉપર સુંદર શીળીનાં ચિહ્ન સોહામણા લાગે છે. તે કરોડો કે લાખો લોકો ભેળા થાય તોપણ તેમાં છુપાવ્યા છુપાય તેમ નથી. ૭૯. તેમના મનોહર બાળ સ્વરૂપને કોઈ જાણીને છુપાવી શકે તેમ નથી. જો કોઈને તેમની ખબર મળે તો અમને અવશ્ય બતાવજો. ૮૦.

ચૌદે લોકમાં વગર પૂછ્યે તે ઓળખી શકાય છે. આવા શ્રીનીલકંઠ મનુષ્ય સમુદાયમાં ક્યાંય છુપાયા રહે તેમ નથી. ૮૧. અમે કરોડો માર્ગ દેખ્યા છે અને કરોડો લોકોની પાછળ ફર્યા છીએ, અમારા ઘનશ્યામ પ્રભુનાં નામથી તો પાણીમાં પણ પથ્થર તર્યા છે. ૮૨ માટે કોઈપણ નરનારીને જો તે કોઈ માર્ગમાં મળી જાય તો તેને એકાંતમાં લઈ જઈને

नर नारीनकुं कहुं, मिले ज्यो पंथमां ॥
समुजैयो दे शिख, के टेरी एकांतमां ॥८३॥

भैया जाओ घर, तुमका सब हेरत ॥
करत हे रुदन विलाप, के वन वन टेरत ॥८४॥

कहुं ना मिले निलकंठ, आये सब घरका ॥
बहुत करी अपसोस, के मिडत करका ॥८५॥

भौजी कर दे कपोल, के रही सकुचायके ॥
मनु घेरा रीपु राह, के वदन शशी आपके ॥८६॥

भैया कटि देकर, के डगमग डोलत ॥
भरत हे दीरघ निसास, क्षीन बानी बोलत ॥८७॥

आयो विपरित काल, ब्याल क्युं न काटत ॥
भई हे बज्र समान, छाति नहि फाटत ॥८८॥

સમજાવજો અને શીખ આપજો. ૮૩. "ભાઈ ! તમે તમારે ઘેર જાઓ. સહુ તમારી રાહ જૂએ છે. સહુ રડે છે અને દરેક વનમાં તમારાં નામનો પોકાર કરે છે." ૮૪. જ્યારે નીલકંઠ પ્રભુ ન મળ્યા ત્યારે બધા ઘેર આવ્યા અને મનમાં ઘણો અફસોસ કરીને હાથને મસળવા માંડ્યા. ૮૫. ભાભી તો પોતાની હથેળી ઉપર ગાલ મૂકીને સંકોચાઈને બેસી ગયા. માનો, ચંદ્રનો શત્રુ રાહુ આવીને મુખરૂપી ચંદ્રને ઘેરી રહ્યો હોય ! તેમ જણાતું હતું. ૮૬. રામપ્રતાપજીભાઈ પણ કમર ઉપર હાથ રાખીને ડગમગ ડોલતા ડોલતા ચાલતા હતા. ઘણા લાંબા નિસાસા નાખી અને ક્ષીણ થઈ ગયેલી વાણી બોલતા હતા. ૮૭.

તેઓ કહેતા હતા કે "અરે રે ! આવો વિપરીત સમય આવ્યો ? મને સાપ કેમ કરડતો નથી ? મારી છાતી કેમ નથી ફાટતી નથી કે જે વજ્ર જેવી થઈ ગઈ છે. ૮૮. તેઓ બોલે છે કે મારા ભાઈ ઘણા ગુણવાન હતા, તે આજે મારાં દિલમાં ઘણા ખટકે છે." તેઓ બધા જ

भैया बहुत गुनवान, के खटकत उरमां ।।
बूडे कुटुंब सहित, विरह भरपूर मां ।।८९।।
भूले भोजन पान, नैन नहीं निंदिरा ।।
विपत आई घरमांई, उठी गई इन्दिरा ।।९०।।
भौजी करत विलाप, भैया घर आवउ ।।
भयो अब भोजन समय, के नेहसु बोलावउ ।।९१।।
व्याकुल खंजन नेन, चेन नहीं तुम बीनु ।।
व्याकुल हम सब वीर, थोरे जल ज्युं मीनु ।।९२।।
संभारी सबसे हेर, के सोचत मनमां ।।
मनहु श्रीरघुवीर, आजु गये वनमां ।।९३।।
परि रही शिर पाग, के जामा जनोउका ।।
कीना बर्नी वेश, के संग नहीं कोउका ।।९४।।

કુટુંબે સહિત વિરહના પૂરમાં ડૂબી ગયા હતા. ૮૯. તેઓ ભોજન અને પાણી પીવાનું પણ ભૂલી ગયા હતા. કોઈને આંખમાં નિદ્રા આવતી નહિ. ઘરમાં એવી વિપત્તિ આવી પડી કે બધી જ શોભા(લક્ષ્મી) ઊડી ગઈ. ૯૦.

❁ સુવાસિની ભાભી વગેરેનો વિલાપ :

ભાભી વિલાપ કરતા કહે છે, “ભાઈ ઘનશ્યામ ! ઘેર આવો. જમવાનો સમય થઈ ગયો છે. હું પ્રેમથી બોલાવું છું. ૯૧. અમારી ખંજનના જેવી આંખો અત્યારે વ્યાકુળ થઈ ગઈ છે. તમારા વિના કોઈને ચેન પડતું નથી. હે વીર ! અમે બધા થોડા પાણીમાં પડેલી માછલીની જેમ તરફડીએ છીએ. ૯૨. આપને યાદ કરી, ચારેય બાજુ જોઈને પછી મનમાં વિચાર કરીએ છીએ કે માનો, ‘આજે જ શ્રીરઘુનાથજી વનમાં ચાલ્યા ગયા કે શું !’ ૯૩. આપના માથા ઉપરની પાઘ અહીં પડી રહી છે. તેમજ અંગરખુ પણ પડ્યું રહ્યું છે. આપે વર્ણીનો વેશ બનાવ્યો જણાય છે. આપને કોઈનો સંગ લાગતો નથી. ૯૪.

निकसे नंगे पाउ, पनैया छोरीके ॥
कहा गयेउ देउरा, हमरा चित्त चोरीके ॥९५॥

कमलनयन शर सांधी, हमार वध करी गये ॥
परा रहा तन पींजर, प्रान तुम हरी गये ॥९६॥

हम जानत हे वीर, गये तुम वन महि ॥
पैहो दुःख बहु नाथ, के कोमल तन महि ॥९७॥

चंचुक डंशुक क्रूर, जीव वन बहूत हे ॥
भूत पीशाच राक्षस, कर वनमें जूथ हे ॥९८॥

वृक रु ब्याघ्र भालु, बानर रोझ ज्युं ॥
फिरत हे मत्त गयंद, अमित वन ओझ ज्युं ॥९९॥

महिषि सुत महामत्त, वराह कर ज्युथ ज्युं ॥
एसे विकट वन जात, कोन माँई पुत ज्युं ॥१००॥

આપ ખુલ્લે પગે નીકળી ગયા છો. કારણ કે મોજડી છોડી દીધી છે. દિયરજી તમે અમારાં ચિત્તને ચોરીને ક્યાં ચાલ્યા ગયા છો ? ૯૫. હે કમળનયન ! તમે તો બાણનું નિશાન બનાવીને અમારો વધ કરીને ચાલ્યા ગયા છો. હવે તો અમારું શરીરરૂપી પીંજરું પડ્યું રહ્યું છે અને પ્રાણને તો તમે ઉઠાવી ગયા છો. ૯૬.

હે વીર ! અમે જાણીએ છીએ કે આપ વનમાં ગયા હશો. હે સર્વાધાર શ્રીહરિ ! તમને બહુ દુઃખ થશે. કારણ કે આપનું શરીર એકદમ કોમળ છે. ૯૭. વનમાં તીણી ચાંચવાળા ક્રૂર ડાંસ બહુ હોય છે. ભૂત, પિશાચ અને રાક્ષસોના તો વનમાં ટોળા હોય છે. ૯૮. વરુ, વાઘ, રીંછ, વાનર, રોઝ અને મદોન્મત્ત હાથી વનમાં તો ભયંકર અવાજ કરતા કરતા અપાર ફરતા હોય છે. ૯૯. મોટા મદોદ્ધત પાડાના ટોળાઓ અને જંગલી ભૂંડના ટોળાઓ જે ભયંકર વનમાં ફરતા હોય છે ત્યાં કયો માઈનો પુત્ર જઈ શકે ! આવા મહાભયંકર વનમાં આપના

एसे विकट बन मांई, वसे कोन तुम बिना ॥
कोन सहे भूख प्यास, घाम शित रात दिना ॥१०१॥

खूंचत होई हे बीर, के कोमल चरनमें ॥
कंकर कंटक तिछन, अंकुर तरनमें ॥१०२॥

लागेगी जब भूख, कोन तब पूछही ॥
आओ जेंये तात, तरकारी लूचई ॥१०३॥

कोमल बाल कीशोर, के रूप मनोहर ॥
होई हे तन तपी शाम, के वन रज धुंसर ॥१०४॥

सघन वीकट वनजार, पहार बहु भांतीके ॥
झरत निझरना नगकर, गह्वर एकांतके ॥१०५॥

ऐसे विकट वनमांई, के डरी हो सुजान ज्युं ॥
पीछे आओ घर तात, के मोरे प्रान ज्युं ॥१०६॥

સિવાય બીજો કોણ રહી શકે ! વનમાં રાત દિવસ ભૂખ તરસનું તથા ઠંડી ગરમીનું દુઃખ જે થતું હોય છે તેને આપના સિવાય કોણ સહન કરે ? ૧૦૦-૧૦૧. મારા વીરના સુકોમળ ચરણમાં કાંટા, કાંકરા અને ડાભ જેવા ઘાસના તીખા અંકૂરો ખૂંચતા હશે. ૧૦૨. જ્યારે આપને ભૂખ લાગશે ત્યારે ખાવાનું કોણ પૂછશે ? તાત ! આવો, આપણે સાથે જમીએ. સુધારેલી તરકારી પણ છે. ૧૦૩. આપનું બાલકિશોર અવસ્થાનું મનોહર કોમળ રૂપ છે. તે વનમાં તપીને શ્યામ થઈ જશે અને ઊડતી ધૂળથી ભૂખરું થઈ જશે. ૧૦૪.

ભયંકર ઘાટા વનની અંદર મોટા ઝાડ હશે, અનેક જાતના પહાડો પણ હશે. પહાડમાંથી ઝરણા ઝરતા હશે અને એકદમ શૂન્ય જેવા ઘેરા અંધારિયા સ્થાન પણ હશે. ૧૦૫. આવા ભયંકર વનમાં આપ સજ્જન છો એટલે ડરશો. હે તાત ! તમે ઘેર પાછા આવો. તમે તો મારા પ્રાણ જેવા છો.” ૧૦૬.

ऐसे करत विलाप, भौजी अरु भ्रात ज्युं ॥
कवन सुने दे कान, पहुंचे वन नाथ ज्युं ॥१०७॥

कुल कुटुंब परिवार, के हारे रुदन करी ॥
न व्यापा उर मोह के, निरमोही कां जरी ॥१०८॥

मनहुं भ्रात मात तात, नांहि हते स्वपनमां ॥
ऐसे दिन विसारी, बैराग्य तिव्र तनमां ॥१०९॥

पुनि बोले ज्येष्ठ बंधु, धरत नाहीं धीर ज्युं ॥
हे हरिकृष्ण क्रिपाल, प्रान मम वीर ज्युं ॥११०॥

छंद सावनी :

नेह निभावन नाथजी, धर्मकुंवर घनश्याम ॥
कवन देशमें गवन कियो, बिन पूछे सुखधाम ॥१११॥

यह दुःख छेदत करेजवां, कांसुं कहुं अब बात ॥

ઉપર કહ્યા પ્રમાણે ભાભી સુવાસિનીબાઈ અને મોટાભાઈ રામપ્રતાપજી વિલાપ કરતા હતા. પરંતુ નાથ ઘનશ્યામ તો જ્યારે વનમાં પહોંચી ગયા હતા ત્યારે આવા વિલાપને કાન દઈને કોણ સાંભળે. ૧૦૭. આ રીતે બધું કુળ, કુટુંબ અને પરિવારના મનુષ્યો રડી રડીને હારી ગયા. છતાં નિર્મોહી આવા બાળપ્રભુ શ્રીહરિને દિલમાં થોડો પણ મોહ થયો નહિ. ૧૦૮. માનો, તેમને માતા, પિતા કે ભાઈઓ, કોઈ સ્વપ્નમાં પણ હતા નહિ. એ બધાને તેઓ ભૂલી ગયા હતા. કારણ કે પોતાને તીવ્ર વૈરાગ્ય હતો. ૧૦૯. વળી, ફરીને જ્યારે ધીરજ ન રહી ત્યારે મોટાભાઈ રામપ્રતાપજી બોલ્યા, “હે હરિકૃષ્ણ ! કૃપાળુ ! મારા પ્રાણ જેવા પ્યારા ભાઈ ! ૧૧૦. હે નાથ ! અમારી સાથે સ્નેહને નભાવો. ધર્મકુમાર ઘનશ્યામ ! હે સુખધામ ! આપ વગર પૂછ્યે કયા દેશમાં ચાલ્યા ગયા ? ૧૧૧. હે મારા તાત ! આ તમારા વિયોગનું દુઃખ મારા કાળજાને કાપી રહ્યું છે. હવે હું આ દુઃખની વાત કોને કહું ? મારા પાપી

पापी प्रान नीकसत नहीं, तुम बीना मोरे तात ॥११२॥

तात तुम का हेरन, कवन बन प्रति जाउ ॥
खबर विना मोरे प्रान ज्युं, कवन देश वन गाउ ॥११३॥

के सुफल जन्म तब जानीहुं, वदन देखाओगे नाथ ॥
भाग्य पूरन तब मानीहुं, मिलि हो भरी भुज बाथ ॥११४॥

हे हरिकृष्ण कृपानिधि, करुना तनी उर आनी ॥
सुंदर वदन देखाइये, हमकुं जन अपने जानी ॥११५॥

जहां होउ तहांसु क्रिपा करी, जलदी आइये घर ॥
करुना सुनी निज भ्रातकी, धर्मात्मज सुंदर वर ॥११६॥

बिरद विच्यारी प्रभु अपना, जेही हित लीन अवतार ॥
रक्षा करन मात तातकी, धर्मकुल परिवार ॥११७॥

दिन दुःख बहु राक्षस, तब तब कीनी सहाय ॥

પ્રાણ તમારા વિના નીકળતા નથી. ૧૧૨. હે તાત ! આપને દેખવા માટે હું કયા વનમાં જાઉં. મારા પ્રાણ જેવા આપ ખબર વિના કયા દેશ અને કયા વનમાં જતા રહ્યા છો ? ૧૧૩. હે નાથ ! જ્યારે આપ મને આપનું મુખ દેખાડશો ત્યારે હું મારા જન્મને સફળ માનીશ. જ્યારે મને ભુજાઓથી બાથ ભરીને મળશો ત્યારે હું પોતાને પૂર્ણ ભાગ્ય માનીશ. ૧૧૪. હે હરિકૃષ્ણ ! હે કૃપાનિધિ ! દિલમાં થોડી દયા લાવીને અમને પોતાના જાણીને આપનું સુંદર મુખ બતાવો. ૧૧૫. હે ધર્મપુત્ર ! સુંદરવર ! પોતાના ભાઈની કરુણાજનક સ્થિતિ સાંભળીને આપ જ્યાં હોવ ત્યાંથી કૃપા કરીને જલદી ઘેર આવો. ૧૧૬.

આપે જેને માટે અવતાર લીધો હતો કે માતા, પિતા તથા ધર્મકુળ રૂપ પરિવારની રક્ષા કરવી, તે આપના બિરુદને વિચારો. ૧૧૭. જ્યારે રાક્ષસોએ માતા પિતાને ખૂબ દુઃખ દીધું ત્યારે આપે સહાય કરી હતી. વળી, હે નાથ ! અત્રિના પુત્ર દુર્વાસાના શાપથી પણ આપે તેમને બચાવી

अत्रि सुतके शापसुं, लीने नाथ बचाय ॥११८॥
द्रौनी शाप निवारेउ, टारेउ दुःख अपार ॥
अब क्युं विसारी अनाथकुं, गये धर्मकुमार ॥११९॥
कुल कुटुंब लोक नगरके, हमकुं करत धिकार ॥
बालक बंधु बिहायके, रहे सदन मोझार ॥१२०॥
जो तुम होउ जेही देशमां, पठइयो पत्र एक बेरी ॥
क्षेमकुशल लिखि पत्रमां, नाथ ना करियो देरी ॥१२१॥
तब होई हे सुखचेन ज्युं, नाथ मरीहुं बीन मोत ॥
बूडे हे शोक समुद्रमें, होउ प्रान कर पोत ॥१२२॥
सुनी प्रार्थना ऋषिनकी, प्रगटे धर्मकुल धीर ॥
रक्षा करन द्विज संतकी, असुर संहारन वीर ॥१२३॥

લીધા હતા. ૧૧૮. વળી, દ્રોણ પુત્ર અશ્વત્થામાના શાપના અપાર દુઃખને પણ આપે ટાળ્યું છે. તો હે ધર્મકુમાર ! હવે તમે તે બધું ભૂલી જઈ અમને અનાથ કરીને ક્યાં ચાલ્યા ગયા ? ૧૧૯. અરે, અત્યારે મને કુળ, કુટુંબ તથા શહેરના બધા લોકો ધિક્કારે છે અને એમ બોલે છે કે નાના બાળક ભાઈને જતો કરીને તું ઘરમાં કેમ રહી શકે છે ? ૧૨૦. આપ જે કોઈ પણ દેશમાં હોવ ત્યાંથી એકવાર તો પત્ર લખો. હે નાથ ! વિલંબ ન કરશો. પત્રમાં પોતાના ક્ષેમ કુશળ લખજો. ૧૨૧. આપનો પત્ર મળશે ત્યારે મને સુખ શાંતિ થશે. હે નાથ ! હું વગર મોતે મરી રહ્યો છું. શોકના સાગરમાં ડૂબ્યો છું. તમે મારા પ્રાણના આધારભૂત નૌકા બનો. ૧૨૨. આપ ઋષિઓની પ્રાર્થના સાંભળી ત્યારે વિપ્રો અને સંતોની રક્ષા કરવા તથા અસુરોનો સંહાર કરવાને માટે ધીર વીરનાં રૂપમાં ધર્મકુળમાં પ્રગટ થયા. ૧૨૩. ધર્મકુળના રાજા તથા મારા વીર ભાઈ પોતાના પોષ્ય વર્ગની વિનંતિને સાંભળીને સુખનિધિ તથા સુખરૂપ એવા આપના મુખનાં દર્શનરૂપી અમૃતરસ અમને પાઓ. ૧૨૪. હે મારા પ્યારા

सुनी बिनती निज पोष्यकी, वीर धर्मकुल भूप ॥
वदन सुधारस पाईये, सुखनिधि सुखरूप ॥१२४॥
हे वल्लभ हरिकृष्ण ज्युं, तव पद पद्म रुचिर ॥
कमला भुवन सुखरूप हे, कब देखावोंगे बीर ॥१२५॥
तव पद महिमा कहां वरनवुं, पार न पावत शेष ॥
निगमागम नेति कहे, जानत अक्षर लेश ॥१२६॥
कालीय विषधर गंजन, रंजन मुनिवर मराल ॥
तृन चर अनुग सुर पूजित, तव पद अनुज क्रिपाल ॥१२७॥
तव पद नख प्रक्षालन करी, सुर सरि परम पुनित ॥
शिव ब्रह्मा सुर वंदित, मज्जही महामुनि नित ॥१२८॥
हरत सकल जन कल्मष, जह्नु सुता अभिराम ॥

હરિકૃષ્ણ ! આપના ચરણ કમળ ઘણા સુંદર છે. અને તે લક્ષ્મીના નિવાસભૂત સુખરૂપ છે, તો હે વીર ! તેનાં દર્શન મને ક્યારે કરાવશો ? ૧૨૫.

આપના ચરણના મહિમાને હું શું વર્ણવું ? તેના પારને તો શેષ પણ પામી શકતા નથી. આપના મહિમાને નિગમો અને આગમો પણ નેતિ નેતિ કહે છે. તે આપના મહિમાને અક્ષર તો લેશ માત્ર જ જાણે છે. ૧૨૬. હે કૃપાળુ ! મારા નાનાભાઈ ! આપના ચરણોએ ભયંકર ઝેરીલા કાલીયનાગનો ગર્વ ઉતાર્યો હતો અને હંસોના જેવા મુનિજનોને ખુશી કર્યા હતા. જે ચરણોથી આપ ગાયોની પાછળ ચાલતા હતા તે આપના ચરણને દેવતાઓ પણ પૂજે છે. ૧૨૭.

હે પ્રભુ ! આપના ચરણનાં નખને ધોવાથી દેવ નદી ગંગા પરમ પવિત્ર થઈ છે. એટલે શિવ અને બ્રહ્મા જેવા દેવતાઓ તેને નમે છે અને તે ગંગામાં મોટા મુનિઓ રોજ સ્નાન કરે છે. ૧૨૮. રમણીય જહ્નુની પુત્રી ગંગા સર્વ મનુષ્યોના પાપને હરે છે. ભૂમિ ઉપર તેની વિશુદ્ધ તથા પરમ પવિત્ર કરનારી કીર્તિ છે. ૧૨૯. વળી, આપના પાવનકારી

विशुद्ध कीरति वसुधा विशे, परम पावन नाम ॥१२९॥
तव पदरज पावन करी, अतही कुटिल अघकारी ॥
पथर मिटि पावन भई, नव जोबन द्विज नारी ॥१३०॥
तव पद प्रगट प्रतापसुं, भानु सुता अघहारी ॥
विबुद्ध वंदित जन तारनी, यमुना मंगलकारी ॥१३१॥
तव पद अहोनिश लालित, सिंधु सुता करी प्यार ॥
सो पद भ्रमत हे बन बन, यह मोय दुःख अपार ॥१३२॥
ऐसे वदत बंधु हरिकर, रामप्रताप इच्छाराम ॥
स्नेह बहु निलकंठ महि, बिसरत नाहीं घनशाम ॥१३३॥
हे बंधु हे हरिकृष्ण ज्युं, पुष्कर इक्षन नेन ॥
मधुर बचनसुं बोलाय के, कब करी हो सुख चेन ॥१३४॥
कठिन भूमि बन बीकटमां, बिचरत तापस रूप ॥

ચરણોની રજ અતિશય કુટીલ પાપને હરનારી છે. એ ચરણરજથી દ્વિજ ગૌત્તમની પત્ની પથ્થર મટીને નવયુવતી નારી બની હતી. ૧૩૦. આપના ચરણના પ્રગટ પ્રતાપથી સૂર્ય પુત્રી યમુના પાપને નાશ કરનારી, મંગળકારી, લોકોનો ઉદ્ધાર કરનારી અને દેવતાઓ દ્વારાએ પણ વંદ્ય બની છે. ૧૩૧. આપના ચરણને રાત દિવસ ઘણા પ્રેમથી સમુદ્ર પુત્રી લક્ષ્મીજી સેવી રહ્યા છે. તે આટલા મહાન ઉત્તમ આપના ચરણ છે તે વન વન પ્રતિ ભમતા રહે છે, તે જ અમને મોટું દુઃખ છે.” ૧૩૨.

ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિના બંધુ શ્રીરામપ્રતાપજી તથા શ્રીઈચ્છારામજી બોલતા હતા. તે બંનેને શ્રીઘનશ્યામ નીલકંઠ પ્રભુમાં ઘણું હેત હતું, તેથી તે ભૂલતા નહિ. ૧૩૩. “હે બંધુ ! હે હરિકૃષ્ણ ! હે કમળનેત્ર ! આપ મધુર વચનોથી અમને બોલાવીને અમને સુખ તથા શાંતિ ક્યારે કરશો ? ૧૩૪. આપ ભયંકર વનમાં ગયા છો. ત્યાંની ભૂમિ કઠણ હોય છે. તપસ્વીનાં રૂપમાં જ્યારે વિચરતા હોવ છો ત્યારે આ ભૂમિ તપીને એકદમ બળતી હોય છે અને ત્યારે આપને ઘણો તાપ લાગતો હશે.

तपत तरनि धरनी जरे, लागत होई हे धूप ॥१३५॥
यह दुःख छेदत कलेजवां, कैसे सहन करुं तात ॥
मोरे कारन कहां संचिया, यह दुःखबिधि कीनी घात ॥१३६॥
कपट करी हमकुं छेतरी, किनो त्याग अचान ॥
यह दुःख छेदत छीनछीन, उरमें रूप निधान ॥१३७॥
प्रहसित प्रेम विक्षन, प्रपन पीर हरन ॥
मंगल करन मधुर गीरा, कब सुनेंगे जीवन ॥१३८॥
अटन करोगे बन बिषे, नलिन चरन महीनाथ ॥
कुश अंकुर कंकर कंटक, पीरत होई हे भ्रात ॥१३९॥
अस विचारी मोरे चित्त विशे, होत हे कष्ट अपार ॥
अहोनिश खटकत रहत हे, मनुहु बज्र प्रहार ॥१४०॥
भस्म भूषित वक्र कुंतल, आव्रित बदन सुचंद ॥

---

૧૩૫. હે તાત ! ઉપર કહેલું દુઃખ જ મારા કાળજાને કાપી રહ્યું છે. આ દુઃખને હું કેમ સહન કરું ? મને દુઃખ દેવા માટે આ દુઃખ આપે ક્યાં સંઘરી રાખ્યું હતું ? કે જે સંઘરેલા દુઃખનો બ્રહ્માએ આ રીતે મારા ઉપર ઘાત કર્યો છે. ૧૩૬.

હે રૂપનિધિ ! આપે અમને કપટથી છેતર્યા છે અને અચાનક જ અમારો ત્યાગ કર્યો છે. આ આવેલું દુઃખ અમારાં દિલને ક્ષણે ક્ષણે વારે વારે કાપી રહ્યું છે. ૧૩૭. હસતું પ્રેમપૂર્વકનું જોવું તથા શરણાગતની પીડાને હરનાર આવું મંગળકારી મધુર અને જીવનરૂપ આપનું વચન, તેને અમે ક્યારે સાંભળશું ? ૧૩૮. હે ભાઈ ! હે ભૂમિપતિ ! કમળના સમાન સુકોમળ ચરણોથી આપ વનમાં ચાલશો ત્યારે ડાભના અંકુર, કાંકરા અને કાંટા આપને પીડા કરશે. ૧૩૯. આવો જ્યારે મારા મનમાં વિચાર આવે છે ત્યારે મને ઘણું દુઃખ થાય છે. તે દુઃખ મને અહોનિશ ખટકતું રહે છે. માનો, તે વજ્રના પ્રહાર જેવું લાગે છે. ૧૪૦. ભસ્મ ચોળેલાં, વાંકડિયા વાળથી ઘેરાયેલાં, ચંદ્રના સમાન પ્રસન્ન, એવાં

कब देखेंगे इन नेननी, मेटन महा दुःख द्वंद ॥१४१॥
वृषकुल नलिन दिनेश ज्युं, वृषकुल जीवन प्रान ॥
वृषकुल वर्म हरिकृष्ण ज्युं, वृषकुल लोचन भान ॥१४२॥
वृषकुल पालन प्रगटेउ, वृषकुल करन बिख्यात ॥
वृषकुल कीर्ति विवर्द्धन, अक्षरपति मोरे भ्रात ॥१४३॥
बहुत भई वृषनंदन, पलक कलप सम जात ॥
तुम बीन भावत न भोजन, नींद न आवत रात ॥१४४॥
बिरहानल जारत तन, प्रान करन परियान ॥
यह जीवत ते मरन वर, बिन बंधु भगवान ॥१४५॥
चेन न परत हे दिनभर, रेन जात दुःख रूप ॥
नीर न सूकत नेननी, तुम बिन वृषकुल भूप ॥१४६॥

આપનાં મુખને આ મારી આંખોથી હું ક્યારે દેખીશ ? જે અમારાં મહાદુઃખો અને દ્વંદ્વોને ટાળનારું છે. ૧૪૧. આપ ધર્મકુળરૂપી કમળને વિકસાવનારા સૂર્ય જેવા છો. વળી, ધર્મકુળના જીવનપ્રાણ છો. આપ હરિકૃષ્ણ ધર્મકુળનું રક્ષા કવચ છો અને ધર્મકુળની આંખોને માટે સૂર્ય જેવા છો. ૧૪૨.

હે અક્ષરાધિપતિ મારા ભાઈ ! આપ ધર્મકુળનું પાલન કરવા તથા ધર્મકુળને પ્રસિદ્ધ કરવા માટે પ્રગટ્યા છો. આપ તો ધર્મકુળની કીર્તિને વધારનારા છો. ૧૪૩. હે વૃષનંદન ! હવે તો બહુ થઈ છે. એકપળ જેટલો સમય કલ્પ જેવો જણાય છે. આપના સિવાય અમને ભોજન ભાવતું નથી અને રાતે ઊંઘ પણ આવતી નથી. ૧૪૪.

હે દીનબંધુ ભગવન્ ! વિરહના અગ્નિથી શરીર બળી રહ્યું છે અને શરીરમાંથી નીકળવા માટે પ્રાણ પ્રયાણ કરી રહ્યા છે. મને તો એમ લાગે છે કે આવી જિંદગી કરતા તો મરવું એ ઉત્તમ છે. ૧૪૫. હે વૃષકુળ ભૂપ ! આપના વિના દિવસભર મને ક્યાંય ચેન પડતું નથી. રાત તો

दुःख दावानल दहत हे, तन बन तृन रोमराजी ॥
प्रान पंछी भयो ब्याकुल, कीजे आये इलाजी ॥१४७॥
सोतो भये अब दुर्लभ, रई हे कवन बिधि प्रान ॥
भये भोग सब बिख सम, तुम बीन रूप निधान ॥१४८॥
इन्दु किरन कन अनलकर, चंदन गरल सुं पंक ॥
मलय मारुत उग्र श्वास ज्युं, जीवत भयो हे कलंक ॥१४९॥
पुनि बोलत बिरहातुर, भौजी सुवासिनी नाम ॥
कवन चुक हम कां तजी गये, प्यारे पूरन काम ॥१५०॥
निरखत रहे हम रेनदिना, स्नेह सहि शशी मुख ॥
यह सुख बैरी छीन लीन, बिधना दीना दुःख ॥१५१॥
कुंतल कुटील सुं आव्रीत, श्री मुख चंद्र सुचारु ॥

દુઃખરૂપ જ જાય છે અને આંખમાંથી આંસુ સુકાતા નથી. ૧૪૬. દુઃખનો દાવાનળ મારા શરીરરૂપી વનને અને રૂવાડાંરૂપી ઘાસને બાળી રહ્યો છે. મારા પ્રાણરૂપી પંખી વ્યાકૂળ થઈ રહ્યો છે તો આવા સમયે આવી તેને કાંઈક સુખ થાય તેવો ઈલાજ કરો. ૧૪૭. હે રૂપનિધિ ભાઈ ! આપના વિના મને અત્યારે તે બધું દુર્લભ લાગે છે. મારા પ્રાણ કઈ રીતે રહ્યા હશે ? બધા ભોગ તો મને અત્યારે ઝેરરૂપ લાગે છે. ૧૪૮. ચંદ્રમાના કિરણો આગના અંગાર જેવા લાગે છે. ઘસેલું ચંદન ઝેરના જેવું લાગે છે અને મલયાચલનો પવન પણ મને તીવ્ર લાગે છે અને મારું જીવન મારે માટે કલંકરૂપ બન્યું છે.” ૧૪૯.

વળી, ભાભી સુવાસિનીબાઈ એકદમ વિરહથી વિહ્વળ થઈ ગયા હતા, તે બોલવા લાગ્યા કે “હે પીયુ પૂર્ણકામ ! અમારી શી ભૂલ છે ? કે જે આપ અમને છોડીને ચાલ્યા ગયા. ૧૫૦. અમે ઘણા સ્નેહથી ચંદ્રના સમાન સુંદર પ્રસન્ન મુખને રાત દિવસ નીરખી રહ્યા હતા. પણ અમારા વૈરી વિધાતાએ અમારું બધું સુખ છીનવી લીધું છે અને અપાર

निरखत रहे हम एक टक, लोचन पलक निवारु ॥१५२॥
कीन बिघन बिधना शठ, पलक परन की रीत ॥
श्रीमुख निरखत बीचमें, कीनी पलक बिपरीत ॥१५३॥
मगन रहे सुख सिंधुमें, पियत सुधा तजी मोह ॥
सो सुख देखी शक्यो नहीं, बिधना कीन बिछोह ॥१५४॥
हे हरिकृष्ण क्रिपानिधि, मम क्रत दोष बिसारी ॥
दीजे दरश हम दीनकुं, नाथ दया दिल धारी ॥१५५॥
खटकत बाल बिनोद हरि, तब ना रहत उर चेन ॥
चंचल चित्तवनी बोलनी, बिसरत नहीं दिन रेन ॥१५६॥
एक दिना तुम सुख निधि, मांगा भोजन आई ॥

દુઃખ આપ્યું છે. ૧૫૧. વાંકડિયા વાળથી ઘેરાયેલાં ઘનશ્યામ શ્રીહરિનાં મુખ ચંદ્રને અમે એકીટશે જોઈ રહેતા હતા. તે નીરખતી વખતે અમે અમારા આંખના પલકારાને પણ ટાળી દેતા હતા. ૧૫૨. શઠ વિધાતાએ પણ દર્શન કરતી વખતે વચ્ચે જે આંખની પાંપણોની પલક પડે છે, તેં શ્રીમુખનાં દર્શન કરવામાં વિઘ્ન કર્યું છે. તેં અમારી રુચિથી વિપરીત પલકો કરી છે. અમે દુનિયાના મોહનો ત્યાગ કરી સુખના સાગરમાં નિમગ્ન રહીને ઘનશ્યામ શ્રીહરિનાં મુખરૂપી સુધાનું પાન કરતા હતા. બ્રહ્મા અમારા તે સુખને દેખી ન શક્યા અને તેથી જ તેણે અમને વિયોગ કરાવ્યો છે. ૧૫૩-૧૫૪.

હે હરિકૃષ્ણ ! હે કૃપાનિધિ ! મારા દોષને આપ ભૂલી જાઓ. હે નાથ ! આપ દિલમાં દયા લાવીને દીન એવા અમને દર્શન આપો. ૧૫૫. હે હરિ ! જ્યારે આપનો બચપણનો વિનોદ સાંભરે છે ત્યારે દિલમાં બહુ ખટકે છે. અમારાં દિલમાં ક્યાંય ચેન પડતું નથી. ચંચળ નેત્રથી આપનું દેખવું અને સુંદર બોલવું, તે રાત દિવસ ભુલાતું નથી. ૧૫૬.

तब मे कहा भैया रहो छीन, देउ तुरत बनाई ॥१५७॥

तब तुम चले रिसायके, गये हलवाई की दुकान ॥
मुंदरी दीन मिठाई लीन, जेए रूप निधान ॥१५८॥

जब तुम जात कुस्ती शिखन, तब मग चितबती बीर ॥
जब आवत तब करतीयुं, भोजन उष्ण रुचिर ॥१५९॥

अनंत चरित्र ऐसे रावरे, लरीकाई के क्रिपाल ॥
सो मोहे खटकत बान ज्युं, मुसकनी गजगति चाल ॥१६०॥

हरि तव बंधु अनुज ज्येष्ठ, तुम कारन झूर झूर ॥
रहे हे अस्थि प्रान मातर, बिरह बिथा चकचुर ॥१६१॥

तन तोला भर ना रया, मांसा भर नाई मांस ॥

હે સુખનિધિ ! આપે એક દિવસ આવીને મારી પાસે ભોજન માંગ્યું. ત્યારે મેં કહ્યું, 'ભાઈ ! થોડી ક્ષણ રોકાઓ. હું તરત ભોજન બનાવી દઉં છું.' ૧૫૭. ત્યારે આપ રિસાઈને ચાલતા થયા અને મીઠાઈવાળાની દુકાને ગયા. ત્યાં અંગૂઠી આપીને મીઠાઈ લીધી. પછી રૂપના નિધિ એવા આપ તે મીઠાઈ જમ્યા. ૧૫૮.

જ્યારે આપ કુસ્તી શીખવા જતા હતા ત્યારે હું તમારા માર્ગની સામે રાહથી દેખતી હતી. જ્યારે આપ આવતા ત્યારે મારું તાજું બનાવેલું ગરમ ગરમ ભોજન કરતા હતા. ૧૫૯. હે કૃપાળુ ! આપના બચપણના આવા તો અનંત ચરિત્રો છે. એ બધા ચરિત્ર મારાં દિલમાં બાણની જેમ ખટકે છે. વળી, મધુર હાસ્ય અને ગજગતિની ચાલ તે તો બહુ ખટકે છે. ૧૬૦.

હે હરિ ! આપના નાના અને મોટા બંને ભાઈઓ તમારા વિરહમાં જ ઝૂરી રહ્યા છે. તેનાં શરીરમાં કેવળ હાડ અને પ્રાણ રહ્યા છે. તેઓ વિરહની વ્યથાથી ચકચૂર થઈ ગયા છે. ૧૬૧. અત્યારે તેમનાં શરીર તોલાના માપથી ગણાય તેટલા રહ્યા છે. અને શરીરમાં માંસ તો માસા

रतिये रंगत तन ना रहा, रहा हे प्रान पुनि सांस ॥१६२॥
असन बसन सब तुम बीना, हो गवा गरल समान ॥
लोक भोग सुख परहरि, करत हे तव पद ध्यान ॥१६३॥
तुम हरि बन महीं बिचरत, तजी पादुका पदत्रान ॥
सूवत भूंइया जेंवत फल, सो खटकत मानु बान ॥१६४॥
अनुज बंधु हरि ईश्वर, सो बन सहत बिपत ॥
अस बिचारी बंधु उभयउ, लीन प्रतिज्ञा तुरत ॥१६५॥
बिन बंधु हम ना सूवत, सुंदर सेज बिछाई ॥
हम ना करब तन मर्दन, चंदन अत्तर लगाई ॥१६६॥
तन शोभा बसन भूखन, कीना सबही त्याग ॥
सूवत धरनी धर्मसुत, बंधु तब अनुराग ॥१६७॥

જેટલું રહ્યું છે. રુધિર તો રતિમાત્ર રહ્યું નથી. અત્યારે શરીરમાં તો માત્ર શ્વાસ ચાલતો હોય તેટલા જ પ્રાણ રહ્યા છે. ૧૬૨. બંને ભાઈઓને આપના વિના વસ્ત્ર કે ભોજન ઝેર સમાન લાગે છે. અત્યારે તો તેઓ બંને લોક, ભોગ, સુખનો ત્યાગ કરીને કેવળ આપના ચરણનું જ ધ્યાન કરે છે. ૧૬૩.

હે હરિ ! તમે પગરખા કે ચાખડીઓનો ત્યાગ કરીને વનમાં વિચરો છો. જમીન પર સૂઈ રહો છો અને જંગલી ફળ ખાઓ છો. આ બધું મને હૃદયમાં ખૂંતેલા બાણની જેમ ખટકે છે. ૧૬૪.

હે સમર્થ હરિ ! નાના ભાઈ વનમાં કષ્ટ સહન કરે છે, આવું વિચારીને મોટા ભાઈ તથા નાના ભાઈએ પણ તરત જ પ્રતિજ્ઞા કરી લીધી છે. ૧૬૫. જ્યાં સુધી અમારા ભાઈ ઘનશ્યામ ન મળે ત્યાં સુધી અમે સારી પાથરેલી પથારી ઉપર સૂઈશું નહિ, અંગ ચોળીને ક્યારેય સ્નાન કરશું નહિ, તેમ જ શરીર પર અત્તર કે ચંદન જેવા સુગંધી પદાર્થો લગાડશું નહિ. ૧૬૬.

सरस सुमन कर भूखन, मालती मल्लिका आदि ॥
श्वेत चंवर छत्र मुकरसुं, उपजावत तन व्याधि ॥१६८॥

तब बिरहानल प्रगटउ, कीना छार तन जारी ॥
रातदिना चिता जरत हे, चिंता रूप मुरारी ॥१६९॥

भैया तुमार अस दुःखमें, बूडी रहे भरपूर ॥
रसना रटत तव नामकुं, तजी मान रिपु दूर ॥१७०॥

तव बंधु कर यह गति, तुम गये बनमें क्रिपाल ॥
मो पापिनीकर कहुं अब, सुनियो हाल हवाल ॥१७१॥

कहा दुःख मुख ते कहुं अब, दुःखकर वार न पार ॥
जानत बिरह बियोगनी, कुछ एक व्रज की नार ॥१७२॥

के जानत दुःख जानुकी, के राधा रस रासी ॥

હે ધર્મપુત્ર ! આપના ભાઈઓએ આપને વિષે હેત હોવાથી શરીરનાં બધા શોભાદાર વસ્ત્ર તથા ઘરેણાંઓનો ત્યાગ કર્યો છે અને જમીન ઉપર સૂઈ રહે છે. ૧૬૭. આપના વિના માલતી કે મલ્લિકા આદિ સારા ફૂલના ઘરેણાં, શ્વેત છત્ર, ચામર અને દર્પણ વગેરે શરીરમાં પીડા પેદા કરે છે. ૧૬૮. હે મુરારી ! પ્રગટ થયેલા આપના વિરહના અગ્નિએ શરીરને બાળીને ખાખ કરી નાખી છે. અમારા ચિત્તમાં રાત દિવસ ચિંતારૂપી ચિતા સળગેલી રહે છે. ૧૬૯. આપના મોટાભાઈ ઉપર કહ્યા મુજબનાં દુઃખમાં ભરપૂર ડૂબ્યા રહે છે. માનરૂપી શત્રુને દૂરથી તજી દઈને જીભથી આપનાં નામનું રટણ કરે છે. ૧૭૦. હે કૃપાળુ ! આપના વનમાં જવાથી આપના બંધુઓની જે ગતિ થઈ છે તે મેં કહી.

હવે હું જે પાપિણી છું, તે મારા હાલ હવાલને સાંભળો. ૧૭૧. **હું મારાં દુઃખને મારે મોઢે હવે શું કહું ? મારાં દુઃખનો તો કોઈ પાર નથી. વિરહની વેદનાને તો વિયોગ સહન કરી ચૂકેલી વ્રજની રાધિકા જેવી એક સ્ત્રી જ સમજી શકે છે. ૧૭૨. અથવા તો રાધાજીના પ્રેમરસ**

पाई परम दुःख सुंदरी, तुब बिन हरि अविनासी ॥१७३॥
तिनका दिन दुःख निरदई, दया उर उपजी ना लेश ॥
मोर बिपतका शुं कहुं, बसे तुम जाई बिदेश ॥१७४॥
हरि तव बिरह बिथा मही, ब्याकुल मोर भरतार ॥
देउरा रोवत रातदिन, तुम कारन कीरतार ॥१७५॥
तिनकर दुःख मोहे दुगुना, सहस्र गुना हे तुमार ॥
मो दुःखनीकर दुःखका, नाहीं वार न पार ॥१७६॥
सुधी नाई कोउ काउकी, भुवन भया हे मसान ॥
तन सुखाय भया पिंजरा, निकसत नाहींन प्रान ॥१७७॥
दुःखकर मेरु तूटी परा, अवनी देत न माग ॥

જેવો જેને પ્રેમ હતો એવા જાનકીજી વિરહનાં દુઃખને જાણી શકે છે. હે અવિનાશી ! તે બંને સુંદરી આપના વિયોગનું ઘણું દુઃખ પામી હતી તેમ હે શ્રીહરિ ! અમે આપના વિયોગથી દુઃખી છીએ. ૧૭૩. તે બંનેને આપે નિર્દયપણે દુઃખ દીધું હતું. આપનાં દિલમાં લેશમાત્ર પણ દયા ઊપજી ન હતી. હવે મારી વિપત્તિની વાત તો હું શું કહું ? કેમ જે, આપ દૂર દેશ જઈને વસ્યા છો. ૧૭૪.

હે સર્વ કર્તા હરિ ! આપના વિરહની વ્યથાથી મારા પતિ અતિશય વ્યાકુળ છે. તે જ રીતે આપને કારણે મારા દિયર પણ રાત દિવસ રડી રહ્યા છે. ૧૭૫. તે બંનેને દેખીને મને બમણું દુઃખ થાય છે અને આપને સંભારીને તો હજારગણું દુઃખ થાય છે. મારા જેવી દુઃખણી સ્ત્રીનાં દુઃખનો કોઈ પાર આવતો નથી. ૧૭૬. કોઈને એકબીજાની સૂધ રહી નથી. અમારું ઘર તો સ્મશાન જેવું થઈ ગયું છે. શરીર સૂકાઈને હાંડપીંજર થઈ ગયા છે, છતાં પ્રાણ તેમાંથી નીકળતા નથી. ૧૭૭. **આજે અમારા ઉપર દુઃખનો મેરું તૂટી પડ્યો છે. અમને અત્યારે જમીન પણ માગ દેતી નથી. અમારાં દિલમાં કેવળ આપનાં દર્શનની જ લાલસા રહે છે. અને**

तव दरशन कर लालसा, करत न प्रान तन त्याग ॥१७८॥

अस हमार दुःख जानीके, सदय होउ सुखपूर ॥
अंतरजामी आवन की, अब तो कीजे जरूर ॥१७९॥

बहुत भई थोरी नहीं, सो सब जानत ईश ॥
हम मरीहुं पीछे आईके, कहा करी हो जगदीश ॥१८०॥

हे सनेही सुधी लिये, जानी सुहृद निज दास ॥
दरश सुधा प्रभु सिंचीके, हरउ सकल तन त्रास ॥१८१॥

सोरठा : यह बिधि बिनय बिलाप, करत सुवासनी सुमरी हरि ॥
मेटन दुःख संताप, दरशन अति अभिलाष मन ॥१८२॥

एतावत ही अलंग, हरि बियोग बिलाप कर ॥
अब आगे प्रसंग, बरनुं हरि बन गवन कर ॥१८३॥

તેથી જ પ્રાણ શરીરનો ત્યાગ કરતા નથી. ૧૭૮. સુખપૂર્ણ હે હરિ ! આવા અમારાં અપાર દુઃખને સમજીને હવે તો દયા કરો. હે અંતર્યામી ! હવે તો આપ આવવાની જરૂર ઈચ્છા કરો. ૧૭૯. અમારા ઉપર બહુ થઈ છે. આ કાંઈ વ્યથા થોડી ન કહેવાય. હે ઈશ ! તમે બધું જાણો છો. અમારા મરણ પછી તમે કદાચ આવો તો હે જગદીશ ! તમે શું કરશો ? ૧૮૦. હે મારા પ્યારા પ્રભુ ! અમારી સૂધ લો. અમને પોતાના સુહૃદ અને દાસ સમજીને દર્શનરૂપી અમૃત અમારા ઉપર સીંચો અને અમારા શરીરના બધા જ ત્રાસને ટાળો." ૧૮૧.

ઉપર કહ્યા પ્રમાણે સુવાસિની બાઈ શ્રીહરિનું સ્મરણ કરીને અત્યંત વિનય સાથે વિલાપ કરતા હતા. તેઓ પોતાના વિયોગના તાપથી થતા દુઃખને ટાળવા ચાહતા હતા અને મનમાં દર્શનની અતિશય અભિલાષા રાખતા હતા. ૧૮૨. શ્રીહરિના વિયોગના વિલાપનાં દુઃખને અલગ રીતે મેં આટલું કહ્યું, હવે આગળ શ્રીહરિએ વનમાં જે ગમન કર્યું તે પ્રસંગનું વર્ણન કરુ છું. ૧૮૩. તે પછી સુખના આશ્રય જેવા કૃપાળુ વર્ણી

दोहा : अब बर्नि श्रीकृष्ण हरि, ऊतरी सरजु ततकाल ॥
उत्तर दिशी प्रति सुखसदन, कीन गवन क्रिपाल ॥१८४॥
ओर काहु कर संग नहीं, एका एकी उदार ॥
प्रेमानंद के उलंघेउ, नग्र रु ग्राम अपार ॥१८५॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते हरिबनगमन बंधुबिलाप बरनन नामा षोडशोऽध्याय: ।।१६।।



अध्याय - १७

सोरठा : चलत चलत बन पंथ, कति एक दिन बितेउ तब ॥
आवा बिकट अत्यंत, हिमाचल गिरिराज तट ॥०१॥

શ્રીહરિકૃષ્ણ પ્રભુ તત્કાળ સરજૂ નદીને ઊતર્યા અને ઉત્તર દિશા તરફ પ્રયાણ કર્યું. ૧૮૪. ઉદાર સ્વભાવના શ્રીહરિ એકલા જ હતા. બીજા કોઈ તેમની સાથે હતા નહિ. પ્રેમાનંદસ્વામી કહે છે કે વર્ણિરાજ શ્રીહરિએ ચાલતા ચાલતા અનેક શહેરો અને ગામોને ઓળંગી દીધા. ૧૮૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિનું વનગમન અને બંધુઓના વિલાપનું વર્ણન કર્યું' એ નામે સોળમો અધ્યાય સમાપ્ત-૧૬



અધ્યાય - ૧૭

હિમાચલ વર્ણન તથા શ્રીહરિ વિચરણ

વનને માર્ગે ચાલેલા શ્રીહરિને રસ્તામાં કેટલાય દિવસ વીત્યા. ત્યાર બાદ અત્યંત વિકટ એવા ગિરિરાજ હિમાચળની તળેટી આવી. ૧.

पहुंचे श्रीघनश्याम, हिमाचल कर छाह मही ॥
आगे चलत अभिराम, आवा आरन्य अति बिकट ॥०२॥

दोहा : दीरघ तरु लता बेली करी, निबिड तम सीकरी घोर ॥
तांहे उलंघी जगतपति, निर्भय धर्म किशोर ॥०३॥

हेम अद्रि छबीकर भुवन, अविलोकी अविनाश ॥
कहुं शाम कहुं अरुन छबी, कहुं श्वेत प्रकाश ॥०४॥

चोपाई :

कहुं हरित कहुं पीत हे रंगा, कहुं सघन तृन अतही उत्तंगा ॥
नाना बरन जुक्त गिरि शोभा, आन पुरुष लिखि उपजत क्षोभा ॥०५॥

गैरीक आदि धातुकर खानी, लिखि लोचन पुलकीत सुखदानी ॥
निर्झरना कर शब्द अनुपा, बोलत पक्षी श्रवन सुखरूपा ॥०६॥

મનોહર એવા શ્રીઘનશ્યામ હિમાલયની તળેટી ભૂમિમાં પહોંચ્યા અને ત્યાંથી આગળ ચાલતા ચાલતા એક અતિશય ભયંકર અરણ્ય આવ્યું. ૨. તે વન ઘણું લાંબું પહોળું હતું અને તેમાં વૃક્ષો અને વેલી ઇત્યાદિકે કરીને ઘણું ઘાટું અને ઘોર અંધારાવાળું સાકડું હતું. જગત્પતિ ધર્મકિશોર શ્રીહરિએ નિર્ભયતાથી તે જંગલને પાર કર્યું. ૩. હિમાલય શોભાનાં ભવન જેવો હતો. અવિનાશીએ બરાબર તેને જોયો. કોઈ જગ્યાએ હિમાલય કાળો હતો તો ક્યાંક લાલ દેખાતો હતો. તો કોઈ જગ્યાએ સફેદ પ્રકાશમાન હતો. ૪. કોઈ જગ્યાએ તેનો રંગ લીલો હતો તો ક્યાંક પીળો હતો. ક્યાંક ઘાટા અતિશય ઊંચા ઘાસવાળો હતો. અનેક રંગવાળા આ હિમાલયની શોભા બીજો કોઈ મનુષ્ય દેખે તો તે જરૂર ક્ષુબ્ધ થઈ જાય છે. ૫. હિમાલયમાં ગેરુ આદિક ધાતુઓની ખાણો હતી. જેને દેખીને આંખો પણ પુલકિત થઈ જાય, એવો તે સુખદાયક હતો. ચારે બાજુથી નીઝરણાના અનુપમ શબ્દ સંભળાતા હતા અને બોલી રહેલા પક્ષીઓથી તે કાનને સુખરૂપ લાગતો હતો. ૬.

बोलत शुक पिक बरहि मेना, सुनत श्रवन हरि उपजत चेना ॥
सारस हंस कुजी स्वनप्लुता, होत मुदित सुनी हरि अच्युता ॥०७॥
जल कुर्कुट कारंड पपीहा, और हि खग रव करत अतिहा ॥
छाय रहा गिरि महि परछंदा, मगन होत सुनी हरि सुखकंदा ॥०८॥
चलेउ बहुरि आगे बर्निन्द्रा, बाल बटुक मनु आये उपेन्द्रा ॥
बहु प्रकार बिटपनि बन छावा, निरखी नाथ अति आनंद पावा ॥०९॥
नवीन नूत वर कदंब बिलोकी, मुदित होत सुंदरवर शोखी ॥
सुरतरु पारिजात कर छाई, बेठत हरि तेही तर जाई ॥१०॥
सोरठा : ताल रु शाल तमाल, निप पुंनाग असोक वर ॥
निरखत छबी वृषबाल, भांति भांतिकर तरु सरस ॥११॥
तनसि फनसि अपार, अस्वत्थ न्यग्रोध प्रथु ॥

પોપટ, કોયલ, મોર અને મેના વગેરે જ્યારે બોલતા હતા ત્યારે તેને સાંભળીને શ્રીહરિનાં દિલમાં શાંતિ થાતી હતી. સારસ, હંસ તથા કુંજ પક્ષીના ઊંચા સ્વરને સાંભળીને અચ્યુત આવા શ્રીહરિ પ્રસન્ન થતા હતા. ૭. જળકૂકડા, બતક, બપૈયો અને બીજા પક્ષીઓ પણ અતિશય અવાજ કરતા હતા. એ બધા ધ્વનિના પડછંદાથી પહાડ છવાઈ ગયો હતો અને તેને સાંભળીને સુખના મૂળભૂત આવા શ્રીહરિ પ્રસન્ન થતા હતા. ૮. વર્ણિરાજ જ્યારે આગળ ચાલ્યા ત્યારે માનો, બાળબટુક વામન આવ્યા હોય તેવા જણાતા હતા. ત્યાં ઘણાં વૃક્ષથી વન છવાઈ ગયેલાં હતાં. તેને જોઈને ભક્તપતિ શ્રીહરિ અતિશય આનંદ પામતા હતા. ૯. નવા વખણાયેલા શ્રેષ્ઠ કદંબ વૃક્ષને જોઈને તેના શોખીન અને સુંદરવર આવા શ્રીહરિ પ્રસન્ન થતા હતા. ત્યાં કલ્પવૃક્ષ અને પારિજાતકના વૃક્ષની છાયા નીચે આવીને શ્રીહરિ બેસતા હતા. ૧૦. તે વનમાં તાલ, શાલ, તમાલવૃક્ષ, નીપ, પુંનાગ અને આસોપાલવ વગેરે જાત જાતનાં સુંદર વૃક્ષની શોભાને ધર્મપુત્ર શ્રીહરિ દેખતા હતા. ૧૧. પરમ સુખના

अविलोकत करी प्यार, धर्मकुंवर सुखकर सदन ॥१२॥

दोहा : कपीथ बिल्व औदंबरी, हररे बहेरि नाम ॥
तिनही बिलोकत दृग भरी, श्रीहरि सुंदर श्याम ॥१३॥
सिसो साग महूवा बहु, नालिकेरी खर्जूर ॥
जेंयत फल नीचे परे, नीलकंठ सुख पूर ॥१४॥

चोपाई :
देवदारु मंदार पुनिता, तिनही बिलोकत हरि अजीता ॥
चिंचि आंवरी जांबु जेही, जेंयत फल बर्नि हसि तेही ॥१५॥
पुगिवृक्ष बदरी बहु भांती, तिनही बिलोकत हरि करी खांती ॥
पिचुमंद बकांनी बबुरा, पुनि पलास धव खदिर प्रचुरा ॥१६॥
टिंबरु करोंदि फल सुखकारी, चलते फल जेंयत ब्रह्मचारी ॥

આશ્રયભૂત ધર્મકુંવર શ્રીહરિ તનસી, ફણસી, પીપળો અને વિશાળ વડલાઓને ઘણા પ્યારથી દેખતા હતા. ૧૨. કોઠી, બીલી, ઉંબરો, હરડે અને બહેડા ઈત્યાદિક વૃક્ષોને સુંદરશ્યામ શ્રીહરિ દૃષ્ટિ ભરીને દેખતા હતા. ૧૩. સીસમ, સાગ, મહુડા, નાળિયેરી અને ખજૂરી જેવા ઘણા વૃક્ષો હતા. સર્વ સુખના પૂર જેવા શ્રીનીલકંઠ પ્રભુ પાકીને નીચે પડેલા તે ફળને ખાતા હતા. ૧૪.

અજિત વર્ણીના રૂપમાં રહેલા શ્રીહરિએ દેવદાર, પવિત્ર મંદાર વૃક્ષને જોયા. તે રીતે જ આંબલી, આમળા અને જાબુંડાના ઝાડને જોયા. પછી હસતા હસતા તેનાં ફળ ખાધા. ૧૫. સોપારીનું વૃક્ષ તેમજ ઘણી જાતના બોરડીના વૃક્ષને શ્રીહરિએ ખંતથી જોયા. બકાન લીમડો, બાવળ, ખાખરો, ધવ અને ખેર, ટીંબરું અને કરમદા, આ પુષ્કળ વૃક્ષોને જોયા અને તેના જે સુખકારી ફળ હોય તેને બ્રહ્મચારી શ્રીહરિએ ચાલતા ચાલતા ખાધાં. જ્યાં મલિયાગર ચંદનના વૃક્ષ હતા તેની શીતળ છાયામાં જઈ શ્રીહરિ પ્રસન્નતા પૂર્વક બેઠા હતા. ૧૬-૧૭. જેના ઉપર મત્ત ભમરાઓ

मलियागर कर शीतल छाई, बैठे हरि तहां मुद पाई ॥१७॥
कीना बिपिन बास मलयसारा, मत्त मधुपगन करत गुंजारा ॥
बांसुर बेत सर सरिता तीरा, प्रफुलित मलय सरस बहे नीरा ॥१८॥
कदली जामफली जंबेरी, मुदित होत हरि हेरि हेरि ॥
पुनि अनार अंजीरी आई, सीताफली श्याम मन भाई ॥१९॥
निंबुवा नारंगी सुखरूपा, जेंयत फल सुरनर मुनि भूपा ॥
खजूर खारकी द्राक्ष आई, नाथ बिलोकी आनंद पाई ॥२०॥
सोरठा : आज्युं हमारे भाग, प्रफूलित लता बेली ललित ॥
अतहि करी अनुराग, होय फलाढ्य नये ज्योरी कर ॥२१॥
अखिल भुवनपति नाथ, तापस तन धरी आये बन ॥
जेयत अपने हाथ, फल हमार होय मुदित मन ॥२२॥

ગુંજારવ કરતા હોય એવા સરસ ચંદનના સુગંધી વનમાં નિવાસ કર્યો. ત્યાં સરોવર તથા નદીને કિનારે વાંસ અને નેતરના વૃક્ષ પણ હતા. ત્યાં પ્રફુલ્લિત ચંદનના વૃક્ષ હતા અને સરસ પાણી વહેતું હતું. ૧૮.

કેળ, જામફળી, લીંબુડી જેવા વૃક્ષોને જોઈને શ્રીહરિ ખુશ થતા હતા. વળી દાડમ, અંજીર અને સીતાફળી તો શ્રીહરિને મનગમતા વૃક્ષ હતા. ૧૯. મોસંબી અને સુખરૂપ નારંગીના ફળને સુરનર મુનિના ભૂપ જેવા શ્રીહરિ જમતા હતા. ખજૂર, ખારેક અને દ્રાક્ષના વૃક્ષ તથા વેલીને જોતા તો નાથ શ્રીહરિ ખૂબ જ આનંદ પામતા હતા. ૨૦.

સુંદર વેલો અને લતાઓ પ્રફુલ્લિત હતી અને તે મનમાં એમ માનતી કે આજે અમારા મોટા ભાગ્ય છે. તેથી જ તે અતિશય પ્રેમ કરીને બે હાથ જોડી તાજા નવા ફળવાળી થઈ ગઈ. ૨૧. તેઓ એમ માનતી હતી કે સર્વ જગતનાં અધિપતિ, સહુના નાથ, એવા ભગવાન તપસ્વીનું શરીર ધારણ કરી વનમાં આવ્યા છે અને પોતાને હાથે જ અમારાં ફળ લઈને જમે તેવી ભાવનાથી તે મનમાં ખૂબ જ પ્રસન્ન થઈ હતી. ૨૨.

दोहा : मुदित बदत बनबेली तरु, ई हम जाना जरुर ॥
होई हे दरस परस करी, तामस तनु अब दूर ॥२३॥
जेंयत हे फल जगतपति, करी करी नेह अपार ॥
द्राक्षा दाडिम आदि दे, नये फलनी भरी भार ॥२४॥

चोपाई :
रुचि रुचि जेंयत फल बहुनामी, होत मुदित अविलोकी स्वामी ॥
जैसे हरिजन प्रेमी अपारा, लावत भरी भरी भोजन थारा ॥२५॥
तेहि बिधि तरु बेली सुखदाई, करत परम हमरी सेवकाई ॥
भाव सहित फल फूल रु छांई, करत सेव अति नेह बढाई ॥२६॥
पुनि आगे चले धर्मकुमारा, निरखत बनछबी बारही बारा ॥
ललित लोंग लता आई आगे, जातिफल तरु अति अनुरागे ॥२७॥

વનની લતાઓ અને વૃક્ષો પ્રસન્ન થઈને બોલતા હતા કે આજે અમે ચોક્કસ સમજી લીધું કે આ શ્રીહરિનાં દર્શન તથા સ્પર્શે કરીને હવે અમારા તમોગુણી શરીર દૂર થશે. ૨૩. જગત્પતિ શ્રીહરિ ઘણું હેત કરીને દ્રાક્ષ તથા દાડમ આદિ ફળને જમતા હતા. કારણ કે તે વૃક્ષ ફળના ભારથી ભરેલા હતા. ૨૪.

બહુનામી અને સ્વામી આવા શ્રીહરિ જેમાં પોતાની રુચિ હોય તેવા ફળને દેખીને પ્રસન્નતાથી જમતા હતા. અને જેમ અપાર પ્રેમી હરિભક્તો હોય તે ભોજનના થાળ ભરી ભરીને લાવે. ૨૫. તે જ રીતે શ્રીહરિ એવું માનતા હતા કે આ સુખદાયક વૃક્ષ અને વેલીઓ અમારી ઘણી સેવા કરી રહ્યા છે. ભાવે સહિત ફળ, ફૂલ અને છાયા દ્વારાએ અમારી સેવા કરે છે અને અત્યંત સ્નેહ વધારે છે. ૨૬.

વળી ફરીને ધર્મકુમાર આગળ ચાલ્યા અને વનની શોભાને વારંવાર જોવા લાગ્યા. સુંદર લવીંગની વેલીઓ પણ આગળના ભાગમાં આવી. અને જાયફળના ઝાડ પણ ઘણા હેતથી આવતા જણાયા. ૨૭.

ले ले भेट सब सन्मुख ठारे, एला तरुवर फलि अपारे ॥
नागरबेली तरु परछाई, देखी हरि निज पात ले धाई ॥२८॥

तज तमाल एला सुखदाई, नागर बेली पत्रके मांई ॥
परम प्रीत करी बीरी बनाई, लोंग खिल बीरा महि लाई ॥२९॥

बिरा थार भरी भरी पासा, लाई बेली ज्युं निज दासा ॥
बर्नि बेस तांबुल बर्जीता, तदपि लिना एक अजीता ॥३०॥

बहुरी चले बर्नि ब्रतधारी, अक्षरपति बने ब्रह्मचारी ॥
आगे सघन बिटप बन आवा, निरखी हरि मन मोद बढावा ॥३१॥

गुंदा गुंदी अर्क धतूरा, सुंठी पिपरी मरी प्रचूरा ॥
आवा सरस सुमन बन भारी, कहुं नाम तरु बेली लतारी ॥३२॥

તે બધા ફળ ઝાડ ભેટ લઈ લઈને શ્રીહરિની સન્મુખ ઊભા રહ્યા. એલચીની વેલ ખૂબ જ ફળેલી હતી અને નાગરવેલ તો વૃક્ષના ઉપર છવાઈ ગયેલી હતી. શ્રીહરિને દેખીને ઘણા પ્રેમથી નાગરવેલે પોતાનાં પાનમાંથી પાનબીડું બનાવ્યું અને તેમાં તજ, તમાલ અને સુખકારી એલચી નાંખી તથા પાનબીડાંમાં લવીંગની ખીલી દબાવી. શ્રીહરિની પાસે દોડતી આવી. ૨૮-૨૯.

તે વેલીઓ જેમ પોતાનો સેવક હોય તેમ પાનબીડાને થાળમાં ભરી ભરીને લાવી. વર્ણિવેશમાં રહેલા અજિત શ્રીહરિએ પાનબીડાંનો ત્યાગ કર્યો હતો છતાં પણ તેમાંથી એક પાનબીડું લીધું. ૩૦.

વર્ણીના વેશને ધારી રહેલા આવા અક્ષરાધિપતિ બ્રહ્મચારીરૂપ શ્રીહરિ ફરી આગળ ચાલ્યા. આગળ ચાલતા ઘાટા વૃક્ષોનું વન આવ્યું. તેને જોઈને શ્રીહરિનાં મનમાં આનંદ વધ્યો. ૩૧. ત્યાં ગુંદા, ગુંદી, આંકડો, ધતૂરો, સૂંઠ, લીંડી પીપર અને મરી તે બધા ઊગેલા હતા. આવું સરસ ફૂલવાળું ભારે વન હતું. તેમાં રહેલા વૃક્ષ અને લતાવેલીઓના નામ કહું છું. ૩૨.

चंपा बकुल केतकी केसु, मुकुलित अंब कदंब सरेसु ॥
पारिजात पुनि हरसिंगारा, निरखी हरि बिकसे करी प्यारा ॥३३॥

मलय द्रुम बिकसे बहु भाती, गुंजत उपरी अली दिनराती ॥
शीतलता वर सुगंध अपारा, शाखामृग करे उपरी हुंकारा ॥३४॥

सोरठा : लपटित उर्ग अनेक, शीतल गुन मूले सरस ॥
शिखरे बिहंग विसेक, करत कुलाहल देत दुःख ॥३५॥

ये ते दुष्ट निज अंग, बसत हे तदपि न तजत निज ॥
शीतल सुगंध अत्यंत, असिल मलयकर सहज गुन ॥३६॥

दोहा : ग्रहत गुन हरि द्रुमसुं, गुन ग्राहक हरि राय ॥
चाही ऐसा गुन संतमें, शीतल धैर्य स्वभाय ॥३७॥

ચંપો, બોરસલી, કેતકી, ખાખરા, બીડાઈ ગયેલા કેસુડા, આંબો, સરસ કદંબ વૃક્ષ, પારિજાતક, હરસિંગાર, આ બધા વૃક્ષોને પ્રેમથી જોઈને શ્રીહરિ એકદમ પ્રફુલ્લિત થઈ ગયા. ૩૩.

ઘણી જાતના ચંદનના વૃક્ષો પણ ત્યાં વિકસેલા હતા. જેના ઉપર રાત દિવસ ભમરાઓ ગુંજતા હતા. તેમાં સુગંધ અને શ્રેષ્ઠ શીતળતા અપાર હતી. તે વૃક્ષના ઉપર વાનર હુંકારા કરતા હતા. ૩૪. તે ચંદનના ઝાડને અનેક સર્પો વીંટળાયેલા હતા. કારણ કે તેનું મૂળ કારણ સરસ શીતળતારૂપી ગુણ હતો. અને ચંદનના ઝાડની ઉપરના ભાગમાં પક્ષીઓ ખૂબ જ કોલાહલ કરીને સાંભળનારાને દુઃખ દેતા હતા. ૩૫. આટલા બધા દુષ્ટ સર્પો ચંદન વૃક્ષની ઉપર નિવાસ કરીને રહેતા હતા તોપણ તે પોતાનો શીતળતા અને અત્યંત સુંદર સુગંધીપણારૂપી ગુણને છોડતા નહિ. કારણ કે અસલ મલય ચંદનનો તે સ્વાભાવિક ગુણ હતો. ૩૬. **શ્રીહરિ ગુણ ગ્રહણ કરનારા છે. એટલે વૃક્ષ પાસેથી પણ ગુણને ગ્રહણ કરતા હતા. સંત ચાહે તેવા હોય તોપણ તેમાં સ્વાભાવિક રીતે શીતળતા અને ધીરજ હોવી જોઈએ.** ૩૭.

यह गुन ग्रही नीमन मही, होई जीय शांत गंभीर ॥
प्रेमानंद कहे चले प्रभु, आगे सुभटतर धीर ॥३८॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायनचरित्रामृते हिमाचल बरनन हरि बिचरन नामा सप्तदशोऽध्याय: ॥१७॥



अध्याय - १८

दोहा : आवा सरस बन नलिनकर, बहु प्रकार कर नाम ॥
जाती बहुत प्रकारकी, अरुन श्वेत पीत श्याम ॥०१॥
पुंडरिक पुष्कर कमल, जलज अब्ज अंभोज ॥

પ્રેમાનંદ સ્વામી કહે છે, આ ઉપર કહ્યો તે શીતળતા અને ધીરજરૂપી ગુણ પોતાના મનમાં સ્વીકારીને શાંત તથા ગંભીર આવા શ્રીહરિ કોઈ શૂર અને ધીર યોદ્ધો હોય તેમ આગળ ચાલ્યા. ૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'હિમાચલ વર્ણન તથા શ્રીહરિ વિચરણ કહ્યું' એ નામે સત્તરમો અધ્યાય સમાપ્ત-૧૭



અધ્યાય - ૧૮

શ્રીહરિએ તપથી સૂર્યને પ્રસન્ન કર્યા અને ગોપાળયોગી મિલન

શ્રીહરિ જ્યારે હિમાલયમાં ફરતા હતા ત્યારે એક ઘણું સરસ કમળનું વન આવ્યું. કમળની ઘણી જાતિઓ હતી અને તેના ઘણા નામ હતા અને તેના ઘણા પ્રકારો હતા. લાલ, શ્વેત, પીળો અને શ્યામ, એવા તેના રંગ હતા. ૧. પુંડરીક, પુષ્કર, કમલ, જલજ, અબ્જ, અંભોજ, પંકજ, સારસ, તામરસ, કુવલય, પદ્મ, સરોજ, ૨.

पंकज सारस तामरस, कुवलय पद्म सरोज ॥०२॥
मकरंदि अरविंद कंज, कुशेशय कल्हार ॥
सरसिज वारीज जलरुह, पुनि मृणाल छबी सार ॥०३॥
थलकमल वर शेवती, कुंद रु करनीकार ॥
मालती जाति जुथिका, सुमन राजी अति सार ॥०४॥

सोरठा : मल्लिका कुंद चमेली, पाडल परिमल हरत मन ॥
बिकसी वर बन बेली, गुलदावदि केसरी सरस ॥०५॥
गुल छबा गुलबास, गुलहजारी गुल मेंदी वर ॥
निरखत छबी अविनाश, कनेर केवरा आदि कर ॥०६॥

चोपाई :
वर फूलन कर छबी बिलोकी, मगन भये सुंदरवर शोखी ॥
सुमन बेली तरु प्रफुलित होई, रची भूखन निज सुमनके सोई ॥०७॥
ले सब अपनी लता कर मांई, पहिरावत हरिकुं हरखाई ॥

મકરંદી, અરવિંદ, કંજ, કુશેશય, કલ્હાર, સરસિજ, વારિજ, જલરુહ; તે સિવાયના સુશોભિત મૃણાલ, સ્થલકમલ(ગુલાબ), ઉત્તમ શેવતી, મોગરો, કર્ણિકાર, માલતી, ચમેલી, જૂઈ; આવા સર્વોત્તમ જાતના ત્યાં પુષ્પો હતા. ૩-૪. બીજા પણ મલ્લિકા, મોગરો, ચમેલી, પાડલ; આ બધા પુષ્પોના પરિમલ મનને હરનારા હતા. તે વનમાં ઘણી વેલીઓ પણ વિકાસ પામેલી હતી. ગુલદાવદી, જેના સરસ કેસરી પુષ્પ હતા. ૫.

ગુલછબા, ગુલવાસ, ગુલહજારી, શ્રેષ્ઠ ગુલમેંદી, જેની શોભા શ્રીહરિએ જોઈ હતી એવી કણેર તથા કેવડા આદિના પણ પુષ્પો હતા. ૬. આ સર્વોત્તમ પુષ્પોની છબીને જોઈને તેના શોખીન સુંદરવર શ્રીહરિ પ્રસન્ન થયા. પુષ્પોની લતાઓ અને વૃક્ષો એકદમ પ્રફુલ્લિત થઈ ગયા અને તે વૃક્ષ તથા વેલીઓએ પોતાના ફૂલથી સુંદર ઘરેણાંઓ રચ્યા. ૭. તે લતાઓ અને વૃક્ષોએ પોતાના હાથમાં એ ફૂલનાં આભૂષણ

सुफळ जन्म करने भडभागी, पुष्प धराई होत अनुरागी ॥०८॥
मुदित भये बर्नि बर देई, जाओ तजी तामस तनु तेई ॥
जाओ स्वर्ग मही करउ बिलासा, पुनरागमनकी तजी मन आशा ॥०९॥
बन छबी अबिलोकत महाराजा, चले आगे हरि गरीबनिवाजा ॥
अस बिचरत पुलहाश्रम आवा, रमनीय निरखी आनंद पावा ॥१०॥
आश्रम पास बहे अघहारी, गंडकी नाम सरित सुखकारी ॥
शालग्राम शिला करी जुक्ता, मज्जही तन तामे महामुक्ता ॥११॥
विष्णुमूर्ति तेही आश्रममांई, मुक्तनाथ नामे सुखदाई ॥
आश्रम परम बिख्यात पुनिता, तहां हरि जाय अचल एक चित्ता ॥१२॥

લઈને ઘણા હરખથી શ્રીહરિને પહેરાવ્યા. તે સહુ મહાભાગ્યશાળી લતાઓએ પોતાનાં જન્મને સફળ કરવા માટે ઘણા પ્રેમથી પુષ્પ લઈ શ્રીહરિને ધરાવ્યાં. ૮. પુષ્પોથી પૂજેલા વર્ણી રાજી થયા અને તે વૃક્ષ તથા લતાઓને વર આપ્યો કે 'તમે આ તામસ યોનિનાં શરીરને છોડી દઈને સ્વર્ગમાં જાઓ અને ત્યાં ભોગ વિલાસ પ્રાપ્ત કરો. ફરીવાર તમારે આ જન્મમાં આવવાની આશા છોડી દેવાની.' ગરીબ નિવાજ મહારાજાધિરાજ શ્રીહરિ વનની શોભાને દેખતા દેખતા આગળ ચાલ્યા. હિમાલયમાં વિચરણ કરતા શ્રીહરિ રમણીય પુલહાશ્રમને દેખીને મનમાં આનંદ પામ્યા. ૯-૧૦.

❁ વર્ણિરાજે કરેલું પુલહાશ્રમમાં તપ તથા સૂર્યદર્શન :

પુલહાશ્રમની પાસે જ પાપનો નાશ કરનારી એક ગંડકી નામે સુખકારી નદી વહે છે. જે ગંડકીમાં શાલગ્રામનાં સ્વરૂપો રહ્યા હોય છે. મહામુક્તો પણ તે નદીમાં સ્નાન કરે છે. ૧૧. વળી, તે આશ્રમમાં મુક્તનાથ નામે સુખદાયક વિષ્ણુની મૂર્તિ રહી છે. તે આશ્રમ ઘણો પ્રસિદ્ધ અને પવિત્ર છે. ત્યાં શ્રીહરિ આવ્યા અને પોતાનાં ચિત્તને અચળ તથા એકાગ્ર કર્યું. ૧૨. અંતર્યામી તથા બહુનામી શ્રીહરિ એક પગે

एक पाउ ठाडे बहुनामी, ऊर्ध्व बाहु होई अंतरजामी ॥
करत उग्र तप त्रिभुवन नाथा, तन सुध टारी संत सुखदाता ॥१३॥
करत गायत्री जप जगदीशा, दृढ ब्रतधारी अखिल जग ईशा ॥
तब रीझे श्रीसविता देवा, आये मूर्तिमान ततखेवा ॥१४॥
हिरन्यमय भानु भयहारी, दीना दरसन मंगलकारी ॥
चर्तुबाहु शंख चक्र सुं धारी, अखिल दृगीश्वर तम हतकारी ॥१५॥
वरं वर्हि बर्नि अनुपा, देउ वर मागउ सुखरूपा ॥
बंदन करी जोरी जुग पानी, बोले भानु प्रति हरि सुखदानी ॥१६॥
दोहा : प्रसन्न भये प्रभु ममोपरी, मांगु वर सो देउ ॥

ઊભા રહ્યા. બંને હાથને ઊંચા રાખ્યા. આ રીતે સંતોને સુખ આપનારા ત્રિભુવનના નાથ પ્રભુ શ્રીહરિ તપ કરવા લાગ્યા. અને શરીરનું ભાન બધું વિસારી દીધું. ૧૩.

સર્વ જગતના અધિપતિ, દઢ બ્રહ્મચર્ય વ્રતને ધરી રહેલા એવા જગદીશ પ્રભુ શ્રીહરિ ગાયત્રી મંત્રનો જપ કરતા હતા. તે સમયે પ્રસન્ન થયેલા સૂર્યનારાયણ તત્કાળ જ મૂર્તિમાન પ્રગટ થઈને આવ્યા. ૧૪. તે સૂર્યનારાયણ હિરણ્યમય સ્વરૂપે હતા. ભયને હરનારા અને પરમ મંગળકારી તે સૂર્યે દર્શન દીધાં. તેમને ચાર ભુજાઓ હતી. શંખ અને ચક્રને હાથમાં ધરી રહ્યા હતા. તે સર્વ જગતની દષ્ટિના અધિદેવ અને અંધકારને હરનારા હતા. ૧૫.

'હે સર્વોત્તમ વર્ણી ! તમે મારી પાસે ઉત્તમ વર માંગો. જે માગશો તે સુખરૂપ વર હું આપીશ.' ત્યારે નીલકંઠ વર્ણીએ બંને હાથ જોડી સૂર્યને વંદન કર્યાં. પછી સુખદાયક શ્રીહરિ સૂર્યના પ્રત્યે બોલ્યા, ૧૬. 'પ્રભુ ! જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હોવ તો હું જે વર માગું તે આપ મને આપો. હે સૂર્યનારાયણ ! આપ મારી વિનંતિને સાંભળી લો. ૧૭. **હે જગજીવન ! આપ કૃપાળુ મારી કામ આદિક દોષોથી રક્ષા કરો. અને**

श्री सूर्य नारायण, बिनती मम सुनी लेउ ॥१७॥
करउ रक्षा जगजीवन, कामादिक सुं क्रिपाल ॥
जबही समरु तब आयके, देउ दरस ततकाल ॥१८॥

सोरठा : तब येही दरसन आय, दिजे आनंद करन हरि ॥
सुनिये जगतपति राय, देउ ज्यो मे मांगा वर ॥१९॥
तब सविता मुद आनी, तथास्तु हसी कहत रवि ॥
परम सत्य मम बानी, रहुं पास संदेह बिन ॥२०॥

चोपाई :
पुनि बोलेउ मार्तंड भगवाना, सुनउ शाम तुम क्रिपानिधाना ॥
अक्षरपति अखिल जगस्वामी, बर्निबेश फिरत बहुनामी ॥२१॥
केही कारन बन बिचरत नाथा, करत कठिन तप हरि सुखपाथा ॥
वये किशोर बालक सकुमारा, करत हो फल दल कंद आहारा ॥२२॥

જ્યારે હું આપને સંભારું ત્યારે આવીને તત્કાળ મને દર્શન આપો. ૧૮. તે સમયે દર્શન આપીને આપ આનંદ કરાવજો. હે જગત્પતિ મહારાજા ! આપ સાંભળો. જે વર મેં માગ્યો તે આપ મને આપો.' ૧૯.

❁ સૂર્યદેવે કરેલી સર્વાવતારીની પ્રાર્થના :

તે સમયે સવિતા દેવ સૂર્ય હરખથી હસીને બોલ્યા કે 'તથાસ્તુ... તેમ થાઓ. આ મારી વાણી પરમ સત્ય છે. નિઃસંશય હું તમારી પાસે રહીશ.' ૨૦. વળી, ભગવાન સૂર્ય બોલ્યા, 'હે કૃપાનિધાન ઘનશ્યામ પ્રભુ ! આપ સાંભળો. અક્ષરાધિપતિ આપ સર્વ જગતના સ્વામી અને બહુનામી છો. અત્યારે આપ વર્ણી વેશમાં ફરી રહ્યા છો. ૨૧. હે નાથ ! આપ શા કારણથી વનમાં વિચરી રહ્યા છો ? સુખસાગર આપ શ્રીહરિ કઠિન તપશ્ચર્યા કરી રહ્યા છો. આપની સુકુમાર બાળ કિશોર અવસ્થા છે. તેમાં ફળ, પત્ર, કંદ, મૂળનો આહાર કરો છો. ૨૨. આ ભૂમિ કઠોર છે. આપના પવિત્ર ચરણ સુકોમળ છે. આપનું મુખચંદ્ર ત્રિવિધ તાપને

कठिन भूमि कोमल पद पावन, बदन चंद्र त्रय ताप नसावन ॥
अखिल शक्तिधर अंतरजामी, पूरन पुरुषोत्तम बहुनामी ॥२३॥
तव प्रताप में सब बिधि जानुं, धन्य भाग्य मोरे अस मानु ॥
कीन नाथ दीनन पर दाया, दिन दरस मोय त्रिभुवन राया ॥२४॥
दोहा : तव अज्ञा शिरपर धरी, रवि शशी दोउ हम तात ॥
हरत तिमिर यह विश्वकर, श्रमत भ्रमत दिनरात ॥२५॥
सबही भिखारी रावरे, भव ब्रह्मा मुनि देव ॥
जाचत तुमपे जोरी कर, लहत सिध्धि ततखेव ॥२६॥
सोरठा : तव प्रसाद जगवंद, पाये परम ऐश्वर्य सब ॥
तदपि सकल सुखकंद, नरनाटक लखी मति भ्रमत ॥२७॥
ऐसे तुम अविनाश, मागत हमपे वर वरद ॥

હરનારું છે. આપ સર્વ શક્તિને ધારણ કરનારા, અંતર્યામી, બહુનામી અને પૂર્ણપુરુષોત્તમ છો. ૨૩.

આપના બધા પ્રતાપને હું સંપૂર્ણ જાણું છું અને આ રીતે તો હું મને ધન્ય ભાગ્ય માનું છું. હે નાથ ! આપ ત્રિભુવનરાયે મારા જેવા દીન ઉપર દયા કરીને મને દર્શન દીધાં છે. ૨૪. હે તાત ! આપની આજ્ઞાને મસ્તકે રાખીને સૂર્ય ને ચંદ્ર, અમે બંને આ વિશ્વના અંધકારને ટાળીએ છીએ. અને રાત દિવસ શ્રમ કરીને ફરતા રહીએ છીએ. ૨૫. ભવ, બ્રહ્મા, બધા મુનિઓ અને દેવતાઓ, આ અમે બધા આપના જ ભીખારી છીએ. અર્થાત્ આપનું દીધેલું ઐશ્વર્ય જ ભોગવીએ છીએ. અમે આપની પાસે હાથ જોડીને માગીએ છીએ અને તત્કાળ જ ઈષ્ટ સિદ્ધિને પામીએ છીએ. ૨૬.

હે જગદ્વંદ્ય ! આપના રાજીપાથી અમે બધું ઉત્તમ ઐશ્વર્ય પામ્યા છીએ. છતાં પણ સર્વ સુખના મૂળ એવા આપની મનુષ્ય લીલાને દેખીને અમારી બુદ્ધિ ભ્રમી જાય છે. ૨૭. હે અવિનાશ ! આપ આવા મહાન

करत सकल तव आश, देव दानव मुनि मनुज सब ॥२८॥

चोपाई :

तव अग्या बिद्युत घन मांई, रहत प्रदीप्त न जात बुझाई ॥
तव अग्या अज स्रजत संसारा, तव अग्या शिव करत संहारा ॥२९॥
तव अग्या महि भार उठावे, शेष सहस्र मुख तव गुन गावे ॥
तव अग्या मारुत सुखदाई, चलत मंद शीतल मुद पाई ॥३०॥
तव अग्या बरसत पाकारी, इन सबहिमें शक्ति तुमारी ॥
ऐसे तुम समर्थ सुखकंदा, प्रकृति पुरुष प्रेरक जगवंदा ॥३१॥
सो तुम हमरी करत बडाई, अघटित होत त्रिभुवन राई ॥
केही कारन प्रभु अस तप कीना, बिचरत बनमें अकेल प्रबीना ॥३२॥

વર આપનારા છો છતાં મારી પાસે વર માગો છો. તે ખરેખર આશ્ચર્ય છે. દેવ, દાનવ, મુનિ અને માનવ, એ બધા જ આપની પાસે આશા રાખે છે. ૨૮. આપની આજ્ઞાથી વીજળી મેઘમાં રહે છે છતાં તે પ્રદીપ્ત હોય છે, મેઘથી ઓલવાતી નથી.આપની આજ્ઞાથી બ્રહ્મા સમગ્ર સંસારની સૃષ્ટિ કરે છે અને આપની આજ્ઞાથી શિવજી તે જગતનો સંહાર કરે છે. ૨૯.

આપની આજ્ઞાથી પૃથ્વી સર્વ જગતનો ભાર ઉઠાવે છે, શેષ હજાર મુખથી આપના ગુણ ગાય છે, સુખદાયક પવન મંદ અને શીતળ ગતિથી હર્ષ પૂર્વક ચાલતો રહે છે અને આપની આજ્ઞાથી જ ઈન્દ્ર વૃષ્ટિ કરે છે, ઉપર કહેલા બધા દેવોમાં આપની જ શક્તિ છે. આપ તો સર્વ સુખનું મૂળ તથા મહાન સમર્થ છો; પ્રકૃતિ તથા પુરુષને પ્રેરણા કરનારા જગદ્વંદ્ય છો. ૩૦-૩૧. તે આપ અમારી મોટાઈ કરી રહ્યા છો. હે ત્રિભુવનરાય ! અમારી મોટાઈ દેખાડવી તે અઘટિત થઈ રહ્યું છે. હે પ્રભુ ! આપ શા કારણે આવું તપ કરી રહ્યા છો ? અને પરમ નિપુણ હોવા છતાં એકલા જ વનમાં વિચરો છો. ૩૨. આપ પરમપુરુષ છો. આપની રીત સદા

परम पुरुष कर रीत सदाई, करत कठीन तप जग हित लाई ॥
तप करी आप जस आनकुं देई, सबकर हित मित परम सनेई ॥३३॥

अस प्रार्थना करी रवि देवा, अंतरधान भये ततखेवा ॥
श्री सूर्यनारायण पासा, पावा वर श्रीहरि अविनाशा ॥३४॥

कतियक मास रहे तहां स्वामी, चले तासुं पुनि अंतरजामी ॥
बिचरत बनमें बिलोकत शोभा, अति निर्भय नहि पावत क्षोभा ॥३५॥

अनंत बिटप कर राजी भारी, अनंत सरि सर भरे सुभटवारी ॥
सबही उलंघी हरि सुखकंदा, बिचरत बनमें मुदित जगवंदा ॥३६॥

चलत चलत तहां बन एक आवा, अविलोकत बर्नि मन भावा ॥
तेही बन मैया रहत एक जोगी, नाम गोपाल ब्रह्मरस भोगी ॥३७॥

માટે એવી રહી હોય છે કે જગતનું હિત કરવા માટે પોતે કઠિન તપ કરો છો. પોતે તપ કરીને અમને યશ આપો છો. આપ તો સર્વ જગતનું હિત કરનાર અને પરમ સ્નેહી મિત્ર છો.” ૩૩.

ઉપર કહ્યા પ્રમાણે સૂર્યનારાયણ દેવે શ્રીહરિની પ્રાર્થના કરી. પછી તે તરત જ અંતરધાન થઈ ગયા. અવિનાશી શ્રીહરિએ સૂર્યનારાયણની પાસે વરદાન પ્રાપ્ત કર્યું. ૩૪. અંતર્યામી, સર્વના સ્વામી શ્રીહરિ પુલહાશ્રમમાં કેટલાક માસ રહ્યા. પછી ત્યાંથી ચાલતા થયા. વનની શોભા દેખતા દેખતા વિચરણ કરતા તેમાં અતિશય નિર્ભય રહેતા હતા, પણ કોઈથી ક્ષોભ પામતા નહિ. ૩૫. હિમાલયમાં અનંત વૃક્ષોની ઘણી મોટી વનરાજી હતી. જેમાં અપાર પાણી ભર્યું હોય તેવી નદીઓ અને સરોવરો પણ હતા. જગદ્વંદ્ય, સુખકંદ શ્રીહરિ તે બધાને પાર કરીને પ્રસન્ન મનથી વનમાં વિચરતા હતા. ૩૬. હિમાલયમાં ચાલતા ચાલતા એક વન આવ્યું. નીલકંઠ વર્ણીએ મનગમતા તે વનને દેખ્યું. તે વનમાં એક મોટા યોગી રહેતા હતા. તેનું ગોપાળયોગી નામ હતું. તે બ્રહ્મરસને ભોગવતા હતા. ૩૭.

सोरठा : तब बर्नि तहां आई, बंदन कीना मुदित मन ॥
भेटेउ भुजा उठाई, नीलकंठ हरि जगतपति ॥३८॥
रहे तहां अविनाश, बरनिराज सुखकर सदन ॥
गोपालजोगी के पास, रहे नाथ होई मुदित मन ॥३९॥

दोहा : कीन सिद्ध तेहि जोगीसुं, जोग अष्टांग अनुप ॥
बरनु सो संक्षेप सुं, भिन्न भिन्न सुखरूप ॥४०॥
यम रु नियम आसन पुनी, प्रानायाम प्रत्याहार ॥
ध्यान धारना समाधि सो, अष्ट अंग निरधार ॥४१॥
तिनकर भेद बहुत हे, शीखे सब हरि राय ॥
कीन बहुत श्रम श्रीहरि, क्षीन भई निज काय ॥४२॥
बस्ति उभय प्रकारकी, नेती धोती नाम ॥
कुंजर क्रिया शीखे हरि, शंख प्रक्षालन श्याम ॥४३॥
शीखे नोली सरस प्रभु, भिस्ति करत क्रिपाल ॥

નીલકંઠ વર્ણી ગોપાળયોગીની પાસે આવ્યા અને હરખભર્યે હૈયે તેમને પ્રણામ કર્યા. બંને ઊઠી ભુજાઓ ભીડી ભેટ્યા. જગત્પતિ, અવિનાશી, સર્વ સુખના આશ્રય અને સર્વના સ્વામી આવા વર્ણિરાજ શ્રીહરિ ત્યાં ગોપાળયોગીની પાસે પ્રસન્ન મનથી રહ્યા. ૩૮-૩૯. શ્રીહરિએ તે ગોપાળયોગીની પાસે અનુપમ અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો. તે સુખરૂપ યોગની અલગ અલગ વાતને હવે સંક્ષેપમાં કહું છું. ૪૦.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ, આ યોગના ચોક્કસ આઠ અંગ છે. ૪૧. અને તે પ્રત્યેકના ઘણા ભેદ છે. તેને હરિરાય શ્રીહરિ શીખ્યા. તે યોગ સાધવામાં શ્રીહરિએ ઘણો પરિશ્રમ કર્યો અને તેનાથી તેમનું શરીર એકદમ ક્ષીણ થઈ ગયું. ૪૨.

ઘનશ્યામ શ્રીહરિ બે પ્રકારની બસ્તિ ક્રિયા શીખ્યા. તે રીતે જ નેતી, ધોતી, કુંજર ક્રિયા અને શંખપ્રક્ષાલન ક્રિયાને પણ શીખ્યા. કૃપાળુ પ્રભુ શ્રીહરિ સરસ નોળી ક્રિયા શીખ્યા અને બસ્તિ ક્રિયા પણ શીખ્યા. આ રીતે

क्रिया सहित कीना हरि, जोग सिद्ध ततकाल ॥४४॥
शीखवा जोगी गोपालकुं, राज जोग करी प्यार ॥
तब जोगी हरि ध्यानमें, भया सिद्ध तेही बार ॥४५॥
कीन कृतार्थ जोगीकुं, दीन हरि निज ग्यान ॥
प्रेमानंद कहे चले प्रभु, आगे जोग निधान ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते श्रीहरि तपारंभ सूर्य प्रसन्न योगी गोपाल मिलाप नामाऽष्टादशोऽध्यायः ।।१८।।



अध्याय - १९

दोहा : चले नाथ दिश पूर्व प्रति, स्वयं मूर्ति सुख रूप ॥
मनहु धरी तप मूरति, बिचरत परम अनुप ॥०१॥

બધી ક્રિયાઓએ સહિત તત્કાળ યોગ સિદ્ધ કર્યો. પછી શ્રીહરિએ પોતે ગોપાળયોગીને પ્રેમથી રાજયોગ શીખવાડ્યો. પછી તે વખતે તે યોગી ભગવાનનું ધ્યાન કરવામાં પરિપૂર્ણ સિદ્ધ થયા. ૪૩-૪૫. શ્રીહરિએ પોતાનાં સ્વરૂપનું જ્ઞાન ગોપાળયોગીને આપીને કૃતાર્થ કર્યા. પ્રેમાનંદ સ્વામી કહે છે, યોગનિધિ એવા પ્રભુ પછી ત્યાંથી આગળ ચાલ્યા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિએ તપથી સૂર્યને પ્રસન્ન કર્યા અને ગોપાળયોગી મિલન' એ નામે અઢારમો અધ્યાય સમાપ્ત-૧૮



અધ્યાય - ૧૯

શ્રીહરિએ પોતાનો પ્રતાપ બતાવ્યો અને સિદ્ધોનું માન ટાળ્યું

જગત્પતિ, સુખમયસ્વરૂપ શ્રીહરિ ત્યાંથી પૂર્વ દિશા તરફ ચાલ્યા. માનો, પરમ અનુપમ મૂર્તિમાન તપ હોય તે રીતે સ્વયં શ્રીહરિ વિચરણ

करी दृष्टि स्थिर हरि, नासाग्र महा धीर ॥
चले राह बीन बिपिन मही, मनु धनुष कर तीर ॥०२॥

सोरठा : चलत चलत अविनाश, आये आदि बाराह हरि ॥
रहे तहां करी बास, दिन तीनलुं जगतपति ॥०३॥

दीन दरस जगवंद, सब जनकुं हरि भवहरन ॥
पाये जन आनंद, निरखी रूप बरनिन्द्र कर ॥०४॥

चोपाई :

चली निकसे तहां सुं ततकाला, बंगदेश मही आये दयाला ॥
आवा शहर सिरपुर अनुपा, सिद्ध वल्लभ तेही पुरकर भूपा ॥०५॥

ईश्वर इच्छा तहां चली गयेउ, नीरखी भूप मगन मन भयेउ ॥
कीन प्रार्थना तेही भूपाला, राखे चातुर्मास दयाला ॥०६॥

अति बिरक्त अविलोकी भूपा, राखा पास एक सेवक अनुपा ॥
तेहीकर नाम हे दास गोपाला, करे टहल हाजर ततकाला ॥०७॥

કરતા હતા. ૧. મહાન ધીર શ્રીહરિએ પોતાની દૃષ્ટિને નાસિકાના અગ્ર ભાગ સામે સ્થિર કરી. પછી કોઈ રસ્તાનું અનુસંધાન રાખ્યા સિવાય માનો ધનુષ્યમાંથી બાણ છૂટ્યું હોય તેમ જંગલ વચ્ચે ચાલ્યા. ૨. જગત્પતિ, અવિનાશી શ્રીહરિ ચાલતા ચાલતા આદિવારાહ ક્ષેત્ર આવ્યા અને ત્યાં ત્રણ દિવસ નિવાસ કરીને રહ્યા. ૩. જગદ્વંદ્ય શ્રીહરિએ સંસારનો તાપ ટાળવા માટે સહુ લોકોને દર્શન દીધાં. વર્ણીન્દ્ર શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન કરીને સહુ લોકો આનંદ પામ્યા. ૪. પછી દયાળુ શ્રીહરિ ત્યાંથી તત્કાળ ચાલી નીકળ્યા અને બંગાળ દેશમાં આવ્યા. ત્યાં એક **સિરપુર** નામે અનુપમ શહેર હતું અને સિદ્ધવલ્લભ નામે ત્યાંના રાજા હતા. ૫. શ્રીહરિ ઈશ્વર ઈચ્છાથી ત્યાં આવી ગયા હતા. તેમનાં દર્શન કરીને રાજા મનમાં પ્રસન્ન થયા. રાજાએ દયાળુ વર્ણીની પ્રાર્થના કરી અને ત્યાં ચાતુર્માસ કરવા તેમને રાખ્યા. ૬.

और भेख तहां रहे अपारा, चार्तुमास रखे करी प्यारा ॥
तामस मंत्र जपत हे तबही, क्षुद्र देव उपासक सबही ॥०८॥
भिन्न भिन्न देशनकर बासी, कोउ जटिल कोउ मूंड मुंडासी ॥
कोउ नग्न कोउ कौपिनबंता, कोउ अडबंग कोउ मानु संता ॥०९॥
पियत गांजा भांग धतुरा, आंखी अरुण फिरत चकचुरा ॥
कोउक अहोनिश नैन न खोले, कोउक जस तस मुखते बोले ॥१०॥
बडे सिद्ध तीनकुं नृप माना, देत रसोई करत पकवाना ॥
आसन काज दिन बहु भांती, पठवा भूप गदि करी खांती ॥११॥
करत नरेन्द्र बहुत सन्माना, माना तिन मही परम कल्याना ॥
करत सिद्ध सब अपनी बडाई, देखावत जपी मंत्र सिद्धाई ॥१२॥
दोहा : ऐसे करत आवा तबे, उमंड घुमंड बरसात ॥

રાજાએ વર્ણીને અતિશય વૈરાગ્યવાળા દેખીને તેમની પાસે એક અનુપમ સેવક સેવા માટે રાખ્યા. તેનું નામ ગોપાળદાસ હતું. સતત હાજર રહીને જે જરૂર હોય તે સેવા તત્કાળ કરતા હતા. ૭. વર્ણી સિવાયના બીજા પણ અપાર ભેખધારીઓ ત્યાં રહેતા હતા. રાજાએ પ્રેમથી તેમને ચાતુર્માસ રાખ્યા હતા. તે બધા તામસ દેવતાના મંત્ર જપતા હતા અને ક્ષુદ્ર દેવના ઉપાસક હતા. ૮. તે ભેખધારીઓ અલગ અલગ દેશમાં રહેનારા હતા. કોઈ જટાધારી તો કોઈ મુંડ મુંડાયેલા હતા. કોઈ દિગંબર હતા તો કોઈ કૌપિનવાળા હતા. કોઈ અડબંગા હતા તો કોઈ માનો સંત હતા. ૯. તેમાં કેટલાક તો ગાંજો, ભાંગ અને ધતૂરો પીતા હતા. કેફથી ચકચૂર થઈને લાલ લાલ આંખો ફેરવતા હતા. કોઈ સિદ્ધ તો રાત દિવસ આંખ ખોલતા નહિ અને કોઈક મુખથી જેમતેમ બોલતા હતા. ૧૦.

રાજા એ બધાને સિદ્ધ માનતા અને રોજ પકવાનની રસોઈ જમાડતા હતા. રાજાએ તે સિદ્ધોને આસનને માટે ઘણી ખાંતથી ગાદીઓ કરી

चलत पवन गरजत घन, होन लाग उत्पात ॥१३॥
चमकत चपला ईत उत, बरसत मुसल धार ॥
होत कडाकड बज्र सम, भयो घोर अंधियार ॥१४॥
सोरठा : लगी जरी एकतार, चले नीर बही अवनी पर ॥
जल कर ओघ अपार, बरसत रहत न पलक भर ॥१५॥
पौढी रहे तहां नाथ, करी समाधि तनभान तजी ॥
चढी रेत एक हाथ, तन उपर खबर न परत ॥१६॥
चोपाई :
आवा सेवक उठीके भोरे, कीनी जारी रेती तब कोरे ॥
खेंचत नहि दैव पल धारा, बरखे गरजी जल ओघ अपारा ॥१७॥

આપી હતી. ૧૧. રાજા તે સિદ્ધોનું ખૂબ સન્માન કરતા અને તે સિદ્ધોની સેવામાં જ પરમ કલ્યાણ માનતા હતા. લગભગ બધા સિદ્ધો પોતાની મોટપ દેખાડતા અને મંત્ર જપીને સિદ્ધાઈ બતાવતા હતા. ૧૨. એમ કરતા ચોમાસામાં ધોધમાર વરસાદ પડ્યો, પવન ચાલવા લાગ્યો. મેઘ ગરજવા લાગ્યો અને તેનાથી ઉત્પાતો થવા લાગ્યા. ૧૩. આમતેમ ચારે બાજુ વીજળી ચમકતી હતી, મુશળધાર પાણી વરસતું હતું. વજ્રના જેવા કડાકા થતા હતા અને ચારે બાજુ ઘોર અંધારું વ્યાપી ગયું હતું. ૧૪. એકતાર વરસાદની ઝડી ચાલુ રહી. ભૂમિ ઉપર પાણી વહેવા લાગ્યું. પાણીનો અપાર પ્રવાહ વહેતો થયો. એક પળવાર પણ વરસાદ બંધ થતો નહિ. ૧૫. તે સમયે ભક્તપતિ શ્રીહરિ તો સમાધિ કરીને પોઢી ગયા હતા. શરીરનું ભાન પણ તજી દીધું હતું. તેમનાં શરીર ઉપર એક હાથ જેટલી રેતી ચઢી ગઈ. કોઈને ખબર પણ પડતી નહિ કે વર્ણી ક્યાં છે ? ૧૬.

સવારે ઊઠીને સેવક આવ્યો. જ્યાં વર્ણી સૂતા હતા ત્યાંથી બધી રેતી એક બાજુ કરી, પરંતુ તે સમયે વરસાદની ધારા એક પળવાર પણ બંધ થતી નહિ. ગર્જનાની સાથે પાણીના પુષ્કળ પ્રવાહો વહેવા લાગ્યા. ૧૭.

सेवक जगावत करी पुकारा, उठत नाहीं बर्नि सकुमारा ॥
बरसा बहुत दीन घन वारि, तदपि न खोला नेन ब्रह्मचारी ॥१८॥
झाडके मारे भये बेहाला, गये सिद्ध भागी ततकाला ॥
रात ही रात निकसे सब चाली, परा सिद्धकर आसन खाली ॥१९॥
कितनेक गये शहरमें भागी, कितने तापत आनीके आगी ॥
कोउ कीन जाय तरु तर बासा, आयके देखत लोक तमासा ॥२०॥
करन लागी दुनिया सब हांसी, कहां गये सब सिद्ध संन्यासी ॥
परे रहे बालक ब्रह्मचारी, तीनही बिलोकी नमत नरनारी ॥२१॥
कहत हे सिद्ध खरा यह एका, दुसरे दंभी भागी गये भेखा ॥
कहा जाय कोउ नृपति आगे, मिलत न कोउ सिद्ध तेही जागे ॥२२॥

સેવક ગોપાળદાસ પોકારીને શ્રીહરિને જગાડવા લાગ્યો, પરંતુ સુકુમાર વર્ણી ઊઠ્યા નહિ. આમને આમ ઘણા દિવસ સુધી વરસાદ વરસતો રહ્યો, છતાં પણ નીલકંઠ બ્રહ્મચારીએ આંખો ખોલી નહિ. ૧૮. તે વખતે ઠંડીને લીધે બધા સિદ્ધો બેહાલ થઈ રહ્યા અને તત્કાળ જ ત્યાંથી ભાગવા લાગ્યા. બધા સિદ્ધો રાતે રાતે જ ભાગી નીકળ્યા અને તે સિદ્ધોના બધાં આસન ખાલી થઈ ગયા. ૧૯. કેટલાક સિદ્ધો તો શહેરમાં ભાગી ગયા અને કેટલાક તો તાપણી કરીને તાપવા લાગ્યા. અને કેટલાક લોકો તો ઝાડ નીચે જઈને રહ્યા. સાધારણ જનતા આવીને આ બધો તમાશો દેખતી હતી. ૨૦. બધી દુનિયા હાંસી મશ્કરી કરીને બોલતા કે અહીં રહેલા બધા સિદ્ધો અને સંન્યાસીઓ ક્યાં ગયા ? તે સમયે એક બાળક જેવા બ્રહ્મચારી ત્યાં પડ્યા રહ્યા. તેને જોઈને નરનારી બધા લોકો પ્રણામ કરતા હતા. ૨૧. તે લોકો બોલતા કે "સાચા સિદ્ધ તો આ એક જ છે. બીજા બધા ભેખધારીઓ તો દંભી હતા કે જે બધા ભાગી ગયા છે." કોઈએ જઈને રાજા આગળ કહ્યું કે "અત્યારે કોઈ સિદ્ધ તેની જગ્યાએ જોવા મળતા નથી. ૨૨. અત્યારે તો એક અનુપમ બ્રહ્મચારી જ પડ્યા છે."

परा एक ब्रह्मचारी अनुपा, आवा आप चालीके भूपा ॥
आयके देखी कीन प्रनामा, जाना समर्थ अति अभिरामा ॥२३॥
कीन प्रार्थना भूपति भारी, तब जागे बाला ब्रह्मचारी ॥
बिनय करी निज भुवन ले आवा, इच्छा भोजन हरि बनावा ॥२४॥
दोहा : जेंये बर्नि मुदित मन, भोजन परम रसाल ॥
भया भूप शरनागत, ईश्वर जानी क्रिपाल ॥२५॥
अनंत कोटि ब्रह्मांडपति, हे नारायन आप ॥
लीन मनुज अवतार प्रभु, अधर्म करन उथाप ॥२६॥
सोरठा : अस धीरज नई होय, देव दनुज नर नाग महि ॥
सही न शकत अन्य कोय, बिसम बायु बरसात झर ॥२७॥

ત્યારે સ્વયં રાજા ત્યાં ચાલીને આવ્યા. ત્યાં રાજાએ આવીને વર્ણીનાં દર્શન કર્યાં અને પ્રણામ કર્યાં. તેણે મનમાં માન્યું કે આ વર્ણી અતિશય સમર્થ અને ગમી જાય તેવા છે. ૨૩. જ્યારે સિદ્ધવલ્લભ રાજાએ ઘણી પ્રાર્થના કરી ત્યારે બાળબ્રહ્મચારી શ્રીહરિ જાગ્યા. ઘણો વિનય કરીને તે પોતાના રાજભવનમાં લઈ આવ્યા. અને ત્યાં શ્રીહરિએ પોતાની ઈચ્છા મુજબ ભોજન બનાવ્યું. ૨૪. વર્ણી ત્યાં સરસ રસોઈ પ્રસન્ન મનથી જમ્યા. ત્યારે સિદ્ધવલ્લભ રાજા વર્ણીને પરમ કૃપાળુ પરમેશ્વર જાણીને તેમને શરણે ગયા. ૨૫. અને તેમણે કહ્યું કે **"આપ તો અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ નારાયણ છો. અને આપ પ્રભુએ અધર્મનો નાશ કરવા મનુષ્ય અવતાર લીધો છે.** ૨૬. આપમાં જે ધીરજ છે, આવી ધીરજ તો બીજા કોઈ દેવ, દાનવ, મનુષ્ય કે નાગમાં હોઈ શકે નહિ. આવો વિષમ પવન અને વરસાદની ઝડીને આપના સિવાય બીજા કોઈ સહી શકે નહિ. ૨૭.

❁ સિદ્ધપુરમાં શ્રીહરિએ ઉતારેલો સિદ્ધોનો ગર્વ :

હે બ્રહ્મચારી ! ઘણી જાતના જે સિદ્ધો હતા તે બધા તત્કાળ જ ભાગી ગયા છે. તેમાં કેટલાક લોકો તો માંસ ખાતા, દારૂ પીતા અને

कीन पलायन सद्य, बटु रे सिद्ध बहु भांतीकर ॥
खात मांस अरु मद्य, सेवत भैरव भूतगन ॥२८॥

चोपाई :

तदनंतर बना कौतक भारी, कोपा भेख सबे अहंकारी ॥
बढा हरिकर मान अत्यंता, राजा नमा जानी भगवंता ॥२९॥
कीना हरिकर बहु सनमाना, दूसरे भेख कुटिल सब जाना ॥
अपना बुरा कीन ब्रह्मचारी, चलो जाई अब डारे मारी ॥३०॥
आये कोपी हरिकर पासा, डारा मंत्री मंत्रीके मासा ॥
बार न भया हरि का बांका, परे कुमति सब मनमहीं झांखा ॥३१॥
और ही कीन बहुत उपचारा, व्यर्थ भया कर्तव्य पुनि सारा ॥

ભૂત કે ભૈરવોની ઉપાસના કરતા હતા.” ૨૮. તે પછી તો એક ઘણી કૌતુકભરી ઘટના બની. બધા જ અહંકારી ભેખધારીઓ ખીજાયા. કારણ કે રાજા શ્રીહરિને ભગવાન તરીકે ઓળખીને શરણે થયા. તેથી શ્રીહરિનું માન ત્યાં અત્યંત વધ્યું. ૨૯. સિદ્ધવલ્લભ રાજાએ શ્રીહરિનું ઘણું સન્માન કર્યું તે જાણીને કુટીલ સ્વભાવના બધા ભેખધારીઓએ એવું માન્યું કે આ બ્રહ્મચારીએ જ આપણા બધાનું ભૂંડું કર્યું છે. તો ચાલો આપણે જઈએ અને તે બ્રહ્મચારીને મારી નાંખીએ. ૩૦.

તે બધા કોપ કરીને શ્રીહરિની પાસે આવ્યા અને તેમણે મંત્ર જપીને તૈયાર કરેલા અડદ શ્રીહરિના ઉપર ફેંક્યા. પરંતુ તે ફેંકેલા અડદથી શ્રીહરિનો વાળ પણ વાંકો થયો નહિ. તેથી તે બધા કુબુદ્ધિ લોકો તેનાં મનમાં ઝાંખા પડી ગયા. ૩૧. તે સિવાયના બીજા ઘણા ઉપચારો પણ વર્ણીને મારવા માટે કર્યા, પણ તે બધા જ ઉપાયો વ્યર્થ થયા. પછી તે ભેખધારીઓએ શ્રીહરિની સેવા કરનાર જે સેવક ગોપાલદાસ સાધુ હતા તેના ઉપર તત્કાળ જ મૂંઠ નાંખી. ૩૨. તે તાંત્રિક સિદ્ધે મંત્રથી સિદ્ધ કરેલા અડદ ગોપાળદાસના ઉપર નાંખ્યા એટલે તરત જ તે ગોપાળદાસ

हरिकर सेवक करत रहे सेवा, ता पर डारी मूठ ततखेवा ॥३२॥

डारा तुरत मंत्री के मासा, परा बेहाल जीवत तजी आशा ॥
आवा फैन तुरत मुखमांई, ताहे देखी कहे लोक लुगांई ॥३३॥

अब ना जीयही कहे यह प्रानी, नहि श्वास तन मृतक निशानी ॥
तब राजा सब सिद्ध बोलाये, मान भरे उठीके सब आये ॥३४॥

नृपति कहे उठावो याकुं, जीता करो सिद्ध सत्य भाखुं ॥
तब सब सिद्ध मान मगरुरा, बोलेउ सठ सब क्रोधातुरा ॥३५॥

सुनो भूप एक बात हमारी, हम नां करब करी हे ब्रह्मचारी ॥
जोरी पानी नृप नाई के माथा, कहत उठावो याहिं तुम नाथा ॥३६॥

सोरठा : तब हरि निकट ही आय, अविलोका हरि दृष्टि भरी ॥
उठा तुरत परा पाय, बिस्मित भये नरनारी सब ॥३७॥

कहत लोक सब कोई, हे ईश्वर यह जगतपति ॥
लीन मनुष्य तनुं सोई, भाग्य अपना भया दरस वर ॥३८॥

બેહાલ થઈને પડી ગયા અને તેને જીવવાની આશા પણ છૂટી ગઈ. તેના મોઢા ઉપર તરત જ ફીણ આવી ગયા. તેને દેખીને બધા નરનારીઓ બોલવા લાગ્યા કે "હવે આ સાધુ જીવશે નહિ. હવે આનાં શરીરમાં શ્વાસ ચાલતો નથી. અને તે જ તેના મૃત્યુની નિશાની છે."

પછી રાજાએ બધા સિદ્ધોને ત્યાં બોલાવ્યા. તેથી માનથી ભરેલા તે બધા સિદ્ધો ઊઠીને ત્યાં આવ્યા. ૩૩-૩૪. રાજાએ સિદ્ધોને કહ્યું કે 'હવે તમે આ પડેલા ગોપાળદાસને ઉઠાડો. આપ આને જીવતો કરો તો હું તમને સાચા સિદ્ધ કહું.' તે વખતે ઘણા માની, ગર્વિષ્ઠ અને ક્રોધાતુર એવા બધા શઠ સિદ્ધો બોલ્યા કે ૩૫. 'મહારાજા, આપ અમારી એક વાત સાંભળો; અમે આને જીવતો નહિ કરીએ. આને તો આ બ્રહ્મચારી જીવતો કરશે.' પછી રાજાએ બે હાથ જોડી, મસ્તક નમાવી નાથ શ્રીહરિને કહ્યું કે 'પ્રભુ, આપ આ ગોપાળદાસને ઉઠાડો.' ૩૬. તે વખતે શ્રીહરિ ગોપાળદાસની પાસે આવ્યા અને તેને અમૃતભરી દૃષ્ટિથી જોયો. ત્યારે

दोहा : मूठ डारी'ती सिद्ध जेही, परी तासशिर जाई ॥
पर बिकल होय धरनी पर, भरी धूर मुख मांई ॥३९॥
बहा फैन मुख सुध नही, परा होई बे हाल ॥
पीछे दूसरे सिद्ध सब, धाई आये ततकाल ॥४०॥
तब तेही कीन उपाय अति, न परा फेर रति मात्र ॥
प्रेमानंद कहे हारीके, भये सिद्ध हत गात्र ॥४१॥

इति श्रीसजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते निज प्रताप दर्शन सिद्ध मान मर्दन नामा एकोनविंशोऽध्याय: ।।१९।।



તે ગોપાળદાસ તરત જ ઊઠીને શ્રીહરિનાં ચરણમાં પડ્યો. તે દેખીને બધા જ નરનારીઓ વિસ્મય પામ્યા. ૩૭. ત્યારે સહુ કોઈ લોકો બોલવા લાગ્યા કે **'આ વર્ણી જ જગત્પતિ પરમેશ્વર છે. તેમણે મનુષ્યનું શરીર ધાર્યું છે અને આપણા સદ્‌ભાગ્યથી જ તેમનાં દર્શન થયા છે.'** ૩૮. પછી તો જે સિદ્ધે ગોપાળદાસના ઉપર મૂંઠ નાંખી હતી તે મૂંઠ તેના ઉપર જ અવળી પડી. અને તરત જ તે બેભાન થઈને જમીન પર ઢળી પડ્યો અને તેના મુખમાં ધૂળ ભરાઈ ગઈ. ૩૯. મોઢામાંથી ફીણ નીકળવા માંડ્યા. તેને શરીરની કાંઈ સૂધ રહી નહિ. બેહાલ થઈને તે પડ્યો રહ્યો. પછી તો બીજા બધા સિદ્ધો તત્કાળ ત્યાં દોડી આવ્યા. ૪૦. તે સમયે તે બધા સિદ્ધોએ ઘણા ઉપાયો કર્યા, પણ તેમાં રતિભાર પણ ફેર પડ્યો નહિ. પ્રેમાનંદસ્વામી કહે છે કે 'પછી તો તે બધા સિદ્ધો પરાજિત થઈ ગયા અને મડદા જેવા થઈને પડ્યા રહ્યા.' ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિએ પોતાનો પ્રતાપ બતાવ્યો અને સિદ્ધોનું માન ટાળ્યું' એ નામે ઓગણીશમો અધ્યાય સમાપ્ત-૧૯



अध्याय - २०

दोहा : परे चरन ग्रही नाथके, भये दीन तजी मान ॥
तब हरि सिद्ध समीप जई, हेरा कृपा निधान ॥०१॥
अमृत दृष्टि देखीके, लीना नाथ बचाई ॥
तब सब सिद्ध बिलोकीके, मुदित भये मनमांई ॥०२॥
सोरठा : स्तवन करत हे सिद्ध, जोरी पानी पद नाई शिर ॥
मान भंग सब बिद्ध, भये भेख गई लाज तब ॥०३॥
जंत्र मंत्र बल दाखी, करते पोषन उदर कर ॥
बुडे घृत ज्युं माखी, भये सिथल तजी मान मन ॥०४॥

અધ્યાય - ૨૦

દ્વિજને મહાદાન, પાપમોચન અને નૃપસ્તુતિ

પછી તો બધા સિદ્ધો ભક્તપતિ શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને અતિશય દીનભાવે માન તજીને ચરણ પકડ્યાં. પછી શ્રીહરિ ઊભા થઈને બેભાન પડેલા તે સિદ્ધ પાસે ગયા અને કૃપાનિધિએ તેની સામે દૃષ્ટિ કરી. ૧. ભક્તપતિ શ્રીહરિએ અમૃતમય દૃષ્ટિથી દેખીને બેભાન પડેલા તે સિદ્ધને બચાવી લીધો. તે જોઈને બધા સિદ્ધો મનમાં ઘણું રાજી થયા. ૨. પછી બધા સિદ્ધો બે હાથ જોડી, ચરણમાં મસ્તક નમાવીને વર્ણિરૂપ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. આ રીતે બધા સિદ્ધોનું બધી રીતે માન ગયું અને તે ભેખધારીઓની સમાજમાં આબરૂ ગઈ. ૩. તે સિદ્ધો જંત્ર તથા મંત્રનું બળ દેખાડીને પોતાનું ઉદર પોષણ કરતા હતા, પણ તે સમયે તો ઘીમાં પડેલી માખીની જેમ માન છોડીને બધા મનથી ઢીલા થઈ ગયા. ૪. પછી તો રાજાએ આવીને શ્રીહરિને ચરણે માથું નમાવ્યું અને કુટુંબે સહિત શરણે થયા. બીજા બધા સિદ્ધોને તો કુટીલ, ખળ અને કામી માન્યા. તેમજ શ્રીહરિનો દ્રોહ કરનારા તે સિદ્ધોને તો

चोपाई :

भूपति आई चरण शिर नावा, कुटुंब सहित हरि शरने आवा ॥
जाने सिद्ध कुटील खल कामी, हरि कर द्रोही लुनहरामी ॥०५॥
गम नहीं हरिकी लवलेषा, शिश्न उदर पोषन कीन भेषा ॥
हे सब दंभ कपटकी खाना, दुर्योधन शिशुपाल समाना ॥०६॥
कालनिमि रावन से कपटी, देत बिभूती मंत्री के चपटी ॥
धूती धूती धन करत निवाहू, कीन गति हरि ज्युं रिपु राहू ॥०७॥
अस अभाव नृपति मन आवा, धूती धूती मम धन सब खावा ॥
मिले हरि तब लछन जाना, त्याग कीन सब रिपु समाना ॥०८॥
सुनी लेउ एक कौतक आना, राज द्वार रहे श्री भगवाना ॥

લૂણહરામી માન્યા. ૫. તે બધા સિદ્ધોને લેશમાત્ર પણ ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન હતું નહિ. તે ભેખધારીઓ એકમાત્ર શિશ્ન અને ઉદરનું પોષણ કરનારા હતા.

રાજાએ માન્યું કે 'આ બધા ભેખધારીઓ દંભ અને કપટની ખાણ જેવા અને દુર્યોધન તથા શિશુપાળના જેવા છે. ૬. તે બધા કાળનેમી અને રાવણ કરતા પણ વધારે કપટી છે, એટલે લોકોને મંત્રેલી ચપટીભર રાખ આપતા હતા. લોકોને ધૂતી ધૂતીને ધન મેળવીને નિર્વાહ કરતા હતા. દેવોના શત્રુ રાહુના જેવી તે બધા સિદ્ધોની ગતિ શ્રીહરિએ કરી.' ૭. પછી તો રાજાનાં મનમાં તે બધા સિદ્ધોનો અભાવ આવ્યો કે જે લોકો ધૂતી ધૂતીને મારું બધું ધન અત્યાર સુધી ખાઈ રહ્યા છે. જ્યારે સિદ્ધવલ્લભ રાજાને સાચા રૂપમાં શ્રીહરિ મળ્યા ત્યારે તેણે સિદ્ધોનું લક્ષણ જાણ્યું અને પછી તો બીજા બધા ખોટા સિદ્ધોનો શત્રુની સમાન ત્યાગ કરી દીધો. ૮.

❁ વર્ણીરાજે તૈલંગી વિપ્રને જીવતદાન આપ્યું :

તે અવસરે એક બીજી આશ્ચર્યકારી ઘટના બની હતી, તેને સહુ સાંભળો. જ્યારે ભગવાન શ્રીહરિ સિદ્ધવલ્લભ રાજાના દરબારમાં રહ્યા

ते ही अवसर एक बिप्र तैलंगा, आवा नारी सुत लेई निज संगा ॥०९॥
पढा शास्त्र पुनि बेद पुराना, जगति बिदित प्रसिद्ध प्रमाना ॥
आवा सिद्धवल्लभ नृप पासा, दान लेन की मन अभिलासा ॥१०॥
धर्मिष्ठ हे भूप प्रबीना, विद्वान जानी दान बड दीना ॥
दीना नृप हस्ति कर दाना, दीन कनक पुनि करी सनमाना ॥११॥
लेतही तुरत बिप्र कर देहा, भया अंजनवत भूसुर तेहा ॥
सांवल भया मिटी तन गोरा, नग्र बासी जन देखन दौरा ॥१२॥
भया धरामर सांवल अंगा, कहत लोक तोहे धिक तिलंगा ॥
तब द्विज हरिकर शरने आवा, जोरी पानी निज गाथ सुनावा ॥१३॥
हे नाथ हे अंतरजामी, बहुत भया दुःख मोई अब स्वामी ॥
मैं जानु अब होई हुं सुखिया, अब तो भया सो गुना दुःखिया ॥१४॥

હતા તે સમયે એક તૈલંગી બ્રાહ્મણ પોતાની પત્ની અને પુત્રને સાથે લઈને ત્યાં આવ્યો. ૯. તે વિપ્ર વેદ, પુરાણ આદિ શાસ્ત્રને ભણેલ હતો. અને જગતમાં પ્રસિદ્ધ તથા પ્રામાણિક વિદ્વાન હતો. દાન લેવાની મનમાં ઈચ્છા હતી તેથી તે સિદ્ધવલ્લભ રાજાની પાસે આવ્યો. ૧૦. વિચક્ષણ રાજા સિદ્ધવલ્લભ ધર્મનિષ્ઠ હતા. તેણે તે તૈલંગી વિપ્રને સારો વિદ્વાન જાણીને ઘણું દાન આપ્યું. વળી, સન્માન કરીને તેને હાથીનું દાન આપ્યું, તેમજ સોનાનું પણ ઘણું દાન આપ્યું. ૧૧. તે તૈલંગી વિપ્રે જેવું દાન લીધું કે તરત જ તેનું શરીર કાળું આંજણ જેવું જઈ ગયું. તેનું શરીર ગોરું હતું તે મટીને કાળું થઈ ગયું. તેથી તે સમયે બધા નગરવાસી લોકો તેને જોવા માટે દોડ્યા. ૧૨. બ્રાહ્મણ શરીરે કાળો થઈ ગયો ત્યારે લોકો તે તૈલંગી બ્રાહ્મણને ધિક્કારવા લાગ્યા.

પછી તો તે વિપ્ર શ્રીહરિને શરણે આવ્યો અને બે હાથ જોડીને પોતાની બધી વાત કહી સંભળાવી. ૧૩. 'હે સ્વામી ! હે અંતર્યામી ! હે નાથ ! આજે મને ઘણું દુઃખ આવી પડ્યું છે. મેં માની લીધું હતું કે

दोहा : रहुं नाथ मैं अकिंचन, घरमें बहुत बनाई ॥
ग्रहनी कहे स्वामी चलो, कहुं दान जाचने जाई ॥१५॥
दालीद्र के दुःख से, आवा भूपति पास ॥
दान लीन मैं हस्ति कर, यह गति भई अविनास ॥१६॥

सोरठा : अब मैं मरी हु नाथ, नई जीवतकर सुख सदन ॥
ग्रहो नाथ तुम हाथ, करो जतन जो बने तुमसुं ॥१७॥
कीजे क्रिपा क्रिपाल, दीजे जीवत दान अब ॥
आवा मोर अंतकाल, यह जीवत ते मरन भल ॥१८॥

चोपाई :
मरी हे ब्राह्मन नई संदेहा, अस जानी प्रभु परम सनेहा ॥
कमल नयन दृष्टि करी हेरा, अस करुना दृष्टि मही प्रेरा ॥१९॥

મોટું દાન લઈને હું સુખી થાઉં. પરંતુ તે દાન લીધા પછી તો હું સો ગણો વધારે દુઃખી થઈ ગયો છું. ૧૪.

હે સર્વાધાર શ્રીહરિ ! હું અકિંચન ગરીબના રૂપમાં ઘરમાં ખૂબ શાંતિથી રહેતો હતો, પરંતુ મારી પત્નીએ કહ્યું કે 'હે નાથ ! ચાલો આપણે ક્યાંક દાન લેવા જઈએ. ૧૫. દારિદ્ર્યનાં દુઃખથી પીડાયેલો હું રાજા પાસે આવ્યો. અને મેં રાજા પાસેથી હાથીનું દાન લીધું. હે અવિનાશી પ્રભુ ! તે દાન લીધા પછી મારી આ ગતિ થઈ છે. ૧૬. હે સર્વાત્મા ! હવે હું મરી જઈશ. હે સુખના આશ્રયભૂત પ્રભુ ! હું જીવીશ નહિ. હે સર્વાધાર શ્રીહરિ ! આપ મારો હાથ પકડો અને આપનાથી જે બને તેટલી મારી રક્ષા કરો. ૧૭. હે કૃપાળુ ! મારા ઉપર કૃપા કરો અને હવે મને જીવનદાન આપો. મારો અંતકાળ નજીક આવ્યો છે. આવા નિંદિત જીવન કરતા તો મરણ ભલું છે.' ૧૮.

આ બ્રાહ્મણ નિઃસંદેહ મરી જશે એમ જાણીને કમળનયન પ્રભુ શ્રીહરિએ ઘણા સ્નેહ ભરેલી અમૃત સમાન દૃષ્ટિ તેના ઉપર કરી અને

मिटी शाम भयो गौर शरीरा, जस रहा पैले तस भया धीरा ॥
परा बिप्र बर्नि कर पाई, तुम निश्चे ईश्वर सुरराई ॥२०॥
अब कीजे मोई शिष्य तुमारा, होई प्रभु मोरा निस्तारा ॥
तब हरिकृष्ण मंत्र सुनावा, यह प्रकार द्विज शुभ गति पावा ॥२१॥
श्रीहरि कर गुन गावत बिप्रा, गवा देश मही होई पवित्रा ॥
देखी लोक सब अचरज पावा, भया भूप मन परम उछावा ॥२२॥
कौन मैं जप तप सुक्रित कीना, तेही कर फल आजु मोहे दीना ॥
करत बिनय नृपति कर जोरी, पुरउ नाथ आश अब मोरी ॥२३॥
तापस रूप परम अघहारी, रहउं मोर नेननी ब्रह्मचारी ॥
येही मोर प्रार्थना स्वामी, और न इच्छु अर्थ सकामी ॥२४॥

તેમાં એવી કરુણામય દૃષ્ટિ પ્રેરી કે તેનો શ્યામ વર્ણ મટી ગયો અને શરીર ગૌર વર્ણ થયું. તે ધીર બ્રાહ્મણ પહેલા જેવો હતો તેવો થઈ ગયો. પછી તો તે તૈલંગી વિપ્ર વર્ણિરાજ શ્રીહરિનાં ચરણમાં પડ્યો અને એમ બોલ્યો કે ‘આપ તો ચોક્કસ દેવાધિદેવ પરમેશ્વર છો.’ ૧૯-૨૦. તેણે કહ્યું કે ‘પ્રભુ, હવે મને આપ પોતાનો શિષ્ય કરો, જેથી મારો ઉદ્ધાર થાય.’ પછી શ્રીહરિએ તેને **‘હરિકૃષ્ણ’** આવો મંત્ર કહી સંભળાવ્યો. અને પછી તે વિપ્ર કહ્યું તે રીતે શુભગતિને પામ્યો. ૨૧. પછી તો તે વિપ્ર શ્રીહરિના ગુણ ગાતો ગાતો પરમ પવિત્ર થઈને પોતાના દેશમાં ગયો.

આ બધું દેખીને સહુ લોકો આશ્ચર્ય પામ્યા અને સિદ્ધવલ્લભ રાજાનાં મનમાં પણ અતિશય ઉત્સાહ વધ્યો. ૨૨. ‘મેં અત્યાર સુધીમાં જપ, તપ અથવા શું પુણ્ય કર્યું હશે કે જેને લીધે આજે મને પ્રભુએ આવું ફળ આપ્યું.’ પછી રાજાએ બંને હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું કે “હે નાથ ! હવે આપ મારી આશાને પૂરી કરો. ૨૩. પાપને ટાળનારું આપનું સર્વોત્તમ તપસ્વી, બ્રહ્મચારી સ્વરૂપ સતત મારા નેત્રની આગળ રહે. હે સ્વામી ! મારી આટલી જ પ્રાર્થના છે. હું બીજા કોઈ પદાર્થને

अस प्रार्थना कीन भूपाला, तथास्तु वर दिन दयाला ॥
यह बिधि ऊतरा चातुर्मासा, आवा कार्तिक भया आसु नासा ॥२५॥
तदंनतर श्रीहरि सब सिद्धा, पूजेउ नृपति दिन बहु रीद्धा ॥
भये बिदा देई आशीरबादा, चले हरि संग करत शंखनादा ॥२६॥
हरि संग सिद्ध बहु सुख पावा, चलत कामाक्षी बन प्रभु आवा ॥
ऊतरे सब एक बगिया मैयां, कीन रसोई जेये तरु छैया ॥२७॥
तिकरे निकट कोस एक गामा, बसे बिप्र तहां पिबैक नामा ॥
सिद्ध मंडल आवा सुनी कानी, आवा धाई तुरत अभिमानी ॥२८॥
दोहा : देखु सिद्धाई सिद्ध कर, करुं शिष्य सब मोर ॥
भै भवानी प्रसन्न मन, दीन भक्ष बर जोर ॥२९॥

ચાહનારો સકામ નથી." ૨૪. ઉપર કહ્યા પ્રમાણે રાજાએ જ્યારે પ્રાર્થના કરી ત્યારે દીનદયાળુ પ્રભુએ 'તથાસ્તુ' એમ બોલીને તેને વર આપ્યો. સિરપુરમાં કહ્યું તે રીતે ચાતુર્માસ પૂરો કર્યો. આસો મહિનો ઊતર્યો અને કાર્તિક માસ આવ્યો. ૨૫. તે પછી રાજાએ શ્રીહરિ તથા બધા સિદ્ધોની પૂજા કરી અને સિદ્ધોને ઘણી જાતની રિદ્ધિ સિદ્ધિ આપી. આશીર્વાદ આપીને સહુ સિદ્ધો તથા શ્રીહરિ સિરપુરથી ચાલતા થયા. અને તે સમયે બધા સિદ્ધો પણ શંખનાદ કરતા કરતા શ્રીહરિની સાથે ચાલ્યા. ૨૬.

❁ શ્રીહરિ કામાક્ષી આવ્યા અને પિબૈક પરાજય :

સિદ્ધો શ્રીહરિની સાથે રહીને ઘણા સુખી થયા. પ્રભુ ચાલતા ચાલતા આગળ કામાક્ષી વનમાં આવ્યા. સહુ એક બગીચામાં ઊતર્યા અને રસોઈ બનાવીને વૃક્ષની છાંયામાં સહુ જમ્યા. ૨૭. જ્યાં સિદ્ધોએ સહિત શ્રીહરિ રહ્યા હતા તેને નજીક એક કોશ જેટલે દૂર એક ગામ હતું. ત્યાં પિબૈક નામે એક બ્રાહ્મણ રહેતો હતો. સિદ્ધોનું મંડળ આવ્યું છે એવું સાંભળીને મહા અભિમાની પિબૈક તુરંત જ ત્યાં દોડતો આવ્યો. ૨૮. તે મનમાં વિચારતો હતો કે હું સિદ્ધોની સિદ્ધાઈને દેખું અને આ

करीहुं पूजन सब बिधि, पंचमकार करी प्रीत ॥
बिनुं हेरे पशु आये घर, करी हुं जग्य रसरीत ॥३०॥

सोरठा : पिबैक करत बिचार, करन घात सब सिद्ध कर ॥
निकसा ता महि सार, सो सब सुनो हरिजन सकल ॥३१॥

रहा ब्राह्मन ये शुद्ध, वय कुमार किशोर मई ॥
महा पवित्र मति बुद्ध, भया तरुन कीन तरुनी संग ॥३२॥

चोपाई :

मिल वामी कींन मांस अहारी, महाकाली पूजक भया भारी ॥
कौलियार्नव ग्रंथ पढावा, पूजा बिधि सब ही शिखावा ॥३३॥

काली उपासक भया अति भारी, करत पान नितप्रति कुलवारी ॥
बना सिद्धकुं जीतन काजा, सजा देह शिंगार सुं ताजा ॥३४॥

मद्य मांस खाई भया माता, तिछन त्रिशूल ग्रहा निज हाथा ॥

બધાને મારા શિષ્ય બનાવું. આજે દેવી ભવાની પોતાનાં મનમાં મારા ઉપર ઘણા પ્રસન્ન થયા છે અને મને ઘણું જોરદાર ખાણું આપ્યું છે. ૨૯. આજે હું પંચ મકારની રીતે પ્રેમથી સંપૂર્ણ રીતે દેવીની પૂજા કરીશ. આજે તો વગર દેખ્યા પશુ ઘેર આવ્યા છે અને હું સારી રીતે તેનાથી યજ્ઞ કરીશ. ૩૦. આ પ્રમાણે વિચાર કરતો પિબૈક બધા સિદ્ધોની ઘાત કરવાના આશયથી આવ્યો. અને તેમાંથી જે સાર નીકળ્યો તે હું કહું છું. તો સમગ્ર હરિભક્તો સાંભળો. ૩૧.

પિબૈક પહેલા તો શુદ્ધ બ્રાહ્મણ હતો. કુમાર અને કિશોર અવસ્થામાં તો ઘણો પવિત્ર અને શુદ્ધ બુદ્ધિનો ડાહ્યો હતો. જ્યારે તે જુવાન થયો ત્યારે તે એક યુવતીને પરણ્યો. ૩૨. પછી તે સમયના શક્તિપંથીઓએ મળીને તેને માંસાહારી કરી દીધો. અને પછી તો તે મોટો મહાકાળીનો પૂજક બન્યો. કૌલાર્ણવ ગ્રંથને તે ભણ્યો અને તેમાં કહ્યા મુજબ દેવીનો બધો પૂજાવિધિ શીખ્યો. ૩૩. તે ઘણો મોટો કાલિકાનો ઉપાસક બન્યો અને રોજ કુલવારીનું પાન કરતો હતો. તે પિબૈકે સિદ્ધોને જીતવાને માટે

सिंदुरा लेपन कीन ललाटे, चला मस्त होई डोलत बाटे ॥३५॥
नारी रजमें रोरी भिजोई, दीन भाल बीच बिंदा सोई ॥
पुनि कुलवारि पान बहु कीना, बढा सो तन मर्दन करी लीना ॥३६॥
खाई मीन चला मदमाता, बांधा शिरमें दुपटा राता ॥
शिर पर बक्र उरजी रहे केशा, बहुत बुरा लागत तन भेशा ॥३७॥
आप कहावे सिद्ध कर स्वामी, देश बिदित जाने बड बामी, ॥
जो कोउ सनमुख बांधे आई, बिन मारे ना छोरत ताई ॥३८॥
ऐसा बुरा बड पाप पहारा, सुरा पान पलपल करनारा ॥
अस्थि माल बांधी गलमैया, लगत बुरा मानु जम कर भैया ॥३९॥
नरनारी जे गाम कर बासी, आवा संग ले भूत सेनासी ॥
लंबकरन ज्युं बोला आई, मदिरा भभक छूटी मुखमांई ॥४०॥

પોતાના શરીરને શક્તિપંથીની રીતે સારી રીતે શણગારોથી સજાવ્યું. ૩૪. માંસ ખાઈ, દારૂ પી અને એકદમ ઉન્મત્ત થઈ ગયો અને હાથમાં એક તીક્ષ્ણ ત્રિશૂળ ઉઠાવ્યું. એણે કપાળમાં સિંદૂરનો લેપ કર્યો. પછી મદોદ્ધત્ત થયેલો તે વાટમાં ડોલતો ડોલતો ચાલ્યો. ૩૫.

સ્ત્રીના રજમાં ભીંજાવેલ કંકુથી લલાટની વચ્ચે નાનો ચાંદલો કર્યો. વળી ફરીને ઘણું કુલવારી પીધું. પીતા જે વધ્યું તે બધું શરીર ઉપર ચોળી દીધું. ૩૬. તે મદમાતા પિબૈકે માછલાં ખાધાં અને માથા ઉપર એક રાતો દુપટો બાંધ્યો. તેના માથા ઉપર વાંકડિયા વાળ ઊછળતા હતા અને તેના શરીરનો વેષ ઘણો ભૂંડો લાગતો હતો. ૩૭. તે પોતાને સિદ્ધોનો સ્વામી કહેવડાવતો હતો. અને તે દેશમાં તો એ મોટો શક્તિપંથી હોય તેવો પ્રસિદ્ધ હતો. કોઈ પણ તેની સામે આવીને કાંઈ વિરુદ્ધ શબ્દ બોલે તો તેને માર્યા સિવાય તે છોડતો નહિ. ૩૮. આવો તે ભૂંડો મોટા પાપના પહાડ જેવો હતો. ક્ષણે ક્ષણે તે સુરાપાન કરનારો હતો. તેણે ગળામાં હાડકાંની માળા બાંધી. માનો, તે વખતે તે જમના ભાઈ કરતા પણ ભૂંડો લાગતો હતો. ૩૯. તે પોતાના ગામમાં રહેનારા ભૂતની સેના જેવા બધા

सोरठा : कोन हो रे तुम कूर, सिद्ध बनी बैठे सकल ॥
आवा मोत जरूर, आज तुमार सठ सबन कर ॥४१॥
सिद्ध धराय के नाम, उदर भरन बटु रेहो खल ॥
ग्रहो सकल मत वाम, तजो तिलक कंठी तुरत ॥४२॥

दोहा : आज कौन हे सिद्ध वर, हम बिन अवनी माई ॥
नाम धरावे सिद्धका, तो निश्चे मारुं ताई ॥४३॥
होउ शिष्य मोरे सकल, माला जनेउ उतारी ॥
प्रेमानंद कहे सिद्ध सब, आवा संकट भारी ॥४४॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते द्विज महादान पापमोचन नृप स्तुति नामा विंशोऽध्याय: ॥२०॥



જ નરનારીઓને સાથે લઈને આવ્યો. તે આવીને ગધેડાની જેમ જ્યારે બોલ્યો ત્યારે તેનાં મુખમાંથી દારૂની ભભક છૂટતી હતી. ૪૦. પિબૈક બોલ્યો કે ‘અરે, તમે બધા મિથ્યા સિદ્ધ બની બેઠેલા કોણ છો ? આજ તમારું સહુ શઠોનું મોત જરૂર આવ્યું છે. ૪૧. તમે બધા સિદ્ધ એવું નામ ધારીને પેટ ભરવા માટે ખળતાઈથી બટુક બ્રહ્મચારી બની બેઠા છો. તમે સહુ અત્યારે મારા વામપથને સ્વીકારો અને કપાળમાંથી તિલક તથા ગળામાંથી કંઠીનો તત્કાળ ત્યાગ કરો. ૪૨. આજે આ ભૂમિ ઉપર મારા સિવાય શ્રેષ્ઠ સિદ્ધ કોણ છે ? જે કોઈ સિદ્ધ આવું નામ ધરાવતો હોય તો તેને હું ચોક્કસ મારી નાંખું. ૪૩. તમે બધા માળા અને જનોઈને ઉતારી નાંખીને મારા શિષ્ય થઈ જાઓ.’ પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે વખતે બધા સિદ્ધોના ઉપર મોટું સંકટ આવી પડ્યું. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં ‘દ્વિજને મહાદાન, પાપમોચન અને નૃપસ્તુતિ કહી’ એ નામે વીશમો અધ્યાય સમાપ્ત-૨૦



अध्याय - २१

दोहा : शिष्य होई पूजो चरन, मन क्रम बचने मोर ॥
नहिं तो वीर बोलाउं अब, मारी डारी हे ठोर ॥०१॥
बडे बडे में जीतीके, कीने बस लई लाज्युं ॥
तुम जैसे किंकरनकी, कोन गिनती हे आज्युं ॥०२॥
सोरठा : तुम तो भछन मोर, सिंघ अजा जैसे ग्रहत ॥
भूत प्रेत बर जोर, खै हे मांस तुम सबन कर ॥०३॥
अबही बोलाऊं लाख, कृत्या आदिक बीर गन ॥
लोउ तुमारा चाख, करी हे चटनी हरखी सब ॥०४॥
चोपाई :
ऐसे बोला बहु बल दाखी, पिबैक लाल करी निज आंखी ॥
भये सिद्ध सब बिकल बिच्यारे, आवा मोत नहिं बिलंब लगारे ॥०५॥

અધ્યાય - ૨૧

પિબૈકનું માનમર્દન

પિબૈકે સિદ્ધોને કહ્યું કે, 'તમે મારા શિષ્ય થાઓ અને મન, કર્મ, વચનથી મારા ચરણને પૂજો. જો તેમ નહિ કરો તો હું અત્યારે જ વીરોને બોલાવું છું અને અહીં જ તમને મારી નાખીશ. ૧. મોટા મોટાઓને પણ મેં જીતીને તેની લાજ લીધી અને વશ કર્યા છે. તમારા જેવા દાસોની તો આજ શી ગણતરી છે ? ૨. સિંહને બકરી જેમ ખાજ હોય તેમ તમે તો મારું ખાજ છો. મારા સાધેલા ભૂતો અને પ્રેતો ઘણા જોરદાર છે. તે તમારા બધાનું માંસ ખાશે. ૩. હું અત્યારે જ લાખો કૃત્યાઓ આદિ વીરના ગણને બોલાવું છું. તે બધા તમારાં રુધિરને ચાખીને તમને હરખથી ચટણી કરી જાશે.' ૪. આ રીતે ઘણું બળ દેખાડી, પોતાની આંખો લાલ કરીને પિબૈક ઘણું બોલ્યો. તે સમયે બિચારા બધા સિદ્ધો વિહ્વળ થઈ ગયા અને તેમણે માન્યું કે હવે આપણું મોત તરત જ આવ્યું છે, તેમાં કાંઈ વિલંબ નથી. ૫.

कवन उपाय करीहुं भाई, दुष्ट बचन नहिं खाली जाई ॥
ए कर मनमां दया न लेशा, कहे सो करीए उतारी भेषा ॥०६॥
तो उगरिए मोतते आज्युं, नई तो मरीहुं सकल समाज्युं ॥
नाहिं उपाय अब कोउ आना, आवा मृत्यु निश्चे जाना ॥०७॥
धरिये जनेउ कंठी निकारी, भये बिकल ज्युं मीन बिन वारी ॥
तब बोले हरि हसी प्रबीरा, सुनो सिद्ध तनी धरो मन धीरा ॥०८॥
राखउ हरिकर दृढ बिस्वासा, हरि हे संकट हरि अविनासा ॥
जै हे प्रान एक ही बारा, जब तब निश्चे करो निरधारा ॥०९॥
कैसे उतारिये प्रभु कर बाना, शिरके साटे जानो सुजाना ॥
राखो धीर डरो मत कोई, करे शिष्य सब पहिले मोई ॥१०॥
तदपि भेख धीर नहीं धारी, तुमको नाथ डारी हे मारी ॥

સિદ્ધો વિચારે છે કે અરે ભાઈ ! આપણે શો ઉપાય કરશું. આ દુષ્ટનું વચન ખાલી જશે નહિ. આના મનમાં લેશમાત્ર પણ દયા નથી. હવે આપણે આપણા કંઠી, તિલક કે વેશ બધો ઉતારી નાખીએ અને તે કહે તેમ કરીએ. ૬. અને એમ કરશું તો જ આજે આપણે મોતથી ઊગરશું. જો નહિ કરીએ તો આપણો બધો સમાજ મરશે. હવે બચવાનો બીજો કોઈ ઉપાય નથી. આપણું મૃત્યુ ચોક્કસ આવ્યું છે એમ જાણો. ૭.

પાણી વિનાના વિહ્વળ થયેલા માછલાંની જેમ તે સિદ્ધો જનોઈ અને કંઠી કાઢીને આગળ મૂકવા તૈયાર થયા ત્યારે વીરતાયુક્ત પ્રભુ શ્રીહરિ બોલ્યા, 'હે સિદ્ધો ! સાંભળો. મનમાં થોડી ધીરજ રાખો. ૮. ભગવાન ઉપર દઢ વિશ્વાસ રાખો. અવિનાશી ભગવાન તમારા સંકટને ટાળશે. મનમાં એક નિશ્ચય રાખો કે, ગમે ત્યારે એક વખત તો પ્રાણ જવાના જ છે. ૯. આપણે ભગવાનની લીધેલી ટેક કેમ છોડીએ. એ ભગવાનની ટેક તો માથા સાટે છે, એમ તમે સુજ્ઞ છો તો સમજો. થોડી ધીરજ રાખો. કોઈ ડરો નહિ. આ પિબૈક પહેલા મને શિષ્ય કરે.' ૧૦.

दुष्ट करे नै कौन बुराई, जानो बर्निराज मन मांई ॥११॥
दुष्ट न तजे निज दुष्ट स्वभाउ, कालनेमि जिमि रावन राहू ॥
सुनी सिद्धकी करूई बानी, बोला दुष्ट क्रोध उर आनी ॥१२॥
बोला पिबैक बडा हत्यारा, तुरत मनुष्यकुं मारनहारा ॥
आवा मोत अब तव ब्रह्मचारी, बदत काल बश्य करी तियारी ॥१३॥
बोलत तुं बालक मति थोरी, तोही देखाउ सामृथी मोरी ॥
देख तुं यह बट वृक्ष हवाला, अब ही सुखइ देउँ ततकाला ॥१४॥
दोहा : डारी मूठ अस बोलीके, लिला बट गया सूख ॥
मान कहा बर्नी मम, नहिं तो मारुँ अचूक ॥१५॥
नहीं बतियाँ कुष्मांड कर, जरी हे तर्जनी देखी ॥
नहीं हे बीर वाला ज्युं कर, छुंवत सकुचे वीशेखी ॥१६॥

છતાં પણ ભેખધારીઓ ધીરજ ન રાખી શક્યા અને બોલ્યા કે 'હે નાથ ! તમને આ પિબેક મારી નાખશે. દુષ્ટ માણસ કઈ જાતની બુરાઈ ન કરે ? વર્ણિરાજ ! તમે મનમાં કાંઈક સમજો. ૧૧. કાળનેમી, રાવણ અને રાહુના જેવો આ દુષ્ટ માણસ પોતાના દુષ્ટ સ્વભાવને છોડશે નહિ.'

ત્યાં રહેલા પિબૈકે જ્યારે સિદ્ધોની આવી કડવી વાણી સાંભળી ત્યારે તે ઘોર હત્યારો અને તરત જ મનુષ્યને મારનારો એવો દુષ્ટ પિબૈક દિલમાં ક્રોધ લાવીને બોલ્યો, 'એ બ્રહ્મચારી ! હવે તારું મોત આવ્યું છે. કાળને વશ થઈ મરવાની તૈયારી કરીને તું બોલી રહ્યો છો. ૧૨-૧૩. તું બાળક છો. તારી બુદ્ધિ થોડી છે. તેથી જ બોલે છે. છતાં હું તને મારું સામર્થ્ય દેખાડું છું. તું આ વડના ઝાડની હાલત દેખ. હમણા તરત જ તેને સૂકવી નાખું છું.' ૧૪.

આમ બોલીને પિબૈકે વડના લીલા ઝાડ ઉપર મૂઠ નાંખી. તેથી તે વડ સૂકાઈ ગયો. પછી તે બોલ્યો કે 'હે વર્ણી ! તું મારું કહ્યું માન. નહિ તો હું તને અચૂક મારી નાખીશ. ૧૫. આ કુષ્માંડ કે ભૂતપ્રેતાદિકની

कहत हरि सुन पिबैक, करी ले प्राकम तोर ॥
अस कही बैठे बिरासन, शत्रु मान मद तोर ॥१७॥

सोरठा : और सिद्ध तजी धीर, हरि पीछे बैठे कंपत ॥
उपजी मरन मन पीर, डरत बिचारे रंक जिमि ॥१८॥

तब हरि पर करी रीस, डारेउ मांसा मंत्री शठ ॥
बैठे रहे जगदीश, कछुं न उपज्या कुमती कर ॥१९॥

चोपाई :

पुनि कोपी बोला अहंकारी, रहे तुं सावधान ब्रह्मचारी ॥
आजु ना बची हो मारे बिना, अब मैं सत्य प्रतिज्ञा लिना ॥२०॥
अस बोली पुनि मूठ चलाई, फेर न परा कछुं एक राई ॥

ખાલી વાતો નથી. મારી આંગળી સામે દેખ બળી જઈશ. મારા મોકલેલા વીર એ સાધારણ નથી. એ સ્પર્શ કરતાની સાથે જ ખાસ કરીને તારું ઢીમ ઢાળી દેશે.' ૧૬.

ત્યારે શ્રીહરિએ કહ્યું, ' પિબૈક ! સાંભળી લે, તારું જે પરાક્રમ હોય તે કરી લે.' આટલું બોલીને શત્રુના માન તથા મદને તોડનારા શ્રીહરિ વીરાસને બેસી ગયા. બીજા બધા સિદ્ધો તો ધીરજ ખોઈને ધ્રૂજતા ધ્રૂજતા શ્રીહરિની પાછળ બેઠા. તેમના મનમાં મરવાની ઘણી પીડા થઈ હતી અને તે બિચારા સિદ્ધો રાંકની જેમ ડરતા હતા. ૧૮. તે સમયે શઠ પિબૈકે રીસ કરીને શ્રીહરિના ઉપર મંત્રેલા અડદ નાંખ્યા. પણ શ્રીહરિ તો પ્રથમની જેમ જ બેસી રહ્યા. તે કુબુદ્ધિનું કાંઈ ઊપજ્યું નહિ. ૧૯.

પછી તે અહંકારી પિબૈક ક્રોધ કરીને બોલ્યો કે 'હે બ્રહ્મચારી ! તું સાવધાન થઈ જા. મેં સત્ય પ્રતિજ્ઞા કરી છે. તેથી આજે માર્યા વિના તું બચવાનો નથી.' ૨૦. આવું બોલીને ફરીવાર તેણે મૂઠ નાંખી. પરંતુ

तब पिबैक दोउ भुजा उठाई, बोला कोपीके तारी बजाई ॥२१॥

निश्चे मारुँ यह पनु लिना, कालभैरोकुं अस बली दिना ॥
काटी जिह्वा लोहु निकारा, पुनि कीनी लोहुकी धारा ॥२२॥

बोला दुष्ट पुनि दे गारी, कर ले सुमरन इष्ट संभारी ॥
मृत्यु तोर आवा मनु चाली, अब ना जै हे चोट मम खाली ॥२३॥

तब कहे हरि सुन रे सठ भूपा, मर तुं बूडी परीके कूपा ॥
होये सुभट सो सनमुख आवे, करे प्राक्रम नहीं गाल बजावे ॥२४॥

तब कुमति को चटकी लागी, फूंक दई मनु नखशिख आगी ॥
कालभैरो पुनि बीर बुलावा, सब बिधि साधीके पुलकी पठावा ॥२५॥

आवा कालभैरो पुनि बीरा, तेजोमय लिखी हरि शरीरा ॥

એક રાયના દાણા જેટલો પણ શ્રીહરિનાં સ્વરૂપમાં કાંઈ ફેર પડ્યો નહિ. તે સમયે પિબૈકે બંને હાથ ઊંચા ઊઠાવ્યા. ક્રોધ કરી તાળી પાડીને બોલ્યો, ૨૧. 'મેં પણ લીધું છે. માટે તને નિશ્ચિત મારીશ. મેં કાળભૈરવને પહેલા જ તેવું બલિદાન આપેલું છે.' પિબૈકે પોતાની જીભ કાપીને લોહી કાઢ્યું અને પછી તે લોહીની ધાર કરી. ૨૨. પછી તે દુષ્ટ ગાળ બોલીને ફરીવાર કહેવા લાગ્યો કે, 'હે બ્રહ્મચારી ! તું તારા ઈષ્ટદેવને યાદ કરી લે. તારું મોત માનો સામે ચાલીને આવી રહ્યું છે. હવે મારો કરેલો આ ઘા ખાલી નહિ જાય.' ૨૩.

ત્યારે શ્રીહરિ કહે, 'એ શઠોના રાજા પિબૈક ! સાંભળ, કૂવામાં પડીને બૂડી મર. ખરો યોદ્ધો સામે પગલે ચાલીને આવે છે. તે પરાક્રમ કરી બતાવે છે, પણ તે ગાલ બજાવતો નથી અર્થાત્ બબડાટ કરતો નથી.' ૨૪. પછી તે કુબુદ્ધિને મનમાં એવી ચટકી લાગી; માનો ફૂંક મારીને નખથી શીખા પર્યંત આગ લગાડી હોય, તેવા મનમાં બળતા પિબૈકે ફરીને કાળભૈરવ અને વીરને બોલાવ્યા. બધી રીતે તેને સાધીને

सनमुख देखी सके न कोउ, लागे जरन तेज महि सोउ ॥२६॥
गये पुनि कोपी पिबेक कर पासा, बिलगा जाय करन तन नासा ॥
पडा भूमि पर काली उपासी, मुखते चला लोहु धारा निकासी ॥२७॥
मूर्छा भई गई तन धीरा, बोली न सकत भय अति पीरा ॥
बीती च्यार घटी तब जागा, ऊठीके खर ज्युं बोलन लागा ॥२८॥
खडा रहो तुं अब ब्रह्मचारी, बटु भैरो तोहे डारे मारी ॥
पठवा बटु बीर बड भारी, देखी न सका हरि नेन उघारी ॥२९॥
सोरठा : सही न सका हरि तेज, जरन लगा बटुबीर तब ॥
खाऊँ अब जाय करेज, यह पापी कर छोडुँ तब ॥३०॥
लोटी गया बटु बीर, परा जाई पिबेक पर ॥

હરખભેર મોકલ્યા. ૨૫. પછી તો તે કાળભૈરવ અને વીર આવ્યા. તેણે શ્રીહરિનાં સ્વરૂપને તેજોમય દેખ્યું. તે બે માંથી કોઈ શ્રીહરિની સામે જોઈ શક્યા નહિ. અને શ્રીહરિનાં તેજમાં જ બળવા લાગ્યા. ૨૬.

પછી તો ખીજાયેલા તે બંને પિબૈકની પાસે ગયા. તેનાં શરીરનો નાશ કરવા માટે તેને જ વળગ્યા. તે કાળીનો ઉપાસક જમીન ઉપર ઢળી પડ્યો અને મોઢામાંથી લોહીની ધાર નીકળી. ૨૭. તે મૂર્છિત થઈ ગયો. શરીરમાં ધીરજ ન રહી. ભયથી અને અતિશય પીડાથી બોલી શક્યો નહિ.

ચાર ઘડી વીતી ત્યારે તે ભાનમાં આવ્યો અને ઊઠ્યા પછી ગધેડાની જેમ બોલવા લાગ્યો, ૨૮. ‘હે બ્રહ્મચારી ! હવે તું ઊભો રહે. મારા મોકલેલા બટુભૈરવ તને મારી નાખશે. પછી તેણે મહાન બટુવીરને મોકલ્યા. તે બટુવીર આંખ ખોલીને શ્રીહરિની સામે દેખી શક્યા નહિ. ૨૯. તે બટુવીર શ્રીહરિના તેજને સહન કરી શક્યા નહિ પરંતુ બળવા લાગ્યા. હવે તો જઈને તેના કાળજાને ખાઈ જઈશ અને તે પછી જ

पीने लगा रुधीर, परा भूमि बड बिकल तन ॥३१॥

दोहा : पटपटात पगुं तूटत रगु, नाहिंन तन संभार ॥
छूटी गई लघु दीर्घ दोउ, परा मनुं पाप पहार ॥३२॥

पुनी बिती घटी चार जब, उठा कोप करी मंद ॥
ज्युं पतंग मनु दीप महीं, परत होय ज्युं अंध ॥३३॥

चोपाई :
बोला मुख कटु बानी गमारा, भरी दाढी मुखमें अति छारा ॥
रे रे बर्नी तोर अब अंता, आवा निश्चे करउ जीनी चिंता ॥३४॥

महाकाली कर करुँ प्रयोगा, हठही न पीछी वीर्य अमोघा ॥
शुंभनिशुंभ कर कीन बिनासा, सो पठवुँ अब तुं हरे पासा ॥३५॥

તે પાપીને હું છોડીશ. ૩૦. બટુવીર પાછા ભાગ્યા અને પિબૈક ઉપર જ પડ્યા. તે વીર પિબૈકનું રુધિર પીવા લાગ્યા. તે વખતે તે જમીન ઉપર પડી ગયો અને તેનું શરીર અતિશય વિકળ થઈ ગયું. ૩૧. પગ પછાડવા લાગ્યો. તેની રગો તણાવા લાગી. શરીરની કોઈ સંભાળ રહી નહિ. ઝાડો તથા પેશાબ છૂટી ગયા. માનો, આજે તે પાપનો પહાડ ઢળી પડ્યો હોય તેમ લાગતું હતું. ૩૨.

આ રીતે જ્યારે ચાર ઘડી જેટલો સમય વીત્યો ત્યારે તે મંદબુદ્ધિનો પિબૈક કોપ કરીને ઊઠ્યો. જેમ પતંગિયું પ્રદીપ્ત દીવામાં આંધળું થઈને પડે છે તેમ શ્રીહરિની સન્મુખ આવ્યો. ૩૩. તે ગમાર મુખથી ખરાબ કડવી વાણી બોલવા લાગ્યો. તેના મોઢામાં અને દાઢીમાં અતિશય રાખ ભરાઈ ગઈ હતી. 'એ બ્રહ્મચારી ! હવે તારો અંત નિશ્ચય આવ્યો છે. તું તારા જીવની ચિંતા કર. ૩૪. હવે હું તારા ઉપર મહાકાળીનો પ્રયોગ કરું છું. તે અમોઘ વીર્ય હોય છે. ક્યારેય પાછી પડતી નથી. તેણે શુંભ તથા નિશુંભ દૈત્યોનો નાશ કર્યો હતો. હવે હું તારી પાસે તેને મોકલું

साधी मंत्र बोलाई काली, कर त्रिशूल खपर लिये बाली ॥
काटी जीभ सठ दीन आहूति, कीनी जीभ लोहु चुचूति ॥३६॥
दे कालीकुं सठ बलिदाना, पठई करी बहुत सनमाना ॥
बिन मारे न आवउ पीछी, तो देहुँ बलि ज्यो तुं ईछी ॥३७॥
अस भाखी महाकाली पठाई, परी दूर सुँ चरने धाई ॥
देखा हरिकर प्रबल प्रतापू, अविलोकत जरी गये तन पापू ॥३८॥
निरखी हरि तन तेजकी रासी, बोली नाथ में हुँ तव दासी ॥
यह पापीकर करुँ अब नाशा, पठई मोहे तुमारे पासा ॥३९॥
करी प्रणाम गई पीछे काली, परी दुष्ट पर खपर वाली ॥
धनधनायके धरनी पारा, कीना तेहीकर रुधिर अहारा ॥४०॥

છું.' ૩૫. તેણે તરત જ મંત્ર સાધીને મહાકાળીને બોલાવી. એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ખપ્પર લીધેલી મહાકાળી આવી. તે શઠ પિબૈકે પોતાની જીભ કાપીને મહાકાળીને આહુતિ આપી. અને પોતાની જીભને પણ લોહી ચૂચવતી કરી દીધી. ૩૬. શઠ પિબૈકે કાલિકાને બલિદાન આપ્યું તથા ઘણું સન્માન કરીને મોકલી. તેને કહ્યું કે, 'વર્ણીને તું માર્યા વિના પાછી આવીશ નહિ. જો તું વર્ણીને મારીશ તો હું તને ઇચ્છિત બલિદાન આપીશ.' ૩૭.

આવું બોલીને મહાકાલીને મોકલી. ત્યારે તે મહાકાલી દૂર રહીને જ વર્ણી શ્રીહરિનાં ચરણમાં પડી. તેણે શ્રીહરિનો પ્રબળ પ્રતાપ જોયો. અને દર્શન માત્રથી તેના શરીરનાં બધાં પાપ બળી ગયા. ૩૮. મહાકાલીએ શ્રીહરિને તો તેજના રાશિરૂપ જોયા અને બોલી કે 'હે સર્વેશ્વર શ્રીહરિ ! હું આપના ચરણની દાસી છું. હવે હું જઈને તે પાપીનો નાશ કરું. કારણ કે તે દુષ્ટે મને આપની પાસે મોકલી છે.' ૩૯.

આ રીતે તે મહાકાલી શ્રીહરિને પ્રણામ કરીને પાછી ગઈ. અને તે ખપ્પરવાળી દુષ્ટના ઉપર પડી. તેને ધણધણાવીને જમીન ઉપર પછાડ્યો

बहा जात नव द्वार ते लोऊ, बूरा हाल परा अवनी सोऊ ॥
भर गई धूरी शीश मुखमांई, भया विकल तन कर शुद्ध नाई ॥४१॥
भई मूर्छा तन नारी तूटी, शैथल भया पेट गया छूटी ॥
बिता मुहूरत उभय अनूपा, तब उठा असुरन कर भूपा ॥४२॥
पुनी बोला शठ कोपी अत्यंता, अब करीहुँ बर्नी तव अंता ॥
भया क्षीन बलहीन तन प्राना, तदपि न तजत मंद निज माना ॥४३॥
सोरठा : सब बिधि स्नेह लगाय, राखिए पट सुँ लपेट करी ॥
वक्रपना नई जाय, श्वलांगुल कर सहज गुन ॥४४॥
परत हे लकूट प्रहार, पशु स्वभाव नहिं तजत जिमि ॥
पुनी पुनी खात हे मार, तदपि द्रोह न तजत शठ ॥४५॥

અને તે પિબૈકના રુધિરને તેણે પીધું. ૪૦. પિબૈક ભૂંડે હાલે જમીન ઉપર પડ્યો હતો. તેના નવેય દ્વારમાંથી રુધિર વહેતું હતું. મોઢામાં અને માથામાં ધૂળ ભરાઈ ગઈ હતી. તે એટલો વિહ્વળ થઈ ગયો હતો કે તેને શરીરની સૂધ પણ રહી નહિ. ૪૧. તેને મૂર્છા આવી ગઈ. શરીરની નાડીઓ તૂટી ગઈ, એકદમ ઢીલો થઈ ગયો અને પેટ પણ છૂટી ગયું.

જ્યારે અનુપમ બે મુર્હૂત વીત્યા ત્યારે તે અસુરોનો રાજા પિબૈક ઊઠ્યો. ૪૨. પછી તો તે શઠ અત્યંત કોપ કરીને બોલ્યો કે ‘હે વર્ણી ! હવે હું તારો અંત કરી નાખું છું. પિબૈકનું શરીર અને પ્રાણ એકદમ ક્ષીણ અને બળહીન થઈ ગયા હતા. છતાં પણ તે મંદ પોતાનું માન છોડતો નથી. ૪૩.

કૂતરાની પૂછડીનો એવો સહજ ગુણ છે કે તેને સંપૂર્ણ તેલમાં ડુબાડી ઉપર સારું કપડું લપેટવામાં આવે તોપણ તેમાં રહેલો વળાંક ટળતો નથી. ૪૪. લાકડીનો ઘા વાગે છતાં પશુ જેમ પોતાના સ્વભાવને છોડતું નથી તે રીતે જ શઠ મનુષ્ય પણ વારંવાર માર ખાય છે, પણ પારકો દ્રોહ કરવાનું તે છોડતો નથી. ૪૫. ગાંડાના સરદાર જેવો સાપ

दोहा : बैनतेय पर कोप करी, धाये कद्रु कुमार ॥
चाहत करन पराभव, मंद बुद्धि शिरदार ॥४६॥
ओढी चर्म जिमि सिंघकर, सिंघ न होत सियार ॥
प्रेमानंद कहे बडेनकी, समता करत गमार ॥४७॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते पिबैक मानमर्दन नामा एकविंशतितमोऽध्यायः ।।२१।।



अध्याय - २२

दोहा : कहाँ रवि कहाँ खद्योत द्युति, निज मुख करत बखान ॥
मैं टारुँ रजनी तिमिर, युँ शठ बुद्धिमान ॥०१॥

ગરુડના ઉપર ક્રોધ કરીને તેનો પરાજય કરવા ચાહે છે, પણ તેને માર પડે છે. ૪૬. સિંહના ચામડાને ઓઢવાથી શિયાળ કાંઈ સિંહ થતો નથી. તેમ પ્રેમાનંદ સ્વામી કહે છે કે ગમાર મનુષ્ય ચાહે તેટલું બળ કરે પણ મોટાપુરુષની સમાનતા કરી શકતો નથી. ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'પિબૈકનું માનમર્દન કહ્યું' એ નામે એકવીશમો અધ્યાય સમાપ્ત-૨૧



અધ્યાય - ૨૨

પિબૈકે પોતાના દોષ કહ્યા અને પછી તે શ્રીહરિને શરણે આવ્યો

ક્યાં સૂર્ય અને ક્યાં પતંગિયું ? પતંગિયું પોતે પોતાના મુખે વખાણ કરતાં કહે છે કે હું રાતનું અંધારું ટાળી દઈશ. તેમજ શઠ માણસ પોતાને બુદ્ધિમાન માનીને બબડાટ કરતો રહે છે. ૧. પોતાના મોઢા ઉપરની માખી ઉડાડી શકતો નથી અને બ્રહ્માંડ તોડવાની વાત કરે છે. ક્યાં ગાંગો

निज मुख मांखी न उड सके, कहे तोरुँ ब्रह्मांड ॥
कहाँ तेली कहाँ भोज नृप, बोलत शठ ज्युं भांड ॥०२॥

सोरठा : अपनी पहुँच बिचार, करिए बिरोध बडेन संग ॥
परे न सब बिधि पार, होत गति त्रिशंकु सम ॥०३॥

आवत नाहिंन लाज, बोलत पुनि पुनि आय शठ ॥
तूटी परत नहिं गाज, शठ शिर उपर सकल बिधि ॥०४॥

चोपाई :

पुनी बोला शठकर शिरदारा, खडा रहे अब तुं ब्रह्मच्यारा ॥
पठवुँ सेन सहित हनुमंता, करे तोर निश्चे तनु अंता ॥०५॥

पठवा प्रेरी पवन कुमारा, बीर संग दो तीन हजारा ॥
तेही बिलोकी जानी निज नाथा, आय परे डारी पद माथा ॥०६॥

તેલી અને ક્યાં રાજા ભોજ ! શઠ મનુષ્ય તો ભાંડની જેમ બોલતો રહે છે. ૨. પોતાની પહોંચનો વિચાર કરીને મોટાની સાથે વિરોધ કરવો જોઈએ. વગર વિચાર્યે વિરોધ કરે તો તેનું કાર્ય પાર પડતું નથી અને ત્રિશંકુના જેવી ગતિ થાય છે. ૩. શઠ મનુષ્યને શરમ આવતી નથી, તે તો વારંવાર આવીને બોલતો જ રહે છે. બહુ ગાજતો મેઘ વરસતો નથી. આ બધું કહ્યું તે રીતે જ શઠ માણસનો સ્વભાવ હોય છે. ૪. શઠોનો સરદાર પિબૈક ફરીવાર બોલ્યો, 'હે બ્રહ્મચારી ! તું ઊભો રહેજે. હું સેનાએ સહિત હનુમાનજીને મોકલું છું. જે ચોક્કસ તારા શરીરનો નાશ કરશે.' ૫. પછી તો તેણે પવનપુત્ર હનુમાનજીને મોકલ્યા અને તેની સાથે બે ત્રણ હજાર જેટલા વીરને મોકલ્યા. તેણે આવીને બ્રહ્મચારીરૂપ શ્રીહરિને જોયા અને તેને પોતાના નાથ જાણીને શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવીને આગળ નમી પડ્યા. ૬. હનુમાનજીએ જાણ્યું કે મારા સ્વામી જ વનમાં આવ્યા છે. અને શ્રીહરિએ તેમને પોતાનું રઘુવીરરૂપ દેખાડ્યું. ધનુષ્ય, બાણ, ઢાલ અને તલવારે સહિત રઘુનાથજીને દેખીને વાયુપુત્ર હનુમાનજી એકદમ પુલકિત થઈ ગયા. ૭.

जाना निज स्वामी बन आवा, श्रीहरि रघुवीर रूप देखावा ॥
धनुषबान असि चर्म सहिता, मारुतसुत लिखी भया पुलकिता ॥०७॥
करी प्रणाम लोटी सब गयेउ, पिबैक शिर संस्कार भयेउ ॥
करी कोप पिबैक पर भारी, बिलगे सबही सहस्र दो च्यारी ॥०८॥
कुमति भया बहुत बेहाला, करत बडाई बजावत गाला ॥
सो मुखमें धूरी नहीं मांई, परा भूमि पर शठ पछराई ॥०९॥
भई मूर्छा आँखी गई ऊंडी, खूँती गई धूरी मही मूंडी ॥
मारी एक गदा मुष्टि हनुमंता, मारुति गये भजत भगवंता ॥१०॥
दूसरे बीर सब करी बखाना, करते हे मुदित रुधिरकर पाना ॥
परा मृत्यु होई भूमि मांई, तदपि पापी कर प्रान न जाई ॥११॥
बहा जात नव द्वार रुधिरा, ऊठी न सकत हे क्षीन शरीरा ॥

સહુ પ્રણામ કરીને પાછા વળી ગયા અને પછી તેમણે પિબૈકને માથે પૂરા સંસ્કાર કર્યા. તેના ઉપર ઘણો ભારે ક્રોધ કરીને બે ચાર હજાર વીરોની સાથે બધા વળગ્યા. ૮.

તે કુબુદ્ધિ પિબૈક ઘણો બેહાલ થઈ ગયો. પોતાની બડાઈ હાંકીને ગાલ બજાવતો હતો પણ તેના મોઢામાં ધૂળ સામે નહિ એટલી ભરાણી અને તે શઠ પછડાઈને જમીન ઉપર ઢળી પડ્યો. ૯. તેને મૂર્છા આવી ગઈ. આંખો ઊંડી જતી રહી અને તેનું માથું પણ ધૂળમાં ખૂંતી ગયું. હનુમાનજીએ એક મુક્કાની સાથે તેને ગદા મારી. અને હનુમાનજી ભગવાનનું ભજન કરતા ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૦.

બીજા બધા વીરો તો વખાણ કરતા કરતા પ્રસન્ન થઈને તેનું લોહી પીવા લાગ્યા. તે મરણ જેવી દશા પામીને જમીન ઉપર પડ્યો. છતાં તે પાપીના પ્રાણ નીકળ્યા નહિ. ૧૧. તેના નવેય દ્વારોથી રુધિર વહેલા લાગ્યું. તેનું શરીર ક્ષીણ થઈ ગયું હોવાથી ઊઠી શક્યો નહિ. તેનો જીવ આંખમાં આવીને રહ્યો હતો. કેવળ હૃદય અને કંઠમાં જ શ્વાસ ચાલતો

जीव रहा आँखिन मंहि आई, चलत हे श्वास हृदय कंठ मांई ॥१२॥
तब जाना पापी ना बचीहे, बिना मोत पीरा मंहि पचीहे ॥
तब ते करे संबंधी आई, ले मुख त्रन परे प्रभु पाई ॥१३॥
कहे क्रिपाल कमलदृग हेरी, राखो जीता अब एक बेरी ॥
लगी कुमतिकुं शीख घनेरी, अब ना करीहे नाथ अस फेरी ॥१४॥
दोहा : तुम हो ईश्वर जगतपति, लिन मनुष्य अवतार ॥
ऐसे खल मद हरनकुं, प्रगट भये किरतार ॥१५॥
ज्युं काली शिर कृष्णने, कीना पाद प्रहार ॥
कालिय मद मर्दन हरी, सोउ तुम हो मुरार ॥१६॥
सोरठा : भया आजु नया नाम, पिबेक मद रिपु मर्दन हरि ॥
बर्नी वेश सुखधाम, मानउ बिनति हमार प्रभु ॥१७॥

હતો. ૧૨. ત્યારે એમ જણાયું કે હવે આ પાપી બચશે નહિ. વગર મોતે આ પીડામાં જ પડ્યો રહ્યો છે. પછી પિબૈકના જેટલા સંબંધીઓ હતા, તે બધા શ્રીહરિની પાસે આવ્યા અને મુખમાં ઘાસના તરણા લઈને શ્રીહરિના ચરણમાં પડ્યા. ૧૩.

❀ પિબૈકના સંબંધીઓએ કરેલી પ્રભુની પ્રાર્થના :

તેમણે કહ્યું કે 'હે કૃપાળુ ! આપ એકવાર નેત્ર કમળથી પિબૈકને દેખ્યો અને એકવાર તો તેને જીવતો રાખો. આ કુબુદ્ધિને ઘણી શિક્ષા થઈ છે. હે નાથ ! તે હવે ફરીને આવું નહિ કરે. ૧૪. આપ સર્વકર્તા જગત્પતિ પરમેશ્વરે મનુષ્ય અવતાર ધારણ કર્યો છે, તે આવા ખળ પુરુષના ગર્વને ઉતારવા માટે જ આપ પ્રગટ થયા છો. ૧૫. જે શ્રીકૃષ્ણ ભગવાને કાલીય નાગના માથા ઉપર પગની પાટુ મારીને તેના મદને તોડ્યો હતો. તો હે મુરારી ! આપ પણ તે પરમેશ્વર જ છો. ૧૬. હે હરિ ! **'પિબૈકમદમર્દન'** એવું આપનું નવું નામ થયું છે. આપ વર્ણીના સમાન વેશવાળા સુખધામ પ્રભુ છો તો અમારી આ કહી તે વિનંતિને

छलही क्षुद्र घट कूप, सिंधु न छलहि अगाध जल ॥
त्युं तुम हि सुखरूप, उपजत नाहि बिकार उर ॥१८॥

चोपाई :

वामी कर संबंधी आई, कहत सुनो ईश्वर सुखदाई ॥
मागत रहा सोई फलु पावा, अभिमानी कर मान हठावा ॥१९॥
मानमें छका रहे मगरूरा, कीना नाथ मानकर चूरा ॥
अस अहंकारीकर बहुनामी, तुम बिना रिपु आन नहिं स्वामी ॥२०॥
सब बिधि भया मान मद हीना, भया निर्मानी दीन सुँ दीना ॥
बदत न काहु खलनकर भूपा, कीनी नाथ तुम शिक्षा अनूपा ॥२१॥
एसे खल जगमें दुःखरासी, प्रगट होत जुग जुग अविनाशी ॥
तिनकर निग्रह करे सदाई, तुम बिना दंडपानी कोउ नाई ॥२२॥

સ્વીકારો. ૧૭. **તુચ્છ માણસ, ઘડો અને કૂવો છલકાઈ શકે છે, પરંતુ અગાધ જળનો સાગર ક્યારેય છલકાતો નથી. તેમ આપ તો પરમ સુખરૂપ છો. આપના દિલમાં ક્યારેય કોઈ જાતનો વિકાર ઉત્પન્ન થતો નથી.’** ૧૮.

આ રીતે જ તે વામ માર્ગીના સંબંધીઓએ આવીને કહ્યું કે ‘હે સુખદાયક પરમેશ્વર ! આપ અમારી પ્રાર્થના સાંભળો. પિબૈક જે માગતો હતો તેવું ફળ તેને મળ્યું છે અને આપે આ અભિમાનીનું માન તોડ્યું છે. ૧૯. આ અભિમાની માનથી છકી ગયો હતો. તો હે નાથ ! આપે તેના માનને તોડી નાંખ્યું છે. હે બહુનામી સ્વામી ! આવા અભિમાનીઓને માટે તો બીજો કોઈ તેનો શત્રુ હોતો નથી. ૨૦.

હવે તે બધી રીતે માન તથા ગર્વથી રહિત થયો છે. તે દીનથી પણ દીન અને નિર્માની થઈ ગયો છે. બધા ખળના રાજા જેવો આ પિબૈક કોઈની સાથે ઠીક બોલતો પણ ન હતો. પણ હે નાથ ! આજે આપે તેને અનુપમ શિક્ષા કરી છે. ૨૧. દુનિયામાં આવા જેટલા

तजी तव ध्यान उपासन जंता, करत प्रमाद चलत कुपंथा ॥
तब तब तुमही प्रगट जग होई, हरत हो गर्व शठन कर सोई ॥२३॥
बहु बिधि कीन बिनय भूदेवा, तब करी करुना हरि ततखेवा ॥
करुनादृष्टि हेरी प्रभु ताई, तुरत उठावा सुर मुनि राई ॥२४॥
उठीके परा दंडवत पाई, कपट सहित अंतर शुद्ध नाई ॥
और बिप्र कहे आजुं बिच्यारा, आया नाथ नया अवतारा ॥२५॥
तुमरी क्रिपा सुँ रहा हे जीता, नहिं तो सब बिधि होत फजीता ॥
अस कही भुवन गये सब कोई, दीनी सिद्धकुं एक रसोई ॥२६॥
पिबैक पापी निज घर जाई, रही ना मन में धीरज ताई ॥
इतना भवा मार बहु खावा, तदपि शठकुं लाज न आवा ॥२७॥
मद्य मांस कर दे बलिदाना, कालभैरो कर कीन आह्वाना ॥

ખળ હોય છે તે બધાં દુઃખના રાશિ ગણાય છે. અવિનાશી આપ યુગ યુગમાં પ્રગટ થાઓ છો અને ત્યારે આવા દુષ્ટોનો આપ નિગ્રહ કરો છો. દુષ્ટોને માટે આપના સિવાય બીજો કોઈ દંડ કરનારો નથી. ૨૨. જે પ્રાણી આપનું ધ્યાન અને ઉપાસનાને છોડી દઈને પ્રમાદી થાય છે તથા કુમાર્ગે ચાલે છે ત્યારે ત્યારે આ જગતમાં આપ પ્રગટ થઈને તેવા શઠ લોકોના ગર્વને હરો છો.' ૨૩.

તે બધા બ્રાહ્મણોએ આવીને અનેક રીતે શ્રીહરિની પ્રાર્થના કરી ત્યારે તત્કાળ જ પ્રભુ શ્રીહરિએ તેના ઉપર કરુણા કરી. દેવ અને મુનિઓના મહારાજા આવા પ્રભુ શ્રીહરિએ પિબૈકને કરુણા દૃષ્ટિથી દેખ્યો એટલે તે તરત જ ઊઠ્યો. ૨૪. પિબૈક ઊઠ્યો અને તેણે દંડવત્પ્રણામ કર્યા. જો કે તેમાં કપટ હતું. તેનું અંતર શુદ્ધ થયું ન હતું. બીજા વિપ્રો તો એમ બોલતા હતા કે 'હે નાથ ! આ બિચારો આજ નવા અવતારે આવ્યો છે. ૨૫. આપની કૃપાથી જ આ જીવતો રહ્યો છે. અને જો કૃપા ન કરી હોત તો તે બધી રીતે ફજેત થાત.' આમ કહીને સહુ લોકો ઘેર

आवा कालभैरो ततकाला, देखत बुरा महा बिकराला ॥२८॥

दोहा : भरा रुधिर तन बदन महीं, बस्त्र विहीन मलीन ॥
अरुन नयन त्रिशुलकर, जटा जुट तन पीन ॥२९॥
मनहुं पर्वत साईकर, भूषित भस्म शरीर ॥
कटकटात दंत वक्र जूग, मनहुं जमकर बीर ॥३०॥

सोरठा : पठवा प्रभुकर पास, कालभैरो महा कोप जुत ॥
देखी ताहे अविनास, हसत भये मन मुदित तब ॥३१॥
महा भयंकर रूप, नीर्खी प्रान तजे नारी नर ॥
रहा आय होय चूप, प्रभु सनमुख निरखी न सकत ॥३२॥

चोपाई :
बैठी रया दूरी सब राती, कंपत तन मन थरथर छाती ॥

ગયા અને તેમણે સિદ્ધોને એક રસોઈ આપી. ૨૬. પાપી પિબૈક પોતાને ઘેર ગયો. પણ તેના મનમાં ધીરજ રહી શકી નહિ. આટલું બધું થયું, ઘણો માર ખાધો છતાં તે શઠને કાંઈ લાજ આવી નહિ. ૨૭. તેણે દારૂ અને માંસનું બલિદાન આપીને કાળભૈરવનું આહ્વાન કર્યું.

ત્યારે કાળભૈરવ તત્કાળ આવ્યો. દેખવામાં તે ઘણો ભૂંડો અને મહાન વિકરાળ હતો. ૨૮. તેનું શરીર અને મુખ રુધિરથી ભર્યું હતું, શરીર ઉપર કપડાં ન હતા, અત્યંત ગંદો હતો, તેની આંખો લાલ હતી, હાથમાં ત્રિશૂળ હતું, માથા ઉપર વિંખાયેલી જટા અને શરીરથી તે જાડો હતો. ૨૯. માનો, પર્વતની વચ્ચે તે છૂપાઈને આવ્યો હોય ! શરીરે ભસ્મ લગાડેલું હતું. મોઢાના નીચે ઉપરના દાંતને કચડતો હતો. માનો, કોઈ વીર જમદૂત હોયને શું ! તેવો લાગતો હતો. ૩૦. પિબૈકે તે કાળભૈરવને પ્રભુ શ્રીહરિની પાસે મોકલ્યો. તે ઘણો ક્રોધયુક્ત હતો. અવિનાશી શ્રીહરિએ કાળભૈરવને દેખ્યો અને પ્રસન્ન મનથી તેની સામે દૃષ્ટિ કરી હસવા લાગ્યા. ૩૧. તેનું એટલું અતિ ભયાનક રૂપ હતું કે

देखी हरि तन तेज प्रभाऊ, मुंदि गई आँखी उठा उर दाऊ ॥३३॥
हेरा दृग भरी बिश्वनिकेता, तब तनी भया शरीरमें चेता ॥
करीके प्रनाम पलायन कीना, जाई पिबेकमें प्रवेश ज्युं कीना ॥३४॥
कालभैरो कहे करुँ तमासा, करुँ आजु वामीकर नासा ॥
तब बोले हरि अंतरजामी, हम ना होई हे लोनहरामी ॥३५॥
खावा हम द्विजकर अन्नपानी, दिना ए करे सबंधी आनी ॥
तेही कारन ताही ना मारो, इतना बचन मोर उर धारो ॥३६॥
तब आवा वामी लगी चाई, बोला कालभैरो समुजाई ॥
आज मृत्यु आवा था तोरा, राखा तोहे बर्नी बरजोरा ॥३७॥
बर्नी हे ईश्वर जग स्वामी, कारन सब कर अंतरजामी ॥
अस प्रकार मोहे ताप देखावा, हतप्राय होई जीता आवा ॥३८॥

તેને દેખીને કોઈ નરનારીના પ્રાણ છૂટી જતા હતા. તે કાળભૈરવ આવ્યો પણ ચૂપ રહ્યો. પ્રભુ શ્રીહરિની સન્મુખ તે દેખી શક્યો નહિ. ૩૨. તે દૂર આખી રાત બેસી રહ્યો. તે તન, મનથી કાંપતો હતો. તેની છાતી થર થર થાતી હતી. શ્રીહરિનાં સ્વરૂપના તેજ તથા પ્રભાવને દેખીને તેની આંખો બંધ થઈ ગઈ અને દિલમાં બળતરા ઊપડી. ૩૩. વિશ્વના આશ્રય જેવા શ્રીહરિએ જ્યારે તેની સામે દૃષ્ટિ કરી ત્યારે તે કાળભૈરવનાં શરીરમાં થોડી ચેતના આવી. પછી તે શ્રીહરિને પ્રણામ કરીને ભાગ્યો. માનો, તે જઈને પિબૈકમાં જ પ્રવેશ કરવાનો હતો. તે એવું બોલ્યો કે 'આજ જઈને પૂરો તમાશો કરું અને તે વામ માર્ગી પિબૈકનો નાશ કરું.'

ત્યારે અંતર્યામી શ્રીહરિ બોલ્યા, 'અમે લૂણ હરામી નથી. ૩૪-૩૫. અમે તે બ્રાહ્મણનું અન્ન જળ ખાધું પીધું છે અને તેના સંબંધીઓએ આવીને પ્રાર્થના કરી છે. એટલે અમારાં વચનને તું મનમાં રાખ અને તેને મારીશ નહિ.' ૩૬. પછી તે કાળભૈરવ વામ માર્ગી પિબૈકની પાસે આવ્યો અને તેને સમજાવીને તેણે કહ્યું કે 'આજ તારું મોત આવ્યું હતું.

तब मोहे रीस चढी अति भारी, जाई वामीको डारुँ मारी ॥
ईश्वर कहा ऐसा न करिये, अग्या हमार आजुं उर धरिये ॥३९॥
तब में बचन हरि कर माना, आजु बचावा तोर मैं प्राना ॥
अस कही गया भैरो निज धामा, प्रभुपद आई वामी शिर नामा ॥४०॥
जोरी पानि त्रन ले मुख मांई, कीनी में नाथ बहुत कुटीलाई ॥
करत बिनय बामी होई दीना, प्रभु में तुमार गुना बहु कीना ॥४१॥
तव महिमा में जाना नाई, बगसो चुक शाम सुखदाई ॥
धिक हे मोरे जीवत महियाँ, करी करी कुकर्म उदर भरैया ॥४२॥
सोरठा : पढी गुनी में नाथ, सेवेउ भैरव भूत गन ॥
तजी कुटुंब संग साथ, भया असुर अति भ्रष्ट तन ॥४३॥
नहीं ठोर कहुँ मोर, कवन नरक में पचीहु प्रभु ॥

પરંતુ વર્ણી શ્રીહરિએ તને બળજબરીથી બચાવી રાખ્યો છે. ૩૭. તે વર્ણી સર્વ જગતના સ્વામી પરમેશ્વર છે. સર્વ કારણોનું કારણ અને અંતર્યામી છે. મને તેમણે એવો પ્રતાપ બતાવ્યો છે કે હું તો મર્યા જેવો થઈ ગયો હતો. એટલે માંડ જીવતો આવ્યો છું. ૩૮. અને તેથી જ મને ઘણી રીસ ચઢી હતી અને મેં કહ્યું કે 'હું જઈને વામ માર્ગી પિબૈકને મારી નાખું.' ત્યારે તે પરમેશ્વરે કહ્યું કે 'તું એવું ન કરીશ. અમારી આજ્ઞાને તું તારાં દિલમાં ચોક્કસ ધાર.' ૩૯. પછી તો તે શ્રીહરિનાં વચનને મેં માન્ય રાખ્યું છે. અને આજે મેં તારા પ્રાણને બચાવી લીધા છે.' આટલું કહીને તે કાળભૈરવ પોતાને સ્થાનકે જતો રહ્યો.

❃ પિબૈકનું પરિવર્તન અને શ્રીહરિને શરણે થયો :

પછી તે વામ માર્ગી પિબૈક શ્રીહરિના ચરણમાં આવ્યો અને તેણે મસ્તક નમાવ્યું. ૪૦. તેણે હાથ જોડ્યા, મોઢામાં ઘાસ લીધું અને બોલ્યો કે 'મેં આપની સાથે ઘણી કુટીલતા કરી છે.' આમ બોલીને તે વામ માર્ગીએ દીનભાવે ઘણી વિનંતિ કરી અને બોલ્યો કે 'હે પ્રભુ !

भया तोर हरि चोर, और न पापी मोर सम ॥४४॥

दोहा : मोर कुक्रमकी का कहुँ, कोउ न पावत पार ॥
शेष शारद नारद निगम, रहे लिखत सब हार ॥४५॥

सुनते लाजे श्रवन प्रभु, रसना कहत लजाय ॥
प्रेमानंद कहे बिप्र, निज कृत्य दरसाय ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते वामी बिप्र निजदोष कथन हरिशरन प्राप्त नामा द्वाविंशोऽध्यायः ॥२२॥



મેં આપનો ઘણો અપરાધ કર્યો છે. ૪૧. હું આપના મહિમાને જાણતો ન હતો. તો સુખદાયક ઘનશ્યામ આપ મારી તે ભૂલને માફ કરો. મારા જીવનને ધિક્કાર છે કે મેં અનેક જાતનાં કુકર્મ કરીને ઉદર પોષણ કર્યું છે. ૪૨. હે નાથ ! મેં ભણી ગણીને ભૈરવ અને ભૂતગણોની જ સેવા કરી છે. બધા કુટુંબીઓની સંગ સોબત છોડી દઈને શરીરને ભ્રષ્ટ કરી હું મોટો અસુર થઈ ગયો છું. ૪૩. મારું ક્યાંય ઠેકાણું નથી. હે પ્રભુ ! હું કયા નરકમાં પડીશ. હું તો આપનો ચોર બન્યો છું. જગતમાં મારા જેવો બીજો કોઈ પાપી નથી. ૪૪. મારા કુકર્મની વાત હું શું કહું ? તેનો કોઈ પાર પમાતો નથી. શેષ, શારદા, નારદ અને નિગમો પણ મારા કુકર્મને લખતા હારી જાય છે. ૪૫. હે પ્રભુ ! મારા પાપને સાંભળતા કાન લાજે છે અને કહેતા જીભ શરમાય છે.'

પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે વિપ્ર પિબૈકે ઉપર કહ્યા પ્રમાણે બોલીને પોતાના બધા કૃત્ય જણાવી દીધાં. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'પિબૈકે પોતાના દોષ કહ્યા અને પછી તે શ્રીહરિને શરણે આવ્યો' એ નામે બાવીશમો અધ્યાય સમાપ્ત-૨૨



अध्याय - २३

दोहा : निज अवगुन दरसाईके, पर्यो हरिचरनन मांई ॥
गिना न दोष अदोष हरि, किनो शिष्य बोलाई ॥०१॥
भयो शुद्ध कुकर्म तजी, औद्धवी दीक्षा धारी ॥
कौलार्नव आदि ग्रंथ, दिन तुरत सब जारी ॥०२॥

सोरठा : आदि नारायण जानी, बर्नीन्द्र श्रीकृष्ण सुखद ॥
मन क्रम बचन प्रमानी, भयो अचल सेवक अनन्य ॥०३॥
भागवत गीता ग्रंथ, पढ्यो सत्‌शास्त्र सुभग मति ॥
मानत हरिजन संत, भयो आस्तिक नास्तिक सो मिटी ॥०४॥

चोपाई :
सत संगती कर महिमा भारी, करत शुद्ध सब दोष निवारी ॥

અધ્યાય - ૨૩

નવ લાખ સિદ્ધોનો મેળાપ, બાલવા કુંડ તથા કપિલાશ્રમગમન

પોતાના બધા જ અવગુણ કબૂલ કરીને પિબૈક જ્યારે શ્રીહરિના ચરણમાં પડ્યો ત્યારે નિત્ય નિર્દોષ એવા પ્રભુએ તેના દોષ ગણ્યા નહિ પણ તેને બોલાવીને શિષ્ય બનાવ્યો. ૧. તે બધાં કુકુર્મને છોડીને શુદ્ધ થયો અને ઉદ્ધવ સંપ્રદાયની મંત્ર દીક્ષા લીધી. અને કૌલાર્ણવ આદિ શક્તિપંથીઓના બધા જ ગ્રંથોને તરત બાળી દીધા. ૨.

સુખ આપનારા વર્ણિરાજ શ્રીહરિકૃષ્ણ પ્રભુને આદિ નારાયણ જાણીને પિબૈક મન, કર્મ, વચનથી શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રહીને સુદૃઢ અનન્ય સેવક થયો. ૩. ભાગવત, ગીતા આદિ પવિત્ર સચ્છાસ્ત્રોને ભણ્યો અને શુદ્ધ બુદ્ધિનો થયો. હરિભક્તો તથા સંતોને આસ્તિક ભાવે માનવા લાગ્યો અને તેનું નાસ્તિકપણું બધું ટળી ગયું. ૪. **બધી જાતના દોષોને ટાળી શુદ્ધ થઈને ઘણા મહિમાપૂર્વક સંતોનો સમાગમ કરવા**

खर कुकर शुकर सम जंता, संत मिले होई जात हे संता ॥०५॥
ज्युं जल होत मलिन उत्तंगा, गंगा मिले होई जाहे गंगा ॥
शुद्ध करत शोधी ततकाला, काक होई पिक बकहु मराला ॥०६॥
द्विविधि जानो सतसंग सुजाना, हरि हरिजन सत्शास्त्र प्रमाना ॥
तिहुं पुर भ्रमत हे जोलुं प्रानी, बिन मिले हरि संत सुखदानी ॥०७॥
सत्शास्त्र श्रीहरि पुनी संता, यह जानो सतसंग बुधवंता ॥
यह बिन सबही और कुसंगा, करत भ्रष्ट मति दुष्ट प्रसंगा ॥०८॥
परम पुरुष हरि बर्निराया, ऐसा चरित्र कीन करी दाया ॥
पीछे तहाँसुँ बर्नी दयाला, भये तैयार चले ततकाला ॥०९॥
सब सिद्धनकुं आज्ञा दीनी, आप बाट नवलखाकी लीनी ॥
बर्नी बाल सामृथी अपारा, मनुष्याक्रतिमें देखावत प्यारा ॥१०॥

લાગ્યો. કૂતરાં, ગધેડાં અને ભૂંડ જેવા હીન પ્રાણીઓ હોય તોપણ જો તેને સંત મળે તો તે દોષોને તજી દઈને સાધુ પુરુષ થઈ જાય છે. ૫.

જેમ કોઈ અતિશય ગંદુ પાણી હોય પણ જો તે ગંગાના પ્રવાહમાં ભળે છે તો ગંગારૂપ થઈ જાય છે. સંતો જ્યારે પાપી જીવને શુદ્ધ કરે છે ત્યારે તે તત્કાળ શુદ્ધ થઈ જાય છે. સંતોની કૃપાથી કાગડો કોયલ બની જાય છે અને બગલો હંસ બને છે. ૬. સુજ્ઞ મનુષ્યે સત્સંગને દોષ ટાળનારો અને સદ્‌ગુણ આપનારો, એમ બે રીતે સમજવો જોઈએ. અને તેમાં ભગવાન, ભગવાનના ભક્ત અને સચ્છાસ્ત્ર પ્રમાણભૂત છે. **જ્યાં સુધી સુખદાયક ભગવાન અને ભગવાનના સંતો મળ્યા નથી હોતા ત્યાં સુધી પ્રાણી ત્રિલોકીમાં ભટકતો રહે છે. ૭. સચ્છાસ્ત્ર, ભગવાન અને સંતો, એ ત્રણ જ સત્સંગ છે; એમ બુદ્ધિમાન મનુષ્યે સમજવું. એ ત્રણ સિવાય બીજો બધો કુસંગ છે** અને તે દુષ્ટ મનુષ્યના પ્રસંગથી બુદ્ધિને ભ્રષ્ટ કરે છે. ૮. પરમ પુરુષ વર્ણિરાય શ્રીહરિ દયા કરીને ઉપર કહ્યા પ્રમાણેનાં ચરિત્રો કરતા હોય છે.

दिव्यभाव सुंदर सुखदाई, राखत गुप्त कहुँ देत देखाई ॥
निर्गुण सगुण विभूति जानो, निराकार साकार प्रमानो ॥११॥
करता अकरता कहा न जाई, हरिकर सहज स्वभाव सदाई ॥
नराक्रति मंहि ए सब जानो, अखिल शक्तिधर हरि प्रमानो ॥१२॥
सामृथ ऐसे सहत दुःख नाना, चलत हे भूमि तजी पदत्राना ॥
बनमें बिचरत एकाएकी, तजी षडउर्मि परम विवेकी ॥१३॥
हर्ष शोक पुनि क्षुधा पिपासा, शित रु उष्ण सहत अविनासा ॥
नवलखा गिरिवर महींयाँ नाथा, करत अटन सुंदर सुखपाथा ॥१४॥
दोहा : जात जहाँ जहाँ घटत तहाँ, नारायन मुनि राज ॥
इछा अति निरखनकी, नवलख सिद्ध समाज ॥१५॥

પછી દયાળુ વર્ણી તૈયાર થયા અને તત્કાળ જ ત્યાંથી ચાલ્યા. ૯. પછી સહુ સિદ્ધોને તેમની ઈચ્છા મુજબ જવા માટે આજ્ઞા આપી અને પોતે નવલખા પર્વતની વાટ લીધી. વર્ણિરૂપ શ્રીહરિ બાળસ્વરૂપ છે. છતાં તેમાં અપાર સામર્થ્ય રહ્યું છે. પ્યારા પ્રભુ ! મનુષ્યાકૃતિમાં તે બધું દેખાડે છે. ૧૦. પ્રભુ પોતાના સુખદાયક તથા સુંદર દિવ્યભાવને ગુપ્ત રાખતા હતા. છતાં પણ ક્યારેક દેખાડી દેતા હતા. નિર્ગુણપણું અને સગુણપણું તથા સાકારપણું અને નિરાકારપણું, તે તેમની વિભૂતિ છે તેમ જાણવું. ૧૧. ભગવાન શ્રીહરિમાં સ્વાભાવિક રીતે હંમેશા રહેનારું કર્તાપણું તથા અકર્તાપણું કહી શકાતું નથી. આ બધું શ્રીહરિ જ્યારે મનુષ્યાકૃતિ હોય છે ત્યારે સમજવું. પોતે તો શ્રીહરિ સમગ્ર શક્તિને ધારણ કરી રહેલા છે, તેમ માનવું. ૧૨.

પોતે આવા મહાન સમર્થ હોવા છતાં અનેક પ્રકારનાં દુઃખોને સહન કરતા હતા. પગરખા પણ કાઢી નાખીને ભૂમિ ઉપર ચાલતા હતા. વનમાં એકલા જ ફરતા. છએ ઊર્મીઓનો ત્યાગ કરીને અતિશય

चले अविलोकत गहन बन, बर्निराज सकुमार ॥
आई विकट गिरि गह्वरा, नव दल लता अपार ॥१६॥

सोरठा : समुजी परे नहिं पंथ, त्रन संकुल तरु विटप घन ॥
अद्रि विकट अत्यंत, नहिं तहाँ प्रवेश मनुष्यकर ॥१७॥
चले जात सुखरूप, नासाग्र करी दृष्टि शुभ ॥
मनु तप परम अनूप, धरी मूर्ति बिचरत सुबन ॥१८॥

चोपाई :
चढे अनघ नग पर जगवंदा, शैल छटा निरखत सुखकंदा ॥
आई सिद्धकर नवलख धूनी, सहज प्रदिप्त परी सब सूनी ॥१९॥
भरे कुंड जलकर बहु भाँती, शितल स्वछ सरस एकांती ॥

વિવેક રાખતા. ૧૩. હર્ષ શોક, ભૂખ તરસ, ટાઢ તથા તડકો, આ છએ ઊર્મીઓને અવિનાશી સહન કરતા હતા.

સુંદર તથા સુખસાગર આવા નાથ શ્રીહરિ નવલખા પહાડ ઉપર ચઢવા લાગ્યા. ૧૪. મુનિવર્ય પ્રભુ શ્રીનારાયણ જ્યાં જવું ઘટે ત્યાં જતા હતા. નવલાખ સિદ્ધોના સમાજને જોવાની મનમાં ઈચ્છા રહી હતી. ૧૫. સુકુમાર વર્ણિરાજ શ્રીહરિ ઘાટા વનને દેખતા દેખતા ચાલ્યા. આગળ જતા ભયંકર પર્વતની ખીણ અને ઝાડી આવી. ત્યાં કોળામણીવાળી અપાર લતાઓ હતી. ૧૬. ઝાડની ડાળીઓ અને ઘાસ એટલા બધા ઘાટા હતા કે ક્યાંય રસ્તો દેખાતો નહિ. તે નવલખો પર્વત અત્યંત વિકટ હતો. તેમાં મનુષ્યનો પ્રવેશ થઈ શકે તેમ ન હતો. ૧૭. આવું હોવા છતાં પણ શ્રીહરિ નાસિકાના અગ્ર ભાગ સામે શુભ દૃષ્ટિ રાખીને સુખરૂપે ચાલ્યા જતા હતા. માનો અનુપમ શ્રેષ્ઠ મૂર્તિમાન તપ વનમાં વિચરણ કરી રહ્યું હોય તેમ જણાતું હતું. ૧૮. સર્વ સુખનું મૂળ અને જગદ્વંદ્ય, નિષ્પાપ આવા શ્રીહરિ પહાડની છટાને દેખતા દેખતા

कहुँ शित कहुँ उष्ण सोहाये, निर्खी हर्खे बर्नी मन भाये ॥२०॥
तदनंतर तहाँ कर वासी, मिले सिद्धगन तप अभ्यासी ॥
कीन ऊठी दंडोत प्रनामा, मिले परस्पर पाये बिरामा ॥२१॥
जेही कारन बन बसे हे आई, करत तपश्या फल दल खाई ॥
सोउ मिले अविगत भरी बाथा, श्रीपुरुषोत्तम त्रिभुवन नाथा ॥२२॥
पूछी अरसपरस कुशलाता, बैठे सभा करी साक्षाता ॥
निरखी हरखी परम सुख पाये, बर्निराज सबकर मन भाये ॥२३॥
बोले सिद्ध बिनय जुत बानी, बर्निराज सुनो परम बिग्यानी ॥
वय किशोर वर रूपनिधाना, केही कारन बन निकसे सुजाना ॥२४॥
कठिन भूमि कोमल पद गामी, एकाएकी बिचरत स्वामी ॥

નવલખા પર્વત ઉપર ચઢી જતા હતા. આગળ જતા સિદ્ધોની નવલાખ ધૂણીઓ આવી. તે સહેજે જ પ્રદીપ્ત રહેતી હતી, પણ તે વખતે બધી શૂન્ય દેખાતી હતી. ૧૯.

વળી ત્યાં અનેક જાતના કુંડ સ્વચ્છ અને શીતળ જળથી ભરેલા હતા. તે કુંડ કોઈ જગ્યાએ શીતળ હતા તો ક્યાંક ગરમ હતા. સોહામણા અને મનભાવ્યા તે કુંડને નીરખીને શ્રીનીલકંઠ વર્ણીના મનમાં ઘણો આનંદ થયો. ૨૦. તે પછી તે નવલખા પહાડમાં રહેનારા તપના અભ્યાસી સિદ્ધોને મળ્યા. તેમણે ઊઠીને દંડવત્પ્રણામ કર્યા. શ્રીહરિ અનંત રૂપ ધરી પરસ્પર ભેટ્યા, તેથી તેમને મનમાં શાંતિ થઈ. ૨૧.

જેટલા માટે તે બધા વનમાં આવી ફળપત્ર ખાઈને તપ કરતા હતા તે ત્રિભુવનપતિ શ્રીપુરુષોત્તમ ઓચિંતા આવ્યા અને બથમાં લઈને ભેટ્યા. ૨૨. સહુએ પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા. પછી સાક્ષાત્ પ્રભુની સાથે સહુ સભા કરીને બેઠા. દર્શન કરવાથી હર્ષ થયો. વળી પરમ સુખ પ્રાપ્ત થયું. વર્ણિરાજ તો સહુનાં મનમાં ભાવી ગયા. ૨૩.

कौन प्रयोजन हे बन मैयाँ, कृश शरीर सुंदर सुख दैया, ॥२५॥

के तुम हो तप मूर्तिमाना, के हो स्वयं रूप भगवाना ॥
के तुम तिन देवनमें कोई, के हो शक्र स्वर्गपति सोई ॥२६॥

आये परीक्षा लेन हमारी, आये नारायन नरवपु धारी ॥
दरस देन आये करी दाया, कौन हो कहो त्रिभुवनराया ॥२७॥

दोहा : प्रभु तुमार चेष्टा महीं, नहिं मनुष्य कर चिह्न ॥
हो कोई देवके ईश्वर, हम यह परीक्षा कीन ॥२८॥

हसे मधुर बर्नीन्द्र तब, राखी गुप्त निज बात ॥
पूछी जोग अभ्यासकी, रीत सकल साक्षात ॥२९॥

सोरठा : बिच ही डारी अन्य गाथ, पूछी सो न कही बात हरि ॥

સિદ્ધો વિનયપૂર્વક વચન બોલ્યા કે "હે પરમ જ્ઞાની વર્ણિરાજ ! અમારી વાત આપ સાંભળો. આપની ઉંમર તો કિશોર છે અને રૂપના નિધિ છો. તો આપ ઘણા સમજણા થઈને પણ શા માટે વનમાં નીકળ્યા છો ? ૨૪. ભૂમિ કઠોર છે. તેના ઉપર કોમળ ચરણથી આપ ચાલો છો. ભક્તપતિ આપ એકલા જ વિચરો છો. આપનું સુખદાયક સુંદર શરીર કૃષ થઈ ગયું છે, તો શા પ્રયોજનથી આ વનમાં વિચરી રહ્યા છો ? ૨૫. શું આપ મૂર્તિમાન તપ છો ? કે સાક્ષાત્ ભગવાન પ્રગટ થયા છો ? અથવા તો તમે ત્રણ દેવમાંથી કોઈ એક છો કે સ્વર્ગના અધિપતિ ઇન્દ્ર છો ? ૨૬. આપ કોઈ દેવાધિદેવ પરમેશ્વર છો; આપ અમારી પરીક્ષા લેવા માટે મનુષ્ય દેહે નારાયણ પધાર્યા છો અને દયા કરીને દર્શન આપવા આવ્યા છો. ત્રિભુવનના રાય આપ કોણ છો ? તે કહો. ૨૭. હે પ્રભુ ! આપની ચેષ્ટામાં કોઈ મનુષ્યનું ચિહ્ન દેખાતું નથી. આપ કોઈ દેવ છો અથવા તો ઈશ્વર છો. કારણ કે અમે તે પરીક્ષા કરી લીધી છે." ૨૮.

ત્યારે શ્રીનીલકંઠ વર્ણીએ મધુર હાસ્ય કર્યું. પોતાની ખરી હકીકતને

अखिल भुवनकर नाथ, करत प्रशंसा मुनिनकर ॥३०॥
धन्य धन्य सब सिद्ध, साधत जोग परम सुखद ॥
ना इछऊ कछु रिद्ध, राज्य सुख वा अमरकर ॥३१॥

चोपाई :

इछउ ईश्वर सुख अविनासी, साधउ जोग होई हरि उपासी ॥
ना होउ नास्तिक ब्रह्मग्यानी, स्वधर्म जुक्त रहो सब ध्यानी ॥३२॥
कीन अविगत ग्यान प्रबोधा, रहे दिन तिन होई मनमोदा ॥
दे हरि दरस कीन आनंदा, उतरे तहाँसुँ सुखद सुखकंदा ॥३३॥
नीरखी नवलख सिद्ध उदारु, नवलख आश्रम कुंड सुच्यारु ॥
हस्ति मारग चले क्रिपाला, शुद्ध उत्तम हि जन प्रतिपाला ॥३४॥

ગુપ્ત રાખી. બધા સિદ્ધોને તેમના યોગાભ્યાસની વાત પૂછી. અને બધી પ્રત્યક્ષ રીતો પણ પૂછી. ૨૯. વચ્ચે શ્રીહરિએ બીજી વાત લાવીને સિદ્ધોએ જે પૂછ્યુ હતું તે વાત પૂરી કહી નહિ. અખિલ જગતના નાથ શ્રીહરિએ તે બધા સિદ્ધોની ઘણી પ્રશંસા કરી. ૩૦. પ્રભુ બોલ્યા કે "પરમ સુખદાયક યોગને સાધનારા તમને બધા સિદ્ધને ખરેખર ધન્યવાદ ઘટે છે. તમે કોઈ રિદ્ધિ સિદ્ધિને ચાહતા નથી તેમજ કોઈ રાજ્યનાં સુખ અથવા તો દેવતાઓનાં સુખને પણ ચાહતા નથી. ૩૧.

તમે અવિનાશી એવા પરમેશ્વરનાં સુખને ઈચ્છો છો અને ભગવાનના ઉપાસક બનીને યોગ સાધી રહ્યા છો. તમારામાં કોઈ નાસ્તિક બ્રહ્મજ્ઞાની નથી. તમે બધા સ્વધર્મથી યુક્ત અને જ્ઞાની છો. ૩૨. તે સિદ્ધોએ ક્યારેય ન જાણ્યું હોય તેવા જ્ઞાનનો ઉપદેશ સર્વ સુખના મૂળ અને સુખદાયક એવા શ્રીહરિએ કર્યો અને પ્રસન્ન મનથી ત્યાં ત્રણ દિવસ રહ્યા. દર્શન દઈને સહુને ખુશી કર્યા. પછી નવલખા પર્વત પરથી નીચે ઊતર્યા. ૩૩. અત્યંત શુદ્ધ તથા ભક્તજનોનું પ્રતિપાલન કરનારા

देखा रामकोट रहा दूरी, झलमलात छबी श्वेत सुरुरी ॥
तहाँ जाना कीना मन माई, परंतु न गये तहाँ सुखदाई ॥३५॥
निरखत बिपिन सुबन प्रतिपाला, आवा बालवाकुंड बिशाला ॥
देखा बालवाकुंड करी प्यारा, रहा त्रय रितु धारी उदारा ॥३६॥
वारि वाय वह्नि ए तीनो, रहे दिन तिन तहा रंगभीनो ॥
पुनि चले तहाँसुँ भगवाना, बन ही बिलोकत रूपनिधाना ॥३७॥
अग्निकुनमें कीन परवेशा, जात बिलोकत हरि सब देशा ॥
गंगा सिंधु संगम आवा, आये तहाँ त्रिभुवन रावा ॥३८॥
तहाँ हरि कीन आप स्नाना, दिवस तिन रही क्रिपानिधाना ॥
चले समुद्र कर उतरी खारी, आये कपिलाश्रम मुरारी ॥३९॥

કૃપાળુ શ્રીહરિ ઉદાર સ્વભાવના નવ લાખ સિદ્ધોને મળ્યા અને તેમના નવ લાખ આશ્રમ તથા કુંડોને સારી રીતે જોયા.

પછી હાથીઓને ચાલવાને માર્ગે આગળ વધ્યા. ૩૪. આગળ ચાલતા રૂડી રીતે ઝળહળતી શોભાવાળો શ્વેત રામકોટ દૂર રહેલો જોયો. મનમાં જવાની ઈચ્છા કરી, પરંતુ સુખદાયક શ્રીહરિ ત્યાં ન ગયા. ૩૫. ભક્તપ્રતિપાલક શ્રીહરિ સુંદર વનને દેખતા દેખતા વિશાળ બાલવા કુંડ આવ્યા. ઘણા પ્રેમથી બાલવા કુંડ જોયો. જે ઉદાર કુંડ એક સાથે ત્રણેય ઋતુને ધારી રહ્યો છે. ૩૬.

પાણી, પવન અને અગ્નિ આ ત્રણેય તેમાં રહ્યા છે. રંગભીના ઘનશ્યામ પ્રભુ ત્યાં ત્રણ દિવસ રહ્યા. પછી રૂપનું નિધાન પ્રભુ વનને જોતા જોતા ત્યાંથી આગળ ચાલ્યા. ૩૭. ત્રિભુવનરાય એવા શ્રીહરિ અગ્નિકોણમાં પ્રવેશીને બધા દેશને દેખતા દેખતા ચાલ્યા. જ્યાં ગંગા અને સાગરનો સમાગમ છે ત્યાં આવ્યા. ૩૮. કૃપાનિધાન શ્રીહરિએ ત્યાં પોતે સ્નાન કર્યું અને ત્રણ દિવસ રહ્યા.

देखा कपिलाश्रम सुखरूपा, रमनीय सुंदर परम अनूपा ॥
चहु पासा वारिधिकर खाई, बिचमें आश्रम अति सुखदाई ॥४०॥

सांख्य शास्त्रकर वक्ता भारी, कपिलदेव ईश्वर अघहारी ॥
कीन परम तप जन हितकारी, राजत मूर्ति रमनीय प्यारी ॥४१॥

सोरठा : अक्षरपति अविनास, आयके कीन दरस परस ॥
हरन सकल भव त्रास, रहे तहाँ एक मास प्रभु ॥४२॥

कीन परम पावन, आश्रम आश्रमवासी जन ॥
चले जगत जीवन, तहाँसुँ हरि सुखकर सदन ॥४३॥

दोहा : आये पुरुषोत्तम पुरी, अखिल शक्ति धर शाम ॥
निरखी छबी जगन्नाथकी, मुदित भये सुखधाम ॥४४॥

પછી મુરારિ પ્રભુ સમુદ્રની ખાડી ઊતરીને કપિલાશ્રમ તરફ આવ્યા. ૩૯. તેમણે સુખરૂપ કપિલાશ્રમ દેખ્યો. તે ઘણો સુંદર, અનુપમ અને અતિશય રમણીય હતો. ચારે બાજુ સમુદ્ર ખાઈની જેમ રહ્યો હતો અને વચ્ચે અતિશય સુખદાયક આ આશ્રમ હતો. ૪૦.

સાંખ્યશાસ્ત્રના મુખ્ય વક્તા અને પાપને હરનારા એવા પ્રભુ કપિલદેવજીએ લોકોનું હિત કરે તેવું અહીંયા ઘણું ઉચ્ચતમ તપ કર્યું હતું. અને તેમની પ્યારી રમણીય મૂર્તિ પણ ત્યાં શોભતી હતી. ૪૧. અક્ષરપતિ અવિનાશી શ્રીહરિએ ત્યાં આવીને તે મૂર્તિના દર્શન અને સ્પર્શ કર્યો.

સહુ લોકોના સંસારના ત્રાસને હરવા માટે પ્રભુ ત્યાં એક મહિનો રહ્યા. ૪૨. ત્યાં કપિલાશ્રમ તથા તે આશ્રમમાં રહેનારા લોકોને અતિશય પવિત્ર કર્યા. પછી સુખના સદન અને જગતના જીવનરૂપ શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા. ૪૩.

સમગ્ર શક્તિને ધારણ કરનારા ઘનશ્યામ પ્રભુ પુરુષોત્તમ પુરી અર્થાત્ જગન્નાથપુરી આવ્યા. ભગવાન જગન્નાથજીની મૂર્તિનાં દર્શન

रहे तहाँ करी वास प्रभु, नीलकंठ सुखकंद ॥
निरखत नित जगन्नाथ छबी, कहे कवि प्रेमानंद ॥४५॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते नवलखसिद्धमिलाप बालवाकुंड कपिलाश्रमगमन नामा त्रयोविंशोऽध्याय: ।।२३।।



अध्याय - २४

दोहा : जगन्नाथकर मूर्ति महीं, करी हरि आप प्रवेश ॥
अविलोकत सेवकन कर, भक्ति भाव अशेष ॥०१॥
मूर्तिमंहि रही जेंवत, भोजन विविधि प्रकार ॥
पुरुषोत्तमलोचन करी, अविलोकत किर्तार ॥०२॥

કરીને સુખધામ પ્રભુ ખૂબ રાજી થયા. ૪૪. સુખકંદ શ્રીનીલકંઠ પ્રભુ પુરીમાં નિવાસ કરીને રહ્યા. કવિ પ્રેમાનંદસ્વામી કહે છે કે ત્યાં રહેતા ત્યારે રોજ ભગવાન જગન્નાથજીની મૂર્તિનાં દર્શન કરતા હતા. ૪૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'નવ લાખ સિદ્ધોનો મેળાપ, બાલવા કુંડ તથા કપિલાશ્રમગમન' એ નામે ત્રેવીશમો અધ્યાય સમાપ્ત-૨૩



અધ્યાય - ૨૪

શ્રીહરિનું જગન્નાથપુરીમાં આવવું અને અપાર અસુરોનું નિકંદન

શ્રીહરિ પોતે જગન્નાથપુરીમાં જગન્નાથજીની મૂર્તિમાં પ્રવેશ કરીને સેવા કરનાર પૂજારીનો બધો જ ભક્તિભાવ દેખતા હતા. ૧. તે મૂર્તિમાં રહીને વિવિધ પ્રકારના થાળમાં રહેલા ભોજનને જમતા હતા. સર્વકર્તા તે પ્રભુ, ભગવાન જગન્નાથ પુરુષોત્તમના નેત્રથી બધું દેખતા હતા. ૨.

सोरठा : करत कपट छल सोई, निरखीत सब सेवकन कर ॥
ईश्वर सामृथ होई, सब ही करतलामलकवत ॥०३॥
राजत बरनीराज, इन्द्रद्युम्न सर पर सुखद ॥
आये आप जेही काज, करन निकंदन असुरकर ॥०४॥

चोपाई :
रहत असुर तहाँ अनंत अपारा, साधु सिद्धकर बेश ले धारा ॥
मंत्र जंत्र साधत दिनराती, बश कीने नर त्रिया बहु भाँती ॥०५॥
बरन आश्रमकर धर्म छोडाई, कीने भ्रष्ट सब करी कुटीलाई ॥
साचे संत सदा अघहारी, तीनकी सेवाकर फल भारी ॥०६॥

તે સેવા કરનાર પૂજારી જે કાંઈ છળ કપટ કરતા હોય તે બધાને દેખતા હતા. શ્રીહરિ તો સમર્થ પરમેશ્વર છે એટલે બધા જ ભાવને હથેળીમાં રહેલા આંબળાની જેમ દેખતા હતા. ૩.

સુખદાયક વર્ણિરાજ શ્રીહરિ ઘણા સુશોભિત હતા. તેથી તેઓ અસુર સમુદાયોનું નિકંદન કરવા માટે થઈને જ આવ્યા હતા, તે પોતે પ્રભુ ઈન્દ્રદ્યુમ્ન સરોવર પર આવ્યા. ૪. તે સ્થળે સાધુ અને સિદ્ધોનો વેશ લઈને અનંત અપાર અસુરો રહેતા હતા. તેઓ રાત દિવસ મંત્ર જંત્ર સાધતા હતા. અને તેને લીધે ઘણી જાતના નરનારીઓને વશ કર્યા હતા. ૫.

તેઓએ કુટીલતા કરીને બધા લોકોમાં વર્ણ તથા આશ્રમના ધર્મ છોડાવ્યા અને બધાને ભ્રષ્ટ કર્યા હતા. સદાય પાપને હરનારા એવા જે સાચા સંતો હોય છે તેમની સેવાનું ફળ તો ઘણું મોટું હોય છે. ૬. તે બધી બાબતને અસુરો પોતામાં દેખાડતા હતા. તેને લીધે ઘણી જાતના પુરુષો અને સ્ત્રીઓ તે સાધુઓને માનતા હતા.તેઓ એમ બોલતા કે ‘ક્યારેય સાધુ પુરુષની નિંદા કરવી નહિ. પરંતુ તે સંતોની આગળ

सोउ देखावत आपन मैयाँ, बऊ बिधि मानत लोक लुगैया ॥
साधुनकर निंदा नहीं करना, तन धन प्रीतसुँ आगे धरना ॥०७॥
ऐसा ग्यान बतावत पापी, थापत अधर्म धर्म उथापी ॥
चलत कुपंथ बेदमग त्यागी, चौर देवकर परम अभागी ॥०८॥
कौलार्नव चंडी पुराना, रसिकप्रिया आदिक ग्रंथ हे नाना ॥
सबको तीनकी कथा सुनावे, ऐसा ग्यान दे जन भरमावे ॥०९॥
पोषत शिश्नोदर दे ग्याना, कलिमलरूप करत मद्य पाना ॥
पियत गांजा भांग धतूरा, लगत यमदूत सम महा क्रूरा ॥१०॥
शैवी बैष्नवी दीक्षा धारी, केते वामी कामी भारी ॥

તો તન અને ધન પ્રેમથી અર્પણ કરવું.' ૭. તે પાપી લોકો આવું જ્ઞાન બતાવતા અને ધર્મને ઊખેડીને અધર્મનું સ્થાપન કરતા હતા. તે સાધુઓ વેદ માર્ગને છોડી દઈને કુપંથ ચલાવતા હતા. તે ઘણા અભાગિયા દેવના ચોર બન્યા હતા. ૮.

તે લોકો કૌલાર્ણવ, ચંડીપુરાણ તથા રસિકપ્રિયા વગેરે અનેક ગ્રંથોની કથા સહુની આગળ સંભળાવતા અને તેવું જ જ્ઞાન કહીને લોકોને ભરમાવતા હતા. ૯. તે જ્ઞાન આપીને પોતાના શિશ્ન અને ઉદરનું પોષણ કરતા હતા. કળિયુગના મળ જેવા તે બધા મદિરાનું પાન કરતા હતા. વળી, ગાંજો, ભાંગ અને ધંતુરાને પીતા હતા. તેથી તે અત્યંત ક્રૂર યમદૂતના જેવા જણાતા હતા. ૧૦.

તેમાં કેટલાક તો શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયની દીક્ષા લીધેલા હતા. કેટલાક તો વામ માર્ગી અત્યંત કામી હતા. આવા બધા ઈન્દ્રદ્યુમ્ન સરોવરની આસપાસમાં હજારો લોકો રહેતા હતા. તે ઘણા અધર્મી અને શિકારી જેવા હતા. ૧૧. વર્ણિરાજ સર્વના સ્વામી એવા નીલકંઠ પ્રભુએ તે ઘણા હરામીઓને દેખ્યા. તે બધા શસ્ત્ર

रहत हजारो याँ सब ऐसे, बडे अधर्मी लुब्धक जैसे ॥११॥
नीलकंठ बरनीन्द्र स्वामी, देखे ऐसे बहुत हरामी ॥
शस्त्र अस्त्र करी सब भरपूरा, मारन मरन कर्म महीं सूरा ॥१२॥
बरनुँ कछुं शस्त्रन कर नामा, राखत असुर परम दुःखधामा ॥
चर्म वर्म असि खडग अपारा, शर तुनिर धनु धरननहारा ॥१३॥
तोमर चक्र गदा ग्रही पानी, फरसी त्रिशुल कुठार बखानी ॥
शतघ्नी सहस्रघ्नी भुषंडी, कोकबान शक्ति लिये झूडी ॥१४॥
लाठी लोहागी छुरा कटारी, पेश कबज रहे केते धारी ॥
शस्त्र अस्त्र धरी रहे असुरा, मनु यमराज कर सैन सुक्रूरा ॥१५॥

અને અસ્ત્રથી ભરપૂર હતા. વળી, મારવું અને મરવું, તે ક્રિયામાં તો ઘણા શૂરવીર હતા. ૧૨.

હું તેનાં શસ્ત્રોનાં કેટલાક નામ કહું છું કે જે અતિશય દુઃખનાં ધામ જેવા અસુરો રાખતા હતા. તે અસુરો ઢાલ, તલવાર, કવચ, ખડ્ગ, ધનુષ્ય, બાણ અને ભાથો વગેરેને ધારણ કરતા હતા. ૧૩. તોમર, ચક્ર અને ગદાને હાથમાં રાખતા હતા. ફરસી, ત્રિશૂળ અને કુહાડાને કેટલાક વખાણનારા હતા.

શતઘ્ની(એકસોને મારનારી) અને સહસ્રઘ્ની (હજારને મારનારી) જાતની તોપોને રાખનારા તથા બંદૂકોને રાખનારા હતા. કેટલાક તો કોકબાણ તથા શક્તિને સાથે રાખનારા હતા. ૧૪. કેટલાક તો મોટી લાકડીઓ, લોઢાની સાંગ, છરો, કટાર, આ બધાને પાસે રાખનારા હતા. એ બધા અસુરો અસ્ત્ર તથા શસ્ત્રને એવી રીતે ધારી રહેલા હતા કે માનો, તે યમરાજનું ક્રૂર લશ્કર ન હોય ! ૧૫.

શ્રીહરિએ ઉપર કહ્યા તેવા અનંત અસુરોને દેખ્યા. પછી મનમાં વિચાર કર્યો કે 'હું કયો એવો ઉપાય કરું કે આ બધા દુષ્ટોનો સંહાર થઈ

दोहा : ऐसे देखी अनंत हरि, करत हे मनसी बिचार ॥
कवन उपायसुँ होई हे, दुष्टन कर संहार ॥१६॥
एक दिना आये असुर, नीलकंठकर पास ॥
आयके बोले असुर अस, चल रे उठावउ घास ॥१७॥

सोरठा : ले लकरी शिर भार, बंमन बैठा ध्यान धर ॥
श्रीहरि अति सकुमार, कबहु न कीनउ काम रती ॥१८॥
लीन पकरी बर जोर, निज आश्रम प्रति लाये हरि ॥
कहे यह भाजी तोर, नै तो शिक्षा करी हुं अब ॥१९॥

चोपाई :
सदय हृदय प्रभु परम दयालु, काहु न दुःखवत अतही कृपालु ॥

જાય.' ૧૬. એક દિવસ કેટલાક અસુરો નીલકંઠ વર્ણીની પાસે આવ્યા અને તે એમ બોલ્યા કે 'એ બ્રહ્મચારી ! ચાલ, આ ઘાસને ઉઠાવ. ૧૭. માથા ઉપર લાકડાનો ભારો લે. બ્રાહ્મણ થઈને ધ્યાનમાં શું બેઠો છો ?' શ્રીહરિ તો અતિશય સુકુમાર હતા. તેમણે ક્યારેય રતીભાર પણ કોઈ કામ કર્યું ન હતું. ૧૮. બળજબરીથી અસુરોએ વર્ણીને પકડી લીધા અને પોતાને આશ્રમે લાવ્યા. પછી કહ્યું કે 'આ ભાજી તોડ. નહિ તો હમણા જ શિક્ષા કરું છું.' ૧૯. **દયાપૂર્ણ હૃદયવાળા પ્રભુ તો સ્વાભાવિક રીતે દયા કરનારા હોય છે. તે એટલા બધા કૃપાળુ છે કે કોઈને ક્યારેય દુઃખવતા નહિ. પોતે ત્રિલોકીના નાથ હોવા છતાં પણ પોતાને હાથે ક્યારેય લીલા તરણાને પણ તોડતા નહિ.** ૨૦.

પ્રભુ શ્રીહરિનો આવો દયાળુ સ્વભાવ હતો ત્યારે તે દુષ્ટોના વડાએ શ્રીહરિને પરવશ કરી અને ભાજી તોડવા પ્રેર્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું કે 'એ ભાઈ ! તમે બધા સાંભળો. આ ભાજીમાં તો ઘણા જંતુઓ છે. ૨૧. હું આવી લીલી ભાજી ક્યારેય તોડતો નથી. તમે રાજી થઈને ચાહે તેમ કરો.' જે પ્રભુ શ્રીહરિ સમગ્ર જગતના નાથ છે અને કાળના પણ

हरीत त्रन कबहु निज हाथा, तोरत नाई त्रिभुवन नाथा ॥२०॥

ऐसा प्रभुकर सदय स्वभाउ, प्रेरेउ परबस दुष्टन राउ ॥
कहत हरि सुनो रे सब भाई, बहुत जंतु हे भाजी मांई ॥२१॥

हम ना तोरत लीली भाजी, करो चाय सो ज्युं तुम राजी ॥
अखिल भुवनपति कालके काला, ताही डीरावत काढी क्रवाला ॥२२॥

इन दुष्टनकर कुंभ भराना, त्रिभुवनपति पकरीके आना ॥
नागटीपा रे हाथ ले घाला, करत शियार सिंघसुँ ख्याला ॥२३॥

आवत कुमति न सूझत कांई, ज्युं दसबदन ऋषिनपे आई ॥
कहत ऋषिनको तपस्वि जेते, देउ दंड मोहि सब तेते ॥२४॥

કાળ છે તોપણ એક સાધુએ તલવાર કાઢીને તેમને ડરાવ્યા. ૨૨. આ બધા દુષ્ટોના પાપનો ઘડો ભરાઈ ગયો હતો. અને તેથી જ ત્રિભુવનપતિ શ્રીહરિને પકડીને લાવ્યા હતા. માનો કે તે દુષ્ટોએ નાગનો મણિમુકુટ લેવા હાથ લંબાવ્યો હતો અથવા તો તેણે સિંહને શિયાળ માનેલ હતો. ૨૩.

જ્યારે મનુષ્યમાં કુબુદ્ધિ આવે છે ત્યારે તેને કોઈ સારું કાર્ય સૂઝતું નથી. જેમ પૂર્વે રાવણ ઋષિઓની પાસે આવ્યો અને જેટલા તપસ્વી ઋષિ હતા, તે બધાને કહ્યું કે ‘બધા જ લોકો મને કર(દંડ) આપે છે. ૨૪. આ ત્રિલોકીમાં રહેનારા બધા જ લોકો મને કર આપે છે. તમે બધા ઋષિઓ મને કોઈ કર કેમ નથી આપતા ?’

પછી બધા ઋષિઓએ મનમાં વિચાર કરી અને રાજાને હેતથી કર આપવાનું નક્કી કર્યું. ૨૫. તે સહુ ઋષિઓએ પોતપોતાની આંગળી કાપી અને તેમાંથી નીકળતા લોહીથી ભરાયેલો એક ઘડો રાવણને પહોંચાડ્યો. તે લોહીનો ઘડો રાવણના બધા જ કુળનો નાશ કરનારો થયો હતો. તે રીતે જ સહુનો નાશ કરે તેવા આ નીલકંઠ બ્રહ્મચારી હતા. ૨૬.

त्रिभुवनवासी भरत कर मोई, तुम काहे ना देत हो कोई ॥
तब ऋषियन मन करी निरधारा, देउ कर नृपकुं करी प्यारा ॥२५॥
निज निज आंगुरि काटि ऋषिरावा, भरी लोउ घट कर पहुंचावा ॥
यह घट हे सब कुलक्षयकारी, तेहि प्रकार यह हे ब्रह्मचारी ॥२६॥
दुःखवत नाई कबहु कोउ जंता, ना तोरत हरा त्रन पर्यंता ॥
अस पुरुषनकुं दुःखवत कोई, निर्बंस होत जरमूलसुँ सोई ॥२७॥
अब असुरन कर आवा अंता, कीन हरि कर द्रोह अत्यंता ॥
संत हरिकर द्रोह हे कैसा, पावक कन त्रन वन दहे तैसा ॥२८॥
दोहा : सत्यसंकल्प श्रीहरि कर, असत्य करे नई कोई ॥

નીલકંઠ વર્ણી ક્યારેય કોઈ જંતુને દુઃખવતા નહિ. લીલા તરણા સુધી કોઈને તોડતા નહિ. આવા પરમેશ્વર કે મહાપુરુષને જે કોઈ પણ દુઃખવે છે તે જડ મૂળથી નષ્ટ થઈને નિર્વંશ થાય છે. ૨૭. હવે અસુરોનો નાશ થવાનો સમય થયો હતો અને તેણે કરીને જ તે બધા શ્રીહરિનો અત્યંત દ્રોહ કરવા લાગ્યા.

ભગવાન તથા ભગવાનના સંતનો દ્રોહ કેવો છે ? જેમ અગ્નિનો એક તણખો આખા ઘાસના વનને બાળી દે તેવો છે. ૨૮. **ભગવાન શ્રીહરિ તો સત્યસંકલ્પ છે. તેમનો કોઈપણ સંકલ્પ અસત્ય હોતો નથી.** શઠ, ઉદ્ધત અને કુબુદ્ધિ લોકોને શિક્ષા કરવી, તે એક રોગીની આંખમાં આંજણ આંજવા જેવી છે. ૨૯. પ્રભુના જે સંકલ્પથી સંપૂર્ણ યદૂકુળનો નાશ થયો હતો તેવા જ સંકલ્પને અત્યારે પ્રેરીને શ્રીહરિ અસુરોનો વિનાશ કરી રહ્યા છે. ૩૦.

અસુરોમાં પરસ્પર વાદ વિવાદ થયો અને તેમાં હુંસાતુંસી થઈ. અભક્ષ્યનું ભક્ષણ કર્યું અને નશો કર્યો. પછી પરસ્પર ગાળો બોલવા

शठ उन्मत्त कुमतिनकुं, शिक्षा अंजन होई ॥२९॥
जेहि संकल्प करी भयो, जादोकुलकर नाश ॥
सोउ संकल्प अब प्रेरीके, करीहे असुर बिनाश ॥३०॥

सोरठा : भयो परस्पर बाद, हुंसातुंसी होन लगी ॥
खाई अभक्ष करी माद, गरिया बन लगे परस्पर ॥३१॥
बोलत बढा बिरोध, लिन लाठी होई क्रोध बस ॥
पाये हरि मन मोद, आये निज आश्रम सुखद ॥३२॥

चोपाई :
होन लगा लाठीन प्रहारा, तदनंतर लोहांगी मारा ॥
फूटेउ मुंड चली लोहु धारा, तब तो मन्यू बढा अपारा ॥३३॥

લાગ્યા. ૩૧. બોલતા બોલતા જ્યારે વિરોધ વધ્યો એટલે ક્રોધવશ થઈને લાકડીઓ લીધી. ત્યારે શ્રીહરિ તો મનમાં ખુશી થયા અને સુખકારી પોતે ઉતારે આવ્યા. ૩૨.

અસુરોમાં લાકડીના ઘા થવા લાગ્યા, તે પછી લોઢાની સાંગો મારવા લાગ્યા. પરસ્પર માથા ફૂટ્યા, લોહીની ધારાઓ થવા લાગી. પછી તો તેમાં અપાર ક્રોધ વધ્યો. તે પછી હાથમાં પટ્ટીશ(ધારદાર લાંબી અને સીધી તલવાર) લીધી.

પછી તો તે અજ્ઞાનીઓ તલવાર તથા ઢાલ લઈને દોડ્યા. એવી હાથછૂટી મારામારી કરવા લાગ્યા કે કોઈને સૂધ રહી નહિ. તે અસુરોમાંથી સદ્‌બુદ્ધિ અને દયા નીકળીને પોતાને ઘેર ચાલી ગઈ. ૩૩-૩૪.પછી તો તે અસુરોમાં કુબુદ્ધિએ પ્રવેશ કર્યો, તેથી પરસ્પર ક્લેશ તથા દ્રોહ પેદા થયો. જ્યારે અતિશય લડાઈ થવા લાગી ત્યારે તેના હાથ અને માથા કપાઈને પડવા લાગ્યા. ૩૫.

ચક્રની ધારાથી તેના કંઠ કપાઈ જતા હતા અને તોમર નામના

तदनंतर पटीश ग्रही पानी, असि चर्म ले धाये अग्यानी ॥
हाथ छूट भई रही न सुधी, चली अपने घर दया सुबुधी ॥३४॥
कीन आय कुमति प्रवेशा, उपजा परस्पर द्रोह रु कलेशा ॥
होन लगी जब अतहि लराई, परन लागे भुज शिष कपाई ॥३५॥
छेदत कंठ चक्रकर धारा, होन लगा तोमर प्रहारा ॥
छूटत शर कर धनुष कठोरा, मचा हे जुध परस्पर घोरा ॥३६॥
अपने अपने चेला नाती, काका दादा गुरु संगाती ॥
असुर सैन महीं परा विभागा, तुल्य पक्ष भया करी अनुरागा ॥३७॥
छूटे कोकबान करी घोषा, मारत शूल शक्ति करी रोषा ॥
छूटत भूषंडि फूटत ज्युं लाजा, बाजत तूर भैरी बहु बाजा ॥३८॥

આયુધોના પ્રહારો થવા લાગ્યા. વળી, ધનુષ્યમાંથી કઠોર બાણ છૂટવા લાગ્યા અને પરસ્પર ઘોર યુદ્ધ જામ્યું. ૩૬. પોતાના ચેલા, પૌત્ર, દૌહિત્ર, કાકા, દાદા, ગુરુ અને સાથીદાર, એ બધા કપાવા લાગ્યા. અસુર સૈન્યના બે ભાગ થયા. એકાબીજાના મળતિયાના લગભગ સરખા પક્ષ થઈ ગયા. ૩૭.

ભયંકર અવાજ કરતા કોકબાણ છૂટવા લાગ્યા. અને પરસ્પર ભાલા અને શક્તિ વગેરે આયુધોને રોષ સાથે મારવા લાગ્યા. બંદૂકો તો ધાણીની જેમ ફૂટતી હતી. તે સમયે તૂરી, ભેરી અને ઘણી જાતના વાજિંત્રો વાગવા લાગ્યા. ૩૮. પ્રણવ, દુંદુભિ, ગોમુખ અને શંખ આદિક વાજિંત્રોનો પણ તુમુલ ધ્વનિ થવા લાગ્યો.

એ વખતે ફાંકડા શૂરવીર અસુરો ગર્જના કરવા લાગ્યા કે જેને મરવાનો બિલકુલ ભય ન હતો. રૂંવાડાં ખડા થઈ ગયા હતા અને છાતી ફૂલી જતી હતી. ૩૯. સિંધૂડો રાગ ગવાતો હતો અને ઝુંઝાર યોદ્ધાઓ એક પગ પણ પાછો હઠતા નહિ. તે ઉમંગવાળા કસીને પ્રહાર કરતા

प्रनव दुंदभी गोमुख शंखा, करत तुमल रव असुर सुबंका ॥
गर्जत शुभट मरन भय नाई, पुलकित रोम भुजांतर काई ॥३९॥
गावत सिंधु बजत झुझाऊ, हठत न पीछा सुभटकर पाऊं ॥
उमंगी उमंगी कसि करत प्रहारा, जटा जुक्त शिर परत अपारा ॥४०॥
बरसत शस्त्र मनहु झर लागी, देखी निर्बल निकसे सब भागी ॥
शूरबीर कोउ बचन न पावा, दैव द्रोह फल तुरत देखावा ॥४१॥
चलि रुधिर सरि अतहि तुराई, मृतक कुंणप जलचर छबी छाई ॥
भुजा शीष मनु ग्राह रु मीना, आल व्याल जटाजुट सुचिना ॥४२॥
सोरठा : भरे श्रोणित कर ताल, ठोर ठोर बहु भाँतिकर ॥
कहुँ लघु कहुँ बिसाल, भये मुदित रुधिराहारी खग ॥४३॥

હતા. અને માથા ઉપર જટાવાળા અપાર મસ્તક રણભૂમિ ઉપર ઢળી પડતા હતા. ૪૦.

શસ્ત્રો એટલા પડતા હતા કે માનો, વરસાદની ઝડી લાગી ન હોય ! તે હથિયારોની વૃષ્ટિને દેખતા તો દિલના નિર્બળ મનુષ્યો બધા ભાગી જતા હતા. આ યુદ્ધમાં કોઈ શૂરવીર પુરુષ બચી શક્યો નહિ. દેવનો દ્રોહ કર્યો તેનું ફળ તરત તેને મળ્યું. ૪૧.

તે સમયે યુદ્ધમાં મરાયેલા યોદ્ધાઓના રુધિરની નદી અતિશય વેગથી ચાલી. તે લોહીની નદીમાં પડેલા મડદાઓ જળચર પ્રાણીની શોભાને પામ્યા હતા. કપાયેલા હાથ અને માથા, માનો મગર અને માછલાં જેવા દેખાતા હતા. માથા ઉપરના જટાજુટ તો આલ નામની માછલી અને સર્પને સૂચવતા હતા. ૪૨. લોહીથી ઠેકઠેકાણે ક્યાંક નાના અને ક્યાંક મોટા એવા અનેક જાતના તળાવ ભરાઈ ગયા. અને લોહી પીનારા પક્ષીઓ બધા ખુશ થઈ ગયા. ૪૩.

गीध कंक पुनि काक, करत कलोहल हरख भर ॥
पुनी मन अभिलाक, दिन भक्ष भये प्रसन्न हर ॥४४॥

दोहा : भये शृगाल मन मुदित अति, वृक चित्तादि अपार ॥
ग्राम सिंघ घर हो रहा, प्रमुदित मंगल च्यार ॥४५॥

अमिष अहारी जंतु उर, बहुबिध हरख न माय ॥
प्रेमानंद कहे पंचनखा, मांसाशना हरखाय ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायण चरित्रामृते जगन्नाथपुरी आगमन अमित असुर निकंदन नामा चतुर्विंशोऽध्यायः ।।२४।।



ગીધ, કાગડા અને ભાસ(કાગડા જેવું પક્ષી), હર્ષના ભર્યા કોલાહલ કરતા હતા. કારણ કે તેને મન ચાહ્યું ભોજન અપાયું હોવાથી દરેક પ્રસન્ન થયા હતા. ૪૪. શિયાળ, વરુ, ચિત્તો ઈત્યાદિક માંસાહારી પ્રાણીઓ મનમાં અતિશય રાજી થઈ ગયા અને કૂતરાઓ તો ઘરમાં રહીને જ ઘણા પ્રસન્ન હતા. ઉપર કહેલા ચારેય પ્રાણીઓને માટે મંગળમય સમય થયો હતો. ૪૫. માંસાહારી બધી જ જાતના જંતુઓનાં દિલમાં અપાર હરખ માતો ન હતો. તેમાંય તે જેટલા પાંચ નખવાળા માંસાહારી હતા, તે તો વિશેષ હરખાતા હતા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિનું જગન્નાથપુરીમાં આવવું અને અપાર અસુરોનું નિકંદન કર્યું' એ નામે ચોવીશમો અધ્યાય સમાપ્ત-૨૪



अध्याय - २५

दोहा : मरत असुर अगनित नित, हो रहा हाहाकार ॥
जुद्ध बिलोकन यान चढी, आये बिबुध अपार ॥०१॥
भयो त्रास नरनारी उर, नग्रपति पछताये ॥
मुलुक माल खाई शठ, स्वारथ बिना कपाये ॥०२॥
सोरठा : सहस्रावधि असूर, देखत हरि नित प्रति मरत ॥
मच्यो जुद्ध भरपूर, देव दनुज जिमि तुमलतर ॥०३॥
भूत रु प्रेत पिशाच, यम किंकर भये मुदित मन ॥
नित प्रति हारे जाच, देत न भक्षन दैव अस ॥०४॥

અધ્યાય - ૨૫

અસુરોએ બીજા અસુરોની આગળ શ્રીહરિનાં સ્વરૂપનું કરેલ વર્ણન

જગન્નાથપુરીમાં રોજ અસંખ્ય અસુરો મરતા હતા અને બધે હાહાકાર થઈ રહ્યો હતો. તે સમયે અપાર દેવતાઓ પોતપોતાના વાહનમાં બેસીને તે યુદ્ધ જોવા આવ્યા. ૧. નરનારી સામાન્ય જનતાનાં દિલમાં ત્રાસ થયો. ત્યાંના નગરપતિનાં દિલમાં પણ પશ્ચાત્તાપ થયો. દુનિયાના માલ મલીદા ખાઈને આ બધા શઠ લોકો વગર સ્વાર્થે કપાઈ મર્યા. ૨. હજારોની સંખ્યામાં અસુરો રોજ મરતા હતા અને શ્રીહરિ દેખતા હતા. દેવતાઓ અને દૈત્યોનું જેમ ઘોર યુદ્ધ થયું હોય તેવું આ ભરપૂર યુદ્ધ જામ્યું. ૩. ભૂત, પ્રેત, પિશાચો અને યમદૂતો આવા યુદ્ધથી મનમાં ખુશી થયા. તે ભૂત આદિક દૈવની પાસે રોજ માગી માગીને થાકી ગયા, પણ આવું ભોજન તેને ક્યારેય આપતા ન હતા. ૪.

ડાકિની, શાકિની, જોગણી, ભૈરવ, ભૈરવી, ચંડી, મૂંડી, વીર, વૈતાલી, આ બધી તામસી ગણાતી દેવીઓ હરખપૂર્વક આવી કંકાળના ખપ્પરમાં રુધિર ભરવા લાગી. ૫. લોહી પીનારા આ બધા તામસી અને

चोपाई :

डाकीनी साकिनी जोगिनी आई, भैरव भैरवी अति हरखाई ॥
चंडी मुंडी बीर बैताली, आई खपर भरन कांकाली ॥०५॥
रुधिरा अशना एते भाखे, इन आदि बटुरेउ लाखे ॥
देत दैवका आशिरबादा, हम पर क्रिपा कीन अति माधा ॥०६॥
ऐसा भक्ष हम कबहु न पावा, कीन आजु हमरा मन भावा ॥
मच्या किच बड मांस रुधिरा, खात पियत भये पुष्ट शरीरा ॥०७॥
मरत सहस्र दश नित प्रति जानो, घायल होत पिशाच प्रमानो ॥
परे मुंड अवनि घन घाटी, मनहुं कंदुर में असुर ले लाठी ॥०८॥
अगणित मरत जात जमद्वारी, यमघर भई भीर अति भारी ॥
कहुँ कथा असुरन की केती, बिगरत जीह्वा श्रवन समेती ॥०९॥

તે સિવાયના લાખો બટુભૈરવાદિક પોતાના દૈવને આશીર્વાદ આપવા લાગ્યા કે 'અમારા ઉપર અમાપ કૃપા કરીને અમને આવું ભોજન આપ્યું છે. ૬. આવું ભોજન અમને ક્યારેય મળ્યું નથી. અમારા ઉપર ઘણા ભાવથી તમે આ ભોજન આપ્યું છે.' માંસ અને રુધિરનો તો ઘણો કીચડ થઈ ગયો. અને તેને ખાનારા પીનારા તામસી પ્રાણીઓનાં શરીર પણ પુષ્ટ થઈ ગયા. ૭.

રોજ દસ હજાર જેટલા અસુર મરતા હતા. જે ઘવાતા હતા તે તો પિશાચના જેવા દેખાતા હતા. જમીન ઉપર અસુરના માથા એટલાં બધાં ઘાટાં પડ્યાં હતાં કે માનો, અસુરો લાકડી લઈને ગેડી દડાની રમત રમવા જતા હોય તેમ લાગતું હતું. ૮. જે અગણિત અસુરો મરતા હતા તે બધા જમપુરીમાં જતા હતા. તેથી જમપુરીમાં પણ ઘણી મોટી ભીડ થઈ ગઈ હતી. હું અસુરોની આવી કથા કેટલીક કહું. આવી વાત કહેતા અને સાંભળતા મારી જીભ અને કાન ખરાબ થઈ રહ્યા છે. ૯. કહ્યાં સિવાય આ ચાલતું નથી. આ યુદ્ધ તો ભગવાનની ઈચ્છાથી થયું છે.

कहे बिना नहीं चलत प्रसंगा, हरि इछा सुँ मचा हे जंगा ॥
मरे बहुत गये केते भाजी, भये दैवी सुनीके अति राजी ॥१०॥
भाजी गये असुर परदेशा, कीनी कथा अथ इति शेषा ॥
कही सब असुरन आगे जाई, करते सोच सुनी अति सकुचाई ॥११॥
कहा कहिये कछु कहि न जाई, आपस महींयाँ परे कपाई ॥
भये असुरा सब शोकातुरा, बढा हरि पर क्रोध प्रचूरा ॥१२॥
आई कुमति एक द्विज ग्रही आना, बर्नीबेश लघु शांत सुजाना ॥
तेहि कारन भया प्रथम कलेशा, पुनि सलगा दावानल शेशा ॥१३॥
झरत अनल जिमि बाँस घसाई, दहत ज्युं बनत्रन पावक मांई ॥
करत असुर असुरन प्रति बाते, देश प्रदेश में आवत जाते ॥१४॥
दोहा : सुनी बात असुरन जब, मनसी निश्चे कीन ॥

ઝાઝા મરી ગયા અને કેટલાક અસુરો તેમાંથી ભાગી ગયા. આ યુદ્ધની વાત સાંભળીને જે દૈવી સંપત્તિના જીવ હતા તે તો અતિશય રાજી થયા હતા. ૧૦. જે અસુરો ભાગીને પરદેશ ગયા તેણે ત્યાંના લોકોની આગળ શરૂથી લઈને છેવટ સુધીની બધી વાત કહી. જ્યારે અસુરોએ આ વાત સાંભળી ત્યારે અત્યંત સંકોચ સાથે મનમાં વિચારવા લાગ્યા. ૧૧. શું કહેવું ? કાંઈ કહી શકાતું નથી. બધા અંદરોઅંદર કપાઈ મર્યા છે. બધા જ અસુરો શોકાતુર થઈ ગયા અને સહુને શ્રીહરિના ઉપર પુષ્કળ ક્રોધ ચઢ્યો. ૧૨.

અસુરો વિચાર કરે છે કે આપણા લોકોમાં કાંઈક કુબુદ્ધિ આવી અને તેઓ એક બ્રહ્મચારીના વેશમાં રહેલા શાંત, સમજણા અને નાના એવા બ્રાહ્મણને પકડી લાવ્યા. અને તે વર્ણીને લીધે જ પહેલો આ કજિયો થયો અને પછી તો બાકીનો બધો દાવાનળ સળગ્યો. ૧૩. પરસ્પર વાંસના ઘસાવાથી અગ્નિ પેદા થાય છે, તેમાં તે બધા વાંસ જ્યારે સળગી જાય છે ત્યારે તેની આગમાં આખું વન અને તેનું ઘાસ પણ બધું બળી જાય

जाना पूर्व हमार रिपु, कृष्ण जन्म पुनि लीन ॥१५॥
तेहि बिन अवर न होई अस, असुर संहारनहार ॥
बनज जलज सुर मनुष्य महीं, लेत बिविध अवतार ॥१६॥

सोरठा : कीन निकंदन येहि, असुर वंश पूर्वहि सकल ॥
महा सुभटतर जेहि, कीन पराभव इनहि सब ॥१७॥
रावन कुंभकरन, इन्द्रजीत आदिक सुभट ॥
पाये बीर मरन, इनहि हने धरी राम तन ॥१८॥

चोपाई :
कंस बंस दुर्योधन कूला, जरासंध शिशुपाल समूला ॥
दंतवक्र शालव रनधीरा, कालयवन आदिक शूरवीरा ॥१९॥
बाँके सुभट क्रतांत सरीखे, अवनिपाल जसवंत सुनीके ॥

છે. દેશ પરદેશમાં જતા આવતા અસુરો એકબીજાની પાસે આ ઉપર કહ્યા પ્રમાણે વાતો કહેતા હતા. ૧૪.

જ્યારે અસુરોએ આવી વાત સાંભળી ત્યારે તેમણે મનમાં નિશ્ચય કરીને માન્યું કે 'આપણા પૂર્વના શત્રુ શ્રીકૃષ્ણે જ ફરીવાર જન્મ લીધો છે. ૧૫. તે શ્રીકૃષ્ણ સિવાય આ રીતે અસુરોનો સંહાર કરનાર બીજો કોઈ હોઈ શકે નહિ. તે શ્રીકૃષ્ણ દેવ, મનુષ્ય, જળચર અને પશુ, આદિ જાતિમાં અનેક પ્રકારના અવતારો લેતા હોય છે. ૧૬. એ શ્રીકૃષ્ણે પૂર્વે પણ બધા જ અસુર વંશનું નિકંદન કર્યું હતું. અને અસુરોમાં જે મહાન યોદ્ધાઓ હતા, તે બધાનો પરાભવ પણ શ્રીકૃષ્ણે જ કર્યો હતો. ૧૭.

રાવણ, કુંભકર્ણ, ઈન્દ્રજિત આદિક મહાન વીર યોદ્ધાઓને તે વિષ્ણુએ રામરૂપે પ્રગટ થઈને માર્યા હતા. કંસનો વંશ, દુર્યોધનનું કુળ, જરાસંધ, શિશુપાળ, દંતવક્ર, શાલ્વ અને કાળયવન વગેરે રણધીર શૂરવીર હતા. તે બધાનો શ્રીકૃષ્ણ ભગવાને સમૂળગો નાશ કર્યો. ૧૯. જે યમદૂતોના જેવા બાંકડા, યશસ્વી યુદ્ધ કરનારા રાજાઓ હતા. તેને

ऐसे नरेन्द्रा इनहि संहारा, सोई यह कृष्ण रिपु हमारा ॥२०॥
पुनि अब जन्मा होई हे भाई, इन्ही दिनी आगी सुलगाई ॥
ऐसा सहज स्वभाव है याका, दाव घात छलकपटमें पाका ॥२१॥
आप रहे झगरासुँ न्यारा, आन हि प्रेरी मरावनहारा ॥
हम जाने ए करी खलताई, और न जाने त्रिभुवन मांई ॥२२॥
अनंत रूप धरे बिविधि बेषा, नट विद्या जानत सकलेषा ॥
कौन रूप देखी तुम आये, हमकुं कहो सब हि समुजाये ॥२३॥
रूप वेश वय कहो सुजाना, तेहि करी परे हमहि पहिचाना ॥
तब कहे असुर सुनो तुम भाई, मानो सत्यअसत्य लव नाई ॥२४॥

સાંભળીને તે બધાને એ શ્રીકૃષ્ણે જ માર્યા હતા. અને તે જ આ કૃષ્ણ અમારો શત્રુ છે. ૨૦. અરે ભાઈ ! અત્યારે તે શ્રીકૃષ્ણ જ ફરીવાર જન્મ્યો હશે. અને તેણે જ આ બધી આગ સળગાવી છે. તેનો એવો સહજ સ્વભાવ છે. તે દાવ કરવામાં, છળકપટ કરવામાં અને ઘાત કરવામાં પૂરો પાકો છે. ૨૧. તે પોતે તો ઝઘડાથી દૂર રહે છે અને બીજાને પ્રેરીને મરાવી નાખે છે. અમે એની ખળતાઈને જાણીએ છીએ. આ ત્રિભુવનમાં તેને બીજો કોઈ જાણી શકે તેમ નથી. ૨૨. તે અનંતરૂપ ધરે છે, વિવિધ વેશ રાખે છે અને બધી જ નટ વિદ્યાને જાણે છે.'

સાંભળનારાએ કહેનારા અસુરને પૂછ્યું કે 'તેનું રૂપ કેવું છે ? કે જે તમે જોઈને આવ્યા છો. અમને બરાબર સમજાવીને તે બધું કહો. ૨૩. તેનું રૂપ, વેશ અને ઉંમર સમજાવીને કહો. અને તેનાથી અમને તેની ઓળખાણ પડે.' તે વખતે જગન્નાથપુરીથી આવનારા અસુરે કહ્યું કે 'ભાઈ ! તમે સાંભળો. હું જે કહું છું તે વાતને સાચી માનો. એક લેશમાત્ર પણ તે ખોટી નથી. ૨૪. હું પોતાની આંખથી તેનું જે રૂપ દેખ્યું છે તે બધું વર્ણવીને કહું છું.

जस हम देखा रूप भरी नेना, सोई कहे अब बरनी बेना ॥
सांवल बरन स्वरूप सलोना, भाषन अम्रित रहत बहु मौना ॥२५॥
जटामुकुट शिर वय किशोरा, कृश हे शरीर अहार पुनि थोरा ॥
ब्रह्मसूत्र कंठी गल मंहियाँ, ऊर्ध्वपूंड्र वर तिलक करैया ॥२६॥
दंड कमंडलु कर जपमाला, वस्त्र बिहीन एक मृगछाला ॥
वाम बाहु एक पोथी धारा, कंठ प्रदेश लगत अति प्यारा ॥२७॥
शालीगराम स्वरूप सोहाई, गल बांधा एक बटुवा मांई ॥
कटि मेखला मुंजी सोहे, चरन पादुका मुनिमन मोहे ॥२८॥
दोहा : पारवन शशी मुखहास लिखी, पावत मोह मनोज ॥
लाजत लिखि खंजन मधुप, चंचल नेन सरोज ॥२९॥

❁ અસુરોએ આપેલી વર્ણિરાજની ઓળખ :

એનો વર્ણ શ્યામ છે, સ્વરૂપ સોહામણું છે, બોલી અમૃતના જેવી છે, છતાં તે મૌન રહે છે. ૨૫. મસ્તક ઉપર મુકુટના જેવી જટા છે, તેની અવસ્થા કિશોર છે, શરીર કૃશ છે અને આહાર પણ થોડો લે છે, ખભા ઉપર બ્રહ્મસૂત્ર છે, ગળામાં કંઠી છે, ઘણું સરસ ઊર્ધ્વપુંડ્ર તિલક કરે છે. ૨૬. એક હાથમાં દંડ, કમંડળું અને બીજા હાથમાં જપમાળા રાખે છે. શરીર ઉપર બીજા કોઈ કપડાં પહેરતા નથી. એક મૃગચર્મ રાખે છે. ડાબી ભુજાથી એક પોથી દબાવી રાખી છે. તેનો કંઠ પ્રદેશ ઘણો રમણીય લાગે છે. ૨૭.

સોહામણું શાલગ્રામનું સ્વરૂપ એક બટવામાં રાખીને ગળે બાંધેલું હોય છે. કમર ઉપર મુંજની કટીમેખળા શોભે છે અને ચરણમાં પહેરેલી ચાખડીઓ મુનિઓનાં મનને મુગ્ધ કરે છે. ૨૮. પૂનમના ચંદ્રમાના જેવું હસતું મુખ દેખીને કામદેવ પણ મોહ પામે છે. તેમના ચંચળ નેત્રકમળને જોઈને ખંજન અને ભમરો પણ લજ્જિત થઈ જાય છે. ૨૯.

प्रथुल भाल मंहि रेख जुग, सोहत तिलकाकार ॥
मनहुं पहार तें सुरसरी, निकसी चली द्वे धार ॥३०॥

सोरठा : वक्र भ्रूह मनु चाप, सांधेउ शरवर नयन जुग ॥
सही न शकत दृग ताप, जग कृतांत थर थर डर ॥३१॥

श्रवन जुगल सुखरूप, वाम श्रवन मंहि तिल ललित ॥
लोल कपोल अनूप, नासा निकट एक बिंदु वर ॥३२॥

चोपाई :

नासा कीर हरत मन प्राना, अरुन अधर फल बिंब समाना ॥
इन्दु किरन कन दसन प्रकाशा, शोक सिंधु हरे शशी मुखहासा ॥३३॥
अम्रबीज सम चिबुक अनूपा, दरवर कंठ सरस सुखरूपा ॥

વિશાળ લલાટમાં ઊભા તિલકને આકારે રહેલી બે રેખાઓ સોહામણી લાગે છે. માનો કે હિમાલયમાંથી બે પ્રવાહના રૂપમાં નીકળેલી ગંગા ન હોય ! ૩૦. વાંકી ભ્રૂકુટિ માનો ધનુષ્ય હોય તેવી છે ! તેના ઉપર નેત્રની જોડી છે એ શ્રેષ્ઠ બાણ ચઢાવ્યા હોય તેવું લાગે છે. તેની દૃષ્ટિના તાપને જગતમાં કાળ પણ સહી શકતો નથી અને તે થર થર ધ્રૂજે છે. ૩૧. તેના બંને કાન ઘણા સુખરૂપ છે. ડાબા કાનમાં એક સુંદર તલ છે અને અનુપમ ચંચળ જમણા ગાલના ઉપર નાસિકાની પાસે એક શ્રેષ્ઠ બિંદુ છે. ૩૨.

પોપટની ચાંચના જેવી વાંકડી નાસિકા જોનારાનાં મન અને પ્રાણને હરી લે છે. તેમના લાલ હોઠ પાકા ઘિલોડા જેવા દેખાય છે. ચંદ્રમાના કિરણોના કણ હોય તેવા પ્રકાશયુક્ત દાંત છે. ચંદ્રના સમાન મુખનું હાસ્ય શોકના સાગરને નષ્ટ કરે છે. ૩૩. કેરીની ગોટલીના જેવી અનુપમ ચિબુક છે. સુંદર શંખના જેવો સુખરૂપ સરસ કંઠ છે. વિશાળ છાતીમાં વિણગુણ હાર છે. તેમજ છાતી ઉપર રહેલા છાપનાં ચિહ્ન અપાર શોભે છે. ૩૪.

उर बिशाल मंहि बिनगुन हारा, छाप चिह्न दुःख हरत अपारा ॥३४॥
भुज आजानु करिकरही समाना, छाप चिह्न दुःख हरे बिधि नाना ॥
पोंचा कठिन करभ अभिरामा, करतल बिच रेख तनि शामा ॥३५॥
नखमनि गन सुलसत छबीधामा, का कहि बरनुँ लजत लिखि कामा ॥
उदर अनोपम त्रिवली रसाला, अब्ज नाभि गंभीर म्रनाला ॥३६॥
कटि छिन म्रगपति सम सोहे, पिन ऊरु मुनिवर मन मोहे ॥
जानु जुगल जंघा प्रपदेई, गुल्फें च्यार प्रष्ट जुग तेई ॥३७॥
अंगुरी नखमंडल शशी आभा, निरखी होत मुनिमन मंहि लाभा ॥
अरुन अंघ्री तल बीच वर रेखा, खटदश चिह्न नयनी हम देखा ॥३८॥
पुनि तन चेष्टा सुनो सुजाना, परम तपस्वी अति निर्माना ॥

ઘૂંટણ સુધી લાંબી બંને ભુજાઓ હાથીની સૂંઢના સમાન છે. અને તે ભુજાઓ ઉપર રહેલા છાપનાં ચિહ્નો અનેક પ્રકારનાં દુઃખને હરે તેવા છે. બંને હાથના પહોંચા કઠણ છે અને કરભ મનોહર છે. હથેળીની વચ્ચે રહેલી રેખાઓ થોડી શ્યામ છે. ૩૫. નખરૂપી મણિનો સમુદાય સુંદર છે અને શોભાનું ધામ છે. હું તેનું વર્ણન શું કરું ? તેને દેખીને કામ પણ શરમાઈ જાય છે.

અનુપમ ઉદરના ઉપર સરસ ત્રિવળી પડે છે. નાભિકમળ ગંભીર અને સુકોમળ છે. ૩૬. પાતળી કમર સિંહના જેવી સોહામણી લાગે છે અને મજબૂત સાથળ મુનિવરોનાં મનને મુગ્ધ કરે છે. બંને ઘૂંટણ, પીંડીઓ, પગના પહોંચા અને ઘૂંટીઓ, આ ચારેય અંગની જોડી પુષ્ટ છે. ૩૭.

આંગળીઓના નખનું મંડળ ચંદ્રના જેવું તેજસ્વી છે. અને જો તેને બરાબર નીરખવામાં આવે તો મુનિઓના મનમાં પણ ઘણો લાભ થાય છે. લાલ ચરણતળની વચ્ચે ઊર્ધ્વરેખા છે અને બંને ચરણમાં મળીને સોળ ચિહ્નને અમે અમારી આંખે દેખ્યાં છે. ૩૮.

रहत धनादिकसुँ निर्बंधा, सही न सकत नारीकर गंधा ॥३९॥

रहत समाधि मां दिनराती, जानत है तन मन कर घाती ॥
अति निष्कामी अति निर्मानी, रसना जीत परम विज्ञानी ॥४०॥

उपजत देखी मनुष्य का मोहा, खेंचत चित्त चमक ज्युं लोहा ॥
केते गुन कहि करुँ बखाना, त्याग तेजवंत रूपनिधाना ॥४१॥

इन लछन्न ते जानी लेऊ, मिले कहुँ तो सिछा देऊ ॥
इन ते परा परस्पर भेदा, अपना भवा परम उछेदा ॥४२॥

सोरठा : सुनी असुर मुख बात, बोले असुरगन परस्पर ॥
हेरी हुं अब दिनरात, मिले तो सुधरही काज सब ॥४३॥

વળી એ સુજ્ઞ બ્રહ્મચારીના શરીરની ચેષ્ટા સાંભળો. તે અતિ નિર્માની અને અતિ પરમ તપસ્વી છે. તે ધન આદિક બધી જાતના પદાર્થોથી નિર્બંધ રહે છે. વળી તે સ્ત્રીના ગંધને પણ સહન કરી શકતા નથી. ૩૯. તે રાત દિવસ સમાધિમાં જ રહે છે. શરીર તથા મનને નિયંત્રિત કરવાના ઉપાયને જાણે છે. તેઓ અતિશય નિષ્કામી અને અતિશય નિર્માની છે. સર્વોત્તમ જ્ઞાન સંપન્ન તે બ્રહ્મચારીએ રસના ઈન્દ્રિયને પણ જીતી છે. ૪૦. કોઈપણ મનુષ્ય તે બ્રહ્મચારીને દેખે તો તેને તેમાં મોહ થાય છે. અને તે મનુષ્યનાં ચિત્તને ચૂંબક જેમ લોઢાને ખેંચે છે તેમ ખેંચે છે. તેના ગુણોનાં હું કેટલા વખાણ કરું ? તે ત્યાગી, તેજસ્વી અને રૂપનું તો નિધાન છે. ૪૧.

આ ઉપર કહેલા લક્ષણ બ્રહ્મચારીના સમજી લેવા. અને જો તે કોઈને ક્યાંય મળે તો પૂરી શિક્ષા કરવી. તે બ્રહ્મચારીને લીધે જ આપણી નાતમાં પરસ્પર ભેદ પડ્યો છે અને આપણો અત્યંત વિનાશ થયો છે.' ૪૨. ઉપર કહેલી અસુરોનાં મુખની વાત સાંભળી, તે તે પ્રદેશમાં રહેલા અસુરો પરસ્પર બોલવા લાગ્યા કે 'હવે આપણે રાત

दितिज दनुज होई एक, बाढा बैर दृढ कृष्ण संग ॥
बिसरत नाहीं निमेख, हरिकृष्ण कर मनन उर ॥४४॥

दोहा : बिदित भई ब्रह्मांड मंहि, असुर असुर प्रति बात ॥
झरत असुर अति उर मंहि, जंप नाहीं दिनरात ॥४५॥

होत दुस्वप्न रात मंहि, अशुभ सगुन अंग होत ॥
प्रेमानंद कहे असुर मन, आवा अपना मोत ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते असुर असुर प्रति श्रीहरिस्वरूप बरनन नामा पंचविंशोऽध्यायः ।।२५।।



દિવસ તેને ખોળતા રહેવું અને જો તે મળી જાય તો આપણું બધું કામ સુધરી જશે.' ૪૩.

આ રીતે દૈત્યો અને દાનવોએ એક થઈને પરમાત્માની સાથે દૃઢ વૈર બાંધ્યું. પોતાનાં દિલમાં પ્રભુ શ્રીહરિકૃષ્ણનું મનન કરતા તે લોકો તે બ્રહ્મચારીને એક નિમિષ માત્ર પણ ભૂલતા નહિ. ૪૪. ઉપર કહેલી વાત આખા બ્રહ્માંડમાં એક એક અસુર સુધી જાહેર થઈ ગઈ. તેથી તે અસુરો પોતાનાં દિલમાં અતિશય બળતા હતા. તેઓ રાત દિવસ થોડીવાર પણ જંપતા નહિ. ૪૫. અસુરોને રાતમાં પણ અશુભ સ્વપ્ન આવતા અને કેટલાય શરીરનાં અંગમાં અપશુકન થતા હતા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે અસુરોનાં મનમાં પોતાનું મોત નજીક આવ્યું તેમ જણાતું હતું. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'અસુરોએ બીજા અસુરોની આગળ શ્રીહરિનાં સ્વરૂપનું વર્ણન કર્યું' એ નામે પચ્ચીશમો અધ્યાય સમાપ્ત-૨૫



अध्याय - २६

दोहा : भया पूरन आख्यान यह, उतरा भूकर भार ॥
बर्नीराज यहाँसुँ अब, करत हे गमन बिचार ॥०१॥
हरि इछासुँ नाश भये, असुरन वृंद अपार ॥
मुदित भये सज्जन सकल, भक्ति धर्म परिवार ॥०२॥
सोरठा : निकसे कृष्ण दीनेश, रामनाथउ देश करी ॥
सोहत बर्नी बेश, आदिकुरम आयेउ अकल ॥०३॥
अखिल भुवन किर्तार, लिन भेख तदपि न छिपत ॥
दैवत अपरमपार, निरखी हरखत तीर्थ जन ॥०४॥

અધ્યાય - ૨૬

માનસપુરમાં અસુરોનું નિકંદન તથા શ્રીહરિનું તીર્થાટન

જગન્નાથપુરીમાં શ્રીહરિએ અસુરોનો વિનાશ કરાવ્યો તે આખ્યાન પૂરું થયું. પૃથ્વીનો ભાર ઊતર્યો. પછી વર્ણિરાજ શ્રીહરિ ત્યાંથી નીકળી જવાનો વિચાર કરવા લાગ્યા. ૧. ભગવાનની ઈચ્છાથી અસુરોના અપાર સમુદાયનો વિનાશ થયો. તેનાથી જેટલા સજ્જનો હતા તે બધા તથા ભક્તિ અને ધર્મનો પરિવાર ખૂબ જ પ્રસન્ન થયો. ૨.

દીનદયાળુ પ્રભુ શ્રીહરિ જગન્નાથપુરીથી નીકળ્યા. સેતુબંધ રામેશ્વર જવું હતું. તેમનો વર્ણીના સમાન વેશ સોહામણો લાગતો હતો. કોઈ ન ઓળખી શકે તે રીતે પ્રભુ આદિકૂર્મ ક્ષેત્રમાં આવ્યા. ૩. સર્વ જગતના કર્તા આવા પ્રભુ શ્રીહરિએ ભલે ભેખ લીધો છે છતાં પણ તે છૂપાતા નથી. તેમના સ્વરૂપમાં અપરંપાર દૈવત રહ્યું છે. તેથી તેમનાં દર્શન કરીને તીર્થમાં રહેનારા સહુ મનુષ્યો ખૂબ જ ખુશી થતા હતા. ૪.

ત્રિભુવનનાથ અને સુખસાગર આવા શ્રીહરિ આદિકૂર્મથી ચાલ્યા તે માનસપુર આવ્યા. ત્યાંના એક સારા સુજ્ઞ રાજા હતા. તેણે ભક્તપતિ

चोपाई :

तहाँसुँ चले त्रिभोवन नाथा, मानसपुर आये सुखपाथा ॥
मानसपुर कर भूप सुजाना, राखेउ नाथ करी सनमाना ॥०५॥
रहे असुर तहाँ अपरमपारा, अनक्षेत्र जानी निरधारा ॥
लिखि लछन्न बर्नी तन राया, देह दिशा निर्खि हरखाया ॥०६॥
जाना मनसी ईश्वर येहा, कछुक प्रयोजन धरा नर देहा ॥
भूपति भया हे शरन हरिके, जेहि सब क्षर अक्षर पर नीके ॥०७॥
तब असुरन जाना रिपु आवा, करी ग्यान नृपकुं भरमावा ॥
चलो जाईके डारे मारी, बिविधि शस्त्र बांधी भये त्यारी ॥०८॥
आयके ठाडे भये चहु पासा, ध्यानमुद्रा बैठे अविनाशा ॥

શ્રીહરિનું સન્માન કરીને પોતાને ત્યાં રાખ્યા. ૫. ત્યાં સારું અન્નક્ષેત્ર ચાલતું હતું, તેથી ઘણા અસુરો રહેતા હતા. ત્યાંના રાજાએ વર્ણીનાં શરીરનાં લક્ષણો જોયા. અને દેહની સ્થિતિ જોઈને મનમાં ખૂબ જ રાજી થયા. ૬. અને તે રાજા મનમાં સમજ્યા કે **'પરમેશ્વરે કોઈક વિશેષ પ્રયોજનને માટે મનુષ્ય દેહ ધર્યો લાગે છે. જે ક્ષર તથા અક્ષરથી પર સર્વોપરિ ભગવાન છે.'** આમ વિચારી તે રાજા શ્રીહરિને શરણે થયા. ૭.

તે સમયે અસુરોએ મનમાં એવું માન્યું કે 'આ અમારો શત્રુ આવ્યો છે. તેણે કોઈ એવું જ્ઞાન આપ્યું છે કે તેનાથી રાજા પણ ભરમાઈ ગયા છે. માટે ચાલો આપણે જઈને તેને મારી નાખીએ.'

આવું વિચારીને તેઓ બધા વિવિધ પ્રકારનાં શસ્ત્ર બાંધીને તૈયાર થયા. ૮. બધા આવીને ચારેય બાજુ ગોઠવાઈ ગયા. અવિનાશી શ્રીહરિ તો ધ્યાનમુદ્રામાં બેઠા હતા. 'અસુરો બધા મળીને વર્ણિરાજને મારવા આવ્યા છે.' આવા સમાચાર કોઈએ જઈને રાજાને સંભળાવ્યા. ૯. તે વખતે રાજાને ઘણો ક્રોધ ચઢ્યો અને તે પોતાનું સમગ્ર સૈન્ય સાથે લઈને

वर्णीराजकुं मारन आये, समाचार कोऊ नृपकुं सुनाये ॥०९॥
राजा कोप करी चढी आवा, आपना सैन संग सब लावा ॥
लगे दुष्ट हरिकुं दुःख देना, भूपति आय विलोकेउ नेना ॥१०॥
आयके बोला अवनि ईशा, नेनन मांई चढाईके रीषा ॥
रहो रे दुष्ट तुमार कहा लीना, मार न बटुरे हो मतिहीना ॥११॥
मारी डारुँ ज्यो कीन तोफाना, तुम तो राछस हो हम जाना ॥
भूपति सनमुख बोले असूरा, अडबंगी अभिमानी पूरा ॥१२॥
रे रे तूं का जाने बाबू, फावा आज्युं हमारा काबू ॥
जन्मांतर का रिपु हमारा, इनहि हना हमार परिवारा ॥१३॥
अब ना छोडुँ मारे बिना, अस कही खडग काढी कर लीना ॥
तब नृपति कोपा अति भारी, देखउ तनिकर न शर्म हमारी ॥१४॥

त्यां એકદમ આવી પહોંચ્યા. તે સમયે બધા દુષ્ટો શ્રીહરિને દુઃખ દેવા લાગ્યા હતા. તે બધું ત્યાં આવેલા રાજાએ પોતાની આંખોથી દેખ્યું. ૧૦. પછી તો ત્યાં આવેલા રાજાએ આંખોમાં એકદમ રોષ ચઢાવીને કહ્યું, 'એ દુષ્ટો ! રોકાઈ જાઓ. આ બ્રહ્મચારીએ તમારું શું લીધું છે ? બુદ્ધિહીન તમે બધા આ બ્રહ્મચારીને મારી રહ્યા છો. ૧૧. જો તમે કાંઈ તોફાન કરશો તો હું તમને મારી નાખીશ. તમે તો બધા રાક્ષસો છો, એમ મને જણાય છે.'

ત્યારે તે પૂરા અભિમાની અડબંગી અસુરો રાજાની સામે જેમ તેમ બોલવા લાગ્યા. ૧૨. 'અરે બાપુ ! આ બાબતમાં તમે શું જાણો ? આજ અમે ફાવી ગયા છીએ કે આ બ્રહ્મચારી અમારા કાબુમાં આવ્યો છે. અમારા પૂર્વજન્મના શત્રુ આ વર્ણીએ જ અમારા બધા પરિવારનો નાશ કર્યો છે. ૧૩. હવે તો આ વર્ણીને અમે માર્યા વિના છોડશું નહિ.' આમ કહીને તે અસુરોએ જ્યારે તલવાર ખેંચીને ઉગામી ત્યારે રાજા તે અસુરોના ઉપર અત્યંત કોપ્યો અને સૈનિકોના પ્રત્યે બોલ્યો કે 'હું

दोहा : मारऊ असुर सबहिनका, बचन न पावे कोउ ॥
भई अग्या जब भूपकी, उठे सुभट सज होउ ॥१५॥
नृपति सैन ग्रही शस्त्र कर, कापन लागे ज्युं काष्ठ ॥
त्राहि त्राहि बोलत मुख, असुर मंद मति भ्रष्ट ॥१६॥

सोरठा : रे बाबु तेरी गाय, काहेकुं मारत मौत बिन ॥
तुम धर्मिष्ठ हो राय, भेख न मारऊ रंक सम ॥१७॥
केते कीन बिनाश, अमित मुंड परे अवनी पर ॥
ले ले मुख मंहि घास, यवन चरन मंहि परेउ शठ ॥१८॥

चोपाई :
तेहि नृप द्वारे असुरकर नासा, चले करायके जक्तनिवासा ॥
आये बेंकटा अद्रि स्वामी, काल नियंता अंतरजामी ॥१९॥

જોઉં છું, આ અસુરોને લગાર પણ મારી શરમ નથી. ૧૪. આ બધા જ અસુરોને તમે મારી નાખો. આ માંથી કોઈ બચવો જોઈએ નહિ.' જ્યારે રાજાની આવી આજ્ઞા થઈ ત્યારે તે રાજાના કુશળ યોદ્ધાઓ એકદમ તૈયાર થઈને ઊઠ્યા. ૧૫. રાજાની સેના હાથમાં હથિયાર ઉઠાવીને કાષ્ઠની જેમ જ્યારે તે અસુરોને કાપવા લાગી ત્યારે તે મંદ બુદ્ધિના અને ભ્રષ્ટ જીવનના અસુરો ત્રાહિ ત્રાહિ એમ મુખે બોલવા લાગ્યા, ૧૬. 'હે બાબુ ! અમે તમારી ગાય છીએ. વગર મોતે અમને શા માટે મારો છો ? તમે તો ધર્મનિષ્ઠ રાજા છો. રાંકના જેવા ભેખધારીને તમે મારો નહિ.' ૧૭.

તે સમયે કેટલાય અસુરોનો વિનાશ થયો અને જમીન ઉપર અપાર માથાઓ ઢળી પડ્યા. તેમાં જે બચ્યા તે બધા શઠ અસુરો મુખમાં ઘાસ લઈને રાજાના યવન સેનાપતિના ચરણમાં પડ્યા. ૧૮. **સર્વના સ્વામી, કાળના પણ નિયંતા, અંતર્યામી અને જગતના આશ્રયરૂપ આવા પ્રભુ શ્રીહરિએ માનસપત્તનમાં ત્યાંના રાજા દ્વારાએ અનેક અસુરોનો નાશ કરાવ્યો.** અને પછી ત્યાંથી ચાલ્યા તે વેંક્ટાચળ આવ્યા. ૧૯.

तहाँ विष्णु कर दर्शन कीना, पाये परमानंद प्रविना ॥
शिवकांची पुनि विष्णुकांची, चले विलोकी प्रीत करी साची ॥२०॥
आये श्रीरंग करत कल्याना, तीर्थी जनकर श्रीभगवाना ॥
तहाँ ते रामनाथ गये देवा, अक्षरपति प्रभु अलख अभेवा ॥२१॥
नाथ बिलोकेउ शिव सुखरूपा, रामेश्वर वर परम अनूपा ॥
पावन कीन तीर्थ अविनाशी, दरश परस दे तीरथवासी ॥२२॥
सुंदरराज विष्णु सुखकारी, तेहि बिलोके भवभयहारी ॥
चले तहाँसुँ श्री घनश्यामा, आवा बिपिन एक दुःखधामा ॥२३॥
फल अरु फूल जलहु कतुं नाई, बिचरे पांच दिन तेहि वनमांई ॥

પરમ નિપુણ વર્ણિરૂપ શ્રીહરિએ ત્યાં વિષ્ણુનાં દર્શન કર્યાં અને પરમ આનંદ પામ્યા. પછી શિવકાંચી તથા વિષ્ણુકાંચી ગયા. અને ત્યાં સાચા ભક્તિભાવથી તે તે દેવનાં દર્શન કર્યાં. ૨૦.

પછી તીર્થવાસી મુમુક્ષુઓનું કલ્યાણ કરતા ભગવાન શ્રીહરિ શ્રીરંગક્ષેત્ર આવ્યા. અને પછીથી સર્વવ્યાપક અને કોઈના ચોક્કસ લક્ષમાં ન આવે એવા દેવાધિદેવ અક્ષરાધિપતિ પ્રભુ શ્રીહરિ ત્યાંથી રામેશ્વર ગયા. ૨૧. તે તીર્થમાં પરમ અનુપમ અને સુખરૂપ નાથ શ્રીહરિએ શ્રેષ્ઠ રામેશ્વર શિવનાં દર્શન કર્યાં. અને અવિનાશી નીલકંઠ પ્રભુએ તીર્થવાસી સહુ લોકોને તથા તીર્થને પોતાનાં દર્શન તથા સ્પર્શ આદિકે કરીને પાવન કર્યાં. ૨૨. પછી સંસારના ભયને હરનારા તથા સુખકારી એવા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે સુંદરરાજ વિષ્ણુનાં દર્શન કર્યાં.

❁ શિવ પાર્વતીએ શ્રીહરિને સાથવો આપ્યો :

પછી ઘનશ્યામ પ્રભુ ત્યાંથી ચાલ્યા તે વચ્ચે એક ઘણું દુઃખદાયક જંગલ આવ્યું. ૨૩. તેમાં ફળ, ફૂલ કે પાણી વગેરે કાંઈ મળ્યું નહિ. પ્રભુ તે વનમાં પાંચ દિવસ સુધી ચાલ્યા. તેમાં અન્ન કે જળ કાંઈ મળ્યું

अन रु जल कतहु नहिं पावा, कोउ निवास कहुँ गाम न आवा ॥२४॥

छठ्ये दिन समय मध्याना, तेहि बन मैयाँ सुखद सुखथाना ॥
आवा कूप विलोकी नाथा, हरखेऊ धर्मकुंवर सुखपाथा ॥२५॥

ले कर ज्युं काष्ठ कठारी, कूपोदक प्रभु लीन निकारी ॥
दंत धावन करी कीन स्नाना, स्वछ होईके श्रीभगवाना ॥२६॥

एक न्यग्रोध तरुकर छांई, बैठी धर्मकुंवर सुखदाई ॥
आसन स्वछ करी सुखधामा, बैठे उत्तर मुख अभिरामा ॥२७॥

कीना नित्य बिधि सुखकंदा, ऊर्ध्वपुंड्र आदिक जगवंदा ॥
शालिग्राम कर बटुवा छोरी, विष्णु जगाये धर्मकिशोरी ॥२८॥

નહિ અને લોકો રહેતા હોય એવું કોઈ ગામ પણ આવ્યું નહિ. ૨૪. છઠ્ઠે દિવસ મધ્યાહ્ન સમય થયો ત્યારે તે વનમાં ભક્તપતિ શ્રીહરિએ સુખ થાય એવો સંતોષકારક એક કૂવો જોયો અને તેથી સુખના પરમ આશ્રયરૂપ ધર્મકુમાર શ્રીહરિ રાજી થયા. ૨૫.

તે પછી ભગવાન શ્રીહરિએ તુંબડાથી સીંચીને કૂવામાંથી પાણી કાઢ્યું, દાતણ કરી સ્નાન કર્યું અને પોતે સ્વસ્થ થયા. ૨૬. ત્યાં એક સારા વડલાના ઝાડની છાયામાં સુખદાયક અને સુખના ધામ આવા મનોહર ધર્મકુમાર શ્રીહરિ સ્વચ્છ આસન કરીને ઉત્તર મુખે બેઠા. ૨૭.

જગદ્વંદ્ય અને સર્વ સુખનાં મૂળ આવા શ્રીહરિએ ત્યાં બધો નિત્યવિધિ કર્યો અને ઊર્ધ્વપુંડ્ર તિલક આદિ કર્યું. પછી ધર્મકિશોર શ્રીહરિએ શાલગ્રામનો બટવો છોડીને વિષ્ણુને જગાડ્યા. ૨૮. દીનદયાળુ, કૃપાળુ આવા શ્રીહરિ શાલગ્રામની સેવા કરવા માટે બેઠા. મુરારિ પ્રભુ શ્રીહરિએ પ્રેમથી ચંદન ઘસીને તૈયાર કર્યું અને તે પછી ભગવાનને મલાપકર્ષણ સ્નાન કરાવ્યું. ૨૯. શાલગ્રામને કાષ્ઠની કઠારીમાં પધરાવીને કમંડળુથી જળની ધાર કરી. પ્રભુ શ્રીહરિ શાલગ્રામ ઉપર પાણીની જેટલી ધાર

बैठे सेवा करन क्रिपाला, शालिग्रामकी दीनदयाला ॥
प्रीतिपूर्वक मलय उतारी, मल स्नान कराय मुरारी ॥२९॥

दोहा : शालीग्राम धरी पात्र महीं, कीन कमंडलुं धार ॥
जितना जल डारत प्रभु, कीन पान तेहि बार ॥३०॥

ज्युं ज्युं डारत वारि हरि, पियत शालिग्राम ॥
पांच वा सात कमंडलु, कीन पान सुखधाम ॥३१॥

सोरठा : भये त्रप्त जगवंद, शालिग्राम विष्णु सुखद ॥
बर्नी भये आनंद, पूजत भये गंध पुष्प करी ॥३२॥

तुलसी आदि उपच्यार, ले पूजत विष्णु बरनी ॥
लागे करन बिच्यार, इतना जल पी गयेऊ प्रभु ॥३३॥

चोपाई :

इतना उदक कीन प्रभु पाना, भूखे होई है क्रिपानिधाना ॥
कहा करिये कछु कही न जाई, अपने पास नैवेद्य तो नाई ॥३४॥

કરતા હતા, તે પાણીને તે પ્રભુ તે વખતે જ પી જતા હતા. ૩૦. શ્રીહરિ જેમ જેમ પાણી રેડતા ગયા તેમ તેમ શાલગ્રામ પી જતા હતા. સુખધામ પ્રભુએ પાંચ કે સાત કમંડળુ જળપાન કર્યું. ૩૧.

સર્વ જગતને માટે વંદ્ય, ભક્તને સુખ આપનારા આવા શાલગ્રામ વિષ્ણુ જળથી જ્યારે તૃપ્ત થયા ત્યારે વર્ણિરૂપ શ્રીહરિને ઘણો આનંદ થયો. પછી તેમણે ચંદન, પુષ્પ તથા તુલસી આદિક ઉપચારોથી શાલગ્રામ વિષ્ણુની પૂજા કરી.

પછી વિષ્ણુ આટલું જળ પી ગયા તે બાબત પ્રભુ શ્રીહરિ વિચારવા લાગ્યા, ૩૨-૩૩. 'કૃપાનિધાન પ્રભુ વિષ્ણુ આટલું બધું જળપાન કરી ગયા તે ભૂખ્યા પણ થયા હશે ! પણ શું કરવું ? કાંઈ કહી શકાતું નથી. કેમ જે મારી પાસે તો કાંઈ નૈવેદ્ય પણ નથી. ૩૪. વિષ્ણુની આગળ મારે શું ધરાવવું ?' જ્યારે શ્રીહરિ મનમાં આવો વિચાર કરવા લાગ્યા,

का धरिये विष्णुके आगे, अस बिच्यार हरि करने लागे ॥
तेहि छीन आये उमा त्रिपुरारी, वृषभारूढ होई अघहारी ॥३५॥
काषांबर धरी भव रु भवानी, प्रथम ही आई ठाडे तहाँ जानी ॥
नीलकंठ बरनीन्द्र ही देखी, कीन प्रनाम जगत्पति लेखी ॥३६॥
पूजत विष्णु हरि करी प्यारा, अविलोकी करी हरखा अपारा ॥
मुदित होई दोउ भव रु भवानी, दिना नोन रु सत्तु आनी ॥३७॥
सक्तु जलमें मिलायके नाथा, धरा नैवेद्य प्रभु निज हाथा ॥
शालिग्राम जेंवायके स्वामी, जेंवत भये आप बहुनामी ॥३८॥
चले जेंईके बर्णीराया, आये भूतपुरी करी दाया ॥
रामानुजाचार्यकर जानो, जन्मभूमि यह प्रगट प्रमानो ॥३९॥
तहाँ रहे प्रतिमा परम पुनिता, रामानुजकी जगत बिदीता ॥
करी दर्शन पूजन भगवाना, चले तहाँ ते क्रिपानिधाना ॥४०॥

તે વખતે જ ત્યાં દર્શનથી પાપને ટાળનારા અને પોઠિયા ઉપર બેઠેલા એવા પાર્વતી તથા મહાદેવજી આવ્યા. ૩૫. શિવ તથા પાર્વતીએ ભગવા વસ્ત્ર પહેર્યાં હતાં. ત્યાં તેઓ સમજીને પહેલેથી જ આવીને ઊભા હતા. વર્ણિરાજ નીલકંઠ પ્રભુએ તેમને જોયા. અને તેમને જગતના માલિક સમજીને પ્રણામ કર્યા. ૩૬. જ્યારે શ્રીહરિ પ્રેમથી વિષ્ણુની પૂજા કરતા હતા ત્યારે શિવ તથા પાર્વતીજી ઘણા હરખથી તેમને જોઈ રહ્યા હતા. તે બંને મનમાં ખુશ થયા. પછી મીઠું તથા સાથવો લાવીને તેમને આપ્યા. ૩૭. ભક્તપતિ શ્રીહરિએ સાથવાને પાણીની સાથે મેળવ્યો અને પછી પોતાને હાથે પ્રભુને નૈવેદ્ય ધર્યું. બહુનામી આવા સ્વામી શ્રીહરિએ શાલગ્રામને જમાડ્યા અને પછી પોતે પણ જમ્યા. ૩૮.

સાથવો જમીને ચાલેલા વર્ણિરાજ દયા કરીને ભૂતપુરી આવ્યા. તે ભૂતપુરી રામાનુજાચાર્યની સાક્ષાત્ જન્મભૂમિ છે, એમ સહુ જાણો. ૩૯. ભૂતપુરીમાં જગત પ્રસિદ્ધ રામાનુજાચાર્યની પરમ પવિત્ર મૂર્તિ છે.

आये कुमारीका क्षेत्र सुजाना, ये सब तीर्थ जानो पुराना ॥
तहाँसुँ पद्मनाभ प्रभु आये, दरश परस दे ताप समाये ॥४१॥
तहाँसुँ जनार्दन प्रभु गयेऊ, निरखी नाथ जन पावन भयेऊ ॥
आदिकेशव विष्णु नामा, तहाँ आये प्रभु श्रीघनश्यामा ॥४२॥
सोरठा : दरश परश करी नाथ, पंच दिना तहाँ रहे सुखद ॥
चले तहाँ ते सुखपाथ, धर्मकुंवर वर वरद प्रभु ॥४३॥
तहाँ ते चले सुखधाम, मलयाचल कुलगिरि गयेऊ ॥
साक्षीगोपाल है नाम, तेहि कर दर्शन कीन प्रभु ॥४४॥
दोहा : तहाँसुँ चले बर्नीन्द्र प्रभु, नीलकंठ ब्रह्मचारी ॥
आये किस्कंदा गिरि, धर्मकुंवर अघहारी ॥४५॥
नाये पंपासर सुभग, पाये परमानंद ॥

કૃપાનિધાન શ્રીહરિ ત્યાં દર્શન તથા પૂજન કરીને ત્યાંથી ચાલ્યા. ૪૦.

સુજ્ઞ શ્રીહરિ કુમારિકાક્ષેત્ર(કન્યાકુમારી) આવ્યા. આ આગળ કહ્યા તે બધા તીર્થ ઘણા પ્રાચીન છે તેમ સમજવું. પ્રભુ શ્રીહરિ ત્યાંથી **પદ્મનાભ** ક્ષેત્રમાં આવ્યા. ત્યાં સહુને દર્શન સ્પર્શ આદિક આપીને સંસારના સંતાપને ટાળ્યા. ૪૧. પ્રભુ શ્રીહરિ ત્યાંથી **જનાર્દન** આવ્યા. નાથ શ્રીહરિનાં દર્શન કરીને ત્યાંના બધા લોકો પાવન થઈ ગયા. ઘનશ્યામ પ્રભુ ત્યાંથી **આદિકેશવ** વિષ્ણુના ક્ષેત્રમાં આવ્યા. ૪૨. સુખને આપનારા આવા ભક્તપતિ શ્રીહરિ ત્યાં વિષ્ણુનાં દર્શન તથા સ્પર્શ કરીને પાંચ દિવસ સુધી રહ્યા. સુખસાગર ભક્તજનોને શ્રેષ્ઠ વર આપનારા ધર્મકુમાર પ્રભુ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. ૪૩. કુલગિરિ, મલિયાચલ પર્વતમાં ગયા અને પછી સુખધામ પ્રભુ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **સાક્ષીગોપાળ**માં જઈને દર્શન કર્યાં. ૪૪. સર્વ પાપને નાશ કરનારા, ધર્મકુમાર, વર્ણિરાજ, પ્રભુ નીલકંઠ બ્રહ્મચારી સાક્ષીગોપાળથી ચાલ્યા તે પર્વત ઉપરની **કિષ્કિંધા** નગરી આવ્યા. ૪૫. ત્યાં સુંદર **પંપા સરોવર**માં સ્નાન કર્યું અને પરમ

आये पंढरपुर महीं, धर्मतनय सुखकंद ॥४६॥
तहाँ रहे बिठ्ठलनाथ प्रभु, प्रेमसुँ वंदन कीन ॥
प्रेमानंद कहे मास द्वय, रहे प्रभु परम प्रबीन ॥४७॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते मानसपुरे असुर निकंदन हरितीर्थाटन नामा षड्विंशोऽध्याय: ।।२६ ।।



अध्याय - २७

दोहा : भेटे विठ्ठलनाथकुं, चले विश्व प्रतिपाल ॥
आये दंडकारन्य महीं, बरनिबेश वृषलाल ॥०१॥
दंडकारन्यकी कृष्ण प्रभु, करी परिक्रमा सुजान ॥
नासिकपुर प्रत्ये हरि, आये श्री भगवान ॥०२॥

આનંદ પામ્યા. પછી ધર્મતનય સર્વ સુખનાં મૂળરૂપ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **પઢંરપુર** આવ્યા. ૪૬. ત્યાં વિરાજમાન પ્રભુ વિઠ્ઠલનાથને પ્રેમથી વંદન કર્યા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે પરમ પ્રવીણ પ્રભુ શ્રીહરિ પઢંરપુરમાં બે માસ સુધી રહ્યા. ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'માનસપુરમાં અસુરોનું નિકંદન તથા શ્રીહરિનું તીર્થાટન કહ્યું' એ નામે છવ્વીશમો અધ્યાય સમાપ્ત-૨૬



અધ્યાય - ૨૭

શ્રીહરિનું પશ્ચિમ ભારતમાં આવવું

વિશ્વપ્રતિપાળ, વર્ણિવેશ, ધર્મપુત્ર શ્રીહરિ પંઢરપુરમાં વિઠ્ઠલનાથજીને ભેટીને ચાલ્યા તે **દંડકારણ્ય**માં આવ્યા. ૧. સર્વજ્ઞ ભગવાન શ્રીહરિકૃષ્ણ પ્રભુ દંડકારણ્યની પ્રદિક્ષણા કરી **નાસિક** શહેર આવ્યા. ૨.

सोरठा : तहाँ त्रंबकेश्वर ईश, गिरिजापति पिनाकधर ॥
करी दर्शन जगदीश, आयेउ करुना कर भुवन ॥०३॥

उतरेउ तप्ति तीर, करी स्नान तहाँ प्रगट प्रभु ॥
उतरी सरिता नीर, आयेउ आनंद करन प्रभु ॥०४॥

चोपाई :

आये प्रभु करुना कर धामा, उतरेउ नदी नर्मदा नामा ॥
मंगल करन महाप्रभु आये, पश्चिमवासी आनंद पाये ॥०५॥

नाथ उलंघे कानो देशा, अखिलभुवन पति वर्णीवेशा ॥
भव ब्रह्मा सुर मुनिकर स्वामी, पावन कीन तीर्थ बहुनामी ॥०६॥

आये महि उतरी महाराजा, भक्तवत्सल हरि गरीबनिवाजा ॥
गुर्जर धर प्रभु पावन कीना, अक्षरपति हरि दर्शन दीना ॥०७॥

પછી ત્યાંથી પરમ દયાળુ જગદીશ્વર શ્રીહરિ, પિનાકધારી પાર્વતીપતિ ત્રંબકેશ્વર મહાદેવજીનાં દર્શન કરીને પાછા આવ્યા. ૩. પછી ત્યાંથી ચાલેલા શ્રીહરિ તાપી નદીના કિનારે ઊતર્યા. પછી પ્રગટ પ્રભુએ ત્યાં સ્નાન કર્યું. પછી આનંદકારી પ્રભુ તાપી નદીને ઊતરીને આગળ ચાલ્યા. ૪. તે કરુણાનિધિ પ્રભુ નર્મદા કિનારે આવ્યા. પછી શ્રીહરિ તે નર્મદા નદીને ઊતર્યા. પરમ મંગળકારી મહાપ્રભુ શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા તે પશ્ચિમ ભારતવાસી બધા મુમુક્ષુઓ આનંદ પામ્યા. ૫.

સર્વ જગતના સ્વામી વર્ણીના વેશમાં રહેલા આવા ભક્તપતિ શ્રીહરિએ આગળ ચાલતા કાનમ દેશને ઓળંગ્યો. ભવ, બ્રહ્મા, સર્વ દેવો અને ઋષિમુનિઓના સ્વામી આવા બહુનામી શ્રીહરિએ આગળ કહ્યા મુજબ બધા જ તીર્થોને પવિત્ર કર્યા. ૬. ભક્તવત્સલ, ગરીબનિવાજ અને મહારાજાધિરાજ આવા ભગવાન શ્રીહરિએ મહી નદી પાર કરી. પછી પ્રભુએ ગુજરાતની ભૂમિને પવિત્ર કરી અને ત્યાં અક્ષરાધિપતિ શ્રીહરિએ સહુને દર્શન દીધાં. ૭.

गुर्जर देश मंहि एक गामा, परम पुनित बोचासन नामा ॥
तहाँ बसे एक भक्त प्रबिना, आयके नमस्कार तेही कीना ॥०८॥

निज मंदिर कर ग्रही ले आवा, इछा भोजन पाक करावा ॥
बरनी बनाये यथा रुचि जेंये, बचा उच्छिष्ट सो भक्तकुं दिये ॥०९॥

चले याँ सुँ हरि जगआधारा, आये गाम बुधेज प्रभु प्यारा ॥
आयके नाथ सदाव्रत लीना, तेही भक्तने ज्वारी दीना ॥१०॥

एक दो कन हरिमुख मंहि डारी, करी ढेरी तहाँ चले मुरारी ॥
पुनि उतरे साबरमती स्वामी, आये भल्ल देश बहुनामी ॥११॥

भीमनाथ आये घनश्यामा, निरखी शंभु कीन प्रनामा ॥
तहाँते चले बर्नी व्रतधारी, गोपनाथ आये ब्रह्मचारी ॥१२॥

ગુજરાત પ્રદેશમાં એક પરમ પવિત્ર **બોચાસણ** નામે ગામ છે. ત્યાં એક સારા નિપુણ ભગવાનના ભક્ત રહેતા હતા. તેણે આવીને પ્રભુ શ્રીહરિને નમસ્કાર કર્યા. ૮. તે શ્રીહરિનો હાથ પકડીને તેમને પોતાને ઘેર લઈ ગયા અને જે તેમની ઈચ્છા હતી તે મુજબ જમવા માટેની રસોઈ કરાવી. વર્ણિરૂપ શ્રીહરિ પોતાની રુચિ મુજબ રસોઈ બનાવીને જમ્યા. પછી જે પ્રસાદી વધી તે ભક્તને આપી. ૯.

જગદાધાર પ્યારા પ્રભુ ત્યાંથી ચાલ્યા તે **બુધેજ** ગામ આવ્યા. ભક્તપતિ પ્રભુએ ત્યાં આવી અને સદાવ્રતમાંથી અનાજ લીધું. સદાવ્રતમાં તે ભક્તે જુવાર આપી હતી. ૧૦. મુરારિ શ્રીહરિએ જુવારના એક બે દાણા પોતાનાં મુખમાં નાખ્યા. બાકીની જુવારની ત્યાં ઢગલી કરીને ત્યાંથી ચાલતા થયા. બહુનામી સ્વામી આગળ ચાલતા સાબરમતી નદી ઊતરીને ભાલ દેશમાં આવ્યા. ૧૧. પછી ઘનશ્યામ પ્રભુ **ભીમનાથ મહાદેવ** આવ્યા. ત્યાં ભીમનાથ મહાદેવનાં દર્શન કરી તેમને પ્રણામ કર્યા. પછી નૈષ્ઠિક વ્રતધારી બ્રહ્મચારીરૂપ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **ગોપનાથ** ક્ષેત્રમાં આવ્યા. ૧૨.

गोपनाथ महादेव बिलोकी, करी प्रनाम चले बर्नी शोकी ॥
पंचतीर्थी करते अनुरागे, आये ईश्वर गुप्त प्रयागे ॥१३॥
लिखि एकांत स्थल बहुनामी, टीके गुप्त प्रयागमें स्वामी ॥
डेढ मास पर्यंत दयाला, रहे निवास करी परम क्रिपाला ॥१४॥
दोहा : पीछे याँसुँ अक्षरपति, चले अजीत अविनाश ॥
आये लोढवा गाम प्रभु, रहे तहाँ त्रय मास ॥१५॥
तहाँ ते निकसे नाथजी, आये शहेर मांगरोल ॥
कीने कृतार्थ जीव बहु, निज सुख दीन अतोल ॥१६॥
सोरठा : कठिन कष्ट सही नाथ, बन पर्वत मंहि करत तप ॥
कोऊ नाहिं निज साथ, बिचरेऊ एकाएक प्रभु ॥१७॥
तीव्र तपस्या कीन, कही न बनत रसना कहत ॥

ત્યાં ગોપનાથ મહાદેવનાં દર્શન કરી, પ્રણામ કરીને તીર્થ કરવાના શોખીન આવા વર્ણી આગળ ચાલતા થયા. પ્રેમથી પંચતીર્થી કરતા કરતા પરમેશ્વર શ્રીહરિ **ગુપ્તપ્રયાગ** આવ્યા. ૧૩. ભક્તોના સ્વામી બહુનામી શ્રીહરિએ તે એકાંત સ્થળ જોયું. તેથી દયાળુ, પરમ કૃપાળુ, પરમાત્મા ત્યાં દોઢ માસ રોકાયા. ૧૪. તે પછી અક્ષરાધિપતિ, અજેય અને અવિનાશી આવા પ્રભુ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **લોઢવા** ગામ આવ્યા અને ત્યાં ત્રણ માસ પર્યંત રહ્યા. ૧૫. ભક્તપતિ ભગવાન શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **માંગરોળ** શહેર આવ્યા. શ્રીહરિએ આ રીતે ઘણા જીવોને કૃતાર્થ કર્યા અને પોતાના સ્વરૂપ સંબંધી અમાપ સુખ આપ્યું. ૧૬.

❁ વર્ણિરાજે વનમાં વેઠેલી વિપત્તિનું વર્ણન :

શ્રીહરિએ કઠોર કષ્ટ સહન કરીને વન તથા પર્વતોમાં તપ કર્યું. પોતાની સાથે બીજું કોઈ ન હતું. પ્રભુ એકલા જ બધે વિચર્યા. ૧૭. તીવ્ર તપશ્ચર્યા કરી, તે જીભથી કહેવા ચાહીએ છીએ છતાં કહી શકાતી નથી. પોતે તો પરમ નિપુણ પરમેશ્વર છે તે આવી તપશ્ચર્યા કરીને

ईश्वर आप प्रबीन, त्यागीनकुं शिक्षा करत ॥१८॥

चोपाई :

बिचरे बन मंहि विकट सु बाटे, अति कठिनतर ओघट घाटे ॥
बाँकादेश विषम बन मंहियाँ, अनंत असुर मिले बने न कहियाँ ॥१९॥
तिनही दिन दुःख बहु भाँति, सहन करी सब रहे निराँती ॥
भूत प्रेत भेले प्रभु रहेउ, शित घाम भूख प्यास सहेउ ॥२०॥
बिषम जगे विचरे बडभागी, निज जीवत की आशा त्यागी ॥
ऐसे कीन है नाथ उपाई, देह धारीसुँ ना बनी आई ॥२१॥
ऐसा प्रभु उग्र तप कीना, रसनासुँ कछु बने कही ना ॥
तजी अन्नजल फलफूल अहारा, अनिलपान करी रहेउ ठारा ॥२२॥
रहे कतियक दिन येही प्रकारा, तीव्र त्याग कर बल है अपारा ॥

બીજા ત્યાગીઓને તપ કરવાની રીત શીખવાડે છે. ૧૮. પોતે ઘણા વિકટ વનની વાટે ચાલ્યા. તેમજ ઘણા કઠણ પહાડી માર્ગોમાં પણ ફર્યા. ઊંચા નીચા વિષમ પ્રદેશના વનમાં ફર્યા. તેમાં અનંત અસુરો મળ્યા, જે કહી શકાતું નથી. ૧૯. તે અસુરોએ અનેક જાતનાં દુઃખો આપ્યા. અને તે બધાને શાંતિથી સહન કર્યા. પ્રભુ ભૂતપ્રેતોની સાથે પણ રહ્યા. ઠંડી, ગરમી, ભૂખ તથા તરસને પણ ઘણી સહન કરી. ૨૦. મહાન ભાગ્યશાળી પ્રભુ પોતાની જિંદગીની આશાને છોડીને પણ ઘણી ઊંચી નીચી વિષમ જગ્યાઓમાં વિચર્યા. ભક્તપતિ શ્રીહરિએ એવી સાધનાઓ કરી કે જે દેહધારીથી બની શકે નહિ. ૨૧.

પ્રભુ શ્રીહરિએ એવું ઉગ્ર તપ કર્યું કે જે જીભથી કહી શકાતું નથી. અન્ન જળ તથા ફળ ફૂલનો આહાર પણ છોડી દઈને કેવળ વાયુભક્ષણ કરીને ઊભા રહ્યા હતા. ૨૨. આ રીતે કેટલાક દિવસ રહ્યા. તેમને તીવ્ર ત્યાગનું અપાર બળ હતું. મુરારિ પ્રભુ શ્રીહરિ જે જે તીર્થમાં ગયા ત્યાંથી અધર્મના મૂળ ઉખાડી નાખ્યા. ૨૩. અનુપમ અષ્ટાંગ યોગ સાધ્યો.

जेही जेही तीर्थमां गये मुरारी, डारा अधर्म मूल उखारी ॥२३॥

साधा जोग अष्टांग अनूपा, ध्यान समाधि अति सुखरुपा ॥
शीखवा जोगीनका सब रीति, केहि को दिन मोक्ष करी प्रीति ॥२४॥

साम दाम करी भेद उपाई, आये असुर कर नाश कराई ॥
मुमुक्षुकुं आनंद देते, निज पुर पहुंचाये जन केते ॥२५॥

अनंत तीर्थ मंहि फेरे उदारा, रहे मनुष्य तहाँ अनंत अपारा ॥
तिनहिं दे निज दर्शन दाना, भवभयसुँ छोडे भगवाना ॥२६॥

धर्म सहित निज भक्ति जेही, ता कर दृढ उपदेशा देई ॥
तारेउ जनकर सकल संदेहा, एही बिधि बिचरे परम सनेहा ॥२७॥

रही धर्ममां धर्मकुमारा, धर्म स्थापन कीन उदारा ॥
सब तीर्थमां कुटुंब सहिता, रहा अधर्म करी अचल निकेता ॥२८॥

दोहा : टारी निज सामृथि करी, दे निज ज्ञान प्रबीन ॥

અને અતિશય સુખરૂપ ધ્યાન તથા સમાધિ યોગીજનોને પણ બધી રીતે શીખવી. અને કેટલાકને તો પ્રેમથી મોક્ષ આપ્યો હતો. ૨૪.

વળી, જે જે અસુરો આવ્યા તે બધાનો સામ, દામ તથા ભેદ જેવા ઉપાયોએ કરીને નાશ કર્યો હતો. મુમુક્ષુ જીવોને આનંદ આપ્યો અને કેટલાય લોકોને પોતાનાં ધામમાં પહોંચાડ્યા. ૨૫. અનંત તીર્થોમાં ઉદાર ભાવથી વિચર્યા. અને ત્યાં ત્યાં અનંત અપાર મનુષ્યો હતા. તે બધાને પોતાનું દર્શન આપીને ભગવાન શ્રીહરિએ સંસારના ભયથી છોડાવી મૂક્યા હતા. ૨૬. ધર્મે સહિત પોતાની ભક્તિનો સુદૃઢ ઉપદેશ દઈને તે જીવોને બધા જ સંદેહોથી પાર કર્યા હતા.

આ ઉપર કહ્યા પ્રમાણે ખૂબ જ હેતથી તીર્થોમાં વિચર્યા. ૨૭. ઉદાર સ્વભાવના ધર્મકુમાર શ્રીહરિએ ધર્મમાં રહીને ધર્મનું સ્થાપન કર્યું. બધા જ તીર્થોમાં અધર્મ પોતાના કુટુંબે સહિત અચળ નિવાસ કરીને રહ્યો હતો. ધર્મપુત્ર નીલકંઠ વર્ણીએ તે તીર્થોમાંથી પોતાના સામર્થ્યે કરીને

नीलकंठ धर्मात्मज, अद्‌भूत कर्म सो कीन ॥२९॥

श्रुति स्मृति सतशास्त्र कर, करी बिवाद जगवंद ॥
पाखंडी गुरु मात्र को, जीते आनंदकंद ॥३०॥

सोरठा : शुद्ध मुमुक्षु वृंद, लिन छोडायके धर्मसुत ॥
टारी भवकर फंद, निज आश्रित किनेउ सकल ॥३१॥

यम निम अपरमपार, ब्रह्मचर्य आदिक सकल ॥
राखी आप उदार, विचरत वन में करत तप ॥३२॥

चोपाई :

सब त्यागी पुनि तीर्थबासी, श्रुति अनुसार तिनहि सुखराशी ॥
देखाई त्यागीन कर रीति, छूटे भव ज्यो रहे करी प्रीति ॥३३॥

प्रीत नाहिं कोउ वस्तु मांई, संग परिग्रह लेशउ नांई ॥
कौपीनमात्र है वस्त्र नामा, तापस बर्नी परम अकामा ॥३४॥

અધર્મને ટાળ્યો અને નિપુણતાપૂર્વક પોતાનાં સ્વરૂપનું જ્ઞાન આપ્યું. આ રીતે તેમણે અદ્‌ભુત કામ કર્યું હતું. ૨૮-૨૯. અતિશય આનંદના મૂળરૂપ જગદ્વંદ્ય પ્રભુ શ્રીહરિએ શ્રુતિ, સ્મૃતિ અને સચ્છાસ્ત્રના પ્રમાણો આપીને પાખંડી ગુરુ માત્રને જીતી લીધા હતા. ૩૦. ધર્મપુત્ર શ્રીહરિએ જે શુદ્ધ મુમુક્ષુના વૃંદ હતા તેને પાખંડી ગુરુઓ પાસેથી છોડાવી લીધા. તે પછી તે સહુને પોતાના આશ્રિત કર્યા. અને તેના સંસારના બંધન કાપી નાખ્યા. ૩૧. અપરંપાર યમ, નિયમ, બ્રહ્મચર્ય આદિક સમગ્ર સાધનોને ઉદાર ભાવે રાખીને શ્રીહરિ વનમાં વિચરણ કરતા કરતા તપ કરતા હતા. ૩૨.

વળી, સુખરાશી એવા શ્રીહરિએ તીર્થમાં રહેનારા બધા ત્યાગીઓને શ્રુતિને અનુસારે ત્યાગીની રીત બતાવી. અને જે બતાવેલી રીત પ્રમાણે પ્રેમથી રહ્યા તે સંસારના બંધનથી છૂટ્યા. ૩૩. શ્રીહરિને કોઈ પણ વસ્તુમાં પ્રીતિ રહેતી નહિ. કોઈનો સંસર્ગ અથવા તો કોઈ વસ્તુનો

मृगाजिन जटा शिर धारी, अनाव्रत अंग बर्नी मुरारी ॥
रात दिना पुनि सब ऋतु मंहियाँ, येहि बिधि बिचरत हरि सुखदैया ॥३५॥
तजी बस्ति बाहिर तरु छैया, रहत अजीत त्रास उर नैया ॥
नित त्रिकाल स्नान कर नेमा, शालिग्राम सेवे करी प्रेमा ॥३६॥
करे त्रिकाल प्रभु पूजन सोई, ऐसे कृष्ण भक्त नहिं कोई ॥
ऐसे बर्नी परम अनूपा, निज स्वरूप मंहि मन तद्रूपा ॥३७॥
लिये रास पंचाध्याई आदि, करत पाठ प्रभु तजी समाधि ॥
आसन करत है बिविधि दयाला, प्रानायाम करत त्रिकाला ॥३८॥
जोग क्रिया बहु विधि अभिरामा, नित प्रति करत परम सुखधामा ॥
सहत हेमंत में शित सुजाना, बह्नि सेवत नहीं भगवाना ॥३९॥

પરિગ્રહ લેશમાત્ર પણ રાખતા નહિ. વસ્ત્રને નામે તો એક કૌપિન માત્ર રાખતા હતા. પોતે અત્યંત નિષ્કામી, તપસ્વી વર્ણી બનીને રહ્યા હતા. ૩૪. મૃગચર્મ, મસ્તક ઉપર રહેલી જટા, ખુલ્લું શરીર, બધી જ ઋતુમાં રાતે અને દિવસે રાખીને સુખદાયક મુરારિ વર્ણિરૂપ શ્રીહરિ કહ્યા પ્રમાણે વિચરણ કરતા હતા. ૩૫. પોતે વસ્તીનો ત્યાગ કરી ગામ બહાર વૃક્ષની છાયામાં રહેતા હતા. પોતે સ્વરૂપથી તો અજિત હતા. એટલે દિલમાં કોઈનો ત્રાસ રહેતો નહિ. રોજ ત્રણ વખત સ્નાન કરવાનું નિયમ હતું. અને પ્રેમથી શાલગ્રામની સેવા કરતા હતા. ૩૬.

શ્રીહરિ પોતે ત્રણ વખત ભગવાનની પૂજા કરતા હતા. તેમના જેવા બીજા કોઈ કૃષ્ણભક્ત હતા નહિ. આવા અનુપમ શ્રેષ્ઠ વર્ણીનું પોતાનું મન સ્વસ્વરૂપમાં જ તલ્લીન રહેતું હતું. ૩૭. શ્રીહરિ પોતે સમાધિમાંથી બહાર આવીને પોતાની પાસે રાખેલ રાસપંચાધ્યાયીનો રોજ પાઠ કરતા હતા. દયાળુ વિવિધ પ્રકારના આસન કરતા રહેતા. તેમ જ ત્રણ વખત પ્રાણાયામ કરતા રહેતા હતા. ૩૮. પરમ સુખધામ શ્રીહરિ બહુ પ્રકારની મનોહર યોગક્રિયાને નિત્ય કરતા હતા. પરમ જ્ઞાની આવા

अखंड ध्यानमंहि रत है नाथा, पलक न भरत दृगन सुखपाथा ॥
अस्थि त्वचा रही तन मांई, धर्म निम व्याप्त गात्र सदाई ॥४०॥

त्यागी तन कर अनुसंधाना, बिचरत विकट बिपिन भगवाना ॥
जहाँ अति कंटक अश्म कठोरा, बिन पनहि बिचरत निशिभोरा ॥४१॥

गिरिमंहि निर्भय फिरत स्वछंदा, काहु का पंथ न पूछत मुकुन्दा ॥
क्रूर ब्याघ्र व्यालादिक आई, कबहु न परसत अंग बोलाई ॥४२॥

सोरठा : कबहु फल दल मूल, भोजन करत है बर्नीवर ॥
कबहु मिले अनुकूल, अन्नहु जेंवत बार एक ॥४३॥

कबहु रहे उपवासि, कबहुक पीवत नीर हरि ॥
बहुत दिना अविनाशि, पवन प्रासन करी रहे सुखद ॥४४॥

ભગવાન શિયાળામાં ઠંડી સહન કરતા હતા પણ અગ્નિ તાપતા નહિ. ૩૯. ભક્તપતિ, સુખસાગર શ્રીહરિ અખંડ ધ્યાનમાં રહેતા. આંખથી મટકું પણ મારતા નહિ. શરીરમાં હાડ અને ચામડી જ રહ્યા હતા. હંમેશા શરીર ધર્મ અને નિયમોથી વ્યાપ્ત રહેતું હતું. ૪૦.

ભગવાન શ્રીહરિ શરીરનું અનુંસધાન તજી દઈને ભયંકર વનમાં વિચરતા હતા. જ્યાં ઘણા કાંટા અને કઠોર પથ્થર હોય તેવી ભૂમિમાં પણ પગમાં મોજડી પહેર્યા સિવાય રાતે તથા વહેલી સવારે ફરતા હતા. ૪૧. પહાડમાં પણ નિર્ભય રીતે સ્વતંત્રપણે ફરતા હતા. મુક્તિને આપનારા પ્રભુ શ્રીહરિ કોઈને માર્ગ પૂછતા નહિ. અતિશય ક્રૂર વાઘ તથા સર્પ ઈત્યાદિક આવીને બોલાવ્યા છતાં ક્યારેય તેનો અંગ સ્પર્શ કરતા નહિ. ૪૨. વર્ણિરાજ કોઈ વખતે ફળ, પત્ર કે મૂળનું ભોજન કરતા હતા. અને કોઈ વખતે અનુકૂળ પ્રાપ્ત થયેલું અન્ન હોય તો તે એકવાર જમતા હતા. ૪૩. ક્યારેક ઉપવાસ કરતા તો ક્યારેક સુખદ અવિનાશી શ્રીહરિ એકલું પાણી પીતાં હતા. તો ક્યારેક ઘણા દિવસ સુધી વાયુભક્ષણ કરીને રહ્યા હતા. ૪૪.

दोहा : सुंदर अति सकुमार प्रभु, धुप लगत कुमलाई ॥
सहत बिकट तन बिपत प्रभु, औरसुँ अस न रहाई ॥४५॥
त्याग रु तप की अवधि हरि, कठिन कुलिश ते भारी ॥
प्रेमानंद कहे महा प्रभु, बाल रुप ब्रह्मचारी ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते पश्चिम भूम्यागमन नामा सप्तविंशोऽध्यायः ॥२७॥



अध्याय - २८

दोहा : जन्मसिद्ध अविलोकीके, पावत अतहि हार ॥
संग कोउ ना टकी शके, मिले तपस्वी अपार ॥०१॥

प्रभु श्रीहरिनुं शरीर अतिशय सुंदर अने सुकुमार हतुं. तडकामां एकदम कुमळाई जतुं हतुं. छतां पण तेओ शरीरथी विकट विपत्तिने सहन करता हता. प्रभु श्रीहरि सिवाय बीजा कोईथी आ रीते रही शकाय नहि. ४५. प्रेमानंद स्वामी कहे छे के 'श्रीहरि त्याग तथा तपनी सीमा हता. छतां वज्र करता पण कठिन हता अने पोते बाळस्वरૂप ब्रह्मचारी हता.' ४६.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિનું પશ્ચિમ ભારતમાં આવવું' એ નામે સત્ત્યાવીશમો અધ્યાય સમાપ્ત-૨૭



અધ્યાય - ૨૮

લોજપુરમાં સંતોનો મેળાપ અને તપશ્ચર્યાનું વર્ણન

કેટલાય જન્મસિદ્ધ તપસ્વીઓ હતા તે શ્રીહરિને દેખીને જ અતિશય હારી જતા હતા. તેમને તપસ્વીઓ તો અપાર મળ્યા પણ કોઈ સાથે

अत हि उदासी अजाचित ब्रती, करे क्रछ ब्रत ईश ॥
सुखप्रद पंचे विषयसुँ, अति विरक्त जगदीश ॥०२॥

सोरठा : नारी मात्र कर गंध, श्रीहरि सहन न करी सकत ॥
रहे सदा निर्बंध, कहुं निकेत न कीन प्रभु ॥०३॥

जन्मदिवस हरि केर, एकादशी आदिक व्रत ॥
कबहुं न पारत फेर, निराहार हरि रहत नित ॥०४॥

चोपाई :

ऋषभात्मज जडभर्त समाना, राखत निज तन वृत्ति सुजाना ॥
सर्व संग तजी रहत अकेला, सिद्धमात्र कोऊ टकत न भेला ॥०५॥

ऊर्ध्वरेता नैष्ठिक ब्रह्मचारी, जितेन्द्रिय वर्णी व्रत धारी ॥
अजीत ईश सद्गुन भंडारा, परम तपस्वी जग आधारा ॥०६॥

ટકી શક્યા નહિ. ૧. જગદીશ્વર પરમેશ્વર શ્રીહરિ જગતથી અતિશય ઉદાસ રહેતા. અને અયાચિતવૃત્તિ હતા. તેમણે અનેક કૃચ્છ્રવ્રતો કર્યા. તેઓ પાંચેય વિષયમાં અતિશય વિરક્ત રહ્યા હતા. ૨. સર્વ નિયંતા શ્રીહરિ સ્ત્રીમાત્રનો ગંધ સહન કરી શકતા નહિ. તેઓ હંમેશા નિર્બંધ રહ્યા. તેમણે કોઈ સ્થાનમાં પોતાનું રહેઠાણ કર્યું નહિ. ૩. ભગવાનના જન્મના દિવસોએ તથા એકાદશીના વ્રતમાં ક્યારેય ફેર પડવા દેતા નહિ. તે દિવસોમાં તો શ્રીહરિ હંમેશા નિરાહાર રહેતા હતા. ૪.

સુજાણ આવા શ્રીહરિ ઋષભદેવના પુત્ર જડભરતની સમાન પોતાનાં શરીરનું વર્તન રાખતા હતા. બધામાં આસક્તિ છોડી દઈને પોતે એકલા જ રહેતા. જે કોઈ પણ સિદ્ધ કહેવાતા હોય તેમાંથી કોઈ પણ તેમની સાથે ટકી શકતા નહિ. ૫. શ્રીહરિ નૈષ્ઠિક ઊર્ધ્વરેતા બ્રહ્મચારી રહ્યા. જિતેન્દ્રિય તથા વર્ણીનું વ્રત ધારી રહ્યા હતા. તેઓ બધા જ સદ્ગુણના ભંડાર, પરમ તપસ્વી અને જગતના આધારરૂપ હોવા છતાં અજેય પરમેશ્વર હતા. ૬.

अन्य तपस्वी त्यागी अपारा, हरि का देखी परम उदारा ॥
हमहुं ऐसे रहिये धारी, रहत हरि संग समुजि बिच्यारी ॥०७॥
तन अभिमानी अति अहंकारी, होत कष्ट तनमें अति भारी ॥
रहत हठ करी हठ ना छोरे, रहत मान करी अति बरजोरे ॥०८॥
रहत हरि संग दशननी पीसी, कोउ दिन दस कोउ वीस पच्चीसी ॥
करत पलायन न होई निभाउ, रहत न कोउ अभंग उछाउ ॥०९॥
अतहि कठिन तप करत दयाला, आये फिरत बिदेश क्रिपाला ॥
वरस सात रहे वन अविनाशा, तेही उपरांत अधिक एक मासा ॥१०॥
संवत १८५६ अढार छपनमांई, सावन बिद षष्ठि सुखदाई ॥
तेहि दिना प्रभु आवन कीना, गांव लोज मही परम प्रबीना ॥११॥
सुंदर वाव्य गावसुँ न्यारी, खचित रचित अश्मनी करी भारी ॥

બીજા અપાર તપસ્વી અને ત્યાગીઓ શ્રીહરિનું પરમ ઉદાર વર્તન દેખીને 'અમે પણ તેમની જેમ જ રહીએ.' એવું મનમાં સમજી વિચારીને શ્રીહરિની સાથે રહ્યા. ૭. તે બધા દેહાભિમાની, અતિશય અહંકારી અને તેને શરીરમાં જ્યારે ઘણું કષ્ટ થાય ત્યારે હઠ કરીને રહેતા. પરંતુ હઠ છોડતા નહિ.

તે બધામાં અતિશય જબરજસ્ત માન રહેતું હતું. ૮. તે બધા સિદ્ધો શ્રીહરિની સાથે દાંત દબાવીને રહેતા. અર્થાત્ મજબૂત મન કરીને રહેતા. પરંતુ શ્રીહરિનો તપ-ત્યાગાદિક જોઈને કોઈ દશ દિવસમાં કે કોઈ વીશ પચ્ચીશ દિવસમાં પલાયન કરી જતા હતા. શ્રીહરિની સાથે કોઈ નભી શકતા નહિ. અને ઉત્સાહ સાથે અખંડરૂપમાં તો કોઈ રહી શકતા જ નહિ. ૯. આવું અતિશય કઠણ તપ કરતા કરતા પરમ દયાળુ શ્રીહરિ અનેક જાતના દેશોમાં ફર્યા. અને **સાત વર્ષ ઉપર એક મહિના સુધી અવિનાશી પ્રભુએ વનમાં ફરી બહુ જીવો તથા તીર્થોને પાવન કર્યા.** ૧૦.

गांवसुं हे पश्चिम दिशीमांई, ता उपर सुंदर बट छांई ॥१२॥
तहाँ एक अश्मनी शीला अनुपा, ता पर बैठे बर्नी भूपा ॥
तेही गांव मंहियाँ सुखदाई, श्रीउद्धव अवतार कहाई ॥१३॥
स्वामी रामानंद है नामा, तिन कर संत परम गुनधामा ॥
रहत है तहाँ एक जगा बनाई, देत सदाव्रत अति हरखाई ॥१४॥
दोहा : रहत है संत समूह तहाँ, साधु गुन संपन्न ॥
करत भजन भगवान कर, नाहिन कोऊ ब्यसन्न ॥१५॥
तिन मही एक संत मुख्य है, साधु मुक्तानंद ॥
तिन की आज्ञामें रहे, और संत जगवंद ॥१६॥
सोरठा : तिन मही ते एक संत, नाम सुखानंद सुखसदन ॥
मुदित भयेउ अत्यंत, नीरखी बर्नीराज वर ॥१७॥

વિ.સં.૧૮૫૬ શ્રાવણ વદિ છઠને દિવસે સુખદાયક પરમ પ્રવીણ પ્રભુ શ્રીહરિનું લોજ ગામમાં આગમન થયું. ૧૧. ગામથી અલગ એક સુંદર વાવ હતી. સરસ પથ્થરથી બાંધેલી હતી. ગામથી પશ્ચિમ દિશામાં રહેલી તે વાવ ઉપર એક સુંદર વડલાનું ઝાડ છવાયેલું હતું. ૧૨. ત્યાં એક અનુપમ પથ્થરની શિલા હતી. વર્ણિરાજ આવીને તે શિલા ઉપર બેઠા.

તે લોજ ગામમાં ઉદ્ધવનો સુખદાયક અવતાર કહેવાતા રામાનંદ સ્વામી નામે પરમ ગુણના ધામ જેવા એક સંત જગ્યા બાંધીને રહેતા હતા અને ઘણા હરખથી સદાવ્રત આપતા હતા. ૧૩-૧૪. **ત્યાં સાધુતાના ગુણથી સંપન્ન કેટલાક સાધુઓનો સમુદાય પણ રહેતો હતો. તે સહુ ભગવાનનું ભજન કરતા હતા. અને તેમને કોઈ પણ જાતનું વ્યસન હતું નહિ.** ૧૫. તે સંતોના મંડળમાં મોટેરા મુક્તાનંદ સ્વામી નામે સાધુ હતા. જગદ્વંદ્ય બીજા બધા સંતો તેમની આજ્ઞામાં રહ્યા હતા. ૧૬.

તે સંતોમાંથી સુખાનંદ નામે એક સંત ઘણા સુખરૂપ હતા. તે ત્યાં આવ્યા અને શ્રેષ્ઠ વર્ણિરાજને જોઈને મનમાં ઘણા પ્રસન્ન થયા. ૧૭.

मनहुं धरी एकरूप, तप वैराग्य आयेऊ अकल ॥
शांत है परम अनूप, नासाग्र दृष्टि अचल ॥१८॥

चोपाई :

हे कोई साधु अति बडभारी, महा नैष्ठिक बर्नी वपु धारी ॥
ऐसा हम कहुं देखा नाही, जागे भाग्य ज्यो रहे बटु याँही ॥१९॥
सुखानंद साधु अनुरागे, पीछे प्रीतसुँ पूछन लागे ॥
कोन देश गुरु जग्ये तुमारी, कहो हमसु बाला ब्रह्मचारी ॥२०॥
कहे हरि सुनो संत सुजाना, नाही देश गुरु धाम प्रमाना ॥
नाही स्वजन बंधु माई बापा, ज्यो न मिटावे त्रिबिधि तापा ॥२१॥
सोई गुरु सो बाप महतारी, छोडे जन्म मृत्यु भय भारी ॥
तब पुनि बोले सुखानंद संता, येही सिद्धांत बात हे अंता ॥२२॥

માનો તેમને જણાયું કે ન કળી શકાય એવું તપ તથા વૈરાગ્ય એકરૂપ થઈને આવ્યા છે. તે વર્ણી શાંત અને પરમ અનુપમ જણાયા તથા તેમની દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર અચળ દેખાઈ. ૧૮.

તેમને એમ જણાયું કે 'આ કોઈ અતિશય ભારે મોટા સાધુ છે.' મૂર્તિમાન મહાન નૈષ્ઠિક વ્રતધારી વર્ણી છે. આવા વર્ણી મેં ક્યારેય જોયા નથી. જો અહીં લોજમાં આ વર્ણી રહે તો અમારા ભાગ્ય જાગ્યા ગણાય. ૧૯. તે સુખાનંદ નામના સંત ઘણા હેત અને પ્રેમથી તે વર્ણીને પૂછવા લાગ્યા જે, 'હે બાળ બ્રહ્મચારી ! તમારો કયો દેશ છે ? કોણ ગુરુ છે ? તથા તમારી જગ્યા ક્યાં છે ? તે મને કહો.' ૨૦.

ત્યારે શ્રીહરિએ કહ્યું જે, 'હે સુજ્ઞ સંત ! સાંભળો. મારે કોઈ દેશ, કોઈ ગુરુ કે કોઈ પ્રમાણરૂપ સ્થાન નથી. મારે કોઈ કુટુંબ, ભાઈ, માતા કે પિતા નથી કે જે આત્માના ત્રિવિધ તાપને મટાડે. ૨૧.

ખરા ગુરુ કે માતાપિતા તે ગણાય છે કે જે જીવના ઉપર રહેલ જન્મમરણના મોટા ભયથી છોડાવે.' ત્યારે સુખાનંદ સ્વામી ફરીને બોલ્યા

हे परंतु पूछन की रीति, येही कारण पूछुं करी प्रीति ॥
तब कहे नीलकंठ ब्रह्मचारी, सुनो संत कहे जगा हमारी ॥२३॥
उत्तर कौशल देश है नामा, तहाँसु आये फिरत सब धामा ॥
फिरत फिरत यहां आये संता, कहां हमार हम सब बरतंता ॥२४॥
तुम हो कौन के शिष्य सुजाना, सो कहो हमसुँ करी बखाना ॥
बोले सुखानंद जोरी पानी, सुनो श्रवण दे बर्नी ध्यानी ॥२५॥
हे सद्‌गुरु रामानंदस्वामी, हम तिनकर साधु बहुनामी ॥
आवा बाव्य में करन स्नाना, तहाँ तो आप मिले भगवाना ॥२६॥
बडा भाग्य भया आज्यु हमारा, भया दरश मोहे बर्नी तुमारा ॥
अस कही साधु लागे पाई, आईए प्रभु तहाँ जगे मांही ॥२७॥
यहां बसे सब संत सुजाना, बरतत पांचो व्रत प्रमाना ॥

કે 'તમે કહી એ વાત તો છેલ્લા સિદ્ધાંતની છે. પરંતુ કાંઈક પૂછવાની લૌકિક રીત એવી છે; એટલા માટે જ હું પ્રેમથી આપને પૂછું છું.' ત્યારે નીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું કે 'સાધુરામ ! તમે સાંભળો. હું મારી જગ્યા કહું છું. ૨૨-૨૩. ઉત્તર કૌશલ નામે દેશ કહેવાય છે ત્યાંથી નીકળીને બધા ધામોમાંથી ફરતો ફરતો હું અહીં આવ્યો છું. આમ બોલીને પોતાનું બધું વૃત્તાંત કહ્યું. ૨૪. પણ સ્વામી, તમે કયા સુજ્ઞ ગુરુના શિષ્ય છો ? તે મને સ્પષ્ટ રીતે કહો.'

ત્યારે સુખાનંદ મુનિએ બે હાથ જોડીને કહ્યું કે 'હે ધ્યાની વર્ણી ! તમે કાન દઈને સાંભળો. ૨૫. રામાનંદ સ્વામી નામે એક બહુનામી સદ્‌ગુરુ છે, હું તેમનો સાધુ છું. અત્યારે અહીં વાવમાં સ્નાન કરવા આવ્યો છું. તો આ વખતે આપ ભગવાન મને મળ્યા છો. ૨૬. આજે હું ઘણો ભાગ્યશાળી થયો છું કે મને આપ વર્ણિરાજનાં દર્શન થયા છે.'

આમ કહીને તે સુખાનંદ મુનિ પગે લાગ્યા અને કહ્યું કે 'પ્રભુ આપ અમારી જગ્યામાં પધારો. ૨૭. અહીંયા ઘણા શાણા સંતો વસે

प्रभु आयके दर्शन दीजे, संत समागम करी सुख लीजे ॥२८॥

दोहा : मुक्तानंद आदिक सो, संत बसे बडभाग ॥
साधु गुन संपन्न हे, बर्नी देखन लाग ॥२९॥

तुम सरीखे महापुरुष का, मिलने इछत सोऊ ॥
करत है सेवा संत की, मन क्रम करी मुद होऊ ॥३०॥

सोरठा : प्रभु पधारिये तांह, करी करुना करुनाभुवन ॥
चलो मैं पकरुँ बाँह, कृश शरीर हो बर्नीबर ॥३१॥

मुक्तानंद माहंत, ऐहे यहाँ तव दरश हित ॥
पुनि और ही सब संत, तव दर्शन अभिलाष मन ॥३२॥

चोपाई :
तब बोले बर्नी अस बानी, सुनो सुखानंदजी सुखदानी ॥

છે. બધા પૂરા પાંચ વ્રતમાનોને પાળે છે. તો પ્રભુ, આપ આવીને તે સહુને દર્શન આપો. તથા તે સંતોનો સમાગમ કરીને આપ પણ સુખ પ્રાપ્ત કરો. ૨૮. અમારી જગ્યામાં મુક્તાનંદ સ્વામી આદિક ઘણા મોટા ભાગ્યશાળી સંતો રહે છે. હે વર્ણી ! બધા સાધુતાનાં ગુણોથી સંપન્ન છે તથા દર્શન કર્યા જેવા છે. ૨૯. બધા સંતો આપના સમાન મહાપુરુષને મળવા ચાહે છે. અને તે બધા કોઈ આવેલા સંતની સેવા મન, કર્મથી હરખપૂર્વક કરે છે. ૩૦.

સર્વનિયંતા, કરુણાનિધિ વર્ણિવર આપ અમારી જગ્યામાં દયા કરીને પધારો. આપનું શરીર ઘણું કૃચ્છ છે, ચાલો હું આપણી બાંય પકડું છું. ૩૧. અમારી જગ્યામાં મહંત મુક્તાનંદ સ્વામી છે. એ આપને દર્શન કરવા લાયક છે. અને બીજા બધા સંતો પણ આપ જેવા મહાપુરુષનાં દર્શનની અભિલાષા મનમાં રાખે છે.' ૩૨. ત્યારે શ્રીનીલકંઠ વર્ણી એવું બોલ્યા કે 'સુખદાયક સુખાનંદજી, તમે સાંભળો. હું કોઈ શહેર, પુર, નગર કે ગામમાં જતો નથી અને કોઈને ઘેર પણ જાતો નથી. ૩૩. હું

शहरपुर पुनि नगर रु गामा, जात नहीं हम काहु के धामा ॥३३॥
फिरे विकट बन पर्व मंहियाँ, रहे नित्य नये तरुवर छैया ॥
परंतु ऐसे संतन काजा, चलो देखी बरु संत समाजा ॥३४॥
पीछे सुखानंद कर साथा, आये मंदिर मही मुनि नाथा ॥
आये संत सब सन्मुख धाई, करी प्रनाम लागे सब पाई ॥३५॥
नये संतकुं हरि शिर नाई, बैठे त्रन बिछोना मांई ॥
सोहत संत सभा अभिरामा, बैठे बीच बर्नी गुनधामा ॥३६॥
रहे बर्नी कर बदन निहारी, देखी हरि भये आश्चर्य भारी ॥
देखी तेज तप शांत स्वभाउ, सौम्य रूप बर्नी सुरराउ ॥३७॥
निरखी नेन मन रहे लोभाई, दृग बिलोकी त्रप्ति नहीं पाई ॥
अस दैवत हे मूर्ति मंहियाँ, खेंचत चमक लोह की नैया ॥३८॥

વિકટ વન તથા પર્વતમાં ફર્યો છું. અને નિત્ય નવા વૃક્ષની છાંયા નીચે રહ્યો છું. છતાં પણ તમે કહ્યા તેવા સંતોને માટે હું આવું છું અને ચાલો આજે આપણે તે સંતસમાજના દર્શન કરીએ.' ૩૪.

પછી મુનિપતિ શ્રીહરિ સુખાનંદ સ્વામીની સાથે જ્યાં સંતો હતા તે મંદિરમાં આવ્યા. વર્ણીને આવતા દેખીને બધા સંતો સન્મુખ દોડ્યા. દૂરથી જ પ્રણામ કરીને બધા પગે લાગ્યા. ૩૫. તે અપરિચિત નવા સંતોને શ્રીહરિએ મસ્તકથી પ્રણામ કર્યા. અને પછી ઘાસની છાદડી ઉપર બેઠા. ત્યાં મનોહર સંતોની સોહામણી સભા થઈ. ગુણોના ધામ જેવા વર્ણી તે સંતોની વચ્ચે બેઠા. ૩૬. **બધા સંતો વર્ણીનાં મુખ સામે જ નિહાળી રહ્યા. વર્ણિરૂપ શ્રીહરિને દેખીને સહુને ભારે આશ્ચર્ય થયું.** તેમણે જોયું કે 'આ વર્ણીન્દ્રમાં તેજ, તપ, શાંત સ્વભાવ અને સૌમ્યરૂપ રહ્યું છે.' ૩૭. વર્ણીને આંખોથી દેખતાં જ સહુનાં મન તેમાં લોભાઈ રહ્યા. આંખથી દેખવા છતાં કોઈને તૃપ્તિ થાતી નહિ. આ મૂર્તિમાં કોઈ એવું દૈવત છે કે જેમ નાવના લોખંડને ચુંબક ખેંચે છે તેમ સહુના ચિત્તને તે ખેંચે છે. ૩૮.

कहे संत ऐसे तप रूपा, ना देखे ना सुने अनुपा ॥
बालापनमा अति अविनाशा, तीव्र तप कर कीन अभ्यासा ॥३९॥
यह कारण यह मनुष्य तो नाई, हे ईश्वर के देव कहाई ॥
के होई चंद्र के होई भानो, के होई अग्नि मरुतदेव मानो ॥४०॥
के होई भव ब्रह्मा सुरराई, के होई मुक्त एकांतिक मांई ॥
के होई तप यह मूरतिमाना, के बद्रिपति आये सुजाना ॥४१॥
आपन मन कहु रहे न लोभाई, यह मूरति लिखी त्रप्ति न पाई ॥
यह निश्चे पुरुषोत्तम होई, करी करुना आये है सोई ॥४२॥
सोरठा : आपना हे बडभाग, नीरखे नेन भरी सुखसदन ॥
सेवउ करी अनुराग, प्रसन्न होई स्वामी रामानंद ॥४३॥

સંતો પરસ્પર કહેવા લાગ્યા કે ‘આવા અનુપમ તપોમૂર્તિને આપણે ક્યારેય દેખ્યા સાંભળ્યા નથી. આ અવિનાશીએ બાળપણમાં જ તીવ્ર તપ કરીને યોગાભ્યાસ કર્યો છે. ૩૯. આ બધા કારણોને લીધે આ તપસ્વી મનુષ્ય તો નથી; આ કોઈ ઈશ્વર છે અથવા તો કોઈ દેવતા હોઈ શકે છે. અથવા તો આ સૂર્ય, ચંદ્ર, અગ્નિ કે મરુતદેવ હોવા જોઈએ. ૪૦. અથવા તો ભવ, બ્રહ્મા, દેવરાજ ઈન્દ્ર કે કોઈ એકાંતિક મુક્ત માંહેલા હોવા જોઈએ. અથવા તો આ કોઈ મૂર્તિમાન તપ છે કે સુજાણ બદરિપતિ નારાયણ આવ્યા છે.’ ૪૧. સહુના મન વર્ણિરાજમાં લોભાઈ રહ્યા હતા. સહુ મૂર્તિનાં દર્શન કરતા હતા પણ કોઈને તૃપ્તિ થાતી ન હતી. સંતો વિચારતા હતા કે **‘આ નિશ્ચિત ભગવાન પુરુષોત્તમ હશે..! ને આપણા ઉપર કરુણા કરી અહીં આવ્યા છે.** ૪૨.

આપણા મોટાભાગ્ય છે કે સુખનિધિ આ વર્ણીને આપણે નેણા ભરીને નીરખ્યા છે. ઘણા પ્રેમથી આમની સેવા કરીએ તો રામાનંદ સ્વામી આપણા ઉપર રાજી થાશે.’ ૪૩. બીજા બધા સંતો તો સેવામાં

रहे सेवा मही संत, कहे मुक्तानंद बिनय करी ॥
रसोई करऊ भगवंत, जो इच्छा होय सोई अब ॥४४॥

दोहा : भोजन करी जेंये प्रभु, भये प्रसन्न अविनाश ॥
ज्याने साधु शुद्ध मति, जीतेन्द्रिय हरि दास ॥४५॥

निष्कपटी लव दंभ नहीं, सरल स्वभाव सुच्यारु ॥
प्रेमानंद कहे हरखे हरि, लिखी संत परम उदारु ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते लोजपुरे संतमिलाप तपश्चर्या बरनन नामाष्टविंशोऽध्यायः ।।२८।।



લાગી ગયા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ વિનયપૂર્વક કહ્યું, 'હે ભગવન્ ! અત્યારે આપની જેવી ઇચ્છા હોય તે પ્રમાણે રસોઈ કરો.' ૪૪. પછી અવિનાશી પ્રભુ શ્રીહરિ ત્યાં રસોઈ કરીને જમ્યા; તેથી ઘણા રાજી થયા. શ્રીહરિએ તે બધા સાધુઓને શુદ્ધ મતિવાળા, જિતેન્દ્રિય અને ભગવાનના દાસ જાણ્યા. ૪૫. તે સંતો નિષ્કપટી હતા. તેમાં લેશમાત્ર પણ દંભ ન હતો. અને ઘણા સરસ સરળ સ્વભાવના હતા.

પ્રેમાનંદ સ્વામી કહે છે, 'તે ઉદાર સ્વભાવના સંતોએ શ્રીહરિને ત્યાં જ રાખ્યા. અને શ્રીહરિ પણ આવા સંતોનાં દર્શન કરી મનમાં આનંદ પામ્યા.' ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'લોજપુરમાં સંતોનો મેળાપ અને તપશ્ચર્યાનું વર્ણન' એ નામે વીશમો અધ્યાય સમાપ્ત-૨૮



अध्याय - २९

दोहा : कहे हरि सुनो संत सब, हम रहीऊ तुम पास ॥
करीहुं सेवा टहल सब, होई संत कर दास ॥०१॥
रहे संत में सुखनिधि, मुदित होई घनश्याम ॥
पूछत प्रश्न प्रेम करी, नीलकंठ सुखधाम ॥०२॥

सोरठा : जानत संत सिद्धांत, येही कारण प्रश्न करहुं ॥
सुने उत्तर करी खांत, कहउ जथार्थ होय जिमि ॥०३॥
जीव ईश्वरकर रूप, माया ब्रह्म परब्रह्म वर ॥
करी भिन्न भिन्न अनूप, कहउ सरल करी सुभग मति ॥०४॥

અધ્યાય - ૨૯

શ્રીનીલકંઠવર્ણી તથા સંતોના પ્રશ્ન ઉત્તર

લોજપુરમાં સંતોના આશ્રમમાં રહેલા વર્ણિરાજ શ્રીહરિએ કહ્યું કે **'સહુ સંતો સાંભળો. હું અહીં તમારી પાસે રહીશ અને સંતોનો દાસ થઈને સહુની સેવા તથા ટેલચાકરી કરીશ.'** ૧. સુખનિધિ ઘનશ્યામ પ્રભુ પ્રસન્ન થઈને સંતોની વચ્ચે રહ્યા. અને તે સુખધામ નીલકંઠ પ્રભુ પ્રેમથી સંતોને પ્રશ્નો પૂછતા હતા. ૨. આ સંતો સિદ્ધાંતને કેટલો જાણે છે ? એ સમજવા માટે પ્રશ્ન કરતા હતા. અને મનમાં વિચાર કરતા હતા કે 'આ સંતોએ કરેલા ઉત્તરને હું ખંતથી સાંભળું.'

હવે તે પ્રશ્ન ઉત્તર જેમ થયા તેમ યથાર્થ રીતે હું કહું છું. ૩. શ્રીહરિએ પૂછ્યું કે 'જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને શ્રેષ્ઠ પરબ્રહ્મ, તેનાં સ્વરૂપને અનુપમ રીતે અલગ અલગ કરીને તમે સરળતાથી કહો. તમે બધા સંતો ઘણા બુદ્ધિમાન છો.' ૪.

❁ મુક્તાનંદસ્વામીએ કરેલું પાંચ ભેદનું નિરૂપણ :

સંતોએ વર્ણીનો સૂક્ષ્મ પ્રશ્ન સાંભળ્યો. ત્યારે દયાળુ મુક્તાનંદ

चोपाई :

सूक्ष्म प्रश्न सुनी मराला, बोलेऊ मुक्तानंद दयाला ॥
कहे मुक्तानंद सुनो अविनाशी, जस हम सुना गुरु कर पासी ॥०५॥
कहु सोई बर्नी सुनी लेउ, यथा बुद्धि कही बरनुं तेउ ॥
स्थूळ सूक्ष्म कारण देहा, तिन महीं ब्याप्या नखशिख जेहा ॥०६॥
इन्द्रि अंतःकर्न आधारा, करत हे क्रिया बिविधि प्रकारा ॥
अजर अमर निरंश कहाई, अछेद्यादि लछन तिन मांई ॥०७॥
नित्य सर्वगत अचल प्रमानो, ज्ञानवान जिये लछन जानो ॥
अस हम जानत जिये कर रूपा, कहुं अब ईश्वर परम अनूपा ॥०८॥
बैराट रु सूत्रात्मा मैया, अव्याकृत मंहि ब्यापी के रैया ॥
उत्पति स्थिति प्रलय कराई, ईश्वर रूप सुनो सुखदाई ॥०९॥

સ્વામી કહે છે કે “હે અવિનાશી વર્ણી ! આપ સાંભળો. મેં જે રીતે અમારા ગુરુ પાસે આ આપના પાંચે પ્રશ્નનો ઉત્તર સાંભળ્યો છે, તે મારી બુદ્ધિ પ્રમાણે વર્ણવીને કહું છું; તો આપ સાંભળો. **તેમાં પ્રથમ જીવનું લક્ષણ કહું છું.** મનુષ્યનું શરીર સ્થૂળ, સૂક્ષ્મ તથા કારણ, એમ ત્રણ પ્રકારનું છે. તે ત્રણેય પ્રકારનાં શરીરમાં નખથી શિખાપર્યંત વ્યાપીને જીવ રહે છે. ૫-૬. તે જીવ ઈન્દ્રિયો અને અંતઃકરણને આધારે વિવિધ પ્રકારની ક્રિયાઓને કરે છે. તે જીવ અજર, અમર, નિરંશ કહેવાય છે અને અછેદ્ય, અભેદ્ય આદિ તેના લક્ષણો કહ્યાં છે. ૭. જીવ નિત્ય છે, સર્વ શરીરમાં વ્યાપીને રહ્યો છે, અચળ છે અને જ્ઞાનવાળો છે; એમ જીવનું લક્ષણ સમજવું. હું આ રીતે જીવનાં સ્વરૂપને જાણું છું.’

‘હવે હું પરમ અનુપમ ઈશ્વરને કહું છું. તે ઈશ્વર વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત, તે ત્રણ શરીરમાં વ્યાપીને રહ્યા છે. તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયને કરે છે, એવું સુખદાયક ઈશ્વરનું સ્વરૂપ છે; એમ તમે સાંભળો.’ ૮-૯.

अब माया कर रूप सुनीजे, असत्य कहुं तो शंका कीजे ॥
व्यष्टि समष्टि जियकर जेहा, उद्भव क्षेत्र जानो येहा ॥१०॥
त्रिगुन आत्मा जड चिदरूपा, कार्य कारण रूप अनुपा ॥
अनादि तममय ज्ञान रहिता, ईश्वर शक्ति दुःख सहिता ॥११॥
जिय देह महीं नखशिख ब्यापी, अहं ममत्व रूपा करी थापी ॥
अस स्वरूप माया कर होई, हरि आश्रय बिनुं तरे न कोई ॥१२॥
अब सुनो ब्रह्म निरूपण ज्ञानी, ज्ञान निधि तुम हो हम जानी ॥
सत्य ज्ञान अनंत नामा, अनंत शक्ति धर अक्षरधामा ॥१३॥
पूरण ब्रह्म अखंड अविनाशी, माया ईश्वर जीव प्रकाशी ॥
मूर्त अमूर्त शुद्ध अविकारी, सर्वाधार नित्य भयहारी ॥१४॥
दोहा : जानउ बर्नीराट यह, बर्नी ब्रह्मस्वरूप ॥

'**હવે માયાનું સ્વરૂપ સાંભળો.** જો હું અસત્ય કહું તો તેમાં શંકા કરજો. માયા છે તે વ્યષ્ટિ તથા સમષ્ટિરૂપ જે જીવ છે તેની ઉત્પત્તિનું ક્ષેત્ર છે; એમ જાણવું. ૧૦. માયા ત્રિગુણાત્મિકા છે, જડ ચિદ્રૂપ છે અને અનુપમ કાર્ય કારણરૂપ છે. તે અનાદિ છે, તમોમય છે, જ્ઞાન રહિત છે, દુઃખરૂપ છે તથા ઈશ્વરની શક્તિ છે. ૧૧. તે જીવના દેહમાં નખથી શિખાપર્યંત વ્યાપીને રહી છે અને તે અહં મમત્વરૂપે પણ સ્થપાયેલી છે; આવું માયાનું સ્વરૂપ છે. તે માયાને ભગવાનનો આશ્રય કર્યા સિવાય કોઈ તરી શકતું નથી. ૧૨.

હે જ્ઞાની વર્ણી ! **હવે બ્રહ્મના નિરૂપણને આપ સાંભળો.** આપ જ્ઞાનના નિધિ છો, તેમ હું જાણું છું. જેને સત્ય, જ્ઞાન તથા અનંત નામે કહેવાય છે તે અનંત શક્તિને ધરી રહેલ અક્ષરધામ પણ કહેવાય છે. ૧૩. તે બ્રહ્મ પૂર્ણ, અખંડ અને અવિનાશી કહેવાય છે. વળી માયા, જીવ અને ઈશ્વરને પ્રકાશી રહ્યું છે. તે બ્રહ્મ મૂર્તિમાન છે અને અમૂર્ત પણ છે. શુદ્ધ, અવિકારી, સર્વાધાર, નિત્ય અને ભયને ટાળનારું છે. ૧૪.

यथामति करी के कहुं, परब्रह्म परम अनूप ॥१५॥

कृष्ण बिष्णु नारायण, वासुदेव सुखकंद ॥
अच्युत आनंदमय प्रभु, दिव्य सदा स्वच्छंद ॥१६॥

सोरठा : अव्यय श्री भगवान, रमाकांत कमनीय वर ॥
अक्षरकोटि करे ध्यान, माया काल नियंत्र हरि ॥१७॥

क्षर अक्षर पर्यंत, कर्म फलप्रद जगतपति ॥
येही सेवत हे जंत, भवबंधन छूटत हे तब ॥१८॥

चोपाई :

सब कारण कर कारण जानो, अनंत शक्तिधर ईश्वर मानो ॥
माया काल नियंता जेही, सब कर प्रेरक परब्रह्म येही ॥१९॥

सदा साकार ब्रह्मपुरवासी, मुक्तकोटि जेही चरण उपासी ॥

હે વર્ણિરાજ ! મેં આ બ્રહ્મનું સ્વરૂપ વર્ણવ્યું છે. તેને આપ સમજી લો.

હવે હું પરમ અનુપમ પરબ્રહ્મનાં સ્વરૂપને મારી મતિ પ્રમાણે કહું છું. ૧૫. તે પરબ્રહ્મને કૃષ્ણ, વિષ્ણુ, નારાયણ, સર્વ સુખનું મૂળ વાસુદેવ, અચ્યુત, આનંદમય, પ્રભુ, સદા દિવ્ય, સ્વતંત્ર, અવ્યય, શ્રીભગવાન, રમણીય લક્ષ્મીપતિ, એવા શ્રેષ્ઠ નામોથી કહેવાય છે. જેનું કરોડો અક્ષર ધ્યાન કરે છે અને તે શ્રીહરિ કાળ અને માયાના નિયંતા છે. ૧૬-૧૭. તે ક્ષર તથા અક્ષર પર્યંત સર્વના કર્મના ફળને આપનારા જગત્પતિ છે. જે પ્રાણી તેમની સેવા કરે છે, તે બધા સંસારના બંધનથી છૂટી જાય છે. ૧૮. તે સર્વ કારણોનું પણ કારણ છે, તેમ સમજો તથા તેને અનંત શક્તિને ધારનારા પરમેશ્વરનાં રૂપમાં માનો.

વળી જે માયા તથા કાળના નિયંતા છે અને સહુના પ્રેરક એવા પરબ્રહ્મ છે. ૧૯. તે પરબ્રહ્મ સદાય સાકાર છે અને અક્ષરબ્રહ્મ ધામમાં રહે છે. કરોડો મુક્ત જેના ચરણની ઉપાસના કરે છે. અક્ષર, મુક્તો, ઈશ્વર તથા જીવ, સહુને માટે તે પરબ્રહ્મ ધ્યાન કરવા યોગ્ય છે અને

अक्षर मुक्त ईश्वर जीवा, सब कर ध्येय सुखद सुशीवा ॥२०॥
सुनो बर्नी परब्रह्म स्वरूपा, अस उत्तर आवा द्विज भूपा ॥
गुरु मुख उत्तर सुना सो कीना, जथार्थ जाने गुरु प्रबीना ॥२१॥
सो तो हस्तामलवत देखे, देखावत और ही बिशेखे ॥
अस उत्तर मुक्तानंद कीना, सुनी बर्नी भये प्रसन्न प्रबीना ॥२२॥
कहे हरि सुनो संत सुजाना, कीना उत्तर शास्त्र प्रमाना ॥
येही प्रश्न हम बहुत ठेकाने, पूछा पंडित का सब जाने ॥२३॥
कहते कठिन परा पछीतावा, अस उत्तर कहते नई आवा ॥
तुमको तनिक न लागी बारा, हरि कृपा तुम पर है प्यारा ॥२४॥
करी तुमार दर्शन हम संता, मुदित भये मनमांही अत्यंता ॥

સહુને માટે શ્રીહરિ સુખદ છે અને પરમ મંગળરૂપ છે. ૨૦. હે દ્વિજરાજ વર્ણી ! આવું પરબ્રહ્મનું સ્વરૂપ છે, તે સાંભળો. આ તમારા પ્રશ્નનો આ રીતનો ઉત્તમ મેં જેમ ગુરુનાં મુખથી સાંભળ્યો હતો તે રીતે કર્યો છે. આ પ્રશ્નનો યથાર્થ ઉત્તર તો પરમ નિપુણ અમારા ગુરુ જાણે છે. ૨૧. તે ગુરુ તો આ પાંચેય ભેદના સ્વરૂપને હસ્તામલકવત્ દેખે છે અને વિશેષપણે કરીને બીજાને દેખાડે છે."

જ્યારે મુક્તાનંદ સ્વામીએ આ રીતે પ્રશ્નનો ઉત્તર કર્યો ત્યારે તે સાંભળીને પરમ નિપુણ આવા શ્રીનીલકંઠવર્ણી પ્રસન્ન થયા. ૨૨. પછી વર્ણિરૂપ શ્રીહરિએ કહ્યું કે "તમે બધા સુજાણ સંત સાંભળો. મારા પૂછેલા પ્રશ્નનો ઉત્તર શાસ્ત્ર પ્રમાણે થયો છે. આ પ્રશ્ન તો મેં ઘણે ઠેકાણે અને બધા પંડિતોને પણ પૂછ્યો છે. તે સહુને ખબર છે. ૨૩. જ્યારે તેનો ઉત્તર પંડિતો કરવા લાગ્યા ત્યારે ઉત્તર આપવો તેમને કઠણ પડ્યો અને મનમાં પસ્તાયા. તમારા જેવો ઉત્તર તેમને કહેતા આવડ્યો નહિ અને તમને મારા પ્રશ્નનો ઉત્તર કહેતા લગાર પણ વાર લાગી નહિ. હે પ્યારા સંતો ! તમારા ઉપર ભગવાનની કૃપા છે. ૨૪. સંતો ! તમારા સહુનાં

हमहुं मुलक फिरे बहुतेरा, देखे ज्ञानी संत घनेरा ॥२५॥
कछु न जाने दंभी भारी, खल अरुं कुटिल बडे अहंकारी ॥
तुम सरीखे निष्कपटी न पावा, ताते हमरा मन ललचावा ॥२६॥
तब बोले मुक्तानंदस्वामी, सुनो बर्नीराया बहुनामी ॥
आवत बहुत यहां तप त्यागी, ज्ञानी बहुत माया अनुरागी ॥२७॥
तुम सरीखे एक तुम ही नाथा, का कहिये मुख ते बहु गाथा ॥
प्रश्न करी उत्तर पहिचाने, ऐसे थोरे रहे न छाने ॥२८॥
दोहा : कहते सुनते यह बिधि, प्रश्न उत्तर कर गाथ ॥
स्नेह बढा अति परस्पर, संत हरि एक साथ ॥२९॥
उत्तर प्रश्न होत नित, सुनत संत पुलकाय ॥

દર્શન કરીને હું મનમાં અત્યંત ખુશી થયો છું. હું ઘણા દેશમાં ફર્યો છું અને ત્યાં મેં ઘણા જ્ઞાની સંતોને દેખ્યા છે. ૨૫. તે બધા કાંઈ જાણતા નહિ છતાં ભારે દંભી હતા. તેમજ ખળ, કુટિલ અને મોટા અહંકારી હતા. તમારા જેવા મને ક્યાંય નિષ્કપટ સંત મળ્યા નથી અને તેથી જ મારું મન તમારામાં લલચાયું છે." ૨૬.

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા, "હે બહુનામી વર્ણિરાજ ! સાંભળો. અહીંયા તો ઘણા તપસ્વી, ત્યાગી અને જ્ઞાનીઓ આવે છે. પણ તે બધા માયામાં બહુ પ્રેમવાળા હોય છે. ૨૭. **હે નાથ ! આપના સમાન તો આપ એક જ છો. હું મોઢે ઝાઝી વાત શું કહું ? પ્રશ્ન કર્યા પછી તેના ઉત્તરને યથાર્થ રૂપમાં ઓળખે એવા તો બહુ થોડા હોય છે.** આ વાત કાંઈ છૂપી નથી." ૨૮.

ઉપર કહ્યા પ્રમાણે સંતો તથા શ્રીહરિ એકબીજાની સાથે પ્રશ્ન તથા ઉત્તર કહેતા સાંભળતા હતા અને વાતો પણ કહેતા સાંભળતા હતા. તેનાથી તે સહુમાં પરસ્પર ઘણો ઘાટો સ્નેહ વધ્યો. ૨૯. નિત્ય આ રીતે પ્રશ્ન ઉત્તર થતા હતા અને સંતો બધા પ્રસન્ન મનથી સાંભળતા

बिन अवधि बरखत रस, गाथा बरनी न जाय ॥३०॥

सोरठा : संस्कृत पाकृत जेह, प्रश्न उत्तर कर लागी झर ॥
चतुर संत रहे तेह, भये चकित सुनी प्रश्न वर ॥३१॥
मनुष्य बुद्धि करी त्याग, जाना हे कोई ईश्वर सम ॥
सेवत करी अनुराग, संत सकल अति हरख उर ॥३२॥

चोपाई :
होत सदा हरि कथा प्रसंगा, बहत पावनि भूवि ज्युं गंगा ॥
सुनत नाथ होई पुलकित चिता, ऐसे करत दिन बहु बिता ॥३३॥
परत न फेर राखे निज नीमा, आसन ध्यान तेज तप सीमा ॥
करत ध्यान दृष्टि थीर लाई, पूछत संत सुनो हरि राई ॥३४॥
केही कर ध्यान करत महाराजा, पूछत है सब संत समाजा ॥

હતા. આવો અમૃતરસ નિરંતર વરસતો હતો અને તેની વાત વર્ણવી શકાતી નથી. ૩૦.

સંસ્કૃત અને લોકભાષામાં પ્રશ્ન તથા ઉત્તરની ઝડી વરસતી હતી. ત્યારે લોજમાં રહેલા બધા ચતુર સંતો તેમના પ્રશ્નોને સાંભળીને આશ્ચર્યચકિત થઈ જતા હતા. ૩૧. બધા સંતો મનમાં ખુશ થતા અને નીલકંઠવર્ણીમાં મનુષ્યબુદ્ધિ છોડી દઈને 'આ કોઈ પરમેશ્વર જેવા છે' એમ સમજતા હતા અને ઘણા પ્રેમથી સેવા કરતા હતા. ૩૨. **ભગવાનની કથાનો પ્રસંગ આ ભૂમિ ઉપર પાવની ભાગીરથી ગંગાની જેમ નિરંતર ચાલતો રહેતો હતો. અને તેને શ્રીહરિ પ્રસન્ન મનથી સાંભળતા હતા.** આ રીતે લોજમાં રહેતા શ્રીહરિને ઘણા દિવસ વીતી ગયા. ૩૩. શ્રીહરિને પોતાના નિત્ય નિયમોમાં કોઈ ફરક પડતો નહિ. તેઓ આસન, ધ્યાન, તેજ અને તપની તો સીમારૂપ હતા. જ્યારે સ્થિર દૃષ્ટિથી ધ્યાન કરતા હતા ત્યારે સંતોએ શ્રીહરિને પૂછ્યું કે "મહારાજ ! અમે બધા સંતો આપને પૂછીએ છીએ કે આપ ધ્યાન કોનું કરો છો ?" ત્યારે વર્ણિરાજ

तब बोले बर्नी कर स्वामी, राधाकृष्ण इष्ट बहुनामी ॥३५॥

भव ब्रह्मादि देवकर देवा, तेहिकर करत हुँ ध्यान रु सेवा ॥
बाराहादिक अनंत अपारा, तेहि सब जेकर अवतारा ॥३६॥

अखिलभुवन जनि पालन नासा, जास यह लीला सोई अविनाशा ॥
ऐसे कृष्ण परब्रह्म जानो, तेही कर ध्यान मोर उर मानो ॥३७॥

ऐसे बोले हरि बहुनामी, है तो आप पुरुषोत्तम स्वामी ॥
परंतु बोलन की अस रीति, प्रोक्ष कही दाखत करी प्रीति ॥३८॥

हित मित प्रियतम हरि की बानी, सुनी मुक्तानंद भये गुलतानी ॥
कहे मुक्तानंद सुनो सुखपाथा, हमहुं भजे श्रीकृष्ण नाथा ॥३९॥

गुरुक्रिपा सुँ करुं जब ध्याना, देखु कृष्ण छबी मूर्तिमाना ॥
सोई गुरु रामानंद स्वामी, उद्धवकर अवतार बहुनामी ॥४०॥

બોલ્યા કે "બહુનામી રાધાકૃષ્ણ ભગવાન મારા ઈષ્ટદેવ છે. ૩૪-૩૫.

રાધાકૃષ્ણ પ્રભુ ભવ અને બ્રહ્મા આદિક દેવતાઓના પણ દેવ છે. અને તેટલા માટે જ હું તેમનું ધ્યાન તથા સેવા પૂજા કરું છું. અને વરાહ ઈત્યાદિક બધા અનંત અને અપાર અવતારો પણ તેમના જ છે. ૩૬. સમગ્ર બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય, જે અવિનાશી પ્રભુની લીલારૂપ હોય છે. તે શ્રીકૃષ્ણને તમે સહુ પરબ્રહ્મ સમજો. અને તેથી જ હું મારા દિલમાં તેમનું ધ્યાન કરું છું, એમ સમજો." ૩૭.

બહુનામી શ્રીહરિ આ રીતે સંતો આગળ બોલ્યા, પણ **પોતે તો સર્વના સ્વામી પુરુષોત્તમ છે. બોલવાની એક એવી રીતિ હોય છે કે પોતાનાં સ્વરૂપને પરોક્ષનાં રૂપમાં પ્રેમથી કહી બતાવતા હોય છે.** ૩૮. વર્ણિરૂપ શ્રીહરિની હિતકારી, થોડી અને અતિશય પ્રિય એવી વાણીને સાંભળીને મુક્તાનંદ સ્વામી ખૂબ જ ખુશ થઈ ગયા.

પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે "હે સુખસાગર વર્ણી ! તમે સાંભળો. અમે પણ ભક્તપતિ શ્રીકૃષ્ણનું ભજન કરીએ છીએ. ૩૯.

तिनकी क्रिपा ते जन अघ वामी, होत कृतार्थ अति निष्कामी ॥
ऐसे रामानंद स्वामी प्रतापी, तारत जंत ओघ अघ कापी ॥४१॥
तब बोले सुनी बर्नीराया, कहां है स्वामी कहो करी दाया ॥
सुनो संत जन परम क्रिपाला, हमकुं होय दर्श ततकाला ॥४२॥
सोरठा : क्रिपा करऊ मम माथ, मिले रामानंद स्वामी अब ॥
सद्य मिले मोहि नाथ, करउ सोई सब संत जन ॥४३॥
जाऊ स्वामी कर पास, कौन देश मही रहत प्रभु ॥
बर्नी भये उदास, दरस तरस चात्रुक जिमि ॥४४॥
दोहा : बोलेउ मुक्तानंद मुनि, सुनिये बर्नीराट ॥

હું જ્યારે ધ્યાન કરવા બેસું છું ત્યારે ગુરુકૃપાથી મૂર્તિમાન શ્રીકૃષ્ણનાં સ્વરૂપને દેખું છું. અને તે અમારા ગુરુ બહુનામી રામાનંદ સ્વામી ઉદ્ધવનો અવતાર છે. ૪૦. તેમની દયાથી મનુષ્ય નિષ્પાપ થાય છે તેમજ કૃતાર્થ તથા અતિશય નિષ્કામી થાય છે. આવા મહાન પ્રતાપી રામાનંદ સ્વામી પ્રાણીઓના પાપના સમુદાયને ટાળીને તેમનો ઉદ્ધાર કરે છે." ૪૧.

❁ વર્ણિરાજે જણાવેલ ગુરુમિલનનો તલસાટ :

પછી તે વાત સાંભળીને વર્ણિરાજ બોલ્યા કે "રામાનંદ સ્વામી ક્યાં છે ? આપ દયા કરી મને કહો. પરમ કૃપાળુ આપ સહુ સંતો સાંભળો. મને રામાનંદ સ્વામીના તત્કાળ દર્શન થાય એવી તમે સહુ મારા ઉપર કૃપા કરો. હવે તો મારા નાથ સદ્‌ગુરુ રામાનંદ સ્વામી મને જલદી મળે, તેમ આપ સહુ સંતો કરો. ૪૩. મહાસમર્થ તે સ્વામી કયા દેશમાં રહે છે ? હું તેમની પાસે જાઉં." આમ વિચારતા તેઓ ઉદાસ થઈ ગયા. વર્ણીને ચાતક પક્ષીની જેમ સ્વામીનાં દર્શનની ઘણી તરસ લાગી. ૪૪.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે "વર્ણિરાજ ! મારી વાત સાંભળો. રામાનંદ સ્વામી તો અત્યારે ભુજનગર છે. અને ત્યાં જવાનો રસ્તો ઘણો

स्वामी है अब भुजनगर, अतहि बिकट है वाट ॥४५॥
क्षारसिंधु के पार है, कच्छ देश महा क्रूर ॥
प्रेमानंद कहे बिषम मग, जोजन पंच दश दूर ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते संत हरि प्रश्नोत्तर संवादे एकोनत्रिंशोऽध्याय: ।।२९।।



अध्याय - ३०

दोहा : चिंता तजउ बरनीबर, राखऊ मन महीं धीर ॥
अल्पकाल मह मिली है प्रभु, हरि है बिरह मन पीर ॥०१॥
सब विचार तजी दूर प्रभु, पठेवे कहि संदेश ॥

વિકટ છે. ૪૫. કચ્છ દેશ તો ખારા સાગરથી સામે પાર ઘણો ક્રૂર દેખાય છે. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તેનો માર્ગ ઘણો વિષમ અને પંદર યોજન કરતા પણ વધારે દૂર છે. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીનીલકંઠવર્ણી તથા સંતોના પ્રશ્ન ઉત્તર' એ નામે ઓગણત્રીશમો અધ્યાય સમાપ્ત-૨૯



અધ્યાય - ૩૦

શ્રીનીલકંઠવર્ણી તથા સંતોનો સંવાદ

મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે "હે વર્ણિરાજ ! તમે ચિંતા છોડી દો. મનમાં ધીરજ રાખો. થોડા સમયમાં જ સ્વામી મળશે અને તમારા મનમાં રહેલી વિરહની પીડાને હરશે. ૧. પ્રભુ ! તમે બધા વિચારોને દૂર તજી દો. આપણે સ્વામીને સંદેશ મોકલીએ. માટે હે હરિ ! ચૈત્ર માસ સુધી

मधु मास पर्यंत हरि, हेरिये पंथ हंमेश ॥०२॥

सोरठा : सुनी अस संत बचन, रहे बरनी करी थीर मन ॥
बिरही ज्युं जगजीवन, मनुष्यभाव दाखत परम ॥०३॥
आनी नेन महीं नीर, बिरहातुर होई बदत हरि ॥
धरी न सकत मन धीर, बालक जिमि आतुर अधिक ॥०४॥

चोपाई :
नारायण मानुष्य वपु धारी, करत चरित्र अधिक अघहारी ॥
जन को अति ही मोह उपजावे, बहुरे होई बोलत मन आवे ॥०५॥
करतल जलवत सबहि जाने, होत जानीके अतहि दिवाने ॥
मनुष्यभाव प्रभु अधिक देखाई, करत केली अन्य नरकी नाई ॥०६॥

રામાનંદ સ્વામીને આવવાની રાહ હંમેશા જુઓ. ૨.મુક્તાનંદ સ્વામીના આવા વચન સાંભળીને શ્રીનીલકંઠવર્ણી પોતાનું મન સ્થિર કરીને રહ્યા. છતાં પણ જગજીવન પ્રભુ શ્રીહરિ વિરહી મનુષ્યની જેમ પોતાના પરમ મનુષ્યભાવને કહેતા હતા. ૩. શ્રીહરિની આંખોમાં આંસુ આવી જતા. વિરહાતુર થઈને બોલતા. મનમાં ધીરજ રાખી ન શકતા ત્યારે બાળકની જેમ વધારે દુ:ખી થઈ જતા હતા. ૪.

ભગવાન નારાયણ મનુષ્ય દેહ ધરી રહ્યા છે, તેથી તેઓ ઘણા પાપને હરનારા ચરિત્રને કરતા હોય છે. તે ચરિત્રોથી મનુષ્યોને અતિશય મોહ ઊપજાવતા અને મનમાં ફાવે તેમ વિહ્વળ થઈને બોલતા હતા. ૫. હથેળીમાં રહેલા જળના બિંદુની જેમ જે સર્વ જગતને જાણતા હોય છે છતાં તે પ્રભુ જાણી જોઈને દીવાના થઈ જાય છે. પ્રભુ વધારે પડતા મનુષ્યભાવને દેખાડીને સામાન્ય માણસના જેવી લીલા કરતા હોય છે. ૬. દેવતાઓ અને મુનિઓના અધિપતિ આવા ભગવાન જ્યારે રાવણનો નાશ કરવા માટે દશરથ પુત્ર રામરૂપે થયા ત્યારે લક્ષ્મણ તથા સીતાને સાથે લઈને વનમાં ગયા. અને ત્યાં અનેક અસુરોના સમુદાયને માર્યો.

दशरथ सुत भये सुर मुनि राजा, पुनि दशकंठ ही छेदन काजा ॥
राम लखन सिय बन हि सिधारे, तहाँ अगनित असुरन गण मारे ॥०७॥
निशिचर हरि तहाँ बैदेही, बिकल भये रघुबर जिमि गेही ॥
रुदन करत बन सुधि न शरीरा, प्राकृत नर ज्युं रोवत रनधीरा ॥०८॥
पूछत बन बेलीन अकुलाई, जनकसुता कहुं देखी भाई ॥
बन बन रोवत करत विलापु, बहुरे भये जानी हरि आपु ॥०९॥
अनंत ब्रह्मांड पलक महीं तूरे, सो हरि जानी आप भये बहुरे ॥
अस प्रभु कर है सहज स्वभाऊ, मनुष्यभाव दाखत सुरराउ ॥१०॥
अक्षरपति अखिल जगनाथा, भये नररूप परम सुखपाथा ॥
बिचरे बन महीं बर्नीवेशा, कीन सहन तन बिपत बिशेषा ॥११॥

---

૭. ત્યાં રાવણે જ્યારે સીતાજીનું અપહરણ કર્યું ત્યારે રઘુવીર રામચંદ્રજી સાધારણ ગૃહસ્થની જેમ વિહ્વળ થઈ ગયા હતા. વનમાં રડતા રહેતા અને તેમને શરીરની પણ સૂધ રહેતી નહિ. પોતે રણધીર વીર હોવા છતાં પણ પાકૃત મનુષ્યની જેમ રુદન કરતા હતા. ૮. વનમાં આકળા થઈને વૃક્ષ વેલીઓને પણ પૂછતા હતા કે 'ભાઈ, તમે કોઈએ ક્યાંય જનક પુત્રી સીતાને દેખ્યા છે ?' વને વને વિલાપ કરતા અને રડતા ફરતા હતા. ભગવાન પોતે જાણી જોઈને ગાંડા થઈ ગયા હતા. ૯. જે પોતે એક પળવારમાં અનંત બ્રહ્માંડનો પ્રલય કરી શકે છે, તે પ્રભુ પોતે જાણી જોઈને ગાંડા થઈ ગયા.

પ્રભુનો એવો સહજ સ્વભાવ છે કે જે તે ઈન્દ્રાદિક દેવતાઓ આગળ પણ પોતાનો મનુષ્યભાવ કહી દેખાડતા હતા. ૧૦. તે રીતે જ સર્વ જગતના નાથ, અક્ષરાધિપતિ, સુખસાગર આવા પ્રભુ મનુષ્યરૂપે થયા અને વર્ણીના વેશમાં વનમાં વિચર્યા. તેમજ અનેક પ્રકારની વિપત્તિઓને શરીરથી સહન કરી. ૧૧. **પ્રભુની આ રીતની દીવાનીપણાની એક લીલા છે કે જે પોતે વ્યાકુળ થઈને આંખમાં અપાર આંસુ લાવે છે. કોઈ વખતે**

अस प्रभुकी है जात दिवानी, ब्याकुल होई भरत पुलुपानी ॥
कबहुक तो दृग पलक न खोले, कबहुक तो हरि ब्याकुल बोले ॥१२॥
कब होई है प्रभु दर्शन मोई, अस कही देत पलक में रोई ॥
कपटी कुटिल प्रभु मोहे जानी, नहीं आवे ए परम बिग्यानी ॥१३॥
तो करीहुं मैं कौन उपाई, बिनुं देखे अब रहा न जाई ॥
अस कही बोले श्रीभगवाना, सुनो मुक्तानंद स्वामी सुजाना ॥१४॥

दोहा : करउ स्वामीकर ध्यान तुम, मुक्तानंद मुनि धीर ॥
मैं तुमार वृत्ति मंहि, जोरुं वृत्ति होई थीर ॥१५॥
देखुं स्वामी कर रूप दृग, नखशिख छबी सुख देन ॥
मिटि है बिरह कर ताप तन, होई है परम सुख चेन ॥१६॥

सोरठा : मुक्तानंद महाराज, कीन स्वामी कर ध्यान तब ॥

તો શ્રીહરિ આંખ ખોલતા નહિ અને ક્યારેક તો વ્યાકુળ થઈને બોલતા હતા. ૧૨. મને પ્રભુનાં દર્શન ક્યારે થશે ? એમ કહીને પોતાની પલકોમાં જ રડી જતા હતા. મહાસમર્થ ગુરુ મને કપટી અને કુટીલ જાણી નહિ આવે. કારણ કે તે પરમ વિજ્ઞાની છે. ૧૩. જો સ્વામી ન આવે તો પછી હું શું ઉપાય કરું ? તેમનાં દર્શન કર્યા સિવાય મારાથી રહી શકાતું નથી. આમ કહીને ભગવાન શ્રીનીલકંઠવર્ણી બોલ્યા, “હે સુજાણ મુક્તાનંદ સ્વામી ! આપ સાંભળો. ૧૪. આપ મુક્તાનંદ સ્વામી ઘણા ધીર છો. તો આપ સ્વામીનું ધ્યાન કરો. આપની તે ધ્યાનની વૃત્તિમાં હું સ્થિર થઈને મારી વૃત્તિને જોડું. ૧૫. અને તેના દ્વારાએ હું મારી દૃષ્ટિથી સુખદાયક શ્રીરામાનંદ સ્વામીની છબીને નખથી શિખા પર્યંત દેખું. અને તેનાથી મારા શરીરમાં રહેલો જે વિરહનો તાપ તે ટળી જશે અને મને પરમ સુખ શાંતિ થશે.” ૧૬.

❁ વર્ણિરાજે ધ્યાનમાં દેખેલ સદ્‌ગુરુનું સ્વરૂપ વર્ણવ્યું :

પછી શ્રીમુક્તાનંદ સ્વામી મહારાજે શ્રીરામાનંદ સ્વામીનું ધ્યાન

स्वामी सहित समाज, जोरी वृत्ति देखेउ बरनी ॥१७॥
स्वामी रामानंद, देखी भयेउ बरनी मुदित ॥
तजी ध्यान जगवंद, बदत कमलमुख वचन वर ॥१८॥

चोपाई :

बोले बर्नीराज वर बानी, सुनो संत जन परम बिग्यानी ॥
देखे मैं रामानंद स्वामी, भुजंगनगरमें अंतरजामी ॥१९॥
सूत्रधार कर भूवन अनुपा, तहाँ बैठे सब मुनि कर भूपा ॥
आसपास हरिभक्त समाजा, बैठे बिचमें सुरमुनिराजा ॥२०॥
बैठे पलंग उपर करी प्रीति, डारी गादी तकिया रसरीति ॥
गौर बरन तन पुष्ट शरीरा, श्वेतांबर धरे परम रुचिरा ॥२१॥
भूषन तन बन सुमन सुगंधी, बैठे सिद्ध शिव सम आनंदी ॥

કર્યું. તેમાં સ્વામીએ સહિત બધા સત્સંગીઓના સમાજના વૃત્તિ જોડીને દર્શન કર્યાં. તે વખતે શ્રીનીલકંઠવર્ણીએ તેમની વૃત્તિમાં પોતાની મનોવૃત્તિને જોડીને શ્રીરામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં. તેથી વર્ણી ઘણા ખુશી થયા. પછી જગદ્વંદ્ય તે વર્ણી ધ્યાનમાંથી જાગીને હસતે મુખે ઉત્તમ વચન બોલ્યા. ૧૭-૧૮. વર્ણિરાજે કહ્યું કે "પરમ વિજ્ઞાની એવા આપ સહુ સંતો સાંભળો. ભુજનગરમાં વિરાજમાન અંતર્યામી શ્રીરામાનંદ સ્વામીના મેં દર્શન કર્યાં છે. ૧૯. તે મુનિરાજ સુંદરજી સુતારને ઘેર અનુપમ રીતે બેઠા છે. આસપાસ હરિભક્તોનો બધો સમાજ છે અને વચ્ચે સુરમુનિના ભૂપ રામાનંદ સ્વામી બેઠા છે. ૨૦. પલંગ ઉપર સરસ રીતે બિછાવેલા ગાદી તકિયા ઉપર સ્વામી પ્રેમથી બેઠા છે.

સ્વામીનો વર્ણ ગૌર છે, શરીર પુષ્ટ છે અને ઘણા સુંદર શ્વેત વસ્ત્ર પહેર્યાં છે. ૨૧. શરીર ઉપર સુગંધી ફૂલના હાર વગેરે આભૂષણો પહેર્યાં છે. શિવજીના જેવા પરમ આનંદમય સિદ્ધનાં રૂપમાં બેઠા છે. તેમનાં એક એક અંગની શોભા અતિશય મનોહર છે. તેને દેખીને

अंग अंग छबी अति अभिरामा, लाजत निरखी कोटिक कामा ॥२२॥

बोलत बानी परम रसाला, मधुर मनोहर मानु मराला ॥
ऐसे स्वामी कर रूप बखानी, मौन भये महाराज बिग्यानी ॥२३॥

मुदित भये सब संत सुजाना, तुम ईश्वर बर्नी हम माना ॥
बरना रूप जथार्थ देखा, यामें फेर नहीं रति रेखा ॥२४॥

धन्य धन्य तुम बर्नीराया, आश्चर्यकारी ध्यान सुनाया ॥
अस ना होई ध्यान कर रीति, कछुक कहत देखी करी प्रीति ॥२५॥

तुम तो मनु बैठे जाई पासा, देखी कही बात अविनाशा ॥
तुम तो हस्तामलवत देखो, भूत भविष्य सद्य सब पेखो ॥२६॥

करत प्रशंसा संत समाजा, मुदित बोले पुनि बर्नीराजा ॥

કરોડો કામદેવ શરમાઈ જાય છે. ૨૨. સ્વામી અતિશય રસભરી વાણી બોલે છે. માનો, તેઓ મધુર અને મનોહર કોઈ હંસ હોય તેવા દેખાય છે." શ્રીરામાનંદ સ્વામીના આવા સ્વરૂપના વખાણ કરીને પરમ જ્ઞાની શ્રીવર્ણિરાજ મૌન થયા. ૨૩.

વર્ણિની વાત સાંભળીને બધા સુજ્ઞ સંતો ખૂબ રાજી થયા અને બોલ્યા કે "વર્ણિરાજ ! તમે તો પરમેશ્વર છો, એમ અમને જણાય છે. તમે રામાનંદ સ્વામીનાં રૂપનું જે વર્ણન કર્યું તે યથાર્થ જોયા હોય તેવું જ કર્યું છે. તેમાં એક રતિભાર કે રેખા જેટલો પણ ફરક નથી. ૨૪. વર્ણિરાજ ! તમે ધન્ય ધન્ય છો. તમે પોતાનું આશ્ચર્યકારી ધ્યાન અમને સંભળાવ્યું. આવી ધ્યાનની રીત બીજા કોઈમાં હોતી નથી. જે કાંઈ જોયું હોય તેમાંથી લોકો થોડુંક પ્રેમથી બોલતા હોય છે. ૨૫. તમે તો માનો, અવિનાશી સ્વામીની પાસે જ બેઠા હોવ અને જોયું હોય તેવી બધી વાત કહી છે. તમે તો હાથમાં રાખેલું આંબળાનું ફળ જેમ દેખાય તેમ ભૂત તથા ભવિષ્યનું બધું જ યથાર્થરૂપમાં તત્કાળ દેખો છો." ૨૬.

જ્યારે સંતોના સમાજે આ રીતે પ્રશંસા કરી ત્યારે વર્ણિરાજ

लागी रही दर्शनकी आशा, देखत बित गये नव मासा ॥२७॥
अस कही बर्नी भये उदासी, सुनो मुक्तानंद मुनि सुखराशि ॥
देउ अग्या तो जाऊ स्वामी, दर्श काज चरन शिर नामी ॥२८॥
दोहा : जो तुम कही सो बीत गई, अवधि परम पुनित ॥
बिरहानल ब्याकुल करत, धीर धरत नहि चित्त ॥२९॥
कहत स्वामी मुक्तानंद, सुनिये बर्नी बात ॥
त्वरा न करीए नाथ ज्युं, अर्थ व्यर्थ होई जात ॥३०॥
सोरठा : करीए कोटि उपाय, बिन ऋतु फल नहीं निपजत ॥
सुधा बरखे सुर राय, रीतु आये फल देत बन ॥३१॥
धर्म मित्र पुनि धीर, आपत बिन ओलखात नहीं ॥
संत सती शूरबीर, जरत मरत नहीं समज बिन ॥३२॥

પ્રસન્નતાથી ફરી બોલ્યા, “મને તો સ્વામીનાં દર્શનની આશા તેવી ને તેવી જ લાગી રહી છે. તેમની રાહ દેખતા દેખતા તો નવ માસ વીતી ગયા છે.” ૨૭. આમ કહીને સંતના સેવક વર્ણી ઉદાસ થઈ ગયા અને પછી સુખરાશિ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે “સ્વામી ! મારી વાત સાંભળો. જો આપ મને રજા આપો તો હું આપના ચરણમાં શિશ નમાવીને સ્વામીનાં દર્શન કરવા માટે ભુજ જાઉં. ૨૮. આપે જે મને પરમ પવિત્ર અવધિ બતાવ્યો હતો, તે બધો વીતી ગયો છે. મને વિરહનો અગ્નિ વ્યાકુળ કરી રહ્યો છે. અને મારું ચિત્ત હવે ધીરજ રાખી શકતું નથી.” ૨૯.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, “હે નાથ વર્ણિન્ ! મારી વાત સાંભળો. તમે ઉતાવળ ન કરો. તમારો દર્શનનો જે મનોરથ છે તે નિષ્ફળ થઈ જશે. ૩૦. **કરોડો ઉપાય કરીએ છતાં પણ ઋતુ વિના ફળ આવતા નથી. ઈન્દ્ર અમૃત જેવો વરસાદ કરે તોપણ વન તો ઋતુ આવે ત્યારે જ ફળ આપે છે. તેમ સમય આવે જરૂર ગુરુ આવશે.** ૩૧. **ધર્મ, મિત્ર અને ધીરજ આપત્કાળ સિવાય ઓળખાતા નથી. સંતો, સતી અને શૂરવીર વગર સમજે બળતા કે મરતા નથી.** ૩૨. હે શ્યામસુંદર

चोपाई :

शाम उपाय कीन कछु स्वामी, बिरह बिथाकी मिटत बिरामी ॥
बर्नी बिचारी रहे मनमांई, पुनि बोलेऊ वचन सुखदाई ॥३३॥
आप तो है प्रभु अंतरजामी, नाही मनुष्य जात भय पामी ॥
जानी लीन जुक्ति बर्नीन्द्रा, बोलेऊ सुधा बरखे जिमि चंद्रा ॥३४॥
मुक्तानंदस्वामी महाराजा, सुनिये बिनती क्रिपा जहाजा ॥
तुम ज्यो कहा मुनि वचन बनाई, परम सत्य है सो मुनिराई ॥३५॥
एक बचन सुनी लीजे मोरा, होत शिथल चंद देखी चकोरा ॥
सो चकोर कर नाही कुंमारा, जानउ उलुक पुत्र निरधारा ॥३६॥
दीपक देखी पतंग फिरी आवे, मात तात कुल सब ही लजावे ॥
स्वात बिना अन्य पियत पानी, चात्रुक नहीं सो काक ही जानी ॥३७॥

સ્વામી ! આપણે કાંઈ ઉપાય કરીએ કે જેનાથી વિરહની પીડા શાંત થઈ જાય." પછી વર્ણિરાજ થોડીવાર મનમાં વિચાર કરતા રહ્યા ત્યારે ફરીવાર મુક્તાનંદ સ્વામી સુખદાયક વચન બોલ્યા, ૩૩. "પ્રભુ ! આપ તો અંતર્યામી છો. આપ મનુષ્ય નથી કે જેથી ભય પામો."

પછી વર્ણિરાજે એક યુક્તિ જાણી લીધી અને ચંદ્રમા જેમ અમૃત વૃષ્ટિ કરે તેમ મધુર વચન બોલ્યા, ૩૪. "મુક્તાનંદ સ્વામી મહારાજ ! આપ તો કૃપાના જહાજ છો. માટે મારી વિનંતી સાંભળો. હે મુનિરાજ ! આપે જે વચન વિચારીને કહ્યું તે ખરેખર સત્ય છે. ૩૫. મારી એક વાત આપ સાંભળી લો કે ચંદ્રને દેખતાની સાથે જે ચકોર ઢીલો પડી જાય તે ખરેખર ચકોરનો પુત્ર નથી. ચંદ્રની આગળ આનંદ નહિ પામતા જે ઢીલો પડે તેને તો ચોક્કસ ઘુવડનો પુત્ર કહી શકાય, ચકોરનો નહિ. ૩૬. દીવાને જોઈને જે પતંગ પાછો ફરી આવે તો તે પોતાના માતા પિતા તથા બધા કુળને લજવે છે.

સ્વાતિ નક્ષત્રમાં વરસેલા પાણી સિવાયના બીજા પાણીને જે ચાતક પીતો હોય તો તે ચાતક નથી, પણ તે તો કાગડો કહેવાય. ૩૭. પાણી

नीर बिना ज्यों जियत मीना, सो जानउ दादूर प्रबीना ॥
सिंघ खात त्रन तजी आमीखा, जानी लेउ पुत्र छगरीका ॥३८॥

शूर जाई रन करत बिच्यारा, सो जानऊ कायर शिरदारा ॥
चिता देखी सती रोम चोरावे, मात तातकुं लाज लगावे ॥३९॥

सब दृष्टांत समुजो मुनिराई, अस बैराग्य मोर उर नाई ॥
मोर बैराग्य कहुं दृष्टांते, सुनी लेऊ मुनिवर करी खांते ॥४०॥

ज्युं बिद्युत रहत घन माई, नीर बुंद तनि परसत नाई ॥
बरखत जलद सघन जलधारा, ता महीं तडिद करत चमकारा ॥४१॥

ज्युं बडवानल सागर माई, दश जोजन जल जात पचाई ॥
शोषी वारी नित करत अहारा, तृप्ति न होत प्रदिप्त अपारा ॥४२॥

सोरठा : अस बैराग्य है मोर, नास होत नहीं दीप जिमि ॥

વિના જે માછલી જીવે તે માછલી નથી તે તો ખળ દેડકો કહેવાય. જો સિંહ થઈને માંસને બદલે ઘાસ ખાવા લાગે, તો તે વાસ્તવમાં સિંહ નથી, તે તો બકરીનો બેટો છે. ૩૮. શૂરવીર પુરુષ જો યુદ્ધ મેદાનમાં જતી વખતે વિચારમાં ઊંડો ઊતરી જતો હોય તો તે શૂર નથી, કાયરોનો સરદાર છે. ચિતાને દેખીને જે સતીના રૂંવાડા ચોરાતા હોય તો તેવી સ્ત્રી તો માતા તથા પિતાના કુળને લજવે છે. ૩૯.

મુનિરાજ ! આ ઉપર કહેલા બધા દૃષ્ટાંતને સારી રીતે સમજો. તે બધાના જેવો મારાં દિલનો વૈરાગ્ય નથી. મારો જે વૈરાગ્ય છે તે હું દૃષ્ટાંત આપીને કહું છું. મુનિરાજ ! તમે ખંતથી સાંભળી લો. ૪૦. જેમ વીજળી મેઘમાં જ રહે છે પણ તેને પાણીનું બિંદુ લગાર પણ અડતું નથી. જ્યારે મેઘ ખૂબ જાડી ધારે વરસતો હોય છે ત્યારે તે વીજળી વરસતા વરસાદમાં પણ ચમકારા કરતી હોય છે. ૪૧. જેમ વડવાનળ સમુદ્રમાં દસ યોજન(અંદાજે ૧૨૦ કી.મી.) જેટલે દૂર જઈને પાણીને પીને પચાવી દે છે. પાણીનું શોષણ કરીને નિત્ય આહાર કરે છે. છતાં તેને તૃપ્તિ થાતી નથી, પણ અત્યંત પ્રદીપ્ત રહે છે. ૪૨. **મારો વૈરાગ્ય**

नाही न लगत झकोर, धन त्रिया आदिक पवनकर ॥४३॥
जो धारुं मन माई, बिघन न आवत कोउ बिच ॥
माया कृत्य कहाई, कोउ न बंधन करी सकत ॥४४॥
दोहा : मुक्तानंद आदिक मुनि, कहत सत्य प्रभु सोई ॥
निश्चे हम अस जानत, हो प्रभु तुम निरमोई ॥४५॥
पान करन वचनामृत, तव शशी मुख ते नाथ ॥
प्रेमानंद कहे मुक्तमुनि, जानी बोले अस गाथ ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते नारायण संत संवाद नामा त्रिंशोऽध्यायः ॥३०॥



આવો છે. એ સામાન્ય દીવાની જેમ તેનો નાશ થતો નથી. મને સ્ત્રી કે ધન આદિકના પવનની ઝાપટ ક્યારેય લાગતી નથી. ૪૩. હું જે મનમાં નિશ્ચય કરું છે તેની વચ્ચે મને કોઈ વિઘ્ન નડી શકતું નથી. માયાનું જે કાંઈ પણ કાર્ય કહેવાય છે તેમાંથી કોઈ મને બંધન કરી શકે તેમ નથી." ૪૪.

ત્યારે મુક્તાનંદ સ્વામી આદિ બધા સંતોએ કહ્યું કે "પ્રભુ, આપની વાત સાચી છે. તેને અમે બરાબર સમજીએ છીએ. આપ પ્રભુ તો અત્યંત નિર્મોહી છો. ૪૫. હે નાથ ! આપના મુખ ચંદ્રમાંથી નીકળતા વચનરૂપી અમૃતનું પાન કરવાની ઈચ્છાવાળા અમે છીએ." તો પ્રેમાનંદ સ્વામી કહે છે કે આ બધું સમજીને જ મુક્તાનંદ સ્વામી એવી વાણી બોલ્યા હતા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીનીલકંઠવર્ણી તથા સંતોનો સંવાદ કહ્યો' એ નામે ત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૦



अध्याय - ३१

दोहा : कहत हरि सुनो संत सब, लगा ज्यहाँ मम नेह ॥
तहाँ गये बिना ना रहुँ, भालन बरसे मेह ॥०१॥
ज्या कर प्रीति मोर संग, मोर लगनी जेहि साथ ॥
ताहे न छोडुँ कोटि बिधि, वाम होई विश्वनाथ ॥०२॥
सोरठा : ऐसा मोर स्वभाव, ग्रही टेक ना तज्युं मरत ॥
ज्यो कोपे सुरराव, गिनुँ ताहे एक त्रनवत ॥०३॥
जानी तुम का संत, नाहिं उलंघऊ बचन तव ॥
आदि मध्य पुनि अंत, सदा स्वतंत्र मोर गति ॥०४॥
चोपाई :
परम सत्य तुम कहा सो स्वामी, तुम तो ईश्वर अंतरजामी ॥

અધ્યાય - ૩૧

શ્રીરામાનંદ સ્વામીના પ્રતિ મુક્તમુનિએ પત્ર લખ્યો

વર્ણિરૂપ શ્રીહરિએ કહ્યું કે "સંતો તમે સહુ સાંભળો. ભલે મારા ઉપર ભાલાનો વરસાદ વરસતો હોય તોપણ જેમાં મને હેત થયું હોય ત્યાં ગયા સિવાય હું રહેતો નથી. ૧. **જે મારી સાથે હેત કરે છે તેની સાથે મને હેત થતું હોય છે. કદાચ જગતનો નાથ કોઈ વિરુદ્ધ જાય તોપણ મારા હેતવાળાનો સંગ કરોડો રીતે પણ હું છોડતો નથી. ૨. મારો એવો સ્વભાવ છે કે હું મરું તો પણ લીધેલી ટેકને છોડતો નથી.** કદાચ મારા ઉપર દેવરાજ ઈન્દ્ર કોપે તોપણ હું તેને એક તરણા જેવો ગણું છું. ૩.પરંતુ તમને સહુને સંત જાણીને હું તમારાં વચનને ઉલ્લંઘતો નથી. આદિ, મધ્યે અને અંત સુધી હંમેશાને માટે મારી સ્વતંત્ર ગતિ હોય છે." ૪.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ વર્ણિરાજને કહ્યું કે "આપે સત્ય જ કહ્યું છે. સ્વામી ! આપ તો અંતર્યામી છો, પરમેશ્વર છો. હે દયાળુ પ્રભુ !

तुमरे बश्य प्रभु माया काला, तुमके करे वश्य होऊ दयाला ॥०५॥
कोटि विश्व प्रभु स्रजो मिटाओ, सब कर नाथ नियंता कावो ॥
सत्य कहा तुम बर्नीराया, करो प्रभु तुमरा मनभाया ॥०६॥
मेरु करो प्रभु राई समाना, राई करो मेरु प्रमाना ॥
सदा सत्य संकल्प तुमारा, हम जाना प्रभु करी निरधारा ॥०७॥
प्रभु तुमार प्रकृति मिरोरी, को राखे तुम का बरजोरी ॥
के रोके सुरसरि कर धारा, ऐसा नाथ स्वभाव तुमारा ॥०८॥
करी कान गहि रहे न थांभा, कोप करे मृगपति कर खांभा ॥
तुम तो नाथ दया दिल धारो, दया करी निजजनका पारो ॥०९॥
येहि कारन हम कहे सुरराई, नाथ शरीर हे कृश बनाई ॥

માયા અને કાળ આપને આધીન છે અને આપને વશ્ય જ બધું કામ થાય છે. ૫. હે પ્રભુ ! આપ કરોડો વિશ્વને ઉપજાવો છો અને તેનો પ્રલય કરો છો. હે નાથ ! આપ તો સહુના નિયંતા કહેવાઓ છો. વર્ણિરાટ ! આપે સાચી જ વાત કહી છે. આપને મનમાં જેમ ગમતું હોય તેમ આપ કરી શકો છો. ૬.

પ્રભુ ! આપ મેરુને રાયના સમાન કરી શકો છો અને રાયના દાણાને મેરુ જેવડો કરી શકો છો. આપના સંકલ્પો હંમેશાં સત્ય જ થાય છે, એમ અમે ચોક્કસ નિર્ધાર કરીને સમજ્યા છીએ. ૭. હે પ્રભુ ! આપની પ્રકૃતિને મરોડીને આપને બળજબરીથી કોણ રોકી શકે છે ? હે નાથ ! ગંગાના પ્રવાહને કોણ રોકી શકે ? આપનો તેવો જ સ્વભાવ છે. ૮. જેમ કાન પકડીને કાંઈ હાથીને ઊભો ન રાખી શકાય તથા સિંહના ઉપર કોપ કરીને તેને સ્થંભની જેમ સ્થિર કરી શકાય નહિ.

માટે હે નાથ ! આપ દિલમાં અમારા ઉપર દયા રાખો. અમે આપના આત્મીય જન છીએ, તેથી દયા કરીને અમારું પાલન કરો. ૯. હે દેવશ્રેષ્ઠ નાથ ! આપે પોતાના શરીરને અત્યંત કૃશ કરી નાખ્યું

तप करी दुर्बर है प्रभु देहा, नाहिं पहुँचाये परम सनेहा ॥१०॥
क्षार सिंधु करी बीचवा खारी, भूज जाते बीच आवत आरी ॥
उभय जोजन है बिस्तारा, भरा निराल बीच कांट रु गारा ॥११॥
नाहिंन कहुँ बटु मारग सीधा, मिलत नहीं कहुँ पानी पीधा ॥
येही कारन ज्यो टिको अविनाशा, लिखुँ पत्र स्वामी कर पासा ॥१२॥
जैसा उत्तर उहाँसुँ आई, करीहुं आपन सो उपाई ॥
तब बोले हरि विश्वनिकेता, लिखो पत्र करी प्रेम समेता ॥१३॥
तब बैठे मुक्तानंद स्वामी, बुद्धि अगाध परम निष्कामी ॥
ले कगदा लेखनि निज हाथा, लेखन लगे पत्र सुखपाथा ॥१४॥
दोहा : स्वस्ति श्रीभुजनगर प्रति, सुख निवास स्वस्थान ॥

છે એટલા માટે અમે આ બધું આપને કહીએ છીએ. આપનું શરીર તપથી અત્યંત દુર્બળ છે. તો પ્રભુ ! આપને ઘણો સ્નેહ હોવા છતાં આપ સ્વામી પાસે પહોંચી ન શકો. ૧૦. ખારા સમુદ્રની જે ખાડી છે, તે જ્યારે ભુજ જઈએ છીએ ત્યારે વચ્ચે આડી આવે છે. તે ખાડી અને રણનો વિસ્તાર બે યોજન જેટલો છે. તેમાં એકલો કીચડ અને કાંટાઓ ભરેલા હોય છે. ૧૧.

હે વર્ણિન્ ! ત્યાં કોઈ સીધો માર્ગ નથી અને વચ્ચે ક્યાંય પીવાનું પાણી પણ મળતું નથી. એટલા માટે અવિનાશી આપ જો અહીં રોકાઈ જાઓ તો હું સ્વામીના ઉપર પત્ર લખું. ૧૨. પછી ત્યાંથી સ્વામીનો જેવો ઉત્તર આવે તે પ્રમાણે આપણે સહુ ઉપાય કરશું."

ત્યારે જગન્નિવાસ શ્રીહરિ બોલ્યા કે "તો પછી આપ પ્રેમભર્યો પત્ર લખો." ૧૩. પછી અગાધ બુદ્ધિમાન અને પરમ નિષ્કામી એવા મુક્તાનંદ સ્વામી કાગળ લખવા બેઠા. હાથમાં કાગળ અને લખવાની કલમ લઈ સુખપૂર્ણ પત્ર લખવા લાગ્યા. ૧૪.

तत्र बिराजत सुखनिधि, स्वामी क्रिपानिधान ॥१५॥
दीनबंधु अर्चनीय तर, स्वामी रामानंद ॥
पतितपावन परम गुरु, सदा सुखद सुखकंद ॥१६॥

सोरठा : प्रतिदिन प्रौढ प्रताप, त्रिभुवन प्रसरित तरनी जिमि ॥
कीर्ति बिशुद्ध अमाप, ब्यापी रही वर जगति तले ॥१७॥
सद्गुन गन सेवीत, वर बिग्रह नित्य नाथ तव ॥
सिद्धि शक्ति करी प्रीत, उपासित पद पद्म जुग ॥१८॥

छंद हरिगीता :
सत चिद् आनंद सिंधु सद्गुरु नराक्रति गति गूढ ज्यूं ॥
त्रय ताप षोषन भव विमोचन नेन नवरस बूड ज्यूं ॥१९॥
कारुन्यसागर सौम्य रूप सौशिल्य वात्सल्य धाम ज्यूं ॥

"સ્વસ્તિ સ્વસ્થાન શ્રીભુજનગરમાં વિરાજમાન સુખપૂર્વક રહેલા સુખનિધિ, કૃપાનિધાન, દીનબંધુ, પરમ પૂજ્ય, પરમ ગુરુ શ્રીરામાનંદ સ્વામી ! આપ સ્વામી, પતિતપાવન, હંમેશાં સુખકારી અને સર્વ સુખનાં મૂળ છો. ૧૫-૧૬. આપનો પ્રૌઢપ્રતાપ પ્રતિદિન આ ભૂમિ ઉપર પ્રસારિત થઈ રહેલો છે. તેમજ જગતમાં આપની અમાપ, વિશુદ્ધ, શ્રેષ્ઠ કીર્તિ વ્યાપી રહી છે. ૧૭.

હે નાથ ! આપનું સ્વરૂપ નિત્ય શ્રેષ્ઠ સદ્ગુણના સમૂહથી સેવાયેલું છે. આપના બંને ચરણકમળને સમગ્ર સિદ્ધિઓ અને શક્તિઓ પ્રેમથી સેવી રહી છે. ૧૮. આપ સદ્ગુરુ સત્, ચિત્ અને આનંદના સાગર છો. આપ મનુષ્યાકૃતિ ધારી રહ્યા છો એટલે આપની બધી ગતિ ગૂઢ રહેલી છે. આપના નેત્ર ત્રણેય તાપને ટાળનારા તથા સંસારથી છોડાવનારા છે અને તેમાં નવેય રસ ડૂબીને રહેલા છે. ૧૯.

કરુણાસાગર એવા આપનું સ્વરૂપ સૌમ્ય છે. તેમાં સુશીલતા છે તથા વાત્સલ્યનું ધામ છે. મુખ્ય સેવકોએ જેમના ચરણકમળ પૂજ્યાં છે

निजवर्य सेवक अर्चित पद अब्ज पूरनकाम ज्यूं ॥२०॥

जय दीनबंधु दयाल पृथीत प्रताप पूरन चंद ज्यूं ॥
बर्नेन्द्र नैष्ठिकेन्द्र वरद मुनेन्द्र जन सुखकंद ज्यूं ॥२१॥

जय अजय आत्मज सुमति आनंदकंद रामानंद ज्यूं ॥
असत्य पथ मतवादी देशिक भगन शिर वर चंद ज्यूं ॥२२॥

दोहा : बदन सुधाधर नाथ तब, लोचन मोर चकोर ॥
रहत न रोके आवत उडी, पलक पिंजरा तोर ॥२३॥

आशा अमृतपान की, लागी रही एक तार ॥
वदन शितल शरदेंदुवर, दरशावऊ करी प्यार ॥२४॥

सोरठा : नौमी चरन सुच्यारुं, बार बार अंग अष्ट करी ॥
दरशऊ अभय उदारु, हरऊ बिरहानल ताप तन ॥२५॥

એવા આપ પૂર્ણકામ છો. ૨૦. આપ દીનબંધુ તથા દયાળુ છો. પૂર્ણ ચંદ્રની જેમ જેનો પ્રતાપ વિસ્તરેલો છે, એવા આપનો જય થાઓ. જે આપ નૈષ્ઠિક વર્ણીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાઓ છો. આશ્રિતોને વર આપનારા, મુનિઓમાં સર્વોત્તમ અને ભક્તજનના સમુદાયને માટે સુખનાં મૂળરૂપ છો. ૨૧. અજય તથા સુમતિના પુત્ર અને સર્વ આનંદનાં મૂળ જેવા આપ રામાનંદ સ્વામીનો જય થાઓ. મિથ્યા મતવાદી ગુરુઓના અજ્ઞાનરૂપી અંધકારથી ભરપૂર પંથરૂપ મસ્તકને તોડવામાં તો આપ ચંદ્રના સમાન છો. ૨૨.

હે નાથ ! આપના મુખરૂપી ચંદ્રની સામે મારા નેત્રરૂપી ચકોર રોકી શકાતા નથી. તે પલકરૂપી પાંજરાને તોડીને આપના મુખચંદ્ર તરફ દોડી આવે છે. ૨૩. મારા નેત્રને અમૃત પાન કરવાની એકતાર આશા લાગી રહી છે. તો આપ શરદ ઋતુના ચંદ્ર કરતા પણ શીતળ એવા આપનાં મુખનાં દર્શન અમને પ્રેમથી કરાવો. ૨૪. આપના સુંદર ચરણોમાં હું વારંવાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું. અમને આપના અભય અને

तव क्रपया सुखकंद, कुशल सकल जन संत उर ॥
श्री गुरु रामानंद, प्रतिदिन चाहे कुशल तव ॥२६॥

चोपाई :

विज्ञति मम है प्रभु एहा, लिखवा करन परम सनेहा ॥
लोजाख्यपुर ते सुखधामा, पत्र लिखा है पूरनकामा ॥२७॥
अपरं लेखन कारन जानो, समाचार प्रभु उर मंहि आनो ॥
कौशल देश ते बर्नी आये, सबहि संत कर मन अति भाये ॥२८॥
देहदिशा तिन कर सुनी लीजे, सुनी सिघ्र प्रभु आवन कीजे ॥
बय किशोर बर्नी सकुमारा, त्याग तेज तप तन में अपारा ॥२९॥
शाम बरन तन क्षीन बनाई, दिसत रग सब उपर आई ॥
नीलकंठ नामाख्य सुच्यारु, मनु तप मूर्ति अभय उदारु ॥३०॥

ઉદાર ચરણનાં દર્શન કરાવો અને અમારાં શરીરમાં થતા વિરહાગ્નિના તાપને ટાળો. ૨૫. **સર્વ સુખનાં મૂળ એવા આપની કૃપાથી અમે સમગ્ર સંતો કુશળ છીએ અને અમે સહુ સંતો આપ સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનું કુશળ પ્રતિદિન ચાહીએ છીએ.** ૨૬. સુખધામ અને પૂર્ણકામ એવા સ્વામી ! લોજપુરથી હું આ પત્ર લખું છું. તો પ્રભુ ! આ મારી એક વિજ્ઞપ્તિ છે અને પરમ સ્નેહથી લખવાનું કારણ પણ એ છે કે ઉત્તર કૌશળ દેશથી એક વર્ણી અહીં આવ્યા છે અને સહુ સંતોનાં મનમાં અતિશય ગમી ગયા છે. ૨૭-૨૮.

પ્રભુ ! તેમનાં શરીરની સ્થિતિને આપ પહેલા સાંભળી લો અને તે સાંભળ્યા પછી આપ જલદીથી લોજ આવવાનો વિચાર કરજો. તે વર્ણીની કિશોર અવસ્થા છે. શરીર એકદમ સુકોમળ છે. શરીરમાં ત્યાગ, તેજ અને તપ તો અતિશય દેખાય છે. ૨૯. વર્ણથી તે શ્યામળા છે અને શરીરને એકદમ સૂકવી નાખ્યું છે. તેમની બધી નાડીઓ શરીરમાં ઊપસી આવી દેખાય છે. તેઓ સુંદર નીલકંઠ નામે કહેવાય છે. માનો, તેઓ અભય અને ઉદાર તપની મૂર્તિરૂપ છે. ૩૦. તેઓ સ્થિતપ્રજ્ઞ અને

स्थितप्रज्ञ ब्रह्म स्वरूपा, नासाग्र वर दृष्टि अनूपा ॥
पलक न परत कमल दृग मांई, रूप छटा कछु बरनी न जाई ॥३१॥
मदन दर्पहर रूप अथाहा, शिव बिरंची सुरमुनि कर नाहा ॥
पिंगल बरन जटा शिर सोहे, मंजुल कुंतल मुनि मन मोहे ॥३२॥
ग्रहित कमंडलु करवर वामे, डंड पलास दछिन कर थामे ॥
मुंजि मेखला कटि तट धारी, मृगचर्माबर बटुव्रत धारी ॥३३॥
वाम बाहु ब्रह्मसूत्र सुच्यारु, कर जपमाल ग्रहित सकुमारु ॥
शालिग्राम कर बटुवा एका, सोहत कंठ प्रदेश बिशेखा ॥३४॥
पंच सार कर पोथी लीने, वाम बाहु धरी परम प्रबीने ॥
बहिर्वास जुत कौपीन पहीरे, राजहंस गति चलत है धीरे ॥३५॥
बोलत मधुर मनोहर बानी, सजल जलद स्वन करे अघहानी ॥

બ્રહ્મસ્વરૂપે રહ્યા છે. તેમની અનુપમ અને ઉત્તમ દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ ઉપર છે. નેત્ર કમળ ઉપર તેમની પલકો પડતી નથી. તેમના રૂપની છટાનું તો કાંઈ વર્ણન કરી શકાતું નથી. ૩૧. તેમનું અથાગ રૂપ કામના ગર્વને હરે તેવું છે. શિવ, બ્રહ્મા, કોઈ દેવતાઓ કે મુનિઓનું પણ આવું રૂપ હોતું નથી. પીળા જેવી દેખાતી જટાથી મસ્તક શોભે છે. તેમના સુંદર અને વાંકડિયા વાળ મુનિઓનાં મનને મુગ્ધ કરે છે. ૩૨. તેઓ ડાબા હાથમાં કમડળું રાખે છે અને જમણા હાથમાં ખાખરાનો દંડ રાખે છે. કમર ઉપર મુંજની કટીમેખળા ધારી હોય છે. વસ્ત્રોમાં તેમણે મૃગચર્મ રાખ્યું હોય છે અને બ્રહ્મચર્ય વ્રત ધારી રહેલા છે. ૩૩. ડાબા ખભા ઉપર સુંદર યજ્ઞોપવીત ધાર્યું છે અને સુકોમળ હાથમાં જપમાળા રાખી છે. એક શાલગ્રામનો બટવો ખાસ કરીને કંઠ પ્રદેશમાં સોહામણો લાગે છે. ૩૪. પરમ નિપુણ તે વર્ણી પાંચ શાસ્ત્રના સારરૂપ સંગ્રહ કરીને રાખેલી એક પોથી ડાબા બાહુ ઉપર ધારી રહેલા છે. ઉપરના વસ્ત્રની સાથે માત્ર કૌપીન પહેરી રહેલા છે. તેમની ગતિ રાજહંસના જેવી અને ધીર છે. ૩૫.

भाल विशाल ललित जुग रेखा, राजत केशर तिलक बिशेखा ॥३६॥

दोहा : ऊर्ध्वपूंड्र चंद्रक सहित, तुलसी कंठी जुग कंठ ॥
छबी बिलोकी पर्यो चरन में, रतिपति मदन अटंट ॥३७॥

बाम श्रवन मंहि तिल ललित, सोहत लोल कपोल ॥
तिल एक नासा निकट वर, बोलत बोल अमोल ॥३८॥

सोरठा : भ्रकुटि कुटिल मनु चाप, नयन जुगल शर सांधीकर ॥
मनु रतिपति मति पाप, ताक्यो नासा किर पर ॥३९॥

अधर बिंबफल च्यारु, नासा खग चाखन करत ॥
लिये शरधनु कर मारुं, देखी डरत चाखी न सकत ॥४०॥

चोपाई :

चिबुक च्यारु दर कंठ सोहाई, भुज आजानु सुंदर सुखदाई ॥

જ્યારે બોલે છે ત્યારે તેમની મધુર વાણી મન હરી લે છે. વરસવા તૈયાર થયેલા મેઘના સમાન તેમનો ગંભીર અવાજ પાપને નાશ કરનારો છે. વિશાળ લલાટમાં ઊભી સુંદર બે રેખાઓ છે અને તેમાં ખાસ કરીને કેસરી તિલક શોભી રહ્યું છે. ૩૬. ચાંદલાએ સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક અને તુલસીની બેવડી કંઠીથી યુક્ત વર્ણીની છબીને દેખીને ઘણો અભિમાની રહેલો રતિપતિ કામદેવ પણ તેમના ચરણમાં પડે છે. ૩૭.

તેમના ડાબા કાનમાં એક સુંદર તલ છે અને થોડા હલતા સુંદર ગાલ સોહામણા લાગે છે. જમણા ગાલ ઉપર નાકને નજીક એક સુંદર તલ છે અને તેમની બોલીના શબ્દ તો ઘણા અમોલ હોય છે. ૩૮. તેમની વાંકડી ભ્રકુટિ માનો, ધનુષ્ય જેવી છે અને તેના ઉપર નેત્રરૂપી બે બાણ ચઢાવીને પાપબુદ્ધિના રતિપતિ કામદેવે નાસિકારૂપી પોપટના ઉપર નિશાન તાક્યું જણાય છે. ૩૯. તેમના પાકા ઘીલોડાના જેવા હોઠરૂપી ફળને નાસિકારૂપી પંખી ખાવા ચાહે છે. પરંતુ હાથમાં ધનુષ્યબાણ લઈને ઊભેલો માનો, કામદેવ ન હોય ! એમ તેને દેખીને ડરતું પંખી તે ફળને ચાખી શકતું નથી. ૪૦.

करी कर सम वर छबी कर सीमा, निरखत भक्त राखी नित नीमा ॥४१॥
छाप चिह्न भुज युग मंहि सोहे, शाम कटि मुनि कर मन मोहे ॥
छाप चिह्न जुग सरस अनुपा, पौंचासु ऊँचे सुखरूपा ॥४२॥
करवर प्रष्ट अरुन तल मांई, रेखा शाम तनि लगत सोहाई ॥
नख मनिगन अंगुरीकर देखा, ऊर्ध्व रु तिछन तेज बिशेखा ॥४३॥
उर बिशाल बिच बिनगुन हारा, श्रीवछ आदिक चिह्न अपारा ॥
स्तन शाम जुगल छबी धामा, ता पर छाप चिह्न अभिरामा ॥४४॥
च्यार तिल दछीन भुज पासा, उन्नत उर मंहि मुनि कर बासा ॥
उदर अनोपम कोमल मैया, त्रिवली सुंदर अति सुख दैया ॥४५॥
अब्ज नाभी गंभीर वृतुला, कटि छिन सब शोभा मूला ॥

તેમની મનોહર દાઢી, શંખના જેવો સોહામણો કંઠ તથા ઘૂંટણ સુધી લાંબી ભુજાઓ ઘણી સુંદર અને સુખદાયક છે. શોભાની સીમારૂપ અને હાથીની સૂંઢ જેવા તેમના બંને હાથને ભક્તજનો નિયમપૂર્વક રોજ દેખતા રહે છે. ૪૧. બંને ભુજાઓમાં આયુધોની લીધેલી છાપના ચિહ્નો સોહામણાં લાગે છે અને થોડી શ્યામ દેખાતી કમર મુનિઓનાં મનને પણ મુગ્ધ કરે છે. સુખરૂપ ઊપડતા બંને હાથના પહોંચાઓની ઉપર અનુપમ સરસ છાપનાં ચિહ્ન છે. ૪૨. પુષ્ટ હાથની લાલ હથેળીમાં રહેલી રેખાઓ થોડી શ્યામ અને સુંદર લાગે છે. હાથની આંગળીઓના મણિ જેવા ઉજ્જ્વળ નખ ઊપડતા, તીખા અને ખાસ કરીને તેજસ્વી છે. ૪૩.

વિશાળ છાતીની વચ્ચે વિણગુણ હાર છે અને શ્રીવત્સ આદિ અપાર ચિહ્નો રહ્યાં છે. શોભાનાં ધામ જેવા બંને શ્યામ સ્તનના ઉપર મનોહર છાપનાં ચિહ્ન છે. ૪૪. દક્ષિણ ભુજાની પાસે સરસ ચાર તલ છે અને ઊપડતી છાતીમાં મુનિઓનું મન વસી રહે છે. અનુપમ અને સુકોમળ ઉદરમાં અત્યંત સુખ આપનારી સુંદર ત્રિવળી પડે છે. ૪૫. કમળની કળી જેવી દેખાતી ગોળ અને ગંભીર નાભિ છે. પાતળી જણાતી કમર

शाम कटि शार्दुल बिलोकी, बास कीन बन लाजी सशोकी ॥४६॥
उभय उरु मंहि चिह्न निहारी, डारत भक्त प्रान ले वारी ॥
जानु जुग जंघ छबी नीकी, चोरत वृत्ति चित्त मनहीकी ॥४७॥
कृश शरीर उपमा नहीं आवे, तुल्य धर्म बिनुं उपमा लजावे ॥
गुल्फ च्यारु पेनी उर धारी, शामप्रष्ट अंगुरी छबी न्यारी ॥४८॥
नख मंडल कांति अभिरामा, तरनि किरण लिखि लगत है शामा ॥
अरुनतल बिषे अनुपम रेखा, हरिजन मन का हरखप्रद एका ॥४९॥
ऊर्ध्वरेख उभय तल मांई, निरखत भक्त परम पुलकाई ॥
षोडष चिह्न अलंकृत एहा, उपजत उर महि निरखी सनेहा ॥५०॥
दोहा : येहि पद पद्म बंदि के, उर राखत करी प्रीत ॥
महामुक्त ब्रह्मरूप सब, सादर नेह सहित ॥५१॥

બધી જ શોભાનું મૂળ છે. તેમની સુંદર શ્યામ કમરને દેખીને શરમથી દુ:ખી થયેલો સિંહ વનવાસ કરી રહ્યો છે. ૪૬. બંને સાથળમાં જે સુંદર ચિહ્ન છે તેને દેખીને ભક્તજન તો પોતાના પ્રાણને પણ વારી જાય છે. બંને ઘૂંટણ અને પીંડીઓની સુંદર શોભા ભક્તજનનાં ચિત્તની વૃત્તિને ચોરે છે. ૪૭. તેમના કૃશ શરીરની તો કોઈ ઉપમા જડતી નથી. ધર્મ સિવાયની બીજી કોઈ ઉપમા આપે તો તે ઉપમા જ લજાઈ જાય છે. સુંદર ઘૂંટીઓ અને બંને પાની હૃદયમાં ધાર્યા જેવી છે. શ્યામ તથા પુષ્ટ એવી પગની આંગળીઓની છબી તો અત્યંત ન્યારી જ છે. ૪૮.

ચરણના નખમંડળની સુંદર કાંતિને દેખીને સૂર્યના કિરણ પણ શ્યામ જેવા જણાય છે. લાલ ચરણતળમાં અનુપમ રેખાઓ છે અને તે હરિભક્તના મનને હર્ષ આપનારી છે. ૪૯. બંને ચરણનાં તળમાં ઊર્ધ્વરેખા છે. જેને દેખતા ભક્તજન અતિશય આનંદિત થાય છે. સોળે ચિહ્નથી અલંકૃત એ ચરણતળને જોઈને તો દિલમાં અતિશય હેત ઊપજે છે. ૫૦. **બ્રહ્મરૂપ બધા મોટા મુક્તો પણ આ ચરણકમળને વંદન કરીને**

बंदित निगमागम सकल, भव बिरंची शेषादि ॥
शारद नारद किर मुनि, सनकादिक ब्रह्मवादी ॥५२॥

सोरठा : अक्षरपति अविनाश, पुरुषोत्तम धरी रूप नर ॥
द्विजकुल धर्म निवास, लिन जन्म वर धर्मकुल ॥५३॥

करी कुटुंब परित्याग, बर्नीबेश धरी भूवि फिरत ॥
आये अपने भाग, बर्नीराज दुर्लभ दरश ॥५४॥

छंद भुजंगी :
नमामी परं निलकंठ अनूपं, नमामी वरं बर्निराजस्य भूपं ॥
नमामी सुच्यारु सुसरलं स्वभावं, नमामी सदा त्यागी मात्रस्यरावं ॥५५॥

नमामी सदा धर्म वर्म कहंतं, नमामी सदा कोउ लहे न अंतं ॥
नमामी सदा बर्निराजेन्द्र वेशं, नमामी सदा देवदेवं सुरेशं ॥५६॥

ઘણા આદર અને સ્નેહભાવે સહિત પોતાનાં હૃદયમાં રાખે છે. ૫૧. સમગ્ર વેદો અને આગમો પણ એ ચરણને વંદન કરે છે. ભવ, બ્રહ્મા, શેષ આદિક, શારદા, નારદ, શુકમુનિ તથા બ્રહ્મવાદી સનકાદિકો પણ તે ચરણોને વંદન કરે છે. ૫૨. **જે અક્ષરાધિપતિ અવિનાશી પુરુષોત્તમ કહેવાય છે, તેમણે જ ધર્મના નિવાસભૂત વિપ્ર કુળમાં પ્રગટેલા જે ધર્મ તેને ઘેર જન્મીને મનુષ્ય અવતાર ધર્યો છે.** ૫૩. તેઓ પોતાના કુટુંબનો ત્યાગ કરી, વર્ણીના સમાન વેશ રાખી, ભૂમિ ઉપર ફરતા ફરતા આપણા ભાગ્યથી અહીં લોજ આવ્યા છે. આવા વર્ણિરાજનાં દર્શન પણ દુર્લભ હોય છે. ૫૪.

સર્વોત્તમ, અનુપમ, નીલકંઠ એવા ઘણા મોટા વર્ણિરાજને હું નમું છું. જેનો ઘણો ભવ્ય અને સરલ સ્વભાવ છે, જેને હંમેશાં ત્યાગીમાત્રના અધિપતિ કહી શકાય છે. ૫૫. જે હંમેશાં ધર્મનું કવચ કહેવાય છે અને જેનો કોઈ પાર પામી શકતું નથી. વર્ણિરાજના સમાન વેશ ધારી રહેલા એવા દેવાધિદેવ સુરવર્યને હું હંમેશાં નમસ્કાર કરું છું. ૫૬.

नमामी सदा त्याग वैराग्य वंतं, नमामी सदा चर्न सेवित संतं ॥
नमामी सदा धर्मधुरंक्रीपालं, नमामी सदा धर्मदेवस्य बालं ॥५७॥

नमामी परब्रह्मरूपेरमंतं, नमामी सदा सुखरूप अनंतं ॥
नमामी नररूप सौम्यं धरंतं, नमामी सदा दिव्य क्रीडा करंतं ॥५८॥

नमामी कुमार किशोरं वयस्थं, नमामी क्रिपालं दयालं दयस्थं ॥
नमामी पदं कोमलं कंजरूपं, नमामी रहो में सदा येहि ध्यानं अनूपं ॥५९॥

दोहा : नींराज कर रूप वर, निरखत संत सुजान ॥
ज्युं चकोर शशी निरखी छबी, होत परम गुलतान ॥६०॥

लिखि छबी बर्निराजकी, अब लिखुं त्याग बैराग ॥
सुनिये चेष्टा देह की, स्वामी करी अनुराग ॥६१॥

सोरठा : सही न शके हम ताप, बैठे बर्नी पास जब ॥

જે ત્યાગ અને વૈરાગ્યથી સંપન્ન છે તથા સંતોએ જેમનાં ચરણ સેવ્યાં છે, જે ધર્મધુરંધર, પરમકૃપાળુ અને ધર્મદેવના પુત્ર છે; તે વર્ણિરાજને હું હંમેશાં નમસ્કાર કરું છું. ૫૭. જે પરબ્રહ્મરૂપે લીલા કરે છે, અનંત સુખરૂપ છે, સૌમ્ય મનુષ્યરૂપને ધારણ કરે છે તથા જે દિવ્ય ક્રીડા કરતા હોય છે, તે વર્ણિરાજને હું હંમેશાં નમસ્કાર કરું છું. ૫૮. જે કિશોર વયમાં રહેલા છે. સ્વભાવથી કૃપાળુ છે, દીનજનના ઉપર દયા કરે છે, જેનાં ચરણ કમળના જેવા કોમળ છે અને જે મારે અનુપમ ધ્યાન કરવા યોગ્ય છે; એવા વર્ણીને હું હંમેશાં નમસ્કાર કરું છું. ૫૯.

ઉપર વર્ણવેલા વર્ણિરાજના સર્વોત્તમરૂપને બધા સુજ્ઞ સંતો જૂએ છે અને ચંદ્રને દેખીને ચકોર પક્ષી જેમ ગુલતાન થઈ જાય છે તેમ આ વર્ણીની છબીને નીરખીને બધા સંતો ગુલતાન થઈ જાય છે. ૬૦. સ્વામી, મેં તો વર્ણિરાજની છબી દેખીને આ બધું લખ્યું છે. હવે તેના ત્યાગ અને વૈરાગ્યની બાબતમાં લખું છું. અને તેમનાં શરીરની બધી ચેષ્ટાને પણ આપ પ્રેમથી સાંભળો. ૬૧. જ્યારે અમે વર્ણીની પાસે બેસીએ

अतहि प्रौढ प्रताप, मनहुं सिंघ सम कर्प अति ॥६२॥
कर न शके कोउ पास, ग्राम्य कथा हांसी बचन ॥
परस करत नहीं जास, मन्यु मार थर थर डरत ॥६३॥

चोपाई :

सुनिये श्री रामानंदस्वामी, बर्नी वृतांत कहुँ शिरनामी ॥
पूछत प्रश्न बिकट बटु वेशा, हमसुँ उत्तर बनत न लेशा ॥६४॥
पुनि अष्टांग योग प्रबीना, रहत समाधि सुख मंहि लीना ॥
ध्यान समाधि जानत भारी, अैंचत अन्य कर प्रान रु नारी ॥६५॥
त्याग बैरागकी सीमा स्वामी, जानत अंतरकी बहुनामी ॥
मोर वृत्ति मंहि वृत्ति जोरी, देखत हे मूर्ति तव गोरी ॥६६॥
तव मूर्ति नखशिख कही भाखे, अशन बशन सबहि कही दाखे ॥

છીએ ત્યારે તેમનો તાપ અમે સહન કરી શકતા નથી. તેમનો પ્રતાપ અતિશય પ્રૌઢ છે. માનો, સિંહના જેવો તેનો અતિશય કરપ(દાબ) છે. ૬૨. આ વર્ણીની પાસે કોઈ ગ્રામ્ય વાર્તા કે હાંસી મશ્કરી કરી શકતા નથી. કામ અને ક્રોધ તો તેનો સ્પર્શ પણ કરી શકતા નથી અને તેનાથી થર થર ધ્રૂજે છે. ૬૩. હે રામાનંદ સ્વામી ! આપ સાંભળો. હું મસ્તક નમાવીને તે વર્ણીનું વૃત્તાંત કહું છું.

વર્ણિવેશમાં રહેલા તે કોઈ એવા વિકટ પ્રશ્ન પૂછે છે કે અમારાથી તેનો લેશમાત્ર પણ ઉત્તર થઈ શકતો નથી. ૬૪. વળી તે અષ્ટાંગયોગમાં પણ પ્રવીણ છે અને સમાધિના સુખમાં તે લીન રહે છે. તેઓ ધ્યાન અને સમાધિની રીતને ઘણી સારી રીતે જાણે છે. બીજા લોકોના નાડીપ્રાણને પણ ખેંચે છે. ૬૫. હે સ્વામી ! બહુનામી એવા તે ત્યાગ તથા વૈરાગ્યની સીમા જેવા છે અને સહુનાં અંતરની વાતને જાણે છે. તેઓ મારી વૃત્તિની સાથે પોતાની વૃત્તિ જોડીને આપની સુંદર ગૌર મૂર્તિનાં દર્શન પણ કરે છે. ૬૬. તેઓ આપની નખશિખ મૂર્તિને વર્ણવે છે અને આપનાં વસ્ત્ર

हमरे मनका भ्रम उपजावे, बर्नी अतर्क्य तर्क मंहि नावे ॥६७॥
का जाने यह के होई नाथा, सब बिधि तुम जानो सुख पाथा ॥
सही न शकत नारी कर गंधा, तिव्र बैराग्यबान सुखकंदा ॥६८॥
तप बैराग्य मूर्ति धरी एका, बर्निरूप बनी आये बिशेखा ॥
के नारायण आप ही होई, आये तव दर्शन हित सोई ॥६९॥
के होई तिन देव मंहि एका, ऐसे हम कहुँ सुना न देखा ॥
स्नेह मान पुनि मन्यु मारा, रसास्वाद ए पंच प्रकारा ॥७०॥
इनते अत हि बिरक्त उदासी, तव पद प्रेम अचल अविनाशी ॥
बलकल जिर्न एक मृगछाला, राखत तुलसी कर जपमाला ॥७१॥
अति कुशाग्र बुद्धि बलवाना, पूछत प्रश्न सूक्ष्म बिधिनाना ॥

તથા ભોજન આદિ બધાને પણ કહી બતાવે છે. તેનાથી અમારાં મનમાં પણ ભ્રમ થાય છે કે આ અકલ્પ્ય વર્ણી કોઈના તર્કમાં પણ આવતા નથી. ૬૭. અમને શું ખબર પડે કે આ નાથ કોણ હશે ? આ બધી વાતને તો સુખસાગર આપ જ જાણી શકો છો.

સર્વના સુખનાં મૂળ આ વર્ણી એટલા તીવ્ર વૈરાગ્યવાન છે કે સ્ત્રીના ગંધને પણ તે સહન કરી શકતા નથી. ૬૮. તપ અને વૈરાગ્ય, બંનેએ એક મૂર્તિ ધરી અને ખાસ કરીને વર્ણિરૂપે આવ્યા હોય એવું અમને લાગે છે અથવા તો પોતે નારાયણ જ આપનાં દર્શન કરવાને માટે અહીં આવ્યા હોય એમ અમને જણાય છે. ૬૯. અથવા તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, એ ત્રણ દેવમાંથી કોઈ એક હોય તેમ અમને લાગે છે. આવા કોઈ પુરુષને અમે ક્યારેય સાંભળ્યા કે દેખ્યા નથી.

સ્નેહ, માન, ક્રોધ, કામ અને રસાસ્વાદ, આ પાંચ દોષથી તેઓ અત્યંત વિરક્ત અને ઉદાસ રહે છે. એમને આપનાં ચરણમાં અચળ અને અવિનાશી પ્રેમ છે. વલ્કલ વસ્ત્ર અને એક જૂનું મૃગચર્મ રાખે છે, હાથમાં એક જપમાળા છે. ૭૦-૭૧. તેની બુદ્ધિ અતિશય કુશાગ્ર અને

अचपल दृष्टि अत ही करी थीरा, ध्यानमुद्रा जुत सदा प्रबीरा ॥७२॥
सब प्रकार तन त्याग बैरागा, कही न बने रसना सुश्लाघा ॥
कोमल वपु है कंज समाना, तप बिषे कठिन है बज्र समाना ॥७३॥
सोरठा : बर्नी अत हि आतुर, तव दरशन हित कमलदृग ॥
राखे है रोकी जरूर, कहो तो आवे पास तव ॥७४॥
लिखि पठवा तुम पास, अस बृतांत यहां कर सकल ॥
ज्युं राजी अविनाश, त्युं लिखि पठवऊ उत्तरवर ॥७५॥
दोहा : लिख्यो पत्र मम बुद्धि जस, सो सुनी लेउ सुजान ॥
लिखा होई जो शुद्ध अशुद्ध, क्षमा करऊ भगवान ॥७६॥
पत्र बांचियो करी क्रिपा, लिखियो उत्तर ईश ॥

બળવાન છે. તે અનેક પ્રકારના સૂક્ષ્મ પ્રશ્ન પૂછે છે. સન્માર્ગમાં આગળ વૃદ્ધિ પામતા તે વીર બ્રહ્મચારી અતિશય ચંચળતા વિનાની સ્થિર દૃષ્ટિ કરીને હંમેશાં ધ્યાનમુદ્રામાં રહે છે. ૭૨. શરીરમાં બધી રીતે ત્યાગ અને વૈરાગ્ય રહ્યા છે. તેમની પ્રશંસા જીભથી થઈ શકતી નથી. તેમનું શરીર કમળના સમાન કોમળ છે અને તપ કરવામાં તો વજ્રને તુલ્ય કઠોર છે. ૭૩. હે કમળનયન ! આ વર્ણી આપનાં દર્શન કરવા માટે અતિશય આતુર થયા છે. અમે તેમને રોકી રાખ્યા છે. જો આપ આજ્ઞા આપો તો તે આપની પાસે જરૂર આવશે. ૭૪.

અહીંનાં બધાં જ વૃત્તાંતને આપની પાસે લખી મોકલેલ છે. તો હે અવિનાશ ! આપ જેમ રાજી હોવ, તે રીતે આ પત્રનો સારો પ્રત્યુત્તર લખી મોકલજો. ૭૫. હે સુજાણ ! આપ સાંભળો, મારી જેવી બુદ્ધિ હતી તે રીતે મેં પત્ર લખ્યો છે. તેમાં કાંઈ શુદ્ધ અશુદ્ધ લખાયું હોય તો આપ ભગવાન ક્ષમા કરજો. ૭૬. હે ઈશ ! આપ પત્ર વાંચ્યા પછી કૃપા કરીને તેનો ઉત્તર લખજો. હે જગદીશ ! અહીં બધા આપના શિષ્યો આપના પ્રત્યુત્તરની રાહ જોઈ રહ્યા છે. ૭૭. હે બહુનામી સ્વામી ! જેવો ઘટે

रहे हेरि के पंथ सब, उत्तर हित जगदीश ॥७७॥

चोपाई :

घटे त्युं लिखियो उत्तर स्वामी, झटती पहुँचे यहां बहुनामी ॥
बार बार बिनति महाराजा, जोर पानी करुं बर्नी काजा ॥७८॥
जस तुंहार मरजी तस कीजे, मम बुद्धि चातुरी रहे दीजे ॥
ज्युं उपजायो त्युं हि लिखानो, थोरा लिखा बहुत करी मानो ॥७९॥
रखियो क्रिपा मोर शिर नाथा, अनुज शिष्य तुंहरो सुखपाथा ॥
ऐसा पत्र लिखा करी खांती, मुक्तमुनि हरखित बहु भांति ॥८०॥
बांचा सुना सब हि मुनिवृंदा, संत सबे भये परमानंदा ॥
कहे संत धन मुक्त मुनेशा, सरस पत्र लिखा कसर न लेशा ॥८१॥
मुदित होई प्रभु पत्र बाची, मानी है बात तुंहरी सब साची ॥

તેવો પત્રનો ઉત્તર જલદી અહીંયા પહોંચે તેમ કરજો. હે મહારાજ ! હું બે હાથ જોડી અને નવા આવેલા વર્ણીને માટે થઈને વારંવાર વિનંતિ કરું છું. જેવી આપની મરજી હોય તે પ્રમાણે આપ કરજો. મારી બુદ્ધિ કે ચતુરાઈને આપ એકબાજુ રહેવા દેજો. મારા મનમાં જેવો વિચાર ઊપજ્યો છે, તેવો મેં પત્ર લખ્યો છે. પત્રમાં થોડું લખ્યું છે પણ તેને ઝાઝું માનજો. ૭૮-૭૯. હે નાથ ! આમ મારા ઉપર કૃપા રાખજો. આપ સુખસાગરનો હું એક નાનો શિષ્ય છું."

ઉપર કહ્યા પ્રમાણેનો પત્ર ઘણી ખંતથી લખ્યો અને તેથી મુક્તાનંદ સ્વામી મનમાં અનેક રીતે પ્રસન્ન થયા. ૮૦. સર્વ સંતમંડળે તે પત્ર વાંચ્યો તથા સાંભળ્યો. તેનાથી સહુનાં દિલમાં અતિશય આનંદ થયો. સહુ સંતો બોલ્યા કે "મુનિવર મુક્તાનંદ સ્વામીને ખરેખર ધન્ય છે. તેમણે પત્ર ઘણો સરસ લખ્યો છે. તેમાં લેશમાત્ર પણ કસર નથી. ૮૧. પ્રભુ રામાનંદ સ્વામી આપનો પત્ર વાંચીને ખુશી થાશે અને તમે લખેલી બધી જ વાતને સત્ય માનશે. અને પછી સંતોના ઉપર સ્નેહ રાખનારા સંતપ્રતિપાલક દયાળુ સ્વામી અહીં આવશે." ૮૨.

ऐहे हरखी तुरत दयाला, स्नेह भरे संतन प्रतिपाला ॥८२॥

तब बोले मुक्तानंदस्वामी, सुनिये नीलकंठ हरि बहुनामी ॥
श्रीस्वामी प्रति पत्र बिच्यारी, लिखा है हम कही बिनति तुमारी ॥८३॥

तुम जो लिखो कछु करी बिच्यारा, मुदित होई सुनि बचन तुमारा ॥
मुक्तानंदस्वामी कर बयेना, सुनी बर्नी पाये सुख चेना ॥८४॥

बर्नी बिच्यारी रहे मन मंहिया, कहा लिखुं कछु बने न कहिया ॥
सब बिधि मनकी जानत स्वामी, कही न घटे हे अंतरजामी ॥८५॥

मुक्तानंदस्वामी मुनिराई, अपने तो कछु इच्छा नाई ॥
तुम जो कहो तो लिखुं दो बातें, अस कही बैठे जाई एकांते ॥८६॥

पत्र लिखन की इछा कीनी, कगदा कलम मागी के लिनी ॥
पटिया पुनित गोडपर राखी, करत बिच्यार बिश्वके साखी ॥८७॥

પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા, “હે બહુનામી નીલકંઠ હરિ ! તમે સાંભળો. મેં સારી રીતે વિચાર કરીને શ્રીરામાનંદ સ્વામીના પ્રત્યે પત્ર લખ્યો છે. અને તેમાં આપની બાબતની વિનંતિ કહી છે. ૮૩. જો તમે વિચાર કરીને કાંઈક લખો તો તમારાં લખેલાં વચન સાંભળીને સ્વામી પ્રસન્ન થશે.” મુક્તાનંદ સ્વામીનું આવું વચન સાંભળીને શ્રીનીલકંઠવર્ણીને સુખ તથા શાંતિ થઈ. ૮૪. પછી નીલકંઠવર્ણી તો મનમાં વિચારવા લાગ્યા કે ‘હું રામાનંદ સ્વામી ઉપર શું લખું ? કાંઈ કહી શકતો નથી. સ્વામી તો મનની બધી જ વાતને જાણે છે. અંતર્યામીને કહેવું તે યોગ્ય નથી.’ ૮૫.

“મુનિવર મુક્તાનંદ સ્વામી ! મને તો કાંઈ લખવાની ઈચ્છા નથી. પણ તમે કહો છો માટે હું બે વાત લખું.” આમ કહીને પોતે પત્ર લખવા એકાંતમાં જઈને બેઠા. ૮૬. જ્યારે પત્ર લખવાની ઈચ્છા કરી ત્યારે કાગળ અને કલમ વગેરે માગી લીધા. ઘૂંટણ ઉપર સારું એક પાટિયું રાખ્યું અને વિશ્વના સાક્ષી એવા વર્ણી વિચાર કરવા લાગ્યા. ૮૭.

सोरठा : दछीन कर मंहि नाथ, लिन लेखनि मनहरनी ॥
अधहुं नाई कटि माथ, अभंग दृष्टि करी बर्निवर ॥८८॥
सर्वज्ञ है सुरराय, भूत भविष्य जानत सकल ॥
लेखन लगे बनाय, अखिल भुवन कारण परम ॥८९॥

दोहा : सचराचरकर जीवन, बंध मुक्त कर नाथ ॥
अखिल भुवन लय पालन, जन्म जेही कर हाथ ॥९०॥
सो प्रभु नर नाटक धरी, बर्निबेश लघु बाल ॥
प्रेमानंद कहे मनुष्य जिमि, लिखत है पत्र दयाल ॥९१॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते रामानंदस्वामी प्रति मुक्तमुनि पत्र लेखन नामा एकत्रिंशोऽध्यायः ॥३१॥



વર્ણિરાજે જમણા હાથમાં મનોહર કલમ લીધી. કમર ઉપરનો મસ્તકવાળો ભાગ અરધો નમાવ્યો અને પોતાની અખંડ દૃષ્ટિને સ્થિર રાખી. ૮૮. **પોતે તો સર્વજ્ઞ, દેવાધિદેવ તથા ભૂત ભવિષ્ય બધી વસ્તુને જાણનારા છે અને સમગ્ર જગતનું કારણ છે. છતાં પોતે વિચારીને લખવા લાગ્યા.** ૮૯. જે ભક્તપતિ સ્થાવર જંગમ સર્વ જગતના જીવનરૂપ તથા જીવને બંધનથી મુક્ત કરનારા છે. વળી સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય જેના હાથમાં છે. તે પ્રભુ મનુષ્ય લીલા કરી રહ્યા છે. અને વર્ણીનાં રૂપમાં એક નાના બાળક બન્યા છે. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે દયાળુ પ્રભુ એક સામાન્ય મનુષ્યની જેમ પત્ર લખવા બેઠા છે. ૯૦-૯૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીરામાનંદ સ્વામીના પ્રતિ મુક્તમુનિએ પત્ર લખ્યો' એ નામે એકત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૧



अध्याय - ३२

दोहा : स्वस्ति श्रीमत् भुजपुर, सुख निवास स्वस्थान ॥
राजत हो महाराज तहां, स्वामी क्रिपा निधान ॥०१॥
अनेक सद्गुनगन मनि, मंडित विग्रह जास ॥
क्रिपासिंधु सुखसदन सदा, परमपुरुष अविनाश ॥०२॥

सोरठा : कृष्ण कमलदल नेन, सदा जयति भुवि रमारमन ॥
कृष्ण भक्ति दिनरेन, भ्रशं सुप्रथयन सकल भूवि ॥०३॥
निज आश्रित नरनार, तिन कर भव भयहरन हित ॥
राजत परम उदार, कच्छ देश भुज नगर शुभ ॥०४॥

चोपाई :
सुमति अजयवर बिप्र कुमारा, अनंत जीवके करन ओधारा ॥

અધ્યાય - ૩૨

નીલકંઠવર્ણીએ પત્ર લખ્યો તથા બંને પત્ર ભુજ મોકલ્યા

"સ્વસ્તિશ્રી શુભસ્થાન ભુજનગર મધ્યે સુખપૂર્વક રહેલા, મહારાજાધિરાજની શોભાથી મહાન એવા કૃપાનિધિ હે સ્વામી ! ૧. આપનું સ્વરૂપ અનેક સદ્‌ગુણરૂપ મણિગણોથી સુશોભિત છે. આપ કૃપાસિંધુ, સુખસદન, પરમ પુરુષ અને હંમેશા અવિનાશી છો. ૨. જે રમારમણ કૃષ્ણ કમળની પાંખડી સમાન નેત્રવાળા છે અને તે આ ભૂમિ ઉપર સદાય વિજય સંપન્ન રહે છે, તે શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિને આપ સમગ્ર ભૂમિ ઉપર રાત્રિ દિવસ અત્યંત વિસ્તારી રહ્યા છો. ૩.

પોતાના આશ્રિત નરનારીઓના સંસારના ભયને ટાળવા માટે જેઓ કચ્છ દેશના શુભ ભુજનગરમાં અતિશય ઉદાર ભાવે અત્યારે વિરાજમાન છે. ૪. જેમણે અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે માતા સુમતિ અને શ્રેષ્ઠ પિતા અજય વિપ્રના પુત્રરૂપે કૌશળ દેશના અયોધ્યાનગરમાં

कोशल देश अयोध्यामांई, लिन जन्म उद्धव सुखदाई ॥०५॥
सोई तुम रामानंदस्वामी, बिजयति अवनि अंतरजामी ॥
बंदुं चरण सरोज तुमारे, करुं प्रनाम अंग अष्ट अपारे ॥०६॥
सो तुम कैसे हो मुनिराई, कृष्ण भक्त एकांतिक मांई ॥
अति उत्तम श्रीहरिकर दासा, सदा श्रीकृष्ण चरन निवासा ॥०७॥
तुमका दे निज ज्ञान बिहारी, गये गोलोक श्रीकृष्ण मुरारी ॥
राखेउ चरन जीवी साक्षाता, अवनि जीवका ज्ञान प्रदाता ॥०८॥
कृष्ण भक्ति करो भुवि बिस्तारा, थापउ धर्म सहित परिबारा ॥
सद्धर्म सहित सद्भक्ति दोई, कीन बिदित जगति तल सोई ॥०९॥
तनुभ्रतका निःश्रेय पद दाई, अविचल रहो अवनि तल मांई ॥
अब विज्ञप्ति मोरी है स्वामी, अविधारो उरसि बहुनामी ॥१०॥

જન્મ લીધો કે જે પૂર્વે સુખદાયક ઉદ્ધવજી હતા. ૫. તે આપ અંતર્યામી રામાનંદ સ્વામી આ ભૂતળ ઉપર વિજયકારી રહ્યા છો. તે આપ સ્વામીના ચરણકમળને હું સાષ્ટાંગ દંડવત્પ્રણામનાં રૂપમાં અપાર વંદન કરું છું. ૬.

તે આપ મુનિવર કેવા છો ? તે હું કહું છું કે આપ શ્રીકૃષ્ણ ભગવાનના એકાંતિક ભક્તોમાં અતિશય ઉત્તમ અને ભગવાનના દાસ ભક્ત છો. તેમજ હંમેશાં શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણમાં નિવાસ કરી રહ્યા છો. ૭. મુરારિ તથા ગોલોકવિહારી એવા શ્રીકૃષ્ણ ભગવાને આપને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન આપીને આ ભૂમિ ઉપર ચિરંજીવી રાખ્યા, તે આપ જીવોને સાક્ષાત્ કલ્યાણકારી જ્ઞાનના આપનારા છો. ૮. આપ અત્યારે પરિવારે સહિત ધર્મનું સ્થાપન કરી રહ્યા છો અને ભૂમિ ઉપર શ્રીકૃષ્ણભક્તિનો અપાર પ્રસાર કરી રહ્યા છો. સદ્ધર્મ અને સદ્ભક્તિ, તે બંને આ ભૂમિ ઉપર આપે અતિશય પ્રસિદ્ધ કરી દીધા છે. દેહધારીઓને કલ્યાણનું પદ આપનારા આપ ભૂતળ પર કાયમ અવિચળ રહો. હે બહુનામી સ્વામી ! હવે મારી એક વિજ્ઞપ્તિ છે, તેને આપ દિલમાં ધારો. ૯-૧૦.

तव एक दरशन आयो सुखधामा, नीलकंठ द्विज बर्नी नामा ॥
निज संबंधीवर्ग का त्यागी, कोशल देश अवध श्लाघी ॥११॥

करत करत तीरथ बिधिनाना, तप व्रत नियम जुक्त भगवाना ॥
फिरत फिरत पुर लोजमें आवा, तव आश्रित संतन संग पावा ॥१२॥

निर्गुण संत बिलोकी नाथा, टीका यहां संतन कर साथा ॥
प्रगट कृष्ण दर्शन की आशा, करत हुं तप सादर अविनाशा ॥१३॥

धारनापारना व्रत है नामा, च्यार मास करत हुं अभिरामा ॥
करत हुं विभो मास उपवासा, तदनंतर व्रत कृछ्र निराशा ॥१४॥

दोहा : चांद्रायन व्रत आदिक, माघ मासे पाराक ॥
तप्त कृछ्र करत हु विभो, हरि दरशन अभिलाख ॥१५॥
एकादशी चोवीस प्रभु, निराहार बिन नीर ॥

કૌશળ દેશમાં ઉત્તમ અયોધ્યાનગરમાં જન્મીને પોતાના બધા સંબંધી વર્ગનો ત્યાગ કરનારો વિપ્ર, નીલકંઠ નામે વર્ણી હું સર્વ સુખનાં ધામ જેવા આપનાં દર્શન કરવા માટે અહીં લોજપુરમાં આવ્યો છું. ૧૧. **હે ભગવન્ ! બધા તપ, વ્રત અને નિયમને પાળનારો એવો હું અનેક પ્રકારના તીર્થોને કરતો કરતો તેમજ પ્રદેશોમાં ફરતો ફરતો અહીં લોજપુર આવ્યો છું. અને મને આપના આશ્રિત સંતોનો સમાગમ પ્રાપ્ત થયો છે.** ૧૨. હે નાથ ! આપના નિર્દોષ સંતોને જોઈને તે સંતોની સાથે હું અહીં રોકાઈ ગયો છું. મને પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શનની આશા છે. તો હે અવિનાશ ! તે આશાથી જ હું આદરપૂર્વક તપ કરું છું. ૧૩.

હે વિભુ ! હું ચાર માસ સુધી મનોહર ધારણા પારણા નામનું વ્રત કરું છું અને માસોપવાસ નામનું વ્રત પણ કરું છું. નિષ્કામભાવે અનેક કૃચ્છ્ર વ્રતોને કરું છું. ૧૪. હે વિભુ ! હું માઘ માસમાં ચાંદ્રાયણ આદિક વ્રત કરું છું. તેમજ પારાક કૃચ્છ્ર તથા તપ્ત કૃચ્છ્ર વ્રત પણ કરું છું. મારા મનમાં એક હરિદર્શનની જ અભિલાષા રહે છે. ૧૫. હે

प्रसन्न करन श्रीकृष्णका, सहत हुं कष्ट शरीर ॥१६॥

सोरठा : जानी असत्य दुःखरूप, पंचेन्द्रिय सुख परम प्रिय ॥
मन कर्म वचन अनूप, त्याग कीन विषवत् बिषय ॥१७॥

निज वपु मंहि अवशेष, रहेउ अस्थि रग चर्म शुभ ॥
रक्त मांस नहीं लेश, छार कीन तपी तपसु वर ॥१८॥

चोपाई :
ते हि श्रीकृष्ण सकल सुखराशि, तिनकर दर्शनकी एक आशी ॥
दर्शरूप वल्लि ग्रही देहा, रहा श्वास करी परम सनेहा ॥१९॥
नहीं और आलंबन कोई, लगी आस दर्शनकी मोई ॥
निरन्न देह मंहि अस्थि प्राना, रहा है अबहि परम सुजाना ॥२०॥

પ્રભુ ! હું ચોવીશે એકાદશીનો નિર્જળા ઉપવાસ કરું છું. કેવળ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રસન્ન કરવાને માટે હું શરીરથી કષ્ટોને સહન કરું છું. ૧૬. પાંચેય ઇન્દ્રિયોના પરમ સુખરૂપ ગણાતા માયિક પંચવિષયને અસત્ય તથા દુઃખરૂપ સમજીને મન, કર્મ, વચનથી અનુપમ રીતે તેનો ત્યાગ કર્યો છે. કારણ કે તે પંચવિષય મારે માટે ઝેર જેવા છે. ૧૭.

અત્યારે મારા શરીરમાં અસ્થિ, નાડીઓ અને ચામડી, આટલી જ વસ્તુઓ સારી રહી છે. તેમાં રુધિર તથા માંસ લેશમાત્ર નથી. હે તપસ્વી શ્રેષ્ઠ ! મેં તપ કરીને રુધિર તથા માંસને બાળી નાખ્યાં છે. ૧૮. શ્રીકૃષ્ણ પરમાત્મા સમગ્ર સુખના રાશિ છે. મારાં દિલમાં તેમનાં દર્શનની જ એક આશા છે. તેમનાં દર્શનની આશારૂપી વેલીને પકડીને મારા દેહમાં પરમ સ્નેહથી શ્વાસ ચાલી રહ્યો છે. ૧૯.

હે પરમ સુજાણ ! મારાં શરીરને ટકવાનું બીજું કોઈ આલંબન નથી. શ્રીકૃષ્ણદર્શનની જ એક આશા લાગી રહી છે. અન્નના આહાર વગરના દેહમાં હજી પણ અસ્થિ અને પ્રાણ રહ્યા છે. ૨૦. અન્નપ્રધાન

कलिजुग में अन्नात्मक देहा, सत्ययुग सम वर्तत है येहा ॥
करी अष्टांग योग अभ्यासा, प्रानायामादिक अविनाशा ॥२१॥
होत है क्रिया सकल बहुनामी, तप ऐश्वर्य बल करी स्वामी ॥
कृष्ण भक्त मोहे जानी नाथा, क्रिपा करउ मम शिर सुखपाथा ॥२२॥
माता पिता कृष्ण है मेरे, बंधु गुरु सुहृदिन केरे ॥
तिन हि बिषे मम नेह भरपूरी, अन्य बिषे सुख कीना दूरी ॥२३॥
पंच इन्द्रिय कर बिषय भोगा, तव क्रिपया मैं जाना रोगा ॥
सो सब हि हरिजनकुं देना, इन सु मोहि बचाई के लेना ॥२४॥
कृष्ण बिना कहुं रहे अनुरागा, करउ नाश रिपुवत में मागा ॥
करी स्नेह मम पोषणकारी, पिता बंधु जन अन्य नरनारी ॥२५॥

આ કળિયુગમાં પણ મારો દેહ સત્યયુગની જેમ જીવી રહ્યો છે. હે અવિનાશી ! મેં અષ્ટાંગયોગનો અભ્યાસ કર્યો છે અને પ્રાણાયામ આદિક પણ કરું છું. ૨૧. હે બહુનામી સ્વામી ! તે યોગાભ્યાસ, તપ અને ઐશ્વર્યના બળે કરીને મારા દેહની બધી ક્રિયા થાય છે.

હે સુખસાગર નાથ ! મને શ્રીકૃષ્ણનો ભક્ત જાણીને આપ મારા ઉપર કૃપા કરો. ૨૨. મારા માતા, પિતા, બંધુ, ગુરુ અને સુહૃદ વગેરે જે કાંઈ કહેવાય, તે બધું શ્રીકૃષ્ણ છે. મને તે શ્રીકૃષ્ણમાં જ ભરપૂર સ્નેહ છે અને બીજા બધામાં મનાતું જે સુખ તે મેં દૂર તજી દીધું છે. ૨૩. પાંચ ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયભોગને મેં આપની કૃપાથી રોગરૂપ જાણ્યા છે. તો તે બધા વિષય બીજા હરિભક્તને આપજો, પણ મને તેનાથી બચાવી લેજો. ૨૪.

હું આપની આગળ માગું છું કે એક શ્રીકૃષ્ણ ભગવાન સિવાય બીજામાં જો મને પ્રેમ રહેતો હોય તો હું તેનો શત્રુની જેમ નાશ કરી નાખું. ઘણા હેતથી મારું પોષણ કરનારા પિતા, બંધુજન કે અન્ય

प्रभु पद बिमुख जो होये प्राणी, करुं त्याग निश्चे रिपु मानी ॥
तिन मैयाँ प्रभु दोष निकारो, तो कहुँ सुनो प्रभु बचन हमारो ॥२६॥
प्राचीन भक्त भये बहु आगे, तिन ही बिमुख संबंधी त्यागे ॥
तिनकर नाम सुनो करी प्रीति, कहु प्रभु तव भक्तकी रीति ॥२७॥
कीन विभीषण बंधु त्यागा, तज्यो प्रह्लाद पिता बडभागा ॥
तजी भरत दुरिजन महतारी, तजी बिदुरकुल संपत्ति सारी ॥२८॥
दोहा : करी त्याग संबंधी सब, मिली कृष्ण ऋषि नारी ॥
गोपी तजी निज पति सुत, भजे श्रीकृष्ण बिहारी ॥२९॥
तज्यो अंग नृप वेन सुत, कीन गुरु बलि त्याग ॥
दीन हरिका त्रिभुवन, दोष न लिन बडभाग ॥३०॥

નરનારીઓ જો ભગવાનના આશ્રયથી વિમુખ હોય તો તે બધા પ્રાણીને હું શત્રુ માનીને ચોક્કસ ત્યાગ કરી દઉં. હે પ્રભુ ! જો તેમાં કોઈ દોષ કાઢશો તો આપ પ્રભુ મારા વચનને સાંભળો. હું કહું છું. ૨૫-૨૬.

આગળના યુગમાં ઘણા પ્રાચીન ભક્ત થયા હતા. તે બધાએ હરિ વિમુખ સંબંધીઓનો ત્યાગ કર્યો હતો. તેનાં નામ તમે પ્રેમથી સાંભળો. હું પ્રભુના ભક્તની રીત કહું છું. ૨૭.

વિભિષણે પોતાના ભાઈનો ત્યાગ કર્યો હતો અને મહાન ભાગ્યશાળી પ્રહ્લાદે પિતાનો ત્યાગ કર્યો હતો અને ભરતજીએ દુષ્ટ માતાનો ત્યાગ કર્યો હતો અને વિદુરજીએ પોતાની બધી સંપત્તિનો ત્યાગ કર્યો હતો. ૨૮. વળી ઋષિપત્નીઓએ પોતાના બધા સંબંધીઓનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણને પ્રાપ્ત કર્યા હતા. વળી ગોપીઓએ પોતાના પતિ અને પુત્રોનો ત્યાગ કરી વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણનું સેવન કર્યું હતું. ૨૯. અંગ રાજાએ પોતાના પુત્ર વેનનો ત્યાગ કર્યો હતો. બલિરાજાએ ગુરુને તજી દીધા હતા અને ભગવાનને ત્રિલોકીનું રાજ્ય આપી દીધું હતું. છતાં તે ભાગ્યશાળી બલિરાજાએ ભગવાનનો દોષ લીધો ન હતો. ૩૦.

सोरठा : तिनकी न भई अपकीर्त, कीन कीर्ति शास्त्रन सकल ॥
येही भक्त कर चित्त, करत त्याग हरि बिमुख जन ॥३१॥
अन्य जीव अग्यान, देह संबंधी सुँ करत रत ॥
सो हे पशु समान, सिंगपूंछ नहीं येही कसर ॥३२॥

चोपाई :
जाकी प्रीत कृष्णसु नाई, सो नर ब्रथा जीवे जगमांई ॥
हरिपद बिमुख है परम सयानो, सो नर खर शुकर सम जानो ॥३३॥
सुर सुजान सुलछन्न होई, कमनीय रूप देखी जन मोई ॥
कीर्ति कुल वर भूति भलाई, परम चतुर कहावे जगमांई ॥३४॥
सकल चातुरी लगत सोहाई, ज्युं इन्द्रामनि फल देखाई ॥

ઉપર કહેલા કોઈની શાસ્ત્રોમાં અપકીર્તિ કહેવાતી નથી, પરંતુ સહુની કીર્તિ ગવાય છે. **એ બધા ભક્તોનાં ચરિત્રને મારાં મનમાં રાખીને હું હરિવિમુખ મનુષ્યોનો ત્યાગ કરું છું.** ૩૧. **આવી સમજણ વગરના જે અજ્ઞાની જીવો છે તેઓ તો દેહના સંબંધીઓમાં આસક્ત રહે છે. અને તે લોકો તો પશુના સમાન ગણાય છે. માત્ર તેમાં શિંગ અને પૂંછની ખામી છે.** ૩૨. **જે મનુષ્યને શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ નથી, તે મનુષ્યનું જીવન આ જગતમાં વૃથા ગણાય છે. ભગવાનના આશ્રયથી વિમુખ આવો કોઈ ડાહ્યો માણસ કહેવાતો હોય તોપણ તે મનુષ્યને હું ગધેડા કે ભૂંડના સમાન જાણું છું.** ૩૩.

આ જગતમાં કોઈ મનુષ્ય દેવતાના જેવો સુજાણ અને સારા લક્ષણવાળો હોય, તેના મનોહર રૂપને દેખીને લોકો મોહાઈ જતા હોય છે. તેની કીર્તિ, કુળ, સારી ઉન્નત્તિ, ભલમનસાઈ તથા જગતમાં સારી ચતુરતા કહેવાતી હોય છે. વળી બીજી પણ ગમે તેટલી સારી સોહામણી ચતુરતા દેખાતી હોય તે બધા મને ઈન્દ્રામણાના ફળ જેવા દેખાય છે. ગમે તેટલો રૂપ ગુણવાન હોય પણ જો તેને શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણમાં

कृष्ण चरन अनुराग ज्यो नाई, इन्द्रामनि फल जानो ताई ॥३५॥

फल छबि देखी जन ललचाई, भीतर भरी बहुत करुवाई ॥
साची प्रीत हरिकुं प्यारो, सोई पूज्य है प्रान हमारो ॥३६॥

प्रभु पद बिमुखसुँ प्रीति जोरे, आंजी सिहोरी आंखी ले फोरे ॥
सोना पहिरि कान ज्यो तूटे, अंजन कहा आंखी ज्यो फूटे ॥३७॥

दीजे ताहि आगी में जारी, त्युं तजिये बिमुख दुःखकारी ॥
निद्रा मैथुन भय रु अहारा, ये सम सब का च्यार प्रकारा ॥३८॥

मनुष्य देह सुर साधु सराहे, जाकी प्रभु पद प्रीति ताहे ॥
बेद शास्त्र सब कहत पुकारी, श्रीहरि चरन बिमुख नरनारी ॥३९॥

પ્રેમ ન હોય તો હું તેને ઈન્દ્રામણાના ફળ જેવો જાણું છું. ૩૪-૩૫. ઈન્દ્રામણાની સુંદરતા જોઈને મનુષ્ય તેને ખાવા માટે લલચાઈ જાય છે. પરંતુ તે ફળમાં પુષ્કળ કડવાશ ભરી હોય છે. **જેને ભગવાનમાં સાચો પ્રેમ હોય છે તે જ ભગવાનને પ્યારો લાગે છે. અને જે ભગવાનને પ્યારો છે તે જ મારે માટે પૂજ્ય અને પ્રાણરૂપ છે.** ૩૬.

જે ભગવાનના આશ્રયથી વિમુખ માણસમાં હેત કરે છે તે તો આંખમાં સિહોરી(એક જાતનું ઝેરી વૃક્ષ) આંજીને આંખને ફોડે છે. જે ઘરેણું પહેરાવથી કાન તૂટી જતો હોય અને જે આંજણ આંજવાથી આંખ ફૂટી જતી હોય તો તેવા ઘરેણાં ને આંજણને આગમાં નાખીને બાળી દેવા જોઈએ. તે રીતે જ જે દુઃખકારી વિમુખ જીવ હોય તેનો ત્યાગ કરી દેવો જોઈએ. આહાર, નિદ્રા, ભય અને મૈથુન, આ ચાર તો જીવ પ્રાણીમાત્રમાં એક સમાન હોય છે. ૩૭-૩૮. જેને ભગવાનનાં ચરણારવિંદમાં પ્રીતિ હોય તેવા માનવ દેહને તો દેવતાઓ તથા સત્પુરુષો વખાણે છે અને તેને વેદ તથા બધા શાસ્ત્રો પોકારીને ઉત્તમ કહે છે, પણ જે **નરનારીઓ ભગવાન શ્રીહરિનાં ચરણથી વિમુખ હોય છે તેનું તો ક્યાંય ઠામઠેકાણું હોતું નથી. તેઓ ત્રિલોકીમાં ભટકતા રહે છે અને અનેક રીતે કર્મફળને**

तिनका नाहीं ठोर ठिकाना, तिहुं पुर भ्रमत पचत बिधिनाना ॥
भव बिरंची जाके पद शेई, करत भजन मुक्त भये तेई ॥४०॥
परम चपल श्री थीर न रहाई, सोउ अचल भई हरिपद माई ॥
श्रीहरिकृष्ण चरन सुखदाई, कल्पतरु चिंतामनि कहाई ॥४१॥
ज्यो चिंतवे सोई फल पावे, सुखसागर श्रीहरि कहावे ॥
तिन कर चरन तजी जेहि प्रानी, मिटत न बिपत भ्रमत चहु खानी ॥४२॥
दोहा : कहिये बहुत कहां लगी, कहा बहुत समुजाई ॥
प्रीत रहित नर कृष्ण सु, ज्युं बिंजन लोन बिनाई ॥४३॥
सार सकल सिद्धांत यह, हरि पद प्रीति जोरी ॥

ભોગવે છે. ભવ અને બ્રહ્મા જેવા પણ જેના પદને સેવીને ભજન કરે છે તે બધા મુક્ત થયા છે. ૩૯-૪૦.

અત્યંત ચંચળ ગણાતી લક્ષ્મી ક્યાંય સ્થિર રહેતી નથી. તે ચંચળ લક્ષ્મી પણ ભગવાનનાં ચરણમાં અચળ થઈને રહે છે. શ્રીહરિકૃષ્ણ ભગવાનનાં ચરણ એટલાં સુખદાયક છે કે તેને કલ્પતરું કે ચિંતામણિની ઉપમા અપાય છે. ૪૧. **ભગવાન શ્રીહરિ તો સુખસાગર કહેવાય છે એટલે તેમનો ભક્ત જે ચિંતવે છે તે ફળ તેને પ્રાપ્ત થાય છે. હવે તે પ્રભુનાં ચરણને છોડીને જે પ્રાણી બીજે ભટકે છે તેને ક્યારેય વિપત્તિ ટળતી નથી અને તે લખચોરાશીમાં ભમતો રહે છે.** ૪૨. વધારે ક્યાં સુધી કહેવું ? તેમજ ઝાઝું સમજાવીને શું કહેવું ? જે મનુષ્ય ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ રહિત છે તે તો મીઠા વિનાના શાક જેવો છે. ૪૩. **સમગ્ર સિદ્ધાંતનો એક જ સાર છે કે શ્રીહરિનાં ચરણમાં પ્રેમ જોડવો અને ભગવદ્ વિમુખની સાથેનો સંબંધ તોડીને પ્રેમ સહિત એક શ્રીહરિનું જ ભજન કરવું.** ૪૪.

દેવનદી ગંગા પવિત્ર કહેવાય છે, પણ તેણે જો ભગવાનના ચરણનો આશ્રય છોડી દીધો તો તેને ભટકણ મટ્યું નથી અને ક્યાંય તેને

भजे हरि अनुराग जुत, कृष्ण बिमुख सुँ तोरी ॥४४॥

सोरठा : सुरसरि पुनित कहाई, न्यारी भई हरिचरन तजी ॥
बहवो मिट्यो न ताई, निसवास थीरता न लहत ॥४५॥

बिछुरे शशि अरु सूर, श्रीहरि नेनते तम हरन ॥
यद्यपि परम चतूर, भ्रमत रेन दिन गगन पथ ॥४६॥

चोपाई :

कृष्ण भक्ति के सब अधिकारी, सुरमुनि असुर नाग नरनारी ॥
पाई मनुष्य तन न भजे मुरारी, तिन निज जननी भारही मारी ॥४७॥

सुरनर असुर ज्यो भक्तिहीना, सो जानउ सब काल चबीना ॥
कृष्ण भक्ति कर महातम भारी, गावत सत्शास्त्र श्रुति च्यारी ॥४८॥

येही कारन मैं आलस त्यागी, करत हुं तप उग्र अनुरागी ॥
सो तो कृष्ण प्रसन्नके काजा, मिले प्रगट मोहे सुरमुनि राजा ॥४९॥

સ્થિર નિવાસ મળતો નથી. ૪૫. સૂર્ય અને ચંદ્ર અંધકાર ટાળવા માટે ભગવાનનાં નેત્ર કમળથી અલગ પડી ગયા, જો કે તે બંને ઘણા ચતુર છે છતાં તેમને આકાશ માર્ગે રાત દિવસ ભટકવું પડે છે. ૪૬. દેવતાઓ, મુનિઓ, અસુર, નાગ અને નરનારી, આ બધા જ શ્રીકૃષ્ણની ભક્તિના અધિકારી છે. પણ જે મનુષ્ય દેહને પામીને મુરારિ ભગવાનનું ભજન નથી કરતા તો તેણે પોતાની માતાને ભારથી વૃથા મારી ગણાય છે. ૪૭.

દેવ, મનુષ્ય અને અસુર જો ભક્તિથી રહિત હોય તો તેને હું કાળનું ચવાણું માનું છું. શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનું માહાત્મ્ય તો ઘણું ભારે છે. તે માહાત્મ્યને ચારે વેદ અને સચ્છાસ્ત્રો સતત ગાય છે. ૪૮. **અને તેટલા માટે જ હું આળસ છોડી દઈને શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા માટે પ્રેમથી ઉગ્ર તપ કરી રહ્યો છું. અહીં મને દેવ જેવા મોટા મુનિવર્યો પ્રગટ મળ્યા છે.** ૪૯. અને તેથી જ મારાં ચિત્તમાં સુખ શાંતિ થઈ છે. મને સુખદાયક પ્રગટ શ્રીકૃષ્ણ મળશે તેમ હું માનું છું અને તેટલા માટે જ હું અહીંયા ટક્યો છું. તેમજ સંતોનાં વચનમાં બંધાઈને રહ્યો છું. ૫૦.

तब चितमें होई हे सुखचेना, मिले है कृष्ण प्रगट सुखदेना ॥
येहि कारन मैं टीका हुं याँही, संतबचन में रहा बंधाई ॥५०॥
पुनि चिंतवुं प्रभु पंथ तुमारा, अति आतुर दर्शन कर प्यारा ॥
पंचविषय सुँ होई उदासी, रटत श्रीकृष्ण सांस उसांसी ॥५१॥
कृष्ण कथा बिन पलक बिहाये, सो क्षिन कोटि कल्प सम जाये ॥
कृष्णकीर्ति पद करे ज्यो गाना, करुं पान सो अमृत समाना ॥५२॥
ग्राम्य शब्द शूळी सम लागे, नारीमात्र देखी मन भागे ॥
मलयपंक सुगंधी नाना, सो मनु माहुर लेप समाना ॥५३॥
इन्दु किरण पुनि मलय समीरा, परसत तन मनु अनल शरीरा ॥
किशलय सेज सुमन उर हारा, मनहुं असम शर करत प्रहारा ॥५४॥
सूक्ष्म बसन रु भोजनपाना, लगत है मानुं गरल समाना ॥
कृष्ण चरनमंहि लगा सनेहा, तेही बिनुं लगत मृतक सम देहा ॥५५॥

હે પ્રભુ ! આ સિવાય હું આપને આવવાના પંથને ચિંતવી રહ્યો છું. હે પ્યારા ! હું આપનાં દર્શનને માટે અતિ આતુર છું. હું માયિક પંચવિષયથી ઉદાસ થઈને શ્વાસોચ્છ્વાસ શ્રીકૃષ્ણનું રટણ કરું છું. ૫૧. **શ્રીકૃષ્ણ ભગવાનની કથા સિવાયનો એક પળ જેટલો સમય જો જાય તો તે સમય મારે માટે કરોડ કલ્પ જેવો થાય છે.** ભગવાનના યશને કહેનારા કીર્તન પદોનું જો ગાન થતું હોય તો હું તેને અમૃત સમાન માનીને તેનું પાન કરું છું. ૫૨. મને સાંસારિક વાતો તો કાનમાં શૂળ જેવી લાગે છે. સ્ત્રીમાત્રને દેખીને મારું મન ભાગવા માંડે છે. સુગંધી ચંદનના લેપને તો હું ઝેરના લેપ જેવો માનું છું. ૫૩. ચંદ્રમાના કિરણ અને મલયાચલનો ઠંડો પવન મારા શરીરને જ્યારે અડે છે ત્યારે તે આગ જેવો જણાય છે. નવપલ્લવોની પથારી અને સુગંધી ફૂલના હાર મને તીક્ષ્ણ બાણના પ્રહાર જેવા લાગે છે. ૫૪. ઝીણાં સારાં વસ્ત્ર, સારું ખાવાનું તથા પીવાનું, એ બધું મને ઝેર જેવું લાગે છે. મને એક શ્રીકૃષ્ણનાં ચરણમાં જ સ્નેહ લાગ્યો છે. તે સિવાયનું બધું મને મડદા જેવું લાગે છે. ૫૫.

श्रीहरि चरनमें लगी हे प्रीति, जैसे चंद चकोरकी रीति ॥
कृष्ण दरसकी लगी है आसा, जैसे चात्रुक स्वांत पियासा ॥५६॥

दोहा : हरिदर्शन बिन मोर मन, जैसे जल बिन मीन ॥
हरि बिरहानल दहत तन, कल न परत पल छीन ॥५७॥

ज्युं बरहि मन रटत घन, ज्युं चकोर मन चंद ॥
ज्युं चात्रुक मन स्वांत जल, त्युं मो मन नंदानंद ॥५८॥

सोरठा : हे श्री कृष्ण आप, अक्षरपति अशरन शरन ॥
करत हे बिरह बिलाप, हरि बिरहीन सीक्षा करत ॥५९॥

अखील भुवन पति ईश, धर्यो बिग्रह वर मनुष्यकर ॥
परम पुरुष जगदीश, जनवत जनका मनुष्यपन ॥६०॥

મને ચંદ્ર તથા ચકોરના પ્રેમની જેમ શ્રીકૃષ્ણનાં ચરણમાં પ્રેમ થયો છે. જેમ ચાતક પક્ષીને સ્વાતિ નક્ષત્રના પાણીની પ્યાસ રહે છે તેમ મને શ્રીકૃષ્ણનાં દર્શનની આશા લાગી રહે છે. ૫૬. **ભગવાનનાં દર્શન વિનાનું મારું મન પાણી વિના તરફડતા માછલાં જેવું રહે છે. ભગવાનના વિરહરૂપી અગ્નિથી મારું શરીર દાઝી રહ્યું છે અને તેથી એક પળવાર કે ક્ષણમાત્ર પણ મને ચેન પડતું નથી.** ૫૭. જેમ મોરનું મન મેઘનું રટન કરતું રહે છે અને ચકોરનું મન ચંદ્રમાને ચાહે છે, વળી જેમ ચાતક પક્ષીનું મન સ્વાતિ નક્ષત્રમાં વરસેલા જળમાં લાગ્યું રહે છે, તેમ મારું મન નંદનંદન શ્રીકૃષ્ણમાં લાગ્યું રહે છે." ૫૮.

કવિ કહે છે કે વર્ણિરાજ શ્રીહરિ અક્ષરાધિપતિ અશરણશરણ એવા પોતે શ્રીકૃષ્ણ છે. છતાં પોતે વિરહી ભક્તજનોને શીખવવા માટે વિરહનો વિલાપ કરી રહ્યા છે. ૫૯. **અખિલ જગતના પતિ પરમેશ્વરે શ્રેષ્ઠ મનુષ્ય દેહ ધારણ કર્યો છે. પોતે પરમ પુરુષ અને જગદીશ્વર છે. છતાં પણ લોકોને પોતાનું મનુષ્યપણું દેખાડે છે.** ૬૦. **શ્રીહરિ પોતે તો માયા, કાળ**

चोपाई :

माया काल पुरुषकर स्वामी, सचराचरकर अंतरजामी ॥
करतल जलवत सबही जाने, बुझीके भये दीवाने ॥६१॥
बिरही जनसम भाव देखावे, अज्ञ जीवका मोह उपजावे ॥
एसे लीला हरिकी देखी, मनुष्यभाव कल्पत अविवेकी ॥६२॥
आदि नारायन आपे होई, मनुष्य बुद्धि आनो मत कोई ॥
करन सकल संशय कर भंगा, बरना महातम कही उत्तंगा ॥६३॥
अब सुनी लेउ पूर्व प्रसंगा, संत हरिजन सब श्रुद्ध अंगा ॥
मोर वृत्तांत सकल सुनी स्वामी, दीजे आय दरस बहुनामी ॥६४॥
तव दर्शन होई हे जब मोई, मिटे हे बिपत बदन तव जोई ॥
ज्युं बरतत बर्नि मनमांई, त्युं पत्रि मही लीखा बनाई ॥६५॥

અને મહાપુરુષના પણ સ્વામી છે. સમગ્ર જડ ચેતનના અંતર્યામી છે. હથેળીમાં રહેલા જળના બિંદુની જેમ સમગ્ર વસ્તુઓને જાણે છે. છતાં પણ તેઓ સમજીને દીવાના(પાગલ) જેવા થઈ ગયા છે. ૬૧.

પોતે વિરહી મનુષ્યના જેવો ભાવ દેખાડે છે અને તેનાથી અજ્ઞાની જીવોને મોહ ઉપજાવે છે. શ્રીહરિની આવી મનુષ્ય લીલાને દેખીને અવિવેકી મનુષ્યો તેમાં માનવભાવ કલ્પે છે. ૬૨. તેઓ પોતે તો આદિનારાયણ છે એટલે તેમાં કોઈએ મનુષ્ય બુદ્ધિ લાવવી નહિ. સહુનો સંશય તોડવાને માટે મેં અહીં ઘણું ઊંચું માહાત્મ્ય કહ્યું છે. ૬૩.

હવે શુદ્ધ અંગના સહુ સંત હરિભક્તો પ્રથમથી ચાલ્યા આવતા પ્રસંગને સાંભળો. વર્ણી કહે છે કે "મેં આગળ જણાવેલા બધા વૃત્તાંતને સાંભળીને બહુનામી આપ અહીં આવીને મને દર્શન આપો. ૬૪. જ્યારે મને આપનાં દર્શન થશે અને આપનું મુખ કમળ દેખાશે ત્યારે મારી બધી વિપત્તિ ટળશે." વર્ણિરાજનાં મનમાં જેવા વિચારો હતા તેવી બધી વાત કહેવાનું રૂપ બનાવીને પત્રમાં લખી. ૬૫.

करी संक्षेप लीखा लवलेशा, सब बिधि लिखत हारी रहे शेशा ॥
लिखी पत्री बटु पुरी कीनी, ले मुक्तानंद मुनिको दीनी ॥६६॥
ले मुक्तानंद शिश चढावा, निजपत्र भेलेही मिलावा ॥
उभय पत्र बीडी शिरनामा, लिखा मुक्तमुनि अति अभिरामा ॥६७॥
पीछे मयाराम बोलाये, दे पत्र सब बिधि समुझाये ॥
यह पत्र जलदी पहुंचाओ, श्रीस्वामी के पासे ले जाओ ॥६८॥
राजत भुजंग नगर बहुनामी, गंगाराम मल्ल घर स्वामी ॥
पत्र जाय स्वामीकर देना, मुखते समाचार सब केहेना ॥६९॥
सिघ्र आवे सो करीयो उपाई, मुखते कहीयो बात बनाई ॥
ले पत्र भट्ट लागे पाई, भुज नगर पथ चले हरखाई ॥७०॥

વર્ણીએ જે લખ્યું હતું તેને સંક્ષેપમાં કરીને આ લેશમાત્ર લખ્યું છે. જો બધું લખવા માંડે તો શેષનારાયણ પણ હારી જાય. વર્ણીએ પત્ર લખીને પૂરો કર્યો અને પછી તે મુક્તાનંદ સ્વામીને આપ્યો. ૬૬. મુક્તાનંદ સ્વામીએ હાથમાં લઈને તે પત્રને માથે ચડાવ્યો અને પછી પોતે લખેલા પત્રની ભેળો કર્યો. પછી બંને પત્રને કવરમાં બીડ્યા. પછી મુક્તમુનિએ તેના ઉપર સુંદર સરનામું લખ્યું. ૬૭. પછી મુક્તમુનિએ મયારામ ભટ્ટને બોલાવ્યા. તે પત્ર તેમના હાથમાં આપીને બધી વાત સમજાવી.

વળી કહ્યું કે "આ પત્ર લઈને તમે જલદી ભુજનગર જઈને સ્વામીને પહોંચાડો. ૬૮. બહુનામી સ્વામી ભુજમાં ગંગારામ મલ્લને ઘેર વિરાજે છે. તો ત્યાં જઈને સ્વામીના હાથમાં આ પત્ર આપજો અને મુખથી બધા સમાચાર પણ કહેજો. ૬૯. રામાનંદ સ્વામી અહીંયા જલદી આવે એવો ઉપાય કરજો અને બધી વાત વિચારીને મુખથી કહેજો." પછી મયારામ ભટ્ટ તે પત્ર હાથમાં લઈ મુક્તમુનિને પગે લાગ્યા. પછી તેઓ હર્ષપૂર્વક ભુજનગરને માર્ગે ચાલ્યા. ૭૦.

सोरठा : सप्तदिना मही जाय, पहुंचे भट्टवर भुज नगर ॥
निरखी बदन हरखाय, प्रनति करी परे दंडवत ॥७१॥
राजत रामानंद, गंगाराम घर सुखसदन ॥
ज्यु चकोर लीखीचंद, त्युं भट्ट प्रफुलित भयेउ मन ॥७२॥

दोहा : दे पत्र श्रीस्वामी कर, संत के किन प्रनाम ॥
समाचार कहा मुख बचन, मुदित होई मयाराम ॥७३॥
मुदित होई रामानंद, उभयपत्र ले हाथ ॥
प्रेमानंद कहे बर्निकी, सुनी खबर सुखपाथ ॥७४॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते मुक्तानंदमुनि नीलकंठ ब्रह्मचारी पत्र लिखी प्रेशन नामा द्वात्रिंशोऽध्याय: ।।३२।।



શ્રેષ્ઠ ભક્ત મયારામ ભટ્ટ સાત દિવસમાં ભુજનગર જઈ પહોંચ્યા. હરખથી રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં અને પછી દંડવત કરીને પગે લાગ્યા. ૭૧. સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ગંગારામ મલ્લને ઘેર સુખરૂપ વિરાજમાન હતા. જેમ ચંદ્રને દેખીને ચકોર ખુશી થાય તે રીતે મયારામ ભટ્ટનું મન આનંદથી પ્રફુલ્લિત થઈ ગયું. ૭૨. મયારામ ભટ્ટે રામાનંદ સ્વામીના હાથમાં પત્ર આપ્યો અને સંતોના પ્રણામ કહ્યા. પછી પ્રસન્ન મનથી સહુના મૌખિક સમાચાર કહ્યા. ૭૩. પછી ખુશી થયેલા રામાનંદ સ્વામીએ પોતાના હાથમાં બંને પત્ર લીધા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે સુખસાગર રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીના સમાચાર પણ સાંભળ્યા. ૭૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'નીલકંઠવર્ણીએ પત્ર લખ્યો તથા બંને પત્ર ભુજ મોકલ્યા' એ નામે બત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૨



अध्याय - ३३

दोहा : बांची स्वामी पत्र जुग, जाना बर्नि व्रत्तांत ॥
उग्र तपस्वी कृश हे तन, तेजस्वी तन शांत ॥०१॥
स्नेहातुर हे आप बिषे, बर्निबाल शरीर ॥
कहा भट्ट मुख बचन अस, सुनी दृग बहे नीर ॥०२॥

सोरठा : स्वामी धरी मन धीर, बांचन लागे पत्र शुभ ॥
बर्नि बचन रुचीर, अथ ईति बांची भये मुदित ॥०३॥
कही हरिजन सु बात, सुंदर आदि हरिजन सकल ॥
हे ईश्वर साक्षात, किंन मनसी निरधार सब ॥०४॥

चोपाई :
बिदित कीन कगदाकर भावा, सुनी हरिजन उर भया उछावा ॥

અધ્યાય - ૩૩

રામાનંદ સ્વામીએ પ્રત્યુત્તરનો પત્ર લોજ મોકલ્યો

ભુજમાં વિરાજમાન રામાનંદ સ્વામીએ લોજથી આવેલા બંને પત્ર વાંચ્યા અને નીલકંઠવર્ણીનું બધું વૃત્તાંત જાણ્યું. સ્વામીએ જાણ્યું કે 'વર્ણી ઉગ્ર તપસ્વી છે, શરીર કૃશ છે છતાં તેજસ્વી અને શાંત છે. ૧. બાળ અવસ્થામાં રહેલા વર્ણી પોતાને વિષે અત્યંત સ્નેહાતુર છે.' આવાં વચન જ્યારે મયારામ ભટ્ટે મૌખિક કહ્યાં ત્યારે તે સાંભળીને સ્વામીની આંખોમાં આંસુ આવી ગયા. ૨. સ્વામી પોતે મનમાં ધીરજ રાખી તે શુભ પત્ર વાંચવા લાગ્યા. વર્ણીનાં સુંદર વચનને પહેલેથી છેલ્લે સુધી વાંચીને સ્વામી રાજી થયા. ૩.

સ્વામીએ સુંદરજીભાઈ આદિક બધા હરિભક્તોની આગળ વાત કહી. **ત્યારે સહુએ 'આ તો સાક્ષાત્ પરમેશ્વર છે.' એવો મનમાં નિશ્ચય કર્યો.** ૪. પત્રમાં લખેલો ભાવ જ્યારે સાંભળ્યો અને જાણ્યો ત્યારે હરિભક્તોનાં મનમાં ઘણો ઉત્સાહ થયો. સહુ વર્ણીની પ્રશંસા કરવા

करत बर्नि कर सकल प्रशंसा, मान हे कोई ईश्वर अंसा ॥०५॥

कहत सुनत प्राप्ति न होई, बाल वृद्ध नर नारी सोई ॥
स्वामी जानी लिन मन महीया, भई स्मृति पूर्वे ज्यो कहीया ॥०६॥

लिन जन्म पुनि मोरे स्वामी, धरी अवतार आये बहुनामी ॥
कृष्ण स्वामी जब धाम सिधारे, तबही एसा बचन उचारे ॥०७॥

असुरन कीन उपाधि भारी, रही बात मन में ज्यो धारी ॥
किन सकल असुरन संहार, धरी हुं अब दूसर अवतार ॥०८॥

सोई प्रतिज्ञा सत्य प्रभु कीना, निश्चे प्रभु अवतार सो लीना ॥
मन मही एसा करु अनुमाना, नयनी देखु परे तब जाना ॥०९॥

एसे मनमें बिच्यारा स्वामी, उद्धव आप चतुर बहुनामी ॥
किन चिकीछा मन मही जाना, हे श्रीकृष्ण नांही कोउ आना ॥१०॥

માંડ્યા અને મનમાં માન્યું કે આ કોઈ ઈશ્વરનો અંશ છે. ૫. બાળક કે વૃદ્ધ બધા નરનારી વર્ણીની વાતને કહેતા સાંભળતા હતા, પણ કોઈને તૃપ્તિ થતી ન હતી. તેમને શ્રીહરિનું યથાર્થ જ્ઞાન થયું ન હતું. છતાં પણ રામાનંદ સ્વામીએ બધું મનમાં જાણી લીધું અને તેમને પૂર્વની બધી વાતનું સ્મરણ થયું. ૬. તેમણે જાણ્યું કે 'મારા ઈષ્ટદેવે ફરીવાર જન્મ લીધો છે. તે બહુનામી અવતાર ધરીને લોજપુર આવ્યા છે. જ્યારે મારા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ સીધાવ્યા ત્યારે મને આવાં કાંઈક વચન કહ્યાં હતાં. ૭.

જ્યારે અસુરોએ ઘણી મોટી ઉપાધિ કરી ત્યારે મનમાં ધારેલી વાત રહી ગઈ હતી. પછી તો બધા અસુરોનો સંહાર કર્યો અને એમ કહ્યું હતું કે હવે પછી હું બીજો અવતાર ધારણ કરીશ. ૮. પ્રભુએ કરેલી તે પ્રતિજ્ઞાને અત્યારે સાચી કરી છે અને તેમણે ચોક્કસ અવતાર લીધો છે. અત્યારે તો હું મનમાં આવું અનુમાન કરું છું, પણ જ્યારે આંખે દેખીશ ત્યારે મને વિશેષ જણાશે.' ૯. સ્વામીએ મનમાં આવો વિચાર

पत्र महीं अभिप्राय हे ऐसा, और न सुज्ञ मुक्तानंद जैसा ॥
तिन ही लिखा बहुभाँति बनाई, अद्‌भुत ऐश्वर्य सुं उर लाई ॥११॥
मोर रूप देखा करी ध्याना, देखी यहां तहां किन बखाना ॥
जानत सब कर मनकी बात, ऐचत नारी प्रान साक्षाता ॥१२॥
यह क्रिया मानुष्यकी नांही, निश्चे में जाना मनमांई ॥
धरी देह निश्चे प्रभु आये, अस निश्चे स्वामी मन लाये ॥१३॥
करत बिच्यार समुझि मन महींया, बाहिर काहुं सुजात न कहींया ॥
पत्र लिखनका करत ईरादा, धर्म धीर वर बुद्धि अगाधा ॥१४॥
दोहा : प्रति उतर सो पत्रका, लिखत स्वामी निज हाथ ॥
दे उपमा श्रीकृष्णकी, मर्म सहित लिखी गाथ ॥१५॥

કર્યો. કારણ કે પોતે બહુનામી ઉદ્ધવ તો ઘણા ચતુર હતા. પછી તેમણે મનોમન વિચાર કરીને જાણી લીધું કે પત્ર લખનારા વર્ણી સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે પણ બીજા કોઈ નથી. ૧૦. પત્રમાં જે અભિપ્રાય લખ્યો છે તેને મુક્તાનંદ સ્વામી જેવા સુજ્ઞ જાણી શકે છે, પણ બીજા કોઈ જાણી શકે નહિ. તેણે પોતાના પત્રમાં ઘણી રીતે વિગતથી લખ્યું છે અને દિલમાં તેમનું અદ્‌ભુત ઐશ્વર્ય સમજીને લખ્યું છે. ૧૧.

વર્ણીએ મારાં સ્વરૂપનું ધ્યાન કરીને મને અહીંયા બરાબર દેખ્યો પછી તેણે ત્યાં લોજમાં મારાં સ્વરૂપની પ્રશંસા કરી. આ વર્ણી સહુનાં મનની વાતને જાણે છે અને સહુના નાડી પ્રાણને સાક્ષાત્ ખેંચે છે. ૧૨. આવી ક્રિયા કોઈ મનુષ્યની હોઈ શકે નહિ, આવું મારાં મનમાં નિશ્ચય જણાય છે એટલે ચોક્કસ સર્વનિયંતા પ્રભુ મનુષ્ય દેહ ધરીને આવ્યા છે. રામાનંદ સ્વામીએ આવો મનમાં નિશ્ચય કર્યો. ૧૩. સ્વામીએ વિચાર કરી મનમાં જ બધું સમજી રાખ્યું, પણ બહાર કોઈને સ્પષ્ટ રીતે કહ્યું નહિ. સ્વામીએ લોજ પત્ર લખવા ઇચ્છા કરી. પોતે ધર્મમાં અને ધીરજમાં સર્વોત્તમ છે, તેમની બુદ્ધિ પણ અગાધ છે. ૧૪.

जाने बुद्धिमान सो, और न जाने कोई ॥
गूढ शब्द छल आनीके, लिखत पत्र मुद होई ॥१६॥

सोरठा : प्रशंसीत बहु भाँति, बर्निराटको हरख भर ॥
सुनीयो संत एकांती, करीयो जत्न ब्रह्मचारीकर ॥१७॥
रहे लोजपुर मांय, सोई संत मोहे परमप्रीय ॥
करत हो मन बच काय, सेवा तीरथबासी कर ॥१८॥

चोपाई :
दुःखी बिरामी संतकी सेवा, सादर जुत करीये ततखेवा ॥
होई हे प्रसन्न प्रभु ततकाला, सुनीये सज्जन परम दयाला ॥१९॥
यह परमारथ हे अतिभारी, शास्त्र पुरान कहत श्रुतिच्यारी ॥

❀ રામાનંદ સ્વામીએ લોજ સંતો પર લખેલ પત્ર :

રામાનંદ સ્વામીએ લોજથી આવેલા પત્રનો પ્રત્યુત્તર પોતાને હાથે લખ્યો. તેમાં વર્ણીને શ્રીકૃષ્ણની બધી ઉપમા આપીને મર્મ સાથે બધી વાત લખી. ૧૫. જે બુદ્ધિમાન હોય તે જ તે મર્મને સમજી શકે પણ બીજો કોઈ સમજી શકે નહિ. સ્વામીએ મનની પ્રસન્નતાથી કેટલાક છળપૂર્વકના ગૂઢ શબ્દ પત્રમાં લખ્યા હતા. ૧૬.

સ્વામીએ હરખથી વર્ણિરાજને ઘણી રીતે વખાણ્યા હતા અને પત્રમાં લખ્યું હતું કે "બધા એકાંતિક સંત સાંભળો. તમે સહુ બ્રહ્મચારીની સાર સંભાળ રાખજો. ૧૭. જે લોજપુરમાં રહેલા સંતો છે તે મને ઘણા વહાલા છે. તમે સહુ મન, કર્મ, વચનથી તીર્થવાસીઓની સેવા કરી રહ્યા છો. ૧૮. પરમ દયાળુ બધા સંતો સાંભળો કે કોઈ સંત બીમાર હોય કે બીમારીને લીધે આરામ કરતા હોય તો તમે સહુ તેની તરત જ આદરથી સેવા કરજો. કારણ કે **બીમારની સેવા કરવાથી પ્રભુ તત્કાળ પ્રસન્ન થાય છે. ૧૯. બીમારની સેવા કરવી તે ઘણો મોટો પરમાર્થ છે, એમ શાસ્ત્રો, પુરાણો અને ચારેય વેદ કહે છે.** તે સેવા તમે ઘણા ખુશી

सो तुम करत हो अति मुद होई, तुम सम बडभागी नई कोई ॥२०॥
हमहुं तुम पर बहुत हे राजी, कहे बात मुखते का झाझी ॥
अष्ट प्रकारे धन त्रिया त्यागी, सब प्रकार प्रभु पद अनुरागी ॥२१॥
भुतल ऐसे संत न आना, मन क्रम बर्ते शास्त्र प्रमाना ॥
परम एकांति प्रभुकर दासा, हरि पद प्रीत अचल बिस्वासा ॥२२॥
ऐसे तुम हो परम पुनिता, तुंहर लछन्न गावत गीता ॥
परम प्रसन्न में तुम पर होई, आशिरवाद देउ सुनो सोई ॥२३॥
ब्रह्मचर्य निर्बिध्न तुमारा, रहो अचल यह बचन हमारा ॥
प्रभुपद प्रीत बढो अति भारी, कोउ बिघ्न शुं टरे न टारी ॥२४॥
ब्रह्मचर्य सो ब्रह्मस्वरुपा, सनतसुजात कहा मुनि भूपा ॥
ब्रह्मचर्य सुँ ब्रह्म गति पावे, सोउ संत ब्रह्मरुप कहावे ॥२५॥

થઈને કરો છો માટે તમારા જેવો બીજો કોઈ મોટો ભાગ્યશાળી નથી. ૨૦. હું તમારા સહુના ઉપર ખૂબ જ રાજી છું. મુખથી ઝાઝી વાત શી કહેવી ? તમે સહુએ અષ્ટ પ્રકારે ધન અને સ્ત્રીનો ત્યાગ કર્યો છે અને બધી જ રીતે તમે ભગવાનના ચરણના પ્રેમી થયા છો. ૨૧.

મન તથા કર્મથી શાસ્ત્ર પ્રમાણે વર્તો છો માટે આજે ભૂતળ ઉપર તમારા જેવા બીજા કોઈ સંતો નથી. તમે સહુ ભગવાનનાં ચરણમાં પ્રેમ રાખનારા તથા અચળ વિશ્વાસી છો અને ભગવાનના પરમ એકાંતિક દાસ છો. ૨૨. તમે આવા પરમ પવિત્ર છો તે તમારા જેવા સંતના શુભ લક્ષણ ગીતામાં કહેલા છે. હું તમારા ઉપર અતિ પ્રસન્ન છું અને આશીર્વાદ આપું છું, તેને તમે સહુ સાંભળો. ૨૩. તમારું સહુનું બ્રહ્મચર્ય નિર્વિઘ્ન અને અચળ રહે આવો મારો દૃઢ આશીર્વાદ છે. તમને સહુને પ્રભુનાં ચરણોમાં અતિશય પ્રેમ વધે અને તે પ્રેમ બીજા કોઈ વિઘ્નથી ટાળ્યો ટળે નહિ. ૨૪. મુનિવર્ય સનતસુજાતે બ્રહ્મચર્યને બ્રહ્મસ્વરૂપ કહ્યું છે. **જે સંત બ્રહ્મચર્ય પાળીને બ્રહ્મગતિને પામે છે તે સંત બ્રહ્મસ્વરૂપ કહેવાય છે.** ૨૫.

लिखावितं भुज नग्र सुँ स्वामी, रामानंद नामकर नामी ॥
आशिरवाद पूर्वक बांचो, स्वामिनारायन नाम हे साचो ॥२६॥
यहां हम कुशल श्रीकृष्ण प्रतापे, जपत हे श्रीनारायन जापे ॥
उभय पत्र तुमारा आवा, बांची समाचार सब पावा ॥२७॥
अभिप्राय जो पत्र मांई, सो बांची जाना सुखदाई ॥
बर्निराज आये तुम पासा, अति प्रतापी जानउ अविनासा ॥२८॥
दोहा : लिखा त्याग बैराग तुम, ब्रह्मचारी कर जेही ॥
योग ध्यान तप मनईसु, बने न एको येही ॥२९॥
साधारन नर यह नही, जानो कारन रूप ॥
आपन सब कर जानियो, ईष्टदेव सुखरूप ॥३०॥
सोरठा : करियो सब बिधि शेव, ज्युं राजी रहे बर्निबर ॥

ભુજનગરથી લિખાવિતં રામાનંદ સ્વામી, સર્વે નામનું નામી એવું સ્વામિનારાયણ નામ સત્ય છે એમ તમે સહુ અમારા આશીર્વાદપૂર્વક જાણજો. ૨૬. અહીં અમે સહુ શ્રીકૃષ્ણના પ્રતાપથી કુશળ છીએ અને શ્રીમન્નનારાયણનો જપ કરીએ છીએ. તમારા બંનેના પત્ર મળ્યા અને તે વાંચીને બધા સમાચાર અમને મળ્યા છે. ૨૭. તે પત્રમાં તમારો જે સુખદાયક અભિપ્રાય હતો, તે વાંચીને જાણ્યો છે. **તમારી પાસે જે વર્ણિરાજ આવ્યા છે તે અતિશય પ્રતાપી છે અને અવિનાશી છે, એમ મેં જાણ્યું છે.** ૨૮. તમે જે બ્રહ્મચારીનો ત્યાગ, વૈરાગ્ય વગેરે લખ્યું છે તેમજ યોગ, ધ્યાન અને તપ લખ્યું છે તેમાંથી એક પણ કોઈ મનુષ્યથી બની શકે તેવું નથી. ૨૯. **આ વર્ણી કોઈ સાધારણ મનુષ્ય નથી. તે તો સહુના કારણરૂપ છે અને તે આપણા સહુના સુખસ્વરૂપ ઈષ્ટદેવ છે તેમ જાણજો.** ૩૦. જે રીતે વર્ણી રાજી રહે તે રીતે, તેમને પોતાના ઈષ્ટદેવ જાણીને, તેમની બધી રીતની સેવા કરજો. મારાં આ વચનને તમે સહુ માનજો. ૩૧.

जानी निज ईष्टदेव, मानउ बचन हमार यह ॥३१॥
राखउ करी जतन, जान न पावे कोउ बिध ॥
सब बिधि करी प्रसन्न, रखियो जब लगी आवे हम ॥३२॥

चोपाई :
येही मर्म सब समुझी बिच्यारी, लेउ संत सब मन मही धारी ॥
शेवउ सब बिधि यह ब्रह्मचारी, तो मनु सेवा किन हमारी ॥३३॥
लघु वचन मही अर्थ अपारा, समुझत बुधि कुशाग्र हबारा ॥
लघुबीज मही बट बिस्तारा, त्युं कारन मही कार्य अपारा ॥३४॥
समुझी लेउ संत यह दृष्टांते, यामें मर्म रहा बहु भांते ॥
सब बिधि भुत अर्थ या माई, होई निष्पन्न तब जाना जाई ॥३५॥
बहु बिस्तार करे कहा होई, मर्म समुझे मेधावी सोई ॥

તમે તેમની ખૂબ જ સંભાળ રાખજો. કોઈ રીતે તે જતા રહે નહિ. જ્યાં સુધી અમે ત્યાં આવીએ ત્યાં સુધી તેમને બધી રીતે રાજી રાખજો. ૩૨. મારા કહેલા મર્મને તમે સહુ સંતો સમજી વિચારીને મનમાં ધારી લેજો. જો તમે આ બ્રહ્મચારીની બધી રીતે સેવા કરશો હું માનીશ કે તમે મારી સેવા કરી છે. ૩૩.

આ મારાં કહેલાં થોડાં વચનમાં પણ અર્થ અપાર ભર્યો છે. જેની કુશાગ્ર બુદ્ધિ હોય તે જ મારા અભિપ્રાયને સમજી શકે છે. જેમ નાના એવા બીજમાં વિશાળ વડ રહ્યો હોય છે તેમ કારણની અંદર મહાન કાર્ય ભર્યું હોય છે. ૩૪.

મારી વાતમાં ઘણી જાતનો જે મર્મ રહ્યો છે તેને તમે સહુ સંતો ઉપરના દૃષ્ટાંતથી સમજી લેજો. આમાં બધો જ વિધિરૂપ અર્થ ભર્યો છે. જ્યારે કાર્ય ઉત્પન્ન થશે ત્યારે જ તે તમને જણાશે. ૩૫. બહુ લાંબી વાત કરવાથી શું ? જે મેધાવી(ધારણા શક્તિવાળો) હોય છે તે આ મર્મને સમજી શકે છે.

सब बातन सिद्धांत हे येही, बर्नि जान न पावे तेही ॥३६॥
ईश्वर ईछासुँ यहां आये, अंतरजामी प्रेरी पठवाये ॥
हम तो तनी डुगडुगी बजावा, खेलनहार नट अब आवा ॥३७॥
होई हे खेल बहुत अब भारी, बिदित होई त्रिभुवन सुखकारी ॥
येही कारन तुमको बहुभांति, दृढता किन रहस्य कही खांती ॥३८॥
अब सुनी लेउ संत सुजाना, परम विवेकी तुम बुद्धिवाना ॥
रहे प्रसन्न बर्नि जेही भांति, सो उपाय करियो करी खांती ॥३९॥
करी नेह सेवा सब रीती, बढे बर्निकर तुम संग प्रीति ॥
योगकला ब्रह्मच्यारी पासा, शीखना सब बिधि करी अभ्यासा ॥४०॥
नेती धोती कुंजल नोली, भिस्ति उभय प्रकार आमोली ॥
परम तत्त्व हे योग अष्टंगा, शीखियो अनुक्रम करी उमंगा ॥४१॥

બધી વાતમાં એક જ સિદ્ધાંત છે કે વર્ણી કોઈ રીતે તમારી પાસેથી જતા રહેવા જોઈએ નહિ. ૩૬. ઈશ્વર ઇચ્છાથી વર્ણી આપણે ત્યાં આવ્યા છે. માનો, અંતર્યામી પ્રભુએ તેમને પ્રેરીને મોકલ્યા છે. હું તો નાની ડુગડુગી વગાડનારો છું પણ ખરેખર ખેલ કરનાર નટ તો અત્યારે ત્યાં આવ્યા છે. ૩૭. હવે આ વર્ણી ઘણો મોટો ખેલ કરશે અને તે સુખકારી સર્વ જગતમાં પ્રસિદ્ધ થશે. એટલા જ માટે તમને સહુને ઘણી રીતે મારાં રહસ્યની વાત દૃઢતા કરવા માટે ખંતથી કહી છે. ૩૮.

હવે સહુ સુજ્ઞ સંતો સાંભળો તમે ઘણા વિવેકી અને બુદ્ધિમાન છો. જે રીતે વર્ણી રાજી રહે તેવો ઉપાય તમે સહુ ખંતથી કરજો. ૩૯. બધી જ સેવા સ્નેહથી કરજો. તેનાથી તમને વર્ણીની સાથે હેત વધશે. તમે સહુ સંતો તે વર્ણીની પાસે બધી યોગ કળાઓ શીખીને બધી રીતે યોગનો અભ્યાસ કરજો. ૪૦. નેતી, ધોતી, કુંજર ક્રિયા, નોળી ક્રિયા, બે પ્રકારની બસ્તિ, આ બધી અમૂલ્ય ક્રિયાઓ છે તે અષ્ટાંગ યોગનું પરમતત્ત્વ છે; તેને તમે ઉત્સાહથી અનુક્રમે શીખજો. ૪૧. યમ, નિયમ, સુંદર આસન,

यम निम आसन अभिरामा, प्रत्याहार रु प्रानायामा ॥
ध्यान धारना योग समाधी, शिखीयो संत जन सबही साधी ॥४२॥

दोहा : अष्टांग योग अभ्यास बीन, योग सिद्ध नई होई ॥
ब्रह्मचर्य अष्ट भांति शुभ, रहे न सब बिधि सोई ॥४३॥

करना जुक्त जोगीको, निद्रा अहार बिहार ॥
जीतेंद्रीय तब होई हो, ज्यो सेवो ब्रह्मच्यार ॥४४॥

सोरठा : खट संपत्ति जुत होई, पर्म पुनित होई हरि भजउ ॥
होई पर्म निरमोई, मर्दन करउ मदनमद ॥४५॥

मैथुन अष्ट प्रकार, सुमरन कीर्तन केली दरस ॥
गुह्य भाषन परिहार, तजी संकल्प अध्यास कीया ॥४६॥

પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ, આ આઠેય અંગને બધા જ સંતો શીખીને સાધજો. ૪૨. અભ્યાસ વિના અષ્ટાંગ યોગ સિદ્ધ થતો નથી. અને યોગ સાધ્યા વિના સારી રીતનું શુભ અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય બધી રીતે રહેતું નથી. ૪૩. યોગ સાધનારાએ નિદ્રા, આહાર તથા વિહાર યુક્ત(પ્રમાણસર) કરવા. જો બ્રહ્મચર્ય પાળવામાં આવે તો જ તે જિતેન્દ્રિય બની શકે છે. ૪૪.

શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાનરૂપ છ સાધન યુક્ત થઈને પરમ પવિત્ર પરમેશ્વર શ્રીહરિનું ભજન કરવું. વળી અત્યંત નિર્મોહી થઈને કામ તથા ગર્વનું દમન કરજો. ૪૫. સ્ત્રી સંબંધી જે શ્રવણ, કીર્તન, ક્રીડા, જોવું, ગુપ્ત ભાષણ, સંકલ્પ, નિશ્ચય અને સાક્ષાત્ સમાગમ, આ આઠ પ્રકારે સ્ત્રીનો જે પ્રસંગ રાખવો તેને આઠ પ્રકારનું મૈથુન કહેવાય છે. તેનો પરમ ભાગ્યશાળી સંતોએ સર્વથા ત્યાગ કરવો. આવા જે ધર્મનિષ્ઠ સંતો હોય છે, તેમના ઉપર ભગવાન હંમેશાં પ્રસન્ન રહે છે. ૪૬-૪૭.

चोपाई :

अष्टभ्रांती मैथुन करी त्यागा, कर्तउ संत परम बडभागा ॥
ऐसे धर्मनिष्ठ जे संता, तिन पर प्रसन्न सदा भगवंता ॥४७॥
मुक्तानंद आदिक सब त्यागी, सुनो मम बचन होई अनुरागी ॥
बरनि बिषे रखीयो गुरुभावा, स्नेह सहित करी परम उछावा ॥४८॥
तप करी कृष हे बर्नि शरीरा, अन्न जल पोषन करीयो सुधीरा ॥
पुनित बीतते वैशाक मासा, ऐहुं हमहुं तुमरे पासा ॥४९॥
रखियो तबलु करी स्नेहा, जात न रहे बर्नि निस्प्रेहा ॥
ऐसा समाचार बहु भांति, उत्तर लिखा पत्र करी खांती ॥५०॥
निलकंठ पत्रि कर स्वामी, लिखत हे उत्तर बहुनामी ॥
अक्षरनिवासी श्रीघनश्यामा, सो तुम आये पूरनकामा ॥५१॥
कृष्ण क्रिपा करी धरी पुनि देहा, लिने नाथ हेरि करी नेहा ॥

મુક્તાનંદ સ્વામી આદિક સહુ ત્યાગી સંતો મારાં વચનને ઘણા પ્રેમપૂર્વક સાંભળો. તમે સહુ તે નીલકંઠવર્ણીમાં ઘણા ઉત્સાહથી અને પ્રેમથી ગુરુભાવ રાખજો. ૪૮. તે વર્ણીનું શરીર તપને લીધે અતિશય કૃશ થયું છે, તો તમે ધીરજ રાખીને તેનું અન્ન જળે કરીને પોષણ કરજો. વળી વૈશાખ માસ વીતતા અમે તમારી પાસે આવશું. ૪૯. હું આવું ત્યાં સુધી તમે બધા વર્ણીને સ્નેહથી રાખજો પણ તે નિઃસ્પૃહ વર્ણી જતા ન રહે તેવું ધ્યાન રાખજો." આ રીતે સદ્ગુરુ રામાનંદ સ્વામીએ ઘણી જાતના સમાચાર ખંતથી ઉત્તર પત્રમાં લખ્યા. ૫૦.

❈ રામાનંદ સ્વામીએ વર્ણિરાજના પત્રનો લખેલ ઉત્તર :

પછી બહુનામી રામાનંદ સ્વામી નીલકંઠવર્ણીના પત્રનો ઉત્તર લખવા લાગ્યા કે **"આપ અક્ષરાધિપતિ શ્રીઘનશ્યામ છો, પૂર્ણકામ છો તે અત્યારે અહીં આવ્યા છો.** ૫૧. હે કૃષ્ણ ! તમે કૃપા કરીને ફરી આ મનુષ્ય દેહ ધાર્યો છે. હે દેવાધિદેવ નાથ ! તમે અમારા ઉપર સ્નેહભરી

तापस रूप रु बर्नि बेशा, कौन प्रयोजन लिन सुरेशा ॥५२॥
लिखा पत्र तुमने सो आवा, बांची समाचार हम पावा ॥
सुनि प्रक्रति हम किन बिच्यारा, मनुष्या नाई निश्चे निरधारा ॥५३॥
भक्ति धर्म ग्यान बैरागा, ईनकर किन वर्म बडभागा ॥
येहि कर कछु आश्चर्य प्रभुनाई, सब विधि समर्थ हो सुखदाई ॥५४॥
करत हो तुम श्रीकृष्णको ध्याना, सोतो आपुई तुम भगवाना ॥
अब क्रिपा करी संत मही नाथा, रहना थिर होईके सुखपाथा ॥५५॥
वैशाक मास उतरते जानो, अई हुं निश्चे फेर न मानो ॥
अई हुं हम श्रीगाम पीपलाने, तहां तुम आवउ अवधि प्रमाने ॥५६॥
दोहा : तुमरा हमरा होई हे, बर्नि तहाँ मिलाप ॥
रहियो अती आनंदमें, तजी बिरह तन ताप ॥५७॥

દૃષ્ટિ કરી છે તો આ તપસ્વીરૂપ વર્ણીનો વેશ શા સારું આપે લીધો છે ? ૫૨. તમે જે પત્ર લખ્યો છે તે મને મળી ગયો છે અને તેના બધા સમાચાર અમને મળ્યા છે. તમારી પ્રકૃત્તિ સાંભળીને મને વિચાર થયો છે કે આપ કોઈ સામાન્ય મનુષ્ય નથી, તે ચોક્કસ અને નિર્ધારિત વાત છે. ૫૩. ભક્તિ, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, આ ચારેયનું મહાન ભાગ્યશાળી તમે કવચ કર્યું છે. તો તેનાથી પ્રભુ અમને કોઈ આશ્ચર્ય લાગ્યું નથી.

સુખદાયક તમે તો બધી રીતે સમર્થ છો. ૫૪. તમે જે શ્રીકૃષ્ણનું ધ્યાન કરો છો, તે ભગવાન તો તમે પોતે જ છો. સુખસાગર હે નાથ ! હવે કૃપા કરીને તમે સહુ સંતોમાં સ્થિર થઈને રહેજો. ૫૫. હવે પછી વૈશાખ મહિનો ઊતરતા હું ચોક્કસ ત્યાં આવીશ એમ જાણજો . તેમાં કોઈ ફેર માનશો નહિ. હું પીપલાણા ગામ આવીશ અને ત્યાં તમે સહુ કહેલા અવધિ પ્રમાણે આવજો. ૫૬.

હે વર્ણિન્ ! અમારો તથા તમારો ત્યાં મેળાપ થશે. વિરહથી શરીરમાં થતા સંતાપનો ત્યાગ કરીને તમે અતિશય આનંદમાં રહેજો.

तुमका दर्शकि हे अती, ईच्छा परम सुजाना ॥
सो में जानत सब बीधी, बर्निराज भगवान ॥५८॥

सोरठा : यहां आवनकी नाथ, ठिक नहीं है बिकट पथ ॥
रही संत कर साथ करियो भजन, होई मुदित मन ॥५९॥

येही करन द्विजराज, यहां आवनकी नाह कई ॥
बिचवां दुष्ट समाज, देत दुःख कुमति असुर ॥६०॥

चोपाई :
जस तुमका प्रीत हम मांई, तस हमका तुम सुरराई ॥
यह कारन में बर्नि पुनीता, एहुं जलदी राखी चीता ॥६१॥

तुम जैसे पुरुषन कर संगा, जानत हुं दुर्लभ श्रीरंगा ॥
तुम सरीखन वर चरन उपासी, होई हे नर पुनित सुखराशि ॥६२॥

---

૫૭. મને પણ તમારાં દર્શનની ઘણી અતિશય ઇચ્છા છે. હે સુજાણ વર્ણિરાજ ! તમે ભગવાન છો એમ હું બધી રીતે જાણું છું. ૫૮. **હે નાથ ! અહીંયા આવવા માટેનો માર્ગ સારો નથી, ઘણો વિકટ છે. માટે સંતોની સાથે રહીને પ્રસન્ન મનથી ભગવાનનું ભજન કરતા રહેજો.** ૫૯.

અને હે દ્વિજરાજ ! તેટલા માટે જ મેં તમને અહીં આવવાની ના કહી છે. કારણ કે રસ્તામાં દુર્બુદ્ધિ અસુરોનો દુષ્ટ સમાજ લોકોને ઘણું દુઃખ દે છે. ૬૦. **હે દેવાધિદેવ ! જે રીતે તમને મારા ઉપર હેત છે તે રીતે જ મને પણ તમારા ઉપર હેત છે.**

માટે હે પવિત્ર વર્ણી ! આ જ કારણને મારાં મનમાં રાખી હું જલદીથી ત્યાં આવીશ. ૬૧. **હે શ્રીરંગ ! તમારા જેવા સત્પુરુષનો સમાગમ મળવો તેને હું દુર્લભ માનું છું. તમારા સમાન સત્પુરુષનાં ચરણની ઉપાસના કરનાર મનુષ્ય અતિશય પવિત્ર અને સુખસંપન્ન થાય છે.** ૬૨.

तुम जैसन की मिले ज्यो सेवा, तो मनु पुजे अखील जग देवा ॥
मोरे प्रित ऐसे जनमाई, तैसि मोर हे देहमें नांई ॥६३॥
तुमका बहुत हेत हम महीयाँ, तदपि यहां रहियो सुखदैया ॥
बचन उलंधि ज्यो तुम ऐहो, तो बर्नि मनमें पछतैहो ॥६४॥
तप त्याग कर तजी खुंमारी, सहज स्वभाव राखियो तनधारी ॥
तप करी कृश हे देह तुमारा, जियो अन मानि बचन हमारा ॥६५॥
अब ना करियो तप महाराजा, रखियो देह हम दर्शन काजा ॥
करियो सब विधि भोजन पांना, करना काज देहसुँ नाना ॥६६॥
सोरठा : अस बिचारी मनमांई, लिखा पत्र स्वामिन शुभग ॥
पुनित पत्र मुदपांई, बिडा नीजकर करी बरद ॥६७॥
लिखा उपर श्रीनामा, पहुंचे बर्नीराज कर ॥

તમારા જેવાની જો સેવા મળે તો માનો, સર્વ જગતના દેવોની પૂજા કરી છે. તેવી સેવા કરનારા મનુષ્યમાં મને જેવું હેત થાય છે તેવું હેત તો મને પોતાનાં શરીરમાં પણ થતું નથી. ૬૩. તમને મારા ઉપર ઘણું હેત છે છતાં પણ હું અહીંના ભક્તોને સુખ દેવા માટે રહ્યો છું. મારાં વચનને ઉલ્લંઘીને તમે જો આવશો તો હે વર્ણી ! પછીથી મનમાં પસ્તાશો. ૬૪. તમે તપ તથા ત્યાગની ખુમારીનો ત્યાગ કરીને સહજ સ્વભાવિક રીતે શરીરને ધારી રાખો. તમારું શરીર તપે કરીને અતિશય કૃશ છે તો અમારું વચન માનીને તમે અન્ન જમો. ૬૫. મહારાજ ! હવે તમે તપ કરશો નહિ. અમને દર્શન થાય એટલા માટે દેહને રાખજો. બધી રીતે ખાવા પીવાનું કરજો અને શરીરથી બધી જાતનું કામકાજ કરજો." ૬૬.

રામાનંદ સ્વામીએ મનમાં વિચાર કરીને આવો સુંદર પત્ર લખ્યો. પછી સ્વામીએ પ્રસન્નતાથી તે પવિત્ર પત્રને પોતાના વરદ હાથે કવરમાં બીડ્યો. ૬૭. પછી તે કવરના ઉપર સરનામું લખ્યું કે જેનાથી તે પત્ર વર્ણિરાજના હાથમાં પહોંચે. સ્વામીએ તે પત્ર મયારામ ભટ્ટના હાથમાં

दिना हाथ मयारामा, कहियो नारायण सुभग मति ॥६८॥

दोहा : तदनंतर मयाराम भट्ट, निकसे करी प्रनाम ॥
सप्तदिना मंहि आयके, दिन पत्र अभिराम ॥६९॥

मुक्तानंद मुनि संत सब, पत्र लिन करमांई ॥
सजल नयन गद्गद होई, छाती शिश चढाई ॥७०॥

बर्नि मुक्तानंद संत, बांचि भये आनंद ॥
प्रेमानंद रहे बर्नि तहाँ, मुदित होई सुखकंद ॥७१॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते रामानंद स्वामी पत्र उत्तर प्रेशन नामा त्रयस्त्रिंशोऽध्याय: ॥३३॥



આપ્યો અને કહ્યું કે "સહુ શુદ્ધ બુદ્ધિના સંતોને અમારા નારાયણ કહેજો." ૬૮. તે પછી મયારામ ભટ્ટ સ્વામીને પ્રણામ કરીને ભુજથી નીકળ્યા. તે સાત દિવસે લોજમાં આવ્યા અને તે મનોહર પત્ર આપ્યો. ૬૯. મુક્તાનંદ સ્વામી તથા સહુ સંતોએ તે પત્રને હાથમાં લીધો. સહુની આંખોમાં ભક્તિનાં આંસુ આવી ગયા અને હૃદયથી ગદ્ગદ થઈ ગયા. પછી પત્રને માથે ચઢાવ્યો. ૭૦. તે પત્રને વાંચીને વર્ણિરાજ શ્રીહરિ, મુક્તાનંદ સ્વામી તથા સહુ સંતો અતિશય આનંદિત થયા.

પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે પછી તો સર્વ સુખનું મૂળ વર્ણી ત્યાં પ્રસન્ન થઈને રહ્યા. ૭૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'રામાનંદ સ્વામીએ પ્રત્યુત્તરનો પત્ર લોજ મોકલ્યો' એ નામે તેત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૩



अध्याय - ३४

दोहा : संत समागम करत प्रभु, बिता बैसाक मास ॥
अवधि गई स्वामी कई, कस न आये अविनाश ॥०१॥

कहत बर्नि सुनो संत जन, मुक्त मुनि महा श्रेष्ठ ॥
गया बैसकवा वीतके, गया पुनि आधा जेष्ठ ॥०२॥

सोरठा : कहे मुनी मुक्तानंद, चिंता न करउ सुखसदन ॥
आज काल सुखकंद, समाचार आवहि तुरत ॥०३॥

धरत न बर्नि धीर, करत सोच जिमि अज्ञ नर ॥
बोलत बचन रुचिर, भया विघ्न कछु मुकर बिच ॥०४॥

અધ્યાય - ૩૪

વર્ણી તથા રામાનંદ સ્વામીનો મેળાપ,
પછી દીક્ષા તથા ધર્મધુરા સોંપીને સ્વામીનું બદરિકાશ્રમ ગમન

વર્ણિરાજ શ્રીનીલકંઠ પ્રભુ લોજમાં સંતોનો સમાગમ કરતા હતા અને તેમાં વૈશાખ માસ વીતી ગયો. સ્વામીએ કહેલ અવધિ પૂરો થયો પણ અવિનાશી રામાનંદ સ્વામી કેમ આવ્યા નહિ ? ૧. વળી વર્ણી કહેતા, 'સંતવર્ય મુક્તાનંદ સ્વામી ! તમે સાંભળો. વૈશાખ માસ વીતી ગયો, અડધો જેઠ પણ ગયો; સ્વામી કેમ ન આવ્યા ?' ૨.

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે 'હે સુખનિધિ ! તમે ચિંતા ન કરો. સર્વ સુખનાં મૂળરૂપ સ્વામીના સમાચાર આજ કાલમાં તરત જ આવશે.' ૩. પરંતુ વર્ણીને ધીરજ રહેતી નહિ અને અજ્ઞાની માણસની જેમ શોક કરવા લાગતા. તે સુંદર વચન બોલતા અને કહેતા કે 'નક્કી કરેલા સમયમાં વચ્ચે કાંઈક વિઘ્ન જરૂર આવ્યું છે.' ૪. શ્રીરામાનંદ સ્વામીના કાંઈ સમાચાર ન આવ્યા ત્યારે આ રીતે વર્ણી પસ્તાવો કરતા હતા.

चोपाई :

एसे करत बर्नी पछतावा, समाचार स्वामी कर नावा ॥
गिरि रेवत कर छांया मांई, गाम पीपलाना वर सुखदाई ॥०५॥
तहाँ रहे द्विज नरसै मेहेता, सद्गुन जुत वर वचन बिनेता ॥
ताकर भुवन आये अविनाशी, रामानंदस्वामी सुखराशि ॥०६॥
रहे लोज महीं संत समाज्यु, कुरजि नाम एक द्विज राज्यु ॥
पठवाता है लोजपुर महींयाँ, लाओ बोलाए संतजन अहिंया ॥०७॥
चला बिप्रवर लागी पाई, आवा तुरत लोजपुर मांई ॥
दिन बधाई बिप्र शिरनामी, आये गाम पीपलाने स्वामी ॥०८॥
पठवा मोहे स्वामी करी नेहा, लाओ बोलाए संत ततखेवा ॥
सुनि बिप्रकर अमृतबानी, भये मुदित मन संत बिग्यानी ॥०९॥

અને તે જ સમયમાં ગિરનાર પર્વતની છાંયામાં એક સારું સુખદાયક પીપલાણા નામે ગામ છે. ૫. ત્યાં શ્રેષ્ઠ સદ્ગુણથી યુક્ત, વચન પાળનારા નરસિંહ મહેતા નામે એક બ્રાહ્મણ રહેતા હતા. સર્વ સુખના રાશિ, અવિનાશી શ્રીરામાનંદ સ્વામી તે નરસિંહ મહેતાને ઘેર આવ્યા. ૬. લોજમાં જે સંતોનો સમાજ રહેતો હતો, તેને સમાચાર આપવા માટે કુંવરજી નામે એક વિપ્રવર્યને મોકલ્યા. તેમને કહ્યું કે ‘લોજપુરમાં જે સંતો છે તેમને અહીં બોલાવી લાવો.’ ૭.

ત્યારે તે વિપ્ર સ્વામીને પગે લાગીને ચાલતા થયા અને લોજપુર ગામ આવ્યા. તેણે ત્યાં આવી સંતોને મસ્તક નમાવી અને વધામણીના સમાચાર આપ્યા કે ‘શ્રીરામાનંદ સ્વામી પીપલાણા ગામ આવ્યા છે. મને સ્વામીએ હેતથી અહીં મોકલ્યો છે અને કહ્યું છે કે તમે અહીં તત્કાળ સંતોને બોલાવી લાવો.’ તે વિપ્રની અમૃત જેવી વાણીને સાંભળીને બધા સુજ્ઞ સંતો મનમાં ઘણા ખુશી થયા. ૯.

कहे नीलकंठ बर्नीराया, अबहि चलो संत करी दाया ॥
बोले तब मुक्तानंदस्वामी, सुनो बर्निंद्र महा निष्कामी ॥१०॥
चली हुं सुधाधर उगे नाथा, तुम हम संत लेई सब साथा ॥
उदय भया अत्रिसुत च्यारू, चले संत तब परम उदारू ॥११॥
अति आतुर दर्श अभिलाखी, चलत चलत बर्नि गये थाकी ॥
बैठे बिच थाकी गये पाऊं, लगे पुछन के कोस हे गाऊं ॥१२॥
तब बोले मुक्तानंद स्वामी, गाम दुर हे अंतरजामी ॥
कहो तो तुमका लेई उठाई, तब तो पहुंचे झटती जाई ॥१३॥
करी धारना धर्मकुमारा, चले बर्नि मनु गिरा ज्युं तारा ॥
के मनु उडा जात उरगारी, के मनु मारूत सुत भयहारी ॥१४॥
दोहा : रहे संत पीछे परि, कोउ न पहुंचे साथ ॥

ત્યારે વર્ણિરાજ નીલકંઠે કહ્યું કે 'સ્વામી ! આપણે અત્યારે જ ચાલીએ. બધા સંતો મારા ઉપર દયા કરો.' ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે 'મહાન નિષ્કામી હે વર્ણિંદ્ર ! તમે સાંભળો. જ્યારે ચંદ્રોદય થાય ત્યારે અમે અને તમે સહુ સંતો સાથે ચાલીએ.' પછી જ્યારે સરસ ચંદ્રોદય થયો ત્યારે બધા પરમ ઉદાર સંતો ચાલ્યા. ૧૦-૧૧. દર્શનની તીવ્ર ઈચ્છા રાખનારા નીલકંઠવર્ણી દર્શન વિના આતુર હતા. તે રસ્તામાં ચાલતા ચાલતા થાકી ગયા. જ્યારે પગ થાકી ગયા ત્યારે રસ્તામાં બેસી ગયા અને તેમણે પૂછ્યું કે 'પીપલાણા કેટલા ગાઉ દૂર છે ?' ૧૨.

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે 'હે અંતર્યામી વર્ણી ! પીપલાણા ગામ ઘણું દૂર છે. તમે જો કહો તો તમને સંતો ઉઠાવી લે અને જો ઉઠાવી લેશે તો જ જલદીથી પહોંચાશે.' ૧૩. ત્યારે ધર્મકુમાર વર્ણીએ યોગધારણા કરી અને આકાશમાંથી જેમ તારો ખરે તેમ ચાલ્યા અથવા તો માનો, ગરુડજી ઊડ્યા હોય કે પવનપુત્ર ભયહારી હનુમાનજી ઊડ્યા હોય તેમ લાગતું હતું. ૧૪. પછી તો બધા સંતો પાછળ રહી ગયા.

बर्ति रखी अंतर मही, उडे जात मनु नाथ ॥१५॥
वहे सरित ओझत अति, तिव्र हे पूर प्रचंड ॥
परे पूर मही बर्नी बर, ठाडे जात मनुं दंड ॥१६॥

सोरठा : निलकंठ ब्रह्मचारी उतरेउ सिधे तीर सम ॥
विकट सरित बडभारी, उतरी थाडे नाथ तट ॥१७॥
ओर संत बरजोर, करी प्रयत्न उतरेउ सकल ॥
भये सकल एक ठोर, आये गाम मंहि बर्नि जुत ॥१८॥

चोपाई :
नरसै महेता द्विज घर आये, बर्नि संत उर हरख न माये ॥
संवत १८५६ अठारसो छपना मांई, जेठ वदी १२ द्वादशी सुखदाई ॥१९॥
तेहि दिन मीले परम करी प्रीति, श्रीस्वामी का अति रस रीती ॥

વર્ણીની સાથે ચાલવામાં કોઈ પહોંચ્યા નહિ. તેમણે પોતાની મનોવૃત્તિ અંતઃસન્મુખ રાખી. માનો કે નાથ ઊડ્યા જાય છે ! ૧૫.

પીપલાણા ગામની પાસે ઓઝત નદી છે. તેમાં ઘણું પ્રચંડ વેગવાળું પૂર આવ્યું હતું પરંતુ વર્ણિરાજ તો તે પૂરમાં પડ્યા અને ઊભી રાખેલી લાકડી હોય તેમ પાણી ઉપર ચાલ્યા ગયા. ૧૬. નીલકંઠવર્ણી તો છોડેલા તીરની જેમ સીધા જ સામે કિનારે પહોંચ્યા. નદીમાં પાણી ઘણું હોવાથી તે તરવું ઘણું વિકટ હતું, પરંતુ નાથ શ્રીહરિ તો નદી ઊતરી સામે કિનારે ઊભા રહ્યા. ૧૭. બીજા બધા સંતો હતા તેઓ તો ઘણી મહેનતે નદી ઊતર્યા. બધા એક જગ્યાએ ભેળા મળ્યા. પછી વર્ણીને સાથે લઈ સહુ પીપલાણા ગામમાં આવ્યા. ૧૮.

❁ વર્ણિરાજ તથા ગુરુદેવનું પીપલાણામાં અદ્‌ભુત મિલન :

વર્ણી તથા સંતો વિપ્ર નરસિંહ મહેતાને ઘરે આવ્યા. સંતોનાં દિલમાં હર્ષ સમાતો ન હતો. વિ.સં. ૧૮૫૬ના જેઠ વદિ સુખદાયક દ્વાદશીનો દિવસ હતો. ૧૯. તે દિવસે વર્ણી અને સહુ સંતો અતિશય

सो स्वामी कैसे छबी वाना, गौर पुष्ट तन क्रिपानिधाना ॥२०॥
श्वेतांबर धारे सब अंगा, नैष्ठिक बर्नि बेश उतंगा ॥
ऐसे स्वामी सब सुखधामा, अंग अष्ट किनेउ प्रनामा ॥२१॥
मीले अंक भरी नेह बढाई, प्रेम प्रीतकी कही न जाई ॥
श्रीस्वामी पुनी बर्निराया, मीले दोउ उर हरख न माया ॥२२॥
गद्‌गद कंठ सजल चहुं नेना, बोली न शकत परस्पर बेना ॥
स्नेह अवधि कछु बरनि न जाई, कहा देउ उपमा नही पाई ॥२३॥
मनहु वछ निज मातु पावा, चात्रुक स्वांत ज्युं त्रषा बुझावा ॥
मिले बर्नि स्वामी उर लाई, पूरव प्रीत बहुत उर छाई ॥२४॥
मिले परस्पर पाये चेना, पलक परस्पर परत न नेना ॥

પ્રેમથી શ્રીરામાનંદ સ્વામીને મળ્યા. તે રામાનંદ સ્વામીની છબી કેટલી સુંદર હતી ! તેમનું શરીર ગોરું, પુષ્ટ અને કૃપાનિધિ હતું. ૨૦. અંગ ઉપર બધા શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને વર્ણીના સમાન ઉત્તમ વેશ હતો. આવા સર્વ સુખનાં ધામ જેવા રામાનંદ સ્વામીને સહુએ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. ૨૧. પછી સહુ બાથ ભીડીને હરખતે હૈયે મળ્યા. અન્યોન્યનો પ્રેમ કહી શકાતો નથી.

વળી શ્રીરામાનંદ સ્વામી અને વર્ણિરાજ નીલકંઠ પ્રભુ જ્યારે મળ્યા ત્યારે તે બંનેને થયેલો આનંદ હૃદયમાં સમાઈ શક્યો નહિ. ૨૨. તેઓ ગદ્‌ગદ કંઠ થઈ ગયા હતા, આંખોમાં હેતનાં આંસુ આવી ગયા હતા અને પરસ્પર કોઈ વેણ બોલી શકતા ન હતા. તેમનો સ્નેહ કેટલો હતો ? તે કાંઈ વર્ણન કરી શકાતું નથી. હું તેને કઈ રીતે કહું ? મને કાંઈ ઉપમા જડતી નથી. ૨૩. માનો, વિખૂટું પડી ગયેલું વાછડું તેની માતા ગાયને પામે અને જેમ રાજી થાય અથવા તો તરસ્યા ચાતક પક્ષીને સ્વાતિ નક્ષત્રનું પાણી મળવાથી તરસ મટે તેમ વર્ણી જ્યારે સ્વામીને

मिलिकर बैठे स्वामी पासा, अरसपरस दृग मिटत प्यासा ॥२५॥
बर्नि स्वरूप बिलोकी स्वामी, भये प्रसन्न बहुत बहुनामी ॥
पाये आनंद अति अनिकेता, मन बुधि जीय नेन समेता ॥२६॥
बर्निकर वृत्तांत सुच्यारु, स्वामी पुछत भये उदारु ॥
तब तेही निलकंठ ब्रह्मचारी, जन्मस्थान कुल तात महतारी ॥२७॥
कहत भयेउ बर्नि मुद आनी, साखा गोत्र प्रबर बेद जानी ॥
ईष्टदेव गुरू आदि जेते, कहत भयेउ यथाविधि तेते ॥२८॥
दोहा : तथा तीव्र वैराग्य नीज, किन स्वजन कर त्याग ॥
तथा ज्युं बीचरे बनमही, बर्नि करी अनुराग ॥२९॥
किन तपस्या बहुत बिधी, साधा योग अष्टांग ॥

મળ્યા ત્યારે તેવો સંતોષ થયો. પરસ્પર બંનેનાં હૃદયમાં પૂર્વનો પ્રેમ ઘણો છવાઈ ગયો હતો. ૨૪. **વર્ણી અને સ્વામી જ્યારે પરસ્પર મળ્યા ત્યારે તેમને ચેન પડ્યું. બંનેની આંખો ઉપર પલક પણ પડતી ન હતી. વર્ણી મળ્યા પછી સ્વામીની પાસે બેઠા. પરસ્પર દેખીને દષ્ટિની પ્યાસ ટળતી હતી.** ૨૫. બહુનામી રામાનંદ સ્વામી વર્ણીનાં સ્વરૂપને દેખીને ઘણું પ્રસન્ન થયા. નિત્ય પ્રવાસી વર્ણિંદ્રને પણ મન, બુદ્ધિ, આત્મા અને નેત્રોએ સહિત બધા અંગમાં અતિશય આનંદ થયો. ૨૬. તે પછી ઉદાર સ્વભાવના સ્વામીએ વર્ણીને તેનું સુંદર વૃત્તાંત પૂછ્યું.

ત્યારે તે નીલકંઠ બ્રહ્મચારીએ પોતાનું જન્મ સ્થાન, કુળ અને માતા પિતા, એ બધાની વાત પ્રસન્નતાથી કહી. શાખા, ગોત્ર, પ્રવર અને વેદ પણ કહ્યા. તેમજ ઈષ્ટદેવ તથા ગુરુ આદિક જે કાંઈ પણ કહેવું જોઈએ તે બધું યથાવિધિ કહ્યું. ૨૭-૨૮. પોતાનો તીવ્ર વૈરાગ્ય, સ્વજનોનો ત્યાગ તથા પોતે વનમાં જે રીતે ફર્યા હતા, તે બધી વાત ઘણા હેતથી કહી. ૨૯. વળી પોતે જે ઘણી જાતની તપશ્ચર્યા કરી હતી, અષ્ટાંગયોગ

तीरथ यात्रा किन जहा, कहासो सांगोपांग ॥३०॥

सोरठा : पाखंडी गुरुरूपा रहे, तीरथ मांही असुरगन ॥
निज द्वेसी दुःखरूप, किन पराजय सकलविध ॥३१॥

यह आदिक निज जेह, कहत भयेउ वृत्तांत सब ॥
सविस्त्रित करी नेह, अनुक्रम करी कहे बरनिबर ॥३२॥

चोपाई :

तब तेही बात सुनीके स्वामी, भये प्रसन्न सकल सुखधामी ॥
पुनी बोले स्वामी सुखगेहा, निलकंठ प्रति करी सनेहा ॥३३॥

हे बर्निबर तुमतो हमारे, अब हम सबविधी जाना प्यारे ॥
काहे ते कहु सुनो प्रसंगा, तुंहरे तात धर्म शुध अंगा ॥३४॥

प्रथम प्रयाग क्षेत्र महि जानो, सत्य कहु बर्नि उर आनो ॥
हमहि ते पहिले प्रबीना, सबविधि भागवती दिक्षा लिना ॥३५॥

સાધ્યો હતો અને તીર્થ યાત્રા કરી હતી, તે બધી સાંગોપાંગ વાત કહી. ૩૦. તીર્થોમાં પાખંડી ગુરુને રૂપે જે અસુરગણો રહ્યા હતા તે વાત કહી અને દુઃખરૂપ પોતાના દ્વેષી અસુરોનો જે રીતે પરાજય કર્યો હતો, તે બધી વાત કહી. ૩૧.

વર્ણિવરે આગળ જે કહ્યું તે બધું પોતાનું જે વૃત્તાંત હતું, તે અનુક્રમે સવિસ્તૃત હેતથી કહ્યું. ૩૨. વર્ણીની વાત સાંભળીને સમગ્ર સુખનાં ધામ જેવા સ્વામી પ્રસન્ન થયા અને તે સુખધામ સ્વામી હેતથી નીલકંઠવર્ણીના પ્રત્યે ફરીથી બોલ્યા, ૩૩.

'હે પ્યારા વર્ણિરાજ ! તમે તો અમારા જ છો. અત્યારે અમને બધી વાતની ખબર પડી છે. તે શું છે ? તો તેનો પ્રસંગ સાંભળો. તમારા પિતા ધર્મદેવ બધી રીતે પવિત્ર હતા. ૩૪. વર્ણિરાજ ! તમે મનમાં ધારો. હું સાચી વાત કહું છું કે પહેલા પ્રયાગ ક્ષેત્રમાં પરમ નિપુણ તમારા પિતાએ અમારી પાસેથી ભાગવતી દીક્ષા લીધી હતી. ૩૫.

हमरी आज्ञा करी बडभागा, मुमुक्षु कां करी अनुभागा ॥
श्रीकृष्ण भगवान की जेही, धर्म सहित भक्ति वर तेही ॥३६॥
करत रहे जन का उपदेशा, रहे बिराजत कौशल देशा ॥
तेही धर्मकर तुम हो कुमारा, दिव्य अमाईक तव आकारा ॥३७॥
तुमारे तात सु अधिक गुनवांना, सब गुन पुरन हो भगवाना ॥
येही प्रकार स्वामी करबानी, सुनि मुदित भये बर्नि ग्यानी ॥३८॥
होई मुदित रहे स्वामी पासा, बर्निराज अकल अविनाशा ॥
संवत १८५७ अठार सतावन माई, कार्तिक सुदी ११ एकादशी आई ॥३९॥
तेदीना स्वामीसुँ लीनी, भागवत दिक्षा ग्रहन किनी ॥
धरा स्वामी सहजानंद नामा, और नारायनमुनि गुनधामा ॥४०॥
अतही प्रीत करी बरनी देवा, करत भये स्वामीकर सेवा ॥
तदनंतर स्वामी उर आंनी, सब सद्गुन संपन्न प्रमानी ॥४१॥

અમારી આજ્ઞાએ કરીને મહાભાગ્યશાળી તમારા પિતા ભાગ્યશાળી મુમુક્ષુઓને ધર્મે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનો ઉપદેશ કરતા હતા અને તેઓ કૌશળ દેશમાં રહેતા હતા. તે ધર્મદેવના જ તમે પુત્ર છો. તમારો આકાર તો અમાયિક અને દિવ્ય છે. ૩૬-૩૭. તમે પોતાના પિતા કરતા પણ અધિક ગુણવાન છો અને સમગ્ર સદ્‌ગુણોથી પરિપૂર્ણ ભગવાન છો.'

રામાનંદ સ્વામીની આવી વાણી સાંભળીને પરમ જ્ઞાની વર્ણી ઘણું રાજી થયા. ૩૮. કોઈ ન કળી શકે એવા તથા અવિનાશી વર્ણિરાજ પ્રસન્ન થઈને રામાનંદ સ્વામીની પાસે રહ્યા. **સં.૧૮૫૭ કાર્તિક સુદિ એકાદશી આવી ત્યારે તે દિવસે વર્ણીએ રામાનંદ સ્વામી પાસેથી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી અને તે સમયે સહજાનંદ સ્વામી તથા નારાયણમુનિ એવા ગુણનાં ધામ જેવા બે નામ ધારણ કર્યાં.** ૩૯-૪૦.

વર્ણિરાજ રામાનંદ સ્વામીની સેવા અતિશય પ્રેમથી કરવા લાગ્યા.

अतहि सामृथ सब ही प्रकारा, जानी नारायनमुनी करी प्यारा ॥
अपनि धर्मधुर् मंगलकारी, दिनी बर्निको समुझि बिच्यारी ॥४२॥

सोरठा : बर्निरूप उर आनी, धरी ध्यान वर चरन कर ॥
ईष्टदेव निज जांनी, कृष्ण कमलदृग बरनी हरि ॥४३॥

नचींत होईके आप, स्वामी रामानंद शुभ ॥
तजि सकल परिताप, होई शुध तब सकलबिध ॥४४॥

संवत् १८५८ अठारे सोह, अठावना अगहन शुदि ॥
तजि सकल विधि मोह, तेरसदिने तजी देह वर ॥४५॥

दोहा : देह त्याग करी भौतिक, भये अभौतिक धीर ॥
भये स्वछंद पुनी सबही बिधी, धरी वर दिव्य शरीर ॥४६॥

તે પછીના સમયમાં રામાનંદ સ્વામીએ વર્ણીને સર્વ સદ્‌ગુણથી સંપન્ન મનમાં ધાર્યા. ૪૧. **તેમજ શ્રીહરિમાં બધી જાતનું અતિશય સામર્થ્ય છે તેમ જાણ્યું પછી સમજી વિચારીને તે નારાયણમુનિને ઘણા પ્રેમથી પોતાની મંગળકારી ધર્મધુરા(સંવત્ ૧૮૫૮, કારતક સુદ એકાદશીએ જેતપુરમાં) સોંપી.** ૪૨.

રામાનંદ સ્વામીએ વર્ણીનાં રૂપને પોતાનાં હૃદયમાં ધાર્યું અને તેમના ચરણનું ધ્યાન કર્યું ત્યારે તેમને કમળનયન પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ જ આ વર્ણીરૂપ શ્રીહરિ છે, તેમ જણાયું. ૪૩. પછી શુભ ગુણ સંપન્ન એવા પોતે રામાનંદ સ્વામી નિશ્ચિંત થઈ ગયા અને પોતે બધા જ સંતાપો છોડી દઈને શુદ્ધ નિર્મળ થઈ ગયા. ૪૪.

સં.૧૮૫૮ના માગશર સુદિ તેરશને દિવસ બધી જાતનો મોહ છોડી દઈને સ્વામીએ પોતાના દેહનો ત્યાગ કર્યો. ૪૫. ધીર અને બધી રીતે સ્વતંત્ર એવા રામાનંદ સ્વામીએ ભૌતિક દેહનો ત્યાગ કર્યો, પછી પોતે અભૌતિક, તેમજ શ્રેષ્ઠ દિવ્ય શરીર ધારણ કર્યું. ૪૬.

बद्रीकाश्रम जात भये, उद्धव आप प्रबीन ॥
प्रेमानंद कहे गगन उडे, अतिवायक तन कीन ॥४७॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते बर्नि रामानंदस्वामी मिलापे धरमधुर अभिषेक कृत्वा बद्रिकाश्रम प्रति गमन नामा चतुस्त्रिंशोऽध्यायः ।।३४।।



अध्याय - ३५

दोहा : दुर्बासा के श्राप सूं, मुक्त होई अविनाश ॥
बद्रिका आश्रम मही, श्री उद्धव किन निवास ॥०१॥
तदनंतर श्री महाप्रभु, स्वामी सहजानंद ॥

પોતે પરમ પ્રવીણ ઉદ્ધવરૂપ થઈને બદરિકાશ્રમ ગયા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તેઓ ન કહી શકાય એવું શરીર ધારણ કરીને આકાશ માર્ગે ઊડ્યા. ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'વર્ણી તથા રામાનંદ સ્વામીનો મેળાપ, પછી દીક્ષા તથા ધર્મધુરા સોંપીને સ્વામીનું બદરિકાશ્રમ ગમન કહ્યું' એ નામે ચોત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૪



અધ્યાય - ૩૫

માંગરોળમાં વિષ્ણુયાગ અને મતવાદીઓનો પરાજય

અવિનાશી સદ્‌ગુરુ રામાનંદ સ્વામી દુર્વાસા મુનિના શાપથી મુક્ત થયા અને પછી ઉદ્ધવરૂપે બદરિકાશ્રમમાં નિવાસ કરીને રહ્યા. ૧. તે પછી સુખકંદ મહાપ્રભુ શ્રીસહજાનંદ સ્વામીએ પોતાના ગુરુની ઔર્ધ્વદૈહિક

निजगुरु देहकी क्रिया बिधी, करत भये सुखकंद ॥०२॥

सोरठा : हरिजन भये उदास, किन संभावना सबहिकर ॥
धर्मधूर अविनाश, लिन उठाई के सकलबीध ॥०३॥

श्रीस्वामी कर शिष्य, साधु ब्राह्मन बरनी सब ॥
गृस्थ आदिक कि ईश, किन संभावन सुख सदन ॥०४॥

चोपाई :
सद् शास्त्रन कर दे उपदेशा, तोरा भ्रम जनकर सकलेशा ॥
निज प्रताप अति आश्चर्यकारी, देखावा सबका भयहारी ॥०५॥

निज प्रताप देखाय पुनिता, आप बिसे तिनकर मन चीता ॥
तानि लेत भये समरथ स्वामी, कराई समाधि अंतरजामी ॥०६॥

तदनंतर श्रीस्वामीनाथा, करुना रस बरखी सुखपाथा ॥

ક્રિયાનો વિધિ કર્યો. ૨. જે હરિભક્તો ઉદાસ થયા હતા, તે સહુની શ્રીહરિએ આશ્વાસન આપી સંભાળ લીધી અને તે પછી બધી જ રીતે અવિનાશી શ્રીહરિએ ધર્મધુરા ઉઠાવી લીધી. ૩. સુખસદન પરમેશ્વર શ્રીહરિએ રામાનંદ સ્વામીના શિષ્ય સાધુ, વર્ણી અને બ્રાહ્મણ આદિક બધા ગૃહસ્થોની પૂરી સંભાળ લીધી. ૪. સભામાં સચ્છાસ્ત્રનો ઉપદેશ કરીને સર્વેશ્વરે લોકોનો ભ્રમ તોડી નાખ્યો. સહુના ભયને ટાળનારા એવા શ્રીહરિએ પોતાનો અતિશય આશ્ચર્યકારી પ્રતાપ દેખાડ્યો. ૫.

❁ સર્વાવતારી શ્રીહરિએ સમાધિ પ્રકરણ ચલાવ્યું :

અંતર્યામી શ્રીહરિએ સહુને પોતાનો પવિત્ર પ્રતાપ દેખાડી તેમનાં મનને અને ચિત્તને પોતાને વિષે ખેંચી લીધા. અને સમર્થ એવા સ્વામીએ સહુને સમાધિ કરાવી. ૬. ત્યાર પછી સુખસાગર સર્વના નાથ શ્રીસ્વામિનારાયણ ભગવાને સર્વ ઉપર કરુણારસ વરસાવ્યો. અને સહુને સહેજે સહેજે સુખ દેનારા સુખકારી શ્રીસહજાનંદ સ્વામીએ સહુ સંતો

प्रसन्न किन सबाका सुखकारी, दिव्य प्रताप देखाईके भारी ॥०७॥
अचल निश्चे सबका करवावा, स्वामी रुप निजमही दर्शावा ॥
नारी पुरुष सबही अस जाना, यह पुरुषोत्तम हे भगवाना ॥०८॥
पुनी श्रीसहजानंद महाराजा, करी करुणा ले सकल समाजा ॥
निज शिष्य त्यागी साधु सुजाना, तथा ब्रह्मचारी ग्रही गुनवाना ॥०९॥
ईनकर जूथमें हरि सुखकंदा, राजत ज्युं उडगन बिच चंदा ॥
सबकर जूथ ले नीकसे स्वामी, देशा अटन करन बहुनामी ॥१०॥
ले मंडल प्रभु अपनी साथा, आये पुर धौराजी नाथा ॥
तहाँ हरिजन सादर उठी धाये, बंदन करी प्रभुको ले आये ॥११॥
पधराये निजमंदिर माई, हरिजन संत सहीत सुखदाई ॥
जेये भोजन करी पकवाना, मंडल सहित पुजे भगवाना ॥१२॥

ભક્તોને રાજી કરી દીધા. પછી શ્રીહરિએ પોતાનો ભારે દિવ્ય પ્રબળ પ્રતાપ દેખાડીને સહુને પોતાનાં સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો અને રામાનંદ સ્વામીનું સ્વરૂપ પણ(જાગ્રતમાં કે સમાધિમાં) પોતામાં જ દેખાડ્યું. પછી તો સ્વામીના આશ્રિત સહુ નરનારીઓએ ‘આ જ પુરુષોત્તમ ભગવાન છે’ તેમ જાણ્યું. ૭-૮.

પછી તો સહજાનંદ સ્વામી મહારાજે ઘણી દયા કરી. સમગ્ર પોતાનો જે શિષ્ય સમાજ, સુજ્ઞ ત્યાગી સાધુ, બ્રહ્મચારી, ગુણવાન ગૃહસ્થ, એ બધાના સમુદાયની વચ્ચે પોતે તારામંડળમાં જેમ ચંદ્રમા શોભે તેમ શોભતા હતા. તે પછી બધા શિષ્યોના જૂથને સાથે લઈને બહુનામી સહજાનંદ સ્વામી દેશમાં ફરવા માટે નીકળ્યા. ૯-૧૦. પોતાના શિષ્ય મંડળને સાથે લઈ નાથ શ્રીહરિ સર્વ પ્રથમ **ધોરાજી**માં આવ્યા. ત્યારે ત્યાંના બધા હરિભક્તો આદર સાથે ઊઠીને સન્મુખ આવ્યા અને વંદન કરીને સર્વનિયામક શ્રીહરિને શહેરમાં પધરાવ્યા. ૧૧. સુખદાયક શ્રીહરિને ધોરાજીના હરિભક્તોએ સંતોની સાથે પોતાને ઘેર પધરાવ્યા

रजनी एक रही बहुनामी, पुर भाडेर आये श्रीस्वामी ॥
नृपति प्रतापसिंग सुनी धाये, करी परनाम प्रभुको ले आये ॥१३॥
पधराये निज मंदिर मैया, रसवती बहुत भाति करवैया ॥
जेये हरि संत सबसाथा, पुनि यासुं नीकसे मुनीनाथा ॥१४॥

दोहा : मानाबद्र आये प्रभु, संत सहित अविनाश ॥
मयाराम भट्ट आदि दे, मुदित भये हरिदास ॥१५॥
धन्यभाग्य आये हरि, सहजानंद सुखकंद ॥
प्रीतसहित पधराये प्रभु, धर्मकुंवर जगवंद ॥१६॥

सोरठा : करी भोजन बहु भाति, जेये निजजन सहित हरि ॥
पुजे नाथ करी खाँति, भट्ट हरिजन मीली सुखद ॥१७॥

અને ત્યાં શ્રીહરિ સંતમંડળ સાથે પકવાનનાં ભોજન જમ્યા અને હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૧૨. બહુનામી સહજાનંદ સ્વામી ધોરાજીમાં એક રાત રહ્યા. પછી ત્યાંથી **ભાડેર** ગામ આવ્યા. ત્યાંના રાજા પ્રતાપસિંહ ‘શ્રીહરિ પધાર્યા છે’ એમ સાંભળીને ઉતાવળા સન્મુખ આવ્યા, શ્રીહરિને પગે લાગ્યા અને પછી ગામમાં લઈ આવ્યા. ૧૩. અને પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી અને ઘણી જાતની રસોઈ કરાવી. સહુ સંતોની સાથે મુનિનાથ શ્રીહરિ જમ્યા અને પછી ત્યાંથી શ્રીહરિ નીકળ્યા. ૧૪.

પછી અવિનાશી પ્રભુ સંતોને સાથે લઈને **માણાવદર** ગામ આવ્યા. ત્યાંના મયારામ ભટ્ટ આદિ બધા હરિભક્તો શ્રીહરિના આવવાથી અતિ રાજી થયા. ૧૫. સહુ બોલ્યા કે ‘અમારા ધન્ય ભાગ્ય છે, આપ સુખકંદ સહજાનંદ સ્વામી શ્રીહરિ અમારે ગામ પધાર્યા.’ પછી ધર્મકુમાર જગદ્વંદ્ય પ્રભુને પોતાના ગામમાં પ્રેમથી પધરાવ્યા. ૧૬. શ્રીહરિ માણાવદરમાં અનેક પ્રકારનાં ભોજન તૈયાર કરાવીને પોતાના આશ્રિતજનોએ સહિત જમ્યા. ત્યાંના મયારામ ભટ્ટ અને બધા હરિભક્તોએ મળીને સુખદ નાથ

पुनी पीपलाने गाम, आये जगतपती परम गुरु ॥
रजनी एक रही शाम, आये गाम अगत्राई प्रभु ॥१८॥

चोपाई :

भक्त वसे यहा परबतभाई, सुनी खबर आये हरिराई ॥
ले सामैया सनमुख धाये, गाजते वाजते भुवन ले आये ॥१९॥
किन प्रभु कर अति सनमाना, परबतभाई परम सुजाना ॥
पूजन किंन करी बहु प्रीती, किन रसोई अति रस रीती ॥२०॥
जेये नाथ जन सबही जेआये, पुरजन प्रभुकर लागे पाये ॥
एक यामीनी रही अनीकेता, चले जगजीवन भक्त समेता ॥२१॥
आया गाम कालवानी स्वामी, करी करुना जन पर बहुनामी ॥

એવા શ્રીહરિને ઘણી ખંતથી પૂજ્યા. ૧૭. તે પછી જગત્પતિ પરમગુરુ શ્રીઘનશ્યામ પ્રભુ **પીપલાણા** ગામ આવ્યા. ત્યાં એક રાત રહીને પ્રભુ શ્રીહરિ **અગત્રાઈ** ગામ આવ્યા. ૧૮. અગત્રાઈમાં પર્વતભાઈ નામે હરિભક્ત હતા. શ્રીહરિ પધાર્યા છે તેવા ખબર તેમણે સાંભળ્યા એટલે તેઓ સામૈયું લઈ અને સન્મુખ દોડ્યા. તેમજ વાજતે ગાજતે શ્રીહરિને પોતાને ભવન લઈ આવ્યા. ૧૯.

પરમ સુજાણ પર્વતભાઈએ શ્રીહરિનું અતિશય સન્માન કર્યું. ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરી અને ઘણી સરસ રીતે રસોઈ તૈયાર કરી. ૨૦. ત્યારે ભક્તપતિ શ્રીહરિ અને બધા ભક્તજનો જે આવ્યા હતા તે બધા જમ્યા. ગામના જેટલા લોકો હતા, તે બધા આવીને શ્રીહરિને પગે લાગ્યા. સત્સંગમાં વિચરણ કરતા શ્રીહરિ અગત્રાઈમાં એક રાત રહ્યા. તે પછી જગતના જીવન જેવા શ્રીહરિ ભક્તોની સાથે ત્યાંથી ચાલતા થયા. ૨૧. બહુનામી સહજાનંદ સ્વામી ભક્તોના ઉપર કરુણા કરીને **કાલવાણી** ગામ આવ્યા. હરિભક્તોએ ત્યાં શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. અને જે રસોઈ કરી હતી તે અવિનાશી પ્રભુ જમ્યા. ૨૨. વિવિધ પ્રકારના

बहु सन्मान किन हरिदासा, करी रसोई जेये अविनाशा ॥२२॥
जेये संतभक्त मुदपाई, बिविधि भाँति पकवान मीठाई ॥
कहुँ दिन एक कहुँ दिन दोई, रहे दिन तीन कहुँ मुद होई ॥२३॥
दे नीजज्ञान सबका समुझाये, जनको स्वधर्म दृढ करवाये ॥
निजगुरु अग्यामानी ईशा, बेठे बाहन पर जगदीशा ॥२४॥
पहिरे बसन रु भुषन भारी, कंचन नंग जटित अविकारी ॥
निजजन हित हरि अंतरजामी, किन ग्रहन करुना करी स्वामी ॥२५॥
धरनि धर्म दृढ थापन काजा, आये मांगरोल पुर महाराजा ॥
मांगरोल बंदर छबीकर धामा, सिंधुतिर परम अभिरामा ॥२६॥
पुर कर द्वार ते निकट अनुपा, तहाँ न्यग्रोध व्रक्ष सुखरूपा ॥
तहाँ एक वापी लगत सोहाई, रहत संत तहाँ मीली समुदाई ॥२७॥

પકવાનો, મીઠાઈ વગેરે જે કાંઈ કર્યું હતું, તે બધું સંતો તથા ભક્તો આનંદથી જમ્યા. ક્યાંક એક દિવસ, ક્યાંક બે દિવસ તો ક્યાંક પ્રસન્ન થઈને ત્રણ દિવસ રહેતા હતા. ૨૩. **સહુને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન કહીને સમજાવ્યા અને ભક્તોજનોના સ્વધર્મને દૃઢ કરાવ્યો. જગદીશ્વર એવા પરમેશ્વર શ્રીહરિ પોતાના ગુરુની આજ્ઞા માનીને વાહન ઉપર પણ બેસતા હતા.** ૨૪. અવિકારી શ્રીહરિ સારાં વસ્ત્ર અને નંગ જડિત સોનાના ભારે ઘરેણાંઓને પહેરતા હતા. અંતર્યામી પ્રભુ પોતાના ભક્તજનોનાં હિતને માટે આવી બધી વસ્તુઓને કરુણા કરીને તે સ્વીકારતા હતા. ૨૫.

પછી ભૂમિ ઉપર ધર્મનું સ્થાપન કરવા માટે વિચરતા શ્રીજીમહારાજ **માંગરોળ**પુર આવ્યા. માંગરોળ બંદર તો શોભાનું ધામ હતું. સમુદ્ર કિનારે રહેલું એ પરમ મનોહર શહેર હતું. ૨૬. તે માંગરોળના દ્વારને નજીક જ અનુપમ સુખરૂપ એક વડલાનું ઝાડ હતું. ત્યાં એક સોહામણી વાવ હતી એટલે ત્યાં બધા સંતોનો સમુદાય મળીને રહેતો હતો. ૨૭. વ્યાપકાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી ઇત્યાદિક જે સ્વતંત્ર રીતે ફરનારા સંતો

व्यापकानंद स्वरूपानंदा, ईन आदिक संत स्वछंदा ॥
तहाँ प्रभु आयके किन निवासा, अखिल भुवनपति हरि अविनाशा ॥२८॥

रहत सहर महीं हरिजन वृंदा, सुनी खबर पाये आनंदा ॥
सादर उठी आये अभिरामा, गोवरधन आदिक गुनधामा ॥२९॥

दोहा : हरिभक्त सब नग्रकर, लागे प्रभुकर पाय ॥
भल ही आय करुणानीधि, बरनी त्रिभुवन राय ॥३०॥

लाये सामग्री रसोईकर, घृत गुड आदि अपार ॥
शाकादिक बहुभाँति के, हरिजन परम उदार ॥३१॥

सोरठा : बिंजन बिविध प्रकार, किन रसोई सरस शुभ ॥
जेंये धर्मकुमार, जेंये संत हरिजन सकल ॥३२॥

देखी वापि अनुप, निरजल पुरित मृतिका करी ॥

હતા, તે બધાની સાથે સર્વ જગતના પતિ અને અવિનાશી પ્રભુ શ્રીહરિ ત્યાં આવીને ઊતર્યા હતા. ૨૮. માંગરોળ શહેરમાં ગોવર્ધન શેઠ આદિક ઘણા ગુણવાન અને મનોહર હરિભક્તોનો સમુદાય રહેતો હતો.

તે શ્રીહરિની ખબર સાંભળીને ખૂબ જ આનંદ પામ્યા અને આદરની સાથે ઊઠીને બધા સન્મુખ આવ્યા. ૨૯. માંગરોળ નગરના બધા હરિભક્તો આવીને શ્રીહરિને પગે લાગ્યા અને બોલ્યા કે 'ત્રિભુવન પતિ કરુણાનિધિ આપ વર્ણી અહીંયા ભલે પધાર્યા.' ૩૦. તે પરમ ઉદાર હરિભક્તો રસોઈ બનાવવાને માટે પુષ્કળ ઘી, ગોળ અને ઘણી જાતના શાકભાજી ઇત્યાદિક સામગ્રી લાવ્યા. ૩૧. ત્યાં વિવિધ પ્રકારના સરસ શુભ બધાં ભોજન વ્યજંનોની રસોઈ બનાવી અને પછી ધર્મકુમાર શ્રીહરિ તથા સહુ સંતો અને હરિભક્તો જમ્યા. ૩૨.

❁ શ્રીહરિએ માંગરોળમાં વાવનું ભર્યું કર્યું :

ત્યાં એક સરસ વાવ દેખાણી. તેમાં પાણી ન હતું, પણ માટી ભરાઈ ગઈ હતી. પછી શ્રીહરિએ કહ્યું કે 'આ વાવમાંથી આપણે ધૂળ કાઢીએ

करीये स्वछ सुखरूप, धूरी निकारिये कहत हरि ॥३३॥

चोपाई :

लगे संत हरिजन दृढ होई, अश्म रु धूरी निकारी सोई ॥
कीनी शुध सोधी तत्काला, भया स्वादु जल मिष्टा रसाला ॥३४॥
पीयत संत नग्र नरनारी, भये मुदित जन अति सुखकारी ॥
आवत पुरजन हरखी अपारा, निरखत वर छबी धर्मकुमारा ॥३५॥
तहाँ एक उछव किंन क्रिपाला, बोलाये भुसुर तत्काला ॥
आये धरामर अपरमपार, बिष्णु जज्ञ ठाना हरि प्यारा ॥३६॥
घृत प्रचुर मोदक मनमाना, जेंवाये द्विज परम सुजाना ॥
तीर्थबासि हित बहुभाँति, सरस संजाव पुरी करी खाँती ॥३७॥
अभ्यागत आतहि जेंवाये, और अनारथि अवसर आये ॥

અને સુખરૂપ સ્વચ્છ કરીએ.' ૩૩. પછી તો મજબૂત મનોબળવાળા સંતો તથા હરિભક્તોએ તે વાવમાંથી પથ્થર તથા ધૂળ કાઢ્યા. તતત્કાળ જ તે વાવને સાફ કરી અને શુદ્ધ કરી. તેમાં ઘણું સરસ સ્વાદુ, મીઠું પાણી આવ્યું હતું. ૩૪. પીનારા મનુષ્યોને સુખ થાય એવા તે વાવના પાણીને સંતો તથા શહેરના નરનારીઓ પીઈને ખૂબ જ રાજી થયા હતા. શહેરના અપાર લોકો ત્યાં આવતા અને ધર્મકુમાર શ્રીહરિની શ્રેષ્ઠ મૂર્તિનાં દર્શન કરતા હતા. ૩૫. કૃપાળુ શ્રીહરિએ ત્યાં એક ઉત્સવ કર્યો. તત્કાળ બ્રાહ્મણોને બોલાવ્યા. ત્યારે તે અપરંપાર બ્રાહ્મણો આવ્યા. પ્યારા શ્રીહરિએ વિષ્ણુયાગ કરવાનું ધાર્યું હતું. ૩૬.

પરમ સુજાણ શ્રીહરિએ ત્યાં પુષ્કળ ઘી નાખીને મન માન્યા લાડુ કરી, વિપ્રોને જમાડ્યા. તીર્થવાસીઓને માટે ઘણી ખંત રાખીને સરસ શીરો અને પૂરી કર્યા હતા. ૩૭. જે કોઈપણ અભ્યાગત અને અન્નાર્થીઓ આ વિષ્ણુયાગના અવસરે આવ્યા તે બધાને જમાડ્યા. આ દિવસે વર્ણિવર શ્રીહરિએ જેટલા સત્સંગી નરનારી હતા, તે બધાને પણ જમાડ્યા. ૩૮.

सत्संगी जेतने नरनारी, जेंयउ आज कहत ब्रह्मचारी ॥३८॥

उछव कर अन परम सुजाना, जेवउ बचन कहत भगवाना ॥
लक्षाबधि जेंये द्विज राया, हरिजन हरखी मिली जीवन आया ॥३९॥

जेंये जन बहु अपरमपारा, कसर न रही कछु कोई प्रकारा ॥
भया समैया सरस सुच्यारु, करत प्रसंशा देव निहारु ॥४०॥

सुनि उद्‌घोष नग्रकर जंता, आये मतबादि हरखंता ॥
शैवि शाक्त नास्तिक कौला, बैष्णव यवन ब्रह्मबादी बहुला ॥४१॥

सब मतबादी गुरु सजी आये, जीवनमुक्ता जित न धाये ॥
भट्ट पंडित पुनि बाद बिवादी, भैरव भूत मुठ बहु साधी ॥४२॥

सोरठा : पुछत है बहु भाँति, प्रश्न बहुत बिधि मतन कर ॥
बाल अर्क जीमी ध्वांती, छायो तरनी तीमिर जिमी ॥४३॥

પરમ સુજાણ ભગવાન શ્રીહરિએ 'આ ઉત્સવમાં સહુ અહીંયા આવીને અન્ન જમો' તેમ કહ્યું. તે પ્રસંગે ત્યાં લાખો વિપ્રો જમ્યા. હરિભક્તો પણ શ્રીહરિને મળ્યા, તેમને આનંદ થયો અને તેમનામાં નવું જીવન આવ્યું. ૩૯. આ વિષ્ણુયાગના પ્રસંગે અપરંપાર ઘણા લોકો જમ્યા. કોઈ જાતની તેમાં કસર રાખી નહિ. આ સમૈયો ઘણો સરસ અને સારો થયો. તેને દેખીને દેવતાઓ પણ વખાણ કરવા લાગ્યા. ૪૦.

નગરની જનતામાં થયેલો ઉદ્‌ઘોષ સાંભળીને બીજા બધા મતવાદીઓ હરખપૂર્વક ત્યાં આવ્યા. શૈવો, શક્તિપંથી, નાસ્તિકો, કૌલમાર્ગીય, વૈષ્ણવો, મુસલમાન અને ઘણા બ્રહ્મજ્ઞાની, એ બધા મતવાદી ગુરુઓ તૈયાર થઈને આવ્યા હતા અને તે જીવનમુક્ત સ્થિતિની વાત કહેતા શ્રીહરિને જીતવા માટે દોડ્યા હતા. કેટલાક વેદ ભણેલા ભટ્ટ, વાદ વિવાદ કરનારા પંડિતો, ભૂત અને ભૈરવોને સાધનારા તથા બીજા ઉપર મૂઠ નાંખનારા અનેક પ્રકારનાં લોકો આવ્યા હતા. ૪૧-૪૨. તે બધા સહજાનંદ સ્વામીને ઘણી જાતના અનેક પ્રકારના મતોના

सुदरशन सहस्रांसु, तरनि सहस्र दश तेज सम ॥
मतबादी कुलपांसु, कापेउ माया तीमिर सम ॥४४॥

दोहा : नारायनवर ग्यानघन, बरखी बचन एक धार ॥
छेदे प्रश्न मतवादी कर, भेदे ज्यूं बज्र प्रहार ॥४५॥

एककालावछिन्न वर, किंन उत्तर सब केर ॥
प्रेमानंद हरि बचन शर, किये मतबादी झेर ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते मांगरोलपुरे विष्णुयाग ब्रह्मभोजन प्रश्न उत्तरे हरि मतबादीका जीते नामा पंचत्रिंशोऽध्यायः ॥३५॥



પ્રશ્ન પૂછતા હતા. અને તે વખતે બાળ સૂર્યના કિરણ ઉપર જેમ અંધકાર છવાઈ જાય, તેમ બધા આવ્યા હતા. ૪૩. **હજાર કિરણોવાળા સુદર્શન ચક્ર કરતા પણ દસ હજારગણો તેજસ્વી સૂર્ય જેમ તે બધા અંધકારને નષ્ટ કરી દે છે, તેમ કુળના કલંક જેવા તે મતવાદીઓના અંધારા જેવી માયાને નવયુવાન એવા શ્રીહરિએ જ્ઞાનરૂપી સુદર્શન ચક્રથી કાપી નાખી.** ૪૪. **જે પોતે એક જ્ઞાનઘન સ્વરૂપ છે એવા શ્રેષ્ઠ નારાયણમુનિએ એકધારી ઉત્તરરૂપ વચનોની વર્ષા કરીને તે બધા મતવાદીઓના પ્રશ્નને વજ્રનો પ્રહાર જેમ પર્વતને કાપે છે, તેમ કાપી નાખ્યા.** ૪૫.

પ્રેમાનંદ સ્વામી કહે છે કે શ્રીહરિનાં વચનરૂપી બાણોથી બધા જ મતવાદીઓને ઉત્તર આપીને એકકાલાવચ્છિન્ન(એક જ સમયમાં) જેર કરી નાખ્યા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'માંગરોળમાં વિષ્ણુયાગ અને મતવાદીઓનો પરાજય કર્યો' એ નામે પાંત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૫



अध्याय - ३६

दोहा : ज्यूं तरनिकर तेज महीं, रहे उलुक अंजाई ॥
त्यूं मतबादी गुरु रहे, पहुंच बिना पछताई ॥०१॥
मंत्र जंत्र कृत्यादिक, साधे बीर बहु भांति ॥
निज कृत्य मंहि भये नाश जिमी, पतंग अनल परे खांती ॥०२॥
सोरठा : पहुंचे न कोउ प्रकार, असुर अंश जरी उठे बहुत ॥
आये करन प्रहार, बिविधि शस्त्र लई लकुट कर ॥०३॥
निज प्रताप बल नाथ, किन पराजय सबन कर ॥
परम पुरुष सुख पाथ, अखिलशक्ति धर अकल गत ॥०४॥
चोपाई :
अति मति दुष्ट अधर्मी ऐसे, बहुत भांति पाखंडी तैसे ॥
असुर अंश गुरु अति अहंकारी, तीन कर कीन पराजय भारी ॥०५॥

અધ્યાય - ૩૬

મતવાદીઓને પોતાની મૂર્તિમાં તેના તેના ઇષ્ટદેવરૂપે દર્શન દીધાં

જેમ સૂર્યના તેજમાં ઘુવડ અંજાઈ જાય છે, તેમ શ્રીહરિના તેજમાં અંજાઈ ગયેલા બધા મતવાદી ગુરુઓ શક્તિહીન હોવાથી પસ્તાવા લાગ્યા. ૧. મતવાદીઓએ કરેલા મંત્ર, જંત્ર, કૃત્યા વગેરે અને સાધેલા અનેક જાતના ઘણા વીરોનો જેમ ખંતથી અગ્નિમાં પડેલા પતંગિયાનો નાશ થાય તેમ આ બધાનો પોતાના કૃત્યોથી જ નાશ થયો. ૨.

તે અસુરાંશો કોઈ રીતે શાસ્ત્ર ચર્ચામાં પહોંચી ન શક્યા ત્યારે તે બધા ખૂબ બળી ઊઠ્યા અને વિવિધ પ્રકારનાં શસ્ત્રો અને લાકડીઓ લઈને મારવા માટે આવ્યા. ૩. સુખસાગર, સર્વ શક્તિમાન, અકળગતિવાળા, પરમ પુરુષ, ભક્તપતિ ભગવાન શ્રીહરિએ તે બધાનો પરાજય પોતાના પ્રતાપથી કરી દીધો. ૪. આ બધા અધર્મીઓ અતિશય દુષ્ટ બુદ્ધિના હતા. તે રીતે જ ખૂબ પાખંડી હતા. તે અસુરાંશ ગુરુઓ અતિશય અહંકારી

बीचरत भये देश महीं देवा, अधर्म नाश करन ततखेवा ॥
बीचरे जेही जेही देश दयाला, करी करुना जन पर क्रिपाला ॥०६॥
तेही देश कर जन बडभागी, धर्मकुंवर चरनन अनुरागी ॥
अति ऐश्वर्य बिलोकी भारी, करत भये आश्रय नरनारी ॥०७॥
श्रीस्वामी कर प्रगट प्रमाना, भजन करत भये तजी मत नाना ॥
तदंतर श्रीजिमहाराजा, तेहि जन कर उछाहके काजा ॥०८॥
तीनकर मती अति अचला होने, सुंदर बन घनश्याम सलोने ॥
निज ऐश्वर्य बहुत प्रकारा, लक्ष करायके धर्मकुमारा ॥०९॥
देखावत भये कैवल्य राशी, अतहि समाधि मंहि अविनाशी ॥
कितने मनुष्यका सुंदर शामा, गोलोक मध्य अक्षरधामा ॥१०॥
तीन महीं राधा लक्ष्मी स्वरूपा, श्रीदामादिक पार्षद अनुपा ॥

હતા એટલે જ શ્રીહરિએ તેમનો ભારે પરાજય કર્યો. ૫. તત્કાળ જ અધર્મનો નાશ કરવા માટે દેવાધિદેવ શ્રીહરિ દેશમાં ફરવા લાગ્યા. મનુષ્યોના ઉપર કરુણા કરીને દયાળુ શ્રીહરિ જે જે દેશમાં વિચર્યા તે તે દેશના લોકો ઘણા જ ભાગ્યશાળી થયા અને ધર્મકુંવર શ્રીહરિના ચરણમાં પ્રેમવાળા થયા. શ્રીહરિના અતિશય મહાન ઐશ્વર્યને દેખીને બધા નરનારીઓ તેમનો આશ્રય કરવા લાગ્યા. ૬-૭.

પછી અનેક પ્રકારના મતોને છોડીને તે બધા ભક્તજનો પ્રગટ પ્રમાણ શ્રીસહજાનંદ સ્વામીનું ભજન કરવા લાગ્યા. તે પછી **સલુણા ધર્મકુમાર, શ્રીઘનશ્યામ પ્રભુ,** સહજાનંદ સ્વામી મહારાજે પણ પોતાના ભક્તજનોને ઉત્સાહ વધે એટલા માટે અને તેમનું મન સ્થિર થાય તેટલા માટે **પોતાનાં ઘણાં પ્રકારનાં ઐશ્વર્ય દ્વારાએ સહુને લક્ષ કરાવ્યો અથાત્ સમાધિ કરાવી.** ૮-૯. સુંદર શ્યામ, અવિનાશી પ્રભુ શ્રીહરિ તે ભક્તજનોને સમાધિમાં અતિશય કૈવલ્ય તેજનો સમૂહ બતાવતા હતા અને કેટલાક મનુષ્યોને ગોલોકને મધ્યે અક્ષરધામ બતાવતા હતા. ૧૦.

ईनहीं सहित कृष्णरूप स्वामी, देत भये दर्शन बहुनामी ॥११॥

कीतनेका श्री बैकुंठलोका, लक्ष्मी नंद सुनंद अविशोका ॥
पार्षद सहित बिष्णुरूप आपे, दर्शन देत नीज प्रतापे ॥१२॥

कितनेका तो स्वेतद्विप मंहियाँ, निरन्नमुक्त सहित सुखदैया ॥
महापुरुष रुपे अविनाशी, देत भये दर्शन सुखराशी ॥१३॥

कितने का अव्याकृत धामें, लक्ष्मी आदिक शक्ति बहु तामें ॥
पार्षद सहित परम सुखकारी, भूमापुरुष रूप भयहारी ॥१४॥

दोहा : देत भये दर्शन निज, धर्मकुंवर सुखकंद ॥
निज प्रताप देखावत, स्वामी सहजानंद ॥१५॥

कितने का तो धर्म सुत, बद्रिका आश्रम माई ॥
मुनि ज्युत नरनारायण, रूप दर्श देखाई ॥१६॥

બહુનામી શ્રીહરિ તે સમાધિમાં રાધા, લક્ષ્મી આદિક શક્તિઓ અને શ્રીદામાદિક અનુપમ પાર્ષદોએ સહિત શ્રીકૃષ્ણ સ્વરૂપે પોતાનાં દર્શન દેતા હતા. ૧૧. વળી કેટલાકને પોતાના પ્રતાપથી સમાધિમાં વૈકુંઠ લોક બતાવતા હતા અને ત્યાં લક્ષ્મીજી તથા નંદ સુનંદ આદિક પાર્ષદોએ સહિત વિષ્ણુરૂપે દર્શન દેતા હતા. ૧૨.

સુખરાશિ અવિનાશી શ્રીહરિ કેટલાકને તો શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્તોએ સહિત સુખદાયક મહાપુરુષરૂપે દર્શન દેતા હતા. ૧૩. વળી કેટલાકને જેમાં લક્ષ્મી આદિક અનેક શક્તિઓ રહી છે તથા પાર્ષદો પણ રહ્યા છે એવા અવ્યાકૃત ધામમાં પરમ સુખકારી અને ભયને ટાળનારા ભૂમાપુરુષરૂપે દર્શન આપે છે. ૧૪.

ધર્મકુમાર, સર્વ સુખનાં મૂળરૂપ, શ્રીસહજાનંદ સ્વામી ઉપર કહ્યા પ્રમાણે દર્શન આપીને પોતાનો પ્રતાપ બતાવતા હતા. ૧૫. શ્રીહરિ કેટલાકને બદરિકાશ્રમમાં મુનિઓની સાથે રહેલા ધર્મપુત્ર શ્રીનરનારાયણરૂપનાં દર્શન કરાવતા હતા. ૧૬. સુખસદન, જગત્પતિ,

सोरठा : कितने का वृषलाल, क्षीरसिंधु मंहि सुखसदन ॥
लक्ष्मी जुत महा ब्याल, शेष सहित श्रीकृष्ण प्रभु ॥१७॥
योगेश्वर रूप ईश, देत भये निज दरश शुभ ॥
जक्तपति जगदीश, वृषकुमार कर योग बल ॥१८॥

चोपाई :
कितने का रविमंडल मंहिया, हिरन्यमय पुरुष सुखदैया ॥
तेहि रूप निज दर्शन स्वामी, देत भये जनका बहुनामी ॥१९॥
कितने का हरि परम अनुपा, वहनि मंडल मंहि सुखरूपा ॥
यज्ञपुरुष रूपे अविकारी, देत भये निज दर्शन भारी ॥२०॥
कितने का हरि प्रनवनादा, सुनावत भये अगम अगाधा ॥
कितने का हरि परम सुजाना, कोटी कोटी रवि कांति समाना ॥२१॥
एसा निज तनु तेज मुरारी, देखावत भये जन अघहारी ॥

જગદીશ એવા ધર્મકુમાર શ્રીહરિ, શ્રીકૃષ્ણ પ્રભુ કેટલાક લોકોને પોતાના યોગ બળથી ક્ષીરસાગરને મધ્યે લક્ષ્મી સાથે મહાન નાગરૂપ શેષે સહિત યોગેશ્વરરૂપે દર્શન કરાવતા હતા. ૧૭-૧૮. બહુનામી સ્વામી શ્રીહરિ કેટલાક લોકોને તો સૂર્ય મંડળને મધ્યે રહેલા સુખદાયક હિરણ્મય પુરુષરૂપે પોતાનાં દર્શન આપતા હતા. ૧૯.અવિકારી શ્રીહરિ કેટલાકને તો અગ્નિ મંડળમાં રહેલ પરમ અનુપમ, સુખરૂપ એવા યજ્ઞપુરુષરૂપે પોતાના ભારે દર્શન આપતા હતા. ૨૦.

મનુષ્યોના પાપને હરનારા આવા શ્રીહરિ કેટલાકને તો અગમ્ય અને અગાધ આવો પ્રણવનો ધ્વનિ સંભળાવતા હતા. અને પરમ સુજાણ સર્વાવતારી મુરારિ શ્રીહરિ કેટલાકને કરોડો કરોડ સૂર્યના તેજના સમાન પોતાનાં સ્વરૂપનું તેજ બતાવતા હતા. સર્વ પાપને નાશ કરનારા સ્વામી ધર્મકુમાર શ્રીહરિ કેટલાક લોકોને તો જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિથી પરે સત્, ચિત્ અને આનંદરૂપ જેનું લક્ષણ છે અને જેને કવિઓ દૃષ્ટા કહે

कितने का तो धर्मकुमारा, जाग्रत स्वप्न सुषुप्ति न्यारा ॥२२॥
सत चिद् आनंद लछन्न जाका, दृष्टा नाम कहत कवि ताका ॥
अस ब्रह्मरूपे अंतरजामी, देत भये निज दर्शन स्वामी ॥२३॥
कितने का तो जोग निधाना, विश्वाधार नाम भगवाना ॥
पुरुष सुक्त करी स्तवन गाये, अस बैराज पुरुष मन भाये ॥२४॥
तेहि रूप निज दर्शन नाथा, देत भये जनका सुखपाथा ॥
कितने का ईश्वर करी खांती, भूगोल खगोल विशे बहुभांति ॥२५॥
रहा देव कर बिविध स्थाना, देखावत भये ऐश्वर्य नाना ॥
कीतने का तो धर्मदुलारे, आधारादि चक्र षट न्यारे ॥२६॥
तीन मही राजत गणपति आदि, भव ब्रह्मावर देव अनादि ॥
तीनका जग पृथक पृथक जगवंदा, देखावत भये सहजानंदा ॥२७॥
कबहुं तो सत जोजन दूरी, रहत भक्त प्रभु सुख भरपूरी ॥

છે; તેવા અંતર્યામી બ્રહ્મસ્વરૂપે પોતાનાં દર્શન આપતા હતા. ૨૧-૨૩. સુખસાગર અને નાથ એવા શ્રીહરિ કેટલાક મનુષ્યને તો જેને યોગનિધાન અને વિશ્વાધાર કહેવાય છે, તથા જેની પુરુષસુક્તે કરીને સ્તુતિ કરવામાં આવે છે, એવા મનભાવ્યા વૈરાજપુરુષરૂપે પોતાનાં દર્શન આપે છે.

વળી પરમેશ્વર શ્રીહરિ કેટલાકને તો ખગોળ તથા ભૂગોળને વિષે અનેક જાતના દેવતાઓના જે વિવિધ સ્થાનો છે અને જે તેમનું અનેક પ્રકારનું ઐશ્વર્ય છે, તેને ખાંતેથી બતાવતા હતા. ધર્મદુલારા, જગદ્વંદ્ય શ્રીસહજાનંદ સ્વામી કેટલાકને તો આધાર આદિ ભિન્ન ભિન્ન છ ચક્ર બતાવતા હતા અને તેમાં વિરાજતા ગણપતિ, શંકર, બ્રહ્મા ઈત્યાદિક અનાદિ દેવોના અલગ અલગ જે શ્રેષ્ઠ સ્થાનો છે તેને બતાવતા હતા. ૨૪-૨૭.

❀ શ્રીહરિએ ભક્તોને વિવિધ રૂપે દર્શન આપ્યાં :

ક્યારેક પ્રભુના ભરપૂર સુખમાં રહેલા ભક્ત સો યોજન જેટલે

तीनका जाय हरि प्रगट प्रमाना, दरस देत भये श्रीभगवाना ॥२८॥

दोहा : कबुक तो धर्मात्मज, रहे पुर निज भक्त ॥
तिनहि अपने घर विशे, होई परम अनूरक्त ॥२९॥
प्रतिमा श्रीमहाराज की, ता आगे करी प्रीत ॥
धरा नैवेद बनायकर, बिविधि भाँति रसरीत ॥३०॥

सोरठा : श्रीहरि करुनाकंद, निज जन का बिस्मय करत ॥
प्रभु श्रीसहजानंद, जेंवत भये भोजन सरस ॥३१॥
कबहुं तजत निज देह, ऐसे सबहुं निज भक्त जन ॥
करी हरि परम स्नेह, तिनका प्रभु निज धाम प्रति ॥३२॥

चोपाई :
धाम प्रति ले जाने काजा, ईछत सकल भुवन कर राजा ॥
आयके आप ते भक्तके गामा, धर्मकुवर सुंदर घनशामा ॥३३॥

દૂર હોય તોપણ પ્રગટ પ્રમાણ શ્રીહરિ ત્યાં જઈને તેને દર્શન આપતા હતા. ૨૮. ક્યારેક પોતાના ગામમાં પોતાના પરમ પ્રેમીભક્તે તેમને ઘેર વિવિધ પ્રકારની રસોઈ બનાવી હોય. અને તેનું શ્રીસહજાનંદ સ્વામી મહારાજની મૂર્તિ આગળ પ્રેમથી નૈવૈદ્ય ધરાવ્યું હોય તો કરુણાનિધિ ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિ પોતાના ભક્તજનોને વિસ્મય પમાડતા પમાડતા તે સરસ ભોજનને જમતા હતા. ૨૯-૩૧.

શ્રીહરિના પોતાના એવા બધા ભક્તજનો હોય છે કે તે કોઈ વખતે પોતાનું શરીર છોડે છે ત્યારે પરમ સ્નેહથી તેને પોતાનાં ધામ પ્રત્યે લઈ જવાને માટે પોતાના ભક્તને ગામ આવે છે. અને ઘનશ્યામ પ્રભુ તે ગામમાં કોઈ પોતાનો ભક્ત હોય અથવા અજ્ઞાની જીવ હોય તોપણ તેને પોતાનું પ્રત્યક્ષ પ્રમાણ દર્શન આપે છે.

સુખરાશિ, અંતર્યામી, અવિનાશી ભગવાન કોઈ મુમુક્ષુ હોય કે મુમુક્ષુ ન હોય તોપણ તેવાની આગળ પોતાનું અતિશય અલૌકિક

रहे तेही गाममें ऐसे प्रानी, होत भक्त अथवा अग्यानी ॥
तिंनका निज प्रतक्ष प्रमाना, दरशदेत भये श्रीभगवाना ॥३४॥
मुमुक्षुको येही प्रकारा, अथवा मुमुक्षु नहि निरधारा ॥
एसे जन तीनका अविनासी, निज ऐश्वर्य अति सुखराशि ॥३५॥
देखावत अलौकिक स्वामी, एसे श्रीहरि अंतरजामी ॥
तेही प्रताप जन देखी अत्यंता, बिस्मय भये सकल बुधिवंता ॥३६॥
ऐसे जन सब अपरमपारा, निज मत गुरु तजि सबहि प्रकारा ॥
श्रीमहाराज कर अनन्य भावे, आश्रय करत भये उछावे ॥३७॥
प्रगट प्रमान भजन बहुभांति , करत भये जन बहु करी खांति ॥
तदनंतर बहु जन मतबादी, पढि पुनि शास्त्र बिद्या साधी ॥३८॥
श्रीजी संग होय परम प्रबीना, आये बिबाद करन मति हिना ॥
जित न शके बाद करी कोउ, सकुची रहै साम्रथि बीन सोउ ॥३९॥

ઐશ્વર્ય બતાવે છે. અને તે પ્રતાપને દેખીને જે બુદ્ધિમાન હોય તેવા બધા લોકો અત્યંત વિસ્મય પામે છે. ૩૨-૩૬. આવા બધા અપરંપાર લોકો હતા. **તે બધા પોતાના મતને અને ગુરુને બધી રીતે છોડી દઈને અનન્યભાવે ઉત્સાહથી શ્રીસહજાનંદ સ્વામી મહારાજનો આશ્રય કરતા હતા.** ૩૭. **તે બધા લોકો ઘણી ખાંતથી અનેક રીતે પ્રગટ પ્રમાણ શ્રીહરિનું ભજન કરતા હતા.**

❁ શ્રીહરિએ મતવાદીઓને સમાધિમાં વિવિધરૂપે દર્શન આપ્યાં :

તે પછી જે પોતાને નિપુણ માનતા હતા એવા બુદ્ધિહીન ઘણા મતવાદી લોકો ઘણા શાસ્ત્રો વાંચી, વિદ્યાઓને સાધી અને શ્રીહરિની સાથે વિવાદ કરવા આવ્યા. પરંતુ તે કોઈ વાદ વિવાદમાં શ્રીહરિને જીતી શક્યા નહિ અને સામર્થ્યથી રહિત તે બધા સંકોચ પામીને ચાલ્યા ગયા. ૩૯. પછી તો તે જે ખળ મતવાદીઓ હતા તે મનમાં પસ્તાયા. શ્રીહરિનો અમાપ પ્રતાપ તથા ઐશ્વર્યને દેખ્યું ત્યારે હાથ જોડી પગે લાગ્યા અને

पीछे मतबादी सब जेते, मन पछताईके खल तेते ॥
श्रीजि कर अतुलित प्रतापा, अविलोकी ऐश्वर्य अमापा ॥४०॥
नमस्कार करी जोरी पानी, बोले मतबादी वर बानी ॥
हे महाराज तुमतो जगस्वामी, निश्चे ईश्वर अंतरजामी ॥४१॥
एही कारन बिनती उर धारी, हमरे ईष्टदेव अघहारी ॥
तीनका दर्श हमका क्रिपाला, कराईये बरनी वृषलाला ॥४२॥
दोहा : ऐहि प्रकार तीन कर शुभ, सुनि प्रार्थना शाम ॥
तीन सब ही का श्रीहरि, करी करुना सुखधाम ॥४३॥
बैठाईके ध्यान मंहि, निज प्रताप करी ईश ॥
तुर्त समाधी कराई प्रभु, जग कारन जगदीश ॥४४॥
सोरठा : पीछे तेहि सब जन, दरश मात्र करी नाथकर ॥
नारी प्रान अरु मन, भये लीन जन सबन कर ॥४५॥
निज निज हृदय मांई, अविलोकेउ निज ईष्ट सब ॥

પછી તે મીઠી વાણી બોલ્યા, "હે મહારાજ ! તમે તો જગતના માલિક છો, અંતર્યામી છો અને ચોક્કસ પરમેશ્વર છો. ૪૦-૪૧. માટે અમારી વિનંતિને આપ હૃદયમાં ધારો. પાપને નાશ કરનારા અમારા ઈષ્ટદેવનાં દર્શન કરાવો. આપ તો ધર્મપુત્ર દયાળુ વર્ણી છો." ૪૨.

કરુણા તથા સુખનાં ધામરૂપ ઘનશ્યામ શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણેની તે મતવાદીઓની જ્યારે શુભ પ્રાર્થના સાંભળી ત્યારે તેમને પોતાની આગળ ધ્યાનમાં બેસાડ્યા. અને જગતના કારણ, જગદીશ, ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિએ પોતાના પ્રતાપથી તત્કાળ સમાધિ કરાવી. પછી પોતાની દૃષ્ટિ માત્રથી જ તે સહુ લોકોના નાડી, પ્રાણ અને મનને લીન કરી દીધા અને સહુને સમાધિ કરાવી. પછી તે સહુને હૃદયમાં પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં, તેથી તે આનંદ પામ્યા. ૪૩-૪૬. તે મતવાદીઓએ પોતપોતાના ઈષ્ટદેવનાં જે દર્શન કર્યાં, તેને

ईष्टरूप मुद पाई, देखावत भये श्रीधर्मसुत ॥४६॥

चोपाई :

ईष्टदेव निज निज ही देखा, अनुक्रम करी अब बर्नु बिषेखा ॥
बल्लभकुल आश्रित अस दासा, बैष्णवराज समर्पनी खासा ॥४७॥
तथा निंबारक मत कर होई, माधवी संप्रदाय कर सोई ॥
ए तीनो तो गोपीनाथा, गोपीगन बेष्टित सुख पाथा ॥४८॥
वृंदावन हि करत बीहारा, ललीत बाललीला जुक्त प्यारा ॥
नवल मनोहर मूर्ति कनैया, ऐसा श्रीकृष्ण सुखदैया ॥४९॥
तेहि रूप देखत भये एहि, धर्मात्मा सुंदर छबी तेहि ॥
रामानुज संप्रदाय बारे, देखत भये सो हरख अपारे ॥५०॥
नंद सुनंद विश्वक सेना, गरुडादिक पार्षद जूथ एना ॥
लक्ष्मीनारायन कर रूपा देखत भये सो परम अनुपा ॥५१॥
रामानंदी गृस्थ बैरागी, सो तो देखत भये बडभागी ॥

હવે હું અનુક્રમે કરીને વિશેષપણે વર્ણવું છું. જે વલ્લભકુળને આશ્રિત, તેમાં પણ ખાસ કરીને જે સમર્પણી વૈષ્ણવરાજ કહેવાતા હતા, તે તથા નિબાર્ક અને માધ્વ સંપ્રદાયના હતા, તે ત્રણેયને ગોપીઓના સમુદાયથી વીંટાયેલા સુખસાગર શ્રીગોપીનાથરૂપે દર્શન કરાવ્યાં. જે વૃંદાવનને વિષે વિહાર કરનારા અને સુંદર બાળલીલાથી યુક્ત પ્યારા હતા, જે નવીન મનોહર મૂર્તિ ધારણ કરનારા સુખદાયક કનૈયા શ્રીકૃષ્ણ કહેવાતા હતા. ૪૭-૪૯. બધા વૈષ્ણવોએ તે ધર્માત્મા પ્રભુની સુંદર છબીનાં દર્શન કર્યાં. અને રામાનુજ સંપ્રદાયના અનુયાયી જે વૈષ્ણવ હતા તેમણે પણ નંદ, સુનંદ, વિશ્વકસેન તથા ગરુડ આદિક પાર્ષદના સમુદાયે યુક્ત પરમ અનુપમ લક્ષ્મીનારાયણ સ્વરૂપનાં દર્શન અપાર હર્ષથી કર્યાં. ૫૦-૫૧.

રામાનંદ સંપ્રદાયના જે ભાગ્યશાળી ગૃહસ્થ વૈરાગીઓ હતા તેને રૂપના નિધિ જેવા સીતા, લક્ષ્મણ અને હનુમાનજીની સાથે વિરાજમાન

सीता लक्ष्मन अरु हनुमाना, ईन ज्यूत राजत रूप निधाना ॥५२॥
बैठी दिव्य सिंहासन मंहिया, एसे रम्य राम सुखदैया ॥
तेहि रूप देखत भये एहा, धर्मकुंवर छबी करी सनेहा ॥५३॥
शंकर मत बारे जे रहेऊ, ब्रह्मज्योति रूप देखत भयेऊ ॥
शैवी हते सो शिव उदारूं, पारवती प्रमथ गन च्यारूं ॥५४॥
ईन्ही सहित शिव सुखदायी, एहि रूप देखे रुचि लाई ॥
सूर्य उपासक हते सुजाना, सो तो देखत भये भगवाना ॥५५॥
रविमंडल मंहि रहे अनुपा, हिरन्यमय पुरुष सुखरूपा ॥
तेहि रूप देखत भये प्रानी, निलकंठ सुंदर सुखदानी ॥५६॥
दोहा : गनपति कर उपासक, महा गजानन रूप ॥
देखत भये अति हरष जूत, श्रीहरि परम अनुप ॥५७॥
देवी उपासक सोउ जन, मुदित होई तत्काल ॥
देवीरूप देखत भये, बर्नीय रूप रसाल ॥५८॥

રામચંદ્રજીરૂપે દર્શન કરાવ્યાં કે જે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન એવા રમણીય સુખદાયક રામરૂપે હતા. તે જ રૂપમાં ધર્મકુંવર શ્રીહરિની છબીને સ્નેહ સાથે સહુએ દેખી. ૫૨-૫૩. જે શંકરાચાર્યના મતવાળા હતા તેમણે શ્રીહરિને બ્રહ્મજ્યોતિરૂપે દેખ્યા. જે શૈવ હતા તેમણે ઉદાર શિવ, પાર્વતી અને સરસ પ્રમથગણે સહિત શિવજી તથા તેમના સમુદાયને પ્રેમથી વર્ણીનાં રૂપમાં દેખ્યા. અને જે સુજ્ઞ સૂર્યના ઉપાસક હતા તેમણે પણ ભગવાનને તેવા રૂપમાં દેખ્યા. ૫૪-૫૫. સૂર્યમંડળમાં અનુપમ સુખરૂપ હિરણ્મય પુરુષ રહ્યા છે, તો સૂર્યના ઉપાસકોએ સુખદાયક સુંદર નીલકંઠવર્ણીને તે હિરણ્મય પુરુષ રૂપે દેખ્યા. ૫૬.

ગણપતિના જે ઉપાસક હતા, તેણે મહાગણપતિ રૂપે પરમ અનુપમ શ્રીહરિને ઘણા હર્ષથી દેખ્યા. ૫૭. જે દેવીના ઉપાસકો હતા, તેમણે તે સમયે અતિશય ખુશી થઈને સુંદર રસરૂપ વર્ણીને દેવીરૂપે દેખ્યા. ૫૮. જે જૈન મતના હતા તેમણે પોતાના ઈષ્ટદેવ જે બધા તીર્થંકર તે રૂપે

सोरठा : जैयन मतकर जेहि, प्रफुलित होई निज ईष्ट सब ॥
तीथंकर रूपे तेहि, देखत भये श्रीधर्मसुत ॥५९॥
यवन हते सो आप, पैगांबर रूप देखी सब ॥
जन सब ही पुलकाय, परेउ चरन हरिकृष्ण कर ॥६०॥

चोपाई :
येहि प्रकार समाधि मांये, निज निज ईष्टरूपे जांई ॥
श्रीमहाराज बिलोकी प्रानी, सर्वात्मा सब कारन जानी ॥६१॥
अपना अपना मत गुरु त्यागी, करत भये आश्रय बडभागी ॥
श्रीजि कर दृढ आश्रय करीके, भये दास सब प्रगट हरिके ॥६२॥
येहि प्रकार सहजानंद स्वामी, निज प्रताप करी अंतरजामी ॥
जगती जीव कर मूल अग्याना, नाश करत भये श्रीभगवाना ॥६३॥
अवनी बिषे नाश भया जानी, एकांतिक धर्म सुखदानी ॥
ता कर श्रीहरि सबही प्रकारा, किन स्थापन धर्मकुमारा ॥६४॥

ધર્મપુત્ર શ્રીહરિને પ્રફુલ્લિત મનથી જોયા. ૫૯. અને જે મુસલમાનો હતા તે બધાએ શ્રીહરિને પયગંબરરૂપે દેખ્યા અને બધા આનંદિત થઈને શ્રીહરિકૃષ્ણ પ્રભુનાં ચરણમાં પડ્યા. ૬૦.

આ રીતે સમાધિમાં સહુને પોતપોતાના ઈષ્ટદેવરૂપે જ્યારે શ્રીસહજાનંદ સ્વામી મહારાજને જોયા ત્યારે તે સહુએ શ્રીહરિને સર્વાત્મા અને સર્વનું કારણ જાણ્યા. ૬૧. પછી તો સમાધિમાંથી જાગેલા તે બધા ભાગ્યશાળી મનુષ્યોએ પોતપોતાનો મત અને ગુરુનો ત્યાગ કરીને પ્રભુ શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો અને બધા પ્રગટ શ્રીહરિના દાસ-ભક્ત થયા. ૬૨.

આ રીતે અંતર્યામી ભગવાન શ્રીસહજાનંદ સ્વામીએ પોતાના પ્રતાપથી આ જગતમાં રહેલા જીવોનું જે મૂળ અજ્ઞાન તેનો નાશ કર્યો. ૬૩. સુખદાયક ધર્મકુમાર શ્રીહરિએ આ ભૂમિ ઉપર એકાંતિક ધર્મનો નાશ થયો છે, એમ જાણીને બધી રીતે તે ધર્મનું ફરીવાર સ્થાપન કર્યું.

पुनि धनाढ्य एसे निज दासा, गृस्थ सत्संगी ते करे पासा ॥
अनछत्र बहु बिधि करवाये, अभ्यागत हित शाला बनाये ॥६५॥
हिंसारहित ऐसे भगवाना, बिष्णुयाग कराये नाना ॥
महापूजा करीके हरि जेहि, यज्ञ करवत भये हरि तेहि ॥६६॥
तेहि यज्ञ बिशे सहस्र रु लक्षा, बिद्वन भुसुर आये दक्षा ॥
तीनका मिष्टान करी बहुभाँति, त्रप्ति करावत भये करी खांती ॥६७॥
घृत प्रचुर मोदक बहु भारी, जेंवत मुदित बिप्र नरनारी ॥
एक मास द्वे मास प्रयंता, षटमासा अवधि नही अंता ॥६८॥
जेंवत विप्र अति रहे अघाई, तदपि हरि कहत नहि नाई ॥
तदनंतर द्विजका बहु दाना, देवावत भये हरि सुजाना ॥६९॥
साधु द्विजदेव का देवा, पूजन भोजन कराई सेवा ॥

---

૬૪. વળી પોતાના આશ્રિત જે ધનાઢ્ય ગૃહસ્થ સત્સંગીઓ હતા, તેમની પાસે ઘણી જાતના અન્નક્ષેત્ર કરાવ્યા તેમજ તીર્થવાસીઓને માટે ધર્મશાળા બનાવડાવી. ૬૫.

વળી ભગવાન શ્રીહરિ તે ગૃહસ્થ સત્સંગીઓની પાસે અનેક પ્રકારના હિંસાએ રહિત વિષ્ણુયાગને પણ કરાવ્યા હતા. અને શ્રીહરિ જે વિષ્ણુયાગ કરાવતા હતા, તે મહાપૂજા કરીને કરાવતા હતા. ૬૬. અને તે યજ્ઞોમાં કાર્યકુશળ હજારો તથા લાખો વિદ્વાન બ્રાહ્મણો આવ્યા હતા. વળી તે વિદ્વાનોને ઘણી ખાંતથી અનેક જાતનાં મિષ્ટાનો કરાવી તૃપ્તિ કરાવતા હતા. ૬૭. પુષ્કળ ઘી નાખેલા ઘણા સારા લાડુઓને નરનારી બધા વિપ્ર રાજીપે જમતા હતા. અરે ! તે વિપ્રોને તો એક માસ, બે માસ અને છ છ માસ સુધી જેનો અવધિ ન આવે તે રીતે જમાડ્યા હતા. ૬૮.

જમતા વિપ્રો અતિશય તૃપ્ત થઈ જતા હતા, છતાં પણ શ્રીહરિ કોઈને રસોઈ બનાવવાની ના કહેતા નહિ. તે પછી પરમ સુજાણ શ્રીહરિ

त्रप्ति करत भये बारमबारा, एसे श्रीहरि धर्मकुमारा ॥७०॥

दोहा : अधर्म अरु पाखंड कर, बार बार जगवंद ॥
करत भये उछेद प्रभु, स्वामी सहजानंद ॥७१॥

जहाँ जहाँ बिचरे महाप्रभु, तहाँ तहाँ रहे निज दास ॥
तीनही आगे बहु बीधी, कहत भये अविनाश ॥७२॥

सोरठा : वरनाश्रम कर धर्म, आत्मग्यान बैराग्य पूनि ॥
निज स्वरूप कर मर्म, निज महात्म ज्युत भक्ति वर ॥७३॥

ईनकर बहु वीधी भेव, कहत भये बिस्तार कर ॥
बर्नि यथार्थ देव, समुझावत भये भक्त निज ॥७४॥

दोहा : येहि प्रकार नित्य प्रति प्रभु, निज जन का सुखकंद ॥
आनंद उपजावत भये, धर्मकुंवर स्वछंद ॥७५॥

બ્રાહ્મણોને અનેક પ્રકારના દાન અપાવતા હતા. ૬૯. સાધુ, બ્રાહ્મણો અને દેવતાઓનું પૂજન, ભોજન કરાવીને સેવા કરતા હતા. તે સહુને વારંવાર તૃપ્ત કર્યા હતા. આવા ધર્મકુમાર શ્રીહરિ દેવ, સાધુ અને બ્રાહ્મણને માનનારા હતા. ૭૦.

જગદ્વંદ્ય પ્રભુ શ્રીસહજાનંદ સ્વામી અધર્મ તથા પાખંડનું વારંવાર ઉચ્છેદન કરતા હતા. ૭૧. જ્યાં જ્યાં મહાપ્રભુ શ્રીહરિ વિચરણ કરતા હતા ત્યાં ત્યાં પોતાના ભક્તો રહેતા હતા. અને તે ભક્તોની આગળ અવિનાશી પ્રભુ અનેક પ્રકારની કલ્યાણકારી વાતો કહેતા હતા. ૭૨. વર્ણાશ્રમનો ધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય, પોતાનાં સ્વરૂપનો મર્મ અને માહાત્મ્ય યુક્ત શ્રેષ્ઠ ભક્તિ, એનો ઉપદેશ કરતા હતા. ૭૩.

તે બધાના અનેક ભેદોને પણ વિસ્તાર કરીને યથાર્થ રૂપમાં પોતાના ભક્તોને વર્ણી શ્રીહરિ સમજાવતા હતા. ૭૪. આ રીતે સર્વ સુખનાં મૂળરૂપ, સ્વતંત્ર એવા પ્રભુ ધર્મકુંવર શ્રીહરિ રોજ પોતાના ભક્તજનોને આનંદ ઊપજાવતા હતા. ૭૫.

देत भये अभिनव सुख, निज जनका करी प्यार ॥
प्रेमानंद कहे सब बिधी, सुखनिधि धर्मकुमार ॥७६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते निज मूर्तिरूपे मतबादी कर ईष्टदेव दर्शननामा षट्त्रिंशोऽध्यायः ॥३६॥



अध्याय - ३७

दोहा : रम्य मनोहर गाम एक, कालवानी वर नाम ॥
रहे भक्त ते गाम मंहि, पावन पुरन काम ॥०१॥
ओझत सरिता निकट शुभ, अमित लक्ष्मी अलंक्रित ॥
धर्मकुंवर बिचरत पुंनि, आये तहां करी प्रीत ॥०२॥

પ્રેમાનંદ સ્વામી કહે છે કે ઉપર કહ્યા પ્રમાણે સુખનિધિ ધર્મકુમાર શ્રીહરિ પોતાના ભક્તજનોને ઘણા પ્રેમથી બધી જાતનું અપાર સુખ આપતા હતા. ૭૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'મતવાદીઓને પોતાની મૂર્તિમાં તેના તેના ઈષ્ટદેવરૂપે દર્શન દીધાં' એ નામે છત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૬



અધ્યાય - ૩૭

કાલવાણી ગામમાં વિષ્ણુયાગ તથા પોતાનું ઐશ્વર્યબળ બતાવ્યું

એક કાલવાણી નામે રમણીય મનોહર સારું ગામ છે. અને તે ગામમાં અતિશય પવિત્ર અને પૂર્ણકામ ભગવાનના ભક્તો રહેતા હતા. ૧. શુભ અપાર લક્ષ્મીથી સંપન્ન ધર્મકુંવર શ્રીહરિ વિચરણ કરતા કરતા ઓઝત નદીને નજીક રહેલા તે ગામમાં પ્રેમથી આવ્યા. ૨.

सोरठा : आपके क्रिपा निधान, बिष्णुयाग तहां कीन प्रभु ॥
घृत प्रचूर मिष्टांन, जेंवेउ द्विज षट्ट मास लगी ॥०३॥
करी बहु बिधि उपचार, पुजेउ बिष्णु वरद वर ॥
द्विजका हरी उदार, दिन दान मनी भूषन पट ॥०४॥

चोपाई :
तहाँ आये जन अपरमपारा, हरिजन बिमुख नाही निरधारा ॥
सबका त्रप्ति किंन जेंवाई, नारायन स्वामी सुखदाई ॥०५॥
हरिजन का हरि अंतरजांमी, अमित प्रताप देखावा स्वामी ॥
बरनु तनीक हरि प्रतापू, देखावा जन का हरि आपू ॥०६॥
जनकर संशय छेदनकाजा, क्रिपा किन हरि गरीब निवाजा ॥
सब कर कारन कृष्ण दीनेशा, अवतारी प्रभु नाही संदेशा ॥०७॥

કૃપાનિધિ પ્રભુ શ્રીહરિએ તે કાલવાણી ગામમાં વિષ્ણુયાગ કર્યો અને તે પ્રસંગે બ્રાહ્મણો પુષ્કળ ઘી નાખેલ મિષ્ટાન છ માસ સુધી જમ્યા હતા. ૩. ત્યાં ઉત્તમ વરદાન આપનારા વિષ્ણુ ભગવાનની પૂજા બધી જાતના સારા ઉપચારોથી કરી. પછી શ્રીહરિએ બ્રાહ્મણોને ઉદાર મનથી સારાં વસ્ત્ર, રત્ન અને ઘરેણાંઓના દાન આપ્યાં. ૪. તે વિષ્ણુયાગમાં અપરંપાર લોકો આવ્યા. તેમાં હરિભક્ત હોય કે વિમુખ હોય તેનો કોઈ નિર્ધાર ન હતો.

સુખદાયક શ્રીસ્વામિનારાયણ ભગવાને સહુને જમાડીને તૃપ્ત કર્યા. ૫. ત્યાં અંતર્યામી શ્રીહરિએ હરિભક્તોની આગળ અપાર પ્રતાપ દેખાડ્યો. તે શ્રીહરિના પ્રતાપને હું થોડોક વર્ણવીને કહું છું કે જેને શ્રીહરિએ પોતે ભક્તજનો આગળ બતાવ્યો હતો. ૬.

ભક્તજનોના સંશયને કાપવાને માટે ગરીબનિવાજ શ્રીહરિએ કૃપા કરી. દીનદયાળુ શ્રીકૃષ્ણ સર્વનું કારણ છે અને અવતારી પ્રભુ છે, તેમાં કોઈ સંદેહ નથી. ૭. અવિનાશી પ્રભુ અષ્ટાંગયોગના અભ્યાસ વિના

बिन अष्टांग योग अभ्यासा, निज प्रताप करीके अविनाशा ॥
अनंत भक्त कर एकही संगा, लक्ष करावत आनि उमंगा ॥०८॥
लिन होत नारी पुनी प्राना, देखत जायी भक्त भगवाना ॥
दर्शन करी समाधि मांई, आश्चर्य होत भक्त हरखाई ॥०९॥
असत प्रताप देखी मुदपाये, बहुत मुमुक्षु शर्नें आये ॥
करे अष्टांग मुनि योग प्रयासा, सिद्ध होत कोउ करी अभ्यासा ॥१०॥
तैसे हरि करुना उर लाई, नारी पुरुष सिद्धगति पाई ॥
भये स्वतंत्र हरिजन वृंदा, प्रभु प्रताप बल भये स्वछंदा ॥११॥
प्रान संयम करी तजे ज्युं देहा, रखे चिरकाल सो करी सनेहा ॥
ता मंहि अधिक स्वतंत्रता जानो, हरिप्रताप बल उर मंहि आनो ॥१२॥
होत समाधि एक ही काला, आश्चर्ज्य होत हे जन का बिशाला ॥

જ અનંત ભક્તોને એકઠા કરીને પોતાના પ્રતાપે અતિશય ઉમંગથી સમાધિ કરાવતા હતા. ૮. સમાધિમાં તે ભક્તના નાડી પ્રાણ લીન થઈ જતા હતા. અને જે ભક્ત સમાધિમાં ભગવાનનાં દર્શન કરતા હતા તેને આનંદ સાથે ઘણું આશ્ચર્ય થતું હતું. ૯.

આવો શ્રીહરિનો પ્રતાપ દેખીને રાજી થયેલા ઘણા મુમુક્ષુ જીવો શ્રીહરિને શરણે આવ્યા. ઋષિમુનિઓ અષ્ટાંગ યોગને માટે પ્રયાસ કરતા ત્યારે તે અભ્યાસે કરીને કોઈક જ સિદ્ધ થઈ શકતા હતા. ૧૦. **શ્રીહરિએ દિલમાં દયા કરી તેથી તે મુનિઓની જેમ સ્ત્રી પુરુષ બધા જ સિદ્ધગતિને પામ્યા હતા. તે બધા હરિભક્તો સર્વ નિયામક શ્રીહરિના પ્રતાપથી સમાધિમાં સ્વતંત્ર થયા હતા તથા બીજાને સમાધિ કરાવવામાં પણ સ્વતંત્ર થયા હતા.** ૧૧. તે સમાધિવાળા પ્રાણાયામ કરીને શરીરનો ત્યાગ કરે એવી સ્થિતિમાં જતા ત્યારે તેને હેતથી ઘણા સમય સુધી રાખી મૂકવામાં આવતા. તે બધાને જે સમાધિમાં વિશેષ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ હતી, તેમાં તો શ્રીહરિના પ્રતાપનું જ બળ હતું; એમ મનમાં સમજો. ૧૨.

यह आश्चर्ज्य की बात अनूपा, कहुँ संक्षेप सुनउ सुखरूपा ॥१३॥
होत समाधि अपरमपारा, नारी पुरुष अगनित अविकारा ॥
पृथक पंक्ति नारनारी केरी, सहस्रावधि करी कोन गीनेरी ॥१४॥

दोहा : देखे सबही समाधि मही, धर्मकुंवर भगवान ॥
बैठे कोउ सिद्ध आसन, करत हरि कर ध्यान ॥१५॥
कोउ पद्मासन बैठिके, लिन किन मन प्रान ॥
कोउ बैठे बीर आसन, करत ध्यान बुधिवान ॥१६॥

सोरठा : करी बज्रा आसन कोउ, बैठे थीर होई सुभग मति ॥
स्वस्तिक आसन होइ, कोउ बैठे प्रभु कर निकट ॥१७॥
करी शब आसन दास, परा मनहु होई मृतक सम ॥
जेय प्रभु कर पास, परी पंक्ति यहां देह कर ॥१८॥

જ્યારે બધાને એક સાથે સમાધિ થતી ત્યારે લોકોને અપાર આશ્ચર્ય થતું હતું. તે આશ્ચર્યની વાત તો ઘણી અનુપમ છે. હવે તે સુખરૂપ વાતને હું સંક્ષેપથી સંભળાવું છું. ૧૩. અપરંપાર લોકોને સમાધિ થતી હતી અને તેનાથી અગણિત સ્ત્રી પુરુષો નિર્વિકાર બની જતા હતા. હજારો નરનારીઓની અલગ અલગ પંક્તિઓ કરતા હતા, તેની ગણતરી કોણ કરી શકે ? ૧૪. તે બધા લોકો સમાધિમાં ધર્મકુંવર ભગવાન શ્રીહરિનાં દર્શન કરતા હતા. કેટલાક લોકો સિદ્ધાસને બેસીને ભગવાનનું ધ્યાન કરતા હતા. ૧૫. અને કોઈક પદ્માસને બેસી પોતાના મન તથા પ્રાણને લીન કરી દેતા. વળી કોઈક બુદ્ધિમાન વીર આસને બેસીને ધ્યાન કરતા હતા. ૧૬.

કોઈ સદ્‌બુદ્ધિવાળા વજાસનમાં સ્થિર થઈને બેસતા હતા અને કોઈક ભગવાનની સમીપે સ્વસ્તિકાસને બેસતા હતા. ૧૭. કેટલાક ભક્તો શબાસન કરીને રહેતા ત્યારે એમ લાગતું કે માનો, આ બધાં મરેલાં મડદાં પડ્યાં છે. જે સમાધિવાળા ભક્તોના દેહની પંક્તિ પ્રભુ શ્રીહરિની પાસે પડી રહેતી હતી. ૧૮. તે સમાધિમાં ગયેલા મનુષ્યની

चोपाई :

देह दिशा मानुं काष्ठ समाना, देह स्थुल परा बिनुं प्राना ॥
ऐसे समाधिनिष्ठकि सोई, बहु बिधि निशदिन पंक्ति होई ॥१९॥
हरिकृष्ण हरि धर्मकुमारा, तिनकर महिमा अपरमपारा ॥
एक रसना सु कहा न जाई, बरनत शारद शेष लजाई ॥२०॥
श्रीस्वामी कर शरने आई, अगनित सिद्ध भये मुदपाई ॥
रहत समाधिनिष्ठ हजूरा, पलक न निसरत बाहीर सूरा ॥२१॥
रहत ध्यान मंहि अहोनिश लीना, गाढ प्रेम प्रभुसुं परबीना ॥
तब काउका जगावत स्वामी, प्रहर एक बीते बउनामी ॥२२॥
काउ का जगावत ध्यान सुनाथा, उभय प्रहर बिते सुख पाथा ॥
काउका उठावत ध्यानसुं ईशा, दिना दोई बीते जगदीशा ॥२३॥

દેહની સ્થિતિ તો કાષ્ઠના સમાન થઈ જતી હતી. સમાધિમાં જનારાનું સ્થૂળ શરીર નિષ્પ્રાણ થઈને પડ્યું રહેતું. આવા સમાધિનિષ્ઠોની અનેક રીતની પંક્તિ શ્રીહરિની આગળ રાત દિવસ રહેતી હતી. ૧૯. ધર્મકુમાર હરિકૃષ્ણ શ્રીહરિ, તેમનો મહિમા તો અપરંપાર છે. તે કોઈ કવિ એક જીભથી કહી શકતા નથી. તેનું વર્ણન કરવા જતા તો શારદા અને શેષજી પણ લજાઈ જાય છે. ૨૦.

શ્રીસહજાનંદ સ્વામીને શરણે આવીને અગણિત જીવો પ્રસન્નતાથી સિદ્ધદશાને પામ્યા હતા. અને તેઓ સતત સમાધિનિષ્ઠ રહેતા હતા. એક પળવાર પણ તે શૂરાઓ બહાર નીકળતા નહિ. રાત્રિ દિવસ સમાધિમાં શ્રીહરિનાં સુખમાં તલ્લીન રહેતા અને પરમાત્માનાં સ્વરૂપમાં પરમ નિપુણતાથી ગાઢ પ્રેમ કરતા હતા. જ્યારે એક સામટા ઝાઝા સમાધિમાં ગયા હોય ત્યારે બહુનામી શ્રીહરિ તેમાંથી કોઈને એક પ્રહર જેટલો સમય જાય ત્યારે જગાડતા હતા. ૨૧-૨૨. સુખસાગર ભક્તપતિ શ્રીહરિ કોઈને તો બે પ્રહર વીતે ત્યારે સમાધિમાંથી જગાડતા હતા. જગદીશ્વર

काउका उठावत हे सुखसिंधु, पक्ष एक बिते दिनबंधु ॥
काउका जगावत हे अविनाशा, बिते जाई पुरा एक मासा ॥२४॥
काउका द्वे मासा बीते, काउका त्रय मास बितीते ॥
काउका चहु मासके अंता, खेंचत ध्यानसुँ श्रीभगवंता ॥२५॥
बहुत काल वा थोडे काला, एसे जगावत जन प्रतिपाला ॥
अपना सुख समाधि मांई, देखावत जनका सुखदाई ॥२६॥
दृष्टि मात्र देखी सुखकंदा, उठावत प्रभु सहजानंदा ॥
काहु का करी शब्द स्वामी, जगावत जनका बहुनामी ॥२७॥
करी संकल्प काहुका देवा, जगावत जनका ततखेवा ॥
पाई समाधि सुख प्रबीना, ज्युं मधुमाखी होत रसलीना ॥२८॥
दोहा : तृप्ति न लहत देव जिमि, सुधा पान करी कोई ॥

પરમેશ્વર કોઈકને તો ધ્યાનમાંથી બે દિવસે જગાડતા હતા. ૨૩. સુખસિંધુ તથા દીનબંધુ શ્રીહરિ કોઈકને પંદર દિવસ વીતે ત્યારે સમાધિમાંથી જગાડતા હતા. અવિનાશી શ્રીહરિ કોઈને તો પૂરો એક માસ વીતી જાય ત્યારે જગાડતા હતા. ૨૪. અને ભગવાન શ્રીહરિ કોઈને બે મહિને, કોઈને ત્રણ મહિના કે કોઈને ચાર મહિના વીતે ત્યારે સમાધિમાંથી પાછો લાવતા હતા. ૨૫.સુખદાયક ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ ઝાઝે સમયે જગાડે કે થોડા સમયમાં જગાડે, પણ તેઓ ભક્તજનને સમાધિમાંથી પોતાનાં સ્વરૂપનું સુખ દેખાડતા હતા. ૨૬.

સર્વ સુખના મૂળ જેવા બહુનામી પ્રભુ શ્રીસહજાનંદ સ્વામી કોઈકને તો દૃષ્ટિમાત્રથી જગાડતા હતા તો કોઈને કાંઈક શબ્દ બોલીને જગાડતા હતા. ૨૭. કોઈને તો માત્ર સંકલ્પ કરીને તત્કાળ જ સમાધિમાંથી જગાડતા હતા. મધમાખી જેમ તેના રસમાં લીન થાય છે તેમ જે જે નિપુણ મનુષ્ય સમાધિ પામી સુખ પ્રાપ્ત કરતા હતા તે બધા સમાધિનાં સુખમાં લીન થતા હતા. ૨૮. **જેમ દેવતાઓ અમૃતનું પાન કરતા ક્યારેય**

त्यु रसलोभी भक्तजन, लिन रहत सुख सोई ॥२९॥
आवत नहीं निज देह मही, तजि न शकत सुखसार ॥
मकरग्राह जिमि सिंधु मही, मुदित रहत करी प्यार ॥३०॥
सोरठा : धर्मकुंवर घनशाम, बलातकार परियत्न करी ॥
पुरुषोत्तम सुखधाम, देह मंहि लावत धर्मसुत ॥३१॥
जगावत हरि साक्षात, गाढ समाधि सुं सकल बिधि ॥
कहत अलौकिक बात, आयके सो सब भक्तजन ॥३२॥

चोपाई :
कोई कहे ब्रह्मपुरकी बाते, कोउ बर्नत बैकुंठ करी खाते ॥
कोउ गोलोककी शोभा दाखे, अति ऐश्वर्य सहित कहि भाखे ॥३३॥

તૃપ્તિ પામતા નથી તે જ રીતે સમાધિના રસલોભી ભક્તજનો સમાધિનાં સુખમાં તૃપ્તિ પામતા નહિ, તેમાં સતત લીન રહેતા. ૨૯. જેમ સમુદ્રમાં રહેલો મગર તેમાંથી બહાર આવતો નથી, પણ ઘણા પ્રેમથી તેમાં જ પ્રસન્ન રહે છે, તેમ જ તે સમાધિનિષ્ઠ લોકો પોતાના દેહમાં આવતા નહિ અને સમાધિનાં સુખનો પણ ત્યાગ કરી શકતા નહિ, શ્રીહરિની મૂર્તિમાં જ તલ્લીન રહેતા. ૩૦. જ્યારે સમાધિનિષ્ઠ લોકો સમાધિમાંથી બહાર ન આવે ત્યારે સર્વ સુખનાં ધામ પુરુષોત્તમ ધર્મપુત્ર ઘનશ્યામ શ્રીહરિ તેને પ્રયત્ન કરી બળાત્કારે કરીને દેહમાં લાવતા હતા. ૩૧.

❀ સમાધિમાંથી જાગ્રત થયેલા ભક્તોના સ્વાનુભવ :

જ્યારે ભક્તજન બધી રીતે ગાઢ સમાધિમાં હોય અને સાક્ષાત્ શ્રીહરિ તેને જગાડતા ત્યારે સમાધિમાંથી આવેલા ભક્તજન પોતે અનુભવેલી અલૌકિક વાતોને કહેતા હતા. ૩૨. કોઈ અક્ષર બ્રહ્મપુર ધામની વાતો કહેતા તો કોઈ વૈકુંઠ ધામની વાતો ખાંતે કરીને કહેતા હતા. કોઈક તો ગોલોકધામની શોભાને કહેતા હતા અને અત્યંત ઐશ્વર્યની સાથે કહી બતાવતા હતા. ૩૩.

कोउ कहे श्वेतद्वीप अनूपा, अति ऐश्वर्य सहित सुखरूपा ॥
निरन्नमुक्त कर तेज बखाने, कहत बात लिन होत हे प्राने ॥३४॥
त्रिभुवनमंहि अति दिव्य स्थाना, सुरमुनि असुर अहि कर जाना ॥
बरनत ताहि करी बिस्तारा, गति सर्वत्र शोभऊ उदारा ॥३५॥
श्रीहरि कर स्थान बिदीता, तिहुं पुर महिंयां परम पुंनिता ॥
अति रमनिय दिव्य सुखमांई, बरनत ताहि भक्त मुदपाई ॥३६॥
लोकालोक सु बाहिर कोई, दिव्य स्थान निधि जुत सोई ॥
बरनत भक्त करी बिस्तारा, जस छबि देखी तेही प्रकारा ॥३७॥
बैठे लोक सभासद सोई, सुनि बात अति आश्चर्य होई ॥
अनंत कोटि ब्रह्मांडके बासी, भव ब्रह्मा बिष्णु सुखरासी ॥३८॥

કોઈક ભક્ત અનુપમ ઐશ્વર્યની સાથે સુખરૂપ શ્વેતદ્વીપની વાત કરતા હતા. જ્યારે તે નિરન્નમુક્તના તેજની પ્રશંસા કરતા હતા ત્યારે વાત કહેતા કહેતા તેના પ્રાણ પણ લીન થઈ જતા હતા. ૩૪. તે સમાધિવાળા ત્રિલોકીમાં દેવતાઓ, મુનિઓ, અસુરો અને નાગોના જે દિવ્ય સ્થાનક હતાં તેની વિસ્તારીને વાત કહેતા હતા. તે સમાધિવાળાની ઉદાર ગતિ બધા જ લોકોમાં શોભતી હતી. ૩૫. ત્રિલોકીમાં પરમ પવિત્ર અને ભગવાનના જે પ્રસિદ્ધ સ્થાનો છે તેનું વર્ણન અતિશય હરખથી ભક્તજન કરતા હતા કે જે સ્થાનોમાં અતિશય રમણીય દિવ્ય સુખ રહેલાં હતાં. ૩૬.

લોકાલોક પર્વતથી બહારના ભાગમાં અનેક નિધિથી યુક્ત જે દિવ્ય સ્થાનો હોય તેને તથા જે છબી જેવી દેખી હોય તે રીતે તેને સમાધિમાંથી આવેલા ભક્તજન વિસ્તારપૂર્વક વર્ણન કરતા હતા. ૩૭. લોકપાળોની સભામાં જે સભાસદો બેઠા હોય અને તેની જે આશ્ચર્યકારી વાતો હોય તેને સાંભળીને સમાધિનિષ્ઠ પાછા આવતા ત્યારે તે વાત કહેતા હતા. અને અનંત કોટિ બ્રહ્માંડમાં રહેનારા સુખરાશિ ભવ, બ્રહ્મા તથા

तिनकर क्रिया जगत उपजावे, उत्पत्ति स्थिति लय दर्शावे ॥
बरनत ताहि भक्तजन आई, देखि आये समाधिमांई ॥३९॥
अनंत ब्रह्मांड कर बैभव नाना, बरनत सबहि भक्त बुधिबाना ॥
रचना सब ब्रह्मांडकी आई, जस देखी तस कहे बनाई ॥४०॥
कोउ कहे रचना देह मांई, पिंड ब्रह्मांड एकता लाई ॥
कोउ बरनत भूगोल अत्यंता, सप्त लोक पाताल प्रयंता ॥४१॥
त्युं हि खगोल करी बिस्तारा, ब्रह्मलोक पर्यंत अपारा ॥
सुनि बचन प्रभु बिविधि प्रकारा, श्रीनारायन करी निरधारा ॥४२॥
दोहा : अविलोकी सुख सदन प्रभु, अंतरजामी करी प्यार ॥
तिन मध्ये निरधार करी, पक्व अपक्व बिच्यार ॥४३॥
निज ऐश्वर्य प्रताप करी, भई समाधि सबकाह ॥

વિષ્ણુ, એ ત્રણ દેવતાઓ જે રીતે જગતને ઉત્પન્ન કરે છે, સ્થિતિ રાખે છે અને તેનો પ્રલય કરે છે; એવી બધી ક્રિયાઓને સમાધિમાં જોઈને આવેલા ભક્તજન વર્ણવતા હતા. ૩૮-૩૯.

બુદ્ધિમાન ભક્તજનો અનંત બ્રહ્માંડના જે વૈભવો હોય તે બધાનું વર્ણન કરતા હતા. અને આખા બ્રહ્માંડની જેવી રચના હોય તેને જે રીતે દેખી હોય તે રીતે વ્યવસ્થિત કહેતા હતા. ૪૦. કોઈ ભક્ત તો દેહની અંદરની રચના તથા બ્રહ્માંડની રચનાને બરાબર કહીને તે બંનેની એકતા જણાવતા હતા. કોઈક તો ભૂગોળનું બરાબર વર્ણન કરતા તો કોઈક પાતાળ સુધીના સાત લોકનું વર્ણન કરતા હતા. ૪૧.

તે રીતે જ કોઈક ભક્ત તો બ્રહ્માના લોક પર્યંતના અપાર ખગોળનું વિસ્તારથી વર્ણન કરતા હતા. ત્યારે સર્વ સુખના આધાર, અંતર્યામી પ્રભુ શ્રીહરિ તે વિવિધ પ્રકારનાં વચનોને પ્રેમથી સાંભળીને તે સમાધિ કરનારા ભક્તોની પક્વતા કે અપક્વતાનો વિચાર કરીને તેની સ્થિતિનો નિર્ધાર કરતા હતા. ૪૨-૪૩. પોતાનાં ઐશ્વર્ય તથા પ્રતાપે કરીને સહુને

पक्व धारना जेही कर, सोउ बैठे अलगाह ॥४४॥

सोरठा : शिखवत पुनि पुनि ताहे, योग कलानिधि कला सकल ॥
सुनी संशय सब जाय, निर्खि बढे प्रभुचरन रति ॥४५॥
निज नारी अरु प्रांन, स्व ईछासुँ सकल बिधि ॥
पक्व सो भक्त सुजान, करे संकोच बिकास शुभ ॥४६॥

चोपाई :
कुर्म अंग ज्यु बाहिर देखाई, पुनि संकोच करत निजमांई ॥
शिखवत यु जनका बहुनामी, दृढ अभ्यास करावत स्वामी ॥४७॥
काहुका सब अंगसुँ न्यारा, खेंचि जिव रु प्रान उदारा ॥
एक अंग मंहि राखत धारी, एसे शिखवत हरि ब्रह्मच्यारी ॥४८॥
ऐसे स्वतंत्र धारना जाकूं, पुनि तन भान रहत नही ताकूं ॥

આવી સમાધિ થતી હતી. જેની ધારણા પક્વ થઈ ગઈ હોય તેને પોતે અલગ બેસાડતા હતા. ૪૪. યોગકળાના નિધિ જેવા પ્રભુ શ્રીહરિ તે યોગમાર્ગે ચાલેલા બધા ભક્તોને વારંવાર યોગની રીતિને શીખવતા હતા. તે સાંભળવાથી સાંભળનારાના સંશયો ટળી જતા અને દેખવાથી ભગવાનનાં ચરણમાં પ્રેમ વધતો હતો. ૪૫. જે યોગકળામાં સારી રીતે પરિપક્વ થયેલો સુજ્ઞ ભક્ત હોય તે પોતાની ઇચ્છાથી પોતાના નાડી તથા પ્રાણને બધી રીતે સંકુચિત અને વિકસિત કરી શકતો હતો. ૪૬.

જેમ કાચબો પોતાનાં અંગને બહાર દેખાડે છે અને વળી ફરી પાછો અંદરના ભાગમાં સંકોચી લે છે તે રીતે જ બહુનામી શ્રીસહજાનંદ સ્વામી સાધક ભક્તને યોગનો અભ્યાસ કરાવતા અને તેમાં દૃઢતા શીખવતા હતા. ૪૭. ઉદાર સ્વભાવના બ્રહ્મચારીરૂપ શ્રીહરિ કોઈ ભક્તજનના બધા જ શરીરમાંથી આત્મા તથા પ્રાણને ખેંચી લઈને પછી કોઈ એક અંગમાં જ ધારી રાખવાનું શીખવતા હતા. ૪૮. આ કહ્યા પ્રમાણેની ધારણામાં જ્યારે સાધક પરિપક્વ થતા ત્યારે તેને પોતાનાં શરીરનું કાંઈ

छेदे ज्यारे देहका कोई, तदपि पीरा ताहि न होई ॥४९॥
येही बिधि पक्व धारना रीती, शिखवत प्रभु जन का करी प्रीती ॥
ऐसी जोगकला जगवंदा, शिखवत सबका हरि सुखकंदा ॥५०॥
कोई दृष्टि करी अंतरमांही, देखत हरिकृष्ण सुखदाई ॥
कोउ दृग आगे हरि का धारे, ता कर नेन पलक नहि पारे ॥५१॥
कोउ प्रतिलोम करी एक नेंना, खोलत दुसर दृग पल तेना ॥
दोउ नेत्र उलटा करी डारे, ता मंहि हरि मूर्ति दृढ धारे ॥५२॥
अक्षि विद्या कहत कवि याही, सो शिखवत स्वामी सुखदाई ॥
काउका दोउ दृग अविनाशी, लक्ष कराईके सब सुखराशी ॥५३॥
अंतर मांहि फेरावत नाथा, चक्र ज्यु फेरत एकही साथा ॥

ભાન રહેતું નહિ. પછી બેભાન થયેલા તેનાં શરીરને કોઈ કાપે તોપણ તેની પીડા અનુભવાતી નહિ. ૪૯. ઉપર કહ્યા પ્રમાણે પ્રભુ શ્રીહરિ પ્રેમથી પોતાના ભક્તને યોગની ધારણા પક્વ કરવાની રીતને શીખવતા હતા. જગદ્વંદ્ય અને સુખના મૂળરૂપ એવા શ્રીહરિ આ કહ્યા પ્રમાણે સર્વ ભક્તજનોને યોગકળા શીખવતા હતા. ૫૦.

કોઈ ભક્તજન તો અંતર્દષ્ટિ કરીને પોતાનાં હૃદયકમળમાં સુખદાયક શ્રીહરિકૃષ્ણ પ્રભુને દેખતા હતા. અને કોઈક તો પોતાની દૃષ્ટિ આગળ જ્યારે શ્રીહરિની ધારણા કરતા હતા ત્યારે તેની આંખ ઉપર પલક પડવાની પણ બંધ થઈ જતી હતી. ૫૧. કોઈક ભક્ત એક આંખને પ્રતિલોમ કરી મૂર્તિની ધારણા કરતો હતો ત્યારે બીજી આંખ ખુલ્લી રહેતી અને તેની પલકો પડતી રહેતી. અને કોઈ વખતે તો બંને નેત્રોને ઊલટસૂલટ કરી નાંખતો અને તેમાં ભગવાનની મૂર્તિની દૃઢપણે ધારણા કરતો હતો. ૫૨.

વિદ્વાનો જેને અક્ષિવિદ્યા કહે છે તે વિદ્યાને સુખદાયક શ્રીસહજાનંદ સ્વામી શીખવતા હતા. સુખરાશિ અવિનાશી પ્રભુ શ્રીહરિ તો કોઈની

करे आकर्षन नारी प्राना, शिखवत जनका श्रीभगवाना ॥५४॥
अक्षि विद्या येहि अनुपा, सो जाने हरिजन सुखरुपा ॥
ता कर मीटे सकल संदेहा, दिन दिन बढे प्रभु पद नेहा ॥५५॥
पलक रहित निज लोचन होई, खुला रखावे मुंदे न सोई ॥
नारी प्रानका खेंचत दासा, शिखवे काउ का अहि अविनाशा ॥५६॥
दोहा : षट चक्रन मध्य एक में, रुंधावत प्रभु प्रान ॥
श्रवन बहुत बिधि नाद कर, सुनावत हे सुजान ॥५७॥
प्रान रुंधाय एक चक्रमें, बैठावत प्रभु ताई ॥
प्रनव गिनावत ताहिसु, धर्मात्मज सुरराई ॥५८॥
सोरठा : आवे निज तनमांई, जागी समाधिसुँ भक्तजन ॥

બંને દૃષ્ટિમાં લક્ષ કરાવીને તેને અંતરમાં અંદરના ભાગમાં જેમ કોઈ એકી સાથે ચક્રને ફેરવે તે રીતે ફેરવતા હતા. અને તેના નાડી તથા પ્રાણને ખેંચવાની રીત પણ ભગવાન શ્રીહરિ ભક્તને શીખવતા હતા. ૫૩-૫૪. શ્રીહરિના શીખવવાથી ભક્તજન જ્યારે સુખરૂપ અને અનુપમ એવી અક્ષિવિદ્યાને શીખતા હતા ત્યારે તેનાથી તેના બધા જ સંદેહો ટળી જતા હતા અને દિવસે દિવસે તેને પ્રભુનાં ચરણમાં હેત વધતું હતું. ૫૫.

અવિનાશી પ્રભુ શ્રીહરિ કોઈક ભક્તને પલક પાડ્યા સિવાયની આંખોને એકદમ ખુલ્લી રખાવે, પણ બંધ કરે નહિ; તેવી સ્થિતિમાં તે ભક્તને નાડી તથા પ્રાણને ખેંચવાની કળા શીખવતા હતા. ૫૬. સુજાણ પ્રભુ છ ચક્રમાંથી કોઈ એક ચક્રમાં પ્રાણનો નિરોધ કરાવીને પછી તે ભક્તને કાનથી અનેક જાતના નાદનું શ્રવણ કરાવતા હતા. ૫૭. દેવાધિદેવ ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિ તે ભક્તજનના પ્રાણને કોઈ એક ચક્રમાં રોકી રાખીને ત્યાં બેસાડતા અને તેની પાસે પ્રણવના ધ્વનિને ગણાવતા હતા. ૫૮. જ્યારે યોગી ભક્ત સમાધિમાંથી પોતાનાં શરીરમાં આવે ત્યારે તેની પાસે યથાર્થરૂપમાં પ્રણવની બધી વાત કરાવતા હતા. ૫૯.

तब तेहि पास बनाई, बात करावत प्रनव कर ॥५९॥
ईडा पिंगला नारी, सुषुम्ना आदिक नारी सब ॥
तिन कर राह मुरारी, भक्तका देखावत सुखदा ॥६०॥

चोपाई :

रवि चंद्र करमंडल मांई, पहुंचावत काउंका प्रभु तांई ॥
येहि प्रकार सुरलोक अनंता, देखावत जनका भगवंता ॥६१॥
ऐसे जुक्ति योगकलाकी, शिखवत आप समाधि पाकी ॥
ऐसे योगकला बहुभांति, शिखवत धर्मकुंवर करी खांति ॥६२॥
साधन बल नांई लवलेशा, आप क्रिपा बल करी सुरेशा ॥
अखिल भुवन पति अक्षर स्वामी, धर्मकुंवर वर अंतरजामी ॥६३॥
अखिल लोकको क्रिया बिशेखे, करतल जलवत सब प्रभु देखे ॥

મુરારિ પ્રભુ શ્રીહરિ તે સાધક ભક્તને ઈડા, પીંગળા તથા સુષુમ્ણા નાડીના સુખદાયક માર્ગ બતાવતા હતા. ૬૦.

પ્રભુ શ્રીહરિ કોઈક ભક્તને તો સૂર્યમંડળ તથા ચંદ્રમંડળમાં પહોંચાડતા હતા. તે રીતે જ અનંત દેવલોક પણ દેખાડતા હતા. ૬૧. આ રીતે ધર્મકુમાર શ્રીહરિ પોતે સાધકને યોગકળાની યુક્તિઓ શીખવીને પાકી સમાધિ કરાવતા હતા. તે રીતે જ અનેક પ્રકારની બીજી યોગકળાઓને પણ ખાંતે કરીને શીખવતા હતા. ૬૨.

આ સમાધિમાં દેવાધિદેવ, અક્ષરાધિપતિ, સર્વ જગતના સ્વામી, અંતર્યામી શ્રેષ્ઠ ધર્મકુમાર શ્રીહરિનું કૃપાબળ જ મુખ્ય હતું, પણ સાધનનું બળ લેશમાત્ર હતું નહિ. ૬૩. શ્રીહરિ પોતે સર્વ જગતની બધી જ ક્રિયાઓને હથેળીમાં રહેલાં જળનાં બિંદુની જેમ દેખતા હતા. જ્યારે પ્રભુ કોઈ ગુપ્ત વાત કહી બતાવતા ત્યારે બધા જ લોકો તેમને સાક્ષાત્ ભગવાન જાણતા હતા. ૬૪. છતાં પણ શ્રીહરિ પોતાના ભક્તજનોને

प्रभु सुनाहि गुप्त कोउ बाता, सबही जानता हरि साक्षाता ॥६४॥
तदपि निजजन का करी खांती, देखावत ईश्वर बहुभांति ॥
श्रीमहाराज प्रताप बलपाई, भये सिद्ध जन मन बच काई ॥६५॥
नट बाजीगर ज्यु जगदीशा, खेल करत बैठे मुनिईशा ॥
अन्य कर रुदय बिसे बहुनामी, प्रवेश करावत जनकुं स्वामी ॥६६॥
ताकर मनकि बाते जाने, अंतरजामी तुल्य सयाने ॥
ऐसे शिखवी सिद्ध सब कीना, ब्रह्मविद्यामें भये प्रबीना ॥६७॥
स्वामी प्रताप ब्रह्मगति पाये, अटकत नाहि कहु अटकाये ॥
महाप्रभु कर महिंमा अति भारी, कहत शेष श्रुति रहे बिच्यारी ॥६८॥
एक रसना आपन कहा गावे, अक्षर मुक्त सोउ पार न पावे ॥
ऐसे श्रीहरि धरी नर देहा, करी भक्तसुँ परम सनेहा ॥६९॥

અનેક રીતે પોતાનો ઈશ્વરભાવ દેખાડતા હતા. અને તે ભક્તજનો પણ શ્રીહરિના પ્રતાપનાં બળથી મન, વચન અને શરીરથી સિદ્ધદશાને પામ્યા હતા. ૬૫. જગદીશ્વર, મુનિવર અને બહુનામી એવા શ્રીહરિ જેમ કોઈ નટ અથવા તો બાજીગર ખેલ કરતો હોય છે તેમ બેઠા બેઠા કોઈ એક ભક્તને બીજાનાં હૃદયમાં પ્રવેશ કરાવતા હતા. ૬૬. પછી અંતર્યામીની તે શાણા ભક્તની પાસે તેના મનની બધી વાતોને જાણવાનું શીખવતા. આ રીતે યોગકળા શીખવીને શ્રીહરિએ બધાને સિદ્ધ કર્યા તથા બ્રહ્મવિદ્યામાં પ્રવીણ કર્યા. ૬૭.

શ્રીહરિના પ્રતાપથી આવી યોગકળા દ્વારાએ બ્રહ્મગતિને પામેલા ભક્તજન ક્યાંય અટકાવ્યા અટકતા નહિ. મહાપ્રભુનો મહિમા એટલો બધો ભારે છે કે તેને શેષ તથા ચારે વેદો વિચાર કરીને કહેતા જ રહે છે. ૬૮. તે મહિમાને એક જીભ પોતે શું ગાઈ શકે ? અક્ષરમુક્ત હોય તોપણ તેના પારને પામતા નથી. આવા મહિમા સંપન્ન શ્રીહરિ ભક્તજન ઉપર અતિશય હેત રાખીને મનુષ્યદેહ ધરી રહ્યા છે. ૬૯.

शिखवत ताहे जोग अभ्यासा, दर्शावत ऐश्वर्य अविनाशा ॥
अन्यकर देहमइ स्थिति कराई, ते करे प्रान रुंधत अन्य जाई ॥७०॥

दोहा : अति सुखप्रद हरिधाम बहु, प्रभु ज्यु देखावत सोई ॥
ऐसे सामृथ शिष्य बहु, गृही त्यागी जन होई ॥७१॥

स्वामी कर अग्या करी, कोई भक्त मति मान ॥
समाधि करावत अन्यकूं, जगावत करी ध्यान ॥७२॥

सोरठा : सोहत जन प्रति पाल, अगनित ऐसे शिष्य जुत ॥
करुना करी दयाल, अति प्रताप दरसाय जग ॥७३॥

किंनो अवनि थाप, योगकला भई नष्ट तब ॥
ऐसे श्रीहरि आप, प्रगट होई भये बिदित वर ॥७४॥

જ્યારે યોગનો અભ્યાસ કરાવતા હોય ત્યારે અવિનાશી પ્રભુ તેને પોતાનું ઐશ્વર્ય દેખાડતા. એક ભક્તને બીજાના દેહમાં રાખીને તેના દ્વારાએ બીજાના પ્રાણનો નિરોધ કરાવતા હતા. ૭૦.

પ્રભુ શ્રીહરિ અતિશય સુખકારી ભગવાનનાં ઘણાં ધામો બીજાને જે રીતે દેખાડતા હતા તે રીતે જ શ્રીહરિના બીજા ત્યાગી તથા ગૃહસ્થ શિષ્યો અન્યને બતાવે તેવા સમર્થ થયા હતા. ૭૧. શ્રીહરિની આજ્ઞાએ કરીને કોઈ બુદ્ધિશાળી ભગવાનના ભક્ત બીજાને સમાધિ કરાવતા હતા અને જે સમાધિમાં ગયા હોય તેને ધ્યાન કરીને જગાડતા પણ હતા. ૭૨.

ભક્તજન પ્રતિપાલક દયાળુ શ્રીહરિ આવા અગણિત શિષ્યોથી યુક્ત સોહામણા લાગતા હતા અને કરુણા કરીને જગતને પોતાનો અતિશય પ્રતાપ દેખાડતા હતા. ૭૩. પૂર્વે રહેલી યોગકળા જ્યારે નષ્ટ થઈ હતી તે બધી યોગકળાને શ્રીહરિએ ભૂમિ ઉપર સ્થાપી. આવા શ્રેષ્ઠ શ્રીહરિ આવીને જે પ્રગટ હતા તે સર્વ જગતમાં જાહેર થયા. ૭૪. જે શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ અવતારી છે, સમગ્ર શક્તિને ધારણ કરનારા છે, મંગળકારી છે, સમગ્ર કળાથી યુક્ત અક્ષરાધિપતિ કૃપાનિધિ ભગવાન

चोपाई :

पुरुषोत्तम पुरन अवतारी, अखिल शक्तिधर मंगलकारी ॥
सकल कला जुत श्रीभगवाना, अक्षरनिवासी क्रिपानिधाना ॥७५॥

अमित प्रताप प्रगट करी आज्यू, प्रगटे पुरुषोत्तम महाराज्यू ॥
प्रगट प्रताप अमित दर्शावा, त्रिभुवन मंहि बिदित जस छावा ॥७६॥

ज्युं तरनिकिर निकर माली, उदय होत रजनि तम जाली ॥
त्युं प्रभु प्रगट प्रताप प्रकाशा, कलि मल मत तम किंन बिनाशा ॥७७॥

अमित भये अवनि अवतारा, अस प्रताप तो कहुँ न निहारा ॥
जस प्रताप अवतारन मैंया, तस प्रताप ज्युत संत सुखदैया ॥७८॥

आज्यु प्रभु संत हरिजन द्वारा, प्रगट प्रताप जनाय अपारा ॥
ज्युं संत हरिजन बलवाना, सामृथ अन्य अवतार समाना ॥७९॥

છે. ૭૫. એવા પ્રગટ પુરુષોત્તમ મહારાજાધિરાજ આજે પ્રગટ થઈને પોતાનો અમાપ પ્રતાપ બતાવી રહ્યા છે. તેમણે પોતાનો અમાપ પ્રતાપ બતાવ્યો તેથી ત્રિલોકીમાં તેમનો યશ પ્રસિદ્ધ રીતે વ્યાપી ગયો. ૭૬.

❁ શ્રીહરિની સર્વોપરિતા :

જેમ સૂર્યનાં કિરણોનો સમૂહ પ્રગટ થઈને રાત્રિના અંધકારનો નાશ કરે છે તેમ પ્રગટ પ્રભુ શ્રીહરિના સાક્ષાત્ પ્રતાપે કળિયુગના મળ જેવા બીજા બધા મતોના અંધકારનો નાશ કરી નાંખ્યો. ૭૭. **આ અવની ઉપર બીજા અપાર અવતારો થયા છે, પણ શ્રીહરિના આ વખતના પ્રતાપ જેવો પ્રતાપ બીજા કોઈ અવતારોમાં ક્યાંય જોવા મળ્યો નથી. અને અન્ય અવતારોમાં જેવો પ્રતાપ હતો તેવા પ્રતાપથી યુક્ત તો શ્રીહરિના સુખદાયક સંતો પણ હતા. ૭૮. આજે પણ પ્રભુ શ્રીહરિ સંતો તથા હરિભક્તો દ્વારા પોતાનો અપાર પ્રગટ પ્રતાપ જણાવી રહ્યા છે. સત્સંગના બળવાળા જે સંતો તથા હરિભક્તો છે તે અન્ય અવતારોના સમાન સામર્થ્ય ધરાવી રહ્યા છે. ૭૯.**

एक रसनाको कही बखाने, अंतरजामी सम सबकी जाने ॥
भूत भविष्य काल ब्रतमाना, जानत सब विधि परम सुजाना ॥८०॥

प्रभु प्रताप मृत्युका जीती, व्यर्थ कीन हे काल कर रीती ॥
आंन देह मंहि अति अभिरामा, करत प्रवेश अमित गुनधामा ॥८१॥

अंतकाल जन जियहि नीकारी, पहुंचावत प्रभुपद भयहारी ॥
अति ऐश्वर्य प्रभुसुँ पाये, सद्‌ग्रंथन तिनकर गुन गाये ॥८२॥

सोरठा : सुमती बतीश प्रकार, ब्रह्मविद्या जानत सकल ॥
योग अष्टांग उदार, परम कुशल तामंहि सज्जन ॥८३॥

તે પરમ સુજાણ સંતો તથા હરિભક્તો અંતર્યામી પરમાત્માની જેમ જ ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળને સંપૂર્ણ રીતે જાણે છે. મારી એક જીભ તે પ્રતાપની કઈ રીતે પ્રશંસા કરી શકે ? ૮૦.

શ્રીહરિના કેટલાક આશ્રિત પોતાના ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનના પ્રતાપથી મૃત્યુને પણ જીતી લે છે અને કાળની પરંપરાગત રીતિને પણ વ્યર્થ કરે છે. શ્રીહરિના પ્રતાપના સુખથી અતિશય મનોહર અપાર એવા ગુણમય ધામમાં તે પ્રવેશ કરે છે. જે અપાર ગુણના નિવાસ જેવા ભગવાનના ભક્ત હોય છે તે બીજાના દેહમાં સરસ રીતે પ્રવેશ કરી શકે છે. ૮૧.

તે ભક્તો પ્રગટ ભગવાનથી અતિશય ઐશ્વર્યને પામ્યા હોય છે માટે એવા ભક્તો અંત વખતે બીજા લોકોના દેહમાંથી જીવને બહાર કાઢીને તેને પણ નિર્ભય ભગવાનના ચરણમાં પહોંચાડી દે છે. તેથી એવા ભક્તોના સદ્‌ગુણો સદ્‌ગ્રંથોમાં ગવાયા છે. ૮૨.

જે શુદ્ધ બુદ્ધિવાળા સંતજન હતા તે બત્રીશ પ્રકારની બધી બ્રહ્મવિદ્યાને જાણતા હતા અને ઉદાર અષ્ટાંગયોગમાં પણ પરમ કુશળ થયા હતા. ૮૩. અને તે શુભ બુદ્ધિવાળા પરમ ભાગ્યશાળી ભક્તો

धर्म रु ग्यान बैराग्य, स्वधर्म जुत होई सुभगमति ॥
करत परम बडभाग्य, नवधा भक्ति हरिकृष्ण कर ॥८४॥

दोहा : ऐसे संत हरिभक्त जुता, करत अटन अविनाश ॥
गांव गांव प्रति प्रगट प्रभु, तीरथ सकल निवास ॥८५॥

जारी बिबिधि जन बासना, किन परम निष्काम ॥
प्रेमानंद तिहुं लोकमें, रटत नारायन नाम ॥८६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते कालवानि ग्रामे बिष्णु याग समाप्ति निज ऐश्वर्य बलदर्शन नामा सप्तत्रिंशोऽध्यायः ॥३७॥



સ્વધર્મથી યુક્ત થઈને ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્યે યુક્ત એવી ભગવાન શ્રીહરિકૃષ્ણની નવધા ભક્તિને કરતા હતા. ૮૪. **સમગ્ર તીર્થના નિવાસભૂત અવિનાશી એવા પ્રગટ પ્રભુ શ્રીહરિ ઉપર કહ્યા તેવા સમર્થ સંતો અને હરિભક્તોની સાથે જીવોનું કલ્યાણ કરવા માટે ગામેગામ વિચરણ કરતા હતા.** ૮૫.

શ્રીહરિએ ભક્તજનોની વિવિધ પ્રકારની વાસના બાળી નાખીને તેમને પરમ નિષ્કામ ભક્ત કર્યા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તેવા બધા ભક્તો ત્રણેય લોકમાં સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરતા થયા હતા. ૮૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'કાલવાણી ગામમાં વિષ્ણુયાગ તથા પોતાનું ઐશ્વર્યબળ બતાવ્યું' એ નામે સાડત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૭



अध्याय - ३८

दोहा : धर्म वर्म धर्मात्मज, वरणीवेश सुखकंद ॥
नैष्टिकव्रतधर संगले, बीचरत मही मुनि वंद ॥०१॥
सोरठ कछ रु कंकधर, गुर्जर आदिक देश ॥
सबहि फिरी पावन कीये, पद प्रताप अमरेश ॥०२॥

सोरठा : तरुन वृध अरु बाल, नारी पुरुष सब देशकर ॥
दे दरशन वृषलाल, कापेउ कल्मष सबही कर ॥०३॥
फल दल कंद रु मूल, भक्ष भोज्य चोश्यादि अन ॥
विविधि वेली कर फूल, अलंकार करी रचेउ जन ॥०४॥

અધ્યાય - ૩૮

સોરઠ તથા કચ્છ દેશમાં વિચરણ અને ગઢપુર આગમન

ધર્મના કવચ જેવા સર્વ સુખના મૂળ ધર્માત્મજ શ્રીહરિ વર્ણીવેશ રાખતા હતા અને નૈષ્ઠિક વ્રતને ધારણ કરનારા સંતોના મંડળને સાથે લઈને આ ભૂમિ ઉપર વિચરણ કરતા હતા. ૧. દેવાધિદેવ શ્રીહરિએ સોરઠ, કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાત આદિક દેશોમાં ફરીને તેમને પોતાના ચરણના પ્રતાપથી પવિત્ર કર્યાં. ૨.

ધર્મપુત્ર શ્રીહરિએ બધા દેશમાં ફરીને બાળક, જુવાન અને વૃદ્ધ સ્ત્રી પુરુષોને દર્શન દીધાં અને તેમના બધાં જ પાપોને કાપ્યાં. ૩. ફળ, પત્ર, કંદમૂળ; તેમજ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય આદિ અન્ન તથા વિવિધ પ્રકારની વેલોના ફૂલના હાર ઈત્યાદિક અલંકારોએ કરીને ભક્તજનો શ્રીહરિને પૂજતા તથા જમાડતા હતા. ૪.

શ્રીહરિ ભક્તજનોએ અર્પણ કરેલાં તે ફળ પત્રને જમતા, ફૂલના હારને પહેરતા તેમજ ઘણી જાતનાં વસ્ત્ર અને આભૂષણોને પણ પહેરતા; તે રીતે જ હાથી, રથ અને અશ્વ વગેરે અનેક પ્રકારનાં વાહનોને પણ

चोपाई :

जेये फलदल पहिरे हारा, भुषन बसनसु बहुत प्रकारा ॥
गजरथ अश्व जे वाहन नाना, अंगिकार कीन भगवाना ॥०५॥

दुरि करन जन भवभय भारी, निजसुख देन नाथ अघहारी ॥
येहि प्रयोजन काज क्रिपाला, धर्यो वर विग्रह आजु दयाला ॥०६॥

किंन चरित्र पुनित बहुभांति, लीन नीरखी सुख जन एकांती ॥
किंन समैया उछव नाना, बरखी करुन रस क्रिपा निधाना ॥०७॥

जुरे संत हरिजन नरनारी, सारद शेष गीनत रहे हारी ॥
नवीन नेह करी संत हरिदासा, निरखत शशी मुख करी दृग प्यासा ॥०८॥

हरिजन बिन नरनारी जेहा, जुथहि जुथ करी आवत करी नेहा ॥
अगनित सुरपति नरपति आवे, निरखी नाथ छबी आनंद पावे ॥०९॥

અંગીકાર કરતા હતા. ૫. મનુષ્યોના સંસારના ભારે ભયને દૂર કરવો તથા પોતાનાં સ્વરૂપનું સુખ આપવું, આ બે પ્રયોજનને માટે પાપને હરનારા કૃપાળુ ભક્તપતિ ભગવાન શ્રીહરિએ આ વખતે શ્રેષ્ઠ મનુષ્ય દેહ ધારણ કર્યો હતો. ૬. શ્રીહરિએ અનેક જાતનાં પવિત્ર ચરિત્ર કર્યાં અને એકાંતિક ભક્તજનોએ દર્શન કરીને ઘણું સુખ પ્રાપ્ત કર્યું. કૃપાનિધાન શ્રીહરિએ અનેક સમૈયા ઉત્સવો કર્યા અને તેમાં અતિશય કરુણારસ વરસાવ્યો. ૭. **તે સમયે અનેક સંતો તથા નરનારી હરિભક્તો જે ભેળા થતા હતા, તેની ગણના કરતા શેષ અને શારદા પણ હારી જતા હતા. તે સમયે સંતો તથા હરિભક્તો નિત્ય નવું હેત કરીને પ્યાસી દૃષ્ટિ દ્વારાએ શ્રીહરિનાં મુખચંદ્રનાં દર્શન કરતા હતા.** ૮.

જે પૂરા હરિભક્ત પણ ન હોય એવા નરનારીઓના ટોળેટોળાં કુતૂહલભર્યાં હેતથી આવતા હતા. તેમજ અગણિત દેવો અને મોટા રાજાઓ પણ આવતા હતા. તે બધા પ્રભુ શ્રીહરિની છબીનાં દર્શન કરીને આનંદ પામતા હતા. ૯. શ્રીહરિ ઘણાં કુતૂહલભર્યાં ચરિત્ર કરતા હતા, તેને લોકો શરીરનું ભાન ભૂલીને દેખતા હતા. લોકો શ્રીહરિની મૂર્તિનાં

करत चरित्र प्रभु कौतक कारी, नीरखत जन तन भान बिसारी ॥
निरखत जन दृग त्रपती न पाई, रहत त्रष्णा निरखन मन माई ॥१०॥
निरखत जन दृग रहत उछाउ, उठत नाहि उर्मि उर दाउ ॥
ठाडे थकित लखि रुप छटारी, लीखे चित्र मनु सब नरनारी ॥११॥
लेतनाथ सबकर चितचोरी, सहज स्वभाव यह मूर्तिकोरी ॥
येही प्रकार हरि करत बिहारा, कोन कबी लखी लहे ज्यू पारा ॥१२॥
भाँति भाँति की लीला न्यारी, श्रवन सुनत सम कटे अघभारी ॥
येही विधि देत नाथ सुख नाना, करत पान जन अमृत समाना ॥१३॥
धर्मकुंवर सुंदर सुखदाई, प्रगटे हैं आजु भक्त हित आई ॥
भक्त प्रताप अवर नरनारी, लीन तीनहि निज काज सुधारी ॥१४॥

દર્શન કરતા હતા ત્યારે તેની દૃષ્ટિને તૃપ્તિ થાતી ન હતી અને તેમનાં મનમાં દર્શન કરવાની તૃષ્ણા રહ્યા કરતી હતી. ૧૦.

❀ શ્રીહરિએ સોરઠમાં જણાવેલો પૌઢપ્રતાપ :

લોકો ઉત્સાહભરી દૃષ્ટિથી જ્યારે શ્રીહરિનાં દર્શન કરતા હતા ત્યારે તેનાં હૃદયમાં ઊર્મિનો દાવાનળ પ્રગટ થાતો નહિ. અને મૂર્તિનાં સ્વરૂપની છટાને દેખીને આશ્ચર્યચકિત થયેલા તે લોકો ઊભા થઈ રહેતા હતા. ત્યારે તે બધા નરનારીઓ માનો, ચિત્રમાં આળેખેલા હોય તેવા જણાતા હતા. ૧૧. ભક્તપતિ શ્રીહરિ દર્શન કરનાર સહુનાં ચિત્તને ખેંચી લેતા હતા અને તે તેમની મૂર્તિનો સહજ સ્વભાવ હતો. ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિ ભૂમિ ઉપર વિચરણ કરતા હતા. તેને કયો એવો કવિ છે કે જે લખીને તે ચરિત્રના પારને પામે ? ૧૨. શ્રીહરિ ભાત ભાતની જુદી જુદી લીલાઓને કરતા હતા. **તેને જે સાંભળે તે વખતે જ તેના ઘણા ભારે પાપો ટળી જતા હતા. સર્વના નાથ શ્રીહરિ આ રીતે ભક્તજનોને અનેક પ્રકારના સુખ આપતા હતા અને ભક્તજનો તે દર્શન આદિક સુખનું અમૃતની સમાન પાન કરતા હતા.** ૧૩. સુખદાયક અને

दोहा : देश देश महीं धर्म सुत, लीला करत अनंत ॥
मिलत अनंत नरनारी तहाँ, ब्रह्मचारी अरु संत ॥१५॥
रामनौमी एकादशी, जन्म अष्टमी आदि ॥
दिवारी रु हुतासनी, और उछव जन्मादि ॥१६॥
सोरठा : कपिला छठ शिवराती, हरि वासर और ही सकल ॥
करत नाथ बहुभाँति, समैया हरिजन सहित ॥१७॥
बिष्णुयागादिक शाम, करत जज्ञ बहु विविधि विधि ॥
करत हे पुरनकाम, लक्षावधी जिवाय द्विज ॥१८॥
चोपाई :
जेमावत द्विजकुं बहुभाँति, घृत प्रचुर मोदक करी खांती ॥
एक मास द्वे मास परजंता, जेवत द्विजवर मुदित अत्यंता ॥१९॥

સુંદર એવા ધર્મકુમાર શ્રીહરિ આજે ભક્તજનોનાં હિતને માટે પ્રગટ થયા છે. તે શ્રીહરિના ભક્તોના પ્રતાપથી બીજા નરનારીઓએ પણ પોતાના શ્રેયરૂપી કાર્યને સુધારી લીધું હતું. ૧૪.

ધર્મપુત્ર શ્રીહરિ દરેક દેશમાં અનંત લીલાઓને કરતા હતા. અને ત્યાં અનંત ગૃહસ્થ નરનારીઓ, સંતો તથા બ્રહ્મચારીઓ ભેળા થતા હતા. ૧૫. રામનવમી, બધી એકાદશી, જન્માષ્ટમી, દિવાળી, હુતાશની, બીજા જન્મોત્સવ, કપિલાછઠ, શિવરાત્રી, હરિવાસર અને બીજા બધા ભગવાનના દિવસોએ પ્રભુ શ્રીહરિ હરિભક્તોને સાથે રાખીને સમૈયા કરતા હતા. ૧૬-૧૭.

પૂર્ણકામ શ્યામસુંદર શ્રીહરિ અનેક વિષ્ણુયાગને વિવિધ વિધિપૂર્વક કરાવતા હતા અને તેમાં લાખોની સંખ્યામાં બ્રાહ્મણોને જમાડતા હતા. ૧૮. જેમાં પુષ્કળ ઘી નાખ્યું હોય તેવા લાડુ ઘણી રીતે ખંતથી કરીને વિપ્રોને જમાડતા હતા. ત્યારે તે વિપ્રો અત્યંત પ્રસન્નમનથી એક માસ કે બે માસ પર્યંત જમતા હતા. ૧૯. તે વિપ્રોને જમાડવામાં અનેક પ્રકારનાં પકવાનો બનાવતા અને શાક પાકની તો કોઈ વાત ન કહી શકાય તેવા

बहुत भाँति पकवांन बनाई, साक पाक कछु कही न जाई ॥
जेंवत जेंवत रहे अघाई, अग्या देहु नाथ घर जाई ॥२०॥
तदपि न अग्या देत दयाला, गौ ब्राह्मण संतन प्रतिपाला ॥
देत दक्षिना द्विजकुं भारी, कंचन भुसन पटसु मुरारी ॥२१॥
येहि विधि त्रिभोवन जन हितकारी, करत चरित मंहि द्विज वपु धारी ॥
अक्षरपति अखिल जग स्वामी, प्रगटे जन तारन बहुनामी ॥२२॥
येही वीधी धर्मात्मज बहुनामी, लीला करत देवमुनि स्वामी ॥
देश देश महीं धर्मकुमारा, विचरत करत हे जन ओधारा ॥२३॥
देश सौराष्ट्र गाम करनामा, बिचरे संग ले मुनि निष्कामा ॥
जिरन नग्र कीन बहु लीला, खेले होरी रंग रंगीला ॥२४॥

કરાવતા હતા. વિપ્રો જમતા જમતા જ્યારે પૂરા તૃપ્ત થઈ જતા ત્યારે તેઓ શ્રીહરિને કહેતા કે ‘હે નાથ ! હવે અમને રજા આપો તો હવે અમે ઘેર જઈએ.’ ૨૦. છતાં પણ ગૌ, બ્રાહ્મણ અને સંતોનું રક્ષણ કરનારા દયાળુ પ્રભુ તે વિપ્રોને જવાની રજા આપતા નહિ. તેમજ તે મુરારિ પ્રભુ બ્રાહ્મણોને સોનું, ઘરેણાં અને કપડાં વગેરેની ભારે દક્ષિણા આપતા હતા. ૨૧. ત્રિલોકીના જીવોનું હિત કરનારા અને વિપ્રરૂપે પ્રગટેલા પ્રભુ શ્રીહરિ ઉપર કહ્યા પ્રમાણે આ ભૂમિ ઉપર ચરિત્ર કરતા હતા. કારણ કે પોતે અક્ષરાધિપતિ, સર્વ જગતના સ્વામી અને બહુનામી છે, તે અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રગટ્યા હતા. ૨૨.

દેવ તથા મુનિઓના સ્વામી અને ધર્માત્મજ બહુનામી આવા શ્રીહરિ ઉપર કહ્યા પ્રમાણેની લીલા કરતા હતા. તે ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિ અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે દરેક દેશમાં વિચરણ કરતા હતા. ૨૩. શ્રીહરિ નિષ્કામી સંતોને સાથે લઈને સૌરાષ્ટ્ર દેશના ગામોમાં વિચર્યા હતા. તેમજ જૂનાગઢમાં ઘણી લીલાઓ કરી હતી અને ત્યાં રંગીલા શ્રીહરિએ હોળીના ઉત્સવમાં ઘણી રંગક્રીડા કરી હતી. ૨૪.

अबीर गुलाल प्रभु बहुत उडावा, निजजन निरखी अति सुख पावा ॥
बहुत लीला तहाँ किन मुरारी, दश शत बदन लीखत रहे हारी ॥२५॥
पुनि पंचाला ग्राम के माई, अति लीला कीनी मुनि राई ॥
खेले फाग हुतासनी देवा, निजजन कीन भली विधि सेवा ॥२६॥
लीखु लव मात्र सुचवु सब गामा, जानी लेउ बुधि गुन धामा ॥
सारद नारद शेष गनेशा, लीखत पार नहीं लहे ज्यु लेशा ॥२७॥
पुनि मांगरोल लोजपुर माई, बाल लीला कछु लखि न जाई ॥
कालवानी अगतराई गामा, किन आखा पीपलाना धामा ॥२८॥
दोहा : मानावद्र रु मेघपुर, पुनि भाडेर हे नाम ॥
गये गनोद श्रीनाथजी, रहे जालीया गाम ॥२९॥

પ્રભુએ જૂનાગઢમાં ખૂબ જ અબીર અને ગુલાલ ઉડાડ્યો હતો. તે સમયના મૂર્તિનાં દર્શન કરીને ભક્તજનો અપાર સુખ પામ્યા હતા. મુરારિ શ્રીહરિએ ત્યાં એવી ઘણી લીલાઓ કરી હતી કે જેને લખતા હજાર મુખવાળા શેષ પણ હારી જાય છે. ૨૫.

વળી મુનિરાજ શ્રીહરિએ પંચાળા ગામમાં પણ અતિશય લીલા કરી હતી. દેવાધિદેવે ત્યાં હુતાશનીની રંગક્રીડા કરી હતી અને ત્યાં પોતાના ભક્તજનોએ ઘણી સારી રીતે સેવા કરી હતી તેમને ફગવા આપ્યા હતા. ૨૬. હું થોડું લખું છું અને બધા ગામના નામ સૂચવું છું. તેનાથી બુદ્ધિ માન અને ગુણવાન બધા ભક્તજનોએ ભગવાનની લીલાઓને મનમાં સમજી લેવી. તે લીલાઓને શારદા, નારદ, શેષ અને ગણપતિ જો લખે તો તે લીલા ચરિત્રનો લેશમાત્ર પણ પાર પામી શકતા નથી. ૨૭.

વળી શ્રીહરિએ **માંગરોળ** તથા **લોજપુર**માં એટલી બાળ લીલા કરી છે કે તેમાથી કાંઈ લખી શકાતી નથી. **કાલવાણી, અગત્રાઈ, પીપલાણા, આખા, માણાવદર, મેઘપુર, ભાડેર, ગણોદ અને જાળિયા** વગેરે ગામમાં લક્ષ્મીપતિ ભગવાન શ્રીહરિ રહ્યા છે અને લીલાઓ કરી છે. ૨૮-૨૯.

धौराजी फनेनी मही, लीलाकीन अपार ॥
बंध्या गोंडल आदि दे, कीन पावन सरदार ॥३०॥
ईन आदिक जे गाम में, रेन दिना किरतार ॥
किन धर्म सुत सांवरे, लीला जन हीतकार ॥३१॥

सोरठा : बिचरे कछ मंहिनाथ, कछुक नाम कहुँ गाम कर ॥
ले संत हरिजन साथ, करी लीला निज भक्त हित ॥३२॥
में दृग देखे शाम, सोई कहुँ संक्षेप करी ॥
बिचरे जेही जेही गाम, निज भक्तन सुख देन हित ॥३३॥

चोपाई :
भुजंग नग्र मंहि अति अभिरामा, लीला कीन परं सुखधामा ॥
निजजन हित अति दिन दयाला, किने पावन चरित्र क्रिपाला ॥३४॥

ધોરાજી તથા **ફરેણી**માં અપાર લીલા કરી છે. **બંધિયા** અને **ગોંડળ** આદિને પણ પવિત્ર કરીને શ્રેષ્ઠ બનાવ્યા છે. ૩૦. સર્વ કર્તા, શ્યામસુંદર ધર્મપુત્ર શ્રીહરિએ ઉપર જણાવેલા ગામોમાં ભક્તોજનોનું હિત કરવા માટે રાત દિવસ અનેક લીલાઓ કરી છે. ૩૧.

❀ શ્રીહરિએ કચ્છ-ભુજમાં કરેલી લીલા :

ભક્તપતિ શ્રીહરિ કચ્છમાં વિચર્યા છે તેમાં કેટલાક ગામનાં નામ કહું છું. ત્યાં પણ સંતો તથા હરિભક્તોને સાથે લઈને ભક્તોનાં હિતને માટે લીલાઓ કરી છે. ૩૨. મેં પોતાની દૃષ્ટિથી શ્યામસુંદરને જે જોયા છે અને ભક્તજનોને સુખ આપવા માટે જે જે ગામ તેઓ વિચર્યા છે, તેને હું સંક્ષેપથી કહું છું. ૩૩.

પરમ સુખધામ શ્રીહરિએ **ભુજ** શહેરમાં અતિશય મનોહર લીલાઓ કરી છે. અને અતિશય દીનદયાળુ પ્રભુએ ભક્તજનોનાં હિતને માટે પવિત્ર ચરિત્ર કર્યાં છે. ૩૪. હું શું વર્ણન કરું ? મારી જીભ તો એક છે. સહસ્ર મુખ શેષ પણ તે ચરિત્રનો છેડો લઈ શકે તેમ નથી.

कहा बरनु मम रसना एका, सहस्रानन लखी लहे न छेका ॥
मानकुवा अरु तेरा गाम, काला तलाव गाम को नामा ॥३५॥
किंन तहाँ प्रभु लीला भारी, संग ले संत महा व्रतधारी ॥
निज भक्तनकुं महासुख दीना, रहे बहुत तहाँ परम प्रबीना ॥३६॥
मांडवी बंदरमें बहुनामी, संत सहित पधारे स्वामी ॥
तहा बहुत लीला करी सुखदानी, जिते मतवादी ब्रह्मग्यानी ॥३७॥
पुनि भचाउ गांम सिधारे, निजजन के बहु कारज सारे ॥
आये गाम आदोई दयाला, कंथकोट गये परम क्रिपाला ॥३८॥
जहाँ जहाँ गये भक्त भयहारी, किंन क्रतार्थ सब नरनारी ॥
पुरेउ भक्त मनोरथ नाना, दरस परस दे क्रिपा नीधान ॥३९॥
येहि विधि कछ देश मंहि स्वामी, लीला कींन अमित बहुनामी ॥

તે કચ્છમાં **માનકૂવા, તેરા, કાળા તળાવ** ઈત્યાદિકમાં મહાન વ્રતધારી સંતોની સાથે ગયેલા પ્રભુએ ઘણી ભારે લીલા કરી છે. પરમ નિપુણ શ્રીહરિ ત્યાં ઘણું રહ્યા છે અને ત્યાં પોતાના ભક્તજનોને અપાર સુખ આપ્યું છે. ૩૫-૩૬.

બહુનામી શ્રીહરિ સંતોએ સહિત માંડવી બંદરમાં પધાર્યા હતા. અને ત્યાં સુખદાયક ઘણી લીલાઓ કરી છે. વળી ત્યાંના બ્રહ્મજ્ઞાની મતવાદીઓને પણ જીત્યા છે. ૩૭. તેમજ શ્રીહરિ ભચાઉ ગામમાં આવ્યા છે અને પોતાના ભક્તજનોના ઘણા મંગળ કાર્ય સિદ્ધ કર્યા છે. પરમ દયાળુ શ્રીહરિ આધોઈ અને કંથકોટ પણ ગયા છે. ૩૮.

ભક્તોના ભયને ટાળનારા શ્રીહરિ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં બધા નરનારી ભક્તોને કૃતાર્થ કર્યા છે. કૃપાનિધાન શ્રીહરિએ દર્શન દઈને, સ્પર્શ કરીને ભક્તજનોના અનેક મનોરથોને પૂર્ણ કર્યા છે. ૩૯. આ રીતે બહુનામી પ્રભુ સહજાનંદ સ્વામીએ કચ્છ દેશમાં અમાપ લીલા કરી છે. **જેમ આકાશનો અંત ન આવે તે રીતે શ્રીહરિની લીલા ગમે તેટલી**

कहत लीखत कोउ पार न पावे, ज्युं आकाश को अंत न आवे ॥४०॥

अब प्रभु कंक देश के माई, लीला किन परम सुखदाई ॥
बीचरे देश मही ले संग दासा, रहे नाथ जहाँ करी निवासा ॥४१॥

बरनु तास मध्य लेश बिच्यारी, ज्यो में नेन निमेक निहारी ॥
दुर्गनगर एक रमनीय धामा, तहाँ प्रभु किंन बहुत बिश्रामा ॥४२॥

उन्मतगंगा तीर सोहाई, तास छबी कछु बरनी न जाई ॥
अमर भुवन सम छबी अनुपा, धर्म भक्ति जूत ता कर भूपा ॥४३॥

दोहा : येहि प्रकार सब भक्तका, आनंद देत दयाल ॥
किन क्रिपा गढराज बिशे, निज जन भुवन क्रिपाल ॥४४॥

अभय नाम वर राज ऋषि, पुत्र तनया तास ॥
तीन कर भक्ति वश होई, धर्मकुंवर अविनास ॥४५॥

કહીએ કે લખવા માંડીએ તોપણ તેનો અંત આવે તેમ નથી. ૪૦. પરમ સુખદાયક પ્રભુ શ્રીહરિએ **કાઠિયાવાડ** દેશમાં ઘણી લીલા કરી. સાથે પોતાના સેવકો લઈને દેશમાં વિચર્યા. તેમજ ભક્તપતિ જ્યાં નિવાસ કરીને રહ્યા તે દેશની લીલાઓમાંથી હવે કાંઈક વિચારીને વર્ણવું છું કે જે લીલાઓને મેં મારી પોતાની આંખના દરેક નિમેષથી દેખી છે.

ત્યાં રમણીયતાનાં ધામ જેવું એક **ગઢપુર** નામે ગામ છે. ત્યાં પ્રભુ શ્રીહરિ ઘણો સમય શાંતિથી રહ્યા હતા. ૪૧-૪૨. ગઢપુર ગામ ઉન્મત્તગંગાને કિનારે સોહામણું લાગે છે. તેની શોભા કાંઈ વર્ણવી શકાતી નથી. તેની શોભા દેવતાઓના ભવન જેવી અનુપમ છે. અને ત્યાંના રાજા ધર્મ તથા ભક્તિથી સંપન્ન હતા. ૪૩. તે રીતે જ દયાળુ શ્રીહરિ બીજા ભક્તોને પણ સુખ આપતા હતા. કૃપાળુ શ્રીહરિએ પોતાના ભક્તના રાજદરબારમાં ઘણી કૃપા કરીને નિવાસ કર્યો. ૪૪.

ત્યાંના એભલ ખાચર(અભય) નામે દરબાર રાજર્ષિ જેવા હતા. તેને એક પુત્ર અને ચાર પુત્રીઓ પણ હતી. તે સહુની ભક્તિને વશ થઈને

अति पावन तीनकर भुवन, तहाँ प्रभु धर्मकुमार ॥
रहे निवास करी प्रगट प्रभु, प्रेमानंद बलिहार ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते सोरठ कछ देशाटन दुर्गपुरे आगमन नामा अष्टत्रिंशोऽअध्याय: ।।३८।।



अध्याय - ३९

दोहा : अभय आत्मज सद्‌गुननी जूत, अति उत्तम जेही नाम ॥
कुटुंब सहित हरिशरन भयो, भजत शाम सब जाम ॥०१॥

लोकलाज अपमान कुल, करी सबन को त्याग ॥
परम धर्म जूत भक्त वर, भजत हरि बडभाग ॥०२॥

અવિનાશી ધર્મકુમાર શ્રીહરિ ત્યાં રહ્યા હતા. ૪૫. ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિ તેમના અતિશય પવિત્ર ભવનમાં નિવાસ કરીને રહ્યા હતા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે, **“તે પ્રગટ પ્રભુના ઉપર હું વારી જાઉં છું.”** ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં ‘સોરઠ તથા કચ્છ દેશમાં વિચરણ અને ગઢપુર આગમન’ એ નામે આડત્રીશમો અધ્યાય સમાપ્ત-૩૮



અધ્યાય - ૩૯

ગઢપુરની શોભા તથા હુતાશનીના ઉત્સવનું વર્ણન

એભલ ખાચરના પુત્ર ઘણા સદ્‌ગુણી હતા અને તેનું અતિશય ઉત્તમ એવું **‘દાદા ખાચર (ઉત્તમનૃપ)’** નામ હતું. તે પોતાના કુટુંબે સહિત શ્રીહરિના આશ્રિત થયા હતા અને આઠે પહોર શ્યામસુંદર શ્રીહરિનું ભજન કરતા હતા. ૧. ભાગ્યશાળી ભક્ત શ્રેષ્ઠ દાદા ખાચર શુદ્ધ ધર્મથી

सोरठा : दुर्ग नगर छबी देखी, स्वर्गवासी भूले परत ॥
परम संपत्ति पेखी, विस्मित भयेउ विबुध सकल ॥०३॥
सकल भुवन करी त्याग, भूति कीर्ति शोभादि सब ॥
हरि हित करी अनुराग, अविरल इंदिरा वसत ज्यहां ॥०४॥

चोपाई :
घरघर सुर तरु रंभा सोहे, पारीजात परिमल मन मोहे ॥
भुवन भुवन प्रति बाग अनोखे, निरखत सूर नर मुनि मन रोके ॥०५॥
दिव्य भुवन रस्मि रही छाई, निर्खि नाकपति रहे लजाई ॥
मनिमय भुवन झरोखा बारी, करत नारायन धुनी तहाँ नारी ॥०६॥

યુક્ત હતા. અને તેણે લોકલાજ તથા કુળ કુટુંબનું અપમાન, એ બધાનો ત્યાગ કર્યો હતો. અને પોતાનું મહાન ભાગ્ય માનીને શ્રીહરિનું ભજન કરતા હતા. ૨.

ગઢપુરની શોભા જોઈને સ્વર્ગવાસી દેવતાઓ પણ ભૂલા પડતા હતા. અને તે ગઢપુરની સર્વોચ્ચ સંપત્તિ દેખીને બધા દેવો વિસ્મિત થયા હતા. ૩. આ જગતની સંપત્તિ, કીર્તિ અને બધી શોભા વગેરે સમગ્ર દુનિયાનો ત્યાગ કરીને પ્રેમથી શ્રીહરિની સેવા માટે ગઢપુરમાં રહ્યા હતા. અને જે ગઢપુરમાં લક્ષ્મીજી પણ નિરંતર રહ્યા હતા. ૪. ગઢપુરમાં ઘેર ઘેર કલ્પવૃક્ષ અને કેળના સ્તંભ શોભતા હતા. પારિજાતકનો સુગંધ મનને મુગ્ધ કરી દેતો હતો. ઘેર ઘેર અનોખા બાગ બગીચાઓ હતા. તેને જોનારા દેવતાઓ, મનુષ્યો અને મુનિઓનાં મન તેમાં ચોંટી જતા હતા. ૫.

ગઢપુરનાં દિવ્ય ભવનોની કાંતિ એટલી છવાઈ ગઈ હતી કે તેને જોઈને સ્વર્ગના અધિપતિ ઈન્દ્ર પણ લજ્જિત થઈ જતા હતા. તે બધાં ભવન, તેમાં રહેલા ઝરૂખા અને બારીઓ બધા મણિમય હતા. અને ત્યાંની સ્ત્રીઓ પણ **‘સ્વામિનારાયણ’** નામનો ધ્વનિ કરતી હતી. ૬.

झुकी उभय तट भुवन घटारी, मनि तोरन बनी अजब छटारी ॥
उंची करत गगन सु बातें, सुर वेमान परसत मग जाते ॥०७॥
भाँति भाँति बर मनि कर छांटे, रचेउ राज मारग बहु ठाटे ॥
चलत है गज रथ अश्व अपारा, बाजत खुरी होत झनकारा ॥०८॥
नगर समीप बाग बहु भाँति, सुनी कोकील रव उपजत शांति ॥
कुप वाव्य सर सरी बिधी नाना, सरस बांधे मनिमय सोपाना ॥०९॥
सारस हंस बरही पीक कीरा, सुनि स्वन होत मुनि मनथीरा ॥
मज्जन करत संत तिन माई, हरिकृष्ण धुनि मुख ते गाई ॥१०॥
नगर डगर सींचे शुभ वारी, जात आवत हरि की असवारी ॥

બંને બાજુના ભાગમાં રહેલાં ભવનોની ઘટામાં રહેલાં મણિમય તોરણોની છટા અજબ બની હતી. એ ભવનોની ઘટા એટલી ઊંચી હતી કે માનો આકાશ સાથે વાતો કરતી હોય ! અને પોતાને રસ્તે ચાલતાં દેવતાઓનાં વિમાનો પણ તેને અડી જાય તેમ જણાતાં હતાં. ૭. ભાત ભાતના રંગીન મણિ છાંટ્યા હોય તેવા સરસ બધા રાજમાર્ગો બનાવ્યા હતા. તે રાજમાર્ગ ઉપર અપાર હાથી, રથ અને અશ્વો ચાલતા હોય છે ત્યારે ચાલતા અશ્વના ખરીઓ(ડાબલા)થી ઝણકારા થતા હોય છે. ૮.

નગરની સમીપે ઘણી જાતના બાગ હતા. તેમાં બેઠેલી કોયલના ટહૂકાને સાંભળીને ઘણી શાંતિ થાય છે. **ગઢપુર**માં કૂવા, વાવ, સરોવર અને નદીમાં અનેક પ્રકારનાં મણિમય સુંદર પગથિયાં બાંધેલાં હોય છે. ૯. સારસ, હંસ, મોર, કોયલ અને પોપટના સ્વરને સાંભળીને મુનિઓનાં મન પણ સ્થિર થઈ જાય છે. તે બધા જળાશયમાં જ્યારે સંતો સ્નાન કરતા હોય છે ત્યારે તેમનાં મુખમાંથી હરિકૃષ્ણ પ્રભુના નામનો ધ્વનિ ગવાતો હોય છે. ૧૦.

નગરના રસ્તાઓ ઉપર જ્યારે શ્રીહરિની સવારી આવતી જાતી

अगरु धूप घृत दीप संवारे, हरित मनी तोरन सब द्वारे ॥११॥
नारी पुरुष सब हरि कर दासा, करत दरश मन ओर न प्यासा ॥
निज जन भुवन जात प्रभु प्रीते, पूजत प्रभु पद अति रस रीते ॥१२॥
ले शोडष उपचार प्रवीना, पूजत हरि करी नेह नवीना ॥
जेंमावत भोजन करी नाना, भक्ताधिन जेंवत भगवाना ॥१३॥
भुवन भुवन प्रति छबी अनोखी, निरखी मगन सुंदरवर शोखी ॥
उत्तमनृप दरबार की शोभा, निरखी नाकपति कर मन लोभा ॥१४॥
दोहा : नृप उत्तम कर भुवन मंहि, राजत प्रभू साक्षात ॥
तास भुवन छबी बरनत, दश सत बदन लजात ॥१५॥
पंचरंग मनी रत्न की, ईंटि सरस बनाय ॥

હોય છે ત્યારે સુંદર પાણી છંટકાર્યું હોય છે. અને શહેરમાં અગરનો ધૂપ કર્યો હોય છે, સરસ ઘીના દીવાઓ પ્રગટાવ્યા હોય છે અને દરવાજાઓમાં લીલા કલરના મણિ જડેલાં તોરણ બધા દ્વાર ઉપર બાંધ્યાં હોય છે. ૧૧. ત્યાંના બધા સ્ત્રી પુરુષો શ્રીહરિના દાસ હતા અને કેવળ ભગવાન શ્રીહરિનાં દર્શન કરતા હતા તેમનાં મનમાં બીજી કોઈ વસ્તુની પ્યાસ હતી નહીં. પ્રભુ શ્રીહરિ જ્યારે પોતાના ભક્તનાં ઘેર પ્રેમથી જાતા ત્યારે તે બધા ભક્તજન અત્યંત પ્રેમરસ ભર્યાં હૃદયથી શ્રીહરિનાં ચરણની પૂજા કરતા હતા. ૧૨. પરમ નિપુણ તે ભક્તજનો સોળે પ્રકારના ઉપચાર લઈને નિત્ય નવા હેતથી શ્રીહરિની પૂજા કરતા અને અનેક પ્રકારની રસોઈ કરાવીને શ્રીહરિને જમાડતા હતા, ત્યારે ભક્તાધીન ભગવાન પણ તે ભક્તને ઘેર પ્રેમથી જમતા હતા. ૧૩.

❀ દાદા ખાચરના દરબારગઢની શોભાનું સુંદર વર્ણન :

ગઢપુરનાં દરેક ભવનની છબી આશ્ચર્યકારક હતી. હોંશિલા સુંદરવર શ્રીહરિનાં દર્શન કરીને સહુ પ્રસન્ન રહેતા હતા. દરબાર દાદા ખાચરના દરબારગઢની શોભા જોઈને તો સ્વર્ગના રાજા ઇન્દ્રનું મન

रचि भिंति सब द्वारकी, कंचन पंक लगाय ॥१६॥

सोरठा : दीर्घ प्रौढ मनि थंभ, रजत पंक मंहि रचेउ दृढ ॥
सीची सरस मही अंब, सिल पिंगर रची सरस करी ॥१७॥

दरवाजा दरबार, गोख झरोखा अटारी वर ॥
हर्म्यनि सरस सुधार, निर्मीत मनी दिव्य रत्नमय ॥१८॥

चोपाई :

राज द्वार छबी कहई न जाई, बेठक बहु बीधी रची बनाई ॥
हिरा मानीक पना पिरोजा, सरस दिव्य मही मिले न खोजा ॥१९॥

मानीक गच छबी लगत सोहाई, नारी पुरुष नमी निरखत छांई ॥
कौस्तुभ विद्रुम फाटीक जानो, मनी मर्कत वैदुर्य प्रमानो ॥२०॥

પણ લોભાઈ જતું હતું. ૧૪. તે દાદા ખાચરનાં ભવનમાં સાક્ષાત્ પ્રભુ શ્રીહરિ વિરાજતા હતા. તેમના તે ભવનોની શોભાનું વર્ણન કરતા હજાર મુખવાળા શેષ પણ લજ્જાઈ જતા હતા. ૧૫. પંચરંગી મણિ તથા રત્નોની સરસ ઈંટો બનાવીને બધા દ્વારોની ભીંતો કરી હતી. અને તેની ઉપર સોનાનો રસ કરીને લીપ્યું હતું. ૧૬.

મજબૂત, ઊંચા થાંભલામાં ચાંદીના રસથી દૃઢપણે મણિ જડેલા હતા. અને તેમાં કેસર જેવો સુગંધી અમૃતનો રસ પીગાળીને સરસ રચના કરી હતી. ૧૭. દરબારગઢના દરવાજાઓ, બેઠક, ગોખ, ઝરૂખા, ઉત્તમ અટારી અને અંદરની હવેલી આ બધાને સારી રીતે સુધારીને દિવ્ય મણિમય તથા રત્નમય કરેલા હતા. ૧૮. રાજદરબારની શોભા તો કહી શકાતી નથી. તેમાં ઘણી જાતની બેઠકો કરી હતી. તેમાં જડેલા હીરા, માણેક, પન્ના અને પીરોજા એટલા સુંદર અને દિવ્ય હતા કે જે દુનિયામાં ખોળ્યા મળતા નથી. ૧૯. તેમાં જડેલા માણેકની છબી તો સોહામણી લાગતી હતી. એટલે તેમાં સ્ત્રી પુરુષો બધા નીચું મસ્તક નમાવીને તેમાં પોતાની છાયાને દેખતા હતા. ૨૦. કૌસ્તુભ, વિદ્રુમ, સ્ફટિક, મર્કત,

चंद्र सूर्य मनी तेज निधाना, ईन्द्रनील मनी रुप बखाना ॥
सिंदूर्य मनीवर पोखर भारी, लाल प्रवाल छबी कछु न्यारी ॥२१॥
ए सब दिव्य रत्न मनी लाई, रच्यो नाथकर भुवन बनाई ॥
रमनीय कीन काम चीरकारी, निरखी मुदित सुरमुनि नरनारी ॥२२॥
रत्न सिंहासन अति छबी छाजे, ब्रह्म धाम सम सरस बिराजे ॥
ता पर राजत धर्म दुलारे, निरखी नाथ छबी जन उर धारे ॥२३॥
भुवन समीप उद्यान अनुपा, सिंचत विमल सरस जलकूपा ॥
वर थलकमल मालती जाती, चंपा बकुल बहार दिन राती ॥२४॥
पनसी नीप पुंनाग प्रचुरा, मुकुलीत अंब कदंब हजुरा ॥

વૈદુર્ય, તેજથી ભરેલા એવા ચંદ્રકાંત તથા સૂર્યકાંત, ઈન્દ્રનીલ આ બધા મણિઓના રૂપની વાત તો હું શું કહું ? શ્રેષ્ઠ મણિ સિંદૂર્ય, પોખર, લાલ પરવાળા, એ બધાની શોભા કાંઈક ભિન્ન જ હતી. આ ઉપર કહેલા બધા દિવ્ય રત્નો અને મણિને લાવીને શ્રીહરિને માટે ભવન બનાવ્યું હતું. અને તેમાં એટલું રમણીય શિલ્પ કામ કર્યું હતું કે જેને જોઈને મુનિઓ, દેવતાઓ અને બીજા બધા નરનારીઓ ખુશ થઈ જતા હતા. ૨૧-૨૨. તે ભવનમાં રત્નજડિત સિંહાસનની છબી છવાઈ ગઈ હતી અને તે અક્ષરધામના જેવું સરસ વિરાજતું હતું. અને તે સિંહાસન ઉપર ધર્મના દુલારા નાથ શ્રીહરિ વિરાજમાન થતા ત્યારે તેમની છબીને જોઈને ભક્તજનો પોતાનાં દિલમાં ધારતા હતા. ૨૩.

શ્રીહરિનાં ભવનની સમીપે જ એક અનુપમ બાગ હતો. અને તેમાં સુંદર નિર્મળ કૂવાનું પાણી પવાતું હતું. તે બાગમાં રહેલાં સારાં ગુલાબ, માલતી, જૂઈ, ચંપો અને બોરસલીનાં ફૂલની સુગંધ રાત દિવસ આવતી રહેતી હતી. ૨૪. તે બાગમાં ફણસ, આસોપાલવ, નારંગીનાં અપાર ઝાડ હતાં. ઝૂકેલા આંબા અને કદંબ વૃક્ષ પણ પાસે હતા. શ્રેષ્ઠ

पारीजात वर पोहोप अनुपा, नवीन अशोक छाह सुखरूपा ॥२५॥
कुंद केसरी केतकी फोरे, मल्लीका परिमल मुनि चित्तचोरे ॥
सुमन वेली विकसीत बहु रंगा, नीरखी मुर्छित भयो अनंगा ॥२६॥
कलरव शुक पिक बोलत मेना, श्रवन सुनि मन उपजत चेना ॥
मत्त मधूपगन गुंजत होरे, मनहू नाक तजी आवत दोरे ॥२७॥
सरस सुमन भुषन निज दासा, रचत विविधि मन करी हुलासा ॥
अंग अंग प्रति भुसन धराई, नीरखत भक्त अति पुलकाई ॥२८॥
दोहा : कहा बरनुँ अति सुंदर, शोभा कही न जाय ॥
मनहुं अक्षरधाम की, उपमा रही समाय ॥२९॥
राजत जहाँ श्री धर्म सुत, शोभा सकल निवास ॥

પારિજાતકના ઉપર સારાં અનુપમ ફૂલ હતા અને નવીન અશોક વૃક્ષની છાયા રહેતી હતી. ૨૫. મોગરો, કેસરી કેતકી અને માલતીની પ્રસરતી સુગંધ મુનિઓનાં મનને ખેંચતી હતી. બહુરંગી ફૂલવેલો એટલી વિકસેલી હતી કે તેને જોઈને કામદેવ પણ મૂર્છિત થઈ ગયો હતો. ૨૬.

તે બાગમાં જ્યારે પોપટ, કોયલ અને મેના વગેરે પક્ષી મધુર સ્વરે બોલતા હોય છે ત્યારે તેને કાનથી સાંભળીને મનમાં શાંતિ થાય છે. મદમત્ત ભમરાઓ એટલો ગુંજારવ કરતા હોય છે કે માનો તે સ્વર્ગલોકને છોડીને આ ભૂમિ ઉપર દોડીને આવ્યા છે. ૨૭. તે બાગના સરસ ફૂલ ઉતારીને ભક્તજનો અનેક પ્રકારના હાર ઈત્યાદિક ફૂલનાં આભૂષણોને મનના ઉત્સાહથી કરતા હતા. તે ફૂલના શગણારને શ્રીહરિનાં એક એક અંગ ઉપર ધારણ કરાવી ભક્તજનો અતિશય આનંદથી દર્શન કરતા હતા. ૨૮. હું તે શ્રીહરિનાં ભવનની અતિશય સુંદર શોભાનું વર્ણન શું કરું ? તે કહી શકાતી નથી. તે શ્રીહરિના નિવાસસ્થાનને તો માનો અક્ષરધામની ઉપમા જ કહી શકાય છે. ૨૯. તે ભવનમાં સર્વ શોભાના નિવાસરૂપ ધર્મપુત્ર શ્રીહરિ નિવાસ કરતા હતા. એવો કોણ કવિ છે કે

ऐसो को कवि बरनीके, उपमा कहे सम तास ॥३०॥

सोरठा : उपमा घटत है ताह, जहाँ उपमेय समानपन ॥
कहा सिंधु कर थाह, कहत कुमति कवि कुप सम ॥३१॥
राजत जहाँ घनशाम, निर्गुन दिव्य है धाम सोउ ॥
आनंदकर अभिराम, नर पारसद हे दिव्य सब ॥३२॥

चोपाई :
श्रीअक्षरपति आपहि आये, निज प्रताप निजमांहि छिपाये ॥
भये नराकृति नट ज्युं नाथा, दिव्य मुक्त सब हे निज साथा ॥३३॥
सो राजत उत्तम ग्रह माये, करत विहार दिव्य सुखदाई ॥
निज भक्तन बस परम दयाला, नृप उत्तम घर रहे बहु काला ॥३४॥
निज भक्तनकुं देत सुखभारी, होत पुनित अन्य नरनारी ॥

જે તે ભવનને તુલ્ય બીજી કોઈ ઉપમા કહી શકે ? ઉપમા ત્યાં ઘટે છે કે જેમાં ઉપમેયની બરાબરી હોય. કોઈ અલ્પબુદ્ધિનો કવિ સાગરનું માપ કાઢવા તેને કૂવાની ઉપમા આપે તેવું તે બને છે. ૩૦-૩૧.

જ્યાં ઘનશ્યામ શ્રીહરિ વિરાજમાન હોય તે સ્થાન માયાના ગુણથી રહિત અને દિવ્યધામ હોય છે. તે ઘણું મનોહર અને સુખમય હોય છે. અને ત્યાં રહેનારા માનવ પાર્ષદો પણ બધા દિવ્ય હોય છે. ૩૨. અક્ષરધામના અધિપતિ પોતે આ ભૂમિ ઉપર પધાર્યા છે અને પોતાનો બધો પ્રતાપ પોતાનાં સ્વરૂપમાં જ છુપાવી રાખ્યો છે. નાથ શ્રીહરિ નટની જેમ નરાકૃતિ ધરી રહ્યા છે અને બધા દિવ્ય મુક્તો પોતાની સાથે રાખ્યા છે. ૩૩. તે પ્રભુ શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં વિરાજે છે અને સુખદાયક દિવ્ય લીલા કરે છે. પરમદયાળુ પ્રભુ પોતાના ભક્તને આધીન છે. તેથી દાદા ખાચરને ઘેર ઘણો સમય રહ્યા. ૩૪.

તે પ્રભુ પોતાના ભક્તજનોને ઘણું ભારે સુખ આપે છે અને બીજા નરનારીઓ પણ દર્શન કરીને પવિત્ર થાય છે. શ્રીહરિ અનેક જાતની

करत हे लीला बहुत प्रकारा, सुनत कटत अघओघ अपारा ॥३५॥

करत समैया उछव नाना, देत हे जनकु दरशन दाना ॥
दुर्गनगर राजत करी प्रीती, लेत हे जन सुख करी रस रीती ॥३६॥

भुषन बसन पेरी भगवाना, सोहत शोभा मूल सुजाना ॥
होई नाथ अश्वनी असवारा, निकसत नाथ नग्र तजी बारा ॥३७॥

अगनित संत भक्त लई साथा, बिचरत नग्र निकट मुनि नाथा ॥
लक्ष्मीबाग जात जगदीशा, जात हे राधा बाग मुनिशा ॥३८॥

कबहुंक उ नात तीर मुरारी, बिचरत हरिजन भीर ले भारी ॥
कबहुंक बेठक रची हरि दासा, ता पर करत हे नाथ निवासा ॥३९॥

निरखत भक्त बदन शशी शोभा, ज्यूं चकोर चंद ही मन लोभा ॥
गुर्जर आदि देश के दासा, आवत दरश काज करी प्यासा ॥४०॥

લીલાઓ કરે છે. તેને જે સાંભળે છે તેના અપાર પાપનો સમુદાય નષ્ટ થઈ જાય છે. ૩૫. પોતે અનેક ઉત્સવ સમૈયા કરે છે અને ભક્તજનોને દર્શન આપે છે. શ્રીહરિ ગઢપુરમાં પ્રેમથી વિરાજી રહ્યા હોય છે ત્યારે ભક્તજનો ખૂબ સરસ રીતે સુખ પ્રાપ્ત કરે છે. ૩૬.

શોભાનું મૂળ અને સુજાણ એવા ભગવાન સારાં વસ્ત્ર અને અલંકારો પહેરી ઘણું શોભતા હોય છે. મહારાજ ઘોડી ઉપર સવાર થઈને ગઢપુર ગામની બહાર નીકળતા હોય છે. ૩૭. અગણિત સંતો અને હરિભક્તોને સાથે લઈને મુનિઓના નાથ ગઢપુરની નજીકના ભાગમાં વિચરણ કરે છે. જગદીશ લક્ષ્મીવાડીએ જાય છે તો ક્યારેક મુનિપતિ પોતે રાધાબાગ જાય છે. ૩૮.

કોઈ વખતે મુરારિ પ્રભુ રાધાવાવને કાંઠે સ્નાન કરતા હોય છે. આમ હરિભક્તોની ઘણી ભીડની સાથે વિચરે છે. કોઈ વખતે સેવક સરસ બેઠક બનાવે તો તેના ઉપર ભક્તપતિ શ્રીહરિ આવીને બેસે છે. ૩૯. જેમ ચકોર પક્ષીનું મન ચંદ્રમામાં લોભાયેલું હોય છે તેમ તે સમયે

आय करत पूजन बहु भांति, लाये पट भूषन करी खांती ॥
चंदन पुष्प रु हार कपूरा, ले ठाडे घनशाम हजूरा ॥४१॥
ले अग्या सो प्रभुकी प्रवीना, पूजत प्रभु करी नेह नवीना ॥
धूप दीप नैवेद्य धरीके, करत निराजन प्रित करी के ॥४२॥
दोहा : युँ हरिजन निज नाथकुं, पूजत प्रीत लगाय ॥
पूरत सकल मनोरथ, प्रगट रूप उर लाय ॥४३॥
निरखत सुर वेमान चढी, नाथ रूप करी प्यार ॥
बरखत बरखा सुमनकी, स्तुवत बार ही बार ॥४४॥
सोरठा : दुर्गनगरमही नाथ, करत है क्रिडा भक्त हित ॥
भूज भरी बाथ, निज दासनकु नेह बस ॥४५॥

ભક્તજનો શ્રીહરિનાં મુખચંદ્રને જોઈ રહ્યા હોય છે. શ્રીહરિનાં દર્શનના પ્યાસા ગુજરાત આદિ દેશના ભક્તો ગઢપુર આવતા હોય છે. ૪૦. તે ભક્તજનો આવી ઘણી રીતે શ્રીહરિનું પૂજન કરતા હોય છે અને સારા રેશમી વસ્ત્ર તથા અલંકારો ખાંતથી પહેરાવતા હોય છે. ચંદન, પુષ્પના હાર અને કપૂર ઇત્યાદિક ઉપચારો લઈ ઘનશ્યામ પ્રભુની પાસે ઊભા રહેતા હોય છે. ૪૧. તે નિપુણ ભક્તો પ્રભુની આજ્ઞા મેળવીને નિત્ય નવા હેતથી તેમની પૂજા કરતા હોય છે. ધૂપ, દીપ કરી, નૈવેદ્ય ધરાવી અને પ્રેમથી આરતી કરતા હોય છે. ૪૨.

આ રીતે હરિભક્તો પોતાના સ્વામીને પ્રેમથી પૂજતા હોય છે. અને મનુષ્યરૂપે પ્રગટ થયેલા ભગવાન શ્રીહરિને હૃદયમાં ધારણ કરીને એના બધા મનોરથો પૂરા કરતા હોય છે. ૪૩. તે સમયે દેવતાઓ વિમાનમાં બેસી આવે છે અને ઘણા પ્યારથી નાથ શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હોય છે. ફૂલની વૃષ્ટિ કરતા હોય છે અને વારંવાર સ્તુતિ પણ કરતા હોય છે. ૪૪. આ રીતે ગઢપુરમાં ભક્તપતિ શ્રીહરિ ભક્તોનાં હિત માટે અનેક પ્રકારની ક્રીડા કરતા હોય છે અને તે પ્રભુ સ્નેહને વશ થઈ

दरस परस दे शाम, मेटेउ त्रिविधि ताप तन ॥
कीये जन पुरन काम, देश प्रदेश के भक्त सब ॥४६॥

चोपाई :

निज संतन भक्तन हितकारी, दिनदया सुखदेन मुरारी ॥
ईछा कीन खेल की स्वामी, भये प्रसन्न बहुत बहुनामी ॥४७॥
आयो फाल्गुन जन सुखदाई, बसंत रितु बिकसी मन भाई ॥
आई हुतासनी सुनो सुजाना, खेले फाग लाओ सामाना ॥४८॥
अबीर गुलाल बहुत मगवावा, म्रगमद केसर रंग बनावा ॥
रंग पतंग कुसुम रु केसु, सजे वसंत सुभतर वेसु ॥४९॥
चुवा चंदन कुमकुम रंगा, भरेउ माट वर घोरी उमंगा ॥

પોતાના ભક્તને બાથમાં ભીડી ભેટતા હોય છે. ૪૫. દેશ કે પરદેશના જે કોઈ ભક્તો આવ્યા હોય તે બધાને દર્શન આપે કે તેનો સ્પર્શ કરાવે, આ રીતે શ્યામસુંદર શ્રીહરિ તે ભક્તોનાં શરીરમાં થતા ત્રણેય પ્રકારના તાપને નષ્ટ કરતા હતા. ૪૬.

❋ શ્રીહરિએ કરેલો ગઢપુરમાં અલૌકિક રંગોત્સવ :

પોતાના સંતો તથા ભક્તજનોનું હિત કરનારા મુરારિ અને સુખદાયક પ્રભુએ મનમાં કોઈ રંગક્રીડા આદિક ખેલ કરવાની ઇચ્છા કરી અને બહુનામી ખૂબ ખૂબ પ્રસન્ન રહ્યા હતા. ૪૭. માનવને સુખ આપે એવો ફાગણ માસ આવ્યો. મનભાવી વસંતઋતુ વીકસી રહી હતી. પછી સુજાણ શ્રીહરિએ ભક્તજનોને કહ્યું, “સાંભળો, હુતાશની આવે છે તો રંગગુલાલથી રમીએ, બધો સામાન લાવો. ૪૮.

અબીર, ગુલાલ, કસ્તુરી, કેસર, આ બધા પદાર્થો રંગ બનાવવાને માટે ઘણા મગાવ્યા. પતંગ અને કેસુડાનાં ફૂલ મગાવ્યા. અતિશય શુભ વસંતનો વેશ સજ્યો. ૪૯. ચૂવા, ચંદન અને કુંકુમ વગેરેને ઘોળીને રંગ બનાવ્યો અને તેનાં મોટાં માટલાં ભર્યાં. સુંગધી તેલ અને ફૂલના અર્કરૂપ

तेल फुलेल अगरज्या घोरे, सोंधो सरस बनो बहु फोरे ॥५०॥
रंग सोरंग किन बहुत भाती, जावक रंग छबि लगत सोहाती ॥
किंन रंग मुनि बहुत प्रकारा, भरे घट माट घोरी सब न्यारा ॥५१॥
बांस कपाय किन पिचकारी, बने सुभट नैष्ठिक व्रतधारी ॥
प्रभु बसंती बाघा सब पेरा, निरखी नाथ मिटे भव फेरा ॥५२॥
अबीर गुलाल फेट भरी ठारे, कर कंचन पीचकारी धारे ॥
नाथ लीन निज सखा बोलाई, आये सुभट हरख जूत धाई ॥५३॥
अबीर गुलाल अर्ध कर लीना, आधा भाग मुनिन कुं दीना ॥
उत नारायन ईत मुनि राया, ठाडे रमन हित मन वच काया ॥५४॥
हार जीतकी मन अभिलाखा, बोलत बानी आनी मन माखा ॥

અત્તર તેમાં ઘોળ્યું. તેની સુગંધ ઘણી સરસ બની હતી, તે ચારે બાજુ ફેલાતી હતી. ૫૦. સુંદર અનેક જાતનો રંગ તૈયાર કર્યો. જવના જેવા લાખના લાલ રંગથી છબી ઘણી સોહામણી લાગતી હતી. સંતોએ ઘણી જાતના રંગ કર્યા. તે ઘોળી ઘોળીને તેનાં જુદાં જુદાં માટલાં ભર્યાં. ૫૧.

વાંસ કાપી તેની પીચકારીઓ કરી. બધા નૈષ્ઠિક બ્રહ્મચારી રંગે રમવા માટે એક કોઈ સારા યોદ્ધાની જેમ તૈયાર થયા. **પ્રભુ શ્રીહરિએ બધા વસંતી વાઘા પહેર્યા. જે તેવા સ્વરૂપનાં દર્શન કરે છે તેના સંસારના ફેરા મટી જાય છે.** ૫૨. અબીર તથા ગુલાલ ફાંટમાં ભરી ત્યાં સેવકો ઊભા છે. શ્રીહરિએ હાથમાં સોનાની પીચકારી ધારી છે. પછી નાથ શ્રીહરિએ પોતાના સખાઓને બોલાવ્યા. ત્યારે તે બધા શૂર યોદ્ધા જેવા હરખી ત્યાં દોડી આવ્યા. ૫૩. અબીર અને ગુલાલ તેના અરધો અરધ બે ભાગ કર્યા. તેમાંથી એક અડધો ભાગ સંતોને આપ્યો.

આ બાજુ પ્રભુ શ્રીહરિ રહ્યા અને સામી બાજુ મુનિવરો ઊભા રહ્યા. સહુ કાય, મન, વાણીથી રંગક્રીડા કરવા માટે ઊભા રહ્યા. ૫૪. હાર અને વિજયની મનમાં અભિલાષા રાખે છે. મનની અંદર તેવું

बरसन लागे अबीर गुलाला, मारत फांटे भरी मतवाला ॥५५॥
बोलत हे मुख हो हो होरी, पारत कुंकुम रत भरी जोरी ॥
अति चंचल बर चतुर सुजाना, दमकत दामिनी ज्युं भगवाना ॥५६॥
दोहा : बरसत अबिर गुलाल प्रभु, गर्द गगन नहीं मांय ॥
गम न परे गति खेचर, अध बीच रहे अकुलाय ॥५७॥
अरुन भूमि दश दिशी अरुन, अरुन गगन गंभीर ॥
अरुन रवि रथ अटक्यो पथ, खेचर भये हत धीर ॥५८॥
सोरठा : कहा कल्पे मनमांय, उपमा कहत न बनत कछु ॥
रहे मनु सुर मुर्छाय, संध्या फुली सकल दिशी ॥५९॥
भये अवनि नभ लाल, खेचर भूचर अरुन सब ॥

અભિમાન રાખીને બોલે પણ છે. રંગક્રીડા માટે મતવાલા થયેલા સહુ પરસ્પર ફાંટમાં ભરી ભરીને અબીલ તથા ગુલાલ વરસાવવા લાગ્યા. ૫૫. સહુ મુખથી હો.. હો.. હોરી.. એમ બોલતા હતા અને જોળીમાં ભરેલું કુંકુમ ઉપર નાખતા હતા. સુજાણ ભગવાન શ્રીહરિ અતિશય ચંચળ હતા અને વીજળીની જેમ તે રંગક્રીડામાં ચમકતા હતા. ૫૬.

પ્રભુ અબીર તથા ગુલાલને વરસાવતા હતા. તે વખતે આકાશમાં તેમની ડમરી ક્યાંય સમાતી નહિ. તે વખતે આકાશમાં ઘૂમનારા ખેચરોને કોઈ રસ્તાની ગમ પડતી ન હતી અને આકાશમાં અધવચ્ચે જ અકળાઈ જતા હતા. ૫૭. ભૂમિ, દશેય દિશાઓ અને આકાશ ગંભીરતાથી લાલ લાલ થઈ ગયા હતા. પોતાને માર્ગે ચાલતો સૂર્યનો રથ પણ લાલ થઈ ગયો હતો અને અટકી ગયો હતો. તે વખતે આકાશચારી બધા દેવ વગેરેને ધીરજ રહી નહિ. ૫૮. મનમાં મારે શી કલ્પના કરવી ? મને તો કાંઈ ઉપમા આપવાનું સૂઝતું નથી. માનો, બધા દેવતાઓ મૂર્છિત થઈ ગયા છે અને બધી દિશાઓમાં સંધ્યા ફૂલી છે. ૫૯. પૃથ્વી અને આકાશ બધા લાલ થઈ ગયા અને આકાશચારી બધા પંખી વગેરે તેમજ જમીન

अरुन मुनि वृषबाल, अरुन नारी नरतन भुवन ॥६०॥

चोपाई :

बाजत पणव दुंदुभी घोरे, जडत तांसा डफ ठोर ही ठोरे ॥
बोलत तुर सींगी सरनाई, गोमुख भैरी शब्द रह्यो छाई ॥६१॥
बरसत एक धार पिचकारी, कोउ न सके निज आंखी उघारी ॥
मनु भादो घन झरी लगाई, नगर डगर बीच कीच मचाई ॥६२॥
मारत ताकी आंखी मुख माई, लीनी ढाल हरि अति अकुलाई ॥
पिचुमंद तरु पर प्यारे, चढे भाजी भव मोचन हारे ॥६३॥
नित्यानंद स्वामी बलवाना, अद्वितानंद परम सुजाना ॥
चढि गये तबही तरु पर दोई, जानी न सके अवर मुनि कोई ॥६४॥

ઉપર રહેનારા બધા પ્રાણીઓ લાલ લાલ થઈ ગયા છે. ધર્મપુત્ર શ્રીહરિ અને સંતો લાલ થઈ ગયા છે અને જગતમાં બધા નરનારીઓના શરીર અને ઘર પણ રંગ ગુલાલથી લાલ લાલ થઈ ગયા છે. ૬૦. પણવ તથા દુંદુભિનો ઘોર થઈ રહ્યો હતો. તાસા અને ડફ ઠેક ઠેકાણે વાગતા હોય છે. તૂરી, રંગશિંગી, શરણાઈ, ગોમુખ અને ભેરી, આ બધા વાજિંત્રનો શબ્દ છવાઈ ગયો છે. ૬૧. એ વખતે એકધારી પિચકારી રંગ વરસાવી રહી હતી. અને કોઈ પોતાની આંખ ઉઘાડી શકતા ન હતા. માનો, ભાદરવા મહિનાના વરસાદની જડી લાગી રહી હોય ! એવી સ્થિતિમાં નગરના માર્ગોમાં કીચડ મચી ગયો હતો. ૬૨.

પિચકારીની શેડ મુખ કે આંખના ઉપર જ્યારે મારવા લાગ્યા ત્યારે શ્રીહરિએ અત્યંત અકળાઈને પોતાના રક્ષણ માટે ઢાલ લઈ લીધી. સંસારના બંધનથી છોડાવનારા પ્યારા એવા શ્રીહરિ રંગથી અકળાઈને ભાગ્યા અને લીમડાના ઝાડ ઉપર ચડી ગયા. ૬૩. તે સમયે શક્તિશાળી નિત્યાનંદ સ્વામી તથા પરમ સુજાણ અદ્વૈતાનંદ સ્વામી તે બંને શ્રીહરિની પાછળ પાછળ લીંબડાનાં ઝાડ ઉપર ચઢ્યા. કોઈ બીજા સંતો તેને જાણી શક્યા નહિ. ૬૪.

लीन जाय हरि करसुं नीकारी, कंचन कटक उभय भयहारी ॥
अवर मुनि मारत पिचकारी, सखा नयन ना सकत उधारी ॥६५॥
आये उतरी तरु ते ततकाला, नित्यानंदवर सुभट मराला ॥
कहत आय सुनो संत समाज्यूं, जीत आपनी भई हे आज्युं ॥६६॥
तब प्रभु बोले सूनो मुनिराई, जीते तुम हम हारे भाई ॥
करो पिचकारी बंध संत अबही, जाडके मारे कंपत हम सबही ॥६७॥
जो मागो सोई फगुवा दीजे, संत दया हम पर तनी कीजे ॥
भेटो उतरी अबही रंग भीने, तब छोडेगे छेल नवीने ॥६८॥
मिले बथ भरी तुरत दयाला, भक्ताधीन भक्त प्रतिपाला ॥
येहि बीधी फाग खेले संत साथा, उत्तम भुवन चोक बीच नाथा ॥६९॥

તે બંને સંતોએ ભવભયહારી શ્રીહરિના હાથમાંથી સોનાનાં કડાં કાઢી લીધાં. અને બીજા સંતો રંગની ભરેલી પિચકારીઓ જે મારતા હતા તેની સામે શ્રીહરિના સખાઓ આંખો ઉઘાડી શક્યા નહિ. ૬૫. પછી તરત જ સારા શક્તિશાળી નિત્યાનંદ સ્વામી લીંબડા ઉપરથી તત્કાળ નીચે ઊતરી ગયા. અને તેમણે બધા સંતોને કહ્યું કે, “સંતો, આજે આપણી જીત થઈ છે.” ૬૬.

ત્યારે શ્રીહરિ પણ બોલ્યા કે, “બધા મુનિવર સાંભળો, તમે જીત્યા અને અમે હારી ગયા છીએ. હવે બધા સંતો પિચકારી બંધ કરો. ટાઢના માર્યા આપણે બધા કંપીએ છીએ. ૬૭. હવે તમે જે માંગશો તે ફગવા અમે આપશું. તમે સંતો અમારા ઉપર થોડી દયા રાખો.” ત્યારે સંતોએ કહ્યું કે, “મહારાજ, રંગભીના આપ નીચે ઊતરો. અને અમને સહુ સંતોને ભેટો. ત્યારે અમે આપ રંગછેલાને છોડશું.” ૬૮.

ભક્તપ્રતિપાલક ભક્તાધીન દયાળુ તરત જ લીંબડા ઉપરથી ઊતરીને સંતોને ભેટ્યા. આ રીતે ગઢપુરમાં દાદા ખાચરના દરબારના ચોકમાં સંતોની સાથે શ્રીહરિએ રંગક્રીડા કરી હતી. ૬૯. ગઢપુર શહેરના

नगर डगर में पंक भयो भारी, बहत अरुन सरित समवारी ॥
मृगमद मलय अगरु कर बासा, पहोंची स्वर्ग जाय सुखरासा ॥७०॥

दोहा : अबीर गुलाल मारूत ग्रही, घुमरी मोट महीं बांधी ॥
छोडी जाय सुरपुर मही, मची अरुन तहाँ आंधी ॥७१॥

अमरबासी अकुलाय सब, अती बीसमीत मन माये ॥
भयो स्वर्ग सौम्यमय, अरुन आंधी रही छाये ॥७२॥

सोरठा : मुनि नारद दिवि जाय, टारेउ भ्रांती विबुध कर ॥
खेलत फाग हरिराय, अवनी उपर धर्मसुत ॥७३॥

आये अमर चढी जान, थकित भये लखी छबी भुवन ॥
अवीलोकी भगवान, करत वृष्टि वर सुमनकर ॥७४॥

રસ્તામાં ઘણો કીચડ થઈ ગયો અને રંગનું લાલ પાણી નદીની જેમ ચાલવા લાગ્યું. કસ્તૂરી અને મલયાચલ અગરુ ચંદનનો સુખરાશિ સુગંધ સ્વર્ગમાં પહોંચી ગયો. ૭૦. શ્રીહરિએ રંગક્રીડા કરી તે વખતે જે અબીર અને ગુલાલ ઉડાડ્યો હતો તેને પવને મોટી ઘૂમરી મારીને તે બધો પોતાના વેગમાં બાંધી લીધો. પછી તે દેવતાઓના સ્વર્ગમાં જઈને છોડ્યો. તેથી સ્વર્ગમાં પણ લાલ આંધી છવાઈ ગઈ હતી. ૭૧.

તે વખતે બધા સ્વર્ગવાસી દેવતાઓ અકળાઈને મનમાં વિસ્મય પામ્યા. બધું સ્વર્ગ સુગંધમય બની ગયું અને તેમાં લાલ આંધી છવાઈ ગઈ. ૭૨. પછી નારદમુનિ સ્વર્ગમાં ગયા અને દેવતાઓની બધી ભ્રાંતિ ટાળી. તેમણે કહ્યું કે, "ભગવાન ધર્મપુત્ર શ્રીહરિ ભૂમિ ઉપર હોળીની રંગક્રીડા કરે છે." ૭૩. પછી દેવતાઓ પોતાનાં વાહનોમાં બેસીને ગઢપુર ઉપર આવ્યા. તે વખતની ગઢપુરનાં ભવનોની શોભા જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. અને ભગવાન શ્રીહરિનાં દર્શન કરી અને તેમના ઉપર શ્રેષ્ઠ પુષ્પોની વૃષ્ટિ કરી. ૭૪. તે સમયે મુરારિ પ્રભુ શ્રીહરિ રંગ તથા ગુલાલમાં ગરકાવ થઈ ગયા હતા અને વ્રતધારી

चोपाई :

रंग गुलालमें गरक मुरारी, रंग रसबस मुनि गन व्रतधारी ॥
रंग गुलाल गरक हरिदासा, अरुंन उडुप ज्युं सोहत शशिपासा ॥७५॥
सोहत शाम छबिकर भुवना, सजि बरात मनमथ कियो गवना ॥
चले शाम मुनि गावत होरि, चितवत जन ज्युं चंदचकोरी ॥७६॥
बाजत डफरु पणव मृदंगा, झडत दुंदुभि परम उमंगा ॥
भैरि गोमुख सिंगि शृंगा, होत तुमुलरव अति उमंगा ॥७७॥
चले शाम जब नगर बजारे, निरखी जन तन मन ले वारे ॥
बरसत रंग रु अबीर गुलाला, गावत फाग मुनि वृषलाला ॥७८॥
वर काश्मीर मलय मृगसारा, मच्यो गलियन गुलाल को गारा ॥

સમગ્ર મુનિઓ પણ રંગથી રસબસ થઈ ગયા હતા. તે વખતે રંગ અને ગુલાલમાં ગરકાવ થયેલા બધા હરિભક્તો ચંદ્રમાની પાસે બધા નક્ષત્રો શોભે તેમ શોભતા હતા. ૭૫. તે વખતે દરબારમાં ઘનશ્યામ પ્રભુની છબી એટલી શોભતી હતી કે માનો કામદેવ જાન તૈયાર કરીને નીકળ્યો ન હોય ? તે વખતે સંતો હોરીનાં પદ ગાતા હતા અને શ્રીહરિ ચાલ્યા જતા હતા. તે વખતે ભક્તજનો ચકોર પક્ષી ચંદ્રને જેમ ચિંતવે છે તે રીતે ચિંતવતા હતા. ૭૬.

આગળના ભાગમાં ડફ, પણવ અને દંદુભિ જેવાં વાજિંત્રો અતિશય ઉમંગથી વાગતાં હતાં. ભેરી, ગૌમુખ અને રણશિંગી પણ વાગતાં હતાં. અને તેનો તુમુલ ધ્વનિ આકાશમાં ઉમંગથી થતો હતો. ૭૭.

જ્યારે શ્યામસુંદર શહેરની બજાર વચ્ચે ચાલ્યા ત્યારે નગરલોકો તેમનાં દર્શન કરીને તન મનથી તેમને વારી જતા હતા. રંગની વૃષ્ટિ થતી હતી. અબીલ અને ગુલાલ ઉડાડાતો હતો ત્યારે સંતો તથા શ્રીહરિ હોરીનાં પદ ગાતા હતા. ૭૮. સારું કુંકુમ, મલય ચંદન, કસ્તૂરી અને ગુલાલ વગેરેનો ગારો ગલીઓમાં મચી ગયો હતો. પછી તે રંગ ગુલાલના

भाजन भरि भरि पंक सुरनारी, जात लेई निज मस्तक धारी ॥७९॥

करे तन मर्दन केश संवारे, पुजत देव पित्री यह गारे ॥
पुनित होत ले सुरपुरवासी, श्रीहरि चरन पंक सुखरासी ॥८०॥

चले नाथ वर नगर बजारे, नृपति जीवकर भुवन सिधारे ॥
तहाँ प्रभु जाय मचाई होरी, नारी पुरुष निरखत हुं ओरी ॥८१॥

बरसत रंगभरी पिचकारी, मनु भादो घन उमंगी घटारी ॥
अबिर गुलाल भरी भरी झोरी, डारत नाथ चपल चहुंओरी ॥८२॥

भयो आकाश दसो दिशी लाली, भुव नभ पथ कोउ शकत न चाली ॥
रंग प्रवाह गंगमंहि सामा, कुंमकुंम किचड गरमहीं जामा ॥८३॥

थकीत लखी सु अमर नरनारी, बरखत हरखी सुमन वरवारी ॥

ગારાને પાત્રમાં ભરી ભરીને દેવાંગનાઓ પોતાના મસ્તક ઉપર લઈ જતી હતી. ૭૯. તે ગુલાલ ચંદનના ગારાને પોતાનાં શરીર ઉપર મર્દન કરતી હતી, માથાના વાળમાં નાંખતી હતી અને દેવ તથા પિતૃઓની પૂજા કરતી હતી. શ્રીહરિના ચરણથી પ્રસાદીરૂપ થયેલા તે કુંકુમ ચંદનના ગારાથી સ્વર્ગવાસી દેવતાઓ પવિત્ર થતા હતા. ૮૦.

ભક્તપતિ શ્રીહરિ નગરની સુંદર બજારે ચાલ્યા અને આગળ જતા જીવા ખાચરના દરબારગઢમાં પધાર્યા. વળી ત્યાં પહોંચીને પ્રભુ શ્રીહરિએ રંગક્રીડા મચાવી. તેને બધા સ્ત્રી પુરુષો દેખતા હતા. ૮૧. તે વખતે પિચકારીમાં ભરેલો રંગ એવો વરસતો હતો કે માનો ભાદરવા મહિનાની મેઘની ઘટા ઉમંગથી વરસતી હોય. અતિશય ચપળ આવા શ્રીહરિ ગુલાલની ઝોળી ભરી ભરીને ચારે બાજુ ઉડાડતા હતા. ૮૨. તે સમયે આકાશ અને દસે દિશાઓ લાલ લાલ થઈ ગઈ. પૃથ્વી કે આકાશમાં કોઈ પણ રસ્તે ચાલી શકતા નહિ. એટલો બધો રંગનો પ્રવાહ હતો તે બધો ઉન્મત્તગંગામાં ભળી ગયો. અને કુંકુમનો જે કીચડ હતો તે બધો ચારે બાજુ ઘરમાં જામી ગયો. ૮૩. બધાને થાકી ગયેલા જોઈને

खेलत अक्षरपति अविनासी, किंन क्रतार्थ गढपुरवासी ॥८४॥

दोहा : अरुन वारी बहि उन्मत, गंग चली भरपूर ॥
अविर गुलालकी गर्दमंहि, भये अरुन शशिसूर ॥८५॥
बाजत बाजा बहु बिधि, फरकत कनक निसान ॥
चले नाथ मुनि मत्त जुत, उन्मत करन स्नान ॥८६॥

सोरठा : गये गंगतट नाथ, बर खलखलिये घाट शुभ ॥
वरमुनि गन ले साथ, मज्जहि सुभग सलिल मध्य ॥८७॥
मंजन करत शरीर, नील कलेवर नाथ कर ॥
ले सनेह मुनि धीर मर्दित नखशिख सुभगतन ॥८८॥

चोपाई :
मज्जन करत धर्मसुत धीरा, संग संत हरिजन की भीरा ॥

બધા નરનારીઓ ઉપર દેવતાઓએ હરખાઈને પુષ્પનો તથા સુગંધીમાન શ્રેષ્ઠ જળનો વરસાદ કર્યો. અક્ષરાધિપતિ અવિનાશી શ્રીહરિએ આવી રંગક્રીડા કરીને ગઢપુર વાસીઓને કૃતાર્થ કર્યા. ૮૪. રંગના લાલ પાણીથી ઉન્મત્તગંગા ભરપૂર વહેવા લાગી. અને અબીલ તથા ગુલાલની ડમરીથી સૂર્ય તથા ચંદ્રમા પણ લાલ થઈ ગયા. ૮૫.

❀ શ્રીહરિએ ઉન્મત્તગંગામાં કરેલી ઉત્તમ સ્નાનલીલા :

અનેક જાતનાં વાજિંત્રો વાગતાં હતાં. આગળ નિશાનો ફરકતા હતા. ત્યારે રંગક્રીડાના ઉત્સાહી સંતોની સાથે શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા માટે ચાલી નીકળ્યા. ૮૬. નાથ શ્રીહરિ ગંગા કિનારે આવ્યા. ત્યાં એક સુંદર ખળખળિયા નામનો ઘાટ છે. તેમાં મોટેરા સંતોને સાથે લઈ અને સરસ પાણીની વચ્ચે ડૂબકી લગાવી. ૮૭.

શ્રીહરિનું સુંદર શરીર શ્યામ છે. તે જ્યારે સ્નાન કરે છે ત્યારે ધીર સ્વભાવના બધા સંતો ઘણા હેતથી શ્રીહરિના સુંદર નખશિખ શરીરને ચોળીને નવડાવવા લાગ્યા. ૮૮. ધીર સ્વભાવના ધર્મપુત્ર શ્રીહરિ જ્યારે

करी स्नान सर्वात्म स्वामी, निकसे बाहिर अंतरजामी ॥८९॥

अंग अंगोछि श्वेतपट पेरे, धारे भूषण पुष्पन केरे ॥
सरस सुगंधी सुमन बहु भाँति, बकुल मालती मल्लिका जाति ॥९०॥

वर थलकमल कुंद कर सेरा, गजरा बाजु हार बहुतेरा ॥
हरिजन संत नाई भये त्यारी, भयो अरूण गंगाकर वारी ॥९१॥

मज्जही निरजर तामंहि आई, नारी सहित मन अति मुदपाई ॥
येही पुन्य करी होउ हरिदासा, होय ब्रह्मपुर अचल निवासा ॥९२॥

येहि आचमन करी गिर्वाना, मज्जन करी करत जलपाना ॥
जात नाक प्रति निरखी नाथा, अंघ्रिसरोज नाय निजमाथा ॥९३॥

સ્નાન કરતા હતા ત્યારે સંતોની સાથે હરિભક્તોની પણ ઘણી ભીડ થઈ હતી. અંતર્યામી અને સર્વાત્મા આવા શ્રીહરિ સ્નાન કર્યા પછી ગંગાનાં પાણીથી બહાર નીકળ્યા. ૮૯.

શરીર લૂછીને પછી શ્વેત ધોતી પહેરી તથા ખેસ ઓઢ્યો અને ફૂલના આભૂષણ ધારણ કર્યા. બોરસલી, માલતી, મલ્લિકા અને જૂઈ વગેરે ઘણી જાતના સારા સુગંધી ફૂલ હતા. તેમજ ગુલાબ અને મોગરાનો સારો ખૂંપ પહેરાવ્યો. તેમજ ગજરા, બાજુ અને ઘણા હાર પણ ધારણ કરેલા હતા. પછી હરિભક્તો તથા સંતો સ્નાન કરીને તૈયાર થયા ત્યારે ઉન્મત્તગંગાનું જળ એકદમ લાલ થઈ ગયું હતું. ૯૦-૯૧.

તે પ્રસાદીનાં જળમાં પોતાની પત્નીએ સહિત દેવતાઓ અતિશય હરખથી નાહ્વા લાગ્યા. સર્વાવતારી શ્રીહરિના પ્રસાદિભૂત જળમાં સ્નાન કર્યું. તે પુણ્યથી બીજા જન્મમાં ભગવાનના ભક્ત થઈને તેનો અક્ષરધામમાં અચળ નિવાસ થશે. ૯૨. દેવતાઓ તેનું આચમન કરી અને સ્નાન કરતા હતા અને પછી તેનું જળપાન કરતા હતા. આ રીતે તે દેવો શ્રીહરિનાં દર્શન કરી અને તેમના ચરણકમળમાં પોતાના મસ્તક નમાવીને સ્વર્ગમાં જતા હતા. ૯૩.

लाये मानकी सजी निजदासा, भये असवार हरन भवत्रासा ॥
चले संत हरिजन ले संगा, गावत जस जन परम उमंगा ॥९४॥
आवत निज जन जूथमें प्यारे, निरखी नग्र जन प्राण ले वारे ॥
नाथ बजार बीच जब आये, नारी पुरुष निरखन उठि धाये ॥९५॥
निर्खी नाथ लोचन फल पावा, आजु जन्मफल लेखे ही आवा ॥
नरत्रिया बांनी बदन अस बोले, नेन निर झर परवश डोले ॥९६॥
तेही अवसर अस रूप देखावा, निरखी नाथ जन तृप्ति न पावा ॥
ठाडे चित्रवतरूप विलोकी, नाथ मूर्ति राखी उर रोकी ॥९७॥
मुर्हूत मात्र सब पुर नरनारी, रहे अचेत तन भांन बिसारी ॥

પછી શ્રીહરિના સેવક સજીને તૈયાર કરેલી માણકીને લાવ્યા ત્યારે સંસારનો ત્રાસ હરનારા શ્રીહરિ માણકી ઉપર સવાર થયા. શ્રીહરિ સંતો તથા હરિભક્તોની સાથે ચાલતા થયા ત્યારે ભક્તજનો અતિશય ઉમંગથી યશ ગાવા લાગ્યા. ૯૪. પોતાના ભક્તોના સમૂહમાં પ્યારા શ્રીહરિ જ્યારે આવતા હતા ત્યારે દર્શન કરીને નગરજનો પોતાના પ્રાણને પણ વારી જતા હતા. જ્યારે શ્રીહરિ બજારની વચ્ચે આવ્યા ત્યારે બધા નરનારીઓ દર્શન કરવા માટે ઊઠીને દોડ્યા. ૯૫. **નાથ શ્રીહરિનાં દર્શન કરવાથી તેમને પોતાનાં નેત્રનું ફળ પ્રાપ્ત થયું. અને આજે જ આ મનુષ્યજન્મનું ફળ લેખે આવ્યું. પુરુષો અને સ્ત્રીઓ આ રીતની વાણી પોતાનાં મુખથી બોલતા હતા.** અને આંખોમાંથી પ્રેમના આંસુ જ્યારે ઝરતા હતા ત્યારે પરવશ થઈને તેઓ ડોલવા લાગતા હતા. ૯૬.

તે અવસરે શ્રીહરિનું એવું સ્વરૂપ દેખાતું હતું કે તેનાં દર્શન કરનારા ભક્તજનોને તૃપ્તિ થાતી ન હતી. શ્રીહરિના અલૌકિક સૌંદયનાં દર્શન કરવાથી લોકો બધા ચિત્ર જેવા થઈને ઊભા રહી ગયા અને શ્રીહરિની મૂર્તિને પોતાનાં હૃદયમાં રોકી લીધી. ૯૭. આ રીતે ગઢપુરવાસી બધા નરનારીઓ એક મુહૂર્ત પર્યંત શરીરનું ભાન ભૂલીને અચેતન જેવા થઈ

नाई नाथ उत्तम घर आये, करी नीराजन सुमन बधाये ॥९८॥

दोहा : बेठे नाथ निजजन सहित, सभा करी हरिराय ॥
लेर बाबकर कर कासिया, मांगन आगे गाय ॥९९॥

सोहत श्रीपति संत बिच, ज्युं उडगन बिच चंद ॥
निरखत निजजन प्रेमवश, निमिष टारी पलद्वंद ॥१००॥

सोरठा : जोरी पानी नर भूप, उत्तम हरि कर दास वर ॥
भये नाथ नररूप, आये अक्षरपति भुवन मम ॥१०१॥

भई रसोई महाराज, जेंवउ जिवन प्रीत करी ॥
पिछे गरिब नवाज, जेंमावउ निज संतजन ॥१०२॥

चोपाई :
उठे भोजन करन क्रिपाला, ईश्वर अंबुज नैन विशाला ॥

ગયા હતા. આ રીતે શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરીને દાદા ખાચરના દરબારમાં આવ્યા. ત્યાં ભક્તજનોએ આરતી કરીને પુષ્પોથી વધાવ્યા. ૯૮. તે પછી નાથ શ્રીહરિ પોતાના ભક્તજનોએ સહિત સભા કરીને જ્યારે બેઠા ત્યારે અમુક માંગણ જાતિના લોકો હાથમાં કાંસિયા વગાડીને તથા ગાઈને પોતાના હક્કનું માગવા માટે ત્યાં આવ્યા. ૯૯. તે સભામાં સંતોની વચ્ચે શ્રીહરિ નક્ષત્રગણમાં ચંદ્રમા શોભે તેમ શોભતા હતા. તે સમયે પ્રેમઘેલા થયેલા ભક્તજનો આંખનું મટકું પણ માર્યા સિવાય દર્શન કરતા હતા. ૧૦૦.

❁ ગઢપુરમાં શ્રીહરિ તથા સંતોની ભોજનલીલા :

તે વખતે શ્રીહરિના શ્રેષ્ઠ ભક્ત દરબાર દાદા ખાચરે હાથ જોડ્યા, “હે અક્ષરાધિપતિ નાથ ! આપ મનુષ્યરૂપે પ્રગટ થયા અને મારે ઘેર પધાર્યા છો. ૧૦૧. તો અમારા જીવનરૂપ હે મહારાજ ! થાળ તૈયાર થયો છે. આપ પ્રેમથી જમો. હે ગરીબનિવાજ ! તે પછી આપ પોતાના સંતોને પણ જમાડો.” ૧૦૨.

निजजन पद प्रक्षालन कीना, जुगल पानी प्रक्षाली प्रविणा ॥१०३॥

करी कुल्ला कर ले रूमाला, पुनित आसन बेठे वृष लाला ॥
वर्णीराज मुकुंद ब्रह्मचारी, लाये भरी गंगाजल झारी ॥१०४॥

आगे कंचन चोकि ढारी, खटरस चार प्रकारसु धारी ॥
कंचन थार भरि हरि आगे, लाय धरी नीजजन अनुरागे ॥१०५॥

जेंवत नाथ लघु भरि कोरे, पान करत जल होरे होरे ॥
कछु एक बिंजन बरनि सुनाउ, सब बरनत में पार न पाउं ॥१०६॥

मोतीचूर जलेबी खाजा, मधुर मधुर जेंवत महाराजा ॥
पेंडा बरफी घेबर साटा, दहिंबरा धरे तनी एक खाटा ॥१०७॥

मरकी मेहेसूप सकरपारा, बना दल मगदळ सेवदल सारा ॥
सूत्रफेणी जेंवत प्रभु प्रीते, दुधपाक जेंवत रस रीते ॥१०८॥

પછી કમળની પાંખડી જેવાં જેનાં નેત્રો છે તેવા કૃપાળુ પરમેશ્વર ભોજન કરવા માટે ઊઠ્યા. પછી ભક્તજને શ્રીહરિનાં ચરણ ધોયાં અને પરમ નિપુણ શ્રીહરિએ બંને હાથ પણ ધોયા. ૧૦૩. ધર્મપુત્ર શ્રીહરિએ પાણીથી કોગળા કર્યા, હાથમાં રૂમાલ લીધો અને પછી પવિત્ર આસન ઉપર બેઠા.

વર્ણિરાજ મુકુંદાનંદ બ્રહ્મચારી જળઝારીમાં ભરીને ગંગાજળ લાવ્યા. ૧૦૪. આગળના ભાગમાં સોનાની એક ચોકી ઢાળી. છ રસથી પૂર્ણ ચાર પ્રકારનાં ભોજન સોનાનાં થાળમાં ભરી ભરીને ભક્તજનોએ ઘણા પ્રેમથી લાવીને શ્રીહરિની આગળ ધર્યાં. ૧૦૫. શ્રીહરિ નાના કોળિયા લઈને જમતા હતા અને વારંવાર વચ્ચે પાણી પીતા હતા. હવે હું કાંઈક ભોજનનું વર્ણન કરું છું. બધું વર્ણન કરતા તેનો પાર પમાય તેમ નથી. ૧૦૬. મોતીચૂર, જલેબી, ખાજા, જે મીઠા મીઠા હતા તેને મહારાજ જમ્યા. વળી પેંડા, બરફી, ઘેબર, સાટા તથા થોડીક ખટાશવાળા દહીંવડા, અડદની જલેબી, મેસૂબ, સક્કરપારા, દળ, મગદળ, સરસ

गुलाबपाक कछु गुंदरपाका, नरियरपाक तनीक प्रभु चाखा ॥
बिरंज बासुंदी सिखरन पुरी, शालि पिष्ठ हरि जेंवत कचोरी ॥१०९॥

कहा बरनु पकवान मीठाई, गिनत अहिपति रहे सकुचाई ॥
मालपुवा दहिं जेंवत प्यारे, पुरणपोली मंहि घृत बहुडारे ॥११०॥

भजीया बरा रू पापड पुडा, सुक्षम फुलका पुनि दहिचुडा ॥
सकरकंद पुनि सुरन रतालु, बनी तरकारी अलवी आलुं ॥१११॥

तुरई करेला कुहुंडा भाजी, मुंगरी मुरईसुं प्रभु राजी ॥
पुनि वंताक वालोर रु वाला, रायता जेंवत रसिक वृषलाला ॥११२॥

दोहा : बंथुवा मेथी चोराई की, भाजी सरस बनाई ॥
सुवा टांका आदिकी, गिनत अंत नही आई ॥११३॥

સેવદળ અને સૂતરફેણી વગેરે મીઠાઈઓને શ્રીહરિ પ્રેમથી જમ્યા. તે જ રીતે સરસ દૂધપાક, ગુલાબપાક, ગુંદરપાક વગેરેને સરસ રીતે જમતા હતા. અને કોપરાપાકને થોડો લઈને પ્રભુએ ચાખ્યો. બિરંજ, બાસુંદી, શીખંડ, પૂરી, પૌંઆ અને કચોરીને પણ શ્રીહરિ જમ્યા. ૧૦૭-૧૦૯.

હું મીઠાઈઓનું વર્ણન શું કરું ? એની ગણતરી કરતા તો શેષનારાયણ પણ સંકોચ પામે છે. પ્યારા શ્રીહરિ માલપૂડાં અને દહીં જમતા હતા. વળી પૂરણપોળીમાં તો ઘણું ઘી નાખ્યું હતું. ૧૧૦. ભજિયાં, વડાં, પાપડ, પૂડલાં, પાતળા ફૂલકાં, દહીંચૂડા વગેરેને જમ્યા. તેમજ શક્કરીયા, સૂરણ, રતાળું, અળવી અને આલુ વગેરેના શાક કર્યા હતા. ૧૧૧. તુરિયા, કારેલા, કોળાંનું પણ શાક કર્યું હતું અને પ્રભુ મોગરી અને મૂળાથી બહુ ખુશી રહેતા હતા.

ભોજનમાં રસ ધરાવનારા ધર્મપુત્ર શ્રીહરિ રીંગણા, વાલોળ અને વાલનું શાક પણ જમ્યા અને ઘણી જાતના રાયતાં જમ્યા. ૧૧૨. બથુઆ(એક પ્રકારની જંગલમાં થતી ભાજી), મેથી, ચોળાફળી, સુવા

बेसन शाक बहुत हे, गीनत न आवत पार ॥
कछु एक बरनुं थार मही, आम निंबु आचार ॥११४॥

खारक द्राख आचार मही, सोंप लोंगा मिरि राई ॥
आदा मिरचा में मरि, लोन रू तनिक खटाई ॥११५॥

सोरठा : भात दारी बहु भाती, कीतने बरनुं नाम कही ॥
जेंवत प्रभु करी खांत, दूध भात मिसरी सरीस ॥११६॥

जीये नाथ अघाय, करमुख प्रक्षालन करत ॥
निज उचीष्ठ मुनिराय, देत प्रिय संत भक्त लखी ॥११७॥

ले बीरा मुखवास, प्रफुलि शशी मुख नलीन दृग ॥
कसे कटी अविनाश, वाम बाहु पर आनी पट ॥११८॥

અને ટાંકો આદિકની સરસ ભાજી બનાવેલી હતી. તેનો કોઈ ગણે અંત આવતો નથી. ૧૧૩. બેસન તથા ઘણી જાતના શાક કર્યા હતા. જેનો ગણે પાર આવતો નથી. થાળમાં ધરાવ્યા તેમાંથી કંઈક જ વર્ણન કર્યું છે. વળી કેરી અને લીંબુનાં અથાણા પણ પીરસ્યા હતા. ખારેક, દ્રાક્ષ, વરિયાળી, લવીંગ, મરી, રાઈ, આદુ, મરચું, મીઠું અને થોડીક ખટાઈ, આ બધું અથાણાંમાં નાખવામાં આવ્યું હતું. ૧૧૪-૧૧૫. ભાત અને ઘણી જાતની દાળ બનાવી હતી. હું કેટલાક નામ કહીને તેનું વર્ણન કરું ?

પ્રભુ શ્રીહરિ સરસ દૂધ, ભાત અને સાકર ખૂબ ખાંતથી જમતા હતા. ૧૧૬. શ્રીહરિ સંપૂર્ણ તૃપ્ત થઈને જમ્યા. પછી હાથ તથા મુખ ધોયા. જે થાળની પ્રસાદી વધી હતી, તે મુનિપતિ શ્રીહરિએ પોતાના પ્રિય સંતો તથા ભક્તોને દેખીને આપી. ૧૧૭.

પછી શ્રીહરિએ મુખવાસમાં પાનબીડું લીધું. તે વખતે શ્રીહરિનું મુખચંદ્ર પ્રફુલ્લિત હતું અને નેત્ર કમળની પાંખડી જેવા સુશોભિત હતા. અવિનાશી શ્રીહરિએ ખેસને ડાબા ખભા ઉપરથી લાવીને કમર ઉપર

कीनी अग्या नाथ, करउ पंक्ति मुनी भक्त सब ॥
हम परोसे नीज हाथ, मुकुंदादि वर्णी सो मील ॥११९॥

खेली होरी हरि संग, नाई किन भोजन वर्णी ॥
कटीपट बांधे उमंग, पिरसत मुनिकु मुदीत मन ॥१२०॥

बरनु कछु कही नाम, पिरसत वर्णी तिनही कर ॥
प्रथम वर्णी घनश्याम, पिरसत संतकु प्रीत करी ॥१२१॥

चोपाई :

वर्णिराज मुकुंद ब्रह्मचारी, जयानंदवर्णी व्रतधारी ॥
वर्णी अखंडानंद अनुपा, नारायण वर्णी सुखरूपा ॥१२२॥

वर्णी गोपाल अचिंत्यानंदा, वासुदेवानंद गोविंदा ॥
वर्णी आनंद वैकुंठ नामा, रामकृष्ण आदिक गुनधामा ॥१२३॥

કસીને બાંધ્યો. ૧૧૮. પછી શ્રીહરિએ આજ્ઞા કરી કે, બધા સંતો તથા હરિભક્તોની પંગત કરો. અમે મુકુંદાનંદ સ્વામી આદિ બ્રહ્મચારીઓની સાથે મળીને પોતાના હાથે સહુને પીરસશું. ૧૧૯. શ્રીહરિની સાથે રંગક્રીડા કરીને નાહ્યા પછી વર્ણીઓએ ભોજન કરી લીધું હતું. સહુએ સંતોને પીરસવાને માટે ઉત્સાહ તથા પ્રસન્ન મનથી ખેસથી કમર કસીને બાંધી. ૧૨૦. જે વર્ણીઓ શ્રીહરિની સાથે પીરસવા આવ્યા, તેમાંથી કેટલાકનાં નામ હું વર્ણન કરીને કહું છું.

પહેલા તો વર્ણીરૂપ શ્રીઘનશ્યામ પ્રભુ પ્રેમથી સંતોને પીરસવા લાગ્યા. ૧૨૧. તે પછી વ્રતધારી વર્ણિઓમાં શ્રેષ્ઠ મુકુંદાનંદ વર્ણી, જયાનંદ વર્ણી, અનુપમ અખંડાનંદ વર્ણી, સુખરૂપ નારાયણાનંદ વર્ણી, ૧૨૨. ગોપાળાનંદ વર્ણી, અચિંત્યાનંદ વર્ણી, વાસુદેવાનંદ વર્ણી, ગોવિંદાનંદ વર્ણી, આનંદાનંદ વર્ણી, વૈકુંઠાનંદ વર્ણી તથા રામકૃષ્ણાનંદ આદિ વર્ણીઓ ઘણા ગુણવાન હતા. ૧૨૩.

ઉપર ગણાવેલા બધા વર્ણી અને શ્યામ સુજાણ શ્રીહરિ પકવાન

ये सब वर्णी रु शाम सुजाना, पिरसत विजन अरु पकवाना ॥
बहुत भाती पकवान मीठाई, पिरसत नाम ले हरि सुखदाई ॥१२४॥
पिरसत शाम आनि अनुरागा, जेंवत संत परम बडभागा ॥
संत अपर्मित नाम अपारा, कोन कवि लखी करे निरधारा ॥१२५॥
सब तरु बनकर कलम बनाई, करे कोउ सिंधु कर साई ॥
बनस्पति करी कागद माई, नाम संत कर लीखा न जाई ॥१२६॥
भुवि रजकन घन बुंद सयाना, करे उडगन कर कोउ प्रमाना ॥
लिखा ना जाई संत करनामा, अस में विचारी कीन विरामा ॥१२७॥
लीखु तीन माई नाम दस वीसा, अक्षरनिवासी मुक्त मुनीशा ॥
संत नाम सूनि जन अग्याना, नासत तिमिर उदित ज्युं भाना ॥१२८॥
मुक्तानंद मुनि ब्रह्मानंदा, नित्यानंद मुनिवर आनंदा ॥

તથા બીજા બધા ભોજનો પીરસવા લાગ્યા. ઘણી જાતના પકવાનો, મીઠાઈઓના નામ લઈને સુખદાયક શ્રીહરિ પીરસતા હતા. ૧૨૪. જ્યારે શ્યામસુંદર શ્રીહરિ ઘણા પ્રેમથી પીરસતા હતા ત્યારે પરમ ભાગ્યશાળી સંતો જમતા હતા. સંતો તો અપાર અને અપરિમિત હતા. તેના નામને ચોક્કસરૂપમાં કોણ કવિ લખી શકે ? ૧૨૫. ભૂમિ ઉપર જેટલા વૃક્ષ છે તે બધાને છોલીને તેની કલમો બનાવવામાં આવે, સમુદ્ર જેટલી શાહી બનાવવામાં આવે અને વનસ્પતિઓમાંથી કાગળ બનાવવામાં આવે તોપણ તેટલા મોટા કાગળમાં સંતોનાં નામ લખી શકાતા નથી. ૧૨૬.

ભૂમિ ઉપરના રજકણ, વરસાદના જળબિંદુઓ અને આકાશમાં રહેલા તારા, એને કોઈ ડાહ્યો માણસ ગણી શકે છે છતાં જે સંતો હતા તેનાં નામ લખી શકાય તેમ નથી. આવું વિચારીને મેં બધા સંતોના નામ લખવાનું બંધ રાખ્યું છે. ૧૨૭. તેમાંથી દસ વીશ સંતોનાં નામ લખું છું. **અક્ષરમુક્ત એવા જે બધા મુનિવર સંતો તેના નામને કોઈ મનુષ્ય**

मुनि गोपाल परम अघहारी, रामदासजी महाव्रतधारी ॥१२९॥
स्वामी सरस स्वरूपानंदा, व्यापकानंद हरे दुःख फंदा ॥
निरंजनानंद नाम सुजांना, सुखानंद करे हरि गुन गाना ॥१३०॥
पुनि चैतन्यानंद मुनीसा, शुकमुनि जपत हरि जगदीशा ॥
मुनि नरसिंहानंद हे नामा, स्वयंप्रकाश परम गुनधामा ॥१३१॥
माहानुभावमुनि भजनानंदा, परमानंद परम सुखकंदा ॥
आत्मानंद उभय अविनाशी, भजत धर्मसुत प्रेम प्रकाशी ॥१३२॥
मुनि अद्वितानंद कहीजे, मुनि विरक्तमुनि जुक्त लहीजे ॥
मुनि निर्स्वादनाम निष्कामा, मुनि निर्मान त्याग तप धामा ॥१३३॥
योगानंदमुनि आधारा, गुनातीतानंद प्रभुकुं प्यारा ॥

અજાણતા પણ જો સાંભળે તો તેનું અજ્ઞાન, સૂર્યોદયથી જેમ અંધારું નાશ પામે છે, તેમ નાશ પામી જાય છે. ૧૨૮. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુનિવર નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, પાપને નાશ કરનારા શ્રેષ્ઠ સંત ગોપાળાનંદ સ્વામી, મહાવ્રતધારી રામદાસજી સ્વામી, ૧૨૯. સરસ સ્વરૂપાનંદ સ્વામી, દુઃખનો તથા બંધનનો નાશ કરનારા વ્યાપકાનંદ સ્વામી, સુજાણ નિરંજનાનંદ સ્વામી, હરિ ગુણનું કીર્તન કરનાર સુખાનંદ સ્વામી, ૧૩૦. મુનિવર ચૈતન્યાનંદ સ્વામી, જગદીશ્વર શ્રીહરિના નામનો જપ કરનારા શુકાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, પરમ ગુણિયલ સ્વયંપ્રકાશાનંદ સ્વામી, ૧૩૧. મહાનુભાવાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, ઉત્તમ સુખનાં મૂળ જેવા પરમાનંદ સ્વામી, બે આત્માનંદ સ્વામી કે જેઓ અવિનાશી ધર્મપુત્ર શ્રીહરિનું ઘણા પ્રેમથી ભજન કરતા હતા, અદ્વૈતાનંદ સ્વામી, વિરક્તાનંદ સ્વામી, નિઃસ્વાદાનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી, ત્યાગ તથા તપના ધામ જેવા નિર્માનાનંદ સ્વામી, ૧૩૨-૧૩૩. યોગાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી, પ્રભુના પ્યારા ગુણાતીતાનંદ સ્વામી, પ્રભુના મનભાવતા તદ્રૂપાનંદ સ્વામી,

तद्रूपानंद प्रभु मन भावे, भगवदानंद दुरिजन हितपावे ॥१३४॥
शांतगुनानंद शांत स्वरूपा, संत निर्मलानंद अनूपा ॥
मुनि बिशुद्ध प्रतोषानंदा, भूमानंद भजे व्रज चंदा ॥१३५॥
मुनि अदभूत निष्कुलानंदा, मुनि अक्षर भजे हरि व्रजचंदा ॥
मुनि निर्गुने निर्लोभ पुनिता, ईनहि आदि मुनिवर अगनिता ॥१३६॥
पुनि पदाति भृगुजी त्यागी, रतन मिंया रु भिंम बडभागी ॥
पुनि गुमानजि देवा वीरा, अजैया आदिक रणधीरा ॥१३७॥
नृपति भक्त हे उत्तम नामा, झीणाभाई भक्त निष्कामा ॥
भूप प्रतापसिंह हरिदासा, मुलुजि आदिक अविनासा ॥१३८॥
भक्तराज अलैया सूरा, चौमला मात्रा हरि हजूरा ॥

દુર્જનોનું પણ હિત કરનારા ભગવદાનંદ સ્વામી, ૧૩૪. શાંત સ્વરૂપ શાંતગુણાનંદ સ્વામી, અનુપમ નિર્મલાનંદ સ્વામી, વિશુદ્ધ સ્વભાવના પ્રતોષાનંદ સ્વામી, વ્રજચંદનું ભજન કરનારા ભૂમાનંદ સ્વામી, ૧૩૫. અદ્‌ભુત મુનિ નિષ્કુળાનંદ સ્વામી, વ્રજચંદ્ર શ્રીહરિનું ભજન કરનારા અક્ષરાનંદ સ્વામી, પવિત્ર નિર્ગુણાનંદ સ્વામી તથા નિર્લોભાનંદ સ્વામી, આ ગણાવ્યા તેના જેવા બીજા અગણિત મુનિવરો હતા. ૧૩૬.

વળી ત્યાગી પાર્ષદોમાં ભગુજી, રતનજી, મિંયાજી, ભાગ્યશાળી ભીમ ભક્ત, ગુમાનજી, દેવા ભક્ત, વીરા ભક્ત, આ બધા યુદ્ધમાં ધીરજવાળા અજેય પાર્ષદો હતા. ૧૩૭. હરિભક્ત દરબારોમાં દાદા ખાચર, નિષ્કામ ભક્ત ઝીણાભાઈ, ભગવાનના દાસ ભક્ત પ્રતાપસિંહ રાજા, અવિનાશીના ભક્ત મૂળુભાઈ, ભક્તરાજ અલૈયા ખાચર, સૂરા ખાચર, સોમલા ખાચર અને શ્રીહરિની સમીપે રહેનારા માતરા ધાધલ, નાજા જોગિયા, નાન ખાચર, વસ્તા ખાચર, માંચા ખાચર, રાઠોડ ધાધલ અને નાંગ માલા વગેરે ઘણા નિષ્ઠાવાન પાકા હરિભક્ત હતા. ૧૩૮-૧૩૯. મામૈયા ખાચર તથા મામૈયા પટગીર, દાસ ભક્ત મોકા ખાચર,

नाजा नान रु वसता मांचा, राठोड नांग हरिजन सांचा ॥१३९॥
मामैया द्वे मोका दासा, जीवा अमरा अविनाशा ॥
कंक जाति माहि भक्त अनुपा, सबही समरथ अवनि भूपा ॥१४०॥

दोहा : ईनही आदी जे भक्तजन, गीनत न आवत पार ॥
लिखत कोन कवि अथ ईती, रहे शेष श्रुती हार ॥१४१॥
संत रु वर्णी पदाती सब, भक्त परम निष्काम ॥
रहत साथ हरि के सदा, ताते गिने हे नाम ॥१४२॥

सोरठा : भक्त चोमला आदी, अश्व होई अश्वार सब ॥
तजी जक्त उपादी, फिरत हरि संग नितही प्रति ॥१४३॥
विचरत धर्मकुमार, देश विदेश में भक्त हित ॥
होई अश्व असवार, राजत बहु असवार संग ॥१४४॥

જીવા ખાચર, અવિનાશી શ્રીહરિમાં પ્રેમવાળા અમરા ખાચર, આ છેવટે ગણાવેલા બધા કાઠી દરબારો મહાન અનુપમ અને સમર્થ હરિભક્ત હતા. તેમજ બધા ભૂમિ ઉપરના રાજાઓ ગણાતા હતા. ૧૪૦.

આ મુખ્ય મુખ્ય કહ્યા તે બધા શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. તેમનો ગણે પાર આવતો નથી. તે ભક્તોનાં નામ પહેલેથી છેલ્લે સુધી કોણ કવિ લખી શકે ? ભગવાનના એવા ભક્તોના નામ લખવા જતા તો શેષનારાયણ અને વેદો પણ હારી જાય છે. ૧૪૧. જે સંતો, વર્ણી, પાર્ષદો અને બધા હરિભક્તો પરમ નિષ્કામી હતા તથા શ્રીહરિની સાથે જે હંમેશાં રહેતા હતા, તેટલાના જ આ નામ ગણાવ્યા છે. ૧૪૨. **દરબાર સોમલા ખાચર આદિ ભક્તો ઘોડે સવાર થઈને શ્રીહરિની સાથે કાયમ ફરતા હતા અને તેમણે જગતની બધી ઉપાધિ છોડી દીધી હતી.** ૧૪૩. શ્રીહરિ ભક્તોના કલ્યાણને માટે જ્યારે દેશ વિદેશમાં ફરતા હોય છે ત્યારે આ ઉપર કહેલા બધા દરબારો તે ઘોડે સવાર થઈને આવતા. અને શ્રીહરિ પણ તે ઘોડે સવારોની સાથે ખૂબ શોભતા હતા. ૧૪૪.

चोपाई :

येहि प्रकार हरि गढपुर मांहि, लीला कीन अतही सुखदाई ॥
किन समैया बार ही बारा, अगनित उछव न्यारा न्यारा ॥१४५॥

उत्तम भूप ग्रहे बहुनामी, रहे बहुत वत्सर जग स्वामी ॥
होई असवार अश्वरथ प्यारे, बिचरे घर घर अटवी बजारे ॥१४६॥

नग्र भूमि फिर पावन कीनी, पशु पक्षीनकु मुक्ति चहु दीनी ॥
गढपुरवासी सबे नरनारी, भये ब्रह्मपुर के अधिकारी ॥१४७॥

श्रीस्वामी कर परम प्रसंगा, भये बंध मिटी उत्तम अंगा ॥
नाये नाथ बहु गंगा मांई, नारायण हृद नित नित जाई ॥१४८॥

खलखलीयादीक मुनि कर घाटे, मुनिजन बिचरे सब वाटे ॥
पुरुव पश्चिम सरिता तिरे, विचरे संग ले हरिजन भीरे ॥१४९॥

આ કહ્યા પ્રમાણે શ્રીહરિએ ગઢપુરમાં અતિશય સુખદાયક લીલાઓ કરી છે. વારંવાર સમૈયા કર્યા છે અને ભિન્ન ભિન્ન અગણિત ઉત્સવો પણ કર્યા છે. ૧૪૫. **સર્વ જગતના માલિક બહુનામી શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં ઘણા વરસ સુધી રહ્યા છે. પ્યારા શ્રીહરિ ઘોડે સવાર થઈને ભક્તોનાં ઘેર ઘેર, બજારે બજારે અને વનમાં પણ ફર્યા છે.** ૧૪૬. શ્રીહરિએ નગર અને ભૂમિ ઉપર વિચરણ કરીને તેને પાવન કર્યા છે. તેમજ બધા પશુ તથા પક્ષીઓને પણ મુક્તિ આપી છે. ગઢપુરવાસી બધા નરનારીઓ અક્ષરબ્રહ્મ ધામના અધિકારી થયા છે. ૧૪૭. શ્રીસહજાનંદ સ્વામીના દિવ્ય પ્રસંગથી સહુના જગતના બંધન ટળી ગયા અને સત્સંગના ઉત્તમ અંગવાળા થયા હતા.

શ્રીહરિ ઉન્મત્તગંગામાં ઘણીવાર નાહ્યા છે. અને નારાયણ ધરામાં તો રોજ જઈને નાહ્યા છે. ૧૪૮. ખળખળિયો ઇત્યાદિક જે સંતોના ઘાટ છે ત્યાં અને રસ્તામાં સંતો ખૂબ વિચર્યા છે. શ્રીહરિ ગઢપુરથી પશ્ચિમ તરફ અને પૂર્વ તરફ ઉન્મત્તગંગાને કિનારે સંતો તથા હરિભક્તોની

दोहा : येही विधी श्रीगढराज मांहि, धर्मकुंवर घनश्याम ॥
किन समैया उछव, पावन पुरणकाम ॥१५०॥
लीला कीन अपार प्रभु, लिखते न आवे अंत ॥
दीन महासुख भक्तकुं, तारे जीव अनंत ॥१५१॥
आसपास के ग्राम मही, विचरे विश्व निकेत ॥
सो बरना संक्षेप कही, प्रेमानंद करी नेह ॥१५२॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते दुर्गपुर छबि बरनन ने हुतासनी उछव बरनन नामा एकोन चत्वारिंशोऽध्याय: ।।३९।।



ભીડમાં વિચર્યા છે. ૧૪૯. આ કહ્યું તે પ્રમાણે પૂર્ણકામ ધર્મકુંવર ઘનશ્યામ શ્રીહરિએ ગઢપુરમાં અતિશય પવિત્ર ઉત્સવ તથા સમૈયા કર્યા છે. ૧૫૦.

પ્રભુએ ગઢપુરમાં અપાર લીલાઓ કરી છે. તેનો લખે અંત આવે તેમ નથી. તેમજ ભક્તજનોને મહાસુખ આપ્યું છે અને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો છે, તેનો પણ લખતા અંત આવતો નથી. ૧૫૧. ગઢપુરની આસપાસના ગામમાં વિશ્વાધાર શ્રીહરિ વિચર્યા છે. તો પ્રેમાનંદ સ્વામી કહે છે કે હવે હું સ્નેહપૂર્વક સંક્ષેપથી તે ગામોનું વર્ણન કરું છું. ૧૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ગઢપુરની શોભા તથા હુતાશનીના ઉત્સવનું વર્ણન કર્યું' એ નામે ઓગણચાળીશમો અધ્યાય સમાપ્ત-૩૯



अध्याय - ४०

चोपाई :

आसपास हरिजन कर गामा, नाथ पधारे तीनकर धामा ॥
बरनु कछुक गाम कर नामा, गये प्रीत करी सुंदर श्यामा ॥०१॥
मांडवधार करियाना माई, बहुत लीला कीनी हरि राई ॥
गये खंभाला बाक्या स्वामी, बहुत लीला कीनी बहुनामी ॥०२॥
गाम गढाली नाथ पधारे, संत हरिजन संग ले प्यारे ॥
तहाँ बहु लीला कीन बिहारी, पावन कीन सकल नरनारी ॥०३॥
गये गाम अडताला नाथा, रेवा वडोद गये मुनि साथा ॥
गये भावपूरी श्रीभगवाना, कीन भूपति बहु सनमाना ॥०४॥
वलय नग्र पधारे देवा, किनी भूप भली बिधी सेवा ॥

અધ્યાય - ૪૦

સુંદરિયાણામાં વસંત પંચમીના ઉત્સવનું વર્ણન

ગઢપુરની આસપાસના હરિભક્તોના ગામમાં શ્રીહરિ ગયા છે અને હરિભક્તોને ઘેર પધાર્યા છે. જે ગામમાં સુંદરશ્યામ શ્રીહરિ પ્રેમથી ગયા છે, તે કેટલાક ગામનાં નામ હું વર્ણવું છું. ૧. હરિરાયે માંડવધાર તથા કરિયાણા ગામમાં ઘણી લીલા કરી છે. બહુનામી સહજાનંદ સ્વામી ખંભાળા તથા વાંકિયા ગામમાં ગયા છે અને ત્યાં પણ ઘણી લીલા કરી છે. ૨.

ભક્તપતિ પ્યારા શ્રીહરિ સંતો તથા હરિભક્તોને સાથે લઈને ગઢાળી ગામ પધાર્યા છે, ત્યાં વિચરણ કરી ઘણી લીલાઓ કરી છે અને સમગ્ર ભક્ત નરનારીઓને પાવન કર્યા છે. ૩. નાથ શ્રીહરિ અડતાળા, રેવા અને વડોદ ગામ સંતો સાથે ગયા છે. વળી ભગવાન શ્રીહરિ ભાવનગર પણ ગયા છે. ત્યાંના રાજાએ શ્રીહરિનું ઘણું સન્માન કર્યું હતું. ૪. દેવાધિદેવ શ્રીહરિ વળા-વલ્લભીપુર પધાર્યા હતા અને ત્યાંના

ईत उत फिरी पुनि गढपुर आवे, याँ आवे तब आनंद पावे ॥०५॥

अब कछु बरनुं गाम करनामा, सो सब किन नाथ निजधामा ॥
अति प्रीति करी कृष्ण क्रिपाला, निजजन भुवन रहे वृषलाला ॥०६॥

झिंझावद्र गाम मई स्वामी, रहे नाथ अति आनंद पामी ॥
तहाँ बहुत लीला कीन दयाला, निज भक्तन हित परम क्रिपाला ॥०७॥

दोहा : पुनि कारियानि गाम मंहि, रहे नाथ करी नेह ॥
तिन भक्तन को सदन सो, मान्यो करी निज गेह ॥०८॥

बहु प्रकार तहाँ किन प्रभु, लीला अतिही अपार ॥
शारद शेष गनेश मिलि, रहे लिखत सब हार ॥०९॥

सोरठा : किन समैया नाथ, कारियानी मंहि भक्तपती ॥
संत हरिजन ले साथ, करी श्रम प्रभु खोदाय सर ॥१०॥

રાજાએ ઘણી સારી સેવા કરી હતી. ચારેય બાજુ ફરીને શ્રીહરિ જ્યારે ગઢપુર આવતા ત્યારે તેમને આનંદ થતો હતો. ૫.

હવે કેટલાક ગામનાં નામ કહું છું કે જે બધા ગામને નાથ શ્રીહરિએ પોતાનું ઘર માન્યુ હતું. ધર્મપુત્ર કૃપાળુ શ્રીહરિકૃષ્ણ ઘણા પ્રેમથી તે તે પોતાના ભક્તજનોને ઘેર રહ્યા હતા. ૬. નાથ શ્રીહરિ ઝીંઝાવદર ગામમાં જઈને અતિશય આનંદથી રહ્યા હતા. પરમકૃપાળુ શ્રીહરિએ પોતાના ભક્તજનોને માટે ઝીંઝાવદરમાં ઘણી લીલા કરી હતી. ૭. નાથ શ્રીહરિ કારિયાણી ગામમાં ઘણા હેતથી રહ્યા છે. ત્યાંના ભક્ત વસ્તા ખાચરના ઘરને શ્રીહરિએ પોતાનું ઘર માન્યું હતું. ૮.

શ્રીહરિએ ત્યાં અનેક પ્રકારની અપાર અતિશય લીલાઓ કરેલી છે. શારદા, શેષ અને ગણપતિજી, ત્રણેય મળીને લખવા માંડે તોપણ તે હારી જાય છે. ૯. ભક્તપતિ શ્રીહરિએ કારિયાણીમાં સમૈયા કર્યા છે. સંતો તથા હરિભક્તોને સાથે રાખીને પ્રભુએ ઘણો શ્રમ કરીને તળાવ ખોદાવ્યું હતું. ૧૦. શ્રીહરિએ ત્યાં વિષ્ણુયાગ કરીને સંતો તથા બ્રાહ્મણોને

जेंवाये द्विज संत, श्रीहरि विष्णु जज्ञ करी ॥
लहे कोन कवि अंत, लीखी लीला रससिंधु कर ॥११॥

चोपाई :

पहिरे भुषन बसन अनुपा, लाये भक्त सरस सुखरूपा ॥
निजजन पूजा किन सुप्रीति, केसर चंदनसुँ रसरिति ॥१२॥
जिये नाथ निज जन कर हाथा, मिठाई बिंजन मुनि नाथा ॥
बहुत लीला कीनी भगवाना, कारियानी मंहि हरि सुजाना ॥१३॥
बरनु कहा मम रसना एका, सहस्र फनि गीनी लहे न छेका ॥
ज्युं चिरई मुख सिंधु न माई, त्युं मम मेधा रही अघाई ॥१४॥
अब बोटाद गाम प्रभु आए, संत हरिजन साथ ही लाये ॥
कीन समैया सरस सुजाना, होरि खेले क्रिपानिधाना ॥१५॥

જમાડ્યા હતા. લીલારસના સાગર જેવા ભગવાન શ્રીહરિની લીલાને કોણ એવો કવિ છે કે જે લખીને તેનો અંત પામે ? ૧૧. ભક્તજનો સુખરૂપ સારાં વસ્ત્ર તથા અનુપમ વસ્ત્ર લાવે તેને શ્રીહરિ પહેરતા અને પોતાના ભક્તજનો પણ ઘણા પ્રેમથી પૂજા કરતા અને સરસ રીતે પૂજામાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરતા હતા. ૧૨. મુનિનાથ ભક્તપતિ શ્રીહરિ પોતાના ભક્તજનને હાથે મીઠાઈ તથા બીજા ઘણાં ભોજનોને જમતા હતા. સુજાણ ભગવાન શ્રીહરિએ કારિયાણી ગામમાં ઘણી લીલાઓ કરી છે. ૧૩. હું શું વર્ણન કરું ? મારે તો એક જ જીભ છે. સહસ્ર ફણાવાળા શેષ તેનું વર્ણન કરતા કરતા પણ છેડો પામતા નથી. જેમ ચીરઈ પંખીના મોઢામાં સાગર સમાતો નથી તેમ મારી બુદ્ધિ પણ વર્ણન કરતા પૂર્ણ થઈ ગઈ છે. ૧૪.

❁ બોટાદ તથા સારંગપુરમાં રંગોત્સવ વગેરે લીલાઓ :

જ્યારે પ્રભુ **બોટાદ** ગામ આવ્યા ત્યારે સંતો તથા હરિભક્તોને સાથે લાવ્યા હતા. સુજાણ અને કૃપાનિધાન શ્રીહરિએ ત્યાં સરસ સમૈયો

रंग गुलाल प्रभु बहुत उडावा, निजजन उर आनंद उपजावा ॥
जीये शाम संत करी प्रीति, बहु पकवान करी रस रीति ॥१६॥

बहुत लीला कीन मुनिराई, कहा बरनुं में अल्प मती गाई ॥
ज्युं आकाश को अंत ना आवे, त्युं हरिचरित्र अगाध रहावे ॥१७॥

आये गाम सारंगपुर स्वामी, संग हरिजन संत निष्कामी ॥
किन समैया हरि बहुभांति, दिना सुख जनकुं करी खांती ॥१८॥

खेले नाथ होरि रस रंगे, निजजन संग प्रभु करी उमंगे ॥
याँ हरि खेले खेल बहु भारी, भये रंगमें गरक मुरारी ॥१९॥

बहुत उडावा अबील गुलाला, धर्मात्मज प्रभु दीनदयाला ॥
म्रगमद कुमकुम सरस सुरंगी, केसर केसु रंग पतंगी ॥२०॥

કર્યો હતો. ત્યાં હોળીની રંગક્રીડા કરી હતી. ૧૫. પ્રભુએ બોટાદમાં રંગ તથા ગુલાલ બહુ ઉડાડ્યો હતો અને પોતાના ભક્તજનનાં દિલમાં આનંદ આપ્યો હતો. શ્યામસુંદર શ્રીહરિ તથા સંતો ઘણા પ્રેમથી બોટાદમાં સરસ રીતે ઘણા પકવાન જમ્યા છે. ૧૬. મુનિરાજ શ્રીહરિએ બોટાદમાં ઘણી લીલા કરી છે. હું તો અલ્પબુદ્ધિનો છું એટલે ગાઈને કઈ રીતે તે લીલાનું વર્ણન કરું ? **જેમ આકાશનો અંત આવતો નથી તે રીતે જ શ્રીહરિનાં ચરિત્ર પણ અનંત અને અગાધ છે, તેનો કહેતા અંત આવતો નથી.** ૧૭.

શ્રીહરિ હરિભક્તો તથા નિષ્કામી સંતોની સાથે **સારંગપુર** ગામ પણ આવ્યા છે. ત્યાં ઘણી રીતે સમૈયા કર્યા છે અને ભક્તજનોને ખંતથી સુખ આપ્યું છે. ૧૮. મુરારિ પ્રભુ શ્રીહરિ સારંગપુરમાં ભક્તજનોની સાથે ઘણા ઉમંગથી હુતાશનીને દિવસ રંગથી રમ્યા છે અને ખૂબ જ રંગક્રીડા કરીને પોતે રંગમાં ગરકાવ થઈ ગયા હતા. ૧૯. દયાળુ ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિએ તે ઉત્સવમાં ખૂબ જ અબીર તથા ગુલાલ ઉડાડ્યો હતો. કસ્તૂરી, કુંકુમ, કેસર, કેસુડા અને પતંગ વગેરેનો સરસ રંગ બનાવ્યો હતો. ૨૦. નાથ શ્રીહરિ જ્યારે પોતાના ભક્તજનોના ઉપર રંગ

बरसत रंग निजजन पर नाथा, निजजन पकरे नाथ भरि बाथा ॥
गयो फाटि कंचूक तन केरा, उडत गुलाल रंग बहुतेरा ॥२१॥

आए अमर गन चढी वेमाना, निरखी नाथ छबी भये गुलताना ॥
बरखत हरिखि सुमन झरवारी, परत चरण पुलकित नरनारी ॥२२॥

दीने फगुवा जन मन माना, तब छूटे सुरनर मुनि राना ॥
अस लिलामें सुना न देखा, कहा बरनुं कही रसना एका ॥२३॥

दोहा : खेले फाग हुतासनी, सारंगपुर महीं श्याम ॥
दिन सुख निज भक्तकुं, कीन पुरन कामा ॥२४॥

बहुत जेवाये विप्र गन, करी जज्ञ हरिराय ॥
लीला सारंगपुर की, रसना कहि ना जाय ॥२५॥

વરસાવવા લાગ્યા ત્યારે ભક્તજનોએ તેમને બથમાં લઈ અને પકડી લીધા હતા. તે વખતે શ્રીહરિ પહેરેલું પોતાનું અંગરખું ફાટી ગયું હતું અને પુષ્કળ ગુલાલ ઉડાડ્યો હતો. ૨૧.

તે સમયે દેવતાઓનો સમુદાય વિમાનમાં બેસી અને ત્યાં આવ્યો. શ્રીહરિની છબીનાં દર્શન કરી બધા ગુલતાન થઈ ગયા. અને તેમણે શ્રીહરિના ઉપર પુષ્પો તથા જળની ઝરફરાટ વરસાવી. નરનારીઓ આનંદના આવેશમાં આવી જઈ અને શ્રીહરિના ચરણોમાં પડતા હતા. ૨૨. જ્યારે શ્રીહરિએ તે ભક્તોને મનમાન્યા ફગવા આપ્યા ત્યારે સુરનરમુનિરાજ તેમનાં બંધનથી છૂટ્યા. આવી લીલા તો મેં બીજે ક્યાંય સાંભળી કે દેખી નથી. હું તેનું શું વર્ણન કરું ? કારણ કે મારે જીભ તો એક જ છે. ૨૩. શ્યામસુંદર શ્રીહરિએ સારંગપુરમાં હુતાશનીને દિવસે રંગક્રીડા કરી અને પોતાના ભક્તજનોને સ્વસ્વરૂપનું સુખ આપીને પૂર્ણકામ કર્યા. ૨૪. સારંગપુરમાં હરિરાયે યજ્ઞ કરીને ઘણા બ્રાહ્મણોને જમાડ્યા. તેથી સારંગપુરની લીલાને જીભથી કહી શકાતી નથી. ૨૫.

सोरठा : कबहुक जग किरतार, रहत रहसि होय गुप्त हरि ॥
कबहुक प्रगट करी प्यार, देत दरस भव भय हरन ॥२६॥
लीला अनंत प्रकार, करत हे निजजन भुवनमंहि ॥
श्रीअक्षर सिरदार, सारंगपुर बहु बिचरे प्रभु ॥२७॥
याँसुँ चले सुख सिंधु, सुंदरियाने गये सुखद ॥
ज्युं उडगन बिचई हुं, राजत मुनि वरनी कर मंहि ॥२८॥

चोपाई :
सुंदरियाने गाम सुजाना, लिला अनंत किनि भगवाना ॥
कछु लवलेश में बरनि सुनाउ, अथ उति कहत पार नई पाउं ॥२९॥
किन समैया एक सुख कंदा, निजजन हित प्रभु सहजानंदा ॥

જગત્કર્તા શ્રીહરિ ક્યારેક સારંગપુરમાં છાના રહેતા હતા, તો ક્યારેક પ્રેમથી પ્રસિદ્ધ રહેતા હતા અને ભક્તોના ભવભયને હરવા માટે દર્શન આપતા હતા. ૨૬. પોતાના ભક્તજનને ઘેર રહીને શ્રીહરિએ અનંત પ્રકારની લીલા કરી છે. અક્ષરધામાધિપતિ પ્રભુ શ્રીહરિ આ રીતે સારંગપુરમાં ઘણું વિચર્યા છે. ૨૭.

સુખદાયક સુખસાગર શ્રીહરિ સારંગપુરથી ચાલીને **સુંદરિયાણા** ગયા હતા અને ત્યાં નક્ષત્રોના ગણમાં રહેલા ચંદ્રની જેમ શ્રીહરિ સંતો તથા વર્ણીઓની વચ્ચે શોભતા હતા. ૨૮. સુજાણ ભગવાને સુંદરિયાણામાં અનંત લીલાઓ કરી છે. તે લીલાને પહેલેથી છેલ્લે સુધી કહેતા પાર આવે તેમ નથી. માટે તેમાંથી લેશમાત્ર લીલાનું વર્ણન કરીને સહુને સંભળાવું છું. ૨૯. સર્વ સુખનાં મૂળરૂપ પ્રભુ સહજાનંદ સ્વામીએ પોતાના ભક્તજનનું હિત કરવાને માટે સુંદરિયાણા ગામમાં એક સમૈયો કર્યો હતો. ત્યાં વસંતપંચમીએ શ્રીહરિએ રંગોત્સવ કર્યો હતો અને પોતાની સાથે હજારો નિષ્કામી મુનિઓ આવ્યા હતા. ૩૦. તે ઉત્સવમાં અપાર હરિભક્તો આવ્યા હતા. તે બધા શ્રીહરિની મૂર્તિનાં

खेले फागु पंचनी स्वामी, सहस्रावधि संग मुनि निष्कामी ॥३०॥
पुनि हरिभक्त अपर्मित आये, निर्खि नाथ छबि बहुत सुखपाये ॥
पहिरे नाथ वसंती बागा, नंग जडित भुषन अनुरागा ॥३१॥
अबिर गुलाल बहुबिधि आना, किना रंग मूनि मनमाना ॥
प्रभु कर लिनि कनक पिचकारी, छिरकत रंग भक्त भयहारी ॥३२॥
डारत फाट भरी अबीर गुलाला, गावत फाग मुनि मतवाला ॥
बरसत रंग भादो घन धारा, उडत गुलाल अबीर अपारा ॥३३॥
गर्द गुलाल गगन रही छाई, भये अरुन रवि शशी रथमाई ॥
अटके खेचर पंथ न सूझे, भय विस्मित परस्पर बुझे ॥३४॥
अवनी अरुन दसो दीसी लाली, नारी पुरुष कोई सकत न चाली ॥

દર્શન કરીને સુખી થયા હતા. તે ઉત્સવ પ્રસંગે શ્રીહરિએ વસંતી વાઘા ધાર્યા હતા અને ઘણા પ્રેમથી નંગજડિત ઘરેણાંઓ પણ પહેર્યા હતા. ૩૧. આ ઉત્સવમાં ઘણી જાતનો અબીર અને ગુલાલ મગાવ્યો હતો અને સંતોએ મનમાન્યો રંગ કર્યો હતો.

ભક્તોના ભયને હરનારા શ્રીહરિએ પોતાના હાથમાં સોનાની પિચકારી લઈ સહુના ઉપર રંગ છાંટ્યો હતો. ૩૨. શ્રીહરિ ગુલાલની ફાંટ ભરીને ભક્તોના ઉપર નાંખતા હતા. તે વખતે મતવાલા સંતો હોરીનાં પદ ગાતા હતા. આ ઉત્સવમાં ભાદરવા મહિનાના જોરદાર વરસાદની જેમ રંગની ધારાઓ વહેતી હતી અને અપાર અબીર તથા ગુલાલ ઉડતો હતો. ૩૩.

ગુલાલની ડમરી આકાશમાં એટલી છવાઈ ગઈ હતી કે સૂર્ય અને ચંદ્ર રથમાં બેઠા હતા તોપણ લાલ લાલ થઈ ગયા હતા. આકાશમાં ફરનારા બધા અટકી ગયા. કોઈને ગુલાલની ડમરીમાં રસ્તો સૂઝ્યો નહિ. ભયથી વિસ્મિત થયેલા સહુ એકબીજાને પૂછવા લાગ્યા. ૩૪. અવનિ તથા દસે દિશાઓ લાલ લાલ થઈ ગઈ. કસ્તૂરી અને મલયાચલનાં

मृगमद मलय अगरू कर गारा, मच्यो डगरमें अपरमपारा ॥३५॥
रंगकी रेल चली चाहुं पासा, निरखी मुदित मुनि हरिदासा ॥
यह प्रकार खेले हरि होरी, निरजरनीकर नीरखे चहुं ओरी ॥३६॥
बरखत सुमन करत बखाना, धन्य भुवि जन संत भगवाना ॥
अस लीला रस बरसत प्यारे, धर्मकुमार दृगन के तारे ॥३७॥
रंगमें रसबस सकल मुनेशा, सोहत अरुन संत तन वेशा ॥
मनु मनमथकर सजे बराती, चला रति ब्याहन शंभु अराती ॥३८॥
दोहा : चले संतगन सघन बीच, मंजन करन मुरारी ॥
सोहत उडगन अरुन में, अरून चंद अवतारी ॥३९॥

ચંદનનો રસ્તામાં અપરંપાર ગારો થઈ ગયો. તેથી કોઈ સ્ત્રી કે પુરુષ રસ્તા પર ચાલી શકતા નહિ. ૩૫. ચારેય બાજુ રંગનો પ્રવાહ ચાલ્યો. તે જોઈને સંતો તથા હરિભક્તો ખુશી થઈ ગયા.

જ્યારે શ્રીહરિ આ રીતે રંગક્રીડા કરતા હતા ત્યારે દેવતાઓનો સમુદાય ચારેય બાજુ આવીને દેખતો હતો. ૩૬. **દેવો ફૂલની વૃષ્ટિ કરી અને પ્રશંસા કરતા બોલતા હતા કે ભૂમિ ઉપર ભગવાન શ્રીહરિ, સંતો તથા હરિભક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ છે. આંખના તારા જેવા પ્યારા ધર્મકુમાર શ્રીહરિ આ રીતે લીલા રસને વરસાવતા હતા.** ૩૭.

રંગમાં સંપૂર્ણ રીતે રસબસ થયેલા મુનિપતિ શ્રીહરિ રંગથી લાલ થયેલા શરીરના વેશવાળા સંતોની વચ્ચે એવા શોભતા હતા કે જાણે શિવનો વેરી કામદેવ જાન શણગારીને રતિની સાથે લગ્ન કરવા ચાલ્યો ન હોય ! ૩૮. મુરારિ તથા અવતારી આવા શ્રીહરિ સંતોની ભીડ વચ્ચે સ્નાન કરવા માટે ચાલ્યા ત્યારે તે વસંતોત્સવથી લાલ થયેલા ઉડુગુણની વચ્ચે લાલ થયેલો ચંદ્રમા જેમ શોભે તેવા સોહામણા લાગતા હતા. ૩૯.

नाये सरि सर कुप मही, संत हरि हरिजन ॥
संत जन सहित पधारे प्रभु, हेमचंद श्रेष्ठ भुवन ॥४०॥

सोरठा : भई रसोई भगवान, कहत हरिजन जोरि कर ॥
जेंमीये क्रिपानिधान, पुनि जिवाईये संतजन ॥४१॥

उठे अखिल जग ईश, प्रेमानंद कहे भोजन करन ॥
मुंकुंद वर्नी निज शिष्य, रचेउ पुनित आसन रूचिर ॥४२॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते सुंदरियाने बसंत पंचमी उछव बरनन नामा चत्वारिंशोऽध्याय: ॥४०॥



શ્રીહરિ, સંતો અને હરિભક્તો, સહુ નદી, સરોવર અને કૂવે જઈને નાહ્યા. તે પછી પ્રભુ શ્રીહરિ સંતો તથા હરિભક્તોની સાથે હેમરાજ શાહ શેઠને ઘેર આવ્યા. ૪૦.

તે સમયે તે હરિભક્તે હાથ જોડીને કહ્યું, 'હે ભગવન્ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે. તો પ્રથમ કૃપાનિધાન આપ જમો અને પછી સંતો તથા હરિભક્તોને જમાડો.' ૪૧. સર્વ જગતના નિયંતા આવા પ્રભુ શ્રીહરિ થાળ જમવા માટે ઊભા થયા. ત્યારે પ્રેમાનંદ સ્વામી કહે છે કે પોતાના શિષ્ય મુકુંદાનંદ વર્ણીએ જમવા બેસવા માટેનું એક સારું પવિત્ર આસન તૈયાર કર્યું હતું. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'સુંદરિયાણામાં વસંત પંચમીના ઉત્સવનું વર્ણન કર્યું' એ નામે ચાળીશમો અધ્યાય સમાપ્ત-૪૦



अध्याय - ४१

चोपाई :

बेठे भोजन करन दयाला, भक्ति धर्मसुत जन प्रतिपाला ॥
कंचन चोकी आगे ढारी, ता पर धरि शीतल जल झारी ॥०१॥
कनक थाल भरी बहु पकवाना, लाये निजजन परम सुजाना ॥
उत्तम खटरस सरस सुधारी, भक्ष भोज्य लेह्य चोस्य चारी ॥०२॥
भाती भाती बिजन करनामा, जेंवत रूचि करी श्रीघनश्यामा ॥
भरत ग्रास प्रभु थोरे थोरे, पियत पांनी हरि होरे होरे ॥०३॥
वाम पानि सुंदर सुखदाई, फेरत उदर पर सुरमुनि राई ॥
लेत डकार मंद मुख गहेरा, निरखी नेन मिटे भवफेरा ॥०४॥
कहा बरनु भोजनकर नामा, लहत न पार शेष गुनधामा ॥

અધ્યાય - ૪૧

લોયામાં શ્રીજીમહારાજના શાકોત્સવનું વર્ણન

ભક્તજન પ્રતિપાલક, ભક્તિધર્મના પુત્ર, દયાળુ શ્રીહરિ ભોજન કરવા બેઠા ત્યારે આગળના ભાગમાં એક સોનાની ચોકી ઢાળી અને તેના ઉપર શીતળ જળથી ભરેલી જળઝારી મૂકી. ૧. પરમ સુજાણ ભક્તજનો સોનાના થાળમાં પકવાન ભરીને લાવ્યા. સરસ છ રસથી ભરપૂર ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય, એમ ચાર પ્રકારનાં ભોજન પીરસ્યા હતા. ૨. ભાત ભાતનાં ભોજન કર્યાં હતાં. તેને ઘનશ્યામ પ્રભુ પોતાની રુચિ પ્રમાણે જમવા લાગ્યા. પ્રભુ શ્રીહરિ નાના નાના કોળિયા લેતા હતા અને વચ્ચે વચ્ચે પાણી પીતા હતા. ૩.

સુખદાયક અને સુરમુનિરાય આવા શ્રીહરિ પોતાના સુંદર ડાબા હાથને પેટ ઉપર ફેરવતા હતા. મુખથી ઘેરો, ધીમો ઓડકાર ખાતા હતા. તેના નેત્રથી દર્શન કરવા માત્રમાં સંસારના ફેરા મટી જતા હતા. ૪. થાળમાં પીરસેલા ભોજનનાં નામ હું કેટલાક બતાવું. ગુણનાં ધામ

भये त्रप्ति जिई के बहुनामी, अक्षरपति अखिल जगस्वामी ॥०५॥

करत प्रक्षालन करमुख नाथा, रजत सलि ले हरि निज हाथा ॥
शुद्ध करत दसनावलि देवा, चितवत चंचल दृग चित लेवा ॥०६॥

करी कुल्ला मुख पुंछि रूमाला, ले मुखवास विरा वृषलाला ॥
श्वेत बसन तन सुक्षम धारी, श्वेत पाघ शिर सुखकारी ॥०७॥

सरस सुगंधी सुमन कर हारा, गजरा अंगद शेखर सारा ॥
अंग अंग प्रति धरे अभिरामा, सोहत नाथ छबीकर धामा ॥०८॥

कनक जटित मनी भुषन धारे, हार अंगद कट आदी अपारे ॥
बनी ठनी भये धर्मसुत त्यारी, थकित भये छबी लखी नरनारी ॥०९॥

वाम बाहु तटपर पट आनी, बांधे नाथ कटि पटतानी ॥
करउ पंक्ति मुनि राज मराला, किनि अग्या निजजन प्रतिपाला ॥१०॥

જેવા શેષ પણ તે નામના પારને પામતા નથી. સર્વ જગતનાં સ્વામી અક્ષરાધિપતિ બહુનામી શ્રીહરિ પછી જમીને તૃપ્ત થયા. ૫. ભક્તપતિ શ્રીહરિએ હાથ તથા મુખ ધોયા. પછી પોતાના હાથમાં ચાંદીની સળી લીધી. દેવાધિદેવે દાંત શુદ્ધ કર્યા. તેનું જે ચિંતવન કરે તેની ચંચળ દૃષ્ટિ અને ચિત્ત, બંને ખેંચાઈ જતા હતા. ૬. પછી કોગળા કરી, રૂમાલથી મુખ લૂછ્યું. પછી ધર્મપુત્ર શ્રીહરિએ મુખવાસ લીધો.

તે સમયે શ્રીહરિએ શરીર ઉપર ઝીણાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તક ઉપર સુખકારી શ્વેત પાઘ બાંધી હતી. ૭. સારા સુગંધી ફૂલના હાર, ગજરા, બાજુબંધ અને સરસ તોરા એકેએક રમણીય અંગ ઉપર ધારણ કર્યા હતા. તેનાથી છબીનાં ધામ જેવા ભક્તપતિ શ્રીહરિ સોહામણા લાગતા હતા. ૮. મણિજડિત સોનાનાં બધા ઘરેણાં - હાર, બાજુબંધ અને કડાં આદિક - અપાર ધારણ કર્યા હતા. ધર્મસુત શ્રીહરિ આ રીતે બની ઠની તૈયાર થયા ત્યારે તે વખતની શોભાને નીરખીને બધા નરનારીઓ વિસ્મિત થઈ ગયા. ૯.

दोहा : भई पंक्ति सब संतकी, बेठे जेवन काज ॥
कर लई मोतीचूर प्रभु, पिरसत श्रीमहाराज ॥११॥
धारी नैन छबी नाथकी, जेंवत मुनि कर वृंद ॥
पुनि पुनि पिरसत प्रेमवश, निजजन आनंद कंद ॥१२॥

सोरठा : अक्षरपति प्रभु आप, आये अवनि सुख सदन ॥
लाये संग निष्पाप, अक्षर्निवासी मुक्त सब ॥१३॥
करन अधम ओधार, धरि मूर्ति रसरूप वर ॥
निजजन सुख दातार, करत केली जन मनहरन ॥१४॥

चोपाई :
पिरसत मुनिकुं भव भयहारी, निज पार्षद जनकु सुखकारी ॥

❁ સુંદરિયાણામાં શ્રીહરિની પીરસણલીલા :

પછી ડાબા ખભા ઉપર ખેસનો છેડો લાવીને ભક્તપતિ શ્રીહરિએ ખેસને કમર ઉપર કસીને બાંધ્યો. અને પછી ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ મુનિવર્ય બધા સંતોની પંક્તિ કરો, તેવી આજ્ઞા કરી. ૧૦. બધા સંતોની પંગત જમવા માટે જ્યારે બેઠી, પછી પ્રભુ શ્રીહરિજી મહારાજ હાથમાં મોતીચૂરના લાડુ લઈ પીરસવા લાગ્યા. ૧૧. બધા સંતો શ્રીહરિની મૂર્તિને આંખમાં ધારીને જમવા લાગ્યા. ત્યારે ભક્તજનોને માટે આનંદનાં મૂળ જેવા શ્રીહરિ પ્રેમવશ થઈને વારંવાર પીરસવા લાગ્યા. ૧૨.

સુખના આધારભૂત અક્ષરાધિપતિ પ્રભુ આ ભૂમિ ઉપર આવ્યા ત્યારે અક્ષરધામના બધા જ નિષ્પાપ મુક્તોને સાથે લાવ્યા હતા. ૧૩. અધમ જીવોનો ઉદ્ધાર કરવા માટે શ્રીહરિએ શ્રેષ્ઠ રસરૂપ મૂર્તિ ધારણ કરી હતી. પોતાના ભક્તોજનોને સુખ આપનારા અને તેમનાં મનને હરનારા તે પ્રભુ, ભક્તોની સાથે લીલારૂપ ક્રીડા કરતા હતા. ૧૪. જીવોના સંસારને ટાળનારા અને પોતાના પાર્ષદોને સુખ આપનારા

पुनि जलेबी आदीक पकवाना, शाकपाक बिंजन बिधि नाना ॥१५॥
कहा बरनु कहि छटा हरिकी, और छबि लखि लगत है फीकी ॥
नेन निरखी त्रपति नहि पाई, ज्युं मधु माखी लुब्ध रसमाई ॥१६॥
सकल संत निज पार्षद जेहा, सबहि जिवाये नाथ करी नेहा ॥
कर प्रक्षालि पुनि पुंछि रूमाला, बैठे सभा करी वृषलाला ॥१७॥
पुजे शाम संत करी प्रीते, बहु उपचार आंनी रस रीते ॥
मनिमय भुषन वसन अनूपा, चंदन पुष्प दीप करी धूपा ॥१८॥
वणिक हेमराज परम सुजाना, ता कर पुत सबहि बुद्धिवाना ॥
त्रन सम करी निजकुल संसारा, टेक सहित भजे धर्मकुमारा ॥१९॥
अस हरि जानी परम निजदासा, आय कीनी लीला अविनासा ॥

આવા શ્રીહરિ જલેબી આદિક પકવાન તથા બીજા શાક, પાક અને અનેક પ્રકારનાં વ્યંજનોને પીરસતા હતા. ૧૫.

શ્રીહરિની છટાનું વર્ણન હું શું કરું ? બીજા બધાની છબીને જોઈએ છીએ ત્યારે તે અત્યંત ફીકી લાગે છે. **જેમ મધમાખી રસમાં લોભાઈ રહે છે તેમ ભક્તજનના નેત્ર શ્રીહરિની છબીને જોઈને લોભાઈ રહે છે; તેને તૃપ્તિ થાતી નથી.** ૧૬. ધર્મપુત્ર નાથ શ્રીહરિએ બધા સંતો અને પાર્ષદોને ઘણા હેતથી જમાડ્યા. પછી હાથ ધોઈ રૂમાલથી લૂછ્યા અને સભા કરીને બેઠા. ૧૭.

પછી હરિભક્તોએ શ્યામસુંદર શ્રીહરિ અને સંતોની ઘણા ઉપચારો લઈને પ્રેમથી પૂજા કરી. રત્નજડિત ઘરેણાં, અનુપમ વસ્ત્ર અર્પણ કર્યાં તથા ચંદન, પુષ્પ, ધૂપ અને દીપ વગેરે કર્યા. ૧૮. **હેમરાજ શાહ શેઠ ઘણા સમજણવાળા હતા. તેના બધા પુત્રો અતિશય બુદ્ધિમાન હતા. તેમણે પોતાના કુળ અને સંસારને તરણા જેવા ગણીને ધર્મકુમાર શ્રીહરિનું ભજન અચળ ટેક રાખીને કર્યું હતું.** ૧૯. આવા નિષ્ઠાવાન

श्रीहरि सुख अलोकिक दीना, निज भक्तनकुं परम प्रवीना ॥२०॥
यांसुँ चले अखिल जगनाथा, हरिजन वर्णी संत ले साथा ॥
आये लोयापुर बहुनामी, भक्त सूर नृपपति ग्रह स्वामी ॥२१॥
भक्त सूर नृप कंकसु जाती, प्रभु पद प्रेम अचल दिन राती ॥
ता सनेह बस भये मुनि राया, रहे मास द्वय करी हरि दाया ॥२२॥
याँ अस लीला किंन मुरारी, ना सुनि श्रवन ना नेन निहारी ॥
बरनुं कछुक कहि लवलेशा, बरनि न सकत सकल श्रुति शेषा ॥२३॥
अक्षरपति दिव्य रस राशी, सो दृग गोचर भये अविनाशी ॥
पहिरे बसन श्वेत अभिरामा, निल बरन तन छबि घनशामा ॥२४॥
दोहा : पद्मपानि वर अरुन तल, ता मंहि ग्रहि रूमाल ॥

અને ટેકીલા તે સહુને પોતાના અનન્ય ભક્ત જાણીને અવિનાશી શ્રીહરિ સુંદરિયાણામાં આવ્યા અને ત્યાં અદ્‌ભુત લીલા કરી. તેમજ પરમ નિપુણ સુંદરિયાણાવાસી પોતાના ભક્તોને અલૌકિક સુખ આપ્યું. ૨૦.

સર્વ જગતના નાથ બહુનામી ભગવાન શ્રીસ્વામિનારાયણ સમગ્ર સંતો, વર્ણી અને હરિભક્તોને સાથે લઈને સુંદરિયાણાથી ચાલ્યા તે **લોયા** ગામ આવ્યા. ત્યાં પોતાના ભક્ત દરબાર સૂરા ખાચરને ઘેર રહ્યા. ૨૧. ભક્ત દરબાર સૂરા ખાચર કાઠી જાતિના હતા. અને તેમને અહોનિશ પ્રભુપદમાં અચળ પ્રેમ રહેતો હતો. સર્વે મુનિઓના શિરતાજ શ્રીહરિ તેના સ્નેહને વશ થઈ ગયા અને દયા કરીને લોયામાં બે માસ સુધી રહ્યા. ૨૨. 'ક્યારેય કાને સાંભળી ન હોય અને આંખથી દેખી ન હોય..!' એવી લોયા ગામમાં મોરારિ શ્રીહરિએ લીલા કરી. તે લીલામાંથી અહીંયા કાંઈક લેશમાત્ર હું વર્ણવું છું. તે સંપૂર્ણ લીલાને તો વેદ તથા શેષ પણ વર્ણવી શકતા નથી. ૨૩. અક્ષરાધિપતિ દિવ્ય રસથી ભરપૂર અવિનાશી શ્રીહરિ મારી દૃષ્ટિગોચર થયા હતા. તેમણે સર્વ શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં. તેમના શ્યામ વર્ણની છબી ઘનશ્યામ હતી. ૨૪. તેમના કમળ જેવા

चलत हंस गति हरत मन, अंबुज नेन बिशाल ॥२५॥

श्रद्धा भक्ति रु प्रेम जुत, नर वर वर्णिराज ॥
करत आप वृंताक कर, शाक संतजन काज ॥२६॥

सोरठा : भये पित कर कंज, श्वेत बसन भये पित सब ॥
चकित भये दृग खंज, लखि शौभा घनशाम कर ॥२७॥

घोरत थारी मांय, हर्दि मिरचि लोंग मीरी ॥
सुंदरवर हरिराय, डारत सुंदर शाक मंहि ॥२८॥

चोपाई :
करत शाक अपने कर स्वामी, डारत दहि घोरी बहुनामी ॥
अष्टादश मन भांटा माई, द्वादश मन घृत डारा लाई ॥२९॥

હાથની હથેળી લાલ હતી અને તેમાં એક સરસ રૂમાલ રાખ્યો હતો. હંસના જેવી તેમની મનોહર ચાલ હતી અને કમળના જેવા નેત્ર વિશાળ હતા. ૨૫. તે નરશ્રેષ્ઠ વર્ણિરાજ શ્રીહરિ શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમયુક્ત હતા. તેઓ લોયા ગામમાં સંતોને માટે પોતે રીંગણાનું શાક કરતા હતા. ૨૬. જ્યારે શાક કર્યું ત્યારે તેમના કરકમળ હળદર લાગવાથી પીળા થઈ ગયા હતા. અને બધા શ્વેત વસ્ત્ર પણ પીળા થઈ ગયા હતા.

ઘનશ્યામ પ્રભુની શોભા દેખીને નેત્રરૂપી ખંજન આશ્ચર્યચકિત થઈ જતા હતા. ૨૭. થાળીમાં હળદર, મરચું, લવિંગ અને મરિયાને ઘોળીને સુંદરવર શ્રીહરિ સરસ શાકમાં નાખતા હતા. ૨૮. બહુનામી સ્વામી શ્રીહરિ શાક પોતાને હાથે કરતા હતા. ત્યારે તેમાં દહીંને પણ ઘોળીને નાખતા હતા. અઢાર મણ રીંગણામાં બાર મણ ઘી લાવીને નાખ્યું હતું. ૨૯. પ્રભુ શ્રીહરિએ સરસ સુધારેલું શાક એ રીતે કર્યું કે તે બનાવવાની રીત અમારી દૃષ્ટિમાં એકદમ નવીન જ હતી. એમાં સ્વાદ એવો આવતો કે તે લેશમાત્ર પણ બીજે ક્યાંય રહ્યો ન હતો. તેમાં છએ રસ એકસાથે આવીને પ્રવેશ કરી રહ્યા હતા. ૩૦. સાક્ષાત્ લક્ષ્મીજીએ આવીને તે શાક

सरस सुधारी शाक प्रभु किना, यह रीती दृग देखी नवीना ॥
स्वाद आंन कहु रह्या न लेशा, खटरस कीन सो आय प्रवेशा ॥३०॥
रमा विलोकी थकित भई आई, गर्वही न कछु रही लजाई ॥
कहत इंदिरा सुनो प्रभु प्यारा, अवनी भये बहुत अवतारा ॥३१॥
अस लीला प्रभु काहु न किनी, में दृग देखी आजु नवीनी ॥
तुमसु हम हरि यह वरु लीना, शाक चातुरी हमही दीना ॥३२॥
यह अहंकार हेरे प्रभु भारी, येही मान जिवे जगनारी ॥
सो तुम छीन लीन प्रभु आज्युं, दीन वचन मुख कहत रमा ज्युं ॥३३॥
हसे मंद मुख देव मुरारी, जेंवन बैठे गोड पखारी ॥
निजजन लाये थार करी प्रीति, जेंवत नाथ परम रस रीति ॥३४॥

જોયું તો વિસ્મિત થઈ ગયા. તેને કાંઈ જ ગર્વ રહ્યો નહીં. લક્ષ્મીજીએ કહ્યું જે, 'હે પ્યારા પ્રભુ સાંભળો, આ ભૂમિ ઉપર આપના ઘણા અવતારો થયા છે. ૩૧. પણ હે પ્રભુ ! આવી લીલા કોઈ અવતારે કરી નથી. મેં તો આજ આ લીલા નવીન જ દેખી છે. હે હરિ ! અમે આપની પાસેથી આ વર લીધો છે અને આ શાક બનાવવાનું ચાતુર્ય આપે જ અમને આપ્યું છે. ૩૨. હે પ્રભુ ! આ અમારો ઘણો મોટો અહંકાર છે. અને તે માનને આધારે જ જગતમાં નારી જાતિ જીવે છે. હે પ્રભુ ! તે ચાતુર્ય આજે આપે અમારા હાથમાંથી આંચકી લીધું છે.' લક્ષ્મીજીએ આ રીતે શ્રીહરિની આગળ દીન વચન કહ્યું. ૩૩.

ત્યારે મોરારિ પ્રભુ શ્રીહરિ મુખથી મંદ મંદ હસ્યા અને પછી શ્રીહરિ ચરણ ધોઈને જમવા માટે બેઠા. પોતાના ભક્ત પ્રેમથી થાળ લાવ્યા. નાથ શ્રીહરિ અતિશય સરસ રીતે જમ્યા. ૩૪. જમતા જમતા શાકનો સ્વાદ વખાણતા હતા. મીઠું કે મરચું થોડુયે ઓછુ વધુ ન હતું. પોતાના શાકના સરસ રીતે વખાણ કર્યા. આ સિવાય બીજુ જે કાંઈ ભોજન છે; તે બધુ ફીકું લાગતું હતું. ૩૫. શ્રીહરિ ચતુરાઈથી કોળિયા

जेंवत शाक बखानत स्वादा, नहीं नोन मीरी थोरा जादा ॥
अपना शाक बखानत नीका, यह बीन और लगत सब फीका ॥३५॥
भरत ग्रास हरि करी चतुराई, लेत कौर लघु मुखमें न माई ॥
और हि बिंजन बहुत प्रकारा, जेवत हरि करी प्रीत अपारा ॥३६॥
करत पान जल बार ही बारा, फेरत उदर पर कर दृग तारा ॥
ठाडे जन नीरखत चहुं पासा, देत प्रसाद देखी प्रिय दासा ॥३७॥
जेये हरिवर परम अघाई, कर मुख प्रक्षालत मुनिराई ॥
ले मुखवास रूचिर रस सार, संत जेवान कीन बिच्यारा ॥३८॥
दोहा : करउ पंक्ति पारषद मुनि, हम परोसे करी प्रीत ॥
जेवउ शाक वृतांक कर, सुंदर रूचि सहित ॥३९॥

લેતા હતા. કોળિયા નાના લેતા હતા. મોટા લે તો મુખમાં સમાય નહિ. એ સિવાય બીજા પણ ઘણી જાતના ભોજન વ્યંજન કર્યાં હતાં. તેને શ્રીહરિ ઘણા પ્રેમથી જમતા હતા. ૩૬. જમતી વેળાએ વારંવાર પાણી પીતા હતા. આંખોના તારા જેવા શ્રીહરિ જમતા જમતા પેટ ઉપર હાથ ફેરવતા હતા. ચારે બાજુ ઊભેલા ભક્તજનો દર્શન કરતા હતા ત્યારે પોતાનો કોઈ પ્રિય ભક્ત દેખાય તો તેને જમતા જમતા પ્રસાદ પણ આપતા હતા. ૩૭. હરિવર અત્યંત તૃપ્ત થઈને જમ્યા. પછી મુનિરાયે મુખ ધોયું. સરસ સારો મુખવાસ લીધો અને તે પછી સંતોને જમાડવાનો વિચાર કર્યો. ૩૮. પાર્ષદો તથા સંતોની પંગત કરો. અમે સહુને પ્રેમથી પીરસશું. સહુ સુંદર રુચિપૂર્વક રીંગણાનું શાક જમો. ૩૯.

સુજાણ ધર્મપુત્ર શ્રીહરિએ હાથમાં કડછો લીધો અને શાક પીરસવા લાગ્યા. બીજા પણ ઘણી જાતના ભોજન હતા. હું તે બધાના વખાણ કેટલાક કરું ? ૪૦. શ્રીહરિએ કમર ઉપર કસીને રૂમાલ બાંધ્યો અને હસ્તકમળમાં શાક ભરેલું પાત્ર લીધું. જ્યારે શ્રીહરિ કલહંસની ગતિથી ચાલતા હોય છે ત્યારે પોતે રાજહંસની જેમ સોહામણા લાગે છે. ૪૧.

ले भूजंगी कर धर्मसूत, पिरसत शाक सुजान ॥
और हुं भोजन बहुत बीधी, कितने करुं बखान ॥४०॥

सोरठा : कटी तट कशो रूमाल, शाक पात्र लिये नलिन कर ॥
सोहत राज मराल, चलत गती कलहंस सम ॥४१॥

बोलत मंजुल बानी, शाक लेउ महाराज मुनि ॥
मुदित मुनि विग्यानी, लेत शाक पूनि पूनि रूचिर ॥४२॥

चोपाई :

नेह सहित जेंयावत नाथा, जेयत मुनि नीज नाथ के हाथा ॥
त्रपति न होत जेंवत मुनिराया, शाक स्वाद रूचि मन ललचाया ॥४३॥

शाक स्वाद कछु कहा ना जाइ, मुदित मुक ज्युं मिसरि खाई ॥
रसना रसबस रई लोभाई, रुपजाल परे दृग खग आई ॥४४॥

એટલી મધુર વાણી બોલતા હતા કે 'મહારાજ, મુનિવર્ય, શાક લો...' તે વખતે ઘણા સુજ્ઞ મુનિઓ પ્રસન્ન થતા અને વારંવાર સુંદર શાક જમવા માટે લેતા હતા. ૪૨. નાથ શ્રીહરિ સ્નેહપૂર્વક સંતોને જમાડતા હતા. અને સંતો પોતાના નાથના હાથથી પીરસેલું જમતા હતા. મુનિવર્યો જમતા હતા પણ તૃપ્તિ થાતી નહિ. શાકના સ્વાદની રુચિ હોવાથી મન શાકમાં લલચાયેલું રહેતું હતું. ૪૩. શાકમાં એટલો સ્વાદ હતો કે જે કહી શકાતો નહિ. જેમ કોઈ મુંગો માણસ સાકર ખાય પણ તેનો સ્વાદ તે કહી શકતો નથી. સહુની જીભ લોભાઈને રસ બસ થઈ ગઈ હતી. સહુની દૃષ્ટિરૂપી પંખી શ્રીહરિના સૌંદર્યરૂપી જાળમાં આવીને ફસાઈ ગયેલું હતું. ૪૪. સંતો સ્વાદને વશ થઈને આંગળિયો ચાંટતા હતા. જ્યારે તેમના બંને નેત્રો શ્રીહરિનાં સ્વરૂપમાં લોભાઈ ગયા ત્યારે સહુ સંતો વિસ્મિત થઈ ગયા. કોઈને શરીરનું ભાન રહ્યું નહિ. સંતો ઘણા ધીર હતા તોપણ શ્રીહરિનાં રૂપને જોઈને મૂર્છિત થઈ ગયા હતા. અર્થાત્ ભાવસમાધિમાં ડૂબી જતા હતા. ૪૫.

चाटत अंगुरी स्वाद बस होई, रुप लोभाये मुनि दृग दोई ॥
थकित भये मुनि सुद्ध न शरीरा, मुर्छित भये लखीरूप सुधिरा ॥४५॥

यह प्रकार नित्य प्रति श्रीस्वामी, मुदित जेयांवत मुनि बहुनामी ॥
दिव्य चरित्र करत रस रूपा, धर्मकुंवर बहु भाँति अनुपा ॥४६॥

कबहुंक प्रभु आनी उर नेहा, निज स्वरुप संबंधि तेहा ॥
धर्मभक्ति दृढ ज्ञान रु त्यागा, करत बात आनी अनुरागा ॥४७॥

कबहुं करावत ध्यान समाधि, जात प्रानि तजी देह उपाधी ॥
देखत जाय सकल हरिधामा, पावत परम आनंद विश्रामा ॥४८॥

देत दिव्य दृष्टि महाराजा, जाय विलोकत सकल समाजा ॥
विस्मित होत सकल नरनारी, अविलोकी छबी आचरजकारी ॥४९॥

दिव्य विहार विलोकी नेना, नित नित नविन परम सुखदेना ॥

❁ લોયામાં શ્રીહરિએ બતાવેલ પ્રતાપવર્ણન :

આ રીતે બહુનામી ધર્મકુમાર શ્રીસહજાનંદ સ્વામી નિત્ય પ્રસન્નમનથી સંતોને જમાડતા હતા. અને અનેક રીતે અનુપમ, સરસ, દિવ્ય ચરિત્ર કરતા હતા. ૪૬. ક્યારેક તો પ્રભુ શ્રીહરિ દિલના હેતથી પોતાનાં સ્વરૂપ સંબંધી વાત કહેતા હતા. અને કોઈ વખતે ઘણા પ્રેમથી ધર્મ, ભક્તિ, દૃઢ જ્ઞાન તથા વૈરાગ્યની વાતો કરતા હતા. ૪૭. **પ્રભુ શ્રીહરિ ક્યારેક તો ભક્તજનોને ધ્યાન અને સમાધિ કરાવતા હતા. જ્યારે સમાધિ થાય ત્યારે તે ભક્ત પોતાના શરીરની બધી ઉપાધિ છોડીને બહાર નીકળતો હતો. અને ત્યાં જઈને ભગવાનના બધા જ ધામોને દેખતો હતો. અને છેવટે પરમ આનંદ તથા શાંતિ પામતો હતો.** ૪૮. મહારાજ કોઈ વખતે ભક્તજનને દિવ્યદૃષ્ટિ આપતા હતા. અને તે દિવ્યદૃષ્ટિથી સમગ્ર સમાજને જઈને દેખતા હતા. આ દિવ્યદૃષ્ટિથી આશ્ચર્યકારી શ્રીહરિની છબીને દેખીને બધા જ નરનારીઓ વિસ્મિત થતા હતા. ૪૯. શ્રીહરિના નિત્ય નવા પરમ સુખને આપનાર આવા દિવ્ય વિચરણને ભક્તજન પોતાની આંખોથી દેખતા હતા.

अस लिला लोया मंहि नाथा, करत रात दिन नीज जन साथा ॥५०॥

लिखत पार लखी कोन कवी पावे, चिरई चुंच ज्युं सिंधु न मावे ॥
में दृग देखी लीखी लव लेशा, किनि हरि धरी नटवर वेशा ॥५१॥

प्रगट प्रमान दिव्य रस राशी, बरखत रस अविरल अविनाशी ॥
करत पान प्रेमानंद अघाये, ज्युं चात्रुक कि प्यास न जाये ॥५२॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते लोयाग्रामें श्रीजीमहाराजे शाकोत्सव बरनन नामा एकचत्वारिंशोऽअध्याय: ।।४१ ।।



આવા નાથ શ્રીહરિએ પોતાના ભક્તજનોની સાથે રહીને લોયા ગામમાં રાત દિવસ લીલાઓ કરી હતી. ૫૦. કોણ એવો કવિ છે કે જે આવી બધી લીલાઓને લખીને તેના પારને પામી શકે ? ચિરઈ પંખીની ચાંચમાં જેમ સમુદ્ર સમાતો નથી તેમ કોઈ કવિની શક્તિમાં આ લીલા ચરિત્ર માપી શકાતા નથી. ૫૧.

નટવર વેશધારી શ્રીહરિએ જે લીલા કરી છે તે મેં મારી દૃષ્ટિએ દેખીને લેશમાત્ર લખી છે. દિવ્યસુખના રાશિરૂપ પ્રગટ પ્રમાણ અવિનાશી શ્રીહરિ સતત આ લીલારસને વરસાવી રહ્યા છે. તેનું પ્રેમાનંદ સ્વામી કહે છે કે, **'ચાતક પક્ષીની પ્યાસ સ્વાતિ નક્ષત્રના જળથી જેમ બુઝાતી નથી તેમ તે લીલારસનું પાન કરતો હું પણ તૃપ્ત થતો નથી.'** ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'લોયામાં શ્રીજીમહારાજના શાકોત્સવનું વર્ણન કર્યું' એ નામે એકતાળીશમો અધ્યાય સમાપ્ત-૪૧



अध्याय - ४२

दोहा : रहे मास द्वे धर्मसुत, अखंड श्रीलोया माये ॥
निरखन बीछुरे नाथकु, अवधवासी तहाँ आये ॥०१॥
बंधु कुटुंब ग्रह त्याग करी, आये अक्षरपति आप ॥
बरनुं तनिक प्रसंग कही, भयो पूनि जेही मिलाप ॥०२॥

सोरठा : बालापन मंहि श्याम, निज कुटुंब करी त्याग प्रभु ॥
निकशे पूरन काम, कोउ न जाने संबंधी जन ॥०३॥
निज संबंधी अकुलाय, हेरि हारे सब नगर बन ॥
कहुँ न मिले हरि राय, रहे बिलाप करी कुटुंब सब ॥०४॥

चोपाई :
ता पिछे वित्यो बहु काला, गये उत्तर दीशी दीन दयाला ॥

અધ્યાય - ૪૨

લોયા ગામમાં શ્રીહરિને તેમના બંને ભાઈઓનો મેળાપ થયો

ધર્મપુત્ર શ્રીહરિ લોયા ગામમાં સતત બે માસ સુધી રહ્યા. શ્રીહરિથી છૂટા પડેલા અયોધ્યાવાસીઓ તે સમયે ત્યાં દર્શન કરવા માટે આવ્યા. ૧. અક્ષરાધિપતિ શ્રીહરિ પોતે ભાઈઓ, કુટુંબ અને ઘરનો ત્યાગ કરીને અહીં આવ્યા હતા. હવે તેમનો ફરીથી જે મેળાપ થયો તે પ્રસંગને હું અહીં થોડોક કહું છું. ૨. પૂર્ણકામ, શ્યામસુંદર પ્રભુ શ્રીહરિ બચપણમાં જ પોતાના કુટુંબનો ત્યાગ કરીને નીકળી ગયા હતા. તે પછી તેમના કોઈ પણ કુટુંબ સંબંધીજનો શ્રીહરિની બાબતમાં કાંઈ પણ જાણતા ન હતા. ૩. અકળાયેલા તેમના બધા સંબંધીઓ આખું શહેર અને વન દેખીને થાકી ગયા. તેમને હરિરાય ક્યાંય મળ્યા નહિ. બધુ કુટુંબ વિલાપ કરી રહ્યું. ૪. તે પછી ઘણો સમય વીતી ગયો. અને દીનદયાળુ ઉત્તર દિશામાં ગયા. પરમ વિવેકી પોતે એકલા જ હિમાલયમાં અને વિકટ વનમાં વિચર્યા. ૫.

हेम गिरीमही एकाएकी बीचरे, बिकट बन परम विवेकी ॥०५॥
अति दारुन तप कीन मुरारी, त्यागी के अंनकंद फलवारी ॥
ता पीछे सब शैल हि हैरा, मिले सिद्ध बनचर बहुतेरा ॥०६॥
दे दरशन प्रभु किन कल्याणा, किने तिरथ बहु भगवाना ॥
बहुत काल बीते बहुनामी, पश्चिम देश पधारे स्वामी ॥०७॥
याँ प्रभु आयके प्रगट प्रभाउ, किन प्रगट बहु सूरमुनि राउ ॥
भयो सतसंग बहुत बिख्याता, च्यारो देश विदीत भई बाता ॥०८॥
चारो धाम प्रगट जस छायो, तिरथवासी देखी तहां गायो ॥
भयो चहु देशमें अस निरधारा, पश्चिम भयो पूरण अवतारा ॥०९॥
पूनि याँसु कोउ संत प्रविना, जाकर मन हरिपद लेलिना ॥

મુરારિ શ્રીહરિએ અન્ન, કંદમૂળ, ફળ અને પાણીને પણ છોડીને ઘણું ભયંકર તપ કર્યું. તે પછી બધા પર્વતને જોયા અને વનમાં ફરનારા ઘણા જ સિદ્ધોને મળ્યા. ૬. ભગવાન શ્રીહરિએ તે સહુને પોતાનાં દર્શન આપીને તેમનું કલ્યાણ કર્યું. અને પછી ઘણા તીર્થ કર્યાં. આમ ઘણો સમય વીત્યા પછી બહુનામી સ્વામી ભારતના આ પશ્ચિમ દેશમાં પધાર્યા. ૭. દેવતાઓ તથા મુનિઓના રાજા આવા પ્રભુ શ્રીહરિ અહીંયા આવ્યા અને પોતાનો ઘણો જ પ્રગટ પ્રતાપ બતાવ્યો. તે પછી આ બધો સત્સંગ ઘણો પ્રસિદ્ધ થયો અને શ્રીહરિની અદ્‌ભુત વાતો પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, એ ચારે દેશોમાં વિખ્યાત થઈ. ૮. ચારેય ધામમાં શ્રીહરિનો પ્રગટ યશ છવાઈ ગયો. અને શ્રીહરિનાં દર્શન કરીને ગયેલા તીર્થવાસીઓએ તે તે પ્રદેશમાં શ્રીહરિની વાત કહી. તેથી તે ચારે દેશમાં એવી વાત પ્રસિદ્ધ થઈ કે, 'ભારતના પશ્ચિમ ભાગમાં ભગવાનનો પૂર્ણ અવતાર થયો છે.' ૯.

❀ અયોધ્યાવાસીને સંતોએ શ્રીહરિના સમાચાર કહ્યા :

પછી તો આ પશ્ચિમ દેશના કોઈ નિપુણ સંતનું મન શ્રીહરિનાં ચરણમાં લીન રહેતું હતું. તે ફરતા ફરતા અયોધ્યાપુરીમાં ગયા.

बिचरत गयेउ अवध पूरी मैया, रहे तहाँ हरि के दोउ भैया ॥१०॥
रामप्रताप रु ईच्छारामा, धर्मपुत्र उभय गुन धामा ॥
किन पहीचान संत दीन निशानी, तब तनि बात चित महीं आनी ॥११॥
तब तिन कहा कैसे बनी ऐहे, देश वा दूर कवन विध जैहे ॥
तब कहा संत चलो हम साथा, सद्य मिलेहू देव तव भ्राता ॥१२॥
चिंता न करउ कछु मन मांई, सुखे ले जाब विप्र हम त्यांई ॥
स्नेह पास दृढ टरे न टारा, चले भ्रात दोउ करी बिच्यारा ॥१३॥
मिले कुटुंबी नेन बहे नीरा, हमकुं त्यागी चले दोउ बीरा ॥
नेह भरे पुत्र रू परिवारा, रुदन करत सब बारही बारा ॥१४॥
दोहा : कहत श्रीरामप्रतापजी, सुनउ पुत्र बडभाग ॥

તે પ્રદેશમાં શ્રીહરિનાં બંને ભાઈ રહેતા હતા. ૧૦. ધર્મદેવના પુત્ર રામપ્રતાપજી તથા ઈચ્છારામજી, બંને ગુણના ધામ જેવા હતા. તેને તે સંતોએ ઓળખાણ આપી અને નિશાની કહી. ત્યારે તેમની થોડીક વાત મનમાં માનવામાં આવી. ૧૧. ત્યારે તે બંને ભાઈઓએ કહ્યું, ‘આવું બધું કેમ બને ? તે દેશ અહીંથી કેટલો દૂર છે ?’ ત્યારે તે સંતે કહ્યું કે, ‘તમે બંને મારી સાથે ચાલો. હું તમને તમારા ભાઈનો મેળાપ જલદી કરાવી દઉં. ૧૨. તમે મનમાં કાંઈ ચિંતા ન કરશો. હે વિપ્ર ! હું તમને ત્યાં સુખપૂર્વક લઈ જઈશ.’ સ્નેહનું બંધન એવું છે કે જે ટાળ્યું ટળતું નથી. તેથી બંને ભાઈ મનમાં કાંઈ વિચાર કરીને તે સંતની સાથે ચાલ્યા. ૧૩.

જ્યારે બંને ભાઈ ચાલવા તૈયાર થયા ત્યારે કુટુંબીઓ ભેળા થયા. અને સહુની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તમે બંને ભાઈ અમને છોડીને ચાલ્યા જાઓ છો. આ તમારા પુત્રો અને બધો પરિવાર સ્નેહભર્યો છે અને બધા વારંવાર રડી રહ્યા છે. ૧૪. ત્યારે શ્રીરામપ્રતાપજીએ બધા પરિવારને કહ્યું કે, ‘હે ભાગ્યશાળી પુત્રો ! તમે અમારી વાત સાંભળો. જો અમે એક વર્ષ સુધીમાં ન આવીએ તો જાણજો કે અમે બંનેએ શરીર

बरस न आवे तो जानियो, किंन दोउ तन त्याग ॥१५॥

होय कष्ट परे देह यहि, प्रान रहेवा जाये ॥
एक बेर ईन नेननी, निरखुँ बंधु हरखाये ॥१६॥

सोरठा : बदनचंद एक बेर, निरखुं जाय मम बंधु कर ॥
जीवत फल तन केर, सुफल भयो लेखी हुं तब ॥१७॥

मिलि हे बंधु ग्रही बाँह, कोन पुन्य फल दिन बिधि ॥
अस बिच्यार मन माँह, आवत करत श्रीधर्मसुत ॥१८॥

चोपाई :
आये दोउ वर धर्मकुमारा, हरख भरे मन उमंग अपारा ॥
कहत संत सुन हो दोउ भ्राता, मिलि हे आज्युं धर्मकुल नाथा ॥१९॥
श्रवन सुनि तन पुलकित रोमा, चालत शिघ्र पद टकत न भोमा ॥

છોડી દીધું છે. ૧૫. ચાહે તેટલું દુઃખ પડે, આ દેહ પણ પડી જાય, અમારા પ્રાણ રહે કે ન રહે, ગમે તે થાય પણ એકવાર આ આંખોથી અમારે અમારા ભાઈ ઘનશ્યામને હરખથી દેખવા છે. ૧૬. મારા ભાઈ ઘનશ્યામના મુખચંદ્રને હું જઈને એકવાર જો દેખું તો હું મારા શરીરને જીવવાનું ફળ મળી ગયું છે ને મારો જન્મ સુફળ થયો છે; તેમ હું માનીશ.' ૧૭. પછી હાથ પકડીને મારા ભાઈ મળશે. મારા ભાગ્યે આવું કયાં પુણ્યનું ફળ આપ્યું ? આમ મનમાં વિચાર કરતા કરતા બંને ધર્મપુત્ર આવતા હતા. ૧૮.

બંને શ્રેષ્ઠ ધર્મપુત્રો ગુજરાતમાં આવ્યા. તેમનું મન હરખથી ભર્યું હતું. ઉમંગ અપાર હતો. પછી સંતે કહ્યું કે, 'તમે બંને ભાઈ સાંભળો. આજે ધર્મકુળના નાથ તમને મળશે.' ૧૯. કાનથી આવું સાંભળીને તેઓ રોમાંચિત થઈ ગયા. એકદમ ઉતાવળે ચાલવા લાગ્યા. જમીન ઉપર ક્યાંય પગ ટકતો નહિ. માનો તે બંનેનો દેહ વગર પાંખે ઊડવા લાગ્યો. નાથ શ્રીહરિને મળવા માટેનો દૃઢ સ્નેહ તેમને વધ્યો. ૨૦.

पंखबीना मनु उडत हे देहा, निरखन नाथ बढ्यो दृढ नेहा ॥२०॥

चलत मगन मन बिरह सजोरा, मनु सरिता सिंधुकी ओरा ॥
पुलकित तन मन करत बिचारा, मिली हे धर्मसुत बंधु हमारा ॥२१॥

बहुत दीननके प्यासे नेना, सफल होई मिलि हे सुखदेना ॥
करत वितर्क उभय मनमांई, हमकुं नाथ चिह्नि हे के नाई ॥२२॥

बिछुरे बिता बहुत हि काला, भूली गये होई हे वृषलाला ॥
हम ना भूलब देखे नेना, निल बरन तन मंजुल बेना ॥२३॥

बालपना हम बहुत खेलावा, ले कनिया जाई धेन दोहावा ॥
बहुत प्रीति उन कर हम साथा, रही न सकत छिन हम बिनु नाथा ॥२४॥

सो बिसरि ना जैहे दयाला, भक्त वछल हरिजन प्रतिपाला ॥
उन कर रूप मधुर मुख हासा, रहा मोर उर करी निवासा ॥२५॥

પ્રસન્નમનથી ચાલતા હતા. વિરહ પણ ઘણો સાથે હતો. માનો કોઈ નદી સાગર તરફ ઉતાવળે જતી હોય તેમ ચાલતા હતા. શરીર રોમાંચિત હતું. મનમાં વિચારો આવતા હતા કે 'આજે ધર્મના પુત્ર અને અમારા ભાઈ આજે અમને મળશે. ૨૧.

ઘણા દિવસના હેતથી તરસ્યા અમારા નેત્ર સુખદાયક ભાઈને મળીને સફળ થશે. બંને ભાઈ મનમાં ઘણી જાતના તર્ક કરતા હતા કે શું નાથ ઘનશ્યામ અમને ઓળખશે કે નહિ ઓળખે ? ૨૨.

❁ બંને ભાઈઓની શ્રીહરિના મિલન પૂર્વેની ભાવોર્મિઓ :

અમે છૂટા પડ્યા તેને ઘણો સમય વીતી ગયો છે. સંભવ છે કે 'ધર્મપુત્ર અમને ભૂલી ગયા હોય, અમે નહિ ભૂલીએ. અમે આંખે દેખશું. તેમનાં શરીરનો શ્યામવર્ણ છે અને સુમધુર વચન છે. ૨૩. બચપણમાં અમે તેમને ખૂબ જ રમાડ્યા છે. મેં તેમને ખોળામાં રાખીને ગાય દોહી છે. મારી સાથે તેમને ખૂબ હેત હતું. મારા વિના નાથ ઘનશ્યામ એક ક્ષણવાર પણ રહી શકતા નહિ. ૨૪. તે વાતને તે દયાળુ ભૂલ્યા નહિ

हसनि बोलनी चलनि वारु, करीकर सम जुग भुजा उदारु ॥
भाल विशाल भ्रुह मनु चापा, नेने जुगल शर हरे संतापा ॥२६॥

वाम श्रवन मंहि श्याम हे बिंदु, नासा शुक मुख पुरन इंदु ॥
गोल कपोलमें दहिंना सोहे, नासा निकट तिल चित मोहे ॥२७॥

अधर बिंब छबी चिबुक सलोनी, दरवर कंठ हृदय सुख योनी ॥
त्रिवली उदर कटि सिंघ समान, पिन उरु अनुपम छबी जानुं ॥२८॥

दोहा : पींडी पेनी गुल्फवर, जुगल चरन सुख पूर ॥
उर्ध्वरेख पद प्रष्ट मंहि, में नहि बिसरा जरूर ॥२९॥

जब में निरखी हुं नेन भरि, अंग अंग छबि जोई ॥
तब में तुरत पहीचानी हु, यह मम बंधु होई ॥३०॥

હોય. તેઓ ભક્તવત્સલ છે અને ભક્તપ્રતિપાળક છે. તેમનું રૂપ અને મુખનું મધુરું હાસ્ય, મારા દિલમાં હજી પણ વસી રહ્યું છે. ૨૫. તેમનું હસવું, બોલવું અને ચાલવું, મને યાદ છે. તેમની હાથીની સૂંઢના જેવી ઉદાર બંને ભુજાઓ છે, વિશાળ લલાટ છે અને ભ્રૂકુટિ તો ધનુષ્યના જેવી છે. અને બંને નેત્રરૂપી બાણ તો બધા સંતાપોને હરનારા છે. ૨૬. ડાબા કાનમાં એક શ્યામ બિંદુ છે, નાસિકા પોપટના જેવી છે અને મુખ પૂર્ણચંદ્રના જેવું છે.જમણા ગોળ ગાલમાં નાકની નજીક એક તલનું ચિહ્ન ચિત્તને મોહ પમાડે તેવું છે. ૨૭. હોઠ પાકા ઘીલોડાના જેવા છે અને ચિબુકની છબી તો ઘણી સલુણી છે. કંઠ સુંદર શંખના જેવો છે અને હૃદય બધા સુખનું કારણ છે. ઉદર ઉપર ત્રિવળી પડે છે અને કમર સિંહની કમર જેવી પાતળી છે. સાથળ પુષ્ટ છે અને ઘૂંટણની શોભા અનુપમ છે. ૨૮. બંને ચરણની પીંડીઓ, પાની અને ઘૂંટીઓ સુખથી ભરી છે. ચરણના તળિયામાં રહેલી ઊર્ધ્વરેખાને હું હજી ચોક્કસ ભૂલ્યો નથી. ૨૯.

જ્યારે હું નેણ ભરીને અંગેઅંગની છબીને જોઈશ ત્યારે આ મારા બંધુ છે; એમ તરત જ ઓળખી લઈશ.' ૩૦. આ રીતે જેઓ મનમાં

सोरठा : ग्राम निकट दोउ बीर, आये तब सब भक्तजन ॥
पुनि सकल मुनि धीर, मिले आय सब हरख जुत ॥३१॥
छोटे श्री ईछाराम, जेष्ट श्रीरामप्रताप शुभ ॥
मनु दुसरे घनश्याम, ईछाराम छबि कर भुवन ॥३२॥
दोहा : निज बंधु अविलोकि दृग, हृदे प्रेम भरपूर ॥
झरत निरझर नेनते, रहे नेहे जल बूर ॥३३॥
बिछुरे प्रान मनुं देह ते, पुनि तन होत मिलाप ॥
यह प्रकार तिहुं भ्रात कर, भई प्रीत अनमाप ॥३४॥
चोपाई :
निरखा बंधु निज चिह्न सहिता, आई प्रतित शांत भयो चिता ॥
जेष्ठ बंधु कहे सूनो सुख दैया, बोलि या बिगद गई तनी भैया ॥३५॥

વિચાર કરતા હતા તે બંને ભાઈ લોયા ગામની નજીક આવ્યા. તે વખતે બધા ધીર સંતો અને હરિભક્તો આવીને હરખથી તેમને મળ્યા. ૩૧. નાનાભાઈ ઈચ્છારામજી અને મોટાભાઈ રામપ્રતાપજી હતા. તેમાં શુભ ઈચ્છારામજી તો બીજા ઘનશ્યામ હોય તેવા શોભાનો નિધિ હતા. ૩૨. જ્યારે તેમણે પોતાની આંખે બંધુ શ્રીહરિને જોયા ત્યારે હૃદય પ્રેમથી ભરપૂર થઈ ગયું. આંખમાંથી સ્નેહના નિઝરણા વહેવા લાગ્યા. અને તે સ્નેહના જળમાં બૂડી ગયા. ૩૩.

એકવાર નીકળી ગયેલા પ્રાણનો માનો શરીરને ફરીવાર મેળાપ થયો હોય તે રીતે ત્રણેય ભાઈઓમાં અમાપ પ્રેમ થયો. ૩૪. જ્યારે ભાઈઓએ શ્રીહરિને ચિહ્ને સહિત જોયા ત્યારે મનમાં વિશ્વાસ આવ્યો અને શાંતિ થઈ. પછી મોટાભાઈ રામપ્રતાપજી બોલ્યા કે, ‘સુખદાયક ભાઈ તમે સાંભળો. તમારી આ બોલી પણ થોડીક બદલાઈ ગઈ છે.’ ૩૫. ત્રણેય ભાઈ પરસ્પર મળ્યા અને જે હેત વધ્યું તેનું હું વર્ણન શું કરું ? કાંઈ કહી શકાતું નથી. ચંદ્રને જેમ ચકોર મળે, ચાતકને જેમ

मिले परस्पर प्रीति बढाई, कहा बरनुं कछुं कहि न जाई ॥
बुझी प्यास मिलि चंद चकोरा, चातक स्वात जलद लखि मोरा ॥३६॥
ज्युं जल मिन मगन सुख पावा, मिले बंधु त्रय भयो उछावा ॥
पूछि परस्पर वर कुशलाई, हरखे नेन मन मोद न माई ॥३७॥
ईच्छाराम उर प्रेम अपारा, परे दंडवत दृग जलधारा ॥
गहे चरन पंकज जुग पानी, गदगद कंठ बदत मुख बानी ॥३८॥
रामप्रताप कहे सूनो ताता, फिरत बिदेश हम दोउ भ्राता ॥
फिरत उठाय हम तुम ही कंधैया, सो कस बिसरी गये निरदैया ॥३९॥
बडे निरमोही नाथ हम चिना, भये अति विकल सकल हम दीना ॥
पठई न पाति न कोउ संदेशा, वय गई बीती श्वेत भये केशा ॥४०॥

સ્વાતિનું જળ મળે અને મોરને જેમ મેઘ મળે તેમ પરસ્પરની પ્યાસ બુઝાઈ ગઈ. ૩૬. જેમ માછલાંને પાણી મળે ત્યારે તે સુખ પામે છે. તેમ ત્રણેય ભાઈ મળ્યા ત્યારે દિલમાં ઘણો ઉત્સાહ થયો. એકબીજાને સારી કુશળતા પૂછી, આંખોમાં આનંદ થયો અને મનમાં હર્ષ સમાતો ન હતો. ૩૭. ઇચ્છારામજીના દિલમાં અપાર પ્રેમ હતો. તેઓ તો દંડવત્પ્રણામ કરવા લાગ્યા અને આંખોમાંથી પાણીની ધાર વહેવા લાગી. તેણે શ્રીહરિનાં બંને ચરણને પોતાના હાથથી પકડી લીધા. ગદ્‌ગદ કંઠ થઈને મુખથી વચન બોલતા હતા. ૩૮.

પછી રામપ્રતાપજી બોલ્યા કે ‘તાત ! સાંભળો.. આપણે બંને ભાઈ દૂર પરદેશમાં પણ ફર્યા છીએ. ત્યારે હું તમને ખભા ઉપર બેસાડીને ફરતો હતો. તે બધું તમે કેમ ભૂલી ગયા ? આટલા નિર્દય છો !' ૩૯. હે નાથ ! અમે તો તમને ઘણા નિર્મોહી જાણ્યા છે. અમે બધા તો આપના વિના કાયમને માટે અતિશય વિહ્વળ થઈ ગયા હતા. તમે તો ન કાંઈ પત્ર મોકલ્યો કે ન કાંઈ સંદેશ કહેવડાવ્યો. આટલી ઉંમર વીતી ગઈ, માથાના વાળ પણ સફેદ થઈ ગયા છે. ૪૦. પ્રભુ અમે

कपटि खल हमहि प्रभु जाना, ताते त्याग किन भगवाना ॥
किंनो अस प्रभु हमरो त्यागा, जैसे जरा तजत है नागा ॥४१॥
जो ना करते क्रिपा संत आई, व्यर्थ जन्म रु पचत भवमाई ॥
जानत कौन तुमरे हम भ्राता, धर्म तात भक्ति हे माता ॥४२॥
संत क्रिपा ते सब बनी आवा, नया जन्म आजही हम पावा ॥
अस करी विनय परत दोउ पाई, पुनि भेटत प्रभु भूजा उठाई ॥४३॥
सदय हृदय प्रभु करुना कंदा, भक्त वछल हरि सहजानंदा ॥
परम पुनित जानि दोउ भाई, और आस जिनके उर न माई ॥४४॥
दोहा : एक भरोसो एक बल, एक चरन बिसबास ॥
अस मति जानि बंधुकी, मुदित भये अविनाश ॥४५॥

તો તમને કપટી અને ખળ જાણ્યા હતા. અને તેથી જ આપ ભગવાને અમારો ત્યાગ કર્યો હશે ! હે પ્રભુ ! તમે અમારો એ રીતે ત્યાગ કર્યો હતો કે જેમ નાગ પોતાની કાંચળીનો ત્યાગ કરે ! ૪૧. **જો આ સંતે અમારા ઉપર કૃપા કરી ન હોત તો આ સંસારમાં અમારો જન્મ વ્યર્થ થઈ જાત. અમને આપના ભાઈ છીએ તેમ કોણ જાણત ? અને ધર્મ પિતા છે અને ભક્તિદેવી માતા છે; તેમ પણ કોણ જાણી શકત ?** ૪૨. **સંતની કૃપાથી જ આ બધું સારું થયું છે. અને સંતકૃપાથી જ આજે અમે નવો જન્મ પામ્યા છીએ.'**

આ રીતે બંને ભાઈઓ વિનંતિ કરીને શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ત્યારે શ્રીહરિએ તેમને ઉઠાવ્યા અને પોતાની બાથમાં લઈને ભેટ્યા. ૪૩. દયાપૂર્ણ હૃદયવાળા પ્રભુ સહજાનંદ શ્રીહરિ કરુણાનું મૂળ છે તથા ભક્તવત્સલ છે. જેના દિલમાં બીજી કોઈ આશા ન હતી એવા બંને ભાઈઓને શ્રીહરિએ અત્યંત નિર્દોષ જાણ્યા. ૪૪. એક શ્રીહરિનો જ ભરોસો, બળ અને તેમનાં ચરણનો જ એક વિશ્વાસ બંને ભાઈને છે; એમ તેમની બુદ્ધિને સમજીને અવિનાશી શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા. ૪૫.

जानी भक्त शिरोमनी, राखे नाथ हजूर ॥
किंने पुज्य सतसंगके, दिनो सुख भरपूर ॥४६॥

सोरठा : लीला लोयामांई, किनी बहुत प्रकार प्रभु ॥
दिनि लव दरसांई, जलधि बुंद जिमि चिरई मुख ॥४७॥

अब याँते मुनि भूप, चले संतगन सहित हरि ॥
नागडके सुखरुप, सुर नृपतिके सदन प्रभु ॥४८॥

चोपाई :
नागडके प्रभु नित नई लीला, करत हे रस भरि नाथ रंगीला ॥
सुरा भुप अडग निज दासा, तास भुवन राजत अविनाशा ॥४९॥
जात आवत याँ बार हि बारा, निजजन संत सहित करी प्यारा ॥

નાથ શ્રીહરિએ બંને ભાઈઓને ભક્ત શિરોમણિ સમજીને પોતાની પાસે જ રાખ્યા. તેમને સત્સંગમાં પૂજ્ય કર્યા અને ભરપૂર સુખ આપ્યું. ૪૬. પ્રભુએ લોયા ગામમાં અનેક પ્રકારની લીલા કરી છે. જેમ ચીરઈ પંખીનાં મુખમાં સાગરનું બિંદુ હોય તેમ મેં તો તે લીલા અહીંયા લેશમાત્ર બતાવી છે. ૪૭.

❁ શ્રીહરિએ નાગડકામાં કરેલી લીલાઓ :

તે પછી પ્રભુ શ્રીહરિ સંતમંડળે સહિત લોયા ગામથી ચાલ્યા અને સુખરૂપ **નાગડકા**ના દરબાર સૂરા ખાચરને ઘેર આવ્યા. ૪૮. રંગીલા નાથ પ્રભુએ નાગડકા ગામમાં રસથી ભરપૂર નિત્ય નવી લીલાઓ કરી છે. દરબાર સૂરા ખાચર પોતાના અનન્ય ભક્ત છે. એટલે અવિનાશી શ્રીહરિ તેમનાં ભવનમાં વિરાજમાન રહ્યા હતા. ૪૯. શ્રીહરિ પ્રેમથી પોતાના ભક્તો અને સંતોએ સહિત જતા આવતા વારંવાર નાગડકામાં રોકાતા હતા. શ્યામસુંદર નાથ શ્રીહરિએ પોતાના ભક્તજનનાં ઘરને પોતાનું ઘર માન્યું હતું. ૫૦.

રૂપનિધાન પ્રભુ શ્રીહરિ નાગડકામાં કોઈ વખતે પુરાણની કથા વંચાવીને સાંભળતા હતા. અને વિશ્વવિહારી દેવમુરારિ ક્યારેક તો

निजजन भुवन सो सुंदर श्यामा, माना नाथ करी निज धामा ॥५०॥

कबहुं बंचावत कथा पुराना, श्रवन करत प्रभु रूप निधाना ॥
कबहुंक बैठे देव मुरारी, करत हे दिव्य चरित्र बिहारी ॥५१॥

ध्यान धारना नाथ करावे, निज रूपमंहि सब दर्शावे ॥
करत समाधी संत निज दासा, होत हे लिन नाडी तन स्वासा ॥५२॥

देखत जायके ब्रह्म स्वरूपा, रचना दिव्य ऐश्वर्य अनुपा ॥
कहा बरनुं उपमा अस होई, ता सम उपमा रचि न कोई ॥५३॥

और सुँ कहत बने अस नाई, श्रीहरि कछुंक देत दर्साई ॥
में श्री मुखते सुना दृष्टांता, सो सुन लेउ सज्जन करी खांता ॥५४॥

बन परबत सर सरिता कुपा, स्थावर जंगम परम अनुपा ॥

દરબારમાં બેઠા બેઠા દિવ્ય ચરિત્ર કરતા હતા. ૫૧. નાથ શ્રીહરિ ભક્તોની પાસે ધ્યાન અને ધારણા કરાવતા અને બધું જ પોતાનાં સ્વરૂપમાં બતાવતા હતા. પોતાના ભક્તો અને સંતો જ્યારે સમાધિ કરતા ત્યારે તેમના નાડી અને પ્રાણ લીન થઈ જતા હતા. ૫૨. સમાધિમાં જઈને તે ભક્તો બ્રહ્મસ્વરૂપ દેખતા અને અનુપમ ઐશ્વર્ય તથા દિવ્ય રચનાઓને દેખતા હતા. હું તે દિવ્ય લીલાનું શું વર્ણન કરું ? તેના સમાન બીજી કોઈ ઉપમા નથી. કારણ કે પરમેશ્વરે તેમના જેવા કોઈ ઉપમાનની રચના કરી જ નથી. ૫૩.

બીજા કોઈથી આ વાત કહી શકાતી નથી કે કોઈ અવતારથી આવો પ્રતાપ દેખાડી શકાતો નથી. શ્રીહરિ પોતે જ આવા દિવ્યભાવને તથા ઐશ્વર્યને કાંઈક દેખાડી દે છે. મેં પોતે શ્રીમુખથી જે દૃષ્ટાંત સાંભળ્યું છે તે સહુ સજ્જનો ખંતથી સાંભળી લો. ૫૪.

❁ અક્ષરધામનું વર્ણન તથા ઐશ્વર્યદર્શન :

જેમ વન, પર્વત, સરોવર, નદીઓ, કૂવા અને સ્થાવર જંગમ અનુપમ વસ્તુ પદાર્થમાત્ર બધા જ કાચના બનેલા હોય અને આકાશમાં

सबही काचकि रचना होई, उडगन नभ सब तरनी सोई ॥५५॥
तेही समें छबी लागत कैसी, कही न बने उपमा बनी ऐसी ॥
अस श्रीहरि कर धाम अनुपा, रमनीय शांत परम सुखरूपा ॥५६॥
ब्रह्ममोल की छबी अथाहा, को कबि बरनी करत अवगाहा ॥
ब्रह्मधाम जिन स्वपने न देखा, सो कवि कस कही खेंचत रेखा ॥५७॥
शिव ब्रह्मा सुर सिद्ध कहावे, स्वपनेउ दुर्लभ दरश न पावे ॥
श्रीहरि चरण प्रतापतें जाई, देखत अल्प प्रानी मुदपाई ॥५८॥
दोहा : मनुष्याकार मुरार मंहि, जानउ सकल प्रभाव ॥
ज्युं तरनि मही तेज सब, सहजहि करत समाव ॥५९॥
ज्युं जल सकल श्रीवरुन मंहि, रहत सहज होय लीन ॥
त्युं श्रीहरि मंहि जानी लेउ, अनंत ऐश्वर्य प्रवीन ॥६०॥

જેટલા નક્ષત્ર ગણ છે તે બધા સૂર્ય હોય. ૫૫. તે વખતની શોભા કેવી લાગે ? એવી ઉપમા કોઈ કહી શકાય જ નહિ. **ભગવાન શ્રીહરિનું અનુપમ ધામ અતિશય રમણીય, શાંત અને પરમ સુખરૂપ છે.** ૫૬. બ્રહ્મમહોલની શોભા અથાગ છે. કોણ એવો કવિ છે કે જે વર્ણન કરતા અંદર પ્રવેશ કરી શકે ? જેણે સ્વપ્નમાં પણ બ્રહ્મધામને દેખ્યું ન હોય એવો કવિ તે બ્રહ્મધામનું રેખાચિત્ર કઈ રીતે કરી શકે ? ૫૭.

શિવ, બ્રહ્મા, દેવતાઓ અને સિદ્ધો, જે કહેવાતા હોય છે તે બધાને તે બ્રહ્મપુર ધામનાં દર્શન સ્વપ્નમાં પણ દુર્લભ છે, તે ક્યારેય પ્રાપ્ત થતા નથી. તે ધામને તો શ્રીહરિના ચરણના પ્રતાપથી એક સાધારણ પ્રાણી પણ પ્રસન્નતાથી જોઈ શકે છે. ૫૮. મનુષ્યરૂપે પ્રગટ થયેલા મુરારિ સર્વનિયંતા શ્રીહરિમાં બધો જ પ્રભાવ રહ્યો છે તેમ સમજો. જેમ કે બધી જ જાતનું તેજ એક સૂર્યમાં સહેજે જ સમાઈ જાય છે તેમ પૂર્વે દેખાયેલા સર્વ ઐશ્વર્ય શ્રીહરિમાં સમાઈ જાય છે. ૫૯. **જેમ સમગ્ર જળ જળના અધિદેવ વરુણમાં સહેજે જ લીન થઈને રહ્યું હોય છે તેમ પરમ પ્રવીણ ભગવાન શ્રીહરિમાં અનંત ઐશ્વર્ય સમાઈને રહ્યા હોય છે તેમ જાણવું.**

सोरठा : कहा बरनुं मति थोर, श्रीहरिरूप अगाध गति ॥
ज्युं अकाश महीं दोर, करत हे खग ना लहत गम ॥६१॥
ज्युं रस सिंधु अपार, करत पान जंगम सकल ॥
तदपि न होत लगार, न्यून अधिक वर क्षीर रस ॥६२॥

चोपाई :
अस श्रीहरि कर प्रगट स्वरूपा, अनंत वैभव जुत अकल अनुपा ॥
धरत नराक्रति नाथ नविना, करी ऐश्वर्य आप मही लीना ॥६३॥
राजत प्राक्रत नर ज्युं नाथा, निज पार्षद ही नाथ ले साथा ॥
बिचरत अवनी अधम ओधारा, अनंत जीव करने भव पारा ॥६४॥
करत केलि प्रभु मंगलकारी, लखी भव तरत अनंत नरनारी ॥
नागडके प्रभु अति रस सारा, लीला किन अवधि बीनु प्यारा ॥६५॥

---

૬૦. શું વર્ણન કરું ? મારી મતિ તો થોડી છે અને શ્રીહરિનાં સ્વરૂપની સ્થિતિ તો અગાધ છે. જેમ કોઈ પંખી આકાશમાં ઊંચે ઊડે છે પણ તેને આકાશની કોઈ ગમ પડતી નથી. ૬૧. જેમ અપાર ક્ષીર સાગર ભર્યો હોય અને તેને સમગ્ર જંગમ પ્રાણીઓ પીવે છતાં તે લગાર પણ ઓછો થતો નથી. પરંતુ તેનો ક્ષીરરૂપી રસ તો ઉત્તમ અને અધિક જ રહે છે. ૬૨. તે રીતે જ શ્રીહરિનું પ્રગટ સ્વરૂપ અનંત વૈભવથી યુક્ત, અકળ અને અનુપમ છે. તે નાથ કોઈ નવીન મનુષ્યાકૃતિ ધારણ કરે છે અને પોતામાં અનંત ઐશ્વર્ય લીન કરી રાખે છે. ૬૩.

તે **પ્રભુ એક સામાન્ય માણસની જેમ વિરાજમાન હોય છે અને તે અધમોદ્ધારક પ્રભુ શ્રીહરિ પોતાના પાર્ષદોને સાથે લઈ અનંત જીવોને સંસારથી પાર લઈ જવાને માટે આ ભૂમિ ઉપર વિચરણ કરતા હોય છે.** ૬૪. મંગળકારી પ્રભુ અદ્‌ભુત લીલા કરતા હોય છે, તેને જોઈને અનંત નરનારીઓ સંસાર સાગરને તરી જાય છે. પ્યારા પ્રભુએ નાગડકા ગામમાં અત્યંત સુંદર અને સારી અપાર લીલાઓ કરી છે. ૬૫. લખી તો થોડી છે અને રહી ગઈ છે અપાર, પણ મેં મારી આંખે જોયેલી કાંઈક

लिखि लवलेश रही अनंत अपारा, कहुँ कछुक में नेन निहारा ॥
निज सेवक नृपतिवर सूरा, करत मनोरथ ता कर पूरा ॥६६॥
कबहुक अश्व होई असवारा, संग लेई निज सखा मतवारा ॥
भुषन बसन सजी मुनिराया, निरखी रूप छबी मदन लजाया ॥६७॥
मनहु रूप धरी रस शृंगारा, करत मार संग सरस विहारा ॥
अस सोहत प्रभु सहजानंदा, निज जन संग सरस सुखकंदा ॥६८॥
मानकी वडवा सजी कसिआंनी, कनक साज मनी भुषन ठानी ॥
तापर नाथ किन असवारी, चले नग्र तजी दूर मुरारी ॥६९॥
फेरत अश्विनी धर्मकुमारा, निर्खत जन दृग हरख अपारा ॥
वडवा वेग लखी उर्गारी, चले भुवन सो मान मनहारी ॥७०॥
अस प्रकार लीला बहु भांति, करत नागडके हरि करी खांती ॥

કહું છું. પોતાના અનન્ય ભક્ત દરબાર સૂરા ખાચરના બધા મનોરથોને પોતે પૂર્ણ કરતા હતા. ૬૬. કોઈ વખતે મતવાલા શ્રીહરિ પોતાના સખાઓને સાથે લઈને ઘોડે સવાર થતા હતા. મુનિપતિ સારાં ઘરેણાં અને વસ્ત્રોથી સજ્જ થતા. તે વખતનાં રૂપની છબીને દેખીને કામદેવ પણ લજાઈ જતા હતા. ૬૭. માનો, મૂર્તિમાન શૃંગારરસ કામની સાથે આવીને સરસ વિહાર કરી રહ્યો હોય, તેમ સર્વ સુખનાં મૂળ જેવા પ્રભુ સહજાનંદ સ્વામી પોતાના ભક્તજનોની સાથે સરસ રીતે શોભતા હતા. ૬૮. પોતાની માણકી ઘોડીને સોનેરી સાજ અને મણિજડિત ઘરેણાઓથી સજ્જ કરીને જ્યારે ભક્તજન લાવે ત્યારે નાથ શ્રીહરિ તેના ઉપર સવારી કરતા. પછી મુરારિ પ્રભુ ગામથી બહાર દૂર સુધી ચાલ્યા જતા હતા. ૬૯.

ધર્મકુમાર શ્રીહરિ ખુલ્લી જગ્યામાં માણકીને ફેરવતા હતા ત્યારે દર્શન કરનારા ભક્તજનોની દૃષ્ટિને અપાર આનંદ થતો. તે માણકીના વેગને જોઈને મનનાં માનને છોડી દઈને ગરુડ પણ પોતાના નિવાસસ્થાને ચાલ્યા જતા હતા. ૭૦. ભગવાન શ્રીહરિ આ કહ્યું તે રીતે નાગડકા

जिंयाबत मुनिकुं महाराजा, करी पकवान नित हि प्रति ताजा ॥७१॥
प्रेमानंद हरि करी असवारी, गये गाम भेंसजाल मुरारी ॥
नग्रपति कायाजी नामा, सजाभाई आदिक गुनधामा ॥७२॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते लोयाग्रामें श्रीजीमहाराज उभयबंधु मिलाप नामा द्विचत्वारिंशोऽध्यायः ।।४२।।



अध्याय - ४३

दोहा : क्षत्रिय सुभट हरिभक्त सब, नारी पुरुष वृध बाल ॥
करत भक्ति हरिकृष्णकी, सेवत संत मराल ॥०१॥
निज जन संत सहित प्रभु, पधारे करी प्रित ॥

ગામમાં ઘણી ખાંતથી અનેક જાતની લીલાઓ કરતા હતા. મહારાજ પોતે નિત્ય નવા તાજા પકવાન કરાવીને સંતોને જમાડતા હતા. ૭૧. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે પછી મુરારિ શ્રીહરિ બધી સવારીને સાથે લઈને **ભેંસજાળ** ગામ આવ્યા. ત્યાંના ગામધણી દરબાર કાયાભાઈ નામે હતા અને બીજા સદ્‌ગુણ સંપન્ન સજાભાઈ આદિક દરબારો પણ હતા. ૭૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'લોયા ગામમાં શ્રીહરિ તથા બંને ભાઈઓનો મેળાપ થયો' એ નામે બેતાળીશમો અધ્યાય સમાપ્ત-૪૨



અધ્યાય - ૪૩

શ્રીહરિનું ઝાલાવાડ દેશમાં વિચરણ

ભેંસજાળમાં બાળકોથી લઈને વૃદ્ધ સુધીના બધા જ સ્ત્રી પુરુષ બહાદૂર ક્ષત્રિય હરિભક્ત હતા. તે બધા શ્રીહરિકૃષ્ણ પ્રભુની ભક્તિ કરતા હતા અને પરમહંસ સંતની સેવા કરતા હતા. ૧. પ્રભુ શ્રીહરિ સંતો તથા

आये सनमुख सादरे, प्रेम सहित रसरित ॥०२॥

सोरठा : बाजत गाजत नाथ, पधराये निज भुवन प्रभु ॥
नाई चरन महिं माथ, संत सहित पूजेउ सुमति ॥०३॥
करी बिंजन पकवान, संत सखा जेंवाये सब ॥
श्रीहरि क्रिपानिधान, करी रसोई जेये सरस ॥०४॥

चोपाई :
करी लिला याँ अपरमपारा, चले नाथ श्रीधर्मकुमारा ॥
गये गाम करमड किरतारा, निजजन हीत भवमोचनहारा ॥०५॥
संत सहित पधारे स्वामी, धर्मात्मज प्रभु सब सुखधामी ॥
याँ बहु लिला किन क्रिपाला, काप्यो भक्त उर जक्त जंजाला ॥०६॥
अन्नकोट कर कीन समैया, क्रिपा सिंधु निज जन सुखदेया ॥

હરિભક્તોની સાથે પ્રેમથી જ્યારે ભેંસજાળ ગામ પધાર્યા ત્યારે ત્યાંના બધા ભક્તો પ્રેમસહિત આદરપૂર્વક સામે આવ્યા. ૨. ભક્તપતિ પ્રભુ શ્રીહરિને વાજતે ગાજતે પોતાના દરબારમાં પધરાવ્યા અને સદ્બુદ્ધિવાળા દરબાર કાયાભાઈએ શ્રીહરિના ચરણમાં વંદન કરીને તેમની સંતોએ સહિત પૂજા કરી. ૩. ત્યાં ભક્તોએ સારા પકવાન અને બીજા ભોજનો કરાવીને બધા સંતો તથા સખાઓને જમાડ્યા. કૃપાનિધિ શ્રીહરિ પણ સરસ રીતે રસોઈ બનાવીને જમ્યા. ૪. નાથ શ્રીધર્મકુમારે ભેંસજાળમાં અપરંપાર લીલાઓ કરી અને પછી સંસારથી મુક્તિ આપનારા સર્વ કર્તા પ્રભુ પોતાના ભક્તજનને માટે **કરમડ** ગામ ગયા. ૫.

સર્વ સુખના ધામી, ધર્માત્મજ પ્રભુ સહજાનંદ સ્વામી સંતોએ સહિત કરમડ પધારી **ત્યાં ઘણી લીલા કરી છે. તેમજ ભક્તજનોનાં દિલમાંથી જગતની ઝંઝાળ કાપી નાખી છે.** ૬. કૃપાસિંધુએ ત્યાં અન્નકૂટનો સમૈયો કરીને પોતાના ભક્તજનોને સુખ આપ્યું હતું. શ્રીહરિએ ઘણી જાતના પકવાનો બનાવડાવી ઘણા પ્રેમથી પોતાના ભક્તોને જમાડ્યા હતા. ૭.

बहुत भाति पकवान बनावा, हरि करी प्रित निजजनहि जेयावा ॥०७॥

भाजी शाक बनी तरकारी, बराबरि करी सरस सुधारी ॥
भात दारी दहिं दूध घनेरा, मिसरि सानी देत बहुतेरा ॥०८॥

जेये नाथ करी सरस रसोई, रूचि अनुसार मुदित मनहोई ॥
सकल मनोरथ पूरा स्वामी, निज भक्तन कर अंतरजामी ॥०९॥

बाहीर बेठक रचि अनुपा, ता पर बेठे सुरमुनि भुपा ॥
पुरजन लेत दृगन भरी लाउ, निरखत नाथ धर्मकुलराउ ॥१०॥

तेही अवसर मघवा चढी आवा, अश्मपात करी झरी मचावा ॥
बरसा कोप करी सूर पति भारी, सहन किन प्रभु सब सुखकारी ॥११॥

रस बस किन कुमति बहु बरिखा, समरथ हरि तनिक नहि थरिका ॥
सहन किन सब देव मुरारी, सरल स्वभाव संत तनुधारी ॥१२॥

શાકભાજીને સારી રીતે ઠીક કરીને સુધાર્યા પછી સરસ રીતે તેના શાક અને ભાજી કર્યા હતા. ભાત, દાળ, પુષ્કળ દહીં, ભાત, સાકર તથા દૂધ ભાત અને સાકર વગેરે મેળવીને ઘણું જ આપતા હતા. ૮. સર્વના સ્વામી, અંતર્યામી, ભક્તપતિ શ્રીહરિએ પોતાની રુચિ પ્રમાણે સરસ રસોઈ કરી અને પ્રસન્નતાથી જમ્યા. અને પોતાના ભક્તજનોના સમગ્ર મનોરથોને પૂર્ણ કર્યા. ૯.

સુરમુનિભૂપ આવા શ્રીહરિએ ગામ બહારના ભાગમાં અનુપમ બેઠક કરાવીને ત્યાં બેઠા. ગામના બધા લોકો ધર્મકુળના રાજાધિરાજ નાથ શ્રીહરિના દૃષ્ટિ ભરીને દર્શન કરતા હતા. ૧૦. તે દિવસોમાં વાદળા ચડી આવ્યા અને કરા સાથેની વરસાદની પુષ્કળ ઝડી ચડી આવી. દેવરાજ ઈન્દ્રે કોપ કરીને પુષ્કળ વરસાદ કર્યો. ત્યારે સર્વને સુખ કરનારા પ્રભુએ તે બધું સહન કર્યું. ૧૧. કુમતિ ઈન્દ્રે ઘણી વર્ષા કરીને બધાને રસબસ કરી દીધા. પણ મહાસમર્થ આવા શ્રીહરિ થોડા પણ ચલિત થયા નહિ. દેવાધિદેવ મુરારિ શ્રીહરિએ બધું જ સહન કર્યું. કારણ કે **તેમણે સરળ**

मघवा बरखि बहुत पछितावा, आवा जोरी कर पद शिरनावा ॥
विनय करी सादर सूर भूपा, बरखा सुमन वारी रसरूपा ॥१३॥
अभय दीन सूरपति हि बोलाई, कहत हरि सूनीये सूरराई ॥
गौ ब्राह्मन साधु कोउ दिना, ईन पर कोप न कारे प्रवीना ॥१४॥
दोहा : ईनपे बहु बलवान हे, क्षिमा खडग अति भारी ॥
करत सद्य सो द्रोहीकर, नास तुरत जिय जारी ॥१५॥
दीन कोप अति दारून, क्षय करे कुलही सहित ॥
या कारन सूनो निरजर हित, मित बचन कहित ॥१६॥
सोरठा : बहुत सकुचि सूरनाथ, लिखत भोमि पद नख निकरी ॥
नाई चरन निजमाथ, चला पाकारी नाक प्रति ॥१७॥

સ્વભાવનો સાધુરૂપનો અવતાર ધારણ કર્યો છે. ૧૨. ઈન્દ્રે પુષ્કળ વરસાદ વરસાવ્યો પછી તેને પુષ્કળ પસ્તાવો થયો અને તેણે શ્રીહરિની પાસે આવી હાથ જોડી ચરણમાં મસ્તક નમાવ્યું. દેવરાજ ઈન્દ્રે આદર સહિત પ્રાર્થના કરી અને સરસ પુષ્પરૂપી પાણીની વૃષ્ટિ કરી. ૧૩.

પછી પરમ પ્રવીણ શ્રીહરિએ ઈન્દ્રને બોલાવીને તેને અભયદાન આપ્યું અને કહ્યું કે 'દેવરાજ ! મારી વાત સાંભળો. તમારે ક્યારેય ગાય, બ્રાહ્મણ અને સાધુના ઉપર આ રીતનો કોપ કરવો નહિ. ૧૪. **આ ત્રણેયની પાસે ક્ષમારૂપી અતિશય બળવાન અને ભારે ખડ્ગ રહ્યું છે. તે દ્રોહીનો તત્કાળ જ નાશ કરે છે અને તેના જીવને પણ બાળી દે છે.** ૧૫. ગરીબ વ્યક્તિનો ક્રોધ અતિશય દારુણ હોય છે. તે દ્રોહીનો કુળે સહિત વિનાશ કરે છે. માટે તમે સાંભળો, આ હું દેવતાઓનાં હિત માટે પણ થોડાક વચનોમાં તમને કહું છું.' ૧૬. શ્રીહરિએ જ્યારે આવું કહ્યું ત્યારે દેવરાજ ઈન્દ્રને ઘણો સંકોચ થયો અને પગના નખથી જમીનને ખોતરતો રહ્યો. પછી તે પાક નામના દૈત્યનો શત્રુ પાકારિ ઈન્દ્ર શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવીને સ્વર્ગમાં ચાલ્યો ગયો. ૧૭. આ ઉપર કહ્યું તે

अस लिला बहु भाँति, किन क्रमन मंहि धर्मसुत ॥
ले संग जन एकांती, चले नाथ जहाँ भक्त निज ॥१८॥

चोपाई :

मानकी वडवा लेनहि काजा, गये मिनापर श्रीमहाराजा ॥
ता कर भूप मनुभा नामा, किन प्रभु तहाँ कछु बिसरामा ॥१९॥
श्रीहरि तहाँ नापित बोलवावा, क्षौर कर्म ता पास करावा ॥
भद्र कराई के किन स्नाना, पय मिश्री किनि प्रभु पांना ॥२०॥
तांसुँ चले नाथ घनश्यामा, आये प्रभु शियानी गामा ॥
तहाँ वसे द्विज जन निज दासा, नाम शिवराम भजे अवीनाशा ॥२१॥
और ही भक्त हे अनंत अपारा, भजन भलि बिधि धर्मकुमारा ॥

રીતે ધર્મપુત્ર શ્રીહરિએ કરમડ ગામમાં અનેક પ્રકારની લીલાઓ કરી. પછી ભક્તપતિ શ્રીહરિ પોતાના એકાંતિક સંતો ભક્તોને સાથે લઈને જ્યાં પોતાના અનન્ય ભક્તો હતા ત્યાં ચાલીને પોતે ગયા. ૧૮.

❋ શ્રીહરિએ મીણાપુર ગામથી માણકી લીધી :

પછી શ્રીજીમહારાજ માણકી ઘોડી લેવાને માટે **મીણાપર** ગામ ગયા. ત્યાં મનુભા નામે દરબાર હતા. તેને ઘેર શ્રીહરિએ થોડીવાર વિશ્રામ કર્યો. ૧૯. શ્રીહરિએ ત્યાં વાળંદ બોલાવીને તેની પાસે હજામત કરાવી. હજામત કરાવ્યા પછી સ્નાન કર્યું અને તે પછી પ્રભુ શ્રીહરિએ સાકર નાખેલું દૂધ પીધું અને માણકી લીધી. ૨૦.

ઘનશ્યામ પ્રભુ મીણાપરથી ચાલ્યા તે **શીયાણી** આવ્યા. ત્યાં શિવરામ ભટ્ટ નામે એક વિપ્ર અનન્ય ભક્ત હતા કે જે અવિનાશી પ્રભુનું ભજન કરતા હતા. ૨૧. શીયાણીમાં તે સિવાયના બીજા અપાર હરિભક્તો હતા. જે ધર્મકુમાર શ્રીહરિનું સારી રીતે ભજન કરતા હતા. તે બધા નરનારીઓ શ્રીહરિના સમાચાર સાંભળીને ભેળા મળી ત્યાં દોડી આવ્યા. સહુએ ભયહારી શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૨. ત્યાંના બધા

आये धाये मिलि सब नरनारी, निरखे नाथ भक्त भयहारी ॥२२॥

सब हरिजन मिलि करी बहुप्रिति, सेवा कीनी उमंगी रसहीती ॥
जेये नाथ बनाय रसोई, मोदक जेय संत मुद होई ॥२३॥

याँ बहु लिला किन महाराजा, गाये संत बजायके बाजा ॥
शिक्षापत्रि सबही याँ गाई, प्रेमानंद क्रत दोहा चोपाई ॥२४॥

एक राति याँ रही दयाला, गये गाम तावि वृष लाला ॥
तहाँ सबे क्षत्रियवर बीरा, परम भक्त हरि कर रणधीरा ॥२५॥

बाल व्रद्ध सब सनमुख आये, सादर हरि निज घर पधराये ॥
किनि सब मिलि बहुबिधी सेवा, पूजे प्रित करी नीज देवा ॥२६॥

जेये संत हरि करी वर पाका, मोदक मुदित कसर नही राखा ॥
नाथ भद्र हित नाउ बोलावा, नहि चतुर मुरख जस पावा ॥२७॥

आधा शिस मुंडावा स्वामी, बोले हसी मंद बहुनामी ॥

હરિભક્તોએ ભેળા મળીને ઘણા પ્રેમથી ઉત્સાહ ભરી શ્રીહરિની સેવા કરી. ત્યાં શ્રીહરિ પોતે રસોઈ બનાવીને જમ્યા અને સંતો પણ રાજી થઈને લાડુ જમ્યા. ૨૩. શ્રીજીમહારાજે શીયાણીમાં ઘણી લીલાઓ કરી છે. **સંતોએ વાજિંત્ર વગાડીને કીર્તન ગાયા હતા અને પ્રેમાનંદ સ્વામીએ દોહા ચોપાઈમાં કરેલી બધી શિક્ષાપત્રીનું સહુએ ગાન કર્યું હતું.** ૨૪.

ધર્મપુત્ર દયાળુ શ્રીહરિ શીયાણીમાં એક રાત રહ્યા. પછી ત્યાંથી **તાવી** ગામ ગયા. ત્યાં શૂરવીર રણધીર બધા ક્ષત્રિયો શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. ૨૫. બાળકોથી લઈને વૃદ્ધ સુધીના બધા જ હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને આદરે સહિત શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. સહુએ ભેળા મળીને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની બધી રીતે સેવા કરી અને પ્રેમથી પૂજા કરી. ૨૬. શ્રીહરિએ પોતાને હાથે રસોઈ બનાવી અને જમ્યા. સંતો પણ પ્રસન્નતાથી લાડુ જમ્યા. તેમાં કોઈ જાતની કસર રાખી નહિ. તે ગામમાં શ્રીહરિની હજામત કરવા માટે વાળંદને બોલાવ્યો, પણ તે તેટલો ચતુર ન હતો. કાંઈક મૂર્ખ જેવો હતો. ૨૭.

यह निश्चें करी हे जेय घाता, करउ पलायन याँसुं ताता ॥२८॥

दोहा : आधा शिष किये भद्र बिना, चले याँसुं करी प्यार ॥
गाम देवलीये भक्तपति, संग बहुत अस्वार ॥२९॥
भक्त नृपति तेही गाम कर, जालमसिंध अनुप ॥
दौरा होये असवार वर, पहुंचा निजपुर भुप ॥३०॥

सोरठा : ले आवा तत्काल, नौवा परम चतुर एक ॥
अधबिच दिनदयाल, उतरे निजजन सुखसदन ॥३१॥
तहाँ एक वृक्ष अनुप, छांया सुंदर तेहि कर ॥
एक तहाँ अनुपम कूप, बैठे करावत क्षौर प्रभु ॥३२॥

चोपाई :
गावत आगे मुनिमराला, मुदित होत सुनि दिनदयाला ॥
बाजत बल सारंगि बिना, गावत राग रागनि झीना ॥३३॥

જ્યારે શ્રીહરિનાં મસ્તકનું અરધું મુંડન થયું ત્યારે બહુનામી પોતે હસીને ધીમે રહીને બોલ્યા કે 'આ વાળંદ તો ચોક્કસ મારી નાખશે. માટે આની પાસેથી તો તરત ભાગી જવું જોઈએ.' ૨૮. પછી માથાની અરધી હજામત બાકી રહી ત્યારે ત્યાંથી ઊભા થઈને શ્રીહરિ પ્રેમથી ચાલ્યા.

ભક્તપતિ શ્રીહરિની સાથે ઘણા સવારો હતા અને **દેવળિયા** ગામ આવ્યા. ૨૯. દેવળિયા ગામમાં જાલમસિંહ નામે દરબાર અનુપમ હરિભક્ત હતા. તે દરબારે પોતાને ગામ વાળંદ બોલાવવાને માટે એક સવારને દોડાવીને મોકલ્યો. ૩૦. તે ઘોડે સવાર તત્કાળ જ એક ઘણા સારા ચતુર વાળંદને લઈને સામે આવ્યો. ભક્તજનોને માટે સુખનાં સદન દીનદયાળ શ્રીહરિ અધવચ્ચે જ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૩૧. ત્યાં એક સારા વૃક્ષની સુંદર છાયા હતી અને એક અનુપમ કૂવો હતો. એટલે ત્યાં પ્રભુ શ્રીહરિ હજામત કરાવવા માટે બેઠા. ૩૨. તે સમયે શ્રીહરિની આગળ પરમહંસ સંતો કીર્તન ગાતા હતા. તે સાંભળીને દીનદયાળુ પ્રભુ પ્રસન્ન થતા હતા. સંતો દોકડ, સારંગી અને વીણા આદિ

नट पुरव गोरि गुंनि गावा, ले ले तांन निज नाथ रिजावा ॥
भद्र कराय भक्त भयहाहि, नाये कुंप कर सुंदर वारी ॥३४॥
पहिरे भुसन बसन अनूपा, भये असवार चले मुनि भूपा ॥
गये गांम देवलिया माई, राज भुवन उतरे प्रभु जाई ॥३५॥
बहुत किंन नृपति सनमाना, जेये नाथ करी पकवाना ॥
संत रु हरिजन काज रसोई, नृपति कराई आनंद होई ॥३६॥
साधु हरिजन बहु जेयांवा, लिना लाभ मनुष्यतनु पावा ॥
दिने दरश परस बहुनामी, लीला बहुत किनि याँ स्वामी ॥३७॥
याँसुँ चले अखिल भुवनेशा, झालावाड फीरे सब देशा ॥

વાજિંત્ર વગાડીને ઝીણવટ ભરી રાગ તથા રાગિણીને ગાતા હતા. ૩૩. ગુણવાન સંતોએ નટ, પૂરવ અને ગોડીનાં પદ ગાયાં. અને તે ગાનમાં તાન લઈ લઈને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને રાજી કર્યા. ભક્તોના ભયને ટાળનારા શ્રીહરિએ ત્યાં હજામત કરાવી અને પછી સુંદર કૂવાના પાણીથી સ્નાન કર્યું. ૩૪. પછી મુનિભૂપ પ્રભુ શ્રીહરિએ અનુપમ વસ્ત્ર તથા આભૂષણોને પહેર્યાં. અને પછી ઘોડેસવાર થઈને ચાલ્યા.

દેવળિયા ગામ પહોંચ્યા અને ત્યાંના રાજાના દરબારગઢમાં જઈને ઊતર્યા. ૩૫. ત્યાંના રાજાએ શ્રીહરિનું ઘણું સન્માન કર્યું અને ભક્તપતિ શ્રીહરિ પોતે પકવાન કરીને જમ્યા. રાજાએ મનમાં આનંદિત થઈને સંતો તથા હરિભક્તોને માટે ઘણી રસોઈ કરાવી. ૩૬. તેણે બધા સંતો તથા હરિભક્તોને ખૂબ જમાડીને પોતાના મનુષ્યદેહનો પૂરો લાભ લીધો. બહુનામી સ્વામી શ્રીહરિએ સહુને દર્શન તથા સ્પર્શનું સુખ આપ્યું અને ત્યાં ઘણી લીલા કરી. ૩૭.

❀ મેથાણવાસી ભક્તોનો સ્નેહ તથા લીલાવર્ણન :

પછી સમગ્ર જગતના અધિપતિ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે બધા ઝાલાવાડ દેશના ગામોમાં ફરતા ફરતા મુરારિ શ્રીહરિ **મેથાણ** ગામ

गये गाम मेथान मुरारी, भक्त अजा पुरकर अधिकारी ॥३८॥
पुंनि पुंजाजी काकाभाई, ग्रांमाधिप क्षत्रिकुल माई ॥
खबर सुनि निज नाथ पधारे, पुंलकि उठे तनभान बिसारे ॥३९॥
सनमुख आये हरख जुत धाई, निरखे नाथ प्रेम पुलकाई ॥
परे दंडवत अवनि अचेता, बाल वृद्ध नरनारी समेंता ॥४०॥
सावधान होई उठे सुजांना, परसे चरन विनयकरी नाना ॥
बहुत क्रिपा किनि प्रभु आजा, नाथ पधारे सहित समाज्या ॥४१॥
बोलत जे जे बाजत बाजा, अति सादर ले चले महाराजा ॥
पधराये निज भुवनमें नाथा, भिन भिन उतरे सब साथा ॥४२॥

આવ્યા. ત્યાંના ભક્ત અજા પટેલ ગામના મુખ્ય અધિકારી પટેલ હતા. ૩૮. બીજા ક્ષત્રિય પૂંજાજી અને કાકાભાઈ નામે ગામ ધણી હતા. પોતાના નાથ શ્રીહરિ પધારી રહ્યા છે એવા જ્યારે સહુએ સમાચાર સાંભળ્યા ત્યારે બધા એકદમ આનંદથી વિહ્વળ થઈ ગયા અને શરીરનું ભાન પણ ભૂલી ગયા. ૩૯. સહુ ઘણા હરખથી સન્મુખ દોડી આવ્યા. પ્રેમથી પુલકિત થઈને નાથ શ્રીહરિનાં દર્શન કર્યાં. બાળકો અને વૃદ્ધોએ સહિત બધા નરનારીઓ આવ્યા. તેમાં પુરુષોએ જમીન ઉપર દંડવત્પ્રણામ કર્યા અને ભાન ભૂલી ગયા. ૪૦. પછી તે સુજ્ઞ હરિભક્તો સાવધાન થઈને ઊઠ્યા. પછી અનેક રીતે વિવેકપૂર્વક શ્રીહરિના ચરણનો સ્પર્શ કર્યો.

સહુએ કહ્યું કે 'હે પ્રભુ ! હે નાથ ! આજ આપે અમારા ઉપર બહુ કૃપા કરી અને સંત હરિભક્તોના સમાજે સહિત અમારે ઘેર પધાર્યા છો.' ૪૧. સહુ ભક્તજનો જય જયકાર બોલતા હતા, આગળ વાજિંત્રો વાગતા હતા અને ખૂબ જ આદરભાવે સહિત શ્રીહરિને ગામમાં લઈને ચાલ્યા. અજા પટેલે પોતાને ઘેર શ્રીહરિને પધરાવ્યા અને સાથેના બધા સંત હરિભક્તોને પણ અલગ અલગ ઉતારો આપ્યો. ૪૨. પોતાના ભક્તોએ સારી રસોઈમાં અનેક પ્રકારના વ્યંજન અને પકવાનો બનાવ્યા.

दोहा : निज जन किंन रसोई शुभ, बिंजन बहु पकवाना ॥
प्रित करीके प्रगट प्रभु, जेये क्रिपा निधान ॥४३॥
भाँति भाँति भोजन करी, जेयांये सब जन ॥
जेये हरिजन संत सब, होई परम प्रसंन ॥४४॥
सोरठा : याँ बहु लिला शाम, किंनि प्रभु निज भक्त हित ॥
किंने पुरनकाम, पुरवासि नरनारी सब ॥४५॥
दरश परस दे ईश, बोली बानी अति मधुर तर ॥
धारी पानी पद शीश, हरलिने मन प्रान हरि ॥४६॥
चोपाई :
बिसरत नाही नाथ छबी नेना, बीन देखे पल रहत न चेंना ॥
बोलनि चलनि चितवनी चारू, बसी गये उर मही अभय उदारु ॥४७॥

ત્યારે કૃપાનિધિ પ્રભુ શ્રીહરિ ઘણા પ્રેમથી ત્યાં જમ્યા. ૪૩. અને જાત જાતનાં ભોજન કરીને બીજા ભક્તોને પણ જમાડ્યા. હરિભક્તો તથા બધા સંતો ઘણા પ્રસન્ન થઈને જમ્યા. ૪૪. મેથાણમાં શ્યામસુંદર પ્રભુ શ્રીહરિએ પોતાના ભક્તનાં હિતને માટે ઘણી લીલાઓ કરી છે. પુરવાસી બધા જ નરનારી હરિભક્તોના સમગ્ર મનોરથોને પૂરા કર્યા છે. ૪૫. પરમેશ્વર શ્રીહરિએ સહુને દર્શન આપીને, ભેટીને, મસ્તકે કે શરીરે હાથથી સ્પર્શ કરીને, અતિશય મધુર વાણીએ બોલાવીને તથા મસ્તક ઉપર હાથ કે ચરણારવિંદ મૂકીને સહુ હરિભક્તોનાં મન તથા પ્રાણને ખેંચી લીધા. ૪૬.

સર્વના નાથ શ્રીહરિની તે છબી ભક્તોને આંખોમાંથી ભુલાતી નહિ અને તે છબીને દેખ્યા વિના એક પળવાર પણ ચેન પડતું નહિ. શ્રીહરિનું બોલવું, ચાલવું, આંખથી સુંદર રીતે દેખવું, આ બધા અભય અને ઉદાર ગુણો ભક્તજનોનાં દિલમાં વસી ગયા હતા. ૪૭. અંતર્યામી શ્રીહરિ પોતાના ભક્તોના પ્રેમને વશ થઈ કેટલાક દિવસ મેથાણમાં રોકાયા. પછી સુખદાયક નાથ શ્રીહરિ જ્યારે મેથાણથી ચાલ્યા ત્યારે બધા હરિભક્તો

निजजन प्रेम विवस होइ स्वामी, रहे कछुक दिन अंतरजामी ॥
चले नाथ याँसुँ सुख देना, हरिजन बिकल बहे जल नेना ॥४८॥

जोरि पानि प्रभु पद शिर नावा, विनित वचन बोले मनभावा ॥
तुम प्रभु हमरे जीवनदोरी, बिसरि न जाओ नाथ सुधि मोरी ॥४९॥

पुंनि कब अईहो नाथ करी नेहा, कब पावन प्रभु करी हो गेहा ॥
नविन नेह भर उर न समावे, गद्‍गद कंठ बचन नहीं आवे ॥५०॥

चले धर्मसुत करी असवारी, रहे थकित देखत नरनारी ॥
आये नाथ छोट एक गामा, ताकर पुनित मेमका नामा ॥५१॥

तामंहि रहे क्रशिकर दासा, प्रगट प्रभु पद अचल निवासा ॥
आये नाथ सुनि उठि धाये, निरखी छबी नेना हरखाये ॥५२॥

પ્રેમથી વિહ્વળ થઈ ગયા અને આંખોમાંથી પ્રેમના અશ્રુ ચાલવા લાગ્યા. ૪૮. સહુ હરિભક્તોએ હાથ જોડીને પ્રભુના ચરણમાં મસ્તક નમાવ્યા અને વિનયપૂર્વક મનને ગમે તેવા વચન બોલ્યા, 'હે સર્વાધાર શ્રીહરિ ! આપ અમારી જીવનદોરી છો, તો ક્યારેય અમારી સ્મૃતિને ભૂલી ન જાશો. ૪૯. હે પ્રભુ ! હે સર્વેશ્વર ! ફરીવાર આપ હેત કરીને અહીં ક્યારે પધારશો ? તેમજ અમારાં ઘરને ક્યારે પાવન કરશો ? આપને વિષે થયેલો નિત્ય નવો પ્રેમ અમારાં હૃદયમાં સમાતો નથી. અમારો કંઠ ગદ્‍ગદ થઈ જાય છે. તેથી કાંઈ બોલી શકાતું નથી.' ૫૦.

પછી શ્રીહરિ ઘોડેસવાર થઈ ત્યાંથી ચાલતા થયા અને નરનારી બધા ભક્તો આશ્ચર્યચકિત દૃષ્ટિથી દેખતા રહ્યા. પછી ભક્તપતિ શ્રીહરિ એક નાના એવા ગામમાં આવ્યા. તેનું પવિત્ર નામ **મેમકા** હતું. ૫૧. તે ગામમાં પ્રગટ શ્રીહરિના ચરણમાં અચળ ભાવના રાખનારા ખેડૂત હરિભક્તો હતા. તે બધા શ્રીહરિ પધાર્યા છે એમ સાંભળીને ઊઠીને દોડ્યા. શ્રીહરિની છબીનાં દર્શન કરીને તેમની આંખમાં ઘણો જ આનંદ થયો. ૫૨. તેઓ બોલ્યા કે 'હે સુરમુનિરાજ ! આપ ભલે પધાર્યા. પ્રભુ

भले पधारे सुरमुनिराया, किंकर जानी किंन प्रभुदाया ॥
बडभागि हम सम कोउ नाई, देव पित्रि मीली भये सहांई ॥५३॥
कोन पुन्य फल हमहिं पावा, नाथ अचानक दरस देखावा ॥
सुफल जन्म भयो हमरो आज्यु, आये नाथ घर सहित समाज्युं ॥५४॥
नारी पुरुष मन मोद न मावे, पुलकित तन मुख बचन न आवे ॥
पधराये प्रभु करी सनमाना, चरन पखारी किने जलपाना ॥५५॥
भाँति भाँति सामग्री लाये, संत काज बहु पाक बनाये ॥
तुमरे कारन प्रभु रसोई, करी हे निज संबंधी कोई ॥५६॥
दोहा : उठे तबही हरिराये के, बंधु करन शुभ पाक ॥
किन रसोई सरस अति, बहु बिधि बिजन शाक ॥५७॥
जेंये नाथ अति मुदित मन, बिंजन सब करी प्रीत ॥

આપે અમને પોતાના દાસ જાણીને અમારા ઉપર દયા કરી છે. આજે અમારા સમાન બીજા કોઈ મહાન ભાગ્યશાળી નથી. દેવતાઓ અને પિતૃઓએ મળીને આજે અમને મદદ કરી છે. ૫૩. અમને અત્યારે એવા કયાં પુણ્યનું ફળ મળ્યું છે કે અમારા નાથે અચાનક આવીને અમને દર્શન આપ્યાં. આજે અમારો જન્મ સફળ થયો છે. કારણ કે આપ નાથ બધા સંત હરિભક્તોના સમાજે સહિત અમારે ઘેર પધાર્યા છો.' ૫૪.

તે નરનારી હરિભક્તોનાં મનમાં ક્યાંય આનંદ સમાતો નહિ. શરીર રોમાંચિત થઈ ગયા હતા અને મુખમાં બોલવા માટેનું કોઈ વચન આવતું નહિ. સહુએ સન્માન કરીને પ્રભુ શ્રીહરિને પધરાવ્યા, ચરણ ધોઈને તે ચરણામૃતનું પાન કર્યું. ૫૫. તે બધા ભાત ભાતની સામગ્રી લઈ આવ્યા અને સંતોને માટે ઘણા પાક બનાવ્યા ને કહ્યું કે 'હે પ્રભુ ! આપને માટે આપના કોઈ સંબંધી રસોઈ કરશે ?' ૫૬.

ત્યારે શ્રીહરિના બંધુ સારો પાક બનાવવા માટે ઊઠ્યા અને તેણે અતિશય સરસ રસોઈ બનાવી. ઘણી જાતના શાક, પાક વગેરે કર્યું. ૫૭. પછી અત્યંત પ્રસન્ન મનના શ્રીહરિ બધી રસોઈ તથા શાક, દાળ,

दारी भात घृत दुध दहीं, मिसरी अरु नवनीत ॥५८॥

सोरठा : श्रीनारायन नाथ, ब्रह्मभुवन पति प्रगट प्रभु ॥
जेयावत निज हाथ, आप परोसत प्रीत करी ॥५९॥

धरत नाथ कर कंज, निज संतनकर शिश पर ॥
मुदित मार मदगंज, फिरत पंक्ति मंहि धर्मसूत ॥६०॥

चोपाई :

जेंये भक्तपति संत सुजाना, बैठे सभा करी भगवाना ॥
आये क्रशिवल भक्त अपारा, यथा प्राप्त लाये उपचारा ॥६१॥

पुजत प्रभुकुं अति रसरीती, बरनि न जात भक्त कि प्रिती ॥
चंदन पुष्प दीप करी धुपा, फल दल आगे धरी अनुपा ॥६२॥

करत निराजन घृत रु कपुरे, भरे नेन जल प्रेम प्रचुरे ॥

ભાત, ઘી, દૂધ, દહીં, સાકર અને માખણ વગેરે પ્રેમથી જમ્યા. ૫૮. અક્ષરાધિપતિ પ્રગટ પ્રભુ ભક્તપતિ શ્રીનારાયણ પ્રેમથી પોતાને હાથે પીરસીને સહુને જમાડે છે. ૫૯.

કામના ગર્વને ઉતારનારા ધર્મપુત્ર શ્રીહરિ પ્રસન્ન મનથી પંક્તિમાં ફરે છે અને પોતાના સંતોના માથે કરકમળને મૂકે છે. ૬૦. ભક્તપતિ શ્રીહરિ અને સુજાણ સંતો જમ્યા. તે પછી સભા કરીને ભગવાન શ્રીહરિ તેમાં બેઠા. ત્યારે ત્યાં અપાર ખેડૂત ભક્તો આવ્યા અને જે મળ્યા તે ઉપચારો લેતા આવ્યા. ૬૧. તે બધા ભક્તો સરસ રીતે શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. તે ભક્તોનો પ્રેમ વર્ણવી શકાતો નથી. ચંદન, પુષ્પ, દીવો, ધૂપ, ફળ, પત્ર બધાં અનુપમ સાધનો આગળ ધર્યાં. પછી ઘી અને કપૂરથી આરતી કરી.

❋ મેમકાવાસી ભક્તોની ભાવભીની પ્રાર્થના :

અને અપાર પ્રેમથી ભરપૂર તેમનાં નેત્રમાં આંસુ ભરાઈ આવ્યા. પછી તે ભક્તોએ હાથ જોડી નીતરતા નેત્રે પ્રાર્થના કરી અને પ્રેમરસભર્યાં

करत प्रार्थना जोरि पानी, बोलेउ बचन प्रेम रस सानी ॥६३॥
हम प्रभु ओर कछु नहीं जाने, ना समझे कछु शास्त्र पुराने ॥
एक अचल प्रभु टेक हमारी, मन क्रम तुम भगवान मुरारी ॥६४॥
तुम बिना और हि हम ना माने, आन रूप उरमें न आने ॥
तुमरे संत हमरे तन प्राना, तव अनुशासन शिर पर ठाना ॥६५॥
चले मेरु अबनि सकलेशा, कबहु जो उगे पश्चिम दिनेशा ॥
मूढ गांठी हमरि प्रभु येहा, टरे न टारी बिनु संदेहा ॥६६॥
अस सुनि विनय हसे मुनि भूपा, देत आशिष मुदित सुखरूपा ॥
नाथ किंन पुनि चलन बिचारा, भये नाथ मानकि असवारा ॥६७॥

વચન બોલ્યા, ૬૨-૬૩. "પ્રભુ, અમે બીજું કાંઈ જાણતા નથી. તેમજ કોઈ શાસ્ત્ર કે પુરાણોને પણ સમજતા નથી. પ્રભુ, અમારે સુદૃઢ મન કર્મથી એક જ ટેક છે કે આપ મુરારિ ભગવાન છો. ૬૪.

હે વાલમ ! આપના સિવાય બીજા કોઈને અમે પરમેશ્વર જાણતા નથી અને બીજી કોઈ વસ્તુ, વ્યક્તિ કે સ્થળમાં અમારું મન માનતું નથી. બીજા કોઈ દેવો, ઈશ્વરો કે અવતારોનું સ્વરૂપ અમારાં હૃદયમાં આવતું નથી. આપના જે સંતો છે તે અમારાં શરીરના પ્રાણ સમાન છે. અમે આપની આજ્ઞાને મસ્તક ઉપર ધારીએ છીએ. ૬૫. **હે સકલેશ્વર શ્રીજીમહારાજ ! કદાચ મેરુ પર્વત ચલાયમાન થાય અને આ ભૂમિ પણ ચલિત થઈ જાય, કદાચ સૂર્ય પશ્ચિમ તરફ ઉદય પામે, પણ અમે જે મૂઢપણાથી આપનાં સ્વરૂપનાં નિશ્ચયની ગાંઠ વાળી છે તે ટાળી ટળે તેમ નથી; તે વાત નિઃસંદેહ છે."** ૬૬. ભક્તોની આવી પ્રાર્થનાને સાંભળીને મુનિઓના મહારાજા શ્રીહરિ હસ્યા અને પ્રસન્ન મનથી તેમને સુખરૂપ આશીર્વાદ આપ્યા.

પછી નાથ શ્રીહરિએ ત્યાંથી ચાલવાનો વિચાર કર્યો અને માણકી ઉપર સવાર થયા. ૬૭. શ્રીહરિ ચાલવા તૈયાર થયા તે સાંભળીને બધા

भये सुनि हरिजन दलगीरा, ठाडे जोरि कर बहे दृग नीरा ॥
पुनि क्रिपा किजे सुखकंदा, निजजन पर प्रभु सहजानंदा ॥६८॥
अस कहि चरन गहे हरिदासा, नाथ चरन बिन और न आसा ॥
नाथ न होउ नेन ते न्यारे, सहजानंद प्रभु प्रान हमारे ॥६९॥
दिन अभय वर धर्मदुलारे, चले संत जुत नेन के तारे ॥
आये गाम बढवान दयाला, रहे घटि प्रेमानंद प्रतिपाला ॥७०॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते झालावारदेशाटननामा त्रिचत्वारिंशोऽध्याय: ॥४३॥



હરિભક્તો દિલગીર થઈ ગયા. સહુ હાથ જોડીને ઊભા રહી ગયા અને આંખમાંથી આંસુ વહેવાં લાગ્યાં અને બોલ્યા કે, “સુખનાં મૂળરૂપ હે પ્રભુ સહજાનંદ સ્વામી ! પોતાના આશ્રિતોના ઉપર ફરીવાર કૃપા કરજો.” ૬૮. હરિભક્તોએ આટલું કહીને શ્રીહરિનાં ચરણ પકડ્યા. **“હે નાથ ! આપનાં ચરણ વિના અમને બીજી કોઈ આશા નથી. હે નાથ ! આપ અમારી આંખોથી દૂર ન જશો. હે પ્રભુ સહજાનંદ સ્વામી ! આપ તો અમારા પ્રાણરૂપ છો.”** ૬૯.

ત્યારે શ્રીહરિએ તેમને અભયનો વર આપ્યો. પછી આંખોના તારા જેવા ધર્મના દુલારા શ્રીહરિ સંતોની સાથે ચાલ્યા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે ભક્તજનપ્રતિપાલક દયાળુ શ્રીહરિ **વઢવાણ** આવ્યા અને ત્યાં ઘડીવાર રોકાયા. ૭૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં ‘શ્રીહરિનું ઝાલાવાડ દેશમાં વિચરણ’ એ નામે તેતાળીશમો અધ્યાય સમાપ્ત-૪૩



अध्याय - ४४

दोहा : गाम एक उत्तम अती, खोलडियाद हे नाम ॥
तहाँ पधारे नाथजी, पावन पुरनकाम ॥०१॥
राजत भक्त समूह जुत, क्षत्रि तहाँ खेंगार ॥
सनमुख आवा दास रे, निरखे धर्मकुमार ॥०२॥

सोरठा : प्रणति करी शिर नाय, गहे चरन हरिकृष्ण कर ॥
ले आवा हरिराय, हरख सहित निज भुवन प्रती ॥०३॥
पधराये भगवान, संत सहित निज सदन महीं ॥
किंन बहुत सनमान, मनसा वचसा देह करी ॥०४॥

चोपाई :
बहुत प्रकार सामग्री लावा, श्रीहरि काज भोजन बनवावा ॥

અધ્યાય - ૪૪

શ્રીહરિનું કાઠિયાવાડ પ્રદેશમાં વિચરણ

એક અતિશય ઉત્તમ **ખોલડિયાદ** નામે ગામ છે. પૂર્ણકામ અને પરમ પવિત્ર ભક્તપતિ શ્રીહરિ ત્યાં પધાર્યા. ૧. ત્યાં બીજા હરિભક્તોના સમૂહની સાથે ક્ષત્રિય ખેંગાર ભક્ત ઘણા સારી રીતે રહેલા હતા. ત્યાંના બધા હરિભક્તો ભેળા થઈને સન્મુખ આવ્યા અને સહુએ ધર્મકુમાર શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨. સહુ હરિભક્તોએ મસ્તક નમાવી પ્રણામ કર્યા અને શ્રીહરિકૃષ્ણ પ્રભુનાં ચરણ ગ્રહણ કર્યાં. પછી બધા હરિભક્તો ઘણા હરખથી શ્રીહરિરાયને પોતાને ભવન લઈ આવ્યા. ૩. સંતોએ સહિત ભગવાન શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. પછી મન, વચન તથા દેહે કરીને ઘણું સન્માન કર્યું. ૪. તેઓ ઘણી જાતની સામગ્રીઓ લઈ આવ્યા અને શ્રીહરિને માટે ભોજન બનાવડાવ્યું. વળી સંતોને માટે પણ અનેક જાતનાં વ્યંજનો કર્યાં. અને તે રસોઈ શાણા સંતોએ બનાવી હતી. ૫. પછી શ્યામસુંદર શ્રીહરિ સંતમંડળ સાથે ઘણા પ્રેમથી જમ્યા અને પ્રભુએ

पुनि संतन हित बिंजन नाना, किन रसोई संत सयाना ॥०५॥
जेये शाम मुनिगन मुदआनी, प्रभु निज जन की प्रीत बखानी ॥
कर मुख कमल प्रभु प्रक्षालि, ले मुखवास मोहन बनमाली ॥०६॥
भये तैयार किन असवारी, आये गाम रामग्रि मुरारी ॥
राजत तहाँ भक्त गुनधामा, प्रभु पद प्रित अचल अभीरामा ॥०७॥
संत सहित प्रभु आवत जाना, सनमुख दोरि किन सनमाना ॥
जोरि पानी प्रभुपद सिर नावा, अति सादर निज भुवन ले आवा ॥०८॥
पधराये रचि पलंग अनुपा, बैठे मुदित शाम सुखरुपा ॥
एक गोसार प्रथु परम विशाला, तहाँ उतरे सब संत मराला ॥०९॥
निजजन भोजन सरस बनावा, श्रीहरि कुं बोलावन आवा ॥
जेंवन काज पधारिये स्वामी, भयो तियार थार बहुनामी ॥१०॥

પોતાના બધા ભક્તોના પ્રેમને વખાણ્યો. ભક્તજનોનાં મનને મોહ પમાડનારા વનમાળી પ્રભુએ હાથ, મુખ ધોઈને મુખવાસ લીધો. ૬.

પછી ત્યાંથી તૈયાર થયા અને ઘોડે અસવાર થઈને ચાલ્યા તે મુરારિ પ્રભુ **રામગ્રી** ગામ આવ્યા. તે ગામમાં ભગવાનનાં ચરણમાં અચળ પ્રેમવાળા ઘણા ગુણવાન (જીવા પટેલ વગેરે) ઉત્તમ પ્રકારના હરિભક્તો રહેતા હતા. ૭. સંતોએ સહિત શ્રીહરિ આવે છે, એવા સમાચાર જાણીને બધા ઉતાવળા ઉતાવળા સન્મુખ ગયા અને શ્રીહરિનું સન્માન કર્યું. બે હાથ જોડી શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવી વંદન કર્યા અને અતિશય આદરે સહિત પોતાને ઘેર લઈ આવ્યા. ૮. એક અદ્‌ભુત પલંગ બિછાવીને તેના ઉપર પધરાવ્યા ત્યારે સુખરૂપ શ્યામસુંદર શ્રીહરિ રાજી થઈને તે પલંગ ઉપર બેઠા. ત્યાં એક ઘણી વિશાળ ગૌશાળા હતી. ત્યાં બધા સંતો ઊતર્યા. ૯.

❀ રામગ્રી ગામમાં શ્રીહરિ તથા સંતોની દિવ્યલીલા :

પછી ભક્તજનોએ સરસ રસોઈ તૈયાર કરી અને શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. તેમણે કહ્યું કે 'બહુનામી સ્વામી, જમવા પધારો.

उठे नाथ करले रुमाला, करवर जुगल चरन प्रक्षाला ॥
बैठे जेवन जग उजीयारे, धर्मकुंवर नेन के तारे ॥११॥

रूचि रूचि ग्रास भरत भयहारी, निरखत जन तन भान विसारी ॥
जेवत जेवत करत बखांना, करत आनंद निज भक्त सुजाना ॥१२॥

दुध दहीं मीसरी मनमानी, जेवत निज कर सानि सानी ॥
जेये जीवन अतहि अघाई, करमुख प्रक्षालत मुनि राई ॥१३॥

ले मुखवास कटि बांधी रूमाला, उठे परोसन दिन दयाला ॥
भई पंक्ति संतनकि नीकी, नीरखत जन छबी संत हरि की ॥१४॥

दोहा : लेकर मोदक महाप्रभु, देत निहोरी निहोरी ॥
चंचल चितवनी में प्रभु, लेत हे जन चित्तचोरी ॥१५॥

થાળ તૈયાર થઈ ગયો છે.' ૧૦. પછી હાથમાં રૂમાલ લઈને ભક્તપતિ શ્રીહરિ ઊઠ્યા. ત્યાં જઈને બંને હાથ તથા ચરણ ધોયાં. પછી આંખોના તારા જેવા અને જગતમાં અતિશય વિશુદ્ધ એવા ધર્મકુમાર શ્રીહરિ જમવા બેઠા. ૧૧. **ભયને હરનારા શ્રીહરિ પોતાની રુચિ પ્રમાણે નાના કોળિયાથી જમતા હતા ત્યારે દેહનું ભાન ભૂલેલા ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરતા હતા.** જમતા જમતા રસોઈનાં વખાણ કરતા હતા. પરમ સુજાણ શ્રીહરિ આ રીતે પોતાના ભક્તજનોને માટે આનંદ આપતા હતા. ૧૨. શ્રીહરિ દૂધ તથા દહીંમાં પોતાને હાથે સાકર નાંખીને પ્રેમથી જમતા હતા તથા તલમાં ગોળ નાખીને બનાવેલી સાની જમ્યા. ભક્તોના જીવનરૂપ શ્રીહરિ સંપૂર્ણ તૃપ્ત થઈને જમ્યા. પછી મુનિરાય શ્રીહરિએ હાથ તથા મુખ ધોયાં. ૧૩.

તે પછી મુખવાસ લઈ અને એક રૂમાલથી કમર કસીને બાંધી અને દીનદયાળુ પીરસવા માટે ઊઠ્યા. તે વખતે ત્યાં સંતોની ઘણી સુંદર પંગત થઈ. તે વખતે ભક્તજનો શ્રીહરિ તથા સંતોની છબીને દેખતા હતા. ૧૪. મહાપ્રભુ હાથમાં લાડુ લઈને નીકળ્યા તે જેમ માગે તેમ

बारबार पिरसत प्रभु, मोदक ले ले नाम ॥
करी विनोद दे मुखमहीं, सुंदरवर घनश्याम ॥१६॥

सोरठा : खुब जेवाये संत, धर्मकुंवर सुख कर सदन ॥
दुध दही अत्यंत, बरसे ज्युं जल मेंघ सम ॥१७॥

प्रक्षाली कर कंज, ले वर नक्तक पुंछी कर ॥
चले मदन मद गंज, पेरी बसन चंचल चतुर ॥१८॥

चोपाई :

भये नाथ अश्विनी असवारा, भये दलगिर भक्तजन सारा ॥
बहत नेन जोरी पुर पांनी, करत बिनय बोली मृदुबानी ॥१९॥

नाथ नेन कर त्रखा न बुझाई, निरखी बदन कमल सुखदाई ॥
पुनि कब देहो दरशन दाना, हमरे तुम प्रभु जीवनप्राना ॥२०॥

આપતા હતા. પોતાના ચંચળ કટાક્ષમાં ભક્તજનોનાં ચિત્તને ચોરી લેતા હતા. ૧૫. સુંદરવર ઘનશ્યામ પ્રભુ લાડુના નામ બોલી બોલીને વારંવાર પીરસતા હતા અને વિનોદ કરતા કરતા સંતોનાં મુખમાં લાડુ આપતા હતા. ૧૬. સુખના પરમ આધાર જેવા ધર્મકુમાર શ્રીહરિએ સંતોને આ રીતે જમાડ્યા અને જેમ વરસાદ વરસે તે રીતે પીરસીને દૂધ અને દહીં ખૂબ જ જમાડ્યા. ૧૭. પછી હસ્તકમળ ધોઈ રૂમાલથી હાથ લૂછ્યા. પછી કામદેવના મદને ઉતારનારા ચતુર અને ચંચળ એવા શ્રીહરિ વસ્ત્ર પહેરીને ચાલ્યા. ૧૮.

પછી નાથ શ્રીહરિ ઘોડી ઉપર સવાર થયા ત્યારે બધા ભક્તજનો દિલગીર થઈ ગયા. આંખમાંથી સહુને આંસુ વહેવા લાગ્યા. અને તેઓ બંને હાથ જોડી મધુર વાણીથી વિનંતિ કરવા લાગ્યા. ૧૯. હે સુખદાયક શ્રીહરિ ! અમે આપના મુખારવિંદનાં દર્શન કર્યાં છે છતાં અમારી આંખોને તૃપ્તિ થઈ નથી. હે પ્રભુ ! આપ અમારા જીવનપ્રાણ છો. હવે ફરીને દર્શનદાન ક્યારે આપશો ? ૨૦. તે સમયે શ્રીહરિએ સહુને અમૃતભરી દૃષ્ટિથી દેખ્યા અને સહુને શાંતિ આપી. પછી ચાલતા થયા.

अमृत दृष्टि हेरी हरीराई, चले जनकुं शांती उपजाई ॥
झालावाड महीं जे गामा, फिरे नाथ सुंदर सुखधामा ॥२१॥
अनुक्रम बिन बिचरे सो दयाला, आगे पीछे जस देशकाला ॥
कबहुं नाथ फिरे एका एकी, कबहुं संग ले संत विवेकी ॥२२॥
कबहुं पदाति ले बहुतेरा, कबहुं कबहुं जनसंग घनेरा ॥
कबहुं संग असवार अपारा, येहि बिधि बिचरे धर्मकुमारा ॥२३॥
मै कछु देखा सुना कछु कानी, तेहि प्रकार बरना मुद आनी ॥
नाथ अकेले मुलि आये, पुरन ब्रह्म वाव महीं नाये ॥२४॥
गये अकेले हलवद गामा, लिंग अलक्ष अखिल भुवधामा ॥
द्विज नारायनजी बडभागी, निरखि नाथ भयो अनुरागी ॥२५॥
पकरी पानि निज भुवन ले आवा, ले पैडा फलाहार करावा ॥

સુખધામ, સુંદરશ્યામ નાથ ઝાલાવાડનાં ગામોમાં જે ફર્યા તેમાં તો કોઈ અનુક્રમ રહ્યો ન હતો. દયાળુ શ્રીહરિને જેવો દેશકાળ હતો તે પ્રમાણે આગળ કે પાછળ ફર્યા હતા. વિવેક રાખનારા નાથ શ્રીહરિ ક્યારેક તો એકા એકી થઈને ફર્યા છે અને ક્યારેક સંતોને સાથે લઈને ફર્યા છે. ૨૧-૨૨. ક્યારેક તો ઝાઝા પાર્ષદોને લઈને જતા અને ક્યારેક ક્યારેક તો ઘણા હરિભક્તોને લઈને ફરવા જતા હતા. તેમજ કોઈ વખતે તો અપાર ઘોડેસવારોને સાથે લઈને ફરતા હતા. આ રીતે ધર્મકુમાર શ્રીહરિ સત્સંગમાં વિચર્યા હતા. ૨૩. મેં કાંઈક દેખ્યું છે અને કાંઈક કાને સાંભળ્યું છે. તેને અનુસારે હું પ્રેમથી વર્ણવું છું.

એક સમયે ભક્તપતિ પૂર્ણબ્રહ્મ શ્રીહરિ એકલા જ **મૂળી** આવ્યા અને ત્યાં વાવમાં સ્નાન કર્યું. ૨૪. તે પછી ત્યાંથી પોતે એકલા જ **હળવદ** ગામ ગયા. સમગ્ર જગતના આશ્રય જેવા શ્રીહરિ કોઈ ઓળખે નહિ તે રીતે ગયા હતા. ત્યાં એક ભાગ્યશાળી નારાયણજીભાઈ નામે બ્રાહ્મણ હતા. તેણે નાથ શ્રીહરિને જોયા અને તેમનાં દિલમાં ઘણો પ્રેમ

विप्र नारायनजी सब राती, एक आसन सोवा भरि बाथी ॥२६॥
रखे नाथ कहुँ जान न पावे, यह चिंता करी नींद न आवे ॥
ता दिन रहे एकादशी यामा, बीन भोजन प्रभु किन आरामा ॥२७॥
द्विज सोवत मन करे बिच्चारा, होय प्रात दिन कर उजियारा ॥
सुंदर थार करु में नाई, जेवावुं निजकर मुनिराई ॥२८॥
दोहा : भयो प्रात उठे धर्मसुत, किन गमन निरधारा ॥
जोरि पानि पद नाय शिर, बोले विप्र उदारा ॥२९॥
नाथ यहां एकांत हे, अति सुंदर मैदान ॥
जाउ दीशा याँ नाऔ प्रभु, कुपे क्रिपा निधान ॥३०॥
सोरठा : जेयो जग उजियार, तुरत बनावो रसोई शुभ ॥
कलके हो किरतार, क्षुधातुर भवभयहरन ॥३१॥

થયો. ૨૫. તે શ્રીહરિનો હાથ પકડીને પોતાને ઘેર લઈ આવ્યા. ત્યાં પેંડા આપીને ફલાહાર કરાવ્યો. તે વિપ્ર નારાયણજીભાઈ આખી રાત એક જ આસન ઉપર શ્રીહરિની સાથે પ્રેમથી ભેટીને સૂઈ રહ્યા. ૨૬. કદાચ નાથ ઊભા થઈને જતા રહે તો ! તે ચિંતાથી તેને રાતે ઊંઘ ન આવી.

તે રાત એકાદશીની હતી. પ્રભુ કાંઈ ભોજન કર્યા સિવાય જ સૂતા હતા. ૨૭. સૂતા સૂતા તે બ્રાહ્મણ મનમાં વિચાર કરે છે કે સવાર થાય અને જ્યારે અજવાળું થાય ત્યારે હું સ્નાન કરીને સુંદર થાળ કરું અને મારે હાથે મુનિરાય શ્રીહરિને જમાડું. ૨૮. પછી સવાર થયું ત્યારે ધર્મપુત્ર શ્રીહરિ ઊઠ્યા અને ત્યાંથી ચાલી નીકળવાનો નિર્ધાર કર્યો હતો. ત્યારે તે નિર્મળ ભાવનાવાળા વિપ્રે હાથ જોડી, પગમાં માથું નમાવીને કહ્યું, ૨૯. “હે નાથ ! આ એકાંત સ્થળ છે, મેદાન ઘણું સારું છે. આપ કૃપાનિધાન જંગલ જઈ આવો, પછી કૂવે આવીને સ્નાન કરો. ૩૦. સર્વ જગતના કર્તા, સંસારનાં ભયને ટાળનારા અને જગતને ઉજ્જવળ કરનારા એવા આપ તરત સારી રસોઈ બનાવો અને જમો. કારણ કે આપ ગઈકાલના

बोले धर्मकुमार, बाहिर जाब हम क्रिया करन ॥
सुनो बिप्र सिरदार, तुम रहो करउ रसोई घर ॥३२॥

चोपाई :

कहत विप्र में संग हि आउ, नाथ निक थल सुभग देखाउ ॥
चला विप्र हरि संग प्रविना, देखावत थल शुभग नविना ॥३३॥

चलत चलत जाये दूर ही नाथा, दिन विप्र आवत हे साथा ॥
कहत हरि रहो थाडे देवा, बहुत किना हमरी तुम सेवा ॥३४॥

विप्र कहत प्रभु दे बिसबासा, नाथ न कापो मोर मन आशा ॥
बोले क्रूर बचन मुनि राय, लिना अश्म खंड करमाई ॥३५॥

तब द्विजवर मन किंन बिच्यारा, ये निरमोही न अई हे द्वारा ॥
होय निराश द्विज वर घर आवा, किन मनहीं मन बहु पछतावा ॥३६॥

ભૂખ્યા છો.” ૩૧. ત્યારે ધર્મકુમાર શ્રીહરિ બોલ્યા કે “અમે ક્રિયા કરવાને માટે તો બહાર જઈશું. હે વિપ્રવર્ય ! તમે વાત સાંભળો. તમે ઘેર રહો અને રસોઈ બનાવો.” ૩૨. ત્યારે તે વિપ્રે કહ્યું કે “હે નાથ ! હું તો આપની સાથે આવીશ અને નજીકમાં સ્નાન શૌચાદિક માટેનું એક સારું સ્થાન બતાવું.” પછી તે પ્રવીણ વિપ્ર શ્રીહરિની સાથે ચાલ્યા. કારણ કે તેમને કોઈ સારું નવીન સુંદર સ્થાન બતાવવું હતું. ૩૩. નાથ શ્રીહરિ તો ચાલતા ચાલતા દૂર જતા રહ્યા. ત્યારે તે દીન વિપ્ર શ્રીહરિની સાથે સાથે આવવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે “હે ભૂદેવ ! તમે ઊભા રહો. તમે મારી ઘણી સેવા કરી છે. ૩૪. ત્યારે વિપ્રે કહ્યું, “મહારાજ, તમે મને વિશ્વાસ આપો કે હું જતો નહિ રહું. હે નાથ ! મારાં મનની આશાને આપ તોડી ન નાંખો.” ત્યારે મુનિઓના નાથ શ્રીહરિ તેની સામે ક્રૂર વચન બોલ્યા અને હાથમાં એક પથ્થર લીધો. ૩૫.

ત્યારે તે બ્રાહ્મણે મનમાં વિચાર કર્યો કે આ તો અત્યંત નિર્મોહી છે એટલે મારે ઘેર પાછા નહિ આવે. પછી તો નિરાશ થયેલો તે વિપ્ર પોતાને ઘેર આવ્યો અને મનમાં ને મનમાં પસ્તાવો કરવા લાગ્યો.

गये हरि निज ईछा च्यारी, अवनि अटन निज जन हितकारी ॥
सहन करत प्रभु क्षुधा पिपासा, जग उपहास सहत अविनाशा ॥३७॥
माया काल अखिल जग जाके, करतलांमलवत भासत ताके ॥
अखिल भूवन पति जग विक्षाता, करत कर्म जन फल प्रदाता ॥३८॥
सो प्रभु जगति धरि अवतारा, करत हे पामर पतित औधारा ॥
अस प्रतिज्ञा हरि कलि मध्य किनी, मुक्त वधु अधमन हिं दिनी ॥३९॥
बिचरत मंहि प्रभु करत विहारा, माया काल जग सरजन हारा ॥
झालावाड फिरे सब देशा, लिखे एक लव रहे अंत अशेषा ॥४०॥
कंक देश पूनि आये स्वामी, निजजन हित हरि अंतरजामी ॥
आये दुर्गपुर किन निवासा, रहे कछुक दिन निज जन पासा ॥४१॥
पुनि याँसुँ गमन प्रभु कीना, जहाँ हरिजन तहाँ दर्शन दिना ॥

---

૩૬. શ્રીહરિ પોતાની ઈચ્છા પ્રમાણે ત્યાંથી ચાલી નીકળ્યા. ભૂમિ ઉપર ફરીને પોતાના ભક્તજનોનું હિત કરવાનું હતું. અવિનાશી પ્રભુ ભૂખ અને તરસને સહન કરતા હતા. તેમજ જગતની મશ્કરીને પણ સહન કરતા હતા. ૩૭. **જે શ્રીહરિની દૃષ્ટિએ માયા, કાળ અને બધું જગત હથેળીમાં રાખેલા આંબળાની જેમ સ્પષ્ટ દેખાય છે. પોતે સર્વ જગતના સ્વામીના રૂપમાં જગત્પ્રસિદ્ધ છે. અને મનુષ્ય જે કર્મ કરે છે તેનાં ફળને આપનારા છે.** ૩૮. તે પ્રભુ આ ભૂમિ ઉપર અવતાર ધરીને પામર તથા પતિત જીવોનો ઉદ્ધાર કરે છે. અને તે ઉદ્ધાર કરવાની શ્રીહરિએ કળિયુગને મધ્યે પ્રતિજ્ઞા કરી હતી. એટલે અધમ જીવોને પણ મુક્તિ આપે છે. ૩૯. માયા, કાળ અને સર્વ જગતની સૃષ્ટિ કરનારા તે પ્રભુ આ ભૂમિ ઉપર વિચરણ કરી રહ્યા છે.

આ રીતે શ્રીહરિ આખા ઝાલાવાડ દેશમાં ફર્યા. તેમાં લખ્યું છે થોડું અને બાકી ઘણું બધું રહ્યું છે. ૪૦. પછી અંતર્યામી સ્વામી શ્રીહરિ પોતાના ભક્તજનોનું હિત કરવા માટે ફરીને કાઠિયાવાડ દેશમાં આવ્યા. **ગઢપુર**માં આવીને નિવાસ કર્યો. પોતાના ભક્તજનોની

नाथ पधारे नसीतपुर मांई, बसे भक्त तहाँ द्वादश भाई ॥४२॥

दोहा : कंक जाती अवनीपती, प्रभु पद प्रित अपार ॥
आये नाथ निजभूवन लखी, रही न तन संभार ॥४३॥
उठे आतुर पदपरसिकर, किंन बहुत सन्मान ॥
पधराये निज भूवन मंहि, श्रीहरि रूपनिधान ॥४४॥

सोरठा : प्रक्षालि पद पद्म, किंन पान जलधारे शिर ॥
किन पावन निज सद्म, चरनोदक छांटि सकल ॥४५॥
ठाडे जोरि जुग पानी, बहत नेन प्रफुलीत बदन ॥
बोले मधुर मुख बानी, सुधामही बोरी बचन ॥४६॥

પાસે કેટલાક દિવસ રહ્યા. ૪૧. વળી ફરીને સર્વ નિયંતા શ્રીહરિ ગઢપુરથી નીકળ્યા. જ્યાં જ્યાં પોતાના હરિભક્તો હતા ત્યાં ત્યાં જઈને તેમને દર્શન દીધાં.

❁ નસીતપુરના ભક્તોનો પ્રેમ અને પ્રાર્થના :

ભક્તપતિ શ્રીહરિ **નસીતપુર** આવ્યા. અને ત્યાં પોતાના ભક્ત બાર ભાઈઓ રહેતા હતા. ૪૨. તેઓના કાઠી જાતિના દરબારો હતા અને શ્રીહરિનાં ચરણમાં તેમને અપાર પ્રેમ હતો. જગત્પતિ શ્રીહરિ પોતાને ઘેર આવ્યા છે તેમ દેખીને તે કાઠીદરબારોને કોઈને પોતાનાં શરીરનું પણ ભાન રહ્યું નહિ. ૪૩. બધા એકદમ વિહ્વળ થઈને ઊભા થયા, ચરણસ્પર્શ કર્યો અને શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. રૂપના નિધિ જેવા શ્રીહરિને તે સહુએ પોતાને ઘેર પધરાવ્યા. ૪૪.

તેમણે શ્રીહરિનાં ચરણકમળ ધોયાં. તે જળ માથે ચઢાવ્યું અને ચરણામૃત પીધું. તે પછી તે જળને બધે છાંટીને પોતાનાં ઘરને પવિત્ર કર્યાં. ૪૫. બધા બંને હાથ જોડી ઊભા રહ્યા. આંખમાંથી હરખનાં આંસુ વહેતાં હતાં. મુખ પ્રફુલ્લિત હતા.

चोपाई :

दिनानाथ दया बहु किंनी, आज सुधी किंकरकर लीनी ॥
उगा आजु कनक मय भानु, कनक फुल फुला दीन जानु ॥४७॥
पित्रि आजु परम सुख पावा, सुक्रित सकल उदय होई आवा ॥
सानुकुल भये देव भवानी, नाथ पधारे आजु हम जांनी ॥४८॥
अब अविनाशी अरज सुनीजे, करन रसोई अग्या किजे ॥
सुनत बचन उठे हरि भ्राता, किन रसोई सद्य साक्षाता ॥४९॥
पुनि मुनि हरिजन हित बहु भाती, बिंजन किंन बहुत करी खांती ॥
उठे भोजन करन मुरारी, पद्मपानी जुगचरन पखारी ॥५०॥

પછી અમૃતમાં બોળ્યાં હોય તેવાં મધુર વચન મુખથી બોલવા લાગ્યા, ૪૬. **"હે દીનાનાથ ! આજ આપે અમારા ઉપર બહુ દયા કરી છે. અને પોતાના સેવકની સંભાળ લીધી છે. આજે અમારે માટે સોનાનો સૂર્ય ઊગ્યો છે. અને આજના દિવસે જાણે સોનાનાં ફૂલ ખીલ્યાં હોય તેમ અમે માનીએ છીએ.** ૪૭. આજે અમારા પિતૃઓ પણ અતિશય સુખ પામ્યા છે અને અમારાં બધાં જ પુણ્યનો ઉદય થયો છે કે આજ સર્વેશ્વર શ્રીહરિ આપ અમારે ઘેર આવ્યા છો, તેથી શિવજી તથા દેવી ભવાની પણ અમારે માટે સાનુકૂળ થયા છે. ૪૮.

તો અવિનાશી આપ અમારી પ્રાર્થના સાંભળો અને રસોઈ બનાવવા માટેની અમને આજ્ઞા કરો. તેમનાં વચન સાંભળીને તરત જ શ્રીહરિના ભાઈ ઊભા થયા અને પોતે તત્કાળ જ રસોઈ બનાવી. ૪૯. પછી સંતો અને હરિભક્તોને માટે અનેક જાતના શાકભાજી વગેરે ભોજન ઘણી ખંતથી કર્યાં.

અને મુરારિ શ્રીહરિ ભોજન કરવા માટે ઊઠ્યા. હસ્તકમળ તથા બંને ચરણ ધોયાં. પછી મહારાજ જમવા માટે બેઠા. ભક્તવત્સલ,

बैठे जेवेन काज महाराजा, भक्त वछल प्रभु गरीब निवाजा ॥
जेवत रूचि रूचि धर्मनिवासा, निरखत जन ठाडे चहु पासा ॥५१॥
बिंजन बहु पकवांन मीठाई, जेवत धर्मलाल रूचि लाई ॥
भाजी बहुत बनी तरकारी, दहीं बरा पूनि भात रू दारी ॥५२॥
दूध दहिं मिसरी मही सांनी, जेवत धर्मात्मज सुखदानी ॥
पिवत जल प्रभु लेत डिकारा, फेरत उदर पर कर मतवारा ॥५३॥
जेंये जीवन सरस अघाई, कर मुख प्रक्षालत मूनि राई ॥
ले मुखवास उठे अविनाशी, संत जेयावनकुं सुखरासी ॥५४॥
करउ पक्ति सब संत सुजाना, हमही परोसे सब पकवाना ॥
भई हे पंक्ति परोसत स्वामी, ले कर मोदक अंतरजामी ॥५५॥

ગરીબનિવાજ અને ધર્મના નિવાસરૂપ પ્રભુ શ્રીહરિ પોતાને જે રુચતું રુચતું હતું તે જમવા લાગ્યા. ત્યારે ચારે બાજુ ઊભેલા બધા ભક્તજનો દર્શન કરતા હતા. ૫૦-૫૧. ઘણી જાતનાં વ્યંજન, પકવાન, મીઠાઈ તથા શાકભાજી ઘણા કર્યાં હતાં અને દહીંવડાં, ભાત તથા દાળ પણ કર્યા હતા. તે તમામ ભોજન ધર્મલાલ શ્રીહરિ અતિ પ્રેમથી જમ્યા. ૫૨. દૂધ, દહીંમાં સાકર નાંખીને સુખદાયક ધર્માત્મજ શ્રીહરિ જમ્યા. પ્રભુ વચ્ચે વચ્ચે પાણી પીને ઓડકાર ખાતા હતા અને પોતે અતિ આનંદમાં આવીને પેટ ઉપર હાથ ફેરવતા હતા. ૫૩. ભક્તોને માટે જીવન જેવા શ્રીહરિ સારી રીતે તૃપ્ત થઈને જમ્યા. પછી મુનિરાયે હાથ તથા મુખ ધોયાં.

પછી અવિનાશી તથા સુખરાશિ એવા શ્રીહરિ મુખવાસ લઈને સંતોને જમાડવાને માટે ઊઠ્યા. ૫૪. પછી કહ્યું કે “સુજ્ઞ બધા સંતો પંક્તિ કરો. અમે બધા પકવાન પીરસશું.” પછી જ્યારે પંક્તિ થઈ ત્યારે અંતર્યામી એવા શ્રીસહજાનંદ સ્વામી હાથમાં લાડુ લઈને પીરસવા લાગ્યા. ૫૫. રૂપ રૂપનાં ધામ એવા સર્વાત્મા શ્રીહરિ

और ही बहु बिंजन पकवाना, देत पात्र भरी रूप निधाना ॥
दूध दहीं मिसरी बहुभाती, नाथ जेवावत जन एकांती ॥५६॥
कोउ न ले देत बरजोरा, प्रसंन होई प्रभु धर्मकिशोरा ॥
जे उठे सब संत मराला, किंन तैयारी चलन वृषलाला ॥५७॥
दोहा : यह विधि लीला करत प्रभु, अक्षरपति अवतारी ॥
जेवत जेवावत मुनिनकुं, प्रित सहित सुखकारी ॥५८॥
अन्न जल फल दल कंद मूल, करी प्रभु अंगीकार ॥
देत ब्रह्मगती दासकुं, त्रिविधि व्रजीन करी छार ॥५९॥
सोरठा : अश्व होई असवार, चले धर्मसूत संतजुत ॥
अखिल भूवन आधारा, आये गाम रोहीशाले प्रभु ॥६०॥

બીજાં જે ઘણાં પકવાનો અને વ્યંજન હતાં તેનાથી પાત્ર ભરી દેતા હતા. દૂધ, દહીં તથા સાકર ઘણા હતા. તે લઈને પોતાના એકાંતિક ભક્તોને જમાડતા હતા. ૫૬. જો કોઈ ન લે તો ધર્મકિશોર પ્રભુ રાજી થઈને તેને પરાણે આપતા હતા.

જ્યારે બધા પરમહંસો જમીને ઊઠ્યા ત્યારે ધર્મપુત્ર શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. ૫૭. સુખકારી, અક્ષરાધિપતિ, સર્વાવતારી, સર્વાધિપતિ શ્રીહરિ આ રીતે લીલા કરતા રહેતા અને ઘણા પ્રેમથી પોતે જમતા તથા સંતોને જમાડતા હતા. ૫૮. **પ્રભુ શ્રીહરિ ભક્તે આપેલા અન્ન, જળ, ફળ, પત્ર, કંદ તથા મૂળને અંગીકાર કરતા હતા અને તે પોતાના ભક્તના ત્રણે પ્રકારનાં પાપોનો નાશ કરીને તેને બ્રહ્મગતિ આપતા હતા.** ૫૯.

❊ રોહિશાળાના ભક્તોની પ્રાર્થના તથા શ્રીહરિની ભોજનલીલા :

પછી ધર્મપુત્ર શ્રીહરિ ઘોડેસવાર થયા અને સંતોની સાથે ચાલ્યા. અખિલભુવનના આધાર પ્રભુ આગળ જઈને **રોહિશાળા** ગામ આવ્યા. ૬૦. શ્રીહરિ પધારે છે, એવું સાંભળીને બધા હરિભક્તો હરખથી

सुनि सब हरिजन वृंद, सनमुख आये हरख जुत ॥
लखी चकोर ज्युं चंद, परे चरन पुलकित सकल ॥६१॥

चोपाई :

अखिल भूवन पति आप पधारे, दिव्यरूप बने मनुष्य मुरारे ॥
सुरनर मुनि जाको पार न पावे, अगम निगम निती कही गावे ॥६२॥
सो निजनाथ पधारे आज्युं, संत हरिजन सहीत समाज्युं ॥
अपना भाग्य कहा नही जाय, नारी पुरुष पुलकीत मन माई ॥६३॥
नारी पुरुष अतही निर्दोषा, ले चले नाथ करत उद्घोषा ॥
प्रणव दुंदुभि झांझ मृदंगा, गात बजावत चले उमंगा ॥६४॥
गाम मही मुखी भक्त करनामा, भुसुर लखीराम गुनधामा ॥
वणिक आनंदजी आदी अपारा, क्रसि कर भक्त भजत प्रभु प्यारा ॥६५॥

શ્રીહરિની સન્મુખ આવ્યા. જેમ ચકોર ચંદ્રને દેખે તે રીતે શ્રીહરિનાં દર્શન કરીને આનંદિત થયેલા બધા ચરણમાં નમી પડ્યા. ૬૧. સુર, નર અને મુનિઓ પણ જેના પારને નથી પામતા અને જેને વેદો પણ 'નેતિ નેતિ' કહીને ગાય છે એવા સર્વ જગતના પતિ આપ મુરારિ જે દિવ્યસ્વરૂપ છો તે અત્યારે આ ભૂમિ ઉપર મનુષ્યરૂપે પધાર્યા છો. ૬૨. હે અમારા માલિક ! આપ સંતો તથા હરિભક્તોના સમુદાયને લઈને અમારે ત્યાં પધાર્યા છો. આજે અમારા સદ્ભાગ્ય કહી શકાતા નથી. આવા શબ્દ કહીને ત્યાંના હરિભક્ત નરનારીઓ બધા મનમાં ખૂબ જ આનંદિત થઈ ગયા હતા. ૬૩.

રોહિશાળા ગામના નરનારી હરિભક્ત બધા અતિશય નિર્દોષ હતા. તે શ્રીહરિનો જયઘોષ કરતા ગામમાં લઈને ચાલ્યા. પણવ, દુંદુભિ, મૃદંગ અને ઝાંઝ ઈત્યાદિક વાજિંત્રો વાગતાં હતાં અને કીર્તનો ગાતા ગાતા ઉમંગથી ચાલ્યા. ૬૪. **તે ગામના મુખી લક્ષ્મીરામ ઓઝા નામે બ્રાહ્મણ ઘણા ગુણવાન અને સારા હરિભક્ત હતા.** આણંદજીભાઈ આદિક

करी सन्मान प्रभु घर लाये, सरस सेज सजि हरि पधराये ॥
संत हरिजन कुं दिन उतारा, उतरे मुनि मनमोद अपारा ॥६६॥
नाथ काज भोजन बनवावा, बहुत भाँति सामग्री मंगावा ॥
भाँति भाँति तर्कारी आंनी, घृत मैदा मिसरी मन मानी ॥६७॥
झिनवा भात रु अरहरदारी, अनंत आचार मुरब्बाभारी ॥
दहीं रु दूध सरस नवनिता, लावत हरिजन हरख सहीता ॥६८॥
निज जन सुंदर किंन रसोई, कमला बपुरी रई मनमोई ॥
उठे जेवन जग उजियारे, सेवक जन ले चरण पखारे ॥६९॥
करी कुल्ला कर ले रूमाला, जेंवन बेठे जन प्रतिपाला ॥
रूचि रूचि ग्रास भरत मुदआनी, पियत नाथ पुनि पुनि पानी ॥७०॥
ठाडे जन निरखत चहु ओरी, निरखत बदन ज्युं चंद चकोरी ॥

ઘણા વણિક તથા ખેડૂત હરિભક્તો પ્યારા પ્રભુ શ્રીહરિને ભજતા હતા. ૬૫. શ્રીહરિનું સન્માન કરીને હરિભક્તો પોતાને ઘેર લાવ્યા અને સરસ પલંગ બિછાવીને તેના ઉપર પધરાવ્યા. સંતો તથા હરિભક્તોને સારા ઉતારા આપ્યા. સંતોએ ઉતારા કર્યા અને મનમાં ઘણો આનંદ થયો. ૬૬.

શ્રીહરિને માટે થાળ બનાવવા ઘણી જાતનાં સીધાં સામાન મંગાવ્યા. જાત જાતનાં શાકભાજી લાવ્યાં. ઘી, મેંદો અને મનમાની સાકર પણ મગાવી. ૬૭. ઝીણો ભાત, તુવેરની દાળ, અનંત પ્રકારનાં અથાણાં અને મુરબ્બો લાવ્યા. તેમજ બધા હરિભક્તો હરખ સાથે દહીં, દૂધ અને સારું માખણ પણ લાવ્યા. ૬૮.

શ્રીહરિના સેવકોએ સુંદર રસોઈ બનાવી. તેને જોઈને બિચારા લક્ષ્મીજી પણ મનમાં મુગ્ધ થઈ ગયા. પછી સર્વ જગતને ઉજ્જવળ કરનારા શ્રીહરિ પોતે જમવા ઊઠ્યા. ત્યારે સેવકે તેમનાં ચરણ ધોયાં. ૬૯. જનપ્રતિપાળ નાથ શ્રીહરિએ પ્રથમ કોગળા કર્યા. પછી હાથમાં રૂમાલ રાખીને જમવા બેઠા. પોતાને જેમાં વધારે રુચિ હતી તેવાં ભોજનના

करत विनोद मुनि जन साथा, हसत हसावत निज जन नाथा ॥७१॥

दोहा : बहुत स्वादु बिजन बने, शाकभाजी तर्कारी ॥
लुचई पुरी दहीं बरा, सुंदर भात रू दारी ॥७२॥
खौवा दूध मिसरी दहिं, जेयत भात मंहि सांनी ॥
सब बिजंन जेये प्रभु, करी करी बहुत बखानी ॥७३॥

सोरठा : हरखि हरखि हरि राय, देत प्रसादी धर्मसुत ॥
संत हरिजनकुं बोलाय, पिरसत निज कर प्रगट प्रभु ॥७४॥
कर मुख कमल प्रक्षाली, ले मुखवास एला नवीन ॥
कमर कसि वनमाली, मुनिकुं परोसन आये प्रभु ॥७५॥

चोपाई :
भई पंक्ति मुनि जनकी मोटी, अक्षरनिवासी आये कोटी ॥

પ્રેમથી ગ્રાસ લેતા હતા અને વારે વારે પાણી પીતા જતા હતા. ૭૦. તે સમયે ત્યાં ચારે બાજુ ઊભેલા ભક્તજનો દર્શન કરતા હતા અને ચકોર જેમ ચંદ્રને દેખે તેમ શ્રીહરિનાં મુખકમળને દેખતા હતા. નાથ શ્રીહરિ સંતોની સાથે વિનોદ કરતા હતા. પોતે હસતા અને ભક્તજનોને હસાવતા હતા. ૭૧. શાકભાજી વગેરે ઘણા સ્વાદુ બન્યા હતા. પોચી પૂરી, દહીંવડાં, સુંદર ભાત તથા દાળ બનાવ્યા હતા. ૭૨. માવો, દૂધ, સાકર અને દહીં પણ હતા. તેમાં દહીં સાકરને ભાતમાં મેળવીને જમતા હતા. જે બધી જાતના શાકભાજી હતા તેને ઘણું વખાણીને શ્રીહરિ જમ્યા. ૭૩.

ધર્મસુત શ્રીહરિ હરખમાં ને હરખમાં પ્રસાદી આપતા હતા. સંતો તથા હરિભક્તોને બોલાવીને પ્રગટ પ્રભુ પોતાને હાથે પીરસતા હતા. ૭૪. પછી હાથ તથા મુખકમળ ધોયા. તાજી એલચીનો મુખવાસ લીધો. તે પછી વનમાળી પ્રભુએ કસીને કમર બાંધી અને સંતોને પીરસવા માટે આવ્યા. ૭૫. ત્યાં સંતોની ઘણી મોટી પંગત થઈ. **અક્ષરધામના વાસી કરોડો મુક્ત ત્યાં આવ્યા. બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપવાસી અનંત મુક્તો અને તે મુક્તોના પતિ નરનારાયણ તથા વાસુદેવનારાયણ પણ ત્યાં આવ્યા.** ૭૬.

बद्रिवासी मुक्त मुनेशा, श्वेतद्वीप वासी सकलेशा ॥७६॥
ले करमें मौक्तिक जगदीशा, एक एक कुं देवत दशबीसा ॥
बार हि बार फिरत मुनि भूपा, लो मोदक मुनि सरस अनुपा ॥७७॥
गुरुप्रसाद यह दुर्ल्लभ जानो, वदत बानी युं सुर मुनिरानो ॥
जेवत मुनि अविलोकत सोभा, निरखी हंसगती दृग खग लोभा ॥७८॥
शाक पाक दहीं दूध परोसे, नेह सहित निज संत संतोषे ॥
जेये संत जन अतहि अघाई, करमुख मांजत सब मुनिराई ॥७९॥
हरि कर धोई पलंग पर राजे, आये भक्त जन मिलि समाजे ॥
लाये भूखन बसन अमूली, पूजन काज रहे मुखफुली ॥८०॥
वर केसरी ज्युं चंदन उतारा, लाये काश्मीर मृगमद सारा ॥
अगरु धूप घृत दीप पुजारा, सरस सुंगधी सुमन के हारा ॥८१॥

સર્વ ઈશ્વરોના ઈશ્વર, જગતના પ્રાણ, સર્વાધિપતિ શ્રીહરિએ હાથમાં મોતૈયા લીધા. એક એક સંતને એક સાથે દસ દસ, વીશ વીશ લાડુ આપતા હતા. પોતે મુનિરાજ વારંવાર ફરતા હતા અને હે સંતો ! લાડુ બહુ સારા અનુપમ છે, માટે લો... એમ બોલતા હતા. ૭૭. 'આ ગુરુ પ્રસાદ બહુ દુર્લભ છે એમ માનો.' આવી વાણીને સુરમુનિરાજ શ્રીહરિ બોલતા હતા. જમનારા સંતો તે વખતની શોભાને દેખતા હતા. પગંતમાં ચાલતા શ્રીહરિની હંસના જેવી ગતિને જોઈને સંતોની ખંજનના જેવી દૃષ્ટિ લોભાઈ જતી હતી. ૭૮. શ્રીહરિએ શાક, પકવાન, દૂધ, દહીં વગેરેને ખૂબ હેતથી પીરસ્યા અને સંતોને સંતોષ કરાવ્યો. બધા સંતો અતિશય સંતોષથી જમ્યા. બધા મુનિવરોએ હાથ તથા મુખ ધોયા. ૭૯.

શ્રીહરિએ હસ્તકમળ ધોયા પછી આવીને પલંગ ઉપર વિરાજ્યા. તેટલીવારમાં તો બધા હરિભક્તો ભેળા મળીને ત્યાં આવ્યા અને અમૂલ્ય વસ્ત્ર અને ઘરેણાં લેતા આવ્યા. શ્રીહરિની પૂજા કરવા માટે સહુનાં મુખ પ્રફુલ્લિત હતા. ૮૦. શ્રેષ્ઠ કેસરયુક્ત ચંદન ઘસીને લાવ્યા હતા. તેમજ કુંકુમ, કસ્તૂરી, અગર ચંદનનો ધૂપ, ઘી, દીવો, આ વગેરે પૂજાનો સામાન

पूजन करत मुदित हरिदासा, सुरमुनि निरखत परम हुलासा ॥
वर चंदन तन लेपन कीना, कुमकुम चंद्रक बिच बिच दीना ॥८२॥
सरस सुमन शिर शेहरा धारा, बांधा भुज अंगद करी प्यारा ॥
उर बिच हार गूंथी बहु भाँति, पहिरावत हरिजन करी खांती ॥८३॥
सुंदर गजरा सरस बनाई, बांधा हरिजन करवर मांई ॥
बकुल गुलाब मालती जाती, कुंद केतकी अति मदमाती ॥८४॥
सरस सुगंधी सुमन छब छाई, कहा बरनुं कछु कही न जाई ॥
परिमल लेत मधुप गन आई, करत परस्पर सरस लराई ॥८५॥
दोहा : करत निराजन भक्त मिलि, कपुर दिप्त करी थारी ॥
बाजत बाजा होत धुनि, आरती सरस उतारी ॥८६॥

તથા સુગંધી ફૂલના હાર પણ લાવ્યા હતા. ૮૧. હરિભક્તો પ્રસન્નતાથી પૂજા કરતા હતા. તે વખતે દેવતાઓ તથા મુનિઓ અતિશય ઉલ્લાસથી તે જોઈ રહ્યા હતા. શ્રીહરિનાં અંગ ઉપર શ્રેષ્ઠ ચંદનનો લેપ કર્યો અને વચ્ચે વચ્ચે કુંકુમના ચાંદલા કર્યા. ૮૨. મસ્તક ઉપર સુંદર ફૂલનો ખૂંપ(પરણવા જતા વરને માથે પહેરાવેલો ફૂલનો શણગાર) ધરાવ્યો અને પ્રેમથી ભુજા ઉપર બાજુબંધ બાંધ્યા. ઘણી સરસ રીતે ગૂંથેલા ફૂલના હાર હરિભક્તો છાતી ઉપર ઘણી ખંતથી પહેરાવતા હતા. ૮૩.

વળી સુંદર સરસ ફૂલના ગજરા તૈયાર કરી અને શ્રીહરિના હાથમાં ધરાવ્યા. બોરસલી, ગુલાબ, માલતી, જૂઈ, મોગરો અને અતિશય સુગંધી કેતકી, આ ઉપર કહેલા બધા સારા સુગંધી ફૂલોની છબી છવાઈ ગઈ હતી. હું એનું વર્ણન શું કરું ? કાંઈ કહી શકાતું નથી. તે સમયે સરસ સુગંધ લેવાને માટે ભમરાઓ આવ્યા અને તે સુગંધને માટે થઈને પરસ્પર લડવા લાગ્યા. ૮૪-૮૫.

પછી બધા ભક્તજનોએ ભેળા મળીને થાળીમાં કપૂર પ્રગટાવીને આરતી કરી. એ વખતે વાજિંત્રનો ઘણો ધ્વનિ થવા લાગ્યો અને સારી

करी पुष्पांजली दंडवत, करत भक्तजन वृंद ॥
करत स्तुति जोरी कर, जय जय सहजानंद ॥८७॥

सोरठा : अक्षरपति अविनाश, आये करन भव पार जन ॥
जय जय क्रिपा निवास, बदत बेद चहु बिमल जस ॥८८॥

गांव गांव प्रति नाथ, करत हे लीला बिबिधि वर ॥
प्रेमानंद ले साथ, बिचरत देश प्रदेश प्रभु ॥८९॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते कंक देश अटन नामा चतुश्चत्वारिंशोऽध्याय: ॥४४॥



રીતે આરતી ઉતારી. ૮૬. ભક્તજનોએ આરતી ઉતાર્યા પછી મંત્ર પુષ્પાજંલિ આપી અને સહુએ દંડવત્ કર્યા. બે હાથ જોડીને 'જય જય સહજાનંદ' આ રીતે સ્તુતિ બોલ્યા, ૮૭. **'અક્ષરાધિપતિ અવિનાશી, સંસારના જીવોનો ઉદ્ધાર કરવા માટે પધાર્યા છો. એવા સર્વાવતારી આપને ચારે વેદ પણ જયજયકાર કરી કૃપાનિધિનાં રૂપમાં કહે છે અને નિર્મળ યશ ગાય છે.'** ૮૮.

શ્રીહરિ આ કહ્યા પ્રમાણે ગામે ગામમાં જઈ વિવિધ પ્રકારની સુંદર લીલાઓ કરતા હતા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે સર્વ રીતે શક્તિમાન શ્રીહરિ સંતો તથા હરિભક્તોને સાથે લઈને દેશ તથા પરદેશોમાં વિચરતા હતા. ૮૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિનું કાઠિયાવાડ પ્રદેશમાં વિચરણ કર્યું' એ નામે ચુંમાળીશમો અધ્યાય સમાપ્ત-૪૪



अध्याय - ४५

दोहा : चले भक्त जुक्त भक्तपति, याँसुँ धर्मकुमार ॥
करी बडवा आरोहन, अखिल भूवन शिरदार ॥०१॥
आये गाम झमराले प्रभु, स्वामी सहजानंद ॥
सुनी खबर पुलकीत भये, बिप्रराज जगवंद ॥०२॥

सोरठा : जीवा गंगाराम, कुटंम्ब सहित आये सकल ॥
हरिजन जुक्त सब गाम, निरखन आये धर्मसुत ॥०३॥
करी अष्टांग प्रनाम, दुबे जिवादि भक्तजन ॥
ग्रहेचरन अभिराम, धर्मकुंवर कर मुदित मन ॥०४॥

चोपाई :
गद गद होई सजल दोउ नेना, प्रेम प्रितकी कही बने ना ॥

અધ્યાય - ૪૫

સત્સંગમાં વિચરતા શ્રીહરિ ભીમનાથમાં એક રાત રહ્યા

ભક્તપતિ ધર્મકુમાર શ્રીહરિ સહુ ભક્તોને સાથે લઈને રોહિશાળાથી નીકળ્યા. સર્વ જગતના પરમેશ્વર આવા શ્રીહરિ માણકી ઘોડી ઉપર બેઠા. ૧. પ્રભુ શ્રીસહજાનંદ સ્વામી **ઝમરાળા** ગામ આવ્યા. જગદ્વંદ્ય શ્રીહરિ આવ્યા છે એવું સાંભળીને ત્યાંના શ્રેષ્ઠ બ્રાહ્મણો ખૂબ જ રાજી થયા. ૨. જીવા દવે તથા ગંગારામ દવે બધા કુટુંબની સાથે આવ્યા. ગામના બધા હરિભક્તો પણ ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. ૩. જીવા દવે આદિક બધા ભક્તજનોએ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને મનમાં ખૂબ જ રાજી થઈ ધર્મકુંવર શ્રીહરિનાં સુંદર ચરણારવિંદ પકડ્યા. ૪. તે વિપ્રની આંખોમાં પ્રેમના આંસુ આવી ગયા અને ગદ્ગદ કંઠ થઈ ગયા. તેમનો પ્રેમ કહી શકાતો નથી. આ નિષ્કિંચન બ્રાહ્મણ વિદૂર તથા સુદામાના જેવા મહાન નિષ્પાપ ભક્ત હતા. ૫. તેમણે ઘણા આદરભાવથી શ્રીહરિને સંતો તથા હરિભક્તોએ સહિત ગામમાં પધરાવ્યા.

बिप्र अकिंचन भक्त अति भारी, बिदुर सुदामा सम अघहारी ॥०५॥

सादर होई प्रभुकुं ले आवा, हरिजन संत सहित पधरावा ॥
बिविध भाँति सांमग्री लाई, रसवती अति सरस बनवाई ॥०६॥

बर्नि राज जेये करी पाका, पुनि भक्त कर मन अभिलाखा ॥
हरिजन संत जेये करी खांती, घृत प्रचुर मोदन बहुभाँति ॥०७॥

यथा प्राप्त उपचार सु लाये, धर्मकुंवर युँ पूजी हरखाये ॥
परि पाय बोले वर बानी, कींना सुफल जन्म सुखदानी ॥०८॥

भये प्रसंन्न पित्रि सब देवा, बनी आई प्रभु तुमरी सेवा ॥
सुनि बिप्र कर बचन बिनीता, मोदीत भये प्रभु अकल अजीता ॥०९॥

चले याँसुँ प्रभु करी तैयारी, किनि सद्य सजी असवारी ॥
संग सहित बरवाले आये, सुनी भूता सनमुख उठी धाये ॥१०॥

વિવિધ પ્રકારની સામગ્રી લઈને તેમને માટે અતિશય સરસ રસોઈ બનાવી. ૬. ભક્તોનાં મનની જેવી ઇચ્છા હતી તે રીતે વર્ણિરાજ શ્રીહરિ પોતે રસોઈ કરીને જમ્યા અને પુષ્કળ ઘી નાંખીને ખંતથી સારી રીતે કરેલા લાડુને હરિભક્તો તથા સંતો જમ્યા. ૭. તે વખતે જે મળ્યા તે ઉપચાર લઈને શ્રીહરિની પૂજા કરી અને હરખાયા. પછી પગમાં પડીને સુંદર શબ્દ બોલ્યા કે 'હે સુખદાયક શ્રીહરિ ! આપે અમારા જન્મને સફળ કર્યો છે. ૮. હે પ્રભુ ! આજે અમારા ઉપર બધા પિતૃઓ તથા દેવતાઓ પ્રસન્ન થયા છે કે અમારાથી આપની સેવા બની શકી છે.' વિપ્રની આવી વિનયભરી વાણી સાંભળીને કોઈથી ન કળી શકાય એવા અજિત પ્રભુ રાજી થયા. ૯.

❀ બહુનામીએ બરવાળામાં કરેલી દિવ્યલીલા :

પછી શ્રીહરિ ઝમરાળાથી તૈયારી કરીને તત્કાળ જ સવારીની સાથે ચાલ્યા અને સંઘની સાથે **બરવાળા** ગામ આવ્યા. 'શ્રીહરિ પધાર્યા છે' એમ સાંભળીને બરવાળાના ભૂતા શેઠ ઊઠીને સન્મુખ દોડી આવ્યા.

बिराद्वारी का बनीक सुजाणा, ईन आदिक जन और हि नाना ॥
निरखी नाथ अति आनंद पाये, परे चरण नेना भरी आये ॥११॥
उठी आतुर होई प्रभु कर आगे, ले आये पुर मंहि अनुंरागे ॥
प्रभु पधराये संत सहिता, उतरे श्याम विश्वकरमीता ॥१२॥
आये नाथ बीलोकन जंता, नगरबासी नास्तिक अत्यंता ॥
अंतर कुमति सुमति सम आई, परे पाय मनसी सकुचाई ॥१३॥
नति कर फल जन्मांत्र होई, सुरतरु निज गुन तजत न सोई ॥
वनिकराज विरा कर जोरी, सुनिये श्रीहरि बिनती मोरी ॥१४॥
दोहा : किजे रसवति रसभरी, केशव क्रिपा निधान ॥
सब सांमग्री तैयार करी, धरि लाई भगवान ॥१५॥
उठे बिप्रबर प्रित करी, धर्मकुवर कर बिर ॥

---

૧૦. એના બધા જે સગા સંબંધી શાણા વણિક હતા તે બધા ઘણા આવ્યા અને શ્રીહરિનાં દર્શન કરી અતિશય રાજી થયા. સહુ ચરણમાં પડ્યા અને આંખોમાં આંસુ ભરાઈ આવ્યા. ૧૧.

બધા આતુરતાથી ઉતાવળા શ્રીહરિની પાસે આવ્યા અને ઘણા પ્રેમથી શ્રીહરિને ગામમાં લઈ આવ્યા. સમગ્ર વિશ્વના મિત્ર એવા શ્યામસુંદર શ્રીહરિ પ્રભુને સંતોએ સહિત ગામમાં પધરાવ્યા અને પછી ઉતારો કરાવ્યો. ૧૨. તે વખતે બરવાળા ગામના નિવાસી અત્યંત નાસ્તિક એવા જૈન લોકો નાથ શ્રીહરિને જોવા માટે આવ્યા. તેમનાં અંતરમાં કુબુદ્ધિ હતી પણ સદ્‌બુદ્ધિવાળાની જેમ આવી મનમાં સંકોચાતા સંકોચાતા શ્રીહરિના પગમાં પડ્યા. ૧૩. નીતિનું ફળ તો જન્માંતરમાં મળતું હોય છે. કલ્પવૃક્ષ ક્યારેય પોતાના ગુણને છોડતો નથી. વીરજી નામે એક મોટા શેઠ હતા. તેણે શ્રીહરિને આગળ હાથ જોડીને કહ્યું કે 'મહારાજ ! મારી વિનંતિ સાંભળો. ૧૪. હે કૃપાનિધાન ભગવાન કેશવ ! સરસ રસોઈ બનાવડાવો. બધું જ સીધા સામાન લાવીને તૈયાર કરી રાખ્યું છે. ૧૫.

रामप्रताप वर नाम सुभ, रसवति कीन रूचिर ॥१६॥

सोरठा : संत हरिजन हित, किन बिंजन बिविधि सुभ ॥
जेये संत करी प्रित, हरि हरिजन रू पदाति गन ॥१७॥
दिना प्रसादी थाल, हरिजन का हरि हरख कर ॥
करमुख कमल प्रक्षाल, ले मुखवास बिराजे प्रभु ॥१८॥

चोपाई :
रचि सेज सुंदर सुखदाई, पधराये प्रभु मंदिर माई ॥
अगरु धुप करी दीप अनुपा, केसर चंदन घसी सुखरूपा ॥१९॥
सरस सुंगधि पुष्प कर हारा, रचि भुषन वर बिविधि प्रकारा ॥
चंदन लेप करी सब अंगा, काश्मीर चंद्रक करी उमंगा ॥२०॥
भुषन सुमन सजि बहुभाती, अविलोकत छबी जन एकांति ॥

તે વખતે ધર્મકુમાર શ્રીહરિના ભાઈ રામપ્રતાપજી સાથે હતા. તે પ્રેમથી તરત ઊઠ્યા અને તેણે સુંદર રસોઈ કરી. ૧૬. સંતો તથા હરિભક્તોને માટે પણ વિવિધ પ્રકારનાં સારાં ભોજન તૈયાર કરાવ્યાં. પછી શ્રીહરિ, સંતો, પાર્ષદો અને હરિભક્તો, બધા પ્રેમથી જમ્યા. ૧૭.

પછી શ્રીહરિએ ઘણા હેતથી હરિભક્તોને પ્રસાદીનો થાળ અપાવ્યો અને પ્રભુએ પોતે હાથ તથા મુખકમળ ધોયા. પછી મુખવાસ લઈ આસન ઉપર વિરાજમાન થયા. ૧૮. સુંદર સુખદાયક શ્રીહરિને માટે સારા બિછાના તૈયાર કરાવી પોતાનાં ઘરમાં પધરાવ્યા. અગરું ચંદનનો ધૂપ, અનુપમ દીવો અને સુખરૂપ કેસરયુક્ત ચંદન ઘસી રાખ્યું હતું. ૧૯. સારા સુગંધી ફૂલોના હાર, વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ સારાં ઘરેણાં વગેરે તૈયાર કર્યા હતા. શ્રીહરિના બધા અંગ ઉપર ચંદનનો લેપ કરી અને ઉમંગથી કુંકુમનો ચાંદલો કર્યો. ૨૦.

શ્રીહરિના એકાંતિક ભક્તોએ ફૂલના હાર આદિક આભૂષણો પહેરાવ્યા. તે વખતની શોભાને તે ભક્તો ગદ્‌ગદિતભાવે જોઈ રહ્યા હતા. મસ્તક ઉપર એક જરિયાની રેશમી પાઘ બંધાવી અને એક

जरकसि चिरा शिश बंधावा, जरी दुपटा उपर ओढावा ॥२१॥

पूजा किन परम हुलसाई, निर्खी थकीत सूरमूनि पुलकाई ॥
प्रगटि बाति घृत सरस कपुरा, करत निरजन हर्ख प्रचूरा ॥२२॥

बाजत दुदंभि झांझ मृदंगा, घंटा झालरी शंख उत्तंगा ॥
करी पुष्पांजली लागे पाई, निर्खे प्रेम जन कर सुखदाई ॥२३॥

मुदीत होई बोले अविनाशा, हरिजन धन्य सकल मम दासा ॥
बडभागी तुम सम कोउ नाई, अचल प्रित मम चरन माई ॥२४॥

प्रनतकामद क्रिपा निकेता, चाले याँसुँ जन वृंद समेता ॥
रोजिद गाम कर द्वारे होई, दुष्ट गाम हरिजन नहि कोई ॥२५॥

आये पोलारपुर बहुनामी, हरिजन भाव बिलोकन स्वामी ॥

જરિયાની દુપટ્ટો ઓઢાડ્યો. ૨૧. હરિભક્તોએ અતિશય ઉત્સાહથી શ્રીહરિની પૂજા કરી. તેને જોઈને દેવતાઓ તથા મુનિઓ આશ્ચર્યની સાથે ખૂબ જ આનંદને પામ્યા.

પછી ઘીમાં પલાળેલી વાટની સાથે કપૂર પ્રગટાવીને ઘણા હરખથી શ્રીહરિની આરતી કરી. ૨૨. આરતી થઈ ત્યારે દુંદુભિ, ઝાંઝ, મૃદંગ, ઘંટા, ઝાંલર અને શંખ આદિક વાજિંત્રો ખૂબ ઊંચા ધ્વનિથી વાગતા હતા. આરતી પછી પુષ્પાજંલિ અર્પણ કરી અને પગે લાગ્યા. પ્રેમી ભક્તો સુખદાયક શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા. ૨૩.

તે વખતે અવિનાશી શ્રીહરિએ રાજી થઈને કહ્યું કે 'મારા આશ્રિત હરિભક્ત તમે બધા ધન્ય છો. અત્યારે તમારા સમાન બીજો કોઈ ભાગ્યશાળી નથી. કારણ કે તમને સહુને મારા ચરણકમળમાં અચળ પ્રીતિ છે. ૨૪. પ્રણામ કરનારાનાં મનનાં સંકલ્પને પરિપૂર્ણ કરનારા કૃપાનિધિ શ્રીહરિ બરવાળાથી પોતાના સંત હરિભક્તના સમુદાય સાથે ચાલ્યા. **રોજીદ** ગામ આગળ થઈને ચાલ્યા. ત્યાં કોઈ હરિભક્ત હતા નહિ, તેથી તે ગામ દુષ્ટ હતું. ૨૫.

बनिक रामजी हे तामांई, सुनी खबर आवत प्रभु आई ॥२६॥

प्रेम पुलकि सनमुख उठी धाये, निरखी नाथ छबी आनंद पाये ॥
करी अष्टांग जोरी जुग पानी, बोले बिनीत सुधामय बानी ॥२७॥

बडी क्रीपा कीनी मुनि नाथा, किये सनाथ आज्युं सुखपाथा ॥
होई सादर प्रभुको ले आये, करी प्रित प्रभुको पधुराये ॥२८॥

दोहा : संत हरिजन सबहीका, दिना सुभग निवास ॥
बिविधि भ्राती लाये सबे, सामग्री हरिदास ॥२९॥

रसोई कीजे करुनाधन, तुम कारन महाराज ॥
उठो संतजन सुज्ञतर, रसोई करन के काज ॥३०॥

सोरठा : उठे श्रीरामप्रताप, पाक करन निज नाथ हित ॥

❁ પોલારપુર ગામના ભક્તોની ભાવના તથા ભોજનલીલા :

આગળ જતા બહુનામી શ્રીહરિ **પોલારપુર** ગામ આવ્યા. શ્રીહરિને હરિભક્તોનો ભાવ જાણવો હતો. પોલારપુરમાં રામજી શેઠ નામે વણિક ખૂબ સારા ભક્ત હતા. તેણે શ્રીહરિ પધાર્યા છે તેવા ખબર સાંભળ્યા. ૨૬. તેથી તેઓ પ્રેમથી રોમાંચિત થઈને શ્રીહરિની સન્મુખ દોડતા આવ્યા. નાથ શ્રીહરિની છબીને જોઈને મનમાં ખૂબ જ આનંદ પામ્યા. તેમણે આવીને દંડવત્પ્રણામ કર્યા. પછી બંને હાથ જોડીને વિનયભરી અમૃત જેવી વાણી બોલ્યા, ૨૭. 'મુનિનાથ, આપે અમારા ઉપર બહુ મોટી કૃપા કરી છે. સુખસાગર આપે અમને આજે સનાથ કર્યા છે.' આ રીતે આદરભાવથી શ્રીહરિને પોતાના ગામમાં લઈ આવ્યા અને ઘણા પ્રેમથી પોતાનાં ઘેર પધરાવ્યા. ૨૮. પછી બધા સંતો તથા હરિભક્તોને સારા ઉતારા કરાવ્યા અને ત્યાંના હરિભક્તો જાત જાતની બધી સામગ્રી લઈ આવ્યા. ૨૯.

હરિભક્તોએ શ્રીહરિને કહ્યું કે 'મહારાજ ! કરુણાનિધિ ! આપને તથા સહુને માટે રસોઈ તૈયાર કરાવો.' ત્યારે શ્રીહરિ બોલ્યા કે 'બધા

संत परम निष्पाप, किन रसोई सरस शुभ ॥३१॥
उठीये अखिल जग ईश, भई रसोई सुंदर सकल ॥
बेठे जेवन जगदीश, नाई पुनित शुभ पाटपर ॥३२॥

चोपाई :

खटरस बिंजन सुभग सुधारी, भरि सुभग कंचन जलझारी ॥
कंचन थाल परोसी आना, जेवत बेठे क्रिपा निधाना ॥३३॥
भरत ग्राह लघु होरे होरे, जन चकोर चितवत चहुओरे ॥
दूध भात मिसरि मंहि सानी, जेवत जगपती पीवत पानी ॥३४॥
बहुत बिंजन जेये भगवंता, नाम गीनत आवत नहीअंता ॥
अतही अघाई जेये सुखदानी, प्रक्षालेउ बदन जुग पानी ॥३५॥

કુશળ સંતો તમે રસોઈ બનાવવા માટે ઊઠો.' ૩૦. તે પછી પોતાના નાથ શ્રીહરિને માટે રસોઈ કરવા માટે શ્રીરામપ્રતાપજીભાઈ ઊઠ્યા અને પરમ નિષ્પાપ સંતોએ પણ ઘણી સારી રસોઈ બનાવી. ૩૧.

'સર્વ જગતના સ્વામી આપ હવે જમવા ઊઠો. બધી સુંદર રસોઈ તૈયાર થઈ ગઈ છે.' આમ જ્યારે કહ્યું ત્યારે જગદીશ્વર શ્રીહરિ ઊઠ્યા, સ્નાન કર્યું અને એક સારા બાજોઠ ઉપર જમવા બેઠા. ૩૨. છ રસથી પૂર્ણ સુંદર, સારી રીતે રસોઈ બનાવી હતી અને સુંદર સોનાની જળઝારી ભરીને ત્યાં મૂકી હતી.

જ્યારે સોનાના થાળમાં બધી રસોઈ પીરસી, પછી કૃપાનિધિ શ્રીહરિ જમવા લાગ્યા. ૩૩. શ્રીહરિ ધીરે ધીરે નાના કોળિયા લઈને જમતા હતા. ભક્તરૂપી ચકોર ચારેય બાજુ ઊભા રહીને મુખચંદ્રનાં દર્શન કરતા હતા. ભાતમાં દૂધ અને સાકર મેળવીને જગત્પતિ શ્રીહરિ જમતા હતા અને વચ્ચે વચ્ચે પાણી પણ પીતા હતા. ૩૪. ભગવાન શ્રીહરિ ભોજનમાં ઘણા પદાર્થો જમ્યા. તેનાં નામ ગણતા કોઈ પાર આવતો નથી. સુખદાયક શ્રીહરિ ખૂબ તૃપ્ત થઈને જમ્યા. પછી મુખ તથા બંને

बेठे आसन ले मुखबासा, बेठे पास आई नीजदासा ॥
भई पंक्ति संतनकी च्यारु, बेठे जेंवत भक्त उदारु ॥३६॥
भाँति भाँति के भोजन नाना, मौक्तिक मोदक बहु पकवाना ॥
उपर ओदन मिसरी क्षीरा, बहुत अघाय जेये मुनि धीरा ॥३७॥
अचवन करी बैठे संत आई, पुजत हे हरिजन हरखाई ॥
चंदन पुष्प पुजि वृषलाला, ओढावा वर शाल दुशाला ॥३८॥
पुजे संत चंदन ले हारा, परे पाय करी बिनय अपारा ॥
मुदित भये श्रीधर्मकुमारा, दिनेउ जनका प्रसादि हारा ॥३९॥
किंन तैयारी संत सब साथा, भवमोचन आये भिमनाथा ॥
सूज्ञ गूंमांनगिर माहंता, धर्मकुंवर पद प्रीत अत्यंता ॥४०॥

હાથ ધોયા. ૩૫. મુખવાસ લઈને જ્યારે શ્રીહરિ આસન ઉપર બેઠા ત્યારે બધા ભક્તજનો પાસે આવ્યા. પછી સંતોની સુંદર પંગત થઈ અને બધા બીજા પણ ભક્તો તેમની સાથે જમવા માટે બેઠા. ૩૬. રસોઈમાં જાત જાતનાં અનેક ભોજન કર્યાં હતાં અને મોતૈયા લાડુ તથા બીજા પકવાન પણ ઘણા કર્યા હતા. વળી ભાતની સાથે સાકર અને દૂધ પીરસ્યું તેને ધીરજવાળા મુનિઓ ખૂબ જ તૃપ્ત થઈને જમ્યા. ૩૭.

પછી સંતો જળપાન કરી અને આવ્યા ત્યારે હરિભક્તો હરખાઈને પૂજા કરવા લાગ્યા. ચંદન અને પુષ્પ ઈત્યાદિકથી ધર્મપુત્ર શ્રીહરિની પૂજા કરીને સારા શાલ દુશાલા ઓઢાડ્યા. ૩૮. પછી સંતોને પણ ચંદન તથા પુષ્પહારથી પૂજ્યા અને અપાર વિનય કરીને સહુ પગે લાગ્યા. પછી ધર્મકુમાર શ્રીહરિ સહુના ઉપર ખૂબ રાજી થયા અને તે ભક્તોને પ્રસાદીના ફૂલના હાર આપ્યા. ૩૯.

પછી સંસારથી મોક્ષ અપાવનારા શ્રીહરિએ સહુ સંતોને સાથે રાખીને પોલારપુરથી નીકળવાની તૈયારી કરી અને ચાલ્યા તે **ભીમનાથ** આવ્યા. ભીમનાથ મહાદેવના ઘણા જ્ઞાની **ગુમાનગીરી** નામના મહંત

सुनी सनमुख सादर उठी आवा, निर्खी नाथ अति आनंद पावा ॥
जोरी पानी बोला वर बांनी, भितर पधारिये रूप निधानी ॥४१॥
पावन किजे जगे तुमारी, अक्षरपति ईस अवतारी ॥
सुनी बावा कर बचन रसाला, उतरी परेउ प्रभु तत्काला ॥४२॥
सोरठा : आई के मंगल रुप, किये दर्शन भीमनाथ कर ॥
बंदन करी सुर भूप, भेट धरी मुद्रिका शुभग ॥४३॥
पधराये करी प्रित, निज हर्म्य पर हर्ख जूत ॥
जन्म सुफल करी लीत, गोसांवि वर गुंमानगर ॥४४॥
दोहा : रसबती सरस करायके, जेवाये जगवृंद ॥
जेये संत हरिजन सकल, पाये परमानंद ॥४५॥

હતા અને તેમને ધર્મકુંવર શ્રીહરિના ચરણોમાં અત્યંત પ્રેમ હતો. ૪૦. શ્રીહરિ પધારે છે, તેવા સમાચાર સાંભળીને મહંત આદરભાવથી ઊઠીને સન્મુખ આવ્યા. ભક્તપતિ શ્રીહરિનાં દર્શન કરીને મહંતને અતિશય આનંદ થયો.

પછી તેણે હાથ જોડીને ઘણા સુંદર શબ્દો કહ્યા કે 'રૂપનિધાન મહારાજ ! આપ મંદિરમાં પધારો. અક્ષરાધિપતિ અવતારી આપ આ જગ્યાને પવિત્ર કરો. કારણ કે તે આપની જ છે. પછી તે મહંતના સુંદર વચન સાંભળીને પ્રભુ શ્રીહરિ તત્કાળ ત્યાં ઊતર્યા. ૪૧-૪૨. શ્રીહરિએ ત્યાં આવીને ભીમનાથ મહાદેવના મંગળ સ્વરૂપનાં દર્શન કર્યાં અને સુરરાજ મહાદેવજીને વંદન કરીને સારી એક વીંટી ભેટ ધરી. ૪૩. પછી ઘણા હરખભર્યા ગોસાઈ મહંત ગુમાનગરે ઘણા પ્રેમથી શ્રીહરિને પોતાના મઠની મેડી ઉપર પધરાવ્યા અને પોતાનો જન્મ સુફળ કરી લીધો. ૪૪. મહંતે સરસ રસોઈ કરાવીને જગદ્વંદ્ય શ્રીહરિને તથા સહુ સંત હરિભક્તોને જમાડ્યા અને તેનાથી સહુને ઘણો આનંદ થયો. ૪૫.

रहे रात एक प्रगट प्रभु, सहजानंद साक्षात ॥
फिरत प्रेमानंद पुलकी संग, निरखि प्रगट गुन गात ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते दर्शपर्शने हरिजन आनंददायक श्रीहरि देशागमन नामा पंचचत्वारिंशोऽध्याय: ।।४५।।



अध्याय - ४६

दोहा : करी करुंना कारुन्यनिधि, नारायन घनशामा ॥
संत हरिजन ज्युत आवे प्रभु, सुभग श्रीबागड गाम ॥०१॥
आये गाम कर अधिपति, क्षत्रिय कुल सिंगार ॥
भोजाभाई भीमजी, मुलुभाई आदि अपार ॥०२॥

સાક્ષાત્ પ્રગટ પ્રભુ સહજાનંદ સ્વામી ભીમનાથમાં એક રાત રહ્યા. **પ્રેમાનંદ સ્વામી કહે છે કે હું તેમની સાથે આનંદથી ફરતો હતો અને તે પ્રત્યક્ષ પ્રભુની લીલાને નજરે દેખીને તેમના ગુણ ગાઉં છું.** ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'સત્સંગમાં વિચરતા શ્રીહરિ ભીમનાથમાં એક રાત રહ્યા' એ નામે પિસ્તાળીશમો અધ્યાય સમાપ્ત-૪૫



અધ્યાય - ૪૬

વાગડ ગામની લીલાનું વર્ણન

કરુણાનિધિ ઘનશ્યામ શ્રીસ્વામિનારાયણ પ્રભુ કરુણા કરીને સંતો તથા હરિભક્તોની સાથે સુંદર **વાગડ** ગામ આવ્યા. ૧. ત્યાંના ગામધણી ક્ષત્રિય કુળના શણગાર જેવા દરબાર ભોજાભાઈ, ભીમભાઈ અને મૂળુભાઈ આદિક અપાર હરિભક્તો સન્મુખ આવ્યા. ૨. પુરુષોત્તમ ભગવાન શ્રીહરિનું સારી રીતે સન્માન કરીને તે બધા દરબારો શ્રીહરિને

सोरठा : करी सब बिधि सनमान, ले आये प्रभु भुवन निज ॥
पुरुषोत्तम भगवान, पधराये प्रभु पलंग पर ॥०३॥
बांधे अश्व करी प्यार, प्रित सहित निज दुर्गमंहि ॥
आनी उमंग अपार, उतारे संत भक्त सब ॥०४॥

चोपाई :
किन उतारा संत हरिदासा, प्रभु पास सब किन निवासा ॥
हरख सहित नारी नरवृंदा, निरखत नाथ चकोर ज्युं चंदा ॥०५॥
हरिजन गामके हरख सहिता, अविलोकत प्रभु का एकचित्ता ॥
अन्न रु तृन अश्वन हित लाये, सुंदर शितल जल भरी पाये ॥०६॥
पूछत हे हरिजन कर जोरी, किन सामान नाथ एक ठोरी ॥
रसवती करनकी अग्या दीजे, अब कछु बिलंब नाथ ना किजे ॥०७॥

પોતાના ગામમાં લઈ આવ્યા અને પોતાના દરબારગઢમાં પલંગ ઉપર પધરાવ્યા. ૩. ઘણા પ્રેમથી સહુના ઘોડાને દરબારગઢમાં બંધાવ્યા અને ઘણા ઉમંગથી સંતો તથા બધા હરિભક્તોના ઉતારા કરાવ્યા. ૪.

ઉતારા કર્યા પછી બધા સંતો તથા હરિભક્તો શ્રીહરિની પાસે આવીને રહ્યા હતા. **જેમ ચકોર પક્ષી ચંદ્રમાને જોઈ રહે છે તેમ વાગડના હરિભક્ત નરનારીઓ બધા જ ઘણા હરખથી શ્રીહરિનાં મુખારવિંદને જોઈ રહ્યા હતા.** ૫. ગામના જેટલા હરિભક્તો હતા તે એકાગ્ર ચિત્ત થઈને ઘણા હરખથી પ્રભુ શ્રીહરિનાં દર્શન કરતા હતા. પછી તે બધા ઘોડાને માટે ઘાસ, ચંદી હેતથી લાવ્યા અને સુંદર ઠંડું પાણી પણ ભરીને લાવ્યા હતા. ૬.

❀ વાગડમાં શ્રીહરિએ કહેલ પ્રગટ ભગવાનનો મહિમા :

વાગડના હરિભક્તોએ હાથ જોડીને પૂછ્યું કે ‘હે નાથ ! અમે એક જગ્યાએ રસોઈનો સામાન એકઠો કર્યો છે. હવે રસોઈ બનાવવાની આજ્ઞા આપો. હવે કાંઈ વિલંબ ન કરાવશો.’ ૭. પછી નાથ શ્રીહરિએ

कहत नाथ सुनो संत ब्रह्मचारी, पाकारंभ करो भंडारी ॥
उठे संत जन सुज्ञ सुजाना, पाक करन मंहि कुशल सयाना ॥०८॥
रामप्रताप उठे महाराजा, रसवती करन बंधु हरि काजा ॥
पुराधिपति सकल नरेशा, प्रभु पास बैठे सकलेशा ॥०९॥
करत बात अस अंतरजामी, सबकर मनकि जानत स्वामी ॥
जेही प्रभु शकुली तनुं धारा, जेही प्रभु लिन कुर्म अवतारा ॥१०॥
जेहि प्रभु शुकर तनुं लिना, नरहरि रूप प्रभु भये प्रविना ॥
जेही प्रभु बने वामन रुपा, भ्रगुपति रघुपति भये अनुपा ॥११॥
हलधर बुद्ध कल्की वपुधारी, सब कर कारन कृष्ण मुरारी ॥
सोउ आज्य तुहरे घरे आये, नेति नेति कही निगम ही गाये ॥१२॥
श्रीमद् भगवत मंहि बहु भाँति, बर्नि व्यास किर करी खांती ॥

કહ્યું 'હે સંતો વર્ણીઓ ! જે ભંડારી હોય તે રસોઈનો આરંભ કરો.' પછી જે રસોઈ બનાવવામાં કુશળ હતા એવા શાણા સુજાણ સંતો ઊભા થયા. ૮. તે વખતે રામપ્રતાપજી મહારાજ પોતાના નાના ભાઈ શ્રીહરિને માટે રસોઈ કરવા ઊઠ્યા. તે સમયે ગામધણી જે બધા દરબારો હતા, તે બધા સકલેશ્વર શ્રીહરિની પાસે બેઠા હતા. ૯.

અંતર્યામી પ્રભુ શ્રીહરિ સહુનાં મનની વાત જાણીને તે સમયે બોલવા લાગ્યા કે **'જે પ્રભુએ મત્સ્ય અવતાર તથા કૂર્મ અવતાર ધારણ કર્યો હતો. ૧૦. વળી જે પ્રભુ વરાહ અને પરમ નિપુણ નરસિંહરૂપે થયા હતા, તેમજ વામન, પરશુરામ અને અનુપમ રઘુપતિ રામચંદ્રરૂપે થયા હતા, ૧૧. હળધર બલરામજી અને બુદ્ધ સ્વરૂપ ધાર્યું હતું અને જે કલ્કિ સ્વરૂપને ધારણ કરશે. જેને વેદો 'નેતિ નેતિ' કહીને ગાય છે તે બધાનાં કારણ એક મુરારિ શ્રીકૃષ્ણ પ્રભુ છે તે પ્રત્યક્ષ ભગવાન આજ તમારે સહુને ઘેર આવ્યા છે. ૧૨.** શ્રીમદ્ ભાગવત પુરાણમાં અનેક રીતે વ્યાસમુનિ અને શુકદેવજીએ ખંત કરીને જે વાતનું વર્ણન કર્યું છે,

सोउ श्रीकृष्ण करी अनुरागा, भुवन तुमारे आये बडभागा ॥१३॥
यामंहि झुंठ रंच जिन जानो, बचन हमार सत्य करी मानो ॥
तब तिनही निश्चे करी जाना, सो यह स्वामी श्रीभगवाना ॥१४॥

दोहा : तुम ज्यो कहा सो सत्य प्रभु, दृढ निश्चे हम किन ॥
सो तुम बैठे प्रगट प्रभु, ईश्वर नर तनु लिन ॥१५॥
अनेक पतित ओधार हित, प्रगट भये सुखकंद ॥
कलि मल मत सब छेदी करी, तारेउ नर त्रिया वृंद ॥१६॥

सोरठा : करी करुना किरतार, दिन दर्श अशरन शरन ॥
श्रीहरि धर्मकुमार, येहि कारन प्रगटेउ सुखद ॥१७॥
अक्षरपति अविनाश, जग कारन तारन पतित ॥

હે ભાગ્યશાળી દરબારો ! તે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાન પ્રેમથી આજ તમારે સહુને ઘેર આવ્યા છે. ૧૩. **આ મેં જે કહ્યું તેમાં રંચમાત્ર પણ મિથ્યા જાણવું નહિ. અમારી વાતને તમે સત્ય માનો.' શ્રીહરિનાં આવાં વચન સાંભળીને તે સહુ દરબારોએ મનમાં નિશ્ચિત જાણ્યું કે જે અહીં કહ્યું તે જ પ્રગટ ભગવાન આ સહજાનંદ સ્વામી છે.** ૧૪.

પછી સહુ બોલ્યા કે 'હે પ્રભુ ! આપે જે કહ્યું તે સત્ય જ છે અને અમે તે સત્યસ્વરૂપનો દૃઢ નિશ્ચય કર્યો છે. તમે જ આપ સર્વાધિપતિ પ્રગટ પરમેશ્વરે મનુષ્ય શરીર ધારણ કર્યું છે. ૧૫. અનેક પતિત જીવોનો ઉદ્ધાર કરવા માટે સર્વ સુખનું મૂળ આપ પ્રગટ થયા છો. આપે કળિયુગના મળ જેવા બધા મતપંથીઓને ઉખાડી નાખીને અનેક સ્ત્રી પુરુષોના સમુદાયનો ઉદ્ધાર કર્યો છે. ૧૬. સર્વ કર્તા અને અશરણશરણ એવા આપે કરુણા કરીને અમને દર્શન આપ્યાં છે. અને તેટલા માટે જ સુખને આપનારા ધર્મકુમાર એવા શ્રીહરિ આપ પ્રગટ થયા છો. ૧૭. અક્ષરાધિપતિ સર્વ જગતનું કારણ અને અવિનાશી એવા આપે પતિતોને તારવા માટે તેમના પાપના પાશોને કાપી નાંખ્યા છે, તેમજ નરનારીઓનાં મૂળ અજ્ઞાનને પણ કાપી નાંખ્યું છે.' ૧૮.

कापेउ कल्मश पास, मूल अग्यान नर नारीकर ॥१८॥

चोपाई :

बात करत भई बिलंब घनेरी, भई रसवति सुंदर हरि केरी ॥
आवा बर्निराज मुंकुंदा, जोरी पानि बोला सुखकंदा ॥१९॥
भई रसोई सुंदर सुखपाथा, चलिये जेंवन सुरमुनि नाथा ॥
उठे अखिल भुवनपति स्वामी, जेंवन काज सकल सुखधामी ॥२०॥
बर्नि पुनित एक पाट बिछावा, सरित भाद्रकर जल भरी लावा ॥
बैठे नाथ पाट पर आई, शितल जल मंहि उष्ण मिलाई ॥२१॥
प्रथम चरन प्रक्षालन किना, लेई कलश करमेंसुं नविना ॥
डारत जल अंग पर बहुनामी, पुनि पुनि वदन शिश पर स्वामी ॥२२॥

❁ વાગડ ગામમાં શ્રીહરિ તથા સંતોની ભોજન, પૂજનલીલા :

આ રીતે વાત કરતા કરતા ઘણો વિલંબ થઈ રહ્યો અને શ્રીહરિને માટે રસોઈ પણ સુંદર તૈયાર થઈ ગઈ. તે વખતે વર્ણિરાજ મુકુંદાનંદજી આવ્યા અને સુખનાં મૂળરૂપ શ્રીહરિની આગળ બોલ્યા, ૧૯. 'હે સુખસાગર મહારાજ ! સુંદર રસોઈ તૈયાર થઈ ગઈ છે. હે સુરમુનિનાથ ! આપ જમવા ચાલો.' ત્યારે સમગ્ર જગતના માલિક અને સમગ્ર સુખનાં આશ્રયભૂત આવા શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૨૦. તે સમયે ત્યાં મુકુંદવર્ણીએ એક પાટ ઢાળી અને ભાદર નદીનું પાણી ભરી લાવ્યા. જ્યારે નાથ શ્રીહરિ પાટ ઉપર આવીને બેઠા ત્યારે ભાદર નદીના ઠંડાં પાણીમાં થોડું ગરમ પાણી ભેળવ્યું. ૨૧. પછી હાથમાં સારો નવો કળશ લઈને પહેલા શ્રીહરિના ચરણ ધોયા. પછી બહુનામી સ્વામી શ્રીહરિ પોતાના શરીર ઉપર પાણી નાખવા લાગ્યા. તેમાં વારંવાર મુખ તથા મસ્તક ઉપર નાખતા હતા. ૨૨.

તે સમયે વર્ણિરાજ મુકુંદાનંદજી શ્રીહરિનાં શરીરને ચોળતા હતા. જે મૂર્તિની શોભાને દેખનારાની આંખો લોભાઈ જતી હતી. સુંદર ધર્મપુત્ર

करत मर्दन तन बर्नि राया, तन छबि निर्खत नेन लोभायो ॥
नाई रहे सुंदर वृष लाला, अंग अंगोछत ले रूमाला ॥२३॥
पहिरा पित कौशेय पुनिता, पहेरी पादुका विश्व बिदीता ॥
कर नक्तक ले सुंदर रूपा, गये चौका मंहि सुरमुनि भूपा ॥२४॥
बैठे पाट पर परम दयाला, भरी खटरस कर कंचन थाला ॥
जेष्ठ बंधु शुभ किन रसोई, जेवत भक्तपति मुद होई ॥२५॥
मोतीचुर जेवत जगवंदा, सुंदर शशकुली सुखकंदा ॥
पैंडा बरफी सरस बनाई, सूत्रफेनि जेवत सुखदाई ॥२६॥
पुरी लुचई बरा कचोरी, दूधपाक संजाव बहोरी ॥
भाँति भाँति तरकारी रुं भाजी, जेवत परम पुरुष होई राजी ॥२७॥
दहींबरा जेवत प्रभु प्रीते, ओदन सुप परम रस रीते ॥

શ્રીહરિ સ્નાન કરી રહ્યા પછી રૂમાલ લઈને શરીરને કોરું કરવા લાગ્યા. ૨૩. પછી શ્રીહરિએ પીળું રેશમી પવિત્ર વસ્ત્ર પહેર્યું અને સહુ જાણે તેવી સુંદર ચાખડીઓ પહેરી. હાથમાં એક સુંદર રૂમાલ લીધો અને સુરમુનિભૂપ શ્રીહરિ ચોકામાં પધાર્યા. ૨૪. પરમ દયાળુ શ્રીહરિ પાટ ઉપર બેઠા. ત્યારે છ રસથી ભરપૂર ભોજન પીરસેલો સોનાનો થાળ લાવીને મૂક્યો. મોટાભાઈ રામપ્રતાપજીએ આ શુભ રસોઈ કરાવી હતી. તેને ભક્તપતિ શ્રીહરિએ ખૂબ પ્રસન્ન મનથી જમવા લાગ્યા. ૨૫.

જગદ્વંદ્ય અને સર્વનાં મૂળ જેવા ભગવાન શ્રીહરિ મોતીચૂર તથા સુંદર જલેબી જમવા લાગ્યા. પેંડા તથા સરસ બનાવેલી બરફી અને સુતરફેણીને પણ સુખદાયક શ્રીહરિ જમવા લાગ્યા. ૨૬. પોચી પૂરી, વડાં, કચોરી, દૂધપાક, ઘણો સરસ શીરો અને ભાત ભાતના શાકભાજી વગેરે ભોજનને પરમ પુરુષ શ્રીહરિ રાજી થઈને જમવા લાગ્યા.૨૭. પ્રભુ ઘણા પ્રેમથી દહીંવડાને જમતા હતા તેમજ દાળ ભાતને પણ સરસ રીતે જમવા લાગ્યા. દૂધ અને સાકર ભાતમાં નાખી, જગતના

पय सर्करा रु ओदन सांनी, जेवत जीवन करत बखानी ॥२८॥

दोहा : आज रसोई सरस बनी, जेये हम बहोत अघाई ॥
अस कही किना आचवन, धर्मकुंवर हरिराय ॥२९॥

दीन प्रसादी थाल प्रभु, हरिजनन का हरखाई ॥
ले बीरा मुखवास हरि, बेठे पलंग पर आई ॥३०॥

सोरठा : जेयत रामप्रताप, जेष्ठ बंधु सुख सदन कर ॥
अस बोले हरि आप, करउ पंक्ति संत भक्त जन ॥३१॥

जेएउ बरनि महाराज, अचवन करी आयेउ तुरत ॥
संतहि परोसन काज, ठाडे भये प्रभु कशी कमर ॥३२॥

चोपाई :
पिरसत प्रभु मोदक निज हाथा, धर्मकुंवर मुनी कर नाथा ॥

જીવનરૂપ ભગવાન શ્રીહરિ વખાણીને જમવા લાગ્યા. ૨૮. 'આજે રસોઈ ઘણી સરસ થઈ છે. અમે જમીને ખૂબ તૃપ્ત થયા છીએ.' આમ કહીને ધર્મકુમાર ભગવાન શ્રીહરિરાયે ચળુ કરીને જળપાન કર્યું. ૨૯. પછી શ્રીહરિએ ઘણા રાજીપાથી હરિભક્તોને પ્રસાદીનો થાળ આપ્યો. પછી મોટાભાઈ પાસેથી મુખવાસ લઈને શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૩૦. સુખનાં આશ્રય આવા શ્રીહરિના મોટા બંધુ રામપ્રતાપજી પણ જમ્યા. પછી સ્વયં શ્રીહરિ એમ બોલ્યા કે 'સંતો તથા હરિભક્તોની પંગત કરો.' ૩૧. તે વખતે વર્ણિરાજ મુકુંદાનંદ વર્ણી પણ જમી, ચળુ કરીને અને પાણી પીઈને તરત ત્યાં આવ્યા.

પ્રભુ શ્રીહરિ સંતોને પીરસવાને માટે ઊભા થયા અને વસ્ત્રથી કસીને કમરને બાંધી. ૩૨. સંતોના નાથ, ધર્મકુમાર, પ્રભુ શ્રીહરિ પોતાને હાથે લાડુ પીરસવા લાગ્યા. જ્યારે વર્ણીઓનું મંડળ આવીને પીરસવા લાગ્યું ત્યારે હરિભક્તો લેતા હતા પણ સંતોએ લેવાની ના પાડી. ૩૩. 'બ્રહ્મચારી, અમે તમારા હાથનું પીરસેલું નહિ લઈએ.

पिरसत बरनी मंडल आई, हरिजन लेत संत कहेनाई ॥३३॥
तुंहरे हाथ का हम ना लईहुं, दैहे महाप्रभु तब हम खैहुं ॥
श्रवण सुनी प्रभु संतकि बानी, हसत मंद करत हे अघहानी ॥३४॥
देने लगे दश दश अरु बीसा, कोउ कोउ का प्रभु देत पचीसा ॥
ब्रह्मधाम के मुक्त सो आये, गोलोक बासि सब उठि धाये ॥३५॥
श्वेतद्वीप कर मुक्त अपारा, बद्रीआश्रम बासी उदारा ॥
बैठे संत पंक्तिमही आई, प्रभु देखे और देखत नाई ॥३६॥
नाथ परोसत बारही बारे, लेउ मोदक प्रभु मुखथी उचारे ॥
जेए संतजन बहुत अघाई, निर्खत सुर बेमान नभ छाई ॥३७॥
बरखत सूर सूमन झरलाई, धर्मकुंवरकी करत बडाई ॥
धन्य संत सहजानंद स्वामी, निजकर जेवावत बहुनामी ॥३८॥

જો મહાપ્રભુ પીરસશે તો અમે જમશું.' પ્રભુ શ્રીહરિએ સંતોની વાણી સાંભળી અને મરક મરક હસવા લાગ્યા કે જે હાસ્ય પાપોનો નાશ કરે તેવું હતું. ૩૪. શ્રીહરિ સંતોને દસ દસ અને વીશ વીશ લાડુ આપવા લાગ્યા. અરે ! કોઈ કોઈને તો પચીશ જેટલા લાડુ પીરસી દેતા હતા.

આ પંક્તિ જોઈને અક્ષરધામના મુક્તો આવ્યા અને ગોલોકવાસી મુક્તો પણ બધા અહીં આવવા માટે ઊઠીને દોડ્યા. ૩૫. **તે સમયે શ્વેતદ્વીપના અપાર મુક્તો અને બદરિકાશ્રમમાં રહેનારા ઉદાર મુક્તો પણ સંતોની પંક્તિમાં આવીને બેસી ગયા. તેને પ્રભુ શ્રીહરિ એક જ દેખતા હતા, બીજા કોઈ દેખી શકતા નહિ.** ૩૬. સર્વના નાથ સર્વ નિયંતા શ્રીહરિ વારંવાર પીરસતા હતા અને 'લાડુ લો..' એમ મુખથી બોલતા હતા. તે સમયે બધા સંતો ખૂબ જ તૃપ્ત થઈને જમ્યા. ત્યારે દર્શન કરવા આવેલા દેવતાઓના વિમાનોથી આકાશમાં છવાઈ ગયું હતું. ૩૭. તે વખતે દેવતાઓ પુષ્પની ઝડી વરસાવતા હતા અને ધર્મકુંવર શ્રીહરિની મોટપ બોલતા હતા, 'સહજાનંદ સ્વામીને ધન્ય છે કે જે બહુનામી પોતાના સંતોને આ રીતે જમાડી રહ્યા છે.' ૩૮.

जेये संत अति आनंद होई, उठे हस्त बदन निज धोई ॥
बैठे आई हरि के पासा, लाये पूजा नृप निज दासा ॥३९॥
बिविधि भाँति पटभूसन भारी, हेम मनी मय सरस सुन्यारी ॥
चंदन पुष्प दीप करी धूपा, कुमकुम अक्षत आनी अनुपा ॥४०॥
अंग अंग प्रति चरचि सूजाना, केसर चंदन कुमकुम नाना ॥
पुष्प कंकन भूजबंध रू हारा, धारे पुलकी श्रीधर्मकुमारा ॥४१॥
जरकसी चिरा कुसुमल भारी, शिश धरावा दृग सुखकारी ॥
नंग जटित भूषन पहीरावा, रेटा जरकसी उपरे ओढावा ॥४२॥
सोरठा : करत हे हरख सहित, निराजन सब भक्त जन ॥
करत धुंनि करी प्रीत, करतल ताल बजाईवर ॥४३॥
करी प्रनाम सांष्टांग, परे चरन हरिकृष्ण कर ॥

संतो ખૂબ જ આનંદિત થઈને જમ્યા. પછી પોતાના હાથ મુખ ધોઈને ઊઠ્યા. સહુ શ્રીહરિની પાસે આવીને બેઠા. ત્યારે પોતાના ભક્ત દરબારો પૂજાનો સામાન લઈને આવ્યા. ૩૯. જાત જાતનાં વસ્ત્ર અને રત્નજડિત સોનાના ભારે સુશોભિત સારાં આભૂષણો લાવ્યા હતા. ચંદન, પુષ્પ, દીપ, ધૂપ, કુંકુમ તથા ચોખા વગેરે અનુપમ પૂજાનો સામાન લાવ્યા હતા. ૪૦.

શાણા હરિભક્તોએ શ્રીહરિના અંગેઅંગ ઉપર કેસરયુક્ત ચંદન ચર્ચ્યુ અને કુંકુમના અનેક ચાંદલા કર્યા. ફૂલના કંકણ, બાજુબંધ અને હાર ખૂબ જ આનંદથી શ્રીધર્મકુમાર શ્રીહરિને ધરાવ્યા. ૪૧. કુસુંબી રંગનાં ભારે જરિયાની રેશમી વસ્ત્રની પાઘ શ્રીહરિને મસ્તકે ધરાવી. જે દર્શન કરનારને માટે અત્યંત સુખ આપનારી હતી. નંગજડિત ઘણા આભૂષણો ધરાવ્યા અને જરિયાની રેટો શરીર ઉપર ઓઢાડ્યો. ૪૨. બધા ભક્તજનોએ ઘણા હરખથી શ્રીહરિની આરતી કરી અને તે વખતે પ્રેમથી હાથની તાળીઓ પાડીને ઘણો જ ધ્વનિ કર્યો. ૪૩. પછી સહુ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરીને શ્રીહરિકૃષ્ણ પ્રભુના ચરણોમાં પડ્યા. આ

कर पूजा सांगोपांग, किन हरिजन हरख भर ॥४४॥

दोहा : भये प्रसन्न श्रीधर्मसुत, अखिल शक्तिधर श्याम ॥
दिव्य गुंजार नव वरद, पावन पुरन काम ॥४५॥

चले धर्मसूत कुंच करी, मंडल सहित मुरारी ॥
आये प्रभु गाम बगर मही, जात प्रेमानंद वारी ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते बागड गाम कर लीला बरनन नामा षट्चत्वारिंशोऽअध्याय: ।।४६।।



अध्याय - ४७

दोहा : बगड गाम कर नृपति शुभ, खाचर देसा नाम ॥
ताकर भुवन पधारे प्रभु, धर्मकुंवर सुखधाम ॥०१॥

રીતે સહુ હરિભક્તોએ હરખભેર શ્રીહરિની પૂજા સાંગોપાંગ કરી. ૪૪. આ રીતે સમગ્ર શક્તિને ધારણ કરનારા, ભક્તજનોને વર આપનારા, પરમ પવિત્ર, પૂર્ણકામ, ધર્મપુત્ર શ્રીહરિ આવા આરતી વગેરેના દિવ્ય ગુંજારવથી પ્રસન્ન થયા. ૪૫. પછી મુરારિ ધર્મપુત્ર શ્રીહરિ સંત હરિભક્તોના મંડળે સહિત વાગડથી કૂચ કરીને ચાલ્યા તે બગડ ગામ આવ્યા. તે પ્રભુને પ્રેમાનંદ સ્વામી બલિહારી જાય છે. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'વાગડ ગામની લીલાનું વર્ણન કર્યું' એ નામે છેતાળીશમો અધ્યાય સમાપ્ત-૪૬



અધ્યાય - ૪૭

શ્રીહરિએ બગડ ગામમાં કરેલી લીલાનું વર્ણન

બગડ ગામમાં દેહા ખાચર એવા શુભ નામે દરબાર હતા. સુખધામ પ્રભુ ધર્મકુમાર તેના દરબારમાં પધાર્યા. ૧. શ્રીહરિ જ્યારે

संत पदाति सहित प्रभु, हरिजन बर्नी वृंद ॥
अश्वारूढ जन अमित जुत, ऊतरे श्याम सुखकंद ॥०२॥

सोरठा : करी सुंदर सनमान, दिन उतारा सबन कर ॥
सुखमय शुभ स्वस्थान, भिन्न भिन्न ऊतरेउ सकल ॥०३॥

राज भुवन अभिराम, तहाँ ऊतरे प्रभु परम गुरू ॥
रचि सेज सुखधाम, पधराये करी प्रित हरि ॥०४॥

चोपाई :

राजभुवनकर सरस अटाली, राजत तहाँ रम्य बनमाली ॥
सभा जुरी तहाँ परम अनुपा, सभा सहित बैठे मूनि भूपा ॥०५॥

पुरूष नारी करी प्रित अपारा, आये बिलोकन धर्मकुमारा ॥
नीर्खी रूप रम्य रसरासी, चकित भये सकल पुरबासी ॥०६॥

બગડ ગયા ત્યારે પ્રભુની સાથે સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તોનો ઘણો સમુદાય હતો અને અપાર ઘોડેસવારો પણ હતા. સહુની સાથે સુખનાં મૂળરૂપ સુંદરશ્યામ ત્યાં બગડ ગામમાં દેહા ખાચરના દરબારમાં ઊતર્યા. ૨. દેહા ખાચરે શ્રીહરિનું ઘણું સુંદર સન્માન કર્યું અને સહુને ઉતારા આપ્યા. સહુને માટે સુખમય સારા નિવાસ સ્થાનો હતા એટલે સહુ અલગ અલગ જગ્યાએ ઊતર્યા. ૩. પરમગુરુ પ્રભુ શ્રીહરિ દેહા ખાચરના દરબારના સુંદર ઓરડામાં ઊતર્યા હતા. તેમાં સુંદર બિછાના બિછાવીને ઘણા પ્રેમથી સુખધામ શ્રીહરિને પધરાવ્યા. ૪. દરબારગઢની રમણીય, સુંદર અટારી હતી. તેના ઉપર વનમાળી શ્રીહરિ બિરાજમાન થતા. જ્યાં દરબારોને બેસવા માટેની રાવટી હતી ત્યાં મુનિરાય સભા કરીને બિરાજમાન થયા હતા. ૫.

❁ નીરખે પ્રગટ પ્રતાપ તેનાં બળે સર્વે પાપ :

તે સ્થળે ધર્મકુમાર શ્રીહરિના દર્શન કરવા માટે ઘણા પ્રેમથી અપાર નરનારીઓ આવ્યા. ગામના બધા લોકો રમણીય રૂપ રસના રાશિ જેવા

निर्खत एक टक पलक न पारे, मानु चित्र मही लीखे चितारे ॥
तेही अवसर अस रूप देखावा, निर्खी सभासद अचरज पावा ॥०७॥

छूटत तन मही तेज समूहा, हरत नेनकर कल्मष कुहा ॥
अति प्रताप ऐश्वर्य जनावा, भक्त अभक्त निर्खी मुदपावा ॥०८॥

तदनंतर नृपति जन देसा, प्रभुपद परसि बोला अवनेसा ॥
सुनो नाथ सब मुनि करराया, अश्वन हीत तृन अन पहुंचाया ॥०९॥

सब साम्रगी कीन तैयारी, रसोई काज सुंदर सुखकारी ॥
दिजे अग्या प्रभु संत बोलाई, रसवति करे सरस मनभाई ॥१०॥

करे रसोई बरनि व्रत धारी, कहो बोलाई भक्त भय हारी ॥
अश्वारूढ हे तुंहरि साथा, सो जेवही हमरे घर नाथा ॥११॥

શ્રીહરિનાં દર્શન કરીને આશ્ચર્યચકિત થયા. ૬. દર્શન કરનારા એકીટશે જ્યારે મુખારવિંદને દેખતા હતા ત્યારે તેની પલક પણ પડતી નહિ. અને માનો કોઈ ચિત્રકારે ચિત્રમાં આળેખ્યા હોય તેવા જણાતા હતા. તે સમયે શ્રીહરિએ પોતાનું એવું સ્વરૂપ બતાવ્યું હતું કે તેને જોઈને બધા સભાસદો આશ્ચર્ય પામી ગયા હતા. ૭. **તે સમયે શ્રીહરિનાં સ્વરૂપમાંથી તેજનો સમૂહ છૂટતો હતો. અને તે આંખથી દેખનારાનાં પાપનાં વાદળાં દૂર થઈ જતાં હતાં. શ્રીહરિએ ત્યાં પોતાનો અતિશય પ્રતાપ અને ઐશ્વર્ય એટલું જણાવ્યું કે તેને જોઈને ભક્ત તથા અભક્ત બધા જ રાજી થઈ ગયા હતા.** ૮.

તે પછી ત્યાંના રાજા દરબાર દેહા ખાચર શ્રીહરિના ચરણનો સ્પર્શ કરીને બોલ્યા, ‘હે મુનિરાજ નાથ ! આપ સાંભળો. ઘોડાઓને માટે ઘાસ તથા ચંદી પહોંચાડી દીધી છે. ૯. અને સુંદર, સુખકારી રસોઈ બનાવવાને માટે બધું સીધું સામાન તૈયાર કરી રાખ્યું છે. તો પ્રભુ, સંતોને બોલાવીને આજ્ઞા કરો કે તેઓ આવીને મનભાવી સરસ રસોઈ કરે. ૧૦. અને નૈષ્ઠિક વ્રતધારી વર્ણી પણ રસોઈ કરે. તો ભક્તના ભયને

हरीजन हीत करे बर्निसंता, बिलंभ न करे कहो भगवंता ॥
बर्निसंत का कहा घनशामा, अनुज बंधु सुनि ईछारामा ॥१२॥
ग्रही पितांबर भये तैयारी, रसवती करन काज भय हारी ॥
सुंदर सरस गोशाला मांई, करत रसोई बर्नि संत आई ॥१३॥
किना मोदक खंड प्रचुरा, एकाक्षर रसबस भरपूरा ॥
किन रसोई सरस हरि काजा, इच्छाराम बंधु द्विज राजा ॥१४॥
दोहा : कहा आई बर्निंद्रवर, मुंकुदानंद बटुराज ॥
उठीयो भोजन करन प्रभु, गोविंद गरीब निवाज ॥१५॥
भई रसोई तैयार प्रभु, उष्ण अमित गुनवान ॥
जेवनकाज पधारिये, शोभानिधि भगवान ॥१६॥

હરનારા આપ સહુને બોલાવીને કહો. હે નાથ હરિ ! આપની સાથે જે બધા સવારો છે તે અમારે ઘેર જમશે.' ૧૧. હે ભગવન્ ! આપ આજ્ઞા કરો કે બીજા હરિભક્તોને માટે વર્ણી તથા બધા સંતો રસોઈ બનાવે; તેમાં વિલંબ કરે નહિ.'

પછી ઘનશ્યામ શ્રીહરિએ વર્ણી તથા સંતોને રસોઈ બનાવવાનું કહ્યું. શ્રીહરિની આજ્ઞા સાંભળીને નાનાભાઈ ઇચ્છારામજી પણ ભયહારી શ્રીહરિની રસોઈ બનાવવા માટે પીતાંબર લઈને તૈયાર થયા. ત્યાં એક સુંદર સરસ ગૌશાળા હતી. ત્યાં આવીને વર્ણી તથા સંતો રસોઈ બનાવવા લાગ્યા. ૧૨-૧૩. ત્યાં પુષ્કળ ખાંડ નાખીને ઘીથી ભરપૂર લચપચતા લાડુ બનાવ્યા. અને દ્વિજરાજ નાનાભાઈ ઇચ્છારામજીએ શ્રીહરિને માટે પણ સરસ રસોઈ તૈયાર કરી. ૧૪.

પછી વર્ણિરાજ મુકુંદાનંદ બ્રહ્મચારીએ આવીને ગરીબનિવાજ પ્રભુ ગોવિંદને કહ્યું કે 'થાળ જમવા માટે ઊઠો.' ૧૫. અપરિમિત ગુણ સંપન્ન, શોભાનિધિ પ્રભુ ! ગરમ ગરમ રસોઈ જમવા માટે પધારો. ૧૬. સર્વ જગતના નાથ કમળનેત્ર શ્રીહરિ તે સમયે ઊઠ્યા અને ચાંખડીઓ પહેરી.

सोरठा : उठे अखिल जगदीश, पेरि पादुका कमल दृग ॥
राजहंस गति ईश, आये पाक तहाँ सुखसदन ॥१७॥
ढारी पाट रुचिर, मुकुंदानंद नैष्ठिक जति ॥
लई सरस शुभ नीर, भरा कनक घट माटवर ॥१८॥

चोपाई :
बैठे पाट पर परम सुधीरा, करत स्नान रमनीय रुचिरा ॥
निज कर कलस ग्रहिके नाथा, करत स्नान सुखद सुख पाथा ॥१९॥
करत मर्द तन बर्निराया, नीर्खि जनमन दृग ललचाया ॥
सित उष्ण जल परम पुनिता, डारत तन पर पुनि पुनि मिता ॥२०॥
कर नक्तक ले अंग अंगोछी, बदन शीश कर चरननी पोंछी ॥

અને રાજહંસની ગતિથી ચાલતાં ચાલતાં સુખના આશ્રયભૂત પરમેશ્વર શ્રીહરિ જ્યાં રસોઈ થઈ હતી ત્યાં આવ્યા. ૧૭. નૈષ્ઠિકવર્ય મુકુંદાનંદ વર્ણીએ એક સરસ પાટ ઢાળી. ત્યાં સોનાનો કળશ અને સુંદર માટીના ઘડામાં સરસ શુભ પાણી લાવીને ભરી રાખ્યું હતું. ૧૮.

અત્યંત ધીર સ્વભાવવાળા પ્રભુ પાટ ઉપર બેઠા અને સુંદર રમણીય સ્નાન કર્યું. સુખસાગર નાથ શ્રીહરિએ પોતાના હાથમાં કળશ લઈને સુખકારી સ્નાન કર્યું. ૧૯. તે સમયે વર્ણિરાજ શ્રીહરિનાં શરીરને ચોળતા હતા ત્યારે ભક્તજનોનાં મન અને દૃષ્ટિ તેમાં લલચાઈ જતી હતી. ચોખ્ખું, પવિત્ર, સમશીતોષ્ણ જળ લઈને વારંવાર થોડું થોડું શરીર ઉપર નાંખતા હતા. ૨૦. તે પછી હાથમાં રૂમાલ લઈને પોતાનાં શરીરને લૂછ્યું. મુખ, મસ્તક, કર અને ચરણને પણ લૂછ્યા. ઝીણું, ઘાટું, શ્વેત ધોતિયું પહેરીને રંગલહેરી શ્રીહરિએ હાથમાં રૂમાલ લીધો. ચરણમાં પાદુકા પહેરીને આવ્યા અને ત્યાં બિરાજમાન થયા.

તે સમયે શ્રીહરિનાં રૂપને દેખીને કામનો ગણ પણ લજ્જિત થઈ ગયો. શુદ્ધ બાજોઠના ઉપર એક સરસ રેશમી આસન પાથર્યું. પછી

सुक्षम सघन श्वेत पट पहेरी, ले रूमाल कर मंहि रंग लहेरी ॥२१॥
पहिरी पादुका आई बिराजे, लिखि रूप मनमथगन लाजे ॥
पुनित पाट पर डारा दुकुला, बैठे ता पर मंगलमूला ॥२२॥
कंचन थाल परोसि आंना, खटरस चार प्रकार सुनाना ॥
भक्ष्य भोज्य लेह्य चोस्य सुच्यारू, जेवत रूचि रूचि धर्मकुमारू ॥२३॥
भरत ग्रास प्रभु होरे होरे, पियत पानि कनक कटोरे ॥
भाँति भाँति के भोजन नाना, नाम गीनत अहिपति सकुचांना ॥२४॥
एक रसना कहा करू बखाना, बिविध भाँति भोजन पकवाना ॥
मोतिचुर जलेबी खाजा, पैंडा बर्फी जेवत मुनी राजा ॥२५॥
सिखरन बासुंदी सरस बनाई, दुधपाक जेवत रूचिलाई ॥

તેના ઉપર સર્વમંગળનાં મૂળરૂપ શ્રીહરિ બિરાજમાન થયા. ૨૧-૨૨. પછી છ રસથી ભરપૂર, ચાર પ્રકારના અને અનેક જાતનાં ભોજન સોનાના થાળમાં પીરસીને લાવ્યા. ધર્મકુમાર શ્રીહરિ પોતાને ભાવતા ભાવતા ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય, એ ચારે પ્રકારનાં ભોજન જમવા લાગ્યા. ૨૩. પ્રભુ ધીરે ધીરે કોળિયા લેતા હતા અને સોનાના કટોરામાંથી જળપાન કરતા હતા. જુદી જુદી જાતના અનેક પ્રકારનાં ભોજન બનાવ્યા હતા; તેનાં નામને ગણતા તો શેષ પણ સંકોચાતા હતા. ૨૪. અનેક જાતનાં ભોજન અને પકવાનો હતા તે બધાને એક જીભથી કઈ રીતે વખાણીને કહી શકું ?

મુનિરાજ શ્રીહરિ મોતીચૂર, જલેબી, ખાજા, પેંડા અને બરફી વગેરેને જમવા લાગ્યા. શ્રીખંડ અને બાસુંદી સરસ બનાવી હતી. અને દૂધપાકને તો પોતાની રુચિથી જમતા હતા. ૨૫. પ્રભુ શ્રીહરિ શીરો, સુવાળી, પોચી પૂરી અને સરસ શાકભાજી જમવા લાગ્યા. માવો, દહીંવડા અને કચોરીને શ્રીહરિ જમતા હતા. તે સમયે જે હસતા હતા તેનાથી ભક્તજનોનાં ચિત્તને ચોરી લેતા હતા. ૨૬. દાળ, ભાત, સુંદર

जेवत प्रभु संजाव सोहारी, पुरि लुचई सरस तर्कारी ॥२६॥
खोवा दहीं अरू बरा कचोरी, जेवत हसत लेता चित्तचोरी ॥
दारी भात मिसरि पय च्यारू, कोथिका तरला जेवत उदारू ॥२७॥
आंब रू निंबुवा आदि आचारा, जेवत रूचि रूचि धर्मकुमारा ॥
जेये जगत पति बहुत अघाई, जनका देत प्रसाद बोलाई ॥
पियत पानि खात डकारा, फेरत कर उदर पर प्यारा ॥२८॥
दोहा : करमुख प्रक्षालत प्रभु, जेई उठे अविनाश ॥
रजत सलि ले शोधत, रद छबि तडिद प्रकाशा ॥२९॥
आई बिराजे पलंग पर, ले बिरा मुखवास ॥
करउ पंक्ति कहे नाथजी, संत पदाति रू दास ॥३०॥
सोरठा : बैठे जेंवन जन संत, काष्ठपात्र ले अलाबु कर ॥
आनी हर्ख अत्यंत, उठे अविनाशी कसी कमर ॥३१॥

દૂધ, સાકર, કઢી અને ખીચડી જેવી સારી વસ્તુ પણ ઉદાર શ્રીહરિ જમતા હતા. ધર્મકુમાર શ્રીહરિ કેરી અને લીંબુ વગેરેનાં અથાણાને પણ પોતાની રુચિ પ્રમાણે જમતા હતા. ૨૭. જ્યારે જગત્પતિ શ્રીહરિ ખૂબ જ જમીને તૃપ્ત થયા ત્યારે પોતાના ભક્તને બોલાવીને પ્રસાદી આપી. જળપાન કરી, ઓડકાર ખાધો અને તે પછી પ્યારા શ્રીહરિએ પોતાના ઉદર ઉપર હાથ ફેરવ્યો. ૨૮. અવિનાશી પ્રભુએ હાથ અને મુખ ધોયા; આ રીતે જમીને ઊઠ્યા.

પછી હાથમાં ચાંદીની સળી લઈને દાંત શુદ્ધ કર્યા. શ્રીહરિના દાંતની પંક્તિની શોભા ચમકતી વીજળીના જેવી હતી. ૨૯. પછી શ્રીહરિ પલંગ ઉપર આવીને વિરાજમાન થયા અને મુખવાસમાં પાનબીડું લીધું. પછી નાથ શ્રીહરિએ કહ્યું કે 'સંતો, પાર્ષદો તથા હરિભક્તોની પંગત કરો. ૩૦. સંતો કાષ્ઠના પાત્ર અને તૂંબડાં ભરીને જમવા માટે બેઠા. પછી અવિનાશી શ્રીહરિ કમર કસી અત્યંત હરખથી પીરસવા માટે ઊઠ્યા. ૩૧. ડાબા ખભા ઉપર થઈને સફેદ ખેસને કમર ઉપર

वाम बाजु पर आनि, बांधे श्वेतपट कटी लपट ॥
अत हिं उमंग उर आनी, देन लगे मौक्तिक सुदश ॥३२॥

चोपाई :

सहस्र वधि संत हरिदासा, बैठी पंक्ति आनि हुलासा ॥
मुहुरत एक में रूपनिधाना, रहे परोसि श्रीभगवांना ॥३३॥
वासुदेव हरे बच उचारा, जेंवन लगे संत मतवारा ॥
दश दश फीरे नाथ त्रिवारा, तदनंतर कहुँ उभय रु च्यारा ॥३४॥
आये मुक्त तजी निज धामा, लक्षावधि लिखे को नामा ॥
बैठी गये सब पंक्तिमांही, निर्खत अमर जान नभ छाई ॥३५॥
फिरत पंक्ति मंहि श्रीभगवाना, गुरूप्रसाद लेउ संत सुजाना ॥
ले मौदक करमें सुखदानी, अस बोलत प्रभु अमृत बांनी ॥३६॥
तब बोले हसी मुक्त मराला, देउ हृदय चरनन वृषलाला ॥

લપેટીને બાંધ્યો. પછી દિલમાં અતિશય ઉમંગ લાવીને સંતોને સારા દસ દસ મોતૈયા લાડુ આપવા લાગ્યા. ૩૨. **હજારો સંતો તથા હરિભક્તોની પંગત ઘણા ઉત્સાહથી બેઠી હતી. રૂપ રૂપના અંબાર ભગવાન શ્રીહરિએ એક મુર્હૂતમાં સહુને અતિ પ્રેમથી પીરસી દીધું.** ૩૩.

પછી શ્રીહરિએ 'વાસુદેવ હરે' એમ કહ્યું ત્યારે મૂર્તિમાં મશગૂલ રહેનાર સંતો જમવા લાગ્યા. નાથ શ્રીહરિએ ત્રણવાર ફરીને દસ દસ લાડુ આપ્યા. તે પછી શ્રીહરિએ બે વખત ચાર ચાર લાડુ સંતોને આપ્યા. ૩૪. **તે સમયે અક્ષર તથા ગોલાકાદિક પોતપોતાનાં ધામ છોડીને લાખોની સંખ્યામાં મુક્તો જમવા આવ્યા, તેનાં નામ કેમ લખાય ? તે બધા મુક્તો પંગતમાં આવીને બેસી ગયા.** તેને દેવતાઓ દેખતા હતા કે જેના વાહનો આકાશમાં છવાઈ ગયા હતા. ૩૫. ભગવાન શ્રીહરિ પંગતમાં ફરતા. **'સુજ્ઞ સંતો ! ગુરુ પ્રસાદ લો.'** આવી અમૃતવાણી હાથમાં લાડુ લઈને સુખદાયક શ્રીહરિ બોલતા હતા. ૩૬. ત્યારે પંગતમાં બેઠેલા મુક્તરૂપી પરમહંસો હસીને બોલતા હતા કે 'હે બહુનામી ધર્મપુત્ર શ્રીહરિ !

धरउ कंज कर शिर पर स्वामी, तब लै मोदक बहुनामी ॥३७॥
धरत चरन उरमहीं जगवंदा, होई प्रसन्न प्रभु सहजानंदा ॥
उर्गेद्र भोग सम भूजा बिसाला, धरत शीश पर जन प्रतिपाला ॥३८॥
अस कहि देत मौदक महराजा, एक एक आधा गरीबनवाजा ॥
बहुत जेंवाये संत निजदासा, ज्युं घन बरखे भादो मासा ॥३९॥
निज करचरन हरि प्रक्षाला, बैठे पलका दिन दयाला ॥
करमुख प्रक्षाली जन हंसा, गये निज धाम मुक्त हरिअंसा ॥४०॥
धर्मकुवर कर छबि उरधारी, नभ पथ उडे मुक्त अविकारी ॥
ज्युरि सभा संत हरिजन ज्युकी, प्रभुपद प्रित लगी सबहुकी ॥४१॥
जेके आंये बंधु बटुराई, बैठे प्रभु चरनन सिर नाई ॥
सोहत भगनबिच ज्युं चंदा, युँ सोहत प्रभु सहजानंदा ॥४२॥

આપના ચરણકમળ અમને છાતીમાં આપો તથા આપ અમારાં માથા ઉપર કરકમળ મૂકો તો અમે લાડુ લઈએ.' ૩૭. ત્યારે જગદ્વંદ્ય અને ભક્તજન પ્રતિપાલક સહજાનંદ પ્રભુ પ્રસન્ન થઈને તે સંતોની છાતીમાં ચરણકમળ આપતા હતા અને શેષના જેવી પોતાની વિશાળ ભુજાઓને તે સંતોનાં મસ્તક ઉપર રાખતા હતા. ૩૮. આવું કહીને ગરીબનિવાજ મહારાજ સંતોને એક એક કે અડધો લાડુ આપતા હતા. આ રીતે શ્રીહરિએ જેમ ભાદરવા માસનો વરસાદ વરસે તેમ સંતો તથા પોતાના ભક્તોને ખૂબ જમાડ્યા. ૩૯.

શ્રીહરિએ પોતાના કરચરણ ધોયા અને પછી દીનદયાળુ પ્રભુ પલંગ ઉપર આવીને બેઠા. સંતો તથા હરિભક્તોએ પણ હાથ મુખ ધોયા. અને **ભગવાનના અંશ જેવા મુક્તો પણ પોતાનાં ધામમાં ગયા.** ૪૦. **જે નિર્વિકાર મુક્તો હતા તે ધર્મકુમાર શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારીને આકાશ માર્ગે ઊડ્યા.** તે પછી સંતો તથા હરિભક્તોની સભા થઈ. સહુને શ્રીહરિના ચરણમાં ઘણો જ પ્રેમ થયો હતો. ૪૧. શ્રીહરિના ભાઈ તથા વર્ણિરાજ જમીને આવ્યા અને પ્રભુને ચરણમાં મસ્તક નમાવી ત્યાં બેઠા.

सोरठा : ग्रहि पूजा कर भूप, देसा खाचर शुभगमति, ॥
आयेके किन अनुप, पुजा प्रभुकर प्रित करी ॥४३॥
मलय लेप करी अंग, सजेउ सरस भुषन सुमन ॥
मोयो अतहि अनंग, लिखि सोभा वृष कुंवरकर ॥४४॥
दोहा : तडिद कांति सम कनक पट, भुषन नंग जराउ ॥
धरे अनोपम अंग प्रति, किंन ग्रहन मुनि राउ ॥४५॥
धूप दीप करी आरती, शुभ बाजींत्र बजाय ॥
प्रेमानंद कहे प्रनति करी, परा चरन नर राय ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते बगड ग्रामे लिला बरनन नामा सप्तचत्वारिंशोऽध्यायः ॥४७॥



આકાશમાં નક્ષત્ર ગણની વચ્ચે ચંદ્રમાં જેમ શોભે તેમ સંત હરિભક્તોની વચ્ચે પ્રભુ શ્રીસહજાનંદ સ્વામી શોભતા હતા. ૪૨. તે અવસરે શુભ બુદ્ધિ વાળા દરબાર દેહા ખાચર હાથમાં પૂજાપો લઈને આવ્યા. પછી તેમણે ઘણા પ્રેમથી શ્રીહરિની અનુપમ પૂજા કરી. ૪૩. તેમણે શ્રીહરિનાં અંગ ઉપર મલયાચલ ચંદનનો લેપ કર્યો. તે પછી સુંદર ફૂલના આભૂષણો પહેરાવ્યા. ધર્મકુંવર શ્રીહરિની તે સમયની શોભા જોઈને કામદેવ પણ અતિશય મોહિત થઈ ગયો. ૪૪. ચમકતી વીજળીના જેવા સોનેરી વસ્ત્ર અને નંગજડિત અનુપમ આભૂષણ પ્રત્યેક અંગમાં પહેરાવ્યા. ત્યારે મુનિપતિ શ્રીહરિએ તે વસ્ત્ર અલંકાર ગ્રહણ કર્યા. ૪૫. ધૂપ દીપ કરી શુભ વાજિંત્ર વગાડીને આરતી કરી. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે પછી દરબાર દેહા ખાચર પગે લાગીને ચરણમાં પડ્યા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિએ બગડ ગામમાં કરેલી લીલાનું વર્ણન કર્યું' એ નામે સુડતાળીશમો અધ્યાય સમાપ્ત-૪૭



अध्याय - ४८

दोहा : धर्मधुरंधर धर्मसुत, लेई संग मुनिवृंद ॥
चले याँसुँ कारुन्य निधि, श्रीगुरु सहजानंद ॥०१॥
अश्वपदाति सहित प्रभु, आये गाम अनियाली ॥
यहां बसत हेमराज सुत, सा पूंजा गुनसाली ॥०२॥
सोरठा : आये नाथ करी नेहा, सुनि खबर उठे हरखजूत ॥
नृपति सबही पुरकेह, आये सनमुख सुभगमति ॥०३॥
परसि प्रभु कर पाई, पूंजा साहदिक सकल जन ॥
सांह पूजा हरखाई, वल्गु वायक्य करी विनय वर ॥०४॥
चोपाई :
मुनिगन सहित पधारिये नाथा, अश्वनिकर सबही तुम साथा ॥

અધ્યાય - ૪૮

અણિયાળી ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન

કરુણાનિધિ, ધર્મધુરંધર, ધર્મપુત્ર, સદ્ગુરુ શ્રીસહજાનંદ સ્વામી સાથે સંતોનાં મંડળને લઈને બગડ ગામથી ચાલ્યા. ૧. પ્રભુ ઘોડેસવાર પાર્ષદો સાથે **અણિયાળી** ગામ આવ્યા. **અણિયાળી ગામમાં હેમરાજ શાહના ઘણા ગુણવાન પુત્ર પૂંજા શાહ રહેતા હતા.** ૨. સર્વાધિપતિ શ્રીહરિ આવ્યા છે, તેવા ખબર સાંભળીને ઘણા હેત અને હરખથી તેઓ ઊઠ્યા અને ગામના જે શુભ બુદ્ધિવાળા દરબારો હતા, તે પણ બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩. પૂંજા શાહ આદિક બધા ભક્તોએ શ્રીહરિનાં ચરણનો સ્પર્શ કર્યો.

તે સમયે પૂંજા શાહે હરખથી વિનય સાથે મધુર વાક્ય કહ્યાં, ૪. ‘હે નાથ ! બધા સંતો અને ઘોડેસવારોએ સહિત આપ અમારા ગામમાં પધારો.’ એમ કહીને તેમણે ઘોડીની લગામ પકડી. સુખદાયક સુંદરશ્યામ હે ગોવિંદ ! અમારા ઉપર કૃપા કરો અને ગામમાં પધારો. હે નાથ !

अस कही वल्गा ग्रहि करमांई, करउ क्रिपा सुंदर सुखदाई ॥०५॥
गाम महि गोविंद पधारो, मेहुं शेवक नाथ तुमारो ॥
करी करूना शेवक पर स्वामी, पावन करउ ग्रह बहुनामी ॥०६॥
पूंजा श्रेष्ठ जोरि जुगपानी, बिनय किन कही मंजूल बानी ॥
होई प्रसन्न प्रभु पूरनचंदा, गये गाम मंहि हरि सुखकंदा ॥०७॥
सबका स्वच्छ सकल सुख रूपा, दिन निवास नवीन अनुपा ॥
निजमंदिर मंहिं प्रभु पधराये, सरस पलंग संवारीके लाये ॥०८॥
बैठे परम पुरूष अविनाशी, धर्मात्मज सुंदर सुख राशी ॥
पूंजा सा प्रभुचरन पखारा, ले चरनामृत शिर पर धारा ॥०९॥
प्रभु चरनोदक ले ग्रहमांहि, छिरका प्रेम करी अति हरखाई ॥
जोरि पानी हरि सनमुख आई, बोला पूंजा साह मुदपाई ॥१०॥

હું આપનો સેવક છું. હે બહુનામી સ્વામી ! સેવક ઉપર કરુણા કરીને અમારા ઘરને પાવન કરો. ૫-૬. આ રીતે પૂંજા શેઠે બંને હાથ જોડીને મધુર વાણી કહીને શ્રીહરિને વિનંતિ કરી. સર્વ સુખનું મૂળ અને પૂર્ણચંદ્ર જેવા પ્રભુ શ્રીહરિ પ્રસન્ન થઈને તે અણિયાળી ગામમાં ગયા. ૭.

સંતો તથા ઘોડેસવારો સહુને અનુપમ અને સુખરૂપ નવા ઉતારા આપ્યા. પ્રભુ શ્રીહરિને પોતાનાં ઘેર પધરાવ્યા અને એક સરસ પલંગ ઉપર ગાદી તકિયા બિછાવી દીધા. ૮. સુંદર સુખના રાશિ જેવા, અવિનાશી, પરમ પુરુષ, ધર્માત્મજ શ્રીહરિ તે પલંગ ઉપર બેઠા અને પૂંજા શાહે પ્રભુના ચરણ ધોયા. પછી તે ચરણામૃત લઈને પોતાનાં મસ્તક ઉપર ધારણ કર્યું. ૯. બાકીનું તે પ્રભુનું ચરણ જળ હતું, તેને લઈને ઘણા હરખથી પ્રેમપૂર્વક પોતાનાં બધાં ઘરમાં છાંટ્યું.

તે પછી પૂંજા શાહ હરખથી શ્રીહરિની સન્મુખ આવ્યા અને બે હાથ જોડીને બોલ્યા, ૧૦. 'સુખસાગર અને સુરમુનિઓના નાથ એવા હે શ્યામસુંદર ! મેં રસોઈની બધી સામગ્રી તૈયાર કરી છે. તો હવે રસોઈ

सब साम्रगी सुरमुनि नाथा, किन तैयार शाम सुख पाथा ॥
करन रसोई बिलेम न कीजे, बरनि संत का अग्या दिजे ॥११॥

राप्रताप रू ईछारामा, कीजे रसोई सकल गुन धामा ॥
घृत मिसरी दहीं दुध सो आना, सब तैयार समान सुजाना ॥१२॥

ले मुर्जी बर्नि अरू संता, रसवति करन उठे हर्खंता ॥
सुंदर नविन पुनित एक शाला, तामंहि भोजन करत मराला ॥१३॥

ईच्छाराम अनुज हरिबंधु, परम चतुरवर क्रिपासींधु ॥
करी स्नान पट पहिरि पुनिता, हिर जरीमय अति रसरीता ॥१४॥

दोहा : बहुंरी गाम कर नारी नर, भुपति सकल नरेश ॥
आये नाथ बिलोकन, सजि सबही शुभ वेश ॥१५॥

बैठे सदसी सुभगमति, निरखी नाथ कर रूपा ॥

કરવામાં વાર ન લગાડો. વર્ણી તથા સંતોને રસોઈ બનાવવા આજ્ઞા કરો. ૧૧. સમગ્ર ગુણનાં ધામ જેવા સુજ્ઞ રામપ્રતાજી તથા ઈચ્છારામજીભાઈ પણ રસોઈ બનાવે. ઘી, સાકર, દહીં, દૂધ વગેરે આવી ગયું છે અને બધો જ સામાન તૈયાર છે.' ૧૨.

તે સમયે મુકુંદ બ્રહ્મચારી અને સંતો હરખથી રસોઈ કરવા માટે ઊઠ્યા. એક સુંદર નવું પવિત્ર મકાન હતું, તેમાં સંતો રસોઈ બનાવવા લાગ્યા. ૧૩. પરમ ચતુર અને ઘણા દયાળુ ઈચ્છારામજી શ્રીહરિના નાના ભાઈ હતા. તેમણે સ્નાન કરીને ધોયેલું જરિયાની સુંદર રેશમી વસ્ત્ર પહેર્યું. ૧૪. પછી અનેક ગામના રાજાઓ તથા અનેક ગામથી બીજા બધા નરનારીઓ સારાં વસ્ત્ર અલંકાર પહેરીને ફરીને શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. ૧૫.

શુભ બુદ્ધિવાળા બધા સભામાં બેઠા અને તેમણે નાથ શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન કર્યાં. મટકું પણ માર્યા સિવાય આશ્ચર્યચકિત દૃષ્ટિથી શ્રીહરિની મૂર્તિને જોઈને દરબારો તથા બીજા મનુષ્યો ઘણા વિસ્મિત થયા

चकित लिखी बिन पलक दृग, थकित भये नर भूप ॥१६॥

सोरठा : किंन करुना क्रिपाल, अढर ढरेउ हम रंक पर ॥
दिन सुं दर्श दयाल, क्रिपा सिंधुं करूना भुवन ॥१७॥
करी कौतक मय बात, अति अद्भूत दे दरस निज ॥
मनमथ कोटी लजात, निरखी रूप घनश्याम कर ॥१८॥

चोपाई :
भव बंधन छूटनके काजा, अद्भूत दरस दिन महराजा ॥
कोटी कोटी रविचंद्र प्रकाशा, एसा निज तन तेज निवासा ॥१९॥
देखावा जनका जगबंदा, आनि अनुग्रह सहजानंदा ॥
रूप बिलोकी आनंद पाये, बढी प्रित प्रभु चरनन माये ॥२०॥
बोलत बानी भूप नरनारी, ईश्वर आप अजीत अवतारी ॥

અને પ્રાર્થના કરતા બોલ્યા, ૧૬. **‘હે કૃપાળુ ! રંક એવા અમારા ઉપર કૃપા કરીને આપ અઢળક ઢળ્યા છો. કૃપાસિંધુ અને કરુણાધાર દયાળુ આપે અમને દર્શન આપ્યાં છે. ૧૭. આપે આશ્ચર્યકારી વાતથી અતિશય અદ્‌ભુત એવા પોતાનાં દર્શન આપ્યાં છે. આપ ઘનશ્યામનાં સ્વરૂપને દેખીને તો કરોડો કામદેવ પણ શરમાઈ જાય છે. ૧૮. અમને સંસારનાં બંધનથી છોડાવવાને માટે આપ શ્રીજી મહારાજે અમને અદ્‌ભુત દર્શન દીધાં છે. કરોડો કરોડ સૂર્ય અને ચંદ્રના પ્રકાશનાં જેવું તેજ આપનાં સ્વરૂપમાં નિવાસ કરીને રહ્યું છે. ૧૯.**

જગદ્વંદ્ય અને સહેજે સહેજે મહા આનંદ આપનારા આપ સહજાનંદ સ્વામીએ દયા આણીને અમને દર્શન આપ્યા છે. આપનાં રૂપને જોઈને અમે આનંદ પામ્યા છીએ અને આપ પ્રત્યક્ષ પ્રભુનાં ચરણમાં અમને પ્રેમ વધ્યો છે.’ ૨૦.

ત્યાંના દરબાર અને નરનારી બીજા મનુષ્યો બોલ્યા કે ‘આપ તો ન જીતી શકાય એવા સર્વ અવતારના અવતારી પરમેશ્વર છો. જે આપનાં

श्रुति पुरान कवि सबही गावा, सोई ईश्वर यह दर्श देखावां ॥२१॥
अस कही सरन भये सब भूपा, नारी पुरूष द्विज अनंत अनुपा ॥
निज निश्चे सबका करवावा, आत्म तत्त्व दर्शन जन पावा ॥२२॥
करत भजन नारायन स्वामी, उद्धव मत आश्रय जन पामी ॥
नारायन मूर्ति उर धारी, रविसुंतकर भय दिन बिसारी ॥२३॥
भई रसोई बर्नि कहां आई, भोजन करन उठो सुखदाई ॥
बर्नी वचन सुनी तत्काला, उठे भक्तपति दिनदयाला ॥२४॥
करी स्नान पितांबर पेरी, करुनादृग जन उपर हेरी ॥
पेरी पादुका कर ले रूमाला, आये अंबुज नेन विशाला ॥२५॥
बैठे जेंवन जन प्रतिपाला, निर्खत ठाडे बर्नि मराला ॥

સ્વરૂપને વેદ, પુરાણો અને કવિઓ ગાય છે તે આપ પરમેશ્વરે અમને દયા કરી આવાં દર્શન આપ્યાં છે.' ૨૧. આમ કહીને બધા દરબારો શ્રીહરિને શરણે થયા. તે સિવાયના બીજા પણ ઘણા અનુપમ ત્રણ વર્ણના સ્ત્રી પુરુષો શરણે થયા. શ્રીહરિએ સહુને પોતાનાં સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. પછી તે બધા લોકોને શ્રીહરિની કૃપાથી જીવાત્માનું તાત્ત્વિક જ્ઞાન પણ થયું. ૨૨. **લોકો ઉદ્ધવ સંપ્રદાયનો આશ્રય કરીને 'સ્વામિનારાયણ' નામે ભજન કરવા લાગ્યા. તે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને દિલમાં ધારવાથી સહુ લોકો યમરાજનો ભય ભૂલી ગયા.** ૨૩.

પછી વર્ણીએ આવીને કહ્યું કે 'રસોઈ તૈયાર થઈ છે, તો સુખદાયક આપ ભોજન કરવા માટે ઊઠો.' વર્ણીનાં તેવાં વચનને સાંભળીને દીનદયાળુ, ભક્તપતિ શ્રીહરિ તત્કાળ ઊઠ્યા. ૨૪. શ્રીહરિએ સ્નાન કરીને પીતાંબર પહેર્યું. પછી સહુને પોતાની કરુણા દૃષ્ટિથી જોયા અને કમળના સમાન વિશાળ નેત્રવાળા શ્રીહરિએ ચરણમાં ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ લઈ અને બ્રહ્મચારીની સાથે આવ્યા. ૨૫. ભક્તજન પ્રતિપાલક ભગવાન શ્રીહરિ જ્યારે જમવા બેઠા ત્યારે વર્ણી તથા સંતો

गावत थाल गुनी जन संता, जेंवत रूचि रूचि श्रीभगवंता ॥२६॥
बिंजन बहु पकवान मीठैया, जेंवत होरे हरि सुखदैया ॥
लुचई पुरि सरस बनैया, तर्कारि आलु पुनि घूईया ॥२७॥
दुधपाक बासुंदी च्यारुं, शिखरन पुरी जेंवत उदारू ॥
पिस्तु बदाम चरोली अखोरा, एला द्राख जायफल थोरा ॥२८॥
दोहा : ये सब डारी किंन प्रभु, दुधपाक रसरूप ॥
रूचि रूचि भोग लगाईये, अखिल भूवन पति भूप ॥२९॥
औरही बिजन बहु बिधि, बने प्रभु परम रसाल ॥
लिजे सब कर स्वाद हरि, पद्मेक्षन वृषलाल ॥३०॥
सोरठा : जेये यथारूची नाथ, बिंजन अरु पकवान सब ॥

ઊભા રહીને દર્શન કરતા હતા. સંત કવિઓ થાળ ગાતા હતા અને શ્રીહરિ પોતાને જે વસ્તુ રુચતી હતી તે જમવા લાગ્યા. ૨૬. સુખદાયક શ્રીહરિ શાકભાજી વગેરે ભોજન, પકવાન અને મીઠાઈઓને ધીરે ધીરે જમવા લાગ્યા. પોચી પૂરી સરસ બનાવી હતી. તેમજ આલુ, અળવી વગેરેના શાકભાજી પણ કર્યા હતા. ૨૭. દૂધપાક, સુંદર બાસુંદી અને ઘણા સરસ શીખંડ પૂરીને પણ શ્રીહરિ જમ્યા. પીસ્તા, બદામ, ચારોલી, અખરોટ, એલચી, દ્રાક્ષ અને થોડું જાયફળ, એ બધા નાખીને સરસ દૂધપાક કર્યો છે માટે બ્રહ્મચારી કહે છે કે તેને આપ મહારાજાધિરાજ પ્રભુ પોતાની રુચિ પ્રમાણે જમો. ૨૮-૨૯. હે પ્રભુ ! બીજા પણ શાકભાજી વગેરે ઘણાં સારાં રસદાર ભોજનો બન્યાં છે, તો તેને કમળનેત્ર ધર્મપુત્ર શ્રીહરિ આપ તે બધી વસ્તુનો સ્વાદ લો. ૩૦.

નાથ શ્રીહરિ પોતાની રુચિ પ્રમાણે બધાય વ્યંજન અને પકવાન જમ્યા. પછી હાથ તથા મુખ ધોઈને સરસ એલચીનો મુખવાસ લીધો. ૩૧. રામપ્રતાપજી તથા ઈચ્છારામજી બંને ભાઈઓ પણ જમ્યા અને તેમણે હાથ મુખ ધોયા.

मंजन करी मुख हाथ, ले मुखवास एला सरस ॥३१॥
जुगल बंधु कर जोरी, जेंई प्रक्षालेउ बदन कर ॥
चंचल दृग चितचोरी, बोले धर्मसुत संतप्रति ॥३२॥

चोपाई :

करउ पंक्ति सज्जन हरिदासा, भये तैयारा श्रीअक्षर निवासा ॥
संतनका परीवेसने काजा, ठाडे कमर कसि महाराजा ॥३३॥
बैठे पंक्ति संत सुजाना, ले मोदक करमें भगवाना ॥
देन लगे हरि दश दश बारा, परम उदारु श्रीधर्मकुमारा ॥३४॥
कटिपट पित मोदक कर माई, दामिनि ज्युं दमकत मुनिराई ॥
हसत मंद छबि बदन सरोजा, चंचलता लखी मोयो मनोजा ॥३५॥
अविलोकत पुरजन नरनारी, अति फुरति मूर्ति सुखकारी ॥

પછી ચિત્તને ચોરનારા અને ચંચળ દૃષ્ટિવાળા ધર્મપુત્ર શ્રીહરિ સંતોના પ્રત્યે બોલ્યા, ૩૨. 'સંતો તથા હરિભક્તની પંગત કરો.' આમ કહીને અક્ષરાધિપતિ મહારાજાધિરાજ શ્રીહરિ કમર કસીને તૈયાર થયા અને સંતોને પીરસવાને માટે ઊભા રહ્યા. ૩૩. પછી શાણા સંતો જમવા માટે પંગતમાં બેઠા ત્યારે પરમ ઉદાર શ્રીધર્મકુમાર ભગવાન શ્રીહરિ હાથમાં લાડુ લઈને પીરસવા આવ્યા અને સંતોને દસ દસ બાર બાર લાડુ આપવા લાગ્યા. ૩૪. પીતાબંર પહેરી રહેલા મુનિપતિ શ્રીહરિ હાથમાં લાડુ લઈ અને પીરસતા હતા ત્યારે જેમ વીજળી ચમકે તેમ ચમકતા હતા. મુખ કમળથી મંદ મંદ હસતા હતા, તે વખતની ચંચળતા અને છબીને જોઈને કામદેવ પણ મુગ્ધ થઈ ગયો હતો. ૩૫. જ્યારે ગામના નરનારી ભક્તો દર્શન કરતા હતા, તે વખતે સુખકારી શ્રીહરિની મૂર્તિ અત્યંત ચમકતી હતી.

❁ અલબેલાએ અણિયાળીમાં આપેલા અલૌકિક દર્શન :

તે અવસરે રંગભીના શ્રીહરિએ સહુની આગળ એક આશ્ચર્ય પ્રગટ કર્યું અને પોતે અગણિત રૂપે થયા. ૩૬. **તે ગામના લોકોએ હરેક સંતની પાસે એક એક સર્વોપરિ શ્રીહરિની મૂર્તિને દેખી. તે જોઈને જે**

ते हि अवसर एक कौतक कीना, अगनित रूप भये रंगभीना ॥३६॥

संत संत प्रति मूर्ति एका, पुर वासि ऐसे प्रभु देखा ॥
भये आश्चर्य निरखी जन जेते, अद्भुत बात बनत नही कहेते ॥३७॥

एक अनेक रूप भये स्वामी, विश्व आत्मा निश्चे बहुनामी ॥
जैसे रास मंहि कृष्न मुरारी, गोपी गोपी प्रति मूर्तिधारी ॥३८॥

तैसे संत संत प्रति नाथा, मोदक देत लीये जुग हाथा ॥
ऐसा कौतुक किन क्रिपाला, अनेक एक भये पुनि वृषलाला ॥३९॥

ईश्वर जानि शरन सब आये, धर्मकुंवर कर दिक्षा पाये ॥
कर पक्षालि आय अविनासा, उठे जेंई सज्जन हरिदासा ॥४०॥

करमुख पात्र संत पक्षाली, आये सदसि बैठे सुखसाली ॥
साह पुंजा पुजा उपचारा, लाये भरी वर कंचन थारा ॥४१॥

લોકો ત્યાં આવ્યા હતા તેમને ઘણું આશ્ચર્ય થયું. આ અદ્ભુત વાત કહી શકાતી નથી. ૩૭. આ સહજાનંદ સ્વામી એક છે પણ તે અનેક રૂપે થયા. માટે આ બહુનામી ચોક્કસ વિશ્વાત્મા છે. જેમ મુરારિ શ્રીકૃષ્ણે રાસમાં હરેક ગોપીની આગળ પોતાની મૂર્તિ ધારી હતી, તે રીતે જ આ સર્વ રીતે સમર્થ શ્રીહરિ હરેક સંતની આગળ બંને હાથમાં લાડુ લઈને એક સાથે આપી રહ્યા છે. કૃપાળુ શ્રીહરિએ આવું કૌતુક કર્યું. પછી થોડી જ વારમાં જે ધર્મપુત્ર શ્રીહરિ અનેક રૂપે હતા તે એકરૂપે થઈ ગયા. ૩૮-૩૯. તે બધા લોકોએ ધર્મકુંવર શ્રીહરિને પરમેશ્વર જાણ્યા અને તેમને શરણે આવ્યા. સહુએ વ્રતમાન દીક્ષા લીધી. પછી અવિનાશી શ્રીહરિ હાથ ધોઈને આવ્યા અને સંતો તથા હરિભક્તો જમીને ઊભા થયા. ૪૦. અતિશય સુખિયા એવા બધા સંતો હાથ, મુખ અને પાત્ર ધોઈ આવીને સભામાં બેઠા.

પછી શેઠ પૂંજા શાહ શ્રીહરિની પૂજા કરવા માટે સોનાના થાળ ભરીને પૂજાનો ઉપચાર લાવ્યા. ૪૧. હેમરાજ શાહના પુત્ર એકાંતિક ભક્ત પૂંજા શેઠ છીપના મોતી, ગજ મોતી અને સારા નંગથી જડિત

छिप सुत गज मुक्ता भारी, नंग जटित भुषन छबी न्यारी ॥
दिव्य तडीद सम पट बहु भ्राँति, हेमराज सुत भक्त एकांती ॥४२॥

सोरठा : आनी उमंग अपार, पहिराये भुषन बसन ॥
गज मोतिन कर हार, शेखर भुजबंध कंकन कर ॥४३॥

दे बिंदा एक भाल, वर चंदन काश्मीर कर ॥
पूजी हरि वृषलाल, किंन निराजन हरख जुत ॥४४॥

दोहा : आनि बसन अमूल्य वर, शाल दुसाल सुच्यारु ॥
ओढावा द्वे बंधुका, पूजा श्रेष्ठ उदारू ॥४५॥

बर्णि मुनि सब संतका, श्वेतांबर अति सारा ॥
प्रेमानंद कहे सब हिंका, दिन संभार संभार ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते अनियाली ग्रामे लीला बरनन नामा अष्टचत्वारिंशोऽध्यायः ॥४८॥



અલગ સુશોભિત ઘરેણાંઓ લાવ્યા તથા વીજળીના સમાન ચળકતા ઘણી જાતનાં રેશમી વસ્ત્ર લાવ્યા. ૪૨. અતિશય ઉત્સાહ લાવીને તેમણે શ્રીહરિને વસ્ત્ર તથા અલંકાર પહેરાવ્યા. ગજ મોતીનો હાર, તોરા, બાજુબંધ અને હાથમાં કંકણ પણ પહેરાવ્યા. ૪૩. લલાટમાં ચંદન ચર્ચી અને કુંકુમનો ચાંદલો કર્યો. આ રીતે ધર્મપુત્ર શ્રીહરિની પૂજા કરી અને ઘણા હરખથી આરતી કરી. ૪૪. અમૂલ્ય શ્રેષ્ઠ વસ્ત્રો તથા સરસ શાલ, દુશાલા લઈ અને શ્રીહરિના બંને ભાઈને ઓઢાડ્યા. તેમજ ઉદાર ભાવથી શ્રેષ્ઠ પૂજા કરી. ૪૫. પ્રેમાનંદ સ્વામી કહે છે કે પૂંજા શેઠે સહુને સંભારી સંભારીને વર્ણી તથા સંતોને સારાં સફેદ વસ્ત્ર ઓઢાડ્યા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'અણિયાળી ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન કર્યું' એ નામે અડતાળીશમો અધ્યાય સમાપ્ત-૪૮



अध्याय - ४९

दोहा : कारन अगनित बिश्वके, तारन नर त्रिपदीन ॥
अखिल शक्तिधर गुनाकर, जानि मनुष्य तनु लिन ॥०१॥
चले याँसुँ हरि अक्षरपति, लेई संग सकल समाज ॥
चढि वर वडवा मानकी, निकसे श्रीमहाराज ॥०२॥
सोरठा : आये धंधुका गाम, दुष्ट प्राणि सब नगर कर ॥
आये सुनि प्रभु नाम, तरून बाल वृद्ध यमहि सम ॥०३॥
बोलत खर मुख बेन, गर्धभ गुदा अपशब्द सम ॥
हरिके द्वेशि दि रेन, यवनात्मज बरनसंकर ॥०४॥

અધ્યાય - ૪૯

ખડોળ ગામમાં શ્રીહરિની લીલા

જે પરમેશ્વર અનંત વિશ્વનું કારણ છે, દેવતાઓ તથા મનુષ્યનો ઉદ્ધાર કરનારા છે, અનંત શક્તિને ધારણ કરનારા છે અને અનેક ગુણના નિધિ છે; તે પરમેશ્વર શ્રીહરિએ સમજી વિચારીને અનંત આત્માઓનો ઉદ્ધાર કરવા માટે મનુષ્યદેહ ધારણ કર્યો છે. ૧.

❁ ધંધુકાના લોકોએ કરેલું શ્રીહરિનું અપમાન :

અક્ષરાધિપતિ શ્રીસહજાનંદ સ્વામી મહારાજ સમગ્ર સંત હરિભક્તોનો સમાજ સાથે લઈને અણિયાળી ગામથી પોતાની માણકી ઘોડી ઉપર સવાર થઈને ચાલી નીકળ્યા. ૨. **ધંધુકા** ગામે આવ્યા. એ ગામમાં બધા દુષ્ટ પ્રાણીઓ જેવા મનુષ્યો રહેતા હતા. શ્રીહરિ પધાર્યા છે એવું સાંભળીને બાળક, જુવાન અને ઘરડાઓ બધા જમના જેવા જે હતા, તે એકદમ શ્રીહરિ પાસે આવ્યા. ૩. અને તે બધા ગધેડાના અધોદ્વારમાંથી નીકળેલા વાયુની જેવા અપશબ્દ કહેતા ખરાબ વેણ મુખથી બોલવા માંડ્યા. તે બધા રાત દિવસ શ્રીહરિનો દ્વેષ કરનારા, યવનના વંશજ અને વર્ણસંકર હતા. ૪. ધર્મના દુલારા શ્રીહરિ સંતોએ

चोपाई :

चले नाथ होई पुर द्वारे, संत सहित श्रीधर्मदुलारे ॥
गये गाम खडोल सुजाना, कृष्ण कमल दल क्रिपा निधाना ॥०५॥
तहाँ प्रभु एक सरस सर देखा, स्वच्छ वारी फुले कंज अनेका ॥
उतरे तहाँ ईश्वर अवतारी, शीतल छांह वृक्ष सुखकारी ॥०६॥
ग्राम बासि सुनिके उठी धाये, नारी पुरूष अविलोकन आये ॥
भीमभाई आदिक रनधीरा, क्षत्रिय बंधु आये प्रबिरा ॥०७॥
हरिभाई आदिक द्विज देवा, खबर सुनि आये ततखेवा ॥
प्रभु बिलोकी हरखे जन नेना, करी करुणा आये सुख देना ॥०८॥
करी दंडवत पडे सब पांई, उतरे नाथ यहां जंगल मांही ॥
गाम मही पधारीए नाथा, अश्व पदाति ले निज साथा ॥०९॥

સહિત ગામના દરવાજા આગળ થઈને નીકળી ગયા. કમળની પાખડી જેવા સુકોમળ, કૃપાનિધિ, શાણા શ્રીહરિ **ખડોળ** ગામ આવ્યા. ૫. પ્રભુએ ત્યાં એક સરસ તળાવ દેખ્યું. તેનું પાણી સ્વચ્છ હતું અને તેમાં અનેક કમળ હતા. અવતારી પરમેશ્વર ત્યાં ઊતર્યા. વૃક્ષોની શીતળ છાયા સુખકારી હતી. ૬. ખડોળ ગામના મનુષ્યોએ વાત સાંભળી એટલે બધા સ્ત્રી પુરુષો શ્રીહરિનાં દર્શન કરવા માટે ઊભા થઈને દોડી આવ્યા. ભીમભાઈ આદિક રણધીર ક્ષત્રિય વીર બંધુઓ પણ આવ્યા. ૭. દેવ જેવા બ્રાહ્મણ હરિભાઈ આદિક પણ ખબર સાંભળીને તરત આવ્યા.

ભગવાનનાં દર્શન કરીને સહુની આંખોમાં હર્ષ દેખાયો અને બોલ્યા કે 'સુખદાયક શ્રીહરિ કરુણા કરીને આપણે ત્યાં આવ્યા છે.' ૮. સહુ શ્રીહરિને દંડવત્ કરી ચરણમાં પડ્યા અને નાથ શ્રીહરિ તો જંગલમાં જ ઊતર્યા. હરિભક્તોએ કહ્યું કે 'હે પ્રભુ શ્રીહરિ ! બધા ઘોડેસવારો અને પાર્ષદોને સાથે લઈ આપ ગામમાં પધારો.' ૯. ત્યારે ભગવાન શ્રીહરિ હસીને બોલ્યા કે, 'અહીં મનમાની સ્વચ્છ જગ્યા છે.' જનમંગળકારી

तब बोले हसी श्रीभगवाना, स्वछ निवास याँही मनमाना ॥
तदनंतर प्रभु वस्त्र उतारी, किन स्नान जन मंगलकारी ॥१०॥
अंगअंगोछी पितांबर पहीरा, नित्यबिधि तहाँ कीन रुचिरा ॥
रामप्रताप रु ईच्छारामा, तीन ही स्नान कीन अभिरामा ॥११॥
निज निज नित्य बिधि तीन कीना, बोले हरिजन परम प्रबीना ॥
ज्यो सामग्री कहो सो लाई, रसवती करउ नाथ मन भाई ॥१२॥
तब कहे नाथ सुनो हरिदासा, ज्यो होय मोर वचन बिश्वासा ॥
तो हम कहे सोई ले आऊ, आज्य पिसान भाटा तुम लाऊ ॥१३॥
पक्कि जेंई नित रहे अघाई, तो ते आज कचि मन भाई ॥
संत पदाति सब हरखाये, प्रभु बचन सुनि आनंद पाये ॥१४॥
दोहा : सबकर मनकी जानि प्रभु, करुनानिधि भगवान ॥

પ્રભુએ પછીથી વસ્ત્ર બદલીને ત્યાં સ્નાન કર્યું. ૧૦. પછી શરીરને કોરું કરીને પીતાંબર વસ્ત્ર પહેર્યું અને સુંદર બધો નિત્યવિધિ ત્યાં કર્યો. રામપ્રતાપજી તથા ઇચ્છારામજીએ પણ ત્યાં મનગમતું સ્નાન કર્યું. ૧૧.

ત્યાં સહુએ પોતપોતાનો નિત્યવિધિ કર્યો. પછી પરમ નિપુણ હરિભક્તો બોલ્યા, 'હે સર્વાત્મા શ્રીહરિ ! આપ જે કહો તે સામગ્રી લાવીએ અને અહીંયા મનભાવતી રસોઈ કરાવો.' ૧૨. ત્યારે શ્રીહરિએ કહ્યું કે 'તમે સહુ હરિભક્ત સાંભળો. જો તમને મારાં વચનમાં વિશ્વાસ હોય તો જે હું કહું તે તમે લાવો. ઘી, લોટ અને રીંગણા લઈ આવો. ૧૩. નિત્ય પાકી રસોઈ જમીને અમે ધરાઈ ગયા છીએ, તો આજ તો કાચી રસોઈ અમારાં મનને ભાવે છે.'

તે સમયે શ્રીહરિનાં વચન સાંભળીને બધા સંતો અને પાર્ષદો અત્યંત આનંદ પામ્યા. ૧૪. કરુણાનિધિ ભગવાન પ્રભુએ સહુનાં મનની ઇચ્છા જાણી લીધી છે કે રોજ નવા નવા મિષ્ટાન જમીને ધરાઈ ગયા છે. ૧૫.

सबही अघाये जेंई के, नित्य प्रति नये मिष्टान ॥१५॥
जानि रुचि निज नाथ की, पहुंचे हरिजन सोई ॥
लाये भांटा सिघ्रतर, शकट भरी के दोई ॥१६॥

सोरठा : एकाक्षर भरी भांड, लाये रूचिर नुतन सरस ॥
उपर दहीं अरु खांड, लाये बुरा सरस वर ॥१७॥
गोहुकर मैंदा सानि, सब हित लाये शकट भरी ॥
हर्दी मिर्चि आनि, धनिया जीरा लोंग मरी ॥१८॥

चोपाई :
हरिजन सुनो सकल मम दासा, भांटा शकट लाउ हम पासा ॥
शकट एंचिके हरिजन लाये, भांटा देखी हरि हरखाये ॥१९॥
कोमल रुचिर रु सरस नविना, शुभग सोधी प्रभु नीज कर लीना ॥
कहत नाथ में करियुं रसोई, बैठो बंधु आज तुम होई ॥२०॥

❁ શ્રીહરિએ ખડોળમાં કરેલો શાકોત્સવ :

પછી પોતાના નાથ શ્રીહરિની રુચિ જાણીને સહુ હરિભક્તો ગામમાં ગયા અને બે ગાડાં ભરીને રીંગણાં તત્કાળ લાવ્યા. ૧૬. વળી તાજું, સરસ, સુગંધી ઘી પણ મોટા પાત્રમાં ભરીને લાવ્યા. તે સિવાય દહીં, ખાંડ અને સરસ બુરું પણ લાવ્યા. ૧૭. ઘઉંનો લોટ અને ચાળેલો મેંદો સહુને માટે ગાડામાં ભરીને લાવ્યા. હળદર, મરચું, ધાણા, જીરું, લવીંગ અને મરી પણ લાવ્યા. ૧૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે 'અમારા સેવક બધા હરિભક્ત સાંભળો. રીંગણાંનાં જે ગાડા છે તે અમારી પાસે લાવો.' પછી હરિભક્તો તે ગાડું ખેંચીને શ્રીહરિ પાસે લાવ્યા. ત્યારે રીંગણાને દેખીને શ્રીહરિ ખૂબ હરખાયા. તેમાંથી સારા, કૂણાં, સરસ, તાજા ખોળી ખોળીને રીંગણાને શ્રીહરિએ પોતાને હાથે લઈ લીધા અને નાથ શ્રીહરિએ કહ્યું કે 'આજ રસોઈ હું બનાવીશ. તમે બંને ભાઈ આજ બેસો.' ૧૯-૨૦.

कहत ईछाराम अस कस होई, हम बैठे तुम करो रसोई ॥
अस कबहुं ना होई महाराजा, तुम संग फिरत हम केही काजा ॥२१॥
ईच्छाराम पीसन सो साना, भांटा आप सुधारीके आना ॥
एकाक्षर मनमाना डारी, सिखवत बंधु का कृष्णमुरारी ॥२२॥
डारीदेउ भांटा भांड मैया, भौरी बनावउ तुम सुखदैया ॥
हर्दि मिर्चि थारी मंहि घोरी, धनीया जीरा लोंग मिरि थोरी ॥२३॥
डारी देउ तर्कारि मांई, ढांकी धरो अब छुओ नाई ॥
भैया डारो लोन समाना, ईच्छाराम हे चतुर्सुजाना ॥२४॥
जश हरि चिंना तेहि बीध कीना, पैति भात बनावा प्रबीना ॥
तदनंतर बर्नि अरु संता, किन रसोई मुदीत अत्यंता ॥२५॥
भांटा शाक अरु रोटी बनाई, एकाक्षर तरला मन भाई ॥
सबकर पाक भया एक संगा, कहत हरि जेंवउ शुभ अंगा ॥२६॥

ત્યારે ઈચ્છારામજીભાઈ બોલ્યા કે ‘એવું કેમ થાય ? અમે બેસીએ અને આપ રસોઈ કરો ? મહારાજ ! એવું તો ક્યારેય નહિ બને. રસોઈ બનાવવા માટે જ અમે આપની સાથે ફરીએ છીએ.’ ૨૧. ઈચ્છારામજીએ લોટ ચાળ્યો અને પોતે રીંગણા સુધારીને લાવ્યા. મનમાન્યું ઘી નાંખીને રીંગણાનું શાક કરતા કૃષ્ણમુરારિ પ્રભુ ભાઈને શીખવતા હતા. ૨૨.

‘પાત્રમાં રીંગણાં નાખી દો અને તમે સારી સુખકારી બાટી બનાવો. હળદર અને મરચું, બંનેને થાળીમાં ઘોળી તેમાં ધાણા, જીરું, લવીંગ અને થોડા મરી ભેળા કરીને શાકમાં નાખી દો અને પછી તેને ઢાંકી દો, અડશો નહિ. ભાઈ, તમે માપસર મીઠું નાખો.’ ઈચ્છારામજી તો ઘણા સુજ્ઞ અને ચતુર છે. ૨૩-૨૪. જે રીતે શ્રીહરિએ ચીંધ્યું તે રીતે કર્યું. પછી નિપુણતાથી પૈતી(એક પ્રકારની મશાલાદાર દાળ) અને ભાત બનાવ્યો. તે પછી બ્રહ્મચારી અને સંતોએ અત્યંત ખુશી થઈને રસોઈ બનાવી. ૨૫. તેમણે રીંગણાંનું શાક અને રોટલી બનાવી. મનભાવી ખીચડી કરી, તેમાં પુષ્કળ ઘી નાંખ્યું. બધાની રસોઈ એક સાથે તૈયાર

हमहुं बैठत जेंवन काजा, तुम जेंवउ मुनी सकल समाजा ॥
चाहि तीतना घृत ले जाउ, घृत क्षिप्रा आज्यु जेई अघाऊ ॥२७॥

दोहा : जेंवन बैठे भक्तपति, धर्मकुंवर त्रय भ्रात ॥
भौरी भांटा रुची रुची, जेंवत प्रभु साक्षात ॥२८॥

शाक बखांनत सरस प्रभु, सुनी जन मन ललचाई ॥
तनिक चखाईये महाप्रभु, देउ परोशी अलगाई ॥२९॥

सोरठा : जेंये प्रभु मुद पाई, द्विदला ओदन घृत रुचिरा ॥
औटा दूध बनाई, मिसरी मिलाई के जेंवत प्रभु ॥३०॥

दध्योदन करी प्रीत, जेंवत मिसरी सानी शुभ ॥
बोली बचन बिनित, मागत प्रसादि मर्म करी ॥३१॥

चोपाई :
सूर सोमला मात्रा अलैया, ब्रह्मानंद आदि मुनि रैया ॥

થઈ ગઈ ત્યારે શ્રીહરિએ કહ્યું કે ‘હવે સહુ પવિત્રપણે જમી લો. ૨૬. અમે પણ જમવા બેસીએ છીએ અને તમે બધા સંતો પણ જમી લો. ગમે તેટલું ઘી લઈ જાવ. આજ તો ઘી અને ખીચડી જમીને તૃપ્ત થાઓ.’ ૨૭.

ભક્તપતિ ધર્મકુમાર શ્રીહરિ ત્રણેય ભાઈઓ જમવા બેઠા. બાટી અને રીંગણાનું શાક જેવી પોતાની રુચિ હતી તેવી રીતે સાક્ષાત્ પ્રભુ જમવા લાગ્યા. ૨૮. શ્રીહરિ સરસ શાકના વખાણ કરતા હતા. તે સાંભળીને ભક્તજનોનાં મન તેમાં લલચાતા હતા. ‘મહાપ્રભુ, અમને થોડું તો ચાખવા આપો ? અમે આપનાથી જુદા છીએ છતાં પડોશી છીએ.’ ૨૯. પછી પ્રભુ શ્રીહરિ સુંદર ભાત દાળ લઈને તેમાં સરસ ઘી જમ્યા. ઉકાળેલા દૂધમાં સાકર નાંખીને પ્રભુ તે જમ્યા. ૩૦. પછી પ્રેમથી દહીં, ભાત અને તેમાં સાકર નાંખીને જમ્યા.

તે સમયે પોતાના ભક્તો વિનયનાં વચન બોલી મર્મમાં પ્રસાદી માગતા હતા. ૩૧. સૂરા ખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ,

सुनी मंद हसे श्रीमहाराजा, दीन प्रसादी गरीबनिवाजा ॥३२॥
क्षत्रि भक्त गामकर बासी, तिनका दीना थाल अविनासी ॥
कर मुखकंज प्रक्षाली स्वामी, ले मुखवास बैठे बहुनामी ॥३३॥
जेये बर्नि संत बहु भाँति, पेदल पुनि असवार एकांती ॥
अन्नार्थी अरु तिरथबासी, बहुत जेंवाये हरि अविनासी ॥३४॥
जुरी आवा हरिजन समुदाई, यथा प्राप्त पूजा तिन लाई ॥
हरि का हरिजन हरख अपारा, पूजत भयेसु ले उपचारा ॥३५॥
चंदन पुष्पादिक करी खांती, लाये पट भूखन बहुभाँति ॥
चंदन चरची हार पहिरावा, मुदरी करअंगुरी मंहि लावा ॥३६॥
कनक दुपट्टा उपर ओढाई, कौशेय नक्तक दे करमाई ॥
ले कपूर कर आरती बारी, हर्ख सहित हरिजन उतारी ॥३७॥
करी साष्टांग प्रणाम बिनिता, निरखत नाथ छबी एक चिता ॥

અલૈયા ખાચર અને બ્રહ્માનંદ સ્વામી આદિ સંતો જ્યારે પ્રસાદી માગતા ત્યારે શ્રીહરિ મંદ મંદ હસતા અને પછી ગરીબનિવાજે તેમને પ્રસાદી આપી. ૩૨. ખડોળ ગામના હરિભક્તો ક્ષત્રિયોની રસોઈ હતી એટલે અવિનાશીએ તેમને થાળની પ્રસાદી આપી. પછી બહુનામી સ્વામીએ હાથ અને મુખકમળ ધોયા, મુખવાસ લીધો, પછી બેઠા. ૩૩. વર્ણી, સંતો, પાર્ષદો અને એકાંતિક ઘોડેસવારો, સહુ સારી રીતે જમ્યા. કોઈ આવેલા અન્નાર્થી કે તીર્થવાસી હતા, તેમને પણ અવિનાશી શ્રીહરિએ ખૂબ જમાડ્યા. ૩૪.

પછી જુદા જુદા હરિભક્તો ભેળા મળીને આવ્યા અને જે પૂજાનો સામાન મળ્યો તે લાવ્યા. તે અપાર હરિભક્તોએ ઘણા હરખથી તે ઉપચારો લઈને શ્રીહરિની પૂજા કરી. ૩૫. તે ભક્તો ચંદન, પુષ્પ ઈત્યાદિક ખંતથી લાવ્યા હતા તેમજ ઘણી જાતનાં વસ્ત્ર અને ઘરેણાં પણ લાવ્યા હતા. લલાટમાં ચંદન ચર્ચીને શ્રીહરિને હાર પહેરાવ્યા અને

हम हे नाथ तुमारे दासा, पुनि क्रिपा कीजे अविनासा ॥३८॥

अस करी बिनय परे सब पाई, भये प्रसन्न जन पर हरि राई ॥
उर तें हार हरिजन का दिना, नेह सुं बोलायके आनंद किना ॥३९॥

चले यहाँ सुँ प्रभु पूरन कामा, आये गाम खस्ता घनश्यामा ॥
खस्ता गाम के हरिजन जेते, बाल वृद्ध नरनारी तेते ॥४०॥

बिप्र राघवजी आत्मारामा, ईन आदिक भुसुर गुनधामा ॥
क्षत्रिकर कुल पावनकारी, जीजी गोयल आदि अविकारी ॥४१॥

डोसा चुहान रु राम चुहाना, गजा भक्त आदिक गुनवाना ॥
ईनही आदि प्रभु सनमुख आये, निर्खि नाथ दृग हरख न माये ॥४२॥

सोरठा : हर्खे भरे करजोरी, परे दंडवत पुलकितन ॥

હાથની આંગળીમાં વીંટી પહેરાવી. ૩૬. સોનેરી વસ્ત્ર ઓઢાડ્યા અને એક રેશમી રૂમાલ હાથમાં આપ્યો. પછી કપૂર લઈ આરતી પ્રગટાવી અને હરખથી હરિભક્તોએ તે આરતી ઉતારી. ૩૭. વિનયભાવે સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા અને પછી એકાગ્ર ચિત્તથી નાથ શ્રીહરિની છબીને નીરખવા લાગ્યા. ભક્તો બોલ્યા કે 'હે નાથ ! અવિનાશી ! અમે આપના દાસ છીએ. ફરીવાર અમારા ઉપર કૃપા કરજો.' ૩૮. આમ વિનંતિના શબ્દો બોલી બધા ચરણમાં પડ્યા. તેનાથી શ્રીહરિ તે ભક્તજનોના ઉપર પ્રસન્ન થયા. શ્રીહરિએ હરિભક્તોને હેતથી બોલાવ્યા અને ફૂલના હાર આપીને તેમને રાજી કર્યા. ૩૯.

❃ ખસ્તા ગામમાં આગમન તથા ત્યાંના ભક્તોની ભાવના :

પછી પૂર્ણકામ ઘનશ્યામ પ્રભુ ખડોળથી ચાલ્યા તે **ખસ્તા** ગામ આવ્યા. તે ગામમાં બાળ વૃદ્ધ નરનારી બધા જ હરિભક્ત હતા. ૪૦. રાઘવજી અને આત્મારામ આદિક ઘણા ગુણવાન બ્રાહ્મણો હરિભક્ત હતા. ક્ષત્રિય કુળમાં પવિત્ર જીજીભાઈ ગોયલ આદિક નિર્વિકારી હરિભક્ત હતા. ૪૧. ડોસાભાઈ ચૌહાણ, રામસિંહ ચૌહાણ અને ગજા

प्रेम प्रिती नहि थोरी, बेहे प्रवाह जल दृगन वर ॥४३॥
खट दस चिह्न सहित, परसे चरन प्रभु कर हरखी ॥
सादर होई सुचित, ले आये प्रभु प्रित करी ॥४४॥
दोहा : सुंदर सरसी बिलोकी हरि, उतरे सर तट आय ॥
हरिजन कहे प्रभु गाम महिं, उतरो सुर मुनिराय ॥४५॥
संत पदाति बर्नि सब, अश्वारुढ जनवृंद ॥
प्रेमानंद कहे ग्रामकी, नाह कहि सुखकंद ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते खडोल ग्राम कर लीला बरनन नामाकोनपंचाशत्तमोऽध्याय: ॥४९॥



ભક્ત આદિક ઘણા ગુણવાન હરિભક્ત હતા. તે બધા હરિભક્તો પ્રભુ શ્રીહરિની સન્મુખ આવ્યા અને દૃષ્ટિથી શ્રીહરિને જોતા તેનાં દિલમાં હરખ સમાતો નહિ. ૪૨. હરખભર્યા, હાથ જોડીને રોમાંચિત શરીરવાળા ભક્તોએ દંડવત્પ્રણામ કર્યા. તેનો પ્રેમ કે પ્રીતિ થોડા ન હતા. તેની આંખોમાંથી પ્રેમના આંસુનો પ્રવાહ વહેતો હતો. ૪૩. ઘણા હરખથી પ્રભુ શ્રીહરિના સોળે ચિહ્ન સહિત ચરણોનો સ્પર્શ થયો. આદરપૂર્વક સ્વસ્થ મનનાં તે હરિભક્તો પ્રેમ કરીને પ્રભુ શ્રીહરિને ગામમાં લઈ આવ્યા. ૪૪. ત્યાં ગામને નજીક એક સુંદર તળાવને જોઈને શ્રીહરિ તે તળાવને કાંઠે ઊતર્યા. ત્યારે હરિભક્તોએ સુરમુનિરાય પ્રભુને કહ્યું, 'આપ ગામમાં ઊતરો. ૪૫. સંતો, વર્ણી, પાર્ષદો, બધા સવારો અને બીજા બધા હરિભક્તો ગામમાં ઊતરો.' ત્યારે પ્રેમાનંદ સ્વામી કહે છે કે સુખનાં મૂળ સ્વરૂપ શ્રીહરિએ ગામમાં ઊતરવાની હરિભક્તોને ના કહી. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ખડોળ ગામમાં શ્રીહરિની લીલા કહી' એ નામે ઓગણપચાશમો અધ્યાય સમાપ્ત-૪૯



अध्याय - ५०

दोहा : लाये प्रीत करी भक्त जन, नविन रू स्वछ पलंग ॥
गुप्त दोरक उपबर्हन, लाये परम उमंग ॥०१॥
संत पदाति बर्नी मीली, और ही सब हरि दास ॥
निज निज जुथमें हरख जुत, उतरे सब सावकास ॥०२॥

सोरठा : पुलकित पुरूष रु नारी, आय बिलोकन नाथ छब ॥
तन मन प्रभु पर वारी, परे चरन कर जोरी जुग ॥०३॥
नर बिग्रह रमनीय, मनु तनु धरी शृंगार रस ॥
सोहत छबी कमनीय, डोलत मूरत मन हरन ॥०४॥

चोपाई :
थकित भये हरि रूप निहारी, मुदित भये मूरत उरधारी ॥

અધ્યાય - ૫૦

શ્રીહરિની ખસ્તા ગામની લીલા તથા રોજકા આગમન

ખસ્તા ગામના હરિભક્તો શ્રીહરિ જ્યાં તળાવને કાંઠે હતા, ત્યાં એક નવો સ્વચ્છ પલંગ પ્રેમથી લાવ્યા અને ઉમંગ સાથે ગોદડા અને ઓશિકા પણ લાવ્યા. ૧. સંતો, વર્ણી, પાર્ષદો અને બીજા બધા હરિભક્તો પોતપોતાના સમુદાયમાં ઘણા હરખથી ખુલ્લી જગ્યામાં ઊતર્યા. ૨. ગામના હરિભક્ત બધા નરનારીઓ ઘણા આનંદથી શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન કરવા માટે આવ્યા. સહુએ શ્રીહરિના ઉપર પોતાના તન મન ન્યોછાવર કરી દીધા અને બે હાથ જોડી ચરણમાં પડ્યા. ૩. શ્રીહરિનું મનુષ્ય સ્વરૂપ એટલું રમણીય હતું કે માનો, મૂર્તિમાન શૃંગાર રસ આવ્યો ન હોય ! રમણીય છબી સોહામણી હતી. મનોહર મૂર્તિને દેખતા મન ડોલવા લાગતું હતું. ૪.

શ્રીહરિનાં રૂપને દેખીને બધા ભક્તો વિસ્મિત થયા અને મૂર્તિને દિલમાં ધારીને ઘણા જ રાજી થયા. દર્શન કરતી વખતે તેમની બંને

परत न पलक नेन पुट जोरी, पान करत अमि चंद चकोरी ॥०५॥
करत सकल पुर बासि परशंसा, सो यह प्रभु जीन मार्यो कंसा ॥
और हि अनेक असुर संहारे, अपने जन कर काज सुधारे ॥०६॥
अस छबी नेननि कबहु न देखा, सावल रूप अधर तनि रेखा ॥
अब ही निर्खि दृग त्रप्ति न पावा, होत नाहि छबी निर्खि अभावा ॥०७॥
एंचत हे चित मन अरू प्राना, तानत चमक ज्युं लोह नीदानी ॥
तदनंतर हरिजन सब आई, कहत हरिसुं मन हरखाई ॥०८॥
बिलम होत रसवतिकी स्वामी, करउ आग्या सबका बहुनामी ॥
बर्नि संत पदाति काजा, करो रसोई सरस महाराजा ॥०९॥
किना सबही समान तयारी, दूध दहीं भाजी तर्कारी ॥
किन प्रभु आज्ञा तत्काला, करो रसोई जई बर्नि मराला ॥१०॥

પાંપણો ભેળી થતી જ નહિ. જેમ ચકોર પક્ષી ચંદ્રને જૂએ તેમ સહુ તે મૂર્તિમાંથી અમૃતરસનું પાન કરતા હતા. ૫. ગામના બધા લોકો શ્રીહરિની પ્રશંસા કરતા એમ બોલતા હતા કે 'આ તે પ્રભુ છે કે જેણે કંસ માર્યો હતો ? જેણે બીજા પણ અનેક અસુરોનો સંહાર કરી પોતાના ભક્તજનોનું કાર્ય સુધારી દીધું હતું. ૬. આવી છબી તો અમે આંખોથી ક્યારેય દેખી ન હતી. સુંદર શ્યામળું રૂપ છે અને હોઠ ઉપર નાની નાની રેખાઓ છે. અત્યારે આંખોથી દેખવા છતાં તૃપ્તિ થાતી નથી. આ છબીને નીરખતા તેનો અભાવ આવતો નથી. ૭. **જેમ લોઢાને ચમક ખેંચે છે તેમ આ શ્રીહરિની મૂર્તિ આપણાં મન તથા પ્રાણને ચોક્કસ ખેંચે છે.**

તે પછી મનમાં હરખભર્યા બધા હરિભક્તો આવી શ્રીહરિને કહેવા લાગ્યા, ૮. 'મહારાજ ! હવે મોડું થઈ રહ્યું છે. બહુનામી આપ આમને સહુને આજ્ઞા કરો. પ્રભુ ! સંતો, વર્ણી તથા પાર્ષદોને માટે સરસ રસોઈ કરાવો. ૯. બધો જ સામાન તૈયાર કર્યો છે. દૂધ, દહીં, ભાજી તરકારી પણ લાવ્યા છીએ.' તે સાંભળીને તરત જ શ્રીહરિએ આજ્ઞા

नाथ बचन सुनि बर्नि संता, करन लगे बिंजन हरखंता ॥
अनुज बंधुवर इछारामा, सकल चातुरी शुभ गुनधामा ॥११॥
रसवति करन लगे बुधिवंता, धरी सामग्री लाई अत्यंता ॥
भाँति भाँति बिंजन पकवाना, किन रसोई तरत सयाना ॥१२॥
कहा जायके बर्नि मुकुंदा, भई तैयार रसवती सुखकंदा ॥
भोजन करन पधारिये प्यारा, धर्मकुंवर नेननके तारा ॥१३॥
उठे नाथ तब आलस मिरोरी, पेरी चरन पादुका जोरी ॥
बैठे पाट पर कीन स्नान, पहीरा पीतांबर भगवाना ॥१४॥
दोहा : दिव्य अखिल निज भुवन पति, दिव्य सु सदा साकार ॥
दिव्य मुक्त सेवित सदा, सो यह प्रगट आकार ॥१५॥
प्रकृतिपुरूष कर प्रेरक, अखिल शक्ति आधार ॥

કરી કે ‘વર્ણી તથા સંતો જઈને રસોઈ બનાવો.’ ૧૦. શ્રીહરિના આજ્ઞા વચનને સાંભળીને બધા વર્ણી તથા સંતો હરખથી અલગ અલગ શાક આદિ ભોજન કરવા લાગ્યા. નાના ભાઈ ઈચ્છારામજી તો ઘણા ચતુર અને શુભ ગુણોનું ધામ હતા. ૧૧. તે બુદ્ધિમાન પણ રસોઈ કરવા લાગ્યા. ત્યારે તેમની આગળ ઘણી સામગ્રી લાવીને મૂકી. તે શાણા ઈચ્છારામભાઈએ જાત જાતનાં શાકભાજી અને પકવાનોની રસોઈ તરત જ તૈયાર કરી. ૧૨. પછી મુકુંદાનંદ વર્ણીએ સુખનાં મૂળસ્વરૂપ શ્રીહરિની પાસે જઈને કહ્યું કે ‘રસોઈ તૈયાર થઈ ગઈ છે. અમારી આંખોના તારા પ્યારા ધર્મકુમાર આપ જમવા માટે પધારો.’ ૧૩.

પછી નાથ મુરારિ આળસ મરોડીને ઊઠ્યા અને ચરણમાં બંને ચાખડીઓ પહેરી. પાટ ઉપર બેસીને સ્નાન કર્યું અને પછી ભગવાને પીતાંબર પહેર્યું. ૧૪. પોતાના સમગ્ર ભુવનોના પતિ એવા પ્રભુ દિવ્ય છે, **એમનો આકાર પણ દિવ્ય છે, જે દિવ્ય મુક્તોએ સદા સેવાયેલા છે; તે આ શ્રીહરિ પ્રત્યક્ષ સ્વરૂપે વિરાજે છે. ૧૫. જે પ્રકૃતિ તથા પુરુષના**

सचराचर साक्षि सदा, सो यह धर्मकुमार ॥१६॥

सोरठा : सो यह हरि साक्षात, प्रगट होई द्विज कुल सुखद ॥
धर्म भक्ति मात तात, तिन कर सुत भये कृष्णहरि ॥१७॥

पुरुषोत्तम परिब्रह्म, प्रगट भये तारन पतित ॥
जानत मुक्त यह मर्म, बिचरत ग्राम पुर नग्र प्रति ॥१८॥

चोपाई :
सो यह प्रगट रूप भगवाना, अवनि बिचरत करत कल्याना ॥
अन्न जल जेई दरस सुख देई, फल दल कंदमूल प्रभु लेई ॥१९॥

अस कल्याना मन करत हे दासा, जेंवन बैठे अब अविनाशा ॥
बिरंज बासुदी सिखरन चाखा, दुधपाक पर तनि अभिलाखा ॥२०॥

जेंवत दुधपाक प्रभु पुरी, भक्त जीवन धन मंगल मूरी ॥

પ્રેરક છે, સમગ્ર શક્તિનો આધાર છે તથા સદાય ચરાચરના સાક્ષી છે; તે આ ધર્મકુમાર શ્રીહરિ છે. ૧૬. વળી સુખકારી આ સાક્ષાત્ શ્રીહરિ વિપ્ર કુળમાં પ્રગટ થયા. ભક્તિ ધર્મને માતા પિતા કર્યા અને તેમના પુત્ર આ હરિકૃષ્ણ થયા છે. ૧૭. પરબ્રહ્મ પુરુષોત્તમ પતિતોને તારવાને માટે પ્રગટ થયા છે. જેના ખરા મર્મને તો મુક્તો જાણે છે. તે આ પ્રભુ નાના ગામ, શહેર કે મોટા નગરના પ્રત્યે વિચરણ કરી રહ્યા છે. ૧૮. તે આ પ્રત્યક્ષ સ્વરૂપ શ્રીસ્વામિનારાયણ ભગવાન ભૂમિ ઉપર વિચરે છે અને જીવોનું કલ્યાણ કરે છે. ભક્તોએ આપેલા અન્ન, જળ, ફળ, પત્ર અને કંદમૂળને લઈને જમે છે તથા તેમને પોતાનાં દર્શન આપે છે. ૧૯.

ભક્તો પોતાનાં મનમાં કલ્યાણની ઈચ્છા રાખે છે ત્યારે આ અવિનાશી પ્રભુ રસોઈ તૈયાર થઈ હતી ત્યાં જમવા બેઠા. બિરંજ, બાસુંદી તથા શિખંડને લઈને ચાખ્યો. શ્રીહરિને દૂધપાકના ઉપર થોડી ઈચ્છા રહેતી હતી. ૨૦. ભક્તજનોના જીવનમાં ધન તથા મંગળનાં મૂળરૂપ પ્રભુ દૂધપાક તથા પૂરી જમવા લાગ્યા. રસોઈમાં પૂરી, કચોરી,

पुरी कचोरी बरा बनावा, विविध शाक प्रभुके मन भावा ॥२१॥
बहुत भ्राँति कीना पकवाना, रूचि अनुसार जेंवत भगवाना ॥
झीनवा भात पहीती पर राजी, चोराई अरू मेथीया भाजी ॥२२॥
ओदन मिसरी पय सुखकारी, रूचि रूचि जेंवत भक्त भयहारी ॥
दधि ओदन मिसरी पर प्यारा, जेंवत प्रीत करी धर्मकुमारा ॥२३॥
भोजन करी प्रभु अचवन कीना, कर मुख कंज प्रक्षालि प्रबीना ॥
ले बिरा मुखवास अनूपा, करत आज्ञा सबका मुनि भूपा ॥२४॥
करउ पंक्ति बर्नि संत दासा, थाउ तैयार जेई अविनासा ॥
उभय बंधु मिली भोजन कीना, हरि प्रसाद हरिजन का दीना ॥२५॥
भई पंक्ति जेंये मुनिवृंदा, मोदक मुदित जेंये स्वछंदा ॥

વડાં અને પ્રભુને ભાવે તેવા વિવિધ પ્રકારનાં શાક બનાવ્યા હતા. ૨૧. અનેક પ્રકારના પકવાન કર્યા હતા, તેમાંથી પોતાની રુચિ પ્રમાણે જમતા હતા. ઝીણા દાણાનો ભાત અને મશાલાદાર દાળ ઉપર શ્રીહરિ રાજી હતા. ચોળા તથા મેથીની ભાજી પણ કરી હતી. ૨૨. ભક્તના ભયને હરનારા શ્રીહરિ દૂધ, ભાત અને સુખકારી સાકર પોતાની રુચિ પ્રમાણે જમ્યા. વળી ધર્મકુમાર પ્યારા શ્રીહરિ દહીં, ભાત અને સાકર પણ ઘણા પ્રેમથી જમ્યા. ૨૩. પરમ નિપુણ પ્રભુ શ્રીહરિ જમ્યા પછી જળપાન કર્યું, હાથ તથા મુખકમળ ધોયા. પછી મુખવાસમાં અનુપમ પાનબીડું લીધું અને મુનિરાજે સહુને આજ્ઞા કરી, ૨૪. 'વર્ણી, સંતો, પાર્ષદો તથા સંતોના દાસ થઈને રહેનારા સહુ ભક્તો તમે બધા પંગત કરી, જમીને તૈયાર થાઓ.'

તે વખતે અવિનાશી શ્રીહરિના બંને ભાઈઓએ મળીને ભોજન કર્યું. પછી શ્રીહરિએ હરિભક્તોને પ્રસાદી આપી. ૨૫. જ્યારે પંક્તિ થઈ તેમાં બધા જ સંતો ખૂબ જ છૂટથી રાજી થઈને લાડુ જમ્યા. બધા હરિભક્તો, પાર્ષદો અને સવારોને પણ ઘણા પ્યારથી ખૂબ જમાડ્યા.

भक्त पदाति पुनि अश्वारा, बहुत जेंवाये करी प्यारा ॥२६॥

पुनि हरि पास हरिजन आये, पूजा भेट यथा रूचि लाये ॥
चंदन पुष्प रु हार चढाये, रंजित कुसुम कनक पट लाये ॥२७॥

शिश बंधावा अंग ओढावा, हरिजन हर्ख अंग नही मावा ॥
कीन निराजन जन हर्खाई, गाई आरती ताली बजाई ॥२८॥

कीन प्रनाप परे प्रभु पाई, कहत बात हरिजन का बोलाई ॥
हरिजन सकल गाम करबासी, चिंता न करउ भजोउ अविनाशी ॥२९॥

दोहा : तजी भय आवागमन कर, रविनंदन कर त्रास ॥
भजो श्रीराधारमन पद, सोई प्रगट अविनाश ॥३०॥

मारी मेख विधि लेखपर, यम कर लिखा सो फारी ॥

---

૨૬. પછી હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા અને પોતાના ભાવ પ્રમાણે પૂજા અને ભેટ લેતા આવ્યા. ચંદનથી પૂજા કરી, ફૂલના હાર પહેરાવ્યા. રંગીન પુષ્પની ભાતવાળા સોનેરી વસ્ત્ર લાવ્યા હતા. ૨૭. શ્રીહરિને મસ્તકે પાઘ બંધાવી, શરીર ઉપર વસ્ત્ર ઓઢાડ્યા. પૂજા કરતા હરિભક્તોના મનમાં હરખ સમાતો નહિ. ભક્તજનોએ હરખથી આરતી કરી ત્યારે તાળી વગાડીને આરતી બોલ્યા. ૨૮. સહુએ શ્રીહરિના ચરણમાં પડીને પ્રણામ કર્યા.

ત્યારે શ્રીહરિએ સહુને બોલાવીને વાત કરી કે 'તમે ગામના નિવાસી બધા હરિભક્તો બીજી કાંઈ ચિંતા કરશો નહિ. અવિનાશી પ્રગટ પરમેશ્વરનું ભજન કરજો. ૨૯. જન્મ મૃત્યુનો ભય પણ તજી દેજો, જમનો પણ ત્રાસ રાખશો નહિ. લોકો જેમ શ્રીરાધાકૃષ્ણનું ભજન કરે છે તેમ તમે અમારું ભજન કરજો. કેમ જે, અવિનાશી પુરુષોત્તમનારાયણ અત્યારે પ્રગટ વિરાજે છે. ૩૦. **આ પ્રગટ પ્રભુનાં ભજનથી તમે વિધિના લેખ ઉપર મેખ મારશો. યમરાજાના લખેલા ચોપડાને પણ ફાડી નાખી, કાળ તથા માયાના માથા ઉપર પગ મૂકીને, બધા જ નરનારીઓ**

काल माया शिर देई पगु, जाओ धाम नर नारी ॥३१॥

सोरठा : धर्म रू भक्ति प्रताप, अति प्रबल आजु अवनी पर ॥
देत शिक्षा हरि आप, हरिजन का श्रीअक्षरपति ॥३२॥
आनि अचल बिश्वास, आश्रय करी दृढ प्रगट कर ॥
करउ भजन मम दास, राखउ बल प्रभु प्रगट कर ॥३३॥

चोपाई :
चढी मानकी चले महाराजा, लेई संग मुनि बर्नि समाजा ॥
आये रोझका गांम मुनेशा, हर्खे सुनि हरिजन सकलेशा ॥३४॥
क्षात्र बंधु शुभमति नरराई, काकाभाई वर माना भाई ॥
नथु गोल आदि जनवृंदा, गढवी गजा दाजी स्वछंदा ॥३५॥
कृष्ण जगो पुरूषोत्तम येते, ईनहि आदि धरामर तेते ॥

ભગવાનનાં અક્ષરધામમાં જાશો. ૩૧. આજે આ ભૂમિ ઉપર ધર્મ તથા ભક્તિનો અતિશય પ્રબળ પ્રતાપ રહ્યો છે.' આ રીતે અક્ષરપતિ શ્રીહરિ હરિભક્તોને ઉપદેશ આપતા હતા. ૩૨. **'મારાં વચનમાં દૃઢ વિશ્વાસ રાખી પ્રગટ પ્રભુનો દૃઢ આશ્રય કરો અને પ્રગટ પ્રભુનું બળ રાખીને મારા બધા ભક્તો મારું ભજન કરો.' તેમાં નિશ્ચય તમારું કલ્યાણ છે.** ૩૩. આ રીતે સહુને ઉપદેશ કરીને શ્રીસહજાનંદ સ્વામી મહારાજ માણકી ઉપર ચઢ્યા અને સંતો તથા વર્ણીનો સમાજ સાથે લઈને ચાલતા થયા.

❁ શ્રીહરિ રોજકા પધાર્યા અને ત્યાંના ભક્તોની ભાવના :

મુનિપતિ શ્રીહરિ **રોજકા** ગામ આવ્યા. શ્રીહરિના સમાચાર સાંભળીને સમગ્ર હરિભક્તોને ઘણો હર્ષ થયો. ૩૪. રોજકામાં દરબાર કાકાભાઈ તથા તેના ભાઈ માના ભાઈ, બંને ભાઈ શુભ બુદ્ધિમાન અને શ્રેષ્ઠ હરિભક્ત હતા. નથુ ગોળ આદિ હરિભક્તો; ગજા ગઢવી અને સ્વતંત્ર પ્રકૃતિના દાજીભાઈ; ૩૫. કૃષ્ણજી, જગાભાઈ અને પુરુષોત્તમ ઇત્યાદિક બધા બ્રાહ્મણો સત્સંગી હતા. ઉપર કહ્યા તે સિવાયના અગણિત

नारी पुरूष और ही अगनिता, हरि सनमुख आयेसु पुनिता ॥३६॥

अश्वारूढ अमित जनसाथा, तिन कर जुथमें आवत नाथा ॥
उडी गर्द नभ जलद समाना, चमकत कुंत तडिद समाना ॥३७॥

आवत बर्नि रू मुनि मराला, मनु भादो में अरून घनमाला ॥
देखी नाथ छबी जन पुलकाये, लोचन फलु आज्यु हम पाये ॥३८॥

अस कही जन जोरी जुग पानी, अवनी परे दंडवत् प्रांनी ॥
निकट आये तब नाथ नीहारी, वारत तन मन ले नरनारी ॥३९॥

धन्य आज्यु दिन धरी अनुपा, ईन नेन निर्खे सुरभूपा ॥
पुरनपति जन काकाभाई, मन क्रम बचन परे प्रभु पाई ॥४०॥

ठाडे रही प्रभु नेहसुं बोलावा, प्रभु पद परसि आनंद पावा ॥
बाजत ढोल ददामा भैरि, सरनाई सिंगि सुरगैरी ॥४१॥

નરનારી પવિત્ર હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૬. ઘોડા ઉપર બેઠેલા અનેક હરિભક્ત સવારોના જૂથમાં મળેલા નાથ શ્રીહરિ આવતા હતા. તે સમયે તેની ઊડેલી ધૂળ આકાશમાં વાદળા જેવી થઈ ગઈ. તે ધૂળની ડમરીમાં સવારોએ લીધેલા ભાલાઓ વીજળીની જેમ ચમકતા હતા. ૩૭. તે સમયે ત્યાં ચાલીને આવતા સંતો અને બ્રહ્મચારીઓ માનો, ભાદરવા મહિનામાં થયેલા લાલ રંગના વાદળા હોય તેવા જણાતા હતા. શ્રીહરિની છબીને જોઈને ભક્તજનો ઘણા આનંદિત થઈ ગયા અને તેમને એમ જણાયું કે **'આજે અમને વાસ્તવમાં આંખોનું ફળ મળ્યું છે.'** ૩૮.

આમ બોલીને ભક્તજનો હાથ જોડતા હતા અને બધા પૃથ્વી ઉપર દંડવત્પ્રણામ કરતા હતા. જ્યારે નાથ શ્રીહરિ નજીક આવ્યા ત્યારે નરનારી બધા જ હરિભક્તો શ્રીહરિનાં ઉપર તન મન વારી જતા હતા. ૩૯. આજના અનુપમ દિવસને ધન્ય છે કે આ આંખોથી અમે આજ સુરરાજ શ્રીહરિનાં દર્શન કર્યાં. ગામધણી દરબાર કાકાભાઈ મન, કર્મ, વચનથી શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૪૦. શ્રીહરિએ ત્યાં

गाजत बाजत प्रभुका लाये, निज निवास तहाँ प्रभु पधाराये ॥
जे अश्वार पदाति दासा, सोउ उतरे सब प्रभु कर पासा ॥४२॥
बर्नि संत निज शाला माई, उतरे मुदित परम सुखदायी ॥
हरिजन भूप मिली सामाना, लाये हर्ख सहित बिधिनाना ॥४३॥
सोरठा : रसवती कर सामान, आनि धरा प्रभु सकल शुभ ॥
दिजे क्रिपानिधान, अग्या रसवती करन हित ॥४४॥
तुम कारन कीर्तार, कवन करत हे पाक प्रभु ॥
बिलम न कीजे लगार, दीजे अग्या शीघ्र करन ॥४५॥
दोहा : बर्नि संत बोलाई हरि, बोलेउ बचन रसाल ॥
बर्नि संत अति सुज्ञसो, करऊ पाक ततकाल ॥४६॥

ઊભા રહીને કાકાભાઈને પ્રેમથી બોલાવ્યા. કાકાભાઈએ શ્રીહરિના ચરણનો સ્પર્શ કર્યો, તેથી ઘણો આનંદ પામ્યા. તે સમયે ઢોલ, નગારા, ભેરી, શરણાઈ, રણશિંગી વગેરે વાજિંત્ર વાગતા હતા. ૪૧. દરબાર કાકાભાઈએ સમર્થ ધણી શ્રીહરિને વાજતે ગાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. જે ઘોડેસવારો, પાર્ષદો અને હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની પાસે જ ઊતર્યા. ૪૨. પરમ સુખદાયી વર્ણી અને સંતો રાજી થઈને પોતાની ધર્મશાળામાં ઊતર્યા.

હરિભક્તો તથા દરબાર કાકાભાઈ સહુ મળીને ઘણા હરખથી અનેક પ્રકારનો સામાન લાવ્યા. ૪૩. રસોઈનો બધો શુભ સામાન લાવીને શ્રીહરિની પાસે મૂક્યો અને કહ્યું કે 'હે કૃપાનિધિ ! આપ રસોઈ બનાવવાની આજ્ઞા કરો. ૪૪. સર્વ કર્તા હે પ્રભુ ! આપને માટે રસોઈ કોણ બનાવે છે ? હવે વધારે મોડું ન કરશો. જલદી રસોઈ બનાવવા માટેની આજ્ઞા કરો.' ૪૫.

પછી શ્રીહરિએ વર્ણી તથા સંતોને બોલાવ્યા અને તેમની આગળ સરસ વચન કહ્યું કે 'જે તમારામાં સુજ્ઞ વર્ણી તથા સંત હોવ તે તત્કાળ

काकाभाई बोलईके, पुछत प्रभु करी प्यारा ॥
प्रेमानंद कहे प्रान पति, कहो रसोई निरधार ॥४७॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते खस्ता ग्राम कृत लीला बरनन रोझका ग्रामे आगमन नामा पंचाशत्तमोऽध्यायः ।।५०।।



अध्याय - ५१

दोहा : कहत हरिजन सकल मिली, आयके चरन हजूरी ॥
येही हमार बिच्यार प्रभु, दूधपाक करे पूरी ॥०१॥

कहां मिली हे पय ईतना, कहत हे आनंदकंद ॥
बर्नि संत पदाति मिली, पुनि अश्वारन कर वृंद ॥०२॥

રસોઈ બનાવો. ૪૬. પ્રેમાનંદ સ્વામી કહે છે કે પ્રાણપતિ પ્યારા પ્રભુએ કાકાભાઈને બોલાવીને પૂછ્યું, 'રસોઈ શું કરવી છે ? તેનો નિર્ધાર કરીને કહો.' ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિની ખસ્તા ગામની લીલા તથા રોજકા આગમન કહ્યું' એ નામે પચાશમો અધ્યાય સમાપ્ત-૫૦



અધ્યાય - ૫૧

શ્રીહરિની રોજકા તથા ઝીંઝર ગામમાં લીલા

શ્રીહરિના ચરણ સમીપે સદા હાજર રહેનારા એવા રોજકા ગામના સહુ હરિભક્તો મળીને આવ્યા અને કહ્યું કે 'હે પ્રભુ ! અમારો તો એવો વિચાર છે કે આપ દૂધપાક પૂરીની રસોઈ કરાવો.' ૧. ત્યારે આનંદકંદ શ્રીહરિએ કહ્યું કે 'દૂધપાક કરીએ તેટલું દૂધ અહીંયા મળી શકશે ? વર્ણી, સંતો, પાર્ષદો અને ઘોડેસવારો, આ બધાનો સમુદાય ઘણો મોટો

सोरठा : कहत भक्त करी भाव, सुनो शाम भवभय हरन ॥
सबकर मन उछाव, आनिहुं पय प्रभु अमित घट ॥०३॥
पय बहुत हे नाथ, घर घर प्रति यह ग्राम मंहि ॥
कहे शाम सुखपाथ, बटुरउ दूध सब गामकर ॥०४॥

चोपाई :
घर घर प्रति हरिजन कहां जाई, आज्यु पय जीतना घर मांई ॥
सो सब देउ संत हरि काजा, आग्या कीन काकाभाई राजा ॥०५॥
शुध रू स्वछ पुलकी जन लाये, पयकर माट अपरमित आये ॥
पुनि पिसान मैदाकर भारी, हरिजन लाये बहुत तरकारी ॥०६॥
श्रीजी काज पय माट पुनिता, लाय धरा हरिजन शुभ चिता ॥
मिसरी एकाक्षर मन माना, द्राख चारोली एला आना ॥०७॥

છે.' ૨. ત્યારે ગામના ભક્તોએ ભાવથી કહ્યું કે 'સંસારના ભયને ટાળનારા હે શ્યામસુંદર ! અમારી વાતને સાંભળો. અમારા સહુનાં મનમાં ઉત્સાહ છે એટલે પ્રભુ ! અમે દૂધથી ભરેલા બોઘરાં અમાપ લાવશું. ૩. હે સર્વેશ્વર શ્રીહરિ ! આ ગામમાં ઘેર ઘેર ઘણું દૂધ થાય છે.' ત્યારે શ્યામસુંદર શ્રીહરિએ કહ્યું, 'તો પછી તમે આખા ગામનું દૂધ ભેળું કરો. અને દૂધપાકની રસોઈ બનાવીએ.' ૪.

પછી હરિભક્તોએ ગામમાં ઘેર ઘેર જઈને કહ્યું કે **'આજ તમારા ઘરમાં જેટલું દૂધ થતું હોય તે બધું શ્રીહરિ અને સંતો માટે આપો, એવી આપણા રાજા દરબાર કાકાભાઈએ આજ્ઞા કરી છે.'** ૫. ગામ લોકો ઘણા આનંદથી શુદ્ધ અને સ્વચ્છ દૂધના અપાર ઘડાઓ ભરીને લાવ્યા. વળી બધા હરિભક્તો મેંદાનો ઘણો લોટ અને ઘણી જાતના શાકભાજી પણ લાવ્યા. ૬. તેમજ શુદ્ધ મનનાં એક હરિભક્ત શ્રીજીમહારાજને માટે એક પવિત્ર ઘડામાં દૂધ લાવ્યા. સાકર, મનમાન્યું ઘી, દ્રાક્ષ, ચારોળી અને એલચી પણ લાવ્યા. ૭. અખરોટ, બદામ, પીસ્તા અને જાયફળ; તેમજ

अखोड बदाम पिस्तु फलजाति, लाये फल हरिजन बहु भाति ॥
बर्नि संतका पय बहु चावा, सुक्षम तंदुल सरस मगावा ॥०८॥
सब समान बांटीके दीना, बर्नि संतका लगे सो लीना ॥
परम पुनित गौशाला मांई, पाकारंभ करन लगे जाई ॥०९॥
उठे पुलकी ईछाराम भैया, चले पयपाक करन सुखदैया ॥
करी स्नान पित पट पहिरा, करन रसोई कुसल हरिबीरा ॥१०॥
सुंदर सरस रसोई बनाई, आवा बोलावन बर्नि राई ॥
भोजन करन पधारिये नाथा, उठऊ शाम संतन सुखपाथा ॥११॥
तब हरिकृष्ण कमलदल नेना, किन स्नान आये सुख देना ॥
अंग अंगोछा ले रूमाला, पीतांबर पहीरा वृषलाला ॥१२॥
पहीरी पादुका जेवन आये, निज जन देखी नेन ललचाये ॥

ઘણી જાતના ફળ પણ હરિભક્તો લાવ્યા. વર્ણી અને સંતોને માટે દૂધ ઘણું જોઈતું હતું અને સારા ઝીણા ચોખા પણ મંગાવ્યા. ૮. રસોઈનો બધો સામાન જેટલો જોઈએ તે વહેંચી દીધો. વર્ણી તથા સંતોએ જેટલો સામાન જોઈતો હતો તેટલો લીધો. ઘણી સારી પવિત્ર ગૌશાળામાં રસોઈ કરવાની શરૂઆત કરી. ૯.

તે પછી આનંદમાં આવીને ઈચ્છારામભાઈ પણ ઊઠ્યા અને સરસ સુખદ દૂધપાક બનાવવા ચાલ્યા. પહેલા તેમણે સ્નાન કર્યું, પીતાંબર પહેર્યું. શ્રીહરિના ભાઈ ઈચ્છારામજી રસોઈ બનાવવામાં ઘણા કુશળ હતા. ૧૦. જ્યારે ભાઈએ સુંદર સરસ રસોઈ બનાવી ત્યારે મુકુંદવર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. સંતોને માટે સુખસાગર જેવા હે શ્યામસુંદર સુખકારી શ્રીહરિ ! આપ ઊઠો, ભોજન કરવા પધારો. ૧૧.

ત્યારે કમળની પાંખડી જેવા નેત્રવાળા સુખદાયક પ્રભુ શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્નાન કરીને આવ્યા. ધર્મપુત્ર શ્રીહરિએ રૂમાલ લઈને શરીર કોરું કર્યું અને પીતાંબર પહેર્યું. ૧૨. શ્રીહરિ ચાખડીઓ પહેરીને જમવા

कनक पीठ पर उर्ना डारी, ता पर बेठे कृष्ण मुरारी ॥१३॥
कंचन थाल परोसी लाये, खटरस भोजन सरस बनाये ॥
जेवन बेठे शाम सुखकंदा, निर्खत भक्त चकोर ज्यु चंदा ॥१४॥
दोहा : भरत ग्रास होरे प्रभु, मेलत शशि मुखमाई ॥
लिखी चर्वन मुख चातुरी, मनमथ रह्यो लजाई ॥१५॥
दूधपाक पूरि सरस, जेवत प्रभु अविनास ॥
करी रमूज्य कौतकमय, हसत हसाबत दास ॥१६॥
सोरठा : बासुंदी सरस बिरंज, रूचि रूचि जेवत सुखसदन ॥
धर्मात्मज मुखकंज, पुनि पुनि पियत वारी वर ॥१७॥
भाजी सरस तर्कारी, लुचई पुरी जेंवत रूचिर ॥
दहींबरा भात दारी, ओदन मिसरी सु पियत पय ॥१८॥

આવ્યા હતા. ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરતા હતા ત્યારે તેમની આંખો લલચાતી હતી. ત્યાં સોનાના બાજોઠ ઉપર એક ધાબળી પાથરી અને પછી તેના ઉપર કૃષ્ણમુરારિ શ્રીહરિ બેઠા. ૧૩. છએ રસથી પરિપૂર્ણ સરસ ભોજન જે બનાવ્યા હતા, તે એક સોનાના થાળમાં પીરસીને લાવ્યા.

જ્યારે સુખનાં મૂળરૂપ શ્યામસુંદર જમવા બેઠા ત્યારે દર્શન કરનારા ભક્તો ચકોર જેમ ચંદ્રને જૂએ તેમ શ્રીહરિને દેખવા લાગ્યા. ૧૪. પ્રભુ ધીમે ધીમે કોળિયા લઈને ચંદ્ર સમાન મુખમાં મૂકતા હતા. તેમની મુખમાં ચાવવાની ચતુરતાને દેખીને તો કામદેવ પણ લજ્જાઈ જતો હતો. ૧૫. અવિનાશી પ્રભુ સરસ દૂધપાક અને પૂરી જમવા લાગ્યા. તે સમયે કોઈ આશ્ચર્યકારી રમૂજ કરીને પોતે હસતા અને ભક્તોને હસાવતા હતા. ૧૬. સુખના આધાર જેવા શ્રીહરિ પોતાની રુચિ પ્રમાણે બાસુંદી અને સરસ બિરંજને પણ જમતા હતા. ધર્મપુત્ર શ્રીહરિ મુખકમળમાં વારે વારે જળપાન કરતા હતા. ૧૭. સરસ શાકભાજી અને સુંદર પોચી પૂરીને પણ જમતા હતા. દહીંવડાં, ભાત, દાળ તથા ભાત અને સાકરની

चोपाई :

दहींबरा जेंयत रूची लाई, पनबरा जेंवत पुलकाई ॥
फेरत उदर पर कर प्रभु बावा, खात डीकार हरि जेई अघावा ॥१९॥
अचवन कीन जेई जगदीशा, बिराजीए ईशकर ईशा ॥
काकाभाई आदि हरिदासा, दिना थाल तिनही अविनाशा ॥२०॥
जेंवन बेठेउ बर्नि संता, किन पंक्ति सज्जन हर्खंता ॥
भक्त पदाती पुनि अश्वारा, बैठे जेंवन हर्ख अपारा ॥२१॥
करजोरी करी बिनय अनूपा, काकाभाई कहा नर भूपा ॥
संतनका पिरसो सुखदाई, लोचन सुफल करउ मुनिराई ॥२२॥
ईन नेनन निर्खे चतुराई, हरत प्रान मन चंचलताई ॥
कमर कसि प्रभु उठे उमंगा, बने छेल नटवर नवरंगा ॥२३॥

સાથે દૂધને પણ પીતા હતા. ૧૮. પોતાની રુચિ પ્રમાણે દહીંવડાં તથા ઘણા આનંદથી પાતરાને પણ જમતા હતા. જમતા જમતા પ્રભુ શ્રીહરિ પોતાના પેટ ઉપર હાથ ફેરવતા અને જમીને તૃપ્ત થયા હોય, તે રીતે ઓડકાર પણ ખાતા હતા. ૧૯. જળપાન કર્યા પછી ઈશ્વરોના ઈશ્વર, જગદીશ્વર શ્રીહરિ આસન ઉપર વિરાજમાન થયા. અને અવિનાશી પ્રભુએ કાકાભાઈ આદિક હરિભક્તોને થાળની પ્રસાદિ આપી. ૨૦.

❋ કાકાભાઈની વિનંતિથી શ્રીહરિએ સંતોને ખૂબ પીરસ્યું :

વર્ણી અને સંતો જમવા બેઠા ત્યારે હરખથી પહેલા સંતોની પંગત થઈ. તે પછી પાર્ષદો અને ઘોડેસવારો પણ અપાર હરખથી જમવા બેઠા. ૨૧. તે સમયે દરબાર કાકાભાઈએ અનુપમ વિનંતિ કરીને કહ્યું કે ‘સુખદાયક મુનિરાય આપ સંતોને પીરસવા પધારો, તો અમે તે દર્શન કરીને અમારી આંખોને સુફળ કરીએ. ૨૨. આ આંખોથી આપની પીરસવાની ચતુરાઈને દેખીએ તો તે દર્શન અમારા પ્રાણ તથા મનની ચંચળતાને ટાળે છે.’

लीन भुजंगी करवर मैया, पिरसत दूधपाक सुखदैया ॥
अतहि शिध्र परोसत नाथा, मुदित भये लिखि हरिजन साथा ॥२४॥
चंचलता लिखी रही लजाई, दामिनी कामिनी रमा सोहाई ॥
फीरत पंक्ति मंहि बार ही बारा, लेउ दूधपाक संतजन प्यारा ॥२५॥
जेये संत हरिजन सुं अघाई, कहत बदन ते नाही नाई ॥
तदपि देत हे हरि बरजोरा, खाली पात्र ना रहे कोउ ठोरा ॥२६॥
कहे प्रभु लेउ लेत कोउ नाई, धरत पात्र पर कर मुनिराई ॥
मुदित होई पिरसत अलबेला, दूध दहींकर रेलमछेला ॥२७॥
मुदित भये हरि धर्मकुमारा, जेये संत आज्यु हर्ख अपारा ॥
निजकर चरन हरि प्रक्षाला, बैठे आई आसन वृषलाला ॥२८॥
दोहा : तदनंतर संत भक्तजन, अचबन कीन उदारू ॥

ત્યારે પ્રભુ શ્રીહરિ ઊઠ્યા અને કમર કસી. પોતે મોહક નટવર છેલછબીલા બન્યા. ૨૩. સુખદાયક શ્રીહરિએ પીરસવા માટેનો હાથમાં મોટો ડોયો લીધો અને દૂધપાક પીરસવા લાગ્યા. શ્રીહરિ ઘણા ઝડપથી પીરસતા હતા. તે સમયના શ્રીહરિનાં દર્શન કરીને બધા હરિભક્તો ઘણા ખુશી થતા હતા. ૨૪. **શ્રીહરિની ચપળતાને જોઈને વીજળી, નારી અને સોહામણી લક્ષ્મી પણ લજાઈ જતા હતા.** શ્રીહરિ પંગતમાં વારંવાર ફરવા લાગ્યા અને 'પ્યારા સંતો દૂધપાક લો.' એમ બોલતા હતા. ૨૫.

સંતો તથા હરિભક્તો દૂધપાક જમીને તૃપ્ત થઈ ગયા. સહુ પોતાના મુખથી 'નહીં.. નહીં..' એમ બોલવા લાગ્યા. છતાં પણ શ્રીહરિ બળજબરીથી દૂધપાક આપતા હતા. ક્યાંય કોઈનું પાત્ર ખાલી રહ્યું નહિ. ૨૬. શ્રીહરિ બોલતા કે 'દૂધપાક લો' પણ કોઈ લેતા નહિ. સંતો તો પોતાના પાત્રની આડા હાથ રાખતા હતા. ત્યારે અલબેલા શ્રીહરિ ખુશ મિજાજથી પીરસતા હતા અને દૂધ દહીંની રેલમછેલ કરતા હતા. ૨૭. ધર્મકુમાર શ્રીહરિ ખુશી થયા. આજ સંતો સારી જમ્યા હતા

आये बैठे सदसि सकल, शशि संग भगन ज्यु च्यारू ॥२९॥
ग्रही पूजा उपचार वर, आये हरिजन वृंद ॥
पूजे चंदन पुष्प लई, स्वामी सहजानंद ॥३०॥

सोरठा : पुरपति परम सुजान, हरिजन सबही हर्खभर ॥
भुषन बसन सुं आन, सरस पहीराये कनक मय ॥३१॥
लाये शाल दुशाला, पगिया दुपटा अरुन रंग ॥
पूजे मुदित वृष लाल, रामप्रताप ईच्छाराम शुभ ॥३२॥

चोपाई :
श्वेतांबर मुनि बटुका ओढावा, हरिजन सब अति आनंद पावा ॥
कीन निराजन लागे पाई, भये मुदित नृप काकाभाई ॥३३॥
हरिजन हरखी कीन प्रनामा, प्रसन्न भये प्रभु श्रीघनश्यामा ॥

એટલે શ્રીહરિને અપાર હર્ષ થયો હતો. ધર્મપુત્ર શ્રીહરિએ પોતાના હાથ તથા ચરણ ધોયા અને પછી આસને આવીને બેઠા. ૨૮.

❀ કાકાભાઈએ કરેલું શ્રીહરિ તથા સંતોનું પૂજન :

તે પછી ઉદાર સંતો તથા હરિભક્તોએ ચળુ કરી, જળપાન કર્યું અને બધા સભામાં આવીને બેઠા. તે તારામંડળને મધ્યે ચંદ્રમા હોય તેમ શ્રીહરિ શોભતા હતા. ૨૯. તે પછી પૂજાના બધા ઉપચારોને લઈને હરિભક્તો આવ્યા અને ચંદન પુષ્પ આદિથી શ્રીસહજાનંદ સ્વામીની પૂજા કરી. ૩૦. ગામધણી દરબાર કાકાભાઈ ઘણા સુજ્ઞ હતા અને બધા હરિભક્તો પણ હરખભર્યા હતા. તે સહુએ ઘરેણા અને સોનેરી વસ્ત્ર લાવીને શ્રીહરિને સરસ રીતે પહેરાવ્યા. ૩૧. સારા શાલ દુશાલા, પાઘ, લાલ રંગનો દુપટો અર્પણ કરીને ધર્મપુત્ર શ્રીહરિને પ્રસન્નતાથી પૂજ્યા. તે રીતે જ શુભ રામપ્રતાજી તથા ઈચ્છારામજીને પણ પૂજ્યા. ૩૨. બધા હરિભક્તોએ અતિશય આનંદ પામીને સંતો તથા બ્રહ્મચારીઓને શ્વેત વસ્ત્ર ઓઢાડ્યા. પછી આરતી કરીને પગે લાગ્યા. દરબાર કાકાભાઈ

नेह सुं बोलाई के दीना हारा, होई विदा चले धर्मकुमारा ॥३४॥
आये जिंजर गाम गोविंदा, संग अश्वार पदाति वृंदा ॥
बर्नि संतकर नीकर अनूपा, सर्वोपरि सोहत सुखरूपा ॥३५॥
नृपति गामकर खोडाभाई, हरिजन जेठा बनिक सोहाई ॥
ईनही आदि हरिजन हरिदासा, सुनि सनमुख आये हुलासा ॥३६॥
निर्खि नाथ छबी आनंद पाये, करी प्रनाम दंडवत् हर्खाये ॥
लेई आये प्रभुका नीजधामा, दीन स्वच्छ सबका विश्रामा ॥३७॥
कहा हरिका खोराभाई, रसवति कीजे सरस सुखदाई ॥
तब हरि सबका आग्या दीना, करो रसोई संत बर्नि प्रबिना ॥३८॥
किन रसोई तब ततकाला, जेये बर्नि संत मराला ॥

ખૂબ જ પ્રસન્ન થયા. ૩૩. સહુ હરિભક્તોએ હરખથી પ્રણામ કર્યા ત્યારે શ્રીઘનશ્યામ પ્રભુ સહુના ઉપર પ્રસન્ન થયા. પછી હેતથી સહુ હરિભક્તોને બોલાવી પ્રસાદીના હાર આપ્યા અને ધર્મકુમાર શ્રીહરિ ત્યાંથી વિદાય લઈ ચાલતા થયા. ૩૪.

ગોવિંદ શ્રીહરિ રોજકાથી **ઝીંઝર** આવ્યા. પોતાની સાથે ઘોડેસવારો તથા પાર્ષદો હતા. બ્રહ્મચારી તથા સંતોના અનુપમ મંડળ સુખરૂપ અને સર્વોપરિ સોહામણા લાગતા હતા. ૩૫. ઝીંઝર ગામના દરબાર ખોડાભાઈ તથા વણિક જેઠાભાઈ સારા હરિભક્ત હતા. તે સિવાયના બીજા પણ ઘણા હરિભક્તો હતા. સહુએ શ્રીહરિ પધારે છે, એવા સમાચાર સાંભળ્યા ત્યારે ઉત્સાહથી સન્મુખ આવ્યા. ૩૬. શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને સહુને ઘણો આનંદ થયો અને દંડવત્પ્રણામ કરીને સહુ હરખાયા. પછી શ્રીહરિને સાથે લઈને પોતાને ઘેર પધરાવ્યા. સંતો વગેરેને સારા સ્વચ્છ ઉતારા કરાવ્યા. ૩૭. દરબાર ખોડાભાઈએ શ્રીહરિને કહ્યું કે ‘સારી સુખદ રસોઈ બનાવડાવો.’ ત્યારે શ્રીહરિએ આજ્ઞા કરી કે ‘રસોઈ બનાવવામાં સંતો તથા વર્ણી જે પ્રવીણ હોય તે

पुनि जेंये पेदल अश्वारा, कसी कमर भये तरत तैयारा ॥३९॥

किन रसोई सरस गुनधामा, परम कुशल द्विज इच्छारामा ॥
भई रसोई प्रभु जेवन पधारो, उठे तुरत त्रिभुवन उजियारो ॥४०॥

चरनकमल बर्नि प्रक्षाला, बैठे भोजन करन दयाला ॥
दूधपाक बरा पूरी कचोरी, मोदक बिरंज बासुंदी थोरी ॥४१॥

ओदन सुप रू दूध दहींवा, दहिचूर वा पुनी मिसरी खोवा ॥
बहुत अघाई जेंये जगवंदा, मुदित भये प्रभु सहजानंदा ॥४२॥

सोरठा : मुदित हर्खी हरिराई, निजजन आनंद करन हरि ॥
खोराभाईका बोलाई, दिन प्रसादी थार शुभ ॥४३॥

भुपति खोरोभाई, हरिजन सब मिलि हर्ख ज्युत ॥

રસોઈ બનાવો.' ૩૮. પછી વર્ણી તથા સંતોએ તત્કાળ રસોઈ બનાવી અને સહુ જમ્યા. તેમના પછી પાર્ષદો તથા સવારો પણ જમ્યા. પછી સહુ ભેટ બાંધીને ચાલવા માટે તરત તૈયાર થયા. ૩૯. આ બાજુ ઘણા ગુણવાન અને પરમ કુશળ વિપ્ર ઈચ્છારામભાઈએ પણ રસોઈ બનાવી. 'મહારાજ ! રસોઈ થઈ છે જમવા પધારો.' એમ જ્યારે કહેવામાં આવ્યું એટલે ત્રિભુવનને ઉજ્જ્વળ કરનાર પ્રભુ ઊઠ્યા. ૪૦.

વર્ણીએ ચરણ કમળ ધોયા અને દયાળું જમવા માટે બેઠા. ત્યારે દૂધપાક, વડાં, પૂરી, કચોરી, લાડુ, બીરંજ, થોડી બાસુંદી, ભાત, દાળ, દૂધ, દહીં, દહીંચૂર, સાકર, માવો વગેરે પીરસાયું. પછી જગદ્વંદ્ય પ્રભુ સહજાનંદ સ્વામી સંપૂર્ણ તૃપ્તિ થાય તેટલું જમીને પ્રસન્ન થયા. ૪૧-૪૨. ભક્તજનોને આનંદ આપતા શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા અને ખોડાભાઈને બોલાવીને થાળની શુભ પ્રસાદી આપી. ૪૩.

દરબાર ખોડાભાઈ અને બીજા બધા હરિભક્તો હરખભર્યા આવ્યા અને તેમણે કેસરયુક્ત ચંદન લઈને પ્રગટ પ્રમાણ પ્રભુ શ્રીહરિની પૂજા કરી. ૪૪. હળવા અને ઝીણા શ્વેત વસ્ત્રની અમૂલ્ય પાઘ મસ્તકે બંધાવી.

केशर चंदन लाई, पुंजेउ प्रगट प्रमान प्रभु ॥४४॥

दोहा : हलुक रू सूक्ष्म श्वेत पट, मुल मुलकर शिर पाग ॥
बुटादार दुदामिकर, पहिरावा पोषाग ॥४५॥

चले धर्मसुत कृष्ण हरि, होई मानकी अश्वार ॥
प्रेमानंद कहे आये प्रभु, गाम खरड किर्तार ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते रोझका झींझर ग्रामें लीला बरनन नामा एकपंचाशत्तमोऽध्यायः ।।५१।।



अध्याय - ५२

दोहा : गाम खरडके भूप सब, हरिजन अनंत अपार ॥
सूनि खबर धाये सबे, बाल वृद्ध नरनार ॥०१॥

તેમજ વીજળીના જેવા ચમકતા બુટાદાર પોષાક શ્રીહરિને પહેરાવ્યા. ૪૫. તે પછી ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ પ્રભુ માણકી ઉપર સવાર થયા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે ઝીંઝરથી ચાલેલા સર્વકર્તા અને જે સંકલ્પ કરે તે પ્રમાણે તત્કાળ કરવા સમર્થ શ્રીહરિ ગામ **ખરડ** આવ્યા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિની રોજકા તથા ઝીંઝર ગામમાં લીલા કહી' એ નામે એકાવનમો અધ્યાય સમાપ્ત-૫૧



અધ્યાય - ૫૨

ખરડ તથા ચોકડી ગામમાં શ્રીહરિની લીલા

ખરડ ગામમાં ત્યાંના અનંત અને અપાર દરબારો બધા જ સત્સંગી હતા. શ્રીહરિ પધારે છે એવા ખબર સાંભળીને બાળ તથા વૃદ્ધ નરનારીઓ બધા જ દોડીને આવ્યા. ૧. શૂરવીર દરબાર સુજાભાઈ,

क्षत्रि सुभट्ट सुजाभाई, नाथाभाई नरेश ॥
ईन आदिक क्षत्रि गन, सजी सुभग तन वेश ॥०२॥

सोरठा : निर्खन धर्मकुमार, सनमुख आये हर्ख भर ॥
जन आशा सूत्रधार, भूसुर भिमजी भक्तजन ॥०३॥

परे आय सब पाय, किन प्रनाम अंग अष्टजुत ॥
ले आये हरिराय, उतारेउ निज भुवन मंहि ॥०४॥

चोपाई :

अश्वारूढ पदाति जेते, हरि समीप उतरे जन येते ॥
बर्नि संत निज शालामाई, उतरे मुक्तजन मन हरखाई ॥०५॥

हरिजन हर्खि सकल सुजाना, किन सुभग मति सब सनमाना ॥
लाये सामग्री सब अनुकूला, बैठे नाथ जहाँ मंगलमूला ॥०६॥

દરબાર નાથાભાઈ આદિક ક્ષત્રિય હતા. તે શરીરે સારાં વસ્ત્ર ઈત્યાદિક પહેરીને ધર્મકુમાર શ્રીહરિનાં દર્શન કરવાને માટે હરખભેર સન્મુખ આવ્યા. અને ત્યાંના સુતાર આશાભાઈ અને ભીમજીભાઈ ઈત્યાદિક બ્રાહ્મણ હરિભક્ત પણ આવ્યા. ૨-૩. સહુ આવી શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને અષ્ટાંગ પ્રણામ કર્યા.

પછી સહુ શ્રીહરિને ગામમાં લઈ આવ્યા અને પોતાનાં ભવનમાં ઉતાર્યા. ૪. જે ઘોડેસવારો અને પાર્ષદો હતા તે બધા શ્રીહરિની પાસે ઊતર્યા. મુક્ત જેવી સ્થિતિના વર્ણી અને સંતો હતા તે બધા હરખથી પોતાની ધર્મશાળામાં ઊતર્યા. ૫. સારી બુદ્ધિવાળા સમજણા જે સર્વ હરિભક્તો હતા તેમણે હરખથી શ્રીહરિનું પૂરું સન્માન કર્યું. સર્વ મંગળનું મૂળ નાથ શ્રીહરિ જ્યાં બેઠા હતા તે સ્થળે રસોઈની બધી સામગ્રી લાવ્યા. ૬. પછી સહુ હરિભક્તોએ શ્રીહરિને કહ્યું કે, “હે કૃપાનિધિ નાથ ! આપ બધા વર્ણી તથા સંતોને બોલાવીને આજ્ઞા કરો કે તેઓ મનભાવી રસોઈ

कहा आय हरि सुं हरिदासा, किजे आग्या कृपा निवासा ॥
बर्नि संतका कहो बोलाई, रसवती करे नाथ मनभाई ॥०७॥
बर्नि संत हरि आग्या पाई, करन लागे मोदक गुनदाई ॥
अनूज बंधु श्रीहरिके काजा, रसवति करन चले द्विजराजा ॥०८॥
किन रसोई तरत तैयारू, उठीये भोजन करन उदारू ॥
कहा आय बर्निकर जोरी, कमलनेन उठे अंग मिरोरी ॥०९॥
चरन प्रक्षाली पादुका पेरी, जेवन बैठ जन जीवनदोरी ॥
खटरस भोजन किन सवारी, जेंवत भक्त नाथ भयहारी ॥१०॥
जेंवत जात प्रभु करत बखाना, कोथिका बरीया भाजी नाना ॥
लुचई पुरी बरा बनावा, बिरंज बिलेपी रस उपजावा ॥११॥
किन वा भात रु अरहर दारी, दधि ओदन मंहि मिसरी डारी ॥

કરે." ૭. પછી શ્રીહરિએ આજ્ઞા કરી ત્યારે બધા વર્ણી તથા સંતોએ સારા ગુણકારક લાડુ કરવા લાગ્યા. અને શ્રીહરિના નાનાભાઈ દ્વિજરાજ ઈચ્છારામજી શ્રીહરિને માટે રસોઈ કરવા ચાલ્યા. ૮. તેમણે તરત જ રસોઈ તૈયાર કરી વાળી. પછી બ્રહ્મચારીએ આવીને હાથ જોડીને કહ્યું, "મહારાજ, સરસ ભોજન કરવા માટે ઊઠો."

ત્યારે કમળનયન શ્રીહરિ અંગ મરોડીને ઊઠ્યા. ૯. ભક્તજનોની જીવનદોરીરૂપ શ્રીહરિ ચરણ ધોઈ ચાખડી પહેરીને જમવા માટે બેઠા. સારી રીતે સંભાળીને છ રસથી પૂર્ણ ભોજન કર્યાં હતાં તેને ભક્તજનોનાં ભયને હરનારા નાથ શ્રીહરિ જમવા લાગ્યા. ૧૦. પ્રભુ શ્રીહરિ જમતા જમતા ભોજનનાં વખાણ કરતા હતા. સારી કઢી, અનેક પ્રકારનાં શાકભાજી, પોચી પૂરી, વડાં, સરસ મજાની ખીચડી તથા બિરંજ વગેરે રસ ઉપજાવે તેવી રસોઈ બનાવી હતી. ૧૧. ભાત તથા તુવેરીની દાળ કરી હતી અને દહીંભાતમાં સાકર પણ નાંખેલી હતી. સુંદર સુરરાજ ધર્મકુંવર પ્રભુ શ્રીહરિ પોતાને જે રીતે રુચિ હોય તે પ્રમાણે જમવા લાગ્યા.

जेंवत हे प्रभु रूचि उपजाई, धर्मकुंवर सुंदर सुरराई ॥१२॥
अति अघाई जेये मुनिनाथा, दिन थार जनका निज हाथा ॥
मुदित भये हरिजन हरखाई, दिनि प्रसादी त्रिभुवन राई ॥१३॥
कर मुख प्रक्षालन प्रभु किना, बिरा पान मुखबास सुं लिना ॥
बर्नि संतकी भई रसोई, जेंवन बैठे मुनि मुद होई ॥१४॥
दोहा : आये हरिजन नृपति मिली, ले पूजा उपचार ॥
चंदन कुमकुम पुष्प ले, पूजे धर्मकुमार ॥१५॥
पहिराये पट भुषन, यथा प्राप्त करी प्रीत ॥
करी बिनय परे चरन मंहि, हरिजन हर्ख सहित ॥१६॥
सोरठा : बर्नि रू संत सुजान, करी भोजन आये सकल ॥
भये तैयार भगवान, सजे अश्व वर चपलतर ॥१७॥

---

૧૨. મુનિપતિ શ્રીહરિ ખૂબ તૃપ્ત થઈને જમ્યા. અને ભક્તજનોને પોતાને હાથે થાળની પ્રસાદી આપી. જ્યારે ત્રિભુવનરાયે પ્રસાદી આપી ત્યારે બધા હરિભક્તો પ્રસન્નતાથી રાજી થયા. ૧૩. પછી પ્રભુ શ્રીહરિએ હાથ તથા મુખ ધોયા અને મુખવાસમાં પાનબીડું લીધું.

જ્યારે વર્ણી તથા સંતોની રસોઈ તૈયાર થઈ ત્યારે તેઓ બધા પ્રસન્ન થઈને જમવા બેઠા. ૧૪. પછી બધા હરિભક્ત દરબારો ભેળા મળીને પૂજાનો સામાન લઈ શ્રીહરિ પાસે આવ્યા. તેમણે ચંદન, કુંકુમ અને ફૂલ લઈને ધર્મકુમાર શ્રીહરિની પૂજા કરી. ૧૫. તે વખતે જે તેમને પ્રાપ્ત થયાં હતાં તેવાં વસ્ત્ર અને આભૂષણો પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યાં. પછી બધા હરિભક્તો હરખથી પ્રાર્થના કરીને શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ૧૬. તેટલીવારમાં વર્ણી તથા બધા સુજ્ઞ સંતો ભોજન કરીને ત્યાં આવ્યા. ભગવાન શ્રીહરિ તૈયાર થયા અને સારા ચપળ અશ્વોને પણ તૈયાર કર્યા. ૧૭. સમગ્ર લોકના આધાર શ્રીહરિએ સંતોએ સહિત ચાલવાની તૈયારી કરી. પોતે અશ્વ ઉપર સવાર થયા અને બળદગાડી

अखिल लोक आधार, किन तैयारी संत जूत ॥
भये अश्व अश्वार, बंधु सहित चले शकट सजी ॥१८॥

चोपाई :

रामप्रताप रु इच्छारामा, सैंधव सुभग सजी गुनधामा ॥
किन आरोहन द्विज दोउ भ्राता, ज्यु तेउ तरुन वृषभ साक्षाता ॥१९॥
चलत शिघ्र गति सुरभी कुमारा, गर्जत रथ धूनी होत अपारा ॥
क्षुद्र घंटिका करत हे नादा, घमकत घुघरमाल अगाधा ॥२०॥
चले हरि ले संत समाजा, चोकरी गाम आये महाराजा ॥
सुनि खबर हरिजन हर्खाये, बाल वृद्ध सन्मुख उठी धाये ॥२१॥
क्षत्रिय कुल वरवंश बिख्याता, अचल प्रित प्रभुपद मदमाता ॥

તૈયાર કરાવીને ભાઈઓની સાથે ચાલ્યા. ૧૮. રામપ્રતાપજી અને ઈચ્છારામજી બંને ભાઈએ સારા ગુણવાન અશ્વને તૈયાર કર્યા. દ્વિજવર્ય તે બંને ભાઈઓએ સાક્ષાત્ વૃષભ જાતિના તે અશ્વ ઉપર સવારી કરી. ૧૯. તે વૃષભ જાતિના અશ્વ તીવ્ર ગતિથી ચાલતા હતા અને બીજી બાજુ ચાલ્યા આવતા ગાજતા રથનો ધ્વનિ પણ ઘણો થતો હતો. રથે જોડેલા બળદને શણગારવામાં બાંધેલી નાની ઘંટડીઓ અને મોટા ઘૂઘરમાળ પણ ખૂબ જ ઘમકતા હતા. ૨૦.

❁ ચોકડી ગામના ભક્તોની ભાવના તથા ભોજન, પૂજન :

શ્રીસહજાનંદ સ્વામી મહારાજ સંતોના સમાજ સાથે રસ્તે આગળ ચાલ્યા તે **ચોકડી** ગામ આવ્યા. શ્રીહરિના આવ્યાના સમાચાર સાંભળીને બધા જ હરિભક્તો ખૂબ હરખાયા અને બાળકોથી વૃદ્ધ સુધી બધા સન્મુખ ઊઠીને દોડી આવ્યા. ૨૧. ક્ષત્રિય કુળમાં જેનો વંશ ઘણો પ્રસિદ્ધ ગણાય અને જેને શ્રીહરિનાં ચરણમાં અચળ પ્રેમ હતો એવા મદમાતા ઉદાર સ્વભાવના માનસિંહજી ડોડિયા તથા સારા શુભ ગુણ સંપન્ન જીજીભાઈ ડોડિયા સારા હરિભક્ત હતા. ૨૨. તે સિવાય બીજા

मानसिंघ डोडीया उदारू, जीजी डोडीया शुभद सुचारू ॥२२॥
ईनहि आदिक क्षत्रिय अपारा, प्रभु सनमुख आये करी प्यारा ॥
वनीक निमजी शाह सुं एका, हरिपद अचल प्रीत दृढ टेका ॥२३॥
द्विज नारायन एक अकामा, भक्त किरात वर हरखा नामा ॥
ईनही आदि हरिजन जेते, हरि सनमुख आये जन केते ॥२४॥
निर्खे नेनभरी त्रिभुवन राऊ, मिटी सकल अंतरकर दाऊ ॥
परे दंडवत किन प्रनामा, भलहि पधारे प्रभु पूरनकामा ॥२५॥
सुंदर सर तट बटकर छाई, किन निवास तहाँ मुनिराई ॥
हरिजन कहे पधारिये नाथा, गाममंहि सुंदर सुखपाथा ॥२६॥
तब बोले प्रभु विश्वनिकेता, अश्वारूढ जाओ अश्व समेता ॥

પણ અપાર ક્ષત્રિયો ઘણા પ્રેમથી પ્રભુ શ્રીહરિની સન્મુખ આવ્યા. એક નિમજી શાહ કરીને વણિક પણ શ્રીહરિનાં ચરણમાં અચળ પ્રીતિવાળા તથા દૃઢ ટેકવાળા હતા. ૨૩. એક નારાયણજી નામે નિષ્કામ ભક્ત વિપ્ર હતા અને એક હરખાભાઈ નામે કોળી પણ સારા ભક્ત હતા. એ આદિક બધા હરિભક્તો અને કેટલાક બીજા મનુષ્યો પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૪.

સહુએ ત્રિભુવનરાય શ્રીહરિને નેણા ભરીને નીરખ્યા અને તેમનાં અંતરની બધી જ દાઝ ટળી ગઈ. સહુએ દંડવત્પ્રણામ કર્યા અને બોલ્યા કે "હે પૂર્ણકામ પ્રભુ ! આપ ભલે પધાર્યા." ૨૫. મુનિરાય શ્રીહરિએ તળાવને કાંઠે એક સારો વડ હતો તેની છાયા તળે આવી અને ઉતારો કર્યો. ત્યારે હરભક્તોએ કહ્યું, "સુખસાગર હે નાથ ! આપ અમારા સુંદર ગામમાં પધારો." ૨૬. ત્યારે વિશ્વમાં વસી રહેલા પ્રભુ બોલ્યા, "જે ઘોડેસવારો છે તે ઘોડા લઈને ગામમાં જાઓ. વર્ણી તથા સંતોની સાથે અમે અહીંયા રહીશું." પછી હરિભક્તો હરખથી દોડીને ગામમાં ગયા અને સુંદર નવો પલંગ લાવ્યા. તેમજ ઘણી રજાઈ અને ઓશિકાં

बर्नि संत हम रहीहुं याँहि, हरिजन धाये लाये हर्खाई ॥२७॥
सुंदर नविन पलंग एक आना, गुप्तदोरक उपबर्हन नाना ॥
लाई बिछावा हरिजन दासा, तापर बैठे भक्त निवासा ॥२८॥

दोहा : नविन द्रुम न्यग्रोध तर, बैठे सभा बनाय ॥
निर्खत शशीमुख सरस छबी, ज्यु चकोर चित्त लाय ॥२९॥
संत हरिजन सहित प्रभु, राजत राजीव नेन ॥
सुरतरु तर मानु पद्मभु, बैठे सभा सजी एन ॥३०॥

सोरठा : यह प्रकार महाराज, राजत रमनीय रूप वर ॥
हरिजन सजि समाज, बैठे प्रभु सनमुख सकल ॥३१॥
कहत भक्त करजोरी, करउ रसोई सुखसदन ॥
धरि आनी एक ठोरी, सब सामग्री सरसवर ॥३२॥

પણ લાવ્યા. હરિભક્તોએ બધું લાવીને બિછાવી દીધું અને પછી તેના ઉપર ભક્તમાં વસી રહેલા શ્રીહરિ બેઠા. ૨૭-૨૮.

સારા નવા વડલાની નીચે શ્રીહરિ સભા કરીને બેઠા. ત્યારે બધા હરિભક્તો શ્રીહરિના મુખચંદ્રની સુંદર શોભાને ચકોર પક્ષીની જેમ ચિત્ત લગાડીને જોવા લાગ્યા. ૨૯. કમળનયન પ્રભુ શ્રીહરિ તે સભામાં સંતો તથા હરિભક્તોની સાથે એવા શોભતા હતા કે માનો બ્રહ્મા કલ્પવૃક્ષની નીચે સભા કરીને બેઠા ન હોય ? ૩૦. ઉપર કહ્યા પ્રમાણે શ્રીસહજાનંદ સ્વામી મહારાજ શ્રેષ્ઠ રમણીય રૂપ ધારીને બિરાજમાન હતા. ત્યારે બધા હરિભક્તો પણ સીધું સામાન લાવીને શ્રીહરિની સન્મુખ બેઠા. ૩૧.

પછી તે હરિભક્તોએ હાથ જોડીને કહ્યું, “હે સુખના આધાર શ્રીહરિ ! આપ રસોઈ કરાવો. અમે બધી સુંદર સામગ્રી લાવીને એક સ્થળે મૂકી રાખી છે. ૩૨. પછી શ્રીહરિએ વર્ણી તથા સંતોને આજ્ઞા આપી કે, “તમે રસોઈ બનાવવામાં પરમ નિપુણ છો તો સારી રસોઈ બનાવો.” ત્યારે પોતાના નાથ શ્રીહરિની આજ્ઞા માનીને સારા સમજણા

चोपाई :

बर्नि संतका आग्या दिना, रसवति करउ परम प्रबिना ॥
निजहि नाथ कर आग्या मानी, उठे संत बर्नि विज्ञानी ॥३३॥
सरसि तट शुभ चौका किना, पाक करन लगे परम प्रबिना ॥
अनुज भ्रात वर ईछारामा, परम प्रबिन सुं सद्‌गुन धामा ॥३४॥
कीन खडी चहु ओर कनाता, लगत नाही तहाँ आतप बाता ॥
करी स्नान पट पहीरी पुनिता, कौशेशय पट रंजीत रंग पिता ॥३५॥
खटरस च्यार प्रकार सुधारी, बींजन भाजी शाक तर्कारी ॥
भई रसोई तैयार सुच्यारू, आये बर्निराज उदारू ॥३६॥
कहत हरि सुं बर्नि मुकुंदा, जेंवन चलिये श्याम सुखकंदा ॥
तब उठे त्रिभुवन विश्रामा, भोजन करन सुखद सुखधामा ॥३७॥

સંતો અને વર્ણી ઊભા થયા. ૩૩. તળાવને કિનારે સારા ચોકા કર્યા અને પરમ નિપુણ સંતો રસોઈ બનાવવા લાગ્યા. શ્રીહરિના નાના ભાઈ ઈચ્છારામજી સર્વ સદ્‌ગુણોનું ધામ અને રસોઈ બનાવવામાં ઘણા હોંશિયાર હતા. ૩૪. ત્યાં ચારે બાજુ એવી કનાત(મંડપ) બાંધી દીધી કે જ્યાં કોઈ જાતના તાપની વાત આવે નહિ. સ્નાન કરીને પીળા રંગથી રંગેલું પવિત્ર રેશમી પીતાંબર વસ્ત્ર પહેર્યું. ૩૫. છ રસથી પૂર્ણ, ચાર પ્રકારના સરસ વ્યવસ્થિત કરેલાં ભોજન તથા શાકભાજી વગેરે વ્યંજન બનાવ્યા. જ્યારે બધી સુંદર રસોઈ તૈયાર થઈ ત્યારે ઉદાર સ્વભાવના મુકુંદવર્ણી આવ્યા. ૩૬. મુકુંદવર્ણીએ સર્વ સુખનાં મૂળ શ્યામસુંદર શ્રીહરિને કહ્યું કે 'મહારાજ ! જમવા પધારો.'

તે સમયે ત્રિભુવનના આશ્રયરૂપ, સુખનાં ધામ અને સુખ આપનારા આવા શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૩૭. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ સ્નાન કરીને કમર ઉપર શ્વેત, સૂક્ષ્મ અને ઘાટું ધોતિયું પહેર્યું. ચરણમાં ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ રાખ્યો અને જમવા બેઠા.

करी स्नान कटि पहिरि धोती, सूक्ष्म श्वेत रु झिना पोती ॥
पहिरि पादुका ले रूमाला, जेंवन बैठे जन प्रतिपाला ॥३८॥
भाती भाती भोजनकर नामा, जेवत रुची रुची पुरनकामा ॥
पय मिश्रित पाक बहुभाती, धर्मकुंवर जेंवत करी खाती ॥३९॥
खंड मीश्री रसकर पकवाना, जेंवत भक्तपति करत बखाना ॥
सरस बनी तर्कारी भाजी, जेवत नाथ होत हे राजी ॥४०॥
पुरी दही मीसरी सुखदायी, दहींबरा प्रभु जेंवत अघाई ॥
पहीती भात पर रुचि आधिकाई, क्वथिका श्राणा जेवत रुचिलाई ॥४१॥
जेंई शाम कर बदन प्रक्षाला, ले मुखबास बैठे वृषलाला ॥
पुनी जेई प्रभुकर दोउ भ्राता, अचवन किन बिप्र बिख्याता ॥४२॥
सोरठा : बोलेउ विश्वनिकेत, करउ पंक्ति सज्जन बर्नि ॥

---

૩૮. જાત જાતના નામથી ભોજન જે કહેવાતા હતા, તેમાં પૂર્ણકામ શ્રીહરિ પોતાની રુચિ પ્રમાણે તે તે પદાર્થને જમતા હતા. દૂધ નાખીને ઘણી જાતના પાક બનાવ્યા હતા. તેને ધર્મકુંવર શ્રીહરિ ખંતથી જમતા હતા. ૩૯. ખાંડ અને સાકરવાળા સરસ પકવાનોને જમતા જમતા ભક્તપતિ શ્રીહરિ વખાણ કરતા હતા. શાકભાજી એટલા સરસ બન્યા હતા કે તેને જમતા જમતા નાથ શ્રીહરિ ખૂબ જ રાજી થતા હતા. ૪૦. પૂરી, દહીં અને સાકર તેમજ દહીંવડાને પણ સુખદાયક પ્રભુ તૃપ્તિ થાય ત્યાં સુધી જમ્યા હતા. તુવેરની દાળ અને ભાત ઉપર ઘણી રુચિ હતી. કઢી તથા ખીચડી પણ ખૂબ ભાવથી જમ્યા હતા. ૪૧.

ધર્મપુત્ર શ્યામ સુંદર શ્રીહરિએ જમીને હાથ મુખ ધોયા. પછી મુખવાસ લઈને બેઠા. વળી શ્રીહરિના બંને ભાઈ જે ઘણા પ્રસિદ્ધ વિપ્ર હતા. તેમણે પણ જમીને જળપાન કર્યું. ૪૨. વિશ્વના આધારરૂપ શ્રીહરિએ પછી સહુને કહ્યું કે 'સંતો, વર્ણી તથા સહુ હરિભક્તોની પંગત કરો. સહુ જમી લો. પછી આપણે ચાલવું છે.' ૪૩.

हरिजन सकल समेत, भोजन करी करउ गमन ॥४३॥

आये सकल हरि दास, लायेउ पूजा हरखी सब ॥
धर्मकुंवर अविनाश, पूजेउ हरिजन सकल मीली ॥४४॥

दोहा : चंद्रक वर काश्मीरकर, ललीत भाल बिच लाय ॥
यथा प्राप्त पहीराये शुभ, पट भुषन हरखाय ॥४५॥

परे पाय करी बिनय जन, प्रभुपद प्रेम अपार ॥
प्रेमानंद कहे भक्त पर, रीझे धर्मकुमार ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरत्रिामृते खरड चोकडी ग्राम कर लीला बरनन नाम द्विपंचाशत्तमोऽध्यायः ॥५२॥



શ્રીહરિની આજ્ઞા મુજબ સહુ સંતો ભક્તો જમી રહ્યા ત્યાં ગામના બધા હરિભક્તો આવ્યા અને સહુ હરખથી પૂજાનો સામાન લેતા આવ્યા. સહુ હરિભક્તોએ ભેળા મળીને અવિનાશી ધર્મકુંવર શ્રીહરિની પૂજા કરી. ૪૪. સહુ હરિભક્તોએ શ્રીહરિનાં સુંદર લલાટમાં કુંકુમનો સારો ચાંદલો કર્યો અને તે સમયે જે પ્રાપ્ત થયા, એવા સારાં વસ્ત્ર અને અલંકાર ઘણા હરખ સાથે પહેરાવ્યા. ૪૫. બધા હરિભક્તોને શ્રીહરિના ચરણમાં અપાર પ્રેમ હતો એટલે ઘણા વિનયથી ચરણમાં સહુ નમી પડ્યા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે ધર્મકુમાર શ્રીહરિ તે બધા હરિભક્તોના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ખરડ તથા ચોકડી ગામમાં શ્રીહરિની લીલા કહી' એ નામે બાવનમો અધ્યાય સમાપ્ત-૫૨



अध्याय - ५३

दोहा : क्रिपादृष्टि अविलोकीके, नेह सहित बोलाई ॥
दिन चरन जन उर मंहि, भक्तबच्छल हरिराई ॥०१॥
बस गई मुरत उर मंहि, धर्मकुंवर सुखदाई ॥
हरे प्रान मन सकलकर, चमक लोहकी नाई ॥०२॥
सोरठा : आये बर्नि संत, करी भोजन अचवन सुखद ॥
भवमोचन भगवंत, कहत चलो मुनिजन बर्नि ॥०३॥
सजे तुरंग सजी साज, मखमल जरी बनातकर ॥
चले चढि महाराज, बर्नि संत हरिजन सकल ॥०४॥
चोपाई :
आये गाम नभोई नाथा, निर्खि ताल सरस सुखपाथा ॥

અધ્યાય - ૫૩

ધોલેરાધામમાં શ્રીહરિએ કરેલી લીલાનું વર્ણન

પછી ભક્તવત્સલ શ્રીહરિએ ચોકડી ગામના હરિભક્તોની સામે કૃપા દૃષ્ટિ કરી, સહુને હેતથી બોલાવ્યા અને તેમની છાતીમાં પોતાનાં ચરણારવિંદ આપ્યા. ૧. **સુખદાયક ધર્મકુંવર શ્રીહરિની મૂર્તિ સહુ હરિભક્તોનાં દિલમાં વસી ગઈ. ચમક જેમ લોઢાને ખેંચે તેમ શ્રીહરિએ તે સહુ હરિભક્તોનાં મન પ્રાણને પોતાનાં સ્વરૂપમાં ખેંચી લીધા.** ૨. તે સમયે સંતો તથા વર્ણી વગેરે જમી અને જળપાન કરીને આવ્યા. ત્યારે સંસારથી છોડાવનારા સુખદ ભગવાન શ્રીહરિ બોલ્યા કે 'બધા સંતો અને વર્ણી ચાલો.' ૩. મખમલ, જરિયાન તથા બનાતના બધા સાજથી સજેલા અશ્વ ઉપર શ્રીહરિ ચઢ્યા અને બધા વર્ણીઓ, સંતો અને હરિભક્તોની સાથે ચાલ્યા. ૪. સુખસાગર નાથ શ્રીહરિ આગળ ચાલતા **નભોઈ** ગામ આવ્યા. ત્યાંનું સરસ તળાવ જોઈને વર્ણી, સંતોએ સહિત ભગવાન શ્રીહરિએ તેનું જળપાન કર્યું અને અશ્વોને પણ પાણી પાયું. ૫. પછી ત્યાંથી અશ્વ ઉપર બેસીને તત્કાળ ચાલ્યા તે ભક્તજન

बर्नि संत सहित भगवाना, अश्व सहित किने जलपाना ॥०५॥
चले चढी याँ सुं ततकाला, चेर गाम गये जन प्रतिपाला ॥
आये ग्रामबासी जन दोरी, निर्खे नाथ ज्युं चंद चकोरी ॥०६॥
तिनकर नेन सुफल करी स्वामी, चले सिघ्र गति अंतरजामी ॥
आये श्रीहरि गाम गोरासे, उभय भक्त आये हरि पासे ॥०७॥
बनीका ठाकरसि चारन दादा, परे चरन तजी सकल प्रमादा ॥
कहत भक्त प्रभु गाम पधारो, सुफल जन्म करो हरि हमारो ॥०८॥
पतित गाम हे श्रीहरि येहा, जन करना हि नाथ पद नेहा ॥
हसे नाथ मुख दे रूमाला, उतरे तीर निरखी वर ताला ॥०९॥
किन पान हरि सुखकंदा, अश्वन सहित बर्नि संतवृंदा ॥
करी जलपान चले अविनाशी, धवलनग्र प्रति हरि सुखराशी ॥१०॥

પ્રતિપાલક શ્રીહરિ **ચેર** ગામ આવ્યા. ત્યાં શ્રીહરિને આવ્યા જાણીને ગામના બધા લોકો દોડી આવ્યા. ત્યાં ચકોર પક્ષી જેમ ચંદ્રને નીરખે તે રીતે સહુ નાથ શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા. ૬.

તે સહુના નેત્રને સુફળ કરીને અંતર્યામી શ્રીહરિ ઉતાવળથી ચાલ્યા, તે **ગોરાસા** ગામ આવ્યા. ત્યાં સારા બે હરિભક્ત શ્રીહરિની પાસે આવ્યા. ૭. ત્યાંના વણિક ભક્ત ઠાકરશી તથા દાદાભાઈ નામે ચારણ, તે બંને બધી જાતના પ્રમાદને છોડી દઈને શ્રીહરિના ચરણમાં પડ્યા અને તે ભક્તોએ કહ્યું કે 'હે પ્રભુ ! આપ અમારા ગામમાં પધારો અને અમારા જન્મને સુફળ કરો. ૮. મહારાજ ! આ ગામ પતિત છે. આ ગામને આપના ચરણમાં હેત કરે તેવું કરવું છે.' ત્યારે નાથ શ્રીહરિ મુખ આડો રૂમાલ દઈને હસ્યા. પછી ત્યાં સારા તળાવને દેખીને તેને કિનારે ઊતર્યા. ૯. સર્વ સુખનાં મૂળરૂપ શ્રીહરિએ તે તળાવનું પાણી પીધું. સંતો અને વર્ણીઓએ પણ પાણી પીધું. તેમજ અશ્વોને પણ પાણી પાયું. સર્વ સુખના રાશિ અવિનાશી શ્રીહરિ આ રીતે જળપાન કર્યું પછી ત્યાંથી ધોલેરા જવા માટે ચાલતા થયા. ૧૦.

सागर तीर छबीकर धामा, जनकर सुखद परम बिश्रामा ॥
तहाँ बसे हरिजन अगनिता, कहुँ नाम वर परम पुनिता ॥११॥
क्षत्रिय वंश विभुषन भारी, नृपति नग्रकर दृढ व्रतधारी ॥
परम एकांतिक प्रभुकर दासा, क्षत्रिय बीर सुभट्ट अविनासा ॥१२॥
पूजाभाई परम सुखरूपा, वृषाभाई वर भूप अनूपा ॥
कायाभाई भक्त अतिभारी, भोजाभाई भजे अघहारी ॥१३॥
बापजी राज भजत भगवाना, मघाभाई भगाभाई सुजाना ॥
बनिक भक्त हे डोसाभाई, त्रिकम रतनजी भजे मुनिराई ॥१४॥
साह कानजी गगजी कल्याना, जीवन बेचर गांधी भाना ॥
कुनबि भक्त हे रतना खीमा, भजत नाथ राखी दृढ नीमा ॥१५॥
दोहा : भक्त लुवाना सुभग मति, मोनो दामोदर दास ॥

❀ ધોલેરાના ભક્તોનાં નામ તથા વિશેષતાઓ :

સમુદ્રને કિનારે **ધોલેરા** એક સુંદર ધામ છે. લોકોને માટે ઘણું સારું સુખકારી રહેવાનું સ્થળ છે. તે ગામમાં અનેક હરિભક્તો રહેતા હતા. તેમાંથી કેટલાકના પરમ પવિત્ર નામ હું કહું છું. ૧૧. **ક્ષત્રિય વંશના ઉત્તમ ઘરેણાં જેવા, દૃઢ વ્રતની ટેકવાળા, ભગવાન શ્રીહરિના પરમ એકાંતિક દાસ, ઘણા શૂરવીર અને સુદૃઢ નિયમવાળા તથા સહુને અતિ સુખ દેનારા ધોલેરાના રાજા પૂંજાભાઈ નામે હતા.** અને બીજા એવા શ્રેષ્ઠ અનુપમ દરબાર વરહાભાઈ હતા. વળી એક મોટા ભક્ત કાયાભાઈ હતા અને શ્રીહરિનું ભજન કરનારા નિષ્કામ ભક્ત ભોજાભાઈ નામે હતા. ૧૨-૧૩. ભગવાનનું ભજન કરનારા એક દરબાર બાપજીભાઈ હતા અને સુજ્ઞ મઘાભાઈ તથા ભગાભાઈ હતા. વળી વણિકમાં એક ભક્ત ડોસાભાઈ, ત્રિકમજી અને રનતજી શ્રીહરિનું ભજન કરતા હતા. ૧૪. શાહ કાનજી, ગગજી, કલ્યાણ, જીવણ તથા બેચરભાઈ હતા અને ભાણાભાઈ નામે ગાંધી હતા. કણબી હરિભક્તોમાં રત્નાભાઈ અને ખીમાભાઈ વગેરે દૃઢ નિયમ રાખીને નાથ શ્રીહરિને ભજતા હતા.

खेतो जगु बेचर, भजत सदा अविनास ॥१६॥
घांचा भक्त भगवानकर, वनमाली राईचंद ॥
रूपो पितांमर भक्त वर, भजत श्रीसहजानंद ॥१७॥

सोरठा : भक्त दयालजी नाम, रामा हेमा सरस जन ॥
भजत सदा घनश्याम, तजी लोक कुल लाज सब ॥१८॥
भक्त लुहार सुतार, देवजी मुलजी सुभग मति ॥
इनहिं आदि अपार, धवल बंदर कर भक्त जन ॥१९॥

चोपाई :
हरिकृष्ण पुरुषोत्तम राई, तिनकर दर्श किन जन आई ॥
तजी जक्त भजे धर्मकुमारा, तिनकर नाम लिखा करी प्यारा ॥२०॥
बाई भाई प्रभु पद अनुरागी, भजत धर्मसुत जन बडभागी ॥

---

૧૫. લોહાણા હરિભક્તોમાં અતિ પવિત્ર બુદ્ધિના મોના ભક્ત અને દામોદરદાસ હતા. ખેતાભાઈ, જગુભાઈ અને બેચરભાઈ પણ હંમેશા અવિનાશી શ્રીહરિને ભજતા હતા. ૧૬. ભગવાનભાઈ નામે એક ઘાંચી ભક્ત હતા. વનમાળી, રાયચંદ અને રૂપાભાઈ તથા એક સારા ભક્તવર પીતાંબર નામે હતા. તે બધા શ્રીસહજાનંદ સ્વામીનું ભજન કરનારા હતા. ૧૭. દયાળજી, રામાભાઈ અને હેમાભાઈ પણ ઘણા સારા હરિભક્ત હતા. તે લોક અને કૂળની લાજનો ત્યાગ કરીને સદા પ્રગટ પ્રભુ શ્રીઘનશ્યામ મહારાજનું ભજન કરતા હતા. ૧૮.

તે સિવાય લુહાર સુતાર હરિભક્ત દેવજીભાઈ અને મૂળજીભાઈ પવિત્ર બુદ્ધિના હતા. તે સિવાયના બીજા પણ ધોલેરા બંદરમાં અનેક હરિભક્ત હતા. ૧૯. આ ધોલેરાધામના બધા હરિભક્તોએ આવીને પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં દશર્ન કર્યાં. જે બધા જગતનો ત્યાગ કરી ધર્મકુમાર શ્રીહરિનું ભજન કરનારા હતા. તેથી જ તે બધાનાં નામ પ્યારથી મેં લખ્યા છે. ૨૦. ધોલેરાના બધા બાઈ ભાઈ હરિભક્તો ધર્મપુત્ર શ્રીહરિના ચરણમાં પ્રેમવાળા, ઘણા ભાગ્યશાળી અને ભજન કરનારા હતા.

धवलनग्र आवत अविनासी, श्रीनारायण अक्षर निवासी ॥२१॥
सुनि खबर जन अति हरखाये, नारी पुरुष मन मोद न माये ॥
सजी सामैया भये तैयारी, सनमुख निकसे सब नरनारी ॥२२॥
चपल चकोर ज्युं निर्खन चंदा, भानुं बिलोकन ज्युं अरबिंदा ॥
दुंदुभिय पणव सिंग शरनाई, तांसा डफ रु पडगम बजाई ॥२३॥
बाजत झर झर ताल मृदंगा, गावत पद जन अत हि उमंगा ॥
फरकत कनक निशान रु नेजा, जरत देखी जन बिमुख करेजा ॥२४॥
चले सनमुख हरिजन हरखाई, सिंधु मिलन ज्युं सरिता धाई ॥
निज निज जान चढि हरिदासा, शिबिका सैंधव अश्वनि खासा ॥२५॥
अश्वनिकर मंहि आवत नाथा, चमकत कुंत भक्त जन हाथा ॥

અક્ષરાધિપતિ, અવિનાશી, શ્રીસ્વામિનારાયણ ભગવાન **ધોલેરાપુર** આવ્યા. ૨૧. તે ખબર સાંભળીને હરિભક્તો ખૂબ જ હરખાયા. હરિભક્ત નરનારીઓનાં મનમાં આનંદ સમાતો નહિ. બધી તૈયારી કરી, સામૈયું લઈને બધા નરનારી હરિભક્તો શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૨૨. ચકોર જેમ ચંદ્રને નિહાળે, કમળ જેમ સૂર્યને જોઈને ખીલી જાય; તે રીતે સહુ હરિભક્તોને આનંદ થયો હતો. તે સમયે દુંદુભિ, પણવ, રણશિંગી, શરણાઈ, તાસા, ડફ, પડઘમ ઇત્યાદિક વાજિંત્રોને તેઓ વગાડતા હતા. ૨૩. તે રીતે જ તાલ, મૃંદગ અને ઝાંઝ વાગતા હતા. તે હરિભક્તો બધા અતિશય ઉમંગથી કીર્તનનાં પદ ગાતા હતા. સોનેરી નિશાન અને નેજા ફરકી રહ્યા હતા. તે બધું દેખીને વિમુખ જીવોનું કાળજું બળતું હતું. ૨૪. જેમ સમુદ્રને મળવા નદી ઉતાવળથી દોડે તેમ હરખાયેલા બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ ઉતાવળે ચાલ્યા. તે હરિભક્તો સહુ પોતપોતાના વાહન, પાલખી, ઘોડો, ખાસ કરીને ઘોડીઓ, વગેરેના ઉપર બેઠા હતા. ૨૫. શ્રીહરિ માણકી ઘોડી ઉપર બેસીને આવતા હતા. શ્રીહરિની સાથે રહેલા ભક્તોના હાથમાં ભાલા ચમકતા હતા. શ્રીહરિનાં

निरखी नाथ छबी नेन ज्युडाये, मनु चात्रुक जल स्वात हि पाये ॥२६॥

उतरे भक्त तजी निज जाना, परे दंडवत अवनि सुजाना ॥
करी प्रनाम कर जोरी आये, नाथ चरन परसि मुद पाये ॥२७॥

सरस सुगंधी सुमनकर हारा, पहिराये जन हर्खे अपारा ॥
गुछ कलंगी शेखर बाज्युं, पहिरे गजराकर महाराज्युं ॥२८॥

दोहा : भक्त अभक्त लाये जन, तोरा हार बनाय ॥
भुज पसारी भव भय हरन, लिन हर्खि हरिराय ॥२९॥

सुमन हार बहु शिश पर, कर भुजमा न समाई ॥
भये फूल मही गर्क प्रभु, छबी बर्नि नहीं जाई ॥३०॥

सोरठा : सुर वेमान नभ छाय, निरखी बरखत सुमन झर ॥

દર્શન થતાં જ તેમની મૂર્તિમાં સહુના નેત્ર ચોંટી ગયા. માનો કે ચાતક પક્ષીને સ્વાતિ નક્ષત્રનું પાણી મળ્યું ન હોય ! ૨૬.

જ્યારે શ્રીહરિ એકદમ સન્મુખ આવ્યા ત્યારે બધા સુજ્ઞ ભક્તો પોતાના વાહન ઉપરથી નીચા ઊતરીને ભૂમિ ઉપર દંડવત્પ્રણામ કરવા લાગ્યા. બંને હાથ જોડી સહુએ નાથ શ્રીહરિને પગે લાગી, ચરણ સ્પર્શ કર્યો અને આનંદ પામ્યા. ૨૭. સહુનાં દિલમાં અપાર હરખ હતો. તેથી તેમણે સુગંધી ફૂલના હાર કંઠમાં પહેરાવ્યા. ગુચ્છ, કલંગી, તોરા, બાજુબંધ પહેરાવીને શ્રીહરિને હાથમાં ફૂલ ગજરા આપ્યા. ૨૮. હરિભક્ત હોય કે ન હોય, સહુ લોકો હાર અને તોરા બનાવીને લાવ્યા હતા. તે જ્યારે આપવા આવે ત્યારે સંસારના ભયને હરનારા શ્રીહરિ હરખથી પોતાનો હાથ લાંબો કરીને લઈ લેતા હતા. ૨૯. **ઘણા ભેળા થયેલા ફૂલના હાર શ્રીહરિના મસ્તક ઉપર તથા ભુજાઓમાં સમાતા ન હતા. પ્રભુ ફૂલોમાં જ ગરકાવ થઈ ગયા હતા. તે સમયની છબી વર્ણવી શકાતી નથી.** ૩૦. વિમાનમાં બેસીને આવેલા દેવતાઓ આકાશમાં છવાઈ ગયા હતા અને શ્રીહરિનાં દર્શન કરીને ફૂલની ઝડી વરસાવતા

निर्खत जन हरिराय, ज्युं चकोर दृग पल न परत ॥३१॥

होत तुमल रव घोश, बाजत बाजा बिविधि वर ॥
हीसत तुरंग सरोश, मद भरे उडत हे अधर मनु ॥३२॥

चोपाई :

भयाजनक रस मर्द अपारा, उडी गर्द भुवि नभ एकतारा ॥
भया अंधियार दशो दिश मांई, भूचर खेचर रहे अटकांई ॥३३॥

भयो दृगिश्वर धूसर रूपा, भयो अमर मन संभ्रम अनूपा ॥
तुंग तूरंग उपर अविनाशी, राजत रम्य रूप सुखराशी ॥३४॥

लेकर नक्तक दे मुख आडे, चलत सिघ्र कहुँ रहत हे ठाडे ॥
अश्वनिकर मंहि सोहत स्वामी, ज्युं उडगन बीच मृगरथ गामी ॥३५॥

હતા. બધા ભક્તજનો ચકોરની માફક શ્રીહરિને જોઈ રહ્યા હતા. કોઈ આંખનું મટકું પણ મારતા નહિ. ૩૧. આકાશમાં તૂમુલ ધ્વનિ થઈ રહ્યો હતો. વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ વાજાંઓ વાગતાં હતાં. ઘોડાઓ રોષથી હણહણતા હતા. માનો, મદભરેલા તે અશ્વના હોઠ ફફડી રહ્યા હતા. ૩૨. તે વખતે ઘણી ભયજનક અપાર ભીડ થઈ હતી. પૃથ્વી ઉપર તથા આકાશમાં એકતાર ડમરી ઊડતી હતી. દસેય દિશાઓમાં અંધારું વ્યાપી ગયું. જમીન અને આકાશ ઉપર ફરનારા બધા અટકી ગયા. ૩૩. આકાશમાં સૂર્ય પણ ધૂંધળો થઈ ગયો અને દેવતાઓનાં મનમાં પણ અનુપમ ભ્રમ થઈ ગયો. તે વખતે અવિનાશી શ્રીહરિ ઊંચા અશ્વ ઉપર વિરાજમાન હતા ત્યારે શ્રીહરિનું રૂપ રમણીય અને સુખરાશી હતું. ૩૪. મુખ આડો રૂમાલ રાખીને ક્યારેક ઉતાવળે ચાલતા હતા અને ક્યારેય ઊભા રહેતા હતા. ઘોડી ઉપર બેઠેલા શ્રીસહજાનંદ સ્વામી જેમ નક્ષત્ર મંડળને મધ્યે ચંદ્રમા શોભતો હોય એવા સોહામણા લાગતા હતા. ૩૫. આ રીતે શ્રીહરિ જ્યારે ધોલેરા ગામને એકદમ નજીક આવ્યા ત્યારે બધા નરનારીઓ તે કુતૂહલ જોવા માટે દોડ્યા. તે સમયે માણસોની ખૂબ ભીડ

यह प्रकार आये पुर पासा, धाये नारी नर देखन तमासा ॥
भई भीर जनकी अतिभारी, जय जय रब बोलत नरनारी ॥३६॥

बाजत बाजा उडत निशाना, गावत माननि मंगल गाना ॥
होत भुशंडी रव प्रचंडा, व्यापी रह्यो सकल ब्रह्मंडा ॥३७॥

चलत मंदगति नग्र बजारे, लिखी पुरबासी प्रान लेवारे ॥
अखिल भुवनपति अंतरजामी, करुनादृष्टि बिलोकत स्वामी ॥३८॥

करत प्रनाम जन जोरी पानी, थकीत होत लिखि रूप निधानी ॥
कहत परस्पर जन मतबादी, जाही कहत श्रुति अगम अनादि ॥३९॥

सो यह पुरुष दृगन भरी देखा, सुफल जन्म भया आज्यु बिशेषा ॥
यह प्रकार बोलत पुरबासी, जन उर प्रवेश कीन अविनासी ॥४०॥

થઈ. બધા નરનારીઓ 'જય જય...જય જય...' એમ ધ્વનિ કરતા હતા. ૩૬. તે સમયે વાજિંત્રો વાગતા હતા, નિશાનો ઊડતા હતા, સ્ત્રીઓ મંગળ ગીત ગાતી હતી અને બંદૂકોનાં પ્રચંડ અવાજો થતા હતા. આ બધા અવાજોથી આખું બ્રહ્માંડ વ્યાપ્ત થઈ ગયું હતું. ૩૭.

અખિલ બ્રહ્માંડના અધિપતિ અંતર્યામી સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ધોલેરા શહેરની બજારમાં ધીમે ધીમે ચાલતા હતા ત્યારે દર્શન કરીને પૂરવાસી લોકો પોતાના પ્રાણ ન્યોછાવર કરતા હતા અને પોતે શ્રીહરિ કરુણા દૃષ્ટિથી સહુને દેખતા હતા. ૩૮. લોકો હાથ જોડી પ્રણામ કરતા હતા અને રૂપનિધાન શ્રીહરિનાં દર્શન કરીને સહુ વિસ્મિત થતા હતા. મતવાદી લોકો પરસ્પર વાતો કરતા હતા કે જેને વેદની શ્રુતિઓ અનાદિનારાયણ કહે છે. ૩૯. **તે પરમ પુરુષ પ્રગટ પુરુષોત્તમ નારાયણને આજે આપણે ખાસ દૃષ્ટિ ભરીને જોયા છે, તેથી ચોક્કસ આજે આપણો જન્મ સફળ થયો છે.** ઉપર કહ્યા પ્રમાણે પુરવાસી લોકો બોલતા હતા. જ્યારે તેમને આવો પ્રગટ પ્રભુનો નિશ્ચય થયો ત્યારે અવિનાશી શ્રીહરિએ તે સહુનાં દિલમાં પ્રવેશ કર્યો. ૪૦.

निज प्रताप प्रभु प्रगट देखावा, गई कुमति सद्मति उर आवा ॥
नाथ रुप निर्खत नरनारी, एक टक थकीत पलक दृगटारी ॥४१॥
पुलकित नखशिख रूप निहारे, मनहुं चित्र लिख दिये चितारे ॥
लिन तानि जनकर मन प्राना, खेंचत लोह ज्युं चमक पाषाना ॥४२॥
दोहा : सहज गुन हरि मूर्तिकर, निर्खि नर त्रिया वृंद ॥
नेन प्रान मान भयेउ बस, पायेउ अति आनंद ॥४३॥
दिव्य गुणार्णव हरि, दिव्य शक्ति धर श्याम ॥
दिव्य अनेक ऐश्वर्यपति, श्रीहरि पुरनकाम ॥४४॥
सोरठा : नारायन नराकार, प्रगटे दिव्य गुन गुप्त करी ॥
तदपि सर्वाधार, क्वचिद् दर्शावत दिव्य गुन ॥४५॥

❈ ધોલેરામાં શ્રીહરિએ બતાવેલો પ્રૌઢ પ્રતાપ :

જ્યારે સર્વોપરિ શ્રીહરિએ પોતાનો પ્રગટ પ્રતાપ બતાવ્યો ત્યારે લોકોની કુબુદ્ધિ ટળી ગઈ અને તેનાં દિલમાં સદ્બુદ્ધિ આવી. ત્યારે નરનારી બધા આંખોની પલકો પણ પાડ્યા સિવાય આશ્ચર્યભરી રીતે એકીટશે નાથ શ્રીહરિનાં રૂપને દેખતા હતા. ૪૧. આનંદના આવેશમાં આવેલા તે લોકો જ્યારે શ્રીહરિના નખશિખ રૂપને નિહાળતા હતા ત્યારે માનો કોઈ કુશળ ચિતારાએ ચિત્ર આળેખેલું હોય, તેવા દેખાતા હતા.

તે વખતે શ્રીહરિએ જેમ ચમક પાણ લોઢાને ખેંચી લે છે, તેમ દર્શન કરનારાના મન તથા પ્રાણને પોતાનાં સ્વરૂપમાં લીન કરી દીધા હતા. ૪૨. પુરુષો અને સ્ત્રીઓ જ્યારે શ્રીહરિની મૂર્તિના સ્વાભાવિક ગુણોને દેખતા હતા ત્યારે તેના નેત્ર પ્રાણ અને મન વશ થઈ જતા હતા અને અતિશય આનંદ પામતા હતા. ૪૩. **અનેક દિવ્ય ઐશ્વર્યના અધિપતિ પૂર્ણકામ શ્યામસુંદર શ્રીહરિ અનેક દિવ્ય ગુણોના સાગર હતા. તેમજ દિવ્ય શક્તિઓને ધરી રહ્યા હતા.** ૪૪. પોતે સર્વાધાર નારાયણ દિવ્ય ગુણોને છુપાવીને નરાકારે પ્રગટ થયા હતા, તોપણ કોઈ વખતે

कोटी तरनी सम तेज, देखत भये नरनारी सब ॥
अस ऐश्वर्य सहेज, देखावत निज मूर्ति मंहि ॥४६॥

चोपाई :

भये आचर्य धवलपुर बासी, लिखी मूर्ति सुंदर सुखरासी ॥
अस प्रताप सबका दर्साई, आवत भये निज मंदिर मांई ॥४७॥
पूजाभाई परम सुजाना, सबकर किंन सुभग सनमाना ॥
जहाँ जस घटे तहाँ तस रीति, दिन निवास पुलकी करी प्रीति ॥४८॥
दिव्य पलंग तुल पट आना, गुप्त दोरक तेही नाम सुजाना ॥
उपबर्हन तकिया धरे भारी, मखमल गादी नीचे डारी ॥४९॥
उपर श्वेत ओछार ओछारे, कनक सेज बंध बांधा च्यारे ॥

દિવ્ય ગુણોને બતાવતા હતા. ૪૫. તે વખતે બધા નરનારીઓને કરોડો સૂર્યના સમાન તેજ દેખાયું. શ્રીહરિ પોતાની મૂર્તિમાં આવું ઐશ્વર્ય તો સહજભાવે દેખાડતા હતા. ૪૬.

સુંદર સુખરાશિ શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને ધોલેરાના નિવાસીઓને ઘણું આશ્ચર્ય થયું. શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણે પોતાનો પ્રતાપ સહુને દેખાડ્યો અને પછી પોતે ત્યાં રહેલા પોતાના મંદિરમાં આવ્યા. ૪૭. અત્યંત કુશળ દરબાર પૂંજાભાઈએ શ્રીહરિનું તથા સહુનું ઘણું સારી રીતે સન્માન કર્યું. જ્યાં જેને જેમ ઘટે તેમ સહુને ઉતારાઓ ઘણા પ્રેમ અને હરખથી આપ્યા. ૪૮. એક સુંદર દિવ્ય પલંગ લાવ્યા. તે પલંગના ઉપર મખમલનું સુંદર ગાદલું પાથર્યું. તેના ઉપર ઓશિકા, ભારે તકિયા અને સારી રજાઈ વગેરે મૂક્યું. ૪૯. તે ગાદલા ઉપર સફેદ ઓછાડ ઓછાડ્યો અને ચારે બાજુ સોનેરી સેજબંધ બાંધ્યા. તે પછી અક્ષરાધિપતિ અંતર્યામી પ્રભુ શ્રીસહજાનંદ સ્વામી તે પલંગ ઉપર વિરાજ્યા. ૫૦. ધોલેરાના નરનારીઓ બધા દર્શન કરવા આવતા ત્યારે વિવિધ પ્રકારની ભેટ અને સારા ફળ લાવતા હતા. કોઈક શ્રીફળ લાવતા

आये बिराजे पलंग पर स्वामी, अक्षरपति प्रभु अंतरजामी ॥५०॥
आवत दर्शन करन नरनारी, लावत भेट बिविधि फलभारी ॥
कोउ श्रीफल कदली फल चारु, लेत मुदित होई धर्मकुमारु ॥५१॥
सहकार फल सरस अनारा, निंबु वा अंजीर नारंगी अपारा ॥
खारीक द्राख बदाम फल काजु, जांबु जांबफल लेत महाराजु ॥५२॥
ईक्षुं दंड शर्करा सारी, लावत निजजन भरी भरी थारी ॥
पिस्तु अखोर चारोली ताजी, बिविधि भातीकर शाक रु भाजी ॥५३॥
तज एला वर लोंग सोपारी, सरस जावंत्री जाति फल भारी ॥
भाँति भाँति कर फल दल मेवा, लावत हरिजन करत हे सेवा ॥५४॥
कहत हरि सुं पूजाभाई, रसवति करन कहो मुनिराई ॥
बहुत बिलंब भई भगवाना, कहो संतका क्रिपा निधाना ॥५५॥
बर्नि संतका कहा बोलाई, करो पाक संत सरस बनाई ॥

અને કોઈક સુંદર કેળા લાવતા હતા. ધર્મકુમાર શ્રીહરિ તે ભેટને રાજી થઈને સ્વીકારતા હતા. ૫૧. કોઈ કેરી, સરસ દાડમ, લીંબુ, અંજીર કે અપાર નારંગી લાવતા હતા. ખારેક, દ્રાક્ષ, બદામ, કાજુ, જાબુંફળ, જામફળ, વગેરે જે લાવતા તેને શ્રીહરિ સ્વીકારી લેતા હતા. ૫૨. દર્શન કરનારા પોતાના ભક્તોમાં કોઈ શેરડી લાવતા, તો કોઈ થાળીઓ ભરી ભરીને સારી સાકર લાવતા હતા. પીસ્તા, અખરોટ, તાજી ચારોલી અને વિવિધ પ્રકારના શાકભાજી પણ લાવતા હતા. ૫૩. કોઈ તો તજ, એલાયચી, લવીંગ, સોપારી, સુંદર જાવંત્રી અને ભારે જાયફળ પણ લાવતા હતા. તે સહુ જાત જાતના ફળ, પત્ર અને મેવા લાવીને બધા હરિભક્તો સેવા કરતા હતા. ૫૪.

પછી દરબાર પૂંજાભાઈએ શ્રીહરિને કહ્યું, 'મહારાજ ! સંતોને રસોઈ બનાવવાનું કહો. કૃપાનિધિ ભગવન્ ! ઘણું મોડું થઈ ગયું છે તો સંતોને આજ્ઞા કરો.' ૫૫. પછી શ્રીહરિએ વર્ણી તથા સંતોને બોલાવીને કહ્યું કે 'તમે સહુ સંતો સરસ પાક કરો.' પછી શ્રીહરિએ

कहत नाथ सुनो नृप पूंजाजी, कवन रसोई देत होई राजी ॥५६॥

दोहा : कहत पूंजाजी सुनो प्रभु, किना हम निरधार ॥
सरस शष्कुली मौक्तिका, यह हम किन बिच्यार ॥५७॥
कहत मदन मदगंज प्रभु, नारायन नर रूप ॥
सरस करावउ सुभग मति, यह पकवान अनूप ॥५८॥

सोरठा : अस कहीके महाराज, विलम्ब होई हे रसोईकर ॥
श्रीहरि गरीबनिवाज, कहत संत प्रति कमल दृग ॥५९॥
परा ढेर हम पास, कंदमूल फल बिविधिकर ॥
देउ सबका एक रास, बांटीके जनका भाग सम ॥६०॥

चोपाई :
दिना सबका बांटी सुजाना, बाटनहार संत परम सयाना ॥
सबका भाग तुल्य करी दीना, बर्नि संत हरिजन सब लीना ॥६१॥

દરબાર પૂંજાભાઈને કહ્યું કે 'તમે સાંભળો. તમે રાજી થઈને કઈ રસોઈ આપવા ચાહો છો ?' ૫૬. ત્યારે દરબાર પૂંજાભાઈએ કહ્યું કે 'મહારાજ ! સાંભળો, અમે વિચારીને નક્કી કર્યું છે કે સરસ જલેબી અને મોતૈયા કરાવવા.' ૫૭. પછી કામદેવના મદને ઉતારનારા નરનારાયણ સ્વરૂપ પ્રભુ બોલ્યા, 'તમે શુભ વિચારના છો તો જલેબી મોતૈયાના પકવાન સરસ અનુપમ રીતે કરાવો.' ૫૮.

આમ કહીને કમળ સમાન નેત્રવાળા, ગરીબનિવાજ, શ્રીહરિજી મહારાજે રસોઈમાં મોડું થશે એમ જાણીને સંતોના પ્રત્યે કહ્યું, ૫૯. 'આપણી પાસે અત્યારે જાત જાતના કંદમૂળ અને ફળના ઢગલા પડ્યા છે, તો તે સહુના સરખા ભાગ કરીને એક સાથે બધા ભક્તોને વહેંચી દો.' ૬૦.

વહેંચનારા સંતો ઘણા શાણા હતા. તેણે સમજીને બધાને ફળ વગેરે વહેંચી દીધું. વર્ણી, સંતો અને હરિભક્તો, જે સહુ સાથે હતા તેને સરખે ભાગે વહેંચી દીધું અને તેને સહુએ લઈ લીધું. ૬૧. શ્રીહરિના

हरिकर बंधु सुभग दोउ भैया, पेंडा बर्फि ईनकुं लैया ॥
सरस नूत फल श्रीहरि पावा, नारंगी फल रुची उपजावा ॥६२॥
जेंये अंजीर अनार अनूपा, मुदित भये सुर मुनि भूपा ॥
चले बंधुवर ईछारामा, रसवती करन सकल गुनधामा ॥६३॥
करी स्नान पीतांबर पहीरा, पहीरी खराऊं चले मति धीरा ॥
चौका बर्नि सरस बनावा, सरसामान तैयार करावा ॥६४॥
रसवति करन लगे द्विजराया, प्रथम जाय पयपाक बनाया ॥
तदनंतर बिंजन बहु भाँति, किन अनुज बंधु करी खांती ॥६५॥
पहिति भात सब कीन तैयारी, हरिका बोलाय लाउ ब्रह्मचारी ॥
जाइके कहां मुकुंदानंदा, भई रसोई प्रभु पुरनचंदा ॥६६॥
उठे हरि तब अंतर्जामी, धर्मात्मज सहजानंद स्वामी ॥

શુભ ગુણ સંપન્ન બંને ભાઈ હતા, તેમને બરફી તથા પેંડા આપ્યા; તે તેમણે લીધા. અને સરસ તાજા ફળ શ્રીહરિને આપ્યા. તેમાં શ્રીહરિને નારંગીના ફળ ઉપર રુચિ હતી. ૬૨. તે સિવાય અનુપમ અંજીર અને દાડમ પણ જમ્યા. તેનાથી સુરમુનિભૂપ ખુશી થયા.

તે પછી સર્વ સદ્‌ગુણથી સંપન્ન ઇચ્છારામજીભાઈ રસોઈ બનાવવા ચાલ્યા. ૬૩. ધીર બુદ્ધિના ઇચ્છારામજીએ સ્નાન કરી પીતાબંર પહેર્યું અને પછી ચાખડીએ ચડીને ચાલ્યા. વર્ણીએ તેમને માટે સરસ ચોકો કરી દીધો હતો અને બધું સીધું-સામાન પણ તૈયાર રાખ્યું હતું. ૬૪.

દ્વિજવર્ય શ્રીહરિના નાના ભાઈ રસોઈ કરવા લાગ્યા. તેમાં પહેલા જઈને દૂધપાક બનાવ્યો. તે પછી ઘણી જાતના શાક વગેરે ખંતથી કર્યાં. ૬૫. જ્યારે મશાલાદાર દાળ અને ભાત વગેરે તૈયાર કર્યા ત્યારે મુકુંદાનંદ બ્રહ્મચારી શ્રીહરિને બોલાવવા ગયા. તેમણે જઈને પૂર્ણચંદ્ર જેવા શ્રીહરિને કહ્યું કે 'રસોઈ તૈયાર થઈ છે.' ૬૬. ત્યારે ધર્માત્મજ, અંતર્યામી સહજાનંદ સ્વામી, શ્રીહરિ ઊઠ્યા અને આંખોના તારા જેવા

पहिरी पादुका नाथ पधारे, धर्मतनय नेननके तारे ॥६७॥
उष्णोदक करी किन स्नाना, हिरांबर पहिरी भगवाना ॥
पहिरी खराऊं ले रुमाला, जेवन बैठे जनप्रतिपाला ॥६८॥
सुंदर कंचन चौकी ढारी, ऊर्नांबर पुनि तास पर डारी ॥
ता पर बैठे अखिल निवासा, निज जन मन रंजन अविनासा ॥६९॥
कंचन थाल परोसी आना, खटरस बिंजन सावारी नाना ॥
जेंवत भक्तनाथ भयहारी, भरी सरस शीतल झारी ॥७०॥

दोहा : प्रथम लेत लघु कौर प्रभु, मुख कपोलमे न माय ॥
निर्खि चर्वन चातुरी, निजजन नयन लोभाय ॥७१॥
जेंवत जलेबी मौक्तिका, दुधपाक संजाव ॥
बिरंज बासुंदी सिखरन, जेंवत त्रिभुवनराव ॥७२॥

સમર્થ મૂર્તિ શ્રીહરિ ચાખડીઓ પહેરીને પધાર્યા. ૬૭. પછી ભગવાન શ્રીહરિએ ગરમ જળથી સ્નાન કર્યું અને રેશમી વસ્ત્ર પહેર્યું. ચરણમાં ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ રાખ્યો અને ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ પોતે જમવા બેઠા. ૬૮. ત્યાં એક સુંદર સોનાની ચોકી ઢાળી હતી. તેના ઉપર ઊનનું આસન પાથર્યું હતું. વિશ્વના નિવાસરૂપ ભક્તજનોના મનને રાજી કરનારા શ્રીહરિ તે આસન ઉપર બેઠા. ૬૯. ત્યાં છ રસથી પરિપૂર્ણ બધા ભોજન અને અનેક પ્રકારના શાકભાજી વગેરે સારી રીતે સોનાના થાળમાં પીરસીને લાવ્યા હતા.

ભક્તપતિ ભયહારી શ્રીહરિ જમવા લાગ્યા. ત્યારે ત્યાં સારા શીતળ જળથી ભરેલી જળઝારી મૂકી રાખી હતી. ૭૦. પ્રભુ પહેલા નાના કોળિયા લેતા હતા. કારણ કે મોટો કોળિયો મુખમાં સમાય નહિ. જમતી વખતે તેમની ચાવવાની જે ચાતુરી હતી, તે ભક્તજનોની આંખોને લોભાવતી હતી. ૭૧. ત્રિભુવનપતિ શ્રીહરિ જલેબી, મોતૈયા, દૂધપાક, શીરો, બિરંજ, બાસુંદી અને શીખંડને જમતા હતા. ૭૨. વળી પૂરી,

सोरठा : पुरी ठोर कचोरी, दहींबरा जेवत सरस ॥
चितवत चंद ज्युं चकोरी, आसपास ठारे भक्तजन ॥७३॥
करत मधुर मुखहास, करी रमुज करुना भुवन ॥
होंरे भरत हे ग्रास, पुनि पुनि पानी पियत प्रभु ॥७४॥

चोपाई :
भक्ष भोज्य लेह्य चोश्य अनूपा, रुची रुची जेंवत अक्षर भूपा ॥
जेंवत हे हरि पुरी तर्कारी, बहुत प्रकारकी न्यारी न्यारी ॥७५॥
सुर सोम आदिक निज दासा, करत रमुज ठारे प्रभु पासा ॥
कैसी बनी प्रभु आज्युं रसोई, जेंवत नाथ मौन मुख होई ॥७६॥
करत नाहि कछु स्वाद बखाना, हसि मधुर बोले भगवाना ॥
कवन प्रयोजन तुंमरे सुजाना, स्वाद कुस्वाद पूछत मतिमाना ॥७७॥

ઠોર(ઘી ખાંડ નાંખેલો જાડો રોટલો), કચોરી અને સરસ દહીંવડાને પણ જમતા હતા. આસપાસમાં ઊભેલા ભક્તજનો જેમ ચકોર પક્ષી ચંદ્રને દેખે તેમ શ્રીહરિની મૂર્તિને આતુરતાપૂર્વક દેખતા હતા. ૭૩. કરુણાભવન શ્રીહરિ મધુર મધુર હસીને રમૂજ કરતા હતા. હળવે હળવે ગ્રાસ લઈને વચ્ચે વારે વારે પ્રભુ પાણી પીતા હતા. ૭૪. અક્ષરાધિપતિ પ્રભુ શ્રીહરિ જેવી પોતાને રુચિ હોય તે પ્રમાણે અનુપમ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્યને લેતા હતા. વળી પૂરી અને ઘણી જાતના અલગ અલગ કરેલા શાકને પણ જમતા હતા. ૭૫.

તે સમયે શ્રીહરિની પાસે ઊભેલા દરબાર સૂરા ખાચર અને સોમલા ખાચર આદિક પોતાના ભક્તો રમૂજ કરતા હતા, 'હે નાથ ! આજની રસોઈ કેવી થઈ છે ? આપ એકદમ મુખ મૌન રાખીને કેમ જમો છો ? ૭૬. આજ સ્વાદના કેમ કાંઈ વખાણ કરતા નથી ?' ત્યારે ભગવાન શ્રીહરિ થોડું હસીને મધુર વચન બોલ્યા, 'હે બુદ્ધિમાન સુજ્ઞ ભક્ત ! સ્વાદ કુસ્વાદ બાબતમાં પૂછો છો, તો તમારે તે બાબતમાં શું પ્રયોજન

ज्यो होय सरस सो नाथ चखावो, रसना करत पुनि पछतावो ॥
होत न अनुभव दृगननि देखे, जानत रसना चाखी बिशेखे ॥७८॥
तब हसी प्रभु परोसी थारी, देउ प्रसादी मुकुंद ब्रह्मचारी ॥
सूर सोम पुनि पूंजाभाई, लेउ बांटी तिनो जन जाई ॥७९॥
जेंवन लगे प्रभु जीवनप्राना, ओदन सुप सरस मनमाना ॥
क्वथिका तरला आज्य मिलाई, जेंवत मुक्तनाथ मुदपाई ॥८०॥
पय मिश्री ओदनकर सानी, जेंयत रुची रुची पियत पानी ॥
जेंये अघाई जगति जयकारी, अचवन किंन लेई कर झारी ॥८१॥
प्रक्षाली कर मुखारविंदा, पूछत मुख शशिवर गोविंदा ॥
रजत सिक लेकर वर मैया, शोधन करत सुख दैया ॥८२॥
नागबेली कर पान अनूपा, कथा चूना दे सुखरूपा ॥

છે ?' ૭૭. ત્યારે તે ભક્તો બોલ્યા કે 'હે નાથ ! **જે વસ્તુ સરસ હોય તે અમને ચખાડો. કારણ કે પછીથી અમારી જીભને પસ્તાવો થશે. આંખે દેખવા માત્રથી કાંઈ અનુભવ થાતો નથી. જીભથી જો ચાખવામાં આવે તો તે પદાર્થ બાબતમાં વિશેષ જણાય છે.'** ૭૮.

ત્યારે પ્રભુ શ્રીહરિએ હસીને થાળીમાં પ્રસાદી પીરસી દીધી અને મુકુંદ બ્રહ્મચારીને કહ્યું 'આ ભક્તોને પ્રસાદી આપો.' પછી તે પ્રસાદી દરબાર સૂરા ખાચર, સોમલા ખાચર અને પૂંજાભાઈ, તે ત્રણેયે વહેંચી લીધી. ૭૯. તે પછી જીવનપ્રાણ પ્રભુ મનમાની રીતે સરસ ભાત અને દાળ જમવા લાગ્યા. તેના પછી મુક્તપતિ શ્રીહરિ ઘણા આનંદથી ઘી નાખેલી ખીચડી અને કઢી જમવા લાગ્યા. ૮૦. તે પછી ભાતમાં દૂધ અને સાકર નાખીને પોતાની રુચિ પ્રમાણે જમ્યા અને વચ્ચે વચ્ચે પાણી પીતા હતા. જગતમાં જયકારી આવા શ્રીહરિ જમીને તૃપ્ત થયા પછી જળઝારી લઈ, ચળુ કરી અને જળપાન કર્યું. ૮૧. પછી સુખદાયક ગોવિંદ પ્રભુએ પોતાના હાથ, મુખ ધોઈને મુખચંદ્રને લૂછ્યું. પછી

तज एला जावंत्रि जाती, पूंगीफल कतरी बहु भाँति ॥८३॥
चुरन मेली बीरा बनावा, जेंवत प्रभु मुख रुची उपजावा ॥
बर्नि का प्रभु आग्या दीनी, थाल प्रसादि संतका दीनी ॥८४॥

दोहा : बैठे जेंवन धर्मसुत, पांडे रामप्रताप ॥
छोटे ईच्छाराम वर, उभय बंधु निष्पाप ॥८५॥
कींनी आग्या संतका, करउ पंक्ति मुनिवृंद ॥
बर्नि नैष्ठिक ब्रतधर, जेंवउ जति जगवंद ॥८६॥

सोरठा : अश्वारुढ पदाती, करउं पंक्ति एक साथ सब ॥
धरी धुप अग्रबाती, कींन रंगोली सरस रंग ॥८७॥
आदिनारायन नाथ, कसि कमर ले पुनित पट ॥
लें मोदक निज हाथ, लगे परोसन धर्मसुत ॥८८॥

હાથમાં સોનાની સળી લઈને દાંત સાફ કર્યા. ૮૨. પછી નાગરવેલીના અનુપમ પાન ઉપર સુખરૂપ કાથો, ચૂનો લગાવ્યો. તેમાં તજ, એલચી, જાવંત્રી, જાયફળ અને કાતરેલી સોપારી વગેરે ઘણી જાતના મશાલાનું ચૂર્ણ નાખીને પાનબીડું બનાવ્યું. પછી મુખમાં રુચિ થાય તે રીતે પ્રભુ જમ્યા. પછી શ્રીહરિએ મુકુંદ બ્રહ્મચારીને આજ્ઞા કરીને થાળની પ્રસાદી સંતોને આપી. ૮૩-૮૪. ધર્મપુત્ર મોટા પાંડે રામપ્રતાપજી અને નાના ઈચ્છારામજી બંને ભાઈ નિષ્પાપ હતા. ૮૫.

પછી શ્રીહરિએ સંતોને આજ્ઞા કરી કે 'તમારા સંતમંડળની પંગત કરો તથા નૈષ્ઠિક વ્રતધારી બ્રહ્મચારી અને જગદ્વંદ્ય સંન્યાસી પણ સહુ સાથે જમો. ૮૬. ઘોડેસવાર હરિભક્તો અને પાર્ષદો, એ બધાની પંગત એક સાથે કરો. ત્યાં રંગ પૂરીને સરસ રંગોળી કરી હતી અને ધૂપ માટેની અગરબત્તી મૂકી હતી. ૮૭. પછી નાથ આદિનારાયણે સારું વસ્ત્ર લઈ કમર કસીને બાંધી. પછી ધર્મપુત્ર શ્રીહરિએ પોતાના હાથમાં લાડુ લીધા અને પીરસવા લાગ્યા. ૮૮.

चोपाई :

सर्वोपरी पुरुषोत्तमराई, कैवल्य दिव्यमूर्ति सुखदाई ॥
अक्षर कोटी मुक्तनकर स्वामी, माया काल प्रेरक बहुनामी ॥८९॥
दिव्य अपर्मित शक्ति निधाना, दिव्य गुनाकर श्रीभगवाना ॥
अनंत धामकर धामी स्वामी, ईश्वर अवतारी बहुनामी ॥९०॥
सो प्रभु धरी नराक्रति आये, ज्याहे निगम नेति कही गाये ॥
स्व ईच्छा धरी मूर्ति अनूपा, अनंत कोटी मुक्तनकर भूपा ॥९१॥
महाराज राजनके राजा, भक्तवच्छल प्रभु गरीब निवाजा ॥
दया करी दीनन पर नाथा, अमित पतित तारन सुखपाथा ॥९२॥
प्रगट भये द्विजकुल दीनबंधु, वृषकुल भुषन क्रिपासिंधु ॥
नैष्ठिक ब्रतधर बर्नि वेशा, बर्नि संत संगे लेई सुरेशा ॥९३॥

જે પોતે સર્વોપરિ પુરુષોત્તમરાય છે, સુખદાયક કૈવલ્ય દિવ્ય મૂર્તિ છે, કરોડો અક્ષર મુક્તોના સ્વામી છે, કાળ તથા માયાના પ્રેરક અને બહુનામી છે. ૮૯. જે અમાપ દિવ્ય શક્તિઓના નિધિ છે, દિવ્ય ગુણોની ખાણ જેવા છે. જે શ્રીહરિ અનંત દિવ્ય ધામના ધામી, સહુના સ્વામી, સર્વ અવતારના અવતારી પરમેશ્વર અને બહુનામી છે. ૯૦. તે પ્રભુ અત્યારે મનુષ્યાકૃતિ ધારણ કરીને આવ્યા છે. જેને વેદો નેતિ નેતિ કહીને ગાય છે. પોતે સ્વેચ્છાથી અનુપમ મૂર્તિ ધારી છે. જે પોતે અનંતકોટિ મુક્તોના પણ ભૂપ છે. ૯૧. જે સર્વના ધણી, સર્વેશ્વર મહારાજાધિરાજ છે, ભક્તવત્સલ અને ગરીબનિવાજ છે; જે નાથે દીનોના ઉપર દયા કરી છે; જે સુખસાગર શ્રીહરિ અમાપ પતિતોને પણ તારનારા છે. ૯૨. દીનબંધુ પ્રભુ દ્વિજકુળમાં પ્રગટ થયા છે. જે કૃપાસિંધુ ધર્મકુળમાં અલંકારરૂપ છે. પોતે નૈષ્ઠિકવ્રત ધારીને વર્ણીના વેશમાં રહ્યા છે. તે દેવાધિપતિ વર્ણી તથા સંતોને સાથે લઈ રાખે છે. ૯૩. તે કૃપાનિધાન શ્રીહરિ જીવોને પોતાનું દર્શન આપીને તથા સ્પર્શ આપીને કહેતા, કોઈને

दर्स पर्स दे करत कल्याना, अनंत जीव कर क्रिपा निधाना ॥
सो प्रभु कर मौक्तिक ले फेरे, निजजनका हरि हर्ख घनेरे ॥९४॥
दिव्य दृष्टि करी देखी सुजाना, आये मुक्त धाम तजी ध्याना ॥
अति वायक तनु धरी अविनासी, दिव्य मुक्तवर अक्षर निवासी ॥९५॥
केते गोलोक बैकुंठ बारे, श्वेतद्वीपकर निरन्न सिधारे ॥
बद्री आश्रम बासी अनेका, आये धरी संत कर भेखा ॥९६॥
बैठे संत पंक्ति मंहि आई, निर्खि नाथ उर हर्ख न माई ॥
संतन देखत देखत स्वामी, पीरसत परम पुरुष बहुनामी ॥९७॥
देत हसी प्रभु दश दश बीसा, कबहुं बीस कहुँ देत पचीसा ॥
बहुत दिन मौक्तिक अविनाशी, अब शष्कुली देत अविनाशी ॥९८॥

ભેટીને, કોઈને મસ્તકે હાથ મૂકીને કે કોઈને ચરણારવિંદ આપીને અનેક લોકોનું કલ્યાણ કરે છે.

❀ ધોલેરાધામમાં ધર્મકુંવરની દિવ્ય પીરસણલીલા :

જેમનાં દિલમાં પીરસવા માટેનો ઘણો હરખ છે તે પ્રભુ હાથમાં મોતૈયા લઈને પોતાના ભક્તોની પંગતમાં ફરે છે. ૯૪. **જે સુજ્ઞ મુક્તોએ દિવ્ય દષ્ટિ કરીને શ્રીહરિની આ પીરસવાની લીલા દેખી તે મુક્તોએ ધામમાં રહીને ધ્યાન કરવાનું તજી દીધું. પછી તે અક્ષરધામમાં રહેનારા અવિનાશી શ્રેષ્ઠ મુક્તો વાયુ તત્ત્વ પ્રધાન શરીર ધારીને જ્યાં શ્રીહરિ પીરસતા હતા ત્યાં આવ્યા.** ૯૫. તેમાં કેટલાક તો ગોલોક, વૈકુંઠ ધામના મુક્ત હતા. અને કેટલાક શ્વેતદ્વીપના નિરન્ન મુક્તો આવ્યા અને બદરિકાશ્રમવાસી અનેક મુક્તો સંતોનો વેશ લઈને આવ્યા. ૯૬. તે સહુ સંતોની પંક્તિમાં બેઠા અને સર્વેશ્વર શ્રીહરિના દર્શન કરતા તેમનાં દિલમાં ક્યાંય હર્ષ સમાતો ન હતો. પરમ પુરુષ બહુનામી શ્રીસહજાનંદ સ્વામી સંતોની સામે દેખતા દેખતા પીરસતા હતા. ૯૭. શ્રીહરિ હસીને સહુને દસ દસ અને વીશ વીશ લાડુ આપતા હતા. ક્યારેક તો કોઈને

दोहा : भरी बहुत जुगकर मंहि, देत हे विश्वनिकेत ॥
पात्र भराई धरनि पर, होत ढेरी अस देत ॥९९॥

पुनि पुनि पिरसत प्रेम बस, संत हरिजनका नाथ ॥
सोहत शोभाधाम शुभ, लिये जलेबी हाथ ॥१००॥

सोरठा : मुखते करत उचार, महाप्रसाद लेउ संतजन ॥
श्रीहरि धर्मकुमार, फिरत पंक्ति मंहि हंसगति ॥१०१॥

सुधा कुंभ ग्रही हाथ, त्रपत किये जिमी अमरगन ॥
युं पिरसत मुनिनाथ, बिविधि भाती पकवान प्रभु ॥१०२॥

चोपाई :
चितवनी चलनी चंचलताई, निर्खी थकीत मुक्त मुनीराई ॥

વીશ તો કોઈને પચીશ દેતા હતા. અવિનાશી શ્રીહરિએ પંગતમાં મોતૈયા ઘણા આપ્યા. તે પછી જલેબી આપવા લાગ્યા. ૯૮. વિશ્વનિવાસભૂત શ્રીહરિ બંને હાથમાં જલેબી રાખી અને ઘણી આપતા હતા. સંતોના પાત્ર ભરાઈ જતા અને જમીન ઉપર ઢગલો થાય, એ રીતે શ્રીહરિ જલેબી આપતા હતા. ૯૯. પ્રેમવશ સંતો અને હરિભક્તોના નાથ એવા શ્રીહરિ વારંવાર પીરસતા હતા. શોભાનાં ધામ જેવા શ્રીહરિના શુભ હાથમાં જલેબી લીધી હોય તેવા ખૂબ શોભતા હતા. ૧૦૦. 'સંતો મહાપ્રસાદ લો.' એમ ધર્મકુમાર શ્રીહરિ મુખથી બોલતા હતા અને હંસ ગતિથી પંક્તિમાં ફરતા હતા. ૧૦૧. મોહિની રૂપ ભગવાને હાથમાં અમૃતનો ઘડો લઈને જેમ દેવતાઓને તૃપ્ત કર્યા હતા તે રીતે મુનિનાથ પ્રભુ શ્રીહરિ સંતોને વિવિધ પ્રકારના પકવાનો પીરસતા હતા. ૧૦૨.

શ્રીહરિની દૃષ્ટિ અને ચાલ ઘણી ચંચળ હતી. તેને જોઈને મુક્તો અને મોટા મુનિઓ પણ વિસ્મિત થતા હતા. દીનદયાળ અને ભક્તપ્રતિપાલક શ્રીહરિ શ્રદ્ધાએ સહિત પંગતમાં વારંવાર ફરતા હતા. ૧૦૩. શ્રીહરિ અમૃતના જેવી મધુર વાણી બોલતા અને કહેતા કે 'હે

पुनि पुनि फिरत दीनदयाला, श्रद्धा सहित भक्त प्रतिपाला ॥१०३॥
बोलत मंज्युल अमृतबानी, लेउं कींचीत मुनि बिग्यानी ॥
बहुत अघाई रहे जन संता, पुनि पुनि पिरसत हे भगवंता ॥१०४॥
कहत संत सुनो क्रिपानिधाना, देउ चरन उरमें भगवाना ॥
तो लेहुं मोदक एक एका, देत चरन उठत उर्ध्वरेखा ॥१०५॥
अविगत लेत मुक्त उर मांई, मनहुं रंकका नवनिधि पाई ॥
निर्खत अमर जान नभ छांई, बर्खत मुदित सुमन झरलाई ॥१०६॥
पुनि पुनि देत लेत कोउ नाई, कहत नाथ संत रहे अघाई ॥
लाउ तनी देई दूध दहींवा, मिश्री घोरी भरो भांड महीवा ॥१०७॥
देत नाथ उमंगी एकधारा, भराई पात्र बहा जाता हे बारा ॥

જ્ઞાની સંતો ! કાંઈક લો.' સંતો ખૂબ જ તૃપ્ત થઈ ગયા હતા. છતાં પણ ભગવાન પોતે વારંવાર પીરસતા હતા. ૧૦૪. તે વખતે સંતોએ કહ્યું કે 'હે કૃપાનિધિ ! અમારી વાત સાંભળો. જો આપ ભગવાન અમારી છાતીમાં ચરણ આપો તો અમે એક એક લાડુ લઈએ.' ત્યારે શ્રીહરિ તે સંતોની છાતીમાં ચરણ ચાપવા લાગ્યા અને સંતોની છાતી ઉપર ઊર્ધ્વરેખા ઊપસવા લાગી. ૧૦૫. તે સમયે કોઈ ન જાણે તે રીતે મુક્તો પણ છાતીમાં ચરણારવિંદ લેવા લાગ્યા. માનો, કોઈ રાંકને એક સાથે નવ નિધિ પ્રાપ્ત થયા હોય ! તેવો સહુને અલૌકિક ભાવ હતો. તે સમયે દર્શન કરવા આવેલા દેવતાઓના વિમાનો આકાશમાં છવાઈ ગયા હતા અને રાજી થઈને ફૂલની જડી વરસાવતા હતા. ૧૦૬.

શ્રીહરિ વારેવારે પીરસતા હતા, પણ કોઈ સંત લેતા ન હતા. ત્યારે નાથ શ્રીહરિએ કહ્યું, 'હવે બધા સંતો તૃપ્ત થઈ ગયા છે, તો હવે થોડુંક દૂધ અને દહીં લાવો. તેમાં ઘોળીને સાકર નાખો અને તે પાત્રમાં ભરો.' ૧૦૭. પછી નાથ શ્રીહરિ ઉમંગથી એક ધારથી પીરસવા લાગ્યા. જ્યારે પાત્ર ભરાઈ જાય ત્યારે દૂધ કે દહીં પાત્રની બહાર વહી જતું હતું.

जेंवत संत होत आनंदा, छके जेई मुक्तनकर वृंदा ॥१०८॥
लेत नाही कोउ मुनि हरिदासा, अब न समात उदर अविनासा ॥
तब प्रभु कर प्रक्षालन कींना, बैठे पलंग पर आई प्रबीना ॥१०९॥
हरिजन आय डबोटत पाई, थके बहुत फिरिके हरिराई ॥
आये अचवन करी मुनि धीरा, सद्य जेंई आये बर्नी वीरा ॥११०॥
बर्नि संत हरिजन ज्युरी, भई सभा प्रभु पासे भुरी ॥
बैठे सभा मध्य सुखकंदा, सोहत ज्युं उडगन बिच चंदा ॥१११॥
गावत बिष्णु पद मिली संता, बाजत करतल ताल अत्यंता ॥
सकल हरिजन नृप पुंजाजी, पूजा लाये होई सब राजी ॥११२॥
सोरठा : अक्षरपति अविनास, आये पूजन पुलकि सब ॥

જમ્યા પછી સંતોને તો આનંદ થયો. પરંતુ જે મુક્તોનાં મંડળ જમ્યા તે તો જમીને છકી ગયા. ૧૦૮. શ્રીહરિને દાસભાવે ભજનારા કોઈ સંત લેતા નહિ અને એમ બોલતા, 'હે અવિનાશી ! હવે અમારા પેટમાં કાંઈ સમાતું નથી.' ત્યારે પ્રવીણ એવા શ્રીહરિએ પોતાના હાથ ધોયા અને આવીને પલંગ ઉપર બેઠા. ૧૦૯. તે વખતે હરિભક્તો આવી અને પગચંપી કરવા લાગ્યા. કારણ કે શ્રીહરિ પંગતમાં ફરીને અતિશય થાકી ગયા હતા. બધા ધીર મુનિઓ ચળુ કરી, જળપાન કરી તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યા, તેમજ વીર વર્ણીઓ પણ જમીને તત્કાળ આવ્યા. ૧૧૦.

વર્ણી, સંતો અને હરિભક્તો જે હતા તેની ઘણી મોટી સભા શ્રીહરિની પાસે થઈ. સુખકારી શ્રીહરિ જ્યારે સભામાં બેઠા ત્યારે તારા મંડળમાં બેઠેલા ચંદ્રમાની જેમ સોહામણા લાગતા હતા. ૧૧૧. પછી સંતો ભેળા મળીને વિષ્ણુપદ ગાવા લાગ્યા અને હાથથી અત્યંત તાળીઓ પાડવા લાગ્યા. તે સમયે ધોલેરાના બધા હરિભક્તો અને દરબાર પૂંજાભાઈ પ્રસન્ન મનથી પૂજા લઈને આવ્યા. ૧૧૨. અક્ષરપતિ અવિનાશી શ્રીહરિની અતિશય હરખથી પૂજા કરવા માટે ધોલેરા બંદરના

धवल बंदरके दास, बिविधी भाँति उपचार ग्रही ॥११३॥
अपनो अपनो भाव, तेही प्रमान भिन्न भिन्न सब ॥
आनी परम उछाव, ठारे भरी भरी थार जन ॥११४॥

दोहा : प्रथम पूजाजी करन लगे, पूजा हरिकर आई ॥
धर्मकुंवरके अंग सुं, श्वेत बसन उतराई ॥११५॥
सरस मलय मंहि मृगमद, काश्मीर भरे कटोर ॥
पूजत प्रभुका बिलोकत, प्रेमानंद चकोर ॥११६॥

इति श्रीसहजांनदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते धवलनग्रे लीला बरनन नामा त्रिपंचाशत्तमोऽध्याय: ।।५३।।



બધા હરિભક્તો આવ્યા. તે સહુએ વિવિધ પ્રકારના ઉપચારો હાથમાં લીધા હતા. ૧૧૩. હરિભક્તોમાં સહુને પોતાને જેવો ભાવ હતો, તે પ્રમાણે અલગ અલગ થાળમાં પૂજાનો સામાન ભરીને ભક્તજનો ઘણા ઉત્સાહથી આવ્યા હતા. ૧૧૪.

સહુ પહેલા દરબાર પૂંજાભાઈ ધર્મકુંવર શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ત્યારે તેમણે આવીને શ્રીહરિના અંગ ઉપરથી બધાં શ્વેત વસ્ત્ર ઉતરાવી દીધાં. ૧૧૫. તેમણે સરસ મલયાગર ચંદનમાં કસ્તૂરી અને કુંકુમ મેળવેલા હતા, તેનો કટોરો ભર્યો હતો. તેનાથી **જ્યારે સર્વેશ્વર શ્રીહરિને પૂજવા લાગ્યા ત્યારે પ્રેમાનંદ સ્વામી કહે છે કે હું ચકોરની માફક દર્શન કરતો હતો.** ૧૧૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ધોલેરાપુરમાં શ્રીહરિએ કરેલી લીલાનું વર્ણન કહ્યું' એ નામે ત્રેપનમો અધ્યાય-૫૩



अध्याय - ५४

दोहा : परम एकांतिक नाथकर, पूंजाभाई वर भूप ॥
करन लगे महाराजकी, पूजा परम अनूप ॥०१॥
प्रथम ललाटे लेप करी, केसर चंदन च्यारु ॥
निर्खत बदन निहोरीके, भक्त सो अभय उदारु ॥०२॥
सोरठा : काष्मिर चंद्रक लाल, कीन भाल बिच ललित तर ॥
उभय भूजा विशाल, करी लेपन शुभ मलय वर ॥०३॥
हृदय रु उदार अनुप, चर्ची प्रष्ट निजनाथ कर ॥
दे बिंदा सुखरूप, ललित लाल काश्मिर कर ॥०४॥
चोपाई :
चर्ची उरु वर जंघा जोरी, निर्खत मुदित ज्युं चंद चकोरी ॥

અધ્યાય - ૫૪

ધોલેરામાં ભક્તજનોએ શ્રીહરિનું કરેલું પૂજન

ધોલેરાના દરબાર પૂંજાભાઈ નાથ શ્રીહરિના ઘણા સારા પરમ એકાંતિક ભક્ત હતા. તેઓ શ્રીહરિની પરમ અનુપમ પૂજા કરવા લાગ્યા. ૧. પહેલા લલાટમાં કેસરયુક્ત ચંદનનો સરસ લેપ કર્યો અને તે નિર્ભય અને ઉદાર ભક્ત દરબાર પૂંજાભાઈ ખૂબ ધ્યાનથી મુખારવિંદને જોવા લાગ્યા. ૨. તે પછી તેમણે લલાટમાં સુંદર કુંકુમનો લાલ ચાંદલો કર્યો. બંને વિશાળ ભુજાઓના ઉપર પણ શુભ ચંદનનો લેપ કર્યો. ૩.

તે પછી શ્રીહરિના ઉદાર અને અનુપમ હૃદય ઉપર પણ ચંદન ચર્ચ્યું અને પીઠ ઉપર પણ પોતાના નાથને ચંદન ચર્ચ્યું. પછી લાલ કુંકુમના બીજા પણ ચાંદલાઓ કર્યા. ૪. બંને સાથળ અને બંને પીંડીઓ ઉપર પણ ચંદન ચર્ચ્યું. પછી પ્રસન્ન મનથી ચકોર જેમ ચંદ્રને દેખે તેમ દર્શન કરવા લાગ્યા. તે પછી પહોંચા, ચરણના તળ એના ઉપર પણ સુંદર ચંદન ચર્ચીને સુકોમળ સુંદર ચરણને જોવા લાગ્યા. ૫.

चरन प्रष्ट तल चरचि च्यारु, निर्खत ललित चरन सकुमारु ॥०५॥

घृत दिपक अगरुकर धूपा, कीन प्रदिप्त सुं परम अनूपा ॥
लाये सरस सुगंधी हारा, गजरा बाज्युं शेखर सारा ॥०६॥

बकुल मल्लिका मालती जाती, केतकी कुंद चंपक बहु भाती ॥
स्थल कमल चमेली च्यारु, गुलदावदी गुलछबादि दारु ॥०७॥

ईन ही आदि सुगंधी हारा, लाये बहु बिधि अपरमपारा ॥
फुलनकर शिर सेहरा धारा, पहिराये उर बहुबिधि हारा ॥०८॥

गजरा बाज्यु कलंगी तोरा, धराई निर्खत चंद ज्युं चकोरा ॥
भये गरकाव फूल महीं प्यारे, आय मधुप गन करत गुंजारे ॥०९॥

धरे बिविधि बिधी मेवा आगे, श्रीफल आदि करी अनुरागे ॥
निर्खि सुमन छबी नाथकी दासा, मिटी सकल जन दृगकी प्यासा ॥१०॥

ઘીનો દીવો પ્રગટાવ્યો અને અગરુ ચંદનનો પરમ અનુપમ ધૂપ કર્યો. પછી જે સારા સુગંધી હાર લાવ્યા હતા, તે પહેરાવ્યા. સરસ ગજરા, બાજુબંધ અને તોરા પણ ધરાવ્યા. ૬. બોરસલી, માલતી, મલ્લિકા, જૂઈ, કેતકી, મોગરો તથા ચંપો વગેરે બહુ જાતના ફૂલ તેમજ ગુલાબ, ચમેલી, ગુલદાવદી, ગુલછડી ઇત્યાદિક ફૂલના સુગંધી હાર ઘણી જાતના અપરંપાર લાવ્યા હતા. અને ફૂલોનો જ મસ્તક ઉપર મૂકવાનો સેહરો ધરાવ્યો હતો. તેમજ છાતી ઉપર ઘણી જાતના હાર પહેરાવ્યા. ૭-૮. ગજરા, બાજુ, કલગી અને તોરા આદિક ફૂલના ધરાવીને ચકોર જેમ ચંદ્રને જૂએ તેમ શ્રીહરિનાં દર્શન કરતા હતા. પ્યારા શ્રીહરિ ફૂલોમાં ગરકાવ થયા હતા ત્યારે ભમરાઓનો સમુદાય આવી ત્યાં ગુંજારવ કરતો હતો. ૯.

વળી શ્રીહરિની આગળ શ્રીફળ આદિક જાત જાતના મેવાઓ પ્રેમથી મૂક્યા હતા. આવી ફૂલથી ભરપૂર શ્રીહરિની છબીનાં દર્શન કરીને બધા જ ભક્તજનોની આંખોની પ્યાસ ટળી ગઈ હતી. ૧૦.

यह छबी सहित मूर्ति उर राखी, मगन रहत मुनि ज्युं मधुमाखी ॥
पुनि लाये पट भुषन च्यारु, नृप पूंजाजी परम उदारु ॥११॥
कनक बसन पुनि भूषन भारी, सुमन पोषाग सो दिन उतारी ॥
पूंजाजीका हरि हित लाई, नेह सहित नीज नाथ बुलाई ॥१२॥
किंनखाप कर वर सुरवाला, पहिरावा करी हर्ख बिशाला ॥
बांधी कसी वर रेशम नारी, सुरवाल मंहि लगत हे प्यारी ॥१३॥
कंचन मंदिल शिर पर धारा, निर्खि निर्खि भये जन मतवारा ॥
पहिरा बागा अंग अनूपा, किंनखापकर वर सुखरूपा ॥१४॥
दोहा : कनक दुपटा अंग पर, ओढावा करी प्रीत ॥
सुंदर नक्तक हेमकर, दे कर मंहि ललित ॥१५॥
ऊतरी अति हि अनुप उर, पहिराई करी प्यार ॥

આવી શ્રીહરિની છબીને દિલમાં ધારીને મોટા મુનિઓ પણ મધમાખી મધના પૂડામાં જેમ મગ્ન રહે તેમ મગ્ન રહેતા હતા. તે પછી પરમ ઉદાર સ્વભાવના દરબાર પૂંજાભાઈ ઘણા સારાં વસ્ત્ર અને અલંકાર લાવ્યા. ૧૧. સોનેરી વસ્ત્ર અને ભારે ઘરેણાં હતા, તે લાવ્યા ત્યારે ફૂલનો બધો પોષાક ઉતારી લીધો. તે સમયે સર્વ નિયંતા શ્રીહરિએ દરબાર પૂંજાભાઈને ઘણા સ્નેહથી બોલાવ્યા. ૧૨. ઘણા હરખથી પૂંજાભાઈએ કીનખાપનો સુરવાળ પહેરાવ્યો. જે સુરવાળમાં ઘણી સરસ લાગે એવી રેશમી નાડી કસીને બાંધી. ૧૩. પછી સોનેરી એક મંડિલ મસ્તક ઉપર ધારણ કરાવ્યું. જેને જોઈ જોઈને ભક્તજનો મતવાલા થઈ જતા હતા. તે પછી શરીર ઉપર અનુપમ અને સુખરૂપ કીનખાબના વાઘા પહેરાવ્યા. ૧૪. પછી ઘણા હેતથી સોનેરી દૂપટો અંગ ઉપર ઓઢાડ્યો. વળી હાથમાં સુંદર શોભતો સોનેરી રૂમાલ આપ્યો. ૧૫.

વળી એક અતિશય અનુપમ ઊતરી ઘણા પ્યારથી છાતી ઉપર પહેરાવી. તેમજ અતિશય અમૂલ્ય સોનાના કંકણ કાંડાં ઉપર પહેરાવ્યા

अति अमुल्यकर कंकन, गज मोतीनकर हार ॥१६॥

सोरठा : बाज्यु सरस बनाई, नंग जटित बऊ भांति कर ॥
दशहि अंगुरी मांई, बेढ बींटी नंग जटित वर ॥१७॥
कनक मेखला सार, बांधि कटितट लसत शुभ ॥
श्रीहरि शोभे अपार, मूर्ति मनहर उर वसी ॥१८॥

चोपाई :
ललित चरन मंहि लंगर सोहे, मनिमय तोरा मुनि मन मोहे ॥
नखशिख शोभा बनी अनूपा, मोयो मनोज लिखी वररूपा ॥१९॥
पट भुषन ले पुष्पन हारा, पूजे बंधु दोउं धर्म कुमारा ॥
वर चंदन ले पुष्पन माला, पूजे बर्नि संत मराला ॥२०॥
उभय बंधुका अति हितकारी, पगिया लाल कुसुमल भारी ॥

અને ગજમોતીનો એક સરસ હાર કંઠમાં પહેરાવ્યો. ૧૬. વળી નંગજડિત ઘણી જાતના સરસ બાજુ બનાવીને પહેરાવ્યા અને દસેય આંગળીઓમાં નંગજડિત શ્રેષ્ઠ વેઢ અને વીંટીઓ પહેરાવી. ૧૭. પછી એક સારામાં સારો સુશોભિત શુભ સોનાનો કંદોરો કમર ઉપર બાંધ્યો. તેથી શ્રીહરિની મનોહર મૂર્તિ ઉરમાં વસી જાય એવી સુંદર શોભતી હતી. ૧૮. ચરણમાં સુંદર તોડા અને મણિમય સાંકળાં શોભી રહ્યા હતા. તે મુનિઓનાં મનને મોહ ઊપજાવતા હતા. શ્રીહરિનાં સ્વરૂપની નખશિખ શોભા અનુપમ બની હતી. તે જોઈને ઘણો રૂપાળો કામદેવ પણ મોહ પામતો હતો. ૧૯.

પછીથી પૂંજાભાઈએ ધર્મના પુત્ર અને શ્રીહરિના મોટા તથા નાના ભાઈ રામપ્રતાપજી અને ઈચ્છારામજી, બંનેની વસ્ત્ર, ઘરેણાં તથા ફૂલના હારથી પૂજા કરી. પછી સારું ચંદન અને ફૂલના હાર લઈને વર્ણી તથા પરમહંસ સંતોને પૂજ્યા. ૨૦. શ્રીહરિના બંને ભાઈઓને હેત થાય એવી લાલ કૌસુંબી સુંદર ભારે પાઘ બંધાવી અને સોનેરી લાલ દુપટો તથા શાલ જોટો લઈને સરસ ઓઢાડ્યો. ૨૧. આ રીતે સદ્ગુણનાં ધામ

लाल दुपटा कनकमय लाई, शाल जोरी ले सरस ओढाई ॥२१॥

यह बिधि पूजे द्विज गुन धामा, रामप्रताप रु ईछारामा ॥
बर्नि संतका सरस मगाई, प्रछद पटिका धोती ओढाई ॥२२॥

पुरबासी हरिजन सन आये, बिविधी भाँति पूजा सब लाये ॥
चंदन खोरी करत हे भाले, करत लेप उर भूजा विशाले ॥२३॥

दे बीच कुमकुम बिंदा च्यारु, सोहत सुंदर धर्मकुमारु ॥
पहिरावत बन सुतकर हारा, बांधत भुज अंगद करी प्यारा ॥२४॥

गजरा सुंदर सरस पहिराई, निर्खत नाथ छबी प्रीत लगाई ॥
बिविधि प्रकार धरे फल आगे, भेट धरी धरी पायन लागे ॥२५॥

तज एला जावंत्री जांती, लोंग पुगि आदिक बहु भांति ॥
लायेउ हरिजन बस्त्र नबीना, बिविधि भांतिकर परम प्रबीना ॥२६॥

જેવા વિપ્ર રામપ્રતાપજી તથા ઈચ્છારામની પૂજા કરી. વર્ણી અને સંતોને માટે સારી ઓઢવાની કંથા અને ધોતિયા આપ્યા. ૨૨.

વળી ધોલેરા શહેરના બીજા બધા હરિભક્તો પણ ત્યાં આવ્યા અને સહુ વિવિધ પ્રકારની પૂજા લાવ્યા. લલાટમાં ચંદનનો લેપ કરતા અને ભુજાઓ તથા વિશાળ છાતી ઉપર લેપ કરતા હતા. ૨૩. તે ચંદનના લેપની વચ્ચે સુંદર કુંકુમના ચાંદલા કરતા હતા, તેનાથી ધર્મકુમાર શ્રીહરિ સુંદર સોહામણા લાગતા હતા. વનસુતના હાર પહેરાવતા અને ઘણા પ્યારથી ભુજાઓ પર બાજુબંધ બાંધતા હતા. ૨૪. સારા સુંદર ગજરા પહેરાવીને પ્રેમથી નાથ શ્રીહરિની છબીને દેખતા હતા.

તે જ રીતે વિવિધ પ્રકારના ફળ આગળ ધરતા અને ભેટ મૂકી મૂકીને પગે લાગતા હતા. ૨૫. પરમ પ્રવીણ હરિભક્તો તજ, એલાયચી, જાવંત્રી, જાયફળ, લવીંગ, સોપારી ઈત્યાદિક ઘણી જાતના તેજ મસાલાને લાવતા હતા. ૨૬. કોઈ હરિભક્ત સારા શાલ દુશાલા લાવતા હતા અને કોઈ શુદ્ધ હીરના વિચિત્ર રૂમાલ લાવતા હતા. તે

कोउ लाये वर शाल दुशाला, चित्र बिचित्र हीर रूमाला ॥
रंजीत नाना रंगबीरंगा, कोउ बिलाति कोउ देशी रंगा ॥२७॥

यह प्रकार जन लाये अनंता, गिनत पार कोउ लहे न अंता ॥
सब हरिजन मिली पूजा कीना, सुफल मनोर्थ सब करी लीना ॥२८॥

सोरठा : नृपति पूंजाभाई, हरिजन मीलीके नगरकर ॥
घृत कपुर प्रगटाई, करत नीराजन हर्खजुत ॥२९॥

करत धूनी करताल, बाजत बाजा बिविधि बिधी ॥
जय जय रव वृद्ध बाल, बोलत नर त्रिया मिली सकल ॥३०॥

दोहा : परे पाय करी दंडवत, करी बिनय कर जोरी ॥
पुलकी बदन घनशामको, चितवत चंद ज्युं चकोरी ॥३१॥

બધા વસ્ત્ર વગેરે અનેક પ્રકારનાં રંગબેરંગી હતા. તેમાં કેટલાક તો વિલાયતી રંગના હતા અને કેટલાક તો દેશી રંગના હતા. ૨૭. આ રીતે ભક્તજનો અનંત પ્રકારની ભેટ લાવતા હતા. જેનો ગણે કોઈ પાર લઈ શકતા નહિ.

આ રીતે સહુ હરિભક્તોએ મળીને શ્રીહરિની પૂજા કરી અને સહુએ પોતાના મનોરથ પૂરા કરી લીધા. ૨૮. દરબાર પૂંજાભાઈ અને ધોલેરાના બીજા બધા હરિભક્તો, સહુએ મળીને ઘી તથા કપૂર પ્રગટાવીને ઘણા હરખથી આરતી કરી. ૨૯. હાથની તાળીઓ પાડીને સહુ ધૂન કરતા હતા. જાત જાતના વાજિંત્ર વાગતા હતા અને વૃદ્ધોથી લઈને બાળકો સુધી બધા જ નરનારીઓ સહુ મળીને ‘જય જય...જય જય...’ એવો શબ્દ કરતા હતા. ૩૦.

સહુ દંડવત્ કરી પગમાં પડ્યા. પછી બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. જેમ ચંદ્રને ચકોર દેખે તે રીતે આનંદિત થઈને ઘનશ્યામ શ્રીહરિનાં મુખારવિંદને સહુ દેખી રહ્યા હતા. ૩૧.

धवलनग्रके भक्त पर, प्रसन्न भये भगवान ॥
प्रेमानंद कहे दिन उर, नलिन चरनकर दान ॥३२॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते धवलपुरे भक्तजनै कृत श्रीहरि पूजनल्लिला बरनन नामा चतु:पंचाशत्तमोऽध्याय: ।।५४।।



अध्याय - ५५

दोहा : प्रनत पाल निज भक्तकर, याँ सुँ भये तैयार ॥
चले नाथ जनवृंद जुत, गाम गांफ किर्तार ॥०१॥
उतरी सरिता भाद्रवती, गये गाम गांफ गोविंद ॥
सुना आगम हरि सुरकर, बिकसे जन अरबिंद ॥०२॥

આ રીતે ધોલેરા નગરના બધા ભક્તો ઉપર શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે પછી શ્રીહરિએ સહુની છાતી ઉપર પોતાના ચરણકમળ ચાંપ્યા. ૩૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ધોલેરામાં ભક્તજનોએ શ્રીહરિનું કરેલું પૂજન કર્યું' એ નામે ચોપનમો અધ્યાય સમાપ્ત-૫૪



અધ્યાય - ૫૫

શ્રીહરિની પચ્છમમાં લીલા તથા કમિયાળામાં આગમન

શરણાગત પોતાના ભક્તોનું પાલન કરનાર સર્વ કર્તા ભગવાન શ્રીહરિ ધોલેરાથી ચાલવા માટે તૈયાર થયા અને ભક્તજનોના સંઘ સાથે નીકળીને **ગાંફ** ગામ તરફ ચાલ્યા. ૧. પ્રભુ ગોવિંદ ભાદર નદી ઊતરીને **ગાંફ** ગામ ગયા. શ્રીહરિરૂપી સૂર્ય પધારે છે તેમ સાંભળીને ભક્તજનરૂપી કમળ ખીલી ગયા. ૨. શ્રીહરિના સમાચાર સાંભળીને

सोरठा : सुनी सबही उठी धाय, नरनारी हरिभक्त जन ॥
बिप्र बस्ता द्विजराय, जगा उद्धव हरजी सुजन ॥०३॥
पूंजा शामा रु नाथ, ईन आदिक द्विजवर सुभग ॥
नृपति सरस समराथ, अजुभाई हठीभाई हरि ॥०४॥

चोपाई :
करशीकर भक्त परम सुजाना, कुंनबी भक्त जानो बुधिवाना ॥
हरजी लवजी रनछोरदासा, सोनी हेमजी रटत अविनासा ॥०५॥
भक्त माव हे चारन एका, प्रभुपद प्रेम अचल दृढ टेका ॥
ईन आदिक जन बाई भाई, सुनि खबर सब आये धाई ॥०६॥
निर्खि नाथ छबी भये आनंदा, ज्युं चकोर लिखि पूरन चंदा ॥
करी प्रनाम जोरी जुग हाथा, ले आये पुरमें निज नाथा ॥०७॥

ગામના બધા હરિભક્ત નરનારીઓ ઊભા થઈને દોડ્યા. વિપ્ર વસ્તા રાવળ, જગાભાઈ, ઉદ્ધવ અને સારા ભક્ત હરજીભાઈ, પૂંજાભાઈ, શામજીભાઈ અને નાથાભાઈ, આ બધા સારા દ્વિજવરો હતા. વળી ઘણા સારા સમર્થ દરબારમાં અજુભાઈ, હઠીભાઈ, હરિસિંહ અને ખેતી કરનારા ઘણા સુજ્ઞ હરિભક્તો હતા. તે રીતે જ બુદ્ધિમાન હરજી, લવજી, રણછોડદાસ વગેરે કણબી હરિભક્ત પણ હતા. હેમજીભાઈ કરીને સોની હતા. **આ બધા જ ભક્તો અવિનાશી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં નામનું સતત રટણ કરતા હતા.** ૩-૫. તે સિવાય ગાંફમાં માવા ભક્ત નામના ચારણ હતા. જેને શ્રીહરિના ચરણોમાં પ્રેમ અને અચળ દૃઢ ટેક હતી. એ બાઈ ભાઈ બધા હરિભક્તો શ્રીહરિની ખબર સાંભળીને ત્યાં દોડી આવ્યા. ૬.

નાથ શ્રીહરિની છબી જોઈને જેમ ચંદ્રને જોઈને ચકોરને થાય તે રીતનો સહુને આનંદ થયો. બે હાથ જોડી પ્રણામ કરીને સહુ પોતાના નાથ શ્રીહરિને ગામમાં લઈ આવ્યા. ૭. સહુને સ્વચ્છ ઉતારાઓ આપ્યા

दीना सबको स्वच्छ निवासा, उतरे संत सहित हरिदासा ॥
हरिको उतराये हर्खाई, परम पुनित एक मंदिर मांई ॥०८॥
अश्वारनकुं सरस निकेता, दीना हरिजन हर्ख समेता ॥
अश्वनको अन्न तृन जल पोषा, पाये सबही परम संतोषा ॥०९॥
किंनी हरिजन सिघ्र तैयारी, रसवति कर सामग्री भारी ॥
जाई कहा प्रभु सुं शिरनाई, कहो संतको नाथ बोलाई ॥१०॥
रसवति करन प्रभु ततकाला, क्षुधातुर भये भक्त मराला ॥
कहा बोलाईके बर्नि संता, करो रसोई कहत भगवंता ॥११॥
बर्नि संत जाई पाक बनावा, घृत प्रच्युर मोदक मनभावा ॥
पांडे ईच्छाराम रसोई, उठे करन झटति मुद होई ॥१२॥
बैठे प्रभु करी सभा समाज्युं, आवा सचिव सहित नृप राज्युं ॥

અને તેમાં સંતોએ સહિત બધા હરિભક્તો ઊતર્યા. શ્રીહરિને તો ઘણા હરખથી એક પવિત્ર મંદિરમાં ઊતાર્યા. ૮. હરિભક્તોએ ઘોડેસવાર હરિભક્તોને પણ ઘણા હરખથી સારાં ભવનમાં ઉતારો આપ્યો. ઘોડાઓ માટે પણ ઘાસ, ચંદી અને પાણી ખોરાક માટે આપ્યા. તેથી સહુને ઘણો સંતોષ થયો. ૯. તે સમયે સહુ હરિભક્તોએ તત્કાળ જ રસોઈ માટેની ઘણી સામગ્રી તૈયાર કરી. સહુએ શ્રીહરિની પાસે જઈ, મસ્તક નમાવીને કહ્યું, ‘મહારાજ ! સંતોને રસોઈ કરવા માટે બોલાવો.’ ૧૦. પછી ભગવાન શ્રીહરિએ તત્કાળ જ રસોઈ કરવા માટે વર્ણી તથા સંતોને બોલાવીને કહ્યું, ‘બધા હરિભક્તો અને સંતો ભૂખ્યા થયા છે. માટે હવે તરત રસોઈ કરો.’ ૧૧.

પછી વર્ણી તથા સંતોએ જઈને રસોઈ બનાવી. તેમાં પુષ્કળ ઘી નાંખીને મનભાવ્યા લાડુ બનાવ્યા. બીજી બાજુ પાંડે ઈચ્છારામજી પણ મનમાં રાજી થઈને રસોઈ બનાવવા માટે ઊભા થયા. ૧૨. તે વખતે શ્રીહરિ સારી સભા મધ્યે બેઠા અને પછી ત્યાં પોતાના મંત્રીએ સહિત

निज सुत सहित परा प्रभु पाई, नाम मनुभा वर जन राई ॥१३॥
करत बिनय नृप अमृत बानी, करुना किंन नाथ दीन जानी ॥
भले पधारे भव भयहारी, सुफल भये निर्खि नरनारी ॥१४॥
दोहा : रहउ नाथ दिन च्यार लूं, लेउ रसोई हमारी ॥
अस बानी सनी भूपकी, मुदित भये भयहारी ॥१५॥
कहत नाथ सुनो नृपति वर, तुमसे सदमति जेही ॥
जानत सार असारकुं, ग्रहत सार शुभ तेही ॥१६॥
सोरठा : हंस रु बक समाना, देखत मंहि कछु भेद नई ॥
क्षीर नीर पहिचान, करत हंस जब बकहुं बक ॥१७॥
मनी काच द्युती एक, काच किरन तनी अधिक तर ॥

ગાંફના રાજા આવ્યા. તે મનુભા નામે ગાંફના રાજા પોતાના પુત્ર સહિત આવ્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૧૩. રાજાએ વિનયભરી વાણીથી સ્તુતિ કરતા કહ્યું, 'હે નાથ ! અમને દીન જાણીને આપે ઘણી કરુણા કરી છે. સંસારના ભયને હરનારા એવા આપ અહીં પધાર્યા, ઘણું સારું થયું છે. બધા નર નારીઓ આપનાં દર્શન કરીને સુફળ થયા છે. ૧૪. હે નાથ ! અહીંયા ચાર દિવસ સુધી રોકાઓ અને અમારી સહુની રસોઈ લો.' આ રીતે મનુભા રાજાની વાણી સાંભળીને ભયહારી શ્રીહરિ ખુશી થયા. ૧૫.

❁ અસાર છોડી લે સાર, તે સહેજે ઊતરે ભવપાર :

પછી શ્રીહરિએ કહ્યું, 'હે રાજન્ ! મારી વાત સાંભળો. **જે મનુષ્યમાં સદ્બુદ્ધિ હોય છે તે સાર તથા અસાર બંને વસ્તુને જાણે છે અને તેમાંથી શુભ અને સારને ગ્રહણ કરે છે અને અસારનો ત્યાગ કરે છે.** ૧૬. હંસ અને બગલો દેખાવમાં સમાન જણાય છે. કોઈ ભેદ હોતો નથી. તેમાં હંસ છે તે દૂધ અને પાણીના ભેદને જાણે છે, જ્યારે બગલો તો તેવો ને તેવો જ રહે છે, તે કાંઈ વિવેક કરી શકતો નથી. ૧૭. મણિ

बिक्रय समे बिवेक, काच तो काच रु मनी सो मनी ॥१८॥

चोपाई :

अस बिवेकी तुम तो नृप धीरा, चिह्नत संत असंत अमीरा ॥
नाथ बचन सुनी मंगल मूला, भया भूप शरने तजी सूला ॥१९॥
परि पाय नृप गये निजधामा, भई रसोई सब करी अभिरामा ॥
कहा आई बर्नि शिर नाई, भई रसोई सुंदर सुखदाई ॥२०॥
नाथ पधारिये जेवन काजा, सबका आग्या देउ महाराजा ॥
बर्नि संतकी भई रसोई, कहउ करे पंक्ति मुद होई ॥२१॥
संतको आज्ञा देई दयाला, जेवन पधारे जन प्रतिपाला ॥
कनक पिठ पर कींन स्नाना, अंग अंगोछी रूप निधाना ॥२२॥

અને કાચ, બેય સરખી રીતે ચમકતા હોય છે. કદાચ કાચની કિરણ થોડી વધારે પણ હોય, પણ વેચતી વખતે કાચ અને મણિનો વિવેક થઈ જાય છે. પરીક્ષા થાય છે ત્યારે કાચ તો કાચ જ રહે છે અને મણિ તે મણિ જ જણાય છે. ૧૮. પણ તમે એવા ધીર રાજા છો કે બધા વિવેકને જાણો છો. તમે એવા અમીર છો કે સંત અને અસંતને ઓળખો છો.' શ્રીહરિના મંગળ મૂળરૂપ આવાં વચનને સાંભળીને રાજા મનુભા બીજી બધી ઉપાધિઓનો ત્યાગ કરીને શ્રીહરિને શરણે થયા. ૧૯. રાજા પગે લાગી પોતાના દરબારમાં ગયા.

❁ ગાંફમાં શ્રીહરિ તથા સંતોની ભોજનલીલા :

અને આ બાજુ બધી રસોઈ ઘણી સુંદર થઈ. ત્યારે વર્ણીએ આવી મસ્તક નમાવીને કહ્યું કે 'હે સુખદાયક શ્રીહરિ ! સુંદર રસોઈ તૈયાર થઈ છે. ૨૦. તો હે નાથ ! મહારાજ ! આપ જમવા પધારો અને સહુને જમવા માટેની આજ્ઞા આપો. વર્ણી અને સંતોની પણ રસોઈ તૈયાર થઈ ગઈ છે. તો તેમને પણ કહો કે પ્રસન્ન મનથી પંક્તિની તૈયારી કરે.' ૨૧. દયાળુ શ્રીહરિએ સંતોને પંગત કરવાની આજ્ઞા કરી અને પછી જનપ્રતિપાલક

पहीरी पितांबर वर धोति, अखियाँ अटकी रही छबी जोती ॥
बैठे जेवन जग उजीयारे, अक्षरपति नेनके तारे ॥२३॥

कंचन थार परोसी आना, रामप्रतापजी परम सुजाना ॥
खटरस च्यार पका सुधारी, सरस बनी भाजी तर्कारी ॥२४॥

प्रथम जेंयत दूधपाक रु पूरी, हरत अमंगल मंगल मूरी ॥
बरा बासुंदी बिरंज हरिसा, जेंवत जलेबी सकल नरेसा ॥२५॥

मोतीचूर आदिक पकवाना, जेंवत जीवन करत बखाना ॥
किंचीत् किंचीत् सबही चाखा, पूरन किंन जन मन अभिलाखा ॥२६॥

सरस बनी सुंदर तर्कारी, रुचि रुचि जेवत कृष्ण मुरारी ॥
जेंयत बरा कचोरी च्यारु, द्विदला ओदन अभय उदारु ॥२७॥

दधि मिश्री मंहि भात मिलाई, जेंवत प्रीत करी सुखदाई ॥

પોતે જમવા પધાર્યા. સોનાના બાજોઠ પર બેસીને રૂપનિધિ શ્રીહરિએ સ્નાન કર્યું અને પોતાનાં શરીરને રૂમાલથી કોરું કર્યું. ૨૨. સુંદર સારી પીતાંબર ધોતી પહેરી. તેની છબીને જોતા ભક્તજનોની આંખો તેમાં અટકી જતી હતી. સર્વ જગતમાં ઉજ્જ્વળ આવા અક્ષરાધિપતિ શ્રીહરિ જમવા બેઠા કે જે ભક્તજનોની આંખના તારા ગણાતા હતા. ૨૩.

તે સમયે પરમ સુજાણ રામપ્રતાપજીભાઈ સોનાનો થાળ પીરસીને લાવ્યા. છ રસથી ભર્યા ચાર પ્રકારનાં ભોજન સારી રીતે કર્યા હતા અને ભાજી તરકારી પણ સરસ થઈ હતી. ૨૪. સર્વમંગળના મૂળરૂપ અને અમંગળને હરનારા એવા શ્રીહરિએ પહેલા દૂધપાક અને પૂરી જમવા માટે લીધા. વડા, બાસુંદી, બીરંજ અને હરીસો જમવા લીધા. અને સહુથી શ્રેષ્ઠ જલેબી પણ લીધી. ૨૫. મોતીચૂર આદિક પકવાનોને જમતા જમતા સહુના જીવનરૂપ શ્રીહરિ તેના વખાણ કરતા હતા. દરેક વસ્તુમાંથી થોડી થોડી કાંઈને કાંઈ લઈ ચાખી ભક્તજનોના મનની અભિલાષાને પૂરી કરી. ૨૬. શાકભાજી ઘણા સુંદર થયા હતા. તેને પ્રભુ કૃષ્ણમોરારિ પોતાની રુચિ પ્રમાણે જમતા હતા. વડા, સુંદર કચોરી,

जेंये धर्मसुत बहुत अघाई, अचवन किंन नाथ मुदपाई ॥२८॥

दोहा : ले बिरा मुखवास प्रभु, बेठे पलंग पर जाई ॥
बर्नि संत सब जेईके, आये परम पुलकाई ॥२९॥
आये द्विजवर जेईके, पांडे परम सुजान ॥
रामप्रताप ईच्छारामजी, बंधु उभय गुनवान ॥३०॥

सोरठा : आये हरिजन वृंद, ले पूजा उपचार शुभ ॥
पूजन लगे सुखकंद, चंदन पुष्प धूप दीपकर ॥३१॥
केशर चंदन च्यारुं, चरचि भाल मंहि भक्तजन ॥
करी चंद्रक छबीदारु, सरस अरुन काष्मिरकर ॥३२॥

चोपाई :
सुमन हार सुंदर पहिरावा, कंकद अंगद भुज मंहि लावा ॥

દાળ અને ભાતને ઉદાર સ્વભાવના નિર્ભય એવા પ્રભુ જમ્યા. ૨૭. સુખદાયક ધર્મપુત્ર શ્રીહરિ ભાતમાં દહીં તથા સાકર નાખીને ઘણા પ્રેમથી જમ્યા. આ રીતે ખૂબ તૃપ્ત થયા ત્યારે નાથ શ્રીહરિએ પ્રસન્નતાથી ચળું કરી જળપાન કર્યું. ૨૮. પ્રભુ શ્રીહરિ મુખવાસમાં પાનબીડું લઈ પલંગ ઉપર જઈને બેઠા. તે વખતે ત્યાં વર્ણી તથા બધા સંતો ખૂબ આનંદથી જમીને આવ્યા. ૨૯. વળી, ઘણા સુજ્ઞ અને ગુણવાન દ્વિજવર પાંડે રામપ્રતાપજી તથા ઈચ્છારામજી બંને ભાઈ જમીને આવ્યા. ૩૦.

તે સમયે બધા જ હરિભક્તો પૂજાનો શુભ ઉપચાર લઈને આવ્યા. પછી તેઓ સર્વસુખનાં મૂળરૂપ શ્રીહરિને ચંદન, પુષ્પ, ધૂપ, દીપ વગેરેથી પૂજવા લાગ્યા. ૩૧. તેમાં ભક્તોએ પહેલા સુંદર કેસરયુક્ત ચંદન લલાટમાં ચર્ચ્યું. પછી સરસ લાલ કુંકુમથી સુશોભિત ચાંદલો કર્યો. ૩૨. પછી સુંદર ફૂલના હાર પહેરાવ્યા. કાંડામાં કંકણ અને ભુજા ઉપર બાજુબંધ ધરાવ્યા. બધા હરિભક્તો શ્વેત પોશાક લાવ્યા હતા. તેમાં નેનક્લોક(એક જાતનું સુતરાઉ કાપડ) અને સરસ મલમલનું કાપડ હતું. ૩૩. સુરવાળ, જામો, પાઘ અને દુપટાવાળું સ્વરૂપ હંમેશાં અમારી દૃષ્ટિ

श्वेत पोषाग लाये सब दासा, नेनकलाक रु मलमल खासा ॥३३॥
सुरवाल जामा पुनि पगिया, ओढी दुपटा रहो दृग अगिया ॥
पूजा करी शुभ आरती वारी, करत धूनी बजाई करतारी ॥३४॥
आरती करी परेउ जन पाई, जोरी पानी उर हर्ख न मांई ॥
करत बिनय बोली मृदु बानी, परम पुरुष जय रूप निधानी ॥३५॥
चले करुनानिधि करी तैयारी, आये गाम पश्चिम सुखकारी ॥
सब हरिजन मिली सनमुख आये, नाथ निर्खि अति आनंद पाये ॥३६॥
भुसुर भक्त पश्चिमके वासी, नाथ रुप दर्शनके प्यासी ॥
पितांमर उद्धव हरिभाई, पुरुषोत्तम नाना द्विजराई ॥३७॥
जेठो जादवजी प्रभु रामा, मेघजी भक्त आदिक अकामा ॥
कुंनबी भक्त सरस द्वे जानो, नाम जेराम देवजी मानो ॥३८॥

આગળ રહો; આમ હરિભક્તો મનમાં પ્રાર્થના કરતા હતા. તે બધા હરિભક્તોએ પૂજા કરી અને શુભ આરતી ઊતારી અને પછી તાળી વગાડીને ધૂન કરતા હતા. ૩૪. આરતી કર્યા પછી બધા ભક્તજનો પગમાં પડ્યા, હાથ જોડ્યા. સહુનાં દિલમાં હરખ સમાતો ન હતો. સહુ વિનયથી મધુર વાણી બોલતા હતા, 'હે પરમપુરુષ ! હે રૂપનિધાન ! આપનો 'જય થાઓ... જય થાઓ...' ૩૫.

પછી કરુણાનિધિ સુખકારી શ્રીહરિ ત્યાંથી તૈયારી કરીને ચાલતા થયા તે **પચ્છમ** ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો ભેળા મળીને શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુએ નાથ શ્રીહરિનાં દર્શન કર્યાં અને અતિશય આનંદ પામ્યા. ૩૬. પચ્છમ ગામમાં રહેનારા હરિભક્ત બ્રાહ્મણ શ્રીહરિનાં દર્શન કરવાના પ્યાસા હતા. તે પીતાંબરભાઈ, ઉદ્ધવભાઈ, હરિભાઈ, નાના પુરુષોત્તમભાઈ, જેઠાભાઈ, જાદવજીભાઈ, પ્રભુરામભાઈ, મેઘજીભાઈ આદિક બધા ભક્તો નિષ્કામ હતા. અને કણબીમાં બે સારા હરિભક્ત હતા. એક જેરામભાઈ અને બીજા દેવજીભાઈ. ૩૭-૩૮. તે સિવાય એક હરિભક્ત ભાઈજીભાઈ નામે

भक्त लुहार भाईजी कहीये, येते हरिजन पश्चिम लहीये ॥
ईनही भक्त आदि अगनीता, भजत धर्मसुत परम पुनिता ॥३९॥
करी आदर प्रभुको ले आये, बर्नि संत सहित पधराये ॥
लाये रसवती कर सामाना, किंन पाक संतन सुजाना ॥४०॥
किंन रसोई हरि हित च्यारु, इच्छाराम द्विज धर्मकुमारु ॥
जेये संत बर्नि हरिराय, रही रजनी एक पश्चिम मांई ॥४१॥
दरस परस दे चले दयाला, आये नाथ वर गाम कंपाला (कमियाला) ॥
सुनी खबर आवत महाराजा, सुफल कींन प्रभु सबही काजा ॥४२॥
सोरठा : भक्त मुदित मन होई, सनमुख आये सकल मिली ॥
ज्युं चकोर चित्त प्रोई, निर्खि नाथ छबी थकित दृग ॥४३॥
परे दंडवत पाई, परसी चरन पुलकीत तनु ॥

લુહાર હતા. આ બધા પચ્છમ ગામના હરિભક્તો કહેવાય છે. આ જે કહ્યા તે બધા અગણિત હરિભક્તો પરમ પવિત્ર ધર્મપુત્ર શ્રીહરિનું ભજન કરતા હતા. ૩૯. તે બધા હરિભક્તોએ ઘણા આદરભાવથી વર્ણી તથા સંતોએ સહિત શ્રીહરિને ગામમાં લાવીને પધરાવ્યા. રસોઈ માટેનો બધો સામાન લાવ્યા અને સુજ્ઞ સંતોએ રસોઈ બનાવી. ૪૦. શ્રીહરિને માટે ધર્મકુમાર વિપ્ર ઈચ્છારામજીએ સુંદર રસોઈ બનાવી. પછી સંતો, વર્ણી અને શ્રીહરિ, સહુ જમ્યા અને ત્યાં પચ્છમમાં એક રાત રોકાયા. ૪૧.

❁ કમિયાળાવાસી ભાવિક ભક્તોનાં નામ :

દયાળુ શ્રીહરિ ત્યાંના હરિભક્તોને દર્શન, સ્પર્શ આદિ આપીને ચાલ્યા; તે સમર્થ મૂર્તિ શ્રીહરિ **કમિયાળા** ગામ તરફ આવ્યા. શ્રીહરિ આવે છે એવા ખબર સાંભળ્યા. સહુએ જાણ્યું કે પ્રભુએ આપણા બધા જ કામ સફળ કર્યાં છે. ૪૨. બધા જ હરિભક્તો મનમાં પ્રસન્ન થયા અને ભેળા મળીને શ્રીહરિની સન્મુખ આવ્યા. જેમ ચકોર ચંદ્રમામાં પોતાનું ચિત્ત પરોવે છે તેમ બધા હરિભક્તોએ શ્રીહરિની છબી જોઈને આશ્ચર્યચકિત દૃષ્ટિવાળા થયા અને પોતાનું ચિત્ત મૂર્તિમાં પરોવ્યું. ૪૩.

आनंद उर न समाई, निर्खि नाथ महामुक्त पति ॥४४॥

दोहा : क्षत्रिय वंश विभुषन, भक्त हे सिंसा बनार ॥
हठी डोसा प्रागजी, क्षत्रिय भक्त उदार ॥४५॥

देव जाती खिमराज जन, आवरदान सुजान ॥
भक्त किरात वासा अजा, वाघा वसता प्रमान ॥४६॥

ईन आदिक शुभ भक्तजन, नारी पुरुष अगनीत ॥
प्रेमानंद कहे अचल मति, प्रभु पद पुरन प्रीत ॥४७॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते गाम पश्चिमे लीला बरनन कम्पाले आगमन नामा पंचपचाशत्तमोऽध्याय: ।।५५।।



મહાન મુક્તપતિ નાથ શ્રીહરિનાં દર્શન કરી સહુએ દંડવત્પ્રણામ કર્યા, ચરણસ્પર્શ કર્યો, દર્શન કરવાથી સહુનાં શરીરે રોમાંચ થયો અને સહુનાં દિલમાં આનંદ સમાતો ન હતો. ૪૪. ત્યાં રાજપૂત વંશના ઘરેણાં જેવા સિંહા વણાર હરિભક્ત હતા. બીજા હઠીભાઈ, ડોસાભાઈ અને પ્રાગજીભાઈ આદિક ઉદાર ક્ષત્રિય ભક્ત હતા. ૪૫. ખીમરાજ તથા આવરદાન નામે સુજ્ઞ ચારણ હરિભક્ત હતા. તે સિવાય કોળી જાતિના વાસાભાઈ, અજાભાઈ, વાઘાભાઈ અને વસતાભાઈ આદિક પ્રામાણિક હરિભક્તો હતા. ૪૬. આ ઉપર કહ્યા તે બધા શુભ ગુણવાળા અગણિત નરનારી હરિભક્ત હતા. પ્રેમાનંદ સ્વામી કહે છે, તે બધા શ્રીહરિનાં ચરણના દૃઢ નિશ્ચયવાળા અને પૂરા પ્રેમી ભક્ત હતા. ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિની પચ્છમમાં લીલા તથા કમિયાળા આગમન' એ નામે પંચાવનમો અધ્યાય સમાપ્ત-૫૫



अध्याय - ५६

दोहा : आयेउ ईश्वर गाम मंहि, अनुपम दीन निवास ॥
संत बर्नि आन जुत, उतरेउ परम हुलास ॥०१॥
सिंसा बनारके भुवन मंहि, उतरे अक्षर निकेत ॥
करी करुना करुनानिधि, निज जन पर करी हेत ॥०२॥
सोरठा : बंधु पदाति सहित, उतरे निजजन सद्म मंहि ॥
करीके पूरन प्रित, सेवत मन क्रम धर्म सुत ॥०३॥
लाये सब सामान, हर्खित हरिजन प्रेमभर ॥
देउ आग्या भगवान, बर्नि संतको रसोईकर ॥०४॥
चोपाई :
बर्नि संतको आग्या दीनी, प्रभुकी आग्या उर धरी लीनी ॥

અધ્યાય - ૫૬
શ્રીહરિનું ભાલદેશમાં વિચરણ

પરમેશ્વર શ્રીહરિ **કમિયાળા** ગામમાં આવ્યા. તે સહુને સર્વોત્તમ ઉતારાઓ આપ્યા. સંતો તથા વર્ણી બીજા હરિભક્તોની સાથે ઘણા ઉત્સાહથી ઊતર્યા. ૧. અક્ષરાધિપતિ કરુણાનિધિ શ્રીહરિ સિંહાવણારને ઘેર કરુણા કરીને ઊતર્યા. કારણ કે શ્રીહરિને પોતાના ભક્તો ઉપર ઘણું હેત હતું. ૨. બંને ભાઈઓ અને પાર્ષદોએ સહિત શ્રીહરિ પોતાના ભક્તને ઘેર ઊતર્યા. અને તે ભક્ત પણ ધર્મસુત શ્રીહરિની મન કર્મથી ઘણા પ્રેમપૂર્વક સેવા કરતા હતા. ૩.

બધા પ્રેમી હરિભક્તો હરખથી સીધું સામાન લઈ આવ્યા. અને શ્રીહરિને કહ્યું કે 'મહારાજ, સંતો તથા વર્ણી રસોઈ બનાવે એવી તેમને તમે આજ્ઞા કરો.' ૪. પછી શ્રીહરિએ વર્ણી તથા સંતોને રસોઈ બનાવવાની આજ્ઞા કરી અને તે સહુએ તે આજ્ઞાને દિલમાં ધારી લીધી. પછી વર્ણી તથા સંતો રસોઈ કરવા ગયા. તેમણે ત્યાં ઘણા હરખથી પૂરી

रसवती करन गये बटु संता, पुरि संजाव कीन हर्खंता ॥०५॥
ईच्छाराम उठे द्विजराया, परम प्रवीन भक्तिकर जाया ॥
घटिका उभय अवांतर च्यारु, रसवती कींनी परम उदारु ॥०६॥
आय कहा बर्नि वृतधारी, रसवती भई प्रभु मंगलकारी ॥
भोजन करन पधारो स्वामी, उठे तुरत हरि बहुनामी ॥०७॥
करी स्नान अंगोछी अंगा, पहिरा पट प्रभु परम उमंगा ॥
पेरी पादुका ले रुमाला, आये हंसगति चलत दयाला ॥०८॥
कनक चोकी बर्निवर ढारी, तापर उर्ना बिछाई भारी ॥
बैठे ता पर हरि सुखदेना, जेवन काज कमल दृग नेना ॥०९॥
कंचन थार परोसी लाये, खटरस बहुत प्रकार बनाये ॥
जेवत करत प्रभु परशंसा, धर्मवंशी जनकर अवतंसा ॥१०॥

અને શીરો બનાવ્યો. ૫. તે સમયે દ્વિજરાય, ભક્તિપુત્ર, પરમ પ્રવીણ ઇચ્છારામજી રસોઈ કરવા ઊઠ્યા. અને તેમણે બે ઘડીના સમયમાં જ ઘણી સારી રસોઈ તૈયાર કરી વાળી. ૬.

તે સમયે મુકુંદ બ્રહ્મચારીએ આવીને શ્રીહરિને કહ્યું કે 'હે મંગળકારી પ્રભુ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે તો આપ જમવા પધારો.' ત્યારે બહુનામી સ્વામી શ્રીહરિ તરત જ ઊઠ્યા. ૭. પછી શ્રીહરિએ સ્નાન કર્યું અને રૂમાલથી અંગ કોરું કર્યું અને પ્રભુએ ઘણા ઉમંગથી વસ્ત્ર પહેર્યાં. ચરણમાં ચાંખળીઓ પહેરી, હાથમાં રૂમાલ રાખી હંસગતિથી ચાલતા દયાળુ શ્રીહરિ આવ્યા. ૮. વર્ણિવરે સોનાનો બાજોઠ ઢાળી રાખ્યો હતો. અને તેના ઉપર એક સારું ઊનનું ગરમ આસન પાથર્યું હતું. પછી કમળના સમાન દૃષ્ટિવાળા સુખદાયક શ્રીહરિ જમવા માટે તે આસન ઉપર બેઠા. ૯. છ રસવાળા બહુ પ્રકારનાં ભોજન પીરસેલો સોનાનો થાળ પીરસીને શ્રીહરિ આગળ લાવ્યા. ધર્મવંશીના તોરા જેવા પ્રભુ શ્રીહરિ જમતા જમતા ભક્તજનોની ઘણી પ્રશંસા કરતા હતા. ૧૦.

दूधपाक पूरी संजावा, शिखरन बासुंदी मन भावा ॥
लुचई पूरी पुनि तर्कारी, जेवत रुची करी भव भयहारी ॥११॥
जेंये बहु पकवान मिठाई, नाम गिनत अहिपति सकुचाई ॥
दूध भात मिश्री हरि सानी, जेवत मुदित होई सुखदानी ॥१२॥
कर मुखकमल प्रक्षाली नाथा, ले मुखबास भक्त सुखपाथा ॥
पुरबासी हरिजनको प्रीते, दिन प्रसादी थार रस रीते ॥१३॥
बैठे आय पलंग पर स्वामी, सहजानंद प्रभु अंतरजामी ॥
बर्नि संत जेंईके आये, निर्खि नाथ छबी आनंद पाये ॥१४॥
दोहा : उभय बंधु हरिकृष्णाकर, जेंईके आये सुजान ॥
बैठे बर्नि सभा मध्य, शांत शील गुनवान ॥१५॥
लाये भक्तजन वृंद मिली, पूजा परम अनूप ॥

દૂધપાક, પૂરી, શીરો, શ્રીખંડ, મનભાવતી બાસુંદી, પોચી પૂરી અને શાકભાજી વગેરે ભોજનોને ભવભયહારી શ્રીહરિ રુચિ પ્રમાણે જમતા હતા. ૧૧. શ્રીહરિ ઘણી જાતના પકવાન અને મીઠાઈઓને જમ્યા. તેના નામ લઈને ગણવા લાગે તો શેષને પણ તેનો સંકોચ થાય છે. પછી સુખદાયક શ્રીહરિ ભાતમાં દૂધ, સાકર મેળવીને ઘણી પ્રસન્નતાથી જમ્યા. ૧૨. પછી ભક્તોને માટે સુખસાગર જેવા નાથ શ્રીહરિએ હાથ તથા મુખકમળ ધોયા, જળપાન કર્યું અને મુખવાસ લીધો. પછી તે ગામના હરિભક્તોને સરસ રીતે પ્રેમથી તે પ્રસાદિનો થાળ આપ્યો. ૧૩.

પછી અંતર્યામી પ્રભુ સહજાનંદ સ્વામી આવીને પલંગ ઉપર બેઠા. તે વખતે વર્ણી તથા સંતો જમીને આવ્યા. તેઓ નાથ શ્રીહરિની છબીને જોઈને ખૂબ આનંદ પામ્યા. ૧૪. તે વખતે શ્રીહરિકૃષ્ણ પ્રભુના બંને સુજ્ઞ ભાઈઓ જમીને આવ્યા. તે શાંત, શીલ અને ગુણવાળા બંને ભાઈઓ વર્ણીની સભામાં બેઠા. ૧૫. તે સમયે બધા ભક્તજનો મળીને ચંદન, પુષ્પ, શ્રીફળ અને સરસ ચોખા વગેરે શ્રીહરિની પૂજાનો ઉત્તમ

चंदन पुष्प श्रीफल, अक्षत वर रसरूप ॥१६॥

सोरठा : किंनी ललित ललार, चंदन खोरी मलयकर ॥
धारे उर बीच हार, सरस सुगंधि सुमनकर ॥१७॥

कुमकुम चंद्रक च्यारु, किंन हरिजन सुभग मति ॥
श्रीहरि परम उपगारु, करत सुफल दृग भक्तकर ॥१८॥

चोपाई :

लाये पट भुषन करी प्यारा, यथा प्राप्त संपत्ति अनुसारा ॥
कंचन भुषन पट पहीराई, कीन नीराजन मिली समुदाई ॥१९॥

करी आरति कीन प्रनामा, मुदित भये प्रभु श्रीघनशामा ॥
भये नाथ अश्वनी अश्वारा, चले संत जुत धर्मकुमारा ॥२०॥

सब अवतारनकर अवतारी, अटन करत मही जन हितकारी ॥

સામાન લાવ્યા. ૧૬. તેમણે શ્રીહરિના લલાટમાં મળિયાગર ચંદનનો સુંદર લેપ કર્યો. અને છાતી ઉપર સારા, સરસ, સુગંધી પુષ્પના હાર પહેરાવ્યા. ૧૭. રૂડી બુદ્ધિવાળા હરિભક્તોએ લલાટમાં કુંકુમનો સુંદર ચાંદલો કર્યો. પરમ ઉપકારક શ્રીહરિએ પણ ભક્તજનોના ઉપર સારી સફળ કૃપાદૃષ્ટિ કરી. ૧૮. તે સહુ ભક્તો પોતાની સંપત્તિને અનુસારે વસ્ત્ર તથા આભૂષણ પ્રેમથી લાવ્યા. તેમણે સોનાનાં ઘરેણાં તથા વસ્ત્ર શ્રીહરિને પહેરાવ્યા. પછી સહુ સમુદાયે મળીને આરતી કરી. ૧૯. આરતી કર્યા પછી સહુએ પ્રણામ કર્યા. તેથી ધર્મકુમાર પ્રભુ ઘનશ્યામ ભક્તોના ઉપર રાજી થયા, પછી ઘોડી ઉપર સવાર થયા અને સંતોની સાથે ચાલતા થયા.૨૦. **સર્વ અવતારોનું કારણ, પુરુષ પ્રકૃતિના પ્રેરક, અનંત શક્તિને ધરનારા, એવા અંતર્યામી શ્રીહરિ ભક્તજનોનું હિત કરવા માટે આ ભૂમિ ઉપર વિચરણ કરી રહ્યા છે. ૨૧.**

❁ પીપળીના ભક્તોની ભાવના તથા ભોજન :

આગળ ચાલતા નાથ શ્રીહરિ વર્ણી તથા સંતોને લઈને **પીપળી**

पुरुष प्रकृती प्रेरक स्वामी, अनंत शक्तिधर अंतरजामी ॥२१॥
आये गाम पीपली नाथा, बर्नि संत लेई नीज साथा ॥
सुनी खबर हरिजन उठी धाये, धन्य घरि अपने प्रभु आये ॥२२॥
परम एकांतिक क्षत्रिय वीरा, दादाभाई भक्त अमीरा ॥
पुनि देशलजी भक्त अनूपा, देव जाती दादा सुखरूपा ॥२३॥
सनमुख आई परे प्रभुपाई, निर्खि नाथ छबी हर्ख न माई ॥
चलिये गाममंहि अविनासा, करत बिनय बहु प्रभुकर दासा ॥२४॥
ग्रही वडवा करवाल हाथा, ले आये निज मंदिर नाथा ॥
बर्नि संतको दीन उतारा, पुनि पदाति उतरे अश्वारा ॥२५॥
रसवती करवाई बहु भाँति, सबको जेंवाये करी खांती ॥
श्रीमहाराज काज निज बंधु, ईच्छाराम क्षमाकर सिंधु ॥२६॥

ગામ આવ્યા. શ્રીહરિની ખબર સાંભળીને હરિભક્તો ઊભા થઈને દોડી આવ્યા. 'આજે આપણે માટે ધન્ય ઘડી છે કે પ્રભુ પધાર્યા છે.' એમ સહુએ માન્યું. ૨૨. પીપળી ગામમાં વીર ક્ષત્રિય દાદાભાઈ નામે એક રાજપુરુષ અને પરમ એકાંતિક ભક્ત હતા. તે સિવાય એક અનુપમ દેશલજી નામે ભક્ત હતા. અને ચારણ જાતિના દાદાભાઈ નામે સુખરૂપ હરિભક્ત હતા. ૨૩. તે સહુ સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં ચરણમાં પડ્યા. શ્રીહરિની છબી નીરખીને કોઈનાં હૃદયમાં હરખ સમાતો નહિ. આવીને સહુએ કહ્યું, 'હે અવિનાશી નાથ ! આપ અમારા ગામમાં ચાલો.' એમ હરિભક્તોએ ઘણો વિનય કર્યો. ૨૪.

હાથમાં તલવાર ધારણ કરનારા દરબાર દાદાભાઈએ ઘોડીની લગામ પકડી અને નાથ શ્રીહરિને પોતાને ઘેર લઈ આવ્યા. ત્યાં વર્ણી તથા સંતોને ઉતારા આપ્યા. વળી, પાર્ષદો તથા સવારોને પણ ઉતારો કરાવ્યો. ૨૫. દાદાભાઈએ ઘણી જાતની રસોઈ કરાવી અને સહુને ખૂબ ખંતથી જમાડ્યા. શ્રીહરિને માટે તો ક્ષમાના સાગર જેવા શ્રીહરિના ભાઈ

कींन रसोई तरत तैयारु, जेंये मुदित प्रभु अभय उदारु ॥
दादाभाईको करी प्यारा, दिन हरि प्रसादी थारा ॥२७॥
रहे नाथ रजनी करी बासा, चले प्रात सजीके अविनासा ॥
उतरी भोगवती सरिता भारी, आये भोलाद गाम अघहारी ॥२८॥
दोहा : सुंदर सरमही सरस जल, अविलोक भगवान ॥
अश्व पिवाये उतरी प्रभु, कींन सबही जलपान ॥२९॥
आये दर्श हित ग्रामजन, निर्खि नाथ छबी सूर ॥
परे चरन लिखी थकीत प्रभु, भये जनकुं कल्मष दूर ॥३०॥
सोरठा : आये बोरु गाम, पुरुषोत्तम पूरन सुखद ॥
सरसी तट सुखधाम, ठाडे आयके सुखसदन ॥३१॥
सोनी माजन नाम, हीरा भगावर भक्तजन ॥

ઈચ્છારામજીએ તરત જ રસોઈ તૈયાર કરી. અને અભય તથા ઉદાર સ્વભાવના પ્રભુ શ્રીહરિ પ્રસન્ન થઈને જમ્યા. અને તે પછી દરબાર દાદાભાઈને ઘણા પ્રેમથી પ્રસાદીનો થાળ શ્રીહરિએ આપ્યો. ૨૬-૨૭. અવિનાશી નાથ પીપળીમાં એક રાત રહ્યા. અને સવારે તૈયાર થઈને ચાલ્યા.

પછી આગળ જતા ભોગાવો નદી ઊતરીને નિષ્પાપ શ્રીહરિ **ભોળાદ** ગામ આવ્યા. ૨૮. ભોળાદના એક સરસ તળાવમાં સુંદર જળ જોઈને પ્રભુ શ્રીહરિએ પોતે ઊતરીને અશ્વને પાણી પાયું અને બીજા બધાએ પણ જળપાન કર્યું. ૨૯. તે વખતે ભોળાદ ગામના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. શોભાના સૂર્ય જેવા નાથને નીરખીને સહુ ચરણમાં પડ્યા. પ્રભુનાં દર્શન કરવાથી આશ્ચર્યચકિત થયા અને દર્શન કરનાર સહુનાં પાપ દૂર થયા. ૩૦.

❁ નાનીબોરૂના ભક્તોની ભાવનાને વશ થઈ શ્રીહરિ જમ્યા :

પછી ત્યાંથી ચાલેલા સુખકારી પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ **નાનીબોરૂ** ગામ આવ્યા. અને સુખસદન, સુખનું ધામ શ્રીહરિ તળાવને કિનારે આવીને ઊભા રહ્યા. ૩૧. બોરૂમાં સોની મહાજન હીરાભાઈ અને

बिप्र बनीक भजे शाम, किका कानजी देवचंद ॥३२॥

चोपाई :

सुनी खबर प्रभु सनमुख दौरे, प्रेमातुर भये मनु बौरे ॥
परे दंडवत कींन प्रनामा, निर्खि नाथ भये पूरनकामा ॥३३॥

कहत भक्त चलो श्रीमहाराजा, गाममही प्रभु गरीबनिवाजा ॥
कहत हरि हम जात तुराई, अबही न रोको हरिजन आई ॥३४॥

कहत भगा सुनो सुंदरशामा, जैहो प्रभु गलियाने गामा ॥
तब पैहो अन्नजल सुखदाई, बिचवा गाम निवस करनाई ॥३५॥

तब हरि टीके शुभ कींन उतारा, गाममही हरि धर्मकुमारा ॥
बर्नि संतको कहे सुर भूपा, एक संजाव करउ सुखरूपा ॥३६॥

किंन हरि हित ईछारामा, रसवती सरस सकल गुनधामा ॥

ભગાભાઈ ભક્ત હતા. તેમજ વિપ્ર તથા વણિકમાં શ્રીહરિનું ભજન કરનારા કીકાભાઈ, કાનજીભાઈ અને દેવચંદભાઈ હતા. ૩૨. શ્રીહરિની ખબર સાંભળીને તે હરિભક્તો સન્મુખ દોડી આવ્યા. તે બધા એટલા પ્રેમાતુર થઈ ગયા માનો પાગલ ન થયા હોય ! સહુએ દંડવત્પ્રણામ કર્યા અને નાથ શ્રીહરિનાં દર્શન કરીને પૂર્ણકામ થયા. ૩૩. સહુ ભક્તોએ કહ્યું, ‘ગરીબનિવાજ પ્રભુ શ્રીસહજાનંદ સ્વામી, આપ અમારા ગામમાં પધારો.’ ત્યારે શ્રીહરિએ કહ્યું કે, ‘અમે જલદી જઈએ છીએ. તમે બધા હરિભક્તો આવીને અમને અહીં રોકો નહિ.’ ૩૪. ત્યારે ભગાભાઈએ કહ્યું કે ‘હે સુંદરશ્યામ ! આપ અમારી વાત સાંભળો. આપ અહીંથી આગળ ગલિયાણા ગામ જશો ત્યારે જ આપને સુખરૂપ અન્ન જળ મળશે. વચ્ચેના કોઈ ગામમાં રહ્યા જેવું નથી.’ ૩૫.

તે વાત સાંભળીને ધર્મકુમાર શ્રીહરિએ ત્યાં તે બોરૂ ગામમાં શુભ ઉતારો કર્યો. અને ત્યાં વર્ણી તથા સંતોને સુરરાજ શ્રીહરિએ કહ્યું કે ‘અહીંયા તમારે એક સુખરૂપ શીરો જ બનાવવો.’ ૩૬. આ બાજુ સમગ્ર ગુણના ધામ ઇચ્છારામજીભાઈએ શ્રીહરિને માટે સરસ રસોઈ

दिव्य नराकृती नाथ सुं नाई, बैठे जेंवन जन सुखदाई ॥३७॥
जेंवत पूरी शाक भगवाना, मानभोग पुनि बिरंज सुजाना ॥
दहींबरा जेंये जगवंदा, ओदन मिश्री पय सुखकंदा ॥३८॥
कर मुखकमल प्रक्षाली स्वामी, ले मुखवास एला बहुनामी ॥
जेंये पांडे द्विज दोउ भैया, अचवन करी आये सुखदैया ॥३९॥
बर्नि संतकि भई रसोई, जेंवन बैठे सकल मुद होई ॥
जेंये सकल श्वेतांबर धारी, जेंईके आये संत ब्रह्मचारी ॥४०॥
किंन तैयारी गरुडगामी, किंन अरोहन मानकी स्वामी ॥
चले जक्तपति अखिल निवासा, आये मोटी बोरु अविनाशा ॥४१॥
बनिक रहे राघवजि नामा, निर्खे आय अखिल सुखधामा ॥
प्रभु पद परसी भया अति दीना, जात हो नाथ याँ सुँ जेंये बीना ॥४२॥

બનાવી. દિવ્ય સ્વરૂપ હોવા છતાં નરાકૃતિ થયેલા જન સુખદાયક નાથ શ્રીહરિએ સ્નાન કર્યું અને પછી જમવા બેઠા. ૩૭. જગદ્વંદ્ય અને સુખકંદ સુજાણ ભગવાન શ્રીહરિ ત્યાં પૂરી, શાક, શીરો, બીરંજ, દહીંવડા, ભાત, દૂધ અને સાકર વગેરે જમ્યા. ૩૮. બહુનામી સ્વામી શ્રીહરિએ જમ્યા પછી હાથ, મુખ ધોયા અને એલચીનો મુખવાસ લીધો. અને તે પછી સુખદાયક વિપ્ર પાંડે રામપ્રતાપજી તથા ઈચ્છારામજી, બંને ભાઈ જમ્યા. જળપાન કરીને શ્રીહરિ પાસે આવ્યા. ૩૯. વર્ણી તથા સંતોની રસોઈ જ્યારે તૈયાર થઈ ત્યારે તે બધા ઘણા હરખથી જમવા બેઠા. સંતો, બ્રહ્મચારી અને સફેદ કપડાવાળા પાર્ષદો તથા સવારો, બધા ત્યાં જમીને આવ્યા. ૪૦. પછી ગરુડગામી સ્વામી શ્રીહરિએ તૈયારી કરી અને માણકી ઉપર સવાર થયા.

સર્વ જગતના અધિપતિ, સર્વના નિવાસરૂપ અને અવિનાશી આવા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **મોટીબોરૂ** ગામ આવ્યા. ૪૧. તે ગામમાં રાઘવજીભાઈ નામે વણિક હરિભક્ત રહેતા હતા. તેણે આવીને સર્વ સુખનાં ધામ શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિના ચરણનો સ્પર્શ કરીને બહુ

सोरठा : तव पद कमल उपासी, एक हुँ में यह गाम मंई ॥
देई दर्श अविनासी, चले शिघ्र भव भयहरन ॥४३॥

आयेउ बारने गाम, निर्खि सरोवर सरस जल ॥
उतरे तट अभिराम, कीन पान जल सबहि मिली ॥४४॥

दोहा : आये दर्श हीत दौरी जन, भुसुर भक्त प्रबीन ॥
जोरी पानी पर सेउ चरन, बिप्र अकिंचन दीन ॥४५॥

चढी बाजी बहुनामी प्रभु, बिष्णु श्रीबिनिकेत ॥
आये गाम गलियाने प्रभु, प्रेमानंदको सुख देत ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते भालदेशे अटन नामा षट्पंचाशत्तमोऽध्याय: ॥५६॥



દીન થઈ ગયા અને બોલ્યા કે 'હે નાથ ! આપ અહીંથી જમ્યા વિના જાઓ છો. ૪૨. મહારાજ, આપનાં ચરણકમળની ઉપાસના કરનારો આ ગામમાં હું એક જ છું.' પછી સંસારના ભયને ટાળનારા અવિનાશી શ્રીહરિ તેમને દર્શન દઈને એકદમ ચાલતા થયા. ૪૩. પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને **વારણા** ગામ આવ્યા. ત્યાં સરસ જળથી ભરેલું સરોવર જોયું એટલે તેને સુંદર કિનારે ઊતર્યા અને સહુએ મળીને ત્યાં જળપાન કર્યું. ૪૪. તે સમયે ત્યાં સારા નિપુણ હરિભક્તો અને બ્રાહ્મણો દર્શનને માટે દોડી આવ્યા. તે અકિંચન દીન વિપ્રે હાથ જોડીને ચરણ સ્પર્શ કર્યો. ૪૫. પરંતુ બહુનામી શ્રીનિવાસ પ્રભુ વિષ્ણુરૂપ શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે 'જે પ્રભુ મને સુખ આપે છે.' તે સર્વ નિયંતા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **ગલિયાણા** ગામ આવ્યા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિનું ભાલદેશમાં વિચરણ'એ નામે છપ્પનમો અધ્યાય સમાપ્ત-૫૬



अध्याय - ५७

दोहा : साभरमति सरिता शुभ, बहत अमलवर वारी ॥
ता मंहि मंज्जन कींन हरि, संत सहित सुखकारी ॥०१॥
उतरी साभर सरित हरि, कींन मैदान निवास ॥
आये भक्तजन खबर सुनी, गलियाना कर दास ॥०२॥

सोरठा : परे प्रभुकर पाय, जोरी पानी जन सुभग मति ॥
आनंद उर न समाय, निर्खि दिव्य छबी नेह नुत ॥०३॥
कहुँ भक्तकर नाम, क्षत्रिय कुल पावन करन ॥
भजत चरन घनश्याम, नाथोजी हठीभाई करन ॥०४॥

चोपाई :
कुंनबि दाजी द्याल रु नापी, प्रभु प्रताप डारे दुखकापी ॥

અધ્યાય - ૫૭

ભગવાન શ્રીસ્વામિનારાયણનું ગુજરાત પ્રદેશમાં વિચરણ

ત્યાં આગળ જતા નિર્મળ જળની શુભ સાબરમતી નામે નદી વહે છે. સુખકારી શ્રીહરિએ સંતો વગેરેની સાથે ત્યાં સ્નાન કર્યું. ૧. પછી તે સાબરમતી નદીને ઊતરીને આગળ મેદાનમાં ઉતારો કર્યો. ત્યાં શ્રીહરિની ખબર સાંભળીને ગલિયાણાના હરિભક્તો આવ્યા. ૨. શુદ્ધ બુદ્ધિવાળા તે હરિભક્તો બે હાથ જોડી શ્રીહરિના ચરણમાં પડ્યા. શ્રીહરિની દિવ્ય છબીનાં દર્શન કરીને હેતથી સ્તુતિ કરનારા તે ભક્તોનાં હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૩. ક્ષત્રિય કુળને પાવન કરનારા તે ભક્તનાં નામ હું કહું છું. નાથાજી અને હઠીભાઈ, બંને ક્ષત્રિયો શ્રીઘનશ્યામ પ્રભુના ચરણનું ભજન કરતા હતા. ૪. તે સિવાય દાજીભાઈ નામે કણબી અને દયાળજી કરીને વાળંદ હરિભક્ત હતા.

પ્રભુના પ્રતાપથી જેના બધાં જ દુઃખ નાશ પામી ગયા હતા, તે સહુ હરિભક્તોએ હાથ જોડીને પ્રભુ શ્રીહરિને કહ્યું કે ‘આપ અમારી

आय कहत प्रभुसु करजोरी, सुंनिये हमारी बिनति थोरी ॥०५॥
रसवनी करन क्रिपानिधाना, कति परिमान ले आवे सामाना ॥
तब कहा बर्नि संत समुझाई, ईतना समान लाओ जन जाई ॥०६॥
तेही प्रमान तीन लावा पिसाना, द्विदला तंदुल एकाक्षर आना ॥
पुनि लायेउ भांटा तर्कारी, भये मुदित लखी भव भयहारी ॥०७॥
हर्दी मिरची धनिया जीरा, सब लाये हरिजन मति धीरा ॥
अनुज बंधु तैयारी होई, हरि हित कींनी सरस रसोई ॥०८॥
जेंये भांटा भौरी नाथा, पहीती भात जेंये सुखपाथा ॥
पुनि पय ओदन मिश्री सानी, जेंये अघाईके क्रिपानिधानी ॥०९॥
बर्नि संत जनकरी रसोई, जेंये सोउ सकल मुद होई ॥
लाये हरिजन पलंग पुनिता, गुप्तदोर्क उपबर्हन सहिता ॥१०॥

થોડી વિનંતિ સાંભળો. ૫. હે કૃપાનિધાન ! રસોઈ બનાવવા માટે કેટલું સીધું અમે લાવીએ ?' ત્યારે વર્ણી તથા સંતોએ તેમને સમજાવીને કહ્યું, 'તમે ગામમાં જઈને આટલો રસોઈનો સામાન લાવો.' ૬. પછી તે હરિભક્તોએ કહ્યા પ્રમાણે લોટ, દાળ, ચોખા, ઘી, શાકભાજી માટે રીંગણાં વગેરે લઈ આવ્યા. તે બધું સીધું જોઈને સંસારના ભયને ટાળનારા શ્રીહરિ રાજી થયા. ૭. હળદર, મરચું, ધાણા, જીરું વગેરે બધો જ મસાલો તે ધીર મતિવાળા હરિભક્તો લાવ્યા.

તે સમયે નાના ભાઈ ઈચ્છારામજીભાઈએ તૈયાર થઈને શ્રીહરિને માટે સરસ રસોઈ બનાવી. ૮. પછી રીંગણાનું શાક, બાટી, મસાલાદાર દાળ અને ભાત વગેરે જે રસોઈ બનાવી હતી તેને સુખસાગર નાથ પોતે જમ્યા. પછી કૃપાનિધાન શ્રીહરિ દૂધ, ભાત અને સાકર મેળવીને તૃપ્તિ થાય તેટલું જમ્યા. ૯. વર્ણી અને સંતોએ પણ સહુની જે રસોઈ બનાવી તેને સહુ રાજી થઈને જમ્યા. પછી ત્યાં હરિભક્તો એક સારો પવિત્ર પલંગ, રજાઈ અને ઓશિકાએ સહિત બધી પથારી લાવ્યા. ૧૦.

पौढे ता पर धर्मकुमारा, रहे रजनी यहां बिश्वआधारा ॥
परम चतुर हरिजन आनंदी, लाये हय हित तृन अरु चंदी ॥११॥
रहे रजनीभर करी विश्रामा, चले प्रात उठी पूरनकामा ॥
आये बर्संडा गाम गोविंदा, धर्मकिशोर मिटावन फंदा ॥१२॥
कुंनबी भक्त एक रामदासा, आनंद गोकली बर्संडे वासा ॥
आये मुदित होई दर्शन कीना, परे चरन पुलकीत प्रबीना ॥१३॥
दे प्रभु दर्श चले सुखकारी, आये ईद्रानज(ईन्द्रणज) भव भयहारी ॥
आये दर्शन करन जन धाई, देई दर्श चले सुर मुनिराई ॥१४॥
दोहा : अखिल भुवन पावन करन, अखिल शक्ति धर शाम ॥
बिषद कीर्ति ऐश्वर्य निधि, दिव्यमुक्त बिश्राम ॥१५॥
तरल तुरंग मनिकर मंहि, राजत राजधिराज ॥

વિશ્વઆધાર ધર્મકુમાર શ્રીહરિ તે પલંગ ઉપર પોઢ્યા અને રાત રહ્યા. ઘણા ચતુર અને સેવાથી આનંદ માણનારા હરિભક્તો ઘોડાઓને માટે ઘાસ તથા ચંદી લઈ આવ્યા. ૧૧.

પૂર્ણકામ શ્રીહરિ ત્યાં રાતભર રોકાયા, વિશ્રાંતિ લીધી અને સવારમાં ઊઠીને ચાલ્યા. સંસારના બંધનને કાપનારા, ધર્મકિશોર, ગોવિંદ શ્રીહરિ આગળ ચાલતા **વરસડા** ગામ આવ્યા. ૧૨. વરસડા ગામમાં રામદાસ નામે એક કણબી ભક્ત હતા અને આનંદ નામના એક ગોકળી ભક્ત હતા. તે બંને રાજી થઈને આવ્યા. શ્રીહરિનાં દર્શન કર્યાં અને તે પ્રવીણ ભક્તો રોમાંચિત થઈને શ્રીહરિના પગમાં પડ્યા. ૧૩. ત્યાં તે ભક્તોને દર્શન દઈને સુખકારી અને સંસારના ભયને હરનારા આવા શ્રીહરિ ચાલ્યા તે **ઈંદરણજ** ગામ આવ્યા. ત્યાંના ભક્તજનો દર્શન કરવા માટે દોડી આવ્યા. પછી તે સહુને દર્શન દઈને સુરમુનિરાય શ્રીહરિ આગળ ચાલ્યા. ૧૪. શ્રીહરિ સમગ્ર ભુવનોને પાવન કરનારા છે, સર્વ શક્તિને ધારણ કરનારા છે, વિશાળ કીર્તિવાળા છે, ઐશ્વર્યના નિધિ છે અને દિવ્ય મુક્તોએ વિશ્રામ કરવા લાયક શ્યામસુંદર છે. ૧૫. પોતાની

बर्नि संतकर वृंदमें, आवत श्रीमहाराज ॥१६॥

सोरठा : कलि मल मत हि बिनास, करन प्रगट भये धर्मसुत ॥
हरत स्वजन मन त्रास, सिंघिबारे आये हरि ॥१७॥
सुनि श्रवन हरिजन, उठे आतुर हरि दर्श हित ॥
पुलकी प्रान तन मन, निकसे बजावत वाद्य वर ॥१८॥

चोपाई :
पणव दुंदुभि गोमुख भैरी, शरनाई सिंगि बजे गहेरी ॥
झरझर मृदंग बजावत दासा, गावत बिष्णुपद हुलासा ॥१९॥
निकसे मुख्य हरिजनकर नामा, कुंनबी भक्त परम निष्कामा ॥
गिर्धरभाई रु बापुभाई, ऋषिभाई आदिक अधिकाई ॥२०॥
देव जाति जगरुप अनूपा, ठकर हरिभाई सुखरूपा ॥

અતિશય ચપળ માણકીઘોડી ઉપર શ્રીહરિ બિરાજમાન છે. તે વર્ણી તથા સંતોના મંડળની સાથે મહારાજાધિરાજ આવી રહ્યા છે. ૧૬.

❀ સિંજીવાડામાં શ્રીહરિનું સામૈયું તથા અન્ય લીલા :

કળિયુગના મળ જેવા મતપંથોનો વિનાશ કરવા માટે પ્રગટ થયેલા ધર્મસુત શ્રીહરિ પોતાના ભક્તજનોનાં મનના ભયને હરતા થકા **સિંજીવાડા** પધાર્યા. ૧૭. શ્રીહરિ પધાર્યા છે તેવા સમાચાર સાંભળતા જ બધા હરિભક્તો દર્શનને માટે આતુર થઈને ઊભા થયા. તેમનાં પ્રાણ, શરીર અને મન એકદમ પુલકિત થઈ ગયા અને સારાં વાજિંત્ર વગાડતા વગાડતા ગામથી બહાર નીકળ્યા. ૧૮.

પણવ, દુંદુભિ, ગોમુખ, ભેરી, શરણાઈ, રણશિંગી ઇત્યાદિક બધા વાજિંત્રો ગહેરા વાગતા હતા અને બધા હરિભક્તો ઝાંઝ મૃદંગ વગાડીને ઉત્સાહથી કીર્તન ગાતા હતા. ૧૯. જે મુખ્ય હરિભક્તો નીકળ્યા તેમનાં નામ કહું છું. નિષ્કામી એકાંતિક ભક્ત કણબી ગિરધરભાઈ, બાપુભાઈ અને સારા અધિક ભક્ત ઋષિભાઈ હતા. અનુપમ ભક્ત જગરૂપ

ईनही आदि नरनारी अनंता, धाये सनमुख हर्ख अत्यंता ॥२१॥

आये निकट श्रीभव भयहारी, वृषकुल भुषन जन सुखकारी ॥
परे दंडवत किंन प्रनामा, हरिजन सकल मिली गुनधामा ॥२२॥

गावत बजावत मिली हरिदासा, जय जय रव उचरत चहुं पासा ॥
गाममही ले आये नाथा, बर्नि संत लेई सब साथा ॥२३॥

अति पुनित थल दिन उतारा, उतरे बर्नि संत करी प्यारा ॥
पुनि पदाति असवार सहीता, उतरे हरि बिश्व करमीता ॥२४॥

लाये रसवती कर सामाना, हरिजन सकल मिली गुनवाना ॥
भोजन करन उठे बटु संता, घृत प्रच्युर मोदक गुनवंता ॥२५॥

रसवती कींन पांडे हरि काजा, जाउ बोलाय लाउ महाराजा ॥
कहा बर्नि तब आये स्वामी, जेवन काज प्रभु अंतरजामी ॥२६॥

બારોટ, સુખરૂપ ઠક્કર હરિભાઈ, જેનાં નામ કહ્યા તે બધા અનંત પુરુષો અને સ્ત્રીઓ અત્યંત હર્ષથી શ્રીહરિની સન્મુખ દોડી આવ્યા. ૨૦-૨૧. સંસારના ભયને ટાળનારા, ધર્મકુળના ભૂષણરૂપ અને ભક્તજનોને સુખ આપનારા એવા શ્રીહરિ જ્યારે પાસે આવ્યા ત્યારે સહુએ દંડવત્પ્રણામ કર્યાં. વળી સમગ્ર સદ્‌ગુણનાં ધામ જેવા બધા હરિભક્તો ભેળા મળીને કીર્તન ગાતા, વાજિંત્રો વગાડતા, ચારે બાજુ 'જય જય.. જય જય..' આવો શબ્દ બોલતા હતા. વળી વર્ણી તથા સંતો, બધાની સાથે શ્રીહરિને લઈને ગામમાં આવ્યા. ૨૨-૨૩. ઘણા પવિત્ર સ્થળમાં ઉતારા આપ્યા ત્યારે વર્ણી અને સંતો તે ઉતારામાં પ્રેમથી ઊતર્યા. સમગ્ર વિશ્વનું મિત્રની જેમ હિત કરનારા શ્રીહરિ પાર્ષદો અને સવારોની સાથે ઊતર્યા. ૨૪.

બધા ગુણવાન હરિભક્તો મળીને રસોઈ માટેનો સામાન લઈ આવ્યા. ત્યારે રસોઈ બનાવવાને માટે બ્રહ્મચારી તથા સંતો ઊઠ્યા. તે ગુણવાન સંતોએ પુષ્કળ ઘીવાળા લાડુ બનાવ્યા. ૨૫. પાંડે ઈચ્છારામજીએ શ્રીહરિને માટે રસોઈ તૈયાર કરી અને તેમણે બ્રહ્મચારીને

मज्जन करी पट पहिरि पुनिता, ढारी कंचन चौकी ललीता ॥
ता पर बैठे आय अभिरामा, धर्मकुंवर संतन बिश्रामा ॥२७॥
कंचन थार परोसी लाये, खटरस च्यार प्रकार बनाये ॥
जेवन बैठे जग उजीयारे, धर्मात्मज नेंननके तारे ॥२८॥
दोहा : होरे होरे हर्खे जूत, भरत भक्तपति ग्रास ॥
ज्युं चकोर गन चंदका, युँ निर्खत निजदास ॥२९॥
पियत पुनि पुनि उदक प्रभु, ले गंभीर डेकार ॥
फेरत निजकर उदर पर, करुनानिधि किर्तार ॥३०॥
सोरठा : अक्षर कोटी कर प्रान, प्रकृति पुरुष प्रेरक सुखद ॥
सो प्रभु प्रगट प्रमान, जेंवत जेंवावत दास निज ॥३१॥
दिव्य नराकृति धारी, आये पतित पावन करत ॥

કહ્યું કે 'તમે જાઓ, શ્રીહરિને બોલાવી લાવો.' ત્યારે મુકુંદ વર્ણી શ્રીહરિની પાસે આવ્યા અને કહ્યું કે 'અંતર્યામી મહારાજ ! આપ પ્રભુ, થાળ જમવા માટે આવો.' ૨૬. શ્રીહરિએ ત્યાં આવી સ્નાન કર્યું અને પવિત્ર વસ્ત્ર પહેર્યાં. પછી ત્યાં એક સુંદર સોનેરી બાજોઠ ઢાળ્યો હતો તેના ઉપર સંતોના આશ્રયરૂપ સુંદર ધર્મકુંવર શ્રીહરિ આવીને બેઠા. ૨૭.

છ રસથી ભરેલા ચાર પ્રકારનાં ભોજન સુવર્ણના થાળમાં પીરસીને લાવ્યા ત્યારે સર્વ જગતને ઉજ્જ્વળ કરનારા અને આપણી આંખોના તારા એવા ધર્મપુત્ર શ્રીહરિ જમવા માટે બેઠા. ૨૮. **ભક્તપતિ શ્રીહરિ હર્ષયુક્ત થઈને ધીમે ધીમે કોળિયા લેતા હતા. તે વખતે જેમ ચકોર ચંદ્રને જૂએ તેમ ભક્તજનો શ્રીહરિને નીરખતા હતા.** ૨૯. કરુણાસાગર અને સર્વ કર્તા એવા પ્રભુ જમતા જમતા વારે વારે પાણી પીતા હતા, વચ્ચે ઓડકારા ખાતા હતા અને પોતાના ઉદર ઉપર હાથ ફેરવતા હતા. ૩૦. **કરોડો અક્ષરના પ્રાણ જેવા, પ્રકૃતિ પુરુષના પ્રેરક તે પ્રગટ પ્રમાણ સુખદ પ્રભુ પોતે આ રીતે જમ્યા અને પોતાના ભક્તજનોને પણ તે રીતે**

अखिल लोक अघहारी, वृषकुल भुषन वरद वर ॥३२॥

चोपाई :

भाँति भाँति भोजन तर्कारी, दूधपाक संजाव सोहारी ॥
मास बटक पर्पट रु अपूपा, क्वथिका बरी तर्ला सुखरूपा ॥३३॥
जेंये प्रभु बिंजन पकवाना, भाँति भाँति कर स्वादु नाना ॥
देई थार निजजनको स्वामी, अचवन कींन हरि बहुनामी ॥३४॥
बैठे प्रभु ले मुदित मुखबासा, आसपास ठारे निजदासा ॥
भई पंक्ति जेंये बर्नि मराला, हरिजन अश्विन सबही पाला ॥३५॥
जेंईके आई बैठे प्रभु पासा, बर्नि संत सहित हरिदासा ॥
हरिजन आईके पूजा कींनी, आरती वारी मूर्ति उर लीनी ॥३६॥

જમાડ્યા. ૩૧. દિવ્ય મનુષ્યાકૃતિ ધારીને જે પ્રભુ આવ્યા અને અનેક પતિતોને પવિત્ર કર્યા. સમગ્ર જગતના પાપને હરનારા, ભક્તજનોને શ્રેષ્ઠ વર આપનારા આવા પ્રભુ શ્રીહરિ ધર્મકુળના ભૂષણરૂપ છે. ૩૨. જાત જાતનાં ભોજન, શાકભાજી, દૂધપાક, શીરો, સુંવાળી, અડદના વડાં, પાપડ, માલપુડા, વડી નાખેલી કઢી, સુખરૂપ ખીચડી; આ કહેલા બધાં સ્વાદુ ભોજન પકવાનને તથા વ્યંજનોને ભગવાન શ્રીહરિ જમ્યા. પછી પોતાના ભક્તજનને થાળની પ્રસાદી આપી, બહુનામી શ્રીહરિએ ચળું કરી અને જળપાન કર્યું. ૩૩-૩૪. પછી શ્રીહરિ મુખવાસ લઈને રાજીપાથી બેઠા હતા ત્યારે પોતાના બધા હરિભક્તો આસપાસમાં ઊભા હતા.

જ્યારે પંક્તિ થઈ ત્યારે વર્ણી, સંતો, હરિભક્તો, ઘોડેસવારો અને પાર્ષદો બધા જમ્યા. ૩૫. વર્ણી, સંતો, પાર્ષદો તથા હરિભક્તો સહુ જમીને પ્રભુ શ્રીહરિની પાસે બેઠા. પછી ગામના હરિભક્તોએ આવીને શ્રીહરિની પૂજા કરી અને આરતી ઉતારીને મૂર્તિને પોતાનાં હૃદયમાં ધારી લીધી. ૩૬. સહુએ બે હાથ જોડી વિનય પૂર્વક પ્રણામ કર્યા અને કહ્યું

जोरी पानी करी बिनय प्रनामा, पुनि दर्श दीजे घनशामा ॥
चले कुंच करी सहजानंदा, आये सोजीत्रा गाम गोवींदा ॥३७॥
कुंनबी भक्त एकांतिक भारी, भजत धर्मसुत समझी बिच्यारी ॥
गोकुलभाई लखाभाई नामा, ईनही आदि जन बहुत अकामा ॥३८॥
प्रभु सनमुख आये सब दौरी, ज्युं सरिता सागरकी औरी ॥
निर्खि धर्मकुल नलीन दिनेशा, परे दंडवत जन सकलेशा ॥३९॥
सरसी तट वर क्षेत्र बिलोकी, तहाँ उतरे धर्मात्मज शोकी ॥
प्रभु आग्या ले हरिजन धाये, वृषभ अश्व हित तृन अन लाये ॥४०॥
लाये रसवतीकर समाना, भाजी तर्कारी बहु बिधि नाना ॥
रसवती कींनी बर्नि संता, मिश्री मोदक प्रिय अत्यंता ॥४१॥

કે 'હે ઘનશ્યામ શ્રીહરિ ! આપ અમને ફરીને દર્શન આપજો.'

❁ સોજીત્રામાં શ્રીહરિની દિવ્યલીલા :

પછી સહજાનંદ શ્રીહરિ તૈયાર થઈને સહુની સાથે ચાલી નીકળ્યા, તે પ્રભુ ગોવિંદ **સોજીત્રા** આવ્યા. ૩૭. સોજીત્રા ગામમાં શ્રીહરિના એકાંતિક ઘણા સારા ભક્ત કણબી ધર્મસુત શ્રીહરિને સમજી વિચારીને ભજતા હતા. તેમાં ગોકુળભાઈ, લખાભાઈ આદિક હરિભક્તો ઘણા નિષ્કામ ભક્ત હતા. ૩૮. તે બધા હરિભક્તો જેમ નદી સાગર તરફ દોડી જાય, તેમ શ્રીહરિ તરફ દોડીને આવ્યા. ધર્મકુળરૂપી કમળને માટે સૂર્યના જેવા સકલેશ્વર શ્રીહરિનાં દર્શન કરીને સહુ હરિભક્તો દંડવત્પ્રણામ કરવા લાગ્યા. ૩૯. ધર્માત્મજ અને સદાચરણના શોખીન આવા શ્રીહરિ તળાવને કિનારે એક સારું ખેતર હતું, ત્યાં જોઈને ઊતર્યા. અને જે હરિભક્તો હતા તે શ્રીહરિની આજ્ઞા લઈને બળદ અને અશ્વો માટે ઘાસ ચંદી લઈ આવ્યા. ૪૦.

તે હરિભક્તો રસોઈ માટેનો બધો સામાન લાવ્યા. શાકભાજી પણ ઘણી જાતની લાવ્યા. વર્ણી અને સંતોએ રસોઈ બનાવી. તેમાં

हरि हित कींने ईच्छारामा, खटरस बिंजन गिनेको नामा ॥
जेंये त्रय बंधु करी वर प्रीति, बिविधी भाँति बिंजन रस रीति ॥४२॥

जेंईके अचवन कींन दयाला, बर्नि संत जेये ततकाला ॥
अश्वारुढ पदाति जेते, परम रुची करी जेंये तेते ॥४३॥

सोरठा : रही नाथ एक रात, दरश पर्स्य दे सुखकरन ॥
चले प्रभु उठी प्रात, आये गाम पिपलाव हरि ॥४४॥

रुचिर सरोवर तीर, सरस छांह न्यग्रोधकर ॥
हरत सकल जन पीर, उतरे संत जुत सुंदरवर ॥४५॥

दोहा : श्रवन सुनि धाये सकल, हर्ख भरे नरनारी ॥
पुरुषोत्तम आये प्रभु, नारायन अवतारी ॥४६॥

સહુને અતિશય પ્રિય એવા સાકરના લાડુ કર્યા હતા. ૪૧. શ્રીહરિને માટે ઇચ્છારામભાઈએ છ રસથી ભર્યા ભોજન અને વ્યંજન કર્યા. તે એટલા બધા કર્યા કે તેનાં નામ કોણ ગણી શકે ? ત્યાં ત્રણેય ભાઈ ભેળા મળી, ઘણા હેતથી વિવિધ પ્રકારના, સરસ રીતનાં ભોજન વ્યંજન આદિક જમ્યા. ૪૨. જમ્યા પછી દયાળુ શ્રીહરિએ જળપાન કર્યું. વર્ણી તથા સંતો પણ તત્કાળ જમ્યા. સવારો અને જે પાર્ષદો હતા, તે પણ સરસ રુચિ સાથે જમ્યા. ૪૩. સોજીત્રામાં ભક્તપતિ શ્રીહરિ એક રાત રહ્યા.

સહુ ભક્તોને સુખકારી દર્શન અને સ્પર્શ આદિ આપીને સવારે ઊઠીને ચાલ્યા તે **પીપળાવ** ગામ આવ્યા. પીપળાવમાં સરોવરને કિનારે એક સુંદર ઘાટી છાયાવાળો વડ હતો. જે સહુ લોકોની પીડાને હરનારો હતો. સુંદરવર શ્રીહરિ સંતોની સાથે તે વડ નીચે ઊતર્યા. ૪૫. સર્વ અવતારના અવતારી પ્રભુ પુરુષોત્તમ નારાયણ આવ્યા છે, આવું સાંભળીને બધા નરનારી હરિભક્તો હરખભર્યા દોડી આવ્યા. ૪૬.

बर्नि संत पदाति जुत, अश्वनिकर मंहि नाथ ॥
प्रेमानंद जन निर्खि जीमी, मुदित मीन सुखपाथ ॥४७॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते श्रीनारायन गुज्जर्देश अटन नामा सप्तपंचाशत्तमोऽध्याय: ॥५७॥



अध्याय - ५८

दोहा : परम भक्त पीपलावकर, कहुँ तीनकर कछु नाम ॥
भुसुर भवानी शंकर, प्रभाशंकर गुनधाम ॥०१॥
केशवराम वर बिप्र जन, तुलजाराम दयाराम ॥

વર્ણી, સંતો, પાર્ષદો અને ઘોડેસવારોએ સહિત પધારેલા સર્વનિયંતા, સુખસાગર શ્રીહરિનાં દર્શન કર્યાં. પ્રેમાનંદ સ્વામી કહે છે કે જેમ પાણી મળવાથી માછલાં રાજી થાય તેમ શ્રીહરિનાં દર્શનથી સહુ ભક્તો અતિ રાજી થયા. ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ભગવાન શ્રીસ્વામિનારાયણનું ગુજરાત પ્રદેશમાં વિચરણ કહ્યું' એ નામે સત્તાવનમો અધ્યાય સમાપ્ત-૫૭



અધ્યાય - ૫૮

ગુજરાતમાં પીપળાવ તથા મહેળાવ ગામમાં શ્રીહરિની લીલા

પીપળાવ ગામમાં પરમ એકાંતિક ભક્તો હતા, તેમનાં નામ કહું છું. **તેમાં ભવાનીશંકર અને પ્રભાશંકર નામે બંને વિપ્ર સદ્‌ગુણોનું ધામ હતા.** ૧. વળી ઉત્તમ વિપ્ર કેશવરામ, તુલજારામ, દયારામ અને દાજીભાઈ આદિક વિપ્રોમાં બાળકથી લઈને વૃદ્ધ સુધીના બધા જ પ્રત્યક્ષ

दाजी आदिक बाल वृद्ध, भजत बिप्र घनशाम ॥०२॥

सोरठा : कुंनबी भक्त भजे ईश, लालो जीजी ब्रजभाई नाथ ॥
धर्मकुंवर जगदीश, भजे खुशाल गिरधर बेचर ॥०३॥

सुत्रधार कल्यान, गंगाराम गोपाला जन ॥
भजे प्रगट भगवान, ईन आदिक हरिभक्त बहु ॥०४॥

चोपाई :

हरि सनमुख आये सब दासा, श्रीहरि चरन अचल बिश्वासा ॥
निर्खि धर्मसुत अति सुख पाये, करी प्रनाम चरनन शिर नाये ॥०५॥

जोरी पानी बोले मृदु बानी, बडी क्रिपा कींनी सुखदानी ॥
पुनित पलंग श्रीहरि हित लाये, ता पर मखमल गदी बिछाये ॥०६॥

ता पर श्वेत ओछार औछारा, उपबर्हन उसीसे डारा ॥
बैठे आयके सुखनिधि स्वामी, धर्मकुंवर वर अंतरजामी ॥०७॥

પ્રભુ શ્રીઘનશ્યામ હરિને ભજતા હતા. ૨. કણબી ભક્તોમાં લાલાભાઈ, જીજીભાઈ, વ્રજલાલભાઈ, ખુશાલભાઈ, ગિરધરભાઈ અને બેચરભાઈ વગેરે ધર્મકુંવર નાથ જગદીશ શ્રીહરિનું ભજન કરતા હતા. ૩. સુતારોમાં કલ્યાણભાઈ, ગંગારામભાઈ અને ગોપાળભાઈ આદિક ઘણા હરિભક્તો પ્રગટ ભગવાન શ્રીહરિને ભજતા હતા. ૪. શ્રીહરિના ચરણોમાં દૃઢ નિષ્ઠાવાળા આ બધા હરિભક્તો ધર્મપુત્ર શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુ દર્શન કરી, પ્રણામ કરી, ચરણમાં મસ્તક નમાવીને અતિશય સુખ પામ્યા. ૫. હાથ જોડીને સહુ મધુર વાણી બોલ્યા કે 'સુખદાયક પ્રભુ ! આપે અમારા ઉપર ઘણી મોટી કૃપા કરી છે.'

પછી શ્રીહરિને માટે એક સારો શુદ્ધ પલંગ લઈ આવ્યા અને તેના ઉપર મખમલની ગાદી બિછાવી દીધી. ૬. તેના ઉપર સફેદ ઓછાડ ઓછાડ્યો. તકિયા તથા ઓશીકાં મૂક્યા. પછી ધર્મકુંવર, અંતર્યામી, શ્રેષ્ઠ સુખનિધિ આવા શ્રીસહજાનંદ સ્વામી ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. ૭. ત્યાં ઘણી જાતના બિછાનાઓ બિછાવ્યા હતા. તેમાં વર્ણી

बहुत भाँति बिछोना बिछाया, उतरे बर्नि संत समुदाया ॥
लाये रसवतीकर सामाना, भाजी तर्कारी आदी बिधि नाना ॥०८॥
रसवती करन कहो महाराजा, बर्नि संतका गरीबनिवाजा ॥
हयका अन्न तृन बहुबिधि दीना, सब बिधि हरिजन सेवा कींना ॥०९॥
किंन बर्नि मुनि तरत रसोई, ईच्छाराम उठे मुद होई ॥
ईनहुं भोजन सरस बनावा, बर्नि हरिका बोलावन आवा ॥१०॥
जेंवन काज उठो अविनासी, भई रसोई सुंदर सुखरासी ॥
उठे नाथ कर ले रुमाला, चलत ललित गति दीनदयाला ॥११॥
पहिरी पादुका लटकत आवे, जनकर नेन प्रान ललचावे ॥
कनक पिठ पर आई बिराजे, कोटी मदन छबी निर्खि लाजे ॥१२॥
करी स्नान पट पहिरी पीरा, ओढी दुपटा परम रुचीरा ॥
कनक चौकी पर बैठे आई, धर्मात्म निजजन सुखदाई ॥१३॥

તથા સંતોના સમુદાયે ઉતારો કર્યો. તે હરિભક્તોએ રસોઈનો બધો સામાન અને શાકભાજી આદિક અનેક પ્રકારની વસ્તુઓ લાવી આપી. ૮. પછી હરિભક્તોએ શ્રીહરિને કહ્યું કે 'ગરીબનિવાજ મહારાજ ! સંતો તથા વર્ણીઓને રસોઈ કરવાનું કહો. અશ્વ માટે ઘાસ ચંદી ઘણી જાતની લાવી આપી છે.' આ રીતે હરિભક્તોએ ઘણી રીતની સેવા કરી. ૯.

પછી વર્ણી તથા સંતોએ તરત જ રસોઈ તૈયાર કરી અને ઈચ્છારામજીભાઈ પણ પ્રસન્ન મનથી ઊઠ્યા. તેમણે સરસ ભોજન તૈયાર કર્યાં, ત્યારે મુકુંદ વર્ણી શ્રીહરિને બોલાવવા માટે આવ્યા, ૧૦. 'હે અવિનાશી ! આપ જમવા માટે ઊઠો. હે સુખરાશિ ! સુંદર રસોઈ તૈયાર થઈ છે.' તે વખતે દીનદયાળુ હાથમાં રૂમાલ લઈને ઊભા થયા અને સુંદર ગતિથી આગળ ચાલતા થયા. ૧૧. ચરણમાં ચાખડીઓ પહેરીને જ્યારે લટકંતી ચાલથી આવતા હતા ત્યારે ભક્તજનોના નેત્ર અને પ્રાણને લલચાવતા હતા. જ્યારે આવીને સોનેરી બાજોઠ ઉપર બેઠા ત્યારે તે સમયની શોભા જોઈને કરોડો કામ પણ લજ્જિત થઈ

आई बिलोकत जन चहुं पासा, नारायन जेंवत अविनासा ॥
निरखत भक्त दृष्टि नही चोरे, लगी प्रीत ज्युं चंद चकोरे ॥१४॥

दोहा : बिंजन बिविधि प्रकार प्रभु, जेवत क्रिपा निधान ॥
पय पक्व घृत पक्व अति, जेवत श्याम सुजान ॥१५॥

दूधपाक पूरी बरा, लुचई सरस तर्कारी ॥
रुची जेवत भक्तिपति, परम पुरुष अवतारी ॥१६॥

सोरठा : धर्मात्मज अविनाशी, जेंये जीवन अघाई हरि ॥
सुप ओदन सुखरासी, पय मिश्रि ओदन रुचीर ॥१७॥

अचवन करी कीर्तार, बैठे आई हरि पलंग पर ॥
दीन प्रसादी थार, संतनको सुखकर सदन ॥१८॥

ગયા. ૧૨. સ્નાન કર્યા પછી સુંદર પીતાંબર પહેર્યું અને એક ઘણો સુંદર દુપટો ઓઢ્યો. પછી ભક્તજનોને સુખ આપનારા ધર્મપુત્ર શ્રીહરિ સોનાના બાજોઠ ઉપર આવીને બેઠા. ૧૩. સહુ ભક્તજનો ચારેય બાજુ ઊભા રહીને દર્શન કરતા હતા. ત્યારે અવિનાશી પ્રભુ નારાયણ જમવા લાગ્યા. **જ્યારે ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરતા હતા ત્યારે પોતાની દૃષ્ટિને પાછી ખેંચતા નહિ અને ચકોરને જેમ ચંદ્રમાં પ્રીતિ હોય તેવી સહુને પ્રીતિ લાગેલી હતી.** ૧૪.

કૃપાનિધાન પ્રભુ જાત જાતનાં વ્યંજનોને જમવા લાગ્યા. તેમાં દૂધમાં પકાવેલ તથા ઘીમાં પકાવેલ આવા ભોજનોને શ્યામ સુજાણ અતિશય જમતા હતા. ૧૫. દૂધપાક, પોચી પૂરી, વડાં, સુંદર શાક; એ બધી વસ્તુઓને ભક્તપતિ, પરમ પુરુષ, સર્વાવતારી શ્રીહરિ રુચિ પ્રમાણે જમતા હતા. ૧૬. ભક્તજનોના જીવન જેવા અવિનાશી ધર્મપુત્ર શ્રીહરિ તૃપ્તિ થાય તેટલું જમ્યા. પછી સુખરાશિ શ્રીહરિ દાળ, ભાત અને સાકર નાંખેલા દૂધ ભાતને સરસ રીતે જમ્યા. ૧૭. સર્વ જગતના કર્તા અને સહુના સુખના આધારભૂત આવા શ્રીહરિએ ચળું કરી, જળપાન

चोपाई :

जेंयेउ बर्नि संत सुजाना, मोदकादि बहु बिधि पकवाना ॥
अश्वारुढ पदाति दासा, जेंये सबहि होई हुलासा ॥१९॥
अचवन करी हरि पास बिराजे, बेष्टित भगन ईन्दु ईमि छाजे ॥
आये पुरकर भक्त अमिता, पूजे हरिकर प्रीत बिनीता ॥२०॥
चंदन पुष्प धूप करी दीपा, अखिल भुवन पति पूजे अधीपा ॥
यथा प्राप्त पट भुषन लाये, परम प्रीत प्रभुको पहिराये ॥२१॥
रहे यामिनी श्रीमहाराजा, कींन गान मिली संत समाजा ॥
तबले सारंगी तंबुर बजाई, स्वर सुताल जुक्त हरि जस गाई ॥२२॥
संत संग गावत मुनिनाथा, मुदित भये सुनी निज गुनगाथा ॥

કર્યું અને પછી આવીને પલંગ ઉપર બેઠા. તે સમયે થાળની પ્રસાદી સંતોને આપી. ૧૮.

વર્ણી અને સુજ્ઞ સંતો લાડુ ઈત્યાદિક ઘણી જાતના પકવાન જમ્યા. ઘોડેસવારો તથા પાર્ષદો વગેરે બધા રાજી થઈને જમ્યા. ૧૯. જળપાન કરીને સહુ શ્રીહરિની પાસે આવીને બેઠા. ત્યારે નક્ષત્રગણથી વીંટાયેલ ચંદ્રમા શોભે તેમ શ્રીહરિ શોભતા હતા. તે સમયે શ્રીહરિને વિષે પ્રેમવાળા અને વિનયી એવા ગામના અપાર હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૨૦. ચંદન, પુષ્પ, ધૂપ, દીપ આદિક પદાર્થોથી સર્વ જગતના નાથ અને સર્વાધીશ એવા પ્રભુને પૂજ્યા. સમય પ્રમાણે મળેલાં વસ્ત્ર અને આભૂષણો લાવ્યા હતા, તે ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. ૨૧.

શ્રીહરિ ત્યાં રાત રહ્યા ત્યારે બધા સંત સમાજે મળીને કીર્તન ગાયા. તેમાં ઢોકડ, સારંગી, તંબૂર ઈત્યાદિક વાજિંત્રોને સ્વર અને તાલની સાથે વગાડ્યા અને શ્રીહરિનો યશ ગાયો. ૨૨. તે **કીર્તન ગાનારા સંતોની સાથે મુનિનાથ પોતે પણ ગાતા હતા. અને પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણના ગુણવાળા એવા પોતાના મહિમા સભર કીર્તન સાંભળીને પોતે ઘણું રાજી**

बित गई रेन प्रात भया आई, कीं‍न तैयारी सुर मुनिराई ॥२३॥
बर्नि संत पदाति तोरंगा, आये नाथ करी परम उमंगा ॥
गाम मेलाव महाप्रभु आये, सुनी खबर हरिजन उठी धाये ॥२४॥
भक्त कृशिरत कुंनबी अनूपा, खुशाल कानजी भजे सुखरूपा ॥
भक्त अजुजि मनोहर जीजी, जेसंग पुंजा भजत प्रभु रीझी ॥२५॥
बनीक बेनी पितांबर दासा, भजे नारायन तजी जग आसा ॥
ईन आदिक जन अगनीत आये, प्रभु पद परसी आनंद पाये ॥२६॥
सुंदर सर तट उतरे स्वामी, अखिल लोकपति अंतरजामी ॥
गुप्तदोर्क खट्टा जन लाये, उदंबर तरु तर बिछाये ॥२७॥
उपबर्हन ओछार पुनिता, सेजबंद बांधे शुद्ध चिता ॥

થયા. રાત વીતી અને સવાર થયું ત્યારે સુરમુનિના નાથ રાજાધિરાજ શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. ૨૩.

❈ મહેળાવમાં કરેલી મહારાજની મનભાવન લીલા :

સંતો, વર્ણી, પાર્ષદો અને ઘોડેસવારો સાથે મહાપ્રભુ નાથ શ્રીહરિ ઘણા ઉમંગથી ચાલ્યા તે **મહેળાવ** ગામ આવ્યા. શ્રીહરિ પધાર્યાના સમાચાર સાંભળીને બધા હરિભક્તો ઊઠીને દોડી આવ્યા. ૨૪. ત્યાંના કણબી ખેડૂત અનુપમ ભક્ત ખુશાલભાઈ અને કાનજીભાઈ હતા, તે સુખરૂપ શ્રીહરિને ભજતા હતા. તે સિવાયના ભક્ત અજુજી, મનોહરભાઈ, જીજીભાઈ, જેસંગભાઈ અને પૂંજાભાઈ શ્રીહરિને પ્રેમથી ભજતા હતા. ૨૫. વણિક ભક્તોમાં વેણીભાઈ પીતાબંરદાસ વગેરે જગતના સુખની આશા છોડી દઈને ભગવાન શ્રીહરિનું ભજન કરતા હતા. આ કહ્યા તે બધા અગણિત ભક્તજન આવ્યા અને શ્રીહરિના ચરણનો સ્પર્શ કરી ખૂબ જ આનંદ પામ્યા. ૨૬. અખિલલોકપતિ, અંતર્યામી સ્વામી શ્રીહરિ મહેળાવમાં તળાવને કિનારે ઊતર્યા. ભક્તજનો દોરી ભરેલો એક ખાટલો લાવ્યા અને તે ઉંબરાના વૃક્ષની નીચે બિછાવ્યો.

सजी सेज सुंदर सुखदाई, आई बिराजे अमर मुनिराई ॥२८॥
बर्नि संतही लाये बिछोना, अश्ववान हित परम सलोना ॥
छतरंजी जाजम रु तरैया, उतरे पदाती अश्विन हर्खैया ॥२९॥
लाये रसवतीकर सामाना, हरिजन हरखी भये गुलताना ॥
धन्य भाग्य धनघरी दिन आज्यु, हमरे भूवन आये महाराज्यु ॥३०॥
दोहा : ब्रह्मधाम मंहि मुक्त मिली, पूजत अंघ्रिसरोज ॥
पुनि गौलोकमें गोपीगन, ललित पद अंभोज ॥३१॥
श्वेतद्वीप मंहि श्वेतजन, ईछत यह प्रभु रूप ॥
बद्रिआश्रम बासी जन, अहोनिस ईछत अनूप ॥३२॥
सोरठा : और देव मुनि राउ, भव ब्रह्मादिक त्रियन जुत ॥

---

૨૭. શુદ્ધ ચિત્તના હરિભક્તોએ ઓશિકા, ધોયેલા ઓછાડ વગેરે બિછાવીને સેજબંધ બાંધ્યા. સુખદાયક સુંદર શૈયા જ્યારે તૈયાર કરી ત્યારે સુરમુનિના રાય શ્રીહરિ ત્યાં આવીને વિરાજમાન થયા. ૨૮. સંતો તથા વર્ણીને માટે બિછાના લાવ્યા. ઘોડેસવારોને માટે અતિશય સુંદર શતરંજી, જાજમ અને તળાઈ લાવ્યા ત્યારે પાર્ષદો અને અશ્વ સવારો ખૂબ જ રાજી થયા. ૨૯.

બધા હરિભક્તો હરખથી ગુલતાન થઈને રસોઈનો સામાન લાવ્યા. તેઓ એમ માનતા હતા કે 'આજે ધન્ય ભાગ્ય ધન્ય ઘડી છે કે અમારે ઘેર મહારાજાધિરાજ શ્રીહરિ પધાર્યા છે. ૩૦. **અક્ષરધામમાં બધા મુક્તો મળીને જે શ્રીહરિના આ ચરણકમળની પૂજા કરતા હોય છે અને ગોલોક ધામમાં ગોપીઓના ગણ ભગવાનના આ સુંદર ચરણકમળની પૂજા કરતા હોય છે,** ૩૧. **તેમજ શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્તો આ પ્રગટ પ્રભુનાં સ્વરૂપનાં દર્શનને ઈચ્છતા હોય છે અને બદરિકાશ્રમવાસી ભક્તજનો પણ અહોનિશ આ અનુપમ પ્રત્યક્ષ સ્વરૂપનાં દર્શનને ઈચ્છતા હોય છે.** ૩૨. વળી દેવતાઓ, મુનિવર્યો અને ભવ બ્રહ્માદિક પણ પોતાની

आनी परम उछाउ, यह प्रभु पदरज चहत नीत ॥३३॥
सो प्रभु करुना आनि, कींन दया हम दीन पर ॥
धन्य भाग्य निज मानी, युँ बोलत पुर जन सकल ॥३४॥

चोपाई :

आदि पुरूष ईश्वर अवतारी, धर्मतनय नर वर वपु धारी ॥
बर्नि संत ले सकल समाज्यु, अटन करत मही जन हित काज्यु ॥३५॥
हमसे पतित करन उधारा, दर्स पर्स दे धर्मकुमारा ॥
पत्र पुष्प फलदल अविनासी, करत ग्रहन जन सुखरासी ॥३६॥
अवधिपार प्रभु कहत हे सोई, निगम नेति कहे सो हरि होई ॥
ज्यु बरासकर मूर्ति अनूपा, केवल सुगंधमय सुखरूपा ॥३७॥

પત્નીઓએ સહિત ઘણા ઉત્સાહથી આવીને આ પ્રભુના ચરણની રજને નિત્ય ચાહતા હોય છે. ૩૩. તે પ્રભુએ દીન એવા અમારા ઉપર આજે ઘણી કરુણા કરી છે, **તેથી અમારા ધન્યભાગ્ય છે.'** એમ સર્વ હરિભક્તો બોલતા હતા. ૩૪.

જેને આદિ પુરુષ તથા સર્વાવતારી ઈશ્વર કે પુરુષોત્તમ કહેવાય છે તેઓ ધર્મપુત્રનાં રૂપમાં સર્વોત્તમ આ શરીર ધારણ કરીને વર્ણી તથા બધા સંતોના સમાજને સાથે લઈ અનેક જીવોનું હિત કરવાને માટે આ ભૂમિ ઉપર વિચરણ કરી રહ્યા છે. ૩૫. **ધર્મકુમાર શ્રીહરિ આપણા જેવા પતિત જીવોનો ઉદ્ધાર કરવા માટે દર્શન તથા સ્પર્શ આપી રહ્યા છે.** તેમજ સુખરાશિ એવા તે પ્રભુ આપણા લોકોએ આપેલા પત્ર, પુષ્પ, ફળ, જળને સ્વીકારે છે. ૩૬. જે પ્રભુને અવધિથી રહિત કહેવાય છે, વળી જેને વેદો 'નેતિ નેતિ' કહે છે, તે આ શ્રીહરિ પધાર્યા છે. જેમ કોઈ બરાસની અનુપમ મૂર્તિ કરાવી હોય તો તે કેવળ સુગંધમય અને સુખરૂપ હોય છે. ૩૭. તેવી આ નરાકૃતિ દિવ્ય મૂર્તિ છે એમ સમજો અને તે આ ધર્મપુત્ર શ્રીહરિનું રૂપ છે એમ માનો. આ રીતે ગામના

त्युं यह दिव्य नराकृती जानो, धर्मतनयकर रूप प्रमानो ॥
कहत पर्सपर पुरजन दासा, जीनकर गाम मेंलावा हि बासा ॥३८॥
तदनंतर भई रसवती च्यारु, जेंवन उठे मुनि बर्नि उदारु ॥
श्रीहरि हित श्रीईच्छारामा, भोजन कीन परम गुनधामा ॥३९॥
कहा आई बर्निकर जोरी, उठीये जेंवन धर्मकिसोरी ॥
श्रीस्वामी उठी मज्जन कींना, विद्युत सम पट पहिरी प्रबिना ॥४०॥
ले रूमालकर पहिरी खराउ, चले जेंवन हरि सुर मुनि राउ ॥
खटरस बिंजन सरस बनावा, कंचन थार परोसी लावा ॥४१॥
जेंवत रूची रूची धर्मकुमारा, हरि निज बंधु सहित उदारा ॥
गुर्ज्जर धर कर ओदन सुपा, करत बखान जेंयत मुनि भुपा ॥४२॥

બધા હરિભક્તો પરસ્પર વાતો કરતા હતા કે જેઓ મહેળાવ ગામમાં રહેતા હતા. ૩૮.

તે પછી જ્યારે સુંદર રસોઈ તૈયાર થઈ ત્યારે ઉદાર દિલના સંતો તથા વર્ણી જમવા ઊઠ્યા. આ બાજુ શ્રીહરિને માટે પરમ ગુણધામ ઈચ્છારામજીભાઈએ ભોજન તૈયાર કર્યાં. ૩૯. પછી મુકુંદ બ્રહ્મચારીએ આવીને બે હાથ જોડ્યા અને કહ્યું કે ‘હે ધર્મકિશોર નાથ ! આપ જમવા માટે ઊઠો.’

પછી પરમ પ્રવીણ સ્વામી શ્રીહરિજી ઊઠ્યા, સ્નાન કર્યું અને વીજળીના જેવા ચમકતાં વસ્ત્ર પહેર્યાં. ૪૦. પછી હાથમાં રૂમાલ રાખી, ચાખડીઓ પહેરી, સુરમુનિરાય શ્રીહરિ જમવા માટે ચાલ્યા. છ રસથી પરિપૂર્ણ બધા સરસ વ્યંજન બનાવ્યા હતા. તેનાથી પીરસેલો એક સોનાનો થાળ લાવ્યા. ૪૧.

પછી ધર્મકુમાર શ્રીહરિ પોતાને જે રુચે તે તે પદાર્થને ઉદાર ભાવે બંને ભાઈઓની સાથે જમવા લાગ્યા. મુનિપતિ શ્રીહરિ ગુજરાતની ભૂમિ ઉપર થયેલ ભાત અને દાળને જમતા જમતા તેના વખાણ કરતા હતા.

सोरठा : सब मंगलकर मूल, जेंवन जन आनंद करन ॥
निज रुची अनुकूल, जेई उठे करुना भुवन ॥४३॥

अक्षर कर आधार, कर मुख प्रक्षालन करत ॥
करन पतित भवपार, कैवल्य मूर्ति मनहरन ॥४४॥

दोहा : ले बीरा मुखवास प्रभु, बैठे आसन आई ॥
बर्नि संत सब जेंईके, बैठे सभा बनाई ॥४५॥

हरिजन आये हर्ख जुत, ले पूजाकर साज ॥
प्रेमानंद पूजत भये, धर्मात्मज महाराज ॥४६॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते गुर्ज्जर देशे पिपलाव मेलाव ग्रामें लीला बर्नन नामा अष्टपंचाशत्तमोऽध्याय: ॥५८॥



---

૪૨. સર્વ મંગળનું મૂળ, ભક્તજનોને આનંદ કરનારા અને કરુણાના આધાર આવા શ્રીહરિ પોતાની રુચિ અનુસારે જમીને ઊઠ્યા. ૪૩. જે અક્ષરના પણ આધાર છે, પતિતજનોને પણ સંસારને પાર લઈ જનારા એવા કૈવલ્યમય મનોહરમૂર્તિ શ્રીહરિએ હાથ તથા મુખ ધોયા. ૪૪. પ્રભુ શ્રીહરિએ મુખવાસમાં પાનબીડું લીધું અને પછી આવીને આસન ઉપર બેઠા. તે સમયે બધા વર્ણી તથા સંતો જમીને સભામાં બેઠા. ૪૫.

પ્રેમાનંદ સ્વામી કહે છે કે ઘણા હરખથી યુક્ત બધા હરિભક્તો પૂજાનો સામાન લઈને આવ્યા અને ધર્માત્મજ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજની પૂજા કરવા લાગ્યા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ગુજરાતમાં પીપળાવ તથા મહેળાવ ગામમાં શ્રીહરિની લીલા કહી' એ નામે અઠ્ઠાવનમો અધ્યાય સમાપ્ત-૫૮



अध्याय - ५९

दोहा : अगरु धूप करी दीप घृत, चंदन चर्ची भाल ॥
दे बिंदा काश्मिरकर, निर्खत बदन बिसाल ॥०१॥
सरस सुगंधी सुमनकर, पहिराये उर हार ॥
अंगद कंकन शेखर, पहिरावत करी प्यार ॥०२॥

सोरठा : लाल साल कर जोरी, ओढाई हरिजन सरस ॥
निर्खत चंद ज्युं चकोरी, तृप्ति न पावत जन नयन ॥०३॥
करत निराजन दास, जय जय धूनि करताल जूत ॥
लिखी प्रेम अविनास, दीन हार हरिकृष्ण प्रभु ॥०४॥

चोपाई :
जोरी पानी करी बिनय सुजाना, करी प्रनाम जन भये गुलताना ॥

અધ્યાય - ૫૯

વડતાલમાં શ્રીહરિની લીલાનું વર્ણન

પૂજા કરનારા ભક્તોએ શ્રીહરિના લલાટમાં ચંદનની અર્ચા કરી, અગરુનો ધૂપ કર્યો, ઘીનો દીવો પ્રગટાવ્યો અને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી શ્રીહરિનું વિશાળ રૂપયુક્ત મુખ નીરખવા લાવ્યા. ૧. વળી સુગંધી ફૂલના હાર છાતી ઉપર પહેરાવ્યા. ફૂલના બાજુબંધ, કંકણ અને તોરા પણ ઘણા પ્યારથી પહેરાવ્યા. ૨. હરિભક્તોએ લાલ રંગનો એક શાલ જોટો ઓઢાડ્યો. તે વખતે ચકોર પક્ષી જેમ ચંદ્રને નીરખે તેમ દર્શન કરનારા ભક્તોના નેત્રને તૃપ્તિ થાતી ન હતી. ૩. બધા હરિભક્તોએ હાથની તાળી પાડીને જય જય ધ્વનિની સાથે આરતી ઉતારી. અવિનાશી હરિકૃષ્ણ પ્રભુએ તે બધા ભક્તજનોનો પ્રેમ જોઈને તેમને પ્રસાદીના હાર આપ્યા. ૪. પછી તે સુજ્ઞ હરિભક્તોએ બંને હાથ જોડી સ્તુતિ કરી અને પ્રણામ કર્યા. પૂજા કરવાથી બધા હરિભક્તો આનંદથી ગુલતાન થઈ ગયા. પછી સંસારથી મુક્તિ આપનારા ભગવાન શ્રીહરિ તૈયાર થઈને

चले भवमोचन करी तैयारी, सजी बाजी हरि करी असवारी ॥०५॥
मुनिगन बर्नि पदाति संगा, सोहत सरस छबी श्रीरंगा ॥
आये वृतपुरी वर स्वामी, सहजानंद हरि अंतरजामी ॥०६॥
सुनी खबर वृत्तालय मंहिया, हरिजन प्रेमकी बने न कहिया ॥
हरिजन उर भर प्रेम उमंगा, भुषन बसन सजे शुभ अंगा ॥०७॥
सजी सामैया लेई समाजा, कनक निसान बहुत ले बाजा ॥
पणव दुंदुभि गोमुख भैरी, सिंगि शरनाई स्वर गैहैरी ॥०८॥
त्रांसा डफ रु झांझ मृदंगा, निकसे बजावत परम उमंगा ॥
वृत्तालय हरिजन करनामा, परम पुनित सकल गुनधामा ॥०९॥
कृशिकर्म रत परम सुजाना, कुंनबी भक्त भजत भगवाना ॥
बापुजी बेचर रनछोरा, दाजी जेसंगभाई जोरा ॥१०॥

ચાલ્યા. ત્યારે અશ્વ ઉપર સવારી કરી. ૫. સંતો, વર્ણી અને પાર્ષદોની સાથે શ્રીરંગ પ્રભુની છબી સરસ સોહામણી લાગતી હતી.

અંતર્યામી સર્વોત્તમ શ્રીસહજાનંદ સ્વામી આગળ ચાલતા ચાલતા **વડતાલ** પહોંચવા આવ્યા. ૬. શ્રીહરિ વડતાલ પધારે છે એવી ખબર હરિભક્તોએ સાંભળી ત્યારે તેમના પ્રેમની વાત તો કહી શકાતી નથી. પ્રેમી હરિભક્તોએ ઘણા ઉમંગથી પોતાનાં શરીર ઉપર સારાં વસ્ત્ર આભૂષણ આદિક સજ્યા. ૭. બધો સમાજ લઈ અને સામૈયું તૈયાર કર્યું. સોનાના નિશાનો અને ઘણાં વાજિંત્રો લીધાં. પણવ, દુંદુભિ, ગોમુખ, ભેરી, રણશિંગી, સારા સ્વરવાળી શરણાઈ, તાસા, ડફ, ઝાંઝ અને મૃદંગ વગેરે વાજિંત્રોને વગાડતા સહુ હરિભક્તો અતિશય ઉમંગથી સામે જવા માટે નીકળ્યા. વડતાલના સમગ્ર ગુણનાં ધામ જેવા હરિભક્તોનાં નામ ઘણા પવિત્ર છે. ૮-૯.

❃ પાપને ટાળનારા વડતાલવાસી ભક્તોનાં નામ :

ખેતીનું કામ કરનારા, સારી સમજણવાળા એવા કણબી હરિભક્તો શ્રીહરિનું ભજન કરતા હતા. તેમાં બાપુજીભાઈ, બેચરભાઈ,

मूलजी राईजी दादाभाई, उभय भाईजी भजे हरिराई ॥
नर्सैं नरोत्तम पुनि कानदासा, डुंगर दलो भजे अविनाशा ॥११॥
सांवल धोरि पुनि हरिभाई, मिठालाल प्रगट गुनगाई ॥
धरा अमर बनमालि एका, भजत धर्मसुत अविचल टेका ॥१२॥
नारायनगर बावा जानो, भजत हरि तजि लाज सयानो ॥
भक्त किरात भजत घनशामा, जोबन सुंदरवर गुनधामा ॥१३॥
खोरा जुसा बखता कहिये, जगा भवान रु जखता लहीये ॥
उज्जम अमरा आदि किराता, भजत सकल मिली सुरमुनि नाथा ॥१४॥
दोहा : सुत्रधार बेचर रघा, ठक्कर उकादास ॥
भक्त सवा आदिक शुभ, वृत्तपुरि मंहि बास ॥१५॥
ईन आदिक हरिभक्त सब, निकसे परम हुलास ॥

રણછોડભાઈ, દાજીભાઈ અને બળિયા જેસંગભાઈ, મૂળજીભાઈ, રાયજીભાઈ, દાદાભાઈ, બંને ભાયજીભાઈ, આ બધા શ્રીહરિનું ભજન કરતા હતા. તેમજ નરસિંહભાઈ નરોત્તમભાઈ, કાનદાસભાઈ, ડુંગરશીભાઈ અને દલાભાઈ અવિનાશી શ્રીહરિનું ભજન કરનારા હતા. ૧૦-૧૧. શામળભાઈ, ધોરીભાઈ, હરિભાઈ અને મીઠાલાલ, પ્રગટ શ્રીહરિના ગુણ ગાનારા હતા તથા બ્રાહ્મણોમાં એક વનમાળીભાઈ અચળ ટેક ધારીને ધર્મપુત્ર શ્રીહરિનું ભજન કરતા હતા. ૧૨.

નારાયણગિરી નામે એક અતિત હતા, તે ઘણા સમજણા હતા અને દુનિયાની લાજ શરમ છોડીને શ્રીહરિનું ભજન કરતા હતા. વળી બીજા જોબન પગી અને સુંદર પગી ઘણા ગુણવાન ભક્ત હતા. તે ઘનશ્યામ પ્રભુનું ભજન કરતા હતા. ૧૩. ખોડા પગી, જુસા પગી, વખતા પગી, જગા પગી, ભવાન પગી, જખતા પગી, ઉજમ પગી અને અમરા પગી ઈત્યાદિક બધા ભેળા મળીને સુરમુનિનાથ શ્રીહરિનું ભજન કરતા હતા. ૧૪. સુતારોમાં બેચરભાઈ, રઘાભાઈ હરિભક્ત હતા. ઉકાદાસ નામે ઠક્કર હતા. તે સિવાય સવા ભક્ત આદિક હરિભક્તો પણ શુભ

ज्युं चात्रुक चित्त लागी रही, हरि दर्सकी प्यास ॥१६॥

सोरठा : आवत देंखे नाथ, वर वाजीनकर नीकर मंहि ॥
बर्नि संत सब साथ, सोहत शोभाधाम सकल ॥१७॥

बाजा बहुत प्रकार, बजावत होत हे तुमल रव ॥
हरिजन हर्खे अपार, करत हे उत्सव मुदित मन ॥१८॥

चोपाई :
आये निकट वर धर्मकुमारा, निर्खि नाथ प्रफुल्लित दृग तारा ॥
परे दंडवत किंन प्रनामा, हरिजन सकल मिली गुनधामा ॥१९॥

पर्सि चरन पहिरावत हारा, सरस सुमनकर भक्त अपारा ॥
लिन हार सबकर श्रीस्वामी, श्रीफल आदिक अंतरजामी ॥२०॥

વડતાલ ગામમાં રહેતા હતા. ૧૫. ઉપર કહેલા બધા હરિભક્તો ઘણા ઉત્સાહથી **વડતાલ** ગામ બહાર સામૈયું લઈને નીકળ્યા. **ચાતક પક્ષીને સ્વાતિના જળની જેવી પ્યાસ રહેતી હોય છે, તે રીતે આ સહુ હરિભક્તોને શ્રીહરિનાં દર્શનની પ્યાસ હતી.** ૧૬. સારા અશ્વોના સમુદાયની વચ્ચે ચાલ્યા આવતા શ્રીહરિનાં સહુએ દર્શન કર્યાં. તેમની સાથે સમગ્ર શોભાનાં ધામ જેવા બધા વર્ણી તથા સંતો પણ સોહામણા લાગતા હતા. ૧૭. અનેક જાતનાં વાજિંત્રો વાગતાં હતાં, તેનો તુમુલ ધ્વનિ થઈ રહ્યો હતો. હરિભક્તોનાં હૃદયમાં અપાર હરખ હતો અને તે પ્રસન્ન મનથી ઉત્સવ કરતા હતા. ૧૮. જ્યારે સર્વોત્તમ નાથ ધર્મકુમાર નજીક આવ્યા ત્યારે સહુની આંખોના તારા એકદમ પ્રફુલ્લિત થઈ ગયા.

❁ વડતાલવાસી ભક્તોએ કરેલું શ્રીહરિનું ભવ્ય સામૈયું :

ગુણનાં ધામ જેવા બધા હરિભક્તોએ મળીને શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યાં. ૧૯. તે સહુ અપાર ભક્તોએ ચરણ સ્પર્શ કરીને સરસ ફૂલના જે હાર હતા તે પહેરાવ્યા અને અંતર્યામી સ્વામી શ્રીહરિએ સહુના હાર તથા શ્રીફળ આદિક ભેટ લીધી. ૨૦. બધા હરિભક્તો જે કાંઈ ફળ, પત્ર,

फल दल पत्र कंद जन लाये, सो सब लीन हरि हर्खाये ॥
बाजत गाजत चले प्रवीना, फरकत कनक निसान नवीना ॥२१॥
होत भुशंडी घोर प्रचंडा, अवनि नभ गर्जत ब्रह्मंडा ॥
हनत दुंदुभि जन हर्खाई, शब्द रहा दस दिशी मंहि छाई ॥२२॥
भई भिर जनकी चहुं पासा, उडी गर्द छायो आकासा ॥
पहुंचि गर्द रवि रथमांई, अश्व सप्त रहा मुख अंजाई ॥२३॥
खेचर भूचर भूले पंथा, अटकी रहे नारी निज कंथा ॥
तम आव्रित दृगीश्वर देखी, सुरमन संभ्रम भया विशेखी ॥२४॥
भुचर जन दृग परे न देखा, उडी गर्द अस सघन विशेखा ॥
ले नक्तक करमें सुखकंदा, किंन आछादन बदन सुचंदा ॥२५॥

કંદ આદિક લાવ્યા હતા, તે બધી વસ્તુને શ્રીહરિએ ઘણા હરખથી લઈ લીધી. પરમ પ્રવીણ શ્રીહરિ વાજતે ગાજતે ચાલ્યા. આગળના ભાગમાં નવીન સોનેરી નિશાન ફરકતા હતા. ૨૧. વળી બંદૂકના પ્રચંડ અવાજો થતા હતા અને તેનાંથી ભૂમિ, આકાશ અને બ્રહ્માંડ ગાજતું હતું. લોકો હરખથી દુંદુભિ વગાડતા હતા. તેનો અવાજ દશે દિશાઓમાં છવાઈ રહ્યો હતો. ૨૨.

ચારે બાજુ ભક્તજનોની ઘણી ભીડ થઈ હતી. ધૂળની ડમરીથી આકાશ ઢંકાઈ ગયું હતું. તે ડમરી સૂર્યના રથ સુધી પહોંચી અને તેના સાતેય અશ્વનાં મુખ અંજાઈ ગયા. ૨૩. આકાશ અને ભૂમિ ઉપર ફરનારા દેવતાઓ અને મનુષ્યો વગેરે પોતપોતાના માર્ગને ભૂલી ગયા અને સ્ત્રીઓ પણ પોતાના પતિ પાસે અટકી રહી. તે ડમરીના અંધારામાં ઘેરાઈ ગયેલા સૂર્યને જોઈને ખાસ કરીને દેવતાઓનાં મનમાં પણ ભ્રમ પેદા થયો. ૨૪. જમીન ઉપર ફરનારા મનુષ્યોને આંખ આગળ પડેલી વસ્તુ દેખાતી નહિ. આટલી બધી ઊડેલી ધૂળની ડમરી અતિશય ઘાટી થઈ હતી. તે સમયે સુખનાં મૂળરૂપ શ્રીહરિએ પોતાના હાથમાં રૂમાલ

सजल जलदवत रज रई छाई, चमके तडित वत हरि ता मांई ॥
यह प्रकार छबी बनी अथाहा, चक्रित भये अज भव सुरनाहा ॥२६॥
बरखत सुमन गगन सुर छाये, निज त्रिया सहित विलोकन आये ॥
हनत दुंदुभि निरजर देखी, नाचत नभ सुर त्रिया विशेखी ॥२७॥
तेहि अवसर प्रभु पूरनकामा, अति प्रताप जनको अभिरामा ॥
देखावत प्रभु आश्चर्यकारी, रूप विलोकी थकीत नरनारी ॥२८॥
दोहा : कोटी अर्क सम तेज तन, प्रगट किंन किर्तार ॥
अमरवृंद लिखि थकित भये, अद्‌भूत रूप निहार ॥२९॥
भूचर खेचर चित्रवत, परत नाहि दृग मेख ॥
रूप छटा निर्खत ललित, चंद चकोर ज्युं देख ॥३०॥

રાખીને મુખચંદ્રને ઢાંકી દીધું હતું. ૨૫. જળ ભરેલાં વાદળાના જેવી રજ ચારે બાજુ છવાઈ ગઈ ત્યારે તેની વચ્ચે શ્રીહરિ વીજળીની જેમ ચમકતા હતા. આ રીતે શ્રીહરિની જ્યારે અથાગ શોભા થઈ ત્યારે બ્રહ્મા, શિવજી અને દેવરાજ ઇન્દ્ર પણ ચકિત થઈ ગયા હતા. ૨૬. સ્ત્રીઓની સાથે દર્શન કરવા આવેલા અને આકાશમાં છવાઈ ગયેલા દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. બધા દેવતાઓ શ્રીહરિનાં દર્શન કરીને દુંદુભિ વગાડવા લાગ્યા અને ખાસ કરીને દેવાંગનાઓ આકાશમાં નૃત્ય કરવા લાગી. ૨૭.

તે સમયે પૂર્ણકામ સર્વોપરિ શ્રીહરિએ પોતાનો અતિશય મનોહર પ્રતાપ લોકોને દેખાડ્યો. સમર્થ મૂર્તિ શ્રીહરિ જે આશ્ચર્યકારી પ્રતાપ દેખાડે છે તેને જોઈને નરનારી બધા વિસ્મિત થતા હતા. ૨૮. સર્વ કર્તા શ્રીહરિએ કરોડો સૂર્યના સમાન તેજ પોતાનાં સ્વરૂપમાં પ્રગટ કર્યું. તે તેજમાં શ્રીહરિના અદ્‌ભુત સ્વરૂપને નિહાળીને દેવતાઓનો સમુદાય પણ આશ્ચર્યચકિત થયો. ૨૯. તે વખતે જમીન ઉપર ચાલનારા મનુષ્યો અને આકાશમાં ફરનારા દેવતાઓ, એ બધાં ચિત્ર જેવા થઈ ગયા. તેમની

सोरठा : हरि ज्युं हरे मन प्रान, एक काल नरनारी कर ॥
लोह ज्युं चमक पाषान, सहज गुन हरि मूर्तिकर ॥३१॥
उभय घटि परयंत, भये चित्रवत्त सकल जन ॥
तन शुध तजी अत्यंत, लीन भये प्रभु रूप मंहि ॥३२॥

चोपाई :
आये परम पुरुष पुर मंहिया, तेहि अवसर छबी बने न कहिंया ॥
मनहुं अर्क निज पुर प्रवेशा, बालखिल्य ऋषि सहित दृगेशा ॥३३॥
युँ श्रीहरि मुनि वृंद समेता, आये पुर मंहि मुक्त निकेता ॥
हरिजन हर्खि दीन निवासा, दिर्घ हर्म्य मंहि हरि करी बासा ॥३४॥
वरशाला मंहि परम पुनिता, बर्नि संत उतरे शुध चित्ता ॥

આંખના મટકાં પણ પડતા નહિ. તે સહુ શ્રીહરિનાં સુંદર રૂપની છટાને, જેમ ચકોર ચંદ્રને જૂએ તેમ દેખતા હતા. ૩૦. જેમ ચમક પાષાણ લોહને ખેંચે છે તેમ શ્રીહરિએ એકીસાથે બધા નરનારીઓનાં મન અને પ્રાણને પોતાની મૂર્તિમાં ખેંચી લીધા. કારણ કે શ્રીહરિની મૂર્તિનો આ સ્વાભાવિક ગુણ હતો. ૩૧. આમ **બે ઘડી સુધી બધા મનુષ્યો ચિત્ર જેવા થઈ ગયા અને પોતાનાં શરીરનું ભાન ભૂલી જઈને પ્રભુ શ્રીહરિનાં રૂપમાં તલ્લિન થઈ ગયા હતા.** ૩૨. પરમ પુરુષ પ્રભુ શ્રીહરિ **વડતાલપુર**માં પ્રવેશ્યા તે વખતે તેમની સુંદર છબી એટલી શોભતી હતી કે જે કહી શકાતી નથી. માનો, નેત્રના દેવ સૂર્ય, વાલખિલ્યાદિક ઋષિઓએ સહિત પોતાનાં ગામમાં આવ્યા ન હોય ! ૩૩.

❁ વડતાલમાં વાલમજીનાં વહાલ ઉપજાવનાર ચરિત્રો :

આ રીતે શ્રીહરિ મુનિમંડળે સહિત મુક્તના નિવાસ સ્થાન જેવા **વડતાલપુર**માં આવ્યા. સહુ હરિભક્તોએ હરખથી શ્રીહરિને વિશાળ હવેલીમાં ઉતારો આપ્યો. પછી શ્રીહરિએ તેમાં નિવાસ કર્યો. ૩૪. શુદ્ધ મનના અને પરમ પવિત્ર વર્ણી તથા સંતો ધર્મશાળામાં ઊતર્યા અને

सरस स्वच्छ घोडशाला मांई, अश्वारुढ उतरे तहाँ जाई ॥३५॥
पुनि पदाति सब आयुध धारी, हरि समिप उतरे भयहारी ॥
सबको स्वच्छ उतारा दीना, सब प्रकार सेवकाई कीना ॥३६॥
बैठे नाथ शुभ सभा बनाई, निर्खत प्रभुको सब जन आई ॥
बिविधि भाँति बाजिंत्र बजाई, करत गान मुनि गुनी हर्खाई ॥३७॥
लावत कंदमूल फल नाना, धरत भेट हरि आगे सुजाना ॥
आनत सरस सुमनकर हारा, पूजत जन प्रभुको करी प्यारा ॥३८॥
आसपास कर गामके दासा, नारी पुरुष दृग दर्शकी प्यासा ॥
आवत हर्ख सहित हुलसाई, लगी हे प्रीत प्रभु चरननमांई ॥३९॥
निर्खि नाथ छबी होत आनंदा, ज्युं चकोर चितवत हे चंदा ॥
पुरवासी हरिजन करजोरी, बोले बानी सुधा रसबोरी ॥४०॥

સારી સ્વચ્છ ઘોડશાળામાં બધા ઘોડેસવારો ઊતર્યા. ૩૫. વળી જે બધા હથિયાર ધારી પાર્ષદો હતા તે ભયને હરનારા શ્રીહરિની સમીપે ઊતર્યા. સહુને સારા સ્વચ્છ ઉતારા આપ્યા અને તેમની બધી રીતે સેવા કરી. ૩૬. પછી નાથ શ્રીહરિ સુંદર સભા બનાવીને બેઠા અને તેમાં આવેલા બધા ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા.

તે સમયે ગુણવાન સંતો હરખથી વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડીને કીર્તન ગાન કરવા લાગ્યા. ૩૭. સુજ્ઞ હરિભક્તો જાત જાતના કંદ, મૂળ, ફળ વગેરે લાવીને શ્રીહરિની આગળ ભેટ ધરતા હતા. વળી સારા સુગંધી ફૂલના હાર લાવતા હતા અને પ્યારથી પ્રભુ શ્રીહરિની પૂજા કરતા હતા. ૩૮. આસપાસના ગામના હરિભક્ત સ્ત્રી પુરુષોને શ્રીહરિનાં દર્શનની પ્યાસ રહેતી હતી, તેથી તે બધા ઘણા હરખથી ઉત્સાહ પૂર્વક આવતા હતા. તે સહુને એક શ્રીહરિના ચરણોમાં જ પ્રીતિ લાગેલી હતી. ૩૯. ચંદ્રને દેખીને ચકોરને જેમ આનંદ થાય તેમ આવેલા તે બધા ભક્તોને શ્રીહરિની છબી જોઈને અતિ આનંદ થાતો હતો.

रसवतीकर सामग्री सुं आना, कंद रु फल शाकादिक नाना ॥
बर्नि संतको आग्या दीजे, सिघ्र बने भोजन सोई कीजे ॥४१॥
आप काज ज्यो करे रसोई, करउ आग्या तिनको मुद होई ॥
बर्नि संतको कहा क्रिपाला, करउ रसोई बर्नि मराला ॥४२॥
दोहा : उठे ईच्छाराम द्विज, रसवती करन सुजान ॥
करन लगे बिंजन सरस, धर्मपुत्र गुनवान ॥४३॥
परम चतुर ब्रह्मच्यारी मुनि, किन सुपाक तैयार ॥
बिंजन बहुत प्रकारके, घृत पक्वादि अपार ॥४४॥
सोरठा : किंनि ईच्छाराम, सरस रसोई नाथ हित ॥
कितने बरनुं नाम, घृत पय पक्व सुपाक वर ॥४५॥
कहा ब्रह्मचारी आई, भई रसोई सुखकर सदन ॥

પછી વડતાલ ગામના હરિભક્તોએ હાથ જોડ્યા અને અમૃતના રસમાં બોળી હોય તેવી મધુર વાણી બોલ્યા, ૪૦. 'મહારાજ ! રસોઈ બનાવવાને માટે બધી સામગ્રી લાવ્યા છીએ. ફળ, કંદમૂળ, શાક ઈત્યાદિક અનેક વસ્તુ પણ લાવ્યા છીએ. તો આપ વર્ણી અને સંતોને આજ્ઞા કરો કે જો રસોઈ જલદી થઈ જાય તો આપ સહુ ભોજન કરો. ૪૧. અને આપને માટે જે રસોઈ બનાવતા હોય તેમને પણ આપ રાજીપાથી આજ્ઞા કરો.' ત્યારે કૃપાળુ શ્રીહરિએ વર્ણી તથા સંતોને કહ્યું કે 'તમે જલદીથી રસોઈ બનાવો.' ૪૨. પછી સારા સમજદાર, ગુણવાન, ધર્મપુત્ર એવા વિપ્ર શ્રીઈચ્છારામજી રસોઈ બનાવવા ઊભા થયા અને સરસ શાકભાજી તથા ભોજન કરવા લાગ્યા. ૪૩. અતિશય ચતુર એવા બ્રહ્મચારી અને સંતોએ ઘીમાં બનાવેલ સારા અપાર પકવાન અને ઘણી જાતના શાકભાજી વગેરે ભોજન તૈયાર કર્યાં. ૪૪. શ્રીહરિને માટે ઈચ્છારામજીભાઈએ સરસ રસોઈ તૈયાર કરી. તેમાં ઘી તથા દૂધમાં બનાવેલા સારા પાકોનાં નામ હું કેટલાકનાં ગણાવું ? ૪૫.

उठे धर्मकुल राई, क्रिपासिंधु भोजन करन ॥४६॥

चोपाई :

कंचन चोकी सरस सुच्यारू, डारी लायके बर्नि उदारू ॥
ता पर उर्नां सरस बिछाई, अगरु धूप पुनि दीप ज्युं राई ॥४७॥
आईके मज्जन किन मुरारी, पहिरि पित पट भव भयहारी ॥
पहिरि पादुका जुग सुख दैया, ले नक्तक हरि कर वर मैया ॥४८॥
बैठे वर आसन पर आई, धर्मकुल भुषन मुनिराई ॥
कुंदन थाल परोसी आना, बिविधि भाँति बिंजन पकवाना ॥४९॥
जेवत धर्मकुंवर मुद आनी, दूधपाक पूरी सुखदानी ॥
बिरंज बासुंदी सिखरन च्यारू, जेवत रुची रुची धर्मकुमारू ॥५०॥
मोतीचूर जलेबि खाजा, दल मगदल जेवत महाराजा ॥

પછી મુકુંદ બ્રહ્મચારી આવ્યા અને તેમણે કહ્યું, ‘હે સુખનિધિ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે.’ ત્યારે કૃપાસિંધુ ધર્મકુળરાય ભોજન કરવા માટે ઊઠ્યા. ૪૬. ઉદાર મુકુંદ વર્ણીએ એક સારી સરસ સોનાની ચોકી લાવીને ત્યાં મૂકી. તે ચોકીના ઉપર એક સરસ ગરમ ધાબળી પાથરી અને રાજાધિરાજની જેમ અગરુનો ધૂપ તથા દીપ પ્રગટાવ્યો. ૪૭. તે સમયે સંસારના ભયને ટાળનારા આવા મુરારિ પ્રભુ શ્રીહરિએ આવીને સ્નાન કર્યું અને પીતાંબર વસ્ત્ર પહેર્યું. ચરણમાં સુખદાયક બે ચાખડીઓ પહેરી અને હાથમાં એક સારો રૂમાલ લીધો. ૪૮. ધર્મકુળભૂષણ મુનિરાય ત્યાં આવ્યા અને શ્રેષ્ઠ આસન ઉપર બેઠા. ત્યારે પીરસેલો એક સોનાનો થાળ ત્યાં મૂક્યો. જેમાં વિવિધ પ્રકારનાં વ્યંજન, ભોજન અને પકવાનો હતા. ૪૯. ધર્મકુંવર શ્રીહરિ આનંદથી જમવા લાગ્યા. સુખદાયક દૂધપાક, પૂરી, બિરંજ, બાસુંદી, સુંદર શ્રીખંડ; આ વગેરે પદાર્થોને ધર્મકુમાર શ્રીહરિ પોતાની રુચિ પ્રમાણે જમવા લાગ્યા. ૫૦. મોતીચૂર, જલેબી, ખાજા, દળ અને મગદળ વગેરે પદાર્થોને પણ મહારાજ જમ્યા. હું શું

का बरनुं पकवान अनंता, अनंत प्रकार लहे को अंता ॥५१॥

सुरन परवर अलवि आलू, पूरी तर्कारी जेवत दयालू ॥
भाँति भाँति तर्कारी भाजी, दहींबरा जेवत होई राजी ॥५२॥

आदा निंबु आंब आच्चारा, अनंत प्रकार लहे को पारा ॥
जेवत राईता प्रभु रुची लाई, डारा तुल्य लोन अरु राई ॥५३॥

सरस सुगंधी ओदन सुपा, जेवत नाथ देव मुनि भूपा ॥
पय मिश्रि पुनि ओदन सानी, जेवत रुची रुची रूपनिधानी ॥५४॥

पियत पानी लेत डकारा, फेरत उदर पर कर प्रभु प्यारा ॥
बहुत अघाई जिंये जगदीशा, अचवन करत ईशकर ईशा ॥५५॥

कर मुखकमल प्रक्षालि स्वामी, शोधन्य करत दसन बहुनामी ॥
रजत शलाका लेकर मंहिया, शुद्ध करी द्विज जन सुखदैया ॥५६॥

વર્ણવું ? પકવાનો અનંત અને અનંત પ્રકારના હતા. તેનો અંત કોણ પામી શકે ? ૫૧. સૂરણ, પરવળ, અળવી, આલુ, પૂરી તથા શાકને દયાળુ જમવા લાગ્યા. જાત જાતની શાકભાજી, દહીંવડા વગેરેને પણ ખુશીથી જમવા લાગ્યા. ૫૨. આદુ, લીંબુ અને કેરી વગેરેના અનંત પ્રકારનાં અથાણાઓ લીધા. જેનો કોઈ પાર આવતો નથી. પ્રભુ શ્રીહરિ રુચિ પ્રમાણે રાયતું જમ્યા કે જેમાં માપસર મીઠું અને રાઈ નાખેલા હતા. ૫૩. દેવ અને મુનિઓના પતિ આવા શ્રીહરિ સરસ સુગંધી ભાત અને દાળને પણ જમ્યા. રૂપનિધાન શ્રીહરિ દૂધ તથા સાકરની સાથે ભાત પોતાની રુચિ પ્રમાણે જમ્યા. ૫૪. જમતા વચ્ચે વચ્ચે પાણી પીતા હતા અને ઓડકાર ખાતા હતા. વળી પ્યારા પ્રભુ પોતાનાં ઉદર ઉપર હાથ પણ ફેરવતા હતા. જગદીશ પ્રભુ જમીને પૂર્ણ તૃપ્ત થયા. પછી ઈશ્વરેશ્વર શ્રીહરિકૃષ્ણ મહારાજે ચળું કરી જળપાન કર્યું. ૫૫.

ભક્તોજનોને સુખ આપનારા બહુનામી શ્રીહરિએ હાથ તથા મુખને ધોઈને ચાંદીની સળી લઈને દાંત સાફ કર્યા. ૫૬. સ્નેહથી વરદ

सोरठा : बैठे सुं आई पलंग, ले मुखवास विभो वरद ॥
नेह भरे नवरंग, करुना दृग सिंचत स्वजन ॥५७॥
करउ पंक्ति मुनिवृंद, अश्विन पदाति सकल मिलि ॥
कमर कसि सुखकंद, चले परोसन धर्मसुता ॥५८॥

दोहा : मुनिजनको मधुसुदन, लेकर मौक्तिक मित ॥
देत उमंगी अशरन शरन, भरत पात्र करी प्रित ॥५९॥
पिरसत पुरन काम प्रभु, अति उदार अवतारी ॥
पिरसत मोदक उमंगी हरि, ज्युं बरखत घन वारी ॥६०॥

चोपाई :
धाम धामकर मुक्त अमिता, आये हर्खे ज्युत परम पुनिता ॥
संत पंक्ति मंहि आई अनंता, जेंवत संत संग हर्खंता ॥६१॥

વિભુ શ્રીહરિએ મુખવાસ લીધો અને આવીને પલંગ ઉપર બેઠા. સ્નેહથી ભરેલા અને ભક્તોને મુગ્ધ કરનારા આવા શ્રીહરિ કરુણાભરી દૃષ્ટિ પોતાના ભક્તજનોના ઉપર ફેરવવા લાગ્યા. ૫૭.

❁ વડતાલમાં પ્રભુ પ્રસાદ લેવા આવેલા ધામધામના મુક્તો :

'સંતો, પાર્ષદો અને સવારો, સહુ મળીને પંક્તિ કરો.' એવી આજ્ઞા કરીને સુખકંદ ધર્મપુત્ર શ્રીહરિએ કમર કસી. પછી પીરસવા માટે ચાલ્યા. ૫૮. અશરણશરણ અત્યંત ઉત્સાહવાળા એવા મધુસૂદન શ્રીહરિ હાથમાં થોડા મોતૈયા લાડુ લઈને સંતોના પાત્રોને ઘણા હેતથી ભરી દેતા હતા. ૫૯. અતિશય ઉદાર અને પૂર્ણકામ એવા અવતારી પ્રભુ પીરસવા લાગ્યા. અતિશય ઉમંગવાળા આવા શ્રીહરિ જેમ મેઘ પાણી વરસાવે તેમ લાડુ પીરસવા લાગ્યા. ૬૦. **તે સમયે ધામેધામના પરમ પવિત્ર અપાર મુક્તો હરખથી આવ્યા. તે અનંત મુક્તો હરખથી સંતોની પંક્તિમાં સાથે જમવા લાગ્યા.** ૬૧. **પુરુષોત્તમ પ્રભુ શ્રીહરિ આ મુક્તો બેઠા છે, એમ જાણીને પીરસતા હતા અને તેવા જ્ઞાન સંપન્ન મુક્તો પણ**

पिरसत पुरुषोत्तम प्रभु जानी, जेंवत मुदित मुक्त बिग्यानी ॥
अखिल लोकपति कैवल्य दाता, सो पिरसत श्रीहरि साक्षाता ॥६२॥
जानत महिमा मुक्त सुजाना, पिरसत पुरुषोत्तम भगवाना ॥
बार हि बार फिरत मुनिनाथा, मोदक लेउ कहत सुखपाथा ॥६३॥
अति अघाई जेंये मुनिवृंदा, दिव्य मुक्त जुत्त सकल स्वछंदा ॥
नाथ मूर्ति उर धरी अभिरामा, गये मुक्त सब निज निज धामा ॥६४॥
कर पद प्रक्षालि सुखरासी, बैठे आय पलंग अविनासी ॥
अचवन करी मुनिगन सब आये, निर्खि नाथ छबी आनंद पाये ॥६५॥
भई सभा अति मंगलकारी, बर्नि संतकी कलिमल हारी ॥
सोहत सभा मध्ये सुखकंदा, ज्युं उडगन बिच पूरनचंदा ॥६६॥
आये हरिजन पूजा लाये, पुलकी प्रेम भर अंग न माये ॥

ઘણા પ્રસન્ન થઈને જમતા હતા. અખિલ બ્રહ્માંડના અધિપતિ, મોક્ષદાતા, સાક્ષાત્ શ્રીહરિ આ રીતે પોતાના ભક્તો તથા મુક્તોને પીરસતા હતા. ૬૨. સુજ્ઞ મુક્તો આ પ્રસાદના મહિમાને જાણતા હતા અને પુરુષોત્તમ ભગવાન પીરસતા હતા. સુખસાગર મુનિનાથ વારંવાર પંક્તિમાં ફરીને કહેતા હતા કે 'લાડુ લો.' ૬૩. સમગ્ર સ્વતંત્ર દિવ્ય મુક્તોની સાથે સર્વ સંતો અતિશય તૃપ્ત થઈને જમ્યા. પછી તે બધા મુક્તો શ્રીહરિની અતિશય રમણીય મૂર્તિને દિલમાં ધારીને પોતપોતાનાં ધામમાં ગયા. ૬૪.

પછી સુખરાશિ અને અવિનાશી એવા શ્રીહરિ કર ચરણ ધોઈને આવ્યા અને પલંગ ઉપર બેઠા. બધા સંતો પણ ચળું કરી, જળપાન કરીને આવ્યા. અને શ્રીહરિની છબીને જોઈને આનંદ પામ્યા. ૬૫. તે સમયે કળિયુગના મળને હરનારી અને અતિશય મંગળકારી એવી વર્ણી તથા સંતોની સભા થઈ. તે સભાને મધ્યે સુખનાં મૂળરૂપ શ્રીહરિ નક્ષત્રોને મધ્યે પૂર્ણચંદ્ર શોભે તેમ શોભતા હતા. ૬૬. તે સમયે રોમાંચિત થયેલા હરિભક્તો પૂજા કરવા માટે આવ્યા. તેમનાં દિલમાં ભરાયેલો પ્રેમ ક્યાંય

पूजन लगे प्रभु करी प्रीति, ले उपचार अमित रसरीति ॥६७॥
सरस मलयमंहि अत्तर डारा, चर्चत हरि तनमें करी प्यारा ॥
करी लेपन श्रीखंड सब अंगा, दे काश्मीरकर चंद्र उमंगा ॥६८॥
सरस सुगंधी सुमनकर हारा, मालती मल्लिका जाती अपारा ॥
स्थलकमल बकुल बहु भाँति, पहिराये हरिजन करी खांती ॥६९॥
अंगद कंकन शेखर नाना, सोहत सुमनमय भगवाना ॥
कंचन भुषन पट बहु भाँति, पहिराये हरिजन करी खांती ॥७०॥
सोरठा : करत आरति दास, बाजत बाजा बिविधि वर ॥
हरिजन होई हुलास, करत धुनी करताल ज्युत ॥७१॥
ज्योरी पानी जनवृंद, करत दंडवत बिनयकर ॥
मुदित होई जगवंद, देत हार उर चरन जुग ॥७२॥

અંગમાં સમાતો નહિ. અપાર ઉપચારો લઈને તે બધા સરસ રીતે પ્રેમથી પ્રભુ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૬૭.

તેમણે સરસ મલયાગર ચંદનમાં અત્તર નાંખ્યું હતું, તે પ્રેમથી શ્રીહરિનાં સ્વરૂપ ઉપર ચર્ચ્યું. આખા શરીર ઉપર ચંદનનો લેપ કર્યો અને ઉમંગથી તેમાં કુંકુમના ચાંદલા કર્યા. ૬૮. સારા સુગંધી ફૂલોના હાર હતા કે જે માલતી, જૂઈ, ચમેલી, ગુલાબ, બોરસલી આદિ અનેક પ્રકારના ફૂલોથી કર્યા હતા. તે ખંતથી હરિભક્તોએ શ્રીહરિને પહેરાવ્યા. ૬૯. વળી બાજુબંધ, કંકણ અને અનેક પ્રકારના તોરા ફૂલના કર્યા હતા. તે ભગવાન શ્રીહરિને સોહામણા લાગતા હતા. વળી હરિભક્તોએ સોનાના ઘરેણા અને ઘણી જાતનાં વસ્ત્ર ખંતથી પહેરાવ્યા હતા. ૭૦. પછી જ્યારે હરિભક્તો આરતી કરવા લાગ્યા ત્યારે વિવિધ પ્રકારનાં ઉત્તમ વાજિંત્રો વાગતા હતા. તે વખતે બધા હરિભક્તો ઉત્સાહથી તાળીઓનો ધ્વનિ કરતા હતા. ૭૧. બધા ભક્તોએ બંને હાથ જોડીને વિનયથી દંડવત્પ્રણામ કર્યા. પછી જગદ્વંદ્ય શ્રીહરિએ પણ અતિશય રાજી થઈને તે ભક્તોને ફૂલના હાર તથા છાતી ઉપર ચરણારવિંદ આપતા હતા. ૭૨.

दोहा : रहे नाथ बहु दिवसलो, वृत्तपुरी मंहि शाम ॥
करत हे लीला नित्य नई, निजजन पुरनकाम ॥७३॥
दिन महासुख भक्तको, दर्स पर्स दे नाथ ॥
किन गमन हरिकृष्ण प्रभु, प्रेमानंद ले साथ ॥७४॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते वृत्तालयपुरे लिला बरनन नामा एकोनषष्टितमोऽध्यायः ॥ ५९ ॥



अध्याय - ६०

दोहा : सजी वाजी वर चपलतर, भये हरिवर अशवारा ॥
अश्वारुढ भुषन बसन, सजी तन शुभग सिंगार ॥०१॥

ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરનારા શ્યામ સુંદર નાથ શ્રીહરિ વડતાલમાં ઘણા દિવસ સુધી રહ્યા અને નિત્ય નવી લીલા કરતા હતા. ૭૩. સર્વના નાથ શ્રીહરિએ વડતાલમાં પોતાના ભક્તજનોને દર્શન તથા ચરણ સ્પર્શ વગેરેનું મહાન સુખ આપ્યું. પ્રેમાનંદ સ્વામી કહે છે કે પછી શ્રીહરિકૃષ્ણ મહારાજ મને સાથે લઈને વડતાલથી બીજે ગામ જવા માટે ચાલ્યા. ૭૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'વડતાલમાં શ્રીહરિની લીલાનું વર્ણન કહ્યું' એ નામે ઓગણસાઠમો અધ્યાય સમાપ્ત-૫૯



અધ્યાય - ૬૦

ડભાણમાં શ્રીહરિની લીલાનું વર્ણન

શ્રીહરિ બધા સાજથી સજાવેલા ચપળ અશ્વ ઉપર સવાર થયા અને બીજા સવારો પણ સારાં વસ્ત્ર અલંકારોથી પોતાનાં સુંદર શરીરને

चर्म असी कमर भट्ट, लिकर कुंत सुधीरा ॥
सजी वर्म तन सोहत शुभ, शुभट्ट बिकट शूरबीर ॥०२॥

सोरठा : बर्नि संतकर वृंद, सोहत मानु शशि किरन ॥
चंद श्रीसहजानंद, सौम्य शांत गुनकर सदन ॥०३॥

चले चढी निज नाथ, भये बिकल पुरजन सकल ॥
कही ना बने कछु गाथ, प्रेम विवश दृग श्रवत जल ॥०४॥

चोपाई :

बाजत बाजा उडत निसाना, निकशे हरिजन सकल सुजाना ॥
श्रीहरिकुं पहुंचावन काजा, आये दूर लो स्वजन समाजा ॥०५॥
किंनी नाथ आग्या रहो ठारे, बाल वृद्ध जन सेवक हमारे ॥

શણગારીને તૈયાર થયા. ૧. કમરે તલવાર તથા ઢાલ બાંધ્યા અને સુધીર સવારોએ હાથમાં ભાલા લીધા. શુભ કવચ શરીર ઉપર પહેરીને તે પરાક્રમી શૂરવીર યોદ્ધાઓના જેવા સોહામણા લાગતા હતા. ૨. સર્વ સદ્‌ગુણોના આશ્રયરૂપ શ્રીસહજાનંદ સ્વામી રૂપી ચંદ્રમા તો અતિશય સૌમ્ય અને શાંત ગુણોની ખાણરૂપ હતા. અને તેમની ફરતા વર્ણી તથા સંતોનાં મંડળ માનો ચંદ્રમાના કિરણ જેવા શોભતા હતા. ૩.

❀ વડતાલવાસી ભક્તોની વિરહવેદના :

જ્યારે પોતાના નાથ શ્રીહરિ ઘોડે સવાર થઈને ચાલ્યા ત્યારે વડતાલવાસી બધા લોકો એકદમ વિહ્વળ થઈ ગયા. મુખથી કાંઈ બોલી ન શક્યા ત્યારે પ્રેમ વિવશ તે ભક્તોની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. ૪. આગળના ભાગમાં વાજિંત્રો વાગતા હતા અને નિશાનો ઊડતા હતા ત્યારે બધા સુજ્ઞ હરિભક્તો પણ ગામમાંથી નીકળ્યા. બધા હરિભક્તોનો સમાજ શ્રીહરિને વળાવવાને માટે દૂર સુધી આવ્યો. ૫. પછી શ્રીહરિએ સહુને ઊભા રહેવા માટેની આજ્ઞા કરી કે ‘બાળકોથી લઈને વૃદ્ધ સુધીના જે અમારા શિષ્ય છો, તે અમારી આજ્ઞા માનીને હવે

जाओ पीछे सब आग्या मानी, करीयो भजन तजी कुल कानी ॥०६॥
रहे ठारे हरिजन कर वृंदा, बसी गये उर प्रभु सहजानंदा ॥
ठारे जडवत चित्र समाना, गये प्रभु संग चित्त मन प्राना ॥०७॥
बह नेन जल शुध ना शरीरा, परत दंडवत पुनि पुनि धीरा ॥
पुनि पधारिये सिंधु स्वामी, हमरे प्रान तुम अंतरजामी ॥०८॥
दे दर्शन प्रभु अश्व दौराये, तुरत हि नाथ बमरोली आये ॥
बसे ग्राम मंहि भक्त किराता, हरिकर परम भक्त साक्षाता ॥०९॥
सुनी खबर सब सनमुख आये, तिनकर नाम कहु हर्खाये ॥
भक्त तखा आस करन सुजाना, जेठा बादुर भजे भगवाना ॥१०॥
काला जालम आसजी कहिये, भक्त किरात बमरोली लहीये ॥

પાછા વળો. પોતાના કુળની કહાની છોડી દઈને સહુ ભજન કરજો.' ૬. પછી બધા હરિભક્તોનાં વૃંદ ત્યાં ઊભા રહ્યા અને પ્રભુ સહજાનંદ સ્વામી સહુનાં દિલમાં વસી ગયા. બધા ભક્તો ચિત્ર સમાન જડ જેવા થઈને ઊભા રહ્યા. સહુનાં ચિત્ત, મન અને પ્રાણ તો પ્રભુ શ્રીહરિની સાથે ગયા હતા. ૭. આંખોમાંથી અશ્રુની ધારા વહેલા લાગી અને શરીરની કોઈને સૂધ રહી નહિ. તે ધીર ભક્તો વારંવાર દંડવત્ કરવા લાગ્યા. 'હે અંતર્યામી ! હે સુખસાગર સ્વામી ! આપ અમારા પ્રાણ છો. ફરીવાર જરૂર પધારજો.' ૮.

❃ બામરોલીના ભક્તોનો પ્રેમ તથા ભોજન, પૂજન :

વડતાલમાં ભક્તોને દર્શન દઈને પ્રભુએ પોતાનો અશ્વ દોડાવ્યો અને તરત જ **બામરોલી** ગામ આવ્યા. તે ગામમાં સાક્ષાત્ શ્રીહરિના એકાંતિક ભક્ત પગી રહેતા હતા. ૯. 'શ્રીહરિ પધાર્યા છે' તેમ સાંભળીને સહુ સન્મુખ આવ્યા. તે આવનારા બધા ભક્તોનાં નામ હું હરખથી કહું છું. તખાપગી, સુજ્ઞ આસકરણ પગી, જેઠા પગી અને બહાદુર પગી કે જે શ્રીહરિનું ભજન કરતા હતા. ૧૦. કાળા પગી, જાલમજી, આસજી,

ईन हि आदिक बाल वृद्ध जेते, हरि सनमुख पाये सब तेते ॥११॥
जोरी पानी बोले मृदु बानी, कीजे कृतारथ रूपनिधानी ॥
पुर्वा हमारा प्रभु पावन कीजे, नाथ आई सबको सुख दीजे ॥१२॥
अस कही हय वल्गा ग्रही पानी, ले चले हरिको भाग्य बडमानी ॥
एक खिर्निकर वृक्ष अनुपा, सितल छाह परम सुखरूपा ॥१३॥
जन्मांतरकर जिय पुन्यवाना, जोग भ्रष्ट लिंन जन्म सुजाना ॥
प्रभु अपराध पावा जड जोनी, सुफल किंन हरि निज कृत होनी ॥१४॥
दोहा : त्यां नीचे उतरे हरि, क्रिपासिंधु भगवान ॥
बैठे बर्नि संत जुत, सोहत क्रिपानिधान ॥१५॥
आये सकल किरात पति, नारी पुरुष हर्खाई ॥
लाये भेट फल बिविधी बिधी, धरे प्रभु आगे आई ॥१६॥

આ બધા પગી બામરોલી ગામના હરિભક્ત હતા. જેના નામ કહ્યા તે અને તે સિવાયના બાળકથી લઈને વૃદ્ધ સુધીના જે ભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવીને ભેળા થયા. ૧૧. સહુએ બે હાથ જોડી અને સુમધુર વાણી કહી, ‘હે રૂપનિધાન પ્રભુ ! અમને કૃતાર્થ કરો. હે પ્રભુ ! અમારા ગામને પાવન કરો અને ત્યાં આવીને હે નાથ ! સહુને સુખ આપો.’ ૧૨. આમ કહીને તે ભક્તોએ હાથથી શ્રીહરિના અશ્વની લગામ પકડી અને પોતાનું મહાન ભાગ્ય માનીને શ્રીહરિને ગામમાં લઈ ગયા.

ત્યાં એક અનુપમ રાયણનું વૃક્ષ હતું અને તેની અતિશય સુખરૂપ શીતળ છાયા હતી. ૧૩. તે વૃક્ષ જન્માંતરમાં કોઈ સુજ્ઞ પુણ્યાત્મા હશે, તે યોગભ્રષ્ટ થઈને અહીંયા જન્મને પામ્યો; પણ પ્રભુના અપરાધને લીધે તેને વૃક્ષની જડ યોનિ પ્રાપ્ત થઈ હતી. પ્રભુ શ્રીહરિએ તેના કૃત્યને વિચારીને તેનો જન્મ સફળ કર્યો. ૧૪. કૃપાસિંધુ ભગવાન શ્રીહરિ રાયણની નીચે ઊતર્યા. પછી વર્ણી અને સંતોની સાથે ત્યાં બેઠા ત્યારે કૃપાનિધિ શ્રીહરિ સોહામણા લાગતા હતા. ૧૫. પછી ત્યાં તે બધા

सोरठा : श्रीफल आदी अपार, रंभा फल जंबीर बर ॥
नारंगी रु अनार, सीताफल अंजीर सरस ॥१७॥
भरी झौवा बहुं भाँति, लाये नूत फल सरस तर ॥
जेवत प्रभु करी खांति, करत प्रशंसा भक्तपति ॥१८॥

चोपाई :
बर्नि संत अश्विन रु पाला, दीना बांटी सबको ततकाला ॥
श्रीहरि हित तहाँ किन रसोई, पूरनब्रह्म जेये मुद होई ॥१९॥
किन भक्तजन बहु मनवारी, कीजे रसोई संत ब्रह्मच्यारी ॥
रहउ राति यहा क्रिपानिधाना, करउ तैयारी भोर भगवाना ॥२०॥
तब कहा प्रभु सुनो सब दासा, पुनि आईहुं तब करीहु निवासा ॥
अब तो हमार जलदी जाना, किन संभावन श्रीभगवाना ॥२१॥

પગીઓના મોટેરા આવ્યા અને અન્ય સ્ત્રી પુરુષો પણ હરખથી આવ્યા. સહુ અનેક પ્રકારના ફળ તથા ભેટ લાવ્યા અને પ્રભુ શ્રીહરિની આગળ અર્પણ કર્યાં. ૧૬. તે બધા પગી શ્રીફળ આદિ અપાર ફળ લાવ્યા. જેમ કે કેળા, લીંબુ, સારા નારંગી, દાડમ, સીતાફળ, સરસ અંજીર, શેરડીના ઘણી જાતના સાંઠા અને બીજા સરસ તાજા ફળ હતા. ભક્તપતિ શ્રીહરિ તે ફળ ખંતથી જમ્યા અને તેની પ્રશંસા કરી. ૧૭-૧૮.

જે ફળ આવ્યા હતા, તે બધા જ વર્ણી, સાધુઓ, સવારો અને પાળાઓમાં તત્કાળ જ વહેંચી દીધાં. ત્યાં શ્રીહરિને માટે રસોઈ પણ કરી. એટલે પૂર્ણબ્રહ્મ પ્રભુ રાજી થઈને જમ્યા. ૧૯. બામરોલીના ભક્તોએ શ્રીજી મહારાજને વિનંતિ કરીને બહુ આગ્રહ કર્યો કે 'સંતો અને બ્રહ્મચારી અહીં રસોઈ બનાવે. કૃપાનિધાન પ્રભુ અહીંયા રાત રોકાઓ અને પછી સવારમાં તૈયાર થજો.' ૨૦. પછી પ્રભુ શ્રીહરિએ કહ્યું, 'મારા બધા ભક્ત તમે સાંભળો, હું અહીં ફરીવાર આવીશ ત્યારે રોકાઈશ. અત્યારે તો અમારે જલદી જવાનું છે.' આ રીતે ભગવાને પોતે તેમને સમજાવ્યા. ૨૧.

अस कही भये हरि अश्वारा, चले सिघ्र श्रीधर्मकुमारा ॥
आये गाम पीज अविनासी, बर्नि संत सहित सुखरासी ॥२२॥
हरिजन सर्वे सुनी बधाई, आवत अखिल लोक सुखदाई ॥
परम भक्त कुंनबी भगवाना, जादव झवेरी परम सुजाना ॥२३॥
कानदास पुनि द्विज मोरारा, ईन आदिक जन अपरमपारा ॥
सादर उठी हरि सनमुख धाये, निर्खि नाथ लोचन फल पाये ॥२४॥
परे दंडवत किन प्रनामा, ले आये प्रभुको निजधामा ॥
परम पुनित निवास अनूपा, तहा उतारेउ सुरमुनि भूपा ॥२५॥
सब बिधि कीन सरस सेवकाई, दीन रसोई सरस मन भाई ॥
जेये हरिजन बर्नि संता, धर्मपुत्र द्विज श्रीभगवंता ॥२६॥

❁ પીજના ભક્તોએ પ્રભુનું કરેલું સ્વાગત પૂજન :

આમ કહીને અવિનાશી, સુખરાશિ એવા ધર્મકુમાર શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને ત્યાંથી શીઘ્ર ચાલ્યા તે વર્ણી અને સંતોએ સહિત **પીજ** ગામ આવ્યા. ૨૨. સમગ્ર લોકમાં સુખદાયક આવા ભગવાન શ્રીહરિ પધારી રહ્યા છે, એવા વધામણીના સમાચાર બધા હરિભક્તોએ સાંભળ્યા. ત્યાં શ્રીહરિના પરમ ભક્ત કણબી હતા. તેમાં ભગવાનભાઈ, જાદવભાઈ, સારા સુજ્ઞ ઝવેરભાઈ, કાનદાસ વગેરે તથા બ્રાહ્મણોમાં મોરારજીભાઈ આદિક અપરંપાર હરિભક્તો હતા. બધા આદરે સહિત ઊઠીને શ્રીહરિની સન્મુખ દોડતા આવ્યા. નાથ શ્રીહરિનાં દર્શન કરીને તેમણે પોતાની આંખોનું ફળ મેળવ્યું. ૨૩-૨૪. સહુ હરિભક્તોએ પ્રભુ શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા અને પછી તેમને પોતાને ઘેર લઈ આવ્યા. સુરમુનિભૂપ આવા શ્રીહરિને અતિશય પવિત્ર અને અનુપમ એવા મકાનમાં ઉતારો આપ્યો. ૨૫. બધી રીતે સરસ સેવા કરી અને મનભાવી સુંદર રસોઈ આપી. તેમાં ધર્મપુત્ર દ્વિજ શ્રીભગવાન, હરિભક્તો, વર્ણી અને સંતો, એ સહુ જમ્યા. ૨૬. ગામના નરનારી બધા જ સુખરાશિ

निर्खन नाथ आये पुरवासी, नारी पुरुष निर्खि सुखरासी ॥
भये मुदित भवमोचन देखी, भये कृतारथ आज्युं बिशेखी ॥२७॥
दर्स पर्स दे सबको स्वामी, होई तैयार चले बहुनामी ॥
आये प्रभु दर्भावती गामा, परम पुरुष जन पुरणकामा ॥२८॥
दोहा : सुनी खबर हरिजन सकल, मुदित भये मनमांई ॥
बर्नि संत हरिजन सहित, आवत प्रभु सुखदाई ॥२९॥
कृशीकर्म रत भक्त सब, कुंनबी जाती जमीदार ॥
अनन्य भक्त प्रभु प्रगटकर, भजत श्रीधर्मकुमार ॥३०॥
सोरठा : नही कहुँ अन्य आस, एक धर्मसुत चरन रत ॥
राखी अचल बिश्वास, मन क्रम भजत श्रीधर्मसुत ॥३१॥

નાથ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. સંસારથી મોક્ષ આપનારા આવા ભગવાન શ્રીહરિનાં દર્શન કરીને સહુ ખુશી થયા અને તેમાં આજે વિશેષપણે કરીને કૃતાર્થ થયા. ૨૭. ગામના બધા લોકોને દર્શન આપ્યાં અને સહુએ ચરણ સ્પર્શ કર્યો.

❁ ડભાણના ભક્તોનાં નામ તથા વિષેશતાઓ :

પછી પરમ પુરુષ, પૂર્ણકામ અને બહુનામી આવા શ્રીહરિ તૈયાર થઈને ચાલ્યા તે પ્રભુ **ડભાણ** ગામ આવ્યા. ૨૮. 'વર્ણી, સંતો અને હરિભક્તોની સાથે સુખદાયક પ્રભુ શ્રીહરિ પધારે છે' એવા સમાચાર સાંભળીને ડભાણના બધા જ હરિભક્તો મનમાં ખુશી થયા. ૨૯. ડભાણના હરિભક્તો લગભગ બધા જ ખેતી કરનારા, જાતિથી કણબી અને મોટા જમીનદાર હતા. તે બધા પ્રગટ પ્રભુ ધર્મકુમાર શ્રીહરિના અનન્ય ભક્ત હતા અને તેમનું ભજન કરતા હતા. ૩૦. **ડભાણના હરિભક્તોને ધર્મસુત શ્રીહરિના રાજીપા સિવાય બીજી કોઈ આશા ન હતી. કેવળ શ્રીહરિના ચરણમાં જ પ્રેમ રાખતા હતા. તેઓ દઢ વિશ્વાસ રાખીને મન, કર્મ, વચનથી ધર્મસુત શ્રીહરિનું ભજન કરતા હતા.** ૩૧.

धन्य धन्य नरनारी, करत प्रशंसा विबुध गन ॥
हरिकृष्ण अवतारी, भजत जानी जग असत्य सुख ॥३२॥

चोपाई :

तिनकर नाम कहुँ मुद आनी, श्रवन सुनी होत हे अघहानी ॥
परम एकांतिक बिष्णुदासा, नाही कहुँ हरि बीन अन्य आसा ॥३३॥
दास रघुनाथ प्रगट उपासी, उभय राईजी भजे अविनासी ॥
प्रागदास शवदास रु रामा, कानदास नारायन नामा ॥३४॥
गोविंदजी भज धर्मकुमारा, कुंनबी भक्त प्रभुकुं प्यारा ॥
अब भुसुरकर नाम सुंनाउ, भजत हे प्रगट धर्मकुल राउ ॥३५॥
मयाराम कुबेर प्रभुरामा, निर्भैराम भजे घनशामा ॥
गोविंद प्रेमदत जगन्नाथा, हरिकृष्ण भजे हरिसुखपाथा ॥३६॥

ડભાણના હરિભક્ત નરનારીઓને 'ધન્ય છે ધન્ય છે' એમ દેવતાઓ પણ તેમની પ્રશંસા કરતા હતા. કારણ કે તે બધાં જગતનાં સુખને અસત્ય જાણીને પ્રગટ પ્રભુ સર્વાવતારી શ્રીહરિકૃષ્ણ મહારાજને ભજતા હતા. ૩૨.

તે હરિભક્તોનાં નામ હું હરખથી કહું છું કે જે નામ સાંભળવાથી બધા પાપ બળી જાય છે. તે ભક્તોમાં પરમ એકાંતિક વિષ્ણુદાસ હતા. જેને શ્રીહરિ સિવાય બીજી કોઈ આશા ન હતી. ૩૩. રઘુનાથદાસ પણ પ્રગટની ઉપાસના કરનારા હતા અને બંને રાઈજીભાઈ અવિનાશી શ્રીહરિનું ભજન કરતા હતા. પ્રાગદાસ, સવદાસ, રામભાઈ, કાનદાસ, નારાયણભાઈ તથા ગોવિંદજીભાઈ આદિક પ્રભુ શ્રીહરિના પ્યારા કણબી ભક્તો ધર્મકુમાર પ્રભુનું ભજન કરતા હતા. હવે હરિભક્ત બ્રાહ્મણોનાં નામ સંભળાવું છું. જે ધર્મકુળના રાય પ્રગટ શ્રીહરિનું ભજન કરતા હતા. ૩૪-૩૫. મયારામ, કુબેરજી, પ્રભુરામ, નિર્ભયરામ, ગોવિંદજી, પ્રેમદત્ત અને જગન્નાથ, એ બધા સુખસાગર હરિકૃષ્ણ શ્રીઘનશ્યામ પ્રભુનું ભજન કરતા હતા. ૩૬. પરમ પ્રવીણ ભક્ત કસળાજી અને વખતા

भक्त कसलजी परम प्रबीना, भक्त किरात बखते हरिचिह्ना ॥
ईन आदिक हरिभक्त अनंता, बाई भाई भजत भगवंता ॥३७॥
आवत हे श्रीधर्मकुल नाथा, बर्नि हरिजन संत ले साथा ॥
ले सामैया सनमुख धाये, हरिजन उर आनंद न माये ॥३८॥
बाजत गोमुख पणव शर्नाई, हनत ददामा जन हर्खाई ॥
बाजत भैरी सिंगी सुच्यारु, होत तुमल रव परम उदारु ॥३९॥
फरकत नेजा कनक निसाना, गावत माननि मंगल गाना ॥
करत उत्सव हरिजन हर्खाई, बाजत झांझ मृदंग सुखदाई ॥४०॥
गावत बिष्णु पद हरि दासा, होत हे जय जय रव चहुं पासा ॥
वाजीनीकर मही सोहत स्वामी, ज्युं घन बीच दिनकर बहुनामी ॥४१॥
चमकत कुंत स्वजन कर हाथा, बनी शोभा कही बने न गाथा ॥

પગીએ શ્રીહરિને ઓળખ્યા હતા. આ કહ્યા એ બધા જ અનંત હરિભક્ત નરનારીઓ ભગવાન શ્રીહરિનું ભજન કરતા હતા. ૩૭. ધર્મકુળના નાથ આવા શ્રીહરિ વર્ણી, સંતો અને હરિભક્તોને સાથે લઈને ડભાણ આવી રહ્યા છે, એવા સમાચાર સાંભળ્યા એટલે તે હરિભક્તોનાં દિલમાં આનંદ સમાયો નહિ અને સહુ સામૈયું લઈને સન્મુખ દોડ્યા. ૩૮. તે વખતે ગોમુખ, પણવ, શરણાઈ અને નગારાં આદિક વાજિંત્રો વાગતાં હતાં. લોકોમાં હર્ષનો કોઈ પાર ન હતો. તે સિવાય ભેરી તથા રણશિંગી આદિક વાજિંત્ર પણ વાગતા હતા અને તેનો પરમ ઉદાર તુમુલ ધ્વનિ થતો હતો. ૩૯. તે વખતે નેજા અને સોનેરી નિશાનો ફરકતા હતા. હરિભક્ત સ્ત્રીઓ મંગળમય ગીત ગાતી હતી. અને હરિભક્તો પણ હરખથી સુખદાયક ઝાંઝ મૃદંગ વગાગીને ઉત્સવ કરતા હતા. ૪૦.

ભગવાનના ભક્તો વિષ્ણુપદ ગાતાં હતાં અને ચારે બાજુ ‘જય જય.. જય જય..’ આવો ધ્વનિ થતો હતો. અશ્વોના સમુદાયને મધ્યે બહુનામી શ્રીહરિ વાદળામાં સૂર્ય જેમ શોભે તેમ શોભતા હતા. ૪૧.

बर्नि संत सोहत छबी भारी, मनु भादो बादर छबी न्यारी ॥४२॥

दोहा : आये निकट निजनाथ हरि, धर्मात्मज घनशाम ॥
अखिल लोक जीवन प्रभु, निजजन पूरनकाम ॥४३॥

निरखे हरि भरी लोचन, अघ मोचन महाराज ॥
श्रीपुरुषोत्तम दिव्य तनु, सुफल करन सब काज ॥४४॥

सोरठा : करत दंडवत दास, करत प्रनाम प्रफुलित नयन ॥
करी करुना अविनास, सुधा दृष्टि सिंचत स्वजन ॥४५॥

निरखी प्रातकर सूर, प्रफुलित सरसीज कुल सकल ॥
युँ पुलकीत भरपूर, श्रीहरि बदन बिलोकी जन ॥४६॥

પોતાના ભક્તજનોના હાથમાં રહેલા ભાલા ચમકતા હતા. તેની શોભા કહી શકાતી નથી. **વર્ણી અને સંતો એની છબી તો એવી સોહામણી લાગતી હતી કે માનો, ભાદરવા મહિનામાં અલગ અલગ વાદળા થયા ન હોય !** ૪૨. સમગ્ર લોકના જીવનરૂપ અને પોતાના ભક્તજનોના સંકલ્પને પૂર્ણ કરનારા, પોતાના નાથ એવા ધર્માત્મજ પ્રભુ ઘનશ્યામ શ્રીહરિની નજીક સહુ પુરના ભક્તો આવ્યા. ૪૩.

સર્વ પાપને છોડાવનારા, સમગ્ર કાર્યને સફળ કરનારા, દિવ્ય છે સ્વરૂપ જેનું એવા શ્રીપુરુષોત્તમ સહજાનંદ સ્વામી મહારાજનાં દર્શન સહુએ નેત્ર ભરી ભરીને કર્યાં. ૪૪. બધા ભક્તજનો જ્યારે દંડવત્પ્રણામ કરવા લાગ્યા ત્યારે જેમના નેત્ર પ્રસન્નતાથી પ્રફુલ્લિત છે, આવા અવિનાશી શ્રીહરિએ તે આત્મીયજનોના ઉપર કરુણા કરીને અમૃતમય દૃષ્ટિનું સિંચન કર્યું. ૪૫. પ્રાતઃકાળના સૂર્યને દેખીને બધા જ કમળ જેમ પ્રફુલ્લિત થાય છે તેમ શ્રીહરિનાં મુખારવિંદને જોઈને બધા જ હરિભક્તો અતિશય આનંદિત થઈ ગયા. ૪૬. પછી વર્ણી તથા સંતોને પોતાની સાથે લઈને નાથ શ્રીહરિ તે આવેલા સામૈયાની

चोपाई :
चले गाजते बाजते नाथा, बर्नि संत लेय निज साथा ॥
करुना दृष्टि बिलोकत स्वामी, हरत दोष जनकर बहुनामी ॥४७॥
धर्मकुंवर वर छबी निकेता, निर्खि नेन मन भये अचेता ॥
श्रीहरि रूप छटा अभिरामा, चितवत जन एक टक छबीधामा ॥४८॥
आये पुरुषोत्तम पुरमांई, सहित समाज सुंदर सुखदाई ॥
सरस निकेत बिशाल अनूपा, तहाँ उतरे सुरमुनि शिर भूपा ॥४९॥
आछादन पट लाये नाना, बर्नि संत हित कीन बिछाना ॥
लाये पलंग श्रीहरि हित दासा, परम पवित्र सुखद सुखरासा ॥५०॥
मखमल गदी ता पर डारी, ता पर श्वेत औछार औछारी ॥

સાથે ગામ તરફ વાજતે ગાજતે ચાલ્યા. બહુનામી શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્તજનોની સામે કરુણા દષ્ટિથી જોતા હતા અને તેમના બધા જ દોષોને હરતા હતા. ૪૭. શોભાનાં ધામ જેવા સુંદર ધર્મકુંવરનાં દર્શન કરીને સર્વ ભક્તોની આંખો અને મન બેભાન થઈ ગયા. શ્રીહરિનાં સ્વરૂપની છટા રમણીય હતી. તેથી બધા ભક્તજનો તે શોભાનાં ધામરૂપ શ્રીહરિની છબીને એકીટશે દેખી રહ્યા હતા. ૪૮.

સુંદર સુખદાયક ભગવાન પુરુષોત્તમ નારાયણ વર્ણી અને સંતોના સમાજે સહિત ડભાણ ગામમાં આવ્યા. ત્યાં સરસ, વિશાળ, અનુપમ જે ઉતારો હતો તેમાં સુરમુનિના શિરોમણિ જેવા પ્રભુ ઊતર્યા. ૪૯. ગામવાસી ભક્તો અનેક પ્રકારના પાથરણાઓ લાવ્યા. વર્ણી અને સંતોને માટે બિછાના બિછાવી દીધાં. તે ભક્તો શ્રીહરિને માટે પરમ પવિત્ર, સુખદાયક, સુખરાશિ જેવો એક સુંદર પલંગ લાવ્યા. ૫૦. તે પલંગ ઉપર મખમલની ગાદી પાથરી. પછી તેના ઉપર સફેદ ઓછાડ ઓછાડ્યો. તેને સેજબંધ બાંધીને ઓશિકાં મૂક્યાં. પછી જગદીશ તેના ઉપર આવીને બેઠા. ૫૧.

बांधा सेजबंध धरा ओसीशा, आई बैठे ता पर जगदीशा ॥५१॥

बांधे अश्व जन सरस एकांते, लाये चंदी तृन बहु भांते ॥
अश्वारुढ उतरे हर्खाई, ज्यो मागा सो दीन मंगाई ॥५२॥

श्रीहरि आसपास सब आई, बैठे संतजन सभा बनाई ॥
नाथ छबी निर्खित भरी नेना, उपजत अंग अंग सुख चेना ॥५३॥

पूछत प्रश्न संत मुदपाई, करत बात उत्तर सुखदाई ॥
नारी पुरुष सब देखन आये, निर्खि रूप नेना ललचाये ॥५४॥

ज्युं चकोर चितवत छबी चंदा, युँ निर्खित एक टक जन ब्रंदा ॥
परत नाही जन दृग पल मेखा, बदन शशि निर्खत एक टेका ॥५५॥

बदन सुधा जन करत हे पाना, तृप्ति न लहत नेन मन प्राना ॥

તે ભક્તજનોએ સારા એકાંત સ્થળમાં અશ્વ બંધાવ્યા અને તેને માટે ઘણી જાતના ઘાસ ચંદી લાવ્યા. બધા ઘોડેસવારોએ પણ હરખથી ઉતારો કર્યો અને જેણે જે માગ્યું તે તેમણે લાવી આપ્યું. ૫૨. બધા સંતો અને હરિભક્તો શ્રીહરિની પાસે આવીને બેઠા અને સભા થઈ. નાથ શ્રીહરિની છબીને નેણા ભરીને નીરખતા હતા. તેનાથી અંગેઅંગમાં સુખ શાંતિ થતી હતી. ૫૩. સંતો આનંદથી પ્રશ્ન પૂછતા હતા અને સુખદાયક શ્રીહરિ ઉત્તરનાં રૂપમાં જીવંત વાતો કરતા હતા.

❃ ડભાણના ભક્તોની દર્શનકળાનું વર્ણન :

ડભાણના બધા નરનારી હરિભક્તો દર્શન કરવા આવ્યા. તે ભક્તોનાં નેત્ર શ્રીહરિનાં રૂપને જોવામાત્રથી જ તેમાં લલચાઈ જતા હતા. ૫૪. જેમ ચકોર પક્ષી ચંદ્રની છબીને ચિંતવે છે તે રીતે ભક્તના સમુદાય એકીટશે નીરખતા હતા. ભક્તજનોની આંખની પલકો પડતી નહિ, તે રીતે શ્રીહરિનાં મુખચંદ્રને એકીટશથી દેખી રહ્યા હતા. ૫૫. ભક્તજનો શ્રીહરિનાં મુખરૂપી અમૃતનું પાન કરતા હતા. તેમની આંખો, મન અને પ્રાણને તે અમૃત પાન કરતા તૃપ્તિ થાતી નહિ. સભા વચ્ચે

बैठे शोभासागर सोहे, सुरनर मुनिजन कर मन मोहे ॥५६॥

दोहा : करत बात करुना घन, संतन आगे शाम ॥
श्रवन सुनी डोलत सकल, भये सब पूरनकाम ॥५७॥

अति सूक्ष्म निज रहस्य ज्युत, करत बात भगवान ॥
द्रवत सुधा ज्युं सोम शुभ, करत चकोर खग पान ॥५८॥

त्युं बरखत एकधार अमी, बदन सुधा धर च्यारु ॥
करत पावन सज्जन सुमती, दृग पल द्वंद निवारु ॥५९॥

सोरठा : आये हरिजन वृंद, पूछत प्रभुको ज्योरीकर ॥
रसवती करे सुखकंद, बर्नि संतको कहउ हरि ॥६०॥

कींनी आग्या भगवान, बर्नि संतको मुदित होई ॥

બેઠેલા શોભાસાગર શ્રીહરિ એટલા સોહામણા લાગતા હતા કે દેવ, મનુષ્ય અને મુનિજન, એ સહુનાં મન તેમાં મોહ પામતા હતા. ૫૬.

મેઘના સમાન કરુણા કરનારા શ્યામસુંદર શ્રીહરિ સંતોની આગળ વાતો કહેતા હતા. તે વાતોને સાંભળીને સહુ ડોલવા લાગતા અને પૂર્ણકામ થઈ જતા હતા. ૫૭. ભગવાન શ્રીહરિ પોતાના રહસ્યથી ભરેલી અતિશય સૂક્ષ્મ વાતો જ્યારે કરતા હતા ત્યારે જેમ ચંદ્રની અંદરથી શુભ અમૃત ટપકતું હોય અને તેનું ચકોર પક્ષી પાન કરતા હોય છે, તે રીતે એકધારું શ્રીહરિનાં મુખચંદ્રમાંથી અમૃત ટપકતું હોય છે; તેને રૂડી બુદ્ધિ વાળા સજ્જનો આંખોના મટકાને પણ રોકીને તે અમૃતનું પાન કરે છે અને તેને પ્રભુ પાવન કરી દે છે. ૫૮-૫૯.

પછી બધા હરિભક્તો શ્રીહરિની પાસે આવીને બે હાથ જોડીને પૂછવા લાગ્યા, 'હે સુખરૂપ શ્રીહરિ ! આપ રસોઈ કરાવો અને વર્ણી તથા સંતોને કહો.' ૬૦. પછી શ્રીહરિએ રાજી થઈને વર્ણી તથા સંતોને રસોઈ કરવાની આજ્ઞા કરી. તે સુજ્ઞ ભક્તજનો ઘણા ભાવથી સરસ સામગ્રી લઈ આવ્યા. ૬૧. તે વખતે શ્રેષ્ઠ દ્વિજરાજ ઇચ્છારામજીભાઈ

सरस सामग्री सुजान, लाये भक्तजन भाव ज्युत ॥६१॥

चोपाई :

उठेउ इच्छाराम अनूपा, रसवती करन परम द्विज भूपा ॥
किंनेउ बिंजन बिविध प्रकारा, सरस सुधारी धर्मकुमारा ॥६२॥
खटरस भोजन कींन सुजाना, एकाक्षर संसकृत बिधि नाना ॥
कहा बर्निकुं लाउ बोलाई, रामप्रताप हरि दोउ भाई ॥६३॥
कहा जाई नैष्ठिक ब्रह्मचारी, भई हे नाथ रसोई तैयारी ॥
उठे यज्ञपुरुष अविनासी, यज्ञ बली जेंवत सुखराशी ॥६४॥
सोई ईश्वर धरी मूर्ति अनूपा, दृग गोचर भये सुरमुनि भूपा ॥
पहिरी पादुका धर्मकुमारु, आये मज्जन करन उदारु ॥६५॥
कनक पीठ पर बैठी प्यारे, वृषकुमार नेननके तारे ॥

અનુપમ રસોઈ કરવાને માટે ઊભા થયા. તેમણે બધા સીધા સામાનને વ્યવસ્થિત કરીને ધર્મકુમાર શ્રીહરિને માટે વિવિધ પ્રકારનાં ભોજન વ્યંજન બનાવ્યા. ૬૨. તે સુજ્ઞ ઈચ્છારામજીએ અનેક રીતે ઘીનો વઘાર કરીને છ રસથી ભરપૂર ભોજન તૈયાર કર્યાં. પછી મુકુંદ વર્ણીને કહ્યું કે આપ રામપ્રતાપજીભાઈ તથા શ્રીહરિ, તે બંને ભાઈને બોલાવી લાવો. ૬૩. પછી નૈષ્ઠિક બ્રહ્મચારી મુકુંદવર્ણીએ જઈને કહ્યું કે ‘હે નાથ ! રસોઈ તૈયાર થઈ છે.’

ત્યારે યજ્ઞની બળિને જમનારા એવા યજ્ઞનારાયણના કારણ સુખરાશિ, અવિનાશી શ્રીહરિ ઊઠ્યા. ૬૪. આજ સુરમુનિના ભૂપ એવા પરમેશ્વર અનુપમ મૂર્તિ ધારીને સહુના દૃષ્ટિ ગોચર થયા છે. એટલે તે ઉદાર સ્વભાવના ધર્મકુમાર ચરણમાં ચાખડીઓ પહેરીને સ્નાન કરવા આવ્યા. ૬૫. ભક્તજનની આંખોના તારા જેવા પ્યારા ધર્મકુમાર સોનાના બાજોઠ ઉપર બેઠા. પછી મુનિનાથ શ્રીહરિ સોનાના કળશમાં પાણી ભરીને પોતાને હાથે પાણી પોતાનાં શરીર ઉપર નાખવા લાગ્યા. ૬૬.

सिचत वारी नाथ निज हाथा, कंचन कलस भरी मुनिनाथा ॥६६॥
मर्दन करत हे शुभग शरीरा, बर्नि मुकुंद महामति धीरा ॥
अंग अंगोछत ले रुमाला, पहिरत पट पुनित वृषलाला ॥६७॥
पहिरी पादुका चलत दयाला, मंद मंद वर गति मराला ॥
वर आसन पर बैठे आई, सबकर कारन जन सुखदाई ॥६८॥
कंचन थार परोसी आना, खटरस भोजन बिंजन नाना ॥
सरस सवादु बिंजन होई, जेवत हे प्रभु रुची करी सोई ॥६९॥
दुधपाक पूरी रुचि लाई, बिरंज बासुंदी प्रभु मनमाई ॥
दहींबरा जेवत जगदिशा, जेवत करत विनोद मुनिसा ॥७०॥
जेवत प्रभु पूरी तर्कारी, बहुत प्रकारकी न्यारी न्यारी ॥
प्रथम जेये सुंदर पकवाना, मोतीचूर जलेबि नाना ॥७१॥

ઘણા બુદ્ધિમાન ધીર સ્વભાવના મુકુંદ બ્રહ્મચારી શ્રીહરિ સ્નાન કરતા હતા ત્યારે તેમના સુંદર શરીરને ચોળીને નવડાવતા હતા.

પછી ધર્મપુત્ર શ્રીહરિએ રૂમાલથી પોતાનાં અંગને લૂંછ્યું અને પવિત્ર વસ્ત્ર પહેર્યું. ૬૭. દયાળુ શ્રીહરિ ચાંખડીઓ પહેરીને ચાલ્યા. તેમની હંસના જેવી ઉત્તમ મંદ મંદ ગતિ હતી. સહુના કારણ અને જનસુખદાયક આવા શ્રીહરિ આસન ઉપર આવીને બેઠા. ૬૮. છ રસથી ભરેલાં ભોજન અને અનેક પ્રકારનાં વ્યંજનો સોનાના થાળમાં પીરસીને લાવ્યા. બધાં ભોજન વ્યંજન સરસ અને સ્વાદુ હતા. એટલે પ્રભુ શ્રીહરિ પોતાની રુચિ પ્રમાણે તે જમવા લાગ્યા. ૬૯.

પોતાની રુચિ પ્રમાણે દૂધપાક, પૂરી, બીરંજ, મનભાવી બાસુંદી, દહીંવડા વગેરે પદાર્થને જગદીશ્વર મુનિપતિ પ્રભુ જમતા હતા અને વિનોદ કરતા હતા. ૭૦. પ્રભુ શ્રીહરિ પૂરીની સાથે ઘણી પ્રકારના ભિન્ન ભિન્ન રીતે કરેલા શાકભાજીને પણ જમ્યા. જમવામાં પહેલા તો સુંદર મોતીચૂર અને જલેબી વગેરે અનેક પકવાનોને જમ્યા. ૭૧.

सोरठा : फेरत बार हि बार, वामपानी निज उदर पर ॥
लेत हे नाथ डकार, पियत पुनिपुनि वारी वरद ॥७२॥
सुप रु भात सुजान, जेंवत प्रीत लगाय हरि ॥
दूध भात भगवान, मिश्री मांई मिलाई सरस ॥७३॥
दोहा : जेये अतही अघाई प्रभु, परम परुष अविनास ॥
कर मुखकमल प्रक्षालीके, लीन बीरा मुखवास ॥७४॥
भई पंक्ति सब संतकी, जेंयत बर्नि उदार ॥
प्रेमानंदके जीये सकल, सरस मोदक करी प्यार ॥७५॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते दर्भावती ग्राममें लीला वरनन नामा षष्टितमोऽध्यायः ॥६०॥



વળી વરદ નાથ શ્રીહરિ જમતા જમતા પોતે પોતાનો ડાબો હાથ લઈ અને પેટ ઉપર વારંવાર ફેરવતા હતા. જમતા જમતા ઓડકાર ખાતા અને વારંવાર પાણી પીતા હતા. ૭૨. સુજ્ઞ શ્રીહરિ ઘણા પ્રેમથી દાળ ભાત જમતા હતા. વળી સરસ ભાત, દૂધ અને સાકર મેળવીને જમતા હતા. ૭૩.

પરમ પુરુષ અવિનાશી અતિશય તૃપ્ત થઈને જમ્યા. પછી હાથ મુખ ધોઈને મુખવાસમાં પાનબીડું લીધું. ૭૪. તે વખતે સંતો તથા વર્ણીની પંક્તિ થઈ, ઉદાર સ્વભાવના વર્ણીઓ જમ્યા અને પ્રેમાનંદ સ્વામી કહે છે કે સહુ પ્રેમથી સરસ લાડુ જમ્યા. ૭૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'ડભાણમાં શ્રીહરિની લીલાનું વર્ણન કહ્યું' એ નામે સાઠમો અધ્યાય સમાપ્ત-૬૦



अध्याय - ६१

दोहा : बर्नि संत हरिजन सकल, भई सभा हरि पास ॥
निर्खत हरि मुख शरद शशि, ज्युं चकोर दृग प्यास ॥०१॥
आये हरिजन सकल मिली, पुरबासि करी प्रीत ॥
लायेउ पूजा भेट शुभ, हरिजन हर्ख सहित ॥०२॥
सोरठा : पूजत हरि करी प्यार, धर्मात्मज भय हरन ॥
ले चंदन वर हार, सरस सुगंधी सुमनकर ॥०३॥
केसर चंदन भाल, कीन खोरी शोभा सदन ॥
दे चंद्रक बीच लाल, ललित ललाम काश्मीर कर ॥०४॥
चोपाई :
पहिराये उर बीच शुभ हारा, बकुल मालती सुगंध अपारा ॥

અધ્યાય - ૬૧

જેતલપુરમાં શ્રીહરિની લીલાનું વર્ણન

❁ ડભાણવાસી ભક્તોએ કરેલું પ્રભુનું પૂજન :

ડભાણમાં શ્રીહરિ વિરાજતા હતા ત્યારે તેમની પાસે બધા વર્ણી, સંતો અને હરિભક્તોની સભા થઈ. તે સહુ શરદ ઋતુના ચંદ્રને ચકોર જેમ પ્યાસી દૃષ્ટિથી દેખે છે તેમ શ્રીહરિનાં મુખને જોતા હતા. ૧. ડભાણ ગામના બધા હરિભક્તો પ્રેમ સહિત ભેળા મળ્યા અને ઘણા હરખથી શ્રીહરિની પૂજા તથા શુભ ભેટ સામગ્રી લાવ્યા. ૨. તે બધા હરિભક્તોએ ઘણા પ્યારથી ભયને હરનારા એવા ધર્મપુત્ર શ્રીહરિની શ્રેષ્ઠ ચંદન લઈને પૂજા કરી અને સારા સુગંધી ફૂલના હાર પણ પહેરાવ્યા. ૩. તેમણે લલાટમાં સુંદર સુશોભિત કેસરયુક્ત ચંદનનો લેપ કર્યો અને વચ્ચે સુંદર સુશોભિત લાલ કુંકુમનો ચાંદલો કર્યો. ૪. છાતી ઉપર બોરસલી, માલતી વગેરે અપાર સુગંધી પુષ્પના સુશોભિત હાર પહેરાવ્યા. તેમજ બાજુબંધ કંકણ અને સુંદર તોરા પણ ધરાવ્યા. તેનો સુગંધ લેવા માટે ભમરાઓ

अंगद कंकन शेखर च्यारु, मधुकर आयके करत गुंजारु ॥०५॥
नंग जटीत भुषन पहिराये, ओढाये पट जरकसी लाये ॥
धूप दीपकर आर्ति कीनी, नाथ मूर्ति अंतर धरी लीनी ॥०६॥
करी विनय वर कींन प्रनामा, भये भक्तजन पूरनकामा ॥
चले धर्मसुत करी तैयारी, बर्नि संत सहित सुखकारी ॥०७॥
चंचल हय वल्गा ग्रही पानी, भये अश्वार हरि रूपनिधानी ॥
चले मुदित होई गरुडगामी, आये गाम रधवानज स्वामी ॥०८॥
तहा बसे हरिभक्त अनूपा, बिप्र मानकजी भजे सुखरूपा ॥
रामदास धर्मदास हे नामा, कुंनबी ज्ञाती प्रभु पद बिश्वामा ॥०९॥
और हि भक्त हरिकर दासा, लुहार भाईजी भजे अविनासा ॥

આવીને ગુંજારવ કરતા હતા. ૫. નંગજડિત સોનાનાં ઘરેણાં પહેરાવ્યાં અને જરકસી વસ્ત્ર ઓઢાડ્યાં. પછી ધૂપ અને દીપ કરીને આરતી ઉતારી અને નાથ શ્રીહરિની મૂર્તિને પોતાનાં અંતરમાં ધારી લીધી. ૬. સહુ ભક્તોએ ઘણા વિનયની સાથે પ્રણામ કર્યા અને તે બધા પૂર્ણકામ થયા.

પછી સુખકારી ધર્મપુત્ર શ્રીહરિ તૈયારી કરીને વર્ણી તથા સંતોએ સહિત ચાલ્યા. ૭. રૂપનિધાન શ્રીહરિ ચપળ અશ્વની લગામ હાથમાં પકડીને સવાર થયા. ગરુડગામી સ્વામી રાજી થઈને ચાલ્યા તે **રધવાણજ** ગામ આવ્યા. ૮. તે ગામમાં વિપ્ર માણેકલાલ નામે અનુપમ હરિભક્ત રહેતા હતા અને સુખરૂપ શ્રીહરિનું ભજન કરતા હતા. તે સિવાયના પ્રભુના ચરણમાં વિશ્વાસવાળા કણબી જ્ઞાતિના રામદાસ અને ધર્મદાસ નામે બે ભક્ત હતા. ૯.

તે સિવાય શ્રીહરિના બીજા ભક્ત લુહાર ભાઈજીભાઈ હતા. તે અવિનાશી પ્રભુનું ભજન કરતા હતા. શ્રીહરિની ખબર સાંભળીને તે બધા ઊઠીને દોડી આવ્યા અને નાથ શ્રીહરિનાં દર્શન કરી અતિશય આનંદ પામ્યા. ૧૦. સહુએ ઘણા વિનયથી શ્રીહરિના ચરણમાં મસ્તક

सुनि खबर सादर उठी धाये, निर्खि नाथ अति आनंद पाये ॥१०॥
करी बिनय हरिपद शिरनावा, आज्युं मोर शुभ अवसर आवा ॥
करउ कृतारथ सुरमुनि स्वामी, रहउ आज्युं यहा अंतरजामी ॥११॥
करउ रसोई बर्नि संत काजा, आपहु जेंई चलो महाराजा ॥
कहे हरि हमरे जलदी जाना, पुनि आईहुं तव भुवन सुजाना ॥१२॥
देई दर्श चले सुखराशी, आये गाम खेरा अविनाशी ॥
तहाँ बसे हरिजन भावसारा, प्रेमचंद पितांबर उदारा ॥१३॥
लालदास हरिजन कंसारा, गोविंद सोनी आदि अपारा ॥
सुनी खबर हरिजन हर्खाये, ले हार हरि सनमुख धाये ॥१४॥
दोहा : आवत वृषकुल मुगट मनी, स्वामी सहजानंद ॥

નમાવ્યા અને બોલ્યા કે 'અમારે માટે આજ ઘણો શુભ અવસર આવ્યો છે, તો સુરમુનિના સ્વામી અને અંતર્યામી એવા આપ આજ અહીંયા રહો અને અમને કૃતાર્થ કરો. ૧૧. મહારાજ ! સંતો તથા વર્ણીને માટે રસોઈ કરાવો અને આપ પણ જમો. પછી ચાલો.' ત્યારે શ્રીહરિએ કહ્યું કે 'અમારે જલદી જાવું છે. સુજ્ઞ ભક્તજનો ! ફરીવાર અમે તમારે ઘેર આવશું.' ૧૨.

❊ ખેડાવાસી ભક્તો દ્વારા શ્રીહરિનું સેવન પૂજન :

સહુને દર્શન દઈ અને સુખરાશિ અવિનાશી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **ખેડા** ગામ આવ્યા. ખેડામાં ઉદાર સ્વભાવના ભાવસાર પ્રેમચંદભાઈ અને પીતાબંરભાઈ રહેતા હતા. ૧૩. તે સિવાય લાલદાસ નામે કંસારા હરિભક્ત હતા અને સોની ગોવિંદભાઈ આદિક બીજા પણ અપાર હરિભક્તો હતા. શ્રીહરિની ખબર સાંભળીને બધા હરિભક્તો રાજી થયા અને ફૂલના હાર લઈને શ્રીહરિની સન્મુખ દોડ્યા. ૧૪. ધર્મકુળ મુગટમણિ, સર્વ અશુભને ટાળનારા અને સર્વ સુખને કરનારા, જગદ્વંદ્ય, હરિકૃષ્ણ, સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ આવી રહ્યા છે. ૧૫. પછી

अशुभ हरन सब सुख करन, हरिकृष्ण जगवंद ॥१५॥
निर्खि नाथ छबी नेन भरी, आनंद अंग न माय ॥
पहिराई उर हार शुभ, करी प्रनाम परे पाय ॥१६॥
सोरठा : जोरी पानी हरिदास, बोले बचन जन अर्थवत ॥
सुनीये क्रिपानिवास, उतरो बाग मंहि सरित तट ॥१७॥
करउ रसोई राज, क्रिपासिंधु अशरन शरन ॥
जेंवउ सकल समाज, बर्नि संत पदाति सब ॥१८॥
चोपाई :
नेति कहा प्रभु घनशामा, जैहुं आज्यु जैतलपुर गामा ॥
बहुत कहा हरिजन कर ज्योरी, एक न मानी चले बर ज्योरी ॥१९॥
गये हरिजन पुर मंहि धाये, श्रीफल आदिक मेवा लाये ॥

શ્રીહરિ જ્યારે આવ્યા ત્યારે નાથ શ્રીહરિની છબીને નેણા ભરીને નીરખી. સહુનાં હૃદયમાં આનંદ સમાતો નહિ. સહુ હરિભક્તોએ શુભ ફૂલહાર પહેરાવ્યા અને હાથ જોડીને પગમાં પડ્યા. ૧૬.

બધા હરિભક્તોએ હાથ જોડીને અર્થ ગંભીર વચન કહ્યું, ‘હે દયાળુ ! આપ સાંભળો, નદી કિનારે એક બગીચો છે, ત્યાં આપ ઉતારો કરો. ૧૭. અશરણશરણ અને કૃપાના સાગર એવા આપ મહારાજ રસોઈ કરાવો. અને વર્ણી, સંત, પાર્ષદો વગેરે બધા સમાજને અહીં જમાડો.’ ૧૮. ઘનશ્યામ પ્રભુએ તે સમયે હરિભક્તોને ના કહી અને કહ્યું કે, ‘અમે આજ તો જેતલપુર ગામ જઈશું.’ હરિભક્તોએ હાથ જોડીને બહુ કહ્યું, પણ તેમની એક વાત પણ માની નહિ અને બળજબરીથી ચાલ્યા. ૧૯.

પછી હરિભક્તો દોડીને ગામમાં ગયા અને શ્રીફળ આદિક કેટલાય મેવા લાવ્યા. તેમાં કેળા, જામફળ અને દાડમ વગેરેના ઘણા મોટા પોટલા બાંધીને લાવ્યા. ૨૦. વળી પકવાન લાવ્યા. જેમ કે જલેબી, ખાજા, પેંડા, બરફી, તાજા લાડુ અને શેકેલા ચણા, એક ભીલી ગોળ અને મનમાન્યા

कदली फल जामफल आनारा, लायेउ मोट बांधी बहु भारा ॥२०॥
पुनि पकवान जलेबी खाजा, पेंडा बर्फि रु लड्डु ताजा ॥
बहुरी भुंजा हरिमंथा लाये, गुर भिली चुडवा मन भाये ॥२१॥
दीना सबका बांटी सुजाना, मिश्री जल प्रभु कीना पाना ॥
चले जान चढी धर्मकुमारा, सिघ्र गति वाजी हंकारा ॥२२॥
चले तुरा गति बर्नि संता, पहुँचे घटी च्यार मंहि याँ बलवंता ॥
आवा निकत जेतलपुर गामा, तहाँ बसे हरिभक्त अकामा ॥२३॥
तिनकर नाम कहुँ मुद आनी, श्रवने सुनत होत अघहानी ॥
कृशिकर्म करी अन्न उपजावे, जमीदार जन कुंनबी कहावे ॥२४॥
गंगादास प्रभुदास हे नामा, भक्त आसजी सब गुनधामा ॥
काकुजी रु भिखारीदासा, दास पितांबर भजे अविनासा ॥२५॥

મમરા પણ લાવ્યા. ૨૧. સુજાણ શ્રીહરિએ તે બધુ સહુને વહેંચી દીધું અને પ્રભુએ સાકરનું પાણી પીધું.

❀ જેતલપુરના ભક્તોનાં નામ તથા તેમની ભાવનાઓ :

પછી શ્રીહરિ વગેરે સહુ વાહનમાં બેસીને ચાલ્યા અને અશ્વને ઘણી ઉતાવળી ગતિએ હંકાર્યા. ૨૨. વર્ણી અને સંતો પણ ઘણા ત્વરિત ગતિથી ચાલ્યા. બળવંત શ્રીહરિ તો ચાર ઘડીમાં **જેતલપુર**ને નજીક પહોંચ્યા. ત્યાં નિષ્કામ હરિભક્તો રહેતા હતા. ૨૩. તે બધાનાં નામ હું ઘણા હરખથી કહું છું કે જે સાંભળવાથી બધી જાતનાં પાપ નષ્ટ થઈ જાય છે. ખેતી કરીને જે અન્ન પેદા કરતા હોય છે અને જે જમીનદાર હોય છે તેને કણબી કહેવાય છે. ૨૪. જેતલપુરમાં ગંગાદાસ, પ્રભુદાસ અને આસજીભાઈ આદિક બધા ભક્તો ઘણા ગુણવાન છે. કાકાજી, ભિખારીદાસ અને પીતાંબરદાસ, એ બધા અવિનાશી શ્રીહરિનું ભજન કરનારા છે. ૨૫. જોઈતાદાસ, સારા ભક્ત જીવણભાઈ, કૃષ્ણદાસ, ઉદાર સ્વભાવના કાશીદાસ, ખોડાભાઈ, નથુભાઈ અને પૂંજાભાઈ

जोईतादास जीवन जन च्यारु, कृष्णदास काशिदास उदारु ॥
खोरा नथु पुनि पूंजाभाई, यह आदि कुंनबी पुरमाई ॥२६॥

भुसुर जन जुग आसारामा, देवराम दयाराम अकामा ॥
उग्रचंद पुनि बेचरभाई, क्षत्री वाला भजे मुनिराई ॥२७॥

सुत्रधार एक लवजी कहीये, माली मानकसा पुनि लहीये ॥
भक्त कुबेर घेला भजे स्वामी, यह आदि प्रभु भजे बहुनामी ॥२८॥

दोहा : आवत वृषकुल नलिन रवी, अखिल भुवन कीर्तार ॥
भव तारन करन सकल, सहजानंद शिरदार ॥२९॥

हर्खे हरिजन खबर सुनी, प्रफुलित भये पुलकाई ॥
मन फूले कल्हारकुल, रविरथ उदय जनाई ॥३०॥

सोरठा : चलेउ अति आतुर, प्रभु हि बिलोकन हर्खभर ॥

આદિક જેતલપુરમાં કણબી હરિભક્ત હતા. ૨૬. બ્રાહ્મણોમાં બંને આશારામ, દેવરામ, નિષ્કામ ભક્ત દયારામ હતા. વળી ઉગ્રચંદ અને બેચરભાઈ, આ બે ક્ષત્રિયો મુનિરાય પ્રભુનું ભજન કરતા હતા. ૨૭. સુતારમાં લવજીભાઈ હતા અને માણેક શાહ કરીને એક માળી હતા. તેમજ કુબેર ભક્ત અને ઘેલાભાઈ પણ હતા. આ બધા બહુનામી પ્રભુ શ્રીહરિનું ભજન કરતા હતા. ૨૮.

ધર્મકુળરૂપી કમળને માટે સૂર્યના જેવા, સર્વ જગતના કર્તા, જીવોને સંસારમાંથી તારનારા, સર્વ કર્તા અને સર્વોપરિ એવા શ્રીસહજાનંદ સ્વામી **જેતલપુર**માં આવ્યા. ૨૯. તે ખબર સાંભળીને બધા હરિભક્તો ખુશી થયા અને આનંદથી પ્રફુલ્લિત થઈ ગયા. અરુણોદય થયો જાણીને જેમ કમળ ફૂલી જાય છે તેમ સહુનાં મન પ્રફુલ્લિત થઈ ગયા. ૩૦. જેમ નદીનો પ્રવાહ પોતાના પતિ સાગરને મળવાને માટે આતુરતાથી જાય છે તેમ જેતલપુરના બધા હરિભક્તો પ્રભુ શ્રીહરિનાં દર્શન કરવા માટે ઘણા હરખભર્યા આતુરભાવથી સન્મુખ ચાલ્યા. ૩૧. ઘોડાના સમુદાયની

ज्युं सरितकर पूर, जात पति सागर मिलन ॥३१॥
आये निकट महाराज, अश्वनिकर मंहि अमरपति ॥
श्रीहरि गरीबनिवाज, करी करुना जन दीन पर ॥३२॥

चोपाई :

पहुंचे भक्त समुह सुजाई, निर्खे नाथ नेना सुखदाई ॥
निर्खि छबी अति भये गुलताना, ज्युं चात्रूक स्वांत जलपाना ॥३३॥
परे दंडवत कीन प्रनाम, परसी चरन भये पूरनकाम ॥
होई आगे सादर ले आये, हरिजन उर आनंद न मांये ॥३४॥
सरस ताल तट महोल अनूपा, तहाँ उतरे सुंदर सुखरूपा ॥
उतरे पदाति श्रीहरि पासा, बर्नि संत कीन बगिया निवासा ॥३५॥
सरस सघन न्यग्रोधकर छांई, बांधे तहाँ तुरंग ले जाई ॥

વચ્ચે રહેલા ગરીબનિવાજ, દેવાધિદેવ, શ્રીસહજાનંદ સ્વામી મહારાજ દીનજનોના ઉપર દયા કરીને ભક્તજનોને નજીક આવ્યા. ૩૨. બધા ભક્તજનોનો સમૂહ જઈને શ્રીહરિની પાસે પહોંચ્યો.

સુખદાયક નાથ શ્રીહરિને સહુએ પોતાની આંખોથી જોયા. છબીનાં દર્શન કરીને જેમ ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રનું જળપાન કરીને ગુલતાન થાય તેમ સહુ ગુલતાન થઈ ગયા. ૩૩. સહુએ દંડવત્પ્રણામ કર્યા અને ચરણ સ્પર્શ કરીને પૂર્ણકામ થયા. હરિભક્તો આગળ ચાલીને શ્રીહરિને આદરભાવથી જેતલપુર લઈ આવ્યા અને સહુને એટલો બધો આનંદ થયો કે જે દિલમાં સમાતો ન હતો. ૩૪.

તળાવને કાંઠે જે અનુપમ મહોલ છે તેમાં સુખરૂપ, સુંદરશ્યામ શ્રીહરિ ઊતર્યા. પાર્ષદો બધા શ્રીહરિની પાસે ઊતર્યા અને વર્ણી તથા સંતોએ બગીચામાં ઉતારો કર્યો. ૩૫. સરસ ઘાટી વડલાની જ્યાં છાયા હતી, તેમાં લઈ જઈને બધા અશ્વ બાંધ્યા. પછી હરિભક્તો એક ઘણો સારો પલંગ લઈ આવ્યા અને ઘણી સારી મખમલની રજાઈઓ લાવ્યા.

लाये पुनित पलंग वर दासा, गुप्तदोर्क मखमल कर खासा ॥३६॥
सुंदर सेज रची सुखदाई, बैठे ता पर हरिवर आई ॥
किनखाप कर तकिया आना, लाये ओसिसा सरस सुजाना ॥३७॥
हरिजन सकल मिलीके आना, रसवती करन सरस सामाना ॥
बिविधी भाँति तर्कारी भाजी, लाये हरिजन होईके राजी ॥३८॥
हरिजन कहा हरि सुं जाई, कहउ नाथ संत बर्नि बोलाई ॥
रसोई करनकी आग्या दीजे, क्रिपानिधान बिलंब ना कीजे ॥३९॥
बर्नि संत क्षुधातुर भारी, झटति करे रसोई तैयारी ॥
कीनी आग्या परम क्रिपाला, करउ रसोई बर्नि मराला ॥४०॥
अनुज बंधु उठे मुद पाई, हरि हित भोजन कींन तुराई ॥
धर्मकुंवर हरिको बोलाउ, भई रसोई प्रभु जेवन आउ ॥४१॥

---

૩૬. તે પલંગના ઉપર સુખદાયક સુંદર ગાદી બિછાવી દીધી. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. સુજ્ઞ હરિભક્તો કિનખાબના તકિયા અને સરસ ઓશિકાં લઈ આવ્યા. ૩૭.

પછી સહુ હરિભક્તો મળીને રસોઈ કરવા માટેનો સરસ સામાન લઈ આવ્યા. બધા હરિભક્તો ખુશી થઈને અનેક પ્રકારના શાકભાજી લાવ્યા. ૩૮. અને હરિભક્તોએ કૃપાનિધાન શ્રીહરિની પાસે જઈને કહ્યું કે 'હે નાથ ! આપ વર્ણી તથા સંતોને બોલવીને કહો. તેમને રસોઈ કરવાની આજ્ઞા આપો. બહુ વિલંબ ન કરો. ૩૯. વર્ણી અને સંતો ઘણા ભૂખ્યા થયા છે. માટે જલદીથી રસોઈ તૈયાર કરાવો.'

પછી પરમ કૃપાળુ શ્રીહરિએ વર્ણી તથા સંતોને રસોઈ બનાવવા માટે આજ્ઞા કરી. ૪૦. પછી નાનાભાઈ ઈચ્છારામજી પ્રેમથી ઊઠ્યા અને જલદીથી શ્રીહરિને માટે રસોઈ બનાવી દીધી. પછી ઈચ્છારામજીભાઈએ મુકુંદ વર્ણીને કહ્યું, 'ધર્મકુંવર શ્રીહરિને બોલાવો અને કહો કે હે પ્રભુ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે માટે જમવા પધારો.' ૪૧. પછી

कहा ज्योरी कर बर्नि मुकुंदा, जेवन चलउ श्रीसहजानंदा ॥
मज्जन करी दुकुल पट पहिरी, कर वर नक्तक सरस गहीरी ॥४२॥

सोरठा : बैठे सुरमुनि नाथ, भोजन करन धर्मतनय ॥
संुदरवर सुखपाथ, खटरस भोजन जेवत प्रभु ॥४३॥
पूरी सरस पयपाक, भजीया बरा कचोरी सरस ॥
भाँति भाँति कर शाक, जेवत रुची रुची मुक्तपति ॥४४॥

दोहा : जैतलपुर कर भात प्रभु, जेवन करत बखांन ॥
दूध भात मिश्री मुदित, जेवत क्रिपानिधान ॥४५॥
जेंये नाथ अघाई अति, अचवन करत क्रिपाल ॥
प्रसन्न होई प्रेमानंदका, दिन प्रसादी थाल ॥४६॥
भई पंक्ति बहु संतकी, पुनि पदाति असवार ॥

મુકુંદાનંદવર્ણીએ બે હાથ જોડીને શ્રીસહજાનંદ સ્વામીને કહ્યું કે 'હે મહારાજ ! આપ જમવા પધારો.'

પછી શ્રીહરિએ સ્નાન કર્યું અને રેશમી વસ્ત્ર પહેર્યું. તે પછી હાથમાં એક સરસ રૂમાલ લીધો. ૪૨. સુર અને મુનિઓના નાથ, ધર્મતનય પ્રભુ ભોજન કરવા માટે બેઠા. સુખસાગર સુંદરવર પ્રભુ છ રસથી ભર્યા ભોજનને જમવા લાગ્યા. ૪૩. પૂરી, સરસ દૂધપાક, ભજિયાં, વડાં, સુંદર કચોરી, ભાત ભાતના શાક, આ બધા ભોજનોને મુક્તપતિ શ્રીહરિ પોતાની રુચિ પ્રમાણે જમવા લાગ્યા. ૪૪. પ્રભુ શ્રીહરિ જેલતપુરનો ભાત જમતા હોય ત્યારે તેના વખાણ કરતા હતા. કૃપાનિધાન શ્રીહરિ પ્રસન્ન મનથી ભાતમાં દૂધ અને સાકર નાખીને જમતા હતા. ૪૫. કૃપાળુ શ્રીહરિ અતિશય તૃપ્ત થઈને જમ્યા અને પછી ચળું કરી જળપાન કર્યું.

તે દિવસે રાજી થઈને પ્રેમાનંદ સ્વામી કહે છે કે મને પ્રસાદીનો થાળ આપ્યો. ૪૬. તે પછી ઘણા સંતો, પાર્ષદો અને ઘોડેસવારોની પંગત

जेंवन बैठे सकल मिली, वर मोदक करी प्यार ॥४७॥
जेंये सकल अघाई जन, दूध भात करी प्रीत ॥
करी अचवन उठे सकल, पावन परम पुनित ॥४८॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते जेतलपुर ग्रामे लिला बरनन नामा एकषष्टितमोऽध्यायः ॥६१॥



अध्याय - ६२

सोरठा : बैठे सभा बनाई, वृषकुल कर वर मुगटमनी ॥
बर्नि संत सब आई, निर्खत हरि मुख शरद शशी ॥०१॥
आये हरिजन वृंद, पूजाकर उपचार ग्रही ॥

થઈ. સહુ મળીને જમવા બેઠા અને તેમાં ઘણા પ્યારથી સારા લાડુ તૃપ્ત થાય ત્યાં સુધી જમ્યા. અને પ્રેમથી દૂધ અને ભાત પણ જમ્યા. તે પછી બીજાને પવિત્ર કરનારા અને પોતે પણ પરમ પવિત્ર એવા સહુ જમ્યા. પછી ચળું કરી, જળપાન કરીને ઊઠ્યા. ૪૭-૪૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'જેતલપુરમાં શ્રીહરિની લીલાનું વર્ણન કહ્યું' એ નામે એકસઠમો અધ્યાય સમાપ્ત-૬૧



અધ્યાય - ૬૨

અસલાલી ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન

ધર્મકુળના મુગટમણિ આવા શ્રીહરિ સભામાં બેઠા ત્યારે બધા સંતો અને વર્ણી વગેરે આવી શરદ ઋતુના ચંદ્રના જેવા શ્રીહરિનાં મુખારવિંદના દર્શન કરતા હતા. ૧. પછી જેતલપુરના બધા હરિભક્તો પૂજાનો સામાન

पूजत आनंदकंद, चंदन पुष्प ग्रही सरस ॥०२॥

दोहा : केसर चंदनकर सरस, अर्चा कीन ललार ॥
दे बीच कुमकुम चंद्रक, निर्खत हर्ख अपार ॥०३॥
अंग अंग प्रति सुमनकर, भुषन सरस बनाय ॥
पहिराये हरिजन सकल, आनंद अंग न माय ॥०४॥

चोपाई :
पहिराये पट भुषन भारी, प्रमुदित होई आरती उतारी ॥
परे दंडवत ज्योरि पानी, कीन बिनय बोली मृदु बानी ॥०५॥
मुदित होई दिना हरि हारा, कीन प्रशंसा बार हि बारा ॥
रहे रजनी एक धर्मकुमारा, बचनामृत बर्सि भ्रम टारा ॥०६॥
हरिजन भये परम गुलतानी, नाथ छबी अंतर मंहि आनी ॥

લઈ અને શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ચંદન અને સરસ પુષ્પ લઈને આનંદનાં મૂળસ્વરૂપ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૨. કેસરયુક્ત સરસ ચંદનની અર્ચા લલાટમાં કરી અને લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. આવા શ્રીહરિનાં દર્શન કરનારા ભક્તજનોને અપાર આનંદ થતો હતો. ૩. શ્રીહરિના હરેક અંગ ઉપર સારાં ફૂલનાં આભૂષણો પહેરાવ્યા હતા અને તેનાથી સહુ હરિભક્તોનાં અંગમાં આનંદ સમાતો ન હતો. ૪. તે પછી સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યાં અને સહુએ પ્રસન્ન મનથી સર્વ નિયંતા શ્રીહરિની આરતી ઉતારી. દંડવત્પ્રણામ કરી, બે હાથ જોડી અને સુમધુર વાણી બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. ૫.

ત્યારે શ્રીહરિએ રાજી થઈને તે બધા ભક્તોને પ્રસાદીના ફૂલ હાર આપ્યા. તેમજ તે હરિભક્તોની વારંવાર પ્રશંસા કરી. ધર્મકુમાર શ્રીહરિ ત્યાં એક રાત રહ્યા અને ત્યાં વચનરૂપી અમૃત વરસાવીને લોકોના ભ્રમને ટાળી નાંખ્યો. ૬. શ્રીહરિની સુંદર છબીને પોતાનાં દિલમાં ધારીને બધા હરિભક્તો અતિશય આનંદમાં ગુલતાન થઈ ગયા. જ્યારે રાત વીતી

निशिनि घटि रवि रथ रुची राजी, भयो सुप्रात सजेउ वर वाजी ॥०७॥
नरनाट्यक नारायन स्वामी, चढी निज जान चले बहुनामी ॥
बर्नि संत पदाति साथा, आये गाम असलाली नाथा ॥०८॥
तहाँ बसे हरिभक्त प्रबीना, हरि हित जगसुख तृनवत कीना ॥
परम पुनित तिनही कर नामा, कुंनबी भक्त सरस गुनधामा ॥०९॥
वेनिभाई भक्त लालदासा, कालीदास भजे अविनासा ॥
दास गोपाल भक्त बडभागी, हांसजी हर्खा हरि अनुरागी ॥१०॥
विप्र भगा आदि अनंता, भजे मुदित होई श्रीभगवंता ॥
सुनी खबर आवत अविनासी, निजजन वृंद सहित सुखरासी ॥११॥
प्रेमातुर होई उठी धाये, नाथ बिलोकन दृग ललचाये ॥

અને અરુણોદય થયો ત્યારે સવારના પહોરમાં જ શ્રેષ્ઠ અશ્વોને સામાનથી સજીને તૈયાર કર્યા. ૭. મનુષ્ય લીલા કરતા બહુનામી શ્રીસ્વામિનારાયણ પ્રભુ પોતાના અશ્વ ઉપર ચઢીને ચાલ્યા.

વર્ણી, સંતો અને પાર્ષદોની સાથે આગળ ચાલતા નાથ શ્રીહરિ **અસલાલી** ગામ તરફ આવ્યા. ૮. ત્યાં ઘણા નિપુણ હરિભક્તો રહેતા હતા. જેમણે શ્રીહરિને માટે થઈને જગતનાં સુખને તરણાં જેવું ગણ્યું હતું. તે બધાનાં નામ ઘણા પવિત્ર છે. તેમાંય તે ગુણનાં ધામ જેવા સરસ કણબી હરિભક્તો છે. ૯. વેણીભાઈ, લાલદાસ અને કાળીદાસ વગેરે ભક્તો અવિનાશી શ્રીહરિનું ભજન કરતા હતા. ઘણા ભાગ્યશાળી ભક્ત ગોપાળદાસ હતા અને આનંદી સ્વભાવના તથા શ્રીહરિનાં સ્વરૂપમાં પ્રેમવાળા હાંસજી નામે ભક્ત હતા. ૧૦. વિપ્ર ભગાભાઈ ઇત્યાદિક અનંત ભક્તો પ્રસન્ન મનથી ભગવાનનું ભજન કરતા હતા.

સુખરાશિ અને અવિનાશી આવા શ્રીહરિ પોતાના સંત, વર્ણી આદિ ભક્તોએ સહિત આવી રહ્યા છે, આવી ખબર સાંભળીને અસલાલીના પ્રેમાતુર ભક્તો ઊઠીને શ્રીહરિની સન્મુખ દોડ્યા. નાથ શ્રીહરિનાં દર્શન

आये प्रभु निज गाम समीपा, अखिल लोकपति मायाधीपा ॥१२॥
निर्खि नाथ नेना भरी आये, ज्योरी पानी परे सब पाये ॥
ले आये हरि आगे होई, जन तारन कारन जग सोई ॥१३॥
उतरे नाथ एक बगीया मैया, सरस नूंतकर शीतल छैया ॥
लाये बिछौना हरिजन जाई, जाजम छतरेजी गुनदाई ॥१४॥

दोहा : लाये नाथ हित सरस अति, पलका परम पुनित ॥
अति अमूल्य आसन सुखद, गुप्तदोर्क करी प्रीत ॥१५॥
उपबर्हन तकिया सरस, किनखाप कर च्यारू ॥
आई बैठे तापर प्रभु, सुंदर धर्मकुमारू ॥१६॥

सोरठा : बैठे सभा बनाय, धर्म तनय नर रूप वर ॥

કરવામાં સહુની દૃષ્ટિ લલચાયેલી રહેતી હતી. સર્વ જગતના સ્વામી અને માયાના અધિપતિ આવા પ્રભુ **અસલાલી** ગામની પાસે આવી ગયા. ૧૧-૧૨. સહુએ નેણા ભરીને નાથ શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી હાથ જોડીને સહુ પગમાં પડ્યા. સર્વ જગતનું કારણ અને ભક્તજનોનો ઉદ્ધાર કરનારા આવા શ્રીહરિની આગળ ચાલીને તેમને પોતાના ગામમાં લઈ આવ્યા. ૧૩. નાથ શ્રીહરિ ત્યાં એક બગીચામાં ઊતર્યા. ત્યાં સરસ નવી શીતળ છાયા હતી, તેમાં હરિભક્તોએ આવીને જાજમ, સારા ગુણયુક્ત શતરંજી લાવી અને બિછાના કરી દીધા. ૧૪. શ્રીહરિને માટે એક સરસ પરમ પવિત્ર પલંગ લાવ્યા. તેના ઉપર સુખદ, અતિશય અમૂલ્ય આસન પાથર્યું અને પ્રેમથી રજાઈ મૂકી. ૧૫. કિનખાબથી બનાવેલા સારા ઓશિકાં અને તકિયા પણ મૂક્યા.

સુંદર ધર્મકુમાર પ્રભુ આવીને તે પલંગ ઉપર બેઠા. ૧૬. શ્રેષ્ઠ મનુષ્યરૂપે રહેલા ધર્મપુત્ર જ્યારે સભા ભરીને આ રીતે બેઠા હતા ત્યારે તેમની આગળ સારા વિદ્વાન ગાયક સંતો વાજિંત્ર લઈને, શ્રીહરિની પવિત્ર કીર્તિને ગાતા હતા. ૧૭. મૂર્તિમાન શૃંગાર રસ હોય તેમ શ્રીહરિ

मुनि गुनि आगे गाय, विशद कीर्ति कर वाद्य ग्रही ॥१७॥
सोहत हे सुखकंद, मनु शृंगार रस मूर्तिवंत ॥
मुख मनु शरद सुचंद, दृग चकोर निज भक्तकर ॥१८॥

चोपाई :

करत सुधारस हरिजन पाना, वचनामृत बरसत भगवाना ॥
सोहत सभा बीच सुख सिंधु, मनु भगन वेष्टित वर ईन्दु ॥१९॥
आनंद छाई रहा अति भारी, प्रभु हि बिलोकी मुदित नरनारी ॥
आवत दर्श करन पुरवासी, निर्खि नाथ मीटी भवफासी ॥२०॥
बिविधि भाँति पुष्पन कर हारा, लाई धरावत जन करी प्यारा ॥
लावत कंदमूल फल नाना, ग्रहन करी हरि करत कल्याना ॥२१॥

સોહામણા લાગતા હતા. ચકોર પક્ષીની આંખને શરદ ઋતુનો ચંદ્ર જેવો પ્રિય લાગતો હોય છે, તેવું ભક્તજનોને શ્રીહરિનું મુખ પ્રિય લાગતું હતું. ૧૮. **ભગવાન શ્રીહરિ જ્યારે વચનરૂપી અમૃતને વરસાવતા હતા ત્યારે હરિભક્તો તે અમૃતરસનું પાન કરતા હતા. નક્ષત્રગણોથી વીંટાયેલો પૂર્ણચંદ્ર જે રીતે શોભે છે તે રીતે સભા વચ્ચે બેઠેલા સુખસાગર શ્રીહરિ શોભતા હતા.** ૧૯. બધા નરનારી હરિભક્તોનાં દિલમાં શ્રીહરિનાં દર્શન કરીને ઘણો ભારે આનંદ છવાઈ જતો હતો. ગામના બધા લોકો જે દર્શન કરવા આવતા હતા, તેને નાથ શ્રીહરિનાં દર્શનથી સંસારની ફાંસી ટળી જતી હતી. ૨૦. સહુ લોકો જાત જાતના પુષ્પના હાર લાવીને પ્રેમથી શ્રીહરિને ધરાવતા હતા. વળી કંદ, મૂળ અને અનેક પ્રકારનાં ફળને પણ લાવતા હતા. તેને સ્વીકારીને શ્રીહરિ તે સહુનું કલ્યાણ કરતા હતા. ૨૧.

❁ સ્વામિનારાયણ મહામંત્રનો પ્રતાપ :

પ્રગટ શ્રીહરિનું દર્શન લોકોને સંસારના ભટકણને નાશ કરવામાં કારણભૂત છે અને પરમપદ મોક્ષને પામવા માટેના સેતુ સમાન છે. શ્રીહરિનું થોડુંક દર્શન થયું હોય તોપણ તે પાપના સમુદાયોનો નાશ

जन संसृति नासकर हेतु, प्रगट दर्श परमपद सेतु ॥
अघकर ओघ नसावन जानो, प्रगट दरश तनिमात्र प्रमानो ॥२२॥
अघ आर्न्य हरन बलवाना, प्रगट नाम जिमि भानु कृशाना ॥
कलिमल कलुश हरन कर हेतु, नाम नारायण कर धूमकेतु ॥२३॥
रसना रटन नारायन स्वामी, सुनी यम किंकर पद शिरनामी ॥
करत पलायन जात निकेता, नाम प्रताप डरत भूत प्रेता ॥२४॥
प्रगट नाम महिमा बल भारी, ज्यो जन जपत तरत भव वारी ॥
सब प्रकार प्रभु सुखकर सिंधु, दीनदयाल दिनकर बंधु ॥२५॥
कल्पतरु चिंतामनि च्यारू, सहजानंद हरि धर्मकुमारू ॥
कहा बरनुं रसना मम एका, सहस्रानन लीखी लहे न छेका ॥२६॥

કરનાર છે એમ જાણો. ૨૨. **જેમ સૂર્યે સૂકવેલા જંગલને બાળવા માટે અગ્નિ બળવાન છે તેમ પ્રગટ પ્રભુનું નામ પાપરૂપી જંગલનો નાશ કરવાનું બળવાન સાધન છે. નારાયણ આવું નામ કળિયુગના મળ અને પાપનો નાશ કરવામાં કારણભૂત ધૂમકેતુ છે.** ૨૩. કોઈ **'સ્વામિનારાયણ'** એવા નામનું જીભથી રટણ કરે તો તેને સાંભળીને જમદૂતો રટણ કરનારાના પગમાં નમસ્કાર કરી અને પોતાને સ્થાન પલાયન કરીને ભાગી જાય છે અને તે **'સ્વામિનારાયણ'** એવાં નામના પ્રતાપથી ભૂત તથા પ્રેતો પણ ડરે છે. ૨૪.

પ્રગટ શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં **નામનો મહિમા** ઘણો **બળવાન તથા ભારે છે. જે મનુષ્ય તે નામનો જપ કરે છે તે સંસારરૂપી સાગરને તરી જાય છે. પ્રભુ તો બધી રીતે સુખના સાગર છે, દીનદયાળુ છે તથા દીનબંધુ છે.** ૨૫. **ધર્મકુમાર શ્રીહરિ સહજાનંદ સ્વામી તો કલ્પતરુ અને સુંદર ચિંતામણિ જેવા છે. હું શું વર્ણવું ? મારે જીભ એક જ છે. તે નામના મહિમાનો અંત તો શેષનારાયણ હજાર મુખથી પણ ગાઈ શકતા નથી. તો હું(પ્રેમાનંદ સ્વામી) કેટલોક ગાઈ શકું ?** ૨૬.

बैठे करत प्रभु हास्य बिनोदा, हरिजन उर नहीं मावत मोदा ॥
हरिजन आये ज्योरी जुग पानी, कहत प्रभु सुँ मंज्युल बानी ॥२७॥
लाये सब हि सामग्री स्वामी, रसवतीकर वर अंतरजामी ॥
बर्नि संतको कहो बोलाई, रसवती करे सरस सुखदाई ॥२८॥
दोहा : कीन आग्या करुनानिधि, रसवती करन क्रिपाल ॥
सुनी आग्या महाराजकी, उठेउ बर्नि मराल ॥२९॥
धर्मतनय बिप्रेंद्र वर, ईच्छाराम अनूप ॥
करन रसोई निज नाथ हित, उठे शीघ्र द्विज भूप ॥३०॥
सोरठा : कीनी सरस रसोई, खटरस बिंजन बिविधि वर ॥
अत हि कुशल होई, रसवती कीनी श्रीधर्मसुत ॥३१॥
बैठे बिलोकत राह, कब आवे भोजन करन ॥
बध मुक्त करनाह, प्रेरक माया सर्ग सकल ॥३२॥

સભામાં બેઠા બેઠા પ્રભુ શ્રીહરિ હાસ્યવિનોદ કરતા હતા. તેનાથી હરિભક્તોનાં દિલમાં આનંદ સમાતો નહિ. પછી હરિભક્તોએ આવી બંને હાથ જોડીને પ્રભુ શ્રીહરિ આગળ મધુરવાણી કહી, ૨૭. 'હે અંતર્યામી સ્વામી ! અમે સારી રસોઈ બનાવવાની સામગ્રી લઈ આવ્યા છીએ તો વર્ણી અને સંતોને બોલાવીને કહો કે સરસ સુખદાયક રસોઈ બનાવે. ૨૮.

પછી કરુણાનિધિ કૃપાળુ શ્રીહરિએ રસોઈ બનાવવા માટેની આજ્ઞા કરી. શ્રીહરિની આજ્ઞા સાંભળીને વર્ણી તથા સંતો રસોઈ કરવા માટે ઊઠ્યા. ૨૯. ધર્મપુત્ર, વિપ્ર શ્રેષ્ઠ, દ્વિજરાજ, અનુપમ ઈચ્છારામજીભાઈ પણ નાથ શ્રીહરિને માટે રસોઈ કરવા તત્કાળ ઊઠ્યા. ૩૦. તે ધર્મપુત્રે છ રસથી ભરપૂર, વિવિધ પ્રકારના વ્યંજનોવાળી સરસ રસોઈ બનાવી. કારણ કે તે રસોઈ બનાવવામાં અતિશય કુશળ હતા. ૩૧. બદ્ધો તથા મુક્તોના નાથ અને સમગ્ર માયાના સર્ગના પ્રેરક એવા શ્રીહરિ રાહ જોઈને બેઠા હતા કે ક્યારે મને ભોજન કરવા બોલાવે ? ૩૨.

चोपाई :

कहा बर्नि ज्योरी जुग हाथा, चलिये जेवन वृषकुल नाथा ॥
कीन रसोई तरत तव बंधु, नाथ पधारिये क्रिपासिंधु ॥३३॥
हे नारायन कही हरिराई, आये नाथ निजजन सुखदाई ॥
कनक पिठ पर बैठे आई, शित उष्ण वारी वर लाई ॥३४॥
निजकर कलस ग्रही बहुनामी, डारत तन पर अंतरजामी ॥
मर्दन करत हे बर्नि शरीरा, डारत आप बदन पर नीरा ॥३५॥
तन मज्जन करी धर्मकुमारू, अंग अंगोछि पहीरा पट च्यारू ॥
पहिरी पादुका ले रूमाला, बैठे आईके दीनदयाला ॥३६॥
कनक चौकी पर उर्ना डारी, ता पर बैठे भव भयहारी ॥
कंचन थाल परोसी आना, भाँति भाँति बिंजन पकवाना ॥३७॥
प्रथम जेंये प्रभु मौक्तिक थोरा, शष्कुल्यादिक धर्म किशोरा ॥

તેટલીવારમાં તો મુકુંદ વર્ણીએ આવી બે હાથ જોડીને કહ્યું, 'હે ધર્મકુળના નાથ ! આપ જમવા પધારો. હે કૃપાસિંધુ ! આપના ભાઈએ રસોઈ તૈયાર કરી છે, તો નાથ આપ પધારો.' ૩૩.

ભક્તજનોને સુખ આપનારા નાથ હરિરાય 'હે નારાયણ !' એમ બોલીને આવ્યા. આવીને સોનાના બાજોઠ ઉપર બેઠા અને સ્નાન કરવાને માટે સમશીતોષ્ણ જળ લાવ્યા. ૩૪. બહુનામી અને અંતર્યામી શ્રીહરિ પોતાના હાથમાં જળ ભરેલો કળશ લઈ શરીર ઉપર ઢોળતા હતા અને મુકુંદ વર્ણી શ્રીહરિનું શરીર ચોળતા હતા. વળી પોતે શરીર ઉપર પાણી નાખતા હતા. ૩૫. ધર્મકુમાર શ્રીહરિએ સ્નાન કરીને પોતાના શરીરને લૂછ્યું અને પછી સુંદર વસ્ત્ર પહેર્યાં. દીનદયાળુએ ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ રાખ્યો. આ રીતે આવીને બેઠા. ૩૬. સોનાના બાજોઠના ઉપર ઊનનું આસન પાથર્યું. પછી ભવભયહારી શ્રીહરિ તે આસન ઉપર બેઠા. તે જગ્યાએ જાત જાતના વ્યંજન અને પકવાનથી પીરસેલો સોનાનો

पुनि दुधपाक कचोरी पूरी, कहा बरनुं जेंवत चातुरी ॥३८॥
जेवत प्रभु पूरी तर्कारी, भाँति भाँतिकर न्यारी न्यारी ॥
दहींबरा क्वथिका वर क्षीप्रा, जेवत मुदित नीलकंठ बीप्रा ॥३९॥
सुंदर ओदन सरस सुगंधी, तुरबरी सुप जेवत आनंदी ॥
पय मिश्रि मंहि ओदन सानी, जेंये यथा रुची रूप निधानी ॥४०॥
कर मुख प्रभु प्रक्षालन कीना, जेई थार संतनको दीना ॥
ले सुंदर बिरा मुखबासा, बैठे वर आसन अविनासा ॥४१॥
सोरठा : बर्नि रु संत पदाति, बैठे जेंवन सकल जन ॥
जेंये मोदक करी खांती, दारी भाती दहीं दुध शुभ ॥४२॥
करी अचवन सब आये, बैठे प्रभु सनमुख सकल ॥
हरिजन पूजा लाये, यथा प्राप्त श्रद्धा सहीत ॥४३॥

થાળ લાવ્યા. ૩૭. ધર્મકિશોર પ્રભુ પહેલા તો થોડો મોતૈયો લાડુ જમ્યા અને જલેબી ઇત્યાદિક પણ જમ્યા. પછી દૂધપાક, કચોરી, પૂરી વગેરે જમ્યા. હું જમવામાં તેમની ચાતુરીનું વર્ણન શું કરું ? ૩૮. પ્રભુ શ્રીહરિ જાત જાતના શાકભાજીને પૂરીની સાથે અલગ અલગ જમ્યા. દહીંવડાં, કઢી, સરસ ખીચડી, આ બધી વસ્તુને પણ પ્રસન્ન મનથી શ્રીહરિ જમ્યા. ૩૯. સારા સુગંધી ભાત અને તુવેરની દાળને આનંદી સ્વભાવના શ્રીહરિ જમ્યા. દૂધ અને સાકરમાં ભાત મેળવીને રૂપના નિધાન શ્રીહરિ રુચિ પ્રમાણે જમ્યા. ૪૦. પ્રભુએ હાથ અને મુખ ધોયા. પછી જે થાળની પ્રસાદી હતી તે સંતોને આપી. અવિનાશી શ્રીહરિએ સુંદર પાનબીડાનો મુખવાસ લીધો અને પછી સારાં આસન ઉપર આવીને બેઠા. ૪૧.

તે પછી વર્ણી, સંતો અને પાર્ષદો બધા જ લોકો જમવા બેઠા. તે સહુ ખંતથી લાડુ જમ્યા. તે પછી દાળ, ભાત, દહીં અને સારું દૂધ પણ જમ્યા. ૪૨. સહુ ચળું કરી, જળપાન કરી આવ્યા અને પ્રભુ શ્રીહરિની સન્મુખ બેઠા. તે વખતે જેને જેવી સગવડતા હતી, તેવો પૂજાનો સામાન

दोहा : चंदन चर्चि भाल मंहि, कुमकुम चंद्रक दीन ॥
भुषन पट पहिराए शुभ, हरिजन पूजा कीन ॥४४॥
सुमन हार पहिराय वर, पूजेउ बर्नि संत ॥
प्रेमानंदके उठाय पट, वारी आरती हर्खंत ॥४५॥

इति श्रीसहजानंदस्वामी शिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्ण नारायण चरित्रामृते अश्लाली गामे लिला बरनन नामा द्विषष्टितमोऽध्याय: ।।६२।।



अध्याय - ६३

दोहा : अक्षरपति घनश्याम प्रभु, अखिल भुवन आधार ॥
श्रीनग्र प्रति धर्म सूत, किन सुगमन बिच्चार ॥०१॥

લઈ શ્રદ્ધાએ સહિત હરિભક્તો આવ્યા. ૪૩. ભક્તોએ શ્રીહરિના લલાટમાં ચંદન ચર્ચ્યું અને તેમાં કુંકુમનો ચાંદલો કર્યો. અને સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેરાવી પ્રભુજીની પૂજા કરી. ૪૪. તે પછી ફૂલના સારા હાર પહેરાવીને વર્ણી તથા સંતોની પૂજા કરી. પ્રેમાનંદ સ્વામી કહે છે કે પછી સહુ ભક્તો ઘણા હરખથી ખભા ઉપર ખેસ નાખી સર્વાવતારી શ્રીહરિની આરતી ઉતારીને અતિ આનંદ પામ્યા. ૪૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'અસલાલી ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન કહ્યું' એ નામે બાસઠમો અધ્યાય સમાપ્ત-૬૨



અધ્યાય - ૬૩

અમદાવાદમાં શ્રીહરિની લીલા અને પ્રભુની મૂર્તિનો પ્રતાપ

જે અક્ષરાધિપતિ, સર્વ જગતનો આધાર, ધર્મપુત્ર ઘનશ્યામ પ્રભુ છે તેમણે અમદાવાદ શહેરમાં જવા માટેનો વિચાર કર્યો. ૧. અશ્વ ઉપર

सजे वर वाजी साज शुभ, भुषन जरी पलान ॥
सोहत चपल तोरंग वर, मनु उर्गारि समान ॥०२॥

सोरठा : भुषन बसन सुअंग, सजे सखावर सुभट्टतर ॥
चले मनु जीतन जंग, भाँति भाँति सजि शस्त्र तन ॥०३॥

सजि वर्म तन लोह, असि चर्म तोमर सरस ॥
उपजे बिलोकी मोह, मनु कृतांत समता लहत ॥०४॥

चोपाई :
पीठ तुनीरकर धनुख वीराजे, केइकर पास भुशंडि छाजे ॥
कोउ लीए शक्ति भट बांके, कोउ गदा पानी मद छांके ॥०५॥
महा भयकंर लगत शूरबीरा, मनहुं चढे रन सुभट्ट सुधीरा ॥

સારો સાજ સામાન સજ્યો. ઘરેણાં પહેરાવીને જરિયાની પલાણ માંડ્યું. આ રીતે શણગારવાથી સારો જણાતો શ્રીહરિનો ચપળ અશ્વ ગરુડના સમાન સોહામણો લાગતો હતો. ૨. શ્રીહરિના સખાઓએ સારાં વસ્ત્ર અને ઘરેણાં ધારણ કર્યાં. માનો, કોઈ વીર યોદ્ધા યુદ્ધમાં વિજય મેળવવા જતા હોય તેમ અલગ અલગ પ્રકારનાં શસ્ત્ર શરીર ઉપર ધારણ કર્યાં હતાં. ૩. તે વીર સખાઓએ શરીર ઉપર લોઢાના કવચ પહેર્યાં. હાથમાં ઢાલ, તલવાર અને સારાં તોમર(ભાલા જેવું એક હથિયાર) લીધાં. તેને દેખતાની સાથે જ મોહ ઊપજતો હતો, માનો, આ વીર પુરુષો કાળની સાથે સરખામણી પામતા હતા. ૪.

શ્રીહરિના તે સખાઓમાં કોઈની પીઠ ઉપર ભાથો અને હાથમાં ધનુષ્ય શોભતું હતું, તો કોઈની પાસે બંદૂક છાજતી હતી. કોઈ વીર યુવાને હાથમાં શક્તિ લીધી હતી, તો કોઈ મદભર્યા યુવાને હાથમાં ગદા લીધી હતી. ૫. દુષ્ટ પુરુષોને ભય ઉપજાવે એવા તે સવારો શૂરવીર લાગતા હતા. માનો કે કોઈ સુધીર યોદ્ધા રણસંગ્રામમાં ચડ્યા ન હોય ! વાદળાની ઘટા જેવા અશ્વો હતા અને વીર પાર્ષદોના હાથમાં રહેલા ભાલા

जलद घटा सम निकर तोरंगा, चमकत कुंत तडिद सम संगा ॥०६॥
हयगन बीच राजत मुनिराया, लिखी प्रताप भट काल डिराया ॥
चढी नाथ चले बिश्व बिख्याता, परम क्रिपाल सुं निज जनपाता ॥०७॥
बरषत सुमन अमर सुखदानी, वदत विबुध बिमल वर बानी ॥
जय जय रव उचरत निजदासा, चलेउ करत दश दशि प्रकासा ॥०८॥
मनहुं उदय भया प्रात दिनेशा, हरा निविड तम जग सकलेशा ॥
सोहत तरनि सम मुनिनाथा, मनु मयुक सम मुनि गननाथा ॥०९॥
सोहत सखा सकल नीज अंसा, राजत बीच वृषकुल अवतंसा ॥
श्रीनग्रपति आवत स्वामी, होत सगुन जन उर अभिरामी ॥१०॥
श्रीनग्रबासी हरिदासा, सहसा पुलकि भा उर प्रकाशा ॥

વીજળીની જેમ ચમકતા હતા. ૬. મુનિરાજ શ્રીહરિ તે ઘોડેસવારોની વચ્ચે શોભતા હતા. તેમના પ્રતાપને દેખીને વીર કાળ પણ ડરી ગયો.

વિશ્વ વિખ્યાત પરમ કૃપાળુ અને પોતાના ભક્તોનું રક્ષણ કરનારા આવા પ્રભુ શ્રીહરિ અશ્વ ઉપર ચઢીને ચાલ્યા. ૭. દેવતાઓ શ્રીહરિના ઉપર સુખદાયક પુષ્પવૃષ્ટિ કરતા હતા અને તે દેવ શ્રેષ્ઠો નિર્મળ ઉત્તમ પ્રકારનાં વચન બોલતા હતા. બધા ભક્તજનો 'જય જય...જય જય...' એવો શબ્દ બોલતા હતા.

આ રીતે દસેય દિશામાં પ્રકાશ કરતા શ્રીહરિ અમદાવાદ તરફ ચાલ્યા. ૮. માનો, પ્રાતઃકાળે સૂર્યોદય થાય અને તે સર્વ જગતના ઘાટા અંધારાનો નાશ કરે તે રીતે સર્વ જગતના ઈશ્વર મુનિનાથ શ્રીહરિ સૂર્યના જેવા સોહામણા લાગતા હતા અને સહુનાં અંતર અજ્ઞાનને નાશ કરતા હતા. બધા સંતોનો સમાજ ચંદ્રમાના જેવો શાંત લાગતો હતો. ૯. પોતાના અંશ જેવા બધા સખાઓ સોહામણા લાગતા હતા અને તેની વચ્ચે ધર્મકુળના તોરા જેવા શ્રીહરિ શોભતા હતા. જ્યારે શ્રીહરિ અમદાવાદમાં આવી રહ્યા હતા ત્યારે તેમના હૃદયમાં ગમી જાય તેવા

फरकेउ दछिन लोचन च्यारु, दछिन भूजा फरकी शुभ कारु ॥११॥

जन उर छाइ रहा उछावा, गावत माननी मंगल बधावा ॥
कोइक जन निर्खी हरिराई, धावा नग्र मंहि दिन बधाई ॥१२॥

आवत श्रीधर्मात्मज स्वामी, अखिल लोकपति अंतरजामी ॥
बर्नी संत सहित सुरभूपा, निर्खी आवा रमनीय रूपा ॥१३॥

अमित अश्व बीच हरि बहुनामी, तरल तोरंग पर राजत स्वामी ॥
सुनत सकल हरिजन मुद पावा, आनंद उर्मी अंग नहि मावा ॥१४॥

दोहा : करने करने जपत जन, बदत हर्ख ज्युत बानी ॥
आये बिश्वकर प्रान प्रभु, श्रीहरि रूपनिधानी ॥१५॥

हरिजन पुलकि संवारे शुभ, निज निज भूवन अटारी ॥

શુભ શુકનો થતા હતા. ૧૦. અમદાવાદના બધા હરિભક્તો તત્કાળ જ રોમાંચિત થઈ ગયા અને તેનાં દિલમાં પ્રકાશ થયો. તેમની જમણી આંખો અને જમણી ભુજાઓ શુભ સૂચવતી ફરકવા લાગી. ૧૧. સહુ લોકોના મનમાં ઉત્સાહ છવાઈ ગયો અને સ્ત્રીઓ વધાઈનાં મંગળ ગીત ગાવા લાગી. કોઈ માણસ તો શ્રીહરિનાં દર્શન કરી, દોડીને શહેરમાં ગયો અને સહુ લોકોને વધામણી કહી. ૧૨. તેણે કહ્યું કે 'સર્વ જગતના સ્વામી, અંતર્યામી શ્રીધર્મપુત્ર સહજાનંદ સ્વામી અમદાવાદમાં આવી રહ્યા છે. તે વર્ણી અને સંતોએ સહિત આવતા સુરરાજ શ્રીહરિના રમણીય સ્વરૂપનાં દર્શન કરીને હું આવ્યો છું. ૧૩. બહુનામી સ્વામી શ્રીહરિ અપાર અશ્વોની વચ્ચે એક ચપળ અશ્વના ઉપર વિરાજી રહ્યા છે.'

❁ અમદાવાદની શોભાનું વર્ણન અને ભક્તોનાં નામ :

આ સમાચાર સાંભળીને સમગ્ર હરિભક્તોનાં મનમાં હર્ષ થયો અને આનંદના ઊર્મીઓ તેનાં અંગમાં સમાયા નહિ. ૧૪. લોકો કાનોકાન વાત કહેતા હતા અને સહુ હરખ ભરેલી વાણી બોલતા હતા. તેઓ કહેતા હતા કે સર્વ જગતના પ્રાણ અને રૂપના નિધાન આવા પ્રભુ શ્રીહરિ

बांधे द्वार मनि तोरन, सिंचे मृग मद वारी ॥१६॥

सोरठा : बिथुंनी किन शुभझारी, बेरे फूल सिचि सुजन ॥
अशोक सुं तोरन द्वारी, रंभा तरु रोपेउ सफल ॥१७॥
बांधेउ द्वारे पताक, रुक्म रजतकर झगमगत ॥
लाजत खिली मनु नाक, शोभा सकल सुं उदय भई ॥१८॥

चोपाई :
संपत्ति कीर्ति भुति अनुपा, सिमिटी सब जगकी सुखरूपा ॥
उदय भई हरिजन ग्रह द्वारे, रिद्धि सिद्धि आदिक तनु धारे ॥१९॥
हरिजन भुवन सोहत छबी धामा, थकित लिखि पुरजन अभिरामा ॥
प्रभु आगमन प्रताप जनावा, पत्तनवासी उर आनंद छावा ॥२०॥

અમદાવાદ આવી રહ્યા છે. ૧૫. હરિભક્તોએ તો આનંદના આવેશમાં પોતપોતાનાં ઘર અને અગાશી વગેરેને સારી રીતે વાળીને સાફસૂફ કર્યા. પોતાનાં ઘરને બારણે મણિજડિત તોરણો બાંધ્યા. કસ્તૂરીનું પાણી ચારેય બાજુ છાંટ્યું. ૧૬. જળઝારીથી ચારેબાજુ પાણી છાંટીને તેના ઉપર ફૂલ વેરી દીધા. દરવાજામાં આસોપાલવના તોરણ બાંધ્યા અને ફળની સાથેના કેળના સ્તંભ રોપ્યા. ૧૭. સોનેરી અને રૂપેરી પતાકાઓ બારણે બાંધ્યા કે જે ઝગમગાતા હતા. ત્યાં સરસ ઉદય પામેલી સમગ્ર શોભાને જોઈને સ્વર્ગલોક પણ શરમાઈ જતો હતો. ૧૮.

આ જગતમાં સુખરૂપ જે સંપત્તિ, કીર્તિ અને અનુપમ વૈભવ કહેવાય છે તે બધા ભેળા મળીને હરિભક્તને ઘેર આવી પ્રગટ થયા હતા. તેમજ બધી રિદ્ધિ પણ મૂર્તિમાન થઈને ત્યાં રહી હતી. ૧૯. હરિભક્તોના સોહામણા ઘરની રમણીય શોભા જોઈને શહેરના બીજા લોકો પણ વિસ્મિત થતા હતા. પ્રભુ શ્રીહરિના શહેરમાં આવવાના પ્રતાપને જાણીને નગરવાસી લોકોનાં દિલમાં આનંદ છવાઈ ગયો. ૨૦. બધા હરિભક્તો તૈયારી કરી, સામૈયા સાથે નીકળ્યા; તેની શોભાનું વર્ણન

निकसे हरिजन सजी समैया, कहा बर्नु छबी बने न कैया ॥
श्रीनग्रकर भक्त अनंता, नाम गिनत कोउ लहे न अंता ॥२१॥
सरस एकांतिक प्रगट उपासी, धर्मकुंवर बिन अन्य न आशी ॥
लक्षवान जन अपारा, तिन मंहि नाम गिनुं हो च्यारा ॥२२॥
भक्त बनिक जन ईच्छारामा, हिराचंद वर उभय अकामा ॥
भक्त मनोहर कुबेर गोविंदा, गोकुल गोपाल भजे ब्रजचंदा ॥२३॥
रनछोर त्रिकम बेचर जानो, ये सब चोकसी मंडल प्रमानो ॥
आशाराम जन सांमल कुबेरा, मोहनलाल दोलादी घनेरा ॥२४॥
सोनी जन पुरुषोत्तम दासा, मंगल भजे हरि अविनाशा ॥
लक्ष्मीचंद हिराचंद दोइ, भजे धर्मसुत अति मुद होई ॥२५॥
त्रिभुवन हरगोविंदभाई, भजे हरि लई जग सुं लराई ॥

હું શું કરું ? મારાથી કહી શકાતું નથી. અમદાવાદમાં અનેક હરિભક્તો હતા. તેનાં નામ ગણતાં કોઈ પાર આવતો નથી. ૨૧. પ્રગટ ધર્મકુમાર શ્રીહરિની જ એક ઉપાસના કરનારા, જેને બીજા કોઈની આશા ન હોય એવા શુભ લક્ષણથી સંપન્ન પરમ એકાંતિક સારા અપાર હરિભક્તો હતા. તેમાંથી જે ઉત્તમ ભક્ત હોય તેનાં નામ હું ગણાવું છું. ૨૨.

વણિક હરિભક્તોમાં ઇચ્છારામ, હીરાચંદ શેઠ, આ બંને શ્રેષ્ઠ નિષ્કામ ભક્ત હતા. મનોહર ભક્ત, કુબેરદાસ, ગોવિંદભાઈ, ગોકુળદાસ અને ગોપાળભાઈ, એ વ્રજચંદ્ર પ્રભુનું ભજન કરતા હતા. ૨૩. રણછોડભાઈ, ત્રિકમભાઈ, બેચરભાઈ, આ બધા ચોકસી મંડળમાં ગણાય છે. આશારામભાઈ, શામળજીભાઈ, કુબેરભાઈ, મોહનલાલ, દોલાભાઈ ઇત્યાદિક પણ ઘણા ભક્ત હતા. ૨૪. સોનીમાં પુરુષોત્તમદાસ, મંગળભાઈ કે જે અવિનાશી શ્રીહરિનું ભજન કરતા હતા; લક્ષ્મીચંદભાઈ અને બંને હીરાચંદભાઈ ધર્મપુત્ર શ્રીહરિનું ભજન અતિશય પ્રસન્ન મનથી કરતા હતા. ૨૫. ત્રિભુવનભાઈ તથા હરગોવિંદભાઈ જગતની સાથે લડીને શ્રીહરિનું ભજન કરતા હતા.

कहुँ बिप्रकर नाम अनूपा, नथु जुगल भजत मुनि भूपा ॥२६॥
हेमतराम रु जीवनरामा, महादेव हरेश्वर नामा ॥
काशीराम कुबेरजी कहीये, गनपतराम नाम जुग लहीए ॥२७॥
आदित्यराम पुनि सोमनाथा, गिरिधर गावत हरि गुन गाथा ॥
क्षत्रि भक्त कुबेरसिंघ च्यारु, भजत धर्मसुत परम उदारु ॥२८॥
दोहा : कुनबी भक्त कर नाम कहुँ, सुनत श्रवन अभिराम ॥
शंभुदास दामोदर, भजत अनघ घनश्याम ॥२९॥
बजेराम गंगाराम शुभ, वा जुगल लालदास ॥
केवलराम रनछोर पुनी, हरिपद अचल निवास ॥३०॥
सोरठा : भक्त दयालजी नाम, पितांमर पानाचंद सरस ॥
प्रेमजी खुशाल अकाम, भाईचंद हिरा राइजी शुभ ॥३१॥

હવે વિપ્રોના અનુપમ નામ કહું છું. તેમાં બંને નથુભાઈ મુનિરાજ શ્રીહરિનું ભજન કરતા હતા. ૨૬. હેમંતરામ, જીવણરામ, મહાદેવ, હરેશ્વર, કાશીરામ, કુબેરજી અને બે ગણપતરામ, ૨૭. આદિત્યરામ, સોમનાથભાઈ અને ગીરધરભાઈ વગેરે હરિભક્તો શ્રીહરિના ગુણની ગાથા ગાતા હતા. ક્ષત્રિય ભક્તોમાં ઉત્તમ કુબેરસિંહ પણ પરમ ઉદારભાવે ધર્મપુત્ર શ્રીહરિનું ભજન કરતા હતા. ૨૮.

હવે કણબી હરિભક્તોનાં નામ કહું છું. જે કાનથી સાંભળવામાં રમણીય લાગે છે. તેમાં શંભુદાસ અને દામોદરભાઈ નિર્દોષભાવે ઘનશ્યામ પ્રભુનું ભજન કરતા હતા. ૨૯. વજેરામ, ગંગારામ, બે લાલદાસ, કેવળરામ, રણછોડભાઈ, આ બધા ભક્તોને શ્રીહરિના ચરણમાં અચળ નિવાસ હતો. ૩૦. દયાળજી ભક્ત, પીતાંબર, ઉત્તમ ભક્ત પાનાચંદ, પ્રેમજી, નિષ્કામ ભક્ત ખુશાલભાઈ, ભાઈચંદભાઈ, હીરાભાઈ, રાઈજીભાઈ, લખાભાઈ, કસળાભાઈ, ગંગારામ, હરગોવિંદ; આ બધા શ્રેષ્ઠ ભક્ત હતા. વસ્તાભાઈ, માણેકરામ અને ભાવસિંહજી શ્રીહરિનું ભજન કરતા હતા. ૩૧-૩૨. કૃષ્ણદાસ, બેચરભાઈ અને

लखा कसला गंगाराम, हरगोविंद हरिभक्त वर ॥
बसता मानकराम, भक्त भावसिंघ भजत हरि ॥३२॥

चोपाई :
कृष्ण बेचर अंबारामा, यह आदि हरिभक्त करनामा ॥
बाई भाई भजे अनंत अपारा, नाम गिनिको करे निरधारा ॥३३॥
आये निकट श्रीहरि महाराजा, चले सकल मिलि सजी समाजा ॥
लिंन श्रीफल फलदल बनमाला, नारी पुरुष निकसे ततकाला ॥३४॥
गज रथ अश्व सजी नर वाह्वा, करी आरोहन चले सुजाना ॥
ज्युथ हि ज्युथ चले हर्खाई, प्रेम प्रवाह अंग नहि माई ॥३५॥
सिंधु मिलन सरिता ज्युं राई, एसे हरिजन निकसे धाई ॥
निकसी सहर बाहीर जनवृंदा, ज्युरे सकल मिलि भर आनंदा ॥३६॥

અંબારામ ઇત્યાદિક હરિભક્તોનાં નામ છે. બાઈ ભાઈ હરિભક્ત અનંત અને અપાર હતા, તે બધાનાં નામ ગણીને તેનો નિર્ધાર કોણ કરે ? ૩૩.

❁ શ્રીનગરમાં શ્રીહરિનું આગમન અને ભવ્ય સવારી :

શ્રીહરિજી મહારાજ જ્યારે શહેરની એકદમ નજીક આવી ગયા ત્યારે બધી તૈયારી કરીને હરિભક્તોનો સમાજ પણ આગળ ચાલ્યો. બધા હરિભક્ત નરનારીઓ હાથમાં શ્રીફળ, બીજા કોઈ ફળ, પત્ર કે સારી વનમાળાઓ લઈને તત્કાળ બહાર નીકળ્યા. ૩૪. હાથી, રથ, અશ્વ કે પાલખી વગેરે વાહનને તૈયાર કરી, તેમાં બેસી અને તે સુજ્ઞ ભક્તો સામે ચાલ્યા. હરિભક્તોના હરખથી ભરેલાં ટોળેટોળાં ચાલ્યા. તેમનાં દિલમાં પ્રેમનો પ્રવાહ ક્યાંય સમાતો નહિ. ૩૫.

સમુદ્રને મળવાને માટે જે રીતે નદી જતી હોય છે, તે રીતે બધા હરિભક્તો દોડતા નીકળ્યા. મનુષ્યનાં ટોળેટોળા શહેરની બહાર નીકળ્યા. તે આનંદમાં ને આનંદમાં બધા ભેળા મળી ગયા. ૩૬. અનેક પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. ખાસ કરીને વિશેષ પ્રકારના દુંદુભિ

बाजा बाजन लगे अनेका, हनत दुंदुभी सरस बिसेखा ॥
गोमुख सिंगि बाजत तांसा, मुदित बजावत मृदंग कांसा ॥३७॥
बजत पणव डफ भैरि बाजा, अतितिछन शरनाई अवाजा ॥
भया तुंमल रव रहा नभ छाई, पहुंचा शब्द अमरपुर मांई ॥३८॥
फरकत कनक निशान रु नेजा, देखत दुरिजन जरत करेजा ॥
चढी बेमान सुर देखन आये, निर्खी नाथ उर हर्ख न माये ॥३९॥
अश्वनीकर मंहि जन प्रतिपाला, आवत उत ते दीनदयाला ॥
निर्खी नाथ मूर्ति हरिदासा, भयेउ लक्ष ज्युत परे निरासा ॥४०॥
लिंन भये नारी मन प्रांना, निर्खी धर्मसुत रूपनिधाना ॥
परे दंडवत हरिजन वृंदा, किन प्रनाम ज्योरि कर द्वंदा ॥४१॥
रूप छटा निर्खी जन च्यारुं, करत पान दृग थकीत निहारु ॥

વગાડાતા હતા. ગોમુખ, રણશિંગી અને તાસા વાગતા હતા. તેમજ કોઈ હરખથી મૃદંગ અને ઝાંઝ વગાડતા હતા. ૩૭. પણવ, ડફ, ભેરી આદિક વાજિંત્રો વાગતાં હતાં અને શરણાઈનો અવાજ તો અત્યંત તીક્ષ્ણ લાગતો હતો. આ બધાં વાજિંત્રોનો તુમુલ ધ્વનિ આકાશમાં છવાઈ ગયો અને તે શબ્દ ઠેઠ સ્વર્ગમાં પહોંચ્યો. ૩૮.

તે સમયે સોનાના નિશાન અને નેજા ફરકવા લાગ્યા. તેને જોઈને દુર્જનોના કલેજા બળવા લાગ્યા. દેવતાઓ વિમાનમાં બેસીને આ બધું સામૈયું જોવા આવ્યા. દેવતાઓએ પણ નાથ શ્રીહરિનાં દર્શન કર્યાં અને તેમનાં દિલમાં પણ હરખ સમાતો ન હતો. ૩૯. જનપ્રતિપાલક દીનદયાળુ શ્રીહરિ ઘોડાના સમુદાયની વચ્ચે ચાલ્યા આવતા હતા.

નાથ શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને તો કેટલાક હરિભક્તોને સમાધિ થઈ ગઈ અને નીચે ઢળી પડ્યા. ૪૦. રૂપનિધાન ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શન કરી તેમના નાડી, મન અને પ્રાણ લીન થઈ ગયા. કેટલાક હરિભક્તોના વૃંદ તો દંડવત્ કરવા લાગ્યા અને કેટલાયે બે

ज्युं चकोर अबिलोकी चंदा, परत न दृगन पलक कर द्वंदा ॥४२॥

दोहा : अमीत बर्नी मुनिगन निकर, अमित अश्वकर भीर ॥
अमीत पदाति अमित जन, भया संमर्दन रुचीर ॥४३॥

होत बिमल रव तुपक कर, हिसत हयकर वृंद ॥
बाजत बाजा बिविधि बिधी, सुनि उपजत आनंद ॥४४॥

सोरठा : सोहत श्रीघनशाम, अश्वनीकर मंहि रूपमनी ॥
सहजानंद सुखधाम, निजजन नयन रवि सुखद ॥४५॥

सोहत छबी अभिराम, अश्वारुढ कर निकर वर ॥
मनु घन घटा ललाम, चमकत कुंत तडीद सरस ॥४६॥

હાથ જોડીને પ્રણામ કર્યાં. ૪૧. પ્રભુ શ્રીહરિનાં સુંદર રૂપ સોદર્યની છટાને લોકો નીરખતા હતા અને વિસ્મિત દષ્ટિથી તે રૂપનું પાન કરીને નીહાળતા હતા. જેમ ચકોર પક્ષી ચંદ્રમાને એકીટશે દેખે તે રીતે દર્શન કરનારની આંખોની પલકો પડતી ન હતી. ૪૨.

અમદાવાદની બજારમાં વર્ણી, સંતો, ઘોડેસવારો, પાર્ષદો અને સામે આવેલા સ્થાનિક ભક્તોની અપાર ભીડ થઈ હતી. ૪૩. બંદૂકોના ચોખ્ખા ધ્વનિ થતા હતા, ઘોડાઓ હણહણતા હતા અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. આ બધી જાતના ધ્વનિને સાંભળનારાને ઘણો જ આનંદ થતો હતો. ૪૪.

રૂપના મણિ જેવા અને સુખનાં ધામરૂપ શ્રીઘનશ્યામ સહજાનંદ સ્વામી ઘોડે સવારોના સમૂહને મધ્યે સોહામણા લાગતા હતા અને પોતાના ભક્તોજનોના નેત્રોને સુખદ સૂર્ય સમાન જણાતા હતા. ૪૫. ઘોડેસવારોની વચ્ચે શ્રીહરિની ભવ્ય છબી જે શોભતી હતી, તે મેઘની ઘટા સમાન સુંદર લાગતી હતી અને ઘોડેસવારોના હાથમાં રહેલા ભાલા તે વીજળીના જેવા સરસ ચમકતા હતા. ૪૬. શ્રીહરિ પધારી રહ્યા હતા ત્યારે હરિભક્તોનાં દિલમાં હરખ સમાતો ન હતો. ઘણી જાતની ભેટો

चोपाई :

हरिभक्त उर हर्ख न मैया, धरी धरी भेट परे सब पैया ॥
सरस सुमनकर हार अपारा, भाँति भाँति फल बिविधि प्रकारा ॥४७॥
लेत हार हरि हर्ख सहिता, निजजन लाये परम पुनिता ॥
शीश बना सुमनकर सेहरा, उभय भुजा मंहि लीन घनेरा ॥४८॥
उर मंहि राजत अगनीत हारा, गर्क सुमन मंहि धर्मकुमारा ॥
चिह्नि परे सब जनका स्वामी, बने सुमनमय अंतरजामी ॥४९॥
बाजत बाजा बिविध प्रकारी, परत सोर तासनकी भारी ॥
हनत दुंदुभी भुवि आकाशे, बरषत विबुध सुमन हुलासे ॥५०॥
सुनी उद्‌घोष नग्र नरनारी, धाये बिलोकन प्रभु अवतारी ॥

મૂકી મૂકીને બધા ચરણમાં પડતા હતા. સારા સુગંધી ફૂલના અપાર હાર પહેરાવતા હતા અને વિવિધ પ્રકારના ફળ પણ અર્પણ કરતા હતા. ૪૭. પોતાના ભક્તજનો જે પરમ પવિત્ર ભાવનાથી ફૂલના હાર લાવતા હતા તેને શ્રીહરિ હરખથી લઈ લેતા હતા અને મસ્તક ઉપર ફૂલોનો ખૂંપ ધરાવ્યો હતો. ફૂલના શણગાર બંને હાથમાં લીધેલા ઘણા હતા. ૪૮. છાતી ઉપર ફૂલના અગણિત હાર શોભતા હતા.

ધર્મકુમાર શ્રીહરિ ફૂલોમાં ગરકાવ થઈ ગયા હતા. અંતર્યામી શ્રીહરિ દર્શન કરનારા સર્વ ભક્તજનોને તો ફૂલમય જ દેખાતા હતા. ૪૯. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. તેનો ઘણો ભારે શોર થયા કરતો હતો. જમીન ઉપર અને આકાશમાં દુંદુભિ વાગતા હતા અને દેવતાઓ પણ ઉલ્લાસથી વિવિધ પ્રકારના ફૂલ વરસાવતા હતા. ૫૦.

શહેરના નરનારીઓ તે વાજિંત્રોના ઉદ્‌ઘોષને સાંભળીને સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા માટે દોડી આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને પુરજનો વંદન કરી કરી ઓવારણાં લેતાં હતાં અને મનુષ્યોનાં તન મન પુલકિત થઈ જતા હતા. ૫૧.

निर्खी पूरजन लेत बलैया, वारत तन मन जन पुलकैया ॥५१॥
भया संमर्द मनईकर भारी, भुवि रज ऊडी छाई दिशी च्यारी ॥
धुंसर भया आकाश अपारा, मलिन भया रविरथ उजियारा ॥५२॥
भया गर्दमय रविकर जाना, बिस्मित भये भानु भगवाना ॥
करत दृगिश्वर मनसी बीच्यारा, कहा भयो सब नभ अंधीयारा ॥५३॥
खेचर भूचर चला न जाई, भुवी रज लोचन रहेउ अंजाई ॥
दिविशद ब्याकुल भये अत्यंता, देखी न परे दृगन वर पंथा ॥५४॥
अवधि बिना कहा प्रलय आवा, तम करी गगन स्वर्ग सब छावा ॥
श्रीनग्रकर जन अकुलाये, लोचन फल निर्खन नहि पाये ॥५५॥
तम आव्रीत भया चहुपासा, लिन भया लोचन प्रकाशा ॥
यह प्रकार वृषवंश दिनेशा, किन प्रभु पुर मंहि प्रवेशा ॥५६॥

મનુષ્યોની ઘણી ભારે ભીડ થઈ. જમીન ઉપરથી ઊડેલી રજ ચારેય દિશાઓમાં છવાઈ ગઈ. અપાર આકાશ ધુંધળું થઈ ગયું સૂર્યનો ઉજ્જ્વળ રથ પણ મલિન થઈ ગયો. ૫૨. સૂર્યનો રથ પણ ધૂળની ડમરીથી ઘેરાઈ ગયો ત્યારે ભગવાન સૂર્યને પણ આશ્ચર્ય થયું. ચક્ષુના દેવ સૂર્ય મનમાં વિચાર કરવા લાગ્યા કે આકાશમાં આટલું બધું અંધારું કેમ થઈ ગયું ? ૫૩. આકાશમાં અને ભૂમિ ઉપર ચાલનારાથી કાંઈ ચાલી શકાતું ન હતું અને ભૂમિ ઉપરની રજથી બધાની આંખો અંજાઈ ગઈ હતી.

સ્વર્ગવાસી દેવતાઓ પણ અત્યંત વ્યાકુળ થઈ ગયા. કોઈને પોતાની દૃષ્ટિથી માર્ગ દેખાતો ન હતો. ૫૪. અવધિ વિના ઓચિંતા આ પ્રલય ક્યાંથી આવ્યો ? અંધારાથી આકાશ અને સ્વર્ગ બધું ઢંકાઈ ગયું હતું. તે ધૂળની ડમરીથી અમદાવાદવાસી લોકો અકળાઈ ગયા અને દર્શન કરીને પોતાના નેત્રનું ફળ પ્રાપ્ત કરવાનું હતું, તે પૂરું મળ્યુ નહિ. ૫૫. ચારેય બાજુ જગત અંધારાથી ઘેરાઈ ગયું. સહુની આંખોનો પ્રકાશ પણ લીન થઈ ગયો. આવી સ્થિતિમાં ધર્મવંશમાં સૂર્ય જેવા પ્રભુ શ્રીહરિએ **અમદાવાદ** શહેરમાં પ્રવેશ કર્યો. ૫૬.

दोहा : सजी वडवा वर सरस तर, भुषन नंग जराउ ॥
वैनतेय सम सोहत, मानक बरना नाऊं ॥५७॥
चलत चपल मनुं नृत्यत, नटनि ज्युं गति च्यारुं ॥
निर्खत पुरजन पुलकि दृग, होत हे हर्ख अपारुं ॥५८॥
सोरठा : राजत रूप निधान, भुषन बसन सजी सरस तन ॥
मनहुं दुसर भांन, उदयो अमल जन दृग सुखद ॥५९॥
चलत मंदगति नाथ, राज मारग मंहि सुखसदन ॥
गावत मुनि गुनगाथ, करत निगम धुनी बिप्रवर ॥६०॥
चोपाई :
कनक छत्र शीर राजत भारी, ढोरत चमर सेवक दो च्यारी ॥
बोलत छडीदार बहु आगे, नीर्ख जन दुक्रित सब भागे ॥६१॥

ઘણા સારા નંગજડિત આભૂષણોથી સારી રીતે શણગારેલી માણકી નામની ઘોડી ગરુડના જેવી શોભતી હતી. તે માણકીની શોભાનું વર્ણન મારાથી થઈ શકતું નથી. ૫૭. સુંદર ગતિવાળી માણકી કોઈ નર્તકી હોય તેમ ચપળતાથી ચાલતી ચાલતી પણ નાચતી હતી. માણકીને જોઈને નગરજનો રોમાંચિત થઈ જતા હતા, નેત્રો સ્થિર થઈ જતા અને તેમનાં દિલમાં અપાર હર્ષ થતો હતો. ૫૮. સારાં વસ્ત્ર અને અલંકારો શરીર ઉપર ધારણ કરી રહેલા અને રૂપના નિધાન જેવા શ્રીહરિ અત્યંત શોભતા હતા. નિર્મળ મનનાં મનુષ્યોની દૃષ્ટિને સુખ આપનાર એવા શ્રીહરિ માનો, બીજો સૂર્ય ઉદય પામ્યો હોય તેવા જણાતા હતા. ૫૯.

સુખના આશ્રયભૂત નાથ શ્રીહરિ રાજમાર્ગ ઉપર ધીમે ધીમે ચાલતા હતા. સંતો ભગવાનના ગુણનાં કીર્તન ગાતા હતા અને બ્રાહ્મણો વેદ મંત્રોનો ધ્વનિ કરતા હતા. ૬૦. મસ્તક ઉપર ઘણું ભારે સોનાનું છત્ર ધારણ કર્યું હતું અને બે સેવકો સુંદર ચામર ઢોળતા હતા. આગળના ભાગમાં ચોપદાર ખૂબ છડી બોલતા હતા. આવા શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન કરનારા મનુષ્યોના બધાં જ દુઃખોનો નાશ થઈ જતો હતો. ૬૧.

गुनिजन पढत प्रबंध रुं छंदा, सुनत श्रवन नासत दुःख द्वंदा ॥
आयेउ मानकचोक महाराजा, दोरे जन छबी नीर्खन काजा ॥६२॥

भई भीर तेहीं अवसर भारी, निर्खत नेहभरे नरनारी ॥
दीर्घ हर्म्यकर घटा अनूपा, क्युं करहीं उभय कोर सुखरूपा ॥६३॥

उंची करत गगनसुं बाते, सुर बेमान छुए आवते जाते ॥
चढी अटा नरनारी अनंता, नीर्खत रूप छटा भगवंता ॥६४॥

बर्खत सुमन कली फुलमाला, चीतवत ऊंचे दीन दयाला ॥
हिम रजतकर सुमन बनाई, नाथ बधावत त्रीया पुलकाई ॥६५॥

प्रभु हि बिलोकन नर रु नारी, प्रीतिपूर्वक दृग पलटारी ॥
अविलोकी दृग त्रपत न होई, भये रूप बस दृग खग दोई ॥६६॥

ભાટ ચારણ વગેરે છંદ અને પ્રબંધ બોલતા હતા. તેને કાનથી સાંભળીને લોકોનાં દુઃખ અને દ્વંદ્વનો નાશ થતો હતો. જ્યારે શ્રીહરિજી માણેક ચોકમાં આવ્યા ત્યારે લોકો શ્રીહરિની છબીનાં દર્શન કરવા માટે દોડ્યા. ૬૨. તે અવસરે ત્યાં ઘણી ભીડ થઈ અને બધા નરનારીઓ હેતભર્યા દર્શન કરતા હતા. ઊંચી અને લાંબી અનુપમ હવેલીઓની ઘટા હતી. તે બજારની બંને બાજુ સુખરૂપ જણાતી હતી. ૬૩. તે ઊંચી હવેલીઓ આકાશની સાથે વાતો કરતી હતી અને જતા આવતા દેવતાઓનાં વિમાન પણ તેને સ્પર્શી જતા હતા. અનંત નરનારીઓ અગાશી ઉપર ચઢીને ભગવાન શ્રીહરિનાં રૂપની છટાને નીરખતા હતા. ૬૪. અગાશીમાં ઊંચે રહેલા લોકો ફૂલની કળીઓ અને ફૂલની માળાઓનો વરસાદ દીનદયાળુ શ્રીહરિ ઉપર કરતા હતા અને શ્રીહરિની છબીને અંતરમાં ચિંતવન કરતા હતા. સ્ત્રીઓ સોના અને ચાંદીના ફૂલો બનાવીને તેનાથી આનંદપૂર્વક શ્રીહરિને વધાવતી હતી. ૬૫.

પ્રેમપૂર્વક પ્રભુ શ્રીહરિનાં દર્શન કરનારા બધા નરનારીઓએ પોતાની દૃષ્ટિ પલટી નાખી. દર્શન કરતા થકા પણ જ્યારે દૃષ્ટિ તૃપ્ત

रूप जार परे खंजन नेना, परवस भये जीमी शुक मेना ॥
त्रषातुर दृग रहे लोभाई, ज्युं षटपद पंकज ललचाई ॥६७॥
ज्युं रस लुब्ध मधुकर मखियाँ, ज्युं मन मगन पाई जल कखियाँ ॥
युं जन करत सुधारस पाना, शर्द शशिमुख नीर्खी सुजाना ॥६८॥
तेज प्रताप अमीत गुनधामी, अनंत शक्तिधर अंतरजामी ॥
तेहि अवसर अस रूप बनावा, निर्खि रति पति कोटी लजावा ॥६९॥
लावन्यता कर सागर स्वामी, तेज निधान ऊर्ग रीपु गामी ॥
नीर्खी नारी नर छबी अथाहा, चक्रित भये अमरगन नाहा ॥७०॥
दोहा : रूपछटा घनश्यामकी, नीर्खत जन एक ध्यान ॥
मनहुं रूपसागर मंहि, बुडे नेन मन प्रांन ॥७१॥

થતી ન હતી ત્યારે માનો, દૃષ્ટિરૂપી બંને પક્ષી શ્રીહરિનાં રૂપને આધીન થઈ ગયા હતા. ૬૬.

લોકોના ખંજન પક્ષી જેવા ચપળ નેત્ર શ્રીહરિનાં રૂપની જાળમાં ફસાઈ ગયા. પછી પોપટ તથા મેનાની જેમ પરવશ થઈ ગયા. કમળની પાંખડીમાં દબોયલો ભમરો જેમ કમળના સુગંધથી લલચાયેલો રહે છે તેમ લોકોના તરસ્યા નેત્રો શ્રીહરિનાં રૂપમાં લોભાયેલા રહેતા હતા. ૬૭. જેમ મધમાખીઓ રસમાં લોભાયેલી હોય છે અથવા જેમ માછલી પાણીને પામીને પ્રસન્ન રહે છે, તે રીતે જ લોકો શ્રીહરિના શીતળ મુખચંદ્રને જોઈને તેમાંથી અમૃતરસનું પાન કરતા હતા. ૬૮. **અપાર ગુનોના ધામ જેવા, અનંત શક્તિને ધરનારા આવા અંતર્યામી શ્રીહરિનું તેજ અને પ્રતાપ અપાર હતો. શ્રીહરિએ તે અવસરે એવું રૂપ ધારણ કર્યું હતું કે તેને જોઈને કરોડો કામદેવ પણ લજાઈ જતા હતા.** ૬૯. શ્રીહરિ સૌંદર્યના સાગર જેવા હતા. તે ગરુડગામી પોતે તેજોનિધિ હતા. દેવતાઓના પણ નાથ આવા શ્રીહરિની અથાગ શોભા સંપન્ન છબીને જોઈને નરનારીઓ આશ્ચર્યચકિત થઈ ગયા. ૭૦. લોકો ઘનશ્યામ સ્વરૂપ

ठारे चित्तवत एक टक, रही न तन संभार ॥
भये लिन मन मूर्ति मंहि, भये जडवत नरनारी ॥७२॥

सोरठा : अस ऐश्वर्य प्रताप, देखावा प्रभु मूर्ति मंहि ॥
भयेउ सकल निष्पाप, निर्खि नाथ छबी नारी नर ॥७३॥

उपज्या अत हि हेत, तजी न सकत लव मूर्ति दृग ॥
श्रीहरि बिश्वनिकेत, बसी गये जन उर प्रगट प्रभु ॥७४॥

चोपाई :
हरि मूर्तिकर सहज स्वभाउ, एचत चित्त जनकर मुनि राऊ ॥
होत जोग जस चमक पाषाना, एंचत चमक लोह जड जाना ॥७५॥

त्युं हरि मूर्ति निर्खी प्रानी, जात खेंचाई जन अज्ञानी ॥
मन ईन्द्रिकर होत निरोधा, पावत जन मूर्ति मंहि मोदा ॥७६॥

શ્રીહરિનાં રૂપની છટાને એકાગ્ર ચિત્ત થઈને નીરખતા હતા. માનો, તે નીરખનારાના નેત્ર, મન અને પ્રાણ, રૂપના સાગરમાં ડૂબી ગયા છે. ૭૧. **જ્યારે નરનારીઓ ઊભા ઊભા એકીટશે શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન કરતા હતા ત્યારે તેમને પોતાનાં શરીરનું ભાન રહ્યું નહિ. તે સહુ નરનારીનાં મન મૂર્તિમાં લીન થઈ ગયા અને જડની જેમ ઊભા રહ્યા.** ૭૨. પ્રભુ શ્રીહરિએ પોતાની મૂર્તિમાં આવું ઐશ્વર્ય અને પ્રતાપ બતાવ્યો તેથી સર્વના નાથ શ્રીહરિની શોભા જોઈને બધા નરનારીઓ નિષ્પાપ થઈ ગયા. ૭૩. લોકોને શ્રીહરિની મૂર્તિમાં અતિશય હેત થયું. તેથી દૃષ્ટિમાં વસી ગયેલી મૂર્તિને લેશમાત્ર પણ છોડી શકતા નહિ. એટલે વિશ્વના નિવાસભૂત પ્રગટ પ્રભુ શ્રીહરિ લોકોનાં દિલમાં વસી ગયા. ૭૪.

મુનિરાજ શ્રીહરિ સહજ સ્વાભાવિક રીતે લોકોનાં ચિત્તને પોતાની મૂર્તિમાં ખેંચતા હતા. જ્યારે ચમકપાણને લોઢાનો જોગ થાય ત્યારે તે ચમકપાણ જેમ લોઢાને ખેંચે છે, તેમ શ્રીહરિની મૂર્તિને દેખીને પ્રાણી તેમાં ખેંચાઈ જતા હતા. અજ્ઞાની મનુષ્યનાં મન અને ઈન્દ્રિયોનો પણ

मुहूर्त एक अस खेल देखावा, पुरबासी अति आनंद पावा ॥
मतवादी जन परम प्रबीना, सोउ भये मूर्ति मंहि लीना ॥७७॥
खेचर भुचर खग पशु प्रेता, मुहुर्त एक रहेउ अचेता ॥
दानव देव नाग मुनि जेते, मुहुर्त एक भयेउ जड तेते ॥७८॥
शर्द पार्वन शशी मुख करी हासा, जनकर शोक मोह करी नासा ॥
बर्षत सुमन अमर हर्खाई, धन्य धन्य प्रभु करत बढाई ॥७९॥
हनत दुंदुभि अमर हुलासे, होई रहा जय जय आकासे ॥
तजी न शकत जन नेह नवीना, मनु निज वछ सुर्भि सुख दीना ॥८०॥
लेकर नक्तक दे मुख आरा, रोकत रद कांति प्रभु प्यारा ॥
होरे होरे चलेउ विभु आगे, निर्खत जन छबी अति अनुरागे ॥८१॥
कोउ कोउ भाविक पुरकर नारी, बेरे सुमन वर विथुनि सवारी ॥

શ્રીહરિની મૂર્તિમાં નિરોધ થાતો હતો અર્થાત્ સહુ શ્રીહરિને જોતા જ તલ્લીન થઈ જતા હતા. તેથી બધા લોકો મૂર્તિમાં આનંદ પામતા હતા. ૭૫-૭૬. શ્રીહરિએ એક મુહૂર્ત પર્યંત આવો બધો પ્રતાપ દેખાડ્યો અને શહેરવાસી બધા લોકો અતિશય આનંદને પામ્યા. જે પરમ નિપુણ મતવાદી લોકો હતા, તે પણ શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા. ૭૭. આકાશમાં ફરનારા, ભૂમિ ઉપર રહેનારા પક્ષી, પશુ અને પ્રેતો; બધા એક મુહૂર્ત પર્યંત અચેતન રહ્યા. દાનવ, દેવ, નાગ અને જે મુનિ હતા તે બધા એક મુહૂર્ત પર્યંત જડ થઈ ગયા. ૭૮. શરદ પૂનમના ચંદ્રમાના જેવા મુખથી હસીને શ્રીહરિએ લોકોના શોક અને મોહનો નાશ કરી નાંખ્યો.

તે સમયે દેવતાઓ હરખથી ફૂલની વૃષ્ટિ કરતા હતા અને 'ધન્ય પ્રભુ ધન્ય પ્રભુ' એમ મહિમા ગાતા હતા. ૭૯. દેવતાઓ ઘણા આનંદથી દુંદુભિ વગાડતા હતા. આકાશમાં પણ તે વખતે 'જય જય.. જય જય..' આવો ધ્વનિ સંભળાતો હતો. **જેમ ગાયે પોતાનાં વાછરુંને જે સુખ આપ્યું હોય છે, તેને તે વાછરું છોડી શકતું નથી; તેમ લોકો**

छिरके मृग मद जल सुखकारी, भरी गज मुक्ता कर वर थारी ॥८२॥
नाथ बधावन ठारी द्वारे, ले उपचार वर अमित प्रकारे ॥
मंद मंद गति चलत क्रीपाला, ठारे रहत जन द्वारे दयाला ॥८३॥
पुजन करत त्रीया करी प्रीति, प्रेम विवस होई अति रसरीति ॥
नीज पीतु पुत्र पतिकर पासा, पुजन करावती होई हुलासा ॥८४॥
सोरठा : करीके चंदन खोरी, सुंदर शुभग ललार बीच ॥
करी चंद्रक वर रोरी, दे अक्षत ता मध्य शुभ ॥८५॥
पहिराये वर हारी, बकुल मालती जातीकर ॥
आर्ती तुरत उतारी, लिन बलैया चरन परी ॥८६॥
दोहा : बिश्व प्रान आगे चले, तहाँ मग सरस सवारी ॥

શ્રીહરિનાં સ્વરૂપમાં થયેલો નવો સ્નેહ છોડી શકતા ન હતા. ૮૦. પ્યારા પ્રભુ શ્રીહરિ હાથમાં રૂમાલ લઈ પોતાનાં મુખની આડો રાખતા હતા. તેનાથી તેઓ પોતાના દાંતની કાંતિને રોકી રહ્યા હતા. પ્રભુ ધીરે ધીરે આગળ ચાલ્યા અને લોકો ઘણા પ્રેમથી છબીને નીરખતા હતા. ૮૧. કોઈ કોઈ ભાવિક નગરની નારીઓએ સવારીના ઉપર સારા સુગંધી ફૂલોની વૃષ્ટિ કરી અને સુખકારી કસ્તૂરીનું પાણી છાંટ્યું તથા ગજમોતીથી ભરેલી સારી થાળી તથા બીજા પણ અનેક જાતના ઉપચારો લઈને નાથ શ્રીહરિને વધાવવાને માટે પોતાના બારણામાં ઊભી રહી.

કૃપાળુ શ્રીહરિ ધીમી ધીમી ગતિએ ચાલતા હતા અને લોકોના બારણા આગળ દયાળુ ઊભા રહેતા હતા. ૮૨-૮૩. પ્રેમવિવશ થયેલી સ્ત્રીઓ અતિશય સરસ રીતે હેતથી પૂજન કરતી હતી અને પોતાના પિતા, પુત્ર કે પતિની પાસે પણ ઉત્સાહથી પૂજા કરાવતી હતી. ૮૪. તે સ્ત્રીઓ શ્રીહરિના લલાટમાં ચંદનની અર્ચા કરી, તેની વચ્ચે કુંકુમનો સુંદર ચાંદલો કરતી અને તેના મધ્યે શુભ અક્ષત ચોંટાડતી હતી. ૮૫. તે પછી બોરસલી, માલતી અને જૂઈનાં સુગંધી ફૂલહાર પહેરાવી તરત જ

सीचेउ वारी कुं रंगमद, लाजा सुमन पसारी ॥८७॥
तहाँ वर भूवन अटारीका, ता पर चढी त्रीयावृंद ॥
बरषत प्रभु पर सुमन कली, निर्खत प्रेमानंद ॥८८॥

ईती श्रीसहजानंदस्वामी शीष्य प्रेमानंदमुनी विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते श्रीनग्रे लीलाबर्नन प्रभुनिजमूर्तिप्रतापदर्शननामा त्रिषष्टितमोऽध्याय: ।।६३।।



अध्याय - ६४

दोहा : पुरबासी जन लोह जीमी, चमक च्यारू हे नाथ ॥
निर्खत जब महाराजकुं, रहत नचित मन हाथ ॥०१॥

આરતી ઉતારતી હતી અને ચરણમાં પડીને ઓવારણાં લેતી હતી. ૮૬. વિશ્વના પ્રાણ, સર્વાત્મા શ્રીહરિ જ્યારે આગળ ચાલ્યા ત્યારે રસ્તાને સારી રીતે સ્વચ્છ કરીને તેમાં કસ્તૂરીનું સુગંધી પાણી છાંટ્યું હતું અને તેમાં ધાણી તથા ફૂલ વેર્યા હતા. ૮૭. તે સ્થળે સુંદર ભવનની અગાશી ઉપર ચઢેલી બધી સ્ત્રીઓ સર્વાધિપતિ શ્રીહરિના ઉપર ફૂલની કળીઓની વૃષ્ટિ કરતી હતી. **પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે બધું મેં નજરે જોયેલું છે.** ૮૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'અમદાવાદમાં શ્રીહરિની લીલા અને પ્રભુની મૂર્તિનો પ્રતાપ કહ્યો' એ નામે ત્રેસઠમો અધ્યાય સમાપ્ત-૬૩



અધ્યાય - ૬૪

અમદાવાદમાં શ્રીહરિની લીલા તથા ધોળકા આવવું

જેમ ચમકની નજીક ગયેલું લોખંડ વિવશ થઈ જાય છે તેમ શહેરવાસી લોકોનાં મન અને પ્રાણ નાથ શ્રીહરિજીને નીરખતા હાથ રહેતા નહિ. ૧. અમદાવાદ શહેરના લોકોનાં મન પ્રાણ વગેરે ઘાસ

बन त्रन पर्ण जन पुरके, श्रीहरि मूर्ति समीर ॥
निर्खत सम सीमिटाईके, होत मरुत आधीर ॥०२॥

सोरठा : हरि मूर्ति चित्तचोर, जन मन वृत्ति हरत वर ॥
ज्युं पतंग बस दोर, तजत न संग पतंग कर ॥०३॥

अखिल लोकपति एक, प्रानी सकल दारून सम ॥
नटवर नर विषेक, नाथ नचावत नारी नर ॥०४॥

चोपाई :

बेष्टित पुर जन वृंद समेता, आये धर्म सुत निज हि निकेता ॥
नवाबास उतरे अविनाशी, निजजन वृंद सहित सुखराशी ॥०५॥

मुनि जन बर्नि पदाति घोरे, भिन्न भिन्न उतरे सब ठोरे ॥
सरस भुवन मंहि दिन उतारा, हरिजन मनकर हर्ख अपारा ॥०६॥

અને પાંદડાના જેવા હતા અને શ્રીહરિની મૂર્તિ વાયુના જેવી હતી, માટે તે શ્રીહરિની મૂર્તિને નીરખતાની સાથે જ ઘાસ અને પાંદડા જેવા લોકોનાં મન ભેળા થઈને શ્રીહરિની મૂર્તિરૂપી પવનને વશ થઈ તેમાં તદ્રૂપ થઈ જતા હતા. ૨. **જેમ દોરીને વશ થઈને ઊડતો પતંગ ક્યારેય દોરીનો સંગ છોડતો નથી પણ ખેંચાય છે, તેમ ચિત્તચોર શ્રીહરિની મૂર્તિ લોકોનાં મનની ઉત્તમ વૃત્તિને ખેંચી લેતી હતી.** ૩. શ્રીહરિ સમગ્ર જગતના પતિ પોતે એક છે અને સમગ્ર પ્રાણીઓ કઠપૂતળી જેવા છે. તો વિશેષ મનુષ્યરૂપે થયેલા નટવરનાથ શ્રીહરિ બધા જ નરનારીઓને નચાવે છે. ૪.

શહેરમાં ભક્તજનના સમુદાયથી વીંટાયેલા ધર્મપુત્ર શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને આવ્યા. સર્વ સુખના રાશિ અવિનાશી શ્રીહરિ પોતાના ભક્તજનના સમૂહની સાથે નવા વાસમાં ઊતર્યા. ૫. સંતો, વર્ણી, પાર્ષદો, ઘોડેસવારો અને બીજા ભક્તજનો, બધા અલગ અલગ સ્થળમાં ઊતર્યા. સહુને સરસ ભવનમાં ઉતારો આપ્યો હતો. શહેરના

प्रथु एक पाट बिछावा आनी, ता पर तोसा अति सुखदानी ॥
कोमल मखमलकर बहुभारी, औछारा उपर चौतारी ॥०७॥
बांधा सेजबंध नंग जराऊ, रेशमी तकिया धरा मन भाऊ ॥
किनखाप उपबर्हन आना, गाल मसूरिया लायेउ नाना ॥०८॥
सुंदर सेज बनी सुखकारी, ता पर बैठे नाथ अघहारी ॥
करमुख कमल प्रक्षाली सुजाना, किना नाथ कछुक जल पाना ॥०९॥
आवत जन दर्शन हित धाई, निर्खत रूप छटा पुलकाई ॥
लावत हरिजन हार अपारा, कंदमूल फल बहुत प्रकारा ॥१०॥
भाँति भाँतिकर मेवा लाये, धरत भेट उर हर्ख न माये ॥
किन आग्या प्रभु बर्नि लेऊ, सबको समान बांटिको देऊ ॥११॥
आये भट्ट पंडित मतबादी, हमको हरि देखाओ समाधि ॥

હરિભક્તોનાં મનમાં અપાર હર્ષ હતો. ૬. ત્યાં એક મોટી પાટ લાવીને ઢાળી અને તેના ઉપર તેવી જ મોટી ભારે મખમલની ગાદી પાથરી અને તેના ઉપર સારો ઓછાડ ઓછાડ્યો. ૭. નગજડિત સેજબંધ બાંધ્યા અને મનભાવતા રેશમી તકિયા મૂક્યા. કિનખાબના સારાં ઓશિકાં તથા અનેક પ્રકારનાં ગાલમસૂરિયાં પણ લાવ્યા. ૮. આ રીતે સુખકારી બિછાવેલી જે પાટ હતી તેના ઉપર પાપને નાશ કરનારા નાથ શ્રીહરિ આવીને બેઠા. સુજ્ઞ નાથ શ્રીહરિએ હાથ તથા મુખ ધોયું. પછી થોડુંક પાણી પીધું. ૯.

ભક્તજનો ઘણાં હેતથી દર્શન માટે દોડ્યા આવતા હતા અને આનંદથી શ્રીહરિનાં રૂપની છટાને નીરખતા હતા. હરિભક્તો ફૂલના અપાર હાર લાવતા હતા. તે જ રીતે ઘણી જાતના કંદ, મૂળ અને ફળ લાવતા હતા. ૧૦. તે જાત જાતના મેવા લાવતા અને ભેટ ધરતા હતા. કોઈનાં દિલમાં હરખ સમાતો ન હતો. પછી શ્રીહરિએ વર્ણીને આજ્ઞા કરી કે 'આ બધી ભેટ લઈ લો અને સહુને સમાન ભાગે વહેંચી દો.' ૧૧.

पूछत प्रश्न बिकट जन आई, अर्क तुल सम देत उडाई ॥१२॥
करत हे चरचा दुर्मति वादा, अति अपार हरि सिंधु अगाधा ॥
पूछत प्रश्न सिखी जन एका, प्रभु अनुभव दरियाव बिषेका ॥१३॥
तरनि तेज मंहि पतंग अंजाई, देखी प्रताप रहे संकुचाई ॥
नाटक चेटक जंत्री तंत्री, डारत मासा बहु जन मंत्री ॥१४॥
दोहा : रहे हारी जन सकल मीली, काहुसे ना तुटा बार ॥
गये निराश सब कुटि शीर, ज्युं मृगपति लिखी सियार ॥१५॥
ज्युं करी ज्युथ लिखी केशरी, करत पलायन कूर ॥
युं भागे मतवादी शठ, फाकत मुख मंहि धूर ॥१६॥
सोरठा : ज्युं तरनिकर तेज, सहि न सकत खल उलुक गन ॥

❀ શ્રીનગરમાં શ્રીહરિએ જણાવેલો અમોઘ પ્રતાપ :

તે સમયે શ્રીહરિની પાસે કેટલાક ભટ્ટ અને મતવાદી પંડિતો આવ્યા. તેમણે શ્રીહરિને કહ્યું કે 'અમને સમાધિ કરાવો.' વળી કેટલાક લોકો આવીને ઘણા કઠિન પ્રશ્ન પૂછતા હતા. પણ શ્રીહરિ તો તેમણે પૂછેલા પ્રશ્નોને આંકડાંના તૂરની જેમ ઉડાડી દેતા હતા. ૧૨. દુર્બુદ્ધિવાળા લોકો ઘણી જાતની ચર્ચા અને વાદ વિવાદ કરતા હતા. પરંતુ શ્રીહરિ તો અપાર અને અગાધ સાગર જેવા હતા. આવનારા લોકો એકાદ પ્રશ્ન કોઈની પાસેથી શીખી રાખ્યો હોય તે પૂછતા હતા. પણ પ્રભુ શ્રીહરિ તો અનુભવના વિશાળ દરિયા જેવા હતા. ૧૩. **સૂર્યના તેજમાં જેમ પતંગિયું અંજાઈ જાય છે તેમ શ્રીહરિનો પ્રતાપ દેખીને બધા સંકોચાઈ જતા હતા.** ઘણા લોકો નાટક, ચેટક અને જંત તંત્ર આદિ કરતા હતા. કેટલાક તો મંત્રેલા અડદ નાખતા હતા. ૧૪.

શ્રીહરિની પાસે મળીને આવેલા બધા લોકો હારીને બેસી રહ્યા. કોઈનાથી શ્રીહરિએ બાંધેલી સંપ્રદાયની વાડ તોડી શકાણી નહિ. સિંહને દેખીને જેમ શિયાળ ભાગે તેમ બધા માથુ કૂટીને નિરાશ થઈ ગયા. ૧૫.

जरत हे कुमति करेज, लिखी प्रताप हरिकृष्ण कर ॥१७॥
मतवादीन कर मोत, उदयो धर्मकुल तम हरन ॥
अमित प्रताप उद्योत, छाई रहा त्रिभुवन विशद ॥१८॥

चोपाई :

निर्खि धर्म सुत रवि उदारू, बिकसे हरिजन नलिन सुच्यारू ॥
सिकुरे नलिनि सम खल बंसा, मुदित करत रव मुनि गन हंसा ॥१९॥
निर्खि प्रात रवि धर्मकुमारा, भये प्रफुलित हरिजन कलहारा ॥
गुंजत निकर मुनि गन भ्रंगा, गावत निर्मल किर्ति उत्तंगा ॥२०॥
होई रहा अति जय जयकारा, राजत स्वस्त श्रीधर्मकुमारा ॥
भई सभा अति मंगलकारी, विशद किर्ति गावत व्रतधारी ॥२१॥

જેમ કેસરી સિંહને દેખીને હાથીનું ટોળું પણ દૂર ભાગી જાય છે તેમ બધા શઠ ઠગ મતવાદીઓ શ્રીહરિના પ્રૌઢ પ્રતાપને દેખીને મોઢામાં ધૂળ ફાકતા ફાકતા ભાગી ગયા. ૧૬. જેમ સૂર્યના તેજને ખળ ઘુવડનું ટોળું સહન કરી શકતું નથી તે રીતે પ્રભુ શ્રીહરિકૃષ્ણ મહારાજના પ્રતાપને દેખીને સહન નહિ કરી શકનારા કુબુદ્ધિઓના કલેજા બળતા હતા. ૧૭.

મતવાદીઓનું મોત કરવા માટે અજ્ઞાનરૂપી અંધારાને નાશ કરનાર ધર્મકુળમાં શ્રીહરિરૂપી સૂર્યનો ઉદય થયો છે અને તેનો અપાર પ્રતાપરૂપી પ્રકાશ ત્રિલોકીમાં સ્પષ્ટ રીતે છવાઈ ગયો છે. ૧૮. **ધર્મપુત્રરૂપી ઉદાર સૂર્યને દેખીને હરિભક્તરૂપી સારા કમળ પ્રફુલ્લિત થયા હતા. પણ પોયણા જેવા ખળના બધા વંશજો ઉપર કહ્યા તેવા સૂર્યના ઉદયથી બીડાઈ ગયા અને મુનિજનરૂપી હંસ પ્રસન્ન થઈને શાંતિનો ધ્વનિ કરતા હતા.** ૧૯. ધર્મકુમારરૂપી સૂર્યને દેખીને સવારના પહોરમાં હરિભક્તરૂપી કમળ પ્રફુલ્લિત થઈ ગયા. મુનિમંડળરૂપી ભમરાઓ તે કમળના ઉપર ગુંજારવ કરવા લાગ્યા અને શ્રીહરિની સર્વોચ્ચ નિર્મળ કીર્તિનું ગાન કરવા લાગ્યા. ૨૦. ચારેય બાજુ અતિશય જય જયકાર થઈ રહ્યો હતો. ધર્મકુમાર

बोलेउ हरिजन ज्योरि पानी, हे धर्मात्मज रूपनिधानी ॥
मुनि बर्निको आग्या देऊ, रसवती करन कुशल मुनि तेऊ ॥२२॥
तिनको कहहु हरि बोलाई, रसवती करे सरस मनभाई ॥
कहा हरि मुनि बर्नि ग्यानी, भोजन बनावउ मुनि मुद आनी ॥२३॥
सुनि आग्या उठे बटु हंसा, ईच्छाराम वर अक्षर अंसा ॥
रसवती करन गये हरि काजा, स्वच्छ भुवन मंहिया द्विज राजा ॥२४॥
किनी रसवती तरत तैयारी, खटरस भोजन सरस सवारी ॥
लावउ बर्नि हरिको बोलाई, भई रसोई कछुं विलंब नाई ॥२५॥
ज्योरि पानी कहा बर्नि मुकुंदा, भोजन करन चलिये सुखकंदा ॥
उठेउ वृष सुत श्रीभगवाना, पहिरी पादुका चले सुजाना ॥२६॥

શ્રીહરિ પૂરી સ્વચ્છતાથી બિરાજતા હતા. ત્યાં અતિશય મંગળકારી સભા થઈ અને તેમાં નૈષ્ઠિક વ્રતધારી સંતો શ્રીહરિની ઉજ્જ્વળ કીર્તિને ગાવા લાગ્યા. ૨૧.

❁ અમદાવાદમાં શ્રીહરિ તથા સંતોની ભોજનલીલા :

પછી હરિભક્તોએ હાથ જોડીને કહ્યું કે 'હે રૂપનિધાન ધર્મપુત્ર શ્રીહરિ ! રસોઈ બનાવવામાં જે કુશળ હોય તેવા મુનિજનો અને વર્ણીઓને આજ્ઞા કરો. ૨૨. હે હરિ ! તેમને બોલાવીને કહો કે સરસ મનભાવતી રસોઈ કરે.' પછી શ્રીહરિએ સારા જ્ઞાની સંતો તથા વર્ણીને કહ્યું કે 'હે સંતો ! તમે હરખથી સારાં ભોજન તૈયાર કરો.' ૨૩. શ્રીહરિની આજ્ઞા સાંભળીને વર્ણી તથા સંતો ઊઠ્યા અને અક્ષરનાં અંશ જેવા ઉત્તમ દ્વિજરાજ ઈચ્છારામજી પણ એક સ્વચ્છ ભવનમાં શ્રીહરિને માટે રસોઈ કરવા ગયા. ૨૪. ઈચ્છારામજીભાઈએ કુશળતાથી તરત જ છ રસથી ભરેલી સરસ રસોઈ તૈયાર કરી અને પછી વર્ણીને કહ્યું કે 'રસોઈ તૈયાર થઈ ગઈ છે, તેમાં વિલંબ નથી તો તમે શ્રીહરિને બોલાવી લાવો.' ૨૫. પછી મુકુંદ વર્ણીએ શ્રીહરિની આગળ બે હાથ

सुंदर कनक कर पाट बिछावा, निजजन मन आनंद उपजावा ॥
करत स्नान कमलदल नैना, निजकर कलश ग्रही सुख देना ॥२७॥

ढोरत तन पर हरि वर वारी, मर्दन करत बदन ब्रह्मचारी ॥
कर रूमाल ले अंग अंगोछी, करचरणादि पुनित पट पोछी ॥२८॥

दोहा : पहिरी पट सुं कुशेशय, तडिद कांति सम च्यारू ॥
पहिरी खराऊं सरस ज्युग, कर नक्तक ले उदारू ॥२९॥

कंचन चौकी ढारी वर, ता पर उर्ना डारी ॥
बैठे जेवन अक्षरपति, परम पुरुष अवतारी ॥३०॥

सोरठा : शष्कुलि सुखकारी, जेवत रूचि करी विभु वरद ॥
वर मौक्तिक मुरारी, जेवत करत बखान प्रभु ॥३१॥

જોડીને કહ્યું કે 'હે સુખરૂપ શ્રીહરિ ! આપ જમવા ચાલો.' પછી સુજ્ઞ ધર્મપુત્ર શ્રીહરિ ઊઠ્યા અને ચાખડીઓ પહેરી ચાલ્યા. ૨૬.

ત્યાં એક સુંદર સોનાની પાટ બિછાવી હતી. એટલે પોતાના ભક્તોજનોને મનમાં આનંદ ઊપજાવવા માટે કમળની પાંખડી સમાન નેત્રવાળા સુખદાયક શ્રીહરિએ તે પાટ ઉપર બેસીને પોતાના હાથમાં કળશ લઈને સ્નાન કર્યું. ૨૭. શ્રીહરિ સુંદર જળને પોતાનાં શરીર ઉપર ઢોળતા હતા અને ઉદાર મનના બ્રહ્મચારી શ્રીહરિનાં શરીરને ચોળીને ધોતા હતા. પછી હાથમાં રૂમાલ લઈને શરીર લૂછ્યું અને બીજા સારાં પવિત્ર વસ્ત્રથી કરચરણાદિકને લૂછ્યાં. ૨૮. વીજળીના સમાન ચમકતું સરસ રેશમી વસ્ત્ર પહેર્યું, પછી બે સારી ચાખડીઓ પહેરી અને હાથમાં એક સુંદર રૂમાલ લીધો. ૨૯.

એક સારો સોનાનો બાજોઠ ઢાળ્યો અને તેનાં ઉપર ઊનનું આસન પાથર્યું. પછી અવતારી, પરમ પુરુષ, અક્ષરાધિપતિ શ્રીહરિ જમવા માટે બેઠા. ૩૦. વર આપનારા મહાસમર્થ સુખકારી એવા શ્રીહરિ પોતાની રુચિ પ્રમાણે જલેબી જમ્યા. તેમજ મુરારી પ્રભુએ સારા મોતૈયા લાડુ

दल मगदल संजाव, सुत्रफेनि सुक्षम सरस ॥
जेवत सुर मुनि राव, पेंडा बरफी खाजा घेबर ॥३२॥

चोपाई :

बिरंज बासुंदी शिखरन च्यारू, दुधपाक पुरी सुखकारू ॥
बरा कचोरी सरस बनाई, पुरी शाक जेवत रुचि लाई ॥३३॥
कडी बरी तर्कारी नाना, जेवत मुद होई भगवाना ॥
पियत सरस सुगंधी वारी, लेत डकार भक्त भयहारी ॥३४॥
झिंनवा भात रु अरहर सूपा, जेंवत सांनि सांनि मुनि भूपा ॥
दधिकर क्वथीका क्षिप्रा दोई, जेवत धर्मकुंवर मुद होई ॥३५॥
निंबु वा आंबकर सरस आचारा, दहिंबरा जेवत करी प्यारा ॥
पय मिश्रि हरि ओदन सानी, अति अघाई जिये सुखदानी ॥३६॥
कर मुख प्रक्षालन प्रभु किना, थार उठाई दामोदर लीना ॥

જમીને તેના વખાણ કર્યા. ૩૧. દેવ તથા મુનિના અધિપતિ આવા શ્રીહરિ દળ, મગદળ, શીરો, સરસ ઝીણી સૂતરફેણી, પેંડા, બરફી, ખાજા અને ઘેબર જમ્યા. ૩૨. તે રીતે જ સુખકારી બીરંજ, બાસુંદી, સુંદર શીખંડ, દૂધપાક, પૂરી, વડાં, સરસ બનાવેલ કચોરી, પૂરી તથા શાક; પોતાની રુચિ પ્રમાણે જમ્યા. ૩૩. વડી નાખેલી કઢી તથા અનેક પ્રકારના શાકને ભગવાન પ્રસન્નતાથી જમ્યા. ભક્તોના ભયને હરનારા શ્રીહરિ વચ્ચે સારું સુગંધી પાણી પીતા હતા અને ઓડકાર પણ ખાતા હતા. ૩૪. મુનિરાજ શ્રીહરિ ઝીણો ભાત અને તુવેરની દાળને મેળવીને જમ્યા. દહીંની કઢી અને ખીચડી, તે બંનેને પણ ધર્મકુંવર પ્રસન્ન થઈને જમ્યા. ૩૫. લીંબુ અને કેરીનું સરસ અથાણું, તેમજ દહીંવડાને પણ પ્યારથી જમ્યા. ભાતમાં દૂધ અને સાકર નાખી સુખદાયક શ્રીહરિ અતિશય તૃપ્ત થઈને જમ્યા. ૩૬.

પછી દામોદર પ્રભુએ હાથ અને મુખ ધોયા. પછી થાળ ઉઠાવી લીધો. અવિનાશી નાથ શ્રીહરિએ મુખવાસમાં પાનબીડું લીધું. પછી

लिन नाथ बिरा मुखबास, बैठे वर आसन अविनास ॥३७॥
किनि पंक्ति मुनिगन राई, अश्वारुढ पदाति आई ॥
बैठे जेंवन होई हुलासा, उठेउ कमर कसि अविनासा ॥३८॥
देत पात्र भरी परम उदारू, मोतीचूर जलेबी सुच्यारू ॥
पुनि पुनि फिरत पंक्ति मंहि नाथा, श्रद्धा भक्ति सहित सुखपाथा ॥३९॥
घेबर सरस परोसत स्वामी, घेबर लेउ कहि बहुनामी ॥
देत हे पात्र भरी दूधपाका, पूरी हरि जनकर अभिलाखा ॥४०॥
देत हे नाथ लेत कोउ नाई, कर प्रक्षाली बैठे सुखदाई ॥
दारी भात जेंये मुनिवृंदा, पय मिश्रि ओदन जगवंदा ॥४१॥
अचवन करी उठे मुनि ग्यानी, बैठे आई ज्योरी जुग पानी ॥
बैठे सभा ज्युरी सुखकंदा, निर्खत नाथ चकोर ज्युं चंदा ॥४२॥
दोहा : अक्षर कोटी महा मुक्तकर, श्रीहरि जीवनप्रान ॥

ઉત્તમ આસન ઉપર આવીને બેઠા. ૩૭. પછી બધા સંતોની પંગત કરી. ઘોડેસવાર દરબારો અને પાર્ષદોની પણ પંક્તિ કરી. બધા ઉત્સાહથી જ્યારે જમવા બેઠા ત્યારે અવિનાશી શ્રીહરિએ કમર કસી. ૩૮.

સુખસાગર નાથ શ્રીહરિ સુંદર મોતીચૂર અને જલેબીથી પરમ ઉદાર ભાવે સંતોના પાત્ર ભરી દેતા હતા અને શ્રદ્ધા તથા ભક્તિએ સહિત પંગતમાં વારંવાર ફરતા હતા. ૩૯. 'ઘેબર લો' એમ કહીને બહુનામી શ્રીસ્વામિનારાયણ ભગવાન સંતોને સરસ ઘેબર પીરસતા હતા. શ્રીહરિ દૂધપાકનાં પાત્રને ભરી દઈને ભક્તજનની અભિલાષાને પૂર્ણ કરતા હતા. ૪૦. સુખદાયી નાથ સહુને ભોજન પીરસતા હતા, પણ કોઈ જ્યારે લેતા નહિ ત્યારે તેમણે પોતાના હાથ ધોયા. જગદ્વંદ્ય સંતો દાળ તથા ભાત જમ્યા અને દૂધ સાકર નાંખેલા ભાત પણ જમ્યા. ૪૧. જ્ઞાની સંતોએ ચળું કરી, જળપાન કર્યું અને ઊઠ્યા. પછી શ્રીહરિની પાસે આવી બે હાથ જોડીને બેઠા. સર્વ સુખનાં મૂળરૂપ નાથ શ્રીહરિ જ્યારે સભામાં બેઠા ત્યારે ભક્તજનો ચકોર જેમ ચંદ્રને નીરખે તે રીતે

धरी नरनाट्यक बिहरत, करन बिश्व कल्यान ॥४३॥
निजपद कमल उपासक, बर्नी संत लेई संग ॥
करत हे लीला ललित वर, नारायण नवरंग ॥४४॥

सोरठा : तीरथ सकल निवास, संत शिरोमणि कल्पतरु ॥
करत हे कल्मष नाश, दहत कृसानु ज्युं निरस बन ॥४५॥
अखिल लोकपति ईश, जगकारन तारन सुजन ॥
जगति मंहि जगदीश, दरस परसे दुक्रित दहत ॥४६॥

चोपाई :
संत हरि जगजीवन रूपा, सेवत सुरपति अवनि भूपा ॥
ईनकर दर्श परस ते नासे, जियकर मूल अग्यान भव पासे ॥४७॥

નીરખી રહ્યા હતા. ૪૨. અક્ષર અને કરોડો મહામુક્તોના જીવનપ્રાણ આવા શ્રીહરિ વિશ્વનું કલ્યાણ કરવા માટે નરનાટક ધરીને વિચરણ કરી રહ્યા છે. ૪૩. મનમોહક પ્રભુ શ્રીનારાયણ પોતાના ચરણકમળની ઉપાસના કરનારા વર્ણી તથા સંતોને સાથે લઈને સર્વોત્તમ સુંદર લીલાઓને કરે છે. ૪૪.

જેમાં સમગ્ર તીર્થો નિવાસ કરીને રહ્યા હોય છે, જે સંતોને મધ્યે પણ શિરોમણિ છે તથા કલ્પતરુને સમાન રહ્યા છે તે પ્રભુ સૂકા વનને જેમ અગ્નિ બાળી દે છે, તે રીતે સહુના પાપોનો નાશ કરે છે. ૪૫. **સર્વ લોકના અધિપતિ, સર્વ જગનું કારણ, સજ્જનોનો સંસારથી ઉદ્ધાર કરનારા, જગદીશ એવા પરમેશ્વર આ જગતમાં પોતાનાં દર્શનથી અને સ્પર્શથી સહુનાં દુષ્કૃત્યોને બાળી નાખે છે.** ૪૬. **સંતો તથા શ્રીહરિ જગતના જીવનરૂપ છે. તેમને ઈન્દ્ર તથા મોટા રાજાઓ સેવે છે. તે બંનેનાં દર્શનથી તથા સ્પર્શથી જીવનું મૂળ અજ્ઞાન અને સંસારનાં બંધનનો નાશ થાય છે.** ૪૭. આટલા કારણથી જ પ્રભુ શ્રીહરિએ મનુષ્ય દેહ ધાર્યો છે. નૈષ્ઠિક બ્રહ્મચર્યને પાળનારા વર્ણી અને સંતોને સાથે લઈને

तेही कारन प्रभु नरतनु धारी, लई संग नैष्टिक ब्रह्मचारी ॥
दर्श परस दे करत ओधारा, होत प्रानि संसृती सुन्यारा ॥४८॥
बेठी सभा परमपद मूला, मेटन जनकर जनि मृति शूला ॥
आये पुरकर हरिजन ज्युंरी, लाये हर्ख ज्युत पूजा भूरी ॥४९॥
पूजा करन प्रभु मोद अपारा, कहत भक्तजन बार हि बारा ॥
श्वेतांबर प्रभु सब तज दिना, पहिरावा माहा बस्त्र नबीना ॥५०॥
किनखाप करवर सुरवाला, जरिमय आंगा पहिरा दयाला ॥
कनक दुपटा कमरे बांधा, जरि पटुका सुं धरा एक कांधा ॥५१॥
बांधी जरकसि पाग मिरोरी, लिना सब जन कर चित्तचोरि ॥
कनक उतरि वलय रु बाज्यु, मुक्ता जटित पनैया राज्यु ॥५२॥

દર્શન તથા સ્પર્શ દ્વારાએ જીવોનો ઉદ્ધાર કરે છે અને તેનાથી પ્રાણીઓ સંસૃતિથી છૂટી જાય છે. ૪૮.

❁ શ્રીનગરવાસીઓએ કરેલી શ્રીહરિની પૂજા :

મોક્ષનાં મૂળ જેવી સભા બેઠી હતી. જે સભા જીવના જન્મ મરણરૂપી શૂળને મટાડનારી હતી. તે સમયે શહેરના હરિભક્તો ભેળા મળીને આવ્યા અને ઘણા હરખથી પૂજાનો સામાન લાવ્યા. ૪૯. ભક્તજનોને પ્રભુ શ્રીહરિની પૂજા કરવામાં અપાર આનંદ થતો હતો અને તે ભક્તજનો પૂજા કરવા માટે વારંવાર કહેતા હતા. તે સમયે પ્રભુએ પોતે પહેરેલા બધા શ્વેત વસ્ત્ર ઉતારી નાંખ્યા અને હરિભક્તોએ નવા ઘણાં કિંમતી ભારે વસ્ત્ર પહેરાવ્યાં. ૫૦. દયાળુ શ્રીહરિ કિનખાબનો એક સારો સૂરવાળ પહેર્યો અને જરિયાની જામો પહેર્યો. એક સોનેરી દુપટો કમર ઉપર બાંધ્યો. એક જરિયાની પટકો ખભા ઉપર ધારણ કર્યો. ૫૧. મસ્તક ઉપર જરિયાની પાઘ મરોડીને ત્રાસી બાંધી. જેનાથી સર્વ ભક્તોજનોનાં ચિત્તને ચોરી લીધું. સોનાની ઊતરી, વળિયા, બાજુબંધ તથા મોતીજડિત સુંદર મોજડીઓ ધારણ કરી. ૫૨. કંઠમાં મોતીના હાર

मुक्ताहार कानमंहि मोती, नंग जटित मुद्रि कर जोति ॥
केशर तिलक भाल बिच किना, काष्मिर बिंदा तामंहि दीना ॥५३॥
सरस सुमनकर हार धरावा, गजरा अंगद रचि पहिरावा ॥
घृत कपुर आर्ति साजी, उतारत हरिजन होइ राजी ॥५४॥
परे दंडवत किन प्रनामा, पुरि सकल निजमनकी कामा ॥
भये प्रसन्न प्रभु घनश्यामा, उर बिच दिन चरन अभिरामा ॥५५॥
किन ग्रहन प्रभु नवरस अंगा, सोहत सुखनिधि रूप उत्तंगा ॥
रस शृंगार धरि मनु रूपा, आवा मूर्तिमान अनूपा ॥५६॥
रूप सिंधु ते निकसी अमुले, रूपमनी मनुं बाहर डोले ॥
निर्खि जन चक्रित भये भारी, भये बिशोक तन भान बिसारी ॥५७॥
आये बिलोकन जन मतवादी, रहे मोहि तजी कुमति उपाधी ॥

અને કાનમાં મોતી પહેર્યાં. ચળકતી નંગજડિત વીંટીઓ આંગળીઓમાં પહેરી. લલાટની વચ્ચે કેસરી તિલક કર્યું અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ૫૩. સરસ ફૂલના હાર પહેરાવ્યા અને રુચિ થાય તેવા ગજરા અને બાજુબંધ પહેરાવ્યા. ઘી તથા કપૂરની આરતી તૈયાર કરી. પછી હરિભક્તોએ મનમાં રાજી થઈને આરતી ઉતારી. ૫૪. પછી સહુએ દંડવત્પ્રણામ કર્યા અને પોતાનાં મનની બધી ઈચ્છાઓને પૂર્ણ કરી.

પછી ઘનશ્યામ પ્રભુ તે હરિભક્તોના ઉપર રાજી થયા અને તેમને પોતાના રમણીય ચરણ છાતીમાં ચાંપ્યા. ૫૫. પ્રભુ શ્રીહરિએ તે સમયે પોતાનાં શરીરમાં નવે રસને ગ્રહણ કર્યા હતા. સુખનિધિ શ્રીહરિનું સર્વોત્તમ રૂપ ઘણું સોહામણું લાગતું હતું. માનો, તે સમયે શૃંગાર રસ અનુપમ રૂપને ધારણ કરીને મૂર્તિમાન આવ્યો હોય તેમ જણાતું હતું. ૫૬. તે અમૂલ્ય શ્રીહરિનું રૂપ, રૂપના સાગરમાંથી નીકળ્યું હોય તેમ જણાતું હતું. માનો, તે રૂપમણિ બહાર ડોલતું હોય, એવા તે રૂપને જોઈને, જોનારા બધા ભક્તજનો ખૂબ જ ચકિત થઈ ગયા અને બધી જાતના

अस स्वरूप मतवादि न देखा, सब देशिक शिर गुरु यह एका ॥५८॥

दोहा : आये सुभट्ट बलवान मल, तिनही बिलोका रूप ॥
अशनी तन महा बीरवर, मनु कृतांत अनुप ॥५९॥

पुरजन बिलोकी रूप वर, लावन्यता कर धाम ॥
रम्य रूप लिखी लाजत, रति पति कोटीक काम ॥६०॥

सोरठा : क्षिति भुज आये भुप, सबकर शास्ता दंड धर ॥
देखी हरिकर रुप, मोही रहेउ नरनाह सब ॥६१॥

निर्खि हरिजन वृंद, तिनही बिलोकी नाथ छबी ॥
श्रीहरि सहजानंद, भक्तिधर्म कर बाल वर ॥६२॥

चोपाई :
रामप्रताप रु ईच्छारामा, तिनही जाना स्वजन सुखधामा ॥

શોકથી રહિત થઈ પોતાનાં શરીરનાં ભાનને પણ ભૂલી ગયા. ૫૭. તે સમયે કેટલાય મતવાદીઓ દર્શન કરવા આવ્યા. દર્શન કરતાની સાથે તેની ઉપાધિરૂપ કુબુદ્ધિ છૂટી ગઈ અને તે શ્રીહરિનાં સ્વરૂપમાં મોહી રહ્યા. બધા જ ગુરુઓ અને પંડિતોને માથે ગુરુ જેવા આ એક શ્રીહરિ હતા.

તે શ્રીહરિના આવાં સ્વરૂપને મતવાદીઓએ ક્યાંય દેખ્યું ન હતું. ૫૮. તે સમયે સારા બળવાન યોદ્ધા જેવા મલ્લ આવ્યા. તેમણે શ્રીહરિનાં રૂપને વજ્રના જેવું અને અત્યંત શ્રેષ્ઠ વીરના જેવું દેખ્યું, માનો કે કોઈ અનુપમ કાળ ન આવ્યો હોય ! ૫૯. નગરજનોએ તો સૌંદર્યનાં ધામ જેવા શ્રીહરિના શ્રેષ્ઠ રૂપને જોયું. તે રમણીયરૂપને જોઈને કરોડો રતિપતિ કામ લજ્જિત થઈ જતા હતા. ૬૦.આ ભૂમિ ઉપર શાસન કરનારા જે રાજાઓ સભામાં આવ્યા હતા, તેને તો શ્રીહરિનું રૂપ સહુનું નિયંત્રણ કરનારા દંડધારી જેવું દેખાયું અને તેનાથી બધા રાજાઓ મોહ પામી ગયા. ૬૧. **જે હરિભક્તોના સમુદાય હતા તેમણે તો શ્રીહરિની છબીને ભક્તિધર્મના સર્વોત્તમ બાળક સહજાનંદ શ્રીહરિનાં રૂપમાં દેખ્યા.** ૬૨. રામપ્રતાપજી

मुनिगन बर्नि बिलोकी स्वामी, परम तत्त्व हरि अंतरजामी ॥६३॥
मतवादी मृत्यु करमाना, निगम शिरोमनी पंडित जाना ॥
धरा मारा कर दैवत एका, अस प्रकार रूप जन देखा ॥६४॥
रहेउ पंचरात्रि वृषलाला, दर्श परस दे दीनदयाला ॥
हरिजनको अतुलित सुखदीना, चले कुंच करी परम प्रबीना ॥६५॥
बर्नि संत लेई नीज साथा, किंन गमन हरि त्रिभुवननाथा ॥
साभ्रमति सरिताकुं पाई, मज्जन कींन तहा मुनिराइ ॥६६॥
भया विलंब कछु करत स्नाना, अंशुमाली अस्त भया जाना ॥
चले तीव्र गति बर्नि संता, गावत गुन हरि कर हर्खंता ॥६७॥
मुक्तमुनि कर सैंधव आगे, जात बेगवत अति अनुरागे ॥

તથા ઇચ્છારામજીભાઈએ તો શ્રીહરિને સુખનાં ધામ જેવા સ્વજનના રૂપમાં જોયા. બધા સંતો અને વર્ણીઓએ શ્રીહરિને દેખીને તેમને અંતર્યામી પરમ તત્ત્વનાં રૂપમાં માન્યા. ૬૩. **જેટલા મતવાદીઓ હતા, તેમને શ્રીહરિ કાળના જેવા દેખાયા અને જે પંડિતો આવ્યા હતા તેમને તો વેદ ભણેલામાં શિરોમણિ દેખાયા. માનો, તે વખતે શ્રીહરિએ એવું એક દૈવત ધારણ કર્યું હતું, જેથી જેને જેવી ભાવના હતી તે તેવા સ્વરૂપે શ્રીહરિને દેખતા હતા. તેઓએ આ પ્રકારનું સ્વરૂપ ક્યાંય દેખ્યું ન હતું.** ૬૪.

દીનદયાળુ ધર્મપુત્ર શ્રીહરિ અમદાવાદમાં સહુને દર્શન અને સ્પર્શ આદિનું સુખ આપવા પાંચ દિવસ રહ્યા. પાંચ દિવસ સુધીમાં હરિભક્તોને અમાપ સુખ આપીને પરમ પ્રવીણ શ્રીહરિ કૂચ કરીને અમદાવાદથી નીકળ્યા. ૬૫. ત્રિલોકીના નાથ આવા શ્રીહરિએ વર્ણી તથા સંતોને પોતાની સાથે લઈને ગમન કર્યું. પહેલા તો સાબરમતી નદીમાં આવ્યા અને ત્યાં મુનિરાજ શ્રીહરિએ સ્નાન કર્યું. ૬૬. શ્રીહરિને સ્નાન કરતા થોડીવાર લાગી. તેવામાં સૂર્ય અસ્ત થઈ ગયો. પછીથી તો એકદમ ઉતાવળા ચાલ્યા. વર્ણી તથા સંતો હરખથી શ્રીહરિનાં ગુણનાં કીર્તનો ગાતા હતા. ૬૭.

मिले मलीमुंचा अश्वारुढा, बोले बानी अति बिपरीत मूढा ॥६८॥
रथ संग रहे पदाति एका, तिन सज किंन सतघ्नी बिषेका ॥
हरि हय रुढ पदाति पीछे, आवत प्रभु अश्वगन बीचे ॥६९॥
तस्कर पदाति भया बिवादा, पीछे सुना कुलाहल नादा ॥
अश्व पदाति पहुंचे धाइ, घेरे लियेउ तस्कारा आइ ॥७०॥
सोरठा : अश्व शस्त्र लिंन छीन, बांधेउ कर कसी सबन कर ॥
बोले बचन अति दीन, हम तुमार कुछ लीन नहि ॥७१॥
कहत हरि देउ छोरी, कस बांघेउ अनाथ जन ॥
किन आगे बरज्योरी, प्रभुकर आग्या उलंगी तब ॥७२॥
दोहा : गइ यामनी घटी च्यार तब, पहुंचेउ पुर बैराट ॥

❁ ધોળકા જતા શ્રીહરિએ રસ્તામાં ચોર ઉપર દયા કરી :

મુક્તાનંદ સ્વામીની આગળ અતિશય પ્રેમથી શ્રીહરિએ ખૂબ વેગથી અશ્વ ચલાવ્યો. તેમાં સામેથી કેટલાક ઘોડેસવાર ચોર મળ્યા. તે મૂઢ લોકો અતિશય વિપરીત વચન બોલ્યા. ૬૮. તે વખતે રથની સાથે એક પાર્ષદ હતા. જેણે બંદૂક ભરીને તૈયાર કરી રાખી હતી. ઘોડેસવાર થયેલા શ્રીહરિ ઘોડેસવારોની વચ્ચે આવતા હતા અને પાર્ષદ પાછળ ચાલતા હતા. ૬૯. તેમાં તે ચોર લોકોને અને પાર્ષદને કાંઈક વિવાદ થયો. તે પછી કાંઈક પરસ્પર કોળાહળનો અવાજ સંભળાયો. તે વખતે તે કોળાહળને સાંભળીને ઘોડેસવાર પાર્ષદો ત્યાં દોડી આવ્યા અને તે બધા ચોર લોકોને ઘેરી લીધા. ૭૦. પછી તે ચોરના ઘોડા તથા હથિયારને આંચકી તે બધાના હાથ બાંધી દીધા. પછી તે ચોર લોકો અતિશય દીન વચન બોલ્યા અને કહ્યું કે 'અમે તમારું કાંઈ લીધું નથી.' ૭૧. ત્યારે શ્રીહરિએ દયા કરીને કહ્યું કે 'પાર્ષદો ! તમે તેમને છોડી મૂકો. બિચારા અનાથ જન છે, તેને શા માટે બાંધ્યા છે ?' તેથી પાર્ષદોએ તેને છોડ્યા. તે વખતે તેઓ શ્રીહરિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કાંઈક બળજબરી કરવા

राजद्वारे ले गये तस्करा, बिपरीत करी खलराट ॥७३॥
पुरपतिको सोपेउ सकल, हरि धनहारी जन ॥
लाये स्वामी चौरन पकरी, भये पुरबासी प्रसन्न ॥७४॥
परि खबर सब पुर मंहि, आये स्वामीनाथ ॥
बर्नि संत सहित हरि, प्रेमानंद लिये साथ ॥७५॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते श्रीनग्रे लीला बरनन बैराट नग्रे आगमन नामा चतुःषष्टितमोऽध्यायः ॥६४॥



अध्याय - ६५

दोहा : सुनी खबर हरिजन सकल, आये हर्ख सहित ॥
नारायन जन बिप्र वर, रेवाशंकर शुध चित ॥०१॥

લાગ્યા. તેથી પાર્ષદોએ પકડી લીધા. ૭૨. ચાર ઘડી રાત ગઈ ત્યારે સહુ **ધોળકા** પહોંચ્યા અને તે બધા ચોરને સરકારી કચેરીમાં લઈ ગયા. તે લુચ્ચા માણસોના વિરોધમાં ફરિયાદ કરી. ૭૩. પછી શ્રીહરિએ તે બધા ચોર લોકોને ત્યાંના રાજાને સોંપ્યા. શ્રીહરિ ચોરને પકડીને લાવ્યા છે, તે સાંભળીને **ધોળકા**ના શહેરીજનો ખુશી થયા. ૭૪. પ્રેમાનંદ સ્વામી કહે છે કે સવારે આખા ગામમાં ખબર પડી ગઈ કે સર્વના નાથ શ્રીસહજાનંદ સ્વામી વર્ણી અને સંતોને સાથે લઈને અહીં આવ્યા છે. ૭૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'અમદાવાદમાં શ્રીહરિની લીલા તથા ધોળકા આવવું' એ નામે ચોસઠમો અધ્યાય સમાપ્ત-૬૪



અધ્યાય - ૬૫

સુંદરિયાણા ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન

શ્રીહરિ પધાર્યા છે, એવા સમાચાર સાંભળીને ધોળકાવાસી બધા જ હરિભક્તો હરખથી ત્યાં આવ્યા. ત્યાં વિપ્ર શ્રેષ્ઠ નારાયણજીભાઈ,

सेवकराम महाशंकर, भानजी भक्त उदार ॥
और हि जन आये सकल, लिन सुमनकर हार ॥०२॥

सोरठा : उतरे नाथ सर तीर, अश्वनीकर मुनिगन सहित ॥
भई हरिजनकी भीर, परे पूलकी हरिचरन मंहि ॥०३॥

कहत भक्त करज्योरी, रसवती करउ क्रिपाल प्रभु ॥
सुनउ बात जन मोरी, गइ रजनी बहु कहत हरि ॥०४॥

चोपाइः
गये भक्तजन नग्र मोझारा, लायेउ कदली फल सुं अपारा ॥
एका अक्षर मिश्री मनमानी, जेंये वृंद सकल मुद आनी ॥०५॥
तोसा पलंग लाये हरि काजा, पहुढे ता पर श्रीमहाराजा ॥
लाये बिछोना सब हित दासा, रहे रातिभर करी निवासा ॥०६॥

શુદ્ધ ચિત્તના રેવાશંકરભાઈ, સેવકરામ, મહાશંકર, ઉદાર ભાણજી ભક્ત અને બીજા બધા હરિભક્ત પણ આવ્યા. તે ફૂલના હાર લઈને આવ્યા હતા. ૧-૨. શ્રીહરિ ત્યાં તળાવને કિનારે ઘોડેસવારો તથા સંતોની સાથે ઊતર્યા. ત્યાં હરિભક્તોની ઘણી ભીડ થઈ. બધા આનંદિત થઈને શ્રીહરિના ચરણમાં પડ્યા. ૩.

સહુ હરિભક્તોએ હાથ જોડીને કહ્યું કે ‘હે કૃપાળુ પ્રભુ ! અહીં રસોઈ કરાવો.’ ત્યારે શ્રીહરિએ કહ્યું કે ‘હે ભક્તજનો ! મારી વાત સાંભળો. રાત ઘણી વીતી ગઈ છે.’ ૪. ત્યારે બધા હરિભક્તો ગામમાં ગયા. અપાર કેળા લઈ આવ્યા અને મનમાન્યું ઘી તથા દળેલી સાકર લાવ્યા. પછી ત્યાં સહુ ઘણા આનંદથી તે ઘી, કેળા, સાકર જમ્યા. ૫. પછી હરિભક્તો શ્રીહરિને માટે એક સારો પલંગ લઈ આવ્યા. તેના ઉપર શ્રીહરિ પોઢી ગયા. અને બીજા સહુને માટે પણ ભક્તો સારા બિછાના લઈ આવ્યા. ત્યાં રાત રહ્યા. ૬.

હરિભક્તોએ શ્રીહરિ તથા સંતો વગેરેની ઘણી સેવા કરી. સવાર

हरिजन कीन बहुत सेवकाइ, चले प्रात उठी सुरमुनिराइ ॥
आये गाम कोठ्य मुनि नाथा, रहे तहा क्षत्रिजन साथा ॥०७॥
नाम गोपाल भिमजी जानो, पथाभाई हर्भोम प्रमानो ॥
हिरा अरु भगवान कहावे, वरसा बाहादुर हरिगुन गावे ॥०८॥
रुपा भजत प्रगट भगवाना, क्षत्रि भक्त ए परम सयाना ॥
द्विज पुरषोत्तम अरु जेरामा, चारन भक्त बापुजी नामा ॥०९॥
सुत्रधार बेचर गुनवाना, लोहकार हे गनेश सुजाना ॥
इन आदिक भक्त अगनीता, बसे कोठ्य मंहि परम पुनिता ॥१०॥
खबर सुनी सब सनमुख आये, प्रभु हि बिलोकी आनंद पाये ॥
परे दंडवत कीन प्रनामा, करउ रसोई रहो घनशामा ॥११॥
हरिजन बहुत कींन मनुं वारी, दर्श परस दे चले मुरारी ॥

થયું ત્યારે ઊઠીને સુરમુનિરાય ચાલતા થયા. મુનિનાથ શ્રીહરિ કોઠ ગામ આવ્યા. તે ગામમાં ઘણા ક્ષત્રિયોનો સમુદાય હતો. ૭. તેનાં નામ કહું છું.

ગોપાળભાઈ, ભીમજીભાઈ, પથાભાઈ, હરભમભાઈ, હીરાભાઈ, ભગવાનભાઈ, વરહાભાઈ, બહાદુરભાઈ તથા રૂપાભાઈ વગેરે ભક્તો શ્રીહરિના ગુણ ગાતા હતા અને તે સહુ ભક્તો પ્રગટ ભગવાનનું ભજન કરતા હતા. ઉપર કહ્યા તે બધા ઘણા શાણા ક્ષત્રિય ભક્ત હતા. બ્રાહ્મણોમાં પુરુષોત્તમ તથા જેરામભાઈ હતા. અને બાપુજી નામે એક ચારણ ભક્ત હતા. ૮-૯. બેચરભાઈ નામે એક સુતાર ભક્ત ગુણવાન હતા. ગણેશભાઈ નામે લુહાર ઘણા શાણા હતા.

આ ઉપર કહ્યા એ આદિક બધા અગણિત ભક્તો પરમ પવિત્ર હતા અને **કોઠ** ગામમાં રહેતા હતા. ૧૦. શ્રીહરિ પધારે છે, તેવા સમાચાર સાંભળીને સહુ હરિભક્તો સન્મુખ આવ્યા અને પ્રભુનાં દર્શન કરીને ખૂબ આનંદ પામ્યા. સહુએ દંડવત્પ્રણામ કર્યા અને કહ્યું કે ‘હે ઘનશ્યામ પ્રભુ ! આપ અહીં રોકાઓ અને રસોઈ કરાવો.’ ૧૧. કોઠના

चलत चलत बोले हरिराइ, सुंदरियाना दूर हे भाई ॥१२॥
क्षुधातुर भये सबही समाजा, आवत गाम दुष्टकर राजा ॥
नाम धंधुका यमपुर च्यारु, बसे लोक तहा क्रूर कुठारु ॥१३॥
खबर सुनत सम वृद्ध रु बाला, धुरी फांट भरीके ततकाला ॥
आई हे डारन जन महाक्रूरा, रवि सुत दूत भूतसम पुरा ॥१४॥
दोहा : अश्वारुढ दोउ जायके, ले लेउ गुप्त मिठाइ ॥
जितना मिले सब गाम मंहि, ज्यो बनावा हलवाइ ॥१५॥
बर्फी पेंडा आदि दे, जीतना मिले सब तेउ ॥
दुरी रहो जाइ गाम ते, परम चतुर सुनी लेउ ॥१६॥
सोरठा : बर्नि संत जन सोउ, पुर बाहिर होइ जाउ सब ॥
हमहुं पुर बीच होउ, आइहुं अश्व पदाति मिली ॥१७॥

હરિભક્તોએ ઘણો આગ્રહ કર્યો છતાં મુરારિ શ્રીહરિ તે સહુને દર્શન તથા સ્પર્શનું સુખ આપીને ચાલતા થયા.

❀ ધંધુકાના લોકોએ કરેલું શ્રીહરિનું અપમાન :

રસ્તે ચાલતા ચાલતા શ્રીહરિરાય બોલ્યા કે ‘હે ભાઈ ! સુંદરિયાણા તો હજી દૂર છે. ૧૨. આપણો બધો સમાજ ક્ષુધાતુર થયો છે અને હવે જે ગામ આવે છે, તે તો દુષ્ટોના રાજા જેવું છે. ધંધુકા ગામ તો જમપુરી જેવું છે અને તેના બધા લોકો ક્રૂર અને કઠોર છે. ૧૩. આપણી ખબર સાંભળતાની સાથે જ ઘરડાઓ અને બાળકો સુધ્ધાં ધૂળની ફાટો ભરીને આપણા ઉપર નાખવા તત્કાળ આવશે. કેમ જે, ત્યાંના લોકો જમદૂત અને ભૂતના જેવા મહાક્રૂર છે. ૧૪. તો હવે બે ઘોડેસવારો છાની રીતે ગામમાં જાઓ અને ગામમાં હલવાઈએ જે કાંઈ બનાવી હોય અને જે મળતી હોય, તે બધી મીઠાઈ ખરીદી લો. ૧૫. તમે ઘણા ચતુર છો એટલે મારી વાત સાંભળી લો. બરફી અને પેંડા આદિક જે કાંઈ જેટલું મળે તે બધું લઈને ગામથી દૂર જતા રહો. ૧૬. વર્ણી અને સંતો કે ભક્તો જે

होइ गाम बीच नाथ, निकसे सिग्रगति जगतपति ॥
सुणी खबर जन साथ, दोरेउ ले ले धूर सठ ॥१८॥

चोपाई :

रह वापी एक गाम समीपा, तहा आइ बैठे अमर अधीपा ॥
करत कुलाहल जन सब धाई, घूरी डारन आये कसाइ ॥१९॥
आनी रीस दृग सोम रु सुरा, फेरी कुंत दृष्टि करी क्रूरा ॥
बोलेउ बानी भिती भयहारी, ससरौउ सबको डारी हुं मारी ॥२०॥
बोले हरि यहा खाये न पैहूं, चलउ याँसुं तनि आगे जैहू ॥
अश्वनी चढे नाथ भये आगे, पीछे दुष्ट घुरी डारन लागे ॥२१॥
आवा आगे खदीरतरु एका, पुरते दुरि कोस बिषेका ॥
तहाँ उतरे सुखनिधि अविनासा, जल न मिले कहुँ आसपासा ॥२२॥

કાંઈ છે તે બધા ગામથી બહાર નીકળી જાઓ. અમે ઘોડેસવારો અને પાર્ષદોની સાથે ગામ વચ્ચે થઈને આવીએ છીએ.' ૧૭.

જગત્પતિ નાથ ગામની વચ્ચે ઝડપથી નીકળ્યા. શ્રીહરિ આવ્યાની ખબર સાંભળીને ગામના બધા શઠ લોકો ધૂળ લઈને દોડ્યા. ૧૮. દેવાધિદેવ શ્રીહરિ ગામને નજીક એક વાવ હતી ત્યાં આવીને બેઠા. તે વખતે કોળાહળ કરતા કસાઈ જેવા બધા લોકો શ્રીહરિના ઉપર ધૂળ નાંખવા માટે દોડી આવ્યા. ૧૯. તે સમયે સોમલા ખાચર અને સૂરા ખાચરે આંખમાં રીસ ભરી ક્રૂર દષ્ટિ કરીને ભાલો ફેરવ્યો. અને બધાનો ભય ટળી જાય એવી વાણી બોલ્યા કે 'સાસરાઓ ! તમને બધાને અમે મારી નાખશું. ૨૦.'

ત્યારે શ્રીહરિ બોલ્યા કે 'આપણે અહીંયા ખાઈ શકશું નહિ. અહીંથી થોડા આગળ જઈએ.' પછી શ્રીહરિ ઘોડી ઉપર ચઢી આગળ ગયા અને દુષ્ટ લોકો પાછળથી ધૂળ નાંખવા લાગ્યા. ૨૧. દુષ્ટોએ તગડેલા શ્રીહરિ આગળ ભાગતા ગામથી એક કોશથી પણ વધારે દૂર ખસી આવ્યા. પછી સુખનિધિ અવિનાશી ત્યાં અશ્વ ઉપરથી ઊતર્યા, પણ

दिन सबको नाथ मिठाइ, पहिले सब ब्रह्मचारी बोलाइ ॥
तिनको पेंडा बर्फी दीना, निज कर सुं हरि परम प्रबीना ॥२३॥
अश्वारुढ पदाति संता, तिनका दिन भरी पात्र अत्यंता ॥
लड्डु जलेबी ग्रथिका च्यारु, पेंडा रु बर्फि देत उदारु ॥२४॥
भ्रष्टा हरिमंथा बहु भाँति, दिना सबको हरि करी खाँती ॥
आपतो कुछ न खावा नाथा, भये असवार चले सुखपाथा ॥२५॥
चलत चलत आवा एक गामा, कहत पडाना गामकर नामा ॥
ता समीप एक क्षेत्र अनूपा, ता मंहि हरिमंथा सुखरूपा ॥२६॥
ता रक्षकको पूछी दयाला, उतरी अश्व सुँ जन प्रतिपाला ॥
हरि मंथा देखी भये राजी, जेवन लगे तोरी प्रभु भाजी ॥२७॥
औरही हरिजन अश्वन छोरी, देत सरस जन भाजी तोरी ॥

ત્યાં આસપાસમાં ક્યાંય પાણી મળ્યું નહિ. ૨૨. ત્યાં ગામમાં મીઠાઈ લેવા ગયેલા ભક્તો આવ્યા. પછી પરમ પ્રવીણ સર્વ નિયંતા શ્રીહરિએ સહુ બ્રહ્મચારીઓને પહેલા પોતાની પાસે બોલાવ્યા. સહુને પોતાને હાથે પેંડા, બરફી વગેરે મીઠાઈઓ આપી. ૨૩. ઘોડેસવારો, પાર્ષદોને અને સંતોનાં પાત્રો તો અતિશય ભરી દીધા. લાડુ, જલેબી, સારા ગાંઠિયા, પેંડા અને બરફી ઉદાર હાથે આપ્યા. ૨૪. અને ઘણી સારી રીતે શેકેલા ચણા ખંતથી સહુને શ્રીહરિએ આપ્યા. પરંતુ સુખસાગર શ્રીહરિએ પોતે તો કાંઈ જ ખાધું નહિ અને ઘોડેસવાર થઈને ચાલ્યા. ૨૫. ચાલતાં ચાલતાં આગળ એક ગામ આવ્યું; તેને **પડાણા** ગામ કહેતા હતા. અને તેની નજીકમાં એક સારું ખેતર હતું. તેમાં સુખરૂપ ચણા હતા. ૨૬.

જનપ્રતિપાલક દયાળુ શ્રીહરિ ખેતરના રક્ષકને પૂછીને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ચણા જોઈને પ્રભુ રાજી થયા અને તેની ભાજી તોડીને જમવા લાગ્યા. ૨૭. બીજા બધા હરિભક્તો પણ ઘોડાને છોડી દઈને સરસ સરસ ભાજી તોડી આપવા લાગ્યા. સુજાણ એવા ભગવાન શ્રીહરિ પાંચ દશ કોળિયા જેટલી તે ભાજીને જમ્યા અને પછી ઘોડેસવાર

जेंये पांच दश कोर सुजाना, चले अश्व चढी श्रीभगवाना ॥२८॥

दोहा : आये गाम अनियाली प्रभु, श्रीहरि पुरनकाम ॥
तहा बसे हेमराज सुत, बनीक सुं पूजा नाम ॥२९॥

द्विज देवा पुरूषोत्तम, हरिजन और अपार ॥
आये दौरी प्रभु सनमुख, करन लगे मनुहार ॥३०॥

सोरठा : करउ रसोइ नाथ, रहउ रात मुनि वृंद ज्युत ॥
अश्व पदाति साथ, रही एक दिन चलउ प्रभु ॥३१॥

बोले प्रभु जगदीश, सुंदरियाने रहीहुं हम ॥
चले अश्व चढी इश, सिघ्रगति सुखकर सदन ॥३२॥

चोपाई :
सुंदरयाने आये स्वामी, अखिल लोकपति अंतरजामी ॥

થઈ ચાલતા થયા. ૨૮. પૂર્ણકામ પ્રભુ શ્રીહરિ આગળ ચાલતા **અણિયાળી** ગામ આવ્યા. ત્યાં સુંદરિયાણાવાળા હેમરાજ શાહ શેઠના પુત્ર વણિક પૂંજા શાહ નામે રહેતા હતા. ૨૯. વિપ્રવર્ય પુરુષોત્તમભાઈ અને બીજા અપાર હરિભક્તો હતા એ બધા ભેળા મળી શ્રીહરિની સન્મુખ દોડી આવ્યા અને ઘણો આગ્રહ કરવા લાગ્યા. ૩૦. હે નાથ ! આપ રસોઈ કરાવો અને સંતોના મંડળે સહિત અહીં રાત રોકાઓ. પ્રભુ, આપ ઘોડેસવારો અને પાર્ષદોએ સહિત અહીંયા એક દિવસ રહીને પછી ચાલજો. ૩૧. સર્વ સુખના આશ્રયરૂપ, જગદીશ પ્રભુ શ્રીહરિ બોલ્યા કે 'અમે સુંદરિયાણા રહીશું.'

❁ સુંદરિયાણાના ભક્તોનાં નામ તથા તેમની વિશેષતા :

પછી પરમેશ્વર શ્રીહરિ ઘોડેસવાર થઈને ઝડપથી ચાલ્યા. ૩૨. સમગ્ર લોકના પતિ, અંતર્યામી સ્વામી શ્રીહરિ **સુંદરિયાણા** આવ્યા. તેની ખબર સાંભળીને બધા હરિભક્તો ઊભા થઈ દોડી આવ્યા. તેમના શરીરમાં પ્રેમનો પ્રવાહ કાંઈ સમાયો નહિ. ૩૩. સુખરાશી

सुनी खबर हरिजन उठी धाये, प्रेम प्रवाह अंग नहि माये ॥३३॥
आज्युं सु दिन आये अविनासी, बर्नि संत सहित सुखरासी ॥
बाल रु वृद्ध छोरी निज धामा, आये जन तिनकर कहु नामा ॥३४॥
कंक जाती वर खाचर डोसा, बसता भजत प्रभु तजि रोसा ॥
हेमराज सा बनिकसुं आवा, ताकर पुत बनासा नावा ॥३५॥
दुसर सुत जेठा जन कहिये, भगा गला मुरार सुं लहिये ॥
हीरा कपूर पुरूषोत्तम नामा, बृंदावन बिष्णु सुं अकामा ॥३६॥
भाईचंद प्रेमचंद प्रबीना, प्रभुके काज नात तजि दीना ॥
अमैदास प्रभुदास सुजाना, तुलाधार कर मंडल बखाना ॥३७॥
एक भक्त हे नान सोनारा, क्षत्रि भक्त हे अनंत अपारा ॥
दादोजी सबलोजी कहिये, केसरजीभाई आदिक लहिये ॥३८॥

અને અવિનાશી એવા વર્ણી સંતોએ સહિત આજ ઘણા સારા દિવસે આવ્યા છે એમ જાણી ગામના બાળકોથી લઈને વૃદ્ધ સુધીના બધા જ ભક્તો પોતાનું ઘર છોડીને શ્રીહરિની સમીપે આવ્યા; તે બધા ભક્તોના નામ હું કહું છું. ૩૪.

કાઠી દરબારોમાં સારા ભક્ત ડોસા ખાચર તથા વસ્તા ખાચર, કોઈ પણ જાતનો રોષ રાખ્યા વિના પ્રગટ પ્રભુ શ્રીહરિનું ભજન કરતા હતા. વણિક ભક્ત હેમરાજ શાહ શેઠ અને તેમના પુત્ર વનમાળી શાહ પણ આવ્યા. ૩૫. તેમના બીજા પુત્રને લોકો જેઠા શાહ કહેતા હતા. તે સિવાય ભગા શાહ, ગલા શાહ અને મુરારજી પણ હતા. હીરાચંદ, કપૂરચંદ, પુરુષોત્તમ, વૃંદાવન અને વિષ્ણુભાઈ નામે નિષ્કામ ભક્ત હતા. ૩૬. ભાઈચંદ તથા પરમ નિપુણ પ્રેમચંદ, એ બધાએ પ્રભુ શ્રીહરિને માટે થઈને પોતાની જ્ઞાતિનો ત્યાગ કર્યો હતો. અમીદાસ તથા સુજ્ઞ પ્રભુદાસ, આ બધા વેપારીઓનું વખાણવા લાયક મંડળ હતું. ૩૭. એક નાનજીભાઈ કરીને સોની હરિભક્ત હતા. અને ક્ષત્રિય ભક્તો તો

कुंनबी भक्त पुंजा भजे स्वामी, भक्त मला भजे अंतरजामी ॥
रामदास बावा जन आदि, भजे प्रभु जग तजी उपाधी ॥३९॥
बाइ भाइ हरिजनकर वृंदा, निर्खन आये नाथ सुखकंदा ॥
प्रभुही बिलोकी महासुख पावा, हरिपद परसी हर्ख उरछावा ॥४०॥
गाम मंहि प्रभुको ले आये, निज मंदिर मंहि हरि पधराये ॥
शाला एक सरस ता मांइ, मुनि बर्नि तहाँ उतरे जाई ॥४१॥
अश्वारुढ पदाति जेते, हरि समीप उतरे तेते ॥
हरिजन लाये बिछोवा दीना, स्वस्त भये सब आसन कीना ॥४२॥
दोहा : सजी सेज सुंदर सरस, पधराये महाराज ॥
उतरे प्रभु निज बंधु ज्युत, सुरनरमुनि शिरताज ॥४३॥

અનંત અને અપાર હતા. દાદાજી, સબલાજી અને કેસરજીભાઈ આદિક ઘણા હતા. ૩૮. કણબી હરિભક્તમાં પૂંજાભાઈ તથા એક મલાભાઈ નામે ભક્ત અંતર્યામી ભગવાન શ્રીહરિનું ભજન કરતા હતા. રામદાસજી નામે બાવાજી આદિક જે ભક્તો હતા તે બધા જગતની ઉપાધિ છોડી દઈને પ્રભુ ભજન કરતા હતા. ૩૯.

સુંદરિયાણાના બાઈ ભાઈ બધા જ હરિભક્તો સુખકંદ નાથ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. પ્રભુનાં દર્શન કરીને તેમને મહાન સુખ મળ્યું. શ્રીહરિના ચરણનો સ્પર્શ કરવાથી થયેલો હર્ષ તેમનાં હૃદયમાં સમાતો નહિ. ૪૦. પ્રભુ શ્રીહરિને સહુ ગામમાં લઈ આવ્યા અને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ગામમાં એક સારી હવેલી હતી તેમાં સંતો તથા વર્ણીને ઉતાર્યા. ૪૧. બધા ઘોડેસવારો અને પાર્ષદો જે હતા તેમને શ્રીહરિની પાસે ઉતાર્યા. હરિભક્તોએ સહુને માટે બિછાના આપ્યા. ત્યારે સ્વસ્થ થયેલા બધાએ આસન કર્યાં. ૪૨.

સુંદર અને સારી પથારીઓ તૈયાર કરીને શ્રીહરિને તેના ઉપર પધરાવ્યા. દેવ, મનુષ્ય અને મુનિઓમાં શિરોમણિ એવા પ્રભુ શ્રીહરિ

आये हरिजन हर्ख ज्युत, हरि आगे कर ज्योरी ॥
बोलेउ बानी बिनय ज्युत, चरनन शिश निहोरी ॥४४॥

सोरठा : करन रसोइ नाथ, करउ आग्या मुनि बर्नि प्रति ॥
उठै नैष्ठिक जन साथ, करन रसोई सरस वर ॥४५॥

मुनिको आग्या कीन, जाउ संत रसवती करन ॥
उठे परम प्रवीन, पाक करन मुनिगन बर्नि ॥४६॥

चोपाई :
अनुज बंधु श्रीइच्छारामा, धर्मकुंवर सुंदर गुनधामा ॥
प्रभु हित रसोइ करन द्विज राऊ, उठे धर्मसुत परम उछाउ ॥४७॥

सुंदर सदन मंहि सुखरूपा, करन लगे रसवती अनुपा ॥
बहु प्रकार पकवान बनावा, बिंजन शाक सरस उपजावा ॥४८॥

પોતાના બંને ભાઈઓની સાથે તે ઘરમાં ઊતર્યા હતા. ૪૩. પછી બધા હરિભક્તો હરખ સાથે શ્રીહરિની પાસે આવ્યા અને હાથ જોડીને વિનય ભરી વાણી બોલ્યા તેમ જ ચરણમાં મસ્તક નમાવ્યા. ૪૪. હે નાથ ! રસોઈ બનાવવા માટે સંતો તથા વર્ણીને આજ્ઞા કરો. પછી શ્રીહરિની આજ્ઞાથી નૈષ્ઠિક બ્રહ્મચારી તે ભક્તની સાથે જઈને ઘણી સારી રસોઈ તૈયાર કરવા લાગ્યા. ૪૫. પછી સંતોને પણ આજ્ઞા કરી કે તમે સંતો રસોઈ કરવા માટે જાઓ. તેથી પરમ પ્રવીણ સંતો તથા વર્ણી રસોઈ કરવા માટે ઊઠ્યા. ૪૬.

સુંદર ગુણોનું ધામ, ધર્મપુત્ર અને શ્રીહરિના નાનાભાઈ એવા શ્રીઈચ્છારામજી નામે જે દ્વિજવર્ય હતા તે ઘણા ઉત્સાહથી શ્રીહરિને માટે રસોઈ બનાવવા ઊઠ્યા. ૪૭. તે સુખરૂપ સરસ ઘરમાં અનુપમ રસોઈ બનાવવા લાગ્યા. તેમાં તેમણે ઘણી જાતના પકવાનો બનાવ્યા અને સરસ શાકભાજી અને બીજા વ્યંજન ભોજન પણ બનાવ્યા. ૪૮. વર્ણી અને સંતોની રસોઈ તૈયાર થઈ ગઈ. તેને તેઓ અતિશય હરખથી જમવા બેઠા. તેમાં લાડુ, માલપૂવા, દૂધપાક, પોચી પૂરી અને સુંદર શાક

बर्नि संतकी बनी रसोई, जेंवन बैठ अति मुद होई ॥
मोदक मालपुवा दुधपाका, लुचई पुरी सुंदर शाका ॥४९॥
धर्मकुंवर वर कीन रसोइ, प्रभुको बोलाओ बर्नि कोई ॥
बर्नि मुकुंद कहा तब जाई, जेंवन चलोउ नाथ सुखदाई ॥५०॥
उठेउ विभुवर अंग मिरोरी, राजीवलोचन धर्म किशोरी ॥
मज्जन करन आये महाराजा, धर्मकुंवर हरि गरीबनीवाजा ॥५१॥
कंचन चौकि सरस बिछाई, ता पर बैठे ईश्वर आई ॥
निजकर कलश ग्रही गुनधामा, डारत तन पर जल घनशामा ॥५२॥
मर्दन करत हे बर्नि शरीरा, निर्खत जन मेटन दृग पीरा ॥
ठाडे होई निज धोती नीचोई, पुंछा वपु पट ले मुद होई ॥५३॥
सरस धोती पहिरि करी तानी, पहिरि पादुका सारंगपानी ॥

બનાવ્યાં હતાં. ૪૯. ધર્મપુત્ર ઇચ્છારામજીએ રસોઈ તૈયાર કરી ત્યારે તેમણે કહ્યું કે કોઈ બ્રહ્મચારી જઈને શ્રીહરિને બોલાવો.

ત્યારે મુકુંદાનંદ વર્ણીએ જઈને સુખદાયક નાથ શ્રીહરિને કહ્યું કે ‘મહારાજ, જમવા માટે ચાલો.’ ૫૦. તે વખતે કમળનયન, મહાસમર્થ, ધર્મપુત્ર શ્રીહરિ અંગ મરોડીને ઊભા થયા. ગરીબનિવાજ, ધર્મકુમાર, શ્રીહરિજી મહારાજ પહેલા તો સ્નાન કરવા માટે આવ્યા. ૫૧. ત્યાં એક સરસ સોનાની ચોકી ઢાળી હતી. તેના ઉપર ગુણોનું ધામ, પરમેશ્વર, ઘનશ્યામ, શ્રીહરિ આવીને બેઠા. અને પોતાના હાથમાં કળશ લઈને શરીર ઉપર પાણી નાંખવા લાગ્યા. ૫૨.

શ્રીહરિ સ્નાન કરતા હતા ત્યારે મુકુંદાનંદ બ્રહ્મચારી બધા અંગને ચોળવા લાગ્યા અને ભક્તજનો પોતાની દૃષ્ટિની પીડા ટાળવા માટે દર્શન કરતા હતા. પછી શ્રીહરિએ ઊભા થઈને પોતાનું ધોતિયું નીચોવ્યું. અને એક રૂમાલ લઈ ખુશીથી શરીર કોરું કર્યું. ૫૩. પછી સારંગપાણિ સુખદાયક શ્રીહરિએ એક સરસ ધોતિયું ખેંચીને પહેર્યું. પછી ચાંખડીઓ

ले रूमाल गये चौका मंहियाँ, कनक चौकी बैठे सुखदैया ॥५४॥
कंचन थार परोसी आना, खटरस बिंजन वर पकवाना ॥
जेवत हरिवर होरे होरे, पियत पानी कनक कटोरे ॥५५॥
जेंवत बिंजन करत बखाना, जेंवत रूचि रूचि श्रीभगवाना ॥
अति अघाइ जेंये अविनाशी, करमुख पक्षालत सुखराशी ॥५६॥
सोरठा : ले बिरा मुखवास, बेठे आय आसन सुखद ॥
बर्नि संत हरिदास, आये जेइ करी सकल जन ॥५७॥
बेठे सभा बनाई, प्रभु पास मुनिगन बर्नि ॥
हरिजन पूजा लाई, पुजन लगे हरि धर्मसुत ॥५८॥
दोहा : चर्चि चंदन मलय तन, कुंकुम बिंदा दीन ॥
पहीराये उर हार शुभ, हर्खि आरती कीन ॥५९॥

પહેરી, હાથમાં એક રૂમાલ રાખીને ચોકામાં આવ્યા, ત્યાં સોનેરી બાજોઠ ઉપર બેઠા. ૫૪. પછી છ રસથી ભરપૂર સારા શાકભાજી અને પકવાન પીરસેલ સોનાનો થાળ લાવ્યા. પ્રભુ હરિવર, ધીમે ધીમે જમવા લાગ્યા અને સોનાનાં કટોરાથી પાણી પીતાં હતાં. ૫૫. ભગવાન શ્રીહરિ જમતી વેળાએ શાકભાજી વગેરેના વખાણ કરતા હતા અને પોતાને જે રુચતું હતું તે લઈને જમતા હતા. અતિશય સંતોષ થાય તેટલું સુખરાશી, અવિનાશી પ્રભુ જમ્યા અને પછી હાથ તથા મુખ ધોયા. ૫૬. પછી મુખવાસમાં પાનબીડું લીધું અને સુખરૂપ આસન ઉપર આવીને બેઠા. તે વખતે બ્રહ્મચારી, સંતો, હરિભક્તો અને બીજા બધા મનુષ્યો જમીને આવ્યા. ૫૭.

સંતો અને વર્ણી, સહુ શ્રીહરિની પાસે સભા કરીને બેઠા. અને હરિભક્તો પૂજાનો સામાન લઈને આવ્યા, પછી ધર્મપુત્ર શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૫૮. અંગ ઉપર મલયાચલ ચંદન ચરચ્યું અને તેમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી સારા શુભ હાર પહેરાવ્યા અને હરખપૂર્વક

पहिराये तन दिव्य पट, भुषन नंग जराउ ॥
प्रेमानंद कहे बर्नि संत, पुजे परम उछाउ ॥६०॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते सुंदरियाना ग्रामे लीला बनन नामा पंचषष्टितमोऽध्याय: ।।६५।।



अध्याय - ६६

दोहा : दर्श परस सुख देई प्रभू, किंन मुदित प्रपन्न ॥
रही रजनी एक कृष्ण हरि, किंन सुप्रात गमन्न ॥०१॥
सारंगपुर आयेउ सुखद, बर्नि संत लेई साथ ॥
अश्व पदाति गन सहित, आये त्रिभुवन नाथ ॥०२॥

આરતી કરી. ૫૯. શ્રીહરિને શરીરે સારા દિવ્ય વસ્ત્ર પહેરાવ્યાં અને નંગજડિત ઘરેણાં પહેરાવ્યાં. પ્રેમાનંદ સ્વામી કહે છે કે તે પછી તે હરિભક્તોએ વર્ણી તથા સંતોને અતિશય ઉત્સાહથી પૂજ્યા. ૬૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'સુંદરિયાણા ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન' એ નામે પાંસઠમો અધ્યાય સમાપ્ત-૬૫



અધ્યાય - ૬૬

બોટાદ ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન

પ્રભુ શ્રીહરિકૃષ્ણ મહારાજે સુંદરિયાણાના શરણે આવેલા હરિભક્તોને દર્શન તથા સ્પર્શનું સુખ આપીને ઘણા રાજી કર્યા. ત્યાં એક રાત રહ્યા પછી સવારના પહોરમાં ત્યાંથી ચાલી નીકળ્યા. ૧. તે વર્ણી, સંતો, પાર્ષદો અને ઘોડેસવારોએ સહિત ત્રિભુવનના નાથ સુખદ શ્રીહરિ **સારંગપુર** આવ્યા. ૨. સુખના આશ્રયરૂપ ધર્મકુમાર સાક્ષાત્ પ્રભુ

सोरठा : पुरबासी सुनी बात, सनमुख आये नृप सहित ॥
निर्खि प्रभु साक्षात, धर्मकुंवर सुखकर सदन ॥०३॥
निर्खि रूप निधान, हर्ख सहित परे चरन मंहि ॥
करी सादर सन्मान, ले आये निज भुवन प्रति ॥०४॥

चोपाई :
सारंगपुर हरिजन च्यारु, भजत प्रगट प्रभु परम उदारु ॥
तिनकरनाम में बर्नि सुनाउ, सुनत श्रवन आनंद उपजाऊ ॥०५॥
पुरपति जीवाखाचर नामा, तेहिकर पुत्र उभय गुनधामा ॥
अमरा वाघा हे बडभागी, बालपने सुं प्रभु अनुरागी ॥०६॥
मात्रा राठोड धाधल कहीए, कंक भक्त उका एक लहीये ॥
दरजी भगा सुनार गोपाला, ता कर सुत काना मतवाला ॥०७॥

શ્રીહરિની વાત સાંભળીને ગામના દરબારોએ સહિત સહુ હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને દર્શન કર્યાં. ૩. રૂપ રૂપના નિધાન શ્રીહરિનાં દર્શન કરી હરખ સાથે સહુ ચરણમાં પડ્યા. આદર સહિત શ્રીહરિનું સન્માન કરી, તે સહુ ભક્તો શ્રીહરિને પોતાને ઘેર લઈ આવ્યા. ૪. સારંગપુરના બધા સારા હરિભક્તો પરમ ઉદાર પ્રગટ પ્રભુ શ્રીહરિનું ભજન કરતા હતા. હવે હું તે બધાનાં નામનું વર્ણન કહીને સંભળાવું છું કે તે નામોને કોઈ કાને સાંભળે તો તેને ઘણો આનંદ થાય છે. ૫.

❁ સારંગપુરના ભક્તોની નામાવલિ :

ગામધણી જીવા ખાચર નામે હતા. તેને ગુણોનાં ધામ જેવા બે પુત્ર હતા. એક અમરા ખાચર અને બીજા વાઘા ખાચર. બંને ઘણા ભાગ્યશાળી હતા. તે બંને બાળપણથી જ પ્રભુમાં પ્રેમ રાખનારા હતા. ૬. માતરા ધાધલ અને રાઠોડ ધાધલ, તે સિવાય એક કાઠી ઉકા ભક્ત પણ હતા. ભગાભાઈ નામે દરજી, ગોપાળભાઈ નામે સોની અને તેનો પુત્ર મતવાલો કાનજી નામે હતો. ૭. એક પૂંજા ભક્ત અવિનાશી શ્રીહરિનું

पूंजा भक्त भजे अविनाशा, गर लिलाधर प्रभुकर दासा ॥
दला भक्त मरुत देश बासी, लोहकार भगा प्रगट उपासी ॥०८॥
परम एकांति ये सब दासा, बहुत रहे यहाँ हरि अविनाशा ॥
यहाँ प्रभु किन अपरमित लीला, सहजानंद शाम सुखशीला ॥०९॥
लाये जन रसवति सामाना, करी रसोई जेंयेउ सुजाना ॥
चले भक्तपति करी तैयारी, लेई संग अगनित वृतधारी ॥१०॥
आये बोटाद गाम बहुनामी, धर्मकुंवर सहजानंद स्वामी ॥
सुनी खबर आवत अविनाशा, उठी धाये सनमुख हरिदासा ॥११॥
पुराधिप आदिक जन प्रेमी, अनन्य भक्त अविचलवृत नेमी ॥
तिनकर नाम कहुँ कछु भाखी, महासुख लीन प्रभु उर राखी ॥१२॥

ભજન કરતા હતા અને રાજગર વિપ્ર લીલાધર કરીને શ્રીહરિના ભક્ત હતા. મારવાડી દલા ભક્ત હતા અને ભગાભાઈ લુહાર હતા. આ સહુ ભક્તો પ્રગટ પ્રભુની ઉપાસના કરનારા હતા. ૮. આ બધા હરિભક્તો પરમ એકાંતિક હતા અને અહીં સારંગપુરમાં અવિનાશી શ્રીહરિ ઘણું રહ્યા છે. સુખશીલ, શ્યામસુંદર પ્રભુ સહજાનંદ સ્વામીએ ઘણી લીલા કરી. ૯. હરિભક્તો રસોઈનો સામાન લાવ્યા. તેને સહુ સુજ્ઞ સંતો વગેરે રસોઈ કરીને જમ્યા. પછી ભક્તપતિ શ્રીહરિએ તૈયારી કરીને અપાર વ્રતધારી વર્ણી તથા સંતોને સાથે લીધા અને સારંગપુરથી ચાલ્યા. ૧૦.

❀ બોટાદના ભક્તોનાં નામ તથા ખૂબીઓ :

બહુનામી ધર્મકુમાર સહજાનંદ સ્વામી **બોટાદ** ગામ આવ્યા. અવિનાશી પ્રભુ આવ્યા છે, એવા સમાચાર સાંભળીને બધા હરિભક્તો ઊભા થઈ શ્રીહરિની સન્મુખ દોડી આવ્યા. ૧૧. ગામધણી આદિક અવિચળ વર્તનના, નિયમધારી, અનન્ય, પ્રેમી હરિભક્તો હતા. જેમણે પ્રભુ શ્રીહરિને હૃદયમાં રાખીને મહાન સુખ લીધું હતું. તે હરિભક્તોનાં નામ હવે કાંઈક કહું છું. ૧૨.

कंक जाति पुरपति करनामा, सोम हमिरदास गुनधामा ॥
मात्रा गोदर लखा रु दाना, भजत धर्मसुत श्रीभगवाना ॥१३॥

बनिक भगा शिवलाल सुजाना, बनिक भवान हकु गुनवाना ॥
रामाभाई उभय मुलचंदा, जुग हिरा भजे सहजानंदा ॥१४॥

दोहा : कृष्ण रु केशव भजत प्रभु, रनछोर पानाचंद ॥
मेघजी बसता अचल मति, भजत सदा सुखकंद ॥१५॥

चकु झीनाचंद हरि, लवजी गिरीधरदास ॥
अदा मेघा भजत हरि, देवसी प्रभु पदवास ॥१६॥

सोरठा : पितांबर भाईचंद, हिरा नानजी सुभग मति ॥
भजत श्रीसहजानंद, तुलाधार मंडल सकल ॥१७॥

કાઠી જાતિના ગુણનાં ધામ જેવા ગામધણી દરબાર સોમલા ખાચર અને હમીર ખાચર હતા. માતરા ખાચર, ગોદડ ખાચર, લખા ખાચર અને દાના ખાચર, એ બધા ધર્મપુત્ર ભગવાન શ્રીહરિનું ભજન કરતા હતા. ૧૩. વણિક હરિભક્તોમાં સુજ્ઞ ભગા શેઠ, શિવલાલભાઈ, ગુણવાન ભવાનભાઈ, હકુભાઈ, રામભાઈ, બે મુળચંદ અને બે હીરાચંદ નામે હરિભક્ત સહજાનંદ સ્વામીનું ભજન કરતા હતા. ૧૪. કૃષ્ણજી, કેશવલાલ, રણછોડભાઈ, પાનાચંદભાઈ, મેઘજી, અચળ બુદ્ધિના વસ્તાભાઈ; આ બધા સુખનાં મૂળરૂપ શ્રીહરિને સદાય ભજતા હતા. ૧૫. ચકુભાઈ, ઝીણાભાઈ, હરિચંદભાઈ, લવજીભાઈ, ગિરધર શેઠ, અદા શેઠ, મેઘાભાઈ અને શ્રીહરિના ચરણમાં મન રાખતા આવા દેવશીભાઈ વગેરે હરિભક્તો શ્રીહરિનું ભજન કરતા હતા. ૧૬. પીતાબંરભાઈ, ભાઈચંદભાઈ, હીરાચંદ, રૂડી બુદ્ધિવાળા નાનજીભાઈ; આ બધું વેપારી મંડળ શ્રીહરિનું ભજન કરતું હતું. ૧૭.

વળી જેઠાભાઈ, અજાભાઈ અને શિવાભાઈ આદિક બધા બ્રાહ્મણો શ્રીહરિનું ભજન કરતા હતા. ગોવિંદરામ, પ્રેમજી અને કુબેરભાઈ

भुसुर भजत हे नाथ, जेठा अजा शिवादी मीली ॥
गावत हरिगुन गाथ, गोविंदराम प्रेमजी कुबेर ॥१८॥

चोपाई :

बेनीराम हरिशंकर च्यारू, जगन्ननाथ रघुनाथ उदारू ॥
परमा आनंद रामा जोषी, मुना उभय परम संतोषी ॥१९॥

दामा बेचर उभय सुजाना, हिरा करत हरिगुन गाना ॥
नरसै हिरा हरिगुन गावे, द्विज मंडल प्रभुकर मन भावे ॥२०॥

अमरसी मोती जन कंसारा, धर्मशी मावजी प्रभुको प्यारा ॥
सोनी भक्त बाघजी नामा, धना हमिर भजत घनशामा ॥२१॥

राना नारायन जुग जानो, सोनी भक्त बोटाद प्रमानो ॥
सुत्रधार पूजा द्वय दासा, मुलजी भजत हरि अविनाशा ॥२२॥

પણ શ્રીહરિના ગુણની ગાથાઓ ગાતા હતા. ૧૮. સુંદર સારા ઉદાર સ્વભાવના વેણીરામ, હરિશંકર, જગન્નાથ, રઘુનાથભાઈ, પરમાનંદ, રામા જોષી અને પરમ સંતોષવાળા બંને મોનાભાઈ જોષી સારા સત્સંગી હતા. ૧૯. દામજીભાઈ, સુજ્ઞ બંને બેચરભાઈ, હીરાભાઈ, નરશીભાઈ, એક બીજા હીરાભાઈ; આ બધા વિપ્રોનાં મંડળને મનમાં પ્રગટ પ્રભુમાં ખૂબ જ ભાવ હતો અને તે સહુ મળીને શ્રીહરિના ગુણોનું ગાન કરતા હતા. ૨૦. કંસારામાં અમરશીભાઈ, મોતીભાઈ, ધરમશીભાઈ અને માવજીભાઈ પ્રભુના પ્યારા ભક્ત હતા.

સોનીમાં વાઘજીભાઈ, ધનજીભાઈ અને હમીરભાઈ વગેરે ભક્તો શ્રીઘનશ્યામ પ્રભુનું ભજન કરતા હતા. ૨૧. રાણાભાઈ અને બંને નારાયણભાઈ આટલા સોની હરિભક્તો બોટાદમાં હતા. સુતારમાં બંને પૂંજાભાઈ અને મુળજીભાઈ અવિનાશી શ્રીહરિનું ભજન કરતા હતા. ૨૨. લાધાભાઈ, મુળજીભાઈ, મોનાભાઈ અને કાનજીભાઈ; આ વખાણવાલાયક ભાવસાર હરિભક્તો હતા. રઘાભાઈ, ભગાભાઈ,

लाधा मुलजी मुना काना, ये हरिजन भावसार बखाना ॥
रघा भगा बोघा अरू घेला, दरजी भजत धर्मसुत छेला ॥२३॥
यवन एक मस्ति बडभागी, श्रीघनशाम चरण अनुरागी ॥
बाइभाइ जन अनंत अपारा, भजत प्रित करी धर्मकुमारा ॥२४॥
प्रभु अविलोकन सन्मुख आये, निर्खि नाथ छबी आनंद पाये ॥
धरी श्रीफल पद किंन प्रनामा, निर्खि नाथ भये पूरनकामा ॥२५॥
ज्योरी पानी करी बिनय अनूपा, भुवन ले आये सुरमुनि भूपा ॥
नृपति सदन मंहि उतरे नाथा, धर्मात्मज सुंदर सुखपाथा ॥२६॥
परम पुनित एक शाला मंहियाँ, बर्नि संत उतरे हर्खैया ॥
उतरे पदाति प्रभुकर पासा, अश्वारूढ किन अलग निवासा ॥२७॥
कछु यह बांधे सोम घेर जाइ, कछु बांधे नृपति घर आई ॥

બોઘાભાઈ અને ઘેલાભાઈ; આ બધા દરજી છેલછબીલા ધર્મપુત્ર શ્રીહરિનું ભજન કરતા હતા. ૨૩. મસ્તુ નામે એક ભાગ્યશાળી મુસલમાન શ્રીઘનશ્યામ પ્રભુના ચરણમાં પ્રેમવાળા હતા. ઉપર કહ્યા પ્રમાણેના બોટાદમાં બાઈ ભાઈ હરિભક્ત અનંત અને અપાર હતા કે જે પ્રેમથી ધર્મકુમાર શ્રીહરિનું ભજન કરતા હતા. ૨૪.

તે સહુ ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે સન્મુખ આવ્યા અને નાથ શ્રીહરિની છબીનાં દર્શન કરીને અતિશય આનંદ પામ્યા. શ્રીફળ આગળ ધરી સહુ પગે લાગ્યા અને નાથ શ્રીહરિનાં દર્શન કરીને સહુ પૂર્ણકામ થયા. ૨૫. સહુએ હાથ જોડી અનુપમ વિનય કરીને સુરમુનિના ભૂપ આવા શ્રીહરિને પોતાને ભવન લઈ આવ્યા. ગામધણી દરબાર હમીર ખાચરને ઘેર સુખસાગર, ધર્મપુત્ર, શ્યામસુંદર શ્રીહરિ ઊતર્યા. ૨૬. ત્યાં એક અતિશય શુદ્ધ હવેલી જેવું મકાન હતું. તેમાં વર્ણી તથા સંતો હરખથી ઊતર્યા. બધા પાર્ષદો શ્રીહરિની પાસે ઊતર્યા અને ઘોડેસવારોએ તેમનાથી અલગ ઉતારો કર્યો. ૨૭. કેટલાક અશ્વોને

लाये पलंग सुंदर हरि काजा, ता पर डारी तोशक ताजा ॥२८॥

दोहा : श्वेत औछार औछारीके, बांधे सेजबंध च्यारू ॥
उपबर्हन तकिया पुनिता, कोमल वर सुखकारू ॥२९॥

ता पर आय बिराजे प्रभु, भक्तपति भगवान ॥
आयेउ हरिजन हर्खि सब, निर्खन रूप निधान ॥३०॥

सोरठा : बर्नि संत सब आय, ज्युंरी सभा महा दिव्यतर ॥
मुनि गुनी आगे गाय, बिशद कीर्ति प्रभु प्रगटकर ॥३१॥

आये पुर नरनारी, नाथ बिलोकन हर्ख ज्युत ॥
सुंदर रूप निहारी, चक्रित भये पुरबासी जन ॥३२॥

સોમલા ખાચરને ઘેર બાંધ્યા અને કેટલાક અશ્વને દરબાર હમીર ખાચરને ઘેર બાંધ્યા. શ્રીહરિને માટે એક સારો પલંગ લાવ્યા અને તેના ઉપર એક નવું સારું ગાદલું નાંખ્યું. ૨૮. તેના ઉપર સફેદ ઓછાડ ઓછાડીને સરસ સેજબંધ બાંધ્યા. પછી તેના ઉપર સુખકારી, સારા, કોમળ, પવિત્ર ઓશિકાં અને તકિયો મૂક્યો. ૨૯.

ભક્તપતિ ભગવાન પ્રભુ શ્રીહરિ આવી તે પલંગ ઉપર વિરાજમાન થયા. બધા હરિભક્તો રૂપના નિધિ જેવા શ્રીહરિનાં દર્શન કરવા માટે હરખથી આવ્યા. ૩૦.

❀ શ્રીહરિએ બોટાદમાં બતાવેલો પ્રબળ પ્રતાપ :

તે સમયે બધા વર્ણી તથા સંતો આવ્યા અને તેમની મહાન દિવ્ય સભા થઈ. તેમાં જે વિદ્વાન ગાયક સંતો હતા, તેમણે આવીને પ્રગટ પ્રભુ શ્રીહરિની પવિત્ર કીર્તિનાં પદ ગાયાં. ૩૧. તે સમયે ગામના નરનારી સર્વે હરિભક્તો હરખથી શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તે પુરવાસી ભક્તોએ શ્રીહરિનાં સુંદર દિવ્ય સ્વરૂપનાં દર્શન કર્યાં. તેનાથી તે ઘણા વિસ્મિત થયા. ૩૨. **જેમ પૂનમના ચંદ્રને જોઈને ચકોર પક્ષી તૃપ્ત થતું નથી તેમ શ્રીહરિનાં દર્શન કરીને તે બધા ભક્તોનાં નેત્ર અને**

चोपाई :

नीर्खी नेन मन तृप्त न होइ, ज्युं चकोर पुन्यो शशि जोई ॥
तजी चपलता खंजन मीना, परेउ पिंजरा जीमी होई दीना ॥३३॥

युं जनकर दृग तजी चपलाई, रहे रूप मंहि सकल लोभाई ॥
नीर्खी नाथ छबी समी गये तापा, भयेउ नैन मन चित्त निष्पापा ॥३४॥

नास्तिक सहित नीर्खी सुखकंदा, परे दृग चपल रूपकर फंदा ॥
लिन चित्त सबकर प्रभु तानी, एचत चमक लोहा ज्युं जानी ॥३५॥

भये थकित नास्तिक मनमांई, सब तिथिंगर करकारन आंही ॥
भये शरन नास्तिक मत छोरी, लगी प्रित जिमि चंद चकोरी ॥३६॥

મનને તૃપ્તિ થતી ન હતી. ખંજન પક્ષી અને માછલી જ્યારે પાંજરામાં પકડાઈ જાય છે ત્યારે ચપળતા છોડી દઈને જેમ દીન થઈ જાય છે, તેમ તે બધા ભક્તોની દૃષ્ટિ ચપળતા તજી દઈને શ્રીહરિનાં સુંદર સ્વરૂપમાં જ લોભાઈ રહી હતી. શ્રીહરિની છબીને નીરખીને આંખ, મન અને ચિત્તના બધા જ સંતાપો શમી ગયા અને નિષ્પાપ થઈ ગયા. ૩૩-૩૪.

નાસ્તિક સુધ્ધાં બધા લોકો સુખનાં મૂળ જેવા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા અને તે બધાની ચપળ દૃષ્ટિ શ્રીહરિનાં સ્વરૂપનાં બંધનમાં આવી ગઈ કહેતા સહુ શ્રીહરિનાં સ્વરૂપમાં ગુલતાન બની ગયા. જેમ ચમકપાણ લોઢાને પોતા તરફ ખેંચી લે છે તેમ પ્રભુ શ્રીહરિએ સહુનાં ચિત્તને લીન કરીને પોતામાં ખેંચી લીધાં. ૩૫. બધા નાસ્તિકો મનમાં વિસ્મિત થઈ ગયા અને તેમણે માન્યું કે બધા તીર્થંકરોનું કારણ તો અહીં જ રહ્યું છે. પછી તે બધા નાસ્તિક મતને છોડીને શ્રીહરિને શરણે આવ્યા. ચંદ્રમાને વિષે ચકોરનો જેવો પ્રેમ હોય તેવો તેમનો પ્રેમ થયો. ૩૬. તેમણે લોક તથા કુટુંબને પોતાના શત્રુ સમાન જાણ્યા, તેથી ધર્મકુમાર શ્રીહરિના ચરણોમાં તેમનું મન લાગી ગયું. તેનાથી નાસ્તિક ગુરુનાં દિલમાં આગ લાગી. તેનાં દિલરૂપી રાહુ તરફ સૂર્યે પ્રવેશ કર્યો. ૩૭. તેમનાં દિલમાં

लोक कुटुंब जानी रिपु समाना, धर्मकुमार चरननी मन माना ॥
नास्तिक गुरु उर सुं लगा दाउ, भानु प्रवेश किंना उर राहु ॥३७॥
जरी उठे दावानल नाई, रोवत हाय कही घर मांई ॥
ज्यु संधुक मही मुख डारी, रोवत जिमि तस्कर महतारी ॥३८॥
होत हे जनका समाधि नाना, जात हे गौपुर परम सयाना ॥
कोउ जाई ब्रह्मपुर निहारे, धर्मकुंवर छबी दिव्य आकारे ॥३९॥
अस प्रकारकी लीला भारी, करत नित्य नई जन अघहारी ॥
लीखी प्रताप जरी ऊठेउ जैना, उर अंगेठि सुलगत दिन रेना ॥४०॥
लीखी प्रताप अतुलीत सुखकारी, थकित भये निरजर नरनारी ॥
बरखत अमर सुमन झर आई, विबुध बेमान रहे नभ छाई ॥४१॥
कमनीय रूप बिलोकी मुनींद्रा, थकित भये तरनि अरू चंदा ॥

ઈર્ષ્યાનો દાવાનળ સળગ્યો. પછી જેમ ચોરની મા કોઠીમાં મોઢું રાખીને રડતી હોય છે તેમ ઘરમાં બેસી હાય હાય કરી રડવા લાગ્યા. ૩૮.

શ્રીહરિની કૃપાથી ત્યાં અનેક લોકોને સમાધિ થાતી હતી. તેમાં અતિશય સુજ્ઞ કેટલાક લોકો ગોલોક જતા હતા, તો કેટલાક અક્ષરધામમાં જઈને ધર્મકુંવર શ્રીહરિની દિવ્યાકારે રહેલી મૂર્તિનાં દર્શન કરતા હતા. ૩૯. ભક્તોનાં પાપને હરનારા શ્રીહરિ ઉપર કહ્યું તે રીતે બોટાદમાં નિત્ય નવી ભારે લીલા કરતા હતા. શ્રીહરિના આવા પ્રતાપને જોઈને જૈન લોકો બળી ઊઠ્યા. તેનાં દિલમાં રાત દિવસ ઈર્ષ્યાની સગડી સળગતી હતી. ૪૦. **શ્રીહરિનો અતોલ સુખકારી પ્રતાપ જોઈને દેવતાઓ તથા બીજા નરનારીઓ વિસ્મિત થયા. તે સમયે દેવતાઓના વિમાન આકાશમાં છવાઈ ગયા હતા અને દેવતાઓ ફૂલની ઝડી વરસાવાતા હતા.** ૪૧. શ્રીહરિના રમણીય રૂપને જોઈને મોટા મુનિવરો અને સૂર્ય તથા ચંદ્ર પણ આશ્ચર્યચકિત થઈ ગયા. બધા હરિભક્તોને શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન થતા જ દેહ જાતા પણ છૂટે નહિ એવો સ્નેહ થયો.

हरिजन नीर्खि नेह नहीं छूटे, लोक कुंटंब सकल मीली कूटे ॥४२॥

दोहा : तजी हरिजन घरकाम सब, शेवत प्रभु पद आय ॥
जानी जगत पदत्रान सम, हरिपद नेह न माय ॥४३॥

ज्योरी पानी जुग हर्ख जूत, नगर श्रेष्ठ कहे आई ॥
भगा भाइचंद कर सुवन, परम प्रीति उरलाई ॥४४॥

सोरठा : सकल भाँति सामान, लाइ धरा रसवति करन ॥
करउ अग्या भगवान, रसोइ करे मुनिगन बर्नि ॥४५॥

कहा बोलाई शाम, जाउ संत रसवति करन ॥
द्विज वर ईछाराम, गये हरि हित भोजन करन ॥४६॥

चोपाई :
स्वछ सरस एकसाला मंहियाँ, रसवति करन गयेउ हरि भैया ॥

તેથી તેના બધા કુટુંબીજનો શ્રીહરિમાંથી હેત તોડાવવા કડાકૂટ કરતા હતા, છતાં પણ તેમને શ્રીહરિનાં સ્વરૂપમાંથી સ્નેહ છૂટતો ન હતો. ૪૨. **બધા હરિભક્તો ઘરનું કામકાજ છોડી દઈને શ્રીહરિના ચરણોમાં આવીને સેવા કરતા હતા. તેઓ સર્વ જગતને તો પગરખા જેવું માનતા હતા અને તેમને શ્રીહરિના ચરણમાં થતું હેત ક્યાંય સમાતું નહિ.** ૪૩.

❁ બોટાદમાં શ્રીહરિ તથા સંતોની ભવ્ય ભોજનલીલા :

ત્યાંના નગરશેઠ ભાઈચંદભાઈના પુત્ર ભગા શેઠ હતા. તેમણે દિલના ઘણા હેતથી શ્રીહરિની આગળ બે હાથ જોડીને પરમ પ્રેમથી કહ્યું, ૪૪. 'હે ભગવન્ ! રસોઈનો બધો સામાન લાવીને મૂકી રાખ્યો છે તો આપ સંતો તથા વર્ણીને રસોઈ કરવા માટેની આજ્ઞા કરો.' ૪૫. ત્યારે શ્યામસુંદર શ્રીહરિએ સંતોને બોલાવીને કહ્યું કે, 'તમે રસોઈ બનાવવા માટે જાઓ.' ત્યારે દ્વિજવર ઈચ્છારામજી પણ શ્રીહરિને માટે રસોઈ બનાવવા ગયા. ૪૬. એક સારું અને સ્વચ્છ ઘર હતું. તેમાં શ્રીહરિના ભાઈ ઈચ્છારામજી રસોઈ કરવા ગયા. તેમણે ઘણા સારા

करन लगे मौतिक अति च्यारू, पुनि शष्कुलि सरस सुखकारू ॥४७॥
कडी बरी तरकारी न्यारी, दुध पाक संजाव सुंवारी ॥
भाती भाती पकवान बनाये, बिंजन बिविधि सरस मन भाये ॥४८॥
इच्छाराम चतुरतर भारी, किन रसोइसु सुरस संवारी ॥
जाइ बोलावउ बर्नि मुकुंदा, जेवन आवउ हरि सुखकंदा ॥४९॥
बर्नि कहा जाइ शिरनाइ, भोजन करन चलउ मुनिराई ॥
उठेउ तुरत वृषकुल नाथा, पहिरि खराउ आये सुखपाथा ॥५०॥
कनक पीठ पर बैठे प्यारे, धर्मकुंवर नेंननके तारे ॥
अत्तर सरस ले बर्नि धीरा, मर्दन करतहे शाम शरीरा ॥५१॥
निजकर कलश ग्रहि गुन सिंधु, डारत जल तन पर दीनबंधु ॥
तन मर्दन करी सरस नवाये, अंग अंगोछी पट पहीराये ॥५२॥

મોતૈયા લાડુ કર્યા અને પછી સુખકારી સરસ જલેબી બનાવી. ૪૭. કઢી, વડી અને બધી જાતનાં શાકભાજી અલગ અલગ કર્યાં. દૂધપાક, શીરો અને સુંવાળી કરી. ભાત ભાતના પકવાન કર્યા અને વિવિધ પ્રકારના સરસ મનભાવ્યા વ્યંજન કર્યા. ૪૮. ઈચ્છારામજી ભારે ચતુર હતા અને તેમણે ખૂબ સંભાળીને સરસ રસોઈ બનાવી. પછી તેમણે મુકુંદ વર્ણીને કહ્યું, ‘આપ જઈને બોલાવો એટલે સુખકંદ શ્રીહરિ જમવા માટે આવે.’ પછી મુકુંદ વર્ણી શ્રીહરિ પાસે ગયા. ૪૯. તેમણે મસ્તક નમાવીને કહ્યું કે ‘હે મુનિરાય ! આપ ભોજન કરવા માટે પધારો.’ પછી સુખસાગર, ધર્મકુળના નાથ એવા શ્રીહરિ તરત ઊઠ્યા અને ચરણમાં ચાખડીઓ પહેરીને આવ્યા. ૫૦.

ભક્તોની આંખોના તારા જેવા પ્યારા ધર્મકુમાર શ્રીહરિ આવીને સોનાના બાજોઠ ઉપર બેઠા. ત્યાં ધીરા સ્વભાવવાળા વર્ણીએ સુંદર અત્તર લીધું અને શ્યામસુંદર શ્રીહરિને શરીરે તે ચોળ્યું. ૫૧. દીનબંધુ, ગુણસાગર શ્રીહરિ પોતાના હાથમાં કળશ લઈને શરીર ઉપર જળ નાખતા

सुक्ष्म सरस पहीरी प्रभु धोती, ओढी उपरनी झिना पोती ॥
कर नक्तक ले पहीरी खराउ, आये जेंवन सुर मुनिराऊ ॥५३॥
डारी शाल चौकी पर च्यारू, बैठे ता पर अभय उदारू ॥
कंचन कलश भरा शुभवारी, लाये परोंसी थार बडभारी ॥५४॥
खटरस बिंजन वर पकवाना, भाजी तरकारी बिधि नाना ॥
जेंवन बैठे अखील जग स्वामी, रूचिकरी जेंवत अंतरजामी ॥५५॥
मोतीचूर जलेबी खाजा, दूधपाक जेंवत महाराजा ॥
दहींबरा वरपुरी कचोरी, बिरंज बासुदी शिखरन थोरी ॥५६॥
दोहा : दूध भात मिश्रि सरस, जेंये नाथ अघाई ॥
क्वथिका क्षिप्रा आदि दे, गिनते पार न आई ॥५७॥
करमुख प्रक्षालन करी, ले बिरा मुखबास ॥

હતા. વર્ણીએ શરીર ચોળીને સારી રીતે નવડાવ્યા. પછી શ્રીહરિએ પોતાના અંગોને રૂમાલથી લૂછીને વસ્ત્ર પહેર્યાં. ૫૨. પ્રભુએ સરસ ઝીણી ધોતી પહેરી. તે પછી ઝીણા વણાટની ઉપરણી ઓઢી. પછી સુરમુનિરાજ ચરણોમાં ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ લઈને જમવા આવ્યા. ૫૩.

બાજોઠ ઉપર સુંદર એક શાલ પાથરી હતી. અભય અને ઉદાર સ્વભાવના શ્રીહરિ તે બાજોઠ ઉપર બેઠા. ત્યાં સારા જળથી ભરેલો સુર્વણનો કળશ મૂક્યો હતો અને પછી મોટો એક થાળ પીરસીને લાવ્યા. ૫૪. તે થાળમાં છ રસથી ભરેલ અનેક પ્રકારના વ્યંજન, પકવાનો અને વિવિધ પ્રકારના શાકભાજી પીરસેલા હતા. સર્વ જગતના સ્વામી અને અંતર્યામી આવા પ્રભુ શ્રીહરિ જમવા બેઠા ત્યારે પોતાની રુચિ પ્રમાણે જમવા લાગ્યા. ૫૫. શ્રીહરિજી મહારાજ મોતીચૂર, જલેબી, ખાજા, દૂધપાક, દહીંવડા, સારી પૂરી, કચોરી, બિરંજ, બાસુંદી અને થોડો શીખંડ વગેરે જમવા લાગ્યા. ૫૬. નાથ શ્રીહરિ સરસ દૂધ, ભાત અને સાકર તૃપ્તિ થાય તેટલું જમ્યા. કઢી અને ખીચડી ઈત્યાદિક એટલા હતા કે

आई बिराजे पलंग पर, धर्मकुंवर अविनाश ॥५८॥
दिन थार निज दासकुं, सोम रू सुर बोलाई ॥
सुनी खबर अभय आत्मज, आये धाई पुलकाई ॥५९॥
किंन प्रनाम परे दंडवत, लिनेउ हरि उठाई ॥
भेटेउ भुज भरी नेह करी, दिन चरन उरमांई ॥६०॥
सोरठा : किन अग्या सुखकंद, ईछाराम निज अनुज प्रति ॥
अभय आत्मज नरेंद, जेंयावउ करी नेह नव ॥६१॥
किंनाउ पंक्ति मराल, अश्वारूढ पदाती मीली ॥
पिरसन दीनदयाल, आये धर्मसुत कमरकसी ॥६२॥
ले मौक्तिक करमांई, देत पात्र भरी कृष्णहरि ॥
शष्कुली सरस सराई, मनमानी पिरसत सुखद ॥६३॥

જેનો ગણે પાર આવતો ન હતો. ૫૭. ધર્મકુમાર અવિનાશી શ્રીહરિએ હાથ મુખ ધોઈને મુખવાસમાં પાનબીડું લીધું. પછી આવીને પલંગ ઉપર વિરાજમાન થયા. ૫૮.

તે વખતે થાળની પ્રસાદી પોતાના ભક્ત સોમલા ખાચર તથા સૂરા ખાચરને બોલાવીને આપી. શ્રીહરિના સમાચાર સાંભળીને એભલ ખાચરના પુત્ર દાદા ખાચર એકદમ હરખથી દોડી આવ્યા. ૫૯. તેમણે જ્યારે દંડવત્પ્રણામ કર્યા ત્યારે શ્રીહરિએ તેમને ઉઠાવી લીધા. પોતાની બાથમાં લઈને હેતથી ભેટ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ૬૦. પછી સુખકંદ શ્રીહરિએ પોતાના નાનાભાઈ ઇચ્છારામજીને આજ્ઞા કરી કે તમે એભલ ખાચરના પુત્ર દરબાર દાદા ખાચરને ઘણા નવીન હેતથી જમાડો. ૬૧.

તે પછી સંતો, પાર્ષદો અને ઘોડેસવારોની એક સાથે પંગત કરી. દીનદયાળુ ધર્મપુત્ર શ્રીહરિ કમર કસીને ત્યાં પીરસવા માટે આવ્યા. ૬૨. શ્રીહરિકૃષ્ણ પ્રભુ હાથમાં મોતૈયા લઈને સંતોના પાત્ર ભરી દેતા હતા. સુખદ શ્રીહરિ વખાણ્યા જેવી સરસ જલેબીને મનમાની રીતે

पात्र छली होत ढेरी, धरनी पर देत हर्खि हरि ॥
बहुत बेर प्रभु फेरी, कर प्रक्षाली आये पलंग पर ॥६४॥

दोहा : बरनी संत अचवन करी, आये सदसी हरि पास ॥
बिविधि भाँति उपचार ग्रही, आयेउ पुजन दास ॥६५॥

नग्र शेठ नृपति मिली, उमंग सहित सब आये ॥
पुजन लगे प्रभु धर्मसुत, सुनो सज्जन चित लाये ॥६६॥

चोपाई :

केसर चंदन तिलक बनाई, काश्मीर चंद्रक ता बिच लाई ॥
बिविधि भाँति सुमन कर हारा, रचि भुषन तन सरस समारा ॥६७॥

शेखर केयुर वलय सुच्यारू, करत ग्रहन तन धर्मकुमारू ॥
किनखाप कर सरस सराई, प्रीत करी प्रभु का पहिराइ ॥६८॥

પીરસતા હતા. ૬૩. જ્યારે શ્રીહરિ હરખથી પીરસતા હતા ત્યારે પાત્ર છલકાઈને જમીન ઉપર તેનો ઢગલો થતો હતો. ઘણીવાર સુધી પ્રભુ શ્રીહરિ પંગતમાં પીરસવા ફર્યા. પછી હાથ ધોઈને આવ્યા અને પલંગ ઉપર બેઠા. ૬૪. વર્ણી અને સંતો ચળું કરી, જળપાન કરી, શ્રીહરિ પાસે સભામાં આવ્યા.

તે વખતે અનેક જાતના પૂજાના ઉપચાર લઈને હરિભક્તો પૂજા કરવા આવ્યા. ૬૫. નગર શેઠ અને દરબારની સાથે સહુ હરિભક્તો ઉમંગથી આવ્યા અને ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિને પૂજવા લાગ્યા. બધા સજ્જનો એકાગ્ર ચિત્તથી તે પૂજાની વાતને સાંભળો. ૬૬. કેસરયુક્ત ચંદનથી શ્રીહરિના લલાટમાં તિલક કર્યું અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. જાત જાતના સુગંધી ફૂલના હાર તથા સરસ સારાં બીજાં ઘરેણાં કર્યાં હતાં, તે અંગ ઉપર ધરાવ્યાં. ૬૭. તોરા, બાજુબંધ, સુંદર વળિયાં વગેરે ફૂલના અલંકારોને ધર્મકુમાર શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર ધારણ કર્યા. કિનખાબનો સરસ સુરવાળ પ્રભુને પ્રેમથી પહેરાવ્યો. ૬૮. વળી સરસ જરિયાની જામો અને લાલ ઘેરા રંગનો શાલ જોટો પણ ધારણ કર્યો.

सरस जरिमय जामा पहिरा, शाल जोरी अरुन रंग गहिरा ॥
उर बिच रूक्म ऊतरी डारी, गज मोतीनकी माला धारी ॥६९॥
शिर बांधा वर जरकसी चीरा, नीर्खत जन मेटत भव फेरा ॥
केयुर कंकन मुद्रिका पोंची, नंग जडित वर मानीक रोंची ॥७०॥
दे कर में वर नक्तक एका, पुजन लगेउ बर्निमुनि भेखा ॥
श्वेतांबर सबका ओढाये, सरस सुमनकर हार पहीराये ॥७१॥
हरिकर बंधु उभय गुंनवाना, तिनकर किंन सुभग सनमाना ॥
पगिंया दुपटा आंगा लाई, पहीरावा सु परम मुद पाई ॥७२॥
उपर शाल जोरी ओढावा, हरिजन लीन अलोकिक लावा ॥
अग्र धुप घृत दीपक बारी, मेली कपूर ग्रही कर थारी ॥७३॥

સોનાની ઉતરી છાતી ઉપર પહેરી અને એક ગજમોતીની માળા પણ ધારણ કરી. ૬૯. મસ્તક ઉપર શ્રેષ્ઠ જરિયાની રેશમી વસ્ત્રની પાઘ બાંધી. તેના દર્શન જે ભક્ત કરે છે, તેના સંસારના ફેરા મટી જાય છે. શ્રેષ્ઠ ચમકતા માણેક અને નંગથી જડિત એવા બાજુબંધ, કંકણ, વીંટીઓ અને પહોંચી પહેરી. ૭૦.

પછી હાથમાં એક સારો રૂમાલ આપીને વર્ણી તથા સંત વગેરે ત્યાગીઓને પૂજવા લાગ્યા. સહુને એક એક શ્વેત વસ્ત્ર ઓઢાડ્યું અને સારા ફૂલના હાર પહેરાવ્યા. ૭૧. શ્રીહરિના બંને ભાઈ ઘણા ગુણવાન હતા. તેથી તેમનું પણ ઘણું સારું સન્માન કર્યું. માથા ઉપરની પાઘ, દુપટો અને અંગરખું વગેરે પહેરાવ્યા. તેનાથી તેમને ઘણો આનંદ થયો. ૭૨. તે ઉપરાંત શાલ જોટો ઓઢાડ્યો. આ રીતે બોટાદના હરિભક્તોએ અલૌકિક લાભ લીધો.

અગરબત્તીનો ધૂપ અને દીવો પ્રગટાવ્યો. તેમાં કપૂર મૂકીને હાથમાં તે થાળી લીધી. ૭૩. ભગા શેઠ અને ગામધણી દરબાર વગેરે

आरती करत हे होई हूलासा, नग्र श्रेष्ठ भगा नृपति दासा ॥
बिनय करी जन किंन प्रनामा, मुदित भये प्रभु श्रीघनशामा ॥७४॥
दोहा : दीनहार उर चरन प्रभु, श्रीहरि धर्मकुमार ॥
प्रगट रूप घनशाम पर, प्रेमानंद बलिहार ॥७५॥

इतिश्री सहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीकृष्णनारायणचरित्रामृते बोटाद ग्रामे लीला बरनन नामा षट्षष्टितमोऽध्याय: ।।६६।।



अध्याय - ६७

दोहा : दुर्गनगर प्रति गमनकी, ईछा किंन घनशाम ॥
सजे तुरंगम साज शुभ, भिन्नभिन्न छबी धाम ॥०१॥

હરિભક્તો ઘણા ઉત્સાહથી શ્રીહરિની આરતી કરવા લાગ્યા. તે પછી સહુએ ઘણા વિનયથી પ્રણામ કર્યા અને તેનાથી શ્રીઘનશ્યામ પ્રભુ રાજી થયા. ૭૪. ધર્મકુમાર પ્રભુ શ્રીહરિએ સહુને પ્રસાદીના હાર આપ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે આવા પ્રગટ પ્રભુ શ્રીઘનશ્યામ મહારાજના ઉપર હું બલિહારી જાઉં છું. ૭૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'બોટાદ ગામમાં શ્રીહરિની લીલાનું વર્ણન કહ્યું' એ નામે છાસઠમો અધ્યાય સમાપ્ત-૬૬



અધ્યાય - ૬૭

શ્રીહરિનાં સ્વરૂપની શોભાનું વર્ણન તથા ગઢપુરવાસી હરિભક્તોનાં નામ

ભિન્ન ભિન્ન પ્રકારની શોભાનાં ધામ જેવા શ્રીઘનશ્યામ પ્રભુએ બોટાદથી ગઢપુર જવાની ઇચ્છા કરી અને ઘોડા ઉપર બધો શુભ સામાન

कोउ कनक मय साज सजे, कोउ मनि नंग जराउ ॥
कोउ रजत भूखन सजे, कोउ पचरंगी बनाउ ॥०२॥

सोरठा : अश्वारूढ हरिजन, पहिरेउ भुषन बसन शुभ ॥
सजे तन कनक बसन, पित हरित अरून अधिक ॥०३॥

केसर कुसुम रंजीत, क्वचित श्वेतांबर ज्युत शुभद ॥
बनी वर छबी अमीत, मनु बरात मनसिज कर ॥०४॥

चोपाई :

सजे वर्म तन लोह जराऊ, क्वचि वर्म सजे चरमनी काऊ ॥
अशि चर्म वर पीठ तुनीरा, वाम बाहु कोदंड सुधीरा ॥०५॥
केहिकर पानि कुंत रु भाला, केहिकर पानि शक्ति बिकराला ॥

સજ્યો. ૧. કેટલાક તો સોનેરી સાજ હતા તથા કેટલાક મણિ અને નંગજડિત હતા. કેટલાક ચાંદીના ઘરેણાં સજ્યા તો કેટલાક પચરંગી બનાવેલા હતા, તે સજ્યા. ૨. ઘોડેસવાર થયેલા બધા હરિભક્તોએ શુભ અલંકારો અને વસ્ત્ર પહેર્યાં હતાં. તેમાં શરીર ઉપર જે સોનેરી વસ્ત્ર હતાં, તે તો ખાસ કરીને પીળા, લીલા અને લાલ રંગવાળા હતા. ૩. કેસર અને કુંકુમથી રંગાયેલા કેટલાક શુભ શ્વેતાંબર ધારેલા હતા. આવી એટલી બધી અતોલ શોભા બની હતી કે માનો, તૈયાર થયેલી કામદેવની જાન હોય નહિ ! ૪.

કોઈએ શરીર ઉપર લોઢાનાં જડાઉ કવચ ધારણ કર્યાં હતાં અને કોઈએ ચામડાનાં કવચ પહેર્યાં હતાં. કેટલાકે તલવાર તથા ઢાલ બાંધી હતી. તો કેટલાક ધીર પુરુષની પીઠ ઉપર ભાથા બાંધ્યા હતા અને ડાબા હાથમાં ધનુષ્ય ધારણ કર્યાં હતાં. ૫. કોઈના હાથમાં બરછી તથા ભાલો હતો અને કોઈના હાથમાં વિકરાળ શક્તિ નામનું આયુધ હતું. કોઈના હાથમાં પ્રચંડ ગદા હતી કે માનો તે બ્રહ્માંડને તોડે તેવી ઘણી વિકટ લાગતી હતી. ૬. કોઈકના હાથમાં તોમર ચમકતા હતા તો કોઈના

केहिकर सोहत गदा प्रचंडा, लगत बिकट मनुं तोरे ब्रह्मंडा ॥०६॥
चमकत तोमर सरस भुशंडी, सजे ओष्टवर शैंधव शुंडी ॥
क्षुद्र घंटिका घंट अपारा, नागकंठ रथ रव झनकारा ॥०७॥
श्रीमहाराज आपे बहुभाँति, भुषन बसन सजेउ करी खाँति ॥
दिव्य अमुल्य कनकमय भारी, बांधी पाग शिर सरस संवारी ॥०८॥
पहिरा सुरवाल सुरनाहा, रेशम नारी कर छबी अथाहा ॥
जरकसी जामा पहिरा प्यारे, धर्मकुंवर नेंननके तारे ॥०९॥
कटि कसी बांधा जरकसी चीरा, रूचीर पाट कर वर रंगपीरा ॥
भूखन सजेउ जटित वर नंगा, सोहत सरससुँ सांवल अंगा ॥१०॥
कंठा भरन हुलरि उर मंहियाँ, लाल प्रवाल कर माल सोहैया ॥

હાથમાં સરસ બંદૂક હતી. ઊંટ, ઘોડા અને હાથી જેવા વાહનો હતા. તેમાં હાથીને કંઠમાં બાંધેલ ઘંટ અને સાજમાં રહેલી નાની ઘંટડીઓનો ધ્વનિ થતો હતો. તેમજ રથના ઝણકારા પણ સંભળાતા હતા. ૭.

❀ શ્રીહરિના સુંદર શણગાર તથા સવારીનું વર્ણન :

શ્રીસહજાનંદ સ્વામી મહારાજે પોતે પણ ઘણી જાતનાં વસ્ત્ર અને ઘરેણાંઓને ઘણા ખંતથી સજીને પહેર્યાં હતાં. તેમણે અમૂલ્ય, દિવ્ય, સોનેરી, મોટી પાઘ સરસ રીતે બાંધી હતી. ૮. દેવાધિપતિ શ્રીહરિએ સરસ સુરવાળ પહેર્યો હતો અને તેમાં રહેલી રેશમી નાડીની શોભા તો અથાગ હતી. ભક્તજનોની આંખોના તારા જેવા ધર્મકુમાર પ્યારા શ્રીહરિએ જરિયાની જામો પહેર્યો હતો. ૯. વળી એક જરકશી રેશમી વસ્ત્ર બાંધીને કમર કસી હતી. એક સુંદર પીળા રંગનો રૂમાલ હાથમાં લીધો હતો. શ્રેષ્ઠ નંગજડિત આભૂષણ સજીને પહેર્યા હતા તે શ્યામસુંદર અંગ ઉપર સોહામણા લાગતા હતા. ૧૦. કંઠનાં ઘરેણાં, છાતી ઉપર હુલર હાર અને લાલ પરવાળાની માળા સોહામણી લાગતી હતી. છાતી ઉપર વૈજયંતી નામનો મોતીનો હાર અને કંઠમાં કૌસ્તુભ મણિ બધી જ

उर बैजंति मुक्ताहारा, कौस्तुभ कंठ छबी आगारा ॥११॥
भुज केयुर वर नंग जराऊ, रत्नजटित वलय कर लाऊ ॥
पौंची मुद्री मही जटित हे अनंगा, मनी क निकरन दमक बहु रंगा ॥१२॥
कटि मेखला कटि प्रदेशे, नंग जटित वर लसत बिशेषे ॥
रत्न जटित हाटक कर च्यारू, भुषन चरन हरत मति मारू ॥१३॥
मुक्ता जटित मोजरी पैयां, गति गयंद चलत हे सुखदैया ॥
बने शाम वर लावन्य धामा, लिखी छबी लाजत कोटिक कामा ॥१४॥
दोहा : मानकी वडवा सीगारी वर, सजेउ मनिमय साज ॥
कसा जेर बंध पाटकर, जरे रत्न मंहि ताज ॥१५॥
डुंमकिं नंग जराव की, मनिमय भूखन कंठ ॥
मुख मोहर मुक्तामनी, बनी मनी कलंगी अटंट ॥१६॥

શોભાનાં ધામરૂપ હતો. ૧૧. ભુજાઓ ઉપર બાજુબંધ શ્રેષ્ઠ નંગજડાઉ પહેર્યા હતા અને રત્નજડિત વળિયા બંને હાથના કાંડાંમાં હતા. પહોંચી તથા વીંટીઓ બધી નંગજડિત હતી. મણિ તથા માણેકના સમુદાયથી ઘણી જાતના રંગ ચળકતા હતા. ૧૨. કમર ઉપર નંગજડિત કંદોરો શ્રેષ્ઠ રીતે શોભતો હતો. રત્નજડિત સોનાના જે સુંદર ઘરેણાં ચરણમાં પહેર્યાં હતાં, તે કામની બુદ્ધિને પણ હરિ લેતા હતા. ૧૩. ચરણમાં મોતી જડિત મોજડીઓ પહેરી હતી અને શ્રીહરિ ગજના સમાન સુખદ ચાલથી ચાલતા હતા. સુંદરશ્યામ શ્રીહરિ સૌંદર્યનું ધામ બન્યા હતા. તે સમયની તેમની છબીને નીરખીને કરોડો કામ લજ્જિત થઈ જતા હતા. ૧૪.

તે સમયે શ્રેષ્ઠ માણકી ઘોડીને શણગારી હતી. બધા જ મણિમય સાજ પહેરાવ્યા હતા. રેશમી વસ્ત્રથી કસીને જેર(ઘોડાના મોઢાથી આગલા બે પગ વચ્ચે તંગમાં બાંધવામાં આવતું કપડું) બાંધેલ હતો અને ચાબુકમાં પણ ચમકતા રત્ન જડ્યા હતા. ૧૫. નંગજડાઉ ડૂમચી(ઘોડાની પીઠ ઉપરથી સામાન ખસી ન જાય તે માટે પૂંછડાના મૂળ સાથે બાંધવામાં આવતી દોરી) અને મણિમય કંઠભૂષણ પહેરાવ્યું હતું. મોઢાના મોરડામાં

सोरठा : जरे पचरंगी नंग, मोवर मंहि कर छबि भुवन ॥
मनिमय कसा सुतंग, उपर बिछोना रत्नमय ॥१७॥
वर झांझर झमकार, चहुं चरन मंहि लसत वर ॥
दिव्य मनिमय सार, सोहत शोभा कर भुवन ॥१८॥

चोपाई :

नखशिख वडवा छबि कर सीमा, अमर सराहत अश्वनि महिंमा ॥
चढे चतुर वर तापर आई, मुनि मन जन कर नेन सराई ॥१९॥
आज्युहिं लोचन कर फल पावा, श्रुति पुरान सबनि मिलि गावा ॥
सो प्रभु कर छबि दृग भरी देखा, मिटि गवाउ रतन दाउ अनेका ॥२०॥
बडी ज्यु क्रिपा हम पर बिधि किंना, अस छबि देखन वर दृग दीना ॥
नेंन बिहिन कहा छबि देखे, जात प्रानि कर जन्म अलेखे ॥२१॥

મોતી અને મણિ જડ્યા હતા. મણિજડિત કલગી સીધી રહેતી હતી. ૧૬. વળી મોવડામાં પાંચ રંગના નંગ જડ્યા હતા. જે શોભાનું ધામ ગણાતું હતું. વળી મણિમય તંગ કસેલો હતો અને રત્નજડિત ઉપરનું બિછાનું હતું. ૧૭. એના ચારેય પગમાં ઉત્તમ ઝાંઝરનો ઝણકારો શોભતો હતો. માણકી ઘોડીનો મણિજડિત દિવ્ય બધો સાજ અત્યંત સોહામણો હતો અને શોભાનાં ધામ જેવો હતો. ૧૮. માણકી ઘોડી નખથી શીખા પર્યંત છબીની સીમા હતી. આ ઘોડીના મહિમાને તો દેવતાઓ પણ વખાણતા હતા.

તે માણકી ઘોડીના ઉપર ચતુરવર શ્રીહરિ આવીને ચઢ્યા. સંતોનાં મન અને અન્ય મનુષ્યોનાં નેત્ર તેની પ્રશંસા કરતા હતા. ૧૯. શ્રુતિ અને બધા પુરાણોએ મળીને જેનું ગાન કર્યું છે તે નેત્રનું ફળ આજે અમને પ્રાપ્ત થયું છે. તે પ્રભુની છબી આજે અમે દૃષ્ટિ ભરીને દેખી છે. અમારી આંખનાં રતનની અનેક પ્રકારની બળતરા મટી ગઈ છે. ૨૦. બ્રહ્માએ અમારા ઉપર ઘણી મોટી કૃપા કરી છે કે આવી છબીનાં દર્શન કરવા માટે તેણે અમને દૃષ્ટિ આપી છે. આંખો વિના માણસ આવી શોભા ક્યાંથી દેખી શકે ? આંખ વિનાના માણસનો જન્મ તો

धन्य धन्य नेंना सु हमारे, अस छबि नीर्खि नाथ उर धारे ॥
कैसी बनि नाथ छबि आई, नीर्खि रवि शशी कोटि लजाई ॥२२॥
शोभासागर परम उदारू, निज जन नयनि लेत सुख च्यारू ॥
अस मुनि गन जन करत बडाई, को कवि बर्नि सकत छबि गाई ॥२३॥
शेष शारद कर खुच्येन च्याच्युं, बुडे रुप मन ईन्द्रि पांच्युं ॥
अखिल लोक छबि सब सिमिटाई, उदय भई हरि तन मंहि आई ॥२४॥
लिखि मार मति भई ज्यु भंगा, ताते त्याग किंन निज अंगा ॥
ताते परासु नाम अनंगा, जितत मार देह बिन जंगा ॥२५॥
करत प्रवेश मनसि बिन काया, तब ते मनोज सुनाम धराया ॥

અલેખે વીતે છે. ૨૧. **અમારી આંખોને ધન્ય ધન્ય છે કે આવી છબીનાં દર્શન કરીને અમે નાથ શ્રીહરિને દિલમાં ધાર્યા છે. શ્રીહરિની છબી કેવી સુંદર બની છે ? જેને નીરખીને કરોડો સૂર્ય અને ચંદ્ર લજ્જિત થઈ જાય છે.** ૨૨. મૂર્તિ એટલી પરમ ઉદાર અને શોભાસાગર છે કે જેનાં દર્શન કરીને ભક્તજનોનાં નેત્ર ઘણું ઉત્તમ સુખ મેળવે છે. સંતો આ રીતે તે દર્શનના મહિમાને કહેતા હતા.

ભગવાનની એ સુંદર છબીનું ગાન કરીને કોણ કવિ એવો છે કે વર્ણન કરી શકે ? ૨૩. એ સુંદરતાનું વર્ણન કરવામાં શેષ અને શારદાની ચાંચ પણ ખૂંતતી નથી. **પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન એક શ્રીહરિનાં રૂપમાં ડૂબી જાય છે. આખા જગતનું બધું સૌંદર્ય ભેળું મળીને આ શ્રીહરિની એક છબીમાં પ્રગટ થયું છે. એવી શ્રીહરિની અલૌકિક મૂર્તિ છે.** ૨૪. આ છબીનાં દર્શન કરીને કામદેવની બુદ્ધિ પણ તૂટી ગઈ અને તે કારણે જ તેણે પોતાનાં શરીરનો ત્યાગ કરી દીધો હતો. અને તે પછી જ તેનું નામ અનંગ એવું પડ્યું છે.

આજે પણ એ કામ શરીર વિના જંગ જીતી જાય છે. ૨૫. જ્યારે કામદેવ વગર શરીરે મનમાં પ્રવેશ કરે છે, તે પછી જ તેનું

रमनिय रूपे देखी सुर नारी, भई बिबस तन रही न संभारी ॥२६॥

करती बिच्यार मनसि मृग नैंनी, साजी जोग तप हम दिंन रैंनी ॥
पावा जन्म देव पति देवा, काम क्रोध मद मोह भरेवा ॥२७॥

परम पुरुष अस पति न पावा, व्यर्थ अमर अस नाम धरावा ॥
नाम केशर त्रिया बहुत गंधाई, नाम अमर पुंनि पुंनि मरी जाई ॥२८॥

दोहा : नाम लक्ष्मी मागती फिरे, घरघर मंहियाँ भीख ॥
नाम गंगा प्यासे मरे, देव जन्म अस धीक ॥२९॥

निज तन निंदत देव वधू, लिखि हरि छबी अभिराम ॥
मागत प्रभु पहिं जन्म पुनी, करी बिनय सुरवाम ॥३०॥

નામ મનોજ એવું રખાયું છે. આ શ્રીહરિના રમણીય રૂપને દેખીને દેવાંગનાઓ પણ વિવશ થઈ ગઈ અને તેમને પોતાનાં શરીરનું ભાન રહ્યું નહિ. ૨૬. તે પછી તે મૃગનયની દેવાંગનાઓ વિચાર કરવા લાગી કે અમે રાત દિવસ યોગ અને તપ કર્યું હતું. અને ત્યારે અમને આ દેવનો જન્મ મળ્યો અને પતિ પણ દેવ મળ્યો; પણ તે દેહ અને પતિ કામ, ક્રોધ, મદ અને મોહ ભરેલા મળ્યા છે. ૨૭. પરંતુ **અમને પરમ પુરુષ પરમેશ્વર જેવો પતિ પ્રાપ્ત થયો નહિ અને અમર એવું અમારું ખોટું નામ પડ્યું છે. કોઈ સ્ત્રીનું નામ કેસર પાડ્યું હોય પણ તે ઘણી ગંધાતી હોય છે.**

નામ અમર પડે પણ વારંવાર તે મરી જાય છે. ૨૮. નામથી લક્ષ્મી કહેવાતી સ્ત્રી ઘેર ઘેર ભીખ માગતી ફરતી હોય છે. નામ ગંગા હોય અને તરસી મરતી હોય છે. માટે અમારા આવા દેવનાં જન્મને પણ ધિક્કાર છે. ૨૯. અતિશય રમણીય શ્રીહરિની છબીને નિરખીને આ દેવાંગનાઓ પોતાનાં શરીરની નિંદા કરતી હતી અને ઘણા વિનયપૂર્વક એ પ્રભુ પાસે ફરીવાર ભક્તિ થાય તેવો મનુષ્યજન્મ માગતી હતી. ૩૦.

सोरठा : चढी मानकी नाथ, चले नचावत वाजि हरि ॥
चढे तुरंग सब साथ, निकसे नगर तजी हरि सुखद ॥३१॥
हरिजन भये उदास, बहें नेंन जल प्रेम बस ॥
मिटि गवा हर्ख हुलास, नाथ न्यारे भये नेह तजी ॥३२॥

चोपाई :

गव्युति परिमित आये अनंता, राजत संग बर्नि गन संता ॥
अश्व अनेक पदाति वृंदा, बेष्टित भगन सोहत मनु चंदा ॥३३॥
तब अभयात्मज उत्तम भूपा, पठवा दुत लिखि पत्र अनूपा ॥
आवत अक्षरपति बहुनामी, परम पुरुष सहजानंदस्वामी ॥३४॥
कहउ दूत दुर्गपुर जाई, समाचार मुख बचन सुनाई ॥
सजी सामैया सब हरि दासा, सनमुख आवउ परम हुलासा ॥३५॥

સર્વ નિયંતા શ્રીહરિ માણકી ઘોડી ઉપર ચઢ્યા ત્યારે માણકી ઘોડીને નચાવતા શ્રીહરિ ચાલ્યા. બીજા બધા સવારો પણ અશ્વ ઉપર ચઢ્યા. પછી સુખદ શ્રીહરિ બોટાદ ગામને છોડીને આગળ નીકળ્યા. શ્રીહરિ જ્યારે ગામમાંથી નીકળ્યા ત્યારે ત્યાંના હરિભક્તો ઉદાસ થઈ ગયા. ૩૧. પ્રેમવશ થયેલા તે ભક્તોની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. તેમનો હર્ષ અને ઉત્સાહ બધો ટળી ગયો. તેમણે માન્યું કે નાથ શ્રીહરિ હેત છોડીને દૂર જતા રહ્યા. ૩૨. અનંત સ્વરૂપ શ્રીહરિ બે કોશ જેટલે આવ્યા ત્યારે તેમની સાથે સંતો તથા વર્ણીનાં મંડળો શોભતા હતાં. અનેક ઘોડેસવારો અને પાર્ષદોના સમુદાયથી ઘેરાયેલા શ્રીહરિ તારાઓના ગણ વચ્ચે ચંદ્રમાની જેમ શોભતા હતા. ૩૩.

તે સમયે એભલ ખાચરના પુત્ર દરબાર દાદા ખાચરે એક અનુપમ પત્ર લખીને દૂત ગઢપુર મોકલ્યો. પરમ પુરુષ, અક્ષરાધિપતિ, બહુનામી શ્રીસહજાનંદ સ્વામી આવી રહ્યા છે, ૩૪. હે દૂત ! એમ તું ગઢપુર જઈને કહે અને મુખથી પણ બધા સમાચારનાં વચન સંભળાવજે. બધા જ ભક્તજનો સામૈયું તૈયાર કરીને ઘણા જ ઉત્સાહથી સામે આવજો.

मम अंतःपुर देउ बधाई, आवत इष्ट देव सुखदाई ॥
मम अनुचर सबहि का कहेउ, उत्तम भूप कहा सुनि लेउ ॥३६॥
शुभग अश्व गज रथ सिंगारी , शिबिका आदि जान सुखकारी ॥
सनमुख आवउ सजी निज जाना, पुनि पदाति गन सहित सयाना ॥३७॥
दूसर दूत पठवा नर देवा, जाइ के कउ दूत ततखेवा ॥
मम सचिव को कहउ जाई, सबहि नगर में आन फेराई ॥३८॥
पुरवासी कोउ रहे न पावे, निज निज जान चढि सब आवे ॥
नगर श्रेष्ठ आदिक साउकारा, प्रभु सनमुख आवे करी प्यारा ॥३९॥
राजमार्ग वर सरस संवारी, सिचे मृगमद कर शुभवारी ॥
हर्म्य रु छजा गोख अटारी, स्वच्छ करे सब झारी बुहारी ॥४०॥
बांधेउ ध्वजा पताका नाना, बांधे तोरन द्वारे सुजाना ॥

૩૫. વળી અમારા દરબારગઢમાં વધામણી આપજો. કહેજો કે સુખદાયક આપણા ઈષ્ટદેવ આવી રહ્યા છે. અને મારા બધા જ નોકર ચાકરને કહેજો કે દાદા ખાચરે જે કહ્યું છે, તે બધા સાંભળી લો. ૩૬. આપણા ઉત્તમ જાતવાન ઘોડાઓ, હાથી, રથ આદિકને શણગારજો અને પાલખી આદિ જે સાધન છે, તેને પણ તૈયાર કરી લાવજો. મારા જે બધા શાણા પાયદળના લોકો છે, તે પણ સન્મુખ આવજો. ૩૭.

વળી દરબાર દાદા ખાચરે બીજો એક માણસ મોકલ્યો અને માણસને કહ્યું કે તું તત્કાળ જઈ, મારો જે કામદાર છે તેને કહેવડાવજે કે આખા ગઢપુર ગામમાં ઢંઢેરો ટીપાવીને સમાચાર આપે. ૩૮. ગઢપુરવાસી કોઈપણ પોતાને ઘેર બેસી રહે નહિ. પોતપોતાનાં વાહનમાં બેસીને બધા જ આવે. ગઢપુરના નગરશેઠ આદિ જે શાહુકારો છે તે પણ પ્રેમથી પ્રભુ શ્રીહરિની સન્મુખ આવે. ૩૯. ગઢપુરના રાજમાર્ગને એકદમ સાફ સ્વચ્છ કરાવી અને તેના ઉપર કસ્તૂરીનું સારું પાણી છંટાવજો. હવેલી, છજા, ગોખ, અગાસી, એ બધાને વાળી ઝૂડીને સ્વચ્છ કરજો. ૪૦. સુજ્ઞ મનુષ્યોએ અનેક પ્રકારની ધજા અને પતાકાઓ બાંધવી અને

रंभा तरु रोपे सब द्वारे, चित्र विचित्र सब भुवन संवारे ॥४१॥
जेही प्रकार नृप कह पठावा, तेही प्रकार मंत्रीन करावा ॥
निकसे बाहिर सजी पुरबासी, हरिजन उर बढा नेह सरितासी ॥४२॥
दोहा : बिविधि भाँति भुषन बसन, हरिजन तन हि संवारी ॥
बैठी शकट निकसे सकल, बाल वृद्ध नरनारी ॥४३॥
बाजत बाजा बिविधि बिधि, पणव दुंदभी ज्योरी ॥
भैरि सिंगी शरनाई मीली, परत तांसे कि सोरी ॥४४॥
सोरठा : बाजत झांज मृदंग, हरिजन गावत बिष्णु पद ॥
हरिजन उर उमंग, बढ्यो सिंधु जिमि चंद लिखि ॥४५॥
रोकत हे बरज्योरी, रहत न हरिजन प्रेमबस ॥

બારણે બારણે તોરણ બાંધવા. બધા જ દરવાજા આગળ કેળના સ્તંભ રોપવા અને બધા જ ઘરોને સ્વચ્છ કરી, ચિત્ર વિચિત્ર રીતે રંગવા. ૪૧.

❁ ગઢપુરમાં શ્રીહરિનું ભવ્ય સ્વાગત :

ઉપર કહ્યા પ્રમાણે જ્યારે દરબાર દાદા ખાચરે કહેવડાવ્યું, ત્યારે ગઢપુરના તેના કામદારે બધું તે રીતે જ કરાવ્યું. ગઢપુરવાસી મનુષ્યો બધા જ સજી ધજી અને ગામ બહાર નીકળ્યા. જે હરિભક્તો હતા તેનાં દિલમાં તો નદીનાં પૂરની જેમ સ્નેહ વધ્યો. ૪૨. બધા હરિભક્તોએ પોતાનાં શરીરને સ્વચ્છ કરીને જાત જાતના અલંકારો અને વસ્ત્ર પહેર્યાં. બાળકોથી લઈને વૃદ્ધ સુધીના બધા જ નરનારીઓ ગાડીમાં બેસી અને પુરથી બહાર નીકળ્યા. ૪૩. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. પણવ, દુંદુભિ, ભેરી, રણશિંગી અને શરણાઈ, એની સાથે મળેલો તાસાનો અવાજ ઘણો જ તીવ્ર થતો હતો. ૪૪. વળી હરિભક્તો ઝાંઝ મૃદંગ વગાડીને ભગવાનનાં કીર્તનો ગાતાં હતાં. ચંદ્રને દેખીને સાગર જેમ ઊભરાય તેમ હરિભક્તોનાં દિલમાં ઉમંગ ઊભરાવા લાગ્યો. ૪૫. બળજબરીથી બધાને રોકી રાખવામાં આવતા હતા. છતાં પ્રેમવશ થયેલા

सुर सरि सिंधु ओरी, जात तुराइ पति सरन ॥४६॥

चोपाई :

आवत उत ते अखिल निकेता, मनहुं जलद वर तडिद समेता ॥
अश्वनि कर वर छटा अनुपा, सोहत बिचवा सकल जग भुपा ॥४७॥
जिमि बादुर्महि रबि प्रकाशा, यह प्रकार सोहत अविनाशा ॥
उडत हे गर्द नीविड तम भारी, मनु पूर्व ते जलद घटारी ॥४८॥
आवत उमंगी सघन सुच्यारू, भई पूर्व दिशि अति अंधियारू ॥
आये प्रभु जब नग्र समिपा, दिव्य भुवन पति अखिल अधिपा ॥४९॥
ईतते पूर बासि जनवृंदा, सनमुख चलेउ सकल स्वछंदा ॥
बाजत तुर तिछन रनसिंगी, बाजत पणव ददामा जंगी ॥५०॥

હરિભક્તો રોકાતા ન હતા. જેમ દેવ નદી ગંગા પોતાના પતિ સમુદ્ર તરફ એકદમ ઉતાવળી જાય છે, તેમ બધા ઉતાવળા નીકળ્યા. ૪૬.

સર્વ જગતના નિવાસરૂપ આવા પરમેશ્વર શ્રીહરિ આ તરફથી આવી રહ્યા છે, તે માનો વાદળાને મધ્યે ચમકતી વીજળી જેવા હતા. માણકી ઘોડીની છટા અનુપમ હતી અને તે બધા જ ઘોડેસવાર દરબારોની વચ્ચે શોભતી હતી. ૪૭. જેમ વાદળાંની વચ્ચે સૂર્યનો પ્રકાશ હોય તે રીતે અવિનાશી શ્રીહરિ ઘોડેસવારોની વચ્ચે હતા. ધૂળની ડમરીરૂપી ઘાટું અંધારું ઉપર ચડી રહ્યું હતું. માનો પહેલા તે વાદળાંની ઘટા ચઢી આવતી હોય તેમ જણાતું હતું. ૪૮. વળી સુંદર મેઘ ઉમંગથી આવતો હોય તેમ પૂર્વ દિશા તરફ અત્યંત અંધારું થતું આવતું હતું. દિવ્ય ધામના સ્વામી, સર્વ જગતના અધિપતિ આવા શ્રીહરિ જ્યારે ગઢપુરની સમીપ આવ્યા ત્યારે આ બાજુથી નગરવાસી બધા જ માણસોનાં ટોળાં સ્વતંત્ર રીતે પૂર્વ દિશા તરફ ચાલ્યા. તે વખતે તીક્ષ્ણ તૂરઈ અને રણશિંગી વાગતી હતી. તે જ રીતે પણવ અને મોટાં નગારાં વાગતાં હતાં. ૪૯-૫૦. અત્યંત શોભાથી યુક્ત તાંસાઓ પણ વાગતા હતા. ભેરી અને શરણાઈઓ પણ

झरत हे तासा अति छबि छाई, बाजन लगी भैरी शरनाई ॥
हरि सनमुख आये हरि दासा, तिनकर नाम कहुँ हूलासा ॥५१॥
अभय सुत उत्तम सुत बावा, भूपति जीवा मुलु सुनावा ॥
पुनि तिन कर सुत भोका देशा, रामा आदिक भक्त सरेसा ॥५२॥
तिनकर अनुसर जयता लाखा, रता हरी निज मित्र कही भाखा ॥
अभय नृपति कर सेवक जानो, घेला मानसिया परमानो ॥५३॥
माला नाग अरू अमरा अलैया, जिवा मेंपा ये दोउ भैया ॥
उका लाखा नान बालेरा, चोमला मात्रा दास प्रभु केरा ॥५४॥
नाजा राम नागाजन च्यारू, दासा आदि कंक भक्त उदारू ॥
भुसुर बेचर लखिरामा, गोपीनाथ भट्ट गुनधामा ॥५५॥

વાગવા લાગી. તે વખતે જે હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા, તે બધાનાં નામ હું ઉત્સાહથી કહું છું. ૫૧.

❀ ગઢપુરવાસી પ્રેમી ભક્તોનાં પવિત્ર નામ :

એભલ ખાચરના પુત્ર દાદા ખાચર અને તેમના પુત્ર બાવા ખાચર આવ્યા. દરબાર જીવા ખાચર અને મુળુ ખાચર આ બંને ભાઈ આવ્યા. વળી તેમના પુત્રો ભોકા ખાચર, દેહા ખાચર અને રામ ખાચર આદિ સારા હરિભક્તો હતા. ૫૨. તેને અનુસરતા જોઈતા ખાચર અને લાખા ખાચર હતા. એક રતા બસિયા હતા, જેને શ્રીહરિએ પોતાના મિત્ર કહીને બોલાવ્યા હતા. વળી દરબાર એભલ ખાચરનું કામકાજ કરનારા દરબારોમાં ઘેલા ધાધલ, માણસિયા ધાધલ હતા. ૫૩. નાંગમાલા, અમરા ખાચર, અલૈયા કહર, જીવા ખાચર અને મેપા ખાચર બે ભાઈ હતા, ઉકા ખાચર, લાખા ખાચર, નાન ખાચર, વાલેરા ખાચર, સોમલા ખાચર અને માતરા ધાધલ; જે ભગવાન શ્રીહરિના સારા ભક્ત હતા. ૫૪. નાજા જોગિયા, રામ જોગિયા, નાગાજણ, આ બધા દાસભાવે શ્રીહરિને ભજનારા ઉદાર કાઠી હરિભક્ત હતા.

रघुनाथ लालजी गोर कहावे, जीवराम श्रीहरि गुनगावे ॥
हरजीवन विप्रवर डोसा, कृष्णजी भजे हरि तजी रोसा ॥५६॥

जीवन भगा काकाभाई, रामचंद्र प्रगट गुनगाई ॥
रत्नेश्वर अरू दुर्लभरामा, माधव भुधर भजे सुखधामा ॥५७॥

दोहा : शामा कनका विप्रवर, जागेश्वर द्विजराय ॥
अजरामर अरू प्रेमजी, धर्मकुंवर गुनगाय ॥५८॥

रावल कुंवरजी हर्खजी, त्रिकमजी गुनवान ॥
महादेव नृभेराम जुग, करत प्रगट गुनगान ॥५९॥

सोरठा : नागर हिरा देव, बालकृष्ण भजे धर्मसुत ॥
प्रागजी करी प्रभु सेवा, प्रसन्न किये हरि बांचि कथा ॥६०॥

બ્રાહ્મણોમાં બેચરભાઈ, લક્ષ્મીરામ અને ગોપીનાથ ભટ્ટ ગુણોનું ધામ હતા. ૫૫. રઘુનાથ અને લાલજી ગોર કહેવાતા હતા. જીવરામભાઈ શ્રીહરિના ગુણોનું ગાન કરતા હતા. વિપ્રવર હરજીવનભાઈ, ડોસાભાઈ અને કૃષ્ણજીભાઈ બધી જાતના રોષનો ત્યાગ કરીને શ્રીહરિનું ભજન કરતા હતા. ૫૬.

જીવણલાલ, ભગાભાઈ, કાકાભાઈ અને રામચંદ્રભાઈ પ્રગટ શ્રીહરિના ગુણ ગાતા હતા. રત્નેશ્વર, દુર્લભરામ, માધવજી અને ભૂદરભાઈ સુખધામ શ્રીહરિનું ભજન કરતા હતા. ૫૭. શામજી અને કનકલાલ તથા જોગેશ્વર વિપ્ર શ્રેષ્ઠ હરિભક્ત હતા. અજરામર અને પ્રેમજી ધર્મકુંવર શ્રીહરિના ગુણ ગાતા હતા. ૫૮. રાવળ કુંવરજી, હરખજી, ત્રિકમજી, મહાદેવભાઈ અને બંને નરભેરામ આદિક અતિ ગુણવાન વિપ્રો પ્રગટ શ્રીહરિના ગુણોનું ગાન કરતા હતા. ૫૯. નાગર હીરાભાઈ, દેવજી અને બાલકૃષ્ણ ધર્મપુત્ર શ્રીહરિનું ભજન કરતા હતા. પ્રાગજી દવેએ પ્રભુની ઘણી સેવા કરી છે અને નિત્ય કથા વાંચીને શ્રીહરિને રાજી કર્યા છે. ૬૦. વિપ્ર ભાણજીભાઈ, પુરુષોત્તમ, વિપ્ર

भानजी भजे महाराज, पुरुषोत्तम करे संत सेव ॥
तजी लोक कुल लाज, सुंदरजी नारायन द्विज ॥६१॥

चोपाई :

शंकर विरा मोनजी विरा नामा, हरिजन बिप्र परम गुनधामा ॥
कंक गोर वर सांगा नामा, केशव मुला भक्त अकामा ॥६२॥
चोंडा जगा हरि गुनगावे, कंकगोर बडभाग्य कहावे ॥
बनिक भक्त गढपुर कर जानो, कमलसी रघुनाथ प्रमानो ॥६३॥
जेचंद नाथा लखुभाई, कृष्ण चकु कल्यान हलवाई ॥
पितांबर जुठा जुग भैया, उभय सुरचंद भजे हरि रैया ॥६४॥
लवजी देवचंद लाधा धारा, भजत हरि सब कुल परिवारा ॥
मावजी कृष्ण जुगजी कामदारा, अमरसि दामा प्रभुकुं प्यारा ॥६५॥

સુંદરજી અને નારાયણજી લોક કુળની લાજ તજી દઈને શ્રીહરિનું ભજન કરતા હતા અને સંતોની સેવા કરતા હતા. ૬૧. શંકર વીરા અને મોનજી વીરા ઘણા ગુણવાન હરિભક્ત વિપ્ર હતા. કાઠીના ઉત્તમ ગોર સાંગાભાઈ હતા. કેશવજી અને મૂળજી પણ નિષ્કામ ભક્ત હતા. ૬૨. ચોંડાભાઈ અને જગાભાઈ તે શ્રીહરિના ગુણ ગાતા હતા. તે કાઠીના ગોરમાં ઘણા ભાગ્યશાળી કહેવાતા હતા.

ગઢપુરના વણિક ભક્તોમાં કમળશીભાઈ, રઘુનાથભાઈ, જેચંદ, નાથાભાઈ સારા ભક્ત હતા તથા લખુભાઈ, કૃષ્ણજી, ચકુભાઈ અને કલ્યાણભાઈ; આ બધા હલવાઈ હતા. પીતાંબરભાઈ અને જુઠાભાઈ બંને ભાઈ હતા તથા બંને સુરચંદભાઈ શ્રીહરિનું ભજન કરતા હતા. ૬૩-૬૪. લવજીભાઈ, દેવચંદભાઈ અને લાધાભાઈ, આ બધા કુળ પરિવારે સહિત શ્રીહરિનું ભજન કરતા હતા. માવજી, કૃષ્ણજી અને જુગજી, અમરશી તથા દામજી; એ બધા કામદાર પ્રભુ શ્રીહરિના પ્યારા ભક્ત હતા. ૬૫. ઘેલાભાઈ, જેઠાભાઈ, ગોવિંદભાઈ તથા પુરુષોત્તમભાઈ;

घेला जेठा गोविंद नामा, पुरुषोतम भजे श्रीघनश्यामा ॥
प्रेमि बनीक हरिजन सोई, भज्या धर्मसुत कुरा कंदोइ ॥६६॥
नारायन देवा दोउ भैया, मावजी डाया भजे सुखदैया ॥
जुठा हर्खा बनिक भवाना, बिसा हिरा देवजी जाना ॥६७॥
लखा अमरसि उभय बंधु, भजत बनिक जन क्रिपासिंधु ॥
सुत्रधार वरसवा रु क्षीमा, प्रेमजी बसता बाला भीमा ॥६८॥
घेला जुठा जेठा दासा, त्रिकम मेघा प्रभुपद बासा ॥
मुलजी जीवा केशव कहीये, मावजी अखैरामसुं लहीये ॥६९॥
सोनी परजीया भगा जेठा, भजी श्रीहरि सकल दुःख मेठा ॥
भावसार हका अरु नाथा, काना कुरा भजे सुखपाथा ॥७०॥
लिंबा लाधा टोकर रामा, खोरा रामजी भजे सुखाधामा ॥

આ બધા વણિક પ્રેમી ભક્ત હતા, તે ધર્મપુત્ર ઘનશ્યામ શ્રીહરિનું ભજન કરતા હતા. કુંવરજી કંદોઈ, નારાયણજી અને દેવજી એ બંને ભાઈ તથા માવજી અને ડાયાભાઈ સુખદાયક શ્રીહરિનું ભજન કરતા હતા. જુઠાભાઈ, હરખાભાઈ, ભવાનભાઈ; તે વિશા હતા. તેમજ હીરાભાઈ, દેવજીભાઈ, તેમજ લખાભાઈ અને અમરશીભાઈ બંને ભાઈ હતા; આ બધા વણિક કૃપાસિંધુ શ્રીહરિનું ભજન કરતા હતા.

સુતારમાં શ્રેષ્ઠ ભક્ત વરસાભાઈ, ખીમાભાઈ, પ્રેમજી, વસ્તા, વાલજી, ભીમજી, ઘેલાભાઈ, જુઠાભાઈ, જેઠાભાઈ, ત્રીકમભાઈ, મેઘાભાઈ, આ બધા શ્રીહરિના ચરણમાં પ્રેમથી રહેનારા હરિભક્ત હતા. મૂળજીભાઈ, જીવાભાઈ, કેશવભાઈ, માવજીભાઈ અને અખેરામ; એ બધા સારા હરિભક્ત હતા. ૬૬-૬૯.

પરજિયા સોનીમાં ભગાભાઈ અને જેઠાભાઈએ શ્રીહરિનું ભજન કરીને બધાં જ દુઃખ મટાડી દીધાં હતાં. ભાવસારોમાં હકાભાઈ, નાથાભાઈ, કાનાભાઈ અને કુરજીભાઈ સુખસાગર શ્રીહરિનું ભજન

हरजी मुलजी देवा जानो, हरिभक्त जे राजार प्रमानो ॥७१॥

दोहा : ठकर हरजी गांगजी, जीवा मनजी कल्यान ॥
लाधा उभअ शामजी, प्रेमजी प्रेम प्रमान ॥७२॥

कुरजी जीवा मेघजी, तेजा धनजी भीम ॥
नारायन अरु संघजी, मेघजी कर दृढ नीम ॥७३॥

सोरठा : डुंगर गोवा आदि, रवजी प्रधान रु मूलजी ॥
तजि जगत उपाधी, ठकर मंडल भजत हरि ॥७४॥

बाघा गोवा लुहार, लाधा डोसा भजत हरि ॥
भजत श्री धर्मकुमार, लाधा खोरा धनादी जन ॥७५॥

चोपाई :
क्षत्रीय भक्त बिर सुनी लीजे, कानजी बेचर जेसा कहीजे ॥

કરતા હતા. ૭૦. લીંબાભાઈ, લાધાભાઈ, ટોકરશીભાઈ, રામભાઈ, ખોડાભાઈ અને રામજીભાઈ સુખધામ શ્રીહરિનું ભજન કરતા હતા. હરજીભાઈ, મુળજીભાઈ, દેવાભાઈ આદિક ભાવસાર હરિભક્તો હતા. ૭૧. ખોજા ઠક્કર હરજી, ગાંગજી, જીવા, મનજી, કલ્યાણ, લાધા, બે શામજી, પ્રેમી ભક્ત પ્રેમજી, કુંવરજી, જીવા, મેઘજી, તેજા, ધનજી, ભીમજી, નારાયણ, સંઘજી અને મેઘજી, આ બધા દૃઢ નિયમવાળા હરિભક્ત હતા. ૭૨-૭૩. ડુંગરશીભાઈ, ગોવાભાઈ, મુખ્ય રવજી, મુળજીભાઈ; આ બધા ઠક્કર ખોજાઓનું મંડળ હતું. તે બધી જગતની ઉપાધિનો ત્યાગ કરીને સહુ શ્રીહરિનું ભજન કરતા હતા. ૭૪. બાઘાભાઈ, ગોવાભાઈ, લાધાભાઈ, ડોસાભાઈ, આ બધા લુહાર શ્રીહરિનું ભજન કરતા હતા. તે સિવાયના લાધાભાઈ, ખોડાભાઈ અને ધનાભાઈ આદિક લુહાર પણ શ્રીધર્મકુમારનું ભજન કરતા હતા. ૭૫.

ક્ષત્રિય ભક્તોમાં શૂરવીર જે હતા તેનાં નામ હવે સાંભળો. કાનજી,

सुरा नारायनजी अरु रामा, संबलाजी कानजी गुनधामा ॥७६॥
अहिर जगा रु बस्ता गांगा, हरिपद प्रित अचल जन मांगा ॥
दरजी मुला हरिजन हीरा, जसा हरिजन परम सुधीरा ॥७७॥
सथवारा जन देवजी कहीये, नारायन आदिक बहु लहिये ॥
रावल लखमन अरु नागदाना, भजत धर्मसुत रावल राना ॥७८॥
जन कुलाल देवराजा पूंजा, धर्मकुंवर बिन भजे न दूजा ॥
हरिजन भीमा सवा रु वाला, भजत प्रित करी श्रीवृषलाला ॥७९॥
रोमशत्रु सांगा अरु लाधा, जिनकी प्रभुपद प्रित अगाधा ॥
पुनिं गोविंद देवजी जानो, काला राजा भक्त प्रमानो ॥८०॥
भनसालि हरिभक्त हमीरा, भीमा खेता भक्त प्रबीरा ॥
राघव गर, बावा हरनाथा, भोजगर भजी भयो सनाथा ॥८१॥

બેચરજી, જેસાભાઈ, શૂરવીર નારાયણજી, રામજી, સંબલાજી અને ગુણનાં ધામ કાનજીભાઈ હતા. ૭૬. આહિરોમાં જગાભાઈ, વસ્તાભાઈ અને ગાંગાભાઈ શ્રીહરિના ચરણમાં અવિચળ પ્રેમ માગનારા હતા. દરજીમાં મુળજીભાઈ, હીરાભાઈ, જસાભાઈ આ બધા ઘણા ધીરજવાળા હરિભક્ત હતા. ૭૭. સથવારામાં દેવજીભાઈ, નારાયણભાઈ આદિક ઘણા હરિભક્ત હતા. રાવળમાં લખમણ અને નાગદાન તેમજ રાણા રાવળ ધર્મપુત્ર શ્રીહરિને ભજતા હતા. ૭૮.

કુંભારોમાં દેવરાજભાઈ અને પૂંજાભાઈ ધર્મકુંવર શ્રીહરિ સિવાય બીજા કોઈને ભજતા નહિ. ભીમાભાઈ, સવાભાઈ, વાલાભાઈ; આ બધા ધર્મપુત્ર શ્રીહરિને ઘણા પ્રેમથી ભજતા હતા. ૭૯. વાળંદમાં સાંગાભાઈ અને લાધાભાઈ બે હતા કે જેને પ્રભુના ચરણમાં અગાધ પ્રેમ હતો. તે સિવાયના ગોવિંદભાઈ, દેવજીભાઈ, કાળાભાઈ તથા રાજાભાઈ સારા પ્રામાણિક ભક્ત હતા. ૮૦. ભણશાળી(વણિકની જાત) હરિભક્તોમાં હમીરભાઈ, ભીમભાઈ અને શૂરવીર ખેતા ભક્ત હતા.

जनशालि राघव अरु रूरा, भजत धर्मसुत तजि जग कूरा ॥
ईन आदिक हरिभक्त अनंता, गिनत शेष श्रुति लहे न अंता ॥८२॥
ईत ते हय गजर्थ ज्युत दासा, पहुंचे अगनित श्रीहरि पासा ॥
निर्खि नाथ नेन मन प्राना, थकित भये लिखि रूप निधाना ॥८३॥
अर्पित सरस सुमन कर हारा, फल दल श्रीफल आदि अपारा ॥
परे दंडवत किंन प्रनामा, प्रभु पद परसे भक्त सुखधामा ॥८४॥
यह गजरथसुँ उतरि भूपा, परसे जोई हरिचरन अनुपा ॥
हरि प्रित करी सबका बोलाये, श्रीहरि बचन सुनि सुख पाये ॥८५॥
सोरठा : निर्खि दिव्य छबी नाथ, कोटि तडिद शशी तरनि सम ॥

અતીતોમાં રાઘવરગર, હરનાથ અને ભોજગર, પ્રભુ ભજીને સનાથ થયા હતા. ૮૧. જણસાળી(મોચી)માં રાઘવજીભાઈ અને રૂડાભાઈએ મિથ્યા જગતનો ત્યાગ કરીને ધર્મપુત્ર શ્રીહરિનું ભજન કર્યું હતું. આ ઉપર કહ્યા તે મુખ્ય હતા અને બીજા પણ અનંત હરિભક્ત હતા. જેનો ગણતા શેષ અને શ્રુતિ પણ પાર પામતા નથી. ૮૨.

આ ગઢપુર બાજુથી ઘોડા, હાથી, રથ લઈને નીકળેલા અગણિત હરિભક્તો શ્રીહરિની પાસે પહોંચ્યા. તેમણે રૂપના નિધિ જેવા નાથ શ્રીહરિનાં દર્શન કર્યાં. તેનાથી તેમનાં નેત્ર, મન અને પ્રાણ અત્યંત વિસ્મિત થયા. ૮૩. તે સહુએ સારા ફૂલના હાર અર્પણ કર્યા અને કેટલીક જાતના ફળ, પત્ર અને શ્રીફળ આદિ અપાર વસ્તુઓ ભેટ મૂકી. પછી સહુએ દંડવત્પ્રણામ કર્યા. તે ભક્તોએ સુખધામ પ્રભુના ચરણનો સ્પર્શ કર્યો. ૮૪.

જે દરબારો હાથી અને રથમાં બેસીને આવ્યા હતા, તેમણે ઊતરીને શ્રીહરિના અનુપમ ચરણનો સ્પર્શ કર્યો. શ્રીહરિએ સહુને પ્રેમથી બોલાવ્યા ત્યારે શ્રીહરિના અનુપમ વચન સાંભળીને બધા ઘણા આનંદિત થયા.

सोहत सखा सब साथ, मनु मयंक वेष्टित भगन ॥८६॥
अभय जीव भूपाल, नृपकुमार प्रभुपद परसि ॥
नृपति अरु नृप बाल, उत्तम आदिक बिनय करी ॥८७॥
दोहा : बेठो प्रभु मातंग पर, निर्खे बदन सब जन ॥
रूपछटा निर्खि सकल, जन दृग होई प्रसन्न ॥८८॥
निति कहा हरिकृष्ण प्रभु, वडवा ठिक हमार ॥
को उतरि को चढत करी, बोलेउ धर्मकुमार ॥८९॥
ज्योरि पानि उत्तम नृप, आग्रह किंन अत्यंत ॥
होई दर्श सबका प्रभू, बाल वृद्ध परयंत ॥९०॥

---

૮૫. સહુએ કરોડો વીજળી, ચંદ્ર અને સૂર્યના સમાન તેજસ્વી શ્રીહરિની દિવ્ય છબીનાં દર્શન કર્યાં. શ્રીહરિની સાથે બધા સખા પણ શોભતા હતા. માનો, તે સમયે નક્ષત્રગણથી વીંટાયેલા ચંદ્રમાના સમાન શ્રીહરિ જણાતા હતા. ૮૬.

દરબાર એભલ ખાચરના પુત્ર દાદા ખાચર તથા જીવા ખાચર અને તેમના દીકરા ભોકા ખાચર વગેરેએ શ્રીહરિના ચરણનો સ્પર્શ કર્યો. તે દરબારો તથા તેમના જુવાન પુત્રો અને દાદા ખાચર આદિક ભાવિક ભક્તોએ વિનયથી પ્રાર્થના કરી કે હે પ્રભુ ! આપ હાથી પર બેસો. તો સહુ લોકોને આપનાં મુખારવિંદનાં દર્શન થાય. આપનાં રૂપની બધી છટાને નીરખીને દર્શન કરનારની આંખો પ્રસન્ન થશે. ૮૭-૮૮.

ત્યારે ધર્મકુમાર શ્રીહરિકૃષ્ણ પ્રભુએ હાથી ઉપર બેસવાની ના કહી અને બોલ્યા કે ‘હાથી ઉપર કોણ ચઢે અને કોણ ઊતરે ? અમારે માટે તો ઘોડી જ ઠીક છે.’ ૮૯. ત્યારે દરબાર દાદા ખાચરે હાથ જોડીને અતિશય આગ્રહ કર્યો અને કહ્યું કે ‘પ્રભુ ! આપ હાથી ઉપર બેસો તો બાળકો અને વૃદ્ધ સુધીના સહુને દર્શન થશે.’ ૯૦.

भक्ताधिन क्रिपाल प्रभु, बैठे करी पर शाम ॥
प्रेमानंद दृग निर्खि छबी, लिंन लाभ अभिराम ॥९१॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते श्रीहरिस्वरूप शोभा बरनन दुर्गपुरबासी हरिजन नाम कथन नामा सप्तषष्टितमोऽध्यायः ।।६७।।



अध्याय - ६८

दोहा : भयो संमर्द स्वजनकर, घनरज रही नभ छाय ॥
दसन रशमि रोकत प्रभु, ले नक्तक कर माय ॥०१॥
होत तुमल रव भुशंडिकर, हनत वाद्य बहु भाँति ॥

ત્યારે ભક્તાધીન, કૃપાળુ, સુંદરશ્યામ પ્રભુ શ્રીહરિ હાથી ઉપર બેઠા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે મેં મારી આંખેથી તે છબીને પ્રગટ પ્રમાણ નીરખીને મનગમતો અલૌકિક લાભ લીધો હતો. ૯૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિનાં સ્વરૂપની શોભાનું વર્ણન તથા ગઢપુરવાસી હરિભક્તોનાં નામ કહ્યાં' એ નામે સડસઠમો અધ્યાય સમાપ્ત-૬૭



અધ્યાય - ૬૮

શ્રીહરિ ગઢપુરમાં પધાર્યા તથા ગ્રંથનો ઉપસંહાર કહ્યો

આત્મીય ભક્તજનોની ઘણી ભીડ થઈ અને ઊડેલી ઘાટી રજ આકાશમાં ઘણી છવાઈ ગઈ. પ્રભુ શ્રીહરિ હાથનો રૂમાલ મુખ આડો રાખીને દાંતનાં કિરણોને રોકી રહ્યા હતા. ૧. બંદૂકો ફૂટતી હતી, તેનો ઘણો તૂમુલ ધ્વનિ થતો હતો. તેની સાથે અનેક જાતનાં વાજિંત્રો વાગતા હતા. ઘોડાઓ ધૈવતસ્વર (હણહણાટ) કરતા હતા. અને તે

करत धैवत स्वर हयनिकर, तूर्ग नचावे करी खाँति ॥०२॥

सोरठा : व्यापि रहा दस दीश, जननि निहाद सुं सघन तर ॥
आवत प्रभु जगदीश, ज्युं उडुराज बेष्टित भगन ॥०३॥
भुवि नभ मंहि रही छाई, उडी गर्द बिन अवधि तर ॥
रहे जन नेंन अंजाई, घन रज निविड रहा पसरी ॥०४॥

चोपाई :
उडी गर्द नभ पहुंचि जाई, रहे खेचर जन अति अकुलाई ॥
भानु जान सैंधव अकुलाये, रहे गगन पथ बिच अटकाये ॥०५॥
देव द्रगी खर करत बिचारा, भयो गगन तम मय अंधियारा ॥
पहुंची गर्द नाक मंहि छाई, देव त्रिया बिस्मित भये आई ॥०६॥
नक्षेत्र गन पुनि रजनीशा, भये बिस्मित देव तेतीशा ॥

સમયે ઘોડેસવારો અનેક રીતે અશ્વોને ઘણી ખંતથી નચાવાતા હતા. ૨. લોકોનો અતિશય ઘાટો અસ્પષ્ટ ધ્વનિ દશે દિશામાં વ્યાપી રહ્યો હતો. તે વખતે જગદીશ પ્રભુ નક્ષત્રગણથી વીંટાયેલા ચંદ્રમાની જેમ આવી રહ્યા હતા. ૩. પૃથ્વી ઉપર અને આકાશમાં ભીડથી ઊડેલી રજની ડમરી અસીમ રીતે ઊડી રહી હતી.

જ્યારે એકદમ ઘાટી રજ ચારેય બાજુ ફેલાઈ ગઈ ત્યારે લોકોની આંખો તેનાથી અંજાઈ ગઈ. ૪. ધૂળની ડમરી ઊડીને જ્યારે આકાશમાં પહોંચી ત્યારે આકાશમાં ફરનારા લોકો અતિશય અકળાઈ ગયા. સૂર્યના રથના અશ્વ અકળાઈ ગયા અને તેનો રથ આકાશમાં જ અટકી ગયો. ૫. દેવતાઓ અને સૂર્ય વિચારમાં પડી ગયા. બધું જ આકાશ તે ડમરીને લીધે અંધારાવાળું થઈ ગયું. જ્યારે તે ધૂળની ડમરી સ્વર્ગમાં પહોંચી ત્યારે દેવાગંનાઓ પણ વિસ્મય પામી. ૬. વળી નક્ષત્રોનો ગણ ચંદ્રમા અને તેત્રીશ કરોડ દેવતાઓ પણ વિસ્મિત થયા. ભવ અને બ્રહ્મા પણ અત્યંત વિસ્મય પામ્યા. આ બધો પાર ન

भव अज बिस्मय भये अत्यंता, भयो कहा अवधि बिन अंता ॥०७॥
स्वर्गबासी चढि निज जाना, आये बिलोकन कौतुक छाना ॥
छाये गगन सघन बेमाना, निर्खि नाथ छबी भये गुलताना ॥०८॥
आवत प्रभु दुर्गपुर मंहिया, भया संमर्द सुं जात न कहिया ॥
गज रथ हयकर भीर बहूता, आवत बर्नि मुनि अबधूता ॥०९॥
नारी पुरुषकर भै अति भीरा, तेहि रज ब्याप्त गगन गंभीरा ॥
अन्य कारन्य कछु दिसत नाई, भये अमर निर संशय आई ॥१०॥
बरषत अमर सुमनकर लाई, करत प्रशंसा सुर पुलकाई ॥
होई रहा अति परम उछाऊ, लेत निर्खि जन नेंननि लाऊ ॥११॥
नाथ देखावत अद्‍भुत रूपा, थकित भये सुरनरमुनि भूपा ॥

આવે તેવો પ્રકાશનો અંત ક્યાંથી શરૂ થઈ ગયો ? ૭. સ્વર્ગવાસી બધા દેવતાઓ પોતાના વાહન વિમાનમાં બેસી છાની રીતે કૌતુક જોવા માટે આવ્યા. આકાશમાં ઘાટા વિમાનો છવાઈ ગયા અને નાથ શ્રીહરિની છબી નીરખીને ગુલતાન થઈ ગયા. ૮.

પછી શ્રીહરિ જ્યારે ગઢપુર ગામમાં આવ્યા ત્યારે રસ્તામાં જે ભીડ થઈ, તે કહી શકાતી નથી. હાથી, રથ અને ઘોડાઓની ઘણી ભીડ હતી. તેમાં વળી વર્ણી, સંતો અને સંન્યાસીઓ પણ આવ્યા. ૯. તે સિવાયના નરનારી હરિભક્તોને લીધે અતિશય ભીડ થઈ, તેનાથી ઊડેલી રજને લીધે આકાશ ભરાઈ ગયું અને ગંભીર થઈ ગયું. આ જ્યારે જોયું ત્યારે દેવતાઓને અંધારાનું બીજું કોઈ કારણ દેખાયું નહિ. અંધારાનું કારણ તો ગઢપુરની ઊડેલી રજ જ છે, તેવું સમજાવાથી દેવતાઓના સંશય ટળી ગયા. ૧૦. પછી દેવતાઓ લાવીને ફૂલની વૃષ્ટિ કરવા લાગ્યા અને આનંદથી પ્રશંસા કરવા લાગ્યા. સહુને અતિશય ઉત્સાહ થઈ રહ્યો હતો અને શ્રીહરિનાં દર્શન કરીને લોકો પોતાની આંખનો લાભ લેતા હતા. ૧૧. સર્વ નિયંતા શ્રીહરિએ ત્યારે પોતાનું અદ્‍ભુત રૂપ દેખાડ્યું. તેનાથી સુર, નર, રાજાઓ અને મોટા મોટા મુનિઓ પણ વિસ્મિત થઈ

प्रभुकर एक रोम द्युति मंहियाँ, भानु क्रशानुं हिमांशु लजैया ॥१२॥
बिकशा तेज दसो दिश छाई, नारी पुरुष दृग रहे अंजाई ॥
निर्खि अमर गन तेज निधाना, भुले प्रान मन देहकर भाना ॥१३॥
आदिपुरुष नारायन कहावे, जाहि श्रुति उपनिषद गावे ॥
सो प्रभु प्रगट धरी देही, अटन करत मंहि बिश्व सनेही ॥१४॥

दोहा : करत श्लाघा अमरगन, बर्खि सुमन बार बार ॥
निर्खि छबी दृग लेत सुख, स्वर्गबासी नरनार ॥१५॥
आये अक्षरपति दिव्य प्रभु, बिश्व करन आनंद ॥
निजजन नलिन आनंदकर, दिनकर सहजानंद ॥१६॥

सोरठा : हो रहा जय जयकार, बाजत बाजा बधाईकर ॥

ગયા. પ્રભુ શ્રીહરિના એક રોમનાં દિવ્ય તેજમાં અનંત સૂર્ય, અગ્નિ અને ચંદ્રમાં લજાઈ જતા હતા. ૧૨. **શ્રીહરિનું તે તેજ દસે દિશામાં છવાઈ ગયું અને ત્યાં રહેલા નરનારીઓની આંખો અંજાઈ ગઈ. બધા દેવતાઓએ તેજોનિધિ શ્રીહરિનાં દર્શન કર્યાં. તેનાથી તેઓ મન, પ્રાણ અને દેહનું ભાન પણ ભૂલી ગયા.** ૧૩. જેને આદિ પુરુષ તથા નારાયણ કહેવાય છે તથા જેને શ્રુતિઓ અને ઉપનિષદ ગાય છે, તે પ્રભુ સાક્ષાત્ મનુષ્ય દેહ ધરીને પ્રગટ્યા છે. તે સમગ્ર વિશ્વના સ્નેહી શ્રીહરિ ભૂમિ ઉપર વિચરી રહ્યા છે. ૧૪.

દેવતાઓ વારંવાર ફૂલની વૃષ્ટિ કરી અને શ્રીહરિની સ્તુતિ કરતા હતા. શ્રીહરિની છબીને દૃષ્ટિથી નીરખીને સ્વર્ગવાસી નરનારીઓ અત્યંત સુખ લેતા હતા. ૧૫. **અક્ષરાધિપતિ દિવ્ય સ્વરૂપે રહેનારા પ્રભુ સમગ્ર વિશ્વને સુખ આપવાને માટે ભૂમિ ઉપર પધાર્યા છે. તે પોતાના ભક્તજનરૂપી કમળને આનંદ આપનારા સહજાનંદરૂપી સૂર્ય છે.** ૧૬.

ચોતરફ જય જયકાર થઈ રહ્યો હતો અને વધામણાંનાં વાજિંત્ર વાગતાં હતાં. નગરની સ્ત્રીઓ મધુર સ્વરથી શુભ મંગળ ગીત ગાતી

कल स्वर पुरकर नारी, गावती मंगल च्यार शुभ ॥१७॥
करत भूसुरवृंद, निगम च्यार वर बिमल स्वर ॥
छाई रहा आनंद, मुर्तिमान पुर दुर्ग मंही ॥१८॥

चोपाई :

राजमार्ग लिखि जन मन मोहा, बिथुनिकर छबी अत हि सोहा ॥
उडत पताक ध्वजा बहुं भाँति, गज मृग सिचे करी खाँति ॥१९॥
सिचेउ वारी द्वार हि द्वारा, सरस सुमन करी डगर संवारा ॥
अश्वनीकर कर भैहे भीरा, आवत मुनि संग धर्म किशोरा ॥२०॥
पढत अमरगन श्रुति स्वछंदा, मुदित होई प्रभु सहजानंदा ॥
बजावत हरिजन सरस मृदंगा, उछव करत हें अत हि उमंगा ॥२१॥

હતી. ૧૭. બ્રાહ્મણોનાં વૃંદ ચારેય વેદનાં મંત્રોનો શુદ્ધ સ્વરથી ઉચ્ચાર કરતા હતા. આ રીતે ગઢપુર ગામમાં મૂર્તિમાન આનંદ છવાઈ રહ્યો હતો. ૧૮. રાજમાર્ગને જોતા લોકાનાં મન મુગ્ધ થઈ જતા હતા અને ગલીઓની છબી પણ અત્યંત સોહામણી લાગતી હતી. ચારે બાજુ ધજા અને પતાકાઓ અનેક રીતની ઊડતી હતી. રસ્તાઓમાં ઘણી ખંતથી હાથીનું મદજળ અને કસ્તૂરીનું પાણી છંટાયેલું હતું. ૧૯. એક એક દરવાજે સુગંધી પાણી છંટાયેલા હતા અને સરસ પુષ્પોથી રસ્તો સજાવેલો હતો. ઘોડેસવારોને લીધે ઘણી ભીડ હતી. તેમાં સંતોની સાથે ધર્મકિશોર શ્રીહરિ આવી રહ્યા હતા. ૨૦.

દેવતાઓ સ્વછંદ રીતે વેદમંત્રોનો પાઠ કરતા હતા ત્યારે પ્રભુ સહજાનંદ સ્વામી અત્યંત પ્રસન્નપણે આવી રહ્યા હતા. સંતો ઝાંઝ મૃદંગ વગાડીને અતિશય ઉમંગથી ઉત્સવ કરતા હતા. ૨૧. ગઢપુરના નાગરિકો શ્રીહરિની સુખરૂપ છબીને જોઈ રહ્યા હતા અને અમરનાથ દેવાધિદેવનાં રૂપને નીરખીને ખૂબ જ વાજિંત્રો બધા ગાજતા વાજતા હતા. ત્યારે સુખસાગર વૃષકુળપતિ આવા શ્રીહરિએ ત્યાં ભીડમાં પ્રવેશ કર્યો. ૨૨.

पुरजन निर्खि छबी सुखरूपा, निर्खि अमरनाथकर रूपा ॥
बाजत गाजत वृषकुल नाथा, किंन प्रवेश सकल सुखपाथा ॥२२॥
अति समर्द सहित वृषप्यारा, अंतःपुर मंहि आयेउ उदारा ॥
अंतःपुर कर माननि च्यारू, निर्खि चरन छबी अति सकुमारू ॥२३॥
वारत प्रभु पर तन मन प्राना, निर्खि नाथ छबी भये गुलताना ॥
उतरे अश्वगन सहित समाजा, मुनि बर्नि ज्युत श्रीमहाराजा ॥२४॥
सब सबकर निवास मंहि नाथा, उतरे बर्नि संत एक साथा ॥
बनी सभा अति परम अनूपा, पुरजन सहित मुनि पुर भूपा ॥२५॥
उत्तम भूप कहत सुरस्वामी, आई निसा मुख अंतरजामी ॥
बर्नि संतको आग्या देऊ, बिनति नाथ मोरी सुनी लेऊ ॥२६॥

આટલી બધી ભીડે સહિત ધર્મના પ્યારા ઉદાર શ્રીહરિ દરબારગઢની અંદર આવ્યા. દરબારગઢની અંદર રહેનારા શુદ્ધ સદાચારી પવિત્ર ભક્ત બહેનોએ અતિશય સુકુમાર એવી શ્રીહરિના ચરણની છબીને નીરખી. ૨૩. તે બધા બહેનોએ શ્રીહરિના ઉપર પોતાનાં તન, મન અને પ્રાણ પણ ન્યોછાવર કરી દીધાં હતાં. તેમણે નાથ શ્રીહરિની છબી જ્યારે નીરખી ત્યારે તેઓ અતિશય ગુલતાન થઈ ગયા. ઘોડેસવારો, સંતો અને વર્ણીઓનાં મંડળો, એ બધાએ સહિત મહારાજાધિરાજ શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં ઊતર્યા. ૨૪. સહુ સહુના ઉતારામાં ઊતર્યા. શ્રીહરિ પોતાના ઉતારામાં રહ્યા. વર્ણી તથા સંતો, બધા એક સાથે તેમની ધર્મશાળામાં રહ્યા.

❁ ગઢપુરમાં શ્રીહરિ તથા સંતોની ભાવભીની ભોજનલીલા :

તે પછી અતિશય શ્રેષ્ઠ અનુપમ સભા થઈ. તેમાં ગઢપુર વાસીઓએ સહિત સંતો અને દરબારો બેઠા. ૨૫. ત્યારે દરબાર દાદા ખાચરે શ્રીહરિને કહ્યું કે ‘હે દેવાધિદેવ અંતર્યામી ! સાંજ થઈ રહી છે, તો મારી એક વિનંતિ સાંભળો અને વર્ણી તથા સંતોને આજ્ઞા કરો.

करत रसोई बर्नि मुनि ग्यानी, संत पदाति हित उर आनी ॥
करन लगे रसवती सुखपाथा, मानी आग्या मुनि निजनाथा ॥२७॥

धर्मकुंवर श्रीहरि हित काजा, करन लगे रसवति द्विज राजा ॥
बिविधि भाँति पकवान मिठाई, भाँति भाँतिकर मिठाई बनाई ॥२८॥

दोहा : शष्कुली मौक्तिक सरस, दूघपाक रसरूप ॥
बिरंज बासुंदि दहिंवरा, जेवत मुनि अनूप ॥२९॥

जेंवत श्रीमहाराज प्रभु, बिंजन बिविधि प्रकार ॥
अचवन करी हरि प्रगट प्रभु, नाथ श्रीधर्मकुमार ॥३०॥

किनि सभा बनाय हरि, कृष्ण कमलदल नेन ॥
अरुन नयन सर सिज सुखद, मेटन दुःख दिन रेन ॥३१॥

सोरठा : ओउगन पंचाश जोउ, वर्ष लग श्रीहरि जो तेहि ॥

---

૨૬. જ્ઞાની સંતો અને વર્ણીઓ સંતો તથા પાર્ષદોને માટે દિલમાં યાદ કરીને સારી રસોઈ બનાવે.'

તે પછી પોતાના સ્વામી એવા શ્રીહરિની આજ્ઞા માનીને સંતો સુખરૂપ રસોઈ કરવા લાગ્યા. ૨૭. ધર્મકુમાર શ્રીહરિને માટે તો દ્વિજરાજ ઈચ્છારામજીભાઈ રસોઈ કરવા લાગ્યા. તેમણે અનેક જાતના પકવાનો અને જાત જાતની મીઠાઈઓ બનાવી. ૨૮. જલેબી, સરસ મોતૈયા લાડુ, ખૂબ જ સુંદર દૂધપાક, બિરંજ, બાસુંદી અને દહીંવડાં જે બનાવ્યા હતા, તે અનુપમ રસોઈને સંતો જમ્યા. ૨૯. વળી મહારાજાધિરાજ પ્રભુ શ્રીહરિ પણ અનેક પ્રકારનાં શાકભાજી વગેરે વ્યંજનો અને બધી મીઠાઈઓ જમ્યા.

પ્રગટ પ્રભુ ધર્મકુમાર ભક્તપતિ શ્રીહરિએ ચળું કરી, જળપાન કર્યું. ૩૦. પછી કમળની પાંખડી સમાન નેત્રવાળા અને કમળના સમાન સુંદર દૃષ્ટિથી સુખને આપનારા અને રાત્રી દિવસ ભક્તોનાં દુઃખને ટાળનારા આવા શ્રીહરિકૃષ્ણ પ્રભુએ ત્યાં સભા કરી. ૩૧.

भोमि उपर यह सोउ, विचरे चरित्र किने बहु ॥३२॥
अग्यार वर्ष जो लग, छपिया अवधपुर हि मध्या ॥
विचरेउ कमल दृग, चरित्र किने अपार यह ॥३३॥
पीछे वन महिं जाय, विचरे वर्नी जोगिंद्र भई ॥
पुल्हाश्रम रहाय, तप कर तनकुं खीन किन ॥३४॥

चोपाई :

हिमाचल गिरि जो पह ताकुं, विचरिके पावन करे वाकुं ॥
पूरव में वन गिरि बडे जितना, बड तीर्थ कहावतहि तितना ॥३५॥
जगन्नाथपुरी ईहाँ लगहू, विचरेउ श्रीहरि तिहाँ लगहू ॥
पीछे दक्षन देश में जेह, गारि सघन बन फिरेउ तेहा ॥३६॥
पछम देश में आये स्वामी, पंच तीर्थ करे बहुनामी ॥

❀ શ્રીહરિનાં વિચરણનું ટૂંકું વર્ણન :

શ્રીહરિ ૪૯ વર્ષ સુધી આ ભૂમિ ઉપર વિચર્યા અને ઘણાં ચરિત્ર કર્યાં છે. ૩૨. તેમાં અગિયાર વર્ષ, ત્રણ માસ સુધી છપૈયા તથા અયોધ્યાપુરીને મધ્યે કમળ નયન શ્રીહરિ વિચર્યા છે અને ત્યાં પણ અપાર ચરિત્ર કર્યાં છે. ૩૩.

તે પછી વર્ણી થઈને સાત વર્ષ, એક માસ, અગિયાર દિવસ વનમાં જઈને વિચર્યા. તેમાં યોગીન્દ્ર થઈને પુલહાશ્રમ રહ્યા. ત્યાં તપ કરીને પોતાનાં શરીરને સૂકવી નાંખ્યું. ૩૪. હિમાલય પર્વતમાં વિચરીને તેને પવિત્ર કર્યો. તેમજ પૂર્વ દિશામાં જેટલા મોટા વન, પર્વતો અને તીર્થો કહેવાય છે, તે બધામાં પણ વિચર્યા. ૩૫. જગન્નાથપુરી પહોંચ્યા ત્યાં સુધી શ્રીહરિ પૂર્વમાં વિચર્યા.

તે પછી દક્ષિણ દેશમાં પહાડની ખીણોમાં અને ઘાટા વનમાં ફર્યા. ૩૬. બહુનામી સ્વામી શ્રીહરિ ત્યારબાદ પશ્ચિમ દેશમાં આવ્યા અને સમુદ્ર કિનારાના પાંચ તીર્થોમાં ફર્યા. સોરઠ દેશમાં વિચરણ કરવા માટે

सोरठ देश में विचरन हीता, पधारे मन धारी खचीता ॥३७॥
प्राछि पाटन होकर जोऊ, मांगरोल बंदर आये सोऊ ॥
पीछे लोजपुर प्रति आये, मुक्तानंदमुनि पास रहाये ॥३८॥
दश मास पीछे रहे जबही, रामानंद स्वामीहि तबही ॥
भुजनगर से पीपलान गामा, पधारे परम सुख जो धामा ॥३९॥
श्रीहरि तिंकुं तिहाँ बोलाये, दरसन करीके परम सुख पाये ॥
दोउ वर्ष लागहि हरि तिनकुं, रामानंद स्वामी जोई ईनकुं ॥४०॥
समीप रखे सत्संग केरा, गादि के मालिक करे ते वेरा ॥
रामानंदस्वामि गये हरिधामा, श्रीहरि पीछे रहे यह ठामा ॥४१॥
संत बर्नी हरिजन जेता, रामानंदस्वामी के तेता ॥
ताकुं हरि प्रताप देखाये, जितना जो आपमें कहाये ॥४२॥
प्रताप देख भगवान माने, प्रताप जामें रहत न छाने ॥

મનમાં દૃઢ નિશ્ચય કરી અને પધાર્યા. ૩૭. પ્રાંચી પાટણ થઈ અને તેઓ માંગરોળ બંદર આવ્યા. ત્યાંથી પછી લોજપુર આવ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામીની પાસે રહ્યા. ૩૮. જ્યારે દસ મહિના સુધી ત્યાં રહ્યા ત્યારે પરમ સુખધામ સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી ભુજનગરથી પીપલાણા ગામ પધાર્યા. ૩૯. તેમણે શ્રીહરિને પીપલાણા બોલાવ્યા. સ્વામીનાં દર્શન કરીને શ્રીહરિ પરમ સુખ પામ્યા.

પછી રામાનંદ સ્વામીએ શ્રીહરિને બે વર્ષ સુધી પોતાની પાસે રાખ્યા. તે પછી સત્સંગની ગાદીના માલિક(આચાર્ય) કર્યા. તે વેળાએ જ રામાનંદ સ્વામી ભગવાનનાં ધામમાં ગયા. પછી શ્રીહરિ તે સ્થળમાં રહ્યા. ૪૦-૪૧. તે સમયે રામાનંદ સ્વામીના આશ્રિત જે સંતો, વર્ણી અને હરિભક્તો હતા, તે બધાને શ્રીહરિએ જેટલો પોતાનો કહેવાતો હતો તે બધો પ્રતાપ બતાવ્યો. ૪૨. શ્રીહરિનો પ્રતાપ દેખીને સહુએ તેમને ભગવાન માન્યા. જેમાં પ્રતાપ હોય તે છાનો રહેતો નથી. જ્યારે સૂર્ય

सूर्य जब उगत जेहि वेरी, तम कछु न रहत तेहि बेरी ॥४३॥
भगवान की एसी रीत जेती, रहाये कहे न आवत तेती ॥
दुरजन नहिं देखत प्रतापा, आप के घोर करीके पापा ॥४४॥
सूर्यके यामें न दोष रहाते, बुद्धिवंत जेते एसे कहाते ॥
सोरठ देश में जिहाँ लगही, विचरे हरि तिहाँ लगही ॥४५॥
समाधि ध्यान धारना तामें, अपार प्रताप देखाये यामें ॥
प्रताप करी भगवान कहाते, भगवान बिन मोक्ष न रहाते ॥४६॥
दोहा : साचे सत्संग संत जिहाँ, भगवान जो ताके ॥
मोक्ष यह तिहाँ रहत हे, निवास करी यह वाके ॥४७॥
भगवान प्रगट रहत हे, जिहाँ लग ईछा तेह ॥
साचे सत्संग संत जिहाँ, मोक्ष न जावत एह ॥४८॥
सोरठा : धर्म रु धर्म के जेते, वंश कहाव तिनकुं जो ॥

ઉદય થાય છે ત્યારે થોડુંયે અંધારું રહેતું નથી. ૪૩. આવી ભગવાનની જેટલી રીત છે તે બધી કહી શકાતી નથી. દુર્જન લોકોને પોતાનાં પાપોને લીધે શ્રીહરિનો તે પ્રતાપ દેખાતો નથી. ૪૪. જે બુદ્ધિમાન મનુષ્યો છે તે એમ કહે છે કે ઘુવડ જેવાને સૂર્ય ન દેખાય તો તેમાં સૂર્યનો કાંઈ વાંક નથી, તેમ અજ્ઞાની લોકો અહમ્‌ને કારણે પ્રગટ પ્રભુને ઓળખતા નથી. તેમાં શ્રીહરિનો કોઈ વાંક નથી. ૪૫. શ્રીહરિ સોરઠ દેશમાં જ્યાં સુધી વિચર્યા ત્યાં સુધી સમાધિ, ધ્યાન અને ધારણામાં અપાર પ્રતાપ દેખાડ્યો. તે પ્રતાપે કરીને જ તેઓ સર્વોપરિ ભગવાન કહેવાયા છે. ખરેખર પ્રત્યક્ષ ભગવાન વિના કોઈનો મોક્ષ થાતો નથી. ૪૬. **જ્યાં સાચો સત્સંગ અને સાચા સંતો હોય છે ત્યાં ભગવાન પ્રગટ રહે છે અને ત્યાં જ મોક્ષ નિવાસ કરીને રહે છે.** ૪૭. **જ્યાં સુધી ભગવાનની પોતાની ઈચ્છા હોય ત્યાં સુધી ભગવાન પ્રગટ રહે છે. અને જ્યાં સાચો સત્સંગ અને સંતો રહેતા હોય છે ત્યાંથી મોક્ષ ક્યારેય જતો રહેતો નથી.** ૪૮.

सत्संग में तेते, रखे हरि बचन कर तेहि ॥४९॥
हरि के बचन मांहिं वरततहि, जिहाँ लग जेहि ॥
नित नित बडता ताहि, बढत अधिक अधिक कर यह ॥५०॥

चोपाई :
हरि के बचन यह मोक्ष रहाते, बचन बिन कबु मोक्ष न कहाते ॥
हरि के बचन से चलत बारा, ताके कहे जमपुरी द्वारा ॥५१॥
चोराशी फिरत हे ईतना, हरि के बचन में न चलत तितना ॥
दुःख जितना कहावत ताकुं, पावत रहत वेर वाकुं ॥५२॥
हरिके बचनमें सुख जेता, निवास करीके रहाये तेता ॥
एसे समजत ग्रंथ जो जेते, पढ रहाये कहावत तेते ॥५३॥
साधन के फल सब यह पाये, हरि के बचन में सुख मनाये ॥

ધર્મ કહેતા પોતાના દિવ્ય વચનો અને ધર્મનો વંશ જે જ્ઞાન, વૈરાગ્યાદિક સદ્‌ગુણો કહેવાય છે તેને શ્રીહરિએ સત્સંગમાં રાખ્યા છે. ૪૯. જ્યાં સુધી જે મનુષ્યો શ્રીહરિનાં વચનમાં વર્તે છે ત્યાં સુધી તેમની મોટાઈ નિત્ય નિત્ય અધિક ને અધિક વધતી રહે છે. ૫૦. **શ્રીહરિનાં જે આજ્ઞાવચન છે તેમાં જ મોક્ષ રહ્યો છે. શ્રીહરિની આજ્ઞા વિના ક્યારેય મોક્ષ કહેવાતો નથી. જે મનુષ્ય ભગવાનનાં આજ્ઞાવચનથી બહાર ચાલે છે, તે જ તેને માટે જમપુરીનું દ્વાર કહ્યું છે.** ૫૧.

જે લોકો ભગવાનનાં આજ્ઞાવચનમાં નથી ચાલતા, તેટલા તે લોકો લખચોરાશીમાં ભટકે છે. તે લખચોરાશીમાં જેટલાં દુઃખ કહેવાય છે, તે બધાને તે વારંવાર પામે છે. ૫૨. **જેટલું સુખ કહેવાય છે તે બધું શ્રીહરિનાં વચનમાં નિવાસ કરીને રહ્યું હોય છે. અને જેની એવી સમજણ હોય છે તે બધા શાસ્ત્રને ભણ્યો છે એમ કહેવાય છે.** ૫૩. **જેને ભગવાનનાં વચનમાં સુખ મનાય છે તે જ બધાં સાધનોનાં ફળને પામે છે. ભગવાનનાં વચનથી અધિક બીજી કોઈ વાત હોતી નથી.**

ईनसे अधिक न रहे कोउ बाता, यह बात में सबहि जो आता ॥५४॥

शुभ भाग्य उदे विन जो कबहु, हरि के बचन न रुचत सबहू ॥
धनवंत सम न कोउ दुरभागी, हरि के बचन में न अनुरागी ॥५५॥

होवत नहिं धन मदे करीता, कुबेर के सुत की चलत रीता ॥
राज के मद रहाते भारी, पशु की हिंसा में अपारी ॥५६॥

रुचि रखत यह जिवत प्रजंता, मोक्ष तामें अरुचि रहंता ॥
निरमद जन होवत जबहू, हरि के मारग चलत तबहू ॥५७॥

हरि के मारग चलना जेही, मोक्ष यह कहावत तेही ॥
सत्संग रहे मोक्ष को द्वारा, बंधन रहे यह न छूटन वारा ॥५८॥

जमपुरी हि अरु चोराशी जेहू, बंधन रहे अधिक यह तेहू ॥
दुरभागी हि सत्संग न करही, बंधन से एहि नहिं डरही ॥५९॥

આ વાતમાં જ બધી વાત આવી જાય છે. ૫૪. શુભ ભાગ્યનો ઉદય થયા સિવાય ક્યારેય બધાને ભગવાનનાં વચન રુચતાં નથી. ગમે તેવો ધનવાન કે સત્તાવાન હોય પણ તેને જો પ્રગટ પ્રભુનાં વચનમાં પ્રેમ ન હોય તો તેના સમાન કોઈ મોટો અભાગિયો નથી. ૫૫.

ધનના મદે કરીને ભગવાનનું વચન પળાતું નથી. પછી તો તે કુબેરના પુત્રો(નલકુબર અને મણિગ્રીવ)ની જેમ ઉદ્ધત થઈને વર્તે છે. રાજ્યનો મદ પણ ઘણો મોટો હોય છે, તેથી પશુની અપાર હિંસા કરતા હોય છે. ૫૬. તેથી રાજ્યના મદવાળાને જિંદગીભર હિંસામાં રુચિ રહે છે અને મોક્ષમાં અરુચિ રહે છે. **જ્યારે મનુષ્ય ગર્વ રહિત થાય છે ત્યારે જ તે ભગવાનને માર્ગે ચાલે છે.** ૫૭. **ભગવાનને માર્ગે જે ચાલવું તેનું જ નામ મોક્ષ કહેવાય છે. સત્સંગ છે તે મોક્ષનું દ્વાર છે. સત્સંગ સિવાય બંધન ક્યારેય છૂટતું નથી અર્થાત્ બંધન કાયમ રહે છે.** ૫૮. જમપુરી અને લખચોરાશી જ સહુથી મોટા બંધન છે. તે સત્સંગથી છૂટે છે. છતાં જે દુર્ભાગી મનુષ્ય છે તે ક્યારેય સત્સંગ કરતા નથી. કેમ જે,

जो जो शुभ बात रहे जेती, मोक्षभागी चहत रहे तेती ॥
मोक्षभागी के सत्संग रहेऊ, दुरभागी के जमपुरी कहेऊ ॥६०॥
हरि की मरजी रहे जिहाँ लगहि, सोरठ देश विचरे तिहाँ लगही ॥
जज्ञ चोराशी करे अपारा, विप्रकुं जेंवाये नहिं पारा ॥६१॥
हालार देश पीछे हरि राया, बिचरेउ हरिजन हित रहाया ॥
चोराशी तिहाँ केति करेऊं, विप्रकुं जेंवाये बहु जेतेऊ ॥६२॥
समाधि कराये जेहि जनकुं, प्रताप देखाये बहु ईनकुं ॥
कछ देश में विचरे ईस रीता, करीके पीछे परम रस प्रीता ॥६३॥
काठियावार देश जो तामें, विचरे एसी रीत पीछे तामें ॥
वालाक गोलवार हि देशा, विचरत भये यह भाति तेसा ॥६४॥
दोहा : भाल देश विचरेउ हरि, झालावार तामें ॥
विचरेउ हरिजनकुं सब, सुख दिनेउ वामें ॥६५॥
नलकंठे हि देश महीं, गुजरात देश मांहिं ॥

તે કોઈ જાતનાં બંધનથી ડરતો નથી. ૫૯. **જેટલી શુભ વાત કહેવાય છે તેને મોક્ષભાગી જીવ ચાહે છે. મોક્ષભાગીને સત્સંગ રહે છે અને દુર્ભાગિયાને માટે જમપુરી કહી છે.** ૬૦.

શ્રીહરિની પોતાની મરજી જ્યાં સુધી રહી ત્યાં સુધી તેઓ સોરઠમાં વિચર્યા. ત્યાં અપાર યજ્ઞો અને ચોરાશીઓ કરી, તેમાં અપાર વિપ્રોને જમાડ્યા. ૬૧. પછી શ્રીહરિ હાલાર દેશમાં વિચર્યા અને હરિભક્તોનું હિત કરવા માટે ત્યાં રહ્યા. અને કેટલીક ચોરાશીઓ કરીને તેમાં જે બ્રાહ્મણો હતા, તે બધાને જમાડ્યા. ૬૨. જે તે માણસને સમાધિ કરાવી અને તેમાં તે બધાને ઘણો પ્રતાપ દેખાડ્યો. આ રીતે શ્રીહરિ કચ્છ તથા સોરઠ વગેરે પ્રદેશમાં વિચર્યા. તે પછી ઘણા જ પ્રેમભાવથી કાઠિયાવાડ દેશમાં વિચર્યા. તે રીતે પછીથી વાળાક દેશ અને ગોહિલવાડ દેશમાં વિચરણ કર્યું. તે પ્રમાણે જ શ્રીહરિ ભાલ દેશ અને ઝાલાવાડમાં વિચર્યા. ત્યાં બધા હરિભક્તોને સુખ આપ્યું. ૬૩-૬૫. નલકાંઠા તથા ગુજરાત

उछव समैये वर्ष ही, किने कहे न जाहि ॥६६॥
सिद्धपद लग विचरे हरि, समैये किने सार ॥
वसंत पंचमी फूलदोल के, अन्नकोट निरधार ॥६७॥
सुरत धर्मपुर लगहि जोउ, श्रीहरि हरिजन हीत ॥
विचरे वटपतन महिं, गज पर बैठे प्रीत ॥६८॥
सोरठा : चडोतर देश तामें, विचरे वेर वेर हरि ॥
हरिजन बहुत यामें, भरे नारी नर सघन जो ॥६९॥
बरफी पेंडे के थाल, हरिजन भाविक भर भर ॥
जेंवाये फल रसाल, केरी केले बहु भात हि ॥७०॥
फूल ताके बहु हार, बाजु पूंची जो फूलहु के ॥
तोरे हि छटादार, पेरावत हरिजन तेहि ॥७१॥
भुषन बसन केते, हरिजन तेहि, कनक हुके ॥
हरिकुं लाई तेते, पेराये अति भावकर ॥७२॥

દેશમાં વર્ષોવર્ષ જે સમૈયાઓ કર્યા, તે કહી શકાતા નથી. ૬૬. શ્રીહરિ સિદ્ધપુર સુધી વિચર્યા અને ત્યાં સારો સમૈયો કર્યો. વસંતપંચમી, ફૂલદોલ અને અન્નકોટનો સમૈયો પણ નિર્ધારીને કર્યો. ૬૭.

શ્રીહરિ હરિભક્તોને માટે થઈને સુરત અને ધરમપુર સુધી વિચર્યા. વડોદરા પધાર્યા અને ત્યાં પ્રેમથી નવગજા હાથી ઉપર બેઠા હતા. ૬૮. શ્રીહરિ વારંવાર ચરોતર દેશમાં વિચર્યા. ત્યાં અનેક નરનારી હરિભક્તો થયા. ભાવિક હરિભક્તો બરફી અને પેંડાના થાળ ભરી ભરીને શ્રીહરિને માટે લાવતા હતા. તેમજ તેઓ સારા રસદાર ફળોમાં કેરી અને કેળાં વગેરે ઘણી જાતના લાવીને શ્રીહરિને જમાડ્યા હતા. ૬૯-૭૦. હરિભક્તો ઘણા ફૂલના હાર તેમજ ફૂલના છટાદાર બાજુ, પહોંચી અને તોરા વગેરે પણ પહેરાવતા હતા. ૭૧. અને કેટલાક હરિભક્તોએ સોનાનાં ઘરેણાં અને સારાં વસ્ત્ર લાવીને અતિશય ભાવથી શ્રીહરિને પહેરાવ્યાં હતાં. ૭૨. શ્રીહરિએ સહુ પહેલા સિદ્ધપુરમાં સમૈયો કર્યો. તે

चोपाई :

प्रथम समैया श्रीहरि जेहा, सिद्धपद प्रति करेउ तेहा ॥
पीछे जीरनगढ करे जेहु, आये संत हरिजन केतेउ ॥७३॥

पीछे जेतलपुर जज्ञ करीता, विप्रकुं जेंवाये कर बहु हीता ॥
डभान में पीछे जज्ञ करेऊ, विप्रकुं जेंवाये बहु एऊ ॥७४॥

पीछे श्रीनगर जोउ तामें, मंदिर करे शिरबंध यामें ॥
नरनारायन मूर्ति दोऊ, पधराये मगन मन होऊ ॥७५॥

समैया करे बहुत तब भारी, कांकरिये सर उतरे सुखकारी ॥
चोराशी कर तब विप्र जेंवाये, हरिजन जेंवाये जितने आये ॥७६॥

संत वर्नी जेंवाये सबहु, समान बढेउ बहुत तबहू ॥
पीछे अयोध्यावासी आये, धर्मवंशी जितने कहाये ॥७७॥

पीछे वरताल पुर जो तिनमें, शिखर बंध मंदिर कर ईनमें ॥

પછી જૂનાગઢમાં કર્યો. તેમાં કેટલાય સંતો અને હરિભક્તો આવ્યા હતા. ૭૩. તે પછી જેતલપુરમાં યજ્ઞ કરીને ઘણા વિપ્રોને હેતથી જમાડ્યા હતા. તેના પછી ડભાણમાં મોટો યજ્ઞ કર્યો અને ઘણા વિપ્રોને જમાડ્યા. ૭૪.

તે પછી અમદાવાદમાં શિખરબદ્ધ મંદિર કર્યું. ત્યાં પ્રસન્ન મનથી શ્રીનરનારાયણની બે મૂર્તિઓ પધરાવી. ૭૫. તે વખતે ઘણો ભારે મોટો સમૈયો કર્યો હતો. સુખકારી શ્રીહરિ કાંકરિયા સરોવરે ઊતર્યા હતા. ત્યાં ચોરાશી કરીને બ્રાહ્મણોને જમાડ્યા. તેમજ જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધાને પણ જમાડ્યા હતા. ૭૬. બધા સંતો તથા વર્ણીઓને જમાડ્યા. તે વખતે સીધું-સામાન ઘણો જ વધ્યો હતો. તેના પછી જે ધર્મવંશી કહેવાય છે, તે બધા અયોધ્યાવાસી આવ્યા. ૭૭.

ત્યારબાદ વડતાલમાં શિખરબદ્ધ મંદિર કરાવીને તે મંદિરમાં શ્રીહરિએ શ્રીલક્ષ્મીનારાયણ આદિ દેવ પધરાવ્યા. ૭૮. તે પછી ઘણા ભાવથી ભુજનગરમાં શિખરબદ્ધ મંદિર કરાવ્યું અને ત્યાં ઘણા હેતથી

लक्ष्मीनारायन यह जेहु, तामें पधराये हरि तेहु ॥७८॥
पीछे भुजनगर कर भावा, शिखर बंध मंदिर करावा ॥
नरनारायन देव हि ताकूं, पधराये हित लाई वाकूं ॥७९॥
पीछे जीरन नगर में जेहु, शिखर बंध मंदिर कर तेहु ॥
राधारमन पधराये तबही, हरिजन संत आये सबही ॥८०॥
पीछे धोलेरे बंदर जाही, शिखर बंध मंदिर करीके ताही ॥
मदनमोहन पधराय दीने, पीछे गढपुर में मंदिर किने ॥८१॥
शिखरबंध मंदिर कराई, गोपीनाथ दिने पधराई ॥
पीछे दो बंधु के पुत्र तिनकूं, दत्तपुत्र करी ईनकुं ॥८२॥
अवधप्रसाद रघुवीरा, गादि बेठाये शाम शरीरा ॥
मंदिर देश संत हरिजन ही, विभाग करे आये इनही ॥८३॥
पीछे चिठ्ठि में भाग जो आये, सो देश में तेहि रहाये ॥
पीछे वलात से भूपति भारी, राजकोट आये ते वारी ॥८४॥

શ્રીનરનારાયણદેવને પધરાવ્યા. ૭૯. તે પછી જૂનાગઢ શહેરમાં શિખરબદ્ધ મંદિર કરાવ્યું. ત્યાં શ્રીરાધારમણદેવ વગેરે દેવો પધરાવ્યા. તે સમયે ત્યાં બધા જ હરિભક્તો અને સંતો આવ્યા હતા. ૮૦. ત્યારબાદ ધોલેરા બંદરમાં શિખરબદ્ધ મંદિર કરીને તેમાં શ્રીમદનમોહનજી મહારાજને પધરાવ્યા. તેના પછી ગઢપુરમાં મંદિર કર્યું. ૮૧. તે શિખરબદ્ધ મંદિર કરાવીને તેમાં શ્રીગોપીનાથજી મહારાજ વગેરે દેવો પધરાવ્યા.

અને તેમના પછી બંને ભાઈઓના પુત્રને દત્તપુત્ર તરીકે સ્વીકાર્યા. ૮૨. સુંદરશ્યામ શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને ગાદીએ બેસાડ્યા. તે વખતે સહુનાં હિત માટે મંદિર, દેશ, સંતો અને હરિભક્તોનો વિભાગ કરી આપ્યો. ૮૩. પછી ચિઠ્ઠી નાંખીને જે ભાગ આવ્યો તે દેશમાં તે તે આચાર્ય તથા સંતો ભક્તો રહ્યા.

પછી તે વખતે વિલાયતથી મોટા અંગ્રેજ અધિકારી સર માલ્કમ સાહેબ (ભૂપતિ) રાજકોટ આવ્યા હતા. ૮૪. તેમણે શ્રીહરિને ઘણા

हरिकुं बोलाये तेहि कर भावा, सन्मान बहु तेहि करावा ॥
सत्संग की रीत रहे जेता, पूछ लिने सबहि तेता ॥८५॥

पूछीके बहु प्रसन्न भयेऊ, ईश्वर रहे यह जान लियेऊ ॥
भाव करीके पीछे पूजेऊ, अभय वर तेहि माग लिनेऊ ॥८६॥

दोहा : सत्संगकी रक्षा करन, वचन हरि यह दीन ॥
पीछे हरि गढपुरमें, पधारेउ प्रवीन ॥८७॥

पीछे निज धाम जो प्रति, पधारे श्रीहरि जोय ॥
अग्यार हुके वर्ष महिं, प्रेमानंद पीछे सोय ॥८८॥

सोरठा : हरिके चरित्र ताके, ग्रंथ करे भावकर ॥
तन की अवधि वाके, समीप आये तरत तेहि ॥८९॥

समीप मृत्य आये, ग्रंथ यह पूरेउ ॥
मरजी जेसे रहाये, हरि की बनेउ तिमि ॥९०॥

ભાવથી રાજકોટ બોલાવ્યા. ત્યાં તેમણે શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. તેમણે સત્સંગની જે બધી રીત છે તે બધી પૂછી. ૮૫. પૂછીને જાણ્યા પછી તે ખૂબ જ રાજી થયા અને તેમણે મનમાં જાણ્યું કે 'આ સહજાનંદ સ્વામી પરમેશ્વર છે.' તે વખતે તેમણે ઘણા ભાવથી પૂજા કરી અને પોતાને માટે તેમણે અભયવર માગી લીધો. ૮૬. તે અંગ્રેજ સાહેબે સત્સંગની રક્ષા કરવાનું વચન શ્રીહરિને આપ્યું. તે પછી પરમ નિપુણ શ્રીહરિ ગઢપુર પધાર્યા. ૮૭. તે પછી શ્રીહરિ (સંવત્ ૧૮૮૬ જેઠ સુદ, દશમને દિવસે બપોરે) સ્વધામ પધાર્યા.

તેના પછી સંવત્ ૧૯૧૧ના વર્ષમાં મેં પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિનાં ચરિત્રનો આ ગ્રંથ ઘણા ભાવથી કર્યો છે. તે સમયે પ્રેમમૂર્તિ પ્રેમાનંદ સ્વામીને તેમને પોતાનાં શરીરનો અંત તરત જ સમીપ આવ્યો છે એમ જણાયું. ૮૮-૮૯. પરંતુ જ્યાં આ દેહનું મૃત્યુ સમીપ આવ્યું ત્યાં આ ગ્રંથ પૂરો થયો. સ્વામી કહે છે શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે

सुने सुनावे तेह, अक्षरधाम मिल हि यह ॥
यामें नहिं संदेह, हरिचरित्र एसे रहेउ ॥९१॥

असुरी जन ताकुं, देना नहिं यह ग्रंथ कबु ॥
द्रोहबुद्धि रहे वाकुं, सोमलखार रहे तेहि ॥९२॥

दोहा : पंचोतेर छसे अंक ही, दोहा परम सुखदेन ॥
चोविसे पचास रहेउ, चोपाई सुख चेन ॥९३॥

छसे शुभ वर सोरठा, तिश हि सरस जो नाम ॥
गनिक प्रवीन सु जानियो, अंक अधिक गुन धाम ॥९४॥

लिखे रुचिकर अंक गन, द्विसत छंद एकीश ॥
सबहि नव से छुंतेर ही, त्रि सहस्र सब शीश ॥९५॥

प्रेमानंद हि प्रेम जुत, कहे चरित्र अभिराम ॥
उत्तम नृपकर सदन महीं, लिखा ग्रंथ सुखधाम ॥९६॥

જ બધું થાય છે. ૯૦. **આ શ્રીહરિનાં ચરિત્ર એવા છે કે તેને જે કોઈ સાંભળે કે બીજાને સંભળાવે તેને અક્ષરધામ પ્રાપ્ત થશે. તેમાં કોઈ સંદેહ નથી.** ૯૧. આ ગ્રંથ આસુરી માણસને ક્યારેય આપવો નહિ. અને જે દ્રોહ બુદ્ધિવાળા હોય તેને પણ આપવો નહિ. કારણ કે દ્રોહ બુદ્ધિવાળા માટે તો આ ગ્રંથ ઝેર(સોમલખાર) સમાન કહેવાય છે. ૯૨.

આ ગ્રંથમાં પરમ સુખદાયક **૬૭૫** દોહા છે. તેમજ સુખ શાંતિ આપનાર **૨૪૫૦** ચોપાઈ થઈ છે. ૯૩. અને સર્વોત્તમ એવા **૬૩૦** સોરઠા લખાયા છે. જે નિપુણ ગણતરી કરનારાઓ છો તે તેથી પણ ગુણનાં ધામ અધિક અંક જાણજો. ૯૪. મનમાં આનંદ ઉત્પન્ન કરે એવા આંક ગણીને **૨૨૧** છંદ લખ્યા છે. બધા છંદ ચોપાઈઓ મળીને કુલ સંખ્યા **૩૯૭૬ ત્રણ હજાર નવસો ને છોતેર** છે. ૯૫.

કવિ પ્રેમાનંદ સ્વામીએ ઘણા પ્રેમભાવથી આ રમણીય ચરિત્ર કહ્યાં છે. દરબાર દાદા ખાચરના દરબારગઢમાં આ સુખધામ ગ્રંથ લખ્યો છે. ૯૬.

उत्तम नृपकर पुर महीं, किन सुँ परम रुचीर ॥
रच्यो ग्रंथ सरस वर रहि, उन्मत सरि तीर ॥९७॥
दुर्गपत्तन नग्र विषे, उन्मंत गंगा तीर ॥
रच्यो ग्रंथ अति प्रेम करी, सुनियो सज्जन प्रवीर ॥९८॥
संवत १९११ उनिस अग्यार के, कृष्णपक्ष चंदर वार ॥
तिथि कुहुं कारतक वदि, शोभन योग निर्धार ॥९९॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनि विरचिते श्रीहरिकृष्णनारायणचरित्रामृते श्रीहरि दुर्गपुरमें पधारे सो बात कथन नामा अष्टषष्टितमोऽध्यायः ।।६८।।



ઉન્મત્ત ગંગા નદીને કિનારે દાદા ખાચરના દરબારગઢમાં સર્વોત્તમ, સુંદર, સરસ, શ્રેષ્ઠ આ ગ્રંથ રચ્યો છે. ૯૭. ઉન્મત્ત ગંગાને કિનારે ગઢપુર ગામને વિષે અતિશય પ્રેમથી આ ગ્રંથ રચ્યો છે તો ભગવાનને વિષે શ્રદ્ધાવાળા ધર્મનિષ્ઠ સંતો ભક્તો આ ગ્રંથને સ્નેહથી સાંભળજો. ૯૮. ચોક્કસ સુંદર શોભન યોગમાં સંવત્ ઓગણીશ સો અગિયાર ૧૯૧૧ ના કારતક વદિ અમાસ ને સોમવારે આ શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃત ગ્રંથ પૂર્ણ થયો છે. ૯૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિકૃષ્ણ-નારાયણચરિત્રામૃતમાં 'શ્રીહરિ ગઢપુરમાં પધાર્યા તથા ગ્રંથનો ઉપસંહાર કહ્યો' એ નામે અડસઠમો અધ્યાય સમાપ્ત-૬૮



।। इति श्रीहरिकृष्णनारायणचरित्रामृत ग्रंथ समाप्तः ।।

नोंध :- આ ગ્રંથ પૂર્ણ થયો તે જ દિવસે સંવત્ ૧૯૧૧, કારતક વદ અમાસ ને સોમવારે સવારે દસ વાગ્યે સ્વામી બોલ્યા, **"આ મહારાજ અનેક મુક્તો સાથે મને તેડવા આવ્યા છે અને હું તેમની સાથે ધામમાં જાઉં છું."** એમ કહીને સ્વામી આંખો મીંચી ગયા અને અક્ષરવાસી થયા.

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી કૃત

स्वरूपभक्तिनिर्णय

दोहा : **श्रीपुरुषोत्तम सर्व पर, दिव्याकृति महाराज ।।**
निज इच्छा करी प्रगट भये, अधम ओधारन काज ।।०१।।

સર્વોપરિ, સદા દિવ્ય સાકાર મૂર્તિ, મહારાજાધિરાજપણે (અક્ષરધામમાં બિરાજમાન) શ્રીપુરુષોત્તમનારાયણ શ્રીહરિ પોતાની ઈચ્છાથી અધમ જીવોનો ઉદ્ધાર કરવા માટે પૃથ્વી પર પ્રગટ થયા. ॥૦૧॥

करुँ प्रनाम पद परसि के, करउ विघन दुःख दूर ।।
देहो बानी विमल मति, सहजानंद सुखपूर ।।०२।।

તે પ્રગટ પ્રભુનાં ચરણકમળ સ્પર્શીને હું (પ્રેમાનંદસ્વામી) પ્રણામ કરું છું. સુખથી છલોછલ એવા હે સહજાનંદસ્વામી ! આ ગ્રંથ કરવામાં આવતાં વિઘ્નો તથા દુ:ખો દૂર કરો. અને મને શુદ્ધ બુદ્ધિ તથા નિર્મળ વાણી આપો. ॥૦૨॥

दिव्य रु मानुष भाव पुनि, गुन सगुन स्वरूप ।।
निराकार साकार शुभ, कर्ता अकर्ता अनुप ।।०३।।
पूछ्यो प्रश्न यह हरि प्रति, मुक्तानंद मुनि धीर ।।
सुनत सकल सुख ऊपजे, मिटे अखिल भव पीर ।।०४।।

એકવાર ધીરજવાન શ્રીમુક્તાનંદસ્વામીએ જેનો ઉત્તર સાંભળતા ભવસાગરની તમામ પીડાનો નાશ થઈ જાય અને સંપૂર્ણ સુખનો ઉદય

થાય એવો એક પ્રશ્ન શ્રીહરિને પૂછ્યો, 'હે હરિ ! આપના અનુપમ સ્વરૂપમાં દિવ્યભાવ અને મનુષ્યભાવ કેવી રીતે છે ? સગુણપણું અને નિર્ગુણપણું કેવી રીતે છે ? વળી, દિવ્ય સાકારપણું અને નિરાકારપણું કેવી રીતે છે ? તથા કર્તાપણું અને અકર્તાપણું કેવી રીતે છે ?' ॥૦૩-૦૪॥

ताको उत्तर प्रभु कियो, करी करुना हरिराय ।।
ताय लिखूँ भाषा करी, सुनो सज्जन चित्त लाय ।।०५।।

પછી સર્વશ્રેષ્ઠ શ્રીહરિજીએ અતિશય કરુણા કરીને તેનો ઉત્તર કર્યો. તેને હું આ હિંદી ભાષામાં પદ્યગ્રંથના રૂપમાં લખું છું. હે સંતો ભક્તો ! તમે તેને એકાગ્રચિત્તે સાંભળો. ॥૦૫॥

❊ શ્રીહરિના દિવ્યભાવ અને મનુષ્યભાવનું નિરૂપણ :

चोपाई :

सावधान होई सुनो चित्त दीजे, हरि स्वरूप निर्णय युँ कीजे ।।
दिव्य रु मानुषभाव सुखदाई, करी अभेद समुझो मनमांई ।।०६।।

હે સંતો ભક્તો ! હવે તમે સાવધાન થઈને એકાગ્રચિત્તે સાંભળો. અને શ્રીહરિના સ્વરૂપનો નિર્ણય આવી રીતે કરો. તેમાં સર્વ પ્રથમ સુખદાયક એવો તેમનો દિવ્યભાવ અને મનુષ્યભાવ તે બન્ને એક જ છે એમ તમારા મનમાં સમજો. ॥૦૬॥

अनंतकोटि रवि चंद्र समाना, एसो अक्षरधाम सुजाना ।।
तामहिं अनंतकोटि सुखराशी, अक्षररूप मुक्त अविनाशी ।।०७।।

અનંતકોટિ સૂર્ય અને ચંદ્ર સમાન તેજાયમાન અને ચૈતન્યમય એવું અક્ષરધામ છે. તે અક્ષરધામમાં અવિનાશી અને સુખના ખજાના સમાન અનંતકોટિ અક્ષરરૂપ મુક્તો રહે છે. ॥૦૭॥

सेवीत पादपद्म सुखकारी, एसे द्विभुज दिव्यरूप मुरारी ।।
राजत सदा सुखद बहुनामी, अनंतकोटि मुक्तन के स्वामी ।।०८।।

તેવા અનંતકોટિ મુક્તોના સ્વામી અને તે મુક્તોથી જેમનાં સુખકારી ચરણકમળ સેવાઈ રહ્યાં છે એવા દ્વિભુજ, દિવ્યમૂર્તિ, બહુનામી શ્રીહરિ તે અક્ષરધામમાં સદાય વિરાજમાન છે. અને તેઓ સહુને સુખના દેનારા છે. ||૦૮||

अक्षरपुरुष रु प्रकृति काला, सबके नियंता कृष्न कृपाला ।।
सबके स्वामी सब सुखदाता, सदा स्वतंत्र भक्तजन त्राता ।।०९।।

પરમ કૃપાળુ એવા એ પુરુષોત્તમનારાયણ અક્ષરપુરુષ, પ્રકૃતિ, કાળ વગેરે તમામના નિયંતા છે, સર્વના સ્વામી છે, સર્વને સુખ આપનારા છે, સદા સ્વતંત્ર મૂર્તિ છે અને હંમેશા પોતાના ભક્તજનોનું રક્ષણ કરનારા છે. ||૦૯||

दोहा : **यह सब सामृथि जुक्त प्रभु, महाराज अधिराज ।।**
लीला विग्रह धरत हरि, आप हि कृपाजहाज ।।१०।।

આ બધી જ સામર્થીએ યુક્ત મહારાજાધિરાજ પ્રભુ શ્રીહરિ પૃથ્વી પર લીલા કરવા મનુષ્યદેહ ધારણ કરે છે. કારણ કે તેઓ કૃપાના જહાજ છે. ||૧૦||

करुना करी सब जिव पर, सब को करन ओधार ।।
होत मनुष्य सम महाप्रभु, सब हि कला शिरदार ।।११।।

તમામ કળાઓના શિરતાજ એવા મહાપ્રભુ તમામ જીવો પર અતિશય કરુણા કરીને તે સર્વે જીવોનો ઉદ્ધાર કરવા માટે મનુષ્ય જેવા થાય છે. ||૧૧||

सोरठा : **मनुष्यरूप कु देखि, करत प्रीति आश्रय सुखद ।।**
जिय को जीवन लेखि, नारि पुरुष करे भजन नित ।।१२।।

આવા તે શ્રીહરિના મનુષ્ય સ્વરૂપને દેખીને અનેક લોકો પ્રીતિપૂર્વક સર્વ સુખ દેનારો એવો તેમનો આશરો કરે છે. તથા તમામ નરનારીઓ તેમને પોતાના જીવનું જીવન સમજીને હંમેશા તેમનું ભજન કરે છે. ||૧૨||

चोपाई :

अपनो भजन भक्ति करे जंता, ता कारन बने मनुष्य अनंता ।।
करत चरित मानुष अनुसारी, गावत सुर मुनि अज त्रिपुरारी ।।१३।।

આ રીતે સામાન્ય જીવો પણ પોતાનું ભજન-ભક્તિ કરી શકે તે માટે અપાર એવા પ્રભુ મનુષ્યરૂપે થાય છે અને પછી મનુષ્યના જેવાં અનેક ચરિત્રો કરે છે; જેનું ઋષિમુનિઓ તથા શિવ, બ્રહ્માદિક દેવો પણ હંમેશા ગાન કરે છે. ॥૧૩॥

मानुष रूप निज मूर्ति मांई, अक्षरधाम में मूर्ति रहाई ।।
तेजोमय रु दिव्य अघहारी, सो देखावत आनंदकारी ।।१४।।

આવા પોતાના મનુષ્ય સ્વરૂપમાં અક્ષરધામમાં રહેલી તેજોમય, સર્વ પાપોનો નાશ કરનારી અને આનંદ આપનારી જે દિવ્ય મૂર્તિ છે તે જ મૂર્તિ શ્રીહરિ સહુ કોઈને દેખાડે છે. ॥૧૪॥

प्रकृति पुरुष जेसो हि प्रतापा, नरतनु मांहिं देखावत अमापा ।।
पुरुष विराट ब्रह्मा शिव जेसी, आवत देखाइ सामृथि तेसी ।।१५।।

વળી, પ્રકૃતિપુરુષમાં જેવો પ્રતાપ રહેલો છે તેવો અમાપ પ્રતાપ શ્રીહરિ પોતાની મનુષ્યરૂપ મૂર્તિમાં સહુને દેખાડે છે. તથા પ્રધાનપુરુષ, વિરાટ અને બ્રહ્મા, શિવ વગેરેમાં જેવી સામર્થી છે તેવી સામર્થી શ્રીહરિના મનુષ્ય સ્વરૂપમાં સહેજે જ દેખાઈ આવે છે. ॥૧૫॥

एक अनेक रूप होइ भासे, कोटि रवि सम कांति प्रकाशे ।।
निज मूर्ति देखी नरनारी, होत समाधि आनंदकारी ।।१६।।

વળી, પોતે એક હોવા છતાં અનેક રૂપે દર્શન આપે છે. પોતાની મૂર્તિમાં કોટિ સૂર્ય-ચંદ્ર સમાન કાંતિ અને પ્રકાશ દેખાડે છે. પોતાની મૂર્તિના દર્શન કરતાં જ અનેક નરનારીઓને આનંદકારી સમાધિ થાય છે. ॥૧૬॥

दोहा : अनंत जिवके चित्तको, होत हे तरत निरोध ।।
निरखी रूप घनश्यामको, पावत मन अति मोद ।।१७।।

ઘનશ્યામ પ્રભુનું રૂપ નિરખતાં જ અનંત જીવનાં ચિત્તનો નિરોધ થઈ જાય છે અને તેમનાં મન અતિ આનંદ પામે છે. ॥૧૭॥

मनुष्य तनु महिं जानिये, सो दिव्यभाव अनूप ।।
दिव्यभाव देखाय पुनि, होत हे मानुष रूप ।।१८।।

આ બધો શ્રીહરિના મનુષ્ય સ્વરૂપમાં અનુપમ દિવ્યભાવ જાણવો. આમ દિવ્યભાવ દેખાડીને શ્રીહરિ વળી મનુષ્યભાવ બતાવે છે. ॥૧૮॥

सोरठा : यौवन आदिक भाव, अज्ञ जिमि परवश वर्तत ।।
पक्षपात उर लाव, श्रीहरि निज नररूप महिं ।।१९।।

શ્રીહરિ પોતાના મનુષ્ય સ્વરૂપમાં બાળ, યૌવન, વૃદ્ધાદિક ભાવો જણાવે છે. તથા અજ્ઞાની મનુષ્યની જેમ બીજાને પરવશ વર્તે છે. વળી, પોતાના અંતરમાં (ભક્તનો) પક્ષપાત રાખે છે. ॥૧૯॥

चोपाई :
मानुष रीत वरतत भगवाना, दिव्यभाव देखावत नाना ।।
कबहु मनुष्य मूर्ति के मांई, दिव्यभाव बहु जन कु देखाई ।।२०।।
मनुषभाव बहु जन कु देखावे, यह विधि बरनत पार न आवे ।।
या कारन यह उभय प्रकारा, मनुष्य रु दिव्यभाव नहि न्यारा ।।२१।।

આમ ભગવાન શ્રીહરિ મનુષ્યની જેમ વર્તે છે છતાં પણ પોતામાં અનેક પ્રકારનો દિવ્યભાવ બતાવે છે. ક્યારેક મનુષ્યસ્વરૂપમાં અનેક લોકોને દિવ્યભાવ દેખાડે છે. તથા અનેક લોકોને મનુષ્યભાવ પણ દેખાડે છે. આવી રીતે તેમના દિવ્યભાવ અને મનુષ્યભાવનું વર્ણન કરતા પાર આવે તેમ નથી. તે માટે શ્રીહરિનાં તે બંને પ્રકારના દિવ્યભાવ અને મનુષ્યભાવ જરા પણ જુદાં નથી. ॥૨૦-૨૧॥

यामें किंचित भेद न जानो, उभयभाव सो एक प्रमानो ।।
दिव्य रु मानुषभाव की रीति, युँ अभेद समझो करी प्रीति ।।२२।।

માટે તે દિવ્યભાવ અને મનુષ્યભાવમાં લેશપણ ભેદ ન સમજવો,

બંને ભાવને એક જ જાણવા. આ રીતે શ્રીહરિની દિવ્યભાવ અને મનુષ્ય-ભાવની આ રીતને પ્રીતિપૂર્વક અભેદપણે સમજવી. ।।૨૨।।

दिव्य रु मनुष्यभाव सुखदानी, जानो परम कल्यान कि खानी ।।
यह विधि उभयभाव अघहारी, बरनी सुनाये मंगलकारी ।।२३।।

આ રીતે પાપોનો નાશ કરનારા અને મંગલ કરનારા એવા બંને ભાવો વર્ણવીને સંભળાવ્યા. તેને સહુ અંતરમાં ધારજો. કેમ જે, શ્રીહરિના દિવ્યભાવ અને મનુષ્યભાવ અતિ સુખદાયી છે. અને પરમ કલ્યાણની ખાણ છે. ।।૨૩।।

❊ <u>શ્રીહરિના સગુણ તથા નિર્ગુણભાવનું નિરૂપણ :</u>

दोहा : अब घनश्याम स्वरूपकि, बरनूँ दुसरी रीत ।।
निर्गुन सगुन प्रकार दोउ, सुनो संत करि प्रीत ।।२४।।

હવે ઘનશ્યામ પ્રભુના સ્વરૂપની બીજી રીત વર્ણવું છું. હે સંતો ! શ્રીહરિના સ્વરૂપમાં રહેલું નિર્ગુણપણું અને સગુણપણું એ બંને પ્રકારના ભાવને પ્રેમથી સાંભળો. ।।૨૪।।

यह प्रकार करि भाव दोउ, देखावत भगवान ।।
येहि मूर्ति कू समझिये, निर्गुन सगुण सुजान ।।२५।।

સગુણ અને નિર્ગુણ તે આ પ્રગટ શ્રીહરિની મૂર્તિના જ બે પ્રકારના ભાવ(ઐશ્વર્યો) છે. આ બન્ને પ્રકાર રાજી થઈને ભગવાન પોતામાં બતાવે છે, એમ હે સુજ્ઞ સંતો ! તમે સમજજો. ।।૨૫।।

चोपाई :

प्रगटरूप घनश्याम मोरारी, मायिकभाव रहित सुखकारी ।।
मायाकृत गुन तीन कहावे, सत्व रु रज तम नाम धरावे ।।२६।।

અનંત જીવોના ઉદ્ધાર કરવા માટે પ્રગટ થયેલા મહાસુખકારી, શ્રીઘનશ્યામ પ્રભુ મનુષ્યરૂપે દેખાતા હોવા છતાં માયિકભાવથી રહિત છે.

અને સત્વગુણ, રજોગુણ અને તમોગુણ નામના માયામાંથી થયેલા આ ત્રણ ગુણો કહેવાય છે. ॥૨૬॥

गुनको कारज अति अधिकाई, अखिल भुवन रचे अतहि बनाई ।।
इनसूँ रहित सदा हरिरूपा, जानो दिव्य रु शुद्ध अनूपा ।।२७।।

આ ત્રણ ગુણોનું કાર્ય ઘણું મોટું છે. ભગવાન આ ત્રણ ગુણોએ કરીને જ અનંત બ્રહ્માંડોની રચના કરે છે, છતાં પોતે તો હંમેશાં તે ત્રણ ગુણથી રહિત જ છે. માટે શ્રીહરિને અતિ અનુપમ અને શુદ્ધ દિવ્યરૂપ જ સમજવા. ॥૨૭॥

या कारन हरि निर्गुन भाई, मायाकृत गुन परसे न याई ।।
एसे श्रीहरि निर्गुन मांई, सद्‌गुन अगनित रहत सदाई ।।२८।।

सत्य शौच दया आदि जानो, या कारन हरि सगुन प्रमानो ।।
अथवा दुसरी रीत सुजाना, विक्ति सूँ बरनूँ विधि नाना ।।२९।।

હે ભાઈ ! શ્રીહરિને માયાકૃત ગુણો સ્પર્શતા ન હોવાથી અર્થાત્ તે ગુણો તેમને લોપતા ન હોવાથી તેઓ નિર્ગુણ છે, એમ જાણવું. આવા નિર્ગુણ શ્રીહરિમાં અનેક સદ્‌ગુણો સદા રહે છે. તે સત્ય, શૌચ, દયા આદિ અગણિત સદ્‌ગુણો શ્રીહરિમાં હંમેશા રહેતા હોવાથી તેમને સગુણ જાણવા. અથવા તો હે સુજ્ઞ સંતો ! હવે સગુણ અને નિર્ગુણપણાનું બીજા પ્રકારનું વિક્તિએ સહિત વર્ણન કરું છું; તે તમે સાંભળો. ॥૨૮-૨૯॥

दोहा : मायाकृत गुन जुक्त हे, अखिल भुवन पति ईश ।।
उत्पत्ति स्थिति प्रलय के, कारन हे जगदीश ।।३०।।

(સૃષ્ટિકાર્ય માટે) સમગ્ર બ્રહ્માંડના સ્વામી ભગવાન (ઈશ્વરોના અંતર્યામીપણે રહ્યા થકાં) માયાના ગુણથી યુક્ત થયા છે. તે જગતનિયંતા પ્રભુ સમગ્ર બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ છે. ॥૩૦॥

अनिरुद्ध प्रद्युम्न प्रभु, संकर्षन ये तीन ।।
ब्रह्मा विष्णु महेश पुनी, निज निज क्रिया प्रवीन ।।३१।।

सोरठा : यह विधि षट निज रूप, येहि करि हरि जानो सगुन ।।
हे यह मर्म अनूप, पुरुषोत्तम के रूप महिं ।।३२।।

કયા તે સ્વરૂપો ? તો પોતપોતાના કાર્યો કરવામાં કુશળ એવા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન તથા સંકર્ષણ આ ત્રણ. વળી બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ. આમ, આ છ પોતાના સ્વરૂપોએ કરીને શ્રીહરિને સગુણ જાણવા. આવો અનુપમ મર્મ પ્રગટ પુરુષોત્તમ એવા શ્રીહરિના સ્વરૂપમાં રહેલો છે. ॥૩૧-૩૨॥

❈ શ્રીહરિના સાકાર તથા નિરાકાર સ્વરૂપનું નિરૂપણ :

चोपाई :
अब यह हरि की तीसरी रीति, कहत हुँ सुनो परम करी प्रीति ।।
निराकार साकार दोउ भाँति, समझउ मरम येहि करी खाँति ।।३३।।

હવે આ શ્રીહરિના સ્વરૂપની ત્રીજી રીતનું વર્ણન કરું છું, તેને તમે પરમ પ્રીતિપૂર્વક સાંભળો. શ્રીહરિના સ્વરૂપનું સાકારપણું અને નિરાકારપણું, એ બન્ને પ્રકારના મર્મને ખૂબ સાનધાનીપૂર્વક સમજવા. ॥૩૩॥

होत प्रलय आत्यंतिक जब ही, ताके अंत रहत हरि तब ही ।।
अपने अक्षरधाम के मांई, दिव्य अंग करी अति सोहाई ।।३४।।

જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે છેવટે એક શ્રીહરિ પોતાના અક્ષરધામમાં સદા સાકાર દિવ્યમૂર્તિ સ્વરૂપે અતિ શોભાયમાન થકાં બિરાજમાન રહે છે. ॥૩૪॥

नित्यसिद्ध हरि द्विभुज आकारा, राजत सदा भगवान साकारा ।।
या कारन साकार मुरारी, समझउ संत मर्म यह भारी ।।३५।।

આ રીતે નિત્યસિદ્ધ અને દ્વિભુજ આકૃતિવાળા શ્રીહરિ અક્ષરધામમાં સદા સાકાર સ્વરૂપે બિરાજે છે, તેથી શ્રીહરિ સદા સાકાર જ છે. હે સંતો ! આ બહુ મોટા રહસ્યને સમજો. ॥૩૫॥

एसो यें भगवान को रूपा, सदा दिव्य आकार अनूपा ।।
ताकु भक्त एकांतिक देखे, पूजत धन्य भाग्य करि लेखे ।।३६।।

આવું સદા દિવ્ય અને અનુપમ અવયવોવાળું શ્રીહરિનું સાકાર સ્વરૂપ છે. તેને એકાંતિક ભક્તો જ દેખે છે તથા તેનું પૂજન કરે છે અને પોતાના અતિ ધન્યભાગ્ય માને છે. ॥૩૬॥

दोहा : एसो यह भगवान को, दिव्य अवयवी रूप ।।
माइक तत्त्व चोवीस सुँ, रहित हे सदा अनूप ।।३७।।

આવું ભગવાન શ્રીહરિનું તે દિવ્ય અવયવોવાળું સ્વરૂપ માયાના ચોવિસ તત્ત્વોથી હંમેશા રહિત છે અને કોઈની ઉપમા ન અપાય એવું અદ્વિતીય છે. ॥૩૭॥

मायाकृत आकार को, भाग नहीं लवलेश ।।
निराकार हरि जानिये, ताते सदा परेश ।।३८।।

આવા શ્રીહરિના સાકાર સ્વરૂપમાં માયાકૃત આકારનો ભાગ લવલેશ પણ નથી. તેથી નિત્ય એવા તે પરમેશ્વર શ્રીહરિ નિરાકાર કહેવાય છે, એમ તમે જાણો. ॥૩૮॥

चोपाई :
निराकार की दुसरी रीती, बरनी सुनाउँ करी अति प्रीति ।।
हरि की एकांतिक भक्ति रहिता, साधन आत्मग्यानादि सहिता ।।३९।।
एसे पुरुष निज आत्मज्ञानी, करहे जत्न भाग्य बड मानी ।।
हरि को अक्षरधाम अनूपा, ताको तेज परम सुखरूपा ।।४०।।
ताकु देखत परम प्रवीना, ता महिं रहित सदा लेलीना ।।
हरि को दिव्य आकार ता मांई, सो जन कबहु न देखत ताई ।।४१।।

હવે નિરાકારપણાની બીજી રીત વર્ણવીને અતિ હેતથી સંભળાવું છું. શ્રીહરિની એકાંતિક ભક્તિએ રહિત અને માત્ર આત્મજ્ઞાનાદિકને જ પરમપુરુષાર્થનું સાધન માનનારા જે પુરુષો છે, તે આત્મજ્ઞાની પુરુષો

મોટા ભાગ્ય માનીને કેવળ આત્મજ્ઞાન માટે ખૂબ પ્રયત્ન કરે છે. પછી તે શ્રીહરિનું અનુપમ એવું જે અક્ષરધામ તેના પરમસુખરૂપ એવા માત્ર તેજને જ જૂએ છે. અને તે તેજમાં સદાય લેલીન રહે છે. આવા લોકો તે તેજની અંદર રહેલા દિવ્ય આકૃતિવાળા શ્રીહરિના સ્વરૂપને ક્યારેય જોઈ શકતા નથી. ॥૩૯-૪૧॥

या कारन एसे ही ज्ञानी, कैल्यार्थी पुरुष सब जानी ।।
आत्म तेज सुख भोगि सुजाना, कहत हे निराकार भगवाना ।।४२।।

હે સુજ્ઞ સંતો ! તે હેતુથી આવા કૈવલ્યાર્થી આત્મજ્ઞાની માત્ર બ્રહ્મતેજના સુખને જ ભોગવે છે. તેથી તેવા કૈવલ્યાર્થી લોકો ભગવાનને નિરાકાર કહે છે. ॥૪૨॥

❋ શ્રીહરિના કર્તા તથા અકર્તા સ્વરૂપનું નિરૂપણ :

दोहा : कर्ता अकर्ता श्रीहरि, तिनकी चोथी रीत ।।
निरसंसे बरनन करूँ, उर धरी करी प्रीत ।।४३।।

શ્રીહરિ કર્તા થકાં અકર્તા છે. આવી શ્રીહરિના સ્વરૂપની ચોથી રીતને અંતરમાં સંભારી, પ્રીતિએ કરીને સંશય ન રહે તેમ વર્ણન કરું છું. ॥૪૩॥

कर्ता एहि विधि जानिये, येही हरि जगदीश ।।
पुरुष काल मायादि के, आदी कर्ता ईश ।।४४।।

જગતનિયંતા એવા જે શ્રીહરિ તે મહાપુરુષ, મહાકાળ તથા મહામાયા વગેરેના આદિ કર્તા અને તે સર્વના સ્વામી છે, તેથી આ રીતે શ્રીહરિને કર્તા જાણવા. ॥૪૪॥

चोपाई :
आदि कर्ता श्रीकृष्न मुरारी, प्रेरक हे येहि भवभयहारी ।।
सब के नियंता सब सुखदाई, ताते कर्ता जानिये याही ।।४५।।

શ્રીહરિકૃષ્ણ પ્રભુ સર્વના આદિ કર્તા અને પ્રેરક છે. તેઓ જ

જીવોના સંસારના ભયને દૂર કરનારા છે. વળી, તે શ્રીહરિ જ સર્વના નિયામક અને સર્વને સુખ આપનારા છે. તેથી આ પ્રગટ શ્રીહરિને જ સર્વકર્તા જાણવા. ॥૪૫॥

येहि श्रीकृष्न कृपादृग हेरी, पुरुष काल माया कु प्रेरी ।।
अनंतकोटी ब्रह्मांड रचावे, पुनि उपजाय के नाश करावे ।।४६।।

આ પરમાત્મા શ્રીહરિ જ કૃપાદૃષ્ટિ વડે તેની સામું જોઈ મહાપુરુષ, મહાકાળ અને માયાને પ્રેરણા કરીને અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ કરાવે છે. વળી, આ રીતે અનંત બ્રહ્માંડોને ઊપજાવીને તેનો નાશ કરાવે છે. ॥૪૬॥

उत्पत्ति स्थिति प्रलय हे जेहु, आप न करहिं करावत तेहु ।।
आप तो अक्षरधाम के मांई, निज जन सेवित सदा सोहाई ।।४७।।

આ રીતે જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તે સ્વયં શ્રીહરિ કરતા નથી, પરંતુ મહાપુરુષાદિક પાસે કરાવે છે. અને સ્વયં તો પોતાના મુક્તોથી સેવાતા થકાં અક્ષરધામમાં સદા બિરાજે છે. ॥૪૭॥

या कारन ईश्वर बहुनामी, सदा अकर्ता जानहु स्वामी ।।
यूँहि अकर्ता जाने जेही, माया काल बस परे न तेही ।।४८।।

આ કારણથી સર્વના સ્વામી અને બહુનામી એવા શ્રીહરિને અકર્તા જાણો. આવી રીતે જે શ્રીહરિને અકર્તા જાણે છે તે ક્યારેય કાળ માયાને વશ થતો નથી. ॥૪૮॥

दोहा : पुरुष काल माया मली, सृष्टि स्थिति करे नाश ।।
अंतरयामि की प्रेरणा, अंतर होत प्रकाश ।।४९।।

અંતર્યામી શ્રીહરિની પ્રેરણાથી જ્યારે મહાપુરુષાદિકના અંતરમાં પ્રકાશ થાય છે; ત્યારે તે પુરુષ, કાળ અને માયા, એ સહુ ભેળા મળીને આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે. ॥૪૯॥

अंतरगत प्रेरक प्रभू, तिनकी क्रिया सहाय ।।
तेहि विन आप स्वतंत्रता, करने सम्रथ नाय ।।५०।।

चोपाई :

इनकु स्वतंतर करता जाने, ता सम नास्तिक नहि कोइ आने ।।
महा पापी द्रोहि हरि केरे, माया काल कर्म के चेरे ।।५१।।

મહાપુરુષાદિકના અંતરમાં રહેલા પ્રેરક શ્રીહરિ તેમની તે ક્રિયાઓમાં સહાય કરે છે. શ્રીહરિની સહાય વિના તેઓ સ્વતંત્રપણે કાંઈ પણ કરવા સમર્થ થતા નથી. છતાં કાળ, પુરુષ અને માયાને જ જેઓ સ્વતંત્ર કર્તા જાણે તો તેના સમાન બીજો કોઈ નાસ્તિક નથી. તેઓ મહા પાપી અને શ્રીહરિના દ્રોહી છે. તેથી તેઓ માયા, કાળ અને કર્મના ચેલા(ગુલામ) થઈને રહે છે. ॥૫૦-૫૧॥

परम पुरुष ईश्वर बहुनामी, पुरुष काल माया के स्वामी ।।
पुरुष काल माया ये तीना, हरि बिन करि न सकत कछु दीना ।।५२।।

સર્વના નિયામક, બહુનામી, પુરુષોત્તમ શ્રીહરિ પુરુષ, કાળ અને માયાના પણ માલીક છે. એટલું જ નહી પરંતુ એ શ્રીહરિ વિના તે પુરુષ, કાળ અને માયા એ ત્રણેય કાંઈ પણ કરી શકતા નથી. કેમ જે, પુરુષોત્તમ વિના તો તેઓ દીન છે. ॥૫૨॥

प्रेरक कृपा करी हरि जबही, करन काज समृथ कछू तबही ।।
युँ हरि प्रेरीत करता जाने, सो आस्तिक हरिभक्त प्रमाने ।।५३।।

શ્રીહરિ કૃપા કરીને જ્યારે તે મહાપુરુષાદિકને પ્રેરે છે ત્યારે તેઓ કાંઈ પણ કાર્ય કરવા માટે સમર્થ થાય છે. આમ જે તેઓને શ્રીહરિથી પ્રેરિત કર્તા માને છે; તેને આસ્તિક હરિભક્ત માનવા. ॥૫૩॥

श्रीभगवान को प्रगट स्वरूपा, चार रीत करी जाने अनूपा ।।
ताकु हरिस्वरूप को ज्ञाना, होत जथारथ प्रगट प्रमाना ।।५४।।

આવી રીતે પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનના અનુપમ

સ્વરૂપને જે ભક્ત ઉપર કહ્યું તે મુજબ ચાર પ્રકારે કરીને જાણે છે તેને પ્રગટ પ્રમાણ શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. ॥૫૪॥

दोहा : हरि माहात्म्य जथा विधि, सोइ जानत हरिदास ।।
ताके उर प्रभु प्रगट को, होत हे सदा निवास ।।५५।।

આવા જે શ્રીહરિના દાસ છે તે જ શ્રીહરિના માહાત્મ્યને યથાર્થ રીતે જાણી શકે છે. અને તેનાં હૃદયમાં પ્રત્યક્ષ પરમાત્મા શ્રીહરિ સદા નિવાસ કરીને રહે છે. ॥૫૫॥

यह प्रकार की समज में, कसर रहत कछु जाइ ।।
प्रगट प्रमान स्वरूप में, संशय होत हे ताइ ।।५६।।

આવી રીતે શ્રીહરિને ચાર પ્રકારે સમજવામાં જેને કાંઈક કસર રહે છે, તેને તેટલો પ્રગટ પ્રમાણ શ્રીહરિના સ્વરૂપમાં સંશય થાય છે. ॥૫૬॥

या कारन भगवान को, भक्त जथारथ जोइ ।।
ताकू बात अवश्य यह, समजनि सब चित्त प्रोइ ।।५७।।

એટલા માટે જે ભગવાનના યથાર્થ ભક્ત હોય તેમણે આ શ્રીહરિને ચાર પ્રકારે સમજવારૂપી વાત ચિત્ત પરોવીને કહેતાં ધ્યાન દઈને અવશ્ય સમજવી જોઈએ. ॥૫૭॥

❋ દશ પ્રકારની ભક્તિનાં લક્ષણ :

चोपाई :

एसे दिव्य स्वरूप सुजाना, श्रीपुरुषोतम प्रगट प्रमाना ।।
तिन की भक्ति अति सुखकारी, नव प्रकार श्रवणादिक न्यारी ।।५८।।

આવા દિવ્ય સ્વરૂપ અને સર્વજ્ઞ એવા પ્રગટ પ્રમાણ પુરુષોત્તમ-નારાયણ છે. તે શ્રીહરિની શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિ અનુપમ અને અતિ સુખ આપનારી છે. ॥૫૮॥

करनहारी पातक सब नाशा, श्रद्धा सहित करे हरिदासा ।।
तामस राजस सात्त्विक जेही, करत भक्ति एसे नर तेही ।।५९।।

હરિભક્તો નવ પ્રકારની ભક્તિ શ્રદ્ધાએ સહિત કરે છે, તે ભક્તિ તેનાં તમામ પાપોનો નાશ કરે છે. આ ભક્તિના તામસી, રાજસી અને સાત્ત્વિકી, એમ ત્રણ પ્રકાર છે. તેને તે તે પ્રકારના મનુષ્યો કરે છે. ॥૫૯॥

त्रय त्रय भेद एक एक में रहे हे, कनिष्ठ रु मध्यम उत्तम कहे हे ।।
ताते नव के नव हि प्रकारा, निर्गुन भक्ति दसमी अति सारा ।।६०।।

વળી, તે પ્રત્યેક ભક્તિમાં કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ, એવા ત્રણ ત્રણ ભેદ રહ્યા છે. આ પ્રમાણે તે શ્રવણાદિક નવે પ્રકારની ભક્તિમાં એક એકના નવ નવ ભેદ થયા. આમ, આ એકાશી પ્રકારની સગુણ ભક્તિથી અલગ દસમી નિર્ગુણ ભક્તિ અતિશય સારરૂપ છે. ॥૬૦॥

दश प्रकार के भेद बखाने, नाम नारदिय पुरान प्रमाने ।।
कहत हुँ नारदिय मत अनुसारी, सुनिये संत संदेह निवारी ।।६१।।

દસ પ્રકારના ભક્તિના ભેદનો નારદ પુરાણમાં આદર કરવામાં આવ્યો છે. તેથી હું નારદ પુરાણના મત પ્રમાણે તે ભેદને કહું છું. હે સંતો ! તમે નિઃસંશય થઈને તેને સાંભળો. ॥૬૧॥

दोहा : शत्रु नाश हित करत जो, भक्ति सो नर अज्ञान ।।
एसे पुरुष की भक्ति सो, अधम तामसी जान ।।६२।।

જે અજ્ઞાની પુરુષ પોતાના બહારના શત્રુનો નાશ કરવા માટે ભક્તિ કરે છે તેવા પુરુષની ભક્તિને તામસ પ્રકારમાં પણ કનિષ્ઠ ભક્તિ જાણવી. ॥૬૨॥

अन्य पुरुष संग मन रमे, जेसे स्वैरिणि नार ।।
कपट बुद्धि करी निज पति, सेवत कुटिल ठगार ।।६३।।

चोपाई :

तेसे कपट बुद्धि करि जेही, करे भक्ति श्रीहरि की तेही ।।
सो नर की भक्ति को जानो, मध्यम तामसी नाम प्रमानो ।।६४।।

કુટિલ અને ઠગનારી એવી સ્વૈરીણી સ્ત્રીનું મન અન્ય પુરુષમાં હોવાથી તે જેવી રીતે કપટ બુદ્ધિથી પોતાના પતિની સેવા કરે છે, તેમ જે કપટ બુદ્ધિથી શ્રીહરિની ભક્તિ કરે છે તેવા પુરુષની ભક્તિને તામસ પ્રકારમાં મધ્યમ ભક્તિ જાણવી. ॥૬૩-૬૪॥

अन्य पुरुष करे भक्ति विशेखी, सही न सकत तिनकु जो देखी ।।
मत्सर आनि भक्ति करे सोई, उत्तम तामसि भक्ति सो होई ।।६५।।

બીજા લોકો ભગવાનની વિશેષ ભક્તિ કરતા હોય, તેને જોઈને જે સહન ન કરી શકે અને તેથી જ મત્સર દોષથી યુક્ત થકો જે ભક્તિ કરે, તેની ભક્તિને તામસ પ્રકારમાં ઉત્તમ ભક્તિ જાણવી. ॥૬૫॥

इच्छ हे अन्न धन नर जेहू, श्रद्धा युक्त भक्ति करे तेहू ।।
एसो नर करे भक्ति हरि की, कनिष्ठ राजसी भक्ति हे फिकी ।।६६।।

જે મનુષ્ય શ્રદ્ધાએ સહિત શ્રીહરિની ભક્તિ કરતો હોય પણ અંતરમાં અન્ન-ધનની ઈચ્છા રાખતો હોય તો તેની આ લૂખ્ખી સકામ ભક્તિને રાજસ પ્રકારમાં કનિષ્ઠ ભક્તિ જાણવી. ॥૬૬॥

जो नर सब ही लोक के मांहीं, इच्छत हे निज कीर्ति सदाही ।।
परम भक्ति हरि पूजत जानी, मध्यम राजसी भक्ति बखानी ।।६७।।

જે મનુષ્ય સમગ્ર જગતમાં હંમેશાં પોતાની કીર્તિની ઈચ્છા રાખતો થકો અતિ ભાવથી પરમેશ્વર શ્રીહરિને પૂજે છે, તો પણ તેની તે ભક્તિને રાજસ પ્રકારમાં મધ્યમ ભક્તિ જાણવી. ॥૬૭॥

दोहा : सालोक्यादिक मुक्ति कु, हरि भजी इच्छत जेह ।।
उत्तम राजसी जानिये, भक्ति ताकी येह ।।६८।।

જે મનુષ્ય શ્રીહરિની ભક્તિ કરીને સાલોક્યાદિક ચાર પ્રકારની મુક્તિને ઇચ્છે છે, તેની તે ભક્તિને રાજસ પ્રકારમાં ઉત્તમ ભક્તિ જાણવી. ॥૬૮॥

जे नर निज कृत पाप को, नाश करन के काज ।।
परम श्रद्धा करी पूजहि, रमापति तजी लाज ।।६९।।

सोरठा : तीनकी भक्ति येह, कनिष्ठ सात्त्विक नाम जेहि ।।
सुनो परम करि नेह, भेद भक्ति के विविध विध ।।७०।।

જે પુરુષ પોતે કરેલા પાપોનો નાશ કરવા માટે લોકલાજનો ત્યાગ કરીને અતિશય શ્રદ્ધાએ સહિત ભગવાની ભક્તિ કરે છે, તેની તે ભક્તિને સાત્ત્વિક પ્રકારમાં કનિષ્ઠ ભક્તિ જાણવી. હે ભક્તો ! ભક્તિના આવા વિવિધ પ્રકારના ભેદને તમે પરમ પ્રીતિએ સહિત સાંભળો. ॥૬૯-૭૦॥

चोपाई :
जो नर अति श्रद्धा जुत होई, सब अर्पन हरि कु करे सोई ।।
निज बुद्धि अनुसार सुजाना, सेवित परम प्रीति भगवाना ।।७१।।

ताकी भक्ति सकल सुखदानी, मध्यम सात्त्विकी नाम बखानी ।।
× × × × × , × × × × × ।।

જે બુદ્ધિમાન પુરુષ અતિ શ્રદ્ધાપૂર્વક પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પણ કરીને પોતાની બુદ્ધિ પ્રમાણે, પરમ પ્રેમપૂર્વક શ્રીહરિની સેવા-ભક્તિ કરે છે, તેની તે સર્વ સુખ આપનારી ભક્તિને સાત્ત્વિક પ્રકારમાં મધ્યમ ભક્તિ કહી છે. ॥૭૧॥

जो नर अनन्य दास होय जेसे, हरि हित करन जोग्य होय तेसे ।।
करत हे हरि की भक्ति बनाई, उत्तम सात्त्विकी नाम सोहाई ।।७२।।

જે મનુષ્ય શ્રીહરિનો અનન્ય દાસ થઈને પછી જે રીતે શ્રીહરિને સુખ થાય તે જ રીતે નિષ્કામભાવે ભક્તિ કરતો હોય, તો તેની તે ભક્તિને સાત્ત્વિક પ્રકારમાં ઉત્તમ ભક્તિ જાણવી. ॥૭૨॥

जेसे गंगा गिरि सब फोरी, मिलत सिंधु में प्रीत सजोरी ।।
तेसे जो नर अति बलवाना, हरिगुण सुखद श्रवण करि पाना ।।७३।।

हरि मग चलत रोकत जे आई, एसे पदारथ दूर बहाई ।।
महात्म्य प्रेम जुक्त होइ दासा, हरिस्वरूप महिं करत निवासा ।।७४।।

दोहा : हरिस्वरूप महिं होय दृढ, रहत सो भक्त रसीक ।।
ताकी भक्ति जानिये, निर्गुन सबसे अधीक ।।७५।।

જેમ ગંગા નદી અનેક પર્વતોને ભેદીને અતિ જોરદાર પ્રીતિપૂર્વક સમુદ્રને મળે છે, તેમ શ્રીહરિના સુખદાઈ ગુણોનું શ્રવણરૂપ રસપાન કરીને અતિ બળવાન બનેલા જે ભક્તો છે તે શ્રીહરિના માર્ગે ચાલવામાં જે વસ્તુ પદાર્થ આવીને રોકે તે પદાર્થનો તરત ત્યાગ કરી દે છે. તથા અતિશય માહાત્મ્ય સમજી, દાસ થઈને પ્રેમે સહિત શ્રીહરિના સ્વરૂપમાં નિવાસ કરે છે. **આવા પ્રેમી ભક્તો શ્રીહરિની મૂર્તિમાં જ દઢપણે રહે છે.** માટે તેની તે ભક્તિને દશમી નિર્ગુણ ભક્તિ જાણવી અને આ ભક્તિ સર્વથી શ્રેષ્ઠ છે. ॥૭૩-૭૫॥

जो नर ब्रह्मस्वरूप होइ, महात्म्य ज्ञान सहित ।।
अति प्रेम करी हरि भजे, निर्गुन भक्ति सो कहित ।।७६।।

જે મનુષ્ય બ્રહ્મરૂપ થઈને માહાત્મ્યજ્ઞાને સહિત અતિ પ્રેમપૂર્વક શ્રીહરિનું ભજન કરે છે, તેને પણ નિર્ગુણ ભક્તિ કહેવામાં આવે છે. ॥૭૬॥

हरिस्वरूप अरु भक्ति को, निर्णय कियो अनूप ।।
स्वरूपभक्तिनिर्णय धर्यो, ग्रंथ नाम सुखरूप ।।७७।।

શ્રીહરિનું સ્વરૂપ અને તેમની ભક્તિનો આ ગ્રંથમાં અનુપમ નિર્ણય કરવામાં આવ્યો છે. તેથી આ સુખરૂપ ગ્રંથનું નામ **'સ્વરૂપભક્તિનિર્ણય'** રાખ્યું છે. ॥૭૭॥

ग्रंथ अल्प यह अर्थ की, गौरव ताइ विशेष ।।
सुनत प्रगट हरि चरन में, बढत नेह सुविवेक ।।७८।।

આ ગ્રંથ નાનો છે પરંતુ તેનું અર્થની દૃષ્ટિએ ગૌરવ ખૂબ વધારે છે. આ ગ્રંથ સાંભળવાથી પ્રગટ શ્રીહરિના ચરણમાં સાર-અસારના વિવેકે સહિત પ્રીતિ વધે છે. ॥૭૮॥

जो कोउ सिखे प्रेम करी, सुने अतहि हरखाय ।।
ताकू भुक्ति मुक्ति सुख, प्राप्त होत हे आय ।।७९।।

જે કોઈ ભક્ત પ્રેમથી અને આનંદે સહિત આ ગ્રંથને શીખે કે સાંભળે; તેને ભુક્તિ કહેતાં આ લોકમાં મનોવાંછિત સુખ અને અંતે મુક્તિરૂપી મહાસુખ આવીને પ્રાપ્ત થાય છે. ॥૭૯॥

दोहा चोपाइ सोरठा मलि, ऐंसी भये हे अंक ।।
प्रेमानंद कहे ग्रंथ यह, पुरण भयो निशंक ।।८०।।

આ ગ્રંથમાં દોહા, ચોપાઈ તથા સોરઠા, એ બધું મળીને કુલ એંશી કડીઓ થઈ છે. પ્રેમાનંદસ્વામી કહે, 'આવી રીતે આ ગ્રંથ નક્કી સંપૂર્ણ થયો છે.' ॥૮૦॥

।। इति स्वरूपभक्तिनिर्णय समाप्तः ।।



પ્રભુમાં પરમપ્રેમ, પરમદાસત્વ અને પ્રભુની કોઈ પણ કસોટીમાં સદા સવળું જ લેવારૂપ પરમ નિષ્ઠા, એ ત્રણ બાબતમાં સ.ગુ.શ્રીપ્રેમાનંદસ્વામીનો જોટો જડવો મુશ્કેલ છે.

વળી, પ્રેમાનંદસ્વામીની બીજી ત્રણ વિશેષતાઓ મને અતિ પ્રભાવિત કરે છે.

(૧) તમારી મૂર્તિ વિના મારા નાથ રે બીજું મને આપશો મા...

(૨) પોતાની પાસે જે કોઈ શિષ્ય આવે તે તમામને સ.ગુ.શ્રીમુક્તાનંદસ્વામી તથા સ.ગુ.શ્રીગોપાળાનંદસ્વામીને અર્પણ કરી દેતા, આવું નિઃસ્પૃહીપણું.

(૩) **સ્વરૂપભક્તિનિર્ણય** ગ્રંથમાં કરેલી નિર્ગુણભક્તિની આ વ્યાખ્યા :

દોહા : હરિસ્વરૂપ મહિ હોય દઢ, રહત સો ભક્ત રસિક;
તાકી ભક્તિ જાનિયે, નિર્ગુન સબસે અધિક.

ઉપરોક્ત છ સદ્‌ગુણો તો આધ્યાત્મિકતાના શિરતાજ જેવા છે.

આવા વિરલ વિભૂતિ સંતે પ્રગટ પ્રભુનાં હજારો કીર્તનો તથા અનેક ગ્રંથો રચ્યા છે. તેમાં આ **શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્ર** ગ્રંથમાં પૂ.સ્વામીએ પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિનો તથા તેમના સંતો-ભક્તોનો પારાવાર મહિમા ગાયો છે. જેમ કે,

અમિત ભયે અવનિ અવતારા, અસ પ્રતાપ તો કહું ન નિહારા;
જસ પ્રતાપ અવતારન મૈયા, તસ પ્રતાપ જ્યુત સંત સુખદૈયા.

આજ્યુ પ્રભુ સંત હરિજન દ્વારા, પ્રગટ પ્રતાપ જનાય અપારા;
જ્યું સંત હરિજન બલવાના, સામૃથ અન્ય અવતાર સમાના.

તદ્‌ઉપરાંત શ્રીહરિનાં ચરિત્રો, ઉત્સવો અને જુદી-જુદી ખાસિયતો સહિત અનેક ભક્તોનાં નામ વર્ણવ્યાં છે. વળી **સ્વરૂપભક્તિનિર્ણય** ગ્રંથમાં આપેલી શ્રીહરિના સ્વરૂપની તથા ભક્તિ સંબંધી વ્યાખ્યાઓ તો ખાસ જાણવા જેવી છે.

આ હિન્દી મૂળગ્રંથનો ગુજરાતી અનુવાદ પ.પૂ.સદ્.શા.શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી (ગાંધીનગર)એ સરળ શૈલીમાં બહુ સરસ કર્યો છે. આ બન્ને ગ્રંથોનો ભાવિક ભક્તજનો વધુ ને વધુ લાભ લે તેવી ભાવના સહ...

...સ્વામી જ્ઞાનજીવનદાસ કુંડળધામ તા.૯/૯/૨૦૧૧

www.swaminarayanbhagwan.com Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-50-5
9 789383 456505